ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૩૩

ગુરૂવાર, તા. ૨૮ ફેબ્રુઆરી,૨૦૦૮
ફાલ્ગુન ૯, ૧૯૨૯ શાકે

થી

બુધવાર, તા.૫મી માર્ચ,૨૦૦૮
ફાલ્ગુન ૧૫, ૧૯૨૯ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**પ્રથમ અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

**ગુરુવાર, તા.૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૦૮ / ફાલ્ગુન ૯, ૧૯૨૯ શાકે**


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪ - ૫૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૫૯ - ૫૯ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૬૦ - ૬૧ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૬૨ - ૬૩ |
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક,૨૦૦૭ | ૬૪ - ૮૧ |
| રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૮૨ - ૮૫ |
| ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક,૨૦૦૭ | ૮૬ - ૯૧ |
| ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ)(સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૯૨ - ૯૩ |
| બિન સરકારી સંકલ્પો | ૯૪ - ૧૦૯ |


**શુક્રવાર, તા.૨૯ મી ફેબ્રુઆરી, ૨૦૦૮ / ફાલ્ગુન ૧૦, ૧૯૨૯ શાકે**


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૧૦ - ૧૨૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨૨ - ૧૫૩ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૪ - ૧૭૯ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૧૮૦ - ૧૮૦ |


**શુક્રવાર, તા.૩જીમાર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૧૩, ૧૯૨૯ શાકે**


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૮૧ - ૧૯૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૯૮ - ૨૩૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૩ - ૨૩૯ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૪૦ - ૨૪૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૧ - ૨૬૦ |

## અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**

### મંગળવાર, તા.૪મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૧૪, ૧૯૨૯ શાકે

**પહેલી બેઠક**


અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) ૨૬૧ - ૨૭૬

પૉઈન્ટ ઑફ ઑર્ડર ૨૭૭ - ૨૭૭

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) ૨૭૮ - ૨૯૦


**બીજી બેઠક**


તારાંકિત પ્રશ્નો ૨૯૧ - ૩૦૭

અતારાંકિત પ્રશ્નો ૩૦૮ - ૩૨૧

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) ૩૨૨ - ૩૪૫


### બુધવાર, તા.૫મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૧૫, ૧૯૨૯ શાકે


તારાંકિત પ્રશ્નો ૩૪૬ - ૩૫૭

અતારાંકિત પ્રશ્નો ૩૫૮ - ૩૯૭

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) ૩૯૮ - ૪૧૨

બિન સરકારી વિધેયકો ૪૧૩ - ૪૨૦


*************

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨૮ ફેબ્રુઆરી,૨૦૦૮**
**ફાલ્ગુન ૯, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ પાસે વણવપરાયેલ રકમનું વ્યાજ**

***૪૪૧ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (જી.એસ.ડી.એમ.એ.) દ્વારા વણવપરાયેલી રકમના વ્યાજની ઉપજ થાય છે તે હકીકત સાચી છે, અને

૨. જો ના, તો ગત ત્રણ વર્ષમાં બજેટમાં મંજૂર થયેલ રકમમાંથી કેટલી રકમ વર્ષવાર આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટીને હવાલે મૂકાઈ અને કેટલું ખર્ચ તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કરાયું?

**મહેસૂલ મંત્રીશ્રી:**

૧. હા,

૨. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના ભાગ-૧ના જવાબમાં હા કહી છે. તેની હું નોંધ લઉં છું. પણ જવાબ-૨માં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એ બાબત માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે એક તો કેન્દ્ર સરકાર તરફથી આપત્તિના નામે ગુજરાતમાં રકમ અપાતી નથી એવી વાત આ ગૃહમાં થયા કરે છે અને એ પૈસા વપરાતા નથી. જો પૈસા ન વપરાય તો શેના માટે પૈસા જોઈએ એટલું અને બીજો પ્રશ્ન ક્રમાંક-૨માં ગયા ત્રણ વર્ષમાં બજેટરી ફાળવણી કેટલી કરવામાં આવી અને તેના રિવાઈઝ એસ્ટીમેટ જો આપણે મૂક્યા હોય તો એ વધતા હતા કે ઓછા હતા અને રિવાઈઝ એસ્ટીમેટની સામે પણ એ ખર્ચ વધારે થયું છે કે ઓછું થયું છે? ગયા ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષના જો આંકડા હોય આપત્તિ વ્યવસ્થાપન મંડળ હેઠળ જે ખર્ચના બજેટરી ફાળવણીના વિધાનસભાએ મંજૂર કરેલા આંકડાની સામે કેટલું ખર્ચ થયું છે એ માનનીય મંત્રીશ્રી આંકડા આપે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર સીધી કોઈ ગ્રાન્ટ જી.એસ.ડી.એમ.એ.ને આપતી નથી. ભારત સરકાર જે ગ્રાન્ટ આપે છે એ રાજય સરકારને, ફાયનાન્સ ડિપાર્ટમૅન્ટને આપતી હોય છે. એટલે કેટલી ગ્રાન્ટ આપી છે એ મારી પાસે આંકડા ન હોય. પરંતુ રાજય સરકાર દ્વારા અને અન્ય એજન્સીઓ દ્વારા જે ડીઝાસ્ટર મેનેજમેન્ટને પૈસા મળ્યા છે એ વાત હું તમારી વચ્ચે કરીશ. ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન મંડળને વર્ષ ૨૦૦૪-૦૫માં મળેલ રકમ ૫૬૪.૫૦ કરોડ સામે રાજયે ૬૭૨.૨૦ કરોડનો ખર્ચ કર્યો. વર્ષ ૨૦૦૫-૦૬માં ૭૮૮.૯૭ કરોડની રકમ સામે રાજય સરકારે ૬૫૮.૦૪ કરોડનો ખર્ચ કર્યો. જ્યારે વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૯૦.૭૩ કરોડની સામે ૩૧૬.૦૭ કરોડનો ખર્ચ કર્યો છે. એ ઉપરાંત ૩૧-૧૨-૭ની સ્થિતિએ ચાલુ વર્ષમાં ૧૪૦.૬૬ કરોડની સામે ૧૬૦.૫૨ કરોડનો ખર્ચ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધરતીકંપ આવ્યા પછી પુનઃવસન માટે રાજય સરકાર, વર્લ્ડબેંક, એશિયન ડૅવલપમેન્ટ બેંક, યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ ફંડ દ્વારા જે આપણને ફંડ મળ્યું તેમાં ગુજરાત સરકાર તરફથી અત્યાર સુધીમાં ૧૨૪૪.૫૧ કરોડ રૂપિયા મળ્યા છે અને વર્લ્ડ બેંક તરફથી ૨૩૭૪.૨૭ કરોડ, એશિયન ડૅવલપમેન્ટ બેંક તરફથી ૧૩૯૭.૮૫ કરોડ, યુનાઈટેડ નેશન્સ ડૅવલપમેન્ટ ફંડ તેના તરફથી ૭.૧૮ કરોડ મુખ્ય છે. એ ઉપરાંત અન્ય નાના-નાના ફંડો પણ રાજય સરકારને મળ્યા છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે ગત વર્ષોમાં વિધાનસભાએ ખર્ચ કરવા માટેની કેટલી રકમની અનુમતિ આપેલી? બજેટરી પ્રોવિઝન કેટલું હતું? અને તેમાંથી તમે જે રિવાઈઝ એસ્ટીમેટ કર્યા તેના આધારે તમે પૈસા અને આંકડા આપ્યા. પણ મૂળ બજેટરી પ્રોવિઝન આ વર્ષોમાં કેટલું કરવામાં આવેલું? આ વિધાનસભા ગૃહે ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષોમાં બજૅટમાં કેટલી રકમની મંજૂરી આપેલી? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : (બેઠાં-બેઠાં) વિધાનસભા મંજૂરી આપે પછી જ ખર્ચ થાય.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૦૦,૧૪૦૦,૧૫૦૦ કરોડ રૂપિયાની આપણે મંજૂરી લઈએ અને પછી ૫૦૦ કરોડ રૂપિયાનો જ ખર્ચ થાય..(અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર તરફથી ૨૦૦૧-૨૦૦૨માં ૬૩૨.૩૮, ૨૦૦૨-૨૦૦૩માં ૧૨૦ કરોડ, ૨૦૦૩-૦૪માં ૪૦.૧૦ કરોડ, ૨૦૦૪-૦૫માં ૧૦૭.૬૩ કરોડ, ૨૦૦૫-૦૬માં ૯૨.૮૮ કરોડ, ૨૦૦૬-૦૭માં ૩૫.૬૩ કરોડ અને તા. ૧-૪-૦૭ની સ્થિતિએ ૨૩.૫૪ કરોડ.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ પ્લીઝ..

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯નું જે બજૅટ છે એમાં ૧૬૦.૯૫ કરોડ છે એ હવે મંજૂર થશે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, આવો મોટો ભૂકંપ આવ્યો હતો એમાં પણ સફળ કામગીરી કરી એ બદલ ગુજરાત સરકારને અભિનંદન. મારો પ્રશ્ન એ છે કે, ગુજરાતમાં ભૂકંપ પુન:નિર્માણના કામો બાકી છે? હોય તો કયાં અને ક્યારે પૂરાં થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,ભૂકંપની જે કામગીરી ચાલે છે એમાં થોડાક કામો હાલ પ્રગતિમાં છે. ચાર શહેરી નગરો જી-૫ કક્ષાના એમાં ૩૦૮૨ મકાનોનું પુન:નિર્માણ થઈ રહ્યું છે એ ઑકટોબર ૨૦૦૮માં પૂરું થશે. ભુજ એન્જિનિયરીંગ કૉલેજનું કામ ચાલુ છે અને એ માર્ચમાં પૂરું થશે. રાષ્ટ્રીય ધોરી માર્ગનું મજબૂતીકરણનું કામ આ ૨૦૦૮માં પૂરું થશે અને બંધોનું મજબુતીકરણનું કામ જૂન-૨૦૦૮માં પૂર્ણ કરવામાં આવશે.

**ભુજ તાલુકાના બન્નીના ગામોને મહેસૂલી ગામોનો દરજ્જો આપવા અંગે**

***૮૯૦ શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના બન્નીમાં કેટલા અને કયા ગામોને સરકારે મહેસૂલી ગામનો દરજ્જો આપવા વિચારણા કરી છે, અને

(૨) કેટલા સમયમાં પૂર્ણ થશે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના બન્નીના કોઈ ગામને મહેસૂલી દરજ્જો આપવાની દરખાસ્ત ચાલુમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં બન્નીના કેટલા અને કયા ગામોને મહેસૂલી ગામોનો દરજ્જો આપવાની વિચારણા કરેલ છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન છે ૩૧-૧ ની સ્થિતિએ ભુજ તાલુકાના કેટલા અને કયા ગામોને મહેસૂલી ગામનો દરજ્જો આપવાની વાત છે. આ બન્ની વિસ્તારની પ્રોટેકટેડ ફૉરૅસ્ટ તરીકે ૧૯૫૫માં જાહેરાત કરી છે અને એટલા માટે એમાં ગામ આવેલા છે એ ગામને મહેસૂલી ગામનો દરજ્જો આપી શકાતો નથી.

**શ્રી બાબુભાઈ મ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બન્નીના ગામોને મહેસૂલી ગામનો દરજ્જો આપવાની વાત દાયકાઓથી ચાલુ છે. •(xxxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મારો ઉલ્લેખ કરીને વાત કરી શકાય? શ્રી બાબુભાઈ આપ સિનિયર સભ્ય છો. આ પ્રકારના ઉલ્લેખો આપ કરો એ યોગ્ય નથી. આપ પ્રશ્ન પર આવી જાઓ તો આપનો પ્રશ્ન એલાઉ કરીશ.

**શ્રી બાબુભાઈ મ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બન્નીના ગામોને મહેસૂલી દરજ્જો આપવાની માગણી દ ણા વર્ષોથી છે અને વારંવાર રજૂઆતો થઈ છે. આ પ્રશ્ન ઉપર કોઈ ના પણ નથી કહેતા અને ઉકેલ પણ આવતો નથી. આના માટેનો કોઈ નિર્ધારિત સમય આપવા માગો છો કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવી કોઈ માગણી થઈ નથી.

**સૂરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં પડતર તુમારો**

*** ૭૦૭ શ્રી પોપટભાઈ સ. જીંજરીયા (ચોટીલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સૂરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં કેટલા તુમારો પડતર છે?

(૨) આ તુમારો પૈકી ચોટીલા અને સાયલા તાલુકાના તુમારો કેટલા, અને

(૩) આ તુમારોનો ક્યારે નિકાલ કરવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) ૮૫૫.

(૨) ચોટીલા તાલુકાના ૨૫૫ અને સાયલા તાલુકાના ૬૪.

(૩) બનતી ત્વરાએ.

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે, ચોટીલા તાલુકાના ૨૫૫ અને સાયલા તાલુકા ૬૪ એમ કુલ ૩૧૯ અને સૂરેન્દ્રનગર જિલ્લાના ટોટલ ૮૫૫ જે તુમારો છે. એનો નિકાલ કરવાનો સમય શું છે? ગામડામાંથી ખેડૂતો વારંવાર ધક્કા ખાય છે પણ ખેડૂતો જ્યાં સુધી એને મહત્ત્વ ન આપે, એના ઉપર વજન ન મૂકે ત્યાં સુધી એનો નિકાલ થતો નથી. તો એનો ત્વરિત ઉકેલ કરવા માગો છો કે નહીં?

---

• **(xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ફેબ્રુઆરી ૨૬-૨ સુધીમાં સાયલા તાલુકામાં ૬૪ તુમારો બાકી હતા એમાંથી ૮ તુમારોનો નિકાલ કરી દેવામાં આવ્યો છે અને હવે ૫૬ તુમારો બાકી છે. સાયલા તાલુકામાં ૨૫૫ હતા એમાંથી ૬૪ તુમારો પૂરા કરવામાં આવ્યા છે. એટલે એમાં હવે ૧૯૧ તુમારો બાકી રહ્યા છે જે તુમારો બાકી રહ્યા છે એ દબાણ અંગેના છે અને દબાણો દૂર કરીને રેગ્યુલરાઈઝ કરવા માટેના તુમારો છે અને હાઈકોર્ટની અંદર સ્ટે હોવાને કારણે એના દબાણ આપણે દૂર નથી કરી શકતા અને સાથે સાથે એને રેગ્યુલરાઈઝ નથી કરી શકતા. જ્યારે હાઈકોર્ટમાંથી સ્ટે ઉઠી જશે ત્યારે આપણે એના ઉપર ચોકકસ ધ્યાન આપીશું.

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે એ જાણવું છે કે આ જે બાકી કેસ રહ્યા એમાં કેટલા હાઈકોર્ટમાં છે? હાઈકોર્ટમાં અમારા તાલુકામાં કોઈ જઈ શકે એવી સ્થિતિ જ નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાઈકોર્ટમાં કેસ છે આ ગયા નથી. દબાણો દૂર કરીને રેગ્યુલરાઈઝ કરવા ઉપર સ્ટે છે. બે વર્ષથી સ્ટે મૂકેલો છે અને એટલા માટે આપણે એમને નથી કરી શકતા.

**અધ્યક્ષશ્રી**: દબાણો અંગેનો કેસ હાઈકોર્ટમાં છે એમ એમનું કહેવું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સમગ્ર ગુજરાતના દબાણો રેગ્યુલરાઈઝ ન કરવા એના ઉપર સ્ટે છે. સમગ્ર ગુજરાતનો અને થાનનો એક પ્રશ્ન બન્યો એના ઉપર આ સ્ટે મૂકેલો છે.

**દાહોદ જિલ્લામાં રસ્તાઓને જોબનંબરો આપવા અંગે**

*** ૧૮ શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા:૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાના જોબ નંબર આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામ ચાલુ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** :

(૧) (૧) દાહોદ તાલુકામાં તા:૧-૪-૦૫ થી ૩૧-૧૨-૦૭ સુધીમાં તાલુકાવાર નીચે મુજબ જોબ નંબર આપેલ છે.

| તાલુકો | જોબ નંબ |
|---|---|
| દાહોદ | ૧૫ |
| ઝાલોદ | ૨૦ |
| ફતેપુરા | ૬ |
| ધાનપુર | ૫ |
| દેવગઢ બારીયા | ૧૧ |
| લીમખેડા | ૧૬ |
| ગરબાડા | ૩ |

(૨) તે પૈકી પૂર્ણ થયેલ અને ચાલુ કામોની વિગત તાલુકાવાર નીચે મુજબ છે.

| તાલુકો | પૂર્ણ | ચાલુ |
|---|---|---|
| દાહોદ | ૮ | ૧ |
| ઝાલોદ | ૯ | ૩ |
| ફતેપુરા | ૩ | ૨ |
| ધાનપુર | ૫ | -- |
| દેવગઢબારીયા | ૭ | ૪ |
| લીમખેડા | ૫ | ૫ |
| ગરબાડા | ૦ | ૦ |

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં ૩ વર્ષમાં માત્ર ૭૬ જોબનંબર આપ્યા છે તે પૈકી ૩૭ પૂર્ણ કર્યા, ૧૫ ચાલુ છે તો ૨૪ જે જોબનંબરના કામો કયા તબકકે છે? એક બીજો પ્રશ્ન ગરબાળા તાલુકો માત્ર ૩ વર્ષમાં ૩ જોબનંબર આપ્યા, પણ આજની તારીખમાં એક પણ કામ ચાલુ નથી તો આ ત્રણ જોબનંબર કયા કયા વર્ષમાં આપ્યા અને આ જે ત્રણ કામો છે એ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં પ્રોવિઝન હોય એ પ્રમાણે દરેક જિલ્લાની અંદર આ બધા રોડ મંજૂર થતા હોય છે. જે જોબનંબરની વાત એમણે કરી છે, જે બાકી છે, શરૂ નથી થયા એની વાત છે. મંજૂરીનું વર્ષ છે ૨૦૦૫-૦૬ દેવજરી એપ્રોચ રોડ, જે એક કિલોમીટરની લંબાઈનો છે અને અંદાજી રકમ

૨.૬ છે. એના ટેન્ડરો એટલા બધા ઉંચા ભાવે આવ્યા જેથી ફરીથી ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે, બીજો રોડ છે ૨૦૦૫-૦૬નો છે અભલોડ એ રોડના કી.મી. છે ૩૦ કિલોમીટર એના પણ ટેન્ડરો ખૂબ ઉંચા આવવાને કારણે ફરીથી ટેન્ડર મગાવ્યા, પરંતુ કોઈએ ટેન્ડરો ભર્યા નથી. એવી રીતે લીલર એપ્રોચ રોડ છે ૨૦૦૭-૦૮નો એનો પણ ૨.૪૦ કિલોમિટરની લંબાઈનો રોડ છે એ પણ ઉંચા ટેન્ડરો આવ્યા. ફરીથી ત્રીજી વખત ટેન્ડરો માગવા છતાં પણ કોઈ ટેન્ડરો ભરાયા નથી. ૨૦૦૭-૦૮નો દેવદા હનુમાન મંદિર ટુ લીલર એપ્રોચ જોઈનીંગ એ રોડ છે ૧૦૬૦ કિલોમીટરનો, એના ઉંચા ભાવે ટેન્ડરો આવતા એને રદ કરવામાં આવ્યા છે. ત્રીજી વખત ટેન્ડરો માગવા છતાં પણ ટેન્ડરો ભરાયા નથી. જે રોડો બાકી છે, બધામાં એ જ સ્થિતિ બની છે અને એટલે કોઈ ભરતું નથી અને ઉંચા ભાવો આવે છે અને એટલા માટે આ રોડ અત્યારે આપણે કરી શકતા નથી. ફરીથી જે ટેન્ડરો માગવામાં આવ્યા છે અને જેટલા પણ ટેન્ડરો આવશે અને એના ભાવ નક્કી કરીને આ કામ પૂરું થાય એના માટેનો પ્રયત્ન થશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં આપેલ જોબનંબર પૈકી કેટલા રોડના કામો શરૂ થયા નથી તેની કુલ કેટલી લંબાઈ હતી એનો અંદાજીત ખર્ચ કેટલો અને આ કામો શરૂ નહીં થયાના કારણો શું?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે જોબનંબર આપેલા એમાં શરૂ નથી થયા એવા ૨૪ કામો છે અને પંચાયતના રસ્તા છે. આવા જે ૨૪ રોડ હતા એની ૫૩.૪૭ કિલોમિટરની લંબાઈ છે અને એનો અંદાજિત ખર્ચ ૫૫૪.૭૦ લાખનો છે અને મેં કહ્યું એમ ૧૪ જે રોડ છે એમાં માગવા છતાં ટેન્ડરો ભરાયા નથી અને એનું મુખ્ય એક કારણ છે, ઉંચા ભાવ આપ્યા એટલે અમે રદ કરીને અને ફરીથી ટેન્ડર આપણે બહાર પાડયા અને રિવાઈઝ જોબ નંબરની પ્રક્રિયા નકશા અને અંદાજો ફરીથી કરીને ટેન્ડર બહાર પાડવાની ફરીથી પ્રવૃત્તિ શરૂ થઈ છે.

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ તાલુકામાં જોબનંબર ૧૫ આપેલ છે. આ દાહોદ તાલુકામાં કયા કયા ગામોની કેટલા રજૂઆત થઈ અને કેટલી બાકી છે અને ક્યારે પૂર્ણ થશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મોટું લીસ્ટ છે. ૮ થઈ ગયા છે, ૧માત્ર બાકી છે અને મેં કહ્યું એમ ટેન્ડરની પ્રક્રિયાને કારણે ઉંચા ભાવને કારણે રોડ થયા નથી.

**રાજ્યમાં શાળાઓમાં કોમ્પ્યુટરો**

*** ૭૨૭ શ્રી ગ્યાસુદીન હ. શેખ (શાહપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યની ૧૦૦૦ શાળાઓને કોમ્પ્યુટરો પૂરા પાડવા કેન્દ્ર સરકારે રૂા. પાંચ કરોડ રાજ્ય સરકારને ફાળવ્યા છે તે હકીકત સાચી છે,

(૨) તા.૨-૭-૨૦૦૭ ના પરિપત્રથી ૨૫ ટકા રકમ જે રાજ્ય સરકારે ભોગવવાની છે તેના બદલે તે સંસ્થાઓએ ભોગવવાનો હુકમ કર્યો છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો ૨૫ ટકા લેખે રાજ્ય સરકારે કેટલી રકમ ભોગવવાની થતી હતી?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) નીચે પ્રમાણે ફાળો ભોગવવાનો રહે છે.

(૧) સરકારી શાળાઓ, ટ્રાયબલ વિસ્તારની શાળાઓ અને અતિ પછાત વિસ્તારની શાળાઓનો ૨૫ ટકા હિસ્સો રાજ્ય સરકારે ભોગવવાનો રહે છે.

(૨) બિન આદિવાસી વિસ્તારની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ૨૫ ટકા હિસ્સો સંસ્થાએ પોતે ભોગવવાનો છે.

(૩) આ અંગે અંદાજપત્રમાં જોગવાઈ થયેલ છે અને જરૂરિયાત મુજબનો ખર્ચ કરવામાં આવશે.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્ર સરકાર રાજ્યની શાળાઓને કોમ્પ્યુટરો ક્યારથી અને કેટલી રકમની ફાળવણી કરે છે અને તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવે છે અને અત્યાર સુધી કેટલી શાળાઓને કોમ્પ્યુટરો પૂરા પાડવામાં આવ્યા છે અને બાકીની શાળાઓને ક્યાં સુધીમાં કોમ્પ્યુટર પૂરા પાડવામાં આવશે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ૧૯૯૮ થી આ રાજ્ય પુરષ્કૃત યોજના છે. ૧૯૯૮માં સૌ પ્રથમ ૧૩૩૮ જેટલી શાળાઓને કોમ્પ્યુટરો પૂરા પાડવામાં આવ્યાં છે. એનો ખર્ચ પણ માનનીય સભ્યશ્રીને જણાવું ૪૬.૬૭ કરોડ થયો છે. એ પછી બીજા તબક્કામાં કેન્દ્ર સરકારની કેન્દ્ર પુરસ્કૃત યોજના આવી છે એ કલાસ Computer Literacy Study in School ૧૩-૫-૨૦૦૨થી અમલમાં આવી છે. જોવા જઈએ તો રાજ્ય સરકાર પહેલેથી છે કે કેન્દ્ર સરકાર પહેલાથી છે? એમાં કેન્દ્રના ૭૫ ટકા અને રાજ્યના ૨૫ ટકા હિસ્સો રહેલો છે, આમાં ૩૦૦ શાળાઓને લાભ મળ્યો છે. આ ખર્ચ ૧૨.૪૦ કરોડ જેટલો થયેલો છે. આ પછી ત્રીજો તબક્કો આવે છે એ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે Information and Communication Technology એ ભારત સરકારની કલાસ યોજના હતી એના બદલે I.T.C. યોજના આવી છે અને ૧૩-૧૦-૨૦૦૬ થી અમલમાં આવેલી

છે. લગભગ ૧૫૦ શાળાઓને આમાં એ પ્રમાણે લાભ મળ્યો છે અત્યાર સુધી જો જોવા જઈએ તો આ પહેલી રાજ્ય પુરસ્કૃત યોજના ૧૯૯૮ થી ૨૦૦૧ દરમ્યાન હતી એ ૧૩૩૮ જેટલી શાળાઓ, કલાસ યોજના ૨૦૦૨માં આવ છે ૨૦૦૭ સુધીની એ ૩૦૦ શાળાઓ અને I.C.T યોજના આવી એ ૨૦૦૭ પછીની એ લગભગ ૮૦૭ શાળાઓને એટલે અત્યાર સુધીમાં કુલ ૨૪૪૫ શાળાઓને આ યોજનાથી લાભ મળ્યો છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બિનસરકારી અનુદાનિત શાળઓનો ૨૫ ટકા ફાળો જે તે સંસ્થાએ પોતે ભોગવવાનો હોય છે. પરંતુ કોઈ સંસ્થાની આર્થિક સ્થિતિ નબળી હોય અને ફાળો ભરી શકે તેમ ના હોય તો તેવી સંસ્થાઓને રાજ્ય સરકાર મદદ કરવા માગે છે કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પૂછયું છે એ આમ જોવા જઈએ તો ૨૫ ટકા ફાળો એ ગ્રાન્ટેડ શાળા હોય એમને ભરવાનો નક્કી થયેલ છે. પરંતુ જે શાળાઓ એવી છે કે જે સરકારી શાળા હોય, ટ્રાયબલ વિસ્તારની શાળાઓ હોય અને અતિ પછાત વિસ્તારની શાળાઓ હોય એનો ફાળો ૨૫ ટકા રાજ્ય સરકાર ભરે છે. પરંતુ બિન આદિવાસી વિસ્તારની ગ્રાન્ટેડ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાએ ૨૫ ટકા ભરી શકે તેમ છે. પરંતુ જે બેને પ્રશ્ન પૂછ્યો એ પ્રમાણે ચોક્કસ આ નવા બજેટની અંદર એના માટે વિચારણા થશે. છતાં પણ જો એ શાળાની આર્થિક સ્થિતિ સારી હશે તો એ ભરી શકે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે જોગવાઈ કેન્દ્ર સરકારે ૭૫ ટકાનો પરિપત્રમાં ૨૫ ટકા રાજ્ય સરકારે ભોગવવાનો હતો. હું આપના મારફતે જાણવા માગું છું કે કેન્દ્ર સરકારનો આશય ૨૫ ટકા રાજ્ય સરકાર ભોગવે, ૭૫ ટકા કેન્દ્ર સરકાર ભોગવે તો જે માનનીય સભ્યશ્રીએ હમણા પ્રશ્ન કર્યો એ પ્રમાણે આર્થિક નબળી શાળા હોય એ ૨૫ ટકાય ભરી શકે તેમ ના હોય એને ફાયદો મળે તો આ અંગે સરકાર વિચારવા માગે છે કે કેમ?એક. ત્રીજા પેટા પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે અંદાજપત્રમાં જોગવાઈ થયેલ છે તો કેટલી રકમની જોગવાઈ થયેલ છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય પુરષ્કૃત યોજના ૧૯૯૮ થી શરૂઆત થઈ છે. કેન્દ્રને લાગ્યું કે હવે આ યોજનાને આગળ વધારવી છે. એટલે ૨૦૦૧માં કેન્દ્ર સરકારે ગુજરાતમાં માત્ર ૩૦૦ શાળાઓને કોમ્પ્યુટરોની શરૂઆત કરી. એ પહેલા માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે રાજ્ય સરકારે જે શાળાઓ અનુદાનિત છે અને હજુ પણ નબળી છે અને નથી મળતી તો એ શાળાઓ પોતાનો લોકફાળો કરે છે, ક્યાંક સંસદસભ્યની ગ્રાન્ટ પેટે પણ લે છે અને આવું ના થતું હોય તો પણ અન્ય રાજ્યોની સરખામણીમાં એ કોમ્પ્યુટર યોજના ગુજરાતમાં લોકપ્રિય એટલા માટે થઈ કે ગુજરાતમાં જ્યોતિ ગ્રામની યોજના અમલમાં છે, ચોવીસ કલાક થ્રી ફેઈઝ વીજળી મળવાના કારણે આ કૉમ્પ્યુટરો ચાલે છે અને આ જ્યારે કૉમ્પ્યુટરો ચાલતા હોય ત્યારે આ ૭૫ થી ૨૫ની યોજનાના બદલે સાહેબ ૧૦૦ ટકા કરવી જોઈએ, જરૂર લાગે તો ૯૦-૧૦ કરવી જોઈએ અને કેન્દ્ર સરકાર કશું નહીં કરે તો રાજય સરકારને આ શિક્ષણ વિભાગ માટે કરવાની અમારી તૈયારી છે. આગામી વર્ષના બજૅટમાં ૩૦.૨૧ કરોડ રૂપિયાની જોગવાઈ આ રાજય સરકારે કરી છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક:૬

### કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય

***૧૦૫ શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી મંજૂર થઈ અને કેટલી મંજૂર થવાની બાકી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) ૫૧૯

(૨) ૧૬૮ અરજીઓ મંજૂર થઈ, ૪૨ અરજીઓ નામંજૂર થઈ, ૩૦૯ અરજીઓ મંજૂર થવાની બાકી છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા સહાયની યોજના હેઠળ કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી મંજૂર થઈ અને કેટલી મંજૂર થવાની બાકી છે ?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે જણાવવાનું કે, ૩૧-૧-૨૦૦૮ પછી આજની સ્થિતિએ કુલ ૫૧૯ અરજીઓ મળી, એમાંથી ૨૮૫ મંજૂર કરવામાં આવી છે, ૮૨ નામંજૂર કરવામાં આવી છે અને ૧૫૨ અરજીઓ પડતર છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, નિરાધાર વિધવા બહેનોને સ્વનિર્ભર બનાવવાની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને કઈ કઈ સંસ્થા દ્વારા તાલીમ આપવામાં આવી અને કયા કયા ટ્રેડમાં આપી ?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ખૂબ જ સૂચક પ્રશ્ન છે, આ સરકાર માત્ર વિધવાઓને ૫૦૦/- રૂપિયા સહાય આપી અને એને પોતાના ઉપર છોડી દેવા માગતી નથી પરંતુ ૧૮ થી ૪૦ વર્ષની વિધવા લાભાર્થી બહેનોને એમને પોતાને જે ટ્રેડમાં રુચિ હોય તેમજ એમને સ્થાનિક બજારને લક્ષમાં રાખી અને સ્વ રોજગારલક્ષી તાલીમ પૂરી પાડવાનું કામ કરે છે અને સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કર્યા પછી એ દરેક તાલીમાર્થી વિધવા બહેનને માનવ ગરિમા યોજનાના ધોરણે રૂપિયા ૩૦૦૦/-ની મર્યાદામાં સાધનસામગ્રી આપવામાં આવે છે અને સ્વ રોજગારીની લોન માટે ૩૦૦૦/-નું માર્જીન મની પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે, કઈ કઈ સંસ્થાઓ આ તાલીમ આપે છે, આમ તો આખા રાજયની માહિતી આપી શકું તેમ છું પરંતુ કચ્છ જિલ્લામાં શ્રી શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને શ્રી વીરચંદ નથ્થુભાઈ પટેલ ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા તાલીમ આપવામાં આવે છે. માનનીય સદસ્યશ્રીનો બીજો એ પ્રશ્ન કે કયા કયા ટ્રેડમાં તાલીમ આપવામાં આવે છે, તો ત્રણ કક્ષાના તાલીમાર્થી ટ્રેડ ચલાવવામાં આવે છે (૧) મેન્યુફેકચરીંગ (૨) ટ્રેડીંગ અને (૩) સર્વિસ સૅક્ટરમાં એમને તાલીમ આપવામાં આવે છે. એમાં મેન્યુફેકચરીંગ સૅક્ટરમાં ગારમેન્ટ, એક્રેલિક પ્રોડકટસ, કારપેન્ટરીંગ, પોટરી, લેધર ગુડસ, બિલ્ડિંગ કન્સ્ટ્રકશન, સોલ્ટ, સાયબરબુશ, સિમેન્ટ બ્લૉક્સ આવી જાતની મેન્યુફેકચરીંગ કક્ષાની તાલીમ આપવામાં આવે છે. ટ્રેડીંગ સૅક્ટરમાં સાડીસ, કટલરી, ગ્લોસરીઝ, વૅજિટેબલ, કલોથસ, પ્લાસ્ટીક શૂઝ, મ્યુઝિક કેસેટસ વિગેરેમાં તાલીમ આપવામાં આવે છે અને સર્વિસ ક્ષેત્રે સેન્ટરીંગ, સાયકલ રીપેરીંગ, ડેકરોટેરસ, વોચ રીપેરીંગ, ટી સ્ટૉલ, જેવા સર્વિસ સૅક્ટરમાં પણ એમને તાલીમ આપવામાં આવે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં દરેક તાલુકા પ્રમાણે કેટલી નિરાધાર અને વિધવા બહેનોની સંખ્યા કેટલી છે ?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આખા કચ્છ જિલ્લામાં કુલ ૩૪૮૯ લાભાર્થી બહેનો છે. તાલુકા પ્રમાણે ભુજમાં કુલ-૮૨૨, માંડવીમાં ૩૩૫, મુંદ્રામાં ૧૯૩, અંજારમાં ૪૮૬, ગાંધીધામમાં ૫૮૩, ભચાઉમાં ૪૨૦, રાપરમાં ૨૮૮, નખત્રાણામાં ૧૮૩, અબડાસામાં ૧૫૫, લખપતમાં ૨૪ લાભાર્થી બહેનોને તાલુકા પ્રમાણે લાભ મળે છે.

**શ્રી બાબુભાઈ મ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપતાં લેખિત જવાબમાં ૧૬૮ મંજૂર થયેલ હતી પણ અત્યારે જવાબમાં ૨૮૫ અરજી મંજૂર થયાની વાત કરી એટલે પ્રશ્ન પૂછવાનો હેતુ સાર્થક થયો છે એમ દેખાય છે પણ વિધવા બહેનો માટે કાયમી ઉકેલ માટે ૩૦૦૦ રૂપિયાની રકમ આપવાના ભગીરથ પ્રયાસની વાત કરી. વાર્ષિક મળે તો ૬૦૦૦ પેન્શન તરીકે મળે અને ૩૦૦૦ રૂપિયામાં એ કઈ રીતે કામ શીખી શકે કે સાધન પ્રાપ્ત કરી શકે એટલા માટે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રકમ વધારવા માટે કોઈ દરખાસ્ત આપ તૈયાર કરી રહ્યા છો? કારણકે વિધવા બહેનોનું પુનઃસ્થાપન કરવું હોય તો ૫૦૦૦૦ની ફાળવણી થાય તો પુનઃસ્થાપન થઈ શકે. સ્ટાઈપન્ડ આપવા માટે કોઈ દરખાસ્ત કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. ૩૦૦૦ માનવ ગરિમા યોજનાના ભાગ હેઠળ આપવામાં આવે છે. લોન માટે માર્જીન મની પણ આપવામાં આવે છે.

**સૂરત જિલ્લામાં માંડવી-વરજાખણ બાયપાસ કરવા અંગે**

***૭૩૩ શ્રી પ્રભુભાઈ ના. વસાવા (સોનગઢ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) શું સરકાર સૂરત જિલ્લામાં માંડવી-વરજાખણથી મઢી (વાપી-શામળાજી) રોડ બાયપાસ કરવા માગે છે, અને,

(૨) જો હા, તો તે બાબતે શી કાર્યવાહી કરવામાં આવી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રીઃ**

(૧) અને (૨)

હાલ કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, તરસાડાબાર ગામમાંથી પસાર થતો રોડ ૧૯૬૮માં તાપી નદીનો પુલ તુટવાથી વૈકલ્પિક સગવડ તરીકે ચાલુ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર, ધુલીયા,નંદરબાર જવા નેશનલ હાઈવે નં.૮ પરના ભારે વાહનો પસાર થતા ટ્રાફિક બમણો થઈ ગયો છે. વારંવાર જીવલેણ અકસ્માતો થાય છે. ચાલુ વર્ષે પણ બે વ્યકિતઓના મોત થયાં છે. વાપી-શામળાજી રોડ પહોળો થતા તરસાડાબાર રોડ ઘરને અડીને આવી ગયો છે. આવા સંજોગોમાં આ રોડ બાયપાસ કરી લોકોની જાનહાનિ અટકાવવા સરકાર શું કરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી છે એ ચિંતા રાજય સરકારની પણ છે જ. જે ગામો છે એની અંદરથી ચાર મુખ્ય રસ્તા પસાર થાય છે. પહેલા એ પુલ હતો પણ ૧૯૬૮માં પુલ તૂટયો એટલે નજીકના પુલ ઉપરથી વાહનો આવજા કરે છે. એનું ડાયવર્ઝન કરવામાં આવ્યું છે પણ કેટલોક રસ્તો ગામ વચ્ચેથી પસાર થાય છે એટલા માટે ગામના લોકોને અવરજવરમાં તકલીફ પડે છે અને એટલા

માટે રાજય સરકારે સ્ટેટ હાઈવે નં.૫ પહોળો કરવાનું આયોજન કર્યું છે. એ સમયે બાયપાસ રોડ એની સાથે લઈ લેવામાં આવશે અને બાયપાસ રોડ આપવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાયપાસ રસ્તો ન થવાને કારણે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર સીધી અસર પડે છે તો રાજય સરકાર આના માટે કાંઈ વિચાર કરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધયક્ષશ્રી, અમે બાયપાસ કરી દેવાના છીએ એટલે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કોઈ તકલીફ પડશે નહીં.

**પાટણ જિલ્લામાં વિવિધ હેતુઓ માટે જમીનની માગણી**

***૩૯૭ શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ (સમી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ સરકારી જમીન ઔદ્યોગિક કામ તથા વન વિકાસના કામ માટે મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓની માગણી સ્વીકારી, કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પડતર છે?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧)

| તાલુકાનુંનામ | ઔદ્યોગિક કામે | વનવિકાસના કામે |
|---|---|---|
| ૧-ચાણસ્મા | ૧ | - |
| ૨-સમી | ૧ | - |
| ૩-સિદ્ધપુર | ૧ | - |

(૨) ઔદ્યોગિક કામ માટે મળેલ ત્રણે અરજીઓ પડતર છે.

**શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજી સરકારી જમીન ઔદ્યોગિક કામ તથા વન વિકાસ કામ માટે મળી અને એ પૈકી કેટલી માગણી સ્વીકારી? કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ પડતર છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ૩ અરજીઓ કરવામાં આવેલ છે. એમાં એક નારણપુરા કમ્બોઈ ગામની જમીન સરકારી અને ગૌચરની માગણી જી.આઈ.ડી.સી. મહેસાણાએ માગણી કરી છે. ૧૨૪ હેક્ટરની જમીનની માગણી કરેલ છે. ઔદ્યોગિક વસાહત માટે એમણે આ માગણી કરેલી છે. મામલતદારશ્રી ચાણસ્માએ દરખાસ્ત તૈયાર કરી અને કલેક્ટર ઑફિસ સુધી પહોંચાડવા માટેની સૂચના આપી દેવામાં આવી છે અને ઔદ્યોગિક વસાહત માટે પણ કલેક્ટર સીધી જમીન અગાઉથી આપી શકશે. એવી સૂચના ગઈ છે. સમી મા ૪ હેક્ટર જમીનની માગણી કરી છે. વ્યાસ મુકેશકુમારે જીનિંગ ફૅક્ટરી માટે જમીનની માગણી કરી છે. એનો જિલ્લા મૂલ્યાંકન સમિતિમાં કિંમત નક્કી કરવા માટે પેન્ડિંગ પ્રશ્ન છે. હું માનું છું કે થોડા સમયમાં જિલ્લા મૂલ્યાંકન સમિતિમાં કિંમત નક્કી કરી ૫૦ લાખ કરતાં વધારે હશે તો રાજ્ય સરકારમાં આવશે, નહિતર કલેક્ટર જીનિંગ ફૅક્ટરી માટે આપશે. સિદ્ધપુરમાં ચાદણસર ગામની અંદર સરવે નં. ૩૨૦ માં ૨ હેક્ટર જમીન માગી છે. સર્વોદય વિવિધલક્ષી ઔદ્યોગિક સહકારી મંડળીએ ફટાકડાની ફૅક્ટરી માટે ભાડા પેટે આપવા માટે માગણી કરી છે. સરકારશ્રીએ દરખાસ્ત કરીને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અભિપ્રાય માટે મોકલવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટના અભિપ્રાય માટે પણ મોકલી આપવામાં આવશે ત્યાંથી કેટલીક પૂર્તતા માટે ફરીથી જિલ્લા પાસે આવશે. સમય મર્યાદામાં પૂર્તતા કરી ફરી જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ મૂકવામાં આવશે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : આપના માધ્યમથી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે ઔદ્યોગિક હેતુ માટે પાટણ જિલ્લામાં જમીનની માગણી છે કોણે કોણે કરી છે? કેટલી જમીન માગી છે. હાલની સ્થિતિ શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : મેં જવાબ આપી દીધો છે. ૩ જી.આઈ.ડી.સી. એ માગણી કરી છે. બીજી જીનિંગ ફૅક્ટરી માટે અને ત્રીજી ફટાકડાની ફૅક્ટરી માટે જમીનને ભાડા પેટે આપવા માટેની માગણી કરી છે. ઔદ્યોગિક વસાહત માટે કલેક્ટરને ત્યાં દરખાસ્ત પેન્ડિંગ છે. જીનિંગ ફૅક્ટરી માટે દરખાસ્ત કરીને જિલ્લા મૂલ્યાંકન સમિતિમાં મોકલી આપી છે. ફટાકડાની ફૅક્ટરી માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અભિપ્રાય માટે અને જિલ્લા મેજિસ્ટ્રેટના અભિપ્રાય માટે મોકલી આપવામાં આવી છે.

**વાપી ખાતે ઈ-ધરા કેન્દ્ર શરૂ કરવા અંગે**

***૮૬૯ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

(૧) વાપી નગરપાલિકામાં તથા ૨૭ ગામોના કાર્યક્ષેત્ર માટે વાપી ખાતે ઈ-ધરા કેન્દ્રની શરૂઆત કરાય અને રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધની કાર્યવાહી વાપી ખાતે જ થાય એ માટે સરકાર શું કરવા માગે છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) વાપીના ૨૭ ગામો પૈકી જે જે ગામે ઈ-ગ્રામ યોજના હેઠળ હાર્ડવેર તથા કનેક્ટિવિટીની સવલત ઉપલબ્ધ થાય તે ગામેથી હકપત્રકની નકલ આપવાનું આયોજન છે. તથા વાપી કસબા કચેરીથી પણ આ સેવા આપી શકાશે. ફેરફાર નોંધની કાર્યવાહી તાલુકા ઈ-ધરા કેન્દ્ર ખાતે જ કરવામાં આવે છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાના ૫ તાલુકા છે. તેમાં સૌથી વધારે પારડી તાલુકામાં ૪,૦૫,૦૦૦/- વસ્તી ધરાવે છે અને એમાં તાલુકામાંથી રેલ્વે અને નેશનલ હાઈવે પસાર થાય છે અને વિકસિત તાલુકો ગુજરાતની અંદર સૌથી વધારે વસ્તી ધરાવતા ૫ તાલુકા છે એમાં પારડી તાલુકો છે. તો વાપી શહેરને ઈ-ધરા અને સબ રજિસ્ટ્રારની કચેરી આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એમનો પ્રશ્ન છે કે વાપી નગરપાલિકા અને ૨૭ ગામોના કાર્યક્ષેત્ર માટે ઈ-ધરા કેન્દ્રની શરૂઆત કરાય અને રેવન્યુ રેકર્ડ ફેરફારની કાર્યવાહી વાપી ખાતે થાય આવી ધારાસભ્યશ્રીની લાગણી છે. પરંતુ વાપીમાં જે રેવન્યુ રેકર્ડ ફેરફાર કરવાનું કામ તાલુકા કક્ષાએ થતું હોય છે. વાપીની અંદર ન કરી શકીએ. તાલુકા પ્લેસ ઉપર જવું પડે. વાપીના ૨૭ ગામોને ઈ-ધરા યોજના હેઠળ હાર્ડવેર તથા કનેક્ટિવિટીની સગવડ ઊભી કરાવી રહ્યા છીએ. ગામથી હક્ક પત્રકની નકલ આપવાનું આયોજન થઈ શકશે અને વાપી કસબા કચેરીમાં બે કસબા છે. ત્યાંથી સવલત ઉપલબ્ધ થાય છે. રેવન્યુ રેકર્ડ ફેરફાર તાલુકા પ્લેસ ઉપરથી થઈ શકે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી પ્રશ્ન જે પૂછ્યો છે વાપીનો પ્રશ્ન છે. ઈ-ધરા શરૂ કરવા માટેનો પ્રશ્ન છે. જેમાં ખૂબ ગંભીરતા છે. વાપી અને નોટિફાઈડ મળીને ૧૦ લાખની વસ્તી થાય છે. ૮૦ ટકા કામકાજ પારડી તાલુકામાં કરવું પડે છે અને વાપીથી પારડીનું અંતર ૭ કિ.મી. જેટલું થાય છે. એવા સંજોગોમાં ઈ-ધરા માટે કાયમી જગ્યા વાપી ખાતે ઊભી કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત સાચી છે કે તાલુકાની અંદર ગામડાઓની સંખ્યા વધારે હોવાને કારણે અમૂક સંજોગોમાં લાંબી લાઈનો જોવા મળે છે. એટલા માટે તાલુકા કક્ષાએથી અવાર નવાર તકલીફો ન થાય અને સરળતાથી, ઝડપથી ૭-૧૨, ૮-અ, મળી રહે તે માટે બે પ્રકારના આયોજન તાલુકા કક્ષાએ કરેલ છે. તે મુજબ ગામડાની અંદર કૉમ્પ્યુટર આપેલ છે અને તેને હવે આપણે કનેકટીવીટી આપી રહ્યા છીએ. આ વર્ષના બજેટની અંદર મોટા મોટા તાલુકા હોય અને જ્યાં મુશ્કેલીઓ ઉભી થાય છે ત્યાં વધારાના કૉમ્પ્યુટર આપવા માટે પાંચ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવે છે તે મળશે ત્યારે કોઈ મુશ્કેલી નહીં રહે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી સૌ પ્રથમ તો એક ખેડૂતના દીકરા તરીકે ૭-૧૨, ૮-૨ અને હકકપત્રકનું જે કૉમ્પ્યુટરાઇઝડ થયું છે તે બદલ સરકારને અભિનંદન આપું છું. હું જાણવા માગું છું કે તાલુકા મામલતદાર કચેરી ખાતે ઈ-ધારા કેન્દ્રને સુદ્રઢ કરવા માટે વર્ષ ૨૦૦૮-૦૯માં કેટલી રકમ ફાળવી છે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ જવાબ આપ્યો તે પ્રમાણે પાંચ કરોડ રૂપિયાની વિશેષ ગ્રાન્ટ આ વર્ષના બજેટમાં કરવામાં આવી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું, હું કોઈ ટીકા ટિપ્પણી કરવા માગતો નથી. વાપી શહેરને સિવિલ કોર્ટ આપેલ છે અને બે જેટલા પી.આઈ. કક્ષાના પોલીસ સ્ટેશન પણ આપેલ છે. વાપી શહેર એ દક્ષિણ ગુજરાતનું સૌથી મહત્ત્વનું સ્થળ છે. આમાં હકકપત્રક નં.૬ની નોંધ કરવા માટે પારડી તાલુકમાં કાચી નોંધ કરાય છે અને તેમાં ત્રણ થી પાંચ મહિના જેટલો સમય નીકળી જાય છે. તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આમાં કોઈ ગંભીર વિચારણા કરવામાં આવે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પૅલેસ ઉપર રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ કરાય છે. દરેક નગરપાલિકામાં તે શકય ન બને.

## ખેડા જિલ્લામાં નબળા પુલ

***૮૭૬ શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

**(૧)** ખેડા જિલ્લાના બાલાસિનોર વીરપુર રોડ લીમડી અને દેવગામ વચ્ચે પુલ નબળો છે ને હકીકત સાચી છે,

**(૨)** જો હા, તો નવો અને પહોળો પુલ બનાવવા સરકાર વિચારે છે, અને

**(૩)** જો હા, તો કેટલા સમયમાં આ પુલનું કામ શરૂ કરવામાં આવશે?

**માર્ગ મકાન મંત્રીશ્રી :**

(૧) ના, જી. પરંતુ સાંકડો પુલ હયાત છે.

(૨) અને (૩)

આ કામને સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે. વહિવટી પ્રક્રિયા પૂર્ણ થયે કામ હાથ ધરવાનું આયોજન છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડા બાલાસિનોર વીરપુર રોડ લીમડી અને દેવગામ વચ્ચે પુલ નબળો છે તે હકીકત સાચી છે તેના જવાબમાં ના,જી. કહ્યું છે પરંતુ પુલ સાંકળો અને હયાત છે. આ રસ્તો સાહેબ એમ.ડી.આર વખતનો જૂનો છે. હવે તે સ્ટેટમાં સમાવવામાં આવેલ છે તો આ રસ્તો પહોળો કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાની પહોળાઈ સાત મીટરની છે અને પુલની પહોળાઈ ૪.૯૦ મીટરની છે. બીજું કે પુલ સાંકડો અને તીવ્ર વળાંક ઉપર આવેલ છે તેથી અકસ્માતની બીક રહે છે. પરંતુ ધારા ધોરણો મુજબ નવો પુલ બનાવવાનો નિર્ણય કર્યો છે એટલે ત્યાં નવો પુલ બાંધવામાં આવશે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી હું જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી આ પ્રશ્ન ખેડા જિલ્લા પૂરતો મર્યાદિત છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહી નદીની નહેરો નીકળે છે અને તેની ઉપર રસ્તા નીકળે છે તેના પુલ સાંકડા હોવાને કારણે અકસ્માત થાય છે. તેના લીધે ઘણા નાગરિકો અને મુસાફરોના મૃત્યુ થાય છે. તે પહોળા કરવા માગો છો અને જો હા તો કેટલા સમયમાં કરવા માગો છો તે જણાવે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર પ્રશ્ન એટલો જ છે કે બાલાસિનોર વીરપુર રોડ લીમડી અને દેવગામ વચ્ચે પુલ નબળો છે. એટલા માટે આ સિવાયના કોઈ પ્રશ્નનો ઉત્તર નહીં આપી શકું. તેમનો પ્રશ્ન ટ્રિપીકલ છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ છે તો તે કયારે કરવામાં આવેલ છે અને વહિવટી પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારા ધોરણો મુજબ પહોળો રોડ કરવા માટે અંદાજિત ખર્ચ પુલ માટે ૧૪૦ લાખ અને વળાંકની સુધારણા માટે ૪૫ લાખ એમ ૧૮૫ લાખ અંદાજિત ખર્ચ છે. સૈધ્ધાંતિક મંજૂરી તા. ૧૭-૯-૨૦૦૭ના રોજ મળી ગયેલ છે અને નાણાકીય જોગવાઈ પણ કરવામાં આવી છે, એની કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે, નકશા અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજૂરી આપી ટેન્ડર મેળવી અને ઝડપથી કામ હાથ ઉપર લેવામાં આવશે.

## આંગણવાડી કાર્યકરોના માનદ વેતનમાં વધારો કરવા અંગે

*** ૧૨૧ શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે-

(૧) આંગણવાડી વર્કર તથા હેલ્પરોને કેટલું માનદ વેતન આપવામાં આવે છે, અને
(૨) માનદવેતનમાં સરકાર કોઈ વધારો કરવા માગે છે કે કેમ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) આંગણવાડી કાર્યકર તથા હેલ્પરોને નીચે મુજબ માનદ વેતન આપવામાં આવે છે.

<u>આંગણવાડી કાર્યકર</u>

| | |
|---|---|
| - નોન મેટ્રીક | રૂા. ૯૩૮/- |
| - નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂા. ૯૬૯/- |
| - નોન મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) | રૂા.૧૦૦૦/- |
| - મેટ્રીક | રૂા.૧૦૦૦/- |
| - મેટ્રીક ( ૫ વર્ષનો અનુભવ) | રૂા.૧૦૩૧/- |
| - મેટ્રીક ( ૧૦ વર્ષનો અનુભવ) | રૂા.૧૦૬૩/- |
| **હેલ્પર** ---- | રૂા. ૫૦૦/- |

(૨) હા, જી.

- બીજી ઓકટોબર, ૨૦૦૭ના રોજ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આંગણવાડી કાર્યકર તથા હેલ્પરને અનુક્રમે રૂા. ૫૦૦/-, રૂા. ૨૫૦/-,નો માનદ વેતનમાં વધારો જાહેર કર્યો છે.
- દર વર્ષે બન્નેને બે-બે સાડી બ્લાઉઝ સાથે આપવાની તથા દર માસે પ્રતિમાસ ૫૦/- રૂપિયા તેમના ઈપીએફ ખાતામાં જમા કરવાનું જાહેર કર્યુ છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌથી પહેલાં તો રાજય સરકારને અભિનંદન આપવા માગું છું કે, આ રાજય સરકારે આંગણવાડી વર્કર બહેનોના અને તેડાગરાંના વેતનમાં રૂા. ૫૦૦ અને ૨૫૦નો વધારો કરેલ છે. મારો પ્રશ્ન એ છે કે, આ જે વેતન આપવામાં આવે છે તે સિવાય અન્ય બીજા કેટલા લાભો આંગણવાડી વર્કરો બહેનોને આપવામાં આવે છે, અને એ સિવાય જે આંગણવાડી મકાનો સરકારી મકાનો છે અને ત્યાં બીજી જે વ્યવસ્થા કરી છે તે કઈ કરી છે ?

**ડૉ. માયાબેન સુ.કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ સંપૂર્ણ કેન્દ્ર પુરસ્કૃત યોજના હોવા છતાં અમારી સરકારે આ વર્ષે આમ પણ નિરોગી બાળ વર્ષ જાહેર કર્યુ છે અને Human Development Index સૂચિકાંક જાહેર કરવાના કારણે આંગણવાડી ને strengthen કરવા માટેનું બીડુ ઝડપ્યું છે. ત્યારે આંગણવાડી વર્કરર બહેનોને રૂા.૫૦૦નો વધારો અને તેડાગર બહેનોને ૨૫૦ રૂપિયાનો વધારો આપવાનું જાહેર કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે, આ વધારા સિવાય અન્ય કયા કયા લાભો આંગણવાડી

બહેનોને આપવામાં આવે છે તો આંગણવાડી બહેનોને કાર્યકર વીમા યોજનાનો લાભ આપવામાં આવે છે અને તે અંતર્ગત ૨૮૦ રૂપિયાના પ્રિમિયમમાં ૧૦૦ રૂપિયાનું પ્રિમિયમ ભારત સરકાર તરફથી અને ૧૦૦ રૂપિયા LIC Social Security Fundમાંથી આપવામાં આવે છે અને ૮૦ રૂપિયા આંગણવાડી વર્કર પોતે ભરે છે અને આમ જયારે લાભાર્થીનું મૃત્યુ થાય તો એના વારસદારોને ૩૦૦૦૦ રૂપિયા મળે છે અને જો અકસ્માતના કારણે મૃત્યુ થાય તો ૭૫ એના વારસદારને મળે છે અંશતઃ કાયમી ખોડ માટે ૩૭૫૦૦ રૂપિયાનો લાભ એને મળે છે બીજા લાભો આંગણવાડી બહેનોને મળે છે એમાં જયારે દશ વર્ષની નોકરી પૂરી થાય અને જો એ એસ એસ સી પાસ હોય તો એ આંગણવાડી કાર્યકરની મુખ્ય સેવિકા વર્ગ-૩માં નિયુકિત કરવામાં આવે છે અને જેટલી પણ મુખ્ય સેવિકાઓની પોસ્ટ હોય એમાંથી ૫૦ ટકા પોસ્ટ આ રીતે nomination થી ભરવામાં આવે છે, આ ઉપરાંત દર વર્ષે બે સાડી બે બ્લાઉઝ સાથે આપવામાં આવે છે, ઉપરાંત આંગણવાડી કાર્યકર અને તેડાગર માટે ઈપીએસ યોજના શરૂ કરવામાં આવી છે અને એમાં રાજય સરકાર તરફથી ૫૦ રૂપિયા અને આંગણવાડી કાર્યકર સેવા ધર તરફથી ૫૦ રૂપિયાનું કોન્ટ્રીબ્યુશન થાય છે અને જેમાં ૫૮ વર્ષે જયારે નિવૃત થાય ત્યારે તેને લાભ મળે છે અને ૮.૫ ટકાનું ઈન્ટરેસ્ટ એને આપવામાં આવે છે, ઉપરાંત આંગણવાડી વર્કરને. માતા યશોદા એવોર્ડ ગયા વર્ષે જાહેર કરવામાં આવ્યો માં કુલ ૬૪૪ એવોર્ડ આપવામાં આવ્યા છે અને એની પાછળ એક કરોડ દશ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે..

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આંગણવાડી વર્કરોના વેતન વધારવા ઉપરાંત કયા કયા લાભો મળે છે?

**ડૉ. માયાબેન સુ.કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ એ બધા લાભો કહયા.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયમાં કેટલી આંગણવાડીઓ મંજૂર થયેલી છે?

**ડૉ. માયાબેન સુ.કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કુલ ૪૪૧૮૯ આંગણવાડીઓ મંજૂર થઈ છે, જે પૈકી ૪૨૯૦૭ આંગણવાડીઓ કાર્યાન્વિત છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે આંગણવાડી વર્કરને નોકરીમાં દશ વર્ષ પછી એસ એસ સી હોય તો એને સુપરવાઈઝરમાં સમાવવાના છે તો આવાં કેટલા આંગણવાડી વર્કરોનો સુપરવાઈઝરમાં સમાવેશ કરવામાં આવ્યો છે જે જાણવા માગું છું.

**ડૉ. માયાબેન સુ.કોડનાની** : ૫૮૪ બહેનોનો આ રીતે સમાવેશ કરવામાં આવ્યો છે.

## કપડવંજ તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ બનેલ રસ્તા

***૯૦૧ શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કપડવંજ તાલુકાના વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ બનેલ બાપાના કુવા ગામને જોડતો રસ્તો કયારે બનાવવામાં આવ્યો છે,

(૨) આ રસ્તો એક વર્ષમાં તૂટી ગયેલ છે તે વાત સાચી છે, અને

(૩) આ રસ્તો પુનઃ કેટલા સમયમાં દૂરસ્ત કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

**(૧)** જાન્યુઆરી - ૨૦૦૬માં બનાવવામાં આવેલ છે.

**(૨)** સદર રસ્તો નવો બન્યા પછી આ વિસ્તારમાં કવોરી ઉદ્યોગનો વિકાસ થતા ભારેથી અતિભારે વાહનોનો ટ્રાફિક વધવાથી રસ્તાને આંશિક નુકશાન થયેલ છે.

**(૩)** હાલમાં મરામત કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય કરેલ છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કપડવંજ તાલુકાના બાપાના કૂવા ગામને જોડતો વડા પ્રધાન ગ્રામ સડક યોજના હેઠળનો રસ્તો જાન્યુઆરી ૨૦૦૬માં બનાવવામાં આવેલ છે, ૨૦૦૭માં એ રસ્તો તૂટી ગયો છે તો મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે આ રસ્તો બનાવવા પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને આ રસ્તો બનાવનાર કોન્ટ્રાકટર અને પેટા કોન્ટ્રાકટ કોણ હતા?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૨ લાખ ટેન્ડરની અંદાજીત કિંમત હતી અને એચ.ડી. એન્ડ કંપનીએ આ રોડ બનાવ્યો અને આ પાંચ કિલો મીટરનો રોડ બનાવ્યો હતો આ કંપનીએ એના ખર્ચની અંદાજીત કિંમત ૧૮૨ લાખ હતી, પરંતુ ૯૭.૩૭ લાખ રૂપિયામાં આ રોડ તૈયાર થયો હતો.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કવોરી ઉદ્યોગ દ્વારા ૩૦ થી ૩૫ ટનના તોતિંગ ડમ્પરોની હેરફેર આ રોડ ઉપર થઈ રહી છે અને આવા વાહનો પરવાનગી વગર ચાલી રહ્યાં છે. સુપ્રીમ કોર્ટ પણ આવા વાહનો પર પ્રતિબંધ મૂક્યો છે. આર.ટી.ઓ.ની મીઠીં નજરથી આવા વાહનો ચાલે છે એને કારણે રસ્તાઓ તૂટે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** આ રસ્તાની જ વાત કરો આપ.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એની જ વાત કરું છું કે જે ડમ્પરીયા ૩૦ થી ૩૫ ટનના ચાલે છે એનાથી આવા રોડ તૂટે છે, સુપ્રીમ કોર્ટ પણ આની ઉપર પ્રતિબંધ મૂક્યો છે ત્યારે આર.ટી.ઓ. કચેરી તરફથી આવા વાહનોની પરવાનગી આપવામાં આવી છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આની વિગત માનનીય મંત્રી પાસે ન હોય.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રશ્ન માટે વાહન વ્યવહાર વિભાગને પૂછવું પડે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કપડવંજ તાલુકામાં આવા વડા પ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ રસ્તા કેટલા થયા, અને આ જે રસ્તો મરામત કર્યો એનો ખર્ચ કોણે ભોગવ્યો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર બાપાના કૂવા ગામને જોડતા રસ્તાની જ અહીં વાત કરવામાં આવી છે. પ્રશ્ન મર્યાદિત છે એમનો, અને આ જે રસ્તો છે એ રાજય સરકારે આપ પૂછો એ પહેલા કિસાન પથની અંદર લેવાનો નિર્ણય પણ કરી લીધો છે. જે કોન્ટ્રાકટર હતા એમણે ૨ લાખ રૂપિયામાં એ રોડને રિપેર કર્યો પહેલી વાર અને બીજી વાર રાજય સરકારે ૩ લાખ રૂપિયામાં રિપેર કયો છે.

## આંગણવાડી સંચાલક અને તેડાગરના વેતન વધારા અંગે

***૮૮૨ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સરકારે આંગણવાડીની સંચાલક અને તેડાગર માટે વેતન વધારા જાહેરાત કરી છે તે આપવા માગે છે, અને

(૧) જો હા, તો ક્યારે અમલ કરવા માગો છો?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) તા.૧-૧૦-૨૦૦૭ થી માનદ વેતનમાં વધારો મળશે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આનો જવાબ મળી ગયો છે એનાથી મને સંતોષ છે એટલે પ્રશ્ન પૂછવા માગતો નથી.

## ગાંધીનગર શહેરમાં વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી

***૭૦૫ શ્રી જગદીશભાઈ મો. ઠાકોર (દહેગામ) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક, વેપાર, ઉદ્યોગ અને અન્ય હેતુઓ માટે તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ૧૨ માસમાં સરકારે કેટલી સંસ્થાઓને જમીન આપી છે, અને

(૨) આ સંસ્થાઓને જમીન કયા ભાવે આપવામાં આવી છે?

**પાટનગર યોજના મંત્રીશ્રી :**

(૧) અને (૨)

ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક, વેપાર ઉદ્યોગ અને અન્ય હેતુ માટે છેલ્લા બાર માસમાં વેચાણથી કે લાંબા ભાડા પટ્ટે ૧૦ સંસ્થાઓને સામેલ પત્રક મુજબના ભાવે જમીન ફાળવેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ | ફાળવેલ જમીનનો ભાવ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ટાટા કન્સલટન્સી લી. | રૂા.૧૧૦૦/ પ્રતિ ચો.મી. |
| ૨ | પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી | વિના મૂલ્યે |
| ૩ | જી.આઈ.ડી.સી. ગાંધીનગર | રૂ.૧૧૦૦/ પ્રતિ ચો.મી. |
| ૪ | સર્વ વિદ્યાલય કેળવણી મંડળ નર્સીંગ કોલેજ માટે | વાર્ષિક રૂા.૧/ ના ટોકન ભાડે (૩૫ વર્ષ સુધી ભાડા પટ્ટે) |
| ૫ | બોચાસણવાસી અક્ષર પુરસોત્તમ સંસ્થા, સેકટર નં.૨૦ | રૂા.૧૧૦૦/- પ્રતિ ચો.મી.(૯૯ વર્ષના ભોગવટાથી) |
| ૬ | કડવા પાટીદાર સમાજ,ગાંધીનગર | રૂા.૩૨૦૦/- પ્રતિ ચો.મી. |
| ૭ | ગુજરાત ગોપાલક કન્યા કેળવણી મંડળ | રૂા. ૧૧૦૦/- પ્રતિ ચો.મી. |
| ૮ | અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ | રૂા. ૫૫૦/- પ્રતિ ચો.મી |
| ૯ | નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ, નવી, દિલ્હી | વાર્ષિક રૂા. ૧/- ના ટોકન ભાડે (૩૦ વર્ષ સુધી ભાડા પટ્ટે) |
| ૧૦ | સત્યમ કોમ્પ્યુટર્સ, સર્વીસીસ લી. | રૂા.૧૧૦૦/- પ્રતિ ચો.મી. |

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ૧૦ સંસ્થાઓને જમીન આપી છે એમાં કઈ કઈ સંસ્થાઓને કેટલા ચોરસ મીટર જમીન આપી છે? ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આપણી પાસે માગણીની કેટલી અરજીઓ પડતર છે? એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ સંસ્થાઓને આ જમીન આપવામાં આવી છે. ટાટા કન્સલટન્સી લી.ને ૧૧૦૦ રૂપિયા પ્રતિ ચોરસ મીટરના વિકાસ દરે આપવામાં આવી છે, ૧૦૧૧૭૧.૪ ચોરસ મીટર. અને ફાળવવાનો જે હેતુ છે મેગા આઈ.ટી. સેઝ બનાવવા માટેનો એનો હેતુ છે. વિજ્ઞાન અને પ્રાદ્યોગિકીકરણ વિભાગના કામકાજ ધરાવતી આ વિસ્તાર મેગા આઈ.ટી. પ્રોજૅકટ માટે નક્કી કરી જમીન અને ભાવ એ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવે છે. મેગા સીટી એસ.ઈ. ઝેડ પ્રોજૅકટના માટે જ એનો ઉપયોગ કરવાનો રહેશે અને જમીનનો કબજો મળ્યા બાદ ૬ માસમાં પ્લાન મંજૂર કરાવી ૨ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે. બીજી આપી છે પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઇન્ડિયા, નવી દિલ્હીને એમને ૫૦ એકર જમીન આપી છે, વિના મૂલ્યે જમીન આપી છે અને આરોગ્ય વિષયક પદ્ધતિઓનો અભ્યાસ, સંશોધન-તાલીમ વગેરેના ઉત્તેજન માટે, અને જે હેતુ માટે ફાળવેલ છે તે માટે જ તેઓ ઉપયોગ કરી શકશે. ઠરાવ બહાર પડ્યા પછી બે વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે, અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગે ઉક્ત સંસ્થા સાથે સંકલનની કામગીરી કરવાની રહેશે.

જી.આઈ.ડી.સી. ગાંધીનગર એને ૨,૨૨,૫૮૫ ચોરસમીટર જમીન આપી છે, મેગા આઈ.ટી. સેઝ પ્રોજેકટ માટે આપી છે અને આઈ.ટી. એસ.ઈ.ઝેડ પાર્કની જમીનના વિકાસ અને પ્લોટીંગ જી.આઈ.ડી.સી. એ કરવાના રહેશે અને પછી જેમને એ પ્લોટ જોઈતા હોય એમને એ પ્લોટ વેચી શકશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર એને વાર્ષિક એક રૂપિયાના ટોકન ભાવથી ૩૫ વર્ષની લીઝ પર ૧૬,૦૦૦ ચોરસમીટર જમીન આપી છે, એમાં નર્સિંગ કોલેજ શરૂ કરવાની છે અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે એમ.ઓ.યુ. કરીને કોલેજ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, સાથે સાથે સિવિલ હોસ્ટિપલ, ગાંધીનગર સાથેના જોડાણના બદલામાં સંસ્થા તરફથી રોગી કલ્યાણ સમિતિ માટે એક કરોડ રૂપિયા આપવાની શરત પણ એની અંદર મૂકવામાં આવી છે અને બે વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થા, સેક્ટર નંબર-૨૦, એને ૧,૧૦૦/- પ્રતિ ચોરસમીટરના ભાવથી ૯૯ વર્ષના ભોગવટાથી ૧૦,૦૦૦ ચોરસમીટર જમીન પાર્કીંગ માટે અને ગ્રામહાટ બનાવવા માટે આપવામાં આવી છે. પ્લોટમાં પબ્લીક પાર્કીંગ અને તેને આનુષાંગિક સુવિધાઓ સંસ્થાએ પોતાના ખર્ચે ઉભી કરવાની છે, બાજુના ૫,૦૦૦ ચોરસમીટર જમીન ઉપર ફુડકોર્ટ અને લારી ગલ્લા માટે બાંધકામ સંસ્થાએ તેઓના ખર્ચે કરી આપવાનું છે. જમીનની માલિકી રાજય સરકારની રહેશે અન્ય બીજા ૫,૦૦૦ ચોરસમીટર જમીનના પ્લોટ ઉપર ગ્રામહાટનું બાંધકામ પણ સંસ્થાએ તેઓના ખર્ચે ગ્રામ વિકાસ વિભાગના પરામર્શમાં રહીને કરવાનું રહેશે. પાર્કીંગ માટે વાહનધારકો પાસેથી કોઈ ચાર્જ લેવો કે ન લેવો એ અંગે સંસ્થાએ નિર્ણય કરવાનો રહેશે અને બે વર્ષમાં એમણે બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર, એનો જે તે સમયનો ભાવ છે ૩,૨૦૦ રૂપિયા પ્રતિ ચોરસમીટર, ૯૯૯.૬૦ ચોરસમીટર જમીન એમને આપી છે અને ધાર્મિક હેતુ માટે એમને જમીન આપવામાં આવી છે. ૨૦-૧૨-૧૯૯૫ના ઠરાવથી ૨૪૯૯.૬ ચોરસમીટર જમીન ફાળવેલ એમાં ૧,૫૦૦ ચોરસમીટર જમીનના નાણાં એમણે ભરી દઈને એ જમીનનો કબજો એમણે લઈ લીધેલો છે, બાકીની જમીન આપવાની છે. ત્યારપછી ગુજરાત ગોપાલક કન્યા કેળવણી મંડળ એમને ૧,૧૦૦ રૂપિયાના વિકાસ દરથી આપી છે ૨૩૧૦ ચોરસમીટર જમીન છે, હયાત સંસ્થાની બાજુની લગત ૨૩૧૦ ચોરસમીટર જમીન શૈક્ષણિક હેતુ માટે ફાળવી છે.

અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ, એમને ૫૫૦ વાર્ષિક ૧૦ રૂપિયાના ટોકન ભાડાથી ૨૦ વર્ષ માટે આપી છે અને સંસ્થાને શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવેલ છે. કબજો મળ્યાથી બે વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, નવી દિલ્હી એને વાર્ષિક ૧ રુપિયાના ટોકન ભાડે ૩૦ વર્ષ માટે ભાડાપટ્ટે ૬૦ એકર જમીન આપી છે. ફાળવેલ જમીનની બજાર કિંમત નક્કી થાય તે રકમ આ સંસ્થાની સ્થાપના પેટે રાજય સરકારના હિસ્સા તરીકે ગણવાની રહેશે. સદર ઈન્સ્ટીટયુટની સ્થાપનાની ગવર્નીંગ બોડીમાં રાજય સરકાર નકકી કરે તે મુજબ રાજય સરકારના પ્રતિનિધિઓ રહેશે સંસ્થાની સ્થાપના અને તે અંગેની આનુષાંગિક કાર્યવાહી ખાણ, ખનિજ વિભાગે કરવાની રહેશે અને બે વર્ષમાં એમણે કામ પૂર્ણ કરવાનું રહેશે

છેલ્લી દસમી છે સત્યમ કોમ્પ્યુટર્સ સર્વિસીસ લિમિટેડ, એમને ૧,૧૦૦/- રૂપિયાના વિકાસ દરથી આપી છે ૧,૦૫,૨૨૨ ચોરસમીટર જમીન આપી છે અને મેગા આઈ.ટી.ના પ્રોજેકટ માટે જ ઉપયોગ કરવાનો છે. સંસ્થા તરફથી આઈ.ટી. ઈ. એસ. ના ઉપયોગ માટે સેપ્ટ ઓફ આર્ટ ટેકનોલોજી સેન્ટરના વિકાસ માટે, ઓછામાં ઓછું ૬૦ કરોડ રૂપિયાનું રોકાણ નોન આઈ.ટી. સવલતો સિવાય કરવાનું રહેશે. સંસ્થા તરફથી તબક્કાવાર પાંચ વર્ષમાં ૩૦૦૦ કર્મચારીઓને રોજગારી આપવાની અને ૬૦ કરોડનું રોકાણ કરવાનું રહેશે. કંપની તેઓની ૨૬ ટકા ઈકવીટી ન હોય તેવી ગૃપ કંપનીઓને જમીન ઉપયોગ માટે આપી શકશે નહિ અને બે વર્ષની અંદર બાંધકામ કરવાનું રહેશે.

છેલ્લે બીજા પ્રશ્નનો જવાબ ગાંધીનગર શહેરમાં છેલ્લા એક વર્ષમાં ૪૨ સંસ્થાઓએ જમીનની માગણી કરેલી છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એક તો ગુજરાત ગોપાલક કન્યા કેળવણી મંડળને ૧,૧૦૦/- રૂપિયે જમીન આપી છે, અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘને ૫૫૦/- રૂપિયે આપી છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને અને સરકારને પણ વિનંતી કરવા માગું છું કે, આખા સમાજની એકજ સંસ્થા ગાંધીનગરમાં બને ત્યારે એવી સંસ્થાઓ જે કોઈ એકની માલિકીની ન હોય પણ સમગ્ર ગુજરાતના લોકોના કોઈ એક સમાજની એકજ સંસ્થા પાટનગરમાં બનતી હોય ત્યારે એવી સંસ્થાઓને આપ એક રૂપિયા ટોકન ભાડે, અથવા એક રૂપિયે ટોકન ભાડે આપીને પણ રાજય સરકાર તરફથી જે સમાજો પહોંચી વળતા ન હોય એવા સમાજોને બિલ્ડીંગ ફંડ કે બીજામાં પણ કયાંય મદદરૂપ થવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સૂચન છે જે કોઈ નીતિ નિયમો હોય એ નીતિ નિયમો પ્રમાણે આ જમીનો આપવામાં આવી છે.

## રાજયના ડેમો, જળાશયોમાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ પર પ્રતિબંધ

**<#M *૭૨૫/ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ:૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજયમાં કયા કયા જિલ્લાઓના ડેમો, જળાશયોમાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ છે,

(૨) આ પ્રતિબંધના કારણો શા છે, અને

(૩) આ પ્રતિબંધ હટાવવાનું સરકાર વિચારે છે કે કેમ ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી**

(૧) મત્સ્યોદ્યોગ ખાતા હસ્તકના ડેમો, જળાશયો પૈકી કચ્છ અને ભાવનગર જિલ્લામાં પ્રતિબંધ છે.

(૨) ધાર્મિક લાગણીના કારણોસર.

(૩) નાજી.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબની અંદર તેમણે કચ્છ જિલ્લો અને ભાવનગર જિલ્લામાં પ્રતિબંધ છે એવો જવાબ આપ્યો છે. મારે પૂછવું છે જંત્રીના નિયમો જુદા જુદા હોઈ શકે..

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા જિલ્લાની અંદર ધાર્મિક લાગણીના ધોરણો શું શું હોય છે અને બાકીના બધા જિલ્લામાં પ્રતિબંધ સરકાર મૂકવા માગે છે કે કેમ? ધોરણો જુદા છે એટલે કહું છું.

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, માછીમારી માટેની જે વાત કરી તેની અંદર મત્સ્યોદ્યોગને લગતા ડેમો છે તેની અંદર ધાર્મિક લાગણીની જે વાત આવી તેમાં મંદિરો છે બાજુમાં છે અને તેના હિસાબે સરકારે જે માગણી મુજબ ધાર્મિક લાગણી કોઈની ના દુભાય તેને માટે આ પ્રતિબંધ મૂક્યો છે. બીજા કોઈ કારણોસર નહીં અને તેને માટે આ ધાર્મિક લાગણી સિવાય કંઈ છે નહીં.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માંગુ છું કે, કચ્છ જિલ્લામાં કેટલાં જળાશયો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે ? અને તે હટાવવા માટે કોઈ સંસ્થાઓએ માગણી કરેલી છે કે કેમ?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં ટોટલ ૧૮૧ જળાશયો આવેલા છે અને તમામે તમામ પર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે કારણકે ત્યાંથી જૈન સમાજના બધા, માનનીય બાબુભાઈને ખબર છે. પણ ૧૮૧ ડેમ ઉપર ટોટલ પ્રતિબંધ મૂકવામાં આવેલો છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જે માગણીઓ આવી છે તેની સમીક્ષા કરીને જ્યાં ધાર્મિક લાગણી દુભાય એવા સ્થળોની માહિતી મેળવી તેની પુન:સમીક્ષા કરવામાં આવશે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ધાર્મિક લાગણીઓની જ્યારે વાત આવી છે ત્યારે સોમનાથ ખાતે ત્રિવેણી સંગમ જે આવ્યો છે ત્યાં પણ માછીમારી થાય છે તો તેને માટે સરકાર કંઈ વિચારે છે કે નહીં ?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં માછીમારી થતી નથી. ત્રિવેણી સંગમ છે અને ત્યાં આગળ શ્રાદ્ધ માટે અને વિધિ માટે ત્યાં લોકો જાય છે. ત્રિવેણી સંગમમાં મોક્ષ માટે માણસો જાય છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર ડેમ અને તળાવ માટેનો છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ધાર્મિક લાગણીઓની વાત આવી છે ત્યારે કહું છું, આ મારી વાતનો જવાબ નથી. હિંદુઓનું પવિત્ર સ્થાન ત્રિવેણી સંગમ છે તેમાંથી માછીમારી રોકવા માટે સરકાર વિચારે છે કે કેમ ?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, અલગ નોટિસ જોઈશે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં કયા કયા ડેમોને ધાર્મિક લાગણીથી મત્સ્યોદ્યોગ માટે પ્રતિબંધિત છે ?

**શ્રી પરસોત્તમભાઈ ઓ. સોલંકી** : માનીય અધ્યક્ષશ્રી, પાલીતાણા શેત્રુંજી ડેમનો ( જવાબ અધૂરો )

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### હળવદ તાલુકામાં રસ્તાઓને ડામર કામ

૭૩૦ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાનો હળવદથી જોગડ ગામનો ૨૦ કી.મી. લાંબા રસ્તાનું ડામર કામ કરવા અંગેની કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ છે કે કેમ, અને

(૨) જો ના, તો આ રસ્તો ક્યારે પાકો બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

આ કામની દરખાસ્ત મળેલ છે. જે અંગે નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે.

------------

### મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય

૧૧૩ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી ૨૦૦૭ના વર્ષમાં જિલ્લાવાર કેટલા કેસોમાં સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

વર્ષ ૨૦૦૭માં જિલ્લાવાર ચૂકવેલ સહાયના કેસો

| અ.નં. | જિલાલનું નામ | તબીબી સહાય | આફત સહાય | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | અમદાવાદ | ૧૪૮ | ૨૯ | ૧૭૭ |
| (૨) | અમરેલી | ૩૬ | ૭ | ૪૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૩) | આણંદ | ૧૪ | ૫૧ | ૬૫ |
| (૪) | બનાસકાંઠા | ૩૮ | ૧૪ | ૫૨ |
| (૫) | ભરૂચ | ૨૦ | ૨૦ | ૪૦ |
| (૬) | ભાવનગર | ૭૨ | ૯ | ૮૧ |
| (૭) | દાહોદ | ૨ | ૧ | ૩ |
| (૮) | ડાંગ | ૦ | ૦ | ૦ |
| (૯) | ગાંધીનગર | ૪૭ | ૪ | ૫૧ |
| (૧૦) | જામનગર | ૧૮ | ૦ | ૧૮ |
| (૧૧) | જુનાગઢ | ૩૯ | ૯ | ૪૮ |
| (૧૨) | ખેડા | ૨૨ | ૦ | ૨૨ |
| (૧૩) | કચ્છ | ૧૧ | ૦ | ૧૧ |
| (૧૪) | મહેસાણા | ૩૭ | ૨૨ | ૫૯ |
| (૧૫) | નર્મદા | ૨ | ૨ | ૪ |
| (૧૬) | નવસારી | ૩૦ | ૦ | ૩૦ |
| (૧૭) | પંચમહાલ | ૯ | ૧૨ | ૨૧ |
| (૧૮) | પાટણ | ૨૮ | ૧૫ | ૪૩ |
| (૧૯) | પોરબંદર | ૬ | ૫ | ૧૧ |
| (૨૦) | રાજકોટ | ૪૮ | ૫ | ૫૩ |
| (૨૧) | સાબરકાંઠા | ૨૪ | ૦ | ૨૪ |
| (૨૨) | સુરત (વ્યારા સહિત) | ૨૪૩ | ૨૫ | ૨૬૮ |
| (૨૩) | સુરેન્દ્રનગર | ૧૧ | ૧ | ૧૨ |
| (૨૪) | વડોદરા | ૨૦ | ૪ | ૨૪ |
| (૨૫) | વલસાડ | ૧૧ | ૧૩ | ૨૪ |
| | **કુલ...** | **૯૩૬** | **૨૪૮** | **૧૧૮૪** |

------------

**રાજ્યમાં મહિલાઓને કાયદાકીય માર્ગદર્શન**

૭૦૯ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં મહિલાઓને એકજ સાથે કાયદાકીય અને સામાજિક પ્રશ્નોનું માર્ગદર્શન મળે તે માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

રાજ્યમાં મહિલાઓને એક સાથે એક જ સ્થળેથી કાયદાકીય અને સામાજિક પ્રશ્નોનું માર્ગદર્શન મળે તે માટે જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રની યોજના તા. ૭-૬-૨૦૦૬ ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલ છે. હાલ રાજ્યમાં ૨૧૨ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે અને બીજા ૩૮ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો સ્થાપવાની કાર્યવાહી ચાલુ છે. આ મહિલા કલ્યાણ કેન્દ્રો દ્વારા મહિલાઓને સામાજિક, આર્થિક અને કાનૂની પ્રશ્નો બાબતે જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવે છે.

------------

**રાજ્યમાં ભૂકંપની સંભાવનાવાળા વિસ્તારોનું માઈક્રોઝોનેશન**

૫૬૪ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સરકાર દ્વારા રાજ્યમાં ભૂકંપીય હિલચાલવાળા શહેરો અને વિસ્તારોમાં માઈક્રોઝોનેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ?

**જવાબ**

હા.

------------

**વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ**

૯૫ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળી-પાણી અને ટોયલેટની સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને

(૨) આવી સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તાલુકાવાર ખુટતી સુવિધાઓ દર્શાવતી વિગત નીચે મુજબ છે.

જિલ્લાની તમામ શાળાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા છે.

(૨) સરકાર દ્વારા આયોજન યોજનાઓ હેઠળ તબક્કાવાર વીજળી અને ટોઈલેટની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમ આયોજન કરવામાં આવે છે.

પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | કુલ શાળાની સંખ્યા | ઉપલબ્ધ સુવિધાવાળી શાળાની સંખ્યા | | ખુટતી સુવિધાઓવાળી શાળાની સંખ્યા | |
|---|---|---|---|---|---|---|
| | | | શોચાલય | વીજળીકરણ | શોચાલય | વીજળીકરણ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | વડોદરા | ૧૭૪ | ૧૬૨ | ૧૬૬ | ૧૨ | ૮ |
| ૨ | પાદરા | ૧૪૦ | ૧૨૭ | ૧૩૭ | ૧૩ | ૩ |
| ૩ | સાવલી | ૨૪૮ | ૧૯૬ | ૨૨૪ | ૫૨ | ૨૪ |
| ૪ | કરજણ | ૧૦૪ | ૧૦૪ | ૧૦૪ | ૦ | ૦ |
| ૫ | વાઘોડિયા | ૧૭૨ | ૧૬૪ | ૧૫૯ | ૮ | ૧૩ |
| ૬ | ડભોઈ | ૧૭૮ | ૯૬ | ૧૫૯ | ૮૨ | ૧૯ |
| ૭ | શિનોર | ૪૬ | ૩૨ | ૪૪ | ૧૪ | ૨ |
| ૮ | સંખેડા | ૨૯૪ | ૨૩૨ | ૨૬૦ | ૬૨ | ૩૪ |
| ૯ | જેતપુર પાવી | ૨૭૩ | ૧૩૫ | ૧૪૬ | ૧૩૮ | ૧૨૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | નસવાડી | ૨૪૭ | ૨૪૧ | ૨૪૬ | ૬ | ૧ |
| ૧૧ | છોટા ઉદેપુર | ૨૨૪ | ૧૩૫ | ૭૭ | ૮૯ | ૧૪૭ |
| ૧૨ | ક્વાંટ | ૨૦૪ | ૧૦૨ | ૩૯ | ૧૦૨ | ૧૬૫ |
| | એકંદર કુલ | ૨૩૦૪ | ૧૭૨૬ | ૧૭૬૧ | ૫૭૮ | ૫૪૩ |

------------

**ઉમરેઠ-ઓડ રેલ્વે ઓવરબ્રીજ બનાવવા અંગે**

૭૦૮ **શ્રી લાલસિંહ ઉ.વડોદીયા (ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉમરેઠ અને ઓડ જતા માર્ગ વચ્ચે પસાર થતી રેલ્વે લાઇન ઉપર જે ઓવરબ્રીજ બનાવવાનું કામ ચાલે છે તે ક્યારે પૂર્ણ થવાની મુદત છે, અને

(૨) આ ઓવરબ્રીજ ક્યારે પૂરો કરી પ્રજાના ઉપયોગ માટે શરૂ કરવાની શક્યતા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૭-૨૦૦૮

(૨) જેમ બને તેમ જલ્દી.

------------

**શહેરી અને નગરપાલિકા વિસ્તારના માર્ગોની સુધારણા**

૪૬૮ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિસ્તાર, નગરપાલિકાઓની હદમાંથી પસાર થતાં માર્ગોની સુધારણા માટે વર્ષ ૨૦૦૬-૦૭માં કેટલી રકમની જોગવાઇ કરી, અને

(૨) આ યોજના હેઠળ કેટલી નગરપાલિકાના કુલ કેટલી લંબાઇના માર્ગોની સુધારણાનું આયોજન કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) શહેરી વિસ્તાર, નગરપાલિકાઓની હદમાંથી પસાર થતા (મા.મ.) વિભાગ હસ્તકના માર્ગોની સુધારણા માટે વર્ષ-૨૦૦૬-૦૭ના બજેટમાં રૂા. ૮૧.૬૧ કરોડની જોગવાઈ કરેલ છે.

(૨) ૯૨ નગરપાલિકાના ૨૭૧.૫૫ કિ. મી. લંબાઈના માર્ગોની સુધારણાનું આયોજન કરેલ.

------------

**ગાંધીનગર જિલ્લામાં પશુઓના ચારણ માટે ગોચરની જમીન**

૬૯૭ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં પશુઓના ચારણ માટે કેટલી ગોચર જમીન હોવી જરૂરી છે,

(૨) તેની સામે કેટલી ગોચર જમીન છે, અને

(૩) જે ગામોમાં ગોચરની જમીન ઓછી છે ત્યાં સરકારે શું વ્યવસ્થા કરી છે ?

**જવાબ**

(૧) પત્રક-૧ ના કોલમ ૧, ૨, ૩ મુજબ

(૨) પત્રક-૧ના કોલમ-૪ મુજબ

(૩) જે ગામમાં ગોચરની જમીન ઓછી છે ત્યાં ગ્રામ પંચાયત દ્વારા ગોચરની જમીન નીમ કરવાની માંગણી કરવામાં આવે ત્યારે ધોરણસરની ચકાસણી કરી, ઉપલબ્ધ જમીનના આધારે ગોચરની જમીન નીમ કરી શકાય છે.

***પત્રકો (સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

------------

**અમદાવાદ જિલ્લામાં ખેડૂત વીમા યોજના અંગે**

૩૮૮ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોનો વીમો છેલ્લા ત્રણ વર્ષનો વર્ષવાર ઉતાર્યો અને તેમાંથી કેટલા ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયા, અપંગ થયા,

(૨) કેટલા ખેડૂતોને વળતર મળ્યું કેટલા કેસો પેન્ડીંગ છે,

(૩) આ પેન્ડીંગ કેસોને ક્યારે વળતર મળશે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પાંચ હેકટરથી ઓછી જમીન ધરાવતા તમામ ખેડૂતોને વીમા સુરક્ષા કવચ આપ્યું અને તેમાંથી ૧૫૭ ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયાની તથા ૬ કાયમી અપંગ થયાની દાવાઅરજીઓ મળેલ છે.

(૨) ૬૮ ખેડૂતોને વળતર મળ્યું અને ૩૧ કેસો પેન્ડીંગ છે.

(૩) પેન્ડીંગ ૩૧ કેસો પૈકી તા. ૧૧-૨-૨૦૦૮ની

અને

સ્થિતિએ ૨૧ કેસોમાં વળતર ચૂકવેલ છે. ૨ નામંજૂર કરેલ છે અને ૮ કેસોમાં એક માસમાં નિયમોનુસાર વળતર ચૂકવવામાં આવશે.

(૪) કેટલા કેસ નામંજૂર થયા ?

(૪) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ૬૪ કેસો નામંજૂર થયા.

------------

**પંચમહાલ જિલ્લામાં સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજો અંગે**

૮૭૪ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં પી.ટી.સી. સ્વનિર્ભર કોલેજો લુણાવાડા તાલુકામાં કઇ કઇ જગ્યાએ ચાલે છે, અને

(૨) સરકારના નીતિ નિયમો અનુસાર ન ચાલતી સંસ્થાઓ સામે સરકાર શાં પગલાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) નીચે મુજબની સ્વનિર્ભર સંસ્થાઓની મંજૂરી એન.સી.ટી.ઈ., ભોપાલ તરફથી આપવામાં આવેલ છે.

૧. બ્રાઈટ મહિલા અધ્યાપન મંદિર, નવકલવા
૨. સર્વોદય અધ્યાપન મંદિર, મું. સાલાવાડા
૩. શ્રી મનુભાઈ પટેલ પી.ટી.સી. કોલેજ, બી-૮ સરદાર પટેલ નગર, મોડાસારોડ, લુણાવાડા
૪. સરદાર પટેલ પી.ટી.સી. કોલેજ, ધામણીયા, પો. હાથીવાન

(૨) એન.સી.ટી.ઈ. ભોપાલ દ્વારા મંજૂરી આપવામાં આવતી હોઈ રાજ્ય સરકારને પગલાં ભરવાની કોઈપણ સત્તા નથી. માત્ર રીજીયોનલ ડાયરેક્ટર, એન.સી.ટી.ઈ., ભોપાલને આ અંગેના પગલાં ભરી મંજૂરી રદ કરવાની દરખાસ્ત કરવાની થાય.

------------

**માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય**

૧૧૪ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં હ્નદયરોગ, કેન્સર તથા અન્ય ગંભીર બિમારીઓમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી આર્થિક અને નબળા વર્ગના કેટલા લોકોને તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સહાય આપવામાં આવી છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૮૭૪ દર્દીઓને કુલ સહાયની રકમ રૂા. ૭૮૮૫૩૫૦૦/- નીચેની વિગતે ચુકવવમાં આવી છે.

**પત્રક**

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૦૬ | | વર્ષ-૨૦૦૭ | |
|---|---|---|---|---|---|
| | | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ | દર્દીની સંખ્યા | ચુકવાયેલ સહાયની રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૧૫૭ | ૬૪૦૭૫૦૦ | ૧૪૮ | ૬૧૭૫૫૦૦ |
| ૨ | અમરેલી | ૪૦ | ૧૮૩૯૦૦૦ | ૩૬ | ૨૦૩૦૦૦૦ |
| ૩ | આણંદ | ૩૧ | ૧૧૪૬૦૦૦ | ૧૪ | ૬૦૦૦૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૪૦ | ૧૫૬૭૫૦૦ | ૩૮ | ૧૪૧૯૦૦૦ |
| ૫ | ભરૂચ | ૨૧ | ૬૬૯૦૦૦ | ૨૦ | ૯૦૪૦૦૦ |
| ૬ | ભાવનગર | ૩૮ | ૧૫૬૩૦૦૦ | ૭૨ | ૩૨૩૮૦૦૦ |
| ૭ | દાહોદ | ૫ | ૧૭૫૦૦૦ | ૨ | ૬૨૦૦૦ |
| ૮ | ડાંગ | ૧ | ૧૧૦૦૦ | ૦ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૩૭ | ૧૫૨૮૦૦૦ | ૪૭ | ૧૯૫૭૦૦૦ |
| ૧૦ | જામનગર | ૨૭ | ૧૬૦૭૦૦૦ | ૧૮ | ૧૦૦૫૦૦૦ |
| ૧૧ | જૂનાગઢ | ૪૮ | ૨૦૪૦૫૦૦ | ૩૯ | ૧૯૯૮૦૦૦ |
| ૧૨ | ખેડા | ૨૮ | ૧૧૬૧૦૦૦ | ૨૨ | ૭૭૧૦૦૦ |
| ૧૩ | કચ્છ | ૮ | ૫૧૭૦૦૦ | ૧૧ | ૭૭૭૦૦૦ |
| ૧૪ | મહેસાણા | ૩૬ | ૧૨૬૯૦૦૦ | ૩૭ | ૧૫૧૯૦૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | નર્મદા | ૧ | ૩૯૦૦૦ | ૨ | ૧૪૦૦૦૦ |
| ૧૬ | નવસારી | ૩૩ | ૧૧૯૦૦૦૦ | ૩૦ | ૧૮૮૬૫૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૦ | ૫૫૯૦૦૦ | ૯ | ૪૯૨૦૦૦ |
| ૧૮ | પાટણ | ૧૭ | ૫૬૬૦૦૦ | ૨૮ | ૧૩૩૮૦૦૦ |
| ૧૯ | પોરબંદર | ૪ | ૨૬૮૦૦૦ | ૬ | ૨૬૨૦૦૦ |
| ૨૦ | રાજકોટ | ૩૫ | ૨૦૪૧૦૦૦ | ૪૮ | ૨૩૯૦૦૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૯ | ૭૧૧૦૦૦ | ૨૪ | ૭૬૩૦૦૦ |
| ૨૨ | સુરત | ૨૬૩ | ૯૪૮૯૦૦૦ | ૨૪૩ | ૮૮૫૮૦૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૦ | ૪૯૦૦૦૦ | ૧૧ | ૪૩૧૦૦૦ |
| ૨૪ | વડોદરા | ૧૫ | ૬૯૧૦૦૦ | ૨૦ | ૧૦૭૯૦૦૦ |
| ૨૫ | વલસાડ | ૧૪ | ૫૯૯૦૦૦ | ૧૧ | ૬૧૫૦૦૦ |
| | **કુલ :** | **૯૩૮** | **૩૮૧૪૩૫૦૦** | **૯૩૬** | **૪૦૭૧૦૦૦૦** |

-----------

**ટંકારા, પડધરી અને મોરબી તાલુકાઓમાં નવી શરતની અરજીઓ**

૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, પડધરી અને મોરબી તાલુકાની તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવા માટે કેટલી અરજીઓ આવી,

(૧)

| **તાલુકાનું નામ** | **આવેલ અરજીઓ** |
|---|---|
| ટંકારા | ૪૫ |
| પડધરી | ૫૦ |
| મોરબી | ૮ |
| **કુલ :** | **૧૦૩** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી;

(૨)

| **તાલુકાનું નામ** | **મંજૂર કરેલ અરજીઓ** |
|---|---|
| ટંકારા | ૩૩ |
| પડધરી | ૪૯ |
| મોરબી | ૮ |
| **કુલ :** | **૯૦** |

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩)

| **તાલુકાનું નામ** | **નામંજૂર કરેલ અરજીઓ** |
|---|---|
| ટંકારા | ૩ |
| પડધરી | - |
| મોરબી | - |
| **કુલ :** | **૩** |

(૪) કેટલી પડતર છે અને કેટલા સમયમાં નિકાલ કરવા માગો છો ?

(૪)

| **તાલુકાનું નામ** | **પડતર અરજીઓ** |
|---|---|
| ટંકારા | ૯ |
| પડધરી | ૧ |
| મોરબી | - |
| **કુલ :** | **૧૦** |

-- પડતર અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

------------

**તાપી જિલ્લામાં પશુધન નિરીક્ષકોની ખાલી જગ્યાઓ**

૩૯૪ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવનિર્મિત તાપી જિલ્લામાં પશુધન નિરીક્ષકની કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ખાલી છે, અને | (૧) ૧૬ |
| (૨) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ જલ્દી. |

------------

**ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ની નકલો મેળવવામાં થતો વિલંબ નિવારવા અંગે**

૨૭૨ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ની નકલ મેળવવા ઘણી તકલીફ પડે છે એ વાત સાચી છે, અને | (૧) તાલુકા મામલતદાર કચેરીમાં ઈ-ધરા કેન્દ્રો ખાતેથી ૭/૧૨ તથા ૮-અની નકલ માંગણી થયેથી જે તે દિવસે નકલ આપવામાં આવે છે. કોઈક વાર તકલીફ પડે છે. |
| (૨) ખેડૂતોની આ ફરિયાદનું નિરાકરણ કરવા શું આયોજન કરવા માંગો છો ? | (૨) ઈ-ગ્રામ યોજના હેઠળ જે ગામે કમ્પ્યુટર, પ્રિન્ટર, યુ. પી. એસ. તથા ઈન્ટરનેટની સવલત ઉપલબ્ધ કરાયેલ હોય તે ગામોએ, ગ્રામ્ય કક્ષાએથી જમીન દફતરની નકલો ઓન-લાઈન મળવા બાબતે કાર્યક્રમ શરૂ કરેલ છે. |

------------

**નિરાધાર વિધવા સહાય વધારવા અંગે**

૭૧૫ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નિરાધાર વિધવા લાભાર્થી બહેનોને પ્રતિમાસ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૧) રૂા. ૫૦૦/- પ્રતિ માસ. |
| (૨) સહાયની રકમ વધારવા અંગેનું આયોજન છે કે કેમ ? | (૨) ના, જી. |

------------

**અમરેલી રાજ્ય ધોરી માર્ગની મરામત અંગે**

૧૨૯૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લાના પીપાવાવ-રાજુલા-સાવરકુંડલામાં અમરેલી સ્ટેટ હાઈવે રોડ આવેલ છે. પીપાવાવ બંદરના કારણે આ રસ્તા ઉપર ખૂબ ભારે વાહનોનો ટ્રાફીક રહે છે. જેના કારણે આ સ્ટેટ હાઈવે દર ચોમાસામાં બેસી જાય છે. તેથી વાહવવ્યવહાર ચાલી શકે નહીં તેવી રસ્તાની સ્થિતિ બને છે. તે સરકાર જાણે છે, અને | (૧) ચોમાસાના કારણે નુકશાન પામતી લંબાઈને મરામત કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે. |
| (૨) જો હા, તો આ સ્ટેટ હાઈવેને કોઈ યોજના નીચે લેવામાં આવેલ છે કે કેમ ? | (૨) હા જી. |

------------

**કેન્દ્ર સરકાર તરફથી ખાતરની ફાળવણી**

૭૧૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુઆરી-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકાર પાસે મહિના | (૧) જાન્યુઆરી-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકાર પાસે નીચે મુજબની |

પ્રમાણે કુલ કેટલા ખાતરનાં જથ્થાની માંગણી કરાઈ હતી,

વિગતે યુરીયા ખાતરના જથ્થાની માંગણી કરાઈ હતી.

| **માસ** | **જથ્થો (મે. ટનમાં)** |
|---|---|
| ફેબ્રુઆરી-૦૭ | ૮૫,૦૦૦ |
| માર્ચ-૦૭ | ૬૫,૦૦૦ |
| એપ્રિલ-૦૭ | ૫૫,૦૦૦ |
| મે-૦૭ | ૫૫,૦૦૦ |
| જુન-૦૭ | ૧,૩૦,૦૦૦ |
| જુલાઈ-૦૭ | ૨,૫૦,૦૦૦ |
| ઓગષ્ટ-૦૭ | ૧,૮૦,૦૦૦ |
| સપ્ટેમ્બર-૦૭ | ૧,૮૦,૦૦૦ |
| ઓક્ટોબર-૦૭ | ૧,૨૫,૦૦૦ |
| નવેમ્બર-૦૭ | ૧,૯૫,૦૦૦ |
| ડીસેમ્બર-૦૭ | ૨,૧૫,૦૦૦ |
| જાન્યુઆરી-૦૮ | ૧,૮૫,૦૦૦ |
| **કુલ ...** | **૧૭,૨૦,૦૦૦** |

(૨) કેન્દ્ર સરકાર તરફથી કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૨) કેન્દ્ર સરકાર તરફથી કુલ : ૧૮,૦૮,૪૧૭ મે. ટન યુરિયા ખાતર ફાળવવામાં આવેલ હતું.

(૩) ખાતરનો વધારાનો જથ્થો મંગાવવા માટે રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારને ક્યારે ક્યારે રજૂઆતો કરવામાં આવી ?

(૩) કેન્દ્ર સરકાર તરફથી જરૂરીયાત મુજબ પુરતા ખાતરની ફાળવણી કરવામાં આવેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સાબરકાંઠા જિલ્લાના માર્ગોનું સમારકામ**

૬૨૭ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકાનાં ક્યા ક્યા રસ્તા રાજ્ય અને પંચાયત હસ્તકના જર્જરીત હાલતમાં છે.,

(૨) આ રસ્તાઓની મરામત કામગીરી રસ્તાવાર ક્યારે કરવામાં આવશે, અને

(૩) મરામત કામગીરી પાછળ રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) માર્ગોની જરૂરીયાત અનુસાર મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે.

(૨)
અને
(૩)

વિવિધ રસ્તાઓની સપાટી સુધારણાના કામો આપેલ પત્રક મુજબ તેની સામે દર્શાવેલ અંદાજી ખર્ચે તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

**પત્રક**

સાબરકાંઠા જિલ્લાના માર્ગોનું સમારકામ

રૂા. લાખમાં

| **ક્રમ** | **તાલુકો** | **રસ્તાનું નામ** | **લંબાઈ** | **અંદાજી રકમ** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | મેઘરજ(રાજ્ય વિભાગ) | મોડાસા - મેઘરજ - ઉન્ડવા રાજ્ય રસ્તો | ૪.૮૦ | ૯૯.૩૨ |
| ૨ | "" | મેઘરજ - કુણોલ - ટીંટાઈ રાજ્ય રસ્તો કિ.મી. ૮૫/૧૫૦ થી ૧૧૬/૫૦૦ | ૨૦.૨૫ | ૪૨૩.૬૩ |
| ૩ | "" | સાતરડી - મહુડી - ગોરવાડા - આંતોલી - પુંજપુર રોડ | ૬.૮૫ | ૮૫.૮૬ |
| ૪ | "" | ડચકા એપ્રોચ રોડ. | ૧.૮૦ | ૨૨.૫૬ |
| ૫ | "" | દધાલીયા - ભાટકોટા - | ૧.૦૦ | ૧૧.૪૧ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ | અંદાજી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | શીવરાજપુર કંપા રોડ. | | |
| ૬ | "" | રોયણીયા એપ્રોચ રોડ. | ૩.૮૦ | ૪૧.૨૫ |
| ૭ | "" | સીસોદરા - મોતીમોરી રોડ | ૪.૫૫ | ૪૯.૯૪ |
| ૮ | "" | ઘરોલા એપ્રોચ રોડ. | ૨.૪૦ | ૨૨.૦૫ |
| ૯ | "" | વેયા - કુંભેરા રોડ, કિ.મી. ૦/૦ થી ૨/૬૦૦ | ૨.૬૦ | ૨૯.૬૪ |
| ૧૦ | "" | ખાંડીવાવ એપ્રોચ રોડ. | ૧.૨૦ | ૧૨.૮૫ |
| ૧૧ | "" | ગાલીયાદાંતી - મંગલપુર - સોનારીયા રોડ. | ૨.૦૫ | ૨૨.૬૬ |
| ૧૨ | "" | ઈસરોલ - રાજેલી - દધાલીયા રોડ. | ૨.૭૦ | ૪૦.૦૮ |
| ૧૩ | "" | બામણી એપ્રોચ રોડ. | ૧.૬૫ | ૨૬.૧૫ |
| ૧૪ | "" | માલપુર- રુઘનાથપુર રોડ. | ૨.૪૦ | ૩૬.૭૧ |
| ૧૫ | "" | સાલમબાપુના પહાડીયા - સુરાના પહાડીયા રોડ. | ૧.૬૦ | ૧૬.૨૭ |
| ૧૬ | "" | સરદાર ખાંટની મુવાડી રોડ. | ૧.૧૦ | ૯.૨૧ |
| ૧૭ | "" | રામગઢી એપ્રોચ રોડ. | ૩.૯૦ | ૪૬.૯૬ |
| ૧૮ | "" | કૃષ્ણપુરા એપ્રોચ રોડ. | ૦.૭૦ | ૮.૯૫ |
| ૧૯ | "" | અગાટીયા - ભૂખાકૂતરી રોડ. | ૩.૦૦ | ૩૬.૧૮ |
| ૨૦ | "" | પાણીબાર - ઘરોલા રોડ. | ૨.૦૦ | ૫૫.૧૫ |
| ૨૧ | "" | વલુણા - તરકવાડા-રાજેડી રોડ. | ૨.૩૦ | ૨૮.૮૩ |
| ૨૨ | "" | નારણપુર એપ્રોચ રોડ | ૧.૯૪ | ૨૫.૦૭ |
| ૨૩ | "" | ઓઢા એપ્રોચ રોડ. | ૩.૮૫ | ૪૮.૧૩ |
| ૨૪ | "" | લીંબોદરા - કૃષ્ણાપુર રોડ. | ૧.૨૦ | ૧૮.૮૦ |
| ૨૫ | "" | સીસોદરા - અદાપુર - ઠેમડા રોડ. | ૩.૭૦ | ૪૬.૩૮ |
| ૨૬ | "" | મુન્સીવાડા એપ્રોચ રોડ. | ૨.૫૦ | ૩૧.૩૪ |
| | | **કુલ** | **૮૫.૮૪** | **૧૨૯૫.૩૮** |
| ૧ | **મેઘરજ(પંચાયત વિભાગ)** | પંચાલ વાંકાખડા કદવાડી રોડ. | ૪.૦૦ | ૫૬.૦૦ |
| ૨ | "" | ઝરડા પંચાલ ઈટવા રોડ. | ૪.૦૦ | ૫૬.૦૦ |
| ૩ | "" | ડચકા એપ્રોચ રોડ. | ૩.૫૦ | ૫૦.૫૦ |
| ૪ | "" | ગેડ ચીટાદરા રોડ | ૩.૦૦ | ૪૨.૦૦ |
| ૫ | "" | પંચાલ કદવાડી જામગઢ રોડ | ૯.૫૦ | ૧૮૭.૫૦ |
| ૬ | "" | માલપુર લીંબોદરા લખાપુર રોડ | ૮.૩૧ | ૧૨૩.૦૦ |
| ૭ | "" | લીંબોઈ એપ્રોચ રોડ | ૧.૨૦ | ૧૭.૬૦ |
| ૮ | "" | સાંગલ ઘરોલા રોડ | ૫.૬૦ | ૭૫.૦૦ |
| ૯ | "" | છીટાદરા એપ્રોચ રોડ | ૧.૫૦ | ૩૭.૫૦ |
| ૧૦ | "" | તરકવાડા નવાગામ જાલમપુર રોડ | ૧.૫૦ | ૩૭.૫૦ |
| ૧૧ | "" | કોલંન્દ્રા ફેક્ટરી કંપા રોડ | ૨.૦૦ | ૫૨.૦૦ |
| ૧૨ | "" | નાની મોયાડી ભેમડા નીલકંઠ રોડ | ૪.૬૦ | ૧૧૮.૦૦ |
| ૧૩ | "" | ખાખરીયા એ. રોડ | ૧.૦૦ | ૩૧.૦૦ |
| ૧૪ | "" | માંડો એ. રોડ | ૨.૦૦ | ૬૦.૦૦ |
| ૧૫ | "" | હીરાટીંબા સીસોદરા રોડ | ૩.૭૦ | ૯૫.૦૦ |
| ૧૬ | "" | મુડસી ડુંગરાગોડ રોડ | ૨.૦૦ | ૬૫.૦૦ |
| ૧૭ | "" | ધુંધુરા એ. રોડ | ૫.૦૦ | ૧૩૩.૦૦ |
| ૧૮ | "" | આશ્રમશાળા વાંટા નારણપુર રોડ | ૨.૬૦ | ૬૫.૦૦ |
| ૧૯ | "" | અદાપુર એ. રોડ | ૧.૦૦ | ૨૮.૦૦ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ | અંદાજી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૦ | "" | ગોક્યુવાણ એ. રોડ | ૩.૦૦ | ૭૫.૦૦ |
| ૨૧ | "" | છીકારી નાની પંડુલી રોડ | ૨.૬૦ | ૭૫.૦૦ |
| ૨૨ | "" | રાયપુર એ. રોડ | ૧.૬૦ | ૪૨.૦૦ |
| ૨૩ | "" | મોટા મોડ એ. રોડ | ૧.૦૦ | ૩૬.૦૦ |
| ૨૪ | "" | છીંકારી રામદ ફુટા રોડ | ૧.૫૦ | ૪૩.૦૦ |
| ૨૫ | "" | વાંકાટીંબા એ. રોડ | ૧.૦૦ | ૨૫.૦૦ |
| ૨૬ | "" | વડથલી ચાર રસ્તાથી ગોધર એ. રોડ | ૧.૫૦ | ૩૭.૫૦ |
| ૨૭ | "" | રામપુરથી વણઝરીયા એ. રોડ | ૫.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨૮ | "" | શીવરાજપુરા રેલ્લાવાડા રોડથી કોલુન્દ્રા | ૩.૦૦ | ૬૦.૦૦ |
| ૨૯ | "" | મેઘરજ ગોધા મોટી પંડુલી રોડથી મનડા | ૩.૫૦ | ૭૦.૦૦ |
| ૩૦ | "" | કુનોલ ઈસરી રોડ (મુ.જી.મા.) થી ખાખરીયા | ૦.૭૦ | ૧૪.૦૦ |
| | | **કુલ...** | **૯૦.૪૧** | **૧૯૦૭.૧૦** |
| **૧** | **માલપુર (રાજ્ય વિભાગ)** | ધનસુરા - માલપુર રાજ્ય રસ્તો કિ.મી. ૫૮/૫ થી ૬૪/૧ | ૫.૬૦ | ૫૭.૦૪ |
| ૨ | "" | અણીયોર - વાંકાનેડા - જાલમ ખાંટના મુવાડા રોડ | ૫.૫૦ | ૪૯.૫૭ |
| ૩ | "" | સુરાના પહાડીયા - રસાપુર રોડ | ૧.૧૫ | ૧૦.૧૯ |
| ૪ | "" | ટીસકી - ગોપાલપુરા રોડ | ૧.૬૩ | ૨૦.૪૪ |
| ૫ | "" | રંભોડા એપ્રોચ રોડ | ૧.૦૦ | ૧૨.૦૨ |
| ૬ | "" | જેસીંગપુરા એપ્રોચ રોડ | ૦.૭૦ | ૮.૩૦ |
| ૭ | "" | દોડીયા - મેવાડા રોડ | ૧.૦૦ | ૧૮.૬૮ |
| ૮ | "" | સોનારીયા એપ્રોચ રોડ | ૦.૨૭ | ૪.૫૦ |
| ૯ | "" | સાતરડા એપ્રોચ રોડ | ૧.૬૦ | ૨૦.૦૬ |
| | | **કુલ...** | **૧૮.૪૫** | **૨૦૦.૮૦** |
| ૧ | **માલપુર (પંચાયત વિભાગ)** | મહીયાપુર એ. રોડ | ૧.૭૫. | ૧૮.૦૦ |
| ૨ | "" | અમલાની અણીયોર ઉભરાણ રોડ | ૧૨.૦૦ | ૨૫૧.૦૦ |
| ૩ | "" | નાથાવાસ વેલાણીયા રામપુર રોડ | ૪.૦૦ | ૯૨.૦૦ |
| ૪ | "" | હાથીખાંટના મુવાડા એ. રોડ | ૨.૫૦ | ૮૩.૫ |
| ૫ | "" | ખેતાવાડા એ. રોડ | ૭.૦૦ | ૧૮૧.૦૦ |
| ૬ | "" | વાવડી સુરજપુરા રોડ | ૪.૦૦ | ૧૧૦.૦૦ |
| ૭ | "" | કોઠી પરપોટીયા રોડ | ૩.૦૦ | ૮૭.૦૦ |
| ૮ | "" | તુનાદર ભુતીયા રોડ | ૩.૦૦ | ૯૬.૦૦ |
| ૯ | "" | દેવદાંતી પાનાવાડા રોડ | ૨.૫૦ | ૬૬.૦૦ |
| ૧૦ | "" | જેસવાડી મઠવાસ સુરજપુરા રોડ | ૩.૦૦ | ૮૯.૦૦ |
| ૧૧ | "" | કોઠીયા એ. રોડ | ૦.૬૦ | ૧૬.૨૦ |
| ૧૨ | "" | રૂગ્નાથપુર હરબાઈના પહાડીયા રોડ | ૩.૦૦ | ૮૪.૦૦ |
| ૧૩ | "" | ઓઢા એ. રોડ | ૧.૫૦ | ૪૬.૫૦ |
| ૧૪ | "" | અંબાવા લોઠીયાના પહાડીયા રોડ | ૧.૫૦ | ૪૩.૫૦ |
| એચપી-૯૯૦ | **માલપુર (પંચાયત વિભાગ)** | સુવરચાર એ. રોડ | ૧.૦૦ | ૨૫.૦૦ |
| | | **કુલ.** | **૫૦.૩૫** | **૧૨૮૮.૭૦** |
| ૧ | **બાયડ (રાજ્ય વિભાગ)** | નરોડા - દહેગામ - બાયડ રાજ્ય | ૧૧.૪૦ | ૨૧૭.૦૪ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ | અંદાજી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | રસ્તો કિ.મી. ૧૮/૬ થી ૪૩/૬ | | |
| ૨ | "" | નરોડા - દહેગામ - બાયડ રોડ કિ.મી. ૧૮/૬ થી ૪૩/૬ | ૧૩.૨૦ | ૨૦૨.૬૬ |
| ૩ | "" | બાયડ - વિકાસપથ | ૨.૯૦ | ૨૨૫.૦૦ |
| ૪ | "" | દહેગામ - બાયડ ધોરી ડુંગરી કિ.મી. ૦/૦ થી ૧૩/૬૦૦ | ૧૩.૬૦ | ૨૨૫.૦૦ |
| ૫ | "" | વાસણી  એપ્રોચ રોડ | ૩.૨૦ | ૩૨.૨૮ |
| ૬ | "" | વાત્રક - ભૂખેલ રોડ | ૪.૫૩ | ૬૦.૧૭ |
| ૭ | "" | અમરાપુર એપ્રોચ રોડ | ૧.૨૨ | ૧૫.૬૭ |
| ૮ | "" | લીંબ એપ્રોચ રોડ | ૦.૬૦ | ૭.૫૨ |
| ૯ | "" | આંબલીયારા એપ્રોચ રોડ | ૪.૦૨ | ૫૦.૧૪ |
| ૧૦ | "" | વાંટા એપ્રોચ રોડ | ૦.૬૦ | ૯.૨૬ |
| ૧૧ | "" | ગાબટ - ગોતાપુર રોડ | ૪.૯૫ | ૬૪.૫૬ |
| ૧૨ | "" | મોતીપુરા એપ્રોચ રોડ | ૨.૦૦ | ૧૫.૦૪ |
| ૧૩ | "" | અમરગઢ બીબીની વાવ રોડ | ૧.૬૦ | ૧૭.૯૩ |
| ૧૪ | "" | ધોમ એપ્રોચ રોડ | ૨.૦૦ | ૧૫.૨૨ |
| ૧૫ | "" | મોતીપુરા - નાગાનામઠ રોડ | ૩.૫૦ | ૨૭.૭૫ |
| ૧૬ | "" | બાદરપુર એપ્રોચ રોડ | ૧.૮૫ | ૧૩.૮૩ |
| ૧૭ | "" | સીમલીયા એપ્રોચ રોડ | ૧.૪૨ | ૨૦.૭૧ |
| ૧૮ | "" | અલાના પાટા રોડ | ૦.૩૦ | ૩૭૬.૦૦ |
| ૧૯ | "" | લાલુકંપા એપ્રોચ રોડ | ૪.૫૦ | ૬૦.૧૭ |
| ૨૦ | "" | લાલુકંપા-આકોડીયા રોડ | ૨.૫૦ | ૩૫.૧૦ |
| ૨૧ | "" | ભુડાસણ-ડેરીયા રોડ. | ૪.૪૫ | ૫૬.૪૧ |
| ૨૨ | "" | વજેપુર કંપા એપ્રોચ રોડ. | ૧.૧૫ | ૧૪.૪૨ |
| ૨૩ | "" | ડાભા-માનપુર રોડ. | ૧.૫૨ | ૧૮.૮૦ |
| ૨૪ | "" | ચોઈલા-શણગાલ રોડ. | ૦.૭૦ | ૮.૭૭ |
| ૨૫ | "" | ગોતાપુર-પ્રાંતવેલ રોડ | ૧.૨૫ | ૧૬.૩૨ |
| ૨૬ | "" | ગાબટ-નાભેલા રોડ | ૧.૮૦ | ૨૫.૦૭ |
| ૨૭ | "" | સરસોલી-હેમતાલ-જુમતાલ રોડ | ૧.૪૫ | ૧૬.૫૦ |
| ૨૮ | "" | સિમલેજ એપ્રોચ રોડ | ૧.૩૦ | ૧૫.૩૦ |
| ૨૯ | "" | લાલપુર-મોટા એપ્રોચ રોડ | ૧.૯૦ | ૨૬.૩૨ |
| ૩૦ | "" | વાંટડા-કાવઢ રોડ | ૨.૮૦ | ૩૫.૧૦ |
| ૩૧ | "" | વાંટડા બોરમઢ રોડ | ૧.૮૦ | ૨૨.૫૬ |
| ૩૨ | "" | જાલમપુરા-વજાવત-સાઠંબા રોડ | ૨.૯૪ | ૩૭.૬૧ |
| ૩૩ | "" | અંબાગામ-કાદવીયા રોડ | ૪.૪૦ | ૫૫.૧૫ |
| ૩૪ | "" | હાથીપુરા-ખારી રોડ | ૦.૯૩ | ૧૨.૫૪ |
| | | **કુલ.** | **૧૦૮.૨૮** | **૨૦૫૧.૯૨** |
| ૧ | બાયડ(પંચાયત વિભાગ) | હાથીપુરા એ. રોડ | ૦.૭૦ | ૫.૫૦ |
| ૨ | "" | પગીયાના મુવાડા એ. રોડ | ૨.૬૦ | ૧૯.૫૦ |
| ૩ | "" | રાડોદરા એ. રોડ | ૦.૫૦ | ૪.૦૦ |
| ૪ | "" | કોજનકંપા એ. રોડ (કોજન સવેલા | ૦.૫૦ | ૪.૦૦ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ | અંદાજી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | રોડ) | | |
| ૫ | "" | ડેમાઈ ઝાટાધીરપુર રોડ | ૧.૦૦ | ૧૯.૦૦ |
| ૬ | "" | ચોટીલા નારમીયાની મુવાડી રોડ | ૩.૫૦ | ૬૪.૦૦ |
| ૭ | "" | ભાઈજીપુરા એ. રોડ | ૨.૦૦ | ૩૭.૦૦ |
| ૮ | "" | વજેપુર ઘોદનાલ રોડ | ૩.૫૦ | ૬૪.૦૦ |
| ૯ | "" | ફતેપુરા (ડાભા) એ. રોડ | ૧.૦૦ | ૧૯.૦૦ |
| ૧૦ | "" | એસ.એચ. થી જુનાવાડા એ. રોડ | ૩.૦૦ | ૮૨.૦૦ |
| ૧૧ | "" | મુડીયા એ. રોડ | ૧.૦૦ | ૧૯.૦૦ |
| ૧૨ | "" | વાનખેડા ભુડાસણ ડેરીયા રોડ | ૨.૫૦ | ૪૯.૦૦ |
| ૧૩ | "" | ગણેશપુરા (સાઠંબા) એ. રોડ | ૧.૫૦ | ૨૯.૦૦ |
| ૧૪ | "" | નારસેલા એ. રોડ | ૨.૫૦ | ૪૭.૦૦ |
| ૧૫ | "" | વીજયગંજ એ. રોડ | ૧.૮૦ | ૩૫.૦૦ |
| ૧૬ | બાયડ(પંચાયત વિભાગ) | ફતેપુરા (અલવા) એ. રોડ | ૧.૦૦ | ૧૯.૦૦ |
| ૧૭ | "" | કશ્યાવાંટ એ. રોડ | ૨.૦૦ | ૩૭.૦૦ |
| ૧૮ | "" | છાભોથી ચોખડીયા રોડ | ૨.૦૦ | ૪૦.૦૦ |
| ૧૯ | "" | ડેરોઈ ખાતરીય રોડ | ૨.૦૦ | ૪૦.૦૦ |
| ૨૦ | "" | સાઠંબા ઈન્દ્રાણ આમોદરા દેરોલી કાવઠ પાટીયા રોડ | ૬.૦૦ | ૫૧.૦૦ |
| ૨૧ | "" | જીતપુર એ. રોડ (જીતપુર અમીયાપુર રોડ) | ૦.૬૦ | ૫.૧૦ |
| ૨૨ | "" | પટેલના મુવાડા એ. રોડ | ૨.૦૦ | ૧૭.૦૦ |
| ૨૩ | "" | ચોલીલા મોટીઝેર રોડ | ૩.૬૦ | ૩૦.૬૦ |
| ૨૪ | "" | ગાબટ જીતુપુર રોડ (રામસીહકંપા) | ૩.૬૦ | ૩૦.૬૦ |
| ૨૫ | "" | ધનસુરા સીમલી ગાબટ સાઠંબા રોડ | ૫.૦૦ | ૪૨.૫૦ |
| ૨૬ | "" | ડાભા ઝાંઝરી રોડ | ૨.૫૭ | ૨૩.૭૭ |
| ૨૭ | "" | સુંદરપુરા એ. રોડ | ૨.૦૦ | ૧૮.૫૦ |
| ૨૮ | "" | આંબાગામ કોજણ સવેલા રોડ | ૩.૫૦ | ૩૨.૩૮ |
| ૨૯ | "" | ભુડાસણ એ. રોડ | ૧.૦૦ | ૯.૨૫ |
| ૩૦ | "" | પીપોદરા એ. રોડ (જુના પીપોદરા નવા પીપોદરા) | ૧.૨૦ | ૧૧.૧૦ |
| ૩૧ | "" | મોતીપુરા બોરડી રોડ | ૨.૦૦ | ૧૮.૦૦ |
| ૩૨ | "" | સરસોલી એ. રોડ | ૦.૫૦ | ૪.૬૩ |
| ૩૩ | "" | વસાદરા એ. રોડ | ૦.૫૦ | ૪.૬૩ |
| ૩૪ | "" | રતનપુર એ. રોડ | ૨.૧૦ | ૧૯.૪૩ |
| ૩૫ | "" | બાયડ આંબાગામ રડોદરા રોડ | ૭.૦૦ | ૬૮.૦૦ |
| | | **કુલ.** | **૭૭.૭૭** | **૧૦૧૯.૪૯** |
| ૧ | ધનસુરા (રાજ્ય વિભાગ) | ધનસુરા-માલપુર રાજ્ય રસ્તો કિ.મી. ૩૮/૫થી ૪૪/૫ | ૬.૦૦ | ૫૬.૩૮ |
| ૨ | "" | બારનોલી-રમાણા રોડ | ૩.૦૦ | ૩૭.૬૧ |
| ૩ | "" | રહીયોલ એપ્રોચ રોડ | ૦.૭૩ | ૭.૨૩ |
| ૪ | "" | લાલપુર-ક્જોડીયા રોડ | ૨.૮૭ | ૩૩.૫૭ |
| ૫ | "" | છેવાડીયા એપ્રોચ રોડ | ૦.૮૦ | ૧૦.૦૩ |
| ૬ | "" | લીલીપુરા-ચમારપુર રોડ | ૩.૦૦ | ૩૭.૬૧ |
| ૭ | "" | પોયડા એપ્રોચ રોડ | ૧.૧૩ | ૧૪.૪૨ |
| ૮ | "" | આકુંદ - ઉદેપુર રોડ | ૪.૩૫ | ૫૬.૪૧ |
| ૯ | "" | કેશરપુરા-જશવંતપુરા રોડ | ૦.૪૮ | ૬.૨૭ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ | લંબાઈ | અંદાજી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૦ | "" | રતનપુર-અલવા રોડ | ૦.૮૦ | ૧૦.૦૩ |
| ૧૧ | "" | ખેડા-કામલી રોડ | ૦.૩૦ | ૩.૭૬ |
| ૧૨ | "" | ધામણીયાકંપા એપ્રોચ રોડ | ૦.૯૬ | ૧૨.૫૦ |
| | | **કુલ.** | **૨૪.૪૨** | **૨૮૫.૮૨** |
| ૧ | ધનસુરા (પંચાયત વિભાગ) | ભેંસાવાડા એ. રોડ | ૨.૦૦ | ૩૬.૦૦ |
| ૨ | "" | બુટાલ ક્રણજરીકંપા રોડ | ૩.૦૦ | ૪૭.૦૦ |
| ૩ | "" | ધનસુરા સીનોલ બાયલ ધાનખોરલ રોડ | ૫.૦૦ | ૮૧.૦૦ |
| ૪ | "" | નાનીવાવ એ. રોડ | ૨.૦૦ | ૫૧.૦૦ |
| ૫ | "" | ચોગામડા એ. રોડ | ૧.૦૦ | ૨૭.૦૦ |
| ૬ | "" | ગોપાલપુર એ. રોડ | ૧.૦૦ | ૨૭.૦૦ |
| ૭ | "" | જાલમપુર એ. રોડ | ૧.૫૦ | ૪૫.૫૦ |
| ૮ | "" | ગોધાડાકોટ એ. રોડ | ૩.૨૦ | ૭૭.૦૦ |
| ૯ | "" | ગલાલની મુવાડી એ. રોડ | ૨.૦૦ | ૫૧.૦૦ |
| ૧૦ | "" | ધનસુરા સીમલી ગાબટથી ખડોલ રોડ | ૨.૫૦ | ૫૦.૦૦ |
| ૧૧ | "" | વણીયાદ મોડાસર સુંબા રોડ | ૦.૪૮ | ૯.૬૦ |
| ૧૨ | "" | મોડાસા માલપુર એસ.એચ. ૫ થી આણંદપુર રોડ | ૨.૫૦ | ૫૦.૦૦ |
| ૧૩ | "" | નરોડા હરસોલ ધનસુરા વડાગામથી નાનીવાવ | ૩.૦૦ | ૬૦.૦૦ |
| ૧૪ | "" | શીનાદ સરુપુરથી ઓઢા રોડ | ૨.૦૦ | ૪૦.૦૦ |
| ૧૫ | "" | નરોડા હરસોલ ધનસુરા માલપુર રોડથી કામલીયા કંપા લાખીયા | ૧.૪૦ | ૨૮.૦૦ |
| ૧૬ | "" | ધનસુરા સીમલી ગાબટ રોડથી ખડોલ છાપરા | ૧.૨૦ | ૨૪.૦૦ |
| ૧૭ | "" | જાસુજીના મુવાડા ચોકડીથી જાખરીયા | ૨.૦૦ | ૪૦.૦૦ |
| | "" | **કુલ.** | **૩૫.૭૮** | **૭૪૪.૧૦** |

-----------

**પાલનપુર ખાતે અંડરગ્રાઉન્ડ બ્રીજ**

૯૦૨ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલનપુર શહેરને અડીને આવેલ માનસરોવર ફાટક પાસે અંડરગ્રાઉન્ડ બ્રીજ બનાવવા માટે વિભાગને ફરિયાદો મળેલ છે કે કેમ, અને | (૧) અને (૨) |
| (૨) આ અંગે વિભાગે શું કાર્યવાહી કરેલ છે ? | ફાટકના સ્થાને અંડર પાસ બનાવવાની રજુઆત મળેલ છે. જે અન્વયે રેલ્વે વિભાગ સાથે પરામર્શ હાથ ધરેલ છે. |

------------

**રાજપીપળા-ડેડીયાપાડા માર્ગ પર પુલ બાંધવા અંગે**

૬૫ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના રાજપીપળાથી દેડીયાપાડા રસ્તા ઉપર કરજણ નદી ઉપર પુલ બાંધવાનું કામ મંજૂર કરેલ છે, તે હકિકત ખરી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ કામ સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે ?

(૨) પુલના સ્થળે પાણીના લેવલની યોગ્ય સ્થિતિ પ્રાપ્ત થયે શક્ય તેટલી વ્હેલી તકે.

------------

**ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકાની મામલતદાર કચેરીનું મંજૂર મહેકમ**

૮૬૬ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ખેરાલુ, વડનગર અને સતલાસણ તાલુકાના મામલતદાર કચેરીનું વર્ગ-૨ અને વર્ગ-૩નું કેટલું મહેકમ મંજૂર કરેલ છે.,

**જવાબ**

(૧) ખેરાલુ, વડનગર અને સતલાસણ તાલુકાના મામલતદાર કચેરીઓમાં તારીખ ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ વર્ગ-૨ અને વર્ગ-૩નું મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| અનુ. નંબર | કચેરીનું નામ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | વર્ગ-૨ | વર્ગ-૩ |
| ૧. | મામલતદાર કચેરી, ખેરાલુ. | ૧ | ૧૫ |
| ૨. | મામલતદાર કચેરી, વડનગર. | ૧ | ૧૩ |
| ૩. | મામલતદાર કચેરી, સતલાસણ | ૧ | ૧૦ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે પૈકી નીચે પ્રમાણેની જગ્યાઓ ખાલી છે.

| અનુ. નંબર | કચેરીનું નામ | ખાલી જગ્યાની વિગત | |
|---|---|---|---|
| | | વર્ગ-૨ | વર્ગ-૩ |
| ૧. | મામલતદાર કચેરી, ખેરાલુ. | -- | ૪ |
| ૨. | મામલતદાર કચેરી, વડનગર. | -- | ૧ |
| ૩. | મામલતદાર કચેરી, સતલાસણા | -- | -- |

(૩) ખાલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ નીચે પ્રમાણેના સમયથી ખાલી છે.

| અનુક્રમ નંબર | કચેરીનું નામ | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|
| ૧. | મામલતદાર કચેરી, ખેરાલુ. | -કારકુનોની ૨ જગ્યા અનુક્રમે તા. ૭-૫-૨૦૦૭થી અને તા. ૧-૮-૨૦૦૭થી ખાલી છે.<br>-૧ ગુજરાતી ટાઈપીસ્ટની જગ્યા તા. ૨૫-૯-૨૦૦૭થી ખાલી છે.<br>- ૧ બીટ નીરિક્ષકની જગ્યા તા. ૮-૬-૨૦૦૩થી ખાલી છે. |
| ૨. | મામલતદાર કચેરી, વડનગર. | ૧ કારકુનની જગ્યા તારીખ ૧૩-૭-૨૦૦૭થી ખાલી છે. |

(૪) ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધા ?

(૪) ખાલી જગ્યાઓ ભરવા માટે માંગણાપત્રકો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને તા. ૯-૧૧-૨૦૦૬ના રોજ મોકલી આપવામાં આવેલ છે. નાણા વિભાગને ફાજલ મહેકમમાંથી કારકુનોની ફાળવણી કરવા માટે તા. ૨૪-૧-૨૦૦૬ના રોજ જણાવવામાં આવેલ છે.

------------

**ગઢડા અને ઉમરાળા તાલુકામાં રસ્તાના ધોવાણ અંગે**

૮૭૦ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭ના વર્ષના ચોમાસામાં ગઢડા અને ઉમરાળા તાલુકામાં અતિશય વરસાદને લીધે ગઢડા-ઉમરાળા રસ્તા-કોઝવેનાં ધોવાણ થયેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો આવા માર્ગો રીપેરીંગ, રીકાર્પેટ, પુલો- કોઝવે રીપેરીંગ માટે ખાસ જોગવાઈ કરવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧) ગઢડા અને ઉમરાળા તાલુકામાં અતિશય વરસાદના લીધે રસ્તાઓ/કોઝવેને નુકશાન થયેલ જે તાત્કાલિક મરામતની કામગીરી કરી વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવેલ છે.

(૨) નાળા/કોઝવેના કાયમી મરામતની કામગીરી માટે રૂા. ૧૫૨ લાખના કામો મંજુર કરવામાં આવેલ છે.

------------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાઓનું મજબૂતીકરણ**

૭૨૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં જિલ્લા પંચાયત થકી થયેલા નોન-પ્લાન તળેના ગામડાઓને જોડતા મેટલ રસ્તાઓના મજબૂતીકરણ સહિત ડામરકામ કરવા અંગેની દરખાસ્તો, રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારમાં કરવામાં આવતી નથી તે વાત સાચી,

(૨) જો હા, તો તેના શું કારણો છે,

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન ભારત સરકારને ક્યા જિલ્લાની કેટલી દરખાસ્તો કરવામાં આવી, અને

(૪) ક્યા જિલ્લાની કેટલી દરખાસ્તો મંજૂર થઈ ?

**જવાબ**

(૧) હા જી.

(૨) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શિકા મુજબ મેટલ સપાટીવાળા રસ્તાઓથી જોડાયેલ ગામડાઓને બારમાસી રસ્તાઓથી જોડાયેલ ગણવામાં આવેલ છે. જેથી મજબુતીકરણ સહિત ડામરકામ કરવાની દરખાસ્ત કરવાપાત્ર ન હોઈ આવા રસ્તાઓની દરખાસ્ત કરવામાં આવતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ડીસા તાલુકામાં રાજ્યધોરી માર્ગના કામો**

૨૦૨ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઝેરડા તાલુકા ડીસાથી પાંથવાડા થઈ ગુંદરી તાલુકા ધાનેરા જતા સ્ટેટ હાઈવેનું કામ કેટલાક સમયથી આગળ વધતું નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો સરકાર ધ્વારા ઝડપી કામગીરી માટે શું પગલાં ભરવામાં આવેલ છે અને શી કાર્યવાહી કરવાની બાકી છે, અને

(૩) આ રોડનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨)

ખાનગી ધોરણે રસ્તાની સુધારણા કરવા ત્રીજીવાર રોકાણકારોની પસંદગીની કાર્યવાહી હાથ ધરેલ છે.

(૩) રોકાણકાર નિર્ણિત થયે વર્ષ ૨૦૦૯-૧૦માં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**નિરાધાર વિધવા સહાય આપવા અંગે**

૬૨૪ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિરાધાર, વિધવા સહાય મેળવવા માટેની સમય મર્યાદા વધારીને એક વર્ષની કરવામાં આવી છે, તે હકીક્ત સાચી છે,

(૨) નિરાધાર વિધવા અને બાળકદીઠ માસિક

**જવાબ**

(૧) નિરાધાર વિધવા સહાય માટે બે વર્ષમાં અરજી કરવાની રહે છે. જેથી સમય વધારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) નિરાધાર વિધવા લાભાર્થીને માસિક રૂા. ૫૦૦/

કેટલી સહાય ચુકવવામાં આવે છે, અને

અને તેના ઉપર આધારિત બાળકોને (બે બાળકની મર્યાદામાં) બાળક દિઠ માસિક રૂા. ૮૦/-ની સહાય ચૂકવવામાં આવે છે.

(૩) નિરાધાર વિધવા સહાયની રકમમાં સરકાર કોઈ વધારો કરવા માંગે છે કે કેમ ?

(૩) ના, જી.

------------

**ભૂકંપ બાદ કચ્છ જિલ્લાના ઉદ્યોગોને ફાળવેલ જમીન**

**૭૭૫ શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂંકપ બાદ કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ ઉદ્યોગોને કેટલી જમીન અને ક્યાં ક્યાં ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) હે. ૨૫૪૧-૬૯-૪૦ ચો.મી. જમીન ભૂજ, મુંદરા, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, લખપત તાલુકાના ગામોમાં ફાળવેલ છે.

------------

**ભાવનગર જિલ્લામાં નિરાધાર વિધવા સહાય અંગે**

**૨૮/page>૭૯૭ ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ નિરાધાર વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ પ્રતિવર્ષ આવી,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય માટે નીચે મુજબની અરજીઓ આવી.

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૩૨૬ |
| ૨ | શિહોર | ૮૦ |
| ૩ | ઘોઘા | ૨૯ |
| ૪ | વલ્લભીપુર | ૯ |
| ૫ | મહુવા | ૯૭ |
| ૬ | તળાજા | ૪૯ |
| ૭ | પાલીતાણા | ૫૫ |
| ૮ | ગારીયાધાર | ૧૯ |
| ૯ | ગઢડા | ૧૮ |
| ૧૦ | બોટાદ | ૨૯ |
| ૧૧ | ઉમરાળા | ૧૫ |
| | **કુલ........** | **૭૨૬** |

વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય માટે નીચે મુજબની અરજીઓ આવી.

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૩૪૪ |
| ૨ | શિહોર | ૮ |
| ૩ | ઘોઘા | ૧૬ |
| ૪ | વલ્લભીપુર | ૧૭ |
| ૫ | મહુવા | ૮૫ |
| ૬ | તળાજા | ૪૬ |
| ૭ | પાલીતાણા | ૩૩ |
| ૮ | ગારીયાધાર | ૨૦ |
| ૯ | ગઢડા | ૧૩ |
| ૧૦ | બોટાદ | ૩૦ |
| ૧૧ | ઉમરાળા | ૧૨ |
| | **કુલ........** | **૬૨૪** |

(૨) આ વર્ષો દરમ્યાન આવેલ અરજીઓમાંથી

(૨) વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં નીચે મુજબની

કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

અરજીઓ મંજૂર થઇ.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૫૧ |
| ૨ | શિહોર | ૧૬ |
| ૩ | ઘોઘા | ૨૪ |
| ૪ | વલ્લભીપુર | ૭ |
| ૫ | મહુવા | ૮૦ |
| ૬ | તળાજા | ૨૪ |
| ૭ | પાલીતાણા | ૩૬ |
| ૮ | ગારીયાધાર | ૧૩ |
| ૯ | ગઢડા | ૨૦ |
| ૧૦ | બોટાદ | ૩૦ |
| ૧૧ | ઉમરાળા | ૧૨ |
| | **કુલ........** | **૫૧૩** |

વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં નીચે મુજબની અરજીઓ મંજૂર થઇ.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૨૦ |
| ૨ | શિહોર | ૪૦ |
| ૩ | ઘોઘા | ૨૦ |
| ૪ | વલ્લભીપુર | ૧૨ |
| ૫ | મહુવા | ૬૯ |
| ૬ | તળાજા | ૩૬ |
| ૭ | પાલીતાણા | ૩૧ |
| ૮ | ગારીયાધાર | ૨૩ |
| ૯ | ગઢડા | ૭ |
| ૧૦ | બોટાદ | ૨૯ |
| ૧૧ | ઉમરાળા | ૫ |
| | **કુલ........** | **૪૯૨** |

(૩) બાકી રહેલ અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

------------

**ધરમપુર તાલુકામાં રસ્તાઓનું પેવર કામ**

૨૭૬ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ત્રણ વર્ષથી ઉપર પેવરકામ ક્ર્યા વગરના કેટલા કિ. મી. ના રસ્તાઓ છે, અને

(૨) આ રસ્તાઓનું સરકાર ક્યારે પેવરકામ કરવા માગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ત્રણ વર્ષથી વધુ સમયથી પેવરકામ ક્ર્યા વગરના ૨૩૧.૪૬ કિ.મી.ના રસ્તાઓ છે.

(૨) રસ્તાની અગત્યતા, ડામરની સપાટીની સ્થિતિ તથા નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન કરવામાં આવશે.

------------

**પાટણ તાલુકામાં માર્ગ મરામત અંગે**

૩૧૩ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ તાલુકાના ડેર-બાલીસણા વચ્ચે પાંચ કી.મી. રોડ રીપેરીંગ કરી પેવર કરવાની માંગણી છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલીવાર કરવામાં આવી, અને | (૧) બે વખત |
| (૨) આ માંગણીઓ આવ્યા પછી વિભાગ તરફથી ક્યા પ્રકારની કામગીરી હાથ ધરાઇ અને આ કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) આ રસ્તાની ચાલુ મરામત કામગીરી પૂર્ણ કરી રસ્તો વાહન વ્યવહાર લાયક બનાવેલ છે. પેવર કરવાની કામગીરી માટે નાણાકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન હાથ ધરવામાં આવશે. |

------------

**ઉંડેરા - કોયલી - સિંધરોટ રસ્તા પર પુલ બનાવવા અંગે**

૮૬૩ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉંડેરા-કોયલી-સિંધરોટ રસ્તાને જોડતો મીની નદી ઉપરનો બ્રીજ બનાવવા માટે ક્યા નાણાકીય વર્ષમાં નક્કી કર્યું, | (૧) વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં. |
| (૨) આ કામ માટે ક્યારે ટેન્ડર બહાર પાડયું, | (૨) પુલના કામનું ટેન્ડર<br>પ્રથમ વખત તા. ૧૫-૦૫-૦૧<br>બીજી વખત તા. ૦૭-૦૩-૦૫<br>એપ્રોચનું કામ તા. ૦૩-૦૩-૦૭ |
| (૩) જો ઇજારદારને કામ આપ્યું હોય તો તે ક્યારે આપ્યું, અને | (૩) પુલનું કામ<br>પ્રથમ વખત તા. ૨૩-૧૧-૦૧<br>બીજી વખત તા. ૦૭-૧૧-૦૫<br>એપ્રોચના કામનું ટેન્ડર તા. ૦૧-૧૦-૦૭ |
| એચબી-૯૯૦-૭<br>(૪) આ કામ પૂર્ણ કરવા માટે અંતિમ તારીખ કઇ છે ? | (૪) પુલનું કામ તા. ૩૦-૦૬-૦૬ના રોજ પૂર્ણ થયેલ છે. એપ્રોચનું કામ પૂર્ણ કરવાની અંતિમ તા. ૯-૯-૦૮ |

------------

**વ્યારા તાલુકાના પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ**

૨૪૪ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય પશુપાનલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વ્યારા તાલુકામાં પશુ દવાખાના કેટલા છે અને તેમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અન્વયે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

૨ (બે)

| ક્રમાંક | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી | ૨ | તા. ૧-૪-૦૫થી એક જ્ગ્યા ખાલી છે. |
| ૨ | ડ્રેસર | ૨ | તા. ૧-૧૦-૦૩થી એક જ્ગ્યા ખાલી છે. |
| ૩ | પટાવાળા | ૨ | ખાલી નથી |

------------

**સાબરકાંઠા જિલ્લાના રસ્તાઓનું ડામર કામ**

૩૯૧**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલાડા તાલુકાના પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના કેટલા કિ. મી.ના રસ્તાઓ તા. ૩૧-૧-૨૦૦૮ની | (૧) ભિલોડા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં પંચાયત વિભાગ હસ્તકના ૧૫ રસ્તા ૬૨.૦૫ કિ.મી.ના તથા રાજ્ય વિભાગ હસ્તકના ૨૫ રસ્તા ૯૮.૨૧ કિ.મી.ના ડામર |

સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં ડામર કરવામાં આવ્યા,

(૨) આ રસ્તાઓ પેકી ૬ વર્ષ ઉપરના ડામર કર્યા વગરના કેટલા રસ્તાઓ છે, અને

(૩) આ રસ્તાઓ ડામર કરવાનું સરકારનું શું આયોજન છે ?

કરવામાં આવ્યા.

(૨) ભિલોડા તાલુકામાં ૬ વર્ષ ઉપરના સમયથી ડામર કર્યા વગરના પંચાયત વિભાગ હસ્તકના ૩૫ રસ્તાઓ તથા સ્ટેટ વિભાગ હસ્તકના ૯ રસ્તાઓ છે.

(૩) પંચાયત વિભાગના ૧૩ રસ્તાઓ પ્રગતિમાં છે અને રાજ્ય વિભાગ હસ્તકના ૯ રસ્તા જુદી જુદી યોજનાઓમાં મંજૂર થયેલ છે. બાકી રસ્તાઓ નાણાકિય ઉપલબ્ધતા મુજબ હાથ ધરવાનું આયોજન કરવામાં આવશે.

------------

**મોરબી અને માળિયા તાલુકામાં જમીન રેકર્ડનું સ્કેનીંગ**

૭૧૩ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડૂતોના ખેત મિલ્કતના ગામ નમૂના નં-૬ (હક્કપત્રક) પ્રમોલ્ગેશનથી શરૂ કરી છેલ્લે સુધીના રેકર્ડનું "સ્કેનિંગ" કરવાની કામગીરી રાજકોટ જિલ્લાના મોરબી અને માળીયા તાલુકામાં શરૂ થઇ ગઇ છે કે કેમ,

(૨) જો ના, તો ક્યારે શરૂ થશે, અને

(૩) જો હા, તો આ કામગીરી ક્યારે પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) માર્ચ-૨૦૦૮ સુધીમાં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વડોદરા જિલ્લાના રસ્તાઓનું ડામર કામ**

૨૦૦ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર પાવી, છોટાઉદેપુર, ક્વાંટ, નસવાડી અને સંખેડા તાલુકામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર. પ્રોગ્રામ હેઠળ ક્યા ક્યા રસ્તાઓનું ડામર કામ કરવામાં આવ્યું,

(૨) આ ડામર કામવાળા રસ્તા સારી સ્થિતિમાં નથી તેવી ફરિયાદ સરકારને કેટલી મળી છે, અને

(૩) આ નબળી કામગીરીવાળા ઇજારદાર સામે સરકારે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર-પાવી, છોટાઉદેપુર, ક્વાંટ, નસવાડી અને સંખેડા તાલુકામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ એસ.આર. પ્રોગ્રામ હેઠળ છેલ્લા બે વર્ષમાં પત્રક-૧ મુજબ ૨૯ રસ્તાઓનું ડામર કામ કરવામાં આવેલ છે.

(૨) ફરિયાદ મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પત્રક-૧**

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | ભીમપુરા કંડા રોડ |
| ૨ | બામરોલી કથોલા ઝાબ રોડ |
| ૩ | જબુગામ હરખપુર રોડ |
| ૪ | વાગલવાડા સનાડા જડીયાણા રોડ |
| ૫ | ભાખા ઉચેડા એ. રોડ |
| ૬ | ઘેલવાંટ એ. રોડ |
| ૭ | એસ.આર. ટુ પતરા લવેડ રોડ |
| ૮ | તોરણીયા એપ્રોચ રોડ |
| ૯ | પીપલસટ ગુંડાચા રોડ |
| ૧૦ | ક્મલાપાટી સરગી રોડ |
| ૧૧ | લોટીયા એ. રોડ |
| ૧૨ | બોબડાકુવાથી ઝંડ હનુમાન રોડ |
| ૧૩ | બરોલી ધારીસિમેલ રોડ |

| | |
|---|---|
| ૧૪ | નસવાડી કોલુ જેમલગઢ રોડ |
| ૧૫ | કોસીન્દ્રા ચલામલી રોડ કિ.મી. ૦/૦ થી ૯/૫ (પસંદગીના ૨ કિ.મી.) |
| ૧૬ | કોઠીયા વાલપરી રોડ કિ.મી. ૦/૦ થી ૩/૧ |
| ૧૭ | રાયપુર કોસમપાની રોડ કિ.મી. ૦/૦ થી ૩/૩૩ |
| ૧૮ | કોસીન્દ્રા ભાખા રોડ |
| ૧૯ | છોટા ઉદેપુર ઝોઝ કેવડી રોડ કિ.મી. ૪૦/૦ થી ૪૪/૫ |
| ૨૦ | બોડેલી છોટા ઉદેપુર ફેરકુવા રોડ કિ.મી. ૧૩૦/૫ થી ૧૩૩/૪ |
| ૨૧ | પાનવડ રંગપુર ચલામલી રોડ કિ.મી. ૧૬/૦ થી ૧૮/૦ |
| ૨૨ | નસવાડી બોરીયાદ ભાખા રોડ કિ.મી. ૦/૦ થી ૧/૨૫ |
| ૨૩ | પાલસર કાંધા રોડ કિ.મી. ૫/૨ થી ૮/૮ |
| ૨૪ | વાઘીયા મહુડા કોલંબા રોડ કિ.મી. ૩/૮ થી ૮/૫ |
| ૨૫ | બહાદરપુર ભાટપુર વાસણા રોડ |
| ૨૬ | બહાદરપુર હરેશ્વર ખેરવાડી રોડ |
| ૨૭ | બહાદરપુર સંખેડા ભાટપુર રોડ |
| ૨૮ | નવાપુરા પાટના રોડ |
| ૨૯ | કડીલા ખેરવા ડુમા રોડ |

------------

**જામનગર જિલ્લાના ગ્રામ્ય માર્ગોનું સમારકામ**

૪૬૯ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન ધ્રોળ-જોડીયા અને જામનગર તાલુકામાં અતિવૃષ્ટિના કારણે કેટલા ગ્રામ્ય માર્ગો નુક્સાન પામેલ છે,

(૨) નુક્સાન પામેલ ગ્રામ્ય માર્ગોને સરકાર રીપેર કરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો આ ગ્રામ્ય માર્ગોનું સમારકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯૪ ગ્રામ્ય માર્ગો.

(૨) નુક્સાન પામેલ માર્ગોનું સમારકામ કરી વાહન વ્યવહાર યોગ્ય કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ભરૂચ જિલ્લામાં જમીન આકારણીના પડતર કેસો**

૭૦૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ આકારણીના કેટલા કેસ તાલુકાવાર પેન્ડીંગ છે ?

**જવાબ**

ભરૂચ જીલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ આકારણીના બાકી કેસોની સંખ્યા તાલુકાવાર નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | બાકી કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧. | જંબુસર | ૪ |
| ૨. | વાગરા | ૧૪ |
| ૩. | હાંસોટ | -- |
| ૪. | આમોદ | -- |
| ૫. | ઝગડીયા | -- |
| ૬. | અંકલેશ્વર | -- |
| ૭. | ભરૂચ | -- |
| ૮. | વાલિયા | -- |
| | કુલ :- | ૧૮ |

------------

## મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય

૧૦૭ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ૨૦૦૭ના વર્ષમાં જિલ્લાવાર કેટલા કેસોમાં સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

વર્ષ ૨૦૦૭માં જિલ્લાવાર ચૂકવેલ સહાયના કેસો.

| અ. નં. | જિલ્લાનું નામ | તબીબી સહાય | આફત સહાય | કુલ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | અમદાવાદ | ૧૪૮ | ૨૯ | ૧૭૭ |
| (૨) | અમરેલી | ૩૬ | ૭ | ૪૩ |
| (૩) | આણંદ | ૧૪ | ૫૧ | ૬૫ |
| (૪) | બનાસકાંઠા | ૩૮ | ૧૪ | ૫૨ |
| (૫) | ભરૂચ | ૨૦ | ૨૦ | ૪૦ |
| (૬) | ભાવનગર | ૭૨ | ૯ | ૮૧ |
| (૭) | દાહોદ | ૨ | ૧ | ૩ |
| (૮) | ડાંગ | ૦ | ૦ | ૦ |
| (૯) | ગાંધીનગર | ૪૭ | ૪ | ૫૧ |
| (૧૦) | જામનગર | ૧૮ | ૦ | ૧૮ |
| (૧૧) | જુનાગઢ | ૩૯ | ૯ | ૪૮ |
| (૧૨) | ખેડા | ૨૨ | ૦ | ૨૨ |
| (૧૩) | કચ્છ | ૧૧ | ૦ | ૧૧ |
| (૧૪) | મહેસાણા | ૩૭ | ૨૨ | ૫૯ |
| (૧૫) | નર્મદા | ૨ | ૨ | ૪ |
| (૧૬) | નવસારી | ૩૦ | ૦ | ૩૦ |
| (૧૭) | પંચમહાલ | ૯ | ૧૨ | ૨૧ |
| (૧૮) | પાટણ | ૨૮ | ૧૫ | ૪૩ |
| (૧૯) | પોરબંદર | ૬ | ૫ | ૧૧ |
| (૨૦) | રાજકોટ | ૪૮ | ૫ | ૫૩ |
| (૨૧) | સાબરકાંઠા | ૨૪ | ૦ | ૨૪ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| (૨૨) | સુરત(વ્યારા સહિત) | ૨૪૩ | ૨૫ | ૨૬૮ |
| (૨૩) | સુરેન્દ્રનગર | ૧૧ | ૧ | ૧૨ |
| (૨૪) | વડોદરા | ૨૦ | ૪ | ૨૪ |
| (૨૫) | વલસાડ | ૧૧ | ૧૩ | ૨૪ |
| | **કુલ** | **૯૩૬** | **૨૪૮** | **૧૧૮૪** |

------------

## ભરૂચ-દહેજ માર્ગ પર રેલ્વે પુલ બનાવવા અંગે

૩૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ-દહેજ માર્ગ પર આવતા ચેઈનેજ ૨૦૩ પરના રેલ્વે પુલ તથા ચેઈનેજ ૨૦૭ પરના રેલ્વે ઓવરબ્રીજ બનાવવાની કામગીરી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે શરૂ કરવાનું આયોજન છે; અને

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં

**જવાબ**

(૧) સદરહુ માર્ગ પરના ચેઈનેજ ૨૦૩ પરના રેલ્વે પુલ તથા ચેઈનેજ ૨૦૭ પરના રેલ્વે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી અંગેની દરખાસ્ત પમિ રેલ્વે સત્તાવાળા પાસે મંજુરી હેઠળ છે. તથા રેલ્વે પુલ માટે જરૂરી જમીન સંપાદનની કાર્યવાહી પ્રક્રિયામાં છે.

(૨) આ કામગીરી માટેની દરખાસ્તને રેલ્વે દ્વારા મંજુરી મળે તથા સદરહુ પુલો માટેની જરૂરી જમીનનું સંપાદન થયેથી કામગીરી શરૂ કરવાનું આયોજન છે.

(૩) અંદાજીત રૂા. ૧૫.૦૦ કરોડ.

આવનાર છે ?

------------

**રાજકોટ જિલ્લામાં લાગુ જમીન મેળવવા માટેની માંગણી**

૮૮૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ડીસે. ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લામાં લાગુ જમીન મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડૂતોએ માંગણી કરેલ,

(૧)

| | | |
|---|---|---|
| (૧) | રાજકોટ શહેર | ૦ |
| (૨) | રાજકોટ તાલુકો | ૩૯ |
| (૩) | લોધીકા | ૨૨ |
| (૪) | જસદણ | ૭ |
| (૫) | કોટડાસાંગાણી | ૧ |
| (૬) | મોરબી | ૩ |
| (૭) | ટંકારા | ૬ |
| (૮) | વાંકાનેર | ૩૪ |
| (૯) | પડધરી | ૧૫ |
| (૧૦) | માળીયામીયાણા | ૦ |
| (૧૧) | ગોંડલ | ૧૯ |
| (૧૨) | જેતપુર | ૦ |
| (૧૩) | ઉપલેટા | ૦ |
| (૧૪) | જામકંડોરણા | ૦ |
| (૧૫) | ધોરાજી | ૭ |

(૨) તે પૈકીના કેટલાની માંગણી ગ્રાહ્ય રાખી લાગુ જમીન કેટલાને આપવામાં આવી, અને

(૨) એકપણ નહીં.

(૩) બાકીનાને નહીં આપવાનાં કારણો શાં છે ?

(૩) (૧) મોટા ભાગના કિસ્સામાં ખેડુતોએ સરકારી મોટા ક્ષેત્રફળ વાળા સર્વે નંબરમાંથી જમીનની માંગણી કરેલ હોવાથી

(૨) જમીનમાં ટુકડા થવાથી

(૩) શહેરી વિસ્તારની નજીકની જમીન હોવાથી,

(૪) સરકારી હેતુ માટે અનામત રાખી હોય.

(૫) અરજદારોએ વિગતો રજુ કરી ન હોવાથી વગેરે.

------------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગાઓ**

૮૭૯ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષકોની જગ્યા ખાલી છે,

(૧) ૨૩૨ પ્રાથમિક શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજુર | ભરાયેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૩૪૮ | ૧૩૨૨ | ૨૬ |
| ૨ | આંક્લાવ | ૬૫૨ | ૬૨૦ | ૩૨ |
| ૩ | બોરસદ | ૧૩૭૯ | ૧૩૪૭ | ૩૨ |
| ૪ | ખંભાત | ૧૦૧૯ | ૯૮૭ | ૩૨ |
| ૫ | પેટલાદ | ૧૦૧૪ | ૯૭૩ | ૪૧ |
| ૬ | સોજીત્રા | ૪૦૬ | ૩૭૫ | ૩૧ |
| ૭ | તારાપુર | ૩૬૫ | ૩૬૨ | ૦૩ |
| ૮ | ઉમરેઠ | ૬૮૪ | ૬૪૯ | ૩૫ |
| | **કુલ-** | **૬૮૬૭** | **૬૬૩૫** | **૨૩૨** |

| | | | | |
|---|---|---|---|---|
| | | કુલ- | ૬૮૬૭ | ૬૬૩૫ | ૨૩૨ |

(૨) સરકાર ખાલી જગ્યા ભરવા માંગે છે કે કેમ, અને

(૨) હા,

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

(૩) જેમ બને તેમ જલ્દી.

------------

## જુનાગઢ જિલ્લામાં રાજ્યધોરી માર્ગના કામો

૨૪૦ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના તાલાલાથી પસાર થતો માધુપુર (ગીર)થી આંકોલવાડી થઈ જામવાળા (ગીર) તરફ જતા રાજ્યધોરી માર્ગ ઉપર છેલ્લા ક્યા વર્ષમાં ડામર સપાટીનું કામ કરવામાં આવેલ છે,

(૨) રસ્તાને રીકારપેટ કરવા માટેની દરખાસ્ત રાજ્ય સરકાર લેવલે વિચારણામાં છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં નિર્ણય લેવામાં આવશે ?

**જવાબ**

(૧) રસ્તા પર છેલ્લે થયેલ ડામર સપાટીની કામગીરીની વિગતો નીચે મુજબ છે.

(૧) કિ.મી. ૪૦/૦ થી ૫૩/૦ વર્ષ ૯૨-૯૩
(૨) કિ.મી. ૫૩/૦ થી ૬૨/૦ વર્ષ ૯૯-૨૦૦૦
(૩) કિ.મી. ૬૨/૦ થી ૭૦/૦ વર્ષ ૦૬-૦૭

(૨) અને (૩) વહીવટી મંજુરીની પ્રક્રિયા હેઠળ છે જે ટૂંક સમયમાં આખરી થનાર છે.

------------

## રાજપીપળા જિલ્લામાં કમ્પ્યુટરાઈઝડ દસ્તાવેજોના વેચાણની આવક

૧૧૧**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

રાજપીપળા જિલ્લામાં તાલુકાવાર કોમ્પ્યુટરાઈઝડ ૭/૧૨, ૮-અ અને નં. ૬ની નકલોની વેચાણની તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ ?

**જવાબ**

| તાલુકો | આવક (રૂપિયા) |
|---|---|
| નાંદોદ | ૫,૮૨,૫૮૫ |
| દેડિયાપાડા | ૧,૭૧,૦૦૫ |
| સાગબારા | ૯૬,૭૫૫ |
| તિલકવાડા | ૧,૬૯,૬૮૦ |
| **કુલ** | **૧૦,૨૦,૦૨૫** |

(અંકે રૂપિયા દશ લાખ વીસ હજાર પચ્ચીસ પુરા)

------------

## હાલોલ અને જાંબુઘોડા તાલુકાના જમીન રેકર્ડ અંગે

૧૪૦ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં ખેતીની જમીનમાં નામફેર તેમજ અન્ય વિગતોની એન્ટ્રી જાન્યુઆરીના અંત સુધી ફેરફારો થયેલ છે તેનો અમલ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) આ ફેરફારો હકકપત્રકમાં થયેલ છે તેનો અમલ ૭/૧૨માં કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જેનો અમલ કરવાનો બાકી હોય તે ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) આંશિક અમલ કરવામાં આવેલ છે.

(૩) સત્વરે અમલ કરવામાં આવશે.

------------

## બાલભોગ યોજના અંગે

૩૧૬ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાલભોગ યોજના ક્યારથી શરૂ થઈ,

**જવાબ**

(૧) જુન-૨૦૦૭ થી શરૂ કરવામાં આવેલ છે.

(૨) કેટલા બાળકોને મળે છે, અને

(૨) ૧૫,૮૩,૧૯,૩૦૦ (પંદર કરોડ ત્યાંસી લાખ ઓગણીસ હજાર ત્રણસો)

(૩) અત્યાર સુધી કેટલો ખર્ચ થયો ?

(૩) રૂા. ૩૧,૬૬,૩૮,૬૦૦/- (એકત્રીસ કરોડ છાંસઢ લાખ આડત્રીસ હજાર છસો પુરા)

------------

**પંચમહાલ જિલ્લામાં નદીઓ પરના પુલ અંગે**

૮૯૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ કઈ કઈ નદીઓ પર પુલો બનાવવાની માંગણીઓ આવી, અને

(૨) ક્યો પુલ કેટલા ખર્ચે કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન પાનમ, ભાદર, મયો, કરડ, ગોમા, મેસરી, ચુડવેલ નદી પર પુલ બનાવવાની માંગણીઓ આવેલ છે.

(૨) ઉપરોક્ત પૈકી પાનમ, કરડ, ગોમા, મેસરી નદી પરના પુલોના કામોનો બજેટમાં સમાવેશ થયેલ છે. જેના વિગતવાર નકશા અંદાજો બનાવવાની પ્રક્રિયા પૂર્ણ થયે અંદાજી રકમ નક્કી થઈ શકશે.

------------

**રાજ્યમાં કન્યા કેળવણી**

૮૯૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કન્યા કેળવણી માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે,

(૨) શું તેના ભાગરૂપે ગ્રામ્ય વિસ્તારની કન્યાઓને અભ્યાસ માટે બસ મુસાફરીના ભાડામાંથી સંપૂર્ણ માફી આપવામાં આવી છે અને,

(૩) તેનો અમલ ક્યારથી શરૂ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) હા, જી. સરકાર દ્વારા દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવનું એક અભિયાન તરીકે આયોજન કરવામાં આવે છે.

(૨) બસ મુસાફરીના ભાડામાં સંપૂર્ણ માફી આપવામાં આવી છે તે વાત સાચી છે, પરંતુ કન્યા કેળવણીના ઉત્તેજન માટે આ યોજના અલગ સ્વરૂપમાં અમલીકરણમાં છે.

(૩) તા. ૧-૯-૨૦૦૭થી આ યોજનાનો અમલ કરવામાં આવેલ છે.

------------

**રાજ્યમાં પછાત તાલુકાઓમાં આંગણવાડી યોજના**

૧૨૨ **શ્રી ચંદુભાઈ વઘાસિયા (ગોંડલ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલગી સમિતિએ જાહેર કરેલા ૩૦ પછાત તાલુકાઓમાં આંગણવાડીના લાભાર્થીઓ માટે કોઇ વિશેષ યોજના વિચારેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં ૨૦૦૭માં રસ્તાઓના કામ અંગે**

૮૯૧ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેલન્ડર વર્ષ ૨૦૦૭માં ૧૨મા નાણાં પંચના રસ્તાઓના ક્યા ક્યા કામ કચ્છ જિલ્લામાં હાથ ધરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) * પત્રક મુજબ

**પત્રક**

વર્ષ ૨૦૦૭માં ૧૨માં નાણાપંચના કાર્યક્રમ હેઠળ કચ્છ જિલ્લામાં હાથ ધરેલ રસ્તાના કામો

| ક્રમ | રસ્તાના નામો |
|---|---|
| ૧ | ગાંધીધામ આદિપુર રોડ |
| ૨ | ભુજ મુંદ્રા રોડ |
| ૩ | નખત્રાણા નિરોણાલોરિયા રોડ |
| ૪ | ભુજ નાગોર લોડાઇ રોડ |
| ૫ | વંગ ડાડોર રોડ |
| ૬ | મોખા કુંદ્રોડી બગડા લીફરા બંદરા રોડ |
| ૭ | સિયોત મુંધાન રોડ |
| ૮ | નરા ઝુમારા રોડ |

| | |
|---|---|
| ૯ | પ્રાગપર એપ્રોચ રોડ |
| ૧૦ | ગેલડા રામાણીયા રોડ |
| ૧૧ | ભદ્રેશ્વર કુકડસર કુવઇ રોડ |
| ૧૨ | ડોણ જ્યોતેશ્વર રોડ |
| ૧૩ | દુજાપર એપ્રોચ રોડ |
| ૧૪ | નાની ભાડઇ ધોકડા એપ્રોચ રોડ |
| ૧૫ | ભેરૈયા બીલેશ્વર રોડ |
| ૧૬ | ભચાઉ કરમરીયા વોંધડા વિજપાસર રોડ |
| ૧૭ | થાન એપ્રોચ રોડ |
| ૧૮ | આણંદસર એપ્રોચ રોડ |
| ૧૯ | રાતા તળાવ નરેડી રોડ |
| ૨૦ | ગાંધીધામ એરોડ્રામ રોડ |
| ૨૧ | સતાપર અજાપર મોડવદર રોડ |

(૨) તેમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

(૨) રૂા.૧૭૨૯૬૦ લાખની અંદાજીત કિંમતના કામો હાથ ધરેલ છે જે માટે તબક્કાવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે.

-----------

**દાહોદ જિલ્લામાં દુધાળા પશુઓ માટે સહાય**

**૧૪ શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા લાભાર્થીઓને દુધાળા પશુઓની સહાય ચુકવવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર દુધાળા પશુની સહાયના લાભાર્થીની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લાભાર્થીઓની કુલ સંખ્યા |
|---|---|---|
| ૧ | દેવગઢ બારીયા | ૨૩ |
| ૨ | લીમખેડા | ૧૧ |
| | કુલ :- | ૩૪ |

(૨) આ અંગેની કુલ કેટલી અરજીઓ આ સ્થિતિએ પડતર છે ?

(૨) ૧૦

------------

**ગાંધીનગરમાં વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી**

**૭૨૮શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક અને વેપાર ઉદ્યોગ અને અન્ય હેતુઓ માટે છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સરકારે કઇ કઇ સંસ્થાઓને જમીન શા ભાવે ફાળવી, અને

**જવાબ**

(૧) ગાંધીનગર શહેરમાં શૈક્ષણિક, વેપાર ઉદ્યોગ અને અન્ય હેતુઓ માટે છેલ્લા બે વર્ષમાં વેચાણથી કે લાંબા ભાડા પટ્ટે સામેલ *પત્રક મુજબની સંસ્થાઓને જમીન ફાળવેલ છે.

**પત્રક**

**ગાંધીનગરમાં વિવિધ સંસ્થાઓને જમીન ફાળવણીની માહિતીનું પત્રક**

| અ.નં. | સંસ્થાનું નામ | ફાળવેલ જમીનનો ભાવ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| (૧) | જી.આઇ.ડી.સી. ગાંધીનગર | વિના મુલ્યે |
| (૨) | ડી.એલ.એફ. કંપની લિ., હરિયાણા | રૂા. ૫૦૦૦/-પ્રતિ. ચો.મી. |
| (૩) | આઇ.સી.આઇ.સી.આઇ. બેંક | રૂા. ૧૧૦૦/-પ્રતિ. ચો.મી. |
| (૪) | ટાટા કન્સલટન્સી | રૂા. ૧૧૦૦/-પ્રતિ. ચો.મી. |
| (૫) | પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી | વિના મુલ્યે |
| (૬) | જી.આઇ.ડી.સી. ગાંધીનગર | રૂા. ૧૧૦૦/-પ્રતિ. ચો.મી. |
| (૭) | સર્વ વિદ્યાલય કેળવણી મંડળને નર્સીંગ કોલેજ માટે | વાર્ષિક રૂા.૧/-ના ટોકન ભાડે (૩૫ વર્ષ સુધી ભાડા પટ્ટે) |
| (૮) | બોચાસણવાસી અક્ષરપુરસોત્તમ સંસ્થા, સેક્ટર નં.૨૦ | રૂા. ૧૧૦૦/-પ્રતિ. ચો.મી. (૯૯ વર્ષના ભોગવટાથી) |
| (૯) | કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર | રૂા. ૩૨૦૦/-પ્રતિ. ચો.મી. |
| (૧૦) | ગુજરાત ગોપાલક કન્યા કેળવણી મંડળ | રૂા. ૧૧૦૦/-પ્રતિ. ચો.મી. |
| (૧૧) | અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ | રૂા. ૫૫૦/-પ્રતિ. ચો.મી. |
| (૧૨) | નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન | વાર્ષિક રૂા.૧/-ના ટોકન ભાડે (૩૦ વર્ષ સુધી ભાડા |

| | | |
|---|---|---|
| | એન્ડ રીસર્ચ, નવી દિલ્હી | પટ્ટે) |
| (૧૩) | સત્યમ કોમ્પ્યુટર્સ, સર્વીસીસ લી. | રૂા. ૧૧૦૦/-પ્રતિ. ચો.મી. |

(૨) ફાળવેલ જમીન ઉપર સંસ્થાઓ તરફથી બાંધકામ શરૂ કરવામાં આવેલ છે કે કેમ?

(૨) બે સંસ્થા દ્વારા બાંધકામ શરૂ કરેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય**

૭૧૧ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નિરાધાર વિધવા સહાય ચુકવવામાં આવી, અને

(૨) આ અંગે કેટલી અરજીઓ આવી ?

**જવાબ**

(૧) રૂા.૪૦૩.૨૨ લાખ

(૨) ૮૭૪

-----------

**પાટણ જિલ્લામાં એસ. આર. કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ**

૩૯૮ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના સમી, હારીજ અને રાધનપુર તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં એસ. આર. પ્રોગ્રામ હેઠળ ક્યા ક્યા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) કુલ ૧૩ કામો મંજૂર કરવામાં આવ્યા

| તાલુકા | રાજ્ય | પંચાયત | કુલ |
|---|---|---|---|
| સમી | ૩ | ૨ | ૫ |
| હારીજ | ૧ | - | ૧ |
| રાધનપુર | ૩ | ૪ | ૭ |
| કુલ : | ૭ | ૬ | ૧૩ |

રસ્તાના કામોની વિગત સામેલ *પત્રક મુજબ

**પત્રક**

| ક્રમ | તાલુકો | મંજુર થયા વર્ષ | રસ્તાનું નામ | લંબાઇ કિ.મી.માં | અંદાજી રકમ રૂા.લાખમાં | કામની પરિસ્થિતિ |
|---|---|---|---|---|---|---|
| **રાજ્ય વિભાગ** | | | | | | |
| ૧ | સમી | ૨૦૦૬-૦૭ | હારીજ લોટેશ્વર રોડ કિ.મી.૧૫/૫ થી ૧૫/૬ | - | ૨૯.૨૪ | પ્રગતિમાં |
| ૨ | સમી | ૨૦૦૬-૦૭ | હારીજ લોટેશ્વર રોડ કિ.મી.૧૬/૫ થી ૧૬/૬ | - | ૨૯.૨૩ | પ્રગતિમાં |
| ૩ | સમી | ૨૦૦૬-૦૭ | રાજપુર કુંવર રોડ | ૦.૮૫ | ૨૪.૯૭ | પ્રગતિમાં |
| | | | કુલ-૩ કામો | ૦.૮૫ | ૮૩.૪૪ | |
| ૪ | હારીજ | ૨૦૦૬-૦૭ | રાધનપુર મહેસાણા રોડ | ૦.૩૬ | ૨૫.૦૦ | પ્રગતિમાં |
| | | | કુલ ૧-કામો | ૦.૩૬ | ૨૫.૦૦ | |
| ૫ | રાધનપુર | ૨૦૦૬-૦૭ | ગોતરકા છાણીયાલ રોડ | - | ૯.૮૪ | પ્રગતિમાં |
| ૬ | રાધનપુર | ૨૦૦૬-૦૭ | નજપરા શેરગઢ રોડ | - | ૮.૩૭ | પ્રગતિમાં |
| ૭ | રાધનપુર | ૨૦૦૬-૦૭ | જાવંત્રી ચલવાડા રોડ | - | ૬.૦૦ | પ્રગતિમાં |
| | | | કુલ-૩ કામો | - | ૨૪.૨૧ | |
| **પંચાયત વિભાગ** | | | | | | |
| ૧ | સમી | ૨૦૦૫-૦૬ | લોટેશ્વર પાલીપુર રોડ | ૩.૦૦ | ૧૬.૦૦ | પુર્ણ |
| ૨ | સમી | ૨૦૦૬-૦૭ | બોલેરા મર્દાનગંજ રોડ | ૩.૭૫ | ૪૯.૧૪ | પ્રગતિમાં |
| | | | કુલ-૨ કામો | ૬.૭૫ | ૬૫.૧૪ | |
| ૩ | રાધનપુર | ૨૦૦૫-૦૬ | રાધનપુર જવાહરનગર રોડ | ૩.૨૦ | ૧૩.૫૫ | પુર્ણ |
| ૪ | રાધનપુર | ૨૦૦૬-૦૭ | મુખ્ય જિલ માર્ગથી દહેગામ એપ્રોચ રોડ | ૧.૦૦ | ૭.૩૦ | પ્રગતિમાં |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | રાધનપુર | ૨૦૦૬-૦૭ | રાષ્ટ્રીય ધોરી માર્ગથી જુના પોરાણા એપ્રોચ રોડ | ૩.૦૦ | ૨૩.૭૧ | પ્રગતિમાં |
| ૬ | રાધનપુર | ૨૦૦૬-૦૭ | અરજણારાર વિજયનગર રોડ | ૩.૬૦ | ૨૪.૭૧ | પ્રગતિમાં |
| | | | કુલ-૪ કામો | ૧૦.૮૦ | ૬૯.૨૭ | |

(૨) મંજૂર થયેલ રસ્તા પેકી કેટલા માર્ગોનું કામ બાકી છે ?

(૨) ૨-કામો પુર્ણ થયેલ છે, બાકીના કામો પ્રગતિમાં છે.

**વીરપુર તાલુકામાં પુલની પહોળાઇ અંગે**

૮૭૭ **શ્રી માનસિંહ કો.ચૌહાણM#> (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના વીરપુર તાલુકા મથકે લાવરી નદી પર ડીપ છે તેની જ્યાએ નવો પુલ બનાવવા રાજ્ય સરકાર વિચારે છે ખરી, અને

(૨) આ અંગે તંત્ર દ્વારા તપાસ કરાવી ઝડપી રીતે કામ શરૂ કરી પૂરું કરવા સરકાર વિચારે છે ખરી?

**જવાબ**

(૧) હા, જી

(૨) પાલી-બાલાસિનોર-વીરપુર-ગાંધારી માર્ગ ઉપર વીરપુર ગામ પાસે બેઠા પુલના સ્થાને પુલ બનાવવા નકશા-અંદાજ તેયાર કરવાની કામગીરી પ્રગતી હેઠળ છે. વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી કરવા આયોજન છે.

------------

**હળવદ તાલુકાના ગામોને એપ્રોચ રોડ**

૭૩૧**શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના હળવદ-માળીયા સ્ટેટ હાઇવેથી જૂના ધનાળા થઇ મયુરનગર સુધીનો એપ્રોચ રોડ બનાવવા અંગેની વિચારણા સરકારમાં ચાલે છે કે કેમ,

(૨) આ અંગેની દરખાસ્ત સરકારમાં ક્યારે મળેલ છે,

(૩) આ દરખાસ્ત કેટલા સમયમાં મંજૂર થશે, અને

(૪) મંજૂર થયેલ હોય તો તેનો જોબ નંબર શું છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) તા.૨૦-૭-૦૬ અને તા.૩-૧૨-૦૭થી મળેલ છે.

(૩) અને (૪)

હળવદ રાયસંગપર મયુરનગર ધનાળાથી સ્ટેટ હાઇવે સુધીનો રોડ ૧૬.૫૦ કિ.મી. લંબાઇનો છે. જે પેકી ૧૦.૪૦ કિ.મી. લંબાઇની કામગીરી ૧૨મા નાણાપંચમાં મંજૂર થયેલ છે, જે કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જ્યારે બાકીની લંબાઇની કામગીરી અંગે નાણાકીય ઉપલબ્ધતા અનુસાર વિચારવામાં આવશે.

------------

**બાગાયત યોજના હેઠળ ભારત સરકારમાં થયેલ દરખાસ્તો**

૩૧૧**શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ભારત સરકારમાં બાગાયત યોજના હેઠળ કેટલી દરખાસ્તો છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મોકલી,

(૨) તેમાં ક્યા ક્યા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) બાગાયત ખાતા દ્વારા ભારત સરકારશ્રીની નેશનલ હોર્ટિક્લ્ચરમિશન યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારમાં મોકલેલ દરખાસ્તોની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| (૧) | ૨૦૦૬-૦૭ | ૨૨ |
| (૨) | ૨૦૦૭-૦૮ | ૩૭ |

(૨) તેમાં વલસાડ, નવસારી, સુરત, વડોદરા, આણંદ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, કચ્છ, અમદાવાદ, ખેડા અને ભરૂચ

જિલ્લાનો સમાવેશ કરવામાં આવેલ છે. કુલ ૧૫ જિલ્લાનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) તે અન્વયે કેટલી દરખાસ્તો મંજૂર થઇ ?

(૩)

| અ.નં. | વર્ષ | મંજૂર થયેલ દરખાસ્તો |
|---|---|---|
| (૧) | ૨૦૦૬-૦૭ | ૨૨ |
| (૨) | ૨૦૦૭-૦૮ | ૧૫ |

------------

**વડોદરા જિલ્લામાં ડામર અને કપચીના જથ્થાની ફાળવણી**

૯૬ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રસ્તાઓની મરામત માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર ડામર અને કપચીની જરૂરિયાત સામે કેટલો જથ્થો ફાળવી આપેલ છે, અને

(૨) આ ફાળવેલ જથ્થામાંથી તાલુકાવાર કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

વિભાગ દ્વારા "સ્ટોક" ખાતેથી ડામર કે કપચીની ફાળવણી તાલુકાવાર કરવામાં આવતી નથી.

------------

**દહેગામ તાલુકામાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે**

૭૦૬ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ગામોમાં ખેતીની જમીનમાં બીન ખેતીની પરવાનગી લીધા વગર રહેણાંક, ઓદ્યોગિક અને કોમર્શીયલ બાંધકામ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા થયા છે, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે બાંધકામ થયેલ છે.

| **ક્રમ** | **હેતુ** | **બાંધકામની સંખ્યા** | |
|---|---|---|---|
| | | ક્લેક્ટર ક્ચેરીની વિગતો | જીલ્લા વિકાસ અધિકારી ક્ચેરીની વિગતો |
| ૧ | રહેણાંક | ૨૬ | ૦૦ |
| ૨ | ઓદ્યોગિક | ૦૧ | ૦૦ |
| ૩ | કોમર્શિયલ | ૧૫ | ૨૭ |
| | **કુલ :** | **૪૨** | **૨૭** |

(૨) આ બાબતે સરકારે શાં પગલાં લીધા ?

(૨) બિનપરવાનગી થયેલ બાંધકામો સંદર્ભમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગર દ્વારા ૭ કેસોમાં દંડની રકમ વસૂલ કરવાના હુકમો કરવામાં આવેલ છે. બાકીના કેસોમાં જમીન મહેસૂલ કાયદાની કલમ ૬૬/૬૭ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

------------

**બાવળા-સાણંદ અને બાવળા-ધોળકા માર્ગનું પેવર કામ**

૩૯૦ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં બાવળા-સાણંદ અને બાવળા-ધોળકા રોડ ખૂબજ બિસ્માર હાલતમાં છે, મોટા ખાડા પડી ગયા છે. ગત ચોમાસાના કારણે રોડ ખુબ જ તૂટી ગયેલ હોવા છતાં તેને પેવર નહિ કરવાના કારણો શું છે, અને

(૨) ક્યારે પેવર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

બાવળા-સાણંદ અને બાવળા-ધોળકાને ગત ચોમાસામાં થયેલ નુક્સાનની મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય કરેલ છે.

જોગવાઈની મર્યાદામાં યોજનામાં કામગીરી મંજૂર થયે કામગીરી હાથ ધરવા આયોજન છે.

------------

**આંગણવાડી કાર્યકરોના માનદ્ વેતન અંગે**

: ૧૧૫**શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આંગણવાડી વર્કર તથા હેલ્પરોને કેટલું માનદ્ વેતન આપવામાં આવે છે, અને

(૨) આ માનદ્ વેતનમાં સરકાર વધારો કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) આંગણવાડી કાર્યકર તથા હેલ્પરોને નીચે મુજબ માનદ્ વેતન આપવામાં આવે છે.

(૧) આંગણવાડી કાર્યકર

| | |
|---|---|
| -- નોન મેટ્રીક | રૂા. ૯૩૮/- |
| -- નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂા. ૯૬૯/- |
| -- નોન મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) | રૂા. ૧૦૦૦/- |
| -- મેટ્રીક | રૂા. ૧૦૦૦/- |
| -- મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) | રૂા. ૧૦૩૧/- |
| -- મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) | રૂા. ૧૦૬૩/- |
| (૨) હેલ્પર | રૂા. ૫૦૦/- |

(૨) હા, જી.

- બીજી ઓકટોબર, ૨૦૦૭ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીએ આંગણવાડી કાર્યકર તથા હેલ્પરને અનુક્રમે રૂા. ૫૦૦/-, રૂા. ૨૫૦/- નો માનદ્ વેતનનો વધારો જાહેર કર્યો છે.
- દર વર્ષે બન્નેને બે-બે સાડી બ્લાઉઝ સાથે આપવાની તથા દર માસે પ્રતિમાસ ૫૦/- રૂપિયા તેમના ઈપીએફ ખાતામાં જમા કરવાનું જાહેર કર્યું છે.

------------

**બારડોલી ખાતે પ્રાંત અધિકારીની કચેરી**

૩૯૫ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી ખાતે પ્રાંત અધિકારીની કચેરી શરૂ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મહેસૂલ વિભાગના તા. ૬-૨-૨૦૦૮ના ઠરાવ અન્વયે જરૂરી આદેશો બહાર પાડવામાં આવેલ છે.

(૨) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તુરત જ,

------------

**ભરૂચ જિલ્લામાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા અંગે**

૨૭૩ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા માટે કેટલી માંગણીઓ આવી,

(૨) આવેલ માંગણીઓમાંથી કેટલી માંગણીઓમાં શરત ભંગ થઇ છે,

(૩) તે પૈકી કેટલી માંગણીઓનો નિકાલ

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૭૭ |
| ૨ | આમોદ | ૧૫૧ |
| ૩ | વાગરા | ૧૮૬ |
| ૪ | ભરૂચ | ૯૫ |
| ૫ | અંકલેશ્વર | ૧૧૮ |
| ૬ | હાંસોટ | ૧૧૪ |
| ૭ | ઝઘડીયા | ૩૭ |
| ૮ | વાલીયા | ૧૮ |
| | કુલ : | ૭૯૬ |

(૨) શુન્ય.

(૩)

કરવામાં આવ્યો,

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૭૭ |
| ૨ | આમોદ | ૧૫૧ |
| ૩ | વાગરા | ૧૮૪ |
| ૪ | ભરૂચ | ૯૫ |
| ૫ | અંકલેશ્વર | ૯૧ |
| ૬ | હાંસોટ | ૯૮ |
| ૭ | ઝઘડીયા | ૩૬ |
| ૮ | વાલીયા | ૧૮ |
| | કુલ : | ૭૫૦ |

(૪) બાકી માંગણીઓમાં વિલંબ થવાના શાં કારણ છે, અને

(૪) વહીવટી કારણોસર.

(૫) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૫) સત્વરે.

------------

**રાજ્યમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે**

**૪૨/page>૭૧૬ શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી સરકાર સંચાલિત અને કેટલી ખાનગી યુનવર્સિટી છે, અને

(૨) ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા સુધરે તે માટે સરકાર શું કરવા માગે છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં સરકારી -૧૧ અને ખાનગી -૦૬ મળી કુલ : ૧૭ યુનિવર્સિટીઓ કાર્યરત છે.

(૨) નવા અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન છે. યુનિ./કોલેજ કક્ષાએ આધુનિક નવા અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન છે.

- યુનિ./કોલેજોના અધ્યાપકો/આચાર્યોને સઘન તાલીમ આપવામાં આવે છે.
- યુનિ./કોલેજોનું ""નેક"" દ્વારા એક્રીડીટેશન"" અંગ્રેજી લેંગ્વેજ લેબ, શરૂ કરવામાં આવે છે.

------------

**રાજ્યમાં એગ્રી એક્ષપોર્ટ ઝોન**

૭૧૮**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં એગ્રી એક્ષપોર્ટમાં ઝોન સ્થાપવાનું ક્યા ક્યા પાકો માટે ક્યારે ક્યારે નક્કી કરવામાં આવ્યું, અને

(૨) આ ઝોન નક્કી ર્ક્યા પછી કઇ કઇ ખેત પેદાશોના એગ્રી એક્ષપોર્ટ ઝોન તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કાર્યરત કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| પાક | <u>તારીખ</u> |
|---|---|
| ૧. કેરી અને શાકભાજી | ૫-૯-૨૦૦૨ |
| ૨. ડુંગરી | ૨૦-૧૦-૨૦03 |
| ૩. તલ | ૧૪-૧૧-૨૦૦૫ |

(૨) કેરી અને શાકભાજી, ડુંગરી, તલ.

------------

**સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના કામો**

૬૨૮ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના મેઘરજ-માલપુર-બાયડ અને ધનસુરા તાલુકામાં ક્યા ક્યા રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓ નવા બનાવવામાં આવ્યા,

(૨) રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા રસ્તાઓનું કેટલા

**જવાબ**

(૧) અને (૨)

પંચાયત હસ્તકના કુલ ૮ નવા રસ્તાઓ બનાવવામાં આવેલ છે. રાજ્ય હસ્તકના કોઈ નવા રસ્તા બનાવવામાં આવેલ નથી. વિગતો સામેલ પત્રક મુજબ.

(૩) ટેન્ડરના મેઈન્ટેનન્સ ગેરંટી પીરીયડમાં આવતા

ખર્ચે રીપેરીંગ કરવામાં આવ્યું ?

હોઈને, છેલ્લા બે વર્ષમાં ઉપરોક્ત રસ્તાઓના રીપેરીંગ માટે કોઈપણ ખર્ચ કરવામાં આવેલ નથી.

**સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના કામો**

**પત્રક**

| ક્રમ | તાલુકો | કામનું નામ | નવીન કરેલ લંબાઈ કિ.મી.માં ડામરકામ | કરેલ ખર્ચ (રૂા. લાખમાં) | કામની પરિસ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧ | બાયડ | ગાબટ પુંસરી રોડ | ૩.૨૦ | ૬૨.૭૦ | કામ પૂર્ણ |
| ૨ | બાયડ | મોકમજીના મુવાડા એ. રોડ | ૨.૮૦ | ૫૬.૯૨ | કામ પૂર્ણ |
| ૩ | બાયડ | ગોમહુડી એ. રોડ | ૧.૧૦ | ૧૮.૮૮ | કામ પૂર્ણ |
| ૪ | બાયડ | વજાવત એ. રોડ | ૧.૩૦ | ૨૧.૭૩ | કામ પૂર્ણ |
| ૫ | બાયડ | બહેડીયા એ. રોડ | ૦.૯૦ | ૨૪.૦૦ | કામ પૂર્ણ |
| | **બાયડ** | **કુલ ૫ કામ** | **૯.૩૦** | **૧૮૪.૨૩** | |
| ૬ | ધનસુરા | સ્ટેટ હાઈવેથી નવાવાસ (બુટાલ) રોડ | ૧.૧૭ | ૧૭.૫૦ | કામ પૂર્ણ |
| ૭ | ધનસુરા | રડોદરા રણેચી ખડોલથી જુના બીલવણીયા રોડ | ૨.૦૧ | ૨૬.૦૦ | કામ પૂર્ણ |
| | **ધનસુરા** | **કુલ-૨ કામો** | **૩.૧૮** | **૪૩.૫૦** | |
| ૮ | માલપુર | પટેલીયાના મુવાડા એ. રોડ | ૨.૦૦ | ૨૩.૪૫ | કામ પૂર્ણ |
| | **માલપુર** | **કુલ ૧ કામ** | ૨.૦૦ | ૨૩.૪૫ | |
| | | એકંદરે કુલ-૮ કામ | **૧૪.૪ ૮** | **૨૫૧.૧૮** | |

------------

**દાંતીવાડા તાલુકાના રેવન્યુ ગામો**

૯૦૫ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાંતીવાડા તાલુકાના રેવન્યુ ગામો પેકી રામનગર, રામસીડા તેમજ ભાખરને પાલનપુર મહેસૂલી તાલુકામાં જોડવા ફરિયાદો મળેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કામાં છે ?

**જવાબ**

(૧) ના, જી. કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ડેડિયાપાડા તાલુકામાં પુલ બાંધવા અંગે**

**૬૭ શ્રી અમરસિંહ ૨ા. વસાવા(દેડિયાપાડા)** : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના જુના મોસદાથી ડુમખલ જતા રસ્તા ઉપર પુલનું કામ સરકારે મંજૂર કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની કામગીરી સરકાર ક્યારે ચાલુ કરવા માંગે છે?

**જવાબ**

(૧) હા.

(૨) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલી.

------------

**ઉમરાળા અને ગઢડા તાલુકામાં થયેલો જમીન ધોવાણ અંગે સહાય**

૮૭૧ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૭ના ચોમાસામાં આવેલ અતિશય વરસાદને લીધે ગઢડા અને ઉમરાળા તાલુકામાં પાકને થયેલ નુકશાન, જમીન ધોવાણમાં સરકારી સહાય ચૂકવવામાં આવી છે કે કેમ,

(૨) હજુ કેટલા ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) તે ક્યારે ચુકવાશે?

**જવાબ**

(૧) પાક નુકશાન માટે સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે જમીન ધોવાણ અંગે સહાય માટેની અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૨) પાકમાં થયેલ નુકશાની અંગે ૩૩૮૧ તથા જમીન ધોવાણ અંગે ૭૨૪૨ ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે.

(૩) એક માસમાં.

------------

## કચ્છ જિલ્લામાં રસ્તાઓ

૮૮૮ **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારે ""મંજૂર કરેલ રસ્તાઓ"" પેકી કેટલા રસ્તા બનાવવાના બાકી રહયા, અને

(૨) બાકી રહેવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) નીચે મુજબ તાલુકાવાર રસ્તા બનાવવાના બાકી રહ્યા.

| ક્રમ | તાલુકો | રાજ્ય સરકારે મંજુર કરેલ રસ્તાઓ પૈકી બનાવવાના બાકી રહેલ રસ્તા |
|---|---|---|
| ૧૧ | અબડાસા | ૪ |
| ૧૨ | અંજાર | ૩ |
| ૧૩ | ભચાઉ | ૯ |
| ૧૪ | ભુજ | ૮ |
| ૧૫ | ગાંધીધામ | ૩ |
| ૧૬ | લખપત | ૩ |
| ૧૭ | માંડવી | ૬ |
| ૧૮ | મુંદ્રા | ૧૦ |
| ૧૯ | નખત્રાણા | ૩ |
| ૨૦ | રાપર | ૭ |
| | **કુલ :** | **૫૬** |

(૨) ૪૧ પ્રગતિ હેઠળ, ૧૫ વહીવટી પ્રક્રિયામાં વિવિધ તબક્કે હોવાથી.

------------

## મહુવા તાલુકામાં બિયારણ અને જંતુનાશક દવાઓની વહેંચણી

૮૬૫ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં તારીખ ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૭ દરમ્યાન બક્ષીપંચ અને નાના તેમજ સીમાંત ખેડૂતોને કેટલી બિયારણની કિટસ અને જંતુનાશક દવાઓ આપવામાં આવી, અને

(૨) આ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) બિયારણ કિટસ અને જંતુનાશક દવાઓની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | ખેડૂતનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|
| | | બક્ષી | નાના | સીમાંત | કુલ |
| ૧ | બિયારણ કિટસ વહેંચણી | ૧૩૭૨ | ૧૦૭૭ | ૪૭૬ | ૨૯૨૫ |
| ૨ | જંતુનાશક દવાની વહેંચણી | ૬૫૨ | ૩૨૨ | ૧૧૩ | ૧૦૮૭ |
| | **કુલ :** | **૨૦૨૪** | **૧૩૯૯** | **૫૮૯** | **૪૦૧૨** |

(૨) રૂા. ૪,૮૬,૯૩૬/- નો ખર્ચ કરવામાં આવ્યો.

------------

## વાંસદા અને ધરમપુર તાલુકામાં રસ્તાઓને જોબ નંબર

૨૭૭ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વાંસદા અને ધરમપુર તાલુકામાં રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓને નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ના વર્ષમાં કેટલા અને ક્યા ક્યા રસ્તાઓના જોબ નંબર કેટલી રકમના આપ્યા ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નીચે મુજબના પંચાયત હસ્તકના રસ્તાઓને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં જોબનંબર આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | કામનું નામ | રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ધરમપુર | ગુંદીયા ખડકી રોડ | ૬૦.૦૦ |
| ૨ | વાંસદા | પ્રતાપનગર ચાપલધારા રોડ | ૩૨.૨૦ |
| ૩ | વાંસદા | કેવડી રોડ રેલ્વે સ્ટેશનથી સરા ખરજઇ રોડને જોડતો | ૨૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | રોડ | |
| ૪ | વાંસદા | વાંદરવેલા દોણજા રોડ | ૪૫.૦૦ |
| ૫ | વાંસદા | ખાનપુર બારતાડ રોડ | ૫૦.૦૦ |
| | | **કુલ : ૫ રસ્તા** | **૨૦૭.૨૦** |

------------

**પાટણ જિલ્લામાં પાક વીમા યોજના હેઠળ ચૂકવણી**

૩૧૫ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ક્યા ક્યા તાલુકામાં પાક વિમા યોજના હેઠળ કેટલા ખેડૂતોને કેટલી રકમનો વિમો ચૂકવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) રાષ્ટ્રિય કૃષિ વીમા યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ખેડૂતોને ચૂકવવામાં આવેલ પાકવીમાના દાવાની તથા લાભાર્થીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.ન. | વર્ષ | તાલુકો | રકમ રૂપિયામાં | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | રાધનપુર | ૧૨૯૪૬૯૫૯ | ૫૦૩૭ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ચાણસ્મા | ૧૬૬૫૫૪૦ | ૧૫૮૬ |
| | | હારીજ | ૭૫૦૧૩૨ | ૨૫૩ |
| | | પાટણ | ૪૨૩૨૬૧૫ | ૧૪૮૬ |
| | | સમી | ૧૫૬૮૫૪૩૧ | ૧૬૯૩ |
| | | સાંતલપુર | ૨૪૭૪૯૩૫૭ | ૬૬૬૭ |
| | | રાધનપુર | ૩૫૮૨૭૮૭૮ | ૩૮૩૮ |
| | | સિધ્ધપુર | ૫૩ | ૧ |

(૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલાને આ વિમાની રકમ ચૂકવવાની બાકી છે?

(૨) ""શુન્ય""

------------

**વ્યારા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ**

૨૪૫ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વ્યારા તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં લાઈટ-પીવાના પાણી અને ટોયલેટ વગરની કેટલી શાળાઓ તારીખ ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વ્યારા તાલુકામાં લાઇટ-પીવાના પાણી અને ટોયલેટની વિગતો નીચે મુજબ છે :

| તાલુકાનું નામ | કુલ શાળાઓ | ઉપલબ્ધ સુવિધાઓ વાળી શાળાની સંખ્યા | | ખુટતી સુવિધાઓ વાળી શાળાની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | વીજળી | શોચાલય | વીજળી | શોચાલય |
| વ્યારા | ૨૬૬ | ૧૮૦ | ૨૩૫ | ૮૬ | ૩૧ |

તાલુકાની તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધાઓ ઉપલબ્ધ છે.

(૨) આ શાળાઓમાં આ સુવિધા કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે?

(૨) સરકાર દ્વારા આયોજન યોજનાઓ હેઠળ તબક્કાવાર વીજળી અને ટોયલેટની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમ આયોજન કરવામાં આવે છે.

------------

**ભિલોડા અને ઈડર તાલુકાના ખેડૂતોને વીમા સહાય**

૩૯૨ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને ઈડર તાલુકામાં વર્ષ ૨૦૦૭-૦૮માં ભારે વરસાદના કારણે જમીન ધોવાણ અને પાક્ને થયેલ નુકશાનમાં કેટલા ખેડૂતોને પાક માટે અને જમીન ધોવાણ માટે તારીખ ૩૧-૧-૦૮ સુધીમાં સહાય ચૂકવવામાં આવી,

(૨) કેટલા ખેડૂતોને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ક્યારે ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

ઇડર અને ભિલોડા તાલુકાની અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૩) એક માસમાં.

------------

**મોરબી ખાતેના મણીમંદીરના પુનઃનિર્માણ અંગે**

૭૧૪ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી ખાતે ભૂકંપમાં ભારે નુકશાન પામેલ ઐતિહાસિક મણીમંદિરના પુનઃનિર્માણ કરવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) આ પુનઃનિર્માણ કરવાની કામગીરી ક્યારે પૂરી થશે, અને

(૩) કેટલા સમયમાં લોકો માટે ખુલ્લુ મુકાશે?

**જવાબ**

(૧) થી (૩)

બીન સરકારી સંસ્થાના સહયોગની દરખાસ્ત વિચારણા હેઠળ છે, જે આખરી થયા બાદ આગળની કાર્યવાહી થનાર છે.

------------

**ખેડા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય માટે અરજીઓ**

૧૦૮ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી મંજૂર થઈ અને કેટલી મંજૂર થવામાં બાકી છે?

**જવાબ**

(૧) ૧૦૭૯ અરજીઓ.

(૨) ૪૩૫ અરજીઓ મંજૂર થઇ અને ૩૬૮ અરજીઓ મંજૂર થવાની બાકી છે.

૨૭૬ અરજીઓ નામંજૂર થયેલ છે.

------------

**ભરૂચ જિલ્લામાં જમીનો નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની અરજીઓ**

૩૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા અંગેની કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૦ |
| ૨ | આમોદ | ૦ |
| ૩ | વાગરા | ૬ |
| ૪ | ભરૂચ | ૫ |
| ૫ | અંક્લેશ્વર | ૪૬ |
| ૬ | હાંસોટ | ૩૦ |
| ૭ | ઝઘડીયા | ૧૭ |
| ૮ | વાલીયા | ૦ |
| | કુલ....... | ૧૦૪ |

(૨)

આવી અને કેટલી પડતરમાં છે ?

| ક્રમ | તાલુકો | મંજૂર | પડતર |
|---|---|---|---|
| ૧ | જંબુસર | ૦ | ૦ |
| ૨ | આમોદ | ૦ | ૦ |
| ૩ | વાગરા | ૪ | ૨ |
| ૪ | ભરૂચ | ૫ | ૦ |
| ૫ | અંકલેશ્વર | ૧૯ | ૨૭ |
| ૬ | હાંસોટ | ૧૪ | ૧૬ |
| ૭ | ઝઘડીયા | ૧૬ | ૧ |
| ૮ | વાલીયા | ૦ | ૦ |
| | કુલ....... | ૫૮ | ૪૬ |

------------

## જસદણ તાલુકમાં નદી પરના પૂલ અંગે

૮૮૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના મોટી લાખાવડ અને મોટા હડમતીયા પાસેની ભાદર નદી પરના પૂલ ક્યારે મંજૂર કરવામાં આવ્યા,

(૨) હાલમાં બન્ને પૂલનું કામ ક્યા સ્ટેજે છે, અને

(૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)
(અ) મોટી લાખાવડ પાસેની ભાદર નદી પરના પુલનો સમાવેશ વર્ષ ૧૯૯૭-૯૮ના બજેટમાં કરવામાં આવેલ છે.
(બ) મોટા હડમતીયા પાસેની ભાદર નદી પરના પુલનો સમાવેશ વર્ષ ૨૦૦૦-૦૧નાં બજેટમાં કરવામાં આવેલ છે.

(૨)
(અ) મોટી લાખાવડ પુલના એપ્રોચમાં આવતી જમીનની સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં છે.
(બ) મોટા હડમતીયા પુલના કામ માટેની બીજીવાર એજન્સી માહે જાન્યુઆરી-૨૦૦૮માં નક્કી થતાં ઈજારદારશ્રી સાથે કરારખત કરી કામનો વર્કઓર્ડર આપવાની કાર્યવાહી હાથ પર છે.

(૩)
(અ) મોટી લાખાવડ પુલના એપ્રોચમાં આવતી જમીન સંપાદનની કાર્યવાહી પુર્ણ થયેથી નાણાકીય ઉપલબ્ધતા અનુસાર કામ હાથ ધરવામાં આવશે.
(બ) મોટા હડમતીયા પુલનું કામ આગામી બે વર્ષમાં પુર્ણ કરવાનું આયોજન છે.

------------

## બોરસદ તાલુકામાં મામલતદાર ક્ચેરીમાં સુવિધાઓ અંગે

૮૮૦ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં મામલતદાર ક્ચેરીના મકાનમાં પૂરતી સુવિધાનો અભાવ છે તે હકીક્ત સત્ય છે,

(૨) સદર ક્ચેરીનું મકાન નવું બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જમીન ઉપલબ્ધ થયેથી વિચારણા કરવામાં આવશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વેરાવળની સરકારી માધ્યમિક શાળાના મકાન અંગે**

૨૪૧ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ શહેર ખાતે આવેલ સરકારી માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક બોયઝ હાઈસ્કૂલના નવા મકાનનું બાંધકામ કરવા માટેની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) કામના ટેન્ડરો માંગવામાં આવેલ. |
| (૨) મકાનનું બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે અને નવા બિલ્ડીંગ પાછળ થનાર અંદાજીત ખર્ચ કેટલો છે ? | (૨) ટેન્ડર મંજૂર કરાયેલ છે. ઈજારદારશ્રી સાથે કરારખત થયે, કામ શરૂ કરવાનું આયોજન છે. આ કામના અંદાજિત ખર્ચની રકમ રૂા. ૩૨૪.૪૭ લાખ છે. |

------------

**માતા જશોદા એવોર્ડ આપવા અંગે**

૩૧૭ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં માતા જશોદા એવોર્ડ ક્યારથી અપાય છે, અને | (૧) ૨૦૦૭ થી. |
| (૨) તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલી બહેનોને આપવામાં આવ્યો છે ? | (૨) ૬૪૬. |

------------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા અંગે**

૮૯૪ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૩-૦૭ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં શહેરા અને લુણાવાડા તાલુકામાં નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ આવી, | (૧) ૨૭. |
| (૨) નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવાઈ નથી તેવા કેટલા ખેડૂતો છે, અને | (૨) |

| તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|
| શહેરા | ૭૫ |
| લુણાવાડા | ૯૪૨ |
| કુલ....... | ૧૦૧૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) નવી શરતની જમીનો જૂની શરતમાં ન ફેરવવાના કારણો શું છે ? | (૩) ખંડ-૨માંના ગ.ધા.ક. ૪૩થી પ્રતિબંધિત સત્તા પ્રકારના બાકી કેસોની રજુ થયેલ દરખાસ્તો ચકાસણી હેઠળ છે. જે તમામ ક્સો તા. ૩૦-૬-૨૦૦૭ પછી ઉપસ્થિત થયેલ છે. |

------------

**ઝાલોદ તાલુકાનો રસ્તો દુરસ્ત કરવા અંગે**

૧૯**શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઝાલોદ તાલુકાનો લીમડી-કરંબા-સંજેલી રોડ વચ્ચેનો પુલ તૂટી જવાથી આ રસ્તો હાલ બંધ છે એ હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ પુલ અને રોડ ચાલુ કરવા સરકારનું શું આયોજન છે ? | (૨) ધોવાણ થયેલ નાળાના બાંધકામ માટે ટેન્ડરની પ્રક્રિયા પુર્ણ થયેથી જેમ બન તેમ ઝડપથી કામ પુર્ણ કરવાનું આયોજન છે. |

**દહેગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ**

૭૨૯ **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દહેગામ તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં વિજળી-પાણી અને ટોયલેટની સુવિધા વિનાની કેટલી શાળાઓ તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ દહેગામ તાલુકામાં વીજળી, પાણી અને ટોયલેટની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કુલ શાળાઓ | ઉપલબ્ધ સુવિધાઓવાળી શાળાની સંખ્યા | | ખુટતી સુવિધાઓવાળી શાળાની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | વીજળી | શોચાલય | વીજળી | શોચાલય |
| દહેગામ | ૨૨૪ | ૨૨૦ | ૨૧૯ | ૦૪ | ૦૫ |

તાલુકાની તમામ શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે.

**પ્રશ્ન**

(૨) આ શાળાઓને આવી સુવિધાઓ કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૨) સરકાર દ્વારા આયોજન યોજનાઓ હેઠળ તબકકાવાર વીજળી અને ટોયલેટની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમ આયોજન કરવામાં આવે છે.

------------

**નલિયા-દેશલપર તાલુકાના રસ્તાની પહોળાઈ અંગે**

૮૬૪ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના નલિયા-દેશલપર રોડ પહોળો કરી મરામત કરવા અર્થે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ થશે અને કઈ એજન્સી ધ્વારા કરવામાં આવનાર છે, અને

(૩) જો ના, તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) ના, જી. નલિયા-દેશલપર રોડ પહોળો કરવાની યોજના આયોજન હેઠળ છે.

(૨) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે હાથ ધરવા આયોજન છે. ટેન્ડર પ્રક્રિયા આખરી થયા બાદ એજન્સીની જાણકારી પ્રાપ્ત થઈ શકશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પાટણ જિલ્લામાં માર્ગ સુધારણા માટે ગ્રાન્ટ**

૩૯૯ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના પંચાયત હસ્તક તથા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રસ્તા સુધારણા, ફલડ ડેમેજ પ્રોગ્રામ હેઠળ તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) પાટણ જિલ્લાના પંચાયત હસ્તક તથા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના **ફલડ ડેમેજ પ્રોગ્રામ હેઠળ રસ્તા સુધારણા** તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(રૂા. લાખમાં)

| અ. નં. | વર્ષ | પંચાયત રસ્તા | રાજ્ય રસ્તા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૧૦૩.૦૦ | ૧૧૭.૫૭ | ૨૨૦.૫૭ |
| ૨ | ૨૦૦૭-૦૮ (તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ) | ૭૩.૦૦ | ૪૨.૯૨ | ૧૧૫.૯૨ |

**પ્રશ્ન**

(૨) ક્યા ક્યા રસ્તા માટે સદરહુ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૨) પંચાયત રસ્તા (બિડાણ : * પરિશિષ્ટ-૧,૨,૩ મુજબ)

પરિશિષ્ટ-૧ મુજબ ૧૨૮ રસ્તા માટે, પરિશિષ્ટ-૨ મુજબ ૨૧૩ રસ્તા માટે તથા પરિશિષ્ટ-૩ મુજબ ૩૯ રસ્તા માટે સદરહું ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો.

રાજ્ય રસ્તા : (બિડાણ : * પરિશિષ્ટ-૪ મુજબ)

પરિશિષ્ટ-૪ મુજબ ૧૩૭ રસ્તા માટે ગ્રાન્ટનો ઉપયોગ કરેલ છે.
(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**બાયડ તાલુકાના તૂટી ગયેલ પુલની મરામત અંગે**

૮૭૮ **શ્રી માનસિંહ કો.ચૌહાણM#> (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં દહેગામ-બાયડ વચ્ચેનો પુલ ચોમાસામાં તૂટી ગયેલ તે વાત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો પુલનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) તા. ૧૮/૨/૦૮થી કામ શરૂ કરવાનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. કરાર મુજબ ૮ માસમાં પૂર્ણ કરવા આયોજન છે. |

------------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ**

૩૧૨ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં ૮૭૨૫ જેટલી પ્રાથમિક શાળાઓ વીજ જોડાણથી વંચિત છે તે હકીકત સાચી છે, અને | (૧) રાજ્યમાં ૨૩૯૪૩ પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ આપવામાં આવેલ છે. તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ૮૭૨૫ પ્રાથમિક શાળાઓ વીજ જોડાણથી વંચિત નથી પરંતું ૭૨૧૩ પ્રાથમિક શાળાઓ વીજ જોડાણથી વંચિત છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ અપાયા અને બાકીના ક્યારે અપાશે ? | (૨) ૨૩૯૪૩ પ્રાથમિક શાળાઓમાં વીજ જોડાણ અપાયેલ છે. બાકીની પ્રાથમિક શાળાઓમાં જેમ બને જલ્દી. |

------------

**વડોદરા જિલ્લાના ખેડૂતોને કિટસ આપવા અંગે**

૯૭ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની કિટસ આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સન ૨૦૦૬-૦૭ અને સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર, ખેડૂતોને આપેલ કીટસની વિગત પરિશિષ્ટ. ૧ મુજબ છે. |
| (૨) તેનો અંદાજીત ખર્ચ કેટલો ? | (૨) સન ૨૦૦૬-૦૭માં રૂા. ૨,૪૩,૦૫,૩૮૧=૦૦ અને ૨૦૦૭-૦૮માં રૂા.૨,૬૦,૯૭,૦૦૦=૦૦નો ખર્ચ થયેલ છે. |

પરિશિષ્ટ-૧

વડોદરા જિલ્લામાં વિતરણ કરેલ વર્ષ ૨૦૦૬-૦૭ તથા ૨૦૦૭-૦૮ની તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર લાભાર્થી ખેડૂતોની સંખ્યા તથા કિટ્સની રકમની વિગત.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | |
|---|---|---|---|---|---|
| | | ખેડૂતોની સંખ્યા | કિટસની કિંમત રૂપિયા | ખેડૂતોની સંખ્યા | કિટસની કિંમત રૂપિયા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વડોદરા | ૫૪૩ | ૬૯૨૭૮૬ | ૫૧૮ | ૬૯૫૪૦૬ |
| ૨ | પાદરા | ૪૭૦ | ૫૯૩૨૩૬ | ૪૮૪ | ૬૨૯૯૪૯ |
| ૩ | કરજણ | ૫૭૦ | ૭૦૬૭૬૮ | ૫૮૫ | ૭૫૫૩૫૬ |
| ૪ | સાવલી | ૭૩૫ | ૯૪૦૮૯૫ | ૭૪૨ | ૧૦૦૨૨૩૨ |
| ૫ | વાઘોડીયા | ૫૨૦ | ૬૬૧૨૭૧ | ૫૩૦ | ૭૧૭૨૫૮ |
| ૬ | ડભોઈ | ૬૯૩ | ૮૬૭૩૪૦ | ૭૦૮ | ૯૨૭૧૨૧ |
| ૭ | શિનોર | ૨૫૦ | ૩૦૭૬૧૮ | ૨૫૩ | ૩૨૫૯૭૫ |
| ૮ | સંખેડા | ૨૯૭૫ | ૩૧૪૮૬૯૭ | ૨૮૮૫ | ૩૪૩૪૪૯૯ |

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૬-૦૭ | | ૨૦૦૭-૦૮ | |
|---|---|---|---|---|---|
| | | ખેડૂતોની સંખ્યા | કિટસની કિંમત રૂપિયા | ખેડૂતોની સંખ્યા | કિટસની કિંમત રૂપિયા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૯ | પાવીજેતપુર | ૬૨૫૭ | ૫૭૧૯૩૭૭ | ૫૬૧૦ | ૫૬૪૭૩૨૩ |
| ૧૦ | છોટાઉદેપુર | ૩૫૮૨ | ૩૩૭૧૭૩૭ | ૩૪૫૭ | ૩૬૩૮૮૦૭ |
| ૧૧ | ક્વાંટ | ૩૨૦૩ | ૩૧૧૯૧૪૨ | ૩૧૫૮ | ૩૩૦૪૨૮૯ |
| ૧૨ | નસવાડી | ૩૯૮૫ | ૪૧૭૬૫૧૪ | ૪૫૫૪ | ૫૦૧૮૭૮૫ |
| | કુલ | ૨૩૭૮૩ | ૨૪૩૦૫૩૮૧ | ૨૩૪૮૪ | ૨૬૦૯૭૦૦૦ |

------------

**૧૦૪**

**કામરેજ અને માંડવી તાલુકાને જોડતો પુલ બાંધવા અંગે**

૩૯૬ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કામરેજ અને માંડવી તાલુકાને જોડતા તાપી નદી પર ગલતેશ્વર અને બોધાન વચ્ચે પુલનું બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૨) આ બાંધકામ અંગે જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) પુરતી જોગવાઈ નહોઈ હાલ કોઈ આયોજન વિચારેલ નથી.

(૨) ૨૦૦૭-૦૮ના બજેટમાં રૂા.૧ લાખની જોગવાઈ થયેલ છે.

------------

**હાંસોટ-કોસંબા માર્ગ પર પુલ બાંધવા અંગે**

૨૭૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાંસોટ-કોસંબા રોડ ઉપર વંડખાદી ઉપરનો પુલ રોડ કરતા લગભગ ૪ ફૂટ નીચો હોવાથી દર ચોમાસામાં વધુ વરસાદ પડે ત્યારે પુલ ઉપરથી ૫ થી ૬ ફૂટ ઉપર પાણી વહે છે જેને કારણે અઠવાડિયાઓ સુધી વાહનવ્યવહાર બંધ રહે છે તે પુલ પુનઃબાંધવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં પુલ બાંધવા માંગો છો ?

**જવાબ**

(૧) હા જી,

(૨) સર્વે-ઈન્વેસ્ટીગેશનની કામગીરી પૂર્ણ થતા વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી કામગીરી હાથ ધરવામાં આવશે.

------------

**રાજ્યમાં કૃષિ વિષયક ધિરાણ યોજના**

૭૧૯ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ વિષયક ધિરાણના વ્યાજમાં રાહત આપવા સંબધી કોઈ યોજના કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલ છે કે, કેમ

(૨) જો હા, તો ક્યારે જાહેર થયેલ છે તેની ટૂંકી વિગત શું છે,

(૩) રાજ્યના ખેડૂતોને સદર યોજનાનો લાભ મળે છે કે કેમ, અને

(૪) આ યોજના અંતર્ગત તા. ૩૧-૧-૦૮ની

**જવાબ**

(૧) હા, જી.

(૨) (અ) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ટુંકાગાળાના પાક ધિરાણ ઉપર ૨% લેખે એક લાખની ધિરાણની મર્યાદામાં કેન્દ્ર સરકાર દ્વારા વ્યાજ સહાયની યોજના અમલમાં મુકવામાં આવેલ હતી.

(બ) કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં ક્રેડિટ પોલીસીના ભાગરૂપે રૂપિયા ત્રણ લાખ સુધીના ટુંકી મુદતના કૃષિ ધિરાણ માટે ખેડૂતોને ૭% ના દરે મળે તેવી યોજના અમલમાં છે.

(૩) હા, જી.

(૪) તા.૩૧-૦૧-૦૮ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી

| | |
|---|---|
| સ્થિતિએ રાજ્યમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમની ફાળવણી થયેલ છે ? | રૂપિયા ૫૫.૮૯/- કરોડની ફાળવણી થયેલ છે. |

------------

**પસાયતા ચાકરીયાત ઈનામી જમીનો રીગ્રાન્ટ કરવા અંગે**

૯૦૬ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પસાયતા ચાકરીયાત ઈનામી જમીનોની રીગ્રાન્ટ કરવા માટે ૬ પટ લઈ હુકમો કરવાની મુદત છેલ્લે સરકારે ક્યાં સુધી લંબાવેલી છે, | (૧) તા.૩૦/૬/૧૯૯૯ સુધી |
| (૨) તે મુદતમાં હુકમો ન થયા હોય અથવા તો ખાતેદારોને જાણ થઈ ન હોય તેવા કેટલા પડતર કેસો છે, | (૨) ૩,૪૧૧ કેસો |
| (૩) તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં આ બાકી કેસોમાં મુદત લંબાવવા સરકારની કોઈ વિચારણા છે કે કેમ ? | (૩) ના, જી. |

------------

**કચ્છ જિલ્લામાં શૈક્ષણિક, સામાજિક અને આરોગ્ય સેવા પ્રવૃત્તિઓ માટે જમીનો**

૮૮૯ **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સ્વૈછિક સંસ્થાઓ ધ્વારા શૈક્ષણિક/સામાજિક/આરોગ્ય સેવાની પ્રવૃત્તિના હેતુ માટે સરકારી જમીનની માંગણીઓ નિકાલ થયા વગરની બાકી છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો કઈ કઈ સંસ્થાની આવી માંગણીઓ કઈ કઈ તારીખે આવી અને અરજીઓના નિકાલ ન થવાના કારણો શા છે, અને | (૨) ૫ત્રક-૧ મુજબ |
| (૩) છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કોને કોને કેટલી જમીન ક્યારે ક્યારે ક્યા ભાવે આપી ? | (૩) ૫ત્રક-૨ મુજબ |

**૫ત્રક-૧**

| ક્રમ | માંગણીદાર સંસ્થાનું નામ | માંગણી કઇ તારીખે આવી | અરજીઓના નિકાલ ન થવાના કારણો શા છે. |
|---|---|---|---|
| ૧ | અર્ચના ચેરીટેબલ ટ્રસ્ટ નખત્રાણા, તા. નખત્રાણા | ૧૦-૧-૦૩ | પુર્તતા થવા માટે બાકી |
| ૨ | નખત્રાણા તાલુકા પાટીદાર સેવા સંઘ, મથલ, તા. નખત્રાણા | ૮-૮-૦૫ | પુર્તતા થવા માટે બાકી |
| ૩ | નખત્રાણા તાલુકા પાટીદાર સેવા સંઘ, મથલ, તા. નખત્રાણા | ૧૫-૬-૦૩ | પુર્તતા થવા માટે બાકી |
| ૪ | શ્રી શ્રુર્જન ટ્રસ્ટ, ભુજોડી, તા. અબડાસા | ૨૪-૧૧-૦૧ | પુર્તતા થવા માટે બાકી |
| ૫ | શ્રી શ્રુર્જન ટ્રસ્ટ, ભુજોડી, તા. અબડાસા | ૧૧-૯-૦૨ | પુર્તતા થવા માટે બાકી |
| ૬ | શ્રી શ્રુર્જન ટ્રસ્ટ, ભુજોડી, તા. અબડાસા | ૧૧-૯-૦૨ | પુર્તતા થવા માટે બાકી |
| ૭ | શ્રી શ્રુર્જન ટ્રસ્ટ, ભુજોડી, તા. અબડાસા | ૧૧-૯-૦૨ | પુર્તતા થવા માટે બાકી |
| ૮ | શ્રી શ્રુર્જન ટ્રસ્ટ, ભુજોડી, તા. અબડાસા | ૧૧-૯-૦૨ | પુર્તતા થવા માટે બાકી |
| ૯ | શ્રી કચ્છીભાનુ સંતશ્રી ઓધવજી મહારાજ સા. ટ્રસ્ટ, રાતાતળાવ, તા. અબડાસા | ૨૮-૬-૦૪ | જમીનના વિગતવાર પ્લાન રજુ કરવા કલે.ના પત્ર તા. ૨/૦૮ વાળાથી પરત કરેલ. |
| ૧૦ | શ્રી કચ્છીભાનુ સંતશ્રી ઓધવજી મહારાજ સા. ટ્રસ્ટ, રાતાતળાવ, તા. અબડાસા | ૨૮-૬-૦૪ | જમીનના વિગતવાર પ્લાન રજુ કરવા કલે.ના પત્ર તા. ૨/૦૮ વાળાથી પરત કરેલ. |

| ક્રમ | માંગણીદાર સંસ્થાનું નામ | માંગણી કઇ તારીખે આવી | અરજીઓના નિકાલ ન થવાના કારણો શા છે. |
|---|---|---|---|
| ૧૧ | શ્રી કચ્છીભાનુ સંતશ્રી ઓધવજી મહારાજ સા. ટ્રસ્ટ, રાતાતળાવ, તા. અબડાસા | ૨૮-૬-૦૪ | જમીનના વિગતવાર પ્લાન રજુ કરવા કલે.ના પત્ર તા. ૨/૦૮ વાળાથી પરત કરેલ. |
| ૧૨ | ભાનુશાલી સાર્વજનિક ટ્રસ્ટ, તા. અબડાસા | ૧૮-૭-૯૭ | સરકારશ્રીમાં દરખાસ્ત કરવા રજુઆત પર બાકી. |
| ૧૩ | ઇન્ડીયન ઇન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ, કોઠારા, તા. અબડાસા | ૨૬-૧૦-૦૬ | સરકારશ્રીમાં દરખાસ્ત કરવા રજુઆત પર બાકી. |
| ૧૪ | શ્રી ગરડા પંથક રબારી એજ્યુ. એન્ડ વેલફેર ટ્રસ્ટ, વાયોર, તા. અબડાસા | ૧૨/૦૧ | પુર્તતા થવા માટે બાકી |
| ૧૫ | શ્રી વાયોર વિવિધલક્ષી વિકાસ મંડળ ટ્રસ્ટ, વાયોર, તા. અબડાસા | ૧૮/૧૦/૦૧ | પુર્તતા થવા માટે બાકી |
| ૧૬ | શ્રી સેતુ કેન્દ્ર, છાડુરા, તા. અબડાસા | ૧૪/૯/૦૨ | પુર્તતા થવા માટે બાકી |
| ૧૭ | શ્રી કચ્છીભાનુ સંતશ્રી ઓધવજી મહારાજ સા. ટ્રસ્ટ, રાતાતળાવ, તા. અબડાસા | ૧/૦૫ | પુર્તતા થવા માટે |
| ૧૮ | શ્રી વાલરામ તીર્થધાર ચેરી. ટ્રસ્ટ, મુરચબાણા, તા. લખપત | ૧-૧૧-૦૫ | પુર્તતા થવા માટે બાકી |
| ૧૯ | શ્રી કડવા પાટીદાર સમાજ, માતાનામઢ, તા. લખપત | ૧-૧૧-૦૪ | પુર્તતા થવા માટે બાકી |
| ૨૦ | શ્રી વિવેકાનંદ રીચર્સ એન્ડ ટ્રેનીંગ ઇન્સ્ટી., નલીયા, તા. લખપત | ૮-૧૧-૦૫ | આર એન્ડ બી.અને વનખાતાના અભિપ્રાય લેવા પર બાકી |
| ૨૧ | કચ્છ કલ્યાણ સંઘ, ગાંધીધામ, તા. ગાંધીધામ | ૧૧-૧-૦૩ | પુર્તતા પર બાકી |
| ૨૨ | અનુપમ મિશન, તા. ગાંધીધામ | ૨૦-૫-૦૫ | પુર્તતા થવા માટે બાકી |
| ૨૩ | પદમા એજ્યુ. એન્ડ વેલફેર, તા. ગાંધીધામ | ૨૪-૪-૦૬ | રજુઆત પર બાકી |
| ૨૪ | શિવકૃપા હોસ્પીટલ પ્રા. લી., ગાંધીધામ, તા. ગાંધીધામ | ૬-૫-૦૬ | પુર્તતા પર બાકી |
| ૨૫ | સંકલિત બાળ વિકાસ ઘટક અધિ., ગાંધીધામ, તા. ગાંધીધામ | ૨૫-૬-૦૭ | પુર્તતા પર બાકી |
| ૨૬ | શ્રી કેશવ મુળપ્રકાશ ચેરી. ટ્રસ્ટ, તા. ભચાઉ | ૧૧-૭-૦૭ | અન્ય ખાતાના અભિપ્રાય લેવા પર બાકી |
| ૨૭ | નવચેતન સંઘજન મંડળ, ભચાઉ, તા. ભચાઉ | ૧૧૧૦-૦૨ | પુર્તતા થવા માટે બાકી |
| ૨૮ | અખીલ આંજણા ચોધરી કેળવણી મંડળ, રાપર, તા. રાપર | ૨૯-૫-૦૬ | પુર્તતા થવા માટે બાકી |
| ૨૯ | કચ્છ વિકાસ ભારતી, પલાસવા, તા. રાપર | ૨૫-૪-૦૧ | પુર્તતા થવા માટે બાકી |

| ક્રમ | માંગણીદાર સંસ્થાનું નામ | માંગણી કઇ તારીખે આવી | અરજીઓના નિકાલ ન થવાના કારણો શા છે. |
|---|---|---|---|
| ૩૦ | શ્રી હરિ રૂરલ ડેવલોપમેન્ટ સેન્ટર, ધમડકા, તા. અંજાર | ૩૧-૭-૦૪ | પુર્તતા થવા માટે બાકી |
| ૩૧ | ગુજર સુતાર બેચોવીસી જ્ઞાતિ ટ્રસ્ટ, તા. અંજાર | ૨૬-૭-૦૫ | ચકાસણી પર બાકી |
| ૩૨ | સ્વ. મણીબેન અને સ્વ. બચુભાઇ દમજી વાઘેલા ચેરી. ટ્રસ્ટ, તા. અંજાર | ૨૭-૭-૦૫ | ચકાસણી પર બાકી |
| ૩૩ | અંજાર મોચી જ્ઞાતિ ટ્રસ્ટ, તા. અંજાર | ૩૦-૧-૦૬ | ચકાસણી પર બાકી |
| ૩૪ | શ્રી સાંનિધ્ય ટ્રસ્ટ, તા. અંજાર | ૧૩-૨-૦૬ | ચકાસણી પર બાકી |
| ૩૫ | શ્રી નિત્યાનંદ સેવા ટ્રસ્ટ, તા. અંજાર | ૧૬-૧૨-૦૫ | પુર્તતા પર બાકી |
| ૩૬ | શ્રી કર્મનિકેતન ટ્રસ્ટ, તા. અંજાર | ૮-૩-૦૬ | અન્ય ખાતાના અભિપ્રાય પર બાકી |
| ૩૭ | શ્રી કર્મનિકેતન ટ્રસ્ટ, તા. અંજાર | ૧૨-૧૨-૦૬ | પુર્તતા પર બાકી |
| ૩૮ | શ્રી અખિલ કચ્છ કોલી જાગૃતિ મંડળ, તા. અંજાર | ૨૦-૭-૦૭ | ચકાસણી પર બાકી |
| ૩૯ | શ્રી ત્રિકમ સાહેબ મીઠુબા અમૃતધામ, તા. અંજાર | ૨૯-૬-૦૪ | ચકાસણી પર બાકી |
| ૪૦ | શિવ શક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ, ભુજ, તા. ભુજ | ૫-૧૨-૦૪ | પુર્તતા થવા માટે બાકી |
| ૪૧ | શ્રી આશાપરા વિવિધલક્ષી ચેરી. ટ્રસ્ટ, ભુજ, તા. ભુજ | ૧૭-૩-૦૫ | અન્ય ખાતાના અભિપ્રાય પર બાકી |
| ૪૨ | વિશ્વહિન્દુ પરિષદ, તા. ભુજ | ૯-૪-૦૪ | કીંમત નક્કી થવા પર બાકી |
| ૪૩ | શ્રી દલિત વિકાસ સમાજ સેવા ટ્રસ્ટ, તા. ભુજ | ૨૧-૪-૦૧ | પુર્તતા પર બાકી |
| ૪૪ | શ્રી જંબુધ્ધિ ટ્રસ્ટ, ભુજ, તા. ભુજ | ૧૫-૯-૦૩ | પુર્તતા પર બાકી |
| ૪૫ | સઇસુતાર સમાજવાડી, સુખપર, તા. ભુજ | ૧૫-૯-૦૫ | ચકાસણી પર બાકી |
| ૪૬ | લાયન્સ ચેરી. ટ્રસ્ટ, ભુજ, તા. ભુજ | ૩૦-૪-૦૫ | પુર્તતા પર બાકી |
| ૪૭ | મેકણદાદા ગોશાળા અને પાંજરાપોળ ટ્રસ્ટ, તા. ભુજ | ૨૯-૨-૦૬ | પુર્તતા પર બાકી |
| ૪૮ | વાગડ સાત ચોવીસ, માધાપર, તા. ભુજ | ૧૫-૪-૦૭ | પુર્તતા થવા માટે બાકી |
| ૪૯ | શ્રીમતી જીવીબેન મોરારજી ફાઉન્ડેશન ટ્રસ્ટ, મુંબઇ | ૩-૬-૯૬ | પુર્તતા થવા માટે બાકી |
| ૫૦ | શ્રીમતી ઝવેરીબેન ડુંગરશી વોરા ચેરી. ટ્રસ્ટ, મુંબઇ | ૧-૯-૦૪ | પુર્તતા થવા માટે બાકી |
| ૫૧ | શ્રી ઝાલાવાડી ઓદિચ્ય. બ્રહ્મભટ સમાજ, માંડવી | ૧૮-૯-૦૨ | પુર્તતા થવા માટે બાકી |
| ૫૨ | શ્રી બોચાસણવાસી અક્ષરપુરૂષોત્તમ સ્વામી. સંસ્થા, અમદાવાદ | ૧૭-૫-૦૧ | પુર્તતા થવા માટે બાકી |
| ૫૩ | શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ, બિદડા, તા. મુંદરા | ૨૧-૩-૦૬ | પુર્તતા થવા માટે બાકી |
| ૫૪ | શ્રી એન્ગ્લો કચ્છ એજ્યુ. સોસાયટી, માંડવી | ૫-૪-૦૪ | અન્ય ખાતાના અભિપ્રાય પર બાકી |

**પત્રક-૨**

| ક્રમ | સંસ્થાનું નામ | માંગણીનો હેતુ | માંગણી મંજૂર કર્યાનું વર્ષ | જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | જમીનનો ભાવ રૂપિયા (પ્રતિ ચો.મી.ના) |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | મેઘમાયા માકપટ મારૂ સમાજ ટ્રસ્ટ, નાનાઅંગીયા, તા. નખત્રાણા | સમાજવાડી બનાવવા માટે | ૧૨-૮-૨૦૦૫ | ૮૦૦ ચો.મી. | ૩૮૦/- |
| ૨ | કચ્છ કડવા પાટીદાર સમાજ નાનાઆંગીયા, તા.નખત્રાણા | સમાજવાડી બનાવવા માટે | ૧૨-૮-૨૦૦૫ | ૬૮૦ ચો.મી. | ૧૭૨/- |
| ૩ | અક્ષર પુરૂષોત્તમ સ્વામી.મંદિર,અમદાવાદ, તા.લખપત | તાલીમી શિબીર બાલકેન્દ્ર શૈક્ષણિક હેતુ | ૧૨-૧૨-૨૦૦૫ | ૮૦૯૩ ચો.મી. | ૫૦/- |
| ૪ | ગઢસીસા પાટીદાર સમાજ, માંડવી, તા. માંડવી | શૈક્ષણિક હેતુ | ૧૭-૯-૨૦૦૫ | ૬૮૯.૩૧ ચો.મી. | ૫૨૭/- |
| ૫ | આશાપુરા એજ્યુ. ટ્રસ્ટ, તા. માંડવી | શૈક્ષણિક હેતુ | ૨૮-૪-૨૦૦૬ | ૧૪૨૧ ચો.મી. | વાર્ષિક રૂા.૧/- ના ભાડાપટ્ટેથી ૧૫ વર્ષ માટે |
| ૬ | શ્રી અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી, તા. માંડવી | શાળા, રહેઠાણ તથા રમત ગમતના મેદાન માટે | ૧૦-૭-૨૦૦૬ | ૭૯૮૨.૪૦ ચો.મી. | ૧૭૦/- |
| ૭ | રશીમીડે ફાઉ. નાગોર, તા. ભુજ | શૈક્ષણિક હેતુ | ૧૩-૧-૨૦૦૬ | ૫૦૦ ચો.મી. | વાર્ષિક રૂા.૧/- ના ભાડાપટ્ટેથી ૧૫ વર્ષ માટે |
| ૮ | સુંપાશ્વ જૈન સેવા મંડળ, તા. ભુજ | પશુહોસ્પીટલ બનાવવા માટે | ૨૪-૩-૨૦૦૬ | ૧૨૧૪ ચો.મી. | ૨૦/- |
| ૯<br>એચબી-૯૯૦-૧૫ | સ્વામીનારાયણ મંદિર, તા. ભુજ | ધાર્મિક હેતુ માટે | ૪-૨૦૦૬ | ૫૧૧૪.૭૧ ચો.મી. | ૯૦૦૦/- |
| ૧૦ | શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ, તા. ભુજ | છાત્રાલય બનાવવા માટે | ૨૨-૮-૨૦૦૬ | ૧૯૭.૮૬ ચો.મી. | ૨૩/- |
| ૧૧ | ધી મુસ્લીમ એજ્યુ. વેલફેર સોસા. ભુજ, તા. ભુજ | શૈક્ષણિક હેતુ | ૧૨-૧૨-૨૦૦૬ | ૫૪૬૪ ચો.મી. | ૬૭.૨૦ |
| ૧૨ | શ્રી દાઉદી બોહરા જમાત, ભુજ, તા. ભુજ | સમાજવાડી બનાવવા માટે | ૨૪-૧-૨૦૦૬ | ૩૬૦૦ ચો.મી. | ૧૨૫/- લેખે |
| ૧૩ | ભચાઉ તાલુકાના ખાદી ગ્રામોદ્યોગ વિકાસ મંડળ, તા. ભચાઉ | કન્યા છાત્રાલય, આઇટીઆઇ તાલીમ કેન્દ્રના હેતુ માટે | -૨૦૦૬ | ૪૦૪૭ ચો.મી. | વાર્ષિક રૂા.૧/- ના ભાડાપટ્ટેથી ૩૦ વર્ષ માટે |
| ૧૪ | મીશ્નર ઓફ ચેરીટી, તા. ભચાઉ | અનાથ આશ્રમ એટલે કે બીમાર અને નિરાધાર લોકોનું આશ્રય સ્થાન બનાવવા માટે | -૨૦૦૬ | ૮૦૯૬ ચો.મી. | ૧૮૦/-લેખે |
| ૧૫ | ગ્રામ્ય સેવા સંગઠન, રાપર, તા. રાપર | આરોગ્ય વિષયક પ્રવૃત્તિ માટે | -૨૦૦૬ | ૮૦૯૪ ચો.મી. | ૫૦.૪૦/-લેખે |
| ૧૬ | રાષ્ટ્રીય સ્વાભિમાન સંસ્થા, દુધઇ, તા. અંજાર | સામાજિક હેતુ માટે | ૨૮-૩-૨૦૦૬ | | ૫૦.૪૦/-લેખે |
| ૧૭ | ધી વ્હાઇટ ઇગલ એજ્યુ. ટ્રસ્ટ, દેવપર, તા. નખત્રાણા | શૈક્ષણિક હેતુ માટે | ૮-૮-૨૦૦૭ | ૬૧૬ ચો.મી. | વાર્ષિક રૂા.૧/- ના |

| ક્રમ | સંસ્થાનું નામ | માંગણીનો હેતુ | માંગણી મંજૂર કર્યાનું વર્ષ | જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | જમીનનો ભાવ રૂપિયા (પ્રતિ ચો.મી.ના) |
|---|---|---|---|---|---|
| | | | | | ભાડાપટ્ટેથી ૧૫ વર્ષ માટે |
| ૧૮ | શ્રી આર્ય કલ્યાણ જૈન ચેરી. ટ્રસ્ટ, તા. માંડવી | ધાર્મિક હેતુ માટે | ૩૧-૧૨-૨૦૦૭ | ૮૨૫ ચો.મી. | ૨૭૫/- |
| ૧૯ | શ્રી કચ્છ મહિલા વિકાસ સંગઠન, ભુજ, તા. મુંદરા | મહિલા સંગઠન પ્રવૃત્તિ કેન્દ્ર તેમજ ઓફિસ માટે | ૧૦-૮-૨૦૦૭ | ૫૦૦ ચો.મી. | ૨૧૫/- |
| ૨૦ | શ્રી વાગડ બે ચોવીસ સ્થાનકવાસી જૈન યુવક મંડળ, ભુજ, તા. ભુજ | સ્પોર્ટસ સંકુલ વિવિધ લક્ષી સંકુલ માટે | ૮-૮-૨૦૦૭ | ૩૨૫૦ ચો.મી. | ૧૨૫૦/- |

------------

**રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ અનુદાનિત કરવા અંગે**

૩૯૩ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને છેલ્લા ૩ વર્ષમાં ગ્રાન્ટેડ કરવામાં આવી,

(૨) પછાત વિસ્તારોમાં આવેલ નોન-ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ કરવા કઈ પ્રાયોરીટી નક્કી કરવામાં આવી છે કે કેમ, અને

(૩) આવા પછાત વિસ્તારોની શાળાઓને સરકાર ક્યારે ગ્રાન્ટેડ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ૬૨ માધ્યમિક અને ૬૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેડ કરવામાં આવી.

(૨) બાળકોની સંખ્યા, હોસ્ટેલની સુવિધા સાથેની શાળા, અંતરિયાળ અને પર્વતાળ વિસ્તાર, મહિલા સાક્ષરતા વગેરેની પ્રાયોરીટી ગ્રાન્ટેડ માટે નક્કી કરેલ છે.

(૩) બજેટમાં સમાવિષ્ટ નાણાંકીય જોગવાઇના પ્રમાણમાં ગ્રાન્ટેડ કરવામાં આવશે.

------------

**વાગરા, ભરૂચ અને આમોદ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ**

૩૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાગરા, ભરૂચ અને આમોદ તાલુકાની કઈ કઈ પ્રાથમિક શાળાઓમાં પાણી-વીજળી-ટોયલેટની પ્રાથમિક સુવિધાઓ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ઉપલબ્ધ નથી, અને

(૨) સરકારે આ સુવિધાઓ પૂરી પાડવા શી વ્યવસ્થા ગોઠવી છે ?

**જવાબ**

(૧) વાગરા, ભરૂચ અને આમોદ તાલુકાની નીચેના પત્રક મુજબની પ્રાથમિક શાળાઓમાં પાણી-વીજળી-ટોયલેટની પ્રાથમિક સુવિધાઓ તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ઉપલબ્ધ નથી. શાળાઓની યાદી *પત્રક-૧ મુજબ

| તાલુકાનું નામ | કુલ શાળાઓ | ઉપલબ્ધ સુવિધાઓવાળી શાળાની સંખ્યા | | ખુટતી સુવિધાઓવાળી શાળાની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | વીજળી | શોચાલયા | વીજળી | શોચાલય |
| વાગરા | ૭૨ | ૬૮ | ૬૯ | ૦૪ | ૦૩ |
| ભરૂચ | ૧૨૧ | ૧૧૧ | ૧૧૬ | ૧૦ | ૦૫ |
| આમોદ | ૬૫ | ૬૦ | ૬૪ | ૦૫ | ૦૧ |

જિલ્લાના તમામ તાલુકાની શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) સરકાર દ્વારા આયોજન યોજનાઓ હેઠળ તબક્કાવાર વીજળી અને ટોઇલેટની સુવિધાઓ ઉપલબ્ધ

થાય તેમ આયોજન કરવામાં આવે છે.

**પત્રક-૧**

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ જિલ્લાની ભરૂચ, આમોદ અને વાગરા તાલુકાની
પ્રાથમિક સુવિધાઓથી વંચિત પ્રાથમિક શાળાઓની યાદી

| | **તાલુકો** | **વીજળીકરણ** | **સેનીટેશન** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧. | ભરૂચ | કુકરવાડા | નવીનગરી પાલેજ |
| | | માંચ | દેરોલ મિશ્ર |
| | | કેલોદ | દરોલ નવી |
| | | શંખવાડ | હિગલ્લા |
| | | ઉમરા | કરજણ |
| | | કરજણ | |
| | | કાસદ | |
| | | દેરોલ | |
| | | હિગલ્લા | |
| | | કરમાડ કન્યા | |
| | **કુલ** | **૧૦** | **૫** |
| ૨. | આમોદ | આસનેરા | આસનેરા |
| | | મછાસરા | |
| | | ન.વ. આછોડ | |
| | | જુના કોબલા | |
| | | નવા વાડિયા | |
| | **કુલ** | **૫** | **૧** |
| ૩. | વાગરા | ભેંસલી | ખડખંડોલી |
| | | નવા વાડીયા | કોલીયાદ |
| | | વાંટા ફળિયા વાગરા | વિછિયાદ |
| | | સંભેટી | |
| | **કુલ** | **૪** | **૩** |

------------

## આણંદ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન તંત્રની કામગીરી

૮૮૧ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન તંત્ર કાર્યરત છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) તેનું મંજૂર મહેકમ કેટલું છે અને કેટલી જગ્યા ખાલી છે, | (૨) (૧) મામલતદાર - ૧<br>(૨) નાયબ મામલતદાર - ૧<br>(૩) કર્લાક-કમ-ટાઈપીસ્ટ - ૧<br>(૪) પટાવાળા-કમ-ડ્રાઈવર - ૧<br>કોઈ જગ્યા ખાલી નથી. |
| (૩) આ તંત્રને તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૩) ફાળવેલ ગ્રાન્ટ રૂા. ૨૯,૬૦,૦૦,૦૦૦/-<br>થયેલ ખર્ચ રૂા. ૨૫,૫૮,૪૩,૯૬૫/- |
| (૪) આ તંત્ર પાસે ક્યા ક્યા પ્રકારના સાધનો (મશીનરી) ઉપલબ્ધ છે | (૪) (૧) ૨૦૦ ફુટના દોરડા નંગ ૪૦૦<br>(૨) ૧૦૦ ફુટના દોરડા નંગ ૨૦૦ |

(૩) લાઈફ સેવીંગ જેકેટ નંગ ૧૦૦૦
(૪) લાઈફબોયા નંગ ૧૦૦૦
(૫) જનરેટર સેટ નંગ ૧૦

### રાજ્યમાં જમીનોની માપણી

૨૪૨ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસૂલ કાયદાની જોગવાઈ પ્રમાણે રાજ્ય જમીનોની માપણી દર ૩૦ વરસે થવી જોઈએ તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો છેલ્લે ક્યારે માપણી કરવામાં આવી, | (૨) સમગ્ર રાજ્યમાં ફેરમોજણીની કાર્યવાહી સને. ૧૯૭૫-૭૬ થી શરૂ કરવામાં આવેલ છે. જે હાલ પણ ચાલુ છે. |
| (૩) અને માપણી ન થઈ શકવાના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) માપણી કરવા રાજ્ય સરકાર શું નિર્ણય લેવા માંગે છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### શહેરા અને લુણાવાડા તાલુકામાં પૂરથી થયેલ ધોવાણ

૮૯૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શહેરા અને લુણાવાડા તાલુકામાં અતિભારે વરસાદ અને પૂરના પ્રકોપથી કેટલા ખેડૂતોની જમીનો ધોવાણની કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૭૬૨૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી સહાય આપી, અને | (૨) કુલ **૩૭૪૯** અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપી. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર થઈ અને નામંજૂર થવાના કારણો શું છે; અને | (૩) **૮૦.** ઠરાવની જોગવાઈ મુજબ સહાયપાત્ર ન હોવાથી. |
| (૪) સહાયથી વંચિત રહેનાર ખેડૂતોને સહાય માટે સરકાર શું વિચારણા કરવા માંગે છે ? | (૪) સંબંધિત પેકેજ હેઠળ સહાયપાત્ર ખેડૂતોને નિયમાનુસાર સહાય ચુકવવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. |

------------

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### સભાગૃહના મેજ ઉપર કાગળો મૂકવામાં થયેલ વિલંબ અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (માનનીય વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આજની વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો ક્રમાંક ૨ થી ૮ સુધીની બાબતમાં મારો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ ના પુસ્તકના પાના નંબર ૩૯૮ ઉપર ધ્યાન દોરવા માગું છું કે ૭ મી એપ્રિલ, ૧૯૬૪ ના રોજ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થયો હતો અને માનનીય અધ્યક્ષશ્રીએ એનો નિર્ણય આપ્યો હતો. To save time of Hounerable House, I read the relevent paragraphs of page ૩૯૯

માનનીય અધ્યક્ષશ્રી, "મંત્રીશ્રી આપે જે કારણો જણાવ્યાં છે તે મને વાજબી લાગતાં નથી કારણો એમ છે કે આ જે અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે એનું વર્ષ માર્ચ, ૧૯૬૩ ના રોજ પૂરું થાય છે ત્યારપછી માનનીય સભ્યશ્રીએ જે કલમ વાંચી બતાવી એની અંદર સરકાર પાસે અહેવાલ મોકલવા માટે જે સમય જણાવેલ છે તે પ્રમાણે તારીખ ૩૧ મી જુલાઈ, ૧૯૬૩ સુધીમાં જવો જોઈએ અને આપના પાસે આવ્યા પછી વહેલામાં વહેલી તકે આ પહેલાં મેં સવારમાં કહયું તેનો અર્થ એમ નથી થતો કે વહેલામાં વહેલી તકે એટલે કેટલું? એને માટે આપને

કેટલો સમય જોઈએ? હું ધારું છું કે વહેલામાં વહેલાનો અર્થ બે માસ કરતાં વધારે ન થવો જોઈએ. એટલે એ પ્રમાણે ગણતાં આ રિપોર્ટ સભાગૃહ સમક્ષ તારીખ ૩૧ મી ઓકટોબર, ૧૯૬૩ સુધીમાં તો કોઈપણ સંજોગોમાં આવી જવો જોઈતો હતો. તે હિસાબે ગણતરી કરીએ તો આ રિપોર્ટ ઓછામાં ઓછા પાંચ માસ મોડો છે. આ પહેલાં મેં જણાવ્યું હતું તે પ્રમાણે કે જયારે આવી વસ્તુઓ હોય ત્યારે શરૂઆતમાં કાગળો સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે અથવા તો ચર્ચા માટે મૂકવામાં આવે તે વખતે માનનીય મંત્રીશ્રીએ હમણાં જે ખુલાસો કર્યો તે સભાગૃહના ધ્યાન ઉપર લાવવામાં આવે તો હું ધારું છું કે કે કામ સરળ થઈ જાય અને અહીં ઔચિત્યનો મુદ્દો ઉઠાવવાની જરૂર રહે નહીં અને વારંવાર મારે પણ સૂચનાઓ કરવાની જરૂર ન પડે." તો માનનીય અધ્યક્ષશ્રીની આ કડકાઈ તો જુઓ કે કેટલી કડકાઈ તેમણે વાપરી છે? તેમણે આગળ વધીને કહયું છે કે " આવી રીતે દરેક વખતે હું સૂચના કરું અને પોઈન્ટ ઓફ ઓર્ડર જો ઉઠતા રહે તો હું ધારું છું કે આની અંદર અધ્યક્ષનું એકલાનું અપમાન થતું નથી, પણ આખા સભાગૃહનું અપમાન થાય છે તેમ મને લાગે છે. માટે ભવિષ્યમાં આવું ન બને." તો આ રીતે એમની કડક અને માર્મિક ટકોર છે.

માનનીય અધ્યક્ષશ્રી આપશ્રીના ધ્યાન ઉપર હું ગૃહના મેજ ઉપર કાગળો મૂકવાની સમિતિ અને મેં કહયું હતું કે પ્રથમ અહેવાલ (અંતરાય) I will read slowly and if necessary, I will pass on the book also. એના ઉપર જણાવેલ સંજોગો તરફ જોઈને સમિતિ આથી ભલામણ કરે છે કે 'દરેક કંપની, બોર્ડ, કોરપોરેશન કે સંસ્થાએ એનું નાણાકીય વર્ષ પૂરું થયા પછી ત્રણ માસમાં વાર્ષિક હિસાબો તૈયાર કરીને ઓડિટ માટે ઉપલબ્ધ કરવા. ત્યારબાદ ઓડિટની કામગીરી અને અહેવાલ સરકાર સમક્ષ રજૂ કરવા તેમજ એને છપાવવા બાબતની સઘ ળી કમગીરી પૂરી કરીને નાણાકીય વર્ષ પૂરું થયા પછીના ૧૦ માસના અંતે વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવા માટે મોકલી આપવા.

માનનીય અધ્યક્ષશ્રી, મેજ ઉપર કાગળો મૂકવા માટેની સમિતિની સ્પષ્ટ ભલામણ, માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો...(અંતરાય) અથવા છેલ્લા પેઈઝ ઉપર માનનીય અધ્યક્ષની સંક્ષિપ્ત ભલામણો, અહેવાલો મૂકવાની ભલામણ એક, એની આગળના પેઈઝ ઉપર છે. સૂચના, અધિસૂચના મૂકવા માટેનો એ મારો બીજો મુદ્દો છે, પહેલા ક્રમ-૧ ઉપર છે, એ અહેવાલો મૂકવા સંદર્ભનો છે. આપ જોઈ ગયા હશો. આપ તો માનનીય અધ્યક્ષશ્રી, આ પક્ષના કે આ પક્ષના સભ્યોના અધિકારના રક્ષક છો, આ ખુરશીએ હંમેશા તેની ચિંતા કરી છે તે આ નિર્ણય ઉપરથી પ્રસ્થાપિત થાય છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના તરફથી એવા આદેશની અપેક્ષા રાખું છું. માનનીય સભ્યશ્રીઓ ગૃહની આ પાટલીએ હોય કે પેલી પાટલીએ હોય એમને ચર્ચામાં ભાગ લેવા માટે અને આ ગૃહ તેને નાણાકીય મંજૂરી આપે છે, સર્વોપરી ગૃહ છે, તેનો અંકુશ જુદા જુદા વિભાગો ઉપર ત્યારે જ રહી શકે કે જો સમયસર અહેવાલો આ ગૃહના મેજ ઉપર આવે. અને તેના માટે આપના તરફથી કડક નિર્દેશો, જેમ ભૂતકાળમાં થયા હતા તેવા થાય તેવી અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાંથી જે ઉલ્લેખ કર્યો છે, એમાં હું થોડીક સ્પષ્ટતા કરવા માગું છું. બે વાત મારે આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવી છે, એક તો એ પ્રસ્તાવ ઉપરની વિચારણા વખતે થયેલી ચર્ચા છે. બીજી વાત એની અંદર મોડા થવાના જે કારણો છે એ રજૂ કર્યા પછી ગૃહમાં રજૂ કર્યુ છે. એટલે અધ્યક્ષશ્રીએ આ ટીપ્પણી કરી છે, હું ફરીવાર વાચું છું, એમાં જે ખુલાસો કર્યો તે સભાગૃહના ધ્યાન ઉપર લાવવામાં આવે, એટલે પહેલેથી લાવવામાં આવે તો, હું ધારું છું કે કામ સરળ થઈ જાય અને અહીં આ ઔચિત્યનો મુદ્દો ઉઠાવવાની જરૂર રહે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, અહીં આમાં મોડા પડવાના કારણોનું નિવેદન પણ માનનીય મંત્રીશ્રીએ મૂકેલ જ છે. એટલે ઓડિટ અહેવાલ અને મોડા પડવાના કારણો બન્ને મૂકેલ છે. એટલે આમાં કોઈ ઔચિત્યનો મુદ્દો જ નથી આવતો.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, આપે જે કવોટ કર્યુ ૩૯૯ ઉપર, ત્યારે હું આપનું ધ્યાન વિધાનસભાના નિયમ ૨૧૮(ચ) તરફ દોરવા માગું છું. જો કોઈ સભ્ય નિયમ ૨૧૮ પેટા નિયમ ૧ માં દર્શાવેલી કોઈપણ બાબત ઉપસ્થિત કરવા માગતા હોય તો આવી બાબત સમિતિને સોંપવી, પરંતુ સભાગૃહમાં ઉપસ્થિત કરવી નહીં, આ પાના ૮૬ ઉપર છે, સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળોની સમિતિ માટે છે. એટલે આપણે ત્યાં આ નિયમ મુજબ આવા વિલંબના જે કારણો છે તે માટે સમિતિની રચના થયેલી છે અને સમિતિનો અહેવાલ પણ આ સભાગૃહમાં આવે છે. એટલે જે ચિંતા આપે કરી છે તે ચિંતા કરવા માટે આ સભાગૃહના સભ્યોની જ બનેલી મેજ ઉપર મૂકવાના કાગળો માટેની સમિતિ રચાવાની છે, એ રચાયેલી સમિતિ પાસે આ બધા જ અહેવાલો (અંતરાય). ભૂતકાળમાં જે અહીં એન્ટરટેઈન થયુ હતું તે વખતે ઘણાં દસ દસ વર્ષના વિલંબો થતા હતા, અગાઉ પણ મને ખબર છે કે આ જ મુદ્દા ઉપર શ્રી સૂરેશભાઈનો એક પોઈન્ટ ઓફ ઓર્ડર છે. અત્યારે આપણી પાસે વિધાનસભાના નિયમોના નિયમ ૨૧૮(ચ) પ્રમાણે આપ જે કહો છો તે મેજ ઉપર મૂકવાના કાગળોની સમિતિ છે તે સમિતિ, તમે જે પ્રશ્ન ઉઠાવ્યો છે એ ઉઠાવીને એ અંગે નિર્ણય કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ આ સમિતિને રીફર કરો છો?

**અધ્યક્ષશ્રી** : રીફર કરવાનો પ્રશ્ન જ નથી રહેતો. આ મેજ ઉપર મૂકવાના કાગળો માટેની સમિતિને વિલંબના કારણો જોવાનો અધિકાર છે. ત્યાર પછી તે તેના ઉપર રિપોર્ટ કરે છે. અને તે રિપોર્ટ આ સભાગૃહમાં આવે જ છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનકલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન હું સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૪-૦૫નો ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૦૪-૦૫ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ અને સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૦૪-૦૫ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઑડિટ અહેવાલ, વાર્ષિક વહીવટી અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫નો ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડના વાર્ષિક અહેવાલો**

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડના સન ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૬-૨૦૦૭નો અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ અને નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૬-૨૦૦૭નો ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૪-૨૦૦૫નો ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી અમિત અ. શાહ (રાજ્ય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૪-૨૦૦૫ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સચિવશ્રી :** બેની પેટા બાબત નવ, નાણા વિભાગની અધિસૂચના...

**પૉઈન્ટ ઑફ કલેરિફિકેશન**

**અધિસૂચના સમયસર સભાગૃહના મેજ ઉપર મૂકવા અંગે**

**શ્રીશક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય સૂરેશભાઈ મહેતા તથા માનનીય અશોકભાઈ ભટ્ટે વિરોધપક્ષના બે સભ્યશ્રીઓએ એક મુદ્દો ઉપસ્થિત કરેલો. અધિસૂચના મૂકવા બાબતમાં આપની વિદ્વત્તા છે, પંદર દિવસમાં મૂકવું એ નિર્ણય તરફ આપનું ધ્યાન ગયું હશે. પ્રથમ અહેવાલને કવોટ કરીને ૧૫ દિવસમાં અધિસૂચના મૂકવા માટેનો આદેશ આપેલો હતો. જે પ્રથમ અહેવાલમાં કહેવાયું છે કે સરકાર તરફથી બહાર પાડવામાં આવતા નિયમો વગેરેની અધિસૂચના પ્રસિદ્ધ થયા પછી ૧૫ દિવસમાં વિધાનસભામાં મેજ ઉપર મૂકવી. જેના અનુસંધાનમાં માનનીય સૂરેશભાઈ મહેતા અને માનનીય અશોકભાઈ ભટ્ટ આ ગૃહના બે સભ્યશ્રીઓએ ઉઠાવેલા મુદ્દામાં સૂચના અપાઈ હતી. આજે આ સૂચના આપવા માટે મારે સમિતિ પાસે જવાનું છે કે આ ગૃહ પાસે, ધેટ ઈઝ ધ પૉઈન્ટ ઑફ કલેરીફીકેશન.

**અધ્યક્ષશ્રી** : કમિટી પાસે જ જવું પડશે. કમિટીમાં આપના સભ્યશ્રી રહેશે જ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું તો મારા જ્ઞાનવર્ધન માટે કે અગાઉના માનનીય અધ્યક્ષશ્રીએ આ બે સભ્યશ્રીઓને એન્ટરટેઈન કરેલા એ બરાબર હતું કે આજે ન થઈ શકે એટલું આપનું માર્ગદર્શન, મારે કશું કહેવાનું ન હોય.

**અધ્યક્ષશ્રી** : આપના જ્ઞાનવર્ધન માટે નહીં, મેં જે નિર્ણય આપ્યો છે તેને હું વળગી રહું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જી.

**અધ્યક્ષશ્રી** : જે કોઈ વિલંબ થયો છે એ વિલંબ માટે સભાગૃહના મેજ ઉપર કાગળો મૂકવા માટેની સમિતિ જોશે. એ સમિતિમાં આપના પક્ષના સભ્યો પણ છે.

**નાણાં વિભાગની અધિસૂચના**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૩૦-૮-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૩૩) વીએઆર/૨૦૦૭/(૧૨)-ઠ

(૨) તા. ૨૮-૯-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૩૭) વીએઆર/૨૦૦૭/(૧૩)-ઠ

(૩)તા. ૨૩-૧૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૪૦) વીએઆર/૨૦૦૭/(૧૪)-ઠ

(૪)તા. ૨૧-૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૦૩) વીએઆર/૨૦૦૮/(૧૫)-ઠ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની- સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (નિયમન અને વિકાસ) અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૧-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીએ/જીયુજે/૨૦૦૭/(૦૭)/એમસીઆર/૧૦૨૦૦૫/૧૬૩૬/છ

(૨) તા. ૮-૧૦-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: જીએ/જીયુજે/૨૦૦૭/૧૪)/એમસીઆર/૧૦૨૦૦૭/૨૨૨૫/છ

(૧)તા. ૨૪-૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક:જીયુ/૨૦૦૮/(૧)/એમસીઆર/૧૦૨૦૦૭/૧૫૮૧/છ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

**બોટની જપ્તી અને માછીમારોની ધરપકડ અંગે**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઝીરો અવર્સની બાબત હું ઉપસ્થિત કરું છું.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીએ પરવાનગી આપી છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પરવાનગી આપી છે. માનનીય મંત્રીશ્રીએ આપી છે, માનનીય અધ્યક્ષશ્રીએ આપી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ પરવાનગી આપી હોય તો મારે પરવાનગી આપવાની હોય છે. એટલે આપણે ત્યાં શૂન્યકાળ..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના નૉલેજમાં તો હોવું જોઈએ. આપને જાણકારી હોય..

**અધ્યક્ષશ્રી** : મને ખબર છે. માનનીય અર્જુનભાઈ અને બીજા પણ બે-ત્રણ સભ્યશ્રીઓ આવ્યા હતા. તેમણે મંજૂરી માગી હતી. જયંતિભાઈ પણ આવ્યા હતા. તેમણે મંજૂરી માગી હતી. અત્યારે ગૃહમાં નથી. એ પણ મંજૂરી માગવા આવ્યા હતા અને ત્યારે મેં માનનીય મંત્રીશ્રીને પૂછ્યું અને મંત્રીશ્રીએ મંજૂરી આપી છે. એટલે શૂન્ય કાળની મંજૂરી આપવાની જે પ્રક્રિયા છે એ પ્રમાણે આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીને માહિતી માગવાની છે કે ગઈકાલે જખૌ નજીક ભારત અને પાકિસ્તાનની જે આપણી દરિયાઈ સરહદ છે એ દરિયાઈ સરહદની બાજુમાં આપણાં રાજયના માછીમારોની માલિકીની જ લગભગ ૨૮ જેટલી બોટ કે જેમાં લગભગ ૧૭૦ જેટલા માછીમારો હતા. એ બોટને પાકિસ્તાનની મરીન સિક્યોરિટી એજન્સીની ટૂકડીઓએ ઘેરી લીધેલી અને તેમાંથી ગઈકાલ રાત સુધી એ બન્ને આપણું નૌકાદળ, આપણું કોસ્ટગાર્ડ અને પાકિસ્તાનની મરીન સિક્યોરિટી એજન્સી, તેમની વચ્ચે ચર્ચા અને સંઘર્ષનો દોર ચાલુ હતો. તેના કારણે આ જે માછીમાર ભાઈઓ છે તેમના પરિવારજનોમાં ખૂબ ચિંતાની લાગણી ઉભી થઈ હતી. અત્યાર સુધીમાં આપણે ત્યાંથી લગભગ ૩૪૭ બોટ પાકિસ્તાન પકડી ગયું છે અને ૪૦૨ જેટલા માછીમારો મારી માહિતી પ્રમાણે પાકિસ્તાનની જેલમાં છે. આવા બનાવો ઘણી વખત બનતા રહે છે અને તેના કારણે ખાસ કરીને જે કાંઠાળ વિસ્તારના લોકો છે, જે માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને મોટા ભાગે પોરબંદર, માંગરોળ, વેરાવળથી શરૂ કરીને સૌરાષ્ટ્રનો કોસ્ટલ બેલ્ટ છે, કચ્છના લોકો છે તે બધા જ તેને કારણે ખૂબ તકલીફ અનુભવે છે.માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર જે દરિયાઇ સરહદ છે એમાં ડિમાર્કેશનનો અભાવ છે. અથવા તો આપણા માછીમાર ભાઈઓમાં થોડીક અજ્ઞાનતા છે. એના કારણે ક્યારેક આ સરહદ ન હોવાના કારણે એ ઓળંગી જાય છે એના કારણે આ ગૃહ ખૂબ ચિંતિત છે. ગુજરાત સરકારે પણ ઘણી વખત ચિંતા વ્યક્ત કરી છે. આપણી કેન્દ્રસરકાર અને ધારાસભ્યો દર વખતે ચિંતા કરે છે..

**અધ્યક્ષશ્રી** : આપ ગઈકાલની ઘટના ઉપર જ વાત કરો..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એના સંદર્ભમાં જ કહું છું. હું કોઈ રાજકીય નિરીક્ષણ નથી કરતો. બધા લોકો ચિંતા કરે છે. મેં માનનીય મંત્રીશ્રીને પણ વાત કરી હતી અને એમણે પણ ચિંતા વ્યક્ત કરી છે. મેં કોસ્ટ ગાર્ડના અધિકારીઓ સાથે પણ વાત કરી હતી. મેં ગઈકાલે રાષ્ટ્રીય નેતાશ્રી અહેમદ પટેલ અને આપણા સાંસદ છે એમને પણ વાત કરી હતી. મેં ડિફૅન્સ મિનિસ્ટર સાથે પણ વાત કરી અને..

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન બહુ ચર્ચાવો જોઈએ એની ના નથી પણ એની ચર્ચામાં આપ પ્રશ્ન ઉપસ્થિત કરો, પેલા જવાબ આપે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં વાત કરું છું. હું પ્રશ્ન ઉપર જ આવું છું. એટલે અત્યારે એના કારણે ચર્ચાનો દોર ગઈકાલ રાતથી શરૂ થયો હતો અને ચર્ચાના દોરની અંદર આજે ઘણી બધી બોટો છોડાવવામાં આવી છે એવી માહિતી છે. સાચી માહિતી તો માનનીય મંત્રીશ્રી સત્તાવાર રીતે આપી શકશે. પણ આ પ્રશ્ન વારંવાર આપણને અને ખાસકરીને આપણા માછીમાર ભાઈઓને રંઝાડે છે. એના માટે રાજય સરકાર અને કેન્દ્રસરકાર જરૂરી કાર્યવાહી કરે અને આવી ઘટના ન ઘટે એના માટે કોશિષ થવી જોઈએ અને માછીમારોની જે બોટો પકડાઈ ગઈ છે એના માટે કેન્દ્રસરકારે એક ખાસ પૅકૅજ આપેલું છે. પાંચ લાખ રૂપિયા બોટ ઓર્નસને આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : આ જખૌ પૂરતો મર્યાદિત રહેશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં પૂરું કરીશ. આની અંદર વધારે બીજું કરવા નથી માગતો. તો રાજય સરકાર એમને વધારે મદદ આપવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : ગઈકાલની ઘટના ઉપર જ પ્રશ્ન હોઈ શકે અને એના ઉપર જવાબ હોઈ શકે, સંપૂર્ણ ચર્ચા ન થઈ શકે. જયંતિભાઈ અને રમેશભાઈએ પણ મંજૂરી માગી છે. જ્યારે પ્રશ્ન આવે એ પહેલાં આપ બહાર જાવ એ પણ યોગ્ય નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, ભૂલ બદલ ક્ષમા માગું છું. ગઈકાલે આ બોટોનું અપહરણ પાકિસ્તાન સરકાર દ્વારા થયેલ છે. એ મારો પોતાનો મત વિસ્તાર છે. માનનીય મંત્રીશ્રીને વખતો વખત આ બાબતે રજૂઆતો કરેલ છે. ત્યારે આવી કેટલીય બોટો અને ખલાસીઓના અપહરણ થયા છે. લગભગ ૫૪૩ ખલાસીઓ અત્યારે પાકિસ્તાનની જેલોમાં સબડે છે. જેની આ કેન્દ્રની સરકારે કોઈ ચિંતા કરી નથી. એટલું જ નહીં પણ આ બોટોનું અગાઉ પણ અપહરણ થયું હતું ત્યારે પણ માનનીય મંત્રીશ્રી અને મારા સાથી મિત્રો જે અહીંયાં ચિંતા કરવા બેઠેલા લોકોને મારે કહેવું છે કે,

**અધ્યક્ષશ્રી** : જયંતિભાઈ તમારી વાત મૂકો..

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આનાથી અગાઉ તા.૧૧-૨-૨૦૦૮, તા.૧૫-૨-૨૦૦૮ અને તા.૨૧-૨-૨૦૦૮ના રોજ કેન્દ્રિય મંત્રીને ૩-૩ ટપાલો લખી છે એમાંથી એકપણ ટપાલનો જવાબ માનનીય કેન્દ્રીય મંત્રીશ્રીએ આપ્યો નથી. ગઈકાલે બીજી બોટોનું અપહરણ થયેલ છે. આનાથી અગાઉ પણ ઘણા બધા ભાઈઓ પાકિસ્તાનની જેલમાં સબડે છે એના માટે કેન્દ્રની સરકારમાં ચિંતા કરવા બેઠેલા લોકોને મારે કહેવું છે કે, આપ આવો અને આ હિંદુસ્તાનના ભાઈઓ જે પાકિસ્તાનની જેલમાં પૂરાયેલા છે, એના માટે થોડીક તો ચિંતા કરો. અને એમાં મારી પણ ચિંતા છે. આજે હું ચૂંટાયેલો પ્રતિનિધિ છું. મારી પણ જવાબદારી છે. આ બૉર્ડર વિસ્તાર હોવાથી..

**અધ્યક્ષશ્રી** : શ્રી જયંતિભાઈ આપ બેસો.. શ્રી રમેશભાઈ..

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ દરિયાઇ વિસ્તાર અને મારા વિસ્તારની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર આ ગરીબ માછીમારોના અપહરણની જે વાત આવે છે ત્યારે કચ્છ જિલ્લાના અમારા સાંસદશ્રીએ પણ કેન્દ્રમાં ઘણી રજૂઆતો કરી છે કે આવા ગરીબ લોકોને તાત્કાલિક છોડાવીને એના પરિવારોને જે અન્યાય થઈ રહ્યો છે એની અર્જુનભાઈએ જે વાત કરી કે કચ્છ જિલ્લાના માછીમારો, તમામ કચ્છી છે આ કચ્છના માછીમારો જે જેલમાં સબડે છે એના માટે કેન્દ્ર સરકારમાં અમે રજૂઆત કરતા જ હોઈએ છીએ કારણ કે અમારા વિસ્તારની અને અમારા તાલુકાની ચિંતા છે. આપ પણ એમાં સહભાગી થઈને કેન્દ્રની સરકારને કહો.. ..

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીએ શું કર્યુ છે, એમની પાસે માહિતી જાણવા માટેનો શૂન્યકાળ છે. ટોટલ ચર્ચા માટેનો સમય નથી. આપને શું જાણવું છે એ કહો.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અગાઉ આવા કેટલા માછીમારોના અપહરણ થયાં છે? કેટલા મુકત કરાયા છે?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી (મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે રાત્રે માંગરોળના ભા.જ.પ.ના અગ્રણી અને માછીમારો માટે અનેક વખત પ્રતિનિધિ મંડળ લઈને દિલ્હી કક્ષાએ જ્યારે હું સાંસદ હતો ત્યારે રજૂઆત કરવા આવતા એ વેલજીભાઈ મસાલીનો મને ફોન આવ્યો કે અમને માહિતી મળી છે કે પાકિસ્તાન મરીન કોસ્ટ ગાર્ડ દ્વારા આપણા રાજયની આશરે ૨૮ જેટલી બોટો કબજે લીધી છે અને પાકિસ્તાન તરફ લઈ જાય છે. ફોન મૂકીને તરત મેં વિભાગના સચિવને એમની કક્ષાએથી કોસ્ટ ગાર્ડને દિલ્હી જ્યાં રજૂઆત કરવી પડે ત્યાં વિભાગ તરફથી રજૂઆત કરવા સૂચના આપી. રાતોરાત તુરત દિલ્હી પણ અધિકારી કક્ષાએથી રજૂઆત થઈ અને કોસ્ટ ગાર્ડની પરવાનગી લઈને, ભારત સરકારની અને પાકિસ્તાનની આપણે બૉર્ડર ક્રોસ કરીને જ્યાં લઈ જતા હતા ત્યાં આપણા કોસ્ટ ગાર્ડના અધિકારીઓ પહોંચ્યા, પાછા પહોંચ્યા એ દરમિયાન સાત બોટો ત્યાંથી આગળ લઈ જઈ ચૂક્યા હતા. બાકીની ૨૧ બોટો વાટાઘાટોના અંતે ત્યાંથી પરત લાવી શકવામાં સફળતા મળી એવી માહિતી મને કોસ્ટગાર્ડે આપી. કદાચ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ પ્રસંગ હતો કે દરિયામાં મોડી રાત્રે રાજય સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન, ત્વરીત પ્રસંગોપાત નિર્ણય કરવા માટે જે સૂચનાઓ છે એ મુજબ ઝડપથી સમયનો વિલંબ કર્યા વગર આ કામ હાથ ધરાયું અને માનનીય શ્રી જયંતીભાઈ ભાનુશાલી અને રમેશભાઈ મહેશ્વરીએ જે ચિંતા વ્યકત કરી છે, એ જ ચિંતા વ્યકત સવારે માનનીય અર્જુનભાઈ મોઢવાડીયાએ કરી. એમનો જ્યારે ફોન આવ્યો કે હું ઝીરો અવર્સમાં આ પ્રશ્ન ઉઠાવવા માગે છું . આખરે આ ચિંતા કોઈ પક્ષની ચિંતા નથી. આપણા સૌની ચિંતા છે. પાકિસ્તાન વારંવાર જ્યારે આપણા માછીમાર ભાઈઓ જ્યારે બૉર્ડર ક્રોસ કરે ત્યારે લઈ જાય છે અથવા તો બૉર્ડર ક્રોસ ના કરે અને અંદર આવીને લઈ જાય છે એવા કિસ્સા ભૂતકાળમાં પણ ખૂબ બન્યા

છે અને એની ચિંતા અમે પાર્લામેન્ટમાં હતા ત્યારે પણ કરતા ત્યારે જે ચિંતા હતી, એનો પ્રત્યુત્તર જે આવતો હતો એ હું સભાગૃહના ધ્યાન પર મૂકવા માગું છું  નિયમિત પાકિસ્તાનમાં જે માછીમાર ભાઈઓ હોય એની સમીક્ષા થતી હતી અને છોડાવવા માટે સતત સમીક્ષા થઈને પ્રયત્નો ચાલુ રહેતા. એટલે લાંબો સમય આપણા કોઈ માછીમાર પાકિસ્તાનની જેલમાં ના રહે એ કેન્દ્ર સરકારની પ્રવૃત્તિ જ્યારે માનનીય અટલબિહારીજી વડાપ્રધાન હતા ત્યારે પણ ચર્ચાતી.  આજની સ્થિતિમાં પાકિસ્તાનમાં આપણા ૪૦૪ માછીમાર ભાઈઓ ૨૫ તારીખના અહેવાલ મુજબ છે અને ૩૪૭ બોટો છે ગઈકાલે જે વાત કરી એ મુજબ હું માનુ છું કે આ બહુ ચિંતાનો વિષય છે. આપણે આને ખરેખર સામૂહિક લેવું જોઈએ, પક્ષા પક્ષીથી પર રહીને.  માનનીય અટલબિહારીજી વડાપ્રધાન હતા તે વખતે આગ્રા ખાતે  બે વડા રાષ્ટ્રપ્રમુખ અને વડાપ્રધાન કક્ષાએ ચર્ચા થયેલ હતી. એ ચર્ચાના એજન્ડામાં માનનીય અટલજીએ માછીમારો ના પકડાય  અને પકડાયેલાને છોડાવવા એ એજન્ડામાં આઈટમ લેતા હતા.  બે રાષ્ટ્રના વડાઓ ચર્ચા કરતા હોય એવા સમયે આ ગંભીરતાથી ચર્ચા લેવાતી અને આજે વારંવાર રાજ્ય સરકાર તરફથી જે મિટિંગો  અધિકારી કક્ષાએ થાય છે, ૩ મિટીગો સચિવ કક્ષાએ, બે મિટીંગો મત્સ્યોદ્યોગમંત્રીશ્રી અને કેન્દ્રના મંત્રીકક્ષાએ આ જે પણ બનાવ બન્યો કે તરત વિદેશમંત્રી ઈ. અહેમદ ઉપર મેં ટેલિફોન પર વાતચીત કરવાનો પ્રયત્ન કર્યો પણ એક વિદેશ ડેલિગેટમાં એ રોકાયેલ હતા એટલે P.S. ને બધી વાત જણાવી દીધી અને આખી સમગ્ર વિગત ફેકસ કરીને એમને પત્ર દ્વારા રાજ્ય સરકાર તરફથી પ્રયત્નો કર્યા . આપણે અધિકારી કક્ષાએથી ત્યાં વિદેશ નાયબ સચિવ અને અહીંના પોરબંદરના ડી.બી. પ્રસાદ જે D.I.G. છે, કોસ્ટગાર્ડના તેમની સાથે મેં પણ ડાયરેકટ વાત કરી. એટલે સમગ્ર પ્રકરણને એકદમ ચિંતાથી માનનીય મુખ્યમંત્રી ગુજરાતના સાડા પાંચ કરોડની જનતાની જે ચિંતા કરી છે, આ પૈકીના જે લોકો છે એટલે કોઈપણ બાકી ના રહે એટલી ચિંતા કરીને  મુકત કરવાનો પ્રયત્ન કર્યા છે. હું વિનંતી કરું કેન્દ્ર સરકાર નિયમિત સમીક્ષા જે અટલજીના સયમમાં થતી હતી એ સમીક્ષા પુનઃ ચાલુ કરે અને આપણા માછીમાર ભાઈઓને છોડાવવા પ્રયત્ન કરે. રાજ્ય સરકાર આ અંગે ચિંતિત છે.

# સરકારી વિધેયકો

## સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬

# ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭

**રાજ્યની વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને આવી કોલેજો અથવા સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ ના વિધેયક ક્રમાંક - ૧૬ - સન ૨૦૦૭ ના ગુજરાત  ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉ સન્માનનીય સભાગૃહ ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક ૨૦૦૭ તારીખ ૩૦મી માર્ચ ૨૦૦૭ નાં રોજ  પસાર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ તે મુજબ તબીબી શિક્ષણનો વ્યાપ જેમ રાજ્યમાં વધતો ગયો તેમ સરકારશ્રીની નીતિને અનુસરવા જે નિયામકશ્રીની સત્તામાં આવતી તબીબી શિક્ષણની સંસ્થાઓ હતી તે ઉપરાંત સ્વનિર્ભર સંસ્થાઓ પણ આ ક્ષેત્રે શિક્ષણ આપવા માટે અસ્તીત્વમાં આવી અને એ સંસ્થામાં પ્રવેશની પદ્ધતિ એ નિર્ધારિત ધોરણો મુજબની થાય, પારદર્શક થાય અને એના ફીના ધારાધોરણો જળવાઈ રહે એ માટેની વાત લઈને સન્માનનીય સભાગૃહ સમક્ષ જે તે સમયે ૩૦-૩-૨૦૦૭ નાં રોજ આ પ્રકારનું વિધેયક આવ્યું હતું અને તેને ત્રણ વાચનમાંથી પસાર કરીને સન્માનનીય સભાગૃહે એને મંજૂરીની મ્હોર મારી હતી. ત્યાર પછીની પ્રક્રિયાના ભાગરૂપે જ્યારે બિલ મહામહીમ રાજ્યપાલશ્રીની મંજૂરી અર્થે મોકલી આપવામાં આવ્યું હતું ત્યારે એ બિલ માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીએ બીલની કલમ-૨(n) A University means a university established under any law made by the legislature of the State including a deemed university declared as such under section ૩ of the University Grants Commission Act, ૧૯૫૬.એની જોગવાઈ એ ડિમ્ડ યુનિવર્સિટીનો સમાવેશ કરતી હોય અને ભારતના બંધારણની કલમ-૨૦૪૫ની સાથે સુસંગત નથી તેમ જણાવી

* વિધેયક તા. ૩૦મી માર્ચ ૨૦૦૭ના રોજ ગુજરાત વિધાનસભાએ ત્રણ વાંચનમાંથી પસાર કર્યા મુજબ.

એની પુન:વિચારણા માટે આ ગૃહને પરત કર્યુ છે અને એના કારણે માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક આ સન્નમાનીય ગૃહ સમક્ષ લાવવા માટેની જરૂરિયાત ઊભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક પસાર કરીને કાયદો કરવાથી જે ફાયદાઓ થવાના છે એ અહીંયા બેઠેલા ઘણા બધા મારા સન્નમાનીય સાથીઓ એ અગાઉ આની ચર્ચામાં ભાગ લઈ ચૂક્યા હશે એટલે એમને સુવિદીત છે જ. આમ છતાં જે માનનીય સભ્યશ્રીઓ આ ચર્ચા વખતે ઉપસ્થિત નહતા એમની જાણ માટે કેટલાક અગત્યના મુદ્દાઓ હું આ સન્નમાનીય ગૃહ સમક્ષ મૂકવાની હું રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં જે વાત સૂચવવામાં આવી છે એમાંથી ડિમ્ડ યુનિવર્સિટીની જોગવાઈને રદ કરીને માત્ર રાજય સરકાર દ્વારા જે યુનિવર્સિટીઓને માન્યતા આપવામાં આવી હોય, રાજય સરકારના કાયદા દ્વારા યુનિવર્સિટીનો સમાવેશ કરવાની વાત કરવામાં આવી છે. આ વિધેયક બિનસહાઈત કોલેજોમાં ૭૫ટકા બેઠકો, સરકારી બેઠકો તરીકે ભરવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. આનાથી મૅડિકલ, ટેન્ડલ, ફિઝિયોથેરાપી, આર્યુવેદ, હોમિયોપેથી અને નર્સિંગ કોલેજોમાં ૨૩૭૪ બેઠકો રાજય સરકારની ગુણવત્તા યાદી મુજબ ભરી શકાશે. આ ૭૫ટકા બેઠકો ઉપર રાજય સરકારની અનામત નીતિઓ અમલ પણ કરવાનો રહેશે, જેના કારણે ૧૧૪૯ બેઠકો આવી કક્ષાના ઉમેદવારોથી ભરી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યની બાબત તો એ છે કે, અત્યારે જે વ્યવસ્થા પ્રર્વતમાન ચાલે છે જે વચગાળાની વ્યવસ્થા તરીકે અત્યારે અસ્તિત્વમાં છે એ આ કાયદો બનતાં સંચાલક મંડળની બેઠકો ઉપર પ્રવેશ આપવા માટે પણ પ્રવેશ સમિતિએ તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાં જે વિદ્યાર્થીઓના નામો આવતા હોય તે વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપી શકાશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. બિન નિવાસી ભારતીય આપણે ગુજરાતીઓને લાગે વળગે છે ત્યાં સુધી બિન નિવાસી ભારતીયો સાથેનું આપણું જોડાણ ઘણું દીર્ઘકાલીન રહ્યું છે અને એમાં ૧૫ ટકા બેઠકોની જોગવાઈ અનામત બેઠકો તરીકે કરવામાં આવી છે. આ બેઠકો બિન નિવાસી ભારતીયોના બાળકો અથવા પાલ્યો અથવા આશ્રિતો માટે અનામત રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવેશની પ્રક્રિયા જે મૂળ મુદ્દો છે, એ અત્યાર સુધી જ્યારે જ્યારે આ પ્રકારની ચર્ચા ઊભી થઈ છે ત્યારે પ્રવેશની પ્રક્રિયા સામે જબરજસ્ત પ્રશ્નાર્થો ઊભા થયા છે. આ વિધેયકમાં પ્રવેશ સમિતિની રચના તેમજ આવી સમિતિ વ્યવસાયિક શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશની સમગ્ર પ્રક્રિયા ઉપર નિયંત્રણ અને દેખરેખ રાખશે તથા દોરવણી આપશે આવી જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી પણ ફરિયાદો આવે છે કે, જે ખાનગી સંચાલન મંડળના હાથમાં અથવા જેને સ્વનિર્ભર કૉલેજો કહેવાય, એ ફી વિવિધ રીતે અને કોઈ પણ નિયમિન વગર ઉઘરાવતી હોય છે અને એના લીધે સમાજના સામાન્ય વર્ગમાંથી આવતા પણ ગુણવત્તાની દ્રષ્ટિએ અગ્રિમ હોય મેરિટમાં તેવા વિદ્યાર્થીઓને પણ એનો લાભ મળતો નથી. ત્યારે આ વિધેયકમાં ફી નિયમન સમિતિની રચનાની જોગવાઈ કરવામાં આવી છે અને આવી સમિતિ હાઈ કોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટીસની અધ્યક્ષતામાં નીમવામાં આવશે અન્ય સભ્યોની નિયુકિત પણ રાજય સરકાર દ્વારા કરવામાં આવશે જેમાં યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ, કમિશ્નરશ્રી આરોગ્ય અને તબીબી સેવા, તબીબી શિક્ષણ અથવા સમકક્ષ કક્ષાના આરોગ્ય વિભાગના અધિકારી જે આના કન્વીનર તરીકે કામ કરશે. ઉપરાંત બિનસહાઈત વ્યવાસિયક શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા એક સભ્ય અથવા એક ચાર્ટડ એકાઉન્ટન્ટ એ આ ફી સમિતિના સભ્ય રહેશે એટલે એ ફી સમિતિ નિર્ધારિત ધારાધોરણો નક્કી કરીને ફીનું માળખું પણ નક્કી કરશે અને એ ફી સિવાય કોઈપણ રીતે અથવા કોઈપણ પ્રકારે ફી ઉઘરાવી શકાશે નહીં અને આ નિયમોનો ભંગ કરનાર માટે એ ફી નિયમન સમિતિએ નક્કી કરેલ હોય તે સિવાયની બીજી કોઈ ફી ચાર્જ કરવી, અથવા વસૂલ કરવી અથવા વસૂલ કરવામાં આવશે નહીં. તેમજ કોઈપણ શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થી પાસેથી એક સાથે એક વર્ષ કરતા વધુ સમયની ફી વસૂલ કરી શકાશે નહીં. અત્યારે કેટલીક સંસ્થાઓ એવી છે કે જે બે વર્ષ અને કેટલીક તો પાંચ-પાંચ વર્ષની ફી એક સાથે માંગી લે છે. આ બીલ અસ્તિત્વમાં આવશે, કાયદો અસ્તિત્વમાં આવશે ત્યારપછી એક વર્ષ કરતા વધુ સમયની ફી એક સાથે ઉઘરાવી શકાશે નહીં અને કોઈપણ સંસ્થા આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ નિયમોની જોગવાઈનો ભંગ કરશે તો દોષિત ઠર્યેથી ૨૦ લાખ સુધીના દંડની શિક્ષા આની જોગવાઈ નીચે કરવામાં આવશે. આમ સમગ્રતયા જોઈએ તો ગુજરાત રાજયમાં તબીબી શિક્ષણ અને તબીબી શિક્ષણ સંલગ્ન અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમની પ્રવેશ ક્રિયા માટે ફીના ધોરણો નિર્ધારિત ધારાધોરણ પ્રમાણે ચાલે સમગ્ર પ્રક્રિયા પારદર્શકતાથી પસાર થાય અને કોઈપણ મેરીટ હોય અને મીન્સ ન હોય એવા વિદ્યાર્થી અથવા તો અનામતની જોગવાઈની અમલવાર થતી ન હોય એવી વ્યવસ્થા ન થાય એવા શુભ હેતુ સાથે આ બીલ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ અમે લાવ્યા છીએ. મારે આ સંદર્ભમાં એક જ વસ્તુ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવાની છે. ડીમ્ડ યુનિવર્સિટી કેન્દ્ર સરકારે જે કરી છે, જેને વ્યાખ્યામાંથી આપણે બહાર રાખવી પડશે એને કારણે મને કહેતા દુ:ખ થાય છે પણ જે સંસ્થાઓ નિયમનની પ્રક્રિયામાંથી બહાર નીકળી જવાની છે એ મૅડિકલની ૧૫૦, ડેન્ટલની ૧૦૦, ફીઝીયોથેરાપીની ૩૦, નર્સિંગની ૩૦ મળીને કુલ ૩૧૦ બેઠક ઉપર પ્રવેશ આપી શકાશે નહીં એટલે કેટલા મોટા પાયા પર રાજય સરકારનું નો ઓબ્જેકશન સર્ટિફિકેટ ન હોવાછતાં પણ આ સંસ્થા ભૂતકાળમાં અનેક ગેરરીતિના આક્ષેપો થવા છતાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ બે લાખ સુધીનો દંડ કર્યો છતાં પણ સદંતર રાજય સરકારે પોતાનો વિરોધ નોંધાવ્યો છે, રાજય સરકારે આ સંસ્થાને નો ઓબ્જેકશન સર્ટિફિકેટ નથી આપ્યું, આ

સંસ્થાને ગંભીર ગેરરીતિ બાબત રાજય સરકારે એક કરતા વધુ વખત કેન્દ્ર સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે અને છેલ્લે મે ૨૧, ૨૦૦૭માં કેન્દ્ર સરકારને રાજય સરકારે સખતમાં સખત શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે છતાં પણ મારે ખૂબ દુ:ખ અને ખેદ સાથે કહેવું પડે  છે કે રાજય સરકારના અધિકાર અને અભિપ્રાયની સંપૂર્ણ ઉપેક્ષા કરીને રાજયમાં ગરીબ વિદ્યાર્થીઓના હકકને તરાપ મારીને એને અનામત અને એને મળતી જોગવાઈઓ ઉપર તરાપ મારીને મનસ્વી રીતે ચાલે એ ૩૧૦ બેઠકો રાજય સરકારની ઉપેક્ષા કરીને નો ઓબ્જેકશન સર્ટિફિકેટની પણ દરકાર કર્યા વગર કેન્દ્ર સરકારે એ કોલેજને આપી દીધી છે અને ગુજરાતમાં જ એક બીજી નાની ભ્રષ્ટાચારની ગંગોત્રી વહે એ પ્રકારની વ્યવસ્થા ઉભી થઈ છે.  I am telling this on record, sir.  I am willing to give the documentary evidence that we have presented our objections before the concerned authorities in the Government of India.  Despite that this has happenned.  I personally feel that this could been avoided.  ૩૧૦ જેટલી બેઠકો આપણા રાજયમાં આપણી નજર નીચે પોતાની મુનસફી પ્રમાણે ફી ઉઘરાવીને પાંચ-પાંચ વર્ષની ફી એક સાથે લઈને અનેક પ્રકારની ગેરરીતિ કરનાર જેને નામદાર ગુજરાત હાઈકોર્ટ દંડ કર્યો છે એવી સંસ્થાને આપી દેવી એ ગુજરાત રાજયની પ્રજા સામે ઘોર અન્યાય છે. ગુજરાતના વિદ્યાર્થીઓ ગરીબ અને મેરીટમાં આવતા વિદ્યાર્થી, ગુજરાતના અતિ પછાત વિદ્યાર્થી, ગુજરાતના અતિ નીચી આવકનું ધોરણ ધરાવતા વિદ્યાર્થીના હકક ઉપર તરાપ મારે છે એની સખેદ નોંધ આ સન્માનનીય સભાગૃહ લે એટલા માટે આ વાત સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકી છે. આ સમગ્ર વિધેયક જોઈએ તો આ વિધેયક પસાર થવાથી પ્રક્રિયામાં પારદર્શકતા આવશે. નિયમન રહેશે અને ધારાધોરણ અને અનામતની જોગવાઈનો અમલ થશે એવા શુભ હેતુસર અમે બીલ લાવ્યા છીએ ત્યારે મારી સન્માનનીય સભાગૃહને વિનંતી છે કે સર્વાનુમતે વધાવીએ. આને માત્ર સરકારી બીલ  અથવા સરકારી વિધેયક ન ગણતાં.ગુજરાતની પ્રજાની એક જરૂરિયાત માટેનું એક વિધેયક ગણીને આવકારીએ તેવી વિનંતી સાથે હું  આ બિલ સન્માનનીય સભાગૃહ સમક્ષ પેશ કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(વિરોધપક્ષના નેતાશ્રી)** :  સુધારાની બંને ભેગી ચર્ચા નથી કરવાની?

**અધ્યક્ષશ્રી** : ચર્ચા શરૂ થઈ આ બિલના પહેલા વાંચનની.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે.  આજે આપણે શા માટે આ બિલની ચર્ચા કરીએ છીએ.  મારે આ ગૃહનું ધ્યાન દોરવું જોઈએ.  We should appreciate the stand taken by His Excellency the Governor.  Otherwise this Bill could have been passed and thereafter any person of the State could have challenged this before the Hon'ble High Court or the Hon'ble Supreme Court.  We should understand our limitations. The law which we cannot lay down or if we try to enter in the powers of some another person like central government or judiciary, then the Hon'ble High Court or Hon'ble Supreme Court will declare it  ultra virus and when any bill is declared ultra virus, the people  at large will criticise the legislators. not the government or the minister.  The people at large will criticise the legislators.  Whose duty it is ?  The duty is not cast on the shoulders of the legislators directly.  We have various departments.  We have Law Department.  What is the law department doing ?  Is it not the duty of the law department to say that this is not within the purview of the State Government  and we cannot enter in to the  powers of the central government.  If we proceed  with this bill, somebody will challenge it tomorrow in the court of law.  It will be declared  ultra virus and then whose moral will hurt ?  The moral of legislators will hurt.  Today His Excellency in his own wisdom sent it back to apply our mind on it.  I am very sorry to say that even  today also the government is not coming forward with a new amendment saying that yes, we accept it and  we understand the sense between the lines, we respect the message of His Excellency. But nothing of that sort is happenning. Today also what is coming out, what is the body language, I will read the mesage of His Excellencey with your kind permission, Mr.Speaker, sir,

**"સંદેશો"**

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ને મારી સંમતિને લગતા પ્રશ્નની મેં વિચારણા કરી છે,  પ્રસ્તુત વિધેયક રાજ્યમાં આવેલી વ્યાવસાયિક ટેકનિકલ કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન માટે અને આવી કોલેજો અને સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબત સાથે ખાસ જોગવાઈ કરવા વિચાર્યુ છે.

પરિક્ષણ કરતાં મને જણાયું છે કે પ્રસ્તુત વિધેયકના વ્યાપ અને વિસ્તાર સંબંધી, નીચેની જોગવાઈઓમાં નીચેની બાબતોને ધ્યાનમાં લઈને યોગ્ય સુધારા માટે પુર્નવિચારણા કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખો મેસેજ જો ધ્યાનપૂર્વક આજે પણ કાયદા વિભાગ વાંચે તો બે વસ્તુ હોઈ શકે કાં તો ધ્યાનપૂર્વક વાંચવો નથી. કાં તો જાણીજોઈને એને સમજવો નથી. કાં તો સમજ્યા છતાં અમલમાં મૂકવો નથી. આ બધા સવાલો ઉભા થાય છે.

માનનીય મંત્રીશ્રી કહેતા હતા અમે આમ કર્યુ, આમ કર્યુ, અમારું સાંભળતું નથી. આ પ્રકારની વાત ગાજવા માટેની છે, લાજવા માટેની હોવી જોઈએ. આપણા બંધારણે અધિકાર આપ્યા છે. આપણા બંધારણમાં રાજ્યે શું કરવાનું, કેન્દ્રે શું કરવાનું એની અનુસૂચિઓ આપી છે.

બાબાસાહેબ આંબેડકરના અધ્યક્ષતામાં બનેલા બંધારણની જે સ્પષ્ટતાઓ છે દુનિયાના ભાગ્યેજ કોઈ દેશના બંધારણમાં આવી સ્પષ્ટતાઓ હશે. આપણે એમ કહેતા હોઈએ કે અમે ઇચ્છતા હતા કે આ કૉલેજોની આ સીટો ન હોવી જોઈએ. આપના મારફતે આ સરકારનું ધ્યાન દોરવા માગું છુ. માનનીય મંત્રીશ્રી પાસે આ વિભાગ નવો આવ્યો છે, મારા મિત્ર છે, સાથે કામ કર્યુ છે, અભ્યાસુ માણસ છે હું માનનીય અધ્યક્ષશ્રી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પણ કહેવા માગું છું Please apply your mind, please apply your intelligence and just see why this is happenning. આપણા પાસે હાઈકોર્ટ છે, આપણા પાસે સુપ્રીમ કોર્ટ છે. રાજય અને કેન્દ્ર વચ્ચેનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો આપ સુપ્રીમ કોર્ટ પાસે જઈ શકો છો અને કહી શકો છો કે અમારા રાજયમાં આ હિતનું છે અને કેન્દ્ર અમારા હિતને ધ્યાનમાં નથી લેતું. Issue a mandamus. Tell them to do this, tell them not to do this અને નામદાર સુપ્રીમ કોર્ટ સતત કહેતી આવી છે જ્યાં એવું લાગે ત્યારે. ત્યાં જવું નહીં, ત્યાં કરવું નહીં. આ ગૃહ કે જે કેન્દ્ર સરકારના કોઈપણ એકટ માટે we are not entitled to even comment, criticism is apart. But we are using this platform to criticize the central government? Is it the way to cover up the government losses?. જે પરિસ્થિતિમાં વાંધા હતા તેના માટે જઈ શકાય. તે નથી થયું. માનનીય મંત્રીશ્રી પાસે આ ખાતું આવ્યું છે ત્યારે હું આશા રાખું છું જે એફિડેવિટો ફાઈલ થાય છે, નામદાર હાઈકોર્ટમાં એમનો આશય શુભ છે, હું બિરદાવું છું. માનનીય જયનારાયણભાઈના આશયને. એ માણસ દ ણો પિટાયો છે, દુઃખી થયો છે. આજે માનનીય મંત્રી છે હું જાણું છું. ઈન્ટેલીજન્ટ માણસો સાથે આવું થતું હોય છે. કયારેય કઈક પ્રવાહમાં ઢસડાવું પડતું હોય છે. સારા માણસો ઢસડાય તો પણ આજે મંત્રી છે એનું મને ગૌરવ છે કે એક સારો માણસ બેઠો છે. એ એનું મગજ ચલાવે અહીં તો એ પોતે પણ હું એના આત્માને ઓળખું છુ. માણસ દુઃખી થશે. કે કાયદા વિભાગમાં આપ જુઓ તો ખરા? આપ હાઈકોર્ટમાં, આપ સુપ્રીમ કોર્ટમાં મને ચિંતા નથી. હોઈ શકે અમારી સરકાર હોય થોડી આઈડીયોલોજી સાથે અમારો વકીલ રાખવાની અમારી ભાવના અમે રાખીએ વાંધો નહીં. જે સરકાર હોય તેના રાખે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના ઉઘડાઓ જે લેવાય ને, જે ટીકાઓ થાય ને ત્યારે તો જવાબ આપવાવાળું કોઈ ન હોય નામદાર હાઈકોર્ટ કે નામદાર સુપ્રીમ કોર્ટ પાસે. અહીં પરિસ્થિતિ શા માટે સર્જાઈ છે. આર.જે.શાહ કમિટીનો બચાવ કરવા માટે નામદાર હાઈકોર્ટમાં અને નામદાર સુપ્રીમ કોર્ટમાં આ પરીક્ષા ફી થી લઈને એન્ટ્રન્સ એકઝામથી લઈને આપની જે આરોગ્યને લગતી મૅડિકલ કોલેજીસ છે તેના ફીના ધોરણોની બાબતમાં ક્યારે નિર્ણય થયા? કેવી એફીડેવીટ ફાઈલ થઈ ? કોણ કોના સાથે બેસે? સરકારનો સિનિયર કાઉન્સિલ એપીયર થાય હાઈકોર્ટ પાસે અને આપણે હારી જઈએ. આપણે સાચા હોઈએ અને હારી જઈએ. આપણી વાત સાચી હોય અને આપણે હારી જઈએ. કારણકે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજીસ એ શું જોઈને ન્યાય કરે છે? એ તો ત્રાજવે તોલવા બેઠા છે. પણ ત્રાજવામાં નાંખનાર તો આપણે છીએ ને ? આપણું સત્ય આપણે ત્રાજવામાં નાંખીએ નહીં. આપણી વાત આપણે યોગ્ય રીતે મૂકીએ નહીં, આપણો બચાવ કરવા જનારો માણસ એની નિષ્ઠા અને પ્રમાણિકતાને સવાલ થઈ શકે તેમ હોય અને પછી આપણે એમ કહીએ કે આ બધુ જ બગડી ગયું છે. અરે, બગડેલું હોય તો આંગળી બગડે, ગૂમડું થાય તો તેને રુઝાવવાનો પ્રયત્ન થાય, એની દવા થાય આખું બાવડું કાપી નાંખવાનો પ્રયત્ન ન થાય. તમામ કંટ્રોલ પોતાના પાસે લેવા માટે માનનીય અધ્યક્ષશ્રી, સરકારી તંત્ર અમે પણ ચલાવ્યું છે. આરોગ્ય વિભાગના મંત્રી તરીકે પણ કામ કર્યુ છે. આરોગ્ય વિભાગના મંત્રી તરીકે કામ કર્યુ છે, મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા પાસેથી પરમીશન લેવાની હોય તો શું કરવું પડે, જેમણે જેમણે આરોગ્ય વિભાગ સંભાળ્યો છે એ સૌ જાણે છે અને કેવી રીતે કામ લઈએ છીએ, આપણે સૌ જાણીએ છીએ, આજે જે પરિસ્થિતિ સર્જાણી છે, હું માનનીય જયનારાયણભાઈને આપના મારફત કહેવા માગું છું કે એમેન્ડમેન્ટની ચર્ચા તો અત્યારે થતી નથી, સુધારા આવ્યા છે એની ચર્ચા થતી નથી, અત્યારે માત્ર બિલની ચર્ચા થાય છે, જનરલી આપણે સુધારા અને બિલને સાથે ચર્ચતા આવ્યા છીએ અને તે પહેલાં જે બિલ પરના સુધારાઓ છે માનનીય અધ્યક્ષશ્રી, જો અત્યારે આપણે સુધારો રજૂ કરવા નથી દેતા, તેથી પરિસ્થિતિ શું થાય છે કે એક તરફ મારા પીજીયન બૉક્સમાં મને મળેલો સુધારો છે અને બીજી તરફ મારા હાથમાં આ બિલ છે, બિલ શું કહે છે કે ડિમ્ડ યુનિવર્સિટીને, માનનીય અધ્યક્ષશ્રી, મને આપેલા જે બિલ પરનો સંદેશ છે એના છેલ્લા ત્રણ પેરેગ્રાફ્સ સમય બચાવવા માટે માત્ર, રિલેવન્ટ પેરેગ્રાફસ આપની સમક્ષ વાંચું છું. સંસદ અનિધિયમિત કરેલા યુજીસી એકટની કલમ ૩ની જોગવાઈઓ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટીને આવરી જ લેવામાં આવી છે, એ હકીકત ધ્યાનમાં લેતાં, મારું મંતવ્ય છે કે રાજય વિધાન મંડળ પ્રસ્તુત વિધેયકના વ્યાપમાં ડિમ્ડ યુનિવર્સિટીને આવરી લેવાની જોગવાઈઓ કરી શકે નહીં. What is the message of His Excellency કે ડિમ્ડ યુનિવર્સિટીને આવરી લેવાની જોગવાઈઓ કરી શકે નહીં . પરિણામે ડિમ્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવા અને ફી નિર્ધારિત કરવાની પ્રક્રિયાની જોગવાઈ કરવા માટે કાયદા ઘડવાની

રાજય વિધાનમંડળની ક્ષમતા સામે પણ એ જ પ્રમાણે પ્રશ્ન થશે, ખાસ કરીને જ્યારે યુજીસી અધિનિયમ અને અથવા તેના વિનિયમથી પણ તે અંગેની જોગવાઈ કરવા ધારેલ છે. આ સંજોગોમાં, પ્રસ્તુત વિધેયકની કલમ ૨ની પેટા કલમ (થ), તે 'યુનિવર્સિટી' શબ્દ પ્રયોગના અર્થમાં ડિમ્ડ યુનિવર્સિટીનો સમાવેશ કરે છે તેટલે સુધી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૪ની જોગવાઈઓને ધ્યાનમાં રાખતાં I have gone through article ૫૪. Mr. Speaker, sir, His Excellency is absolutely right in sending back the Bill to us. મને તે ગેરબંધારણીય લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે આપણે જોઈએ માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એમાં માનનીય રાજયપાલશ્રી શું કહે છે, કલમ ૨ ની પેટા કલમ (થ)માં, એ (થ)માં શું ન હોવું જોઈએ એ માનનીય રાજયપાલશ્રીનો સંદેશો કહે છે. ડિમ્ડ યુનિવર્સિટી ના હોવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મને જે બિલની કોપી આપવામાં આવી છે એની કલમ ૨ની પેટા કલમ (થ) યુનિવર્સિટી એટલે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી હોય તેવી યુનિવર્સિટી સહિતની, That is the problem. એટલે જ હું કહું છું કે, આ સુધારો અને બિલ અથવા માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં ઉલ્લેખ કરવો જોઈએ કે મારી સરકારે આ સુધારો આવ્યો છે, મેં જોઈ લીધો છે, હું આ સુધારા સાથે આ માનનીય ગૃહમાં આ બિલ રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, સુધારો રજૂ થતો નથી, સુધારો આવી ગયો છે, આવવાનો છે એના વિશે માનનીય મંત્રીશ્રી મૌન છે અને અમારે ચર્ચા કરવાની છે આ પરિસ્થિતિમાં અમારે આ ચર્ચા કરવાની છે ત્યારે સ્વાભાવિક રીતે અમારે તો અત્યારે માત્ર માનનીય રાજયપાલશ્રીનો સંદેશો અને સરકારે આપેલી પ્રોવીજન, તો આપણે શું કરવા માગીએ છીએ? માનનીય અધ્યક્ષશ્રી, ડિમ્ડ યુનિવર્સિટી, માનનીય રાજયપાલશ્રીના કહેવા પ્રમાણે આપણે ન લાવી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવીને, માનનીય મંત્રીશ્રીએ તો હમણાં કાર્યભાર સંભાળ્યો છે, બિલ તો જૂનું છે, જે દિવસે બિલ પસાર થયું, માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે વિસ્તૃત ચર્ચા કરીને આ ગૃહે પાસ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, વિસ્તૃત ચર્ચા નહોતી થઈ. એ પણ મારી જેમ એક ગેપ પછી આ ગૃહમાં આવે છે, હું પણ એક ગેપ પછી આવું છું. ઘણી પરંપરાઓ પુરાણી આપ એના સદંતર સતત સાક્ષી રહ્યાં છો. હું અને માનનીય જયનારાયણભાઈ એ સાતત્યમાંથી તૂટેલા છેડાઓ છીએ જે આજે જોડાયા છીએ અને આજે જોડાયા છીએ ત્યારે અમને તો એજ પરંપરા યાદ હોયને માનનીય અધ્યક્ષશ્રી, કે જ્યારે બિલ દાખલ કરો અને પસાર કરો એમ ગવર્મેન્ટ કંપેલ ના કરતી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એ બાજુ હું નહીં જોઉં, એ બાજુ હું નહીં જોઉં. હું તો આપને જોઈને જ સંબોધન કરીશ. (અંતરાય) સરકારના બિલનો સમય છે મને વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે અન્ય સભ્યશ્રીઓ બોલતા હોય ત્યારે હું કોઈને ખલેલ નથી પહોંચાડતો. અને દુ:ખ તો એ વાતનું છે કે, હું આજે વિરોધ પક્ષનો નેતા ન હોત અને સભ્ય હોત તો કેમ વર્તવું એ મને પણ ખબર પડે. માનનીય નીતિનભાઈ મંત્રી થયા પછી પણ મર્યાદા ન રાખે ત્યારે ક્યારેક હું એમને સીધી ટકોર કરું છું. મારે મારી જાતને ઘ ણી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અત્મારામભાઈ અને મારે પણ જોવું જોઈએ કે અમારા પ્રજાએ માથા તોડયા છે, વેવ હોય ત્યારેય જીત્યા નથી. વેવમાં નથી જીત્યા અને માથા તો પ્રજા તોડે છે. ભાઈ, આપણે શું શું, કયાં કયાં, કેમ કેમ, ફેંકીએ એમાં ન પડો તમે. માનનીય અધ્યક્ષશ્રી, હું સમજી શકું છું કે આપણા નિયમોમાં પહેલું વાચન, બીજું વાચન, સુધારા એના તબક્કાઓ છે. માનનીય જયનારાયણભાઈ, એમના મુખ્ય દંડકનો સુધારો આવ્યો છે, અમારા સભ્યશ્રીનો પણ સુધારો છે ત્યારે એટલી તો અપેક્ષા હોય કે આ સુધારા વિશે એમણે ઉલ્લેખ કરી દીધો હોત કે આ સુધારાને હું સ્વીકારીને ચાલુ છું. કશ્મકશ એ ઊભી થાય છે કે, રાજયપાલશ્રીના સંદેશામાં કંઈક કહ્યું છે આપણે ૨(થ)માં અને ૩(થ)માં કંઈક જુદું કહીએ છીએ. સરકાર પાસે વાઈડ પાવર્સ છે. આ રાજયની કોઈ પણ શૈક્ષણિક સંસ્થા વિદ્યાર્થીઓનું શોષણ કરતી હોય તો એનું નાક દબાવવા માટેના અનેક નુસખાઓ સરકારને આવડવા જોઈએ ને કરવા જોઈએ. આપણે બીજું તો ઘણું કરીએ છીએ, બીજા પોલિટિકલ સ્કોર સેટેલ કરવા કાયદાની જરૂર નથી પડતી, ઘણું કરીએ છીએ. અહીં કાયદાની જરૂર નથી અહીં વીલની જરૂર છે. 'ઈફ યુ હેવ એ વીલ ઘેર ઈઝ એ વે' પણ આપણું વીલ તો ઊભું કરીએ માનનીય શ્રી જયનારાયણભાઈ પાસેથી હું આ અપેક્ષા રાખું છું કે આપણી પરિસ્થિતિ ગુજરાત રાજયમાં શૈક્ષણિક સંસ્થાઓ એ એક સમયના અંદર આપણી પરંપરાઓમાં ગુરુ અને શિષ્યની પરંપરાઓવાળી આપણી સંસ્કૃતિમાં સર્વસ્વ આપનારો સમાજ રહ્યો છે. આજે એજયુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ એ બીઝનૅસ હબ બન્યા છે. ગરીબ પરિવારમાંથી આવતું બાળક એમના મા-બાપને ખબર નથી કે મારું બાળક અહીંયા જાય છે એની શું હાલત થશે? એમને તો એમ છે કે અહીંયા ડૉક્ટર થવાય છે. એમને એની ખબર નથી કે આ ડૉક્ટર થયા પછી મારો દીકરો ઇન્જૅકશન ન ઉપાડી શકે. આ નેચરોપથીનો સર્ટિફીકેટસ કોર્સ કર્યા પછી એલોપથીની પ્રેકિટસ ન થઈ શકે. આ એ ગરીબને ઝૂંપડામાં બેઠેલા પરિવારને ખબર નથી. ત્યારે કોઈ નેચરોપથીની કૉલેજ ડૉક્ટર બનાવવાના નામે, ડિપ્લોમા કોર્સના નામે ગરીબનું મકાન ગીરવે મુકાવીને ફીના નામે પૈસા લે એને રોકવા માટે વીલની જરૂર છે. આપણી પાસે અનેક રસ્તાઓ છે. કેન્દ્ર સરકાર, અધિકારી, આ તે, અરે આપણા બંધારણમાં આપણે અપાહિજ નથી. આપણને તાકાતવાળા બનાવ્યા છે આપણા બંધારણે. આપણે સુપ્રિમ કોર્ટના દરવાજા ખટખટાવવા જોઈએ અને નામદાર સુપ્રિમ કોર્ટ જરૂર પડે ગમે તેવી કેન્દ્ર સરકાર હોય કે કોઈ રાજયની સરકારમાં એ ગરીબને ન્યાય ન મળતો હોય તો એમ કહયું છે કે, આ રાજયની બહાર કેસ ચાલશે, ન્યાય મળશે અને ન્યાય અપાવીને રહે છે. આવી નામદાર સુપ્રિમ કોર્ટ આપણી પાસે હોય ત્યારે આપણે એ રસ્તાઓને કેમ વાપરતા નથી. આ બિલમાં સુંવાળા શબ્દો ઉદ્દેશો અને કારણો, એનાથી સંતોષ માની શકાય એમ

નથી. આ જે રીતે આજે ચાલે છે અને આપ કહેતા હો કે ડિમ્ડ યુનિવર્સિટી કાઢી નાંખવાનો છું, મને વાંધો નથી, આપ ડિમ્ડ યુનિવર્સિટી કાઢી નાંખશો કારણકે એ આપના અધિકાર ક્ષેત્રની બહારનું છે બહુમતીના જોરે આજે આપણે આ બિલ પસાર કરીને પણ મોકલીશુંને કાલે એ અલ્ટ્રાવાયરસ થશે and when it is declared ultra virus then we will be helpless. So our wisdom is કાઢવું પડે, કારણકે છૂટકો નથી. પહેલાં તો આપણે પ્રયત્ન કરી લીધો. મારી દ્રષ્ટિએ સરકાર માટે પણ આ બરાબર નહિ. આવા પ્રયત્નો નહિ થવા જોઈએ. શું આપણને કદાચ, ભલે, મંત્રીશ્રીની પાસે, લો નું, કાયદાનું, બંધારણનું જ્ઞાન, બધા જ પાસે હોય કારણકે આપણે જાહેર જીવનમાં પડેલા લોકો છીએ એવું જરૂરી નથી કે આપણે ડબલ ગ્રેજ્યુએટ, પી.એચ.ડી. કે લો ના માસ્ટર્સ હોઈએ આપણે પ્રજાની નસના માસ્ટર્સ છીએ અને પ્રજાના દર્દને સમજનાર લોકો છીએ. આપણા બંધારણે કહયું છે કે કોઈ ડિગ્રી લઈને આવ્યો એ જ મિનિસ્ટર થાય એ જરૂરી નથી પણ આપણા બંધારણે જે એડમિનિસ્ટ્રેશન આપ્યું છે, જે તંત્ર આપ્યું છે એ તંત્રએ Yes Minister, Yes Minister, એમાંથી બહાર નીકળવું પડે. This is right, Minister એમ કહેતા શીખવું પડે. We should appreciate them in the larger interest of the people. Bureaucrats should come and say that , sir, this cannot be done, After all you are the government. If you want to take the decision, you can. But my opinion, my wisdom, my intelligence, my experience says that this decision will be harmful to the people. I am saying these words with great pain. Today, the Secretaries do not dare to write on the file, One man will go and another man will come. But if your opinion is there .....માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે, એક સારો માણસ સેંકડો ખરાબ માણસો સામે લડી શકે છે અને જીતી શકે છે. મહાત્મા ગાંધીજી, જેની મૂર્તિ નીચે આપણે સૌ બેસીએ છીએ એ એ વાતનું પ્રતિક છે, પ્રતિતિ છે. અમે એપ્રિસિએટ કરીએ છીએ, અહીંયા બેઠો છું એટલે વાત કરું છું એમ નહિ મારા વખતની ફાઈલો આજના વખતના મંત્રીશ્રીઓના હાથમાં આવતી હોય તો જોઈ લે. મારા એક આસીસ્ટન્ટે મારા વિચારથી વિરુદ્ધ એણે લખ્યું હોય, સિનિયર પ્રિન્સિપલ સેક્રેટરી કે ચીફ સેક્રેટરી નહિ, સચિવાલયના છેડામાં વહીવટમાં બેઠેલા આસીસ્ટન્ટની નોંધ હોય, મારી ગયેલી ભલામણથી વિરુધ્ધની નોંધ હોય, મેં એના પર 'એ' માર્ક કરીને કહયું છે કે આઈ એગ્રી વીથ 'એ'. મારા આસીસ્ટન્ટે કરેલી નોંધ છે, મારી ભલામણથી વિરુધ્ધની છે પણ એણે મારી આંખ ખોલી છે કે ના આ સાચું છે. એ કર્યુ છે મારી ફાઈલ ખોલીને જોઈ લો. કયારેય બેવડી નીતિ નથી કરી. આ બિલમાં જે વાત માનનીય મંત્રીશ્રી કરવા માગે છે માનનીય જયનારાયણભાઈના સાનિધ્યનો મને ખૂબ લહાવો રહ્યો છે આ ગૃહમાં પણ અને ગૃહની બહાર પણ. કયારેક પવન આવે તો મોટું ઝાડ પણ સહેજ નમતું હોય છે કારણકે કડકાઈ રાખે તો પવન સાથે કદાચ ઉથલી પડે. પણ એ પાછું પવન ઓછો થયે એ ટટ્ટાર અને એની ખુદ્દારીમાં ઉભું રહેતું હોય છે કયારેક સમજી શકાય મને એમનામાં વિશ્વાસ છે કે આ બિલમાં 'બિટવીન ધ લાઈન્સ' જે વાત છે એ સારી સંસ્થાઓનું ગળું પકડવાની વાત છે. એડમિશન તમે કરો છો અને ખાવ છો તેને રોકવું નથી મારે કરવું છે અને મારે ખાવું છે. હું કહું તેમ થાય તેને માટે મારે કાયદો લાવવો છે. તું કરે છે તેમ થાય છે તેને સુધારવા કાયદો મારે નથી લાવવો. આ પરિસ્થિતિનો વિરોધ છે અને એટલા માટે હું માનું છું પહેલાં તો ઉથમાં માત્ર ડિમ્ડ યુનિવર્સિટી નહીં મંત્રીશ્રી જો વિચારે અને પૉઝિટીવ વિચારે તો આપે પાસ કરીને યુનિવર્સિટીઓ આપી છે તેને પણ બહાર રાખજો. બીજા પાસેથી અપેક્ષિત ના હોય પણ માનનીય જયનારાયણ ભાઈ પાસેથી અપેક્ષાઓ છે એટલે આપના મારફતે વધારે વાત કરું છું. કારણકે બીજામાં ઘણી વખત મેં કહ્યું તેમ અમે અહીંયા બેઠેલાં હોઈએ છીએ તેમાં કાં તો અમારે સમજવું હોતું નથી કાં અમને સમજાતું નથી. આ બે પ્રક્રિયાથી ત્રીજી છે કે ઘણી વખત અમને કોક કહે પછી સમજાય જાય છે. પણ બીજાનું સમજાવેલું અમારે સમજવું નથી આ પ્રક્રિયા હોય છે. જયનારાયણભાઈ છે તે વિચારશીલ માણસ છે. ક્યારેક ન્યાય માટે ઉંચા અવાજે બોલી ચૂકેલો માણસ છે એટલે તેનો આત્મા જરૂર રણકો મારે એવો માણસ છે અને એટલા માટે મારી તેમની પાસેથી બહુ અપેક્ષાઓ છે. મારી જ નહીં આખા ગુજરાતની જનતાની અપેક્ષાઓ છે. સારા માણસો આ ગૃહમાં નથી આવતાને ત્યારે આ ગૃહનો લિફટમેન પણ એમ કહેતો હોય છે કે ફલાણાભાઈ હોત તો સારું હતું અને ગુજરાતનો ગરીબ માણસ પણ કહેતો હોય છે કે ફલાણો ભાઈ હોત તો સારું હતું. એમ જયનારાયણભાઈ વિશે સાંભળ્યું છે એટલા માટે મને અપેક્ષાઓ છે. હું માત્ર ટીકા કરનારો માણસ નથી સારાની પીઠ થાબડનારો માણસ છું. ભલે તે સામી પાટલીએ બેઠા હોય પણ એક વખત તે ન્યાય માટે લડનારો માણસ પવન સાથે થોડું ઝૂક્યો હશે પરંતુ તેની ખુદ્દારીમાં અક્કડ રહેવાનો છે એવો મને વિશ્વાસ છે અને એટલા માટે આ બાબત મેં જે કહી છે યુનિવર્સિટીનો અને બાદ કરવાની બાબત તેને વિચારે તેમ કહીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, એક વખત આ બિલની આપણે વિધાનસભાની અંદર ખૂબ ચર્ચાઓ કરી. ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ પ્રવેશ નિયંત્રણ અને ફી નિર્ધારણ બાબત વિધેયક-૨૦૦૭ ઉપર આ વિધાનસભા ગૃહમાં અગાઉ ચર્ચાઓ થઈ ગયેલી છે. માનનીય મંત્રીશ્રીએ પણ આ બિલ ઉપર વિસ્તૃત વાત કરી અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આ અંગેની વાતો કરી. આ બિલ ઉપર વિશેષ ચિંતા એટલા માટે આપણે કરવી પડે કે ગુજરાત રાજયની અંદર સ્વનિર્ભર મૅડિકલ કોલેજ સાત છે. જેની અંદર ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભણે છે. સ્વનિર્ભર ડેન્ટલ કૉલેજ તે પણ સાત છે અને તેમાં ૪૮૦ જેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને ફિઝિયોથેરાપી કોલેજ ૧૪ છે જેની અંદર ૫૬૫ જેટલા વિદ્યાર્થીઓ

અભ્યાસ કરે છે. સુધારો જે છે માત્ર અઢી અક્ષરનો છે. આ સુધારાની બાબતમાં આજે આપણને કદાચ ચર્ચાઓ એક બે બાબતની એવી થઈ અને કેન્દ્ર સરકારની જે વાત છે કે કેન્દ્ર સરકારના જે કાયદાઓ છે તેના અનુસંધાને વાત અહીંયાં, ચર્ચા થઈ શકતી નથી. આ બાબતની સાથે આપણે બધા સંમત છીએ. બંધારણના ઘડવૈયાઓએ એ વાત પણ કરી છે કે કોઈ પણ કાયદો બને છે તે છેવટે પ્રજા માટે બને છે. પ્રજા માટે બનતો કાયદો હવે વિસંગતતા કેવી થશે ગુજરાતની અંદર બાકીની કૉલેજ અને એક કોલેજ તેમાં ફીના ધોરણો ખૂબ અલગ હશે જે કેન્દ્ર સરકાર દ્વારા ડિમ્ડ યુનિવર્સિટીના સંલગ્ન છે અને બાકીની જે ગુજરાતની યુનિવર્સિટીઓના સંલગ્ન છે. ડીમ્ડ યુનિવર્સિટી અને ગુજરાતની અહીંની યુનિવર્સિટી એ બન્ને વચ્ચે ફીનું ધોરણ ખૂબ અલગ અલગ હશે અને જેના કારણે એક વિદ્યાર્થી અહીં આગળ એમ.બી.બી.એસ. કરતો હોય અને બીજો વિદ્યાર્થી એ જ સંલગ્ન કેન્દ્ર સરકારની કોલેજમાં અભ્યાસ કરતો હશે એનું ફીનું ધોરણ અલગ હોઈ એને લગભગ ડબલ જેટલી ફી ચૂકવવી પડશે. આપણા રાજયમાં અલગ અલગ પ્રકારની આ કોલેજો હોઈ હવે બાકી કેવું થશે કે બીજી કોલેજો ચાલુ કરવાવળા પણ વિચારશે કે સૌથી વધારે પૈસા, વધુ ફી કેન્દ્ર સરકાર સંલગ્ન કોલેજોમાં જો કોલેજ ચાલુ કરીશું તો આનાથી વધારે ફી આપણે માગી શકીશું. તો આની સંલગ્નતા ગુજરાતની યુનિવર્સિટીને સાથે કરવાની જગ્યાએ વિદ્યાર્થીઓ પાસેથી વધારે ફી લેવા માટે કરીને કેન્દ્ર સરકાર સંલગ્ન જે જે કોલેજોને જેમાં માન્યતા આપી છે, દેશના બંધારણની અંદર જે યુનિવર્સિટીને માન્યતા આપી છે ત્યાં સંલગ્નતા કરશે જેના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને વધુ પૈસા ચૂકવવા પડે અને ગુજરાતના વિદ્યાર્થીઓને વધુ નુકસાન થશે. એક વાત આ છે છતાંય જે આપણા દેશનું અને રાજયનું બંધારણ બન્યું છે જેના કારણે ગુજરાતમાં જે અધિકારો મળ્યા છે અને એમાં અમારા દંડકશ્રીએ આ બિલમાં જે સુધારો સૂચવ્યો છે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સુધારો તો સુધારા ઉપરની ચર્ચા આવે ત્યારે....

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : હું આ બિલમાં એટલું ચોકકસ ફરી પણ કહીશ કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી એમાં એક વાત એવી કરી કે તમે ગુજરાતની બધી યુનિવર્સિટીઓનો પણ આ બિલમાં સમાવેશ કરો. તો જો કદાચ આ દિશામાં વિચારીએ તો અહીંયાં હું જે સમજું છું અને રેકર્ડ ઉપર જે આ શબ્દો છે. આ તેમણે વધારાની વાત મૂકી હતી કે તમે ગુજરાતની યુનિવર્સિટીઓને પણ આને સંલગ્ન કરો, બાકાત કરવાનું ના રાખો.(અંતરાય) નહીં એ ગુજરાતીમાં બિલકૂલ બોલ્યા હતા અને એ રેકર્ડ જોશો તો ધ્યાનમાં આવશે. ફરીવાર પણ મારે કહેવું જોઈએ કે ફી નિયમન બાબતની જે એના માટેની જોગવાઈ કરી છે એની સાથે હું સંમત થાઉં છું અને માનનીય મંત્રીશ્રીએ જે બિલ મૂકયું છે એને હું પણ સમર્થન આપું છું.

**શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ જે બિલ રજૂ કર્યુ છે અને આ બિલના સંદર્ભમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે પોતાના વિચારો વ્યકત કર્યા છે એટલા માટે મારે એના માટે નાછૂટકે બોલવા માટે ઉભા થવું પડયું છે. એટલા માટે કે શિક્ષણને ૧૯૯૦ થી અનેકવાર મેં કહયું છે કે રાજકારણથી અને પક્ષાપક્ષીથી પર રાખવું જોઈએ. ૧૯૬૦ થી ૧૯૯૦ એમાં એક અપવાદ સિવાય અમે બધા વિરોધપક્ષમાં બેસતા હતા, આપ તો વર્ષો સુધી વિરોધપક્ષમાં બેઠા. જે લોકોએ જે શરૂઆતનું ગુજરાતનું શાસન ચલાવ્યું એ પાર્ટી સમગ્ર દેશની અંદર રાજ કરતી હતી. મહારાષ્ટ્રમાં, કર્ણાટકમાં, આંધ્ર પ્રદેશમાં ૧૯૮૦ થી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો કન્સેપ્ટ લઈને આવ્યા અને આ રાજય સરકાર ૧૯૯૫ થી સત્તા ઉપર બેઠી અને હું અહીં માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ અહીં બેઠા છે તેમને પૂછવા માગું છું કે આ ગુજરાતમાં રાજય સરકાર આ જે મેડીકલના વિદ્યાર્થીઓની વ્યવસ્થા છે, કોલેજોની વ્યવસ્થા છે એ ૧૯૯૦ સુધી કેટલી હતી અને બાકીના રાજયોમાં કેટલી હતી ? વર્ષો સુધી આપણા ગુજરાતમાંથી આ મેડીકલમાં ડોકટરો, ડેન્ટીસ્ટો અને ફીઝીયોથેરાપીસ્ટો થવા માટે બહારના રાજયોમાં કેટલા જતા હતા? અને હજુ તો બાકીનું ટેકનીકલ માટે અને એન્જિનિયર માટેનું બિલ આવવાનું છે. વર્ષો સુધી આ અભ્યાસક્રમો આપણે ત્યાં ગુજરાતમાં ન હોવાના કારણે, એ મહારાષ્ટ્રથી માંડીને દક્ષિણ ભારતના બધાં જ રાજયમાં જતા હતા. માનનીય બીજા સભ્યશ્રી તો શિક્ષણની યુનિવર્સિટીમાં કેન્દ્રમાં વર્ષો સુધી સેનેટના સભ્ય રહયા છે તેમને ખબર છે કે આ વ્યવસ્થા ગુજરાતમાં ન હોવાના કારણે અને એ જ માનસિકતામાંથી આવતા હતા કે કોઈપણ શિક્ષણની સંસ્થાઓનું ખાનગીકરણ ના કરી શકાય. હાયર અને ટેકનિકલ એજયુકેશનની અંદર આજે કેન્દ્ર સરકાર એક નીતિ કરે અને રજય સરકાર એને બીજી રીતે મુલવે અને એ રીતે એમ કહે કે આનું શોષણ થાય છે, આ તો હસવું પણ છે અને લોટ પણ ફાંકવો છે તેના જેવી આખી પ્રક્રિયા ઉભી કરે છે. એમણે તો એમ કહેવું જોઈએ કે રાજય સરકાર શિક્ષણના હિતમાં જે કરે છે તે યોગ્ય છે, અમે તેની સાથે છીએ, એમાં રાજકારણ ન આવે, કદાચ ટેકનિકલ નાના મોટા કોઈ મુદ્દાઓ હોય તો બેસીને સાથે નિકાલ થાય, પણ એમાંથી આટલી મોટી ચર્ચા કરાય? આજે આપણે ગુજરાતના શિક્ષણને જો રાજકારણથી પર ન રાખીએ તો આજે આ રાજય સરકાર છેલ્લા દસ વર્ષમાં સવનિર્ભર ધોરણે, ભૂતકાળમાં જે રાજય સરકારો નથી કરી શકી તેના લીધે આ રાજયમાંથી, મેં હિસાબ કરીને કહ્યું છે કે, એક સીટની પાછળ છેલ્લા વીસ વર્ષમાં કુલ મળીને ગુજરાતનો જેટલો પૈસો ગયો છે તેનો હિસાબ કરાય તો એક નર્મદા યોજના જેટલા પૈસા થાય, માનનીય અધ્યક્ષશ્રી, એક નર્મદા યોજના જેટલા પૈસા આ રાજયમાં શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ અને હાયર શિક્ષણની જે વ્યવસ્થા ઉભી કરાવી જોઈએ તે ન કરી તેના કારણે એક નર્મદા યોજના જેટલા પૈસા રાજયની બહાર છેલ્લા વીસ-પચ્ચીસ વર્ષમાં ગયા છે. આ રાજય સરકારે માત્ર દસ વર્ષમાં ૧૯૯૫ થી ૨૦૦૭ની અંદર બેઠા છીએ, આ મેડીકલ ડોકટરો બનાવવાની

વ્યવસ્થા, ફીઝીયોથેરાપીસ્ટ બનાવવાની વ્યવસ્થા, ફાર્મસી કોલેજની વ્યવસ્થા અને બાકીની ટેકનિકલ એજયુકેશનની વ્યવસ્થા આપી, આપણે રાજય તરીકે શિક્ષણની અંદર બેદરકાર રહ્યા, તેને પ્રાયોરીટી ન આપી, અને તેના પરિણામો શું આવ્યા? આ રાજયના લોકો મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા અંગ્રેજોના શિક્ષણમાંથી ઉભા થયા, દેશનું નેતૃત્વ કર્યુ, સરદાર પટેલે આને દેશનું સ્વરૂપ આપ્યું, મહાત્મા ગાંધીએ આખા દેશની ચળવળ કરી સ્વતંત્રતાની, દાદા સાહેબ માવલંકર દેશના સ્પીકર બન્યા, મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન બન્યા, એચ. એમ. પટેલ નાણા મંત્રી બન્યા, વહીવટદાર થયા હતા આ અંગ્રેજોના શિક્ષણમાંથી થયા. આજે પચાસ સાઈઠ વર્ષ થયાં, આપણે શિક્ષણની બેદરકારી રાખી, શિક્ષણ માટે પ્રાયોરીટી ન આપી, શિક્ષણનું ટેમ્પરામેન્ટ ન બનાવ્યું, શેનું ટેમ્પરામેન્ટ બનાવ્યું તેની ચર્ચા હું પાછળથી કયારેક કરીશ, પણ શિક્ષણનું ટેમ્પરામેન્ટ દક્ષિણમાં બન્યું, કેરળમાં બન્યું, આંધ્રમાં બન્યું, તામિલનાડુંમાં બન્યું, કર્ણાટકમાં બન્યું, અને તેથી ૬૦ વર્ષમાં એ રાજયો કયાં પહોંચ્યા? સૌથી વધારે સમૃધ્ધ થયા, અને આપણે અહીં જે લોકોએ ગુજરાતનું પ્રથમ શાસન કર્યુ છે તેણે રસ્તો ખોટો પકડી લીધો, એમની જ શાસન વ્યવસ્થામાં, એમની જ પાર્ટીના દક્ષિણના લોકો સમગ્ર દેશમાં આગળ આવી શકયા, અને ગુજરાત ન આવી શકયું, તેનું કારણ તે શાસકોએ શિક્ષણ માટે પ્રાથમિકતા ન આપી, આજે સેલ્ફ ફાઈનાન્સ કોલેજના કન્સેપ્ટમાં આપણે તો તેનાથી પણ આગળ જવું છે, ફકત સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો કન્સેપ્ટ નથી, અમે યુનિવર્સિટી પણ સેલ્ફ ફાઈનાન્સ આપી, તમારે ત્યાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજો જ નહોતી. તમે સેલ્ફ ફાઈનાન્સ કોલેજના કન્સેપ્ટને સ્વીકાર્યો જ નહોતો. અને તમે આજે શોષણની ચર્ચાઓ કરો છો. તમારા રાજયોમાં, દક્ષિણની અંદર મહારાષ્ટ્રમાં ઢગલો છે, આંધ્રમાં ઢગલો છે, બેંગલોરમાં એક એક શહેરની અંદર ઢગલાબંધ મેડીકલ કોલેજો ચાલે છે, હમણાં ચૂંટણીમાં એક મંત્રી આવ્યા હતા. હું તે મંત્રીનું નામ નહીં આપું, પણ તેઓ દિલ્હીથી પ્રચાર માટે આવ્યા હતા, અને ગુજરાત આટલું બધું શિક્ષણની સંસ્થાઓમાં પાછળ છે એટલા માટે લોકો મત ન આપે, તેવું કહેતા હતા, તમે ત્યાં શાસન કરો છો, તમે આ બધી સંસ્થાઓનો કબજો સંભાળો છો, તમે વ્યવસ્થા આપો છો તમે તેના સર્ટિફિકેટ આપો છો, પરમીશન આપો છો અને ગુજરાતમાં તમે ૬૦ વર્ષમાંથી ૩૫ વર્ષ રાજ કર્યુ અને આ શરૂઆતમાં તમે ન કર્યુ તેનું પરિણામ ગુજરાત ભોગે છે. હજુ તો આ ખાડો પૂર્યો છે. માંડ માંડ પૂરો કર્યો છે, અમારે તો આનાથી આગળ જવું છે, એક એક સેલ્ફ ફાઈનાન્સ કોલેજ અને એક એક સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી દરેક જિલ્લામાં ઉભી થાય, દક્ષિણના રાજયોમાં જે રીતે ઉભી થઈ છે તે રીતે ગુજરાતમાં કેમ ન થાય? ગુજરાત મેડીકલ રીતે હબ બની શકે તો શૈક્ષણિક રીતે હબ કેમ ન બની શકે વેસ્ટ ઝોનમાં? આપણે ત્યાં આઈકયુ ઓછો છે? હાઈએસ્ટ આઈકયુ વાળા લોકો આપણે ત્યાં છે. આપણે અમેરીકા જઈએ છીએ, લંડનમાં જઈએ છીએ, પણ આપે અહીં જે રીતે શાસન વ્યવસ્થા ઉભી કરી અને શિક્ષણને પ્રાથમિકતા ન આપી, પ્રાથમિકથી માંડી અને ઉચ્ચ શિક્ષણ સુધી, એટલે અનેક વાર મેં કહયું છે કે શિક્ષણને રાજકારણથી પર, પક્ષા-પક્ષીથી પર કરવું પડશે, ગુજરાતે તેનું ભવિષ્ય બનાવવું હશે..

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની યાદી જોતાં આજે ચાર વિધેયકો છે. સરકારી કામકાજ છે અને વિરામ પછી બે બિન સરકારી સંકલ્પો છે એટલે કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં નક્કી થયું છે એ મુજબ આ ચાર બિલો પૂર્ણ થાય એના માટે થોડો સમય લંબાવવા માટે સભાગૃહને વિનંતી કરું છું.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલોની ચર્ચામાં બધા ભાગ લઈ શકે એટલા માટે જેટલો સમય જોઈએ એટલો સમય લંબાવવા ટેકો આપું છું.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે ? (થોડીવાર બાદ) વિરામ બાદ આ ચાર બિલો પસાર થાય એ પછી આપણે બિન સરકારી સંકલ્પો લઈશ. એ રીતે સમય લંબાવવામાં આવે છે.

**શ્રી ભરત બારોટ** : રાજયમાં શૈક્ષણિક વ્યવસ્થાના સંદર્ભમાં જે ઊણપો ભૂતકાળમાં રહી છે એને પૂર્ણ કરવા માટે છેલ્લા સાત-આઠ વર્ષની અંદર જે પ્રયત્નો થયા છે એને સ્ટ્રેન્ધન કરવા માટે આ આખી પ્રક્રિયા ચાલે છે. માનનીય રાજયપાલશ્રીના અભિપ્રાય સાથે એમના સુધારા સાથે અહીંયા લાવવામાં આવે છે એની સાથે બધા સહમત થવાના છે. સવાલ આખા વિષયને શિક્ષણને ગુજરાત કેવી રીતે આવતા દસ વર્ષમાં લેવા માગે છે. આપણે આપણી ભવિષ્યની પેઢીઓને ગુજરાતની અંદર બાકીના રાજયોની અંદર શિક્ષણની વ્યવસ્થા છે એવી વ્યવસ્થા ગુજરાતમાં ઘર આંગણે ઊભી કરવા માગીએ છીએ? આપણે સારી રીતે શિક્ષણ આપવા માગીએ છીએ, આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ આપવા માગીએ છીએ, રાષ્ટ્રીય કક્ષાનું નહિ ચાલે આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ આપણે ગુજરાતમાં ઊભું કરવા માગીએ છીએ અને એટલા માટે ટ્રેઝરી બેંચની સાથે વિરોધપક્ષના નેતાઓએ શિક્ષણની બાબતમાં આરોગ્યની બાબતમાં રાજકીય પક્ષાપક્ષીથી પર થઈને એનાથી ઉપર ઊઠીને વિચારવું પડે અને આમાં આ યુનિવર્સિટી એનું ફીનું નિયંત્રણ હજી આપણે પ્રગતિશીલ છીએ, બાકીના રાજયોમાં જઈને વિચાર કરીએ, તમારા જે શાસિત રાજયો છે એની તુલાના કરો ૫૦-૫૦ ટકા સીટો કેપીટેશનવાળી ડોનેશનની અંદર આપી દીધી છે. આપણે ત્યાં ૭૫ ટકા છે ત્યાં ૫૦-૫૦ ટકા આપી દીધી છે. હજી આના પછી બીજા બે બિલો છે એમાં પણ શિક્ષણની ચર્ચા છે. માનનીય વિરોધપક્ષના નેતા વચ્ચે પાંચ વર્ષ નહોતા એ એમણે કબૂલ કર્યુ. એની પહેલાની પ્રણાલી જોઈએ. છેલ્લા ૨૫ વર્ષથી તેઓને વિરોધપક્ષમાં બેસાડ્યા છે એનું તેઓ આત્મ નિરીક્ષણ કરે. કેમ

બેસાડ્યા હશે એનું કોઈ કારણ તો હશેને? ૧૯૮૫ પછી લોકોના મતથી જીત્યા નથી. તેઓ આત્મ નિરીક્ષણ કરે. શિક્ષણની ચિંતા છોડે.

**અધ્યક્ષશ્રી** : એમના ભાવીની વાત કર્યા વગર શિક્ષણના ભાવીની વાત કરો.

**શ્રી ભરત બારોટ** : એમની પોતાની ખુરશીની ચિંતા કરી છે. પોતાના આંતરિક રાજકારણની અંદર પ્રજાની ચિંતા ન કરતાં આ સ્થિતિ થઈ છે. આજે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ છેલ્લા દસ વર્ષમાં પ્રાથમિક શિક્ષણ તથા કન્યા કેળવણીને હાથ ઉપર લીધું. પ્રાઇવેટ યુનિવર્સિટીનું ક્રાંતિકારી સ્ટ્રકચર ઊભું કર્યુ છે. આટલું પ્રગતિશીલ નેતૃત્વ આજથી પચ્ચીસ વર્ષ પહેલા ઊભું થયું હોત તો આ ગુજરાતના દેશના વડાપ્રધાન હોત. આપણે દેશના વડાપ્રધાન બનાવવા માટેની પ્રક્રિયામાં આગળ વધીશું. બીજા પ્રાંતોમાંથી વડાપ્રધાનો ઊભા થાય તો આપણે ત્યાંથી ઊભા ન થાય એવું નથી. આપણે ત્યાં ૨૫ વર્ષ પહેલાનું શિક્ષણ ઊભું કરવું પડેને? આ શિક્ષણના આ ક્રાંતિકારી બિલના હાર્દ સાથે ટેકનિકલ મુદ્દાઓ છે. વિરોધપક્ષના નેતાને મારી હજી પણ લાગણી છે શિક્ષણના સંદર્ભમાં વ્યાપક સર્વસંમતિ ઊભી થાય અને આ બિલને સર્વાનુમતે પસાર કરે એના માટે હું અપીલ કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨.૨૯ મિનિટ થઈ છે. માત્ર શરૂ તો એટલું જ કરીશ કે માનનીય ભરતભાઈનું પ્રવચન બહુ જ સરસ હતું, મંત્રી થવાને લાયક હતું. હું શકિતસિંહભાઈને વિનંતી કરીશ કે એમનું ચાલતું હોય તો ભલામણ કરે કારણ કે હજી ઘણી જગ્યાઓ ખાલી છે તેમાં એમનો સમાવેશ કરી દે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (ક્રમશઃ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એ બિલ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણના એક વિશાળ વર્ગને સ્પર્શતું, સમાજ જીવનના તમામ વર્ગને સ્પર્શતું આ બિલ છે. આપણે સૌ જીવનના કોઈકને કોઈક તબક્કામાં કાં તો શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થી તરીકે અને મારા જેવા કોઈ જગ્યાએ શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન સાથે કે યુનિવર્સિટીઓની અંદર સેનેટ, સિન્ડિકેટ મેમ્બર પદે ઘણાં લોકોએ આપણાંમાંથી કામ કર્યું છે. મેં પણ આ સંસ્થાઓમાં કામ કર્યું છે. એટલા માટે અગાઉ જે વાત થઈ તે પ્રમાણે જો વિચારપૂર્વક બિલ લાવવામાં આવે તો શૈક્ષણિક સંસ્થાઓનો વ્યાપ તો વધે, તેની કવોલિટી પણ સારી બને અને સમાજના જે લાયક બાળકો છે તેને આવી સંસ્થાઓમાં લાયકાતના ધોરણે પ્રવેશ પણ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પહેલી વખત બિલ મૂકાયું તે વખતે પણ આ બાબતની ઘણી ચિંતા હતી. જે રેફરન્સ લઈને આજે આવ્યા છે અને નામદાર રાજયપાલશ્રીએ જે રીતે આ બિલ આપને પાછું મોકલ્યું છે તેમાં તો જે આપણું બિલ ઘડવામાં બંધારણીય ક્ષતિ રહી ગઈ હતી એ ક્ષતિને સુધારવા માટે પાછું આપ્યું છે અને જ્યારે આ તક આ સભાગૃહને પ્રાપ્ત થઈ અને જ્યારે રાજય સરકાર પાસે આ બિલને ફરી પાછું વિચારણા માટે મૂકવાની તક પ્રાપ્ત થઈ ત્યારે વિચારપૂર્વક એક સર્વગ્રાહી બિલ લાવવાની જરૂર હતી અને એ સર્વગ્રાહી બિલ એવું હોવું જોઈતું હતું કે જે બિલ માત્ર ગુજરાત માટે નહીં પરંતુ સમગ્ર દેશ માટે એક પથદર્શકરૂપ બિલ બને. માનનીય જયનારાયણભાઈ પાસેથી આવી અપેક્ષાઓ રખાતી હતી પણ માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ તો માત્ર જે ટેકનિકલ ક્ષતિ સુધારવાની જે વાત એ તો હજી આવી નથી પણ જે સરકારનો ઈરાદો છે તેમાં તો માત્ર ટેકનિકલ ક્ષતિ સુધારવાની વાત છે. માનનીય રાજયપાલશ્રીએ પણ તેમના મેસેજમાં છેલ્લે કહ્યું છે. હું માત્ર છેલ્લો પૅરા વાંચું છું. તદ્અનુસાર હું આથી ગુજરાત વ્યવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક ૨૦૦૭) મારા સંદેશ સાથે પરત કરું છું અને ભલામણ કરું છું કે વિધેયકની ઉપર્યુક્ત જોગવાઈઓનો અહીં ઉપર ઉલ્લેખ કર્યા મુજબ યોગ્ય સુધારા માટે ફેરવિચારણા કરવામાં આવે. જેથી એવો કાયદો અમલમાં આવે જે તેના ઉદ્દેશો યોગ્ય રીતે સિદ્ધ કરે. આ બિલનો જે ઈરાદો છે એ તો આ શૈક્ષણિક પ્રવેશ છે અને ફી છે તેનું નિયમન કરવાનો છે. ખરા અર્થમાં આનું નિયમન થઈ શકશે ખરું? અને જો રાજય સરકાર ધારે તો કદાચ કાનૂનની અંદર ક્યાંક આપણે નિયમન ન કરી શકતાં હોઈએ તો પણ આપણે આ બાબત કરી શકીએ છીએ. રાજય સરકાર ઘણી બાબતોમાં પોતાના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય, નૈતિક ન હોય તો પણ એમણે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈએ પણ ચિંતા વ્યક્ત કરી કે આમાં ડિમ્ડ યુનિવર્સિટી છે એ એના કાર્યક્ષેત્રમાંથી બહાર આવી જાય છે. ભલે કાનૂનમાંથી બહાર આવી જાય. પણ કોઈપણ ડિમ્ડ યુનિવર્સિટી છે એ પણ ક્યાંકને ક્યાંક તો કોઈક નિયમ હેઠળ જ બનેલી હોય છે. યુ.જી.સી.ના કાનૂન મુજબ એ બનેલી હોય છે. એને યુ.જી.સી. મંજૂરી આપે છે અને યુ.જી.સી.એ શરતો મૂકી હશે અને એ શરતોનું પાલન કરાવવાની આપણા સૌની ક્ષમતા છે. એ કરાવવા માટે ઇરાદો હોય છે પણ એ ઇરાદાના અભાવે આપણે નથી કરી શકતા. આપણા સૌની જાણકારી છે કે આપણા કાર્યક્ષેત્રમાં નથી આવતું એમ કહીએ છીએ. કોર્ટની અંદર કોઈ અધિકારી જુબાની આપવા જાય ત્યારે એને સત્ય લાગે એ જુબાની આપે. છતાં આ ગુજરાત સરકારની અંદર એવા દાખલાઓ છે કે, કોર્ટમાં કે પંચમાં કોઈ અધિકારીને જુબાની આપવા જવી હોય તો ટયુટર કરવામાં આવે છે.

આપણે એને ટયુટર કરી શકીએ છીએ. પણ નિયમ મુજબ સંસ્થાઓ ન ચાલતી હોય તો એ સંસ્થાઓને નિયમ મુજબ ચલાવવા માટે આ કાયદામાં નથી અને એટલે ન થઈ શકે એ વાત સાથે સંમત થઈ શકાય તેમ નથી. આખરે શિક્ષણનો ઉદ્દેશ છે એ સમાજના સર્વાંગી ઉત્થાનનો ઉદ્દેશ છે. એક જમાનાની અંદર ઉચ્ચ શિક્ષણ માત્ર ગણ્યાં-ગાંઠ્યા મૂડીપતિઓના સંતાનો માટે અનામત રાખેલું, રાજા મહારાજાઓના સંતાનો માટે અનામત રાખેલ હતું. આઝાદી પછી એ શિક્ષણનો વ્યાપ વધારીને સામાન્ય બાળકો સુધી પહોંચે એવું શિક્ષણ બનાવ્યું છે. આપણે એમ કહીએ છીએ કે પાછળ રહી ગયા, બધા વાતો કરતા હતા. મારા સાથી મિત્ર ભરતભાઈએ પણ હમણાં કહ્યું કે, આપણે પાછળ રહી ગયા. એ ટૅક્નીકલ શિક્ષણના મંત્રી રહ્યા હતા અને જ્યારે હતા ત્યારે તજજ્ઞોની સલાહ લઈને આપણે અપલીફટીંગ માટે કેવા પ્રયાસો કર્યા? એવા પ્રયાસો થયા હોત તો આ દેશનું શિક્ષણ છે એ ક્યાંક આગળ નીકળી ગયું હોત. ભાષણોની અંદર આ શોભે. પહેલીવાર ગૃહ મળતું હતું અને હું આ ગૃહમાં વિદ્યાર્થી હતો. શિક્ષણ મંત્રીશ્રીએ માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર પહેલું અને છેલ્લું પ્રવચન આપેલું અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ વખતે પ્રવચન કર્યું હતું અને શબ્દો વાપર્યા હતા. મારે આ રાજયની અંદર બાયો ટૅક્નૉલૉજી, નેનો ટૅક્નૉલૉજી, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી એનો વિકાસ કરવો છે. મને થયું કે આ બહુ સારું છે. આ કદાચ આપણે આઈ.ટી.ના ક્ષેત્રમાં છીએ એટલે આપણને ખબર છે. ગીગા બાઈટસ્, મેગા બાઈટસ્ જેવા શબ્દો એમાં આવે છે એટલે આપણે વાપરતા હોઈએ છીએ. પણ હાર્ડ બીટસ્ અને હાર્ડ બાઈટસ્ એ ભૂલી જતા હોઈએ છીએ. એટલે એ શબ્દો માત્ર * (પોથીમાંના રીંગણાં સાબિત થાય છે.) (અંતરાય) એટલે આ પહેલાં બોલાયા છે. એટલે કહું છું. મારા પહેલાંના વક્તા બોલ્યા છે એટલે કહું છું.

**શ્રી વજુભાઈ વાળા** : આ શબ્દો છે એ કાઢી નાખો. એ કાઢી નાખવા જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. આ તો રિપિટ કર્યું. કાંઈ વાંધો નહીં.

**અધ્યક્ષશ્રી** : એ હશે તો કાઢી નાખીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નેનો ટૅક્નૉલૉજીની સંસ્થાઓ અહીં લઈ આવવાની છે અને ગુજરાતને આઈ.ટી. કક્ષાની અંદર મહાસત્તા બનાવવાનું છે. આઈ.ટી. કક્ષાની મહાસત્તા બનાવવી હોય તો એના માટે આઈ.ટી.ક્ષેત્રના નિષ્ણાતોની સલાહ લેવી જોઈએ અને એ કહે એ પ્રમાણે સંસ્થાઓની સ્થાપના કરવી પડે પણ એ થયું નથી. આઈ.ટી. ક્ષેત્રની અંદર આપણી પાસે વિશ્વની પ્રતિભાઓ કહી શકાય એવા ગુજરાતીઓ છે. ડૉ. સામપિત્રોડા ગુજરાતની અંદર જન્મ્યા અને આજે આખું વિશ્વ એની સલાહ લે છે. ભારત સરકાર એની સલાહ લે છે, ગુજરાતનને એની સલાહ લેવાનું જણાતું નથી કારણ કે એ રાજીવ ગાંધીના મિત્ર હતા, આપ પણ મિત્ર બનાવી શકો, હું પણ મિત્ર બનાવી શકું, અમારા તો મિત્ર જ છે જો એની સલાહ લેવાઈ હોત તો આજે આઈ.ટી. ક્ષેત્રની અંદર જે વિકાસના નામે મીંડુ છે, એક થી દસની અંદર આઈ.ટી.ના ક્ષેત્રમાં ગુજરાત આવતું નથી એ આજે આઈ.ટી.ના ક્ષેત્રમાં આ આઠ થી દસ વર્ષના શાસનમાં આગળ આવ્યું હોત. ગુજરાતની અંદર આઈ .ટી.નો વિકાસ કરવો છે તો આઈ.ટી.ના નિષ્ણાત એ ડી.એલ.એફ. કે રહેજા બિલ્ડરના કરી શકે એ જમીનના સોદાઓ જરૂર પાર પાડી શકાય પણ આઈ.ટી.નો વિકાસ ના થઈ શકે. બાયોટેકનોલોજીની અંદર સંસ્થા દ્વારા વિદેશથી એક ભાઈને લઈ આવ્યા, જમીન આપી દીધી અને પછી બાયોટેકનોલોજીના નામે મોટું મીંડુ ગુજરાતમાં છે, અને નેનો ટેકનોલોજી તો હજી પણ માત્ર અને માત્ર ભાષણમાં જ છે. કોઈ જગ્યાએ નથી એટલે મેગાબાઈટ, ગીગાબાઈટની સાથે એજયુકેશન અને હાર્ટબીટસ પણ ચાલવા જોઈએ પણ એ ચાલતા નથી. ચાલે છે કોને ઈશારે કે જે આવી સંસ્થાઓ ચલાવે છે એમાંથી મોટું પ્રોફીટીંગ કરે છે. એના ઈશારે નિયમો અને કાયદાઓ બને છે અને એટલા માટે આનું નિયમન કરવું ખૂબ જરૂરી છે. જયારે નિયમન કરવાની વાત આવે ત્યારે આ કાયદા બનાવતી વખતે એની વિસ્તૃત ચર્ચા થવી જોઈતી હતી એ વિસ્તૃત ચર્ચા સમાજની અંદર ત્યારે પણ નહોતી થઈ અને આજે પણ ચર્ચાઓ નથી થઈ. મારે તો માત્ર આ બિલની અંદર જે થોડી જોગવાઈઓ છે, એના તરફ આપના મારફત રાજય સરકારશ્રીનું ધ્યાન દોરવું છે. આ સંસ્થાઓ છે એ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માટે છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો હોય તો એના માટે દેશની સુપ્રિમ કોર્ટ કહયું છે કે વાજબી સરપ્લસ થાય એ જરૂરી છે. સંસ્થાના વિકાસ માટે અને એના માટે ફી નકકી કરવાના ધોરણો નકકી કર્યા છે પણ સુપ્રિમકોર્ટ કોઈ પણ સંસ્થાને કેપીટેશન ફી લેવાની મનાઈ ફરમાવી છે. એટલું જ નહીં પણ કેપીટેશન ફી લેનારાને સજા કરવી જોઈએ એવી વાત પણ કરી છે અને પારદર્શકતા લઈ આવવાની દરેક સંસ્થાઓને પણ વાત કરી છે અને જો બિલ લઈ આવ્યા હતા તો જે પારદર્શકતા લાવવાનો જે હેતુ હતો એ હેતુ જ માર્યો જાય છે અને આપણે એવી સંસ્થાઓને પણ દંડીએ છીએ કે જે સંસ્થાઓ સંપૂર્ણરીતે ટ્રાન્સપરન્ટ રીતે ચાલે છે. ગુજરાતમાં પણ એવી સેલ્ફ ફાઈનાન્સની સંસ્થાઓ છે કે જે સંસ્થાઓ એક પણ સીટ છે એ મેનેજમેંટના કવોટાના બહાના હેઠળ ભરતી નથી એવી અનેક સંસ્થાઓ છે. આખી નિરમા યુનિવર્સિટી ચાલે છે. એક પણ સીટ મેનેજમેંટના કવોટાના નામે ભરતા નથી. જયારે બીજી તરફ એવી અનેક સંસ્થાઓ છે કે જે મેનેજમેંટ કવોટાના નામે લાખો નહીં કરોડો રુપિયાના ડોનેશનો મેળવે છે. (અંતરાય) આપને ખ્યાલ ન હોય અંબાલાલભાઈ એટલે આપ બોલો છો.

**અધ્યક્ષશ્રી** : તમે મારું કામ ના કરો.

*(    ) માનનીય સભ્યશ્રી દ્વારા આ શબ્દો અહેવાલમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે જો આવી સંસ્થાઓ છે એને પણ આપણે એક જ લાકડીએ હાંકીએ છીએ અને જે લોકો ભ્રષ્ટાચાર કરે છે એને પણ આ કાયદા હેઠળ આવરી લઈએ છીએ. નિયમ તો એવો હોવો જોઈએ કે જેમાં સારી સંસ્થાઓને આઈડેંટીફાઈ કરી શકાય એટલે એને પણ ક્રેડીટ માર્કસ અપાય તો એને વધારે ઓટોનોમી મળે અને જે લોકો ભ્રષ્ટાચાર કરે છે એને નેગેટીવ માર્કસ અપાય અને એ પ્રમાણે એનો કંટ્રોલ રહે. સરકાર એને ડાયરેકટીવ્સ આપી શકે એવી જોગવાઈ હોવી જોઈએ. જે આ કાયદામાં નથી હું આ જે જોગવાઈ છે એની વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જોગવાઈમાં ૨૫ ટકા સીટો છે એ મેનેજમેન્ટ કવોટાના નામે સંસ્થાઓને આપવાની વાત કરી છે. એટલું જ નહિ ૧૫ ટકા સીટો છે એ બિન નિવાસી ભારતીય માટે આપવાની વાત કરી છે, પણ ગુજરાતની અંદર આપણે સૌ જાણીએ છીએ કે મેનેજમેન્ટ કવોટના નામે કેટલા પૈસા લેવાય છે? ગયા વખતે મૅડિકલ કૉલેજોની અંદર જે મેનેજમેન્ટ કવોટામાં એડમિશન અપાય એમાં ૨૫ લાખથી શરૂ કરીને ૫૦ લાખ રૂપિયા ડોનેશનના લેવાયા અને એન્જિનિયરિંગ કૉલેજોની અંદર લાખ રૂપિયાથી શરૂ કરીને ૧૦ લાખ રૂપિયા સુધી ડોનેશન આપીને એડમિશન લીધા હતા, એના ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ ચિંતા ડિમ્ડ યુનિવર્સિટી કરી હતી, પણ આવી સંસ્થાની કોઈ ચિંતા આ બિલમાં દેખાતી નથી અને આ દ્વિતિય સાયકલ એવી ચાલે છે કે મૅડિકલ હોય, બી.એડ હોય, પી.ટી.સી. આ બધી કૉલેજોની અંદર પૈસા આપી ઓછા માર્કસે એડમિશન લેવાય, એડમિશન લેવાયા પછી પૈસા આપી માર્કસ લેવાય અને માર્કસ લીધા પછી એ માર્કસના આધારે ફરી પાછા પૈસા આપી નોકરીઓ લેવાય. એમાં ગરીબ કે માર્કસ-મેરિટવાળા વિદ્યાર્થીનું કોઈ સ્થાન નથી. સૌ એ આત્મખોજ કરવાની જરૂર છે, હું રાજકીય અવલોકન કરવા માગતો નથી. પણ પાટણની ઘટના હોય કે બીજી જે ઘટના શું કરવા બને છે? એટલા કે માટે જે લોકો પૈસા નથી આપી શકતા એવી દીકરીઓને શરીર સોંપવાની ફરજ પડાય છે. નિયમન તંત્ર જેવું કશું કોઈ જગ્યાએ નથી અને જે લોકો પૈસા આપે છે એને માર્કસ પણ એટલા મળે છે. આ વખતેય જોયું કે પાટણની દીકરીઓને સામાન્ય રીતે પાટણ છેવાડાનું શહેર છે એટલા માટે ત્યાં આ જે એડમિશન મળે (અંતરાય) જેઠાભાઈ બહુ ચિંતા કરોમા, હું રાજકીય અવલોકન નથી કરતો, હું હકીકત કહું છું.(અંતરાય)

**શ્રી ભરત બારોટ** : તબીબી સેલ્ફ ફાયનાન્સ કૉલેજના સુધારાના સંદર્ભમાં ચર્ચા છે. આ કોઈ પી.ટી.સી.ની એના ઉપર ચર્ચા હોય ત્યારે ચર્ચા કરે તો ઠીક છે. સાહેબ, આ બીલ બહારની ચર્ચા કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પી.ટી.સી.ની હું ચર્ચા જ નથી કરતો. હું તો જે ડોનેશન પ્રથા ચાલે છે તેની ચર્ચા કરું છું. મેનેજમેન્ટ કવોટામાં વિદ્યાર્થીઓનું શું થાય છે? તેની મેં વાત કરી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ભરતભાઈ, એક મિનિટ, એ બિલની ચર્ચાની અંદર વાત કરે છે એ ચર્ચાના સંદર્ભમાં એમણે કેટલાક ઉદાહરણો આપ્યા. બિલની ચર્ચાનો વ્યાપ વધારે પણ હોઈ શકે એ પ્રમાણેની વાત કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા જતો હતો (અંતરાય) અમે ભલામણ કરી દઈશું. તમે ન કરતા અમે કરી દઈશું.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર, અર્જુનભાઈ આજ સવારથી તમને ભલામણ કરવાના મૂડમાં આવ્યા છો, ખબર નથી પડતી પહેલા તમે શકિતસિંહની ભલામણ કરો એવું કહેતા હતા હવે તમે પોતે આવી ગયા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ના, આની ભલામણ પણ મેં શકિતસિંહજીભાઈને કહ્યું છે કે હજુ તમારે મુખ્યમંત્રી સાથે સારા સંબંધો છે, આની ભલામણ કરજો.

**અધ્યક્ષશ્રી** : એ સારું છે પણ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ હતી કે મેરિટની સાથે કેવું કૉમ્પ્રોમાઇઝ થાય છે. પાટણની અંદર જે દીકરીને એડમિશન મળતું હોય એના ઓછા મેરિટ હોય કારણ કે દૂરની સંસ્થા છે. અમદાવાદની અંદર ઊંચા માર્કવાળા વિદ્યાર્થીઓ છે એને એડમિશન મળે છે એ રૅકૉર્ડ ઉપરની વાત છે અને છતાં આપણે જોયું પાટણની પી.ટી.સી. કૉલેજની અંદર માર્ક ખૂબ ઊંચા અપાયા અને અમદાવાદની અંદર ઓછા અપાયા, કારણ શું? કારણ મેં કહ્યું એમ અમે કયાંક કોઈ જગ્યાએ કોઈ દીકરીને સરન્ડર કરીને માર્ક અપાવવામાં આવ્યા, કયાંક કોઈ જગ્યાએ પૈસા આપીને આપવામાં આવ્યાં આનું નિવારણ હોય તો મેરિટના માપદંડ સાથે કોઈ જગ્યાએ કયાંય પછી ભલે આ કાનૂનની અંદર આવરી લેવાયેલી સંસ્થા ઓ કે કાનૂન બહારની સંસ્થા હોય. એની સાથે કયારેય મેરિટની સાથે સમાધાન ન કરવું જોઈએ. મને આશ્ચર્ય અને આઘાત એ વાતનો લાગે છે કે, અહીંયા આ મેનેજમેન્ટનો કવોટા શેના માટે રાખવામાં આવ્યો છે ? એની શું જરૂર પડી છે ? કોઈ સારી સંસ્થા હોય એને વધારે ખર્ચ કરવો પડતો હોય, નિરમા જેવી સંસ્થા હોય કે આપણા અનિલભાઈ ચલાવે છે એવી ગણેશ વિદ્યાનગર જેવી સંસ્થા હોય કે ડી.ડી.આઈ.ટી. હોય કે અહીંયા કડીની સર્વ વિદ્યાલય જેવી સંસ્થા હોય, આ બધી સંસ્થાઓ છે એમાં જો સારી સંસ્થા ચલાવતા હોય તો ભલે એક હજાર કે બે હજાર ફી વધારે લેવાય એનો વાંધો નથી પણ એને ૨૫ ટકા મેનેજમેન્ટ કવોટાના અને ૧૫ ટકા એન.આર.આઈ.ના એ શેના માટે અપાય છે એ મને ખબર નથી પડતી ? માનનીય અધ્યક્ષશ્રી, મારો તો આક્ષેપ છે કે, આ કાયદાની અંદર આ જોગવાઈ છે આ ભ્રષ્ટાચારી જે સંચાલકો, અમુક લોકો છે, બધા નથી, જે લોકો છે એના ઈશારે આ જોગવાઈ કરવામાં આવી છે અને એ જોગવાઈને ચાલું રાખવાની જયનારાયણભાઈને ફરજ પડેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સખત વિરોધ કરું છું કે, આ ૨૫ ટકા અને ૧૫ ટકા ન હોવા જોઈએ, અને એન.આર.આઈ.માં થોડી હોવી જોઈએ, હું ના નથી

કહેતો પાંચ ટકા હોય પણ એ પણ જે એન.આર.આઈ. પાસપોર્ટ હોલ્ડર હોય એના જ સંતાનોને આપવું જોઈએ પણ આ તો એન.આર.આઈ.ની સંસ્થા હોય અને હું ભલામણ કરું કે મારા ભત્રીજાને આપી દેજો એટલે એને અપાય છે, આ ચાલે છે. દેશની સુપ્રીમ કોર્ટ ના પાડી, ગુજરાતની હાઈ કોર્ટ ના પાડી અને છતાં આ મિલીજુલી બધી જ ચાલે છે. મારી આપના મારફતે વિનંતી છે કે, જયનારાયણભાઈ જ્યારે આ બિલનો જવાબ આપવા ઊભા થાય ત્યારે આ ૨૫ ટકા અને ૧૫ ટકા સીટો માટે કેવા ટ્રાન્સપરન્ટ નિયમો કરવા માગે છે એનો જવાબ આપશે અને ગૃહને ખાતરી કરાવશે તો સૌથી વધારે આનંદ અમને બધાને થવાનો છે અને તમે પણ હું તો ઇચ્છું કરું કે, આ જે મેનેજમેન્ટ ક્વોટા નામની જે જોગવાઈ છે એને સદંતર નાબૂદ કરવી જોઈએ, કાઢી નાખવી જોઈએ. શેના માટે રાખીએ છીએ? અને આ કાયદાનું બધું નિયમન આપણે કરીએ એના કરતાં કોઈ સારી સંસ્થાને જવાબદારી એડમિશન આપવાની જવાબદારી એને આપવી જોઈએ. સરકાર જ સારું કરી શકે એવું નથી હોતું, ઘણી આવી સારી સંસ્થાઓ છે જે આપણા કરતાં સારું કામ કરી શકે એમ છે તો એને સ્વતંત્રતા આપવી જોઈએ અને જે લોકો નથી કરતા એના માટે જુદા માપદંડો હોવા જોઈએ પણ આ તો સરકારને કોઈને કોઈ રીતે સારી નરસી સંસ્થાઓનો કંટ્રોલ જોઈએ છે અને એને કયારેકને ક્યારેક, કોઈકને કોઈક રાજકીય ઉપયોગ-દૂરુપયોગ કરવાનો છે એટલા માટે આવું થાય છે અને પ્રાયવેટ યુનિવર્સિટીઓમાં છૂટછાટ આપો તો વાંધો શું છે? એના બોર્ડમાં સરકારના પ્રતિનિધિઓ બેસે જ છે અને સરકારના પ્રતિનિધિઓને કમ્પેલ કરી શકે કે તમે મેરિટ પ્રમાણે બનાવો અને મેરિટ લિસ્ટ બનાવી ટ્રાન્સપરન્ટલી અને બોર્ડમાં મૂકો, જાહેરાત આપો અને એ પ્રમાણે એમની પાસે કરાવવું જોઈએ. આતો આગ્રહ એવો રાખે કે, મારો જ ડૅપ્યુટી સૅક્રેટરી કે મારો જ સેકશન અધિકારી ત્યાં જાય, મને જ રિપોર્ટ આપે અને બે-પાંચ જણાને એડમિશન અપાવે એ વૃત્તિમાંથી બહાર નિકળવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણના ટેમ્પરામેન્ટની વાત કરતા હતા, (અંતરાય) શિક્ષણના ટેમ્પરામેન્ટની વાત થતી હતી, ટેમ્પરામેન્ટ કેવો હોવો જોઈએ ? પી.ટી.સી.કૉલેજોમાં હોસ્ટેલોમાં રહેવાનું ફરજીયાત છે અને હોસ્ટેલોની ફી જયનારાયણભાઈ કેટલી લેવાય છે? પાંત્રીસ હજાર. આને ટેમ્પરામેન્ટ કહેવાય, એને ટેમ્પરામેન્ટ કહીશું ? એટલા માટે કે, પેલી ફી ના લેવાય, આપણે ટ્યુશન ફી વધારે ના લેવાય સરકારે બતાવી એટલી લઈ શકાય પણ હોસ્ટેલના નામે કે બીજાના નામે ફી વધારે લઈ શકાય. માનનીય અધ્યક્ષશ્રી, ટેમ્પરામેન્ટ કેવું હોય? હમણાં મેં એક છાપામાં વાંચ્યું કે, એક ઉદ્યોગગૃહે એક મૅડિકલ કૉલેજ અને એક હોસ્ટેલની ખરીદી કરી, હું અને તમે બધા જ જાણીએ છીએ, ૨૬૦ કરોડ રૂપિયામાં એક મૅડિકલ કૉલેજ અને એક મૅડિકલની હૉસ્પિટલ વેચાઈ. આને શિક્ષણનું ટેમ્પરામેન્ટ કહીશું આપણે? આવા ખ્યાલમાંથી બહાર આવી જવું જોઈએ. ગુજરાતની અંદર શિક્ષણના ટેમ્પરામેન્ટની વાત આપણે કરીએ. મેરીટની વાત કરીએ. જયનારાયણભાઈએ સાચી વાત કરી હતી. પેલી સંસ્થા મેરીટ બહાર એડમિશન આપે તો નહીં ચલાવવાનું અમે સાથે છીએ. પણ ગાંધીનગરમાં જે તે વખતે માનનીય શિક્ષણ મંત્રી કહેતા હતા કે ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી છે એમાં ગુજરાતના વિદ્યાર્થીઓને પ્રાધાન્ય મળશે એનો અમે ખ્યાલ રાખીશું એની ખાતરી કરાવીશું. આ સંસ્થામાં આજે નામ પૂરતા ૧-૨ વિદ્યાર્થીઓ છે. રાજય સરકારે આને સસ્તા દરેક જમીન આપી છે પણ કોઈ પાલન થતું નથી. મોટાઓને બધી છૂટ અને એક આદિવાસી વિસ્તારની અંદર એક આશ્રમશાળાએ નાનકડી ભૂલ કરી હોય અને સરેન્ડર ન થઈ એટલે બંધ કરી દેવાની. આવા ખ્યાલમાંથી બહાર આવી જવું જોઈએ. ગઈ વખતે ટેકનોલોજી યુનિવર્સિટીની સ્થાપવાની જાહેરાત કરી. મને આનંદ થયો. હું પણ ટેકનોલોજીનો વિદ્યાર્થી છું કે આપણે એનું સ્તર વધારીએ(અંતરાય)જેઠાભાઈ, તમારી યુનિવર્સિટી જુદી છે તમે આમાં શું માથાકૂટ કરો છો? પેલામાં માથાકૂટ કરજો. આપણે આ વિષયમાં માથાકૂટ ન કરાય (અંતરાય) સાબરમતી યુનિવર્સિટી છે આપણી એમાં હું પણ આવું છું. હું એમ કહેતો હતો કે ટેકનોલોજી યુનિવર્સિટીની આપણે સ્થાપના કરી ગઈ વખતે મને આનંદ થયો પણ આજે આ યુનિવર્સિટી ચાલુ થવામાં કેટલી મુશ્કેલી છે? આજની તારીખે કોમ્પીનન્સી આવવી જોઈએ એ આવતું નથી. હમણાં ટેમ્પરામેન્ટની વાત કરી ત્યારે મારે એક વાત યાદ કરાવવી છે ટેકનોલોજી કોલેજમાં પહેલા મહિલાઓ.

**અધ્યક્ષશ્રી** : આ બીજા બીલના સ્કોપમાં વધારે આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજા બીલમાં બોલવાનો જ નથી. આપ કહેતા હો તો હું ન બોલું.

**અધ્યક્ષશ્રી** : ના. ના. એમાં સ્કોપ વધારે છે. આના ઉપર હું તમને રોકતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એમાં એમ કહેતો હતો કે પહેલા દીકરી ભણતી નહોતી હું જયારે એન્જીનીયરીંગ કોલેજમાં ૧૯૮૨માં પાસ થયો ત્યારે મોરબીની કોલેજમાં એક પણ દીકરીને એડમિશન મળતું નહોતું પણ ત્યારપછી ૧૯૯૩માં મારા ગુરુ શ્રી એન.આર.દવેસાહેબે ૧૫ટકા દીકરી માટે સુપર ન્યુમરી જગ્યા ઉભી કરી અને એમાં નકકી કરાયું કે આ દીકરીને ઘરઆંગણે એડમિશન મળવું જોઈએ. મોરબીની દીકરીને મોરબીમાં એડમિશન મળવું જોઈએ. બીજી દીકરી હોય તો એને એની આજુબાજુના વિસ્તારમાં જ એડમિશન મળવું જોઈએ. અને એક પણ રૂપિયાનું વધારાનું ખર્ચ કર્યા વગર ૧૫ટકા જગ્યા ભરાઈ. વર્ષો સુધી ચાલ્યું પછી એ.આઈ.સી.ટી.એ વાંધો લીધો. આ તમે મંજૂરી વગર જગ્યા ભરો છો. તમે દરખાસ્ત લઈ આવો અમે મંજૂરી આપીશું. આપણે સેલ્ફ ફાઈનાન્સ કોલેજની સંખ્યા વધારી, સીટ વધારી પણ ૨૫૦-૫૦૦ ની ફી થી દીકરી ભણતી હતી એની દરખાસ્ત ન મોકલી એટલે ગુજરાતમાંથી લગભગ ૧૦૦૦ કરતાં વધારે દીકરીના એડમિશન બંધ

થઈ ગયા એટલે આને શિક્ષણનું ટેમ્પરામેન્ટ કહીશું? આવા ખ્યાલમાંથી બહાર નીકળી જવું જોઈએ એટલા માટે કહું છું કે આ બીલની અંદર જે જોગવાઈ છે એ જોગવાઈ એવી છે કે આને જે સંચાલકો, જે લોકો બદઈરાદાવાળા છે એને ફરી પાછા વેપાર કરવાની છૂટ મળશે. હજાર-બે હજાર સારી સગવડતાવાળી સંસ્થા હોય એની ફી વધારે અપાય એનો વાંધો નથી. સુપ્રીમ કોર્ટ ગાઈડલાઈન આપી છે એમાં કોઈ વાંધો નથી પણ એમને પાછલા દરવાજેથી મહારાષ્ટ્ર, કર્ણાટકનું બહાનું ધરીને ગુજરાતના વિદ્યાર્થીઓને લૂંટવાની છૂટ ન આપવી જોઈએ. એટલા માટે આ જોગવાઈનો હું સખત વિરોધ કરું છું. ગુજરાતના વિદ્યાર્થીઓને લૂંટનારું આ બીલ છે. મેરીટને મારી નાખનારું બીલ છે એટલે આ બંને કલોઝ કાઢી નખાય તો મને લાગે છે કે ગૃહના તમામ સભ્યો સંમત થશે. અને જે સારી સંસ્થાઓ છે. સારી યુનિવર્સિટીઓ, પ્રાઇવેટ યુનિવર્સિટીઓ એના માટે એડમિશન આપવાની અલગ અલગ વ્યવસ્થા થાય, એનું મોનિટરિંગ અલગ અલગ રીતે થાય એવી જોગવાઈ સાથેનું નવું બિલ લઈ આવે અને આ બિલ પ્રવર સમિતિને સોંપે એવી લાગણી સાથે મારા વિચારો પૂરા કરું છું.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૬ ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે, એમાં હું મારા વિચારો પ્રસ્તુત કરવા માટે ઊભો થયો છું.

ખૂબ જ સારી વિશદ ચર્ચાઓ થઈ. સમગ્ર રીતે જોતાં આ વિધેયકના હાર્દ સાથે સૌ કોઈ સંમત થાય એવું આ સુધારા વિધેયક છે અને કૉલેજની અંદર મૅડિકલ કૉલેજમાં ખાસ કરીને મૅડિકલ, ડેન્ટલ અને ફિઝિયોથેરાપી એની પ્રવેશ અને ફી નિયંત્રિત કરવા માટે પ્રાઇવેટ કૉલેજોમાં જે આડેધડ વધારે પડતી ફી લઈને લૂંટ કરવામાં આવતી હતી એને નિયંત્રિત કરવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ વિધેયક છે. જે બીજાં ઘણાં રાજ્યોમાં આ પ્રમાણે પ્રાઇવેટ કૉલેજો ચાલે છે, ત્યાં ૫૦ ટકા જેટલી સીટો છે જે સંચાલક મંડળને સોંપવામાં આવતી હોય છે, અથવા તો એન.આર.આઈ. માટે હોય છે. અહીંયા ૭૫ ટકા સરકારે બનાવી અને ૨૫ ટકા સોંપવાની વાત છે. અર્જુનભાઈ તો આ બાબતથી પણ એને દૂર કરવાની વાત કરતા હતા. એનું હાર્દ વ્યાજબી હોય, પણ મૅડિકલ કૉલેજનો ખર્ચ છે, એને બરાબર રીતે પહોંચી વળવા માટે પણ ૨૫ ટકા જેટલી ઊંચી ફી લઈને ભરે તો ખોટું નથી. બિલની અંદર જોગવાઈ છે કે આ સીટો ૨૫ ટકા છે. એન.આર.આઈ. અને સંચાલક મંડળની સીટો એને પણ નિયંત્રણ કમિટી છે, એનો ગુણવત્તા યાદીમાં સમાવેશ ફરજિયાત છે. ગુણવત્તા યાદીમાં મેરિટ લિસ્ટમાં એનું નામ હોય તો સંચાલક મંડળ અથવા એન.આર.આઈ. એ ભરી શકે છે. એનાથી હું માનું છું કે ગુણવત્તાના આધારે નિયંત્રણમાં રહી શકે તેવી જોગવાઈ છે અને માનનીય મંત્રીશ્રીએ દુઃખ વ્યક્ત કર્યુ કે કેટલીક સંસ્થાઓ જે એવી એક સંસ્થા ૩૧૦ જેટલી સીટો ધરાવે છે અને સાથે આમાંથી છટકી જાય છે. ડિમ્ડ યુનિવર્સિટીના કારણે તો ખૂબ જ દુઃખદ કહેવાય. ગુજરાતનું આટલું તંદુરસ્ત શિક્ષણનું વાતાવરણ છે. ત્યારે એવામાં એકાદ કૉલેજ સ્વછંદી રીતે વર્તે તો એના કારણે એનાથી કૉલેજ ઉપર દૂષિત પ્રવાહ પડે, એને પણ નિયમનમાં લાવવા માટે કોઈપણ રીતે કાયદાનો, સુપ્રીમ કોર્ટનો આશરો લઈને નિયમનમાં લાવવા માટે અહીયા ગૃહમાં કાયદાની મર્યાદામાં રહીને કોશિશ કરવી જોઈએ. જ્યારે જ્યારે આવા કાયદા, અધિનિયમ આવે છે, ત્યારે એમ કહેવાયું કે કેટલીક યુનિવર્સિટીઓને છૂટછાટ આપવી જોઈએ. વિરોધ પક્ષના નેતાશ્રી કહેતા હતા કે એને આમાંથી બાકાત રાખવી જોઈએ. નિયમ કે કાયદાઓ બને છે, ત્યારે એકાદ બે આ રીતે સ્વછંદી ન બને એટલા માટે બનતા હોય છે, પછી ૯૦ ટકા કે વધારે આપોઆપ આવી જતા હોય છે. એકાદ બેને છૂટછાટ આપવામાં આવે તો નિયમ અથવા કાયદો બહુ સારી રીતે ટકી ના શકે, એટલે સારી રીતે સંચાલન થતું હોય, વ્યવસ્થિત ફી ઉઘરાવાતી હોય અને તંદુરસ્ત રીતે કૉલેજો ચાલતી હોય એને પણ આ કાયદાની અંદર આવવી જોઈએ. સરકારનો હેતુ શુદ્ધ, વિકાસલક્ષી હોય અને શોષણની નીતિથી વિરુદ્ધનો હોય, પારદર્શકતા હોય ત્યારે સૌને આ રીતે નિયંત્રણમાં રાખવી જરૂરી છે. એટલે હું આ બિલને આવકારું છું. જે કઈ જરૂરી સુધારા હોય એ કરી આ બિલ પસાર થાય એવી મારી લાગણી છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીલ ઉપરની સમગ્ર ચર્ચામાં ભાગ લઈને આ ગૃહના માનનીય વિરોધપક્ષના નેતા માનનીય શકિતસિંહજી તેમજ અન્ય સાથી સદસ્યશ્રીઓ માનનીય અર્જુનભાઈ, માનનીય ભરતભાઈ, માનનીય શંકરભાઈ, માનનીય ડો.કનુભાઈ વિગેરેએ પોતાના અવલોકનો કર્યા અને કેટલીક ખૂબ જ ઉપયોગી થાય તેવી સલાહ પણ આપી તે માટે સૌ પ્રથમ તો હું આ માનનીય સદસ્યશ્રીઓનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા શકિતસિંહજી ખૂબ સારા અને કાબેલ લોયર છે અને તેમની પાસેથી અપેક્ષા એવી હતી કે He would argue only point of law rather than only point of philosophy. ગમે તે કારણ હોય સાહેબ પણ આજે શકિતસિંહજી He appears to be in his blues હજુ આપ જુદા મૂડમાં છો અને He appears to be in his blues

**અધ્યક્ષશ્રી** : જયનારાયણભાઈ એમના મૂડ વિશે તમારાથી પ્રશ્નો ન પૂછાય.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : Sir, the issue as debate was, Sir ચર્ચાનો મુદ્દો શું હતો. ચર્ચાનો મુદ્દો એ હતો માનનીય અધ્યક્ષશ્રી કે માનનીય મહામહિમ રાજયપાલશ્રીએ આ વિધેયક સન્માનનીય સભાગૃહે જે મંજૂર કર્યુ તેના ઉપર પોતાના અવલોકનો આપણને મોકલી આપ્યા અને આપણા સર્વોચ્ચ વડા તરીકે આ ગૃહ માનનીય

રાજયપાલશ્રી આપણને જે કંઈ સૂચનાઓ આપે અને જે સલાહ આપે તેનો આપણા માટે અમલ કરવો એ આપણું સૌભાગ્ય છે. એક વ્યવહાર છે અને એ વ્યવહાર આપણે અદબથી જાળવીએ છીએ. એટલે સુધારો કેમ લાવવો પડયો તે પ્રશ્ન નથી. પ્રશ્ન એ હતો કે માનનીય શકિતસિંહજી જે વાત કરતા હતા તે કહેતા હતા કે તમારે સુપ્રીમ કોર્ટમાં જવું જોઈએ અને તમારે રેમેડી શોધવી જોઈએ. We are in a system of federal governance. આપણે જે રીતે કેન્દ્ર સરકાર છે તે રીતે રાજયોની સરકારો છે અને એકબીજાને વહેચી આપેલી જવાબદારીઓ મુજબ સ્વાયતત્તા અને સમવાયતંત્રથી કામ કરવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી કેન્દ્ર સરકારે કોઈપણ પ્રકારની મંજૂરી આપવાની હોય અન્ય કિસ્સાઓમાં ના વાંધા પ્રમાણપત્ર જોઈએ. આ કિસ્સામાં ના વાંધા પ્રમાણપત્ર નથી અને રાજય સરકારે એક વખત નહીં બે-બે વખત ગાઈ વગાડીને કહયું છે કે આવી કોઈ માગણી અમારી પાસે કરવામાં નથી આવી. અમે આ ના વાંધા પ્રમાણપત્ર આપવા માગતા નથી. આ સંસ્થાએ અનેક પ્રકારની ગેરરીતિઓ કરી છે. તેને ઉપરવટ જઈને આ મંજૂરી અપાય તેની સામે અમારો વાંધો છે સાહેબ. અમારો વાંધો કોઈ સરકારની અધિકારીતા સામે અથવા તો એમણે કેમ આ કાયદો કર્યો છે અને આપણે કેમ આ ચર્ચા કરીએ છીએ તેની સામે નથી સાહેબ? અને વાંધો એક બીજો પણ છે સાહેબ. Sir, I think my learned friend knows the law of jurisprudence, rather too well. સાહેબ સવાલ એ છે કે કોઈપણ કાયદાનું ઈન્ટરપ્રિટેશન કરવું હોય ને ત્યારે one has to lift the whale and look beyond that. અને સાહેબ એ જોવું હોય આપણે તો એ વાતનો સમગ્ર ખ્યાલ રાખવો જોઈએ કે સમગ્ર કાયદો ડીમ્ડ યુનિવર્સિટીવાળાને પરવ્યુમાંથી બહાર રાખવા માટેનો આવ્યો કઈ રીતે સાહેબ? There is a famous case of Bharatiya Vidhyapith and others v/s State of Maharashtra, Sir. Bharatiya Vidhyapith and others v/s State of Maharashtra same case છે સાહેબ. જે કિસ્સો છે તેમાં નામદાર સુપ્રીમ કોર્ટ એવું કહયું છે, જે ચુકાદો આપ્યો છે તેમાં Deemed University status will be given to those institutions that for historical reasons or for any other circumstances are not universities and who are doing work of high standard in specialized academic field compared to a university and this granting of university status would enable them to further contribute to the goals of higher education which would mutually enrich the institution and the university system. I am asking my learned friend that what purpose was served by giving recognition of a deemed university which is a private organization which was known for irregularities, corruption and malpractices? Is this the criteria for giving this kind of recognition with this kind of exception cited in case of the Bharatiya Vidhyapith and others v/s the State of Maharashtra, Sir?

My learnt friend knows it very well, Sir. If he was to adjudicate on this matter, I am sure, he would not have considered this matter even for a second before it could have been sent to the dustbin, Sir. What we are doing is out of the total seats available we committed ૧૦ per cent of the seats in the hands of the people who are known for blatant irregularities.

તેની સામે વાંધો છે અને એ ન અપાય તેના માટે રાજય સરકારે બહુ સ્પષ્ટ રીતે જે પત્ર લખ્યો છે એમાં કહ્યું છે. They have been fined a sum of Rs. ૨ lakh for irregularities in admission by High Court of Gujarat. Hon'ble Supreme Court also directed for a fresh test to be conducted by All India Institute of Medical Science for post Graduate Dental course in ૨૦૦૬. Sir, this is the background and with that background you ignore the opinion of the State Government and straightaway superseding the State Government's opinion. I am tempted to ask a question that what was the motivation, what was the consideration in giving deemed universith status to this institution? Let us understand that. I don't challenge, I do not question the right of the Central Government to do that. But certainly I have a right to ask as a citizen of India, as a representative of the State of Gujarat why special status was conferred upon them . That is my question. We are accepting suggestion and therefore we are moving this Bill.*

Sir, the second thing the issue regarding ultravires. What is ultravires? Ultravires has created a situation which contrary to the law. Ignoring all the precedents under the fiction of a deemed university, creating a situation ideal enough for the State Government to challenge it in the Supreme Court so that you contribute to a perpetuating situation for creating job opportunities for lawyers and adjudicators. What is ultravires? તમે પહેલાં દર્દ ઊભું કરો તો It is better to go for a cure rather than a disease. તમારી પાસે શક્યતા એ હતી એ શક્યતા અવગણાઈ છે, રાજય સરકારની લાગણી અવગણાઈ છે અને એની સખેદ મેં આ

સન્માનનીય સભાગૃહ સમક્ષ વાત મૂકી છે. માનનીય શકિતસિંહજી કહેતા હતા કે કાયદો તમે એટલા માટે બનાવો છો કે તમે બધુ તમારા હાથમાં લઈ લેવા માગો છો, હવે એમની અને કોંગ્રેસની અમારા માટેની, ભાજપા માટેનો જે વિશ્વાસ બેસી ગયો છે. ગુજરાતની પ્રજાની જેમ કોંગ્રેસને પણ અમારામાં વિશ્વાસ બેસી ગયો છે કે અમારું આ શાસન કાયમી ચાલવાનું જ છે. I compliment him for that. માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે અમે આ બધુ કાબૂમાં રાખવા માટે કાયદા બનાવીએ છીએ તો એમણે જ્યારે કાયદાઓ બનાવ્યા ૧૯૫૧ થી માંડીને ૧૯૯૦ સુધી જે જે કાયદાઓ બન્યા અને એમાં ૧૯૬૦ પછી જે કાયદાઓ બન્યા સન્માનનીય ગૃહમાં એ બધા જે તે સરકારોએ એ બધું પોતાના કાબૂમાં રાખવા માટે બનાવ્યા હશે એવું આપણે માની લઈએ? અને એમણે એવું કદાચ ધાર્યુ હોય તો પણ કાયદો એ કાયદો છે અને કાયદાના નિયમો હોય છે. માનનીય શકિતસિંહ એ સારી રીતે જાણે છે, આ બિલ છે અને હજુ આ બિલ બન્યા પછી એના નીચેના રૂલ્સ વિગતવાર બનવાના છે અને તે વખતે આ જે કંઈ એમની ચિંતાઓ હોય તે વ્યક્ત કરવા માટેની એમની પાસે તક છે. But if he believes and if he is going to be so pessimistic about the fate of his party, Sir, I have all consolations and sympathies with him and his Party, because they seem to be having no future. માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે આપણે આ જે કંઈ ચર્ચા કરી રહ્યા છીએ એમાં શું તકલીફ છે આપણને, બિલ ત્રણ વાંચનમાંથી પસાર થાય ત્યારે તે કાયદો બને છે, પહેલાં સુધારા લાવ્યા, પછી સુધારા લાવ્યા, બિલ બન્યું તે વખતે જે કંઈ માનનીય રાજયપાલશ્રીએ જે કોઈ સૂચન કર્યા છે તે જ્યારે બિલ અહીં ત્રણે વાચનમાંથી પસાર થાય ત્યારે એ સંપૂર્ણતયા, પૂર્ણતયા પસાર થયું કહેવાય અને જે કંઈ સુધારો છે તે અમલમાં મૂકવાનો છે એમના જે કોઈ સૂચનો છે એ અમલમાં મૂકવાના છે. એટલે why this issue of precedents and what is the problem with the system, I don't understand, Sir.

માનનીય અર્જુનભાઈએ જે પ્રશ્ન ઊભા કર્યા એ પ્રશ્નમાં એક વાત મારે જોડવાની જરૂરત લાગે છે કારણ કે મારા બંન્ને મિત્રોએ, સભ્યશ્રીઓએ આ પ્રશ્ન ઊભો કર્યો છે. કોલેજ ઓફ નેચરોપથી એટલે બધુ સ્કેન્ડલ ત્યાં ચાલે છે, આ દેશની કોઈ એનું પોતાની કુદરતી ઉપચાર કરવાની પદ્ધતિ વિશેનું જ્ઞાન નથી, આ દેશની સંસ્કૃતિ એવી છે કે જેણે આયુર્વેદમાંથી પણ ગુણો શોધ્યા છે. કોઈ વ્યવસ્થા બરાબર ન ચાલતી હોય તો એને સુધારી શકાય, પણ એ વ્યવસ્થાને અવખોળવી એ બરાબર નથી. માટે મારે માનનીય શકિતસિંહજીને કહેવું છે કે તમારી કેન્દ્ર સરકારે ત્યાં આયુષ નામનો વિભાગ શરૂ કર્યો છે અને એનો આખું નામ થાય છે આયુર્વેદ, યોગા, યુનાની શોધ અને હોમિયોપેથીક મૅડિસિન (અંતરાય) માનનીય શકિતસિંહજી આપની વાત સાચી છે, પણ ઘરમાં ખાટલામાં માંકડ પડયા હોય તો દવા છંટાય, ખાટલો ન બાળી નંખાય. આપ ખાટલો બાળી નાંખવાની વાત કરો છો. એટલે મારી આપને એજ વિનંતી છે કે,..If there are some malfunctioning in the system the system needs to be corrected. .Don't discard the system. I think the remedy lies. સાહેબ, આનો પ્રશ્ન એ છે કે એમાં કદાચ ક્યાંક કંઈક ખૂટતું હોય કારણ કે, હોમિયોપેથીની તો નેશનલ કાઉન્સિલ છે, ડેન્ટલની નેશનલ કાઉન્સિલ છે, મૅડિકલની નેશનલ કાઉન્સિલ છે. એમાં ક્યાંક કદાચ સુધારાને અવકાશ હશે તો એના નિયમો ઘડાશે એ વખતે એ અવકાશ સુધારા કરવા માટેનો રહેવાનો છે. એટલા માટે આ જે સર્વગ્રાહી વાત છે એની ચિંતા અત્યારે કરવા જેવી નથી. એજ વાત મારે માનનીય શ્રી અર્જુનભાઈને કહેવી હતી. માનનીય શ્રી અર્જુનભાઈએ જે કાંઈ વાતો કરી એમાં આમ તો મને લાગે છે કે આજના આખા દિવસના જે કોઈ બિલ છે એ બધાના વિશે થોડું થોડું આવરી લીધું, કદાચ મને ખબર નહીં પ્રયોરિટીમાં પછી નંબર આવવાનો હશે, નહીં આવવાનો હોય..(અંતરાય) આપ બોલો, ખુશીથી બોલો આપનો અધિકાર છે.I can't comment on that પણ સર, વાત એ છે કે જે આ ડિમ્ડ યુનિવર્સિટી છે એ સ્વાયત્ત સંસ્થા બની જાય છે અને એના પોતાના કાયદાઓ પ્રમાણે એ ચાલવાની છે. એક ટાપુ આપણે ઊભો કરી દઈએ છીએ એ ટાપુ આપણે ઊભો કર્યા પછી આપણે કહીએ છીએ કે બધું બરાબર ચાલવું જોઈએ. ગુજરાતમાં મારા સાથી માનનીય મંત્રીશ્રી શિક્ષણ નેનો ટૅક્નૉલૉજી અને ઈન્ફોર્મેશન ટૅક્નૉલૉજીની વાત કરશે. પણ માનનીય અર્જુનભાઈએ જે વાત કરી એમાં આપના થકી હું એમને કહેવા માગું છું કે જ્યાં સુધી તબીબી શિક્ષણ અને સંશોધનને લાગેવળગે છે ત્યાં સુધી ગુજરાતમાં નમૂનારૂપ કામ થઈ રહ્યું છે. આજે પ્રોફૅસર કૈલ તર્ઝાગી, who is considered to be the father of drugless transplantation technology and stemcell technology એક વખત આપણે ત્યાં કીડની ઇન્સ્ટિટ્યૂટની મુલાકાતે આવ્યા પછી વખતો વખત અહીંયા આવે છે અને he is contributing handsomely. અને હમણા જ સ્ટેમ સેલના ઉપયોગ થકી લિવર ટ્રાન્સપ્લાન્ટેશન ન કરવું પડે, સુધારો થાય લિવર ટ્રાન્સપ્લાન્ટેશન ડ્રગ વગર કરી શકાય આ પ્રકારના સંશોધનો કદાચ દેશમાં જ નહીં દુનિયામાં પહેલી વાર આપણે ત્યાં કીડની હૉસ્પિટલમાં સાકાર બન્યા છે. and as Indians and as Gujaratis we should be proud of that . We should also know that in the filed of geriatrics knee transplantation, joint transplantion and even intravenation coardiology and kidney transplantation દુનિયામાં કોઈ એક જ જગ્યાએ કીડની ટ્રાન્સપ્લાન્ટેશન સૌથી વધારે સંખ્યામાં થતા હોય તો That is the Kidney Institute of the State of Gujarat which is working under the Supervision of Derpartment of Medical Science and my Ministry. એ પરિસ્થિતિમાં આપણે ત્યાં રકતપિત્તની વાત કરીએ સીકલ સેલ કે એનીમીક કન્ડીશનની વાત કરીએ તો સંશોધન અને જે પદ્ધતિએ આપણે

ચાલી રહ્યાં છીએ I think, let me ensure the Honble Members, through you, sir, as far as medical education in gujarat is concerned we are trying to create institutions of excellence and my tribute is there to those who are concerned and who are heading those institution and those dedicated doctors and medical professionals who are made Gujaratis proud that this type of research is taking place in Gujarat. સાહેબ, આપણે બહાર ગુજરાતને બદનામ કરીએ છીએ રકતપિત્ત માટે ત્યારે આપણામાંથી કેટલાને ખબર છે કે માથાદીઠ રકતદાનને લાગેવળગે છે ત્યાં સુધી ગુજરાત આ દેશમાં પહેલા નંબરે છે. માથાદીઠ રકતદાનને લાગેવળગે છે ત્યાં સુધી અમદાવાદ શહેર આખા દેશના શહેરોમાં પહેલા નંબરે છે. અમદાવાદમાં ૫૩ વ્યકિતઓએ ૧૦૦ વાર કરતા વધારે વખત રકતદાન કર્યું છે. આ કલકત્તા શહેરમાં માત્ર ત્રણ વ્યકિતઓએ કર્યુ છે. this is the comparision Sir, આપણે આ ક્ષેત્રે, તબીબી ક્ષેત્રે એ પ્રકારની સવલતો આ રાજયમાં ઊભી કરી રહ્યા છીએ એ મને લાગે છે કે ગુજરાતી તરીકે આપણને સૌને ગૌરવ થાય એવી છે. અને એ દિશામાં મને લાગે છે કે ટૅક્નૉલૉજીની વાત કરતા હોઈએ તો Sir, these are some of the examples. I can give many more such examples as far as reaearch in the field of medicine and medical technology in Gujarat... ત્યાર પછીની વાત એમણે જે કહી કે સાહેબ ત્યારપછીની વાત એમણે જે કહી કે ૭૫ ટકા સીટો આપણે સામાન્યમાંથી ભરવાના છીએ એની સામે તો મને લાગે છે કે અર્જુનભાઈને વાંધો નથી પણ અર્જુનભાઈને વાંધો છે ૧૫ ટકા એન.આર.આઈ. અને બાકીની ૧૦ ટકા એમ કરીને ૨૫ ટકા મેનેજમેન્ટ ક્વોટાને કેમ આપીએ છીએ એની સામે વાંધો છે. જો એવું માનતા હોય કે આ ભ્રષ્ટાચારના ઉદાહરણો છે અને આનાથી ભ્રષ્ટાચાર વધવાનો છે તો બીજા રાજયોમાં શું પરિસ્થિતિ છે અને એમાંના કેટલાક તો એમના સુશાષિત રાજયો છે એની વિગત હું આપું. ઓરિસ્સામાં ૫૦ ટકાનો રેશિયો છે મેનેજમેન્ટને ૫૦ ટકા ક્વોટા છે. પંજાબ કે જે એમનું રાજય છે એમાં ૫૦ ટકા છે. પછી કર્ણાટક, આમાં કર્ણાટકમાં એ થોડોક વખત રહ્યા થોડોક વખત જુદા પડ્યા એ જુદી વાત છે પણ કર્ણાટકમાં તો એમની જે ટિપિકલ પદ્ધતિ છે એ પ્રમાણે નેગોશિએશન કરીને મેનેજમેન્ટનો કવોટા નક્કી કરે છે. નેગોશિએટ કરીને, This is open you can negotiate with the private institutions, of course you are good at the nagotitation પણ આવું થાય છે, પછી કેરાલામાં ૫૦ ટકાનો કવોટા છે, પોંડિચેરીમાં ૫૦ ટકાનો છે, આંધ્રપ્રદેશમાં ૨૫ ટકાનો છે. ત્યાં આપણે જે મોડેલ એડોપ્ટ કરીએ છીએ એને કમ્પેરેબલ છે કવોટા, તો ત્યાં બધે ભ્રષ્ટાચાર નથી ચાલતો, મહારાષ્ટ્રમાં ભ્રષ્ટાચાર નથી ચાલતો, કર્ણાટકમાં ભ્રષ્ટાચાર નથી ચાલતો, વર્ષોવર્ષ ગુજરાતના છોકરા-છોકરીઓ બીજા રાજયોમાં જાય, લાખ્ખો રૂપિયા ખર્ચે, રેગીંગના કેસ બને ઘરબાર છોકરા-છોકરી સલામત ન હોય અને એક યા બીજા રાજયોમાં જઈને પૈસા આપી આવે, ત્યાં ભ્રષ્ટાચાર આપણને નથી નડતો અને ગુજરાતમાં આ સવલત ઊભી થાય છે એની સામે ભ્રષ્ટાચારની આંગળી ઉઠાવીએ છીએ આપણે. Sir, **I can somewhere on the way we will have to search ourselves**

ત્યારપછી એમણે જે ચિંતા કરી, મને લાગે છે કે સારો રસ્તો એ રહ્યો હોત કે એમણે જો ડો. જોષીયારા પાસેથી પ્રેરણા થોડીક લીધી હોત તો સુધારા રજૂ કરી શકાયા હોત, એમણે કહ્યું કે બધું આ બિલથી ખરાબ જ થવાનું છે, બિલમાં કોઈ જોગવાઈ જ નથી. હવે કલમ દીઠ એની શું જોગવાઈ છે એની વાત હું માનનીય અર્જુનભાઈ આપના ધ્યાન પર મૂકવા માગું છું.

**અધ્યક્ષશ્રી:** કલમવારની ચર્ચા પછી પાછળ આવે જ છે એટલે એ વખતે આપ કહેશો તો ચાલશે.

***શ્રી જયનારાયણ વ્યાસ:*** સારું. આપનો જે ઉદ્દેશ છે એ આમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યારપછી માનનીય અર્જુનભાઈએ એ વાત કહી કે, માનનીય શક્તિસિંહજીને માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે સારા સંબંધો છે, સાહેબ વખતોવખત અમારા સભ્યશ્રીઓને.. માનનીય અર્જુનભાઈની સલાહ એ હતી કે, એમની મદદ લેવી તો કામ થાય, તો સારા સંબંધો તો બધે કામ આવે છે, શક્તિસિંહજીને તો દિલ્હીમાં પણ સારા સંબંધો છે એટલે તો અહીંયા બેઠા છે. સંબંધો તો એ સારા રાખે એમાં આપણે શું કરી શકીએ. Sir, let me tell him that I am the follower of the famous thought of the Charchil, who says that even given a job to sweep the platform, I will do it in the best possible manner and make it the best platform in the world

સાહેબ કામ નાનું સરકારમાં કોઈ હોતું જ નથી અને જે પ્રમાણેની કામગીરી મળે, અમારા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ મારા માટે નિર્ધારિત કરી છે તે કામગીરી હું મારી પૂરી સંનિષ્ઠાથી કરીશ અને માનનીય અર્જુનભાઈ સારી રીતે કરીશ. ત્યારપછી સાહેબ. મારે ટૂંકમાં એટલું જ કહેવાનું છે કે જે ચિંતા માનનીય સભ્યશ્રીઓએ કરી છે તે ચિંતાને તેમાં જે કંઈ સુધારા ધ્યાનમાં લેવાના હશે, ત્યાંના નિયમો બનશે તે સમયે ચોક્કસ ધ્યાનમાં રાખીશું. તેમણે જે રચનાત્મક સૂચનો કર્યા તેમના પણ આભારી છીએ કે સમગ્રત: આ જે બિલ લઈને આવ્યા છીએ, વિધેયક લાવ્યા છીએ સમગ્રત: ગુજરાતની પ્રવેશ પદ્ધતિના હિતમાં છે તેને પારદર્શક કરવા માટે છે. તેને વધારે .merit oriented કરવા માટે છે અને તેમાં જે રિઝર્વેશન અને અનામતનાં લાભો અત્યારે નથી મળતાં તે મળતાં થાય તે માટે છે. એટલા માટે હું મારા સાથી પક્ષના સભ્યોને પણ વિનંતી કરું છું કે આ એક એવું બિલ છે કે જે સમગ્રત:

ગુજરાતના શિક્ષણના હિતમાં આપણે સર્વાનુમતે મંજૂર કરવું જોઈએ અને તેને પહેલાં વાંચનમાંથી સર્વાનુમતે પસાર કરીએ એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૬, સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ ) બાબત વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ ઉપરનો સુધારો**

**ડો. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનોમારો સુધારો ક્રમાંક ૧ રજૂ કરું છું.

.In Clause ૨ in sub-clause (g) in paragraph (ii), for words "seventy five per cent seats" substitute the words "eighty three percent seats"

In subclause (h) for the words "twenty five per cent seats" substitute the words eventeen per cent seats"

**સુધારો ક્રમાંક ૧ રજૂ કરવામાં આવ્યો.**

**ડો. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં થોડાં વર્ષથી privatisaation નો જોક વધતો જાય છે અને છેલ્લાં બે-ત્રણ વર્ષમાં જે તબીબી શિક્ષણમાં એડમિશન બાબતમાં ખૂબ મોટી મુશ્કેલી ઉભી થઈ અને તેને લીધે આર.જી.શાહ કમિટી નીમવામાં આવી. પ્રવેશ સમિતિના નિયમો બનાવવામાં આવ્યા અને તેના આધારે જે પ્રવેશ બીજી કોલેજોમાં સરકારી કોલેજોમાં એડમિશન આપવાનું થયું પણ જે પ્રાઈવેટ સંસ્થાઓ હતી તે સંસ્થાઓ ગુજકવોટમાં ના જોડાવાને કારણે, જે વિદ્યાર્થીઓ એડમિશન ના મેળવી શક્યા સમયસર. ઘણી વખત એવું બને છે કે છોકરો હોંશિયાર હોવા છતાં, તેના ટકા સારાં હોવા છતાં તેની પાસે પૈસાની સગવડ ના હોવાને કારણે આ એડમિશન મેળવી શકતો નથી. આ બિલમાં જે જોગવાઈ કરી છે તે પણ ૭૫ ટકામાં તે આવી શકતો નથી ત્યારે મારી આ સભાગૃહને વિનંતી છે કે આમાં જે ૭૫ ટકાના બદલે ૮ ટકા શીટ વધારીને ૮૩ ટકા જેટલી કરવામાં આવે તો જે આવા છોકરાઓ છે, જેને રિઝર્વેશનનો પણ લાભ નથી મળ્યો અને આર્થિક પરિસ્થિતિ ગરીબ છે આવા વિદ્યાર્થીઓને પણ આમાં એડમિશન મળી શકે તે મારો આશય છે.અને કદાચ આ સ્વૈચ્છિક સંસ્થાઓને જો આર્થિક રીતે મુશ્કેલી પડતી હોય તો આ ૮ ટકા વિદ્યાર્થીઓનું ભારણ સરકાર પોતે વહન કરે એવી મારી વિનંતી છે.

બીજો જે મુદ્દો છે તેમાં જે મારા સભ્યશ્રીએ પણ વાત કરી કે એન.આર.આઈ.ને ૧૫ ટકાની છૂટ છે એમાં એન.આર.આઈ.નાં પોતાનાં બાળકો માટે તો બરાબર છે, પરંતુ આશ્રિતો અને પાલ્ય માટેની જોગવાઈ છે એના લીધે બહારના માણસો ઉંચી ફી આપીને પ્રવેશ મેળવતા હોય છે. તો સવાલ એ છે કે ફકત ને ફકત પૈસા છે એટલે એ હકદાર છે પ્રવેશ માટે એવું ના થવું જોઈએ. ગરીબ માણસોને પણ હક્ક મળવો જોઈએ એવો મારો સુધારો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ તેમની ચિંતા સાથે આ ગૃહમાં મને લાગે છે કે સૌ કોઈ સંમત થઈ શકે કે જેની પાસે ક્ષમતા નથી અને બીજી રીતે મેરિટની દ્રષ્ટિએ ભણવા માટે કેપેબલ છે તેમને તક મળવી જોઈએ અને એટલા માટે જ આખા દેશમાં જે કોઈ પ્રવર્તમાન ધોરણ હતું એમાં સૌથી વધારેમાં વધારે જે ૭૫ ટકાનો રેશિયો છે તે રેશિયો આપણે સ્વીકાર્યો છે. ત્યારપછી આપણે એનાથી આગળ ૧૫ ટકા એન.આર.આઈ.ના પ્રવેશ માટની વાત કરી છે એટલે ૮૫ ટકાના કિસ્સામાં જે વિદ્યાર્થી ક્ષમતા ધરાવતો હોય એને પ્રવેશ મળવાનો છે. ત્યારપછીનો મુદ્દો એ છે કે બાકીનો જે મેનેજમેન્ટ કવોટા છે તેમાં પણ આડેધડ પ્રવેશ મળવાનો નથી, એમાં પણ મેરિટ જાળવવાની છે અને આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અને બેંક લોન જેવી સવલતો મળતી હોય છે આ પરિસ્થિતિમાં આનો ઉકેલ એ રીતે પણ લાવી શકાય તેમ છે એવું મારું માવું છે અને માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપણે જે જોગવાઈ રાખી છે એ દેશમાં અત્યારે પ્રવર્તમાન જોગવાઈ છે એ આંધ્ર પ્રદેશમાં ૭૫ અને ૨૫ ટકાની છે અને એ સર્વોચ્ચ જોગવાઈને અનુરૂપ જોગવાઈ આપણે રાખી છે એ જોતાં મેં આ વિધેયકમાં જે જોગવાઈ સરકારશ્રી દ્વારા મૂકવામાં આવી છે એ જોગવાઈ સાથે સંમત થાય અને માનનીય સભ્યશ્રી તેમનો સુધારો પાછો ખેંચી લે. આમ તો તેમણે આ સુધારા સિવાય મારા બિલને આવકાર્યુ છે એ મારા માટે આનંદની વાત છે અને એ માટે હું તેમનો આભાર માનું છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ ઉપરનો સુધારો**

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારા ક્રમાંક ૨ રજૂ કરું છું કે

In clause ૨, in sub clause (n), for the words "including a deemed University declared as such under section ૩ of the University Grants Commission Act,૧૯૫૬" substitute the words, "made by the Legislature of the State".

**સુધારા ક્રમાંક ૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રીએ જે સુધારો રજૂ કર્યો છે એ સુધારો મહામહીમ રાજયપાલશ્રી પાસે આ વિધેયક ગયું અને મહામહીમ રાજયપાલશ્રી દ્વારા જે સૂચના આપવામાં આવી એ સુધારાના અવલોકન સાથે સંમત થઈને આ સુધારો કરવામાં આવ્યો છે એટલે એ સુધારો સ્વીકારવામાં કોઈ હરકત નથી અને એ સ્વીકારવા માટેનો મંત્રીમંડળની બેઠકમાં પણ નિર્ણય થયેલ છે. એટલે મુખ્ય દંડકશ્રી જે સુધારો લઈને આવ્યા છે તે સ્વીકારવામાં આવે છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ-૨ વિધેયકનો ભાગ બની.**
**કલમ ૩ થી ૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૯ ઉપરનો નો સુધારો.**

**શ્રી અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૯ ઉપરનો મારો સુધારા ક્રમાંક ૩ નીચે મુજબ રજૂ કરું છું.

"In clause ૯, in sub-clause (I), after paragraph (v), add the following paragraph, namely:-

"(vi) one member representing the students and one member representing the parents of the students to be nominated by the State Government."

**સુધારા ક્રમાંક ૩ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ફી નિયમન સમિતિની વાત છે, એમાં ઘણી બધી એવી સ્વૈચ્છિક સંસ્થાઓ છે તે પોતાની રીતે જયારે ફી નકકી કરતી હોય અને આ આપણે પાંચ સભ્યો નીમ્યા છે, તે સભ્યોમાં મને એમ લાગતું હતું કે એકાદ કોઈ સરકારના સિનિયર ડોકટર મૂકવામાં આવ્યા હોત તો સારું હતું, અને જે સ્ટુડન્ટ અને વાલીઓ, જેને તકલીફ પડે છે અને ફી ભરવાની મુશ્કેલી થાય છે કે કેટલી ફી હોવી જોઈએ, તેના માટે આ સુધારો મેં રજૂ કર્યો છે. અને ખાસ કરીને પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે પણ ફી માટેની શું જોગવાઈ છે, એમાં સરકાર ફી ભરવાની છે કે કેમ, કારણ કે ઘણાં બધા રાજયોમાં એવી પરિસ્થિતિ છે કે પછાત વર્ગ માટેની ફી સરકાર વહન કરે છે, ત્યારે તેની પણ જોગવાઈ અને શિષ્યવૃત્તિની જોગવાઈ પણ કરવામાં આવે એટલા માટે મેં આ મારો સુધારો રજૂ કર્યો છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે સુધારો છે એ આમ તો સૂચનના સ્વરૂપનો છે, સમિતિની સામે એમને કોઈ વાંધો નથી, સમિતિનું ફલક વિસ્તારવાની વાત માનનીય સભ્યશ્રીએ કરી છે, આ સમિતિ નામદાર હાઈકોર્ટના નિવૃત્ત જજના અધ્યક્ષપણા નીચે નીમાવાની છે. મેડિકલ એજયુકેશન અને રિસર્ચ, તેના ડાયરેકટર તેના કન્વીનર તરીકે રહેવાના છે. અથવા સમકક્ષ અધિકારી આરોગ્ય વિભાગમાંથી, યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર અને બિન સહાયક વ્યવસ્થાપક સંસ્થાના કોલેજના પ્રતિનિધિ અને એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એટલે એમ કરીને જે સમિતિનું આખું કમ્પોઝીશન છે એનું જે બંધારણ છે તે આમ જોઈએ તો આ પ્રકારની વ્યવસ્થા નિર્ધારિત કરવા માટે સક્ષમ છે, અને દરેક વાત જયારે જે કોઈ ઈન્ટરેસ્ટ સેગમેન્ટ હોય, વાલી હોય કે વિદ્યાર્થીઓ હોય, તેને રજૂઆત કરવા માટેની તક તો રહેવાની જ છે. એટલે દરેક ઈન્ટરેસ્ટ સેગમેન્ટના પ્રતિનિધિ સમિતિમાં હોય તો જ એને ન્યાય મળે એવું જો બને તો દરેક જગ્યાએ કોઈ પણ સમિતિમાં દરેક ઈન્ટરેસ્ટ સેગમેન્ટના પ્રતિનિધિને તેના સભ્ય તરીકે રાખવાની જરૂરિયાત ઉભી થાય એટલે એ જરૂરિયાત, આ જે રીતે સમિતિના ગઠન માટેનું બંધારણ નકકી કરવામાં આવ્યું છે તે જોતા એ જરૂરિયાત ઉપસ્થિત થશે નહીં. અને એ પરિસ્થિતિમાં જે કોઈ વાલી અથવા તો વિદ્યાર્થીઓને રજૂઆત કરવાની હોય એમને સમિતિ સમક્ષ રજૂઆત કરવા માટેની તક મળે જ છે. એટલે આ સુધારો અત્યારે આવશ્યક જણાતો નથી.

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચવા માટે સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેચું છું.

**અધ્યક્ષશ્રી** : સુધારો પાછો ખેંચવામાં આવે છે.

**કલમ ૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૦ થી ૨૧, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું સુધારેલ સ્વરૂપમાં ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭નુ વિધેયક ક્રમાંક-૧૬નું સુધારેલ સ્વરૂપમાં ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨**

# રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૮

**ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો, રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૮નું રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાવર ઑફ એટર્ની રજિસ્ટ્રેશન એકટ ૧૯૦૮ની કલમ ૧૭(૧)ની પેટા કલમ ૧(ઈ) પછી એફ દાખલ કરવા અંગેનું આ બિલ વિધાનસભાની અંદર રજૂ કરવામાં આવ્યું છે. ૨૦૦૫માં ભરૂચમાં ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષપણામાં એક ચિંતન શિબિરનું આયોજન થયું હતું એમાં બધા જ મંત્રીશ્રીઓ ઉપસ્થિત હતા. સરકારના બધા જ સચિવો આઈ.એ.એસ. અધિકારીઓ, કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ હાજર હતા. આ ત્રણ દિવસની ચિંતન શિબિરમાં અનેક વિભાગો માટેની ખૂબ જ સારી એવી ચર્ચાઓ સૌએ સાથે મળીને કરી હતી અને એમાં એક વિભાગ મહેસૂલ હતો. જાહેર જનતાને સ્ટૅમ્પ સરળતાથી મળે તેમજ મિલકતોને લગતા દસ્તાવેજોની નોંઘણી સરળતાથી થાય, ઝડપથી થાય, પારદર્શક રીતે થાય એની સાથે સ્ટૅમ્પ ડયૂટીના દરમાં ઘટાડો કરીને એનું સરળીકરણ કરીને, દસ્તાવેજોની નોંઘણીની પ્રક્રિયાનું કોમ્પ્યુટરાઈઝેશન કરીને, મહિલા માટે નોંઘણી ફીમાંથી માફી આપીને, ગરીબ અને પછાત વર્ગના લોકોને સેલ્ફ હેલ્પ ગૃપને પણ સ્ટૅમ્પ ડયૂટીમાંથી માફી આપીને. આવી અનેક પ્રકારની ચર્ચાઓ ત્યાં થઈ, ચર્ચાઓ થયા પછી જે કોઈ નિર્ણયો ત્યાં થયા હતા તેની અમલવારી રાજય સરકારે કરવાની શરૂઆત કરી. તેમાં સ્ટૅમ્પ ડ્યૂટીના દરના ઘટાડામાં ૮.૪ ટકાથી દર ઘટાડીને ૪.૯ ટકા કરવામાં આવ્યો. ફ્રૅંકીંગ પદ્ધતિથી સ્ટૅમ્પનું વેચાણ થાય તેના માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી અને બેંકોને પણ તેની જવાબદારી સોંપવામાં આવી. પોસ્ટ ઑફિસ દ્વારા પણ સ્ટૅમ્પનું વેચાણ કરવા માટેના નિર્ણયો કરવામાં આવ્યા. ઈ-સ્ટેમ્પીંગની પ્રથાઓ પણ રાજય સરકારે દાખલ કરી. જે જે રજિસ્ટ્રેશન થતું હતું તે રજિસ્ટ્રેશનના દર જુદા જુદા હતા. એટલા માટે તેનું સરળીકરણ કરવાની પણ શરૂઆત થઈ. દસ્તાવેજની નોંઘણીનું કોમ્પ્યુટરાઈઝેશન કરીને તેમાં પણ જે ગેરરીતિઓ થતી હતી તેને પણ દૂર કરવા માટેનો રાજય સરકારે પૂરો પ્રયાસ કર્યો છે.

મહિલાઓના નામે જો કોઈ મિલકત ખરીદે તો તેની નોંઘણી ફી માફી આપવી જોઈએ. તે કામ પણ આ રાજય સરકારે કર્યું અને તેને કારણે મારે ગૃહને પણ જણાવવું છે કે એક વર્ષની અંદર લગભગ ૪ લાખ ૪૦ હજાર જેટલી બહેનોના નામે લોકોએ મિલકતો ખરીદી છે. અગાઉના વર્ષોમાં દર વર્ષે માત્ર ૧૦ હજાર જેટલી બહેનોના નામે જ આવી મિલકતો ખરીદાતી હતી. જે નોંઘણી ફીમાંથી માફી આપી તો રાજય સરકારની તિજોરીમાં ૧૦૫ કરોડ રૂપિયા ઓછા આવ્યા પરંતુ લાખો મહિલાઓ આજે સશક્ત બની છે એનો અમને આનંદ છે. એ ઉપરાંત ગરીબ અને પછાત વર્ગના સેલ્ફ હેલ્પ ગૃપોને પણ ડ્યૂટીમાંથી માફી આપવામાં આવી. આટલા સુધારાઓ કર્યા પછી પણ આવા સુધારાઓ કરવા માટેની રાજય સરકારની ઇચ્છા હોવાને કારણે પાવર ઑફ એટર્નીનું પણ રજિસ્ટ્રેશન કરાવવા માટે પ્રયાસ કરવો જોઈએ. કારણ કે આપણે બધા જ જાણીએ છીએ કે પાવર ઑફ એટર્ની દ્વારા કેટલી બધી ગેરરીતિઓ ગુજરાતમાં ચાલી રહી છે. જમીન અને મકાનોની લે-વેચ સાથે સંકળાયેલા ઈસમો છે એ શહેરની આજુબાજુ આવેલી જે જમીનો છે, જે મિલકતો છે તેમાં હંમેશા રસ દાખવતા હોય છે અને ઘણી વાર એવી દ

• વિધેયક તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઘટનાઓ બને છે કે મૂળ માલિકના ધ્યાન બહાર અથવા તો જે લોકો ઓછું ભણેલા છે, જેમને કાયદાકીય જ્ઞાન નથી અથવા તો ઓછું છે, કેટલીક બહેનો પણ એવી છે કે જે એકદમ ગરીબ વર્ગની છે અથવા તો વીડો છે. એવી બહેનોના ધ્યાન બહાર આવી પાવર ઑફ એટર્ની પોતાના નામે અથવા તો બીજાંના નામે લખાવી લેવા માટેના પ્રયાસો કરતા હોય છે અને તેમને લાંચ આપવાના  અથવા તો ગેરમાર્ગે દોરવાના પણ પ્રયાસ કરીને પાવર ઑફ એટર્ની લખાવી દેવામાં આવે છે. તેના કારણે જે મિલકત ખરીદે છે અને જે મિલકતની પાવર ઑફ એટર્ની કરે છે તે બન્નેનું જે નાણાકીય હિત હોય છે તે તેમાં જોખમાતું હોય છે. કેટલીક એવી ઘટનાઓ પણ આપણાં ધ્યાન ઉપર આવી છે કે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા જે મકાનો એલોટ કરવામાં આવે છે અથવા તો મકાનો આપવામાં આવે છે અને તેના ઉપર લોન લીધેલી હોય છે, પાવર ઑફ એટર્ની આપીને મકાનો વેચીને બારોબાર ચાલ્યા જાય છે અને તેના કારણે જે હાઉસીંગ બોર્ડની બાકીના હપતાની રકમ છે તેના માટેના પ્રશ્નો ઉભા થતાં હોય છે. એ જ રીતે સરકારી મકાનો પણ જેને આપવામાં આવે છે એ પણ પાવર ઑફ એટર્ની કરીને મકાનો વેચીને ચાલ્યા જાય છે. પરિણામે સરકાર પણ ઘણી વખત આ હપ્તાની રકમ અને પૈસા વસૂલ કરવામાં મુશ્કેલી અનુભવતા હોય છે. એટલા માટે આવા દૂષણોને અટકાવવા માટે અને ખાસ કરીને ગરીબોને વધારેને વધારે આનો ફાયદો થવાનો છે એટલા માટે રજિસ્ટ્રેશન એકટ પાવર ઑફ એટર્નીનું આ બિલ વિધાનસભામાં હું લાવી છું. ફરજિયાત નોંધણી જો કરવામાં આવે તો ઘણાં બધા દૂષણો દૂર થશે એવું મને લાગે છે. હવે જ્યારે ટૅક્નોલૉજીનો વિકાસ થઈ રહ્યો છે તો ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને જે કંઈ આ બધી ગરબડ છે એ દૂર કરવા માટે રાજય સરકારે પ્રયાસ શરૂ કર્યો છે. મિલકત વેચાણના દસ્તાવેજોની નોંધણી એ સબરજિસ્ટ્રાર કચેરીમાં સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ દ્વારા કરવામાં આવી છે. તે જ રીતે ઈ-સ્ટેમ્પીંગ જેવી પ્રથા હેઠળ સરળતાથી સ્ટૅમ્પ પ્રાપ્ત થઈ શકે તે માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી.  મિલકતોના ટાઈટલ કલીયર સર્ટિફિકેટ મળી શકે તે માટે ઈન્કમ્બન્ટ સર્ટિફિકેટ કોમ્પ્યુટરાઈઝ સીસ્ટમ દ્વારા આપવામાં આવે છે. ત્યારે ખોટા પાવરનામા હેઠળ મિલકતો વેચાણ કરી દેવાના પ્રસંગો બને અને પક્ષકારો દ્વારા કચેરીઓમાં રજૂઆતો થાય તે સંદર્ભે આપણે કંઈ જ કરી શકતાં નથી અને પછી કોર્ટ મેટરો બને છે અને વર્ષો સુધી એ પ્રશ્નો કોર્ટમાં અટવાયા કરે છે અને લોકો પરેશાન થાય છે. એટલા માટે જેમને પાવર ઑફ એટર્ની કરવી છે એ જેણે લખાવી આપનાર અને લખી આપનાર આ બન્ને વ્યકિતઓના ફોટા કોમ્પ્યુટરાઈઝ સીસ્ટમથી લેવામાં આવે. અંગૂઠાની છાપ લેવામાં આવે અને બન્નેની જો સહી કરવામાં આવે તો જ્યારે દસ્તાવેજ ખોટો થઈ જાય અને એની ફરિયાદો આવે ત્યારે વેરીફીકેશન થઈ શકે અને સાચા-ખોટાનો ખ્યાલ પણ એમાંથી આવી શકશે. એટલે છેતરપિંડીના કેસો નહિવત્ થઈ જશે. એટલે આ સુધારો પાવર ઑફ એટર્નીનું બિલ વિધાનસભાગૃહની અંદર લાવી છું. ફરજિયાત રજીસ્ટ્રેશન કરીએ તો એનાથી અનેક ફાયદા લોકોને થવાના છે. અત્યાર મિલકત સંબંધી ગુન્હાઓનું પ્રમાણ વધી રહ્યું છે એ પ્રમાણમાં એકદમ ઘટાડો થશે અને નહિવત્ બનશે અને બેનામી પ્રવૃત્તિ થઈ રહી છે એમાં નિયંત્રણ લાવી શકીશું. સરકારી રેકર્ડમાં સાચી નોંઘણી થશે અને જેમને પણ ભવિષ્યમાં આ રેકર્ડ જોઈતું હશે તો એને આપણે સાચું રેકર્ડ આપી શકીશું. એ જ રીતે જે લોકો મિલકત લે છે એમને ટાઇટલ કલીયર  મળશે અને કોર્ટ કેસોનું પ્રમાણ ઘટશે. એ જ રીતે હક્ક પત્રક અનામત મૂકીને કરવામાં આવતા ગીરો ખતની પણ નોંધણી ફરજિયાત કરવા અંગે અધિનિયમની કલમ-૧૭(૧)(જી) દાખલ કરવામાં આવે છે. સદર બાબતનો વ્યવહાર સરકારી રેકર્ડમાં નોંઘણી થતાં પક્ષકારોની પાસેથી ટાઇટલ કલીયર થતાં ગેરરીતિ અટકશે અને એટલા માટે જે લેખ ફરજિયાત રજીસ્ટ્રેશન પાત્ર ન હોય, એક જ સ્થાવર મિલકત ઉપર એકથી વધુ વખત અલગ અલગ બૅન્કોમાંથી લોન મેળવવામાં આવે છે અને તે અંગે વર્તમાનપત્રમાં  અને સરકારી વિભાગોમાં એની રજૂઆતો થાય છે. એથી આ પબ્લિક ફંડનો મોટો દુરુપયોગ થઈ રહ્યો છે અને એટલા માટે જો રજીસ્ટ્રેશન કરાવવામાં આવે તો પક્ષકારોને તથા લોન આપનાર બૅન્કોને મિલકતોના ટાઇટલ કલીયર મળી શકશે. એક જ સ્થાવર મિલકત ઉપર અલગ અલગ બૅન્કોમાંથી નાણાં મેળવીને નાણાકીય કૌભાંડો ચાલે છે એના ઉપર રોક લાગશે, નિયંત્રણ આવશે. સરકારી રેકર્ડ નોંઘણી થવાથી, કાયમી રેકર્ડ જળવાવવાથી ભવિષ્યમાં પણ જેને પ્રમાણિત રેકર્ડ જોઈતું હશે એને આપી શકીશું. અને એટલા માટે ફરજિયાત નોંઘણી કરવા માટેની બાબતના અધિનિયમમાં સુધારો કરી કલમ-૧૭(૧)(જી) દાખલ કરવા માટે વિધાનસભાગૃહની અંદર આ બિલ હું લાવી છું અને હું ઇચ્છું છું કે માનનીય ધારાસભ્યશ્રીઓ એના ઉપર પોતાના વિચારો વ્યક્ત કરશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધ પક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે કાયદો લાવીએ છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી એની સાથોસાથ સમાજમાં બે પ્રકારના વર્ગ હોય છે. એમની ચિંતા છે સ્ટૅમ્પ ડ્યૂટીમાં ચોરી થાય છે એ એમની જોગવાઈ, ઉદ્દેશમાં અને કારણોમાં જણાવ્યું છે. આ માટે થઈને આવા પ્રયત્નો કર્યા છે અને થઈ રહ્યા છે. જ્યારે કાયદો બન્યો ત્યારે સંપૂર્ણ ચર્ચાના અંતે જે લેજીસ્લેટર્સે જે વસ્તુ બનાવી in their own wisdom આ વસ્તુ નથી include કરી બહુજ વિવેકપૂર્વક એ વસ્તુ include નથી કરી. કદાચ એક કે બે જણ હોય કે સમાજના ગમે તેટલા ટકા હોય એ ખોટો લાભ લેતા હોય તો એને રોકવા માટે તંત્રને સજાગ કરીને એને ઉપયોગ થઈ શકે. આ ફરજિયાત કરવાથી જેમને અસર થવાની છે એ કોણ અસરગ્રસ્ત થવાના છે? પાવર ઑફ એટર્ની કોણ આપે છે. જે માણસ પોતાની પ્રોપર્ટી સંભાળી શકે તેમ ન હોય, શારીરિક રીતે અશક્ત હોય, ગામડામાં પોતાની ખેતીની જમીનની પાવર ઑફ એટર્ની લિમિટેડ પિરિયડ માટે શારીરિક રીતે મુશ્કેલીમાં મૂકાયેલો માણસ એ પાવર ઑફ એટર્ની આપે છે. એને જો ફરજિયાત રજીસ્ટ્રેશન તરફ લઈ જઈએ, એર

કન્ડીશન ઑફિસમાં બેઠા બેઠા એમની મુશ્કેલીઓ નહીં સમજાય. હું તો ગામડામાં જન્મી, ઉછરી અને મોટો થયેલો માણસ છું. ગામડાના માણસને રજીસ્ટ્રેશન માટે જવું, માનનીય મંત્રીશ્રી મારી વાત સાથે સહમત થશે. આ ગૃહમાં બેઠેલા એ આ પાટલી ઉપર હોય કે સામી પાટલી ઉપર હોય અમે તો ટ્રેઝરર છીએ લોકોના હિતોને માટે, એ લોકો માટે રજીસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયા સહેલી છે? મોટા બિલ્ડરોને રજીસ્ટ્રેશન કરાવવા માટે એમની એજન્સીઓ હોય છે. મોટા માણસને તો રજીસ્ટારની ઓફિસમાંથી માણસ ઘેર આવીને પણ સિકકા મારી દે એટલે થઈ શકે. નાનો માણસ જેને કુલમુખત્યાર નામું આપવું જરૂરી છે એની શું હાલત થાય? હું આવકારું છું માનનીય મહેસૂલ મંત્રીશ્રી પણ બહેન છે હું જરૂર આવકારું છું. આપણા સમાજમાં અગ્નિની સાક્ષીએ ફેરા લીધેલી બહેન એના પતિને સંપૂર્ણ વફાદાર રહે છે. એના માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરે છે. એ બહેનને પણ એના અધિકાર માટે વધારેમાં વધારે આપણે જે આપી શકીએ, ભાગ્યે જ આપણા સમાજમાં ભલે આપણે કહેતા હોય કે પત્નીઓના દમન સામે સંગઠન કર્યુ પણ એ જુજ હશે. બહુધા સમાજ જે છે એમાં આજે પણ આપણી બહેનો છે એ સમર્પિત થઈને જીવે છે. એના સેંથાનું સિંદુર એનો ચાંદલો અને એની ઈજ્જત એનું સર્વસ્વ એ પતિમાં દર્શન કરે છે અને એના પતિ સિવાય એની દ્રષ્ટિ કયાંય હોતી નથી આ સંસ્કૃતિ છે આપણા સમાજની. એ બહેનો માટે આપ્યું હું આવકારું છું, હજી વધારે આપો, માનનીય મંત્રીશ્રી આપ પણ બહેન છો, એમાં સમર્થન સંપૂર્ણપણે મારો આખો પક્ષ આપશે. આ જે આપ વાત લઈને આવ્યા છો એનાથી હાડમારી વધવાની છે. રજીસ્ટ્રેશન ફી આપ રાખશો તો સરકારની તિજોરી.. અંતરાય

**શ્રી ભરત બારોટ** : હજી લગ્ન બાકી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોનું મુખ્યમંત્રીશ્રીનું? લગ્ન બાકી છે એમ વાત કરે છે કોની વાત કરે છે એ ખબર નથી ભરતભાઈ. સ્વાભાવિક રીતે એમની ચિંતા કરતા હોય, માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગતો હતો કે.. ..

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ શું છે? રામસિંહભાઈ હસે છે ને કયારના એમના માટે એ બોલ્યા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એમના સૂરમાં સૂર પૂરાવું છું અમે તો એમની ચિંતા કરીએ છીએ. પણ અહીંયા બેઠા એમની ચિંતા કરો તમે બધા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ આપના મિત્રની ચિંતા ભલે આપે કરી પણ મારી ચર્ચાની ચિંતા કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હજી આની ગંભીરતાથી ફેરવિચારણા કરે. આ બિલ આવવાથી સરકારની તિજોરીમાં નાણાનો પ્રવાહ આવશે માનનીય અધ્યક્ષશ્રી, એ નાણા આપણા વહીવટીતંત્રના માટે શ્રાપરુપ સાબિત થશે. રજીસ્ટ્રેશન ફી ભરવા જાય પણ એ માણસની હાલત શું થવાની, માનનીય મંત્રીશ્રીએ ચિંતા કરી કે શહેરની આજુબાજુમાં આવું બધું થાય છે. તો પછી હજી થોડી વિચારણા કરો, આજે અને આજે આ બિલ પસાર કરવાનો આગ્રહ રાખવાને બદલે આપ એના કોઈ મેજર્સ એવા વિચારી શકાય છે ખરા કે જેથી જેન્યુઈન વ્યકિત, હમણાં માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ જેમ કહેતા હતાને કે ખાટલામાં માંકડ પડે તો ખાટલો આખો ના સળગાવાય, આ આખો ખાટલો સળગાવવાની વાત છે. આ ફરજીયાત કરવાથી પેલા બે-ચાર ટકા બિલ્ડરો કદાચ સ્ટેમ્પડયુટીની કરચોરી કરવા માટે કરતા હોય તો એના ઉપર આપની સત્તાનો દંડો ઉગામો પણ એને ચોરી કરતા રોકવા માટે આપણે સક્ષમ નથી એટલે એવો કાયદો લાવીએ છીએ કે જેમાં સુકા પાછળ લીલું બળે છે. જરૂરિયાતવાળા માણસોને મુશ્કેલી ઉભી થાય છે. એમની બીજી પેટા કલમમાં જે એમેન્ડમેંટ લઈને આવેલ છે માલિકીખત જમા કરાવવાને થતા ગીરો સંબંધી, એક માણસ મિલકત ગીરો મૂકવા કયારે નીકળે છે? નાના ગામડાઓમાં વહેવાર થાય, અને એ તો ગામડાના વહેવાર તો એવા હોય છે કે મારી મુંછના વાળ ઉપર આપ્યું જા તારું પાકું, કોઈ રજીસ્ટ્રેશનની જરૂર નથી, કોઈ લીટીગેશન થતા નથી, માણસ એની નેકસ્ટ જનરેશનને કહીને જાય કે આટલા પૈસા આને ચૂકવવાના છે.એ આપણી પ્રથા, એ આપણી સંસ્કારિતા, એ આપણી પરંપરા એ આજેય તૂટી નથી. એ ત્યાં આજેય વચન ઉપર વહેવાર ચાલે છે. કરે છે બધા કોઠા-કબાડા કયાંય શિક્ષિત થયેલા, કયાંય અમારી જેવા બધા ડિગ્રી હોલ્ડરો, કયાંય બિલડરો, ધનપતિઓ, કયાંક પાંચ કરોડપતિઓ એમના વ્યવહારો આ બધું આવે. એમના વહેવારોને રોકવા, ટોકવા, યોગ્ય દિશામાં લાવવા માટે સરકાર જે દંડો ઉગામે એનો ફટકો ક્યાં પડે છે? પેલો ગરીબ માણસ જે ગીરો મૂકીને મારે મારી માસમ આવે છે, મારે મારું ખેતર વાવવું છે, બિયારણના પૈસા નથી. ચાલો હું મારી મિલકત તમારે ત્યાં ગીરો મૂકું છું. ઉપજ આવશે, તમારા પૈસા ભરી જઈશ અને ગીરોખત હું મારું પાછું લઈ જઈશ. આ વ્યવહારને શા માટે compulsory registration અને થશે શું? આ કાયદા એટલો પ્રચાર અને પ્રસાર નહિ પામે. લોકોને મુશ્કેલી પેદા કરના કેટલાક લેભાગુ લોકો આનો misuse કરશે. પેલો ગરીબ માણસ છે એમને વર્ષોથી જે બાપ-દાદા વહેવાર કરી આવતા હશે એ માનશે. મેં રજિસ્ટ્રશન ના કરાવ્યું. વહેવાર કર્યો એટલે બરાબર છે અને જે લોકો આનો ફાયદો લેવા માગતા હશે એ એમ કહશે હવે તો Registration is compulsory. This is not a registered document. This is not valid. I will file a suit. No court will entertain because we are introducing the Act આપણે કાયદો બનાવીએ છીએ. We are the legislators અમે જે કાયદો બનાવવા જઈએ છીએ executive will execute અને judiciary એના ઉપર justice આપશે ત્યારે આ પ્રકારના કાયદાઓ હિતકારક નથી. કદાચ આવકની દ્રષ્ટિથી સરકારની તિજોરીમાં થોડું હિત દેખાય. હવે તો આજે માણસ ચિંતત થયો છે. નોટ્રી પાસે પણ જઈએ છીએને, નોટ્રી

પણ ફોટો લગાડીને ઉપર સિક્કો મારે છે, અંગૂઠો અને સહી પણ લે છે. રજિસ્ટ્રાર ઓફિસમાં રજિસ્ટ્રશન ફરજિયાત શા માટે થઈને? માત્ર સરકારની આવકમાં વધારો કરવા માટે અને એટલા માટે હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આપ આ બાબતની પુનઃવિચારણા કરો. આ બાબતને જરૂર પડે તો લોકમત માટે ફરવીને, લોકમત મેળવીને જરૂર પડે તો આપ આ ગૃહમાં આવજો. લોકમત જો આ બિલની તરફેણમાં હશે તો અમે સર્વસંમતિથી આ કાયદો પસાર કરાવીશું. લોકમત આપની તરફેણમાં આ બાબતમાં લઈને આવો. મને તો આવા મુદ્દાઓમાં ઊંડાણમાં ઊતરવાની જરૂર છે. કોઈ ગાંધીનગરમાં એ.સી. ઓફિસમાં બેઠેલા માણસને તૂકકો સૂઝે એ પ્રમાણે કાયદો ના આવે. Very far effect એ legislation ની હોય છે. પ્રશ્નોત્તરીનો કલાક બીજી દષ્ટિએથી મહત્વનો હોઈ શકે પણ legislation business છે, એ ચિરંજીવી બને છે જે કાયદો બને છે અને ત્યારે આ બાબતમાં અમારે સૌએ પણ વધારે ઊંડા ઊતરવું પડે અમને કોઈ પ્રશ્નોત્તરીના સભ્યો નથી કહેતું, અમને કોઈ ચર્ચાના સભ્યો નથી કહેતું, અમને ધારાસભ્ય કહેવાય છે. જે We are legislators, legislation ને ધડે છે. જે ધારો બનાવે છે. જે કાયદો ઉત્પન્ન કરે છે અને આ businessની અંદર જેટલી ગંભીરતા સરકાર પણ લાવતા વિચારે. હું જોતો હતો ઉદ્દેશ અને કારણમાં કોઈ effect, કોઈ વિગત, કોઈ detail જે જોઈએ ત્યારે હું માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરું છું કે આ કાયદો આગળ વધારવાના બદલે પુનઃવિચારણા માટે પોતાની પાસે રાખે, લોકમત માટે ફેરવે અને લોકમત મેળવીને લાવે તો જ આને સમર્થન આપી શકાય.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન જે રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મહેસૂલ મંત્રીશ્રી આ વિધેયકની અંદર, આ વિધેયકની કલમ- ૧૭માં જે સુધારો લઈને આવ્યા છે, મને એમ હતું કે, માનનીય વિરોધપક્ષના નેતા આ ગુજરાતના ગરીબો જે કાયદાને જાણતા નથી એની થોડીક તરફદારી કરશે પરંતુ મારે કહેવું છે કે, ગુજરાતની અંદર બધા લોકો કાયદો જાણતા નથી અને ગુજરાતના નાના માણસો, ગરીબ માણસો જેના માટે મિલકત એની જીવાદોરી છે એનું રક્ષણ કરવા માટેનો આ કાયદો છે. ગોપાલ અમીન જેવા કેટલાય બિલ્ડરો, આપણે જાણીએ છીએ કે, ગુજરાતી અંદર વિધવાઓ, મરેલા માણસોના વારસો એમના ખોટા પાવર ઑફ એટર્ની કરી અને એની મિલકત હડપ કરી છે. અનેક કેસો ગુજરાતની કોર્ટોમાં આવા ચાલે છે. આના માટે નાના માણસોના રક્ષણ માટે જેઓ કાયદાથી અજ્ઞાન છે, જેને કોઈક મોટા બિલ્ડિરો ક્યારેક છેતરપિંડી કરી અને લાલચમાં સહીઓ કરાવી અને એની મિલકત પડાવે છે એનું રક્ષણ કરવા માટેનો કાયદો લાવ્યા છે એના માટે હું આ કાયદાને આવકારું છું. સરકારની તિજોરીની એમણે વાત કરી, આવક માટેનું આ સાધન નથી સરકારમાં માટે પરંતુ માત્રને માત્ર પ્રજાની ચિંતા કરી છે આ સરકારે આ બીલથી અને આ એના માટે આ ગુજરાતની સામાન્ય પ્રજાના રક્ષણ માટે આ બીલ લાવ્યા છે એને હું આવકારું છું અને આવા ને આવા કાયદા ઓરિસ્સા અને રાજસ્થાન જેવી સરકારોએ પણ બનાવ્યા છે કે નાનામાં નાનો માણસ આવી છેતરામણીથી બચે. અત્યારે તો છાપામાં આખું પેઈજ ભરીને જાહેર નોટિસો આવે મુખત્યારનામાવાળા એમની નોટિસો એના નામથી આપે, કોઈ પક્ષકારોને ખબર ન હોય, પોતે મિલકત ધરાવનાર વ્યકિતને પણ ખબર ન હોય મારી મિલકતનું ટાઈટલ આવ્યું છે, મારી મિલકત વેચાઈ ગઈ છે આના માટેના બહાના છે હું ફરીવાર માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે બીલ લઈને આવ્યા છે એને આવકારું છું અને અનુમોદન આપું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો જે છે એ દસ્તાવેજો જે રજીસ્ટ્રેશન ફરજિયાત પાત્ર છે એમાં પવાર ઑફ એટર્ની મિલકતને લગતા ઉમેરવા માટેનો જ વિષય છે, બીજો કોઈ વિષય નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકારની આવકમાં મોટો વધારો થઈ જવાનો છે એવું વિરોધપક્ષના નેતા કહે છે પરંતુ રજીસ્ટ્રેશનની ફી માત્ર પંદર રૂપિયા છે એનાથી કોઈ વધારે ફી છે નહીં અને એટલા માટે આટલા રૂપિયા કંઈ થઈ જવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્ર સરકારનો કાયદો છે અને કેન્દ્ર સરકારે આપણને જૂન મહિનામાં સુધારો કરવા માટેની મંજૂરી આપી છે અને આવો સુધારો રાજસ્થાન અને ઓરિસ્સામાં પણ રાજયોએ બનાવ્યો છે. બીજા રાજયો પણ એના ઉપર આગળ વિધિ કરી રહ્યા છે અને એટલા માટે આ જે કાંઈ પાવર ઑફ એર્ટનીનું બીલ હું વિધાનસભામાં લાવી છું એને માટે મંજૂરી આપવાની હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૮નું રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૮નું રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૦૮નું રજીસ્ટ્રેશન ( ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫**

# ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭

**રાજયની વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને આવી કોલેજો અથવા સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટે ખાસ જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અગાઉના વિધાનસભાગૃહમાં તા.૩૦-૩-૦૭ના દિવસે આ બીલને પસાર કરીને માનનીય નામદાર રાજયપાલશ્રીના અનુમોદન માટે મોકલેલ હતું. માનનીય નામદાર રાજયપાલશ્રીએ પોતાના સંદેશામાં આ બીલમાં ડીમ્ડ યુનિવર્સિટીનો શબ્દ રદ કરવા માટે અમને ભલામણ કરેલી છે અને શિક્ષણ વિભાગે આ અંગે નિર્ણય કરવા માટેની બાબત રાજયના મંત્રીમંડળે સ્વીકારી છે એટલા માટે જયારે રાજય સરકારે આ શબ્દ રદ કરવા માટેની ભલામણ કરીછે ત્યારે એમના હકારાત્મક અભિગમને અપનાવીને માનનીય રાજયપાલશ્રીની સલાહનું પાલન કરવા માટેનું સ્વયં સ્પષ્ટ બીલ હું સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :(વિરોધ પક્ષના નેતાશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, આ બીલ પણ આવ્યું છે ત્યારે For the record of the House, if that is on the same pattern also, the discussion of the Bill is relevant qua the particular Bill so that there is a murmuring in the Treasury Bench that the same Bill is coming, so there is no need for any discuss on this Bill.

**અધ્યક્ષશ્રી** : મર્મરીંગ ઉપરની ચિંતા ન કરો આપ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મર્મરીંગ ટ્રેઝરી બેંચ પરથી થાય જ નહીં અને થાય તો એનો જવાબ અમારા જેવા સભ્યશ્રીઓએ આપવો પડે. એટલા માટે જ આપું બાકી junior member બોલે તો હું ignore જ કરું. એક પણ સભ્યશ્રી બોલતા હોય ત્યારે હું ડીસ્ટર્બ પણ નથી કરતો કારણકે હવે હું વિરોધ પક્ષનો નેતા છું. મેમ્બર હોત તો એનો જવાબ બરાબર આપત. The Treasury Bench has more responsible. When you seat as a Minister, there is more responsibility. Resign as a Minister and seat as a Member and can have opportunity to talk and there is Hon'ble Speaker to control you. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગતો હતો કે જયારે આ જ બીલ જો પસાર થયું We should appreciate action of the His Excellency Governor. In his own wisdom, he has decided to send the Bill back to the Assembly. The Constitution has given powers to make legislation to the Parliament and to the Assembly and there is a clear demarcation what type of legislation Parliament can make and what type of legislation Assembly can make. Now we should understand our limitations. We committed a mistake. I would not use the word 'committed a blunder' because it is not a parliamentary word. We committed error rather in a sophisticated way. Byut what the Department was doing? I am questioning myself Mr. Speaker, sir. It was the duty of the Department to point out. You cannot make this law. This is not in your purview. This is beyond your powers. Dont do it. Either His Excellency will sent back to you or you will have to face Hon'ble Supreme Court or Hon'ble High Court and when

anyone will challenge this under the word that this is ultra views. You will have no answer and when this type of situation will arise, the people at large will not crticise the Treasury Bench, not to the Law Department, not to the rulling party, but to all the legislators. We may be seating here. We may be seating there. માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતિના અંદરથી બહાર નીકળવા માટે - to come out of this type of situation, એક કમાન્ડ ડિપાર્ટમેન્ટ ઉપર ઊભો કરવો પડશે. એ કમાન્ડ યસ મિનિસ્ટર કરે એવાનો નહિ, એ સાચી દોરવણી આપે તેવો કે અમારા મંત્રીશ્રીએ ભલે કહ્યું. આમ કરી દઈએ. અમારી કઈક પ્રકારની ચિંતન શિબિરે ભલે કહ્યું આમ કરી દઈએ, પણ અમારી ચિંતા હોવી જોઈએ. આ સાચું છે. આ સારું છે. આ બીજા માટે જરૂરી છે. આ પરોપકારી છે. આ અમારી સત્તાનું છે. Than yes, ચાલો આગળ વધીએ. સ્વાર્થ માટે સંઘર્ષ નહિ, સત્ય માટેનો સંઘર્ષ. આ બિલ પાછું મોકલાયું. માનનીય રાજ્યપાલશ્રીએ બિલ પાછું મોકલતાની સાથે આપણને શું કહ્યું છે. એમનો સંદેશો, to save time of this Honorable House, I would not like to read entire message, પરંતુ મારા પ્રવચનના ભાગ તરીકે આ સંદેશો આખો છે that may be taken as read. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ એ જે સત્તાઓ આપી છે, જે માનનીય સંસદ ગૃહની સત્તાઓ છે. મારી ઈચ્છા હોઈ શકે. હું પ્રાઈમ મિનિસ્ટર બની જઉં. ઈચ્છા હોઈ શકે. મારી ભાવના અને કલ્પનાના ઘોડા કયાંય પહોંચે, પણ મારે મારી મર્યાદાને સમજવી પડે. એ સમજવું પડે કે હું કઈ જગ્યાએ બેઠો છું. મારી કેટલી પરિસ્થિતિ, મારા કેટલા પાવર્સ. અહોમ્ રૂપમ અહોમ્ ધ્વનિ. એનાથી ફરક નહિ પડે. વાસ્તવિકતા એ થઈ કે ગવર્નર સાહેબે આ બિલ પાછું મોકલ્યું. એ કહીને પાછું મોકલ્યું કે તમે ભૂલ કરી છે. ડિમ્ડ યુનિવર્સિટી તમે ના મૂકી શકો, કારણ કે તમારા પરવ્યુમાં નથી, તમારા હાથમાં નથી. એ યુ.જી.સી. થી રૂલ થાય છે. તમે એ ન લાવી શકો. તમારી કલમ-૨ ના ખ માં તમે યુનિવર્સિટીની વ્યાખ્યા આપી છે. હું એ અપેક્ષિત છું કે Chief Whip એમેન્ડમેન્ટ લઈને આવ્યા છે, યુનિવર્સિટી એટલે ડિમ્ડ યુનિવર્સિટીને બાદ કરવી પડશે. આજે પણ એ ભૂલ ન કરી હોત. આપણે પહેલેથી જ સીધા રસ્તે ચાલ્યા. હું તો હજુ આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આપ માનનીય ગવર્નર સાહેબના સંદેશાને બરાબર એને real perspective, એને સાચા અર્થમાં, between the lines and પ્રોપર એની સમજણ સાથે વાંચવાનો પ્રયત્ન કરે તો હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને, માનનીય કાયદા મંત્રીશ્રીને એમના વિભાગમાં પણ ચકાસી લેવાનું કહેવા માગું છું. શા માટે આપણે આવા કન્ટ્રોલમાં પડીએ છીએ. અમને પણ ચિંતા છે. આપણી પાસે અધિકાર, પાવર્સ છે, એનો ઉપયોગ આર.જે. શાહ કમિટી હોય, બીજી કમિટી બેસાડો, તટસ્થ બેસાડો, પારદર્શિકતા લાવીએ. આજે કહીએ છીએ. એવું નહિ. દસમાં અને બારમાં ધોરણનું પ્રશ્નપત્ર સીધું વિદ્યાર્થીના અને એના વાલીના હાથમાં આવવાની શરૂઆત શિક્ષણ વિભાગ મારી પાસે હતો, ત્યારે મેં કર્યો હતો. કોઈપણ વિદ્યાર્થી, એટલું જ નહિ, પહેલા દસમાં પણ આમ તેમ ન થાય તેની કાળજી રાખતો હતો. આજે પણ એ ચિંતા સેવવાની જરૂર છે. ફી લેવાય, મનફાવે તેવી લેવાય. આપની પાસે રોકવા માટેની પૂરી તાકાત હોય. ઈરાદાપૂર્વક. (અંતરાય) નથી કોમેન્ટ કરતો. બહેન છે. એમને આદર આપું છુ. મારા માટે માનનીય છે. મમરીંગ કરે તો પણ જવાબ નહીં આપું. એગ્રી દીલિપભાઈ એગ્રી. તમે કહો પછી એમાં કયાં. મારા મિત્ર અમરેલીના છે. હું પણ બાજુ બાજુમાં યાદ કરાવું ત્યારે ટોકતા નહીં એટલું ખાલી. મારે ઘણુ યાદ કરાવવાનું થાય છે. હું મારા સભ્યોમાં યાદ કરાવીશ કે આવું આવું ચાલે છે. ત્યાં સંભળાય એ રીતે. કોણ શુ? કેમ કરે છે તે બધુ જ. હું એ કહેવા માગતો હતો કે તમામ જગ્યાએ આપણું કામ એડમીનીસ્ટ્રેશન એવું આપવાનું બને કે જયાં સામાન્ય બાળક, સામાન્ય ગરીબ માણસનું બાળક આવે એનું એડમીશન, એનું શિક્ષણ, એની ચિંતા, એના પ્રવેશ માટેની, એની ફીની આ એકટથી ખાસ સવાલો ઉભા થાય છે. શું આપણે કરી શકીશું ખરા ? માનનીય મુખ્ય દંડકશ્રી જે સુધારો લઈને આવ્યા છે તે હજી રજૂ નથી થયો પણ આપણે મંજૂર કર્યો છે. અમને પીજીયન બોકસમાં મળ્યો છે. મને તક મળશે હું બોલીશ ત્યારે. સુધારો રજૂ કર્યા પછી. અત્યારે હું સ્પષ્ટપણે માનું છું કે આ બીલને પ્રોપર સ્વરૂપમાં ઈન એ રાઈટ પ્રોસ્પેકટીવ હીઝ એકસલન્સીના સંદેશના મુજબ ડ્રાફટ કરવામાં આવ્યું નથી અને માટે આને પસાર કરવાની ઉતાવળ કરવાની ભૂલ આપણે ન કરીએ જેથી કાલે સવારે કોઈ બીજા પ્રશ્નો કોઈ નામદાર હાઈકોર્ટમાં કે સુપ્રીમ કોર્ટમાં કે આગળના બીલને કાયદો બનવામાં તકલીફ ન પડે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે તેમાં સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આ વિધેયક આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યું છે અને આ વિધેયક આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવવાની કેમ જરૂરિયાત ઉભી થઈ તે બાબત પર સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. આપણા ગુજરાતમાં વસતા ગરીબ લોકો, જેમના વાલીઓ એમના દીકરા દીકરીને તેમની જમીન, ઘરેણાં ગીરવે મૂકીને, જમીન વેચીને અભ્યાસ કરાવે. દસમા-બારમા ધોરણ પછી જયારે ટેકનિકલ કોલેજોમાં એડમિશન લેવાનું થાય ત્યારે લાખો રૂપિયા તેમના માટે ડોનેશન માગવામાં આવે અને આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ ટેકનિકલ શિક્ષણથી વંચિત રહે. તે ગુજરાતીઓને કયારેય પોષાય નહીં. જે રીતે આપણને આ વિધેયક સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવાની જરૂર પડી છે તેમાં અમૂક કોલેજોના સંચાલકોએ સૌથી મોટા શિક્ષણના કાળાબજાર કર્યા. ગુજરાત બહારના અનેક વિદ્યાર્થીઓને પાછલા બારણે પ્રવેશ આપવાના કૃત્ય કર્યા. તેમની સામે પોલીસ કેસ થયા આ બધું

ધ્યાનમાં આવ્યું. તે ધ્યાનમાં લીધા વિના બારોબાર કેન્દ્ર સરકાર તરફથી તેની મંજૂરી લઈ આવે. માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈએ વાત કરી કે ત્યાં આગળ ગુજરાત સરકારની એન.ઓ.સી. લેવામાં ન આવે. બારોબાર કેન્દ્ર સરકાર મંજૂરી આપે અને ગુજરાત બહારના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા દેવામાં આવે. તેમાં બે અગત્યના એ પ્રશ્નો ઉભા થયા કે એક તો ભ્રષ્ટાચાર વધ્યો અને ઘણી જગ્યાએ જયાં આગળ ડોનેશન વધારે લેવામાં આવે તેના લીધે કોર્ટ કેસીસના પ્રશ્નો ઉપસ્થિત થયા. ઘણા ગરીબ વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડયો. આજે જે રીતે આપણી રાજય સરકારને, આપણા આ સન્માનનીય ગૃહને કાયદો ઘડવાની સત્તા આપણા બંધારણે આપી છે. આ ગૃહ સમક્ષ વિરોધપક્ષના નેતાશ્રી વાત કરતા હતા. ગયા બિલમાં કહયું કે તમે આ બિલમાં જનમત લઈ આવો અને જનમત આવે તો સર્વાનુમતે ટેકો આપીએ. જયારે બંધારણે સન્માનનીય ગૃહને કાયદો ઘડવાની સત્તા આપી છે. આપણા બંધારણની કલમ ૨૪૬માં રાજય સરકારને કાયદો ઘડવાની સંપૂર્ણ સત્તા આપી છે અને એ જ રીતે જે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના એના ૧૯૫૬ની કલમ ૩(એફ)માં સ્પષ્ટ જોગવાઈ છે કે University established or incorporated by or under a Central Act or Provincial Act or State Act and include any such institution as may in consultation with the University concerned, recognized by the Commission in accordance with regulations made in this behalf under this Act.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને પણ એટલી જ સત્તા આપી છે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને એની અંદર સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની સેકશન ત્રણ (એફ)માં સ્પષ્ટ જોગવાઈ કરેલી છે કે રાજય સરકારની જયારે મંજૂરી આપે તો એનો અમલ કરવાની રાજય સરકારને સત્તા છે જયારે ગુજરાતમાં રહેતા ગરીબ લોક, કન્યા કેળવણી માટે આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી ગુજરાતની કન્યાઓને ભણાવવા માટે આટલો બધો અથાગ પ્રયત્ન કરતા હોય, એમને મળેલી ભેટસોગાદોમાંથી એની હરાજી કરીને કન્યા કેળવણી પાછળ લાખ્ખો રૂપિયા ખર્ચતા હોય ત્યારે આપણે સૌએ કન્યા કેળવણીમાં, આપણા દીકરા દીકરીઓના અભ્યાસમાં એટલી જ કાળજી રાખવી પડે. આજે જે રીતે કેન્દ્ર સરકારે બારોબાર મંજૂરી આપી અને એની એનઓસીની પણ માગણી રાજય સરકાર પાસે ના કરી અને જયારે મોટો ભ્રષ્ટાચાર થયો, અનેક વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા લેવામાં આવ્યા અને જયારે રાજય સરકાર સમક્ષ આ ફરિયાદ આવી ત્યારે આ વિધેયક સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવવાની ફરજ પડી છે, માનનીય અધ્યક્ષશ્રી, હું આપના ધ્યાને મૂકવા માગું છું કે, જે આ વિધેયક આવશે ત્યારે એનાથી આપણા ગુજરાતના ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસનો લાભ મળવાનો છે, બીજા રાજયોમાંથી વિદ્યાર્થીઓ અહીં આવીને અભ્યાસ કરતા હોય અને એડમીશન લેતા હોય તો એના બદલે આપણા દીકરા દીકરીઓને અહીંયાં અભ્યાસનો લાભ મળવાનો છે એટલા માટે મારી માનનીય સભાગૃહને વિનંતી છે કે આ વિધેયકને સર્વાનુમત્તે સંમતિ આપે.

**શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને થોડીક વિગતો આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના તબીબી શિક્ષણના સંદર્ભમાં ચર્ચા વખતે માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મારા નામ સાથે ઉલ્લેખ કરીને એમ કહયું કે, તમારી પાસે ટેકનીલક એજયુકેશન વિભાગ હતો ત્યારે તમે શું કરેલું, તમે શું temperament ઉભું કરેલું, ગુજરાતમાં શિક્ષણના સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણના સંદર્ભમાં temperament ઉભું કર્યુ હતું તેનો અહીં ખાલી નાનો પુરાવો આપવા માગું છું

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫-૯૬ સુધીમાં ડીગ્રી એન્જીનીયરીંગની ૧૪ કોલેજો હતી અને ૩૪૫૧ સીટ હતી એ આજે વધીને ૪૫ કોલેજ છે અને ૧૫૮૯૬ ડીગ્રી સીટો છે, ૧૫૮૯૬ ઈનટેક છે, ૧૯૬૦થી ૧૯૯૫ સુધીમાં ૩૫ વર્ષમાં ૩૪૫૧ સીટો હતી અને ૧૯૯૫ થી માંડીને ૨૦૦૭માં ૧૪ કોલેજોમાંથી વધીને ૪૫ થઈ અને ૩૪૫૧ જે સીટ હતી એમાંથી વધીને ૧૫૮૯૬ ઈન્ટેક થઈ. આ temperament ઉભું કર્યુ. આ એક જ નથી પણ ડીગ્રી એન્જીનીયરીંગની પાંચ કોલેજોમાંથી ૫૯ ઈન્સ્ટીટ્યુટ બની છે અને એ વખતે પાંચની ૨૨૫ સીટો હતી એ આજે ૩૫૨૫ સીટો થઈ છે. Degree in Architecture and Allied ની ચાર ઈન્સ્ટીટ્યુટ હતી અને ૧૬૦ સીટ હતી એની જગ્યાએ આજે ચારની નવ કોલેજ થઈ અને ૪૬૦ સીટો થઈ છે. એમસીએની આઠ કોલેજો હતી અને માત્ર ૨૯૧ સીટ હતી એની આજે ૩૭ કોલેજ થઈ અને ૨૦૯૨ સીટો થઈ. એમબીએમાં માત્ર નવ કોલેજ હતી અને ૬૨૫ સીટ હતી એ આજે વધીને ૪૮ કોલેજ થઈ અને ૪૧૪૫ સીટો થઈ. Diploma Civil Engineering ૧૯૯૬માં ૨૭ હતી એની આજે ૫૬ કોલેજો થઈ અને ૨૨૩૫૦ સીટો થઈ. ડિપ્લોમા ફાર્મસીની ૯ કોલેજો હતી ૫૭૦ સીટો હતી આજે ૯માંથી ૨૦ વધીને ૧૨૩૦ સીટો થઈ. સાહેબ, આ કુલ મળીને ૩૫-૪૦ વર્ષમાં જે કામ નથી થયું એ છેલ્લા સાત-આઠ વર્ષની અંદર સ્વનિર્ભર ધોરણે એનો કન્સેપ્ટ લાવવા માટે તમારે ત્યાં બાકીના કોંગ્રેસ શાસિત રાજયોની અંદર ૨૦-૨૦ વર્ષથી આ કન્સેપ્ટ હતો. એનો અમલ થતો અને એનો દુરુપયોગ ત્યાંના સંચાલકો અહીંયા દલાલી કરવા માટે, અહીંયાં માણસો મોકલીને આજે પણ કરે છે અને ૨૦-૨૦ વર્ષથી અહીંયાથી ત્યાં માણસો જાય એના માટે અહીંયા દુકાનો ખોલે છે, આજે પણ છે. એ બધું બંધ કરવા માટે છેલ્લા દસ વર્ષથી આ રાજય સરકારે સ્વનિર્ભર ધોરણે કૉલેજો ડિગ્રી એન્જીનીયરીંગ, ડિપ્લોમા એન્જીનીયરીંગ, એમ.સી.એ. એમ.બી.એ. ફાર્મસીની કરી અને યુનિવર્સિટીઓ પણ કરી. ખાનગી યુનિવર્સિટીઓ પણ કરી અને સૌરાષ્ટ્રમાં કચ્છમાં તમે વર્ષો સુધી યુનિવર્સિટી આપી ન હતી અમે કચ્છને પણ યુનિવર્સિટી આપી દીધી. માનનીય બાબુભાઈ છે નહીં હું એમને

કહેવા માગતો હતો. (અંતરાય) હું સભ્યોના નામ જ નથી બોલતો, નામ વગર ચર્ચા કરું છું. મારો કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે શિક્ષણના સંદર્ભમાં ૪૦ વર્ષ સુધી એ મિત્રો શાસનમાં બેઠા હતા ત્યારે એમણે બેદરકારી રાખી એના પરિણામે ગુજરાતના મેં કહ્યું તેમ એક નર્મદા યોજના કરતા વધારે પૈસા ગયા. આજે દસ-દસ વર્ષમાં લોકો અહીંયા ભણવા આવે, છેલ્લા ત્રણ વર્ષની માહિતી પૂછો તો ડિગ્રી એન્જીનીયરીંગની સીટો એ ફરીવાર સંસ્થાને આપી દેવી પડે છે, એ ખાલી રહે છે. આ છેલ્લા દસ વર્ષના અનુભવનું તમે પરિણામ જુઓ આપણે ત્યાં જે કન્સેપ્ટ વિકસાવ્યો છે એના કારણે ડિગ્રી એન્જીનીયરીંગથી માંડીને ટૅક્નીકલ એજયુકશેનની અંદર અનેક જગ્યાએ સીટો ખાલી રહે છે. સાહેબ, એક વાત એ કે સંસ્થાઓ ઊભી કરવી પડે એની સાથે હું સંમત છું કે એનું નિયમન થાય. પણ નિયમન કરવા માટે સંસ્થાઓ તો જોઈએને? તમે સંસ્થાઓ જ ઉભી નહોતી કરી અમે સંસ્થાઓ ઉભી કરી છે એના નિયમન માટેના આ કાયદા ઘડીએ છીએ અને એના માટે રાજય સરકાર આ બિલ લઈને આવી છે એમાં જે સુધારો છે એ સુધારા સાથે આ બિલને સર્વાનુમતે પાસ આ સભાગૃહ કરે એવી મારી વિનંતી છે.

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે બિલ લઈને આવ્યો છું એમાં મેં કહ્યું એ પ્રમાણે અગાઉ આ વિધાનસભા ગૃહે પારિત કરેલું છે. માનનીય રાજયપાલશ્રીએ જે ભલામણ કરી છે એ એક શબ્દ પૂરતી મર્યાદિત હોવાના કારણે માનનીય રાજયપાલશ્રીની સલાહ મુજબ એ શબ્દમાં ફેરફાર કરીને ફરીથી આ બિલ લાવ્યા છીએ. એટલે આ બિલમાં મને લાગે છે કે, વધારે કાંઈ સમજણ આપવાની જરૂરિયાત નથી. આ અગાઉ માનનીય શ્રી જયનારાયણભાઈએ સારી ભાવનાથી ભૂતકાળમાં પણ કોઈ નવા શબ્દો આવન-જાવન વાળા હોય તેમના ધ્યાનમાં હોય એટલા માટે સારા ભાવથી એમણે વાત કરેલી પરંતુ એટલું બધું આમાં કહેવાની જરૂર નથી. અને વિરોધ પક્ષના નેતાશ્રીને મારે માત્ર એટલું જ કહેવાનું કે, તમે જ્યારે બોલો ત્યારે હું હતો ત્યારે આવું કરતો હતો, હું કરતો હતો ત્યારે આવું હતું બધા વિભાગમાં એમણે કામ કર્યું છે અને સારી કામગીરી કરી હશે એ બધું સ્વીકારીએ પણ એ બધું સારું કર્યા છતાંય ૧૯૯૦ થી ૨૦૦૭ સુધીમાં મેળ પડ્યો નથી અને હજુ પડવાની કોઈ સંભાવના નથી. એટલે મહેરબાની કરીને આ મંત્રીશ્રીઓને અને બાકીના બધાને સલાહ આપવાનું બંધ કરો તો સારું.

બીજી મારી વિનંતી વિરોધ પક્ષના નેતાશ્રીને એક મિત્ર ભાવે એ છે કે તમે એકલા જ શા માટે બીજા ઘણા બધા મિત્રો છે એમને થોડા તૈયાર થવા દો, કરવા દો. બીજા બધા વિદ્વાન મિત્રો છે, જગદીશભાઈ જેવા અનેક છે. (અંતરાય) મિત્રભાવે તો કહી શકાય કે એમણે એકલા જ બોલવું એવું નથી.. એટલે મારું ફકત એટલું જ કહેવાનું કે, બિલ સ્વયંસ્પષ્ટ છે એ વિશે લાબું વધારે કશું કહેવાની જરૂર નથી. બધા સભ્યશ્રીઓ સર્વાનુમતે એ મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક:૧૫નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ ઉપરનો સુધારો**

**અધ્યક્ષશ્રી** : કલમ-૨ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય સભ્ય ડો. અનિલભાઈ જોષીયારા તેમનો સુધારો રજૂ કરે.

**ડો. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો કલમ-૨ ઉપરનો સુધારો રજૂ કરું છું.

૨. In clause ૨-

(i) in sub-clause (g), in paragraph (ii), for the words "seventy-five per cent
seats" substitute the words "eighty-three per cent seats"

(ii) in sub-clause (h), for the words "twenty-five per cent seats" substitute the words "seventeen per cent seats".

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**ડો. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ત્રણેક વર્ષથી સ્વૈચ્છિક સંસ્થાઓ, જે ખાનગી સંસ્થાઓ વધવાના લીધે અને કાયદામાં જોગવાઈ ન હોવાના કારણે એડમીનશનમાં ખૂબ મુશ્કેલી પડી અને આ બાબતને લઈને હું હાલના મંત્રીશ્રીને પણ મળ્યો છું. ઘણા બધા ડેલીગેટો સાથે એમને મળવાનું થયું અને એ ખૂબ પૉઝિટીવ હતા એ બાબતે અને જ્યારે એ એવા સમાજમાંથી આવે છે, ગરીબ સમાજનો અવાજ એ સમજે છે, ત્યારે હું એમની પાસેથી એવી અપેક્ષા રાખું છું કે જે લોકોની આર્થિક પરિસ્થિતિ સારી નથી અને છતાં એમના ટકા સારા છે પણ પેલી ૭૫ સીટ પર નથી આવી શકતા એવા માણસો માટે રાજય સરકાર આ જે સીટો છે એ સીટો ૭૫ માંથી ૮૩ કરે એટલે ૮ ટકા સીટો જે વધશે અને એ ૮ ટકા સીટની જે ફી છે એ જે આ સંસ્થાઓને મળવાની હતી એ સંસ્થાઓને કાં તો આ રાજય સરકાર સરભર કરી આપે અથવા તો ગમે તે રીતે પણ આ જે વિદ્યાર્થીઓ છે એને શિક્ષણ મળે, ઉચ્ચ શિક્ષણ મળે, મેં હમણાં કહ્યું તેમ માત્ર પૈસાના જોરે જે ધનવાન માણસોને જો એ શિક્ષણ

મળે તો એ ચલાવી ન લેવાય એટલા માટે આ મારો સુધારો છે અને સાથે સાથે બીજો મારો સુધારો એ છે કે જે ૨૫ ટકા સીટ જે સંચાલક મંડળો માટે છે એમાં ૧૫ ટકા સીટ એન.આર.આઈ. માટે છે એન.આર.આઈ. માં પણ જે એમના બાળકો, એમના વાલીઓ અને એના સિવાયના પણ એના જે આશ્રિતો છે, એ આશ્રિતો માટેની જે સીટો છે એ માટે પણ મારી વિનંતી છે કે, આના લીધે ઘણા ધનવાન માણસો કેલીબર એનું ન હોવા છતાં પણ એ પૈસાના જોરે એડમિશન લઈ લેશે એના કરતાં આ સીટમાં થોડોક ઘટાડો કરવામાં આવે અને પછાત વર્ગોમાંથી જે ભાઈ-બહેનો આવે છે, નબળા વર્ગના છે, જેમની આર્થિક સ્થિતિ સારી નથી એમના માટે આ સીટ થોડીક રિઝર્વ કરવામાં આવે અથવા એમને આ સીટો આપવામાં આવે તો મને એમ લાગે છે કે અહીંયાના જ માણસો જ્યારે શિક્ષણની ચિંતા ઘણી વખત ગૃહમાં પણ બહુ બધા સભ્યો કરતા હોય છે એ આપણા અહીંયા જ છોકરાઓને આ એડમિશન મળી શકે એટલો મારો સુધારો છે.

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે આ સ્વયં સ્પષ્ટ બિલ છે, અગાઉ પણ વિરોધપક્ષના નેતાશ્રીએ આ બિલ જ્યારે હતું ત્યારે એમના કહેલા શબ્દો મારે વાંચવા છે કે, "મારા સાથી મિત્રોને એમના તરફથી કોઈ બોલવાનું નથી, કોઈએ રજૂઆતો કરવાની નથી, બધાય નક્કી કરીને આવ્યા છે કે, આ બિલ સરકારે મૂક્યું છે તેમાં કોઈ કન્સીડર કે કોઈએ માઈન્ડ એપ્લાય કરવાનું નથી." આ બિલ વખતે જે તે વખતના વિરોધપક્ષ નેતાશ્રી આવું બોલેલા. એ વખતે જોષીયારાજીએ પણ પોતાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, ગૃહમાં હાજર હોવા છતાં પણ એમણે એ વખતે એ પ્રસ્તાવ રજૂ કર્યો નહોતો. આજે ફરીથી માત્ર એમાં જ્યારે સુધારો આવ્યો છે ત્યારે..આજે ફરીથી તેમાં સુધારો આવ્યો છે ત્યારે

**અધ્યક્ષશ્રી** : આજે રજૂ થયું છે તેની ઉપર આપનું મંતવ્ય શું છે તે કહોને. ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, તે હવે ચાલુ થાયને. એક વખત તમે ગૃહમાં હાજર હો અને તમે સુધારો રજૂ કરો અને તમે સુધારો રજૂ ના કરો અને જ્યારે આ વખતે કર્યુ છે ત્યારે તેમની લાગણી અને તેમના હાર્દ સાથે રાજય સરકાર સહમત છે. અગાઉ માનનીય જયનારાયણભાઈએ કહયું તે પ્રમાણે આ સેલ્ફ ફાયનાન્સમાં રિઝર્વેશન આ ઘટનાના કારણે આવે છે. અત્યાર સુધીમાં જે રિઝર્વેશનની પ્રક્રિયા નહોતી તે જે રાજયોમાં સૌથી વધારે છે તે ૭૫ ટકા શીટ રાખીને તેમાં રિઝર્વેશન મળવાનું છે અને તેથી આગળ વધીને રાજય સરકારની વાત કરું તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ થકી આ સેલ્ફ ફાયનાન્સમાં જે વિદ્યાર્થીઓ એડમિશન મેળવે છે, જેની વાર્ષિક આવક એક લાખ રૂપિયા હોય તે એક લાખ રૂપિયા રાજય સરકાર આપે છે. આ વધારાની વાત તેમના ધ્યાન ઉપર મૂકું છું. આટલું સારું બિલ રિઝર્વેશન સાથે ગરીબ વિદ્યાર્થીઓની સાથે હોવાના કારણે તેમનો સુધારો પરત ખેંચવા માટે વિનંતી કરું છું.

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો સુધારો પાછો ખેંચવાની સભાગૃહ અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી :** સુધારો પાછો ખેંચવામાં આવે છે.

**કલમ ૨ ઉપરનો સુધારો**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો રજૂ કરું છું.

In Clause ૨ (ii), in sub-clause (h), for the words "including a deemed University declared as such under section ૩ of the University Grants Commission Act, ૧૯૫૬" substitute the words, "made by the Legislature of the State"

**સુધારો રજૂ કરવામાં આવ્યો**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રી જે સુધારો લઈને આવ્યા છે હું માનું છું કે જો તેનો પૂરતી રીતે અમલ કરવો હોય તો આ બિલને પણ અમે સમર્થન કરીએ. આ હું જે રીતે સમજ્યો છું તે પ્રમાણે બીજા નિયમોથી નિયંત્રિત થઈ શકે તેમ છે. જે રાજય સરકારે ઉભી કરેલી અને ડિમ્ડ યુનિવર્સિટી આ બન્નેને આપણે બાકાત કરીએ આમાંથી અને પછી જો આ પરિસ્થિતિ કરીએ અને આ યુનિવર્સિટીઓ ઉપર અંકુશમાં રાખવા માટે, તેને નિયંત્રિત કરવા માટે બીજા રસ્તાઓ છે જેનાથી તે નિયંત્રિત થઈ શકે. જો માનનીય મંત્રીશ્રી આ સુધારામાં ડિમ્ડ યુનિવર્સિટી અને રાજય સરકારે કાયદાથી બનાવેલી યુનિવર્સિટીઓ આનો સમાવેશ કરવા માગે તો પૂર્ણ રીતે આનો ઉપયોગ થઈ શકે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીનો સુધારો સ્વીકારી શકાય તેમ નથી પરંતુ આ તેમનું સૂચન છે. ભવિષ્યમાં આ અંગે જરૂર વિચાર થઈ શકે અને શિક્ષણ જગત માટે જે કંઈ કરવાનું થતું હશે તે રાજય સરકાર વિચાર કરશે. માનનીય મુખ્ય દંડકશ્રીએ જે સુધારો રજૂ કર્યો છે તેને સ્વીકારું છું.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૩ થી ૮ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૯ ઉપરનો સુધારો**

**શ્રી અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ ૯ ઉપરનો મારો નીચે મુજબનો સુધારો ક્રમાંક ૩ રજૂ કરું છું.

**In clause ૯, in sub-clause (૧), after paragraph (v), add the** following paragraph, namely:-

"(vi) one member representing the students and one member representing the parents of the students to be nominated by the State Government."

**સુધારા ક્રમાંક ૩ રજૂ કરવામાં આવ્યો.**

**ડો. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારો મેં એટલા માટે રજૂ કર્યો છે કે ગઈ વખતે અને એના આગલા વખતે બન્ને વર્ષમાં જે ગુજકેટની પરીક્ષા થઈ અને એ પરીક્ષામાં વાલીઓને એક કોલેજમાંથી બીજી કોલેજમાં જવામાં ઘણીબધી હેરાનગતિ થઈ અને વિદ્યાર્થીઓને પણ ખૂબ જ હેરાન થવું પડયું. જેથી આ કમિટી જે ફી નકકી કરવાની છે ત્યારે કમિટીના આ સભ્ય હોવા જરૂરી છે અને ખાસ એની સાથે સાથે જે ટેકનિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા જેને એના પ્રાધ્યાપક કે આટલા નોર્મ્સ મુજબ પ્રાધ્યાપકો હોવા જોઈએ એ છે કે કેમ એ જાવાનું હોય છે કારણ કે ઘણીબધી સંસ્થાઓ છે કે જેમાં પૂરતી અધ્યાપકોની સંખ્યા ન હોવા છતાં પણ વધારે ફી નકકી કરે છે ત્યારે આવી કમિટીની ટીમમાં આ સભ્યશ્રીઓ હોવા જોઈએ અને સાથે સાથે સાથે મેં હમણાં બીજી વાત કરી તેમ જે પછાતવર્ગના વિદ્યાર્થીઓ છે એમના માટેની ફી જે ગુજરાત સરકાર ભરે એવી પણ મારી સાથોસાથ નમ્ર વિનંતી છે અને સ્કોલરશીપ પણ તેમને મળવી જોઈએ તેવી પણ વિનંતી છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ફી નિયમન સમિતિમાં અગાઉ પણ વાતો થઈ છે. આ સમિતિના અધ્યક્ષ એ નિવૃત્ત ન્યાયાધીશ હોય છે, બીજા એના સભ્ય એ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ હોય છે, ત્રીજા રાજયના તાંત્રિક શિક્ષણ કમિશનરશ્રી એના સભ્ય સચિવ તરીકે ગણાશે, ચોથા પ્રાતિનિધિ આવી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા હોય એવા એક વ્યકિતને રાજય સમિતિના સભ્ય નીમશે અને પાંચમા સભ્ય તરીકે રાજય સરકાર એક ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂક કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમિતિના સભ્યો એ લેવલના હોય છે કે એની અંદર કોઈ શંકા કરવાનું કારણ જ રહેતું નથી અને એટલા માટે મારી માનનનીય સભ્યશ્રી અનિલભાઈ જોષીયારાને વિનંતી છે કે આ સ્વયં સ્પષ્ટ અને ચાલુ સમિતિ હોવાને કારણે એમનો સુધારો પાછો ખેંચી લે.

**ડો. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચવાની સભાગૃહની અમુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ડો. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચું છું.

**અધ્યક્ષશ્રી:** સુધારો પાછો ખેંચવામાં આવે છે.

**કલમ ૯ વિધેયકનો ભાગ બની.**

**કલમ ૧૦ થી ૨૧, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭ નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૦૭ નું ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાંચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી:** સન ૨૦૦૭ ના વિધેયક ક્રમાંક-૭ નું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાંચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૩

# ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ)(સુધારા) વિધેયક, ૨૦૦૮

**ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૦૮નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ)(સુધારા) વિધેયક હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૦૮નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત વિધાનસભાના સભ્ય ગેરલાયકાત નિવારણ વિધેયકની અંદર હું થોડાક સુધારા લઈને આ સુધારા વિધેયક સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ૧૯૬૦ના આ કાયદાની અંદર જે અનુસૂચિની એન્ટ્રી-૨૪ છે એમાં સરકારી મુખ્ય દંડકનો સમાવેશ થયો છે. તેની સાથે સાથે નાયબ સરકારી મુખ્ય દંડક અને સરકારી દંડક, આ બે પદ પણ ઉમેરવા માટેની દરખાસ્ત છે. દેશના અનેક રાજયોમાં આ રીતની વ્યવસ્થા છે અને તેના કારણે સત્તાધારી પક્ષના વિધાનસભાના કામકાજ છે તે સુચારૂ રૂપથી કરવા માટે ઘણી મદદ પણ મળે છે. તો આ સુધારો સભાગૃહના સર્વે સભ્યો સ્વીકારે તેના માટે આ સભાગૃહ સમક્ષ આ વિધેયક રજૂ કરું છું. મંત્રી, રાજય કક્ષાના મંત્રી, અથવા નાયબ મંત્રી, હોદાની રૂએ કોઈ હોદો સ્વીકારે તો તેને ગેરલાયકાતનું નિવારણ કરવા માટે નવી એન્ટ્રી-૧-એ દાખલ કરવાનું આમાં સૂચવ્યું છે. થોડાક સમય પહેલા ખૂબ નજીકના ભૂતકાળમાં એક મોટો વિવાદ દેશની અંદર સર્જાયો હતો, અનેક હોદા, જે હોદાની રૂએ ચૂંટાયેલા સભ્યશ્રીઓ સંભાળતા હતા તેની સામે અનેક પ્રશ્નો ઉઠયા હતા, અને એક સંવિધાનીક સંકટ કહી શકાય તેવું સંકટ નિર્માણ થયું હતું. અને દેશની પાર્લામેન્ટે પણ આ પ્રકારનો સુધારો કર્યો છે. તે સુધારો આપણે આજે આપણા રાજયના ધારાસભ્યો માટે લઈને આવ્યા છીએ. અને હું આશા રાખું છું કે સર્વે સભ્યશ્રીઓ આ સુધારાને પણ સ્વીકારશે. માનનીય અધ્યક્ષશ્રી, હાલના કાયદાની અનુસૂચિમાં એન્ટ્રી ૧૧ હેઠળની જે જોગવાઈ છે તેમાં વૈધાનિક બોડીના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે ડિરેકટર તરીકે નિમણૂક થાય તો ગેરલાયકાત નિવારણ માટેની પણ આમાં દરખાસ્ત છે. હું માનું છું કે આ બધી દરખાસ્ત કયાંક ને કયાંક કોઈક ને કોઈક રીતે રાજયના વહીવટને સૂચારુ રૂપે ચલાવવા માટે કરવામાં આવી છે અને બધા સભ્યશ્રીઓ આનો સ્વીકાર કરે તેવી વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એ થોડુંક સકારાત્મક રીતે લઈને આવ્યા હોત, માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશના દંડકશ્રીઓની કોન્ફરન્સ મળી, અને ચીફ વ્હીપની એ કોન્ફરન્સમાં પાસ થયેલા રીઝોલ્યુલેશન, એ રીઝોલ્યુલેશનમાં એવું કે વિરોધપક્ષના મુખ્ય દંડકને રાજયકક્ષાના મિનિસ્ટરનું સ્ટેટસ આપવું એ કરવાનું આ સરકારને સૂઝતું નથી એની વાત લઈને આવતા નથી. માનનીય ઉપાધ્યક્ષનો હોદ્દો વિરોધપક્ષને આપવાનો હોય એ આપણી વરસોની પરંપરા છે એ આપવાનું સૂઝતું નથી. જે પરિસ્થિતિ ગુજરાતમાં નિર્માણ થઈ હતી, જે પરિસ્થિતિ ગુજરાતમાં હતી વિરોધપક્ષના નેતાને કૅબિનૅટ મિનિસ્ટરની રૅન્ક દસ ટકાની સભ્ય સંખ્યા હોય તો મળે. ૧૮૨ માંથી ૧૮ સભ્યો થાય તો કૅબિનૅટ મિનિસ્ટરનું સ્ટેટસ જતું રહે. ૧૯૮૦માં વિરોધપક્ષમાં ૨૨ સભ્યશ્રીઓ હતા તે વખતે કૅબિનૅટ મિનિસ્ટરનું સ્ટેટસ હતું. ૧૯૮૨માં એમાંથી ચાર સભ્યશ્રીઓ જતા રહ્યા અને ફક્ત ૧૮ સભ્યો જ રહ્યા. જે તે વખતે કોંગ્રેસ સત્તા ઉપર હતી, કંઈ કરવાનુ નહોતું નિયમો હતા જોગવાઈ હતી તેથી ઓટોમેટીક કૅબિનૅટ મિનિસ્ટરનું સ્ટેટસ જતું રહે. એ વખતના સત્તાધારી પક્ષની ઉદારતા જોઈએ એ ૧૮ સભ્યો થયા ત્યારે વિરોધપક્ષના નેતાને કૅબિનૅટ મિનિસ્ટરનું સ્ટેટસ ન રહે તેથી સરકારે સ્પેશ્યલ રેજલ્યુએશન પાસ કર્યુ. ખાસ કિસ્સા તરીકે ૧૮ સભ્યો થયા તો પણ રહ્યા. વિરોધપક્ષનું વર્ચસ્વ રહેવું જોઈએ, વિરોધપક્ષનો પ્રતિભાવ રહેવો જોઈએ એનો અવાજ પણ રહેવો જોઈએ. બહુમતીના જોરે એને દબાવવાનો પ્રયત્ન ન થાય. સ્પેશ્યલ સ્ટેટસ ન મળે તેમ છતાં કૅબિનૅટ કક્ષાની રૅન્ક ૧૯૮૨ થી ૧૯૮૫ ચાલુ રાખી. આ પરંપરા હતી. (અંતરાય) કેવી ઉચ્ચ પ્રણાલિકાઓ હતી? વિરોધપક્ષના નેતા એ આ પક્ષે કે સામે પક્ષે ગૃહના નેતાની ઉદારતાના દાખલા જરૂરી છે એટલા માટે હું આપુ છું. હું ઇચ્છુ કે આ પરંપરા આવે મારા પક્ષે ચૂક થતી હોય તો એ રસ્તે ચાલવા માગું છું. આ દાદા માવલંકરની પરંપરાવાળુ ગુજરાત છે. આ દેશની અંદર પાર્લામેન્ટરી પ્રોસિજરમાં નામ લેવાતું હોય તેવું આ ગુજરાત છે. એટલા માટે આ વાત કરવા માગું છું કે એક દિવસ ૨૪ કલાક ઉપર એક કલાક થઈ ગયો. મુખ્યમંત્રીશ્રી તરીકે માનનીય માધવસિંહભાઈ સોલંકી હતા. જે તે વખતે વિરોધપક્ષના નેતાશ્રીએ મને કહેલી આ વાત છે. આ ગૃહના કોઈપણ સભ્યશ્રી ઇચ્છે તો કહેશે. એમના બંગલાના એલોટમેન્ટની

* *વિધેયક ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ફાઇલ સી.એમ. ઑફિસમાં રહી ગઈ. ફાઇલ નહોતી આવી જે તે વખતે સેક્રેટરીએ કહ્યું કે સાહેબ થોડીક ભૂલ થઈ ગઈ છે. સચિવાલય બંધ થઈ ગયું છે મુખ્યમંત્રીશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રીને ફોન કર્યો કે ૨૪ કલાક પૂરા થઈ ગયા છે. આપને બંગલો આજે મળવો જોઈએ એ નથી મળ્યો પણ એના માટે થઈને આજે તમારે મારે ઘેર જમવા આવવું પડશે હું તમને મારી ગાડી લઈને લેવા આવીશ. વિરોધપક્ષના નેતાને મુખ્યમંત્રીશ્રીએ ઘેર જમાડ્યા. શા માટે? સત્તા તો આવે અને જાય. કહેતા હતા ઈન્ડિયા સાઈનીંગ, ફીલગુડ, યાવતચંદ્રો દિવાકરો, અમે રહીશું પણ સત્તા તો ગઈ અને અહીંથી તમે પણ જવાના. કોઈ વસ્તુ યાવતચંદ્રો દિવાકરો હોતી નથી. ૧૨-૧૫-૧૭ વર્ષ થયા અને હું કૂદકા મારુ. અમે તો ૪૦ વર્ષ સુધી ભોગવ્યું એ શું ભૂલી જવ? આનો અર્થ એવો કે ૪૦ વર્ષ સુધી કોઈ દેશમાં આપણા પહેલાની પેઢી આપના પક્ષની પેઢી નબળી ગઈ ગઈ હતી જેથી બે જ સંસદસભ્યશ્રીઓ સંસદમાં પહોંચ્યા. આપણી માનસિકતા નબળી થઈ ગઈ હતી. આપણી પહેલાંની પેઢી સમજણ વગરની હતી. મહાભારતમાં કહ્યું છે કે -

સમય સમય બલવાન, નહીં પુરુષ બલવાન.
કાબે અર્જુન લૂંટીયો વોહી ધનુષ વોહી બાન.

હું બિલ ઉપર પાછો આવું. જે પરિસ્થિતિની માનનીય મંત્રીશ્રી ચિંતા કરે છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતામાં જે એમણે (અંતરાય) સંસદીય બાબતોના મંત્રી ખોટી બત્તી પકડાવે છે રહેવા દો.

**અધ્યક્ષશ્રી** : એમણે પોતે કહ્યું કે હું બિલ ઉપર આવું છું. શ્રી દિલીપભાઈ, ચર્ચા ચાલવા દો. બે કલાકની બીજી ચર્ચા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મંત્રીશ્રી, રાજય મંત્રીશ્રી અથવા નાયબ મંત્રીશ્રીનો હોદ્દો ધરાવતા હોય એવા હોદ્દાની રૂએ તેમના નામથી હોય તેવો કોઈ પણ હોદ્દો, જે constitutional provision ઉભી થઈ છે મંત્રીશ્રીઓ માટે. મારી પાસે Constitution of India with commentary, authentic book પ્રો. એમ.પી. સિંગની છે. જે explanation amendment થી આવ્યું છે એ explanation itself is very clear. - For the purpose of this clause, a person shall not be deemed to hold an office of profit under the Government of India or the Government of any State specified in the first schedule by the reason only that he is a minister either for the Union or for such State. - પછી આ? પરંતુ એક નવી, હું માનું છું ત્યાં સુધી between the lines, માનનીય મંત્રીશ્રી સંસદીય બાબતોના મંત્રીશ્રી છે. ઘણી વખત જવાબદારીઓ છે તે માણસને ઘણાં નિયંત્રણમાં મૂકતી હોય છે. ઘણાં સરળ બનાવે, ઘણાં વિવેકી બનાવે. આંબા ઉપર કેરી આવે, આંબો નીચે નમે. એમ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી છે એટલે વિવેકપૂર્વક કેટલીક વાતો ગૃહ પાસે રાખશે. એવી હું અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબતો તરફ ધ્યાન દોરવા માગું છું. અહીં આપને શું વાંધો હતો આપ લઈ આવ્યા હોત વિરોધપક્ષના દંડકની વાત, ઉપાધ્યક્ષની વાત, વિરોધપક્ષના નેતાની વાત. માત્ર સંકુચિત વર્તુળમાં સરકાર ન વિચારી શકે. ગામડાંઓમાં તો સરકાર માઈ-બાપ એવા શબ્દો આજે પણ વપરાય છે. એ ભાવના તૂટે નહીં એ માટેની માનનીય મંત્રીશ્રી વાત કરે અને આ વાતો લાવે. માનનીય અધ્યક્ષશ્રી, જરૂર તેમાં પૉઝિટીવ રહેવાની અમારી તૈયારી છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહજીએ બિલ ઉપર થોડું ઓછું કહ્યું અને પરંપરા ઉપર વધારે કહ્યું. બિલનો પણ જવાબ આપું અને હું પરંપરાઓની વાત કરી તેનો પણ જવાબ આપું.

માનનીય અધ્યક્ષશ્રી, તેમની બાજુમાં ઉપાધ્યક્ષની ખુરશી ખાલી છે. જે પરંપરાનો તેમણે ઉલ્લેખ કર્યો, પરંતુ એ પરંપરા એમની પાર્ટીએ જ પાડેલી છે.અમારા સભ્યશ્રી ફકીરભાઈને જે તે વખતે મૂકવાના હતા. એ વખતે ચીમનભાઈએ સહમતિ નહોતી બતાવી ત્યારથી સતત એ ખુરશી ખાલી રહી ગઈ અને આ પરંપરા પાડવાનો દોષ જો કોઈ પાર્ટી ઉપર હોય તો કોંગ્રેસ પાર્ટી ઉપર છે. શરૂઆત તેમણે કરી હતી. માનનીય વિરોધપક્ષના નેતા સંસદીય પરંપરાનું કાયમ ઉદાહરણ આપે છે. પરંતુ જ્યારે પાલન કરવાનું આવે ત્યારે તેમણે પાછા પગલાં અનેકવાર ભરેલા છે. આ ગૃહમાં જ્યારે આ ગૃહની શર્મનાકમાં શર્મનાક ઘટનાનો ઈતિહાસ લખાશે,(અંતરાય) જ્યારે આ ગૃહમાં આ સંસદીય વાતોનો શર્મનાક ઘટનાઓનો ઈતિહાસ લેખાશે ત્યારે આ ગૃહની અંદર સભ્યોએ માઈક તોડીને અધ્યક્ષ ઉપર ફેંક્યા હતા એ લખાશે અને તેની શરૂઆત કોણે કરી હતી એ બાબત મારે કંઈ નથી કહેવું. ખાલી રાતના અંધારામાં આત્માને ઢંઢોળીને યાદ કરે તો ખબર પડશે કે સંસદીય પ્રણાલિકાઓને તોડવાની શરૂઆત આ ગૃહમાં કોણે કરી હતી તો કદાચ સમગ્ર પાંચ વર્ષ સુધી કોઈ દિવસ પરંપરાનો ઉલ્લેખ કરવાનું તેમને યાદ નહીં આવે. જે પાર્ટીએ દેશમાં કટોકટી લાદી, જે પાર્ટીએ દેશના વિપક્ષના બધા સભ્યોને સાગમટે જેલમાં પૂરી દીધા, અખબારોની સ્વતંત્રતા હણી, અખબાર નવેશોને જેલમાં પૂર્યા એ પાર્ટીના નેતા સંસદીય પ્રણાલિકાઓની વાતો કરે અને આખું ગૃહ સાંભળે? શકિતસિંહજી, શબ્દોને રૂપાળી રીતે મૂકવાથી હકીકતો બદલાતી નથી. અમારી પાર્ટીનો સંસદીય પરંપરાઓનો ઇતિહાસ આપની પાર્ટી કરતાં અનેકગણો ઉજ્જવળ છે. માનનીય શકિતસિંહજીને કહેવા માગું છું કે, વારંવાર સંસદીય પ્રણાલિકાઓનો ઉલ્લેખ કરતી વખતે કોંગ્રેસ પાર્ટીના ૧૯૬૬થી ૨૦૦૭ સુધી શું શું કર્યું? એટલું કદાચ જોઈ જજો. એટલે કદાચ લાંબો ઉલ્લેખ નહીં કરે. આ સુધારો સંપૂર્ણપણે રાજયનો વહીવટ સુચારુ ચાલે એટલા માટે લઈને આવ્યો છું. અમારો તો ઇતિહાસ છે. અમે જમ્બો જેટ મંત્રીમંડળ નથી બનાવ્યા, ધારાસભ્યોને

બોર્ડ-નિગમોના હોદ્દાઓની લ્હાણી નથી કરી અમે તો સંયમ રાખ્યો છે. એટલે એના માટે કાયદાની જરૂર નથી. નાનામાં નાના મંત્રી મંડળો ભારતીય જનતા પાર્ટીએ બનાવ્યા છે અને સારી રીતે વહીવટ કરી બતાવ્યો છે. જેને લોક સ્વીકૃતિ પણ મળી છે અને એમનો ઉલ્લેખ કર્યો છે. ૧૮ સભ્યો નહોતા અને ૧૦ હોય તો પણ વિપક્ષના નેતાને કૅબિનૅટ મિનિસ્ટરનો હોદ્દો આપ્યો હતો. હું ખાતરી આપું છું કે, અમારા પક્ષની સરકાર હશે અને એમના ૧૦ સભ્યો હશે તો ચોક્કસ વિપક્ષનો હોદ્દો અમે આપીશું. એ હોદ્દાની ચિંતા ન કરે. અમે ચોક્કસ વિપક્ષના હોદ્દાને રિઝર્વ રાખીશું. આ ગૃહ મારી વાતને સ્વીકારે અને એનું સમર્થન કરે એવી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત અ. શાહ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો)** :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક- ૩ સન ૨૦૦૮નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક- ૩ સન ૨૦૦૮નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક- ૩ સન ૨૦૦૮નું ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## બિન સરકારી વિધેયકો

### દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક

### ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મુકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮

**અંતિમ માંદગીથી પીડાતા દર્દીઓને જજીવન-રક્ષક સારવાર આપવાનું બંધ કરતા ફિઝિશિયનો અને સર્જનોને દિવાની અને ફોજદારી જવાબદારીમાંથી મુકિત માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું ગુજરાત ફિઝિશિયન અને સર્જન (દીવાની અને ફોજસદારી જવાબદારીમાંથી મુકિત આપવા બાબત) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત ફિઝિશિયન અને સર્જન (દિવાની અને ફોજદારી જવાબદારીમાંથી મુકિત આપવા બાબત) વિધેયક હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

### સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક

### ગુજરાત કાળાજાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યસાયનું નિર્મલન કરવા બાબત વિધેયક, ૨૦૦૮

સમાજમાં અજ્ઞાનતાના કારણે ફૂલતા-ફાલતા અનિષ્ટ અને દુષ્ટ વ્યવસાયો અને રુઢિઓની સામે સામાન્ય લોકોને રક્ષણ આપવાના હેતુ સાથે સમાજમાં સામાજિક જાગૃતિ અને સભાનતા લાવવા અને સ્વસ્થ અને સૂરક્ષિત સામાજિક પર્યાવરણનું નિર્માણ કરવા અને ઉંટવૈધો અને લેભાગુઓ દ્વારા સમાજના સામાન્ય લોકોનું માનસિક અને શારીરિક અને નાણાકીય શોષણ કરવા અને હાનિ પહોંચાડવા અને તેમ કરીને સમાજના સામાજિક તંતુનો વિચ્છેદ કરવાના દૃષ્ટ ઉદ્દેશથી સામાન્ય રીતે કાળા જાદુ તરીકે જાણીતી કેટલીક દિવ્ય અથવા પરલૌકિક અને જાદુઈ શકિત અથવા પ્રેતાત્માના નામે પ્રચાર કરવા અને તેનું નિર્મૂલન કરવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ( જોગવાઈ કરવા બાબત ) વિધેયક

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજુ કરું છું કે, સન ૨૦૦૮નું ગુજરાત કાળાજાદુ અને અનિષ્ટ અને અધોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત કાળાજાદુ અને અનિષ્ટ અને અધોરીના વ્યવસાયનું નિર્મલન કરવા બાબત વિધેયકને દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :વિધેયક દાખલ કરવામાં આવે છે.**

# બિન સરકારી સંકલ્પો

## ગુજરાત રાજયની સ્થાપનાની સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી અંગે

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે "ગુજરાત રાજયની સ્થાપનાના સુવર્ણ જયંતિ પ્રસંગે, સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણીમાં ગુજરાતની સમગ્ર જનતાના સાથ અને સહકારથી બધા સુવર્ણ લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે સુદ્રઢ આયોજન કરવા આ સભાગૃહ રાજય સરાકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પની સાથે કવિ નર્મદને યાદ કરી તેના અમરકાવ્યની એક બે પંકિત આ ગૃહને યાદ કરાવી અને મારી શરૂઆત કરું છું.

**સભાપતિશ્રી ( દોલતરાય ના. દેસાઈ) અધ્યક્ષસ્થાને**

કવિ નર્મદ ગુજરાતનું ગૌરવ ગાનાર પ્રથમ કવિ હતા અને તેમણે ગુજરાતનો મહિમા ગાયો છે. જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત, દીપે અરુણું પ્રભાત, એમને ગુજરાતના પ્રભાતને સોનેરી પ્રભાત ગણાવ્યું છે. પંકિતમાં લખ્યું છે તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત , કેટલી બધી ગુજરાત માટેની પરિકલ્પનાઓ છે, જે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે. શુભ સુકન દિસે સારા સુકનના દિવસે, કવિએ લખ્યું છે કે મધ્યાહન શોભશે મધ્યાહન કયારેય શોભતો નથી પણ આ કવિની ગુજરાત માટેની કલ્પનાની વાત છે કે આ ગુજરાત એવું બનશે કે ગુજરાતનો મધ્યાહન પણ શોભશે, વીતી ગઈ છે રાત, ગુજરાતની અંદરથી કાયમ માટેના અંધારા દુર થશે વીતી ગઈ છે રાત, એવું કવિનું કહેવાનું થાય, કાયમ માટે ગુજરાતની અંદર અજવાળા આવશે અને જનધુમે નર્મદા સાથ જય જય ગરવી ગુજરાત. રાજયની પ્રજા જનસમુદાય નર્મદાની સાથ ઘુમશે આવી પરિકલ્પના જેને વર્ષો પછી પણ આજે આપણે અનુભવી રહયા છીએ.આજે રાજ્યના મુખ્યમંત્રીએ પણ આ કવિતાને સિદ્ધ કરી બતાવી છે. મારે કહેવું છે કે કવી નર્મદે પણ જીવનની અંદર અનેક સંધર્ષો કર્યા હતા. કવિ નર્મદ અને આપણા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈની રાશિ પણ એક છે, એમનો સ્વભાવ પણ એક છે. કવિ નર્મદે પોતાનું લક્ષ સિદ્ધ કરવા માટે એક કાવ્ય લખ્યું હતું - ડગલું ભર્યુ કે ના હઠુ, ના હઠુ - કોઈ પણ લક્ષ સિદ્ધ કરવા માટે આ રાજ્યના મુખ્યમંત્રી પણ એક ડગલું પાછા નથી પડતા. મારે આપણો દેશ આઝાદ થયો ત્યારબાદ ભાષાવાર પ્રાન્તોની રચના થઈ. પ્રારંભમાં ગુજરાત અને મહારાષ્ટ્ર સંયુકત રાજ્ય, મુંબઈ રાજ્ય ગણાતું અને એ તરીકે ઓળખાતું. પરંતુ ભાષાવાર પ્રાન્તના આ સિદ્ધાંતને લઈને તે વખતે કેન્દ્રની કોંગ્રેસ સરકાર સામે લડતના મંડાણ થયા હતા. અનેક નવયુવાનોના બલિદાનો પછી પૂજ્ય રવિશંકર મહારાજના આશીર્વાદથી ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ અને ગુજરાત રાજ્ય ઈ.સ. ૨૦૧૦ ની અંદર ૫૦ વર્ષ પૂરા થાય છે. આ ૫૦માં વર્ષની સુવર્ણ જયંતી ઊજવવાનો સંકલ્પ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જ્યારે જ્યારે સંકલ્પો કર્યા, જ્યારે જ્યારે ઉત્સવો ઊજવ્યા ત્યારે એના પરિણામે જનકલ્યાણ હિતાર્થ આવ્યું છે, લોકોનું કલ્યાણ એમાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રીએ ઘણાં સંકલ્પો કર્યા છે અને નારા પણ આપ્યા છે. - આપણું ગુજરાત આગવું ગુજરાત, સંપન્ન ગુજરાત-સલામત ગુજરાત, નિર્મળ ગુજરાત- સમૃદ્ધ ગુજરાત, જીતેગા ગુજરાત-જીત ગયા ગુજરાત, અને મુકેશભાઈ છેલ્લે સ્વર્ણિમ ગુજરાત. આ સંકલ્પ લાવતા મને આનંદ થાય છે. આવડો મોટો ઉત્સવ, આવડો મોટો પ્રસંગ રાજ્ય માટે કોઈ સરકારનો પ્રસંગ નથી, કોઈ રાજકીય પક્ષનો પ્રસંગ નથી. આ ઊજવણી સમગ્ર ગુજરાતના લોકોનો પ્રસંગ છે. સમગ્ર નાનામાં નાનો આમઆદમી પણ પોતાનો પ્રસંગ માણે એના માટેનો આ પ્રસંગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાડા પાંચ કરોડની જનતા એ રાજ્યના મુખ્યમંત્રીનો પ્રાણ છે અને સર્વાંગી વિકાસ, સલામતી અને સમૃદ્ધિને પોતાનું ગૌરવ માને છે. કોઈપણ યોજનાનો લક્ષ સિદ્ધ કરવો હોય અને એ સિદ્ધ કરવા માટે સાધનો અને શકિતનો ઉપયોગ કરવાની એમનામાં અનોખી આવડત છે. લોકભાગીદારી અને સરકારી તંત્રની ગતિશીલતા યોજવાનું સફળતાપૂર્વક મોટું બળ બનીને ઊભરે અને વિશ્વની અંદર વસતા ગુજરાતીઓ આ ઉત્સવમાં જોડાવા માટે થનગની રહ્યાં છે એનો પણ અતિ આનંદ છે. સુવર્ણ જયંતીની વાત કરીએ તો રાજ્યના મુખ્યમંત્રીનું ૭૨ મહિનાનું શાસન જે સિદ્ધિઓ અને સફળતા આ ઉત્સવની પૂર્વભૂમિકા છે. કારણ કે ભાવિ વિકાસ અને એનો લક્ષ્યાંક એનું અનુસંધાન છે. આ ઉત્સવ માટે રાજ્ય સરકારે જે આયોજન કર્યુ છે. એક અલગ પ્રકારનું આખું વહીવટી માળખું આના માટે ઊભું કર્યુ છે. ગુજરાત રાજ્યની અંદર એના માટે આખું મહેકમ ઊભું કર્યુ છે. ૧૮

જેટલી જગ્યાઓ પણ ઊભી કરી છે, એમાં સિનિયર નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારી, સંયુકત સચિવ, કલેકટર, નાયબકલેકટર, સેકસન અધિકારી, માલમલતદાર, હિસાબી અધિકારી, સ્ટેનોગ્રાફર અનેક પૂરતું વહીવટી મહેકમ આ સરકારે મંજૂર કર્યુ છે. છેલ્લા વર્ષના આર્થિક વિકાસ દરની વાત કરીએ તો ગુજરાતનો ઊંચો દર સંતોષકારક રહ્યો છે. ૨૦૧૦ સુધી આ જાળવી રાખવામાં આવે અને નર્મદા યોજના પણ પૂરી થાય તો ઉદ્યોગક્ષેત્રે પાંચ લાખ કરોડનું મૂડીરોકાણ ૨૦૧૦ સુધીમાં મેળવી શકાય, સુવર્ણ લક્ષ્યાંક હાંસલ કરી શકાય તેમ છે. લોકોની આવકમાં વધારો થાય, રોજગારી વધે અને ગુજરાતમાંથી ગરીબી દૂર થાય એના માટે ગરીબી નિવારણ કાર્યક્રમ હાથ ધર્યો છે. ગરીબ પરિવારોની આવકમાં ૪૦ ટકા વધારો કરવાનો સંકલ્પ છે. ગુજરાતની અંદર આપણે સૌ જાણીએ છીએ કે હાલમાં છેલ્લા બે વર્ષથી સ્ત્રીભ્રૂણ હત્યા રોકવા બેટી બચાવો આંદોલન ચાલે છે. ગુજરાતની અંદર સ્ત્રી-પુરુષનો આંકનો તફાવત દૂર કરવા માટે એક અભિયાન ચાલે છે ત્યારે સંકલ્પ છે કે ૨૦૧૧ માં જ્યારે વસ્તી ગણતરી થવાની છે ત્યારે સ્ત્રી-પુરુષનો દર ૧૦૦૦ ની સામે ૯૭૦ સુધી લઈ જવા માટેનો સંકલ્પ છે.

શહેરી વિકાસની વાત કરું તો શહેરોમાં ૨૦૧૦ સુધીમાં સો ટકા ગટર વ્યવસ્થા થાય, સો ટકા પાણીની વ્યવસ્થા થાય, ઘરે ઘરે કચરો ઉઘરાવવા માટે સો ટકાનો લક્ષ્યાંક હાંસલ થાય. મહેસૂલની વાત કરું તો હકકપત્રક જે રજીસ્ટ્રેશન નોંધણી ૨૦૧૦ સુધીમાં ઑન લાઈન થાય, જે આમ લોકોને સુવિધા મળે અને ઈ-ગ્રામથી વિશ્વ ગ્રામની યોજના આપણી ગામડાઓ સુધી પહોંચે. ગ્રામ વિકાસની વાત કરું તો સો ટકા બી.પી.એલ. કુટુંબોને ઘર આપવાનો સંકલ્પ ૨૦૧૦ સુધીમાં. ૨૦૧૦ સુધીમાં સો ટકા નિશાળોના સેનિટેશન સંકુલો થાય, ગામોને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા થાય, ૭૫ ટકા ઘરોમાં પાઈપ લાઈન અને નળ કનૅક્શન મારફતે એને પાણી આપવામાં આવે. શિક્ષણની વાત કરું તો ૯૦ ટકા સાક્ષરતા હાંસલ કરવા માટેનો સંકલ્પ છે. સો ટકા પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ થાય અને શૂન્ય ટકા ડ્રોપ આઉટનો પણ લક્ષ્યાંક છે. ગુજરાત રાજયમાં ૨૦૧૦ની સુવર્ણ જયંતી ઉજવણીને ધ્યાને રાખીને સરકારે મોટા ભાગના વિભાગોમાં સુર્વણ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે એને સૂચવવાની કામગીરી ચાલી રહી છે. આ લોકો પાસેથી સૂચનો મેળવી અને વિગતવાર સરકાર એક કૅલૅન્ડર પણ તૈયાર કરવા માગે છે એવો પણ એક સંકલ્પ છે. રાજયના મુખ્ય મંત્રી આ કાર્યવાહક સમિતિના અધ્યક્ષ છે. એમના અધ્યક્ષપણા નીચે હમણાં ગઈ ૨૪-૭-૦૭ના રોજ એક મિટિંગ થઈ હતી અને એમાં અનેક મહત્ત્વના સૂચનો પણ થયા હતા આ ઉત્સવ અને ઉજવણી બાબતમાં, એમાં મહત્ત્વનું સૂચન હતું કે, ગુજરાતમાં ૨૦૧૦માં આ પ્રસંગને ધ્યાને રાખીને દરેક વિભાગોમાં પોતપોતાના ગોલ્ડન ગોલ્સ નક્કી કરે, આ વિભાગે ૨૦૧૦ સુધીમાં કેટલા કામો કરવા, કેટલો લક્ષ્યાંક હાંસલ કરવો એના માટેની વાત, એના માટેનું આયોજન, એના માટેનું સંલકન, એના માટેનું અમલીકરણ રાજયનો સામાન્ય વહીવટ વિભાગ કરવા માગે છે બીજા પણ કેટલાય અનેક એજન્ડાઓ તૈયાર કર્યા છે. વિશ્વ વ્યાપી ગુજરાતી જે વિશ્વના ખૂણે ખૂણે વસી રહ્યા છે એને આ પ્રસંગમાં જોડી શકાય એના માટે એકે એક ગુજરાતીની માહિતી લઈ એનો એક ગ્રંથ તૈયાર થાય જેથી કરીને ગુજરાતના ગુજરાતીઓ કયાં વસે છે એની પણ માહિતી બધાને મળી શકે. પંચાયતી રાજની વાત, પંચાયતી રાજ રાજયના વિકાસ માટે એક મહત્ત્વનું સાધન છે, પંચાયતી રાજના વિકાસ યાત્રાનો ગ્રંથ તૈયાર થાય. ગુજરાતના દેશી રજવાડાની વાત કરું તો ગુજરાતમાં દેશી રજવાડાઓનું મોટું યોગદાન છે અને દેશી રજવાડાઓના બલિદાનો અંગેનું પણ એક પુસ્તક બહાર પાડવાનો સંકલ્પ છે અને ગુજરાતમાં આ જે પ્રસંગ ઉજવવાનો છે એની એક વેબ સાઈટ તૈયાર કરી શકાય, જેનાથી સૂચનો પણ મંગાવી શકાય એ માટે વેબ સાઈડ પણ નવયુવાનોને આમાં પ્રેરવા માટે એમનો ઉત્સાહ વધારવા માટે નિરમા, ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ, ડી.ડી.આઈ.ટી. જેવી ટૅક્નીકલ કૉલેજોમાં હરિફાઈ કરી વેબ સાઈટ તૈયાર કરવાનો સંકલ્પ છે જેથી કરીને ઉત્કૃષ્ઠ વેબ સાઈટ તૈયાર થાય. ૧-૫-૨૦૧૦ સુધીમાં નર્મદા યોજના સંપૂર્ણપણે પૂરી કરવાનો અને દરેક ખેડૂતના ખેતરમાં પાણી પહોંચાડવાનો સંકલ્પ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૬ થી ૧૪ વર્ષનું બાળક ફરજિયાત શિક્ષણ મેળવે અને ૧૫ વર્ષ ઉપરની કોઈ વ્યકિત નિરક્ષર ના રહે એના માટે પણ એક સંકલ્પ છે. ૨૦૧૦ સુધીમાં જે બધી આપણી સરકારી ક્ચેરીઓ છે, ઑફિસો છે એ પેપર લેસ બનાવવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં અને ભૂતપૂર્વ ધારાસભ્યો હોય અને મુંબઈ રાજયનાં તે સમયના મહાનુભાવો અત્યારે હયાત હોય એની એક બૃહદ એસૅમ્બલી બોલાવવામાં આવે અને એમાં આવતી કાલના ગુજરાતની ચર્ચા થાય, આ ફોરમમાં રાજયની સ્થાપનાથી માંડી આજ દિન સુધીમાં રાજયના ભૂતપૂર્વ રાજયપાલશ્રીઓ, મુખ્ય મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવશ્રીઓ, પોલીસ મહાનિર્દેશકશ્રીઓ અને એની એડવાઈઝરી કમિટી તરીકે એની નિમણૂંક થાય આ પણ એક સંકલ્પ છે. દરેક જિલ્લામાં આ માટે એક કમિટી બનાવવામાં આવે, દરેક મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ કક્ષાએ પણ એક કમિટી બનાવવામાં જે પોતાના પચાસ કામો નક્કી કરે, પચાસ વર્ષના એનું સ્લોગન છે"૫૦ વર્ષ ૫૦ કામ" આના માટે જે ૫૦ કામ નકકી કરીએ, ગ્રામ કક્ષાએ જો ૫૦ કામ નકકી કરવામાં આવે તો હું માનું છું કે ગુજરાતના કોઈ ગામડાંના વિકાસમાં કમી ન રહે. આમ જનતાને આમ ગુજરાતને એક સોનેરી સ્વપ્નમાં લઈ જશે અને સોનેરી સ્વપ્ન સિદ્ધ કરવા માટે સહભાગી થવા બધાને આગ્રહ અને નિમંત્રણ છે. ગુજરાતના વિકાસની ગાથા તૈયાર કરવાનો સંકલ્પ, ગાંધીનગર એક કર્મચારી નગર તરીકે ઓળખાય છે એને પણ અલગ ઓળખ આપવાનો સંકલ્પ છે. સુવર્ણ જયંતિનું વાતાવરણ ઉભું કરવા, દરેક નાનામાં નાનો માણસ સામેલ થાય સુવર્ણ જયંતિ પોતાનો પ્રસંગ છે, આમ આદમી માટેનો પ્રસંગ બની રહે એના માટે સંકલ્પ લાવવાનો મારો પ્રયત્ન હતો માટે આ સંકલ્પ સિદ્ધ કરવા માટે હું સમગ્ર સભાગૃહને પાર્ટીથી પર

રહીને અને આપણા સૌનો પ્રસંગ સમજીને સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આપણે સૌ પ્રસંગનો પ્રસંગ છે રાજયના હિત માટે રાજય સરકારને અનુરોધ કરીએ કે આ પ્રસંગ સિદ્ધ થાય.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિદ્વાન માનનીય સભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે, એ સંકલ્પની ભાવનાની કદર કરું છું. એમના આ સંકલ્પમાં એમની વાતોને મારું સમર્થન આપું છું. એમણે જે ગુજરાતની કલ્પના કરી છે. ગુજરાતના ઉત્સવો સમગ્ર ગુજરાતીઓ માટેના ઉત્સવો બની રહે એ માટે એમણે જે સ્વપ્નો સેવ્યા છે એ સ્વપ્નને વંદન કરું છું. કવી નર્મદના ગુજરાતથી એમણે શરૂ કર્યું છે. એ વિશ્વ વિભૂતી જેની છબી નીચે આપણે બેઠા છીએ એ વિશ્વ વિભૂતીના આપણે સંતાનો છીએ. મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલના આપણે સંતાનો છીએ એ જ ભાવનાનો જયારે ઉત્સવ ઉજવાતો હોય ત્યારે આપણે ચોકકસ વિચાર કરી શકીએ કે સમગ્ર ગુજરાતમાં એક પણ ઘર દીવા વગરનું ન રહે એક પણ ગરીબ ઘરની દીકરી કે દીકરાને, વિદ્યાર્થીને પૈસાના અભાવે એને ભણતર છોડવું ન પડે એનો સંકલ્પ પણ આપણા ઉત્સવમાં આપણે કરીએ. જે ખેતર પિયત વગરના હતા અને જળસંપત્તિ નિગમ દ્વારા બોર કરીને નાના સીમાંત ખેડૂતોએ બોરની કલ્પના કરી ન હતી એને પિયત કરવાની સગવડતા આપી હતી એવું એક પણ ખેતર પિયત વગરનું ન રહે એવી કલ્પનાનું ગુજરાત બને તો આનંદ થાય. એક પણ બેરોજગાર યુવાન રખડતો, ભટકતો રોજગારી ન મળે ત્યારે નર્મદામાં કૂદકો ન મારે એની ચિંતા કરી, કયાંક કેરોસીન છાંટીને સળગી ન મરવું પડે એની ચિંતા કરી તમામ ગામોને પીવાના પાણી મળે. મારી એક પણ મા, બહેન, દીકરી ઓશિયાળી ન રહે એવી નારી શકિતને તાકાત આપવાનો સંકલ્પ આપણે આપણી ઉજવણીમાં કરીએ. જે જ્ઞાતિવાદ, જાતિવાદનો ભોરિંગ કાળો નાગ ફુલતોફાલતો જાય છે એને આપણે કયાંક કાબુમાં લઈએ એ પણ આપણો સંકલ્પ હોવો જોઈએ. જાતિ, ધર્મના ભેદ જે પડયા છે એને બદલે એક બીજાને ગળે મળીને જાતિ ભેદ અને ધર્મભેદ ભુલી ઉત્સવની ઉજવણી કરીએ. કાર્યક્રમ દ્વારા તો ઉત્સવ થયો છે પણ કેવા ગુજરાતની કલ્પના કરવી છે એ રાજકારણમાં મારી કયાંક મુશ્કેલી હોય, અજાણતા મારી પાસે કાંઈ મુશ્કેલી આવી ગઈ હોય, મારા ઘરમાં આફત આવી ગઈ હોય અને હું વજુભાઈના ખોળામાં માથુ મુકી શકું અને મારું રક્ષણ થઈ શકે એવા વિશ્વાસની ઉજવણી કરીએ. આજે વિશ્વાસ તૂટી ગયો છે. વિશ્વાસ ઘટતો ગયો છે. ખુલ્લેઆમ એકબીજાને વાત કરવી હોય તો પણ ચિંતા થાય છે મારી વાત કોઈ દિવસ બહાર આવી ગઈ તો મારું રાજકારણ પૂરું થશે. આ ચિંતાનો વિષય ગુજરાતમાં બની રહ્યો છે. એ વિશ્વાસને આપણે પુનઃ ઉઠાવીએ. પ્રસંગો બને છે. અમારા માનનીય પ્રો. મંગળદાસ સાહેબની હાજરીમાં ક્યાંક પ્રસંગોમાં જવાનું થાય, અમારા માનનીય વજુભાઈ વાળા સાહેબની સાથે પ્રસંગોમાં ક્યાંક જવાનું થાય, અમારા ફકિરભાઈ સાથે પ્રસંગોમાં ક્યાંક જવાનું થાય, ક્યાંક રમણલાલ વોરા સાથે પ્રસંગોમાં જવાનું થાય ત્યારે પ્રસંગની ગરીમા હોવી જોઈએ. ક્યાંક વિરોધ પક્ષના ધારાસભ્ય ટ્રેઝરી બૅન્ચના મંત્રીશ્રીને ઉંચકે, એના વખાણ કરે. મેં જોયું છે કે મંત્રીઓમાં પણ ક્યાંક ધારાસભ્ય જે વિસ્તારમાં જાય. યાદ કરું છું ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને. મારા મત વિસ્તારમાં આવે. યાદ કરું છું કે અમારા પ્રો. મંગળદાસ પટેલ સાહેબને મારા વિસ્તારમાં આવે ત્યારે પણ એ સ્પીચ આપીને એમ કહે કે તમારો ધારાસભ્ય જુસ્સાવાળો, તાકાતવાળો એમ કરીને તાકાતની શક્તિ આપે. આને વંદન કરવાના હોય. આ પરંપરા જે તૃટક તૃટક ચાલતી આવે છે. એનો સેતુ બાંધવો છે. આ પરંપરાઓ ક્યાંક તૂટતી જાય છે. આ પરંપરાઓને શકિત આપવાની ઉજવણી એ જ રીતે આપણે આપણો પ્રસંગ ઉજવવાનો છે. ૫-૧૫ ટકા શહેરોનો ઉત્સવ ન બનવો જોઈએ. સમગ્ર ગુજરાતના ગુજરાતીઓનો આ ઉત્સવ બનવો જોઈએ. ૯૦ વર્ષના વડીલથી માંડીને ૫ વર્ષનું બાળક એમ કહે કે મારા ગુજરાતના ઉત્સવની ઉજવણી થઈ રહી છે. આ ભાસ કરાવવા માટે પ્રસંગ જો આવતા હોય તો એ કામ કરાવામાં અમને આનંદ થશે. આ પ્રસંગ જ્યારે ઉજવવા આપણે જઈ રહ્યા છીએ, ત્યારે વિનંતી કરું છું કે ભૂતકાળના થોડાક પ્રસંગોમાંથી બોધપાઠ લઈએ. રાજકારણમાં મતમતાંતર રહેવાના. એક વ્યકિતની કામ કરવાની પદ્ધતિથી બધા સંમત થાય, એવું પણ નહિ હોય, પણ મારી પદ્ધતિથી સંમત ન થાય, પણ એની કઈક આગવી વિશેષતા છે. એને પ્રજાએ જીતાડીને મોકલ્યા છે, ત્યારે એનું પણ માન સન્માન જાળવવાની જવાબદારી બને છે. પ્રસંગો બને છે. એક જ પક્ષનો એક સમારોહ હોય, દેશના વડાપ્રધાન હાજર હોય, એ જ પક્ષની માથાકૂટો થાય. કોઈક વડીલના ધોતિયા કાઢવાનો પ્રસંગ બને, ક્યાંક એક પક્ષની બહેન દીકરીઓને નુકસાન કરવાનો પ્રસંગ બને ત્યારે એમાંથી બોધપાઠ લેવાના પ્રસંગો ઊભા થાય છે. રાજકોટની બૅન્કનો પ્રસંગ હોય, યજમાન તમને જ્યારે બોલાવે ત્યારે કમસેકમ એનું માન સન્માન જળવાય. જેની ખુરશી ઉપર બેઠા છો. ત્યારે એનું માન સન્માન જળવાય એ જરૂરી છે. એની ટીકા ન થાય. કોઈક શૈક્ષણિક સંકુલ અંગે જૂનાગઢના પ્રસંગમાં જવાનું થાય ત્યારે ૨૫-૫૦ હજારની વસ્તીમાં કોઈક મશ્કરા સ્વભાવે ટીખળ કરીએ અને બોલનારના કપડા ઉતારીએ એ માનસિકતાથી ઉત્સવ ન ઉજવી શકાય. મારા ગામનો પ્રસંગ કહું છું. સરદાર સાહેબની પૂણ્ય તિથિ. નગરપાલિકા બીજેપીની. આ પ્રસંગમાંથી શીખવાનું છે. કોંગ્રેસ ત્યાં વિપક્ષમાં પ્રતિમાની અનાવરણ વિધિ. મેં ત્યાં વિનંતી કરી માનનીય મુખ્યમંત્રીશ્રીને આપણે બોલાવીએ. આપણા નગરમાં બોલાવીએ. આદર સત્કાર સાથે બોલાવીએ અને મુખ્યમંત્રીશ્રીના હાથે પ્રતિમાની અનાવરણ વિધિ કરીએ. બે કલાક મુખ્યમંત્રીશ્રી મોડા પડે છે. અમે કોઈ ત્યાં સ્પીચ નથી આપતા. નગરપાલિકાના પ્રમુખ સ્વાગત પ્રવચન કરે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને માઈક સોંપીએ છીએ. સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના સ્વ હસ્તે થાય, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી પાસે અમે અપેક્ષા અને આશા રાખીએ કે અમારા નગર માટે, તાલુકા માટે વાત કરે અને અમારા જેવા

યુવાનને કંઈક હૂંફ આપે, તાકાત આપે, સંદેશો આપે એ ગણતરીથી અમે બોલાવ્યા. જે ગણતરીથી અમે બોલાવ્યા, બનાવો શું બન્યા? બે કે ત્રણ મિનિટ થઈ અને કહેવામાં આવ્યું માનનીય ધારાસભ્યશ્રી મને માફ કરે. ત્યાંથી ચાલુ કરી અને કોંગ્રેસના નેતાઓના કપડાં ઉતારવાનું ચાલું કર્યુ. આ પરંપરાઓ જે છે તેમાંથી કયાંક શીખવું પડશે. કોઈક બોલાવતાં ખચકાય છે કે હું બોલાવીશ અને આવું કયાંક થઈ ગયું તો. હું બોલાવીશ અને કયાંક એ જે ટીક કરે છે, મારા પક્ષની કરે છે અને હું સાંભળીશ તો પણ મુશ્કેલી અને નહીં સાંભળું તો ત્યાં જે બખડજંતર ઉભું થાય છે તેનાથી પણ સારા દાખલા અને સારી પ્રણાલિકાઓ ગુજરાતમાં ઉભી નથી થતી. એટલે જ માનનીય અધ્યક્ષશ્રી,

**સભાપતિ:** સારી પ્રણાલિકા જ યાદ કરીએ તો આપણે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : સોરી સાહેબ, એમાંથી મેં તો બોધપાઠ લીધો છે અને તે જ બોધપાઠમાંથી દ ણું શીખવાનું મળે છે. એટલે જ આપને વિનંતી કરું છું કે મેં કહયું કે મારો ખોળો કયાંક મારી મુશ્કેલી આવે તો ટ્રેઝરી બેંચના કોઈ વડીલ પાસે જઈને મને રડવાનો અધિકાર મળે સાહેબ. સાહેબ કોઈક આફત આવી ગઈ હોય તો મારું કયાંક મન હળવું કરી શકું તે પ્રણાલિકાઓ અને તે વાતનું વાતાવરણ બનાવવા માટેનો મારો નમ્ર પ્રયાસ છે. નવા અને જૂના ધારાસભ્યોને ટ્રેનિંગનો કાર્યક્રમ બની રહયો છે. વિપક્ષના નેતા અને મુખ્યમંત્રીશ્રી બંને જયારે ઉદ્‌ઘાટન સમારંભ કરી અને અમને શીખ આપે ત્યારે આનંદ સાથે ગમે પણ કેટલાય ઉત્સવોમાં જયારે માત્ર વિધી ખાતર કાર્ડ મોકલવામાં આવે છે ત્યારે કયાંક દુઃખ થાય છે. માનનીય રમણભાઈ વોરા સાહેબ કાળજી રાખતા. ફોન કરાવે, જાતે ફોન કરીને કહે આવવું પડશે. સરકારી સારી વાતો હોય છે. લોકોની વચ્ચે અમે સ્વીકારી છે એવા પ્રસંગો છે. ત્યારે આ ઉજવણીને પણ આપણે એવી વૈભવી ઉજવણી બનાવીએ, આ ઉજવણીને પણ આપણે એવું યોગદાન આપીએ, એવી શકિતશાળી ઉજવણી બનાવીએ અને સમગ્ર દેશ નહીં પણ સમગ્ર દુનિયા નોંધ લે ગુજરાતની ઉજવણીની એ જ વાત સાથે મારા વિચારો રજૂ કર્યા છે.

**શ્રી યોગેશ પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રાગજીભાઈ પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જોત જોતામાં ગુજરાત રાજયની સ્થાપનાને પાંચ દાયકા પૂરા થવા આવ્યા. ૫૦ વર્ષમાં રાજયની નદીઓ, સરોવરો, બંદરો, પહાડો અને જંગલોની સિકલ બદલાઈ ગઈ છે. રાજયની નર્મદા સહિતની ઘણી નદીઓ સમુદ્રને મળતી હતી તેના સ્થાને તેના નીર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં તેના ફેલાઈ રહયા છે. રાયજમાં તેના કારણે કૃષિ ક્ષેત્રે અને પર્યાવરણની સમૃદ્ધિમાં વધારો થયો. પહાડો પ્રવાસન સ્થળોમાં બદલાઈ ગયા છે. સરોવરો પાણીથી છલોછલ ભરાતાં વિશ્વના પંખીઓને આવકારતું કેન્દ્ર સ્થાન બની ગયા છે. જમીનમાં પાણીનાં તળ ઉંચા આવ્યા છે. જંગલો આડેધડ વધતા હતા તેની જગ્યાએ આયોજનપૂર્વક જડીબુટ્ટીઓ અને વિવિધ આવશ્યકતાને અનુકૂળ ઉત્પાદન આપતા થયા છે. ગુજરાતનો મોટામાં મોટો સાગરકાંઠો બંદરો દ્વારા વેપારના આયાત અને નિકાસના મહત્વના બંદરો બની ગયા છે. એટલું જ નહીં પણ દરિયાઈ પ્રવાસનનું અમલીકરણ ગુજરાતના નવિન પ્રવૃત્તિઓને વિકસાવવામાં અનોખું સ્થાન પ્રાપ્ત કરશે. માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાના સાવલી ગામના પૂજય સ્વામીજીના શબ્દોમાં કહું તો સત્ય સંકલ્પનો દાતા છે ભગવાન. ડો. જીવરાજ મહેતાથી માનનીય નરેન્દ્રભાઈ મોદી સુધીના મુખ્યમંત્રીશ્રીઓ ખાસિયત અલગ અલગ રહી છે અને તેને પરિણામે ગુજરાતની વિકાસકૂચ ધીમી કે ઝડપી ગતિએ જળવાઈ રહી છે. પરંતુ આજે મને કહેતાં સહેજપણ સંકોચ થતો નથી કે ગુજરાતમાં વૈભવ, સમૃદ્ધિ અને સ્વમાન વધારવાનો સંકલ્પ કરીને બેઠેલા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના સાડા પાંચ કરોડ ગુજરાતીઓના ખમીર, ગૌરવ અને ખુમારીનું મહત્ત્વનું પ્રદાન કર્યુ છે. આજે એકેએક ગુજરાતીઓ જય જય ગરવી ગુજરાતના બુલંદ નારાથી ભારતના જ નહીં પણ સમગ્ર વિશ્વમાં જયઘોષ કરતાં સહેજ પણ સંકોચાતા નથી કે ગભરાતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મિત્રો આપણે ઘણા ભૌતિક સુખો પ્રાપ્ત કરવાના છે પણ આપણને આપણી ગુજરાતની ખુમારી અને ગૌરવના ભોગે આપણને કશું જ ખપતું નથી, આપણી એકતા અને આપણું સ્વમાન જરૂરથી પ્રગતિના પંથે લઈ જશે. સૂરતના એક શાયર શ્રી ગનીભાઈ દહીંવાળાના શબ્દોમાં કહું તો આપણી ઉંચાઈઓ ન ધરા સુધી, ન ધરા સુધી, ન ગગન સુધી, ન ઉન્નતિ કે પતંગ સુધી, બસ આપણે જવું છે બીજાના મન સુધી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો પચાસમો જન્મ દિવસ આપણે ઉન્નત આદર્શો ૨૦૧૦માં ઉજવીએ, જેમાં એવા કાર્યક્રમોનું આયોજન કરીએ કે જેના પરિણામે આપણે વિશ્વ સમક્ષ માનવજીવનના તમામ ક્ષેત્રે શ્રેષ્ઠ ગુજરાતી અને ગુજરાતે વિશ્વ સમક્ષ મૂકી શકીએ પછી એ ક્ષેત્ર શિક્ષણનું હોય કે વિજ્ઞાનનું હોય, અર્થશાસ્ત્રનું હોય કે સાહિત્યનું હોય, રમતગમતનું હોય કે સંગીત-નૃત્યનું હોય કે પછી એ કૃષિનું હોય, રાજકીય હોય કે સામાજિક હોય, એ બધા જ ક્ષેત્રે જે ગુજરાતીઓ ઉત્તમ હોય એને પ્રોત્સાહન આપીને પોતાના પ્રતિનિધિ સ્વરૂપે તેને આપણે આપણા વિશ્વમાં, જગતમાં રમતો કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, પચાસ વર્ષની ઉજવણી માટે યોજનારા કાર્યક્રમોનું આયોજન કરવાની જવાબદારી સરકારી કર્મચારીઓને બદલે રાજયની પ્રતિષ્ઠિત સામાજિક , ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો કરતી સંસ્થાઓને ગ્રાન્ટ આપીને કરવી જોઈએ જેથી સરકારી કાર્યવાહી ખોરવાય નહીં અને ઓછી રકમમાં સારો ઉત્સવ ઊજવાય. યુવાનોને આકર્ષિત કરવા શાળાઓ, યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થી મંડળોને ગ્રાન્ટ આપીને તેના દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તો કાર્યક્રમો વધારે લોકાભિમુખ થશે.

રાજયના નાગરિકો ખાસ કરીને આ કાર્યક્રમોમાં જોતરાશે પરિણામે કાર્યક્રમ સ્વયંભૂ થશે, આવો, આપણે સૌ સાથે મળીને મનની કડવાશ દૂર કરીને ૨૦૧૦માં સુવર્ણ જયંતી વર્ષ રંગેચંગે ઉજવીએ, જીતેગા ગુજરાત.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર શ્રી પ્રાગજીભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પના સમર્થનમાં હું ઉપસ્થિત થયો છું.

૨૦૧૦ના વર્ષમાં જ્યારે રાજય સરકારે સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ઉજવણી કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે ગુજરાતના આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને વંદનસહ અભિનંદન કરવાનું મન થઈ જાય છે. વિશેષ જ્યારે આ સુવર્ણ જયંતિ વર્ષ ઉજવણી કરવાનો જે સંકલ્પ આપણે કર્યો છે ત્યારે આ માનનીય સભાગૃહના સભ્યશ્રીઓ ગૌરવ અને આનંદ સાથે આપણા સૌના આ કાર્યક્રમમાં સહભાગી અને ભાગીદાર બનવાના છીએ. ગુજરાતના આધુનિક શિલ્પી અને સ્વપ્ન દ્રષ્ટા માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રત્યેક વર્ષને એક ચોક્કસ વર્ષ તરીકે ઉજવવાનો એમણે સંકલ્પ કર્યો હતો એની દિશામાં આગળ પણ વધ્યા છીએ, પ્રત્યેક વર્ષ ચાહે કે એ કેળવણીના રૂપમાં કન્યા કેળવણી વર્ષ તરીકે ઉજવણી કરી હોય, કે ઈ-ગવર્નન્સ તરીકે .ઉજવણી કરી હોય, ચાહે શહેરી વિકાસ વર્ષ હોય, ચાહે પ્રવાસન વર્ષ હોય કે નિર્મળ ગુજરાત વર્ષ હોય આ પ્રત્યેક વર્ષ દરમ્યાન રાજય સરકારે પોતાની અલગ અલગ કામગીરી કરી ગુજરાતને સર્વશ્રેષ્ઠ શિખર ઉપર લઈ જવાનો પુરુષાર્થ કર્યો છે. એજ રીતે ૨૦૦૮ના વર્ષની 'નીરોગી બાળક વર્ષ' તરીકે ઉજવણી કરવાનો નિશ્ચય પણ કરેલો છે. આ સમગ્ર કાર્યક્રમ, સ્વર્ણિમ ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત બનાવવા માટેના પગલાંની શરૂઆત તો આજથી પાંચ વર્ષ પહેલા થઈ ચૂકી હતી. અને છેલ્લા પાંચ વર્ષના ગાળા દરમ્યાન સરકારની શ્રેષ્ઠ કામગીરીના કારણે રાજય સરકાર અને વ્યકિતગત રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીને ૪૨ જેટલા એવોર્ડ-પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલા છે અને આ બાબત સમગ્ર ગુજરાત અને ગુજરાતની જનતા માટે એક ગૌરવનો વિષય છે. રાજય સરકાર આવનાર બે વર્ષ દરમ્યાન પોતાના વિવિધ વિભાગો દ્વારા અને વિવિધ યોજનાઓ દ્વારા વિકાસના કામ તો નિશ્ચિતપણે કરવાની છે પરંતુ આ કાર્યક્રમ માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહે એ જોવાની આપણી બધાની જવાબદારી છે. હું વ્યકિતગત રીતે એમ માનું છું અને ઈચ્છું પણ છું કે, ગુજરાતનો પ્રત્યેક નાગરિક, પ્રત્યેક વ્યકિત જે તે ક્ષેત્રમાં તે પોતે આગવી પ્રતિભા ધરાવે છે જેની અંદર એક પોતાની વિશિષ્ટતા છે, સામાજિક ક્ષેત્રની વિશિષ્ટતા હોય, શૈક્ષણિક ક્ષેત્રની વિશિષ્ટતા હોય, આર્થિક ક્ષેત્રની વિશિષ્ટતા હોય કે બીજા કોઈ ક્ષેત્રની વિશિષ્ટતા હોય એ તમામ સર્વાંગી વિશિષ્ટ શકિતઓ પોતાની ગુજરાતના વિકાસ માટે કામે લગાડે અને ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે સંકલ્પ કરે. ગુજરાતનો જ્યારે આપણે વિકાસ કરવાનો વિચાર કરીએ છીએ ત્યારે માત્ર રાજય સરકાર, મહાનગરપાલિકા, નગરપાલિકા અથવા તો માત્ર પંચાયત ઉપર નિર્ભર રહેવાનો વિચાર કરીએ છીએ એ વિચાર પણ આપણે દૂર કરવો પડશે. આપણે સૌ સાડા પાંચ કરોડ ગુજરાતીઓએ, ગુજરાતના પ્રત્યેક વ્યકિતએ ગુજરાતને શ્રેષ્ઠ ગુજરાત બનાવવા માટેનો સંકલ્પ કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક વર્ષોનો ઈતિહાસ યાદ કરીએ તો આઝાદીની ચળવળ હોય, ૧૯૪૨ની હિંદ છોડોની ચળવળ હોય કે મહાગુજરાતની ચળવળ હોય આ બધી ચળવળોમાં ગુજરાતના મહાનુભાવોએ જે પોતાનું યોગદાન કર્યું છે એ તમામ મહાનુભાવોએ જે યોગદાન કર્યું છે એના જે પ્રસંગો છે એ પ્રસંગોની ઉજવણી કરવાનો પણ આપણે સૌ સંકલ્પ કરીએ. એમણે જે આ ચળવળોમાં જેણે પોતાનું યોગદાન કર્યું છે એને ધ્યાનમાં રાખીને એના પુસ્તકો અને ગ્રંથોનું પણ નિર્માણ કરવાનો આપણે સંકલ્પ કરી શકીએ છીએ. સૌથી વિશેષ લોકશાહીના ઈતિહાસની એવી કલંકિત ઘટનાઓ બની એમાં ૧૯૭૫માં જે કટોકટી હતી એ કટોકટીને દૂર કરવા માટે સૌથી પહેલ કરી હોય તો એ ગુજરાતે કરી છે અને એ કાર્યક્રમમાં જે જે મહાનુભાવોએ યોગદાન કર્યું છે એમાં જે ઘટનાઓ બની છે એને પણ પુસ્તકના સ્વરૂપમાં પ્રકાશિત કરી શકાય. ગુજરાતના ઐતિહાસિક બનાવો, ગુજરાતની વિકાસ યાત્રા એ માટેના પુસ્તકો અને ગ્રંથોનું પણ નિમાર્ણ કરી શકાય. ગુજરાત માટે સૌથી અગત્યની જે બાબત છે એ ગુજરાતની નર્મદા યોજનાના શિલાન્યાસથી આજ સુધીની જે ઘટનાઓ છે એ ઘટનાઓને પુસ્તક સ્વરૂપે વિમોચન કરી શકાય. ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં ગુજરાતની જે સ્થિતિ થઈ હતી એ સ્થિતિથી આપણે સૌ વાકેફ છીએ એ દરમ્યાન ગુજરાતના પુનઃનિર્માણ અને પુનઃવસનની જે કામગીરી થયેલ છે એના અંગેનું પણ એક પુસ્તક તૈયાર કરી શકાય. ગુજરાત રાજયની રચના થઈ ત્યારથી આજ દિન સુધી જાહેર જીવનમાં જે લોકોએ પોતાનું યોગદાન કર્યું છે એવા સૌ કોઈ મિત્રોનું જાહેરમાં બહુંમાન થાય સન્માન થાય અને એને સ્મૃતિ ચિહ્નથી સંમાનિત કરવામાં આવે એવો આપણે સૌ સંકલ્પ કરીએ. સાથે સાથે ગુજરાત વિધાનસભા અને દેશની પાર્લામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા જે હયાત પ્રતિનિધિઓ છે એ સર્વે પ્રતિનિધિઓને સાથે રાખીને એનું એક મહાસંમેલન ગોઠવીને ગુજરાતને શ્રેષ્ઠ ગુજરાત બનાવવા માટેના એમના જે વિચારો છે એ વિચારોનું આદાન પ્રદાન કરવા માટે અને એમના સૂચનો મેળવવા માટે એક સંમેલન પણ યોજવું જોઈએ. સ્વર્ણજયંતિ વર્ષ નિમિત્તે રાજય સરકારે રાજય કક્ષાએ પોતાની એક અલગ કમિટી બનાવી છે એ જ પ્રકારે તાલુકા, જિલ્લા અને ગ્રામ્ય કક્ષાએ કમિટીઓનું આયોજન કરીને અને સમગ્ર ગુજરાતમાં આ સ્વર્ણ જયંતી વર્ષ નિમિત્તે આખું ગુજરાત હિલોળે ચડે એ દિશામાં સૌએ પ્રયાસ કરવો જોઈએ. બીજું ગુજરાત રાજયની સ્થાપનામાં જેમનું સૌથી મોટું યોગદાન રહેલું છે એ સ્વ. ઈન્દુચાચા, એમની યાદમાં ગુજરાતના પ્રવેશદ્વાર ઉપર એક 'ઈન્દુચાચા પ્રવેશદ્વાર' બને એ દિશામાં આપણે એક સંકલ્પ કરવો જોઈએ.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ કરીને ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે પ્રત્યેક ગામના પ્રવેશમાર્ગ ઉપર ખૂબ સુંદર રીતે વૃક્ષારોપણ થાય, પ્રત્યેક ગામનો પોતાનો એક અલગ પ્રવેશમાર્ગ હોય, એ દિશામાં પણ આપણે એક સંકલ્પ કરીએ. નિર્મળ ગામ અને સ્વચ્છ ગુજરાત બનાવવા માટે દરેકે દરેક ગામની અંદર સ્ટોર્મવોટર ડ્રેનેજ સિસ્ટમ અને ગંદા પાણીના નિકાલની યોજનાઓ બનાવવાનો પણ સંકલ્પ કરીએ. છેલ્લાં કેટલાક વર્ષોથી શિક્ષણ પ્રત્યે યુવાનોમાં પુસ્તકો વાંચવા પ્રત્યેની એક અરુચિ ઉભી થતી જાય છે એ રૂચિ કેળવવા માટે ગામે ગામ લાયબ્રેરી ઉભી થાય એ દિશામાં પણ આપણે પ્રયત્ન કરીએ તે જરૂરી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ (બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાગૃહમાં માનનીય પ્રાગજીભાઈ પટેલ ગુજરાત રાજયની સ્થાપના દિનના પ્રસંગે સુવર્ણજયંતી પ્રસંગે સુવર્ણજયંતી ઉજવવાનો જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાના પનોતા પુત્ર ડો. જીવરાજભાઈ મહેતા જે આ રાજયના પ્રથમ મુખ્યમંત્રી હતા અને અમારા અમરેલી જિલ્લાના વતની હતા. આ ઉત્સવમાં અમરેલી જિલ્લાના વતની હોવાથી અમને ખૂબ ગૌરવ અને આનંદ થાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા, આ રાજય સરકાર દ્વારા ઉત્સવ ઉજવવાનો છે પણ મારે એટલું કહેવું છે કે, જ્યારે રામ ભગવાન ૧૪ વર્ષના વનવાસ પછી અયોધ્યામાં પાછા આવ્યા અને એમના મંત્રીને રામ ભગવાને પૂછ્યું કે આ રાજયની અંદર બધા લોકો સુખી છે? ત્યારે સુમંતે રામ ભગવાનને એમ કહ્યું કે આ રાજયમાં તમામ લોકો સુખી છે, તમામ લોકો પાસે બળદ છે, તમામ લોકો પાસે સોનું છે, તમામ લોકો પાસે ગાય છે તમામ લોકોના ઘરમાં અનાજ છે અને બધા લોકો ખૂબ સુખી છે પરંતુ.. સુમંતે પરંતુ કહ્યું એટલે રામ ભગવાને કહ્યું કે પરંતુ શું? ત્યારે સુમંતે એમ કહ્યું કે આ રાજયના લોકો એકદમ ઉદાસીન છે તો રામ ભગવાને કહ્યું કે તો શું કરવું જોઈએ ત્યારે એમના જે રાજગુરુ હતા એમણે એક સૂચન કર્યુ અને એમણે એમ કહ્યું કે આ રાજયની અંદર આપણે ઉત્સવ કરવો જોઈએ એટલે ઉત્સવ એટલા માટે થાય કે, આ રાજયની પ્રજા, રાજયના લોકો જે નિરૂત્સાહ થઈ ગયા છે એટલે રાજયના લોકોમાં ઉત્સાહ લઈ આવવા માટે ઉત્સવ ઉજવવા જોઈએ. આ દેશની અંદર અને આ રાજયની અંદર હજારો હજારો વર્ષથી ઉત્સવો ઉજવાય છે. નવરાત્રિના ઉત્સવો, જન્માષ્ટમીના ઉત્સવો, હોળીના ઉત્સવો, દિવાળીના ઉત્સવો ઉજવાય છે. પણ મારે એટલું કહેવું છે કે •(xxxxx) (xxxxx) (xxxxx) કારણકે રાજયમાં બેફામ ભ્રષ્ટાચાર, ગેરવહીવટ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ,

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : સાહેબ,એવું લાગતું હોય તો મારા શબ્દો હું પાછાં ખેંચી લઉં છું. સામેવાળાને એવું લાગતું હોય તો હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાવકુભાઈ, જે પ્રસ્તાવ છે તે સ્વર્ણિમ ગુજરાતનો છે તેના વિશે કહેવું હોય તે આપ કહો પણ ગુજરાતની પ્રજાને આપ કહો.. આ પ્રસ્તાવની મર્યાદા તેમણે જે વાત માંડી છે તે પ્રસ્તાવની મર્યાદામાં જ નથી આવતી. ત્રણ-ચાર મિનિટ તમને બોલવાનું આવે તેમાં તમે રામાયણનો આખો પ્રસંગ કહો તે યોગ્ય નથી એટલે તમારો સમય પૂરો થાય છે. કારણકે ટોટલ ૧૮ મિનિટ તો તમને આપી દીધી છે તમારો સમય પૂરો થાય છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા પ્રત્યે તેમનો રોષ જે હોય તે પરંતુ આ ગૃહની અંદર(અંતરાય) આ રાજયની પ્રજા બોલ્યા છે(અંતરાય) આ રાજયની બોલ્યા છે સાહેબ, (xxxxx) (xxxxx)આ ઉલ્લેખો આ ગૃહની અંદર ચાલે જ નહીં. માનનીય બાવકુભાઈએ ગૃહની અંદર એપોલોજી માફી માગવી જોઈએ સાહેબ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી આપ બાવકુભાઈના પ્રવચનને જોઈ જાવ. મેં તેને શબ્દ સહ સાંભળ્યા છે અને સંસદીય બાબતોના મંત્રીશ્રી કહે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય સભ્યશ્રી બાવકુભાઈના શબ્દો રામાયણના, તેમ છતાં ગુજરાતની જનતા અમારા માટે શિરોમાન્ય છે તેમાં કોઈ તેમનો જ અધિકાર છે એવું નથી. આપે નિર્ણય આપ્યો છે છતાં આપ કહો છો તે પ્રથા, તે અનુસરવામાં પણ વાંધો નથી. પ્રાઈવેટ મેમ્બરનો આ બીઝનેસ છે તેમાં સર્વસંમતિથી ગુજરાતના ગૌરવ માટેની બધા સભ્યશ્રીઓ વાત કરે છે ત્યારે માનનીય સંસદીય મંત્રીશ્રી હવે આ વાતને અહીં પૂરી કરીને આગળ ચલાવો. આપને લાગે કે જે કંઈ હશે માનનીય સભ્યશ્રીએ કદાચ સામાન્ય વાત સાથે કહ્યું હશે તો એ પાછા ખેંચશે તેમાં કોઈ સવાલ નથી.

**અધ્યક્ષશ્રી** : આપે આપના ઉલ્લેખનો માટે બાવકુભાઈ કંઈ કહેવું છે? કારણકે આખા સભાગૃહનો, આપ ગુજરાતની પ્રજા માટે બોલ્યા છો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે કોઈ શબ્દ અસંસદીય હોય તો હું પાછાં ખેંચુ છું.

**અધ્યક્ષશ્રી** : અસંસદીય શબ્દો નથી, શબ્દોના ભાવ જે છે તે જ અસંસદીય છે.

---

• (xxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગુજરાતના સંસ્કાર, સંસ્કૃતિની વાત કરી રહ્યો હતો કે •(xxxxx) (xxxxx) અને આ ઉત્સવ છે તે સમગ્ર રાજયનો ઉત્સવ બને. અને એ ઉત્સવ એ સમગ્ર રાજયનો ઉત્સવ બને.

**અધ્યક્ષશ્રી:** માનનીય બાવકુભાઈ, આપ આપે કરેલા વિધાનો અંગે કાંઈ કહેવા માગો છો? (અંતરાય) જે વિધાનો આપે કર્યા એના માટે કાંઈ કહેવા માગો છો?

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ:** ના, એના માટે હું કાંઈ કહેવા માગતો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** વજુભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર એ છે અને એમની ભાવના પણ એ છે કે આપ જે બોલ્યા છો એ સભાગૃહમાંથી ગુજરાતની પ્રજા માટે વાત થઈ એ સારું નથી. તો એમાં કાંઈ તમારે કહેવું છે?

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ:** હું તો એટલું કહેવા માગું છું કે (અંતરાય) એમાં એવું છે કે હું કોઈ વ્યકિત પૂજા કે ભકિત પૂજામાં માનતો નથી.

**અધ્યક્ષશ્રી:** એવી કોઈ ચોખવટ આપે કરવાની જરૂર નથી,

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ:** એમાં એવો કોઈ પ્રશ્ન જ નથી.

**અધ્યક્ષશ્રી:** આમાં ગુજરાતની ભકિતનો સવાલ છે એ તેમની લાગણી છે.તમે ગુજરાતની પ્રજા વિશે બોલ્યા છો. ( સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા:** એમાં સર્ટિફિકેટ આપવાની કયાં જરૂર છે?

**શ્રી બાવકુભાઈ ઉંધાડ:** ના, અમારે આપવું પડે ને? સામે માગે છે એટલે આપવું પડે ને?(સતત અંતરાય અને ઘોંઘાટ)

**અધ્યક્ષશ્રી:** તમે એ વિશે.....

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ:** આપ ત્યાં પણ કહો ને, વજુભાઈ, ફત્તેસિંહને કહો ને?

(આ તબકકે શાસક પક્ષના સર્વ સભ્યો ઉભા થઈ ગયા અને સામે વિરોધપક્ષના સભ્યશ્રીઓ પણ ઉભા થઈ ગયા) (સતત ઘોંઘાટ)

**અધ્યક્ષશ્રી:** માનનીય બાવકુભાઈ, આપ બેસી જોઆ, ઓર્ડર, ઓર્ડર, માનનીય બાવકુભાઈના જે શબ્દો છે એ ગુજરાતની પ્રજાની લાગણી દુભાવનારા છે એ રેકર્ડ ઉપરથી હું દૂર કરું છું અને હવે ચર્ચા આગળ ચાલે છે. બાવકુભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. નેકસ્ટ, માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા, આપ જવાબ ચાલુ કરો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી, પ્રાગજીભાઈ પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે અને એના સમર્થનમાં ઘણાબધા માનનીય સભ્યશ્રીઓએ ગૃહ સમક્ષ જે સૂચનો રજૂ કર્યા છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સને ૨૦૧૦ ના સુવર્ણ જયંતિ વર્ષના અવસરમાં પાા કરોડ ગુજરાતીઓના શકિત સામથ્યર્ને પ્રેરિત કરવાનો આગવો અભિગમ ગુજરાતના લોકનાયક માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અપનાવ્યો છે. વાયબ્રન્ટ ગુજરાત, જીતેગા ગુજરાત જેવા...

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, આપણી પાસે સમયની બહુ જ મર્યાદા છે એટલે જેટલું ઝડપથી પૂરું કરો કરો એટલું સારું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા:** જે સમય પેલી ચર્ચામાં ગયો છે એ કાપવો જ પડશે ને? કેટલો સમય આપશો?

**અધ્યક્ષશ્રી:** ૫-૭ મિનિટમાં પૂરું કરો.

**શ્રી ફકીરભાઈ વાઘેલા:** દસેક મિનિટ છે, ૫-૫૭ એ શરૂ થયું હતું. જેટલી બનશે એટલી ઝડપ કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત, જીતેગા ગુજરાત જેવા ગુજરાતની અસ્મિતાને ગૌરવવંત કરે એવો મંત્ર જનજનમાં ગુંજતો કરનારા માનનીય મંખ્યમંત્રીશ્રીએ ૨૦૧૦ ના ગુજરાતના સુવર્ણ જયંતી વર્ષના અવસરને માત્ર પ્રણાલિકારૂપ ઉજવણીથી નહીં, પરંતુ ગુજરાતની શકિત, ક્ષમતા અને સામર્થ્યની વિશ્વ સમક્ષ આગવી ઓળખ ઉભી થાય અને ગુજરાતીઓની અસીમ સમજશકિત, ગુજરાત દરેક ક્ષેત્રમાં ઉંચાઈનાં નવાં કીર્તિમાન પતિપાદિત કરે એવો સંકલ્પ સાકાર કરવાનો નિર્ધાર વ્યકત કર્યો છે. એ હેતુસર સન ૨૦૧૦ એ ગુજરાતનો સ્વર્ણીમ સંકલ્પ જયારે ધારાસભ્યશ્રી લઈને આવ્યા છે, ગુજરાતના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી એ રાજય સરકાર કે કોઈ રાજકીય પક્ષનો એજન્ડા નથી. એકે એક ગુજરાતી અહીં રાજયમાં રહેતો હોય, ગુજરાત બહાર કે વિશ્વમાં પણ વસેલો હોય એ આ સ્વર્ણીમ સંકલ્પ સાકાર કરે અને ૨૦૧૦ ના સુવર્ણ જયંતી વર્ષના અવસરમાં પોતાનું યોગદાન આપવાની ભાવનાને મૂર્તિમંત કરી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ એ પ્રત્યેક વ્યકિત, પ્રત્યેક ગામ, પ્રત્યેક તાલુકો, પ્રત્યેક જિલ્લાનો છે. સામાન્યત: કોઈ વ્યકિત કે સંસ્થા કે સમાજ ૫૦ વર્ષની ઉજવણી પરંપરાગત રીતે કરીને સંતોષ મેળવી લે છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈને આ અવસરનું માત્ર પ્રણાલિગત ઉજવણીનું ઈતિ સિદ્ધમ મંજૂર નથી, અને એટલા માટે ગુજરાત માટે જેમને ગૌરવ છે તે સૌને આ જયંતિ અવસરે સાડા પાંચ કરોડ ગુજરાતીની પુરતી ભાવના જાગે, તેના માટે તક મળે, ઉત્તર દાયીત્વનો સંતોષ મળે તેવું સાર્વત્રિક વાતાવરણ ઉભું કરવા માટે આગોતરી

• (xxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

પરિકલ્પના સાથેની માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈની આ નેમ છે. ૨૦૦૧માં વિનાશક ભૂકંપ પછી માત્ર છ વર્ષના ગાળામાં ગુજરાત ભારતમાં જ નહીં એશિયાના વિકસીત રાજયોની સ્પર્ધા માટે સક્ષમ બન્યું છે, ગુજરાતની આ અસિમ તાકાત, આ પુરૂષાર્થ, સમજ શકિત, ક્ષમતા અને સામર્થ્યની પહેલીવાર દેશ અને દુનિયાએ અનુભૂતિ કરી છે. અને એટલા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી ૨૦૧૦ના સ્વર્ણીય જયંતિ વર્ષમાં ગુજરાતના વિકાસને એક વૈશ્વિક ઓળખ આપવા માગે છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય ગુજરાતી માનવી પણ સ્વર્ણીય સંકલ્પ સાકાર કરી શકે છે. હું ટ્રાફિકના નિયમોનું અક્ષરસ: પાલન કરીશ, હું સાર્વજનિક મિલકતને નુકસાન નહીં પહોંચાડું, હું ગુજરાત માટે આટલું કરીશ, એવા નાના મોટા કોઈપણ સંકલ્પ લઈને ગુજરાતની સ્વર્ણીય જયંતિમાં યોગદાન આપી શકાય તેવો નવતર પ્રયોગ માનનીય મુખ્ય મંત્રીશ્રી કરી રહ્યા છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ૨૦૧૦ના ગુજરાત સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી માટે રાજય કક્ષાની ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે, ગુજરાતના સામાજિક, સાંસ્કૃત્તિક, આર્થિક, ઈતિહાસ અને વિકાસની ગાથા, ગુજરાતની હરેક ક્ષેત્રમાં આગવી ઓળખ, ગુજરાતની દેશ અને દુનિયામાં એક સમાજ તરીકે પ્રસ્થાપિત થયેલી અસ્મિતા, ગુજરાતી તરીકે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને વિશ્વ સ્તરે પ્રતિષ્ઠા અને યોગદાન, અને ૨૦૧૦ પછી ગુજરાતની ઉજ્જવળ આવતી કાલનું નિર્માણ, માનનીય અધ્યક્ષશ્રી, આ બધાનું અધિકૃત સંશોધન, આલેખ, પ્રસ્તુતી તે અલગ વિષયો છે, અને તેના ઉપર તજજ્ઞો, નિષ્ણાતો ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છે. કોઈ પણ સમાજ રાષ્ટ્ર માટે પાંચ દાયકાનું અસ્તિત્વ એ સીમા ચિન્હ સ્થંભ છે, પ્રાગ ઐતિહાસિક કાળથી ગુજરાત, માનવ સમાજ અને સંસ્કૃતિની વિરાસત રહી છે. તાજેતરમાં જ કચ્છના ખંડીર રણ બેટમાં ૧૯ કરોડ વર્ષ પૂર્વેના વૃક્ષોના અવશેષો મળ્યા છે. વિશ્વના પુરાતત્વ વાદીઓ ધોળાવીરા અને લોથલની સુસંસ્કૃત સમાજ રચનાના હડપ્પન અને સિંધ્ધુની સંસ્કૃત્તિના પ્રાચીન નગરોના વૈભવથી આકર્ષિત રહ્યા છે. ગુજરાતના આ પ્રાગ ઐતિહાસિક કાળથી લઈને ૨૧મી સદીના પ્રથમ દાયકાનું ગુજરાત, તેના માટે આપણે ગુજરાતી તરીકે વિશ્વમાં ગૌરવ લેવાનો, સ્વાભિમાન ધરાવવાનો અધિકાર છે. વતન, જન્મભૂમિ, કર્મ ભૂમિ એ માટે દરેક વ્યકિતમાં સ્વાભિમાન હોવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી તેના માટે પોઈન્ટ ઓફ ઓર્ડર પણ ઉભો થયો.

**અધ્યક્ષશ્રી** : જે વાત કાઢી નાખી છે તેના ઉપર ચર્ચા નહીં કરો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : કાઢી તો નાખી માનનીય અધ્યક્ષશ્રી, પણ હાર્યા પછી કેવા ઘાંઘા થાય છે કોંગ્રેસીઓ તેનું આ ઉદાહરણ છે. રાજય સરકારે કેટલીક માર્ગદર્શક ભૂમિકા આ સંદર્ભમાં વિચારી છે. ૫૦ વર્ષ પૂર્વનું ગુજરાત, ગુજરાતની સ્થાપના પૂર્વેની ગુજરાતની ભૂમિકા, યોગદાન, ૧૮૫૭ નો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ અને તેના પછીનું ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષના આઝાદી સંગ્રામની તવારીખ, ૧૯૪૭ થી ૧૯૬૦ ના આઝાદી પછીના ગુજરાતની વિકાસ ગાથા, અને ૨૦મી સદીનો અંત, ૧૯૬૦ થી ૨૦૦૦ ના ચાર દાયકાની ગુજરાતની ગતિ વિધિ અને ૨૦૦૧ થી ૨૦૧૦, ૨૧મી સદીના ગુજરાતની વિશ્વમાં ઉભી થયેલી આગવી ઓળખ અને ઉજ્જવળ આવતીકાલનું આયોજીત ઘડતર.માનનીય અધ્યક્ષશ્રી, આજથી ગણીએ તો ૭૯૩ દિવસનો સમયગાળો આપણી પહેલી મે ૨૦૧૦ ગુજરાત સ્થાપના દિન તરીકે ગૌરવ દિન તરીકે આપણો સંકલ્પ પાર પાડવા માટે આપણી પાસે છે. ગુજરાતમાં સામર્થી છે અને સાડા પાંચ કરોડ ગુજરાતીઓ પોતાનો સંકલ્પ ચોક્કસ સાકાર કરશે તેવો અમને વિશ્વાસ છે. માનનીય ધારાસભ્યશ્રી પ્રાગજીભાઈ પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને સર્વસંમતિથી પસાર કરીએ તે જ આ ગુજરાત વિધાનસભાનું ગૌરવ હશે. હું આ સંકલ્પનો સ્વીકાર કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પ ઉપર સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, યોગેશભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ, બાવકુભાઈ ઉઘાડ અને માનનીય મંત્રીશ્રી ફકીરભાઈનો આભારી છું અને માનનીય સભ્યશ્રીઓએ મારા સંકલ્પને આવકારીને એને સ્વીકારવાની લાગણી વ્યક્ત કરી એના માટે સૌનો આભાર માનુ છું. આજનો સંકલ્પ સર્વાનુમતે સ્વીકારાય તેવી સર્વે સભ્યશ્રીઓને લાગણી સભર વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

# નીરોગી બાળક વર્ષ

**શ્રીમતી ઉષાબેન ગી. પટેલ (પારડી) :** માનનીય અધ્યક્ષશ્રી, "કોઈપણ રાષ્ટ્રની સુખાકારી અને પ્રગતિ એની ભાવિ પેઢી કેટલી સ્વસ્થ અને નીરોગી છે એના પર અવલંબે છે. છેલ્લા પાંચ વરસ દરમિયાન સુશાસન થકી આર્થિક, ઔદ્યોગિક અને કૃષિક્ષેત્રે વિકાસમાં, દેશમાં અગ્રિમ સ્થાન હાંસલ કર્યા બાદ ગુજરાત સરકારે આવનાર પેઢીના સ્વાસ્થ્ય અને સુખાકારીને કેન્દ્ર સ્થાને મૂકી ૨૦૦૮ના વર્ષને "નીરોગી બાળક વર્ષ" તરીકે ઘોષિત કરેલ છે, ત્યારે રાજય સરકારે કરેલ આ પહેલને આ સભાગૃહ આવકારે છે અને આ દિશામાં સરકારના સઘન પ્રયત્નોમાં જરૂરી યોગદાન આપી સહભાગી થવા નિર્ધાર વ્યક્ત કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી ઉષાબેન ગી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જન પ્રતિનિધિ તરીકે પ્રથમ વખત આ સભાગૃહમાં ઉપસ્થિત થવાનું બહુમાન મળ્યું મળ્યું એ બદલ ભારતીય જનતા પાર્ટીનો હું આભાર માનું છું.

કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા, નીરોગી શરીર એ સુખની પ્રથમ નિશાની છે. માનવ સુખાકારીનો સાચો માપદંડ એ કેટલું જીવ્યો એના ઉપર નહિ પરંતુ એ કેવું જીવ્યો તેના ઉપર આધાર રાખે છે. એટલા માટે

સમગ્ર દેશમાં કોઈપણ રાજયમાં હાથ ન ધરાયા હોય તેવા કાર્યક્રમો અને યોજનાઓ મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે ગુજરાતમાં યોજાયા છે અને તમામ સફળ રહ્યા છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને એમની ટીમને હું ગુજરાતની જનતા વતી ખૂબ ખૂબ આભાર માનુ છું. ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળ સરકારે અનેક વિકાસલક્ષી યોજનામાં પહેલ કરી છે. માનવ વિકાસ સૂચક આંક ઉંચો લાવવા ગુજરાતની નવી પેઢીને બાળપણથી સક્ષમ બનાવવા માટે આગામી વર્ષ નિરોગી બાળક અભિયાન થકી એક બીજી વિશિષ્ટ પહેલ શરૂ કરી છે. સમાજના ચાવીરૂપ એવા બાળકોના વિકાસ અર્થે દેશમાં પ્રથમ વખત ગુજરાતમાં એક ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવાનું આયોજન ૨૦૦૮-૦૯ના બજૅટનું અતિ મહત્ત્વનું ઉમદા કદમ છે. જે ખૂબ જ આવકારને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાના બાળ આરોગ્ય ક્ષેત્રના બાળમૃત્યુના વૈજ્ઞાનિક પુરાવા ધ્યાનમાં લેતાં જાણવા મળે છે કે પાંચ વર્ષથી નાના બાળકમાં કુલ મૃત્યુ ૬૦થી ૭૦ ટકા પ્રથમ વર્ષે થાય છે. એક વર્ષથી નાના બાળકમાં કુલ મૃત્યુ ૬૦થી ૭૦ ટકા પ્રથમ મહિને થાય છે. પહેલાં મહિનાના બાળકના મૃત્યુ ૬૦થી ૭૦ ટકા પ્રથમ અઠવાડિયામાં થાય છે. નવજાત બાળકના મૃત્યુ ઓછું વજન, ચેપ લાગવો, કે જન્મજાત ખોડ-ખાંપણના લીધે થાય છે. એમાં ૫૭ ટકાના મૃત્યુ સીધી યા આડકતરી રીતે અપૂરતા પોષણના લીધે થાય છે અને એટલા જ માટે ભવિષ્યમાં ઉપસ્થિત થનારા સામાજિક પ્રશ્નો તરફ લોકોનું ધ્યાન દોરાય, આરોગ્યલક્ષી યોજનાઓ પ્રત્યે સમાજ જાગૃત થાય એ હેતુથી રાજય સરકારે ૨૦૦૮ને નિરોગી બાળક વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કર્યો છે. આ ઉજવણીના પરિણામે બાળમૃત્યુદરમાં ઘટાડો કરવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં સમાજમાં પોષક તત્ત્વો અને પોષક ખોરાકની વધુ સારી સમજ કેળવાય તે જરૂરી છે. બાળકની બિમારી મોટા ભાગે તેનામાં રહેલી રોગપ્રતિકારક શકિત ઓછી હોવાના કારણે હોય છે. બાળકમાં બિમારી આવે, બાળક નબળું પડે, નબળા બાળકમાં વધુ ગંભીર બિમારી આવે અને બાળક મૃત્યુ પામે છે. આ વિષચક્ર છે. વિષચક્રની યાતના દરેક સમાજ ભોગવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રતિનિધિઓ અને માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને હું નતમસ્તકે પ્રણામ કરું છું કે જેમણે આ યાતનાનો અહેસાસ કરીને નિરોગી બાળકવર્ષની ઉજવણીના નિર્ધાર સાથે બાળ મૃત્યુદરમાં ઘટાડો તથા નિરોગી બાળકની વિભાવનાને શારીરિક, માનસિક અને સામાજિક સ્વસ્થતા સાકાર કરવા એક માતાના ગર્ભથી લઈને કુમાર અવસ્થા સુધીના જીવન ચક્રને આવરી લઈ સ્વસ્થ બાળ અને તંદુરસ્ત સમાજના નિર્માણની યોજના અંગેની ઈંટ મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિરોગી બાળક વર્ષમાં દરેક બાળકનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થાય તે માટે માતાની પૂર્વ પ્રસૂતિ સંભાળ, સંપૂર્ણ રસીકરણ, બાળકોના વિકાસની દેખરેખ, પર્યાપ્ત પોષણ, આરોગ્ય ચકાસણી તેમજ આરોગ્યપ્રદ વાતાવરણ જેવી બાબતો ઉપર ખાસ ધ્યાન આપવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દક્ષિણ ગુજરાતના છેવાડાના ગામડાંમાંથી આવું છું. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં સીકલસેલ એનિમીયા નામનો એક વ્યાપક રોગ ભરડો લઈને ઉભો છે. આ સીકલસેલ એનિમીયાનો રોગ પ્રસૂતા માતા અને બાળકોના જીવને જોખમમાં મૂકે છે. આ સરકારની આરોગ્યલક્ષી યોજનાઓને કારણે આજે આદિવાસી સમાજ જાગૃત થયો છે અને આ યોજનાનો લાભ લઈને જેનું પ્રમાણ ૨૯ થી ૩૦ ટકા જેટલું હતું તેનું પ્રમાણ ઘટવા માંડ્યું છે. તેનો યશ હું ભારતીય જનતા પાર્ટીની સરકારને આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય સેવાનો વ્યાપ છેવાડાના માનવી સુધી સુપેરે પહોંચાડવાની કટિબદ્ધતાના પરિણામે આ જ સરકારે માતા અને બાળ મૃત્યુદર ઘટાડવા અને સલામત પ્રસૂતિ માટે અમલમાં મૂકેલી ચિરંજીવી યોજનાને એશિયન ઈનોવેટીવ એવોર્ડ મળ્યો છે. આ યોજના રાજય આયોજન હેઠળની છે. આ યોજનાના અમલ માટે કોઈ કેન્દ્રીય સહાય મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ આરોગ્ય સંસ્થા, યુનિસેફ, યુનેસ્કો અને વિશ્વબેંકના સહયોગથી આરોગ્ય વર્ધક શાળા કાર્યક્રમનો પાયલોટ પ્રોજૅક્ટ દેશમાં પ્રથમવાર ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યો છે. જે આપણાં માટે ગૌરવની બાબત છે. આપણાં ગુજરાતમાં હજુ પણ દર વર્ષે ૭૨,૦૦૦ બાળકો પ્રથમ વર્ષગાંઠ ઉજવે તે પહેલાં મૃત્યુ પામે છે. એના નિવારણ માટે ૧૯૯૦ના મધ્યમાં યુનિસેફના સહકારથી સરકારમાં વિશ્વ આરોગ્ય સંસ્થા, એજન્સીઓ અને વ્યકિતઓએ આ પડકાર ઝીલીને એક વ્યુહાત્મક સંચાલન પદ્ધતિ વિકસાવી હતી. જે બાળપણની માંદગીઓની સંકલિત સંચાલન પદ્ધતિ તરીકે સ્વીકારવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વલસાડ જિલ્લામાં સૌ પ્રથમવાર તાલીમ શરૂ કરાઈ હતી. જેમાં પ્રોત્સાહક પરિણામો મળવાથી હવે રાજયના ૯ જિલ્લામાં આ તાલીમ કાર્યક્રમ શરૂ કરાયો છે. આ યોજનાના અમલીકરણમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશનું ભાવિ બાળકોના હાથમાં છે. આવતીકાલ સમા બાળકોની આરોગ્ય સૂરક્ષા માટે માતૃવંદના અને બાળભોગ યોજના પણ આ સરકારે સફળતાપૂર્વક અમલમાં મૂકી છે. બાળકો નિરોગી થાય અને કુપોષણથી મુક્ત થાય તે માટે બાલભોગ યોજના હેઠળ ૧૨૭.૭૬ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખિલખિલાટ હાસ્ય વેરતા ફૂલ જેવા બાળકો કસમયે કરમાય ન જાય એ માટે ફૂલોના માળી સમાન સરકારના પ્રતિનિધિઓ અને આરોગ્ય મંત્રીશ્રીએ કમર કસી છે ત્યારે મારે સાથી સભ્યશ્રીઓને અપીલ છે કે,

આપણે સૌ સંકલ્પબદ્ધ બનીએ અને "નિરોગી બાળક વર્ષ" યોજીને માતાપિતા, આંગણવાડી કાર્યકરો, બહેનો, વર્કરો, શિક્ષકો અને સમાજને સાથે રાખી સફળતાના શિખરો સુધી પહોંચાડીએ અને ગુજરાતમાં બાળ સ્વાસ્થ્યનો વિકાસ કરી એક નવી યુવા પેઢીને જન્મ આપીએ.

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્ય સુ શ્રી ઉષાબેન પટેલ નિરોગી બાળકનો જે સંકલ્પ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યશ્રી, આ રાજયમાં સરકારશ્રી દ્વારા કન્યા કેળવણી રથ, કૃષિ મહોત્સવ જેવા અનેક કામો કરીને (અંતરાય) લેવા દેવા નહીં મુકેશભાઈ.

**અધ્યક્ષશ્રી** : તમે મુકેશભાઈને સંબોધીને નહીં પણ મને સંબોધીને વાત કરો. શ્રી મુકેશભાઈ આપની જગ્યા ઉપર જાઓ. બીજા સભ્યની પાટલી ઉપર બેસો નહીં. આપ મારા તરફ ધ્યાન આપીને બોલો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનો અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીની અગાઉ વાત એટલે દોહરાવતો હતો કે, ગુજરાતમાં કોઈપણ રાષ્ટ્રીય સુખાકારી અને એની ભાવી પેઢી કેટલી સ્વસ્થ અને નિરોગી હોય છે એના ઉપર અવલંબે છે. મારે ૫ દાયકા પહેલાંની યાદ દોહરાવવી છે. આ દેશમાં અને રાજયમાં એક શીતળાનો રોગ એવો હતો કે, આપણા દીકરા-દીકરીઓને એ શીતળાના કારણે અપંગતા આવતી હતી, અંધ બનતા હતા. પણ આ દિશામાં એક જ માણસ પેદા થયોને કે એણે રસી પેદા કરી. અમે છઠ્ઠા-સાતમા ધોરણમાં ભણતા હતા ત્યારે અમારા બાવડા ઉપર રસી આપતા હતા ત્યારે અમે પૂછતા હતા કે, આ શું કામ આપો છો તો કહેતા હતા કે શીતળા ન નીકળે. આ દેશની માતાઓ અંધશ્રદ્ધામાં માનતી હતી. શીતળાનો ખડખડીયો કરતી, પૂજા કરતી હતી અને કુલેરનો લોટ માનતી હતી અને એને કારણે આ દેશના અનેક દીકરા-દીકરીઓ અપંગ થઈ ગયા અને એમના મોઢા ઉપર ચાંદા પડી ગયા, આંખ રહી ગઈ હોય. પણ મને કહેતાં ગૌરવ થાય છે કે, આ દેશમાં એક માણસ વૈજ્ઞાનિક પેદા થયોને, અને એ એવી રસી લાવ્યો છે અને એના કારણે આ બધુ વહી ગયું જે અંધશ્રદ્ધાએ ન ગયું. અને ત્યાર પછી પણ કહેવું છે કે, આજે સરકાર જે કામ કરી રહી છે એના કારણે ૨૦ વર્ષ પહેલાંના બાળકો જોશો, દીકરા-દીકરીઓ જોશો તો એ આજે પણ અપંગ હશે. આજે રસીકરણનું કામ ચાલી રહ્યું છે એના કારણે આજેપણ એકપણ કેસ જોવા મળતો નથી. એના માટે સરકારે ઇનામ કાઢ્યું છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે, આજે આ શુભ શરૂઆત થાય છે. આ દેશનો બાળક નિરોગી જીવન જીવે એવો સંકલ્પ લઈને આવ્યા છે અને મને કહેતાં આનંદ થાય છે કે, સોએ સો ટકા આપણે સફળ થઈશું. આપણા સી.એમ. સાહેબના નેજા નીચે ગુજરાતમાં સો ટકા નિરોગી બાળકો જીવશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. અહીં બેઠેલા મિત્રો ગમે તેવી વાતો કરે, ગમે તેવા સવાલો કરે, (અંતરાય) ડાયાબીટીસ તો પછી આવે પહેલાં એ બાળક જન્મતા રોગી હોય તો એની પ્રગતિ ન થાય. બાળકો આપણે સ્વસ્થ જોઈ શકીશું. અગાઉ વાત એટલા માટે કરી. કે નિર્મળ ગુજરાત હશે તો બાળક નિરોગી હશે. ધરને આંગણે ગંદવાડ હશે, સરકારનો ધ્યેય બહુ સારો છે જેને જે વસ્તુનો ઉપયોગ કરવો હોય એ કરે આપણા શાસ્ત્રોમાં કીધું છે અન્ન એવો હોડકાર, જેવા વિચારો હોય અવો હોડકાર આવે પણ આમાં તમારે સમજી લેવું જોઈએ, અન્ન એવો હોડકાર, વિચારો

**અધ્યક્ષશ્રી** : તમે વિષયની બહાર ન જાવ, વિષય ઉપર બોલો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપને કહેવા માગું છું કે આવતા દિવસોમાં ગુજરાતના બાળકો જન્મે એટલા જીવે, અને નિરોગી જીવે અને એ બાળકો આવતા દિવસોના એવા બને કે ગાંધીજી, સરદાર વલ્લભભાઈ શિવાજી પ્રતાપ રાણા આ નિરોગી હશેને તો આ દેશમાં જન્મીને આગળ વધે અને એટલા માટે આ રાજયના માનનીય મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી અને અમારું મંત્રીમંડળ એટલા માટે ચિંતા કરે છે અને આના માટે આવતા દિવસો બહુ આધા નથી, મામાનું ધર કેટલે દીવો બળે એટલે, થોડા દિવસોમાં ગુજરાત સરકાર સમગ્ર રાજયમાં આ નિરોગી બાળક જીવવા માટેના રથનું આયોજન કરશે, ગામડે ગામડે ફરશે અને આવતા દિવસોમાં આખા ગુજરાતમાં જન્મે એટલા જીવશે અને એ નિરોગી બાળક હશે .

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શ્રીમતી ઉષાબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

સ્વસ્થ બાળક, નિરોગી બાળક એ આવતા દિવસોનું ભાવી બને છે. કૃષિમાં વિકાસ ઔદ્યોગિક વિકાસ અને નિરોગી બાળકની વાત એ પાયાનું ધડતર છે અને રાજયની સુખાકારીના ખાસ અંગો છે. કૃષિના વિકાસ ક્ષેત્રે આપણે કામ કરવું હોય તો જે યોજનાઓ આપણે કરીએ છીએ એ યોજનાઓ માટે તાલુકામાં કયા વિસ્તારની આપણે પસંદગી કરીએ છીએ એને પણ નજરમાં રાખવી પડશે. રાજયના અતિપછાત તાલુકાઓનું જયારે સરવે આપણે કર્યુ છે ત્યારે અતિપછાત તાલુકાઓમાં રાજય સરકાર જે યોજનાઓ કરે છે એ યોજનાઓના મહત્તમ લાભ એ અતિ પછાત તાલુકાઓમાં કયા વિસ્તારના કયા લોકોને આપીએ છીએ એ આપણે જોવું પડશે. ગુજરાતના પ્રવાસે નીકળતા હોઈએ છીએ ત્યારે લીલાછમ ખેતરો દેખાય અને આંખ ઠરે છે. હાઈવેને છોડીને અંતરિયાળ ગામડાઓમાં જયારે જતા હોઈએ છીએ અને ત્યારે કોરું ધાકોર દેખાતું હોય અને કોઈકને પૂછીએ કે કેમ ખેતરોમાં કંઈ પાકયું નથી ત્યારે આજે ત્યાં એવી પરિસ્થિતિ છે કે ત્યાં પિયતની વ્યવસ્થા નથી ખેડૂત પાસે કોઈ આજીવીકા નથી અને એટલે આવું થાય છે. જે કોરું ધાકોર દેખાય છે એને લીલું કરવાની વાત, અતિ પછાત તાલુકાઓમાં મારી નજર ઠરે, મારો રૂપિયો વપરાય મારી સરકારનું કામ થાય એ આ સંકલ્પનો મુખ્ય ઉદેશ છે. નિરોગી

બાળક સ્વસ્થ બાળક , બાળમજૂરીએ, હું તો વ્યકિતગત પણ માનું છું કે ચાની કીટલી ઉપર આપણે ચા પીવા ઉભા રહીએ અને જો નાનું બાળક ચા લઈને આવેને તો ચા ના પીવાય, કેટલાક કમિટમેંટ હોવા જોઈએ વ્યકિતમાં, સરકારોમાં પક્ષોમાં અને એ કમિટમેંટની વાત લઈને બેનશ્રી ઉષાબેન આવ્યા છે. આજે આપણે એક કલાક કયાંક નજર માંડીને જોઈશું તો કયાંકને કયાંક આપણને બાળમજૂર દેખાશે એ બાળમજૂરી ઓછી થાય એના તરફ પણ આપણી નજર જાય , એ બાળમજૂરી કેમ કરવી પડે છે, એના પિતાનું છત્ર ગુમાવી દીધું હોય છે, બે કે ત્રણ ભાઈ-બહેનો હોય માતા કંઈ કામ કરી શકતી નથી હોતી, એ બે કે ત્રણ બાળકો સવારે જાય છે અને સાંજે પાછા આવે, દસ, પંદર કે વીસ રુપિયા લઈને પાછા આવે છે ત્યારે એનું ઘર ચાલે છે એની ભણવાની ઉંમર છે, સારું આરોગ્ય લેવાની ઉંમર છે પણ એને બાળમજૂરી કરવી પડે છે કારણ કે એને તેના પેટનો ખાડો પૂરવો છે. માનનીય અધ્યક્ષશ્રી, શાળામાં બાળકોનો તપાસ કરવાનો કાર્યક્રમને હું સ્વીકારું છું, વખાણું છું. અતિગંભીર રોગ જ્યારે પકડાય, તબીબીઓ એમ કહે કે આનું ઑપરેશન તાત્કાલિક કરવા જેવું છે ત્યારે આપના દ્વારા વિનંતી કરું છું કે એવું ઑપરેશનનો ક્રમ નક્કી ના થાય, એનું ઑપરેશન જરૂરિયાતના સમયે તાત્કાલિક થાય એ જરૂરી છે. એનો ક્રમ આપવામાં આવે છે કે આટલા દિવસ પછી તમારું એમ.આર.આઈ. કે તપાસ કરીશું એમાં સરકાર કાંઈ આ સંકલ્પ દ્વારા વિચારે એવી નમ્ર વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દહેગામ તાલુકાના હાલીસા ગામનો દાખલો આપું છું. એક રિટાયર પ્રાથમિક શાળાના શિક્ષકના દીકરાની દીકરી જેની વય મર્યાદા સરકારે નક્કી કરી હશે, બાળકનું ઑપરેશન કરવા માટેની અને એના ભણતર માટેની એમાં સાહેબ જ્યારે હું એના બેસણામાં ગયો ત્યારે એના વાલીએ કહ્યું વયમર્યાદા કરતાં ૧૧ દિવસ વધારે થતા હતા એટલે તેનું ઑપરેશન ના થઈ શક્યું અને એ દીકરી ભગવાનના ધામમાં પહોંચી ગઈ. ક્યાંક માનવતા લાવવી પડશે. માત્ર ચોપડાના નીતિ-નિયમો નહિ જવાય. આપણે એવી વ્યવસ્થા આપવી પડશે કે વયમર્યાદામાં બે-પાંચ દિવસ કે મહિનો-બે મહિના વધ-ઘટ થાય પણ એની જરૂરિયાત ઑપરેશનની છે, એની જરૂરિયાત જીવન બચાવવાની છે એવા બાળકને જ્યારે બચાવીશું અને તાકાત આપીશું ત્યારે જ એ ગુજરાતનું પનોતું બાળક ગણાશે અને એ ગુજરાતનું પનોતું બાળક એ આવતા દિવસનું ભવિષ્ય બની શકશે એવી વિનંતી આપના માધ્યમ દ્વારા કરું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રીમતી ઉષાબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યાં છે એ સંકલ્પને મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ગુજરાતની સ્થાપના થઈ, ગુજરાત મહારાષ્ટ્રથી જુદું પડ્યું ત્યારથી અત્યાર સુધી ગુજરાતના શાસનમાં ૩૫ વર્ષ સુધી કોંગ્રેસ પક્ષના માણસોએ શાસન કર્યુ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : રાજકારણથી ઉપર ઊઠોને(અંતરાય)

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** :સાચા અર્થમાં (અંતરાય) હું એના ઉપર જ આવું છું સાહેબ.

**અધ્યક્ષશ્રી** : સીધા આવી જાવ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે મારો અનુભવ છે એ મારે રજૂ કરવાનો છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી જેઠાભાઈ જે રીતે આ સભાગૃહની અંદર ચર્ચા થઈ છે એનું હાર્દ સમજીને તમે આગળ વધો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જે રીતે કૂદકે ને ભુસ્કે માનનીય ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈના શાસનમાં આગળ વધી રહ્યું છે ત્યારે મારે આખા દેશ અને વિશ્વની અંદર તા. ૨૭-૪-૨૦૦૦ નાં રોજ વિશ્વદિન તરીકે ઊજવણી થતી હોય અને ગુજરાત આની અંદર નીરોગી બાળક દિવસ માટે ઊજવવાનું નક્કી કર્યુ છે ત્યારે મારે કહેવું જોઈએ કે ગુજરાતની અંદર આરોગ્યની સુવિધા માટે, એની ગુણવત્તા વધારવા માટે, બાળ મરણ, પ્રસૂતાબહેનોની પ્રસૂતિ નિયમિત રીતે બાળકને શું તકલીફ છે, ગર્ભ અવસ્થાથી માંડીને બાળકનો જન્મ થાય ત્યાં સુધી સુવિધા આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કર્યુ છે ત્યારે મારે એમને ધન્યવાદ આપવા જોઈએ કે બાળકનો જન્મ નહિ, એને ગર્ભ રહે ત્યારથી એની સારવાર અને કાળજી રાખવા માટે આ ગુજરાતની અંદર ગામડે ગામડે નર્સબહેનો, આઈ.સી.ડી.એસ.ની બહેનો, ધાર્મિક સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ અને ચિરંજીવ યોજના દાખલ કરીને ગુજરાતની અંદર જે બાળકનો મૃત્યુનો દર થતો હતો, જે માતા મૃત્યુ દર હતો એનો ઘટાડો કરવાનુ જો કોઈએ કામ કર્યુ હોય તો આ ગુજરાતના શ્રી નરેન્દ્રભાઈની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપને મારે યાદ અપાવવું જોઈએ કે આપ જ્યારે આરોગ્યમંત્રી હતા ત્યારે મારા શહેરા મત વિસ્તારની અંદર રાહત અને અછત કૅમ્પો ચાલતા હતા. રાહતની કામગીરી ચાલતી હતી ત્યારે આપ જાતે, સૌથી વધારે મેન્ટલી રિટાયર્ડ બાળકો, મંદ બુદ્ધિના બાળકો શહેરા તાલુકામાં હોવાના નાતે આપ આરોગ્ય મંત્રીશ્રી હતા ત્યારે થાઈલેન્ડના એક મૅડમને સાથે લઈ રાહત કામો ઉપર આપ આવ્યા હતા અને ત્યાં કાર્યક્રમ કર્યો હતો એ બદલ મારે આપને પણ અભિનંદન આપવા છે. જો ગુજરાતમાં સૌથી વધારે બાળમૃત્યુનો દર ઘટાડવા અને બાળક નિરોગી રહે એના માટેનું જો કોઈએ કામ સારામાં સારું કર્યુ હોય તો આપના આરોગ્ય મંત્રી બન્યા ત્યાર પછીથી શરૂઆત થઈ છે. આ મારા મિત્રો કયારનાય મોટી મોટી વાતો કરતા હતા કે ગાંધીજીનું એક સ્વપ્ન હતુ કે સમાજમાં મહિલાઓના હક્કો અને કોઈ બાંધછોડ કરવા માગતો નથી અને મારે પુત્ર-પુત્રી સંપૂર્ણ સમાનતાના

આધારે રાખવાં જોઈએ એવું મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું, એના માટે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી અને ભા.જ.પ.ની સરકાર ગર્ભપાત વિરોધી જે કાયદો હતો એ લાવી હાઉસમાં અને ગર્ભપાત ના થાય એના માટેની કાળજી રાખવાનું કામ ભા.જ.પ.ની સરકારે કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસના મિત્રોને નરેન્દ્રભાઈ મોદીનું નામ આવતાંની સાથે જ કરંટ લાગે છે એનું કારણ શું છે કે એ બધા ઊભા થઈ જાય છે. એમને કરંટ લાગે તો ભલે લાગે પણ હજુ બીજા ૨૫-૩૦ વર્ષ સુધી તમારો વારો નરેન્દ્ર મોદી છે ત્યાં સુધી ગુજરાતમાં આવવાનો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી ચંદુભાઈ ડાભી.

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્ય શ્રીમતી ઉષાબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે અને એમાં એમણે દર્શાવ્યું છે કે, કોઈપણ રાષ્ટ્રની સુખાકારી અને પ્રગતિ એની ભાવિ પેઢી કેટલી સ્વસ્થ અને નીરોગી છે એના પર અવલંબે છે અને એટલા જ માટે આ સરકારે ૨૦૦૮ના વર્ષને નીરોગી બાળક વર્ષ તરીકે જ્યારે જાહેર કર્યુ છે, તો એ ક્યારે સાર્થક થાય ? એ માટેના મારા કેટલાક વિચારો હું પ્રદર્શિત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક અંગ્રેજ વૈજ્ઞાનિક, એક અંગ્રેજ બાયોલોજીસ્ટ હતા અને એમણે સારી માનવજાત માટે એમણે બે વૈજ્ઞાનિક પદ્ધિત દર્શાવી છે એક છે **યુક્રેનીક અને બીજી છે યુથ્રેનીક.** યુથ્રેનીકમાં એમણે કહ્યું છે કે, રાષ્ટ્રના બાળકોનો ઉછેર એ અતિ મહત્ત્વનો બન્યો છે અને એટલા માટે બાળકોના ઉછેર માટે એને સારું પર્યાવરણ, સ્વચ્છ ખોરાક, પોષણક્ષમ ખોરાક અને એને સારી માવજત આપવી જોઈએ અને એને જે જરૂરી છે જે આનંદપ્રમોદ છે, રમતગમત એને એ પણ પૂરા પાડવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, નીરોગી બાળકની, માતાની પ્રસુતિ પહેલા એટલે કે એના જન્મ પહેલા અને જન્મ પછી, જન્મ પહેલાં એની જે માતા છે એની કાળજી રાખવી એ અતિ મહત્ત્વની બને છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક અમારા આદિવાસી વિસ્તારો છે અને આ જે આદિવાસી વિસ્તારોમાં જે લોકો મજૂરી કરે છે અને આવી જે પણ માતાઓ છે એ માતાઓ માટે પોષણક્ષમ ખોરાક એ અતિ મહત્ત્વનો બને છે, કેટલીકવાર એ તૈલી ખોરાક લેતી ત્યારે રતાંધણાપણું આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, તો માતાને પ્રસુતી પહેલાં ખાસ, એમની ખાસ એમનીયોસેન્ટિસીસ પદ્ધિત આવે છે એ કરવી અનિવાર્ય બને છે અને આ પદ્ધિત દ્વારા એમાંથી જે પ્રવાહી કાઢી એનો જે બાયોકેમિકલ ટેસ્ટ કરવામાં આવે છે એ ટેસ્ટ દ્વારા એમાંથી બે વસ્તુ પ્રદર્શિત થાય છે, એક છે કે એ જીનેટિક રોગો ધરાવે છે કે નહીં અને કેટલાક એવા સિન્ડ્રોમ પ્રકારના રોગ હોય છે અને કેટલાક એવા રોગો છે કે જે સિઝોફેઈલીયા છે, હીમોફેલીયા છે થેલેસેમિયા છે આવા જે કેટલાક રોગો થતા હોય છે અને અને ખોડખાપણવાળું બાળક જન્મશે કે નહીં અને જન્મશે તો એ નીરોગી નહીં રહી શકે અને રાષ્ટ્રને ભારરૂપ થશે અને એટલા માટે જ આવી જે માતાઓ છે એની શરૂઆતમાંથી જ એની કાળજી રાખવી એ અતિ મહત્ત્વની બને છે. એટલું જ નહીં બાળક જન્મે અને જન્મ્યા પછી એનું જે રસીકરણ છે એ અતિ મહત્વનું બને છે.માનનીય અધ્યક્ષશ્રી, હું તમને એવા પણ દાખલા આપું કે રસીકરણ બાળકને કરવામાં આવે છે એ યોગ્ય રીતે કરવામાં આવતું નથી. અમુક વિસ્તારમાં જાય અને ગમે તેમ કરવામાં આવે છે. ગમે ત્યાં કરે ત્યારે એની એલર્જી થતી હોય છે અને બાળક હેરાન થતો હોય છે એટલું જ નહીં પણ બાળકને પોષણક્ષમ ખોરાક કેવી રીતે મળે એ મહત્વનું છે. સરકારી હોસ્પિટલમાં જઈએ. હું વડોદરાની હોસ્પિટલમાં દર મહિને એક વખત જઉં છું. બીજી હોસ્પિટલમાં પણ જઉં છું. એમાં બાળકના વોર્ડમાં સ્વચ્છતા ખૂબ મહત્વની બને છે. એની સ્વચ્છતા બરાબર જળવાતી નથી એટલું જ નહીં પરંતુ આ બાળકને યોગ્ય પ્રમાણમાં દવા પણ આપવામાં આવતી નથી. સમતોલ ખોરાક પણ યોગ્ય પ્રમાણમાં આપવામાં આવતો નથી. તો સમતોલ ખોરાક આપવામાં આવે એ મહત્વનું છે. બીજું મહત્વનું એ છે કે એની સારવાર કરનાર ડોકટર, નર્સનો માયાળુ સ્વભાવ અતિ મહત્વનો બની રહે છે. કયારે સાર્થક થાય નિરોગી બાળક વર્ષ કે આજે બાળકને જોઈતી જરુરિયાતો અને બાળકોના રોગનો સૌથી નીચો આંક આવે તો આ નિરોગી બાળક વર્ષ સફળ થશે. બાકી ગમે તેટલા બોર્ડ મારવાથી કે જાહેરાત કરવાથી નિરોગી વર્ષ સફળ થવાનું નથી.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષ મહોદય, મારા સાથી બહેન ઉષાબહેન પટેલ ખૂબ જ સુંદર અને અભિનંદનીય એવો બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પના સમર્થનમાં હું મારી વાત મૂકું છું.

અધ્યક્ષ મહોદય ભારતીય પરિવારમાં બાળકને નિરોગી રાખવાની જવાબદારી પરિવારની અંદર કોઈની હોય તો તે માં ની છે. પરિવારની માં ચિંતા કરે છે. માં પોતાનું બાળક નિરોગી રહે, બાળકને કાંઈ ન થાય એ જુએ છે. બાળકને કાંઈ થાય તો ઉજાગરા કરે છે. દલપતરામની કવિતા છે."સુકામાં સુવાડી ભીને પોઢી પોતે" આ કવિતાની આગળ છે" મહા હેતવાળી દયાળી મા તું" આ સંકલ્પ લાવ્યા છે એ સંકલ્પ સરકારને આ હેતવાળી મા બનાવવાની વાત છે. અગાઉની સરકારમાં દીકરી મરે તો મરે એમની કોઈ ચિંતા કરતું ન હતું પણ પ્રવર્તમાન સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આખા ગુજરાતમાં દીકરીને જીવાડવાનું, સ્ત્રી ભૃણ હત્યા અટકાવવાનું કાર્ય કર્યું છે. એના પરિણામ પણ આપણને મળ્યા છે. ૮૦૨ બાળકના સેકસ રેશીયામાંથી ૮૭૨ સુધી પહોંચાડવાનું ભગીરથ કામ કર્યું છે અને સફળતા મળી છે. સરકારે આ વખતે નિરોગી બાળકનો જે સંકલ્પ કર્યો છે. અગાઉની સરકારે આ સંકલ્પ કર્યો હોત તો આજનો ૨૫ વર્ષનો યુવાન સશકત હોત, મજબૂત હોત, રાષ્ટ્ર મજબૂત હોત. આપણે જાણીએ છીએ કે ભારતીય પરંપરામાં દીકરીને જીવાડવાની જે વાત કરી છે એને માટે માનનીય

મુખ્યમંત્રીશ્રીએ ચીરંજીવી યોજના દાખલ કરી કે ચિરંજીવી યોજનાની અંદર અસૂરક્ષિત પ્રસૂતિને કારણે બાળક અને માતાનું મૃત્યુ થતું હતું અને મૃત્યુ દર ખૂબ ઉંચો હતો. ચિરંજીવી યોજનાને કારણે એક લાખ પ્રસૂતિ સૂરક્ષિત રીતે કરવામાં આવી છે અને બાળક અને માતાના મૃત્યુનો દર નીચો લઈ જવાની શકયતા કરી બતાવી છે. મારી બહેને વાત કરી છે કે એક વર્ષની અંદર બાળક મૃત્યુ પામે ત્યારે એનું પ્રથમ અઠવાડિયામાં વધારે પ્રમાણ છે. તો આ જે કૂપોષણના પ્રમાણને ઘટાડવા માટે આ સરકારે બાળભોગનો એક સંકલ્પ કર્યો છે, એના કારણે ૬ વર્ષ સુધીના ૩૨ લાખ બાળકો અને ૪ લાખ સગર્ભા બહેનોને આ બાળભોગના કારણે પોષણ પ્રાપ્ત થયું છે. આ બાળભોગના કારણે જે બાળકો, સગર્ભાને, જે સગર્ભાને બાળક આવવાનું છે એ પણ સશક્ત બાળક મળવાનું છે. આવતા દિવસોમાં એની જોગવાઈ વધારે કરી છે. આવતા વર્ષે જોગવાઈ વધારવામાં આવી છે. આ જે સંકલ્પ છે એ સંકલ્પના કારણે આપણે પ્રાપ્ત કરવાનો ધ્યેય છે. એને જોઈએ તો રોગપ્રતિકારક શકિત બાળકની રોગ પ્રતિકારક શકિત વધે કે જેથી કોઈપણ જાતના રોગો હુમલો ન કરી શકે, બાળક જન્મથી તંદુરસ્ત બને, જન્મથી તંદુરસ્ત બાળક બીજા બધા રોગોનો સામનો કરી શકે છે. પૂરતા વિટામિન મળે, વિટામિન-એ ની જરૂર હોય છે. આયોડીનની જરૂર હોય છે. તમામ વિટામિનો પૂરતા મળી રહે એની પણ સરકારે ચિંતા કરવાની છે. રહેઠાણના અને શિક્ષણના સ્થળ વધુ તંદુરસ્ત રીતે મળે એવી વ્યવસ્થા પણ આ સંકલ્પમાં સરકારે વિચારેલી છે. માંદા બાળકની વહેલામાં વહેલી તકે નિદાન થાય, અસરકારક સારવાર થાય એની પણ આ સંકલ્પમાં ચિંતા વ્યક્ત કરી છે. એટલું જ નહિ, પણ હેરીડીટરીની અંદર રોગો આવતા હશે તો એ રોગો અટકાવવાનું પણ આ સંકલ્પની અંદર વિચારેલ છે. મુખ્યમંત્રી અને સરકાર જે વિચારી રહી છે કે દુનિયાના વિકસિત દેશમાં સૌથી વધારે કોઈ નિરોગી બાળક હોય તો ગુજરાતનું બાળક હોય તેવો સંકલ્પ આ વિધેયકમાં છે એને હું આવકારું છું. એવી આશા રાખું છું કે તમામ સભ્યો નિરોગી બાળક માટે સમર્થન આપશે. આવતું બાળક આવતો નાગરિક વધારે નિરોગી, સ્વચ્છ, મજબૂત બને, ગુજરાત તંદુરસ્ત બને, મજબૂત બને એના માટે સમર્થન જરૂર મળશે.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય મંત્રીશ્રી)** : નિરોગી બાળક અંગેનો શ્રીમતી ઉષાબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે અને એમાં બહેનશ્રીએ એમની સંસદીય કારકિર્દીનું પ્રથમ ભાષણ સન્માનનીય સભાગૃહ સમક્ષ કર્યુ છે, ત્યારે આપના થકી હું બહેનશ્રીને અભિનંદન પાઠવું છું અને ઉજ્જવળ સંસદીય કારકિર્દી માટે મારી શુભ કામના પાઠવું છું.

આ સંકલ્પમાં માનનીય સભ્યશ્રીઓ કાળુભાઈ વિરાણી, જગદીશ ઠાકોર, જેઠાભાઈ ભરવાડ, ચંદુભાઈ ડાભી અને વિભાવરી બહેને પણ પોતાના બહુમૂલ્ય વિચારો મૂકીને સંકલ્પનો જે હાર્દ છે, એને વધુ સાચા અને શાર્પ ફોકસમાં મૂકવાનું કામ કર્યુ છે. સંકલ્પની શરૂઆત એ ગુજરાતની પ્રગતિના પથને વધુ આગળ વધારવાની વાત સાથે થઈ છે અને વધુ આગળ વધારવાની વાત ગુજરાતને જે સાર્વત્રિક પ્રગતિ કરી છે, તેની સાથે જોડી દેવાઈ છે. છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતે દરેક મોરચે અપ્રતિમ પ્રગતિ કરી છે. દસમી પંચવર્ષીય યોજનામાં જે વિકાસ દર ૧૦.૨ ટકાનો હાંસલ કરવાનો હતો, તેની બદલે ૧૦.૪ ટકાનો વિકાસદર ૧૫ ટકા કરતા વધુ ઔદ્યોગિક વિકાસ દર, કૃષિ ઉત્પાદનમાં ૩ ગણો વધારો અને આ બધાની સાથે સાથે નર્મદા બંધનું કૉંક્રિટ કામ પૂરું થાય અને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પીવાના પાણી પહોંચે તે અંગેની સુંદર કામગીરી છેલ્લા ૫ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીના પક્ષે માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચેની સરકારે કરી છે. એના કારણે ટૅન્કર ફ્રી, ફ્લૉરાઇડ ફ્રી અને નાઈટ્રેટ ફ્રી ગુજરાત થયેલ છે, એવું કહીએ તેમાં જરાય અતિશયોક્તિ નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસના બધા પરિમાણો ગણાવા બેસું તો ઘણો લાંબો સમય જાય તેમ છે. હું માત્ર એટલું જ કહીશ કે વિકાસની જે પરંપરા, જે શૃંખલા ચાલી છે તેની સાથે આ નિરોગી બાળક વર્ષ અને તેના થકી આવતી પેઢી એ એક સક્ષમ અને સુદૃઢ પેઢી બને એ માટેનો અભિગમ અને સાહેબ આ કોઈ યોજના નથી. હું એમ માનું છું કે આ સમગ્રતયા જે પ્રયાસ ગુજરાતના સંતુલિત અને સાર્વંગિક વિકાસ માટે થઈ રહ્યો છે. ગુજરાતના છેવાડાના માણસ સુધી વિકાસના ફળ પહોંચે તે માટેનો જે સાર્વત્રિક પ્રયાસ થઈ રહ્યો છે તે શૃંખલામાં જયોતિગ્રામ, ચિરંજીવી યોજના, નિર્મળ ગુજરાત, દીનદયાળ આવાસ યોજના, શહેરી વિકાસ વર્ષ, કૃષિ રથ, સોઈલ હેલ્થ કાર્ડ આવા અનેક પ્રકારના પ્રયોગો થકી સાર્વત્રિક વિકાસનું એક ચિત્ર આ રાજયમાં ઉપસાવવામાં સરકાર સક્ષમ રહી છે તેના ભાગરૂપે નિરોગી બાળક વર્ષ તે પણ એ સ્વપ્નનો એક ભાગ છે. તે કોઈ યોજના નથી અને એટલા માટે જ બેનશ્રી વિભાવરીબેને ખૂબ સાચી વાત કહી. ઝવેરચંદ મેઘાણીને આપણે અત્રે યાદ કરીએ તો તે પંકિતઓ કે **"આભમાં ઉગેલ ચાંદલો અને જીજીબાઈને આવ્યા બાળ, બાળુડાને માત હીંચોળે, ધનનન ડુંગરા ડોલે "** એ માનનીય અધ્યક્ષશ્રી એ ભાવના અને એ બાળકને એક વીર બાળક તરીકે, રાષ્ટ્રભકત તરીકે, જેને આ રાષ્ટ્રના સન્માન અને ગૌરવને એક અખંડિતતા અને માન બક્ષ્યું તે પ્રકારના ભાવિ પેઢીના ઘડતર માટે આ કલ્પના એ સમગ્રતયા એક સુદ્રઢ રાષ્ટ્ર અને એ રાષ્ટ્રનું ઘડતર કરવા માટેની કલ્પના છે અને તે કલ્પના આબાલ વૃદ્ધ સૌને આગળ જતાં આ ગુજરાત માટે ગૌરવવંત કરે તેવી કલ્પના છે અને એટલે સ્વાભાવિક રીતે જ એમાં આ પક્ષ કે પેલો પક્ષ એવી કોઈપણ રાજકીય વિચારસરણીથી ઉપર ઊઠીને માનનીય સભ્યશ્રીઓએ સમગ્રતયા આવકાર આપ્યો છે તેને હું બિરદાવું છું અને માનનીય સભ્યશ્રીઓએ જે ભાવનાથી આ સમગ્ર વાતમાં સૂર પુરાવ્યો છે તેને પણ હું આવકારું છું. **"શતમ્ જીવમ્ શરદમ"**્ એ રીતના આશિર્વાદ અપાય છે પણ તે આશિર્વાદ અધૂરા છે. ખરી રીતે આશિર્વાદની સાથે બીજી બે વાતો જોડવી જોઈએ. " **શતમ્ જીવમ્ શરદમ્, શતમ્ પશ્યે શરદમ્, શતમ્ ઘ્રાણેણ શરદમ્**" માત્ર સો શરદ જીવી શકો એટલું

જ નહીં સો શરદ જોઈ શકો, સો શરદ સૂંઘી શકો એવું તંદુરસ્ત જીવન જીવવાની જે કલ્પના છે તેનો પાયો નાંખવાની જો વાત કરવી હોય તો એ નિરોગી બાળકના આ અભિયાન થકી જ થઈ શકે અને એ અભિયાનના ભાગરૂપે બેન શ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે તે સંકલ્પને આપણે તે પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો મને લાગે છે કે આ કોઈ યોજનાનો ભાગ નથી પણ એક સ્વપ્નનો ભાગ છે અને સરેરાશ આયુષ્ય મર્યાદાની દ્રષ્ટિએ આજે જ્યારે વિશ્વની સરેરાશ આયુષ્ય મર્યાદા ૬૭ વર્ષની છે તેને પાર કરીને આપણે જ્યારે ૬૮ વર્ષની સરેરાશ આયુષ્ય મર્યાદાના સ્તરે પહોંચ્યા છે ત્યારે સમગ્રતયા આ આવનાર પેઢી અંગ્રેજીમાં એવું કહેવાય છે કે If you want to predict any country tomorrow look at their younger generation today. જો આજની પેઢી સક્ષમ, મજબૂત હશે તો આવતીકાલ દેશની સુદ્રઢ બનવાની છે. એટલે આ આખો પ્રયાસ તે દિશામાં છે. બાળક એ સાચા અર્થમાં રાષ્ટ્રની મૂડી છે અને મહદઅંશે બાળમરણનું જે પ્રમાણ છે તે પાંચ વર્ષથી નાના બાળકોના કુલ મૃત્યુના ૬૦ થી ૭૦ ટકા મૃત્યુ પહેલા વર્ષમાં થાય છે. તે પહેલા વર્ષમાં પણ ૬૦ થી ૭૦ ટકા મૃત્યુ પહેલા માસમાં થાય છે અને પહેલા માસમાં જે કુલ મૃત્યુ થાય છે તેમાંથી ૬૦ થી ૭૦ ટકાના મૃત્યુ પહેલા અઠવાડિયામાં થાય છે. બાળકોના મૃત્યુમાં સીધી કે આડકતરી રીતે અપોષણનું પ્રમાણ ૫૭ ટકા જેટલું છે. એટલે માનનીય સભ્યશ્રી જગદીશભાઈએ જે ચિંતા વ્યક્ત કરી તે ચિંતા સકારણ છે અને હું આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે સરકાર તે ચિંતા પ્રત્યે સભાન, સંવેદનશીલ અને સજાગ રહીને કામગીરી કરવા માગે છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ ૨૦૦૭-૦૮ તા.૨૬-૧૨-૦૭ થી ૨૨-૨-૦૮ સુધીનો જે કાર્યક્રમ યોજવામાં આવ્યો તેના નીચે આંગણવાડીમાં ભણતા ૨૬ લાખ ૭૩ હજાર બાળકો અને પ્રાથમિક શાળામાં ભણતા ૭૯,૧૩,૯૭૨ બાળકોની તપાસ કરવામાં આવી છે અને કુલ ૧.૩૫ કરોડ બાળકોને આ કાર્યક્રમમાં આવરી લેવાનું આયોજન છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત નવી બાબત વર્ષ ૨૦૦૭-૦૮ માં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને પણ આવરી લેવામાં આવેલ છે. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને પણ આવરી લેવામાં આવેલ છે અને માઈક્રોન્યુટ્રિએટ કાર્યક્રમ હેઠળ બાળકોને આવરી લેવાની વાત, નીરોગી બાળકનો સંકલ્પ સાર્થક કરી શકાશે એ બાબતમાં મને કોઈ શંકા નથી. માનનીય જગદીશભાઈએ જે ચિંતા વ્યક્ત કરી એ ચિંતાના જવાબમાં મારે એમને એટલું જ કહેવું છે કે અત્યાર સુધીમાં ૩૫૭૧ હૃદયને લગતી ગંભીર પ્રકારની બીમારી હોય એને લગતી સર્જરી કે ટ્રિટમૅન્ટ કરવામાં આવી છે. ૬૭૮ કીડની ડીસીસને લગતી બીમારીને ગંભીર પ્રકારની બીમારી ગણીને એને પણ ટ્રિટમૅન્ટ આપવામાં આવી છે, અને ૩૫૭ કેસ, કે જેમાં કૅન્સર જણાયું હોય તો એ બાબતને પણ લગતી સારવાર આપવામાં આવી છે. માનનીય સભ્યશ્રીને હું કહેવા માગું છું કે, સરકાર અને અમારું તંત્ર આ બાબતમાં સંપૂર્ણપણે સંવેદનશીલ રહીને કામ કરવા માગે છે અને આવા કોઈપણ ગંભીર કેસ હોય અને એ બાબતમાં માનનીય સભ્યશ્રીઓને કોઈ ખ્યાલ આવે તો એમાં તાત્કાલિક સારવાર મળે તો એ કેસમાં બાળકની જિંદગી બચી જાય તેમ હોય તો કોઈપણ પ્રકારની જરાપણ ક્ષણનો વિલંબ કર્યા વગર, પછી તે માટે જે કોઈ વ્યવસ્થા કરવાની થતી હોય એ માટેની વ્યવસ્થા કરવા અમારું તંત્ર હંમેશાં સંવેદનશીલ રહીને કામગીરી કરશે એની હું ખાતરી આપવા માગું છું. માનનીય જગદીશભાઈએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો, અવલોકન કર્યુ એના સંદર્ભમાં હું એ વાત આપની સમક્ષ મૂકવા માગું છું કે નિરોગી બાળક, મેં અગાઉ પણ કહ્યું કે તે કોઈ સરકારી યોજના નથી અને એ કોઈ સરકારી યોજના બની શકે નહીં કારણકે બાળકના સ્વાસ્થ્યથી માંડીને માતૃ, જે એની પ્રસૂતા માતા છે તેનું સ્વાસ્થ્ય અને પ્રસૂતા માતાના સ્વાસ્થ્ય બાદ બાળક સોળ વર્ષનું થાય એટલે કે એની એડોલસેન્ટ એઈઝ છે એ પસાર કરે ત્યાં સુધી જો એની સ્વાસ્થ્યની સંભાળ રાખવાની હોય તો એને સામાજના વ્યાપક સહકાર અને ભાગીદાર વગર એ શકય બની શકે નહીં. અને એટલે હું માનનીય સભાગૃહને કહેવા માગું છું કે નિરોગી બાળકની યોજના એને સાતમી એપ્રિલથી શરૂ કરવા માટે જે કાર્યક્રમ નક્કી કરવા જઈ રહ્યા છીએ એને માનનીય સભાગૃહના એકેએક માનનીય સભ્યશ્રીઓને પોતાની યોજના ગણીને એ પોતાનું કામ છે, પોતાના વિસ્તારમાં કોઈ બાળક માંદું ન રહે, કુપોષણયુકત ન રહે, યોજનામાં એવી પણ જોગવાઈ છે કે જે માતા કુપોષણયુકત હોય, એને કોઈ પોષણની જરૂરત હોય તો એને રોજનું એલાઉન્સ આપીને પંદર દિવસ માટે ઓબ્ઝર્વેશન નીચે રાખીને પોષણયુક્ત આહાર આપીને એને સક્ષમ બનાવવાની જોગવાઈ કરેલી છે એટલે માતૃશકિત એની સાથે જોડાયેલી છે, પ્રાર્થના કરીએ ત્યારે પણ આપણે કહીએ છીએ કે યા દેવિ સર્વે ભુતેષુ માતૃરૂપેણ સંસ્થિકા, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમો નમ: એ સંકલ્પ છે, એ પ્રાર્થના છે એને મૂર્તિમંત કરીને બાળક અને માતા બંનેના સ્વાસ્થ્યને જોડવા માટેનો આ કાર્યક્રમને એક આપણે મુહિમ, એક મૂવમેન્ટમાં લઈ જવા માગીએ છીએ અને એ મુહિમ અથવા તો મૂવમેન્ટ તરફ લઈ જવા જન આંદોલનના રૂપમાં એને લઈ જવું હોય તો માનનીય સભ્યશ્રીઓને મારે ખૂબ ગંભીરતાપૂર્વક કહેવું છે કે આપ સૌના સાથ અને સહકાર વગર, માત્ર એક સરકારી કાર્યક્રમ તરીકે આ શકય નથી, એ સફળ થશે તો એની સફળતાનો યશ આપણને બધાને હશે અને એ નિષ્ફળ જશે તો કદાચ આવનારી પેઢી આપણી તરફ આંગળી કરીને કહેશે કે આપણે આપણી ફરજ બજાવવામાં ક્યાંક ચૂક્યા છીએ કે કયાંક નિષ્ફળ ગયા છીએ, માટે આટલો સરસ કાર્યક્રમ, સરસ મજાનું સ્વપ્ન, સરસ મજાની યોજના એને જનઆંદોલનમાં પરિવર્તિત ન કરી શકીએ? એટલે હું આહ્વાન કરું છું માનનીય સભ્યશ્રીઓને કે આ યોજનાને સમગ્રતયા જનઆંદોલનનું સ્વરૂપ આપે, પોતાની યોજના સમજીને પોતાના વિસ્તારમાં એ યોજનાનો વ્યાપ અને એ યોજના તળે મળતી સવલતોનો વધારેમાં વધારે કેમ લાભ લેવાય અને એક દિવસ એવો આવે કે વર્ષના અંતે નિરોગી બાળક વર્ષ પૂરું થાય એટલે કે નિરોગી બાળક માટેનો મુહિમ અથવા એના માટેનું આંદોલન પૂરું

થવાનું નથી પણ એક તબક્કો એવો આવે જ્યારે આપણા તાલુકાનું વર્ગીકરણ, મતવિસ્તારનું વર્ગીકરણ કરીએ અને જે ધારાસભ્યશ્રીના વિસ્તારમાં ઓછામાં ઓછા બાળકો મરતા હોય, ઓછામાં આછી માતા કુપોષણથી પીડિત હોય, ઓછામાં ઓછી તકલીફો બાળકને વેઠવાની હોય, તંદુરસ્ત બાળકોની હરિફાઈ કરીને જયાં વધારેમાં વધારે તંદુરસ્ત બાળક જીવતું હોય, માનનીય અધ્યક્ષશ્રી, એ માનનીય સભ્યશ્રીઓને અને ત્યાંની પ્રજાના પ્રતિનિધિને આપણે બિરદાવીએ કે જેથી કરીને સ્પષ્ટ રીતે સમાજમાં પ્રસ્થાપિત થાય કે ના, લોક પ્રતિનિધિ હોય તો આવા હોય કે જે સમાજના બહુજનહિતાય, બહુજનસુખાય વાતની ચિંતા કરીને બહુજન હિતાય બહુજન સુખાય કામ કરે છે અને એ મુહિમ એ આંદોલનમાં માનનીય સભ્યશ્રીઓ આપ જોડાશો તો પૂરેપૂરો સહકાર અમારા ખાતા તરફથી આ તરફ કે તે તરફના કોઈ ભેદભાવ રાખ્યા વગર એ પૂરેપૂરો સહકાર એ ગુજરાતની ભાવિ પેઢીના હિતમાં એક જન આંદોલનના સ્વરૂપમાં આપવાની અમારી તૈયારી છે અને એ માટેની વાત હું માનનીય સભાગૃહ સમક્ષ મૂકું છું. આ પરિપ્રેક્ષમાં આ લાગણી અને આ જવાબદારીપૂર્વક અને આ ભાવનાથી સન્માનીય ગૃહના સર્વ સભ્યશ્રીઓએ બહેનશ્રી ઉષાબેનના સંકલ્પને આવકાર્યો છે ત્યારે હું પણ એમાં મારો સૂર પૂરાવું છું. એ માટે જે કાંઈ યોગદાન કરવું જરૂરી બને એ અમારા ખાતા તરફથી સરકારના અન્ય ખાતાઓ તરફથી અમારા સાથી મંત્રીશ્રીઓ અને સરકારની દરેકે દરેક પાંખ થકી એ માટે જે કાંઈ કરવું જરૂરી બને એ કરવા અમે તૈયાર છીએ એ વાત સાથે માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પને આવકારું છું. અને બહેનશ્રી ઉષાબેનને ફરી એક વાર અભિનંદન આપું છું. કારકિર્દીના પ્રવેશે જ એમણે એક સરસ મજાનો સુકનિયાળ સંકલ્પ આ સભાગૃહ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરી એમણે એક સરસ મજાની શરૂઆત કરી છે એ માટે એમને અભિનંદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી ઉષાબેન ગી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે સંકલ્પ રજૂ કર્યો છે એમાં માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે સહકાર આપ્યો છે અને મેં જે સંકલ્પ રજૂ કર્યો છે એ માટે અભિનંદન આપીને મને બિરદાવી છે એ બદલ હું એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. સાથે જે માનનીય ધારાસભ્યશ્રીઓ કાળુભાઈ વીરાણી, જેઠાભાઈ, ચંદુભાઈ ડાભી, જગદીશભાઈ ઠાકોર અને માનનીય મારા સાથી મિત્ર બહેનશ્રી વિભાવરીબેનનો ખૂબ ખૂબ આભાર માનું છું.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, વિના વિરોધે સંકલ્પ પસાર થાય એવી અમારી પણ ઈચ્છા છે પરંતુ જે આ એક મુવમેન્ટ છે-ચળવળ છે, આ કોઈ એક સમય મર્યાદાની વસ્તુ નથી. એટલે માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષ દરમ્યાનની સુશાસનની વ્યવસ્થા લખી છે એ પાંચ કરતાં સમગ્ર ગુજરાતની સરકારોએ નાના-મોટા કામો કરીને આને મુવમેન્ટના રૂપમાં લીધી છે આટલી લીટી કાઢી નાંખે તો આ સંકલ્પ સાથે અમે સંમત છીએ. અને આ રીતે આને સર્વાનુમતે આ સંકલ્પને પસાર કરવામાં આવે એવી અમારી ઈચ્છા છે..

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર પ્રક્રિયાને આપનું માર્ગદર્શન ચાહું છું. આ સંકલ્પ શ્રીમતી ઉષાબેન તરફથી મૂકવામાં આવ્યો છે અને એમાં સુધારો કરવા માટે અથવા તો એમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવા માટેનો અધિકાર મને કોઈ પ્રાપ્ત થતો નથી. માનનીય સભ્યશ્રીનો અબાધિત અધિકાર છે. એટલે એમાં એમણે કોઈ ફેરફાર કરવો હોય અથવા તો સુધારો ગ્રાહ્ય રાખવો હોય તો રાખી શકે છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનું છું કે, આ તરફ કે તે તરફ જે સ્પિરિટથી જે ભાવનાથી આખી ચર્ચા થઈ છે એમાં કોઈ શબ્દોને ન વળગી રહીએ. માનનીય સભ્યશ્રી જગદીશભાઈએ ખૂબ સરસ વાત કરી છે કે, આ નિરોગી બાળક વર્ષ એટલે વર્ષ પૂરું થવા આવે એટલે પૂરૂં થઈ જવાનું નથી એ એક ચળવળની માફક આપણે એને લઈ જવાનું છે ત્યારે આપણે સંકુચિત દ્રષ્ટિથી જોવાના બદલે એક લાર્જર કન્ટેસ્ટમાં જોઈએ તો એ ઉચિત રહેશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : ભૂતકાળમાં માનનીય અધ્યક્ષશ્રી, બાબુભાઈ મેઘજીભાઈ શાહ વિપક્ષમાં હતા, અમે સત્તા પક્ષમાં હતા ત્યારે સંકલ્પ સ્વીકાર્યો હતો, મેમ્બરનો પ્રેરોગેટીવ છે એટ એની સ્ટેજ મેમ્બર કેન મોડીફાય ધ રેઝોલ્યુશન, એ જુનિયર મેમ્બર છે આને બહુ ચર્ચાનો વિષય બનાવવાના બદલે આને બહુમતીથી આપ પસાર કરો અમે ના પાડીએ એટલું જ થઈ શકે, બીજું શું થઈ શકે આમાં? સભ્યનો પ્રસ્તાવ છે, ખાનગી મેમ્બરનું બિલ છે ખાનગી મેમ્બરના પ્રસ્તાવમાં મોટાઈ થોડી ન રાખવી હોય તો એ એમની ઇચ્છા છે.

**અધ્યક્ષશ્રી:** માનનીય ઉષાબેન એક લાગણી એવી છે કે, જે અહીંયાં શબ્દો વપરાયા છે "છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન" તે શબ્દો કાઢી નાંખીએ અને એના બદલે " ગુજરાત રાજયની સ્થાપનાના સુશાસન થકી " આટલો સુધારો છે.

**શ્રીમતી ઉષાબેન ગી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સુધારો સ્વીકારું છું.

**અધ્યક્ષશ્રી:** હવે હું સુધારા સાથેનો સંકલ્પ મત માટે મૂકું છું.

**સુધારેલો સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### સંસદીય જ્ઞાનશિબિર અંગે

**અધ્યક્ષશ્રી:** ગૃહની આવતીકાલની બેઠકની જાહેરાત કરતાં પહેલાં સૌ સભ્યશ્રીઓને કાર્યક્રમ તો મળેલ જ છે 'સંસદીય જ્ઞાન શિબિર" તારીખ ૨૯મી ફેબ્રુઆરી એટલે કે આવતીકાલે સાંજે ૪ વાગે શરૂ થશે અને બીજી તારીખે સાંજે પાંચ વાગ્યે પૂરી થશે અને તેને લગતો સંપૂર્ણ કાર્યક્રમ આપ સૌને મળેલો છે આપ સૌને વિનંતી છે કે, આ ત્રણ દિવસ આપ આ જ ગૃહની અંદર આવીને આ 'સંસદીય જ્ઞાન શિબિર'નો લાભ લેશો.

**સભાગૃહની આજની બેઠકનું કામકાજ સાંજના ૭-૫૩ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ શુક્રવાર, તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ સવાર ના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮**
**ફાલ્ગુન ૧૦, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## મહાનગરપાલિકામાં ઑક્ટ્રૉય નાબૂદીથી આર્થિક ભારણ

***૯૫૦ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
(૧) મહાનગરપાલિકાઓમાં ઑક્ટ્રૉય નાબૂદીથી પડતા આર્થિક ભારણ અંગે મહાનગરપાલિકાઓને આર્થિક મદદરૂપ થવાનું હાલ વિચારણા હેઠળ છે,
(૨) જો હા, તો તેનો ક્યારથી અમલ થશે, અને
(૩) તેનું સ્વરૂપ શું હશે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** :
(૧) સરકારશ્રી દ્વારા મહાનગરપાલિકાઓને આર્થિક સહાય આપવામાં આવે છે.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, લાભ પાંચમના દિવસથી સાતેય મહાનગરોમાં ઑક્ટ્રૉય નાબૂદીનો ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે નિર્ણય કર્યો એ અભિનંદનને પાત્ર છે. આ ઑક્ટ્રૉયના કારણે વેપારીઓને, ટ્રાન્સપોર્ટરોને અનેકવિધ અગવડો પડતી હતી. રાજય સરકારના નિર્ણયના કારણે મહાનગરપાલિકાઓની આવકમાં જેટલો ઘટાડો થશે એ પૈકી રાજય સરકાર દ્વારા શું મદદ કરવાનું આયોજન કરવામાં આવેલ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે રાજય સરકારે પ્રજાને જે વચન આપ્યું હતું તે પ્રમાણે લાભ પાંચમથી સાત મહાનગરપાલિકાઓમાં ઑક્ટ્રૉયની નાબૂદી કરી દીધી છે અને એ વખતે જે મહાનગરપાલિકાઓને આવક હતી એની સરેરાશ કાઢી અને મહીનાના ૧૫૦ કરોડ રૂપિયા એટલે કે એક વર્ષના ૧૮૦૦ કરોડ રૂપિયા પ્રોત્સાહક મદદ તરીકે આપવાનું અમલમાં મૂકી દીધું છે અને અત્યાર સુધીમાં જેટલો સમય થયો એની નિયમિત ગ્રાન્ટ દરેક મહાનગરપાલિકાઓને પ્રોત્સાહક મદદના સ્વરૂપે આપી છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, એમણે જવાબમાં કહ્યું કે, ૧૮૦૦ કરોડ રૂપિયાની મદદ રાજય સરકાર તરફથી મહાનગરપાલિકાઓને ઑક્ટ્રૉયના વિકલ્પે આપવામાં આવશે. આ ઑક્ટ્રૉય બંધ થવાથી એના વિકલ્પે રાજય સરકારે કોઈ વેરાઓ નાખ્યા છે? એ હકીકત સાચી છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, ઑક્ટ્રૉય નાબૂદી આ એક હાર્દ છે, સરળતા છે. વેપારીઓને, ટ્રાન્સપોર્ટરોને અને મ્યુનિસિપલ કૉર્પોરેશનના કર્મચારીઓને બધાને આના કારણે ઘણી તકલીફ થતી હતી અને વેપાર-ધંધાને પણ એના કારણે સમયમાં ખૂબ વિલંબ થતો હતો. નાણાકીય ચૂકવણી કરવામાં પ્રશ્નો ઊભા થતા હતા. એટલે ઑક્ટ્રૉય નાબૂદ કરી રાહત આપી છે. એના વિકલ્પે રાજય સરકારે કોઈપણ પ્રકારના વેરાઓ નાખ્યા નથી.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, જે નગરપાલિકાઓની ઑક્ટ્રૉય નાબૂદ થઈ એના અંગેના હુકમો રાજય સરકાર દ્વારા ક્યારે કરવામાં આવ્યા?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આની ખૂબ લાંબી પ્રક્રિયા ચાલી હતી. કારણ કે, આ કાયદાની જોગવાઈમાં પણ એના કારણે સુધારો કરવાનો થતો હતો..

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં આપી દો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપર જ જઉં છું. સરકારે મંત્રીશ્રીઓની એક પેટા કમિટીની તા.૪-૪-૨૦૦૭ના રોજ રચના કરેલી અને એ પેટા સમિતિની રચના થયા પછી મંત્રી મંડળમાં તા.૬-૬-૨૦૦૭ના રોજ આનો રિપૉર્ટ રજૂ કર્યો અને ઑક્ટ્રૉય નાબૂદ કરવા માટે ભલામણ કરી અને રાજય સરકારે લાભ પાંચમથી એટલે કે, તા.૧૫-૧૧-૨૦૦૭થી ઑક્ટ્રૉય નાબૂદ કરવાનો તા.૧૨-૯-૨૦૦૭ના રોજ નિર્ણય કર્યો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આની અગાઉ આ સરકારે સમગ્ર ગુજરાત રાજયમાં મહાનગરપાલિકા સિવાય બધી નગરપાલિકાઓમાં ઓક્ટ્રોય નાબૂદી .. ..

**અધ્યક્ષશ્રી** : માનનીય કાળુભાઈ, પ્રશ્ન મહાનગરપાલિકા પૂરતો મર્યાદિત છે એનો પૂરતો જ પૂછો.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ પૂછવું છે કે આ નગરપાલિકાઓની.. ..

**અધ્યક્ષશ્રી** : નગરપાલિકાઓના પ્રશ્ન માટે જુદો પ્રશ્ન પૂછશો

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે મહાનગરપાલિકાઓમાં ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી એ મહાનગરપાલિકાઓના આર્થિક સહાયના ધોરણો શું નક્કી કરવામાં આવ્યાં?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહાનગરપાલિકાઓની ઓકટ્રોય નાબૂદી કરાતી વખતે મેં કહયું એ પ્રમાણે મંડળની પેટા સમિતિમાં કયા બેઝના આધારે ઓકટ્રોય સામે પ્રોત્સાહક રકમ રાજય સરકાર આપે એની ચર્ચા વિચારણા દરમિયાન એવું નક્કી કરવામાં આવ્યું કે સરકાર ઓકટ્રોય નાબૂદ કરે છે તો એ જે નાણાકીય વર્ષ હતું તા:૧-૧-૦૪થી ઓકટ્રોય નાબૂદ કરી ત્યાં સુધીના લગભગ સાડા સાત મહિનાનો એમાં સમય થયો હતો તો આ સાડા સાત મહિનાની અંદર દરેક મહાનગરપાલિકાની જે ઓકટ્રોયની આવક દર મહિને હતી એની આવકની સરેરાશ રકમ કરી અને એ રકમ નક્કી કરવામાં આવી છે.

## અમદાવાદ જિલ્લામાં નવા પી.એચ.સી./ સી.એચ.સી. કેન્દ્રો

***૭૪૩ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

અમદાવાદ જિલ્લાના તાલુકા મથકોએ તારીખ :૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પી.એચ.સી. કેંદ્રને સી.એચ.સી. કેંદ્ર બનાવેલ છે?

**આરોગ્ય મંત્રીશ્રી** :

એક પણ નહીં.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે માંડલ તાલુકા મથક અને માંડલ ખાતે સી.એચ.સી. કેંદ્ર મળવાપાત્ર છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જે ધારાધોરણો નક્કી કર્યા છે તે મુજબ દર એક લાખની ગ્રામ વસ્તીએ એક સામૂહિક આરોગ્ય કેંદ્ર મંજૂર કરવાનું ધોરણ છે એ મુજબ અમદાવાદ જિલ્લામાં જે સામૂહિક આરોગ્ય કેંદ્ર મંજૂર કરવાના થાય તેને લક્ષમાં લઈએ તો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તેના જવાબમાં હું કહેવા માગું છું કે માંડલ ખાતે સામૂહિક આરોગ્ય કેંદ્ર મળવાપાત્ર છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જ્યારે માંડલને મળવાપાત્ર સી.એચ.સી. કેંદ્ર છે એમ જણાવ્યું છે ત્યારે મારે આપના મારફત એમને જણાવવું છે કે માંડલ તાલુકો પછાત તાલુકો છે અને ઘણા ગરીબ દર્દીઓને લાભ મળી શકે તેમ છે તો માંડલને વહેલી તકે સી.એચ.સી. કેંદ્ર સરકાર ફાળવવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની લાગણી છે તે સાચી છે કારણ કે અમદાવાદ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેંદ્ર સ્થાપવાની શરૂઆત ૧૯૮૫-૮૬ થી થઈ અને આજ દિવસ સુધી માંડલમાં એક પણ સામૂહિક આરોગ્ય કેંદ્ર કાર્યરત નથી એ જોતા જે કંઈ બાકી રહે છે, અમદાવાદ ખાતે માંડલ અને બરવાળા બે કેન્દ્રો બાકી રહે છે અને આપના થકી માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે માંડલ ખાતે સામૂહિક આરોગ્ય કેંદ્ર સ્થાપવા માટે સરકારની તૈયારી છે અને હવે પછીના આયોજનમાં વહેલામાં વહેલી તકે સામૂહિક આરોગ્ય કેંદ્ર માંડલ ખાતે સ્થાપવામાં આવશે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાવળા તાલુકાનું કાવીઠા ગામ અને ગાંગડ ગામ એ બેમાં સબસેન્ટર મંજૂર થયું છે તો એનું કામ ક્યારે થશે અને એનું કામ ક્યારે ચાલુ થશે?

**અધ્યક્ષશ્રી** : શ્રી કાંતિભાઈ આ પ્રશ્ન પી.એચ.સી. અને સી.એચ.સી. પૂરતો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : આપે વાત કહી છે એ સાચી છે પણ જો આપની અનુમતિ હોય તો હું જવાબ આપી શકું તેમ છું.

**અધ્યક્ષશ્રી** : આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : બાવળા તાલુકાના કાવીઠા અને ગાંગડ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થયા છે. આપના થકી હું માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે કાવીઠા તથા ગાંગડ પ્રાથમિક આરોગ્ય કેંદ્રના બાંધકામ માટે રૂા. ૨૫.૬૨ લાખ એટલે કે કુલ ૫૧.૨૪ રૂા. એન.આર.એચ.એમ. નીચે મંજૂર થયેલ છે.

મને કહેતા આનંદ થાય છે કે આ કામના વર્ક ઑર્ડર વડોદરાની એક કંપનીને ૨૪ ડિસૅમ્બર ૨૦૦૭ના રોજ આપવામાં આવેલ છે અને આ કામ ૧૨ મહિનામાં પૂર્ણ કરવાનું આયોજન છે. તે પ્રમાણે જમીન અંગેની લાઈન દોરીની કામગીરી આપીને તા. ૨૩ જાન્યુઆરી ૨૦૦૮ના રોજ કામ શરૂ કરાવવામાં આવેલ છે. સમયમર્યાદામાં કામ પૂરું થાય એ પ્રમાણે કામ પૂરું કરાવવાનું આયોજન છે.

## સુજલામ સુફલામ યોજના હેઠળ ચેકડેમ બાંધવાનું આયોજન

*૬૩૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા (મેઘરજ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ કયા કયા તાલુકાની કઈ કઈ નદી ઉપર ચેકડેમ બાંધવાનું આયોજન હતું,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલા ચેકડેમો કેટલા ખર્ચે પૂરાં થયા,

(૩) કેટલા અને કયા ચેકડેમોના કામો અધૂરા છે, અને

(૪) તે કેટલા સમયમાં પૂરાં કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) કુલ ૪૦૨ ચેકડેમો બનાવવાનું આયોજન હતું. (તાલુકાવાર યાદી પત્રક-૧ મુજબ)

પત્રક - ૧

| અ.નં. | તાલુકા | વર્ષ ૨૦૦૭-૦૮માં આયોજિત ચેકડેમની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | હિંમતનગર | ૨૬ |
| ૨ | ઈડર | ૪૨ |
| ૩ | વડાલી | ૩૧ |
| ૪ | પ્રાંતિજ | ૪૧ |
| ૫ | ખેડબ્રહ્મા | ૩૭ |
| ૬ | વિજયનગર | ૧૫ |
| ૭ | ભિલોડા | ૩૫ |
| ૮ | તલોદ | ૩૬ |
| ૯ | બાયડ | ૫૦ |
| ૧૦ | ધનસુરા | ૩૨ |
| ૧૧ | મેઘરજ | ૭ |
| ૧૨ | માલપુર | ૧૮ |
| ૧૩ | મોડાસા | ૩૨ |
| | કુલ | ૪૦૨ |

(૨) ૨૧૫ ચેકડેમ, રૂા. ૯૫૭.૩૩ લાખનો ખર્ચ.

(૩) ૧૮૭ ચેકડેમ.

(૪) શક્ય તેટલી વહેલી તકે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે પાણીનું આટલું બધું આયોજન કરીએ છીએ, આટલી બધી ચિંતા વ્યક્ત કરતા હોઈએ છતાં પણ ૪૦૨ કામોની સામે માત્ર ૨૧૫ ચેકડેમો પૂરાં થયા છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૪૪ થી ૪૫ ટકા કામો થયા નથી એનું કારણ શું? ૨૧૫ ચેકડેમો બનેલા છે એમાં તૂટેલાનો સમાવેશ થાય છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ગુજરાતમાં સૌ પ્રથમવાર ચેકડેમો બનાવવાની યોજનાનો અમલ કરેલ છે. ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અમલમાં આવ્યું ત્યારથી ૧૯૯૮ સુધી ફક્ત ૪૦૦૦ ચેકડેમો હતા. આ સરકારે એક લાખ જેટલા વિવિધ પ્રકારના ચેકડેમો બાંધ્યા છે. જળસંચયનો એક વિરાટ પ્રજાકીય આંદોલનાત્મક અભિગમ સરકારે અપનાવ્યો અને એના કારણે લોક ભાગીદારી પણ એમાં ઉમેરાઈ છે અને એના કારણે આ ચેકડેમો બનાવવાનું કામ સંખ્યાની દ્રષ્ટિએ વધારે સાબરકાંઠા જેવા પછાત, આદિજાતિ વિસ્તારમાં પણ અમલમાં મૂક્યું છે. સુજલામ સુફલામ યોજનાનો લાભ પણ સાબરકાંઠાને મળે છે અને એના અંતર્ગત જ આ ૨૧૫ ચેકડેમોના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીના ચેકડેમોના કામો અત્યારે ચાલુ છે. હું આશા રાખું છું કે લગભગ ચોમાસા પહેલા મોટાભાગના કામો આપણે પૂર્ણ કરીશું. ભારે વરસાદ ક્યાંક થયો હોય અને નાનું-મોટું ધોવાણ માટી પાળાને થયું હોય તો એના રીપેરીંગનું કામ પણ ચાલુ છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂર ચેકડેમો પૈકી હિંમતનગર તાલુકા અને મોડાસા તાલુકામાં કેટલા ચેકડેમો મંજૂર કર્યા છે? કેટલા પૂર્ણ થયા અને કેટલા પ્રગતિ હેઠળ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આમ તો આ અભિયાન ચાલુ કર્યા પછી સાબરકાંઠા જિલ્લામાં કુલ ૫૮૭૪ ચેકડેમોના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને હિંમતનગર તાલુકાની જો વાત કરીએ તો હિંમતનગર તાલુકામાં પણ જે ચેકડેમો બન્યા છે એની સંખ્યા ૨૬ની છે.

**શ્રી અનિલ જોષીયારા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભીલોડા તાલુકામાં બે મુખ્ય નદીઓ હાથમતિ અને મેશ્વો આવેલી છે. આ બન્ને નદીઓના કિનારા મળતા નથી જેના કારણે ચેકડેમો બની શકતા નથી. તો ભૂગર્ભ ચેકડેમો બનાવવા માગો છો કે કેમ? અને હાથમતિ નદી ઉપર કેટલા ચેકડેમો બનાવ્યા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ભીલોડા તાલુકામાં ૩૫ ચેકડેમો બનાવ્યા છે અને હાથમતિ નદી અંગે પ્રશ્નમાં નથી આવતું છતાં કહું કે આ ચેકડેમો બન્યા છે એમાં જુદી જુદી નદીઓ ઉપર આ ચેકડેમો બનાવવામાં આવ્યા છે એ પૈકી આદિજાતિ વિસ્તારના કારણે જે ગ્રાન્ટ આપીએ છીએ એ ગુજરાત પેટર્ન નીચે પણ છે. સુજલામ સુફલામ હેઠળના પણ છે અને એના કારણે અહીંયા કામો વધારે થયા છે. એમણે જે ભૂગર્ભ ચેકડેમની વાત કરી એ સૂચન છે અને ત્યાં મોટાભાગે પથરાળ વિસ્તાર છે. ઉપરના લેવલે ચેકડેમ ત્યાં વધારે અનુકૂળ આવે છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત માટે સુજલામ્ સુફલામ યોજના એ સૌથી મહત્વની યોજના હતી. પરંતુ આ સુજલામ્ સુફલામ યોજનામાં જે ર૧૫ ચેકડેમો બન્યાં છે એમાંથી ભારે વરસાદના હિસાબે કેટલા ચેકડેમો બિલકુલ તૂટી ગયા છે અને આ ચેકડેમો તૂટ્યા છે એમાં કોઈ * (xxxx) (xxxx) (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી**: આપણે આ પ્રશ્ન સાબરકાંઠા પૂરતો મર્યાદિતછે. એ પૂરતો મર્યાદિત રહ્યો માનનીય મંત્રીશ્રી(અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : નહિ, સાહેબ, મેં સાબરકાંઠામાં (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા**: આ શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી**: નહિ, નહિ, સાબરકાંઠા પૂરતું બરોબર છે બાકીના શબ્દ હું રેકર્ડમાંથી કાઢી નાંખું છું.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર**: સાબરકાંઠામાં જે ડેમો બન્યા છે એમાં કોઈ ભ્રષ્ટાચાર થયો છે કેમ?

**અધ્યક્ષશ્રી**: એની વિગત આપશે. (અંતરાય) આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ યોજનાનું મહત્વ અને એની ઉપયોગીતા (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સાબરકાંઠામાં કોઈ ભ્રષ્ટાચારની ફરિયાદ આવી છે? (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, પૂર્વભૂમિકા તો મૂકવા દેવા વિનંતી, મને જરા માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીની અંદર તમે જેટલો ટૂંકો જવાબ આપો એટલું વધારે સારું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: હા, જી.

**પંચમહાલ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાની મશીનરીનું મરામત કામ**

***૯૧૭ શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) પંચમહાલ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓ કેટલી છે અને તે કયા કયા સ્થળે આવેલ છે,

(ર) આ જૂથ પાણી પુરવઠા યોજનાની મશીનરીનું મરામત કામ અને નિભાવણીનું કામ કોઈ એક કચેરી દ્વારા કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૩) તે કઈ કચેરી દ્વારા થાય છે, અને

(૪) આ મરામતનું કામ ખાતા દ્વારા કરવામાં આવે છે કે કોઈ એજન્સી દ્વારા અને તે એજન્સી કઈ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૯ (નવ) જૂથ યોજનાઓ

| ક્રમ | યોજનાનું નમ | હેડ વર્કસ | |
|---|---|---|---|
| | | સ્થળ | તાલુકો |
| ૧ | વણાંકબોરી | નાથુજીના મુવાડા | શહેરા |
| ર | હિન્દોલિયા | હિન્દોલિયા | લુણાવાડા |
| ૩ | કડાણા ભાગ-૧ | કડાણા | કડાણા |
| ૪ | ચારણગામ | વરધરી | લુણાવાડા |
| ૫ | પાવાગ્ર | ધોળીકુઈ | હાલોલ |
| ૬ | પાનમ | ભુણીદ્રા | શહેરા |
| ૭ | કારંટા | કારંટા | ખાનપુર |
| ૮ | થાણાસાવલી | થાણાસાવલી | લુણાવાડા |

*(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૯ | કડાણાભાગ-૨ | મારૂવાડા | કડાણા |

(૨) ના, જી.
(૩) જાહેર આરોગ્ય યાંત્રિક પેટા વિભાગ ગોધરા અને શહેરા.
(૪) હાલમાં ૫ (પાંચ) યોજનાનું મરામતનું કામખાતા દ્વારા અને ૪ (ચાર) યોજનાની મરામતનું કામ મેસર્સ પ્રિતેશ ટ્રેડીંગ કું. વડોદરા દ્વારા કરવામાં આવે છે.

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે પંચમહાલની ૯ જૂથ પાણી પુરવઠા યોજનાઓનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું અને ક્યા તબક્કામાં છે અને ક્યારે પૂર્ણ થશે? બીજો પ્રશ્ન, મશીનરી, મરામત અને રિપેરિંગ કામ સમયસર અને ગુણવત્તા સભર થાય તે માટે જે યાંત્રિક પેટાકચેરીઓ આવેલી છે એમાંથી એક-બે કચેરીઓ કાર્યરત છે. ત્રીજી કચેરી પણ છે તો એને આ કામગીરી માનનીય મંત્રીશ્રી ફાળવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં પ્રશ્નવાળા કુલ ૯ વિસ્તારમાં કુલ ૯ જૂથ યોજના અમલમાં છે. માનનીય સભ્યશ્રીએ એના નામ અને ક્યારે ચાલુ કર્યા એ પૂછયું છે એમાં વણાંકબોરી યોજના ૨૦૦૨માં, હિન્દોલિયા યોજના ૨૦૦૨માં, કડાણાભાગ-૧ ૨૦૦૦માં ચાલુ કરી છે અને ચારણગામ-૧ ૨૦૦૧માં ચાલુ કરી છે. પાવગઢ-હાલોલ, પાવાગઢ માતાજીનું મંદિર છે, મઢ છે ત્યાં સુધી, પાવાગઢ યોજના નીચે માંચીથી પણ ઉપર સફળતાપૂર્વક પાણી પહોંચાડ્યું છે એ ૧૯૯૮માં ચાલુ કરી છે. પાનમ યોજના ૨૦૦૭માં ચાલુ કરી છે. થાણાસાવલી યોજના ૨૦૦૩ માં કામ આપીને ગયા વર્ષે જ ચાલુ કરી છે. કડાણાભાગ-૨ એ પણ તાજેતરમાં જ શરૂ કરી છે એટલે આ રીતે જોઈએ તો ૧૯૯૮માં કામો ચાલુ કરીને અત્યાર સુધીમાં ૯ યોજનાઓ આ સરકારે પંચમહાલના આદિજાતિ, બક્ષીપંચના ગામડાઓમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે સફળતાપૂર્વક અમલમાં મૂકી છે. બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો, આ યોજનાુઓની મરામતની કામગીરી છે, એના વોટરપંપ ચલાવવા અને એની મરામત કરીને એ બધું આપણે ઈજારો આપી ખાનગી કોન્ટ્રાકટર દ્વારા કરાવીએ છીએ. તાજેતરમાં જે ૩૧-૧ ના રોજ ને ઈજારાની મુદત પૂરી થાય છે એના નવા ટેન્ડરો ઈન્વાઈટ કર્યા છે અને આવતા મહિના સુધીમાં એ તમામ ઈજારદારોને કામ આપી દેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે, આની દેખરેખ એ યાંત્રિક પેટા વિભાગ રાખે છે એમાં એ અમારી બે ડી.ઈ. કચેરીઓમાં આ કામ વહેંચાયેલું છે અને ત્રીજીમાં આ કામ આપવું કે કેમ એ માનનીય સભ્યશ્રીનું સૂચન વિચારવામાં આવશે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો સરકારનો અને પાણીદાર મંત્રીશ્રી નરોત્તમ કાકા હતા ત્યારે જે અમારા ઐતિહાસિક પાવાગઢના ડુંગર ઉપર આટલી ઊંચાઈએ કયારેય કોઈ સરકારોએ પાણી પહોંચાડ્યું નથી, આટલી ઊંચાઈ ઉપર સરકારે પાણી પહોંચાડ્યું એ બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના પાવગઢની જે નવ જૂથ યોજનાઓ (અંતરાય) અરે, અમારી સરકારે કર્યુ છે એવું કહેવા દોને.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં, શ્રી જયદ્રથસિંહજી, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આવું છું, પૂર્વ ભૂમિકા બાંધું છું.

**અધ્યક્ષશ્રી** : પૂર્વ ભૂમિકા નહીં, સીધો પ્રશ્ન.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે નવ જૂથ યોજના છે એમાં મારા વિસ્તારની પાવાગઢ જૂથ પાણી પુરવઠા યોજના, એનું ખાતમુર્હૂત આપણા રાજયના પૂર્વ નાયબ મુખ્ય મંત્રી કોંગ્રેસના હતા એમણે કર્યુ હતું પણ એની ગ્રાન્ટ ભા.જ.પ.ની સરકારે આપી

**અધ્યક્ષશ્રી** : તમે પ્રશ્ન ઉપર આવો નહીં તો હું પ્રશ્ન રદ કરું છું.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ યોજના છે એમાં એક સૂચન છે જે રિપેરીંગનું જે કામ થાય છે એ રિપેરીંગનું કામ બે પેટા વિભાગ કરે છે ગોધરા અને શહેરા, આ યોજના હાલોલમાં આવી છે એને ગોધરા નજીક પડે ઘણા વર્ષો સુધી ગોધરાના સબ ડિવિઝને રિપેરીંગ કર્યુ પણ પછી શહેરા સબ ડિવિઝનને સોંપ્યું અને એનો કૉન્ટ્રૅક્ટ આપ્યો હતો જે કોન્ટ્રાકટ અત્યારે પૂરો થયો છે, નવો કૉન્ટ્રૅક્ટ આપવાનો છે, જૂના કોન્ટ્રાકટરે બરાબર દેખરેખ નહતી રાખી એટલે જૂના કોન્ટ્રકાટરને ન આપવામાં આવે, નવો કોઈ પણ કોન્ટ્રાકટરને આપવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : તમે કોઈ સૂચન ન કરો, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : નવા કોન્ટ્રાકટરને આપવા માગો છો કે કેમ અને અમને તકલીફ ઓછી પડે એવું કરવા માગો છો કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ ટેન્ડર પ્રક્રિયા છે એ કિંમત આધારિત છે, જે ઇજારદાર કવોલીફાય થતા હોય અને નીચી રકમનું ટેન્ડર ભરે તો, જે પણ હોય, કવોલીફાય થતા હોય તો એમને નિયમ પ્રમાણે કામ આપવાનું હોય છે એટલે જૂના-નવાનો ભેદભાવ રાખી શકાય નહીં. જેનું નીચી કિંમતનું ટેન્ડર હોય એને સરકાર કામ આપે છે.

એમણે બીજો પ્રશ્ન કર્યો છે કે, આની નજીકના વિસ્તારમાં આનું દેખરેખનું કામ સોંપવા માગો છો કે કેમ ? તો એ અંગે અમે અભ્યાસ કરી લઈશું.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે, હું આપનું રક્ષણ એટલા માટે માગું છું કે, જ્યારે અમારા પક્ષના સભ્યો રાજકીય અવલોકન કરતા હોય તો આપ

**અધ્યક્ષશ્રી** : નહીં, સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, કામ કરે છે કોઈ અને જશ ખાટી જાય છે આ લોકો, આ ૧૯૯૮માં શ્રી શંકરસિંહ વાઘેલાની સરકાર હતી ત્યારે આ પાવાગઢ જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુર્હૂત થયું હતું. મારો સવાલ એ છે કે, (અંતરાય) અમે પણ ધાર્મિક છીએ અને અમે પણ માતાજી અને રામમાં માનીએ છીએ, અમે પણ પાવાગઢના આ માનનીય શંકરભાઈ વાઘેલા (અંતરાય) મારો પ્રશ્ન એ છે કે, પાનમ જૂથ પાણી પુરવઠા યોજના ૨૦૦૨માં તે વખતે નવ યોજના મંજૂર થઈ હતી તે ૧૯૯૮માં મંજૂરી આપી હતી, મારો પ્રશ્ન એ છે કે, પાનમ જૂથ પાણી પુરવઠા યોજના નંબર-૬ જે આજે પણ ગોધરા ખાતે આ યોજના થકી બે પાણીની ટાંકી હયાત છે, આજે પણ ગોધરા શહેરમાં લઘુમતી અને હિન્દુ વિસ્તારમાં સમ્પ અને ટાંકી બનાવી છતાં આજે પણ પાણી મળતું નથી તો આ પાણીની ટાંકીમાં પાણી ક્યારે ભરાશે અને લોકોને પાણીની સગવડ ક્યારે મળશે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આમ તો માનનીય સભ્યશ્રીએ આખી અલગ બાબત ઊભી કરી છે.

**અધ્યક્ષશ્રી** : છેલ્લા પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ જૂથ યોજના ગામડાઓ માટે છે, હું માનું છું એ પ્રમાણે એમણે ગોધરા શહેરના લઘુમતી વિસ્તારો માટેની વાત કરી છે તો મને અલગથી રજૂઆત કરશે તો હું તપાસી લઈશ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૭, શ્રી સાબીરભાઈ.

**પ્રશ્ન ક્રમાંક-૬૧૯ માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગેરહાજર છે પણ જાહેર હિતમાં.

**શ્રી જયનારાયણ વ્યાસ** : જાહેર હિતમાં જવાબ આપવામાં વાંધો નથી.

**અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટે રાહત કાર્ડ**

***૬૧૯ શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટેની ફી માફી માટે રાહતના રૅશનકાર્ડની માંગણી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) પ્રજાજનો પાસે રાહતના કાર્ડ હોતા નથી અને સરકારે આપવાના બંધ કર્યા છે તે સંજોગોમાં સરકારે આ ગરીબ દર્દીઓને રાહત આપવા શાં પગલાં ભર્યા છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા,જી.

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદીમાં સમાવેશ ગ્રામ્ય તેમજ શહેરી ગરીબ કુટુંબના સભ્યોને ફી માફીનો લાભ તબીબી અધિક્ષક ધ્વારા આપવામાં આવે છે. અન્ય સંજોગોમાં તબીબી અધિક્ષકશ્રી વિવેકબુદ્ધિના આધારે ફી માફી માટે નિર્ણય કરે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ચિંતા ગરીબ માણસોની હોય સમજી શકાય છે હું માનનીય મંત્રીશ્રીને આપના મારફતે એટલું જ પૂછવા માગું છું કે, ધારાસભ્યશ્રી જ્યારે લખીને આપે, આ પક્ષના કે તે પક્ષના, સફેદ કાર્ડની ઘણી મુશ્કેલીઓ છે.

ગરીબ માણસ જેન્યુઈન હોય છે એને કાર્ડને કારણે તકલીફ ન પડે એટલા માટે ભૂતકાળમાં જે પ્રથા હતી કે ધારાસભ્યશ્રી લખીને આપે કે આની આવક ઓછી છે તો એવા કિસ્સામાં એને મફત સારવાર મળે એવી સગવડ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો વિરોધ પક્ષના નેતાશ્રીએ વાત કરી છે એ સૂચન છે પણ મારે આપના થકી માનનીય વિરોધ પક્ષના નેતાને કહેવું છે કે બી.પી.એલ. કાર્ડ હોલ્ડરને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવાના નિયમો છે એ બી.પી.એલ. કાર્ડ હોલ્ડરના તા. ૩૦-૭-૦૭ ના રોજ ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ તરફથી ભારત સરકારના નિર્દેશકો પ્રમાણે ગાઈડલાઈન મુજબ છેલ્લા પાંચ વર્ષમાં ૧૭૯૦૮૩૩૨ જેટલી રાહત ગરીબ દર્દીઓને આપવામાં આવે છે પરંતુ માત્ર આ જ યાદી ઉપર આધારિત રહીને સિવિલ હોસ્પિટલમાં રાહત આપવામાં આવે છે એવું નથી. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીની ચિંતા સકારણ છે. માત્ર ધારાસભ્યશ્રીના પત્ર જ નહીં પણ અન્ય કારણો વ્યાજબી જણાયતો સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ સ્વવિવેક ઉપર નિર્ણય કરીને તે દર્દીને

રાહત આપી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે આવા ૬૧૩૪ કિસ્સામાં બીજા ૮૬૪૯૬૦૮ જેટલી રાહત આપવામાં આવી છે એટલે તંત્ર સંપૂર્ણ સંવેદનશીલતાથી ચાલે છે. ગરીબ એ ગરીબ છે અને ગરીબી રેખા નીચે જીવતા માણસ પાસે કોઈ કાર્ડ કે એવા પ્રકારનો પૂરાંવો ઉપલબ્ધ ન હોય અને વોર્ડમાં ડોકટર ટ્રીટમેન્ટ કરતા હોય તો એની ભલામણ ઉપરથી પણ દર્દીને રાહત આપવાની પ્રથા સિવિલ હોસ્પિટલમાં અનુસરાય છે. એ જ પ્રમાણે આંકડા માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના ધ્યાન ઉપર મૂકું છું આ ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાનીશ્રી, ૭૦ વર્ષની ઉપરના દર્દી તેમજ જેલના કેદીને પણ ફી ભરવામાંથી મૂકિત આપવામાં આવી છે. એટલે તેમણે પૂછયું એ એક જ ધોરણ નથી પણ સાર્વત્રિક છે. છેલ્લા પાંચ વર્ષમાં પોણા ત્રણકરોડ કરતા વધારે રાહત ગરીબ દર્દીઓને એક યા બીજા કારણસર આપવામાં આવી છે. ધારાસભ્યશ્રીનો પત્ર હશે તો પણ સ્વવિવેક મુજબ સિવિલ હોસ્પિટલના અધિક્ષકશ્રી નિર્ણય કરે ત્યારે એના ઉપર ધ્યાન આપવામાં આવે એવી પદ્ધતિ છે અને આ પ્રકારની સૂચના આપવાની સરકારની તૈયારી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ સિવિલ હોસ્પિટલ એ મારા મત વિસ્તારમાં આવેલી છે અને સાચા અર્થમાં માત્ર ગુજરાત જ નહીં પરંતુ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ ઉપરાંત ગરીબ દર્દીઓ આની સારવાર લેતા હોય છે. આ સિવિલ હોસ્પિટલમાં એમ.આર.આઈ. સીટીસ્કેન અને ડોપ્લર ઉપરાંત ટ્રોમાસેન્ટર જેવી સુવિધા છે. આગામી દિવસોમાં આમાં વધારે મોર્ડનાઈઝેશન કરીને દર્દીને વધારે સુવિધા મળે એ માટે કોઈ આયોજન હાથ પર લીધું છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. સિવિલ હોસ્પિટલ એ દેશની મોટામાં મોટી હોસ્પિટલ છે અને ૧૧૦ એકર જેટલા વિસ્તારમાં આ હોસ્પિટલ પથરાયેલી છે એની સેવાનો વ્યાપ કેટલો છે તેનો ખ્યાલ ૨૦૦૬-૦૭ દરમિયાન બહારના દર્દી તરીકે ૭૨૩૬૭૦ દર્દી અને અંદરના દર્દી તરીકે ૬૪૫૭૦ દર્દી મળીને આખા વર્ષ દરમિયાન કુલ ૮૮૨૪૦ દર્દીઓને સિવિલ હોસ્પિટલ દ્વારા ટ્રીટમેન્ટ આપવામાં આવી છે. ઓપરેશનની વાત કરીએ તા એક વર્ષમાં સિવિલ હોસ્પિટલમાં મેજર ૨૦૧૧૫ અને
૧૩૨૬૮ માઈનોર ઑપરેશન મળીને ૩૩,૩૮૩ જેટલા ઑપરેશન કરવામાં આવ્યા છે, એટલે ગરીબ દર્દીઓ માટે છેક રાજસ્થાન સુધીના વિસ્તાર માટે સરસ મજાની સેવા પૂરી પાડતી આ સંસ્થા અને એની જે ચિંતા માનનીય સભ્યશ્રીએ કરી છે, ત્યારે મારે કહેવું છે કે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ સિવિલ હૉસ્પિટલ અમદાવાદને દિલ્હીની ઑલ ઇંડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સીસ જેવી બનાવવા માટે ૧૦૦ કરોડ રૂપિયા કેન્દ્રના ફાળા સાથે ૧૨૦ કરોડ રૂપિયાની રકમ વાપરીને એને અપગ્રેડ કરવાનું અને એમાં સિવિલ હૉસ્પિટલમાં સાધનો લેવાનાં થાય છે, તે ઉપરાંત બી.જે. મૅડિકલ કૉલેજ, ડેન્ટલ હૉસ્પિટલ એન્ડ કૉલેજ, પેરાપ્લેજિયા હૉસ્પિટલ એન્ડ ફિઝિયોથેરાપી કૉલેજ, એમ.જે.એન. ઇન્સ્ટિટ્યૂટ એટલે આંખની હૉસ્પિટલ, કાર્ડિયોલોજીસ્ટ ઇન્સ્ટિટ્યૂટ, નર્સિંગ સ્કૂલ અને કૉલેજ આ બધી જ સંસ્થાઓને સવલતની દ્રષ્ટિએ અને સાધનોની દ્રષ્ટિએ અપગ્રેડ કરીને એમાં દર્દીઓને સારામાં સારા પ્રકારની ટ્રિટમૅન્ટ મળે તે પ્રકારની વ્યવસ્થા હાથ ધરાઈ છે. એની અમલવારી હાલમાં પ્રગતિમાં છે.

**ડૉ.અનિલ જોષીયારા** : મારે આરોગ્ય મંત્રીશ્રીનો આભાર માનવો જોઈએ કે તેઓ પોઝિટિવલી રહ્યા છે. આ જ બાબત ગઈ વખતના આરોગ્ય મંત્રીશ્રીને પૂછવામાં આવેલ હતી કે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતે અને કૅન્સર હૉસ્પિટલમાં જે દર્દીઓ છે એમની ધારાસભ્યશ્રીઓની ચિઠ્ઠી સ્વીકારવામાં આવતી નથી, એવા ગરીબ દર્દીઓને મફત સહાય નથી મળતી. એમને માટે સ્પેશ્યલ બી.પી.એલ. કાર્ડ જોઈતા હતા અને બી.પી.એલ. કાર્ડ નહોતું મળી શકતું. મારે મંત્રીશ્રીને વિનંતી છે કે સિવિલ હૉસ્પિટલમાં કૅન્સર હૉસ્પિટલમાં આવા દર્દીઓ હેરાન ન થાય અને એમને માટે ધારાસભ્યશ્રીનો લૅટર ચલાવવામાં આવે એનાથી ખરેખર ગરીબ દર્દીઓને લાભ મળે એવું કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ**: સભ્યશ્રીને ખ્યાલ હશે કે મેં કહ્યું તેમ ધારાધોરણ છે જ. એ ઉપરાંત દર્દીઓને રાહત માટે અલાયદુ ફંડ આરોગ્ય ખાતા દ્વારા ચલાવવામાં આવે છે, જેમાં ૧૫,૦૦૦ ની મર્યાદામાં રહીને સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત નિધિમાંથી અરજી કરવામાં આવે તો હું આપને ગૌરવ સાથે કહી શકું તેમ છું કે છેલ્લા ૫ વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના શાસનકાળ શરૂ થયા પછી માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી જે અરજી કરવામાં આવે છે, એનો ત્વરિત વિદ્યુતવેગે કહેવાય એ રીતે સહાય મંજૂર કરીને સહાય ચુકવવાની પદ્ધતિ એ રીતની સંવેદનશીલતા સાથે અમારું તંત્ર કામ કરે છે. કૅન્સર હૉસ્પિટલની વાત કરી તો આ ગૃહમાં પણ માનનીય ધારાસભ્યશ્રી બેઠા છે, ત્યારે મારો કાર્યકાળ ટૂંકો છે, પણ એ કાર્યકાળ દરમ્યાનમાં પણ માનનીય ધારાસભ્યશ્રીઓ કોઈપણ ગરીબ દર્દી માટેની રજૂઆત કરશે અને કૅન્સર હૉસ્પિટલમાં પણ મળતી સવલત પ્રત્યે સંપૂર્ણ સંવેદનશીલતાથી વર્તીને જે સવલત આપવાની થાય તે માટેની ભલામણો અને તે માટેની મંજૂરીઓ શકય તેટલા અંશે આપવામાં આવશે અને આ ઉપરાંત આપ જાણો છો તે પ્રમાણે દર્દી માટે રોગી કલ્યાણ સમિતિ છે, તેમાંથી પણ જે સક્ષમ દર્દીઓ છે એમને જે ચાર્જીસ ભરવાનો થાય એના ઉપર યુઝર્સ ચાર્જીસ નાખીને જે રકમ ઊભી થાય તેમાંથી પણ સહાય કરવા માટેની ક્ષમતા છે, એટલે માત્ર એક જ મુદ્દે બી.પી.એલ. કાર્ડના મુદ્દે ગરીબ દર્દીઓને સહાય કરી શકાય છે તેવું નથી. હું માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે એક કરતા વધારે રસ્તે ગરીબ દર્દીઓ અને જેની પાસે સાધનો નથી તેવા દર્દીઓને સંપૂર્ણ

સંવેદનશીલતા પૂર્વક અમારું તંત્ર મદદ કરવા માટે તૈયાર છે. આફટર ઑલ સરકારની સંસ્થાઓ છે. સરકાર દ્વારા પ્રસ્થાપિત સંસ્થાઓ છે, તે સંસ્થાઓ છેવાડામાં છેવાડાના માનવીને લક્ષમાં રાખીને ચાલુ કરવામાં આવેલ સંસ્થા છે. અને સભ્યશ્રીઓને આપના થકી કહેવા માગું છું કે આ પ્રકારનો કોઈપણ કિસ્સો હશે અને બાબતે મારા ધ્યાન ઉપર મૂકવામાં આવશે તો સંપૂર્ણ સંવેદનશીલતાથી અમારું તંત્ર મદદ કરવા માટે હંમેશા તત્પર રહેશે.

**હાલોલ રેફરલ હૉસ્પિટલમાં મૅડિકલ ઑફિસરની ખાલી જગ્યા**

***૧૪૫ શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) જાન્યુઆરી ૨૦૦૮ ની સ્થિતિએ હાલોલ રેફરલ હૉસ્પિટલમાં કેટલા મૅડિકલ ઑફિસરની જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ક્યાં સુધી પૂરવા માગો છો?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) ૨ (બે)

(૨) ઓપન ઇન્ટર્વ્યૂમાં યોગ્ય લાયકાત ધરાવતા તબીબો ઉપલબ્ધ થયે જગ્યાઓ ભરવામાં આવશે અથવા બોન્ડેડ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : રેફરલ હૉસ્પિટલ હાલોલ મૅડિકલ ઑફિસરની જે જગ્યા ખાલી હતી તે ભરવા બદલ આરોગ્ય મંત્રીશ્રીનો આભાર માનું છું.

**અધ્યક્ષશ્રી** : જયદ્રથસિંહજી પ્રશ્ન ઉપર આવો. આભાર, અભિનંદન પ્રશ્નોત્તરીમાં નહીં આપી શકો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : પાવાગઢ અને જન હનુમાન પવિત્ર તીર્થધામ અમારા વિસ્તારમાં આવેલ છે. ત્યાંથી જે યાત્રાળુઓ નીકળે છે.

ત્યાંથી જે યાત્રાળુઓ નીકળે છે ત્યારે ઘણા અકસ્માતો વર્ષમાં થાય છે અને તેમાં ફ્રેકચર થાય તેઓને હાલોલથી બરોડા સિવિલ ખાતે રીફર કરવા પડે છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાલોલ રેફરલ હૉસ્પિટલ ખાતે ઓર્થોપેડીક ડિપાર્ટમૅન્ટ અને ઓર્થોપેડીક મૅડિકલ ઑફિસર આપવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીની લાગણી સાથે સંમત છું પણ હું પરિસ્થિતિનો ઉકેલ હું એ રીતે જોઉ છું કે સભ્યશ્રીએ પહેલો જે પ્રશ્ન કર્યો તે પ્રશ્ન કર્યો ત્યારે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી અધિકારીઓની બે જગ્યાઓ ખાલી હતી આપના થકી સન્માનનીય ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે ત્વરિત ગતિએ છેલ્લા દસ દિવસમાં બે જગ્યાઓ ભરવામાં આવી છે. એટલે આ જે કાર્યવાહી થઈ છે તેનાથી સભ્યશ્રીને સંતોષ થયો હશે. ત્યારબાદ તેમની જે વાત છે તેને ગુણવત્તાના ધોરણે ચકાસી સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવામાં આવશે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જગ્યાઓ કેટલા વખતથી ખાલી હતી?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો એવું કહેવાય છે કે રોટલા ખાવાથી કામ હોય તો ટપાટા ગણવા નહીં જોઈએ. જગ્યાઓ ખાલી હતી...

**અધ્યક્ષશ્રી** : નહી નહીં આપ જવાબ આપો કે કેટલા વખતથી આ જગ્યાઓ ખાલી હતી? ઑર્ડર ઑર્ડર માત્ર આપ તારીખ આપો અથવા સમય આપો. શ્રી રાઉલજી આપના પ્રશ્નનો જવાબ આપે છે આપ પ્રશ્નના જવાબ ઉપર ધ્યાન આપો.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય મિત્રની તકલીફ એ છે કે પાણી અને કેરોસીનનું મિશ્રણ થાય એમ બેઠા છે, કોંગ્રેસની બાજુમાં બેઠા છે, પરંતુ હજું રાજપામાં એમનો જીવ ચોટેલો છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં એમની ચિંતા કર્યા વિના સીધા પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી એક જગ્યા ૧૧-૪-૦૭ થી ખાલી હતી અને તે રાજીનામું આપવાના કારણે ખાલી પડેલ હતી. બીજી જગ્યા ૨૭-૪-૨૦૦૭ થી ખાલી પડી છે અને તે પણ રાજીનામું આપવાના કારણે ખાલી પડેલ હતી. અત્યારે બંને જગ્યાઓ ભરવામાં આવેલ છે.

**સુરેન્દ્ર નગર જિલ્લામાં ચેકડેમ બાંધવાનું આયોજન**

***૩૨૭ શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

**(૧)** સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં મોટી નદીઓ પર કુલ કેટલા ચેકડેમ બાંધવાનું આયોજન છે,

(૨) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલા ચેકડેમના બાંધકામ પૂરાં થયેલ છે, અને

(૩) બાકી રહેતા ચેકડેમ પૂરાં કરવાનું આયોજન શું છે?

**જળ સંપત્તિ મંત્રીશ્રી :**

**(૧)** ૧૦૭ ચેકડેમ

(૨) ૧૦૦ ચેકડેમનાં બાંધકામ પૂરાં થયાં છે.

(૩) ટૂંક સમયમાં પૂરાં કરવાનું આયોજન છે. .

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો સુરેન્દ્રનગર જિલ્લો નપાણીયો જિલ્લો છે. રાજય સરકારની ચેકડેમની યોજના બનવાને કારણે કપાસ અને જીરૂનો વિક્રમજનક પાક અમે લઈ શક્યા છીએ. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમ બાંધવાનું આયોજન છે અને કેટલા પૂર્ણ થયા છે તથા કેટલા બાકી છે અને તેના માટે આગોતરુ આયોજન શું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લો પણ આવરી લેવામાં આવેલ છે. તેના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લામાં જે નદીઓ છે તેમાં મોટા ચેકડેમ બનાવવા માટેની યોજના મંજૂર કરવામાં આવેલ અને તે પૈકી ૧૦૭ ચેકડેમ મંજૂર થયા છે અને બે વર્ષ પહેલાં તેના કામ પૂર્ણ થયા છે અને ગયા વર્ષના ચોમાસામાં અને આગળના વર્ષના ચોમાસામાં તેમાં પાણી ભરવામાં આવેલ છે અને ૧૦૭ ચેકડેમની કામગીરી પૂર્ણ થતાં ચાલુ વર્ષે બીજા પણ ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા છે અને તેના માટે નાણાંકીય જોગવાઈ થઈ છે. કામોનું આયોજન થઈ ગયેલ છે અને અગાઉ જે ૧૦૭ ચેકડેમ બનાવવામાં આવ્યા હતા તેની કિંમત ૮૪ કરોડ રૂપિયા હતી અને બીજા જે નવા ચેકડેમ મંજૂર કર્યા છે તેમાં ૧૩ કરોડના ખર્ચે ૧૧ ચેકડેમ બનાવવાનું આયોજન છે. સુરેન્દ્રનગર જિલ્લામાં કંકાવટી, બ્રાહમણી, વઢવાણ ભોગાવો મોટી નદીઓ ઉપર આ ચેકડેમ બનાવવામાં આવશે.

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, જ્યાં સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદાની કેનાલ નથી આવતી અને તો ત્યાં વધુમાં વધુ નદીઓ ઉપર આ ચેકડમ બાંધવા માગે છે કે નહીં ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બાંધવા માગીએ છીએ એ તો ખરૂ જ, પણ બાંધી ચૂક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ચોટીલામાં જે ચેકડેમ સરકારે બનાવ્યા છે તેમાં પાંચ ચેકડેમ બનાવ્યા છે, ર કરોડ ર૮ લાખ રૂપિયાના ખર્ચે કર્યા છે. એવી જ રીતે સાયલા વિસ્તારમાં પણ જે માનનીય સભ્યશ્રીને લાગુ પડતો વિસ્તાર છે. ત્યાં આગળ ૧૬ ચેકડેમ બનાવ્યા છે અને આ રીતે ૧૦૭ ચેકડેમ બન્યા છે એ કુલ નવ તાલુકામાં બનાવવામાં આવ્યા છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર શહેરની વચ્ચેથી ભોગાવો રીવર નીકળે છે તેના ઉપર રીવર ફ્રન્ટની યોજના છે કે કેમ, અને જો હોય તો ક્યારથી શરૂ કરવા માગો છો ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રીવર ફંટનો આમાં કોઈ ઉલ્લેખ આવી શકે નહીં, આ તો ચેકડેમોનો પ્રશ્ન છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે, ચેકડેમો બનાવવામાં આવે છે એ બહુ સારી વાત છે અને ખેડૂતોને ફાયદાકારક છે પણ એમાં જ્યારે મરામતનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે ખાતાના અધિકારીઓ એમ કહે છે કે, મરામત માટેની કોઈ જોગવાઈ નથી એટલે એ ચેકડેમો એમને એમ પડી રહે છે અને એના સાક્ષી અમારા પ્રભારી મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી પણ છે અને એમની દરમિયાનગીરીથી મારા ગામનો ચેકડેમ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આ સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રશ્ન છે એટલે આપશ્રી....

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમોના મરામત માટેનો જોગવાઈ કરવા માટે, નાણાની જોગવાઈ કરવા માગે છે કે નહીં, મારા અનુભવ પ્રમાણે અને રર વર્ષના અનુભવથી કહું છું.

**અધ્યક્ષશ્રી** : મરામતની જોગવાઈ પૂરતું રાખીએ, બરાબર છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અપ્રસ્તુત નથી, ચેકડેમોના રિપેર માટે ખાતાના અધિકારીઓ ના પાડતા હોય તો આ ચેકડેમો કરવાનો કોઈ અર્થ નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી છે એ પ્રકારનું સરકારે આયોજન કર્યુ છે, ચેકડેમો બનાવ્યા પછી અનુભવે એવું જણાયું છે કે ચેકડેમોનું સિવિલ કન્ટ્રક્શન હોય છે એ બરાબર મજબૂત હોય છે પણ ભારે વરસાદ થાય કે પૂર આવે તો બાજુમાં માટી પાળા, કાંઠાના પાળા ધોવાય છે, માટીકામ ધોવાય છે તો જયાં જ્યાં આવા માટીકામ કે પાળા ધોવાયા હોય ત્યાં આગળ એનું રીપેરિંગ એટલ કે મેન્ટેનન્સ અને માટીકામ પૂરાંણ કરવાની જોગવાઈ કરી છે અને જયાં જ્યાં આવું છે ત્યાં કામ કરવાનું આપણે શરૂ કરવાના છીએ.

## વડોદરા જિલ્લાના પ્રાથમિક/ સામૂહિક આરોગ્ય કેન્દ્રનું સંચાલન

***ર૦૩ શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો સેવાભાવી સંસ્થાઓનુ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા સુપરત કરવામાં આવ્યા, અને

(ર) કયા કયા તાલુકામાં કઈકઈ સેવાભાવી સંસ્થાઓ હાલ આવા દવાખાનાનું સંચાલન કરે છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર (છાણી) તા. જી. વડોદરાનું સંચાલન જનકલ્યાણ સાર્વજનિક હૉસ્પિટલ ટ્રસ્ટ , વડોદરાને સોંપવાનો નિર્ણય થયેલ છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આ સમયગાળા દરમિયાન કોઈ સેવાભાવી સંસ્થાને સોંપવામાં આવેલ નથી.

| તાલુકાનું નામ | સ્વૈચ્છિક સંસ્થાનું નામ | સા.આ.કેન્દ્ર/પ્રા.આ.કેન્દ્રનું નામ |
|---|---|---|
| સંખેડા | મંગલ ગ્રામ સેવા નીધી ટ્રસ્ટ, વડોદરા | સામુહિક આરોગ્ય કેન્દ્ર, ગોલાગામડી |
| શિનોર | શકિતકૃપા ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા | સામુહિક આરોગ્ય કેન્દ્ર, મોટા ફોફળીયા |
| પાદરા | બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચાણસદ |

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો સેવાભાવી સંસ્થાઓને સોંપવામાં આવ્યાં છે, ખાસ કરીને સંખેડા તાલુકાના મંગલ ગ્રામ સેવા નીધિ ટ્રસ્ટને આ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ગોલા ગામડીની જવાબદારી સોપવામાં આવી છે. ત્યાં ૨૨ જેટલી નર્મદાના આદિવાસી અસરગ્રસ્તની કોલોનીઓ આવેલી છે અને સંખેડા તાલુકામાં અને એ વિસ્તારમાં આદિવાસીઓની સંખ્યા પણ વધારે છે, તો આ જે મંગલ ગ્રામ સેવા નીધિ ટ્રસ્ટને જે જવાબદારી સોંપવામાં આવી છે પણ તેમાં ડોકટરોને, ફાર્માસિસ્ટોને, એકસરે ટેકનીશીયનોને અને નર્સોને પૂરો પગાર મળવો જોઈએ એ મળતો નથી અને આ દવાખાનામાં જે સુવિધાઓ છે, સોનોગ્રાફીની સુવિધા, એકસરેની સુવિધા, આ બધી સુવિધાઓ નથી તો આ પૂરેપૂરો પગાર મળે અને આ સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ થાય અને બે બે વર્ષ સુધીની જ આની માન્યતા આપવામાં આવે છે તો આ કાયમી દવાખાનું કરવા માટે આપ વિચારો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સ્વૈચ્છિક સંસ્થાઓને સરકારી હૉસ્પિટલો, દવાખાનાઓ અને આરોગ્ય કેન્દ્રો સોપવા માટેના ચોક્કસ નિર્ધારીત માપદંડો, શરતો અને બોલીઓ છે અને એ મુજબ આની સોપણી કરવામાં આવતી હોય છે. અને એમાંની એક બોલી અથવા શરત એ પણ છે કે, જે સરકારના પગારના ધારા-ધોરણો હોય એ મુજબના પગારની ચૂકવણી એમને કરવામાં આવે છે. ત્યાર પછી સમય મર્યાદાની વાત છે ત્યાં સુધી સમગ્ર યોજના અત્યારે અજમાયશી તબક્કે શરૂ કરવામાં આવી છે એટળે એના અનુભવ ઉપરથી અને એ વિસ્તારમાં જે તે સ્વૈચ્છિક સંસ્થાઓ કઈ જાતનું પરફોમન્સ રહેલું છે અને ઈ-વેલ્યુએશન થાય છે કે એની કયા પ્રકારની કામગીરી છે એના આધારે નિર્ણયો આગળ લેવામાં આવતા હોય છે અને એ પ્રમાણે નિર્ણય લઈશું. એટલે માનનીય સભ્યશ્રીની લાગણી છે, માનનીય સભ્યશ્રી તો આ ગૃહના અતિ સન્માનીય સિનિયર સભ્યશ્રી છે એટલે એમની લાગણી લક્ષ્યમાં રાખીશું. ત્યાર પછી સવલતોની વાત છે એમાં પણ જે કાંઈ સવલતો મળવાપાત્ર છે એ સવલતો આપી છે અને જ્યારે જ્યારે જે કંઈ આપવાનું થશે ત્યારે એ અંગેની વિચારણા ધારા-ધોરણો અનુસાર અને જે શરતો અને બોલીઓથી આ સ્વૈચ્છિક સંસ્થાને સોંપણી કરવામાં આવી છે એની મર્યાદામાં રહીને નક્કી કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી હું માનનીય સભ્યશ્રીઓને હું ચોક્કસ ખાતરી આપવા માગું છું જે સંસ્થાને સોપવામાં આવી છે એ સંસ્થાની અત્યાર સુધીની કામગીરીથી તો આપ સંતુષ્ટ હશો જ. સારી રીતે કામગીરી કરે છે અને બધું સારી રીતે ચાલશે તો આગળ જતા પણ આ સહકારને આગળ લંબાવવામાં હું માનતો નથી કે કંઈ હરકત સરખું થાય તો એ રીતે આપણે ઉદારતાપૂર્વક આગળની એમની બે વર્ષ પછીની મુદ્દતની લંબાવવાની વાતને પણ એ વખતે આપણે ધ્યાનમાં લઈશું.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સંખેડા તાલુકામાં મંગલ ભારતી ટ્રસ્ટ છે એનો કાર્ય વિસ્તાર શું છે અને એનાથી કેટલા ગામોને આ કેંદ્રનો લાભ મળે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કાર્ય વિસ્તાર સામાન્ય રીતે વસતિ પ્રમાણે નક્કી કરવામાં આવતો હોય છે સામૂહિક આરોગ્ય કેંદ્રનો એટલે જે સામૂહિક કેંદ્ર એને સોપોવામાં આવ્યું છે ગોલા ગામડી એનો જે કાર્ય વિસ્તાર તે જ કાર્ય વિસ્તાર જ્યાં સુધી આ સામૂહિક આરોગ્ય કેંદ્રની પ્રવૃત્તિને લાગે વળગે છે ત્યાં સુધી તે જ કાર્ય વિસ્તાર એનો થાય. બાકી મંગલ ભારતી ટ્રસ્ટનો કાર્ય વિસ્તાર શું છે, તે પ્રશ્ન આ પ્રશ્નમાંથી ઉપસ્થિત પ્રશ્ન નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથીએ જાણવું છે કે, વડોદરા જિલ્લામાં આ ત્રણ સંસ્થાઓને જે સામૂહિક આરોગ્ય કેંદ્ર સોંપ્યા છે તો મારે મંત્રી પાસેથી એ જાણવું છે કે આ સંસ્થઓ સિવાય બીજી કોઈ સંસ્થાએ માગણી કરેલી છે કે કેમ, અને બીજા કોઈ અન્ય તાલુકાઓમાં કોઈ સંસ્થાઓને સોંપવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય વડોદરા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેંદ્ર પાદરાનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાને સોંપવા માટેની દરખાસ્ત જિલ્લા કક્ષાએ વિભાગીય નાયબ નિયામક વડોદરા પાસેથી મંગાવેલ છે તેમજ સામૂહિક આરોગ્ય કેંદ્ર પોરનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થાને સોપવા અંગેની દરખાસ્ત પણ હાલ સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે અને માનનીય અધ્યક્ષશ્રી, ફરી હું આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું કે, કયાંય પણ સક્ષમ સ્વૈચ્છિક સંસ્થા આપણા આરોગ્ય કેંદ્રનું સંચાલન હાથ ઘરવા માગતી હશે અને નિર્ધારિત શરતો અને બોલીઓ અને માપદંડ મુજબ એનું સંચાલન લેવાની એની તૈયારી હશે તો આવનારા સમયમાં આ સરકારનો અભિગમ એ હંમેશા પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપને એન્કરેઝ કરવાનો છે. વી વોન્ટ મોર પ્રાઈવેટ એન્ડ પબ્લિક પાર્ટનરશીપ બીકોઝ જેના માટે આ સવલતો ઉભી કરવામાં આવી છે એનું જેટલું એની અંદર પાર્ટીશીપેશન હોય એટલી સવલતો વધારે અસરકારક રીતે વાપરી શકાશે અને કંઈક અંશે સરકારી તંત્ર અને સરકારી મર્યાદાઓ અને નિયમોને કારણે જે કેટલીક મર્યાદાઓ નડતી હોય છે તે મર્યાદાઓ આ પ્રકારે સંસ્થાઓને સોપણી કરવાથી કંઈક અંશે નિવારી શકાય છે. એ જોતા બાકીના કિસ્સાઓમાં પણ ગુણવત્તા અનુસાર એની ચકાસણી કરીને નિર્ણય લેવામાં આવશે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : સામાન્ય રીતે જે ટ્રસ્ટ સંચાલિત દવાખાના હોય છે એમાં વધુ ફી ઉઘરાવવામાં આવે છે આ જે સામૂહિક આરોગ્ય કેન્દ્ર સોંપવામાં આવ્યાં છે એ ટ્રસ્ટ સરકારી ધારાધોરણ મુજબ સારવાર ફી ઉઘરાવે છે કે નહિ અને તેને કોઈ ગ્રાન્ટ આપવામાં આવે છે કે નહિ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ફીના ધારાધોરણોને લાગે વળગે છે ત્યાંસુધી નિર્ધારિત ધારાધોરણ મુજબ ફી લેવામાં આવે છે એના માટેના નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ છે તે હું વાંચી સંભળાવું એ પ્રમાણે જે ગ્રાન્ટ ફાળવણીના નિયમો છે એ નિયમો સિવાય નીચેની સેવાઓ માટે સંચાલક-ટ્રસ્ટ કોઈ ચાર્જ કે ફી વસૂલ કરી શકતા નથી. આરોગ્ય અંતર્ગત સેવાઓ જેવી કે રસી મૂકવી, કુટુંબ કલ્યાણ ઑપરેશન અને અન્ય કામચલાઉ પદ્ધતિ માટેની સેવાઓ, આઈ.સી.ડી.એસ. કાર્યક્રમ હેઠળ રીફર કરવામાં આવેલ ગ્રેડ-૩ અને ૪ ના બાળકોના આરોગ્યની તપાસ અને સારવાર, રોગચાળા વખતે આપવાની ઈનડોર આઉટડોર સેવા-સારવાર, માતૃબાળ કલ્યાણ કામગીરી, ક્ષય નિયંત્રણ અને રક્તપિત્ત નિયંત્રણ, કન્ટ્રોલ ઑફ બ્લાઈન્ડનેસ, એઈડ્રસ નિયંત્રણ કાર્યક્રમ વિગેરે રાષ્ટ્રીય અથવા રાજય આરોગ્ય કાર્યક્રમોની કામગીરી અંગે ટ્રસ્ટ કોઈપણ ચાર્જ વસૂલ કરી શકશે નહિ. આ ઉપરાંત સામૂહિક આરોગ્ય કેન્દ્રનો જે વહીવટ છે એની સલાહકાર સમિતિ છે અને એમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધીક્ષક એ સભ્ય સચિવ છે, વિભાગીય નાયબ નિયામક અથવા મદદનીશ નિયામકશ્રી, મામલતદાર અગર નાયબ મામલતદાર, કાર્યપાલક ઈજનેરશ્રી અને ટ્રસ્ટના બે પ્રતિનિધિઓ એની સાથે સંસ્થાના ચેરમેન એના પ્રમુખ હોય છે. એટલે આ સિવાયની કોઈપણ સવલતો ઉભી કરવામાં આવે એના માટેના ધારાધોરણો નિર્ધારિત કરવામાં આવે તો એ સુવિધાઓ બદલ કદાચ ક્યાંક કોઈક ચાર્જ કરતું હોય તો તે અલગ વાત છે બાકી સામૂહિક આરોગ્ય કેન્દ્ર જે સેવાઓ પૂરી પાડે છે એમણે સરકારના નીતિ નિયમો અનુસાર આરોગ્ય વિષયક સુવિધાઓ પૂરી પાડવાની રહે છે.

## દાંતા તાલુકામાં ભારે વરસાદથી માટીનું ધોવાણ

*** ૭૩૮ શ્રી મુકેશ ભે. ગઢવી(દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) છેલ્લાં બે કેલેન્ડર વર્ષ દરમિયાન, વધુ વરસાદના કારણે દાંતા તાલુકાની અર્જુની તથા સરસ્વતી નદીના પટમાં આવેલ ગોચરો તથા ખેતરો તેમજ સરકારી ખરાબાના ધોવાણથી મુક્તેશ્વર ડેમમાં માટીનું પૂરાંણ થયેલ છે, તે વાત સાચી છે,

(૨) જો હા, તો આ માટીને આવતી રોકવાની કામગીરી માટે સરકાર સમક્ષ કોઈ દરખાસ્ત પડતર છે કે કેમ, અને

(૩) આ પ્રકારના નુકસાનને અટકાવવા, આ વિસ્તારનો સરકાર કોઈ યોજનામાં સમાવેશ કરવા માગે છે કે કેમ, અને ક્યારે?

**જળસંપત્તિમંત્રીશ્રી**

(૧) વરસાદને કારણે ઉપરવાસના સ્ત્રાવક્ષેત્રમાંથી કાંપ આવે છે તે વાત સાચી છે,

(૨) નાજી,

(૩) યોજનાના આલેખન દરમ્યાન સ્ત્રાવ ક્ષેત્રમાંથી આવતા કાંપના અંદાજીત જથ્થાને ધ્યાને લઈ બંધમાં મૃત અને જીવંત સંગ્રહનો જથ્થો નક્કી કરવામાં આવતો હોઈ, હાલ કોઈ યોજનાની જરૂરિયાત જણાતી નથી.

**શ્રી મુકેશકુમાર ભૈ. ગઢવી.** : માનનીય અધ્યક્ષશ્રી, મુકતેશ્વર સિંચાઇ યોજના જે છે એ સરસ્વતી અને અર્જુની ઉપર આવેલી છે. આ બન્ને નદીઓ એકદમ અંબાજીના પહાડોમાંથી જ આવે છે એટલે એનો પાણીનો ફલો ખૂબ જબરદસ્ત હોય છે અને એના પછી જે આજુબાજૂના માટીના થુંબડા છે એમાંથી જે રેતી ધસીને આવે છે એનાથી આ ડેમમાં ખૂબ મોટું માટીનું પૂરાંણ થાય છે. મારી માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી છે અને મારે આપના થકી જાણવું છે કે, આ રેતીને અટકાવવા માટે જે રીતે સાબરમતી વેલી પ્રોજૅકટ અને દાંતીવાડા રીવર વેલી પ્રોજૅકટ બન્યા છે એ પ્રમાણે આ મુકતેશ્વર રીવર વેલી પ્રોજૅકટ બનાવી અથવા તો ઉપર મોટા નદીની અંદર ચેકડેમો બનાવીને આ રેતીનું પ્રમાણ આવતું અટકાવવા માટેના કોઈ પ્રયત્નો છે ખરા?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની એ લાગણી જે છે એ સાચી છે મુક્તેશ્વર ડેમ, એનો પાછળનો જે કેચમેટ એરિયા છે એ મોટાભાગે માટી સાથેના જે પર્વતો હોય એમાંથી જે નદીઓ આવે છે એ નદીઓમાં ભારે વરસાદ વખતે ધોવાણ થાય છે આ પર્વતોનું અને માટીનું, ભેખડોનું અને એના કારણે ખૂબ મોટા પ્રમાણમાં માટીનો જથ્થો ડેમમાં વર્ષોવર્ષ જમા થતો જાય છે, એ પણ હું આપને કહીશ કે જ્યારે યોજનાની ડિઝાઇન થતી હતી એ વખતે પણ આ બાબત ધ્યાન પર હતી જ અને ડેમની ટેક્નીકલ બાબતોમાં ડિઝાઇનમાં જે જીવંત અને મૃત જથ્થાનું આલેખન કરવાનું હોય છે એમાં ત્રણ પ્રકારના માટી ધોવાણથી પૂરાંણ થતી બાબતોનું ડિઝાઇન વખતે ધ્યાન રાખવાનું હોય છે એક સિરિયસ પ્રકારના ડેમો હોય છે કેચમેટ એરિયા કે જ્યાંથી પુષ્કળ પ્રમાણમાં ધોવાણ આવવાની ડેમ બન્યા પછી સંભાવના હોય જ છે, ગુજરાતમાં જે થોડાઘણા ડેમ છે કે જે આ કેટેગરીમાં આવે છે, એમાં મુક્તેશ્વરનો સમાવેશ થાય છે એમાં દર વરસે ધીમે ધીમે પૂરાંણ થતું જાય છે અને જીવંત જથ્થો પાણીનો સંગ્રહ કરવાની જે કેપેસીટી હોય એ ઓછી થતી જાય છે પણ સાથે સાથે એ પણ હું આપને કહીશ કે ડિઝાઇન વખતે આ બાબત ધ્યાન પર હતી એટલે એ પ્રમાણે જ એના જુદા જુદા લેવલો લઈ અને જીવંત જથ્થો વધારે રહે તે પ્રમાણેની ડિઝાઇન કરી છે.

બીજું આમાં સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે ડેમમાં કંઈ કરવાનું રહેતું નથી પરંતુ ડેમનો જે ઉપરવાસનો વિસ્તાર હોય છે કેચમેન્ટ એરિયા અહીંયા જ્યાંથી નદીઓમાંથી પાણી આવે છે ત્યાં જેટલાં વૃક્ષો વધારે ઉગાડવામાં આવે, જેટલી લીલોતરી વધારે રહે એટલું માટીનું ધોવાણ અટકે, એટલે એવી કુદરતી વનરાજી કરવામાં આવે તો આ પાણી ઓછું ફલો થાય તેની વેલોસીટી ઘટી જાય અને માટીનું ધોવાણ ઓછું થાય તો આ અંગે જરૂરી સૂચનાઓ સંબંધિત વિભાગને અમે આપી છે અને ફરીથી અમે સાથે રહી અને પરામર્શ કરીને વધુ વનીકરણ થાય તે વિસ્તારનું કેચમેન્ટ એરિયાનું તે અંગે પ્લાનીંગ કરીશું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, ડેમની અંદર જે કાંપ આવ્યો છે તે કાંપ પાછળથી નીચાણવાળા વિસ્તારમાં નદીમાં પૂર આવે ત્યારે પહોંચતો હોય છે. પાછળ બનાસકાંઠા જિલ્લાનો પાછળનો જે ભાગ છે દાંતામાંથી જે પાણી આવ્યા પછી તે નદીનો પટ મોટાભાગે ભરાઈ ગયો છે, પૂરો થઈ ગયો છે તે જમીન લેવલ જેવું થઈ ગયું છે. હવે આવા સંજોગોમાં જ્યારે ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે પૂરની સ્થિતિ સર્જાય છે અને નદી માત્ર તેના પટ પૂરતી ના રહેતાં ૫-૧૦ કિલોમીટરના નીચાણવાળા ભાગમાં ફેલાઈ જતી હોય છે. તો આ સંજોગોમાં આ નદીમાંથી બનાસ અને બાકીની જે સરસ્વતી નદી છે તેના પટમાંથી રેત અને કાંપનો નિકાલ કરવા માટે કંઈ વિચારવા માગે છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો રાજય સરકારે નીતિ બનાવી છે કે જળાશય જે છે ડેમનું તેનું પૂરાંણ થતું હોય અને કાંપવાળી માટી કેટલાંક વિસ્તારોમાં ડેમમાં જમાં થતી હોય છે. તે કાંપ ખેડૂતો તેમના ખેતરમાં નાંખવા માટે લઈ જતાં હોય છે. અગાઉની સરકારો વખતે આવી પરવાનગી પણ અપાતી નહોતી. અથવા તો તેની ઉપર રોયલ્ટી લેવામાં આવતી હતી. આ સરકારે જળાશયોના ડેમને નુકસાન ના થાય તે પ્રકારે માર્જીન રાખી અને જળાશયોમાંથી કાંપ લેવાની છૂટ આપી છે. જ્યાં જ્યાં એવા પ્રકારનો કાંપ આવે છે કે જે જળાશયમાંથી કાંપ લઈ શકાય, ખેડૂતો પોતાના ખર્ચે લઈ જાય તે આપણે પરવાનગી આપીએ છીએ. પરંતુ માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે બનાસકાંઠા જિલ્લાની જે નદીઓ અને ડેમ છે તેમાં મોટાભાગે રેતાળ પ્રકારની માટી આવે છે. જેનો ઉપયોગ બાંધકામમાં પણ થઈ શકતો નથી. સાબરમતી નદીમાં જે રેતી છે તે આપણે લઈ જવાની છૂટ આપીએ છીએ અને રોયલ્ટી પણ મળે છે તેમજ નદીનું પૂરાંણ થતું પણ અટકે છે અને રેતી ઉપયોગમાં આવે છે. આ મુક્તેશ્વરની જે રેતી છે અને બનાસકાંઠાના અન્ય ડેમોની જે રેતી છે તે બાંધકામના ઉપયોગમાં પણ આવતી નથી એટલે કોઈ પણ વ્યકિત તેને લઈ જાય પોતાના ખર્ચે લઈ જાય એવું શકય નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એક વાત સ્વીકારે છે માનનીય શંકરભાઈએ બહુ જ સાચા સ્પિરિટમાં પ્રશ્ન પૂછયો કે આ રેતી છે તેને કોઈ લઈ જઈ શકતું નથી, ઉપયોગમાં આવતી નથી. બાંધકામના ઉપયોગમાં પણ આવતી નથી તે સ્વીકારે છે. ઉપરના સ્ત્રાવથી આવે છે પૂરાંણ થાય છે એવા સંજોગોમાં આ ડેમમાંથી આ રેતીને હટાવવા માટે સરકાર આયોજન કરવા માગે છે કે કેમ? હા કે ના?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હાજી.

## નર્મદા નદી ગોલ્ડન બ્રિજ પાસે જમીનનું ધોવાણ

***૨૭૫ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) નર્મદા નદીના ગોલ્ડન બ્રિજ પાસે બોરભાટા બેટ અંકલેશ્વરથી હાંસોટ તરફ નદીને અડીને આવેલ ખેતીની કિંમતી જમીનમાં દર વર્ષે ૫૦ થી ૧૦૦ ફૂટ જમીનનું ધોવાણ થાય છે. તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ધોવાણ અટકાવવા માટે સરકારે શાં પગલાં લીધાં?

**જળ સંપત્તિ મંત્રીશ્રી**

(૧) અને (૨) હાજી, અગાઉ જમીનનું ધોવાણ થતું હોવાની હકીકત સાચી છે, પરંતુ વર્ષ ૨૦૦૬ પછી જમીનનું વધારાનું ધોવાણ થયેલ જણાતું નથી.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, નર્મદા નદીનું વહેણ વર્ષો પહેલાં ભરૂચ તરફનું હતું જે બદલાઈને અંકલેશ્વર સાઈડના કિનારા તરફ બદલાઈ

ગયેલ છે જેને કારણે ચોમાસામાં નર્મદા નદીમાં પૂર આવે ત્યારે ગોલ્ડન બ્રિજથી અંકલેશ્વર હાંસોટની ખેતી લાયક જમીનનું ધોવાણ દર વર્ષે ૫૦ થી ૧૦૦ ફૂટ થાય છે. આ ફળદ્રુપ જમીનનું ધોવાણ અટકાવવા સરકાર કોઈ યોજના બનાવવા માગે છે કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પણ આગળના પ્રશ્ન જેવો જ છે. પેલામાં જે માટી આવે છે, પૂરાંણ થાય છે નદીમાં ખેંચાઈને આવે છે તે દક્ષિણ ગુજરાતનો નર્મદા નદીનો જે વિસ્તાર છે તેમાં જ્યારે જ્યારે ભારે પૂર આવે અથવા ડેમમાંથી પાણી છોડવાની સ્થિતિ સર્જાય તો એક સાથે પાણી આવવાના કારણે કિનારાની જમીનો, જગ્યાઓ, ખેતરો ધોવાય છે. પણ જેમ જેમ નર્મદા ડેમનું કામ પ્રગતિમાં થયું છે તેમ નદીમાંથી પાણીનો ફલો પુરાવાની શકયતા, અચાનક પુરાવાની શક્યતા ઘટી છે અને કંટ્રોલ્ડ ફલડ તેમાંથી આપણે પસાર કરી શકીએ છીએ. એટલે હું એમ માનું છું કે ધીમે ધીમે આ પ્રશ્ન હલ થશે અને માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યુ છે તે વિચારવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજકોટમાં સ્વજલધારા યોજના હેઠળ કામગીરી

૩૨૩ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) આ કામગીરીની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્વજલધારા યોજના અંતર્ગત ૧૧૫ ગામોની અંદાજીત કિંમત રૂા. ૧૪૫૮.૦૦ લાખની યોજનાને જીલ્લા સમિતિ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવેલ તે પૈકી ૨૧ ગામોની યોજનાકિય કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. ૬૫ ગામોની કામગીરી પ્રગતિમાં છે અને રૂા. ૬૭૮.૮૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. બાકી રહેતા ૨૯ ગામોમાં લોકફાળો એકઠો કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

------------

### અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીનો નિકાલ

૪૦૩ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં બાવળા તાલુકાના કેસરડી ગામેથી દેવધોલેરા જવાના રસ્તામાં રોડ નદી આવેલી છે. આ નદીમાં ચોમાસામાં પંદર-પંદર દિવસે પાણીને કારણે રસ્તો બંધ થઈ જાય છે તે નદીને હાલમાં વરંડો બનાવી પુરાણ કરવામાં આવે છે તો આ પાણી ક્યાં જશે,

(૨) આગામી દિવસોમાં પાણી જવાનો રસ્તો બંધ થવાને કારણે ગામો ડૂબમાં જશે તેની જાણકારી સિંચાઈ વિભાગને છે ખરી,

(૩) પાણીની નિકાલની કોઈ વ્યવસ્થા વિચારેલ છે, અને

(૪) જો ના, તો ગામો ડૂબમાં જશે તેની જવાબદારી કોની થશે ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪)

વરંડાની દિવાલ ખાનગી માલીકીની જમીન ઉપર બનેલી છે, નદીના ભાગમાં બનેલી ન હોઈ પાણી રોકવાનો પ્રશ્ન હાલ ઉપસ્થિત થતો નથી.નદીમાં જ્યાં પાયાનું કામ કરેલ છે તે અટકાવાયેલ છે દબાણકારોને નોટીસ આપી દબાણ દૂર કરવામાં આવેલ છે.

------------

### કોડીનાર તાલુકાના શિંગોડા-૨ યોજનાનું કામ

૯૨૭ **શ્રી દીનુભાઈ બો. સોલંકી(કોડીનાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોડીનાર તાલુકાના રોણાજ ગામ પાસે શિંગોડા-૨ યોજના અંતર્ગત શિંગોડા પીકઅપ વીયર-૩ અંદાજીત રૂા. ૯,૮૦,૯૪,૦૦૦/- ની જે યોજના મંજૂર કરવામાં આવેલ છે તે યોજનાનું કામ

**જવાબ**

(૧) ૬૦ % ગુજરાત સરકારની ગ્રાન્ટ અને ૪૦ % અંબુજા ફાઉન્ડેશનના લોકફાળાથી આ યોજના પૂર્ણ કરવાની છે. જેનું બાંધકામ રૂા. ૯,૮૦,૯૪,૦૦૦/- ના ખર્ચે અંબુજા ફાઉન્ડેશન ટૂંક સમયમાં ચાલુ કરશે.

ક્યારે શરૂ કરવામાં આવશે,

(૨) આ યોજના અંતર્ગત ૧૧૬૭ એકર અંદાજીત સિંચાઈ માટે લાભાર્થી છે, તો આ યોજના સાથે સાથે કેનાલોનું કામ કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો આ માટે કોઈ નકશા અંદાજ બનાવવામાં આવ્યા છે, અને

(૪) જમીન સંપાદન અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ?

(૨), (૩) અને (૪) ડેમની ઉપરવાસમાંથી લીફ્ટ ધ્વારા સિંચાઈનું આયોજન છે. કેનાલો કરવાની ન હોવાથી જમીન સંપાદન કરવાનું થતું નથી.

------------

**દાહોદ તાલુકાની સુકી સિંચાઈ તળાવનો કમાન્ડ વિસ્તાર**

૨૧**શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં દાહોદ તાલુકાના સુકી સિંચાઈ તળાવનો કુલ કમાન્ડ વિસ્તાર કેટલો છે, અને | (૧) ૩૨૦ હેક્ટર |
| (૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખરેખર કેટલા વિસ્તારને પાણી મળે છે ? | (૨) ૨૫૫ હેક્ટર |

------------

**ભિલોડા તાલુકામાં પીવાના પાણી માટે યોજનાનું સર્વે**

૪૦૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલ ટ્રાયબલ ગામો માટે પીવાના પાણીની કઈ કઈ યોજનાઓ ક્યા ક્યા ગામો માટે ચાલુ છે, | (૧) યોજના અને ગામોની વિગત સામેલ *પરિશિષ્ટ-૧, ૨ અને ૩ મુજબ |
| (૨) પીવાના પાણી માટે એસ. કે. ૪ યોજનાનું સર્વે થયેલ એમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂા. ૭.૭૪ લાખ |
| (૩) સરકાર ટ્રાયબલ વિસ્તારોમાં પીવાના પાણી માટે કોઈ ચોકક્સ આયોજન કરવા માંગે છે કે કેમ, અને ક્યાં સુધી ? | (૩) હા, જી<br>ક્રમશઃ ફંડની ઉપલબ્ધી અનુસાર |

(* પરિશિષ્ટ સચિવશ્રીના કાર્યાલયમાં રાખવામાં આવેલ છે.)

------------

**વાંસદા અને ધરમપુર તાલુકામાં નવા તળાવો પાછળ ખર્ચ**

૨૮૨ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાંસદા તથા ધરમપુર તાલુકામાં સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં સિંચાઇ યોજના હેઠળ કેટલા તળાવો નવા બનાવવામાં આવ્યા, | (૧) ૫ તળાવો |
| (૨) કેટલા જુના તળાવો ઉંડા કરાવવામાં આવ્યા, અને | (૨) ૫૩ તળાવો |
| (૩) તાલુકાવાર અને તળાવ દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) તાલુકાવાર અને તળાવ દીઠ કરેલ ખર્ચની વિગતો આ સાથેના પત્રકમાં આપેલ છે. |

**પત્રક**

**તળાવોનું વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ધરમપુર | **નવા તળાવો** | |
| | | (૧) મો. જે. જામલુલીયા ગામે સંગ્રહ તળાવનું કામ | ૩.૦૬ |

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| | | (૨) મો. જે. મામાભાચા ગામે સંગ્રહ તળાવનું કામ | ૨.૩૮ |
| | | (૩) મો. જે. મુરદડ ગામે સંગ્રહ તળાવનું કામ | ૧.૧૪ |
| | | (૪) મો. જે. નાની કોસબાડી ગામે સંગ્રહ તળાવનું કામ | ૨.૧૬ |
| | | (૫) મો. જે. તુતરખેડ ગામે સંગ્રહ તળાવનું કામ | ૨.૩૧ |
| | | **જુના તળાવો** | |
| | | (૧) ઉગતા ગામ તળાવ | ૧.૧૫ |
| | | (૨) ઝરીયા ગામ તળાવ | ૧.૧૯ |
| | | (૩) લાકડમાળ ગામ તળાવ | ૧.૩૮ |
| | | (૪) પાનવા ગામ તળાવ | ૧.૪૦ |
| | | (૫) મોટી કોરવડ ગામ તળાવ | ૦.૪૬ |
| | | (૬) સગારમાળ ગામ તળાવ | ૦.૩૩ |
| | | (૭) પંગારબારી ગામ તળાવ | ૦.૪૮ |
| | | (૮) તામછડી ગામ તળાવ | ૧.૦૪ |
| | | (૯) વણખાસ ગામ તળાવ | ૧.૨૮ |
| | | (૧૦) મોવેરી ગામ તળાવ | ૧.૩૫ |
| | | (૧૧) ગડી ગામ તળાવ | ૧.૧૩ |
| | | (૧૨) બોપી | ૪.૧૬ |
| | | (૧૩) ઉલસખેડી | ૨.૩૨ |
| | | (૧૪) પાંડવખડક | ૩.૩૧ |
| | | (૧૫) કાંગવી | ૪.૪૮ |
| | | (૧૬) શીસુમાળ | ૧.૩૨ |
| | | (૧૭) બાસેલીયા | ૬.૫૦ |
| | | (૧૮) મીલવેરી | ૫.૯૪ |
| | | (૧૯) આંબાતળાટ | ૪.૮૬ |
| | | (૨૦) ઉપલપાડા | ૦.૨૮ |
| | | (૨૧) ગ્રુદીયા | ૦.૨૦ |
| | | (૨૨) મુરદળ | ૩.૧૭ |
| | | (૨૩) બીલપુડી | ૨.૮૧ |
| | | (૨૪) સામરસીગી | ૧.૧૪ |
| | | (૨૫) સોનદર | ૨.૮૯ |
| | | (૨૬) જામલીયા | ૪.૪૬ |
| | | (૨૭) આસમાડવા | ૧.૩૮ |
| | | (૨૮) ખડકી | ૧.૩૨ |
| | | (૨૯) માધુરી | ૦.૮૧ |
| | | (૩૦) બીલ્ધા | ૫.૬૪ |
| | | (૩૧) જાગીરી | ૩.૭૯ |
| | | (૩૨) ચીચઓઝર-૧ | ૪.૫૨ |
| | | (૩૩) બરૂમાળ | ૪.૯૦ |
| | | (૩૪) ગનવા | ૧.૧૬ |
| | | (૩૫) વાઘવળ | ૩.૧૫ |
| | | (૩૬) ચીચઓઝર-૨ | ૧.૩૯ |
| | | (૩૭) લુહેરી | ૨.૪૮ |
| | | (૩૮) માકડબન | ૩.૮૮ |
| | | **કુલ થયેલ ખર્ચ :-** | **૧૦૪.૮૬ લાખ** |
| **૨** | **વાંસદા** | **જુના તળાવો** | |
| | | (૧) ચાપલધારા-૧ | ૨.૮૩ |
| | | (૨) ચાપલધારા-૨ | ૨.૩૩ |

| અ.નં. | તાલુકો | તળાવનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| | | (૩) કાટસવેલ | ૩.૨૭ |
| | | (૪) મહુવાસ | ૧.૩૦ |
| | | (૫) કંબીયા | ૧.૩૫ |
| | | (૬) કાવડેજ | ૨.૭૮ |
| | | (૭) કેવડી | ૨.૨૭ |
| | | (૮) મીઢાબારી | ૨.૨૭ |
| | | (૯) મોટીભામ | ૨.૮૬ |
| | | (૧૦) પ્રતાપનગર | ૨.૯૦ |
| | | (૧૧) સ્પ્રવેલ | ૨.૮૪ |
| | | (૧૨) રવાણીયા | ૨.૨૭ |
| | | (૧૩) વાંદરવેલા | ૩.૨૩ |
| | | (૧૪) પીપલખેડા | ૧.૯૦ |
| | | (૧૫) વાંસદા (વ.ફ.) | ૩.૨૩ |
| | | **કુલ થયેલ ખર્ચ :-** | **૩૭.૬૨ લાખ** |

------------

**ભરૂચ જિલ્લા મધ્યબારા પાણી પુરવઠા યોજનાની સુધારણાની કાર્યવાહીમાં વિલંબ**

૩૬ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાની પીવાના પાણી પહોંચાડનારી મધ્યબારા પાણી પુરવઠા યોજનાની સુધારણા માટેની કાર્યવાહીમાં ભારે વિલંબ થઇ રહ્યો છે તે હકિક્તથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ અંગે કેટલી વખત ક્યારે ક્યારે ટેન્ડરો બહાર પાડી કઇ કઇ એજન્સીઓને કામો સોંપાયા,

(૩) આવા કામો સોંપાયા પછી તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૪) આ કામોમાં વિલંબ થયો હોય તો જવાબદારો સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બે વખત,
તા. ૨૪-૧૨-૦૩ મે, સોરઠીયા એન્ડ કું. વડોદરા,
તા. ૧૫-૦૬-૦૬ મે. જોય બિલ્ડર્સ, સુરત

(૩) પ્રગતિ હેઠળ છે.

(૪) હા, જી.

------------

**વ્યારા તાલુકામાં પીવાના પાણીની ટાંકી તથા સંપની કામગીરી**

૨૪૯**શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યારા તાલુકામાં પાણી પુરવઠા ખાતા દ્વારા કેટલા ગામોમાં પીવાના પાણીની ઓવર હેડ ટાંકી તથા સંપ બનાવવામાં આવ્યા,

(૨) આ ઓવર હેડ ટાંકી તથા સંપ કેટલા ગામોમાં બંધ હાલતમાં પડેલ છે, અને

(૩) સરકાર કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ઓવરહેડ ટાંકી - ૭ ગામોમાં
સંપ - એક પણ નહી.

(૨) એકપણ નહી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

------------

### પાટણ તાલુકામાં સિંચાઇની નહેરનું નાળું મોટુ કરવાની કાર્યવાહી

૩૨૧**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ તાલુકાના રખાવ અને ધનાસર ગામ વચ્ચે સુજલામ્ સુફલામ્ નહેર નિકળે છે, તેમાં દાંતીવાડા સિંચાઇની નહેરનું પાણી પસાર કરવા નાળું ખૂબ જ સાંકડું છે તે હકિક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ નાળું મોટું કરવા સરકારે શી કાર્યવાહી કરી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં તે કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના ગામોને પીવાનું પાણી

૨૪૬ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના હરી કોઠાના ગામોને પીવાનું પાણી પુરૂં પાડતી હિરણ-૨ ગ્રામીણ જળાશય યોજના હેઠળના સુમેજ-ઘામળેજ ગામ-ઘામળેજ બંદર-થોરડી-સીંગસર બળેવલા વગેરે ગામોને પુરતું પાણી મળતું નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો પાણી પુરતું ન મળવાના કારણો શા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેનો કાયમી ઉકેલ લાવવા ઘામળેજ ખાતે સંપ અને ઉંચી ટાંકી બનાવવાની વિચારણા થયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૩) ના, જી. |
| (૪) જો હા, તો હાલ ક્યા તબક્કે વિચારણા થઇ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

### મોરબી હોસ્પીટલમાં વર્ગ-૧ અને વર્ગ-૨ તથા સ્ટાફની ખાલી જ્યાઓ

૧૪૩ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ મોરબીની જનરલ હોસ્પીટલમાં વર્ગ-૧, વર્ગ-૨ તથા અન્ય સ્ટાફની કેટલી જ્યાઓ ખાલી છે, કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| **સંવર્ગ** | **ખાલી જ્યા** | **કેટલા સમયથી** |
|---|---|---|
| વર્ગ-૧ | ૩ | તા.૧૩-૧૨-૯૯,<br>તા.૨૯-૭-૨૦૦૦<br>તા.૩૧-૭-૨૦૦૭ |
| વર્ગ-૨ | ૫ | તા.૯-૨-૦૪,<br>તા.૧૭-૧-૦૮<br>દરમ્યાન |
| વર્ગ-૩ | ૨૧ | તા.૧-૪-૯૯ થી<br>તા.૩૧-૧૦-૦૭<br>દરમ્યાન |
| વર્ગ-૪ | ૭ | તા.૧૫-૫-૦૫ થી<br>તા.૨૪-૧૨-૦૭<br>દરમ્યાન |

(૨) લાંબા સમયથી ખાલી રહેલી આ જ્યાઓ ભરવા માટે સરકારની શું યોજના છે ?

(૨) વર્ગ-૧ અને વર્ગ-૨ની જ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. વર્ગ-૩ અને વર્ગ-૪ની

જગ્યાઓ અનુક્રમે ગોણ સેવા દ્વારા ઉમેદવારો ફાળવેથી, બઢતીથી અને આઉટ સોર્સીંગથી ભરવામાં આવશે.

------------

**નર્મદા જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાના પાણીનું આયોજન**

૪૭૩ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા જામનગર જિલ્લાના કેટલા ગામો અને કેટલા શહેરોને પીવા માટે પાણી આપવાનું આયોજન સરકારે કરેલ છે, | (૧) ૬૯૪ ગામો અને ૧૬ શહેરો. |
| (૨) આ પૈકી તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ કેટલા ગામો અને શહેરોને પીવા માટે પાણી પુરું પાડવામાં આવે છે, અને | (૨) ૫૩ ગામો અને ૪ શહેરોને. |
| (૩) આ યોજનાના લાભથી વંચિત રહી ગયેલ ગામો અને શહેરોને ક્યારે આ યોજનાનો લાભ મળી શકશે ? | (૩) નાણાંકિય જોગવાઇ અનુસાર ક્રમશઃ બાકી રહેતા તમામ ગામો તથા શહેરોને આ યોજનાના લાભો મળે તેવું આયોજન છે. |

------------

**મોરબી તાલુકામાં સીરામીક ઉદ્યોગોને નર્મદા આધારિત પાઇપ લાઇનમાંથી પાણી**

૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકાઓમાં આવેલ સીરામીક ઉદ્યોગોને નર્મદા આધારિત પાઇપ લાઇનમાંથી પાણી આપવાની માંગણી આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આપવા માંગો છો કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

------------

**અબડાસા/લખપતમાં નર્મદાનું પાણી**

૯૨૧**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અબડાસા-લખપત (જિલ્લો કચ્છ) માટે નર્મદા યોજનાનું પાણી પહોંચાડવાની યોજના હાલ ક્યા તબક્કે છે, અને<br>(૨) તેમાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે ? | (૧) અને (૨)<br>નર્મદા યોજનાના આલેખિત પિયત વિસ્તારમાં અબડાસા અને લખપત(જિલ્લો કચ્છ)નો સમાવેશ થતો નથી. નર્મદા યોજનાના પુરના વધારાના પાણી પૈકી કચ્છ જિલ્લાને ૧ મીલીયન એકર ફીટ પાણી ફાળવવામાં આવેલ છે, તેના વિગતવાર અભ્યાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

------------

**સોનગઢ તથા માંડવી તાલુકામાં પાણીની ટાંકીઓ બનાવવા પાછળ ખર્ચ**

૭૩૬ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકારની સેક્ટર રીફોર્મ યોજના હેઠળ વાસ્મો મારફતે સોનગઢ તથા માંડવી તાલુકામાં કુલ કેટલી પાણીની ટાંકીઓ બનાવવામાં આવી, | (૧) સેક્ટર રીફોર્મ યોજના હેઠળ નહી, પરંતુ સ્વજલ ધારા યોજના હેઠળ સોનગઢ તાલુકામાં ૫ અને માંડવી તાલુકામાં ૬ એમ કુલ ૧૧ પાણીની ટાંકીઓ બનાવવામાં આવી. |
| (૨) જેમાં ટાંકી વાઇઝ કેટલો ખર્ચ થયો, | (૨) સામેલ *પત્રક મુજબ. |
| (૩) જે પૈકી કેટલી ટાંકીઓ ચાલુ છે, | (૩) માંડવી તાલુકામાં ૬ ટાંકીઓ. |
| (૪) કેટલી બંધ છે તથા બંધ થવાનાં કારણો શું | (૪) સોનગઢ તાલુકામાં ૫ ટાંકીઓના આનુસાંગિક |

છે, અને
(૫) બંધ હાલમાં છે તો તે પૈકી સરકાર ચાલુ કરવા માંગે છે, જો હા, તો ક્યાં સુધીમાં ?

કામો પ્રગતિમાં હોવાથી.
(૫) હા, જી મે-૨૦૦૮ સુધીમાં ચાલુ કરવાનું આયોજન છે.

**પત્રક**

**છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકારની સ્વજલધારા યોજના હેઠળ વાસ્મો મારફતે સોનગઢ તથા માંડવી તાલુકામાં બનાવવામાં આવેલ ટાંકીઓની ટાંકી વાઇઝ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

**તાલુકો : સોનગઢ**

| અ.નં. | તાલુકો | ગામ/ફળિયાનું નામ | ટાંકીની ક્ષમતા/ ઉંચાઇ લીટર/મીટર | ટાંકી બંધ/ ચાલુ | ખર્ચ રૂા. | ટાંકી ચાલુ કરવાનું આયોજન | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સોનગઢ | ટોકરવા | ૨૦૦૦૦/૫ | પૂર્ણ/બંધ | ૧૭૮૯૩૨.૦૦ | ૦૫/૨૦૦૮ | પાઇપલાઇન, સ્ટેન્ડપોસ્ટ, પંપઘર વગેરેની કામગીરી પ્રગતિમાં છે. |
| ૨ | સોનગઢ | જુનીબાવલી | ૨૦૦૦૦/૫ | પૂર્ણ/બંધ | ૧૭૬૧૯૯.૦૦ | ૦૫/૨૦૦૮ | પાઇપલાઇન, સ્ટેન્ડપોસ્ટ, પંપઘર વગેરેની કામગીરી પ્રગતિમાં છે. |
| ૩ | સોનગઢ | લીંબી(ગામતળ) | ૪૦૦૦૦/૧૨ | પૂર્ણ/બંધ | ૪૯૭૦૯૫.૦૦ | ૦૫/૨૦૦૮ | પાઇપલાઇન, સ્ટેન્ડપોસ્ટ, પંપઘર વગેરેની કામગીરી પ્રગતિમાં છે. |
| ૪ | સોનગઢ | લીંબી (પીપલ) | ૩૦૦૦૦/૧૨ | પૂર્ણ/બંધ | ૪૯૧૫૯૫.૦૦ | ૦૫/૨૦૦૮ | પાઇપલાઇન, સ્ટેન્ડપોસ્ટ, પંપઘર વગેરેની કામગીરી પ્રગતિમાં છે. |
| ૫ | સોનગઢ | હિરાવાડી ઇસ્ટ | ૪૦૦૦૦/૧૨ | પૂર્ણ/બંધ | ૫૪૪૬૨૫.૦૦ | ૦૫/૨૦૦૮ | પાઇપલાઇન, સ્ટેન્ડપોસ્ટ, પંપઘર વગેરેની કામગીરી પ્રગતિમાં છે. |
| | | | | **કુલ રૂા.** | **૧૮૮૮૪૪૬.૦૦** | | |

**તાલુકો : માંડવી**

| અ.નં. | તાલુકો | ગામ/ફળિયાનું નામ | ટાંકીની ક્ષમતા/ ઉંચાઇ લીટર/મીટર | ટાંકી બંધ/ ચાલુ | ખર્ચ રૂા. | ટાંકી ચાલુ કરવાનું આયોજન | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | નાનીચેર (કોલીવાડ) | ૩૦૦૦૦/૧૨ | ચાલુ | ૪૦૨૩૨૨.૦૦ | - | પાણી પુરવઠો ચાલુ |
| ૨ | માંડવી | નાનીચેર (ગામતળ) | ૩૦૦૦૦/૧૨ | ચાલુ | ૩૯૬૬૪૨.૦૦ | - | પાણી પુરવઠો ચાલુ |
| ૩ | માંડવી | મોટીચેર (ગોંદલસા) | ૫૦૦૦૦/૧૨ | ચાલુ | ૫૯૧૨૫૦.૦૦ | - | પાણી પુરવઠો ચાલુ |
| ૪ | માંડવી | મોટીચેર (પેટીયા) | ૧૦૦૦૦/૫ | ચાલુ | ૧૫૬૫૫૯.૦૦ | - | પાણી પુરવઠો ચાલુ |
| ૫ | માંડવી | બોધાન | ૧૦૦૦૦૦/૧૨ | ચાલુ | ૬૧૮૬૩૫.૦૦ | - | પાણી પુરવઠો ચાલુ |
| ૬ | માંડવી | ખેડપુર | ૩૦૦૦૦/૧૨ | ચાલુ | ૪૩૮૦૩૧.૦૦ | - | પાણી પુરવઠો ચાલુ |
| | | | | **કુલ રૂા.** | **૨૬૦૩૪૩૯.૦૦** | - | |

નોંધ :- સોનગઢ તાલુકાના પાંચ ગામોમાં ટાંકીના કામો પૂર્ણ થયેલ છે. સંલગ્ન પાણી સમિતિ દ્વારા આનુસાંગિક કામો ૫/૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરી ટાંકીથી પાણી પુરવઠો ચાલુ કરવાનું આયોજન છે.

------------

**ખેડા અને મહેસાણા જિલ્લામાં તળાવો ભરવાની નીતિ**

૯૧૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ખેડા જિલ્લા અને મહેસાણા જિલ્લામાં સરકારની તળાવ ભરવાની નીતિ હોવા છતાં કેટલા તળાવો ખાલી છે, | (૧) તમામ ગામ-તળાવો ભરવા અંગે કોઇ નીતિ અમલમાં નથી. |
| (૨) તળાવ ભરવાની ગામોની માંગણી અને સગવડો હોવા છતાં ન ભરવાના કારણો શાં છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા ગામોની ફરિયાદો તળાવો ન ભરવાની સરકારમાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) શા પગલાં લીધા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**મેસરીઆ મહાલની ફ્રાટસર સિંચાઇ યોજના**

૬૨૯ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાંકાનેરના મેસરીયા મહાલની ફ્રાટસર સિંચાઇ યોજના તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ક્યા તબકકે છે, | (૧) સુચિત વિનયગઢ ફ્રાટસર નાની સિંચાઇ યોજનાના બદલે સીરીઝ ઓફ ચેકડેમનું આયોજન છે. |
| (૨) ફ્રાટસર સિંચાઇ યોજનાની કોઇપણ જમીન ડુબમાં જતી નથી કે જમીન સંપાદન કરવી પડે તેમ નથી એ હકીક્ત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) પાંચાળ પંથક ગણાતા મેસરીઆના પછાત કોળી ગામડાઓને સિંચાઇની અન્ય કોઇ સવલત મળે છે ખરી ? | (૩) હા, જી. |

------------

**આણંદ જિલ્લામાં હોસ્પિટલ બનાવવાની રજૂઆતો**

૯૩૧ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં જિલ્લા ક્ક્ષાની સિવિલ હોસ્પીટલ કાર્યરત છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) તેની પાછળ પ્રતિવર્ષ કેટલું ખર્ચ થાય છે, | (૨) રૂા.૧,૮૭,૪૨,૦૦૦/- |
| (૩) જિલ્લા ક્ક્ષાની સિવિલ હોસ્પીટલ જિલ્લા મથકે બનાવવાની રજુઆતો મળેલ છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો હાલમાં આ માટેની પ્રક્રિયા ક્યા તબક્કામાં છે ? | (૪) જિલ્લા ક્ક્ષાની હોસ્પિટલ પેટલાદમાં સંપૂર્ણપણે કાર્યરત છે. આણંદ જિલ્લામાં વસ્તી મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ છે. તેથી આણંદ જિલ્લામાં થતી તાલુકા ક્ક્ષાની હોસ્પિટલ કાર્યરત કરવાનું વર્ષ ૨૦૦૮-૦૯માં આયોજન કરવામાં આવેલ છે. |

------------

**રાજ્યમાંથી લુપ્ત થતી વનોષધી**

૭૪૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાંથી લુપ્ત જતી આયુર્વેદ વનોષધી તથા ફાર્મસી દ્વારા વધુ વપરાતી વનોષધીઓના ઉત્પાદન વૃદ્ધિ માટે કોઇ યોજના કાર્યરત છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી પધ્ધતિ હસ્તક રાજ્યમાં નવ(૯) આયુર્વેદ વનોષધી ઉદ્યાનમાં લુપ્ત થતી વનોષધી ઉછેરની કામગીરી કરવામાં આવે છે, તેમ જ ભારત સરકારના મેડીસીનલ પ્લાન્ટસ |

બોર્ડ સંલગ્ન ગુજરાત સ્ટેટ મેડીસીનલ પ્લાન્ટસ બોર્ડ કાર્યરત છે જે અંતર્ગત વનોષધીઓના વાવેતર માટે સહાય આપવાની યોજના અમલમાં છે. વર્ષ-૨૦૦૧-૨૦૦૮ સુધીમાં કુલ ૩૪૭ દરખાસ્તો રજૂ થયેલ, જેમાંથી ૮૭ દરખાસ્તો બોર્ડ દ્વારા મંજુર થયેલ છે, તે માટે રૂા. ૧૪૧૬.૪૫ લાખની સહાય મંજુર કરવામાં આવેલ છે અને કુલ રૂા.૬૪૧.૪૪ લાખ મળેલ છે.

------------

**રાજ્યના તળાવો ઉંડા કરવા રકમની ફાળવણી**

૪૪૨ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૨૦૦૭-૦૮ ના બજેટમાં નવી સેવાઓ અંગે તળાવો ઉંડા કરવા અને તુટી ગયેલ તળાવો રીપેર કરવા ૨૫ (પચીસ) કરોડની રકમ પૈકી કોઈ રકમની ફાળવણી થઇ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) જો ના, તો બજેટમાં મંજૂર થયેલ નવી સેવાઓ અન્વયે ક્યા ક્યા જિલ્લાઓમાં કોને કોને તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

વર્ષ ૨૦૦૭--૦૮ના બજેટમાં તળાવો ઉંડા કરવા અને તુટી ગયેલ તળાવો રીપેર કરવા કોઇ નવી સેવા દાખલ થયેલ ન હોઇ પ્રશ્ન રહેતો નથી.

------------

**સમી-હારીજના ગામોમાં નર્મદા આધારિત પાણી**

૪૦૯ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા નહેર આધારિત સમી-હારીજ તાલુકાના ગામોને પીવાના પાણી પુરુ પાડવાની જુથ યોજના રાજ્ય સરકાર દ્વારા ક્યારે મંજૂર કરવામાં આવી,

(૨) જુથ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થવા અંદાજ છે, અને

(૩) કુલ કેટલા ગામોને સમાવવાની યોજના છે?

**જવાબ**

(૧) તા. ૨૮-૦૯-૦૫ ના રોજ.

(૨) રૂા. ૧૨૮૯.૮૨ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

(૩) ૧૩૭ ગામો.

------------

**સ્વજલધારા કાર્યક્રમ યોજનાનો પ્રતિસાદ**

**૧૩૦/page>**૩૨૫ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓના કામો શરૂ કરવા માટે રાજ્યમાં પ્રચંડ પ્રતિસાદ સાંપડેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) આ યોજનાના અમલ માટે રાજ્ય સરકારે શા પ્રયો કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. રાજ્ય સ્તરે વાસ્મોની સ્વજલધારાની સંકલનની કામગીરી સોંપવામાં આવેલ છે.

૨. જિલ્લા સ્તરે કલેક્ટરના અધ્યક્ષપણા હેઠળ જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની રચના કરવામાં આવેલ છે તથા અમલીકરણ સહાયક સંસ્થાઓના સહયોગથી આ કાર્યક્રમનો પ્રચાર પ્રસાર કરી, ગ્રામ પંચયતોને પ્રોત્સાહન આપી, પાણી સમિતિની રચના કરી, તેમના દ્વારા આયોજન અને અમલીકરણ કરવામાં આવે છે.

------------

**સાવરકુંડલા તાલુકામાં સરદાર સહભાગી યોજના હેઠળ બાંધેલા ચેકડેમો**

૧૩૦૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં જળસંપત્તિ વિભાગ દ્વારા ૮૦:૨૦ ની યોજના સરદાર સહભાગી યોજના નીચે તા.૩૧-૧૨-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં તાલુકામાં કેટલા ચેકડેમો બાંધવામાં આવેલ છે, | (૧) ૪૭ ચેકડેમો બાંધવામાં આવ્યા છે. |
| (૨) કેટલા અરજદારો દ્વારા અરજી કરી બાંધવા માટે માગણી કરવામાં આવી હતી, | (૨) ૧૭૧ અરજદારો |
| (૩) તેમાંથી કેટલાનું બાંધકામ થયેલ છે, અને કેટલા બાંધવાના બાકી છે, અને | (૩) અને (૪) ૪૭ નું બાંધકામ થયેલ છે ૧૭ ચેકડેમો પ્રગતિ હેઠળ છે. જ્યારે ૪૨ ચેકડેમોની મંજુરી આપેલ છતાં પ્રાયોજકો દ્વારા કામ શરૂ કરવામાં આવેલ નથી. |
| (૪) અને બાકી હોય તો તેના શું કારણો છે ? | |

------------

**વડોદરા તાલુકામાં ચોમાસાનું પાણી ભરાવવા અંગે**

૯૧૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા તાલુકાના ક્યા ક્યા ગામોને ૨૦૦૭ના વર્ષના ચોમાસામાં પાણી ભરાવવાથી અસર થઇ હતી, | (૧) સિંઘરોટ ગામે રોડ પર પાણી ભરાયેલું હતું. |
| (૨) આ પાણી ભરાવવાથી કુલ કેટલા લોકો પ્રભાવિત થયા, | (૨) કોઇપણ ગામ કે વિસ્તારમાં સ્થળાંતર થયેલ નથી. |
| (૩) પાણી ભરાવવાના કારણો શું, અને | (૩) મહી નદીમાં પૂરના પ્રવાહને કારણે. |
| (૪) આ પાણી કેટલા દિવસ સુધી ભરાવવાની સમસ્યા રહી ? | (૪) ૨ દિવસ. |

**જામનગર જિલ્લામાં પાઇપ લાઇનના કામો પાછળ ખર્ચ**

૩૨૨ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના તમામ તાલુકા માટે પીવાના પાણી માટેની પાઇપ લાઇનના કામો માટે તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ શી કાર્યવાહી થયેલ છે, અને | (૧) તમામ તાલુકા માટે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ૬૩૨ ગામોને પાઇપ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લઇ પીવાના પાણીની સગવડ આપેલ છે. તેમજ લાંબા ગાળાના આયોજન તરીકે જીલ્લાના તમામ તાલુકાના ગામોને નર્મદા કેનાલ આધારિત પાઇપ પાણી પુરવઠા યોજનામાં નેટવર્ક સાથે જોડવાની યોજના કરેલ છે. |
| (૨) આ જિલ્લામાં નર્મદાના પાણી પહોંચાડવા માટે સરકારને કેટલું ખર્ચ થશે ? | (૨) અંદાજે રૂા. ૬૦૦ કરોડ. |

------------

**ખેડા જિલ્લાનો સુજલામ સુફલામ યોજના હેઠળ સમાવેશ**

૯૫૨ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સુજલામ સુફલામ યોજના હેઠળ ખેડા જિલ્લાના કેટલા તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ, | (૧) જીલ્લાના બધા ૧૦ તાલુકા. |
| (૨) તે પૈકી કપડવંજ તાલુકાનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) જો હા, તો કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) કામ શરૂ કરી દીધેલ છે. |

------------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૯૩૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં કઇ કઇ જુથ પાણી પુરવઠા યોજનાઓ કઇ તારીખે મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) નીચે મુજબ

| ક્રમ | તાલુકો | જૂથ યોજનાનું નામ | મંજૂરીની તારીખ |
|---|---|---|---|
| ૧ | શહેરા | વણાકબોરી | ૧૬-૧૧-૯૪ |
| ૨ | શહેરા | પાનમ | ૩૧-૦૩-૦૩ |
| ૩ | લુણાવાડા | હિંદોલીયા | ૧૬-૦૮-૯૭ |
| ૪ | લુણાવાડા | ચારણગામ (નમનાર) | ૧૬-૦૮-૯૭ |
| ૫ | લુણાવાડા | થાણાસાવલી | ૩૧-૧૨-૦૩ |

(૨) તા.૩૧-૧૨-૦૭ સુધીની સ્થિતિઓ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજનાઓ ક્યારે અને ક્યા ઈજારદારને ક્યારથી શરૂ કરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર હતી,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ યોજનાઓ સમય મર્યાદામાં પૂર્ણ થયેલ છે કે કેમ,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો ના, તો તેના કારણો શા છે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) આવા ઈજારદારના વિરુધ્ધમાં શાં પગલાં લેવામાં આવેલ છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રોગી કલ્યાણ સમિતિ ધ્વારા હોસ્પિટલની સુવિધાઓ**

: ૭૪૦ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોગી કલ્યાણ સમિતિઓ ધ્વારા જિલ્લાવાર હોસ્પિટલોને કુલ કેટલી આવકો થઈ, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોગી કલ્યાણ સમિતિઓ ધ્વારા જિલ્લાવાર હોસ્પિટલોને થયેલ આવકોની માહિતી આ સહ પત્રક-૧માં સામેલ છે.

**પત્રક - ૧**

**રોગી કલ્યાણ સમિતિ દ્વારા થયેલ આવક**

| ક્રમ | જિલ્લાનું નામ | થયેલ આવકની વિગત (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૨૭૭૭૩૮૧ |
| ૨ | ખેડા | ૧૩૩૯૭૨૨ |
| ૩ | આણંદ | ૭૦૮૪૬૩ |
| ૪ | સુરેન્દ્રનગર | ૧૫૦૦૬૧૧ |
| ૫ | ગાંધીનગર | ૬૧૦૦૦૧૯૦ |
| ૬ | મહેસાણા | ૧૩૨૮૮૯૩૧ |
| ૭ | બનાસકાંઠા | ૮૮૩૦૮૭૧ |
| ૮ | સાબરકાંઠા | ૧૦૬૭૭૦૬૫ |
| ૯ | પાટણ | ૪૮૩૦૭૮૦ |
| ૧૦ | સુરત | ૯૩૦૮૪૧૫ |
| ૧૧ | નવસારી | ૫૮૧૯૧૦૧ |
| ૧૨ | વલસાડ | ૪૧૪૧૧૫૨ |
| ૧૩ | આહવા | ૨૪૬૮૦૬૦ |
| ૧૪ | ભાવનગર | ૯૬૭૯૬૩૫ |
| ૧૫ | અમરેલી | ૫૨૪૫૬૯૬ |
| ૧૬ | જૂનાગઢ | ૭૯૬૩૭૪૭ |
| ૧૭ | પોરબંદર | ૨૯૩૩૦૧૬ |
| ૧૮ | રાજકોટ | ૧૦૭૫૦૬૭૩ |
| ૧૯ | જામનગર | ૮૩૦૨૬૦૫ |
| ૨૦ | કચ્છ | ૩૮૪૭૦૨ |

| | | |
|---|---|---|
| ૨૧ | વડોદરા | ૧૮૫૮૪૫૭૦ |
| ૨૨ | પંચમહાલ | ૩૯૩૪૮૪૧ |
| ૨૩ | દાહોદ | ૧૪૯૩૮૭ |
| ૨૪ | ભરૂચ | ૩૪૬૪૧૬૭ |
| ૨૫ | નર્મદા | ૧૮૨૫૨૫ |
| | કુલ... | ૨૩૮૨૬૬૩૦૬ |

(૨) આનાથી હોસ્પીટલમાં ક્યા પ્રકારની સુવિધાઓ ઉભી થઈ ?

(૨) આનાથી હોસ્પિટલોમાં જે સુવિધાઓ ઉભી થઇ છે તેની માહિતી અલાયદા પત્રક-૨માં સામેલ છે.

**પત્રક - ૨**

**રોગી કલ્યાણ સમિતિ દ્વારા હોસ્પિટલોમાં નીચે મુજબ સુવિધાઓ ઉભી થઇ છે.**

**<u>તબીબી વિભાગ</u>** (જિલ્લા અને તાલુકા હોસ્પિટલો)

(૧) હોસ્પિટલનું લીનન જરૂરીયાત મુજબ નવું વસાવવામાં આવેલ છે.

(૨) જુનુ ફર્નીચરને રીપેરીંગ અથવા ક્લર કામ કે નવું વસાવવામાં આવેલ છે.

(૩) ઓ.પી. ડી. માં દર્દીઓને બેસવા માટે જરૂરી આધુનિક સુવિધાઓ જેવી કે, ખુરશી, પંખા વગેરે વસાવીને કોર્પોરેટ હોસ્પિટલ જેવું બનાવવામાં આવેલ છે.

(૪) હોસ્પિટલમાં માનદ્ વેતનથી તજજ્ઞોની સેવાઓ ઉભી કરવામાં આવેલ છે તેમજ આઉટ સોર્સીંગ દ્વારા પેરા મેડીક્લ, હાઉસ કીપીંગ અને સીક્યોરીટી સ્ટાફ અને ડ્રાયવરની સેવાઓ વધુ સુદ્રઢ કરવામાં આવેલ છે.

(૫) હોસ્પિટલમાં જરૂરી સુધારા વધારા કરી દર્દીઓ માટે તાત્કાલિક સારવાર, ઓ.પી.ડી. કે લેબોરેટરી વિભાગને અદ્યતન બનાવવામાં આવેલ છે.

(૬) હોસ્પિટલના કેમ્પસમાં સફાઈ કામ કરી વધુ સ્વચ્છ બનાવવામાં આવેલ છે.

(૭) હોસ્પિટલમાં સ્ટ્રેચર ટ્રોલી તથા વ્હીલચેર વગેરે ખરીદીને સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

(૮) ગરીબ દર્દીઓને જરૂરી દવાઓ પુરી પાડવામાં આવેલ છે.

(૯) ઓપરેશન થીયેટરને અદ્યતન બનાવવામાં આવેલ છે અને સગવડો વધારવામાં આવેલ છે.

**<u>આરોગ્ય વિભાગ</u>** (સામુહિક આરોગ્ય કેન્દ્રો)

(૧) ફર્નીચર, ખરીદી અને રીપેરીંગ.

(૨) લીનન ખરીદી.

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રોના બિલ્ડીંગના સામાન્ય રીપેરીંગ, રીનોવેશન જરૂરી ફેરફારો, પાણીની વ્યવસ્થા.

(૪) હોસ્પિટલની સફાઇ કામગીરી.

(૫) હોસ્પિટલના કંપાઉન્ડ વગેરેની સાફ સફાઇ.

**<u>તબીબી શિક્ષણ</u>** (મેડીકલ/ડેન્ટલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલો)

(૧) પી.ડી.યુ. હોસ્પિટલ રાજકોટ દ્વારા સંસ્થામાં ઉભી કરેલ સુવિધાઓ નીચે મુજબ છે.

- દર્દીઓને એમ.આર.આઇ. તથા સી.ટી.સ્કેન મફ્ત કરી આપવામાં આવે છે.
- ઓર્થોપેડીક ઓપરેશન બહારના સાધનો મંગાવી મફ્ત આપવામાં આવે છે.
- બહારગામના પેશન્ટ મૂક્વા માટે એમ્બ્યુલન્સ મફ્ત આપવામાં આવે છે.
- હોસ્પિટલની અંદર કેમ્પસની સાફ સફાઇ સુવિધામાં વધારો થયેલ છે.

(૨) સીવીલ હોસ્પિટલ અમદાવાદ દ્વારા સંસ્થામાં ઉભી કરેલ સુવિધાઓ નીચે મુજબ છે.

- અતિ ગંભીર દર્દીઓ માટે ટ્રોમા સેન્ટર ખાતે સેન્ટ્રલી એર કન્ડીશનના ૧૧ વેન્ટીલેટર તથા આધુનિક તબીબી યંત્ર સામગ્રીની સુવિધા સાથેનું ટ્રોમા આઇ.સી.યુ. રૂમ તૈયાર કરવામાં આવેલ છે.
- ગુજરાતના દૂર-દૂર ના વિસ્તારોમાંથી આવતા *AIDS* ના દર્દીઓ માટે બચત સેન્ટરની અલાયદી વ્યવસ્થા કરેલ છે.
- સી-૭, વોર્ડનું રોગી કલ્યાણ સમિતિ મારફ્તે આધુનિકરણ હાથ ધરવામાં આવેલ છે. તથા આ વોર્ડના દર્દીઓને જંતુ મુક્ત થયેલ પીવાના ઠંડા પાણીની સુવિધા માટે વોટર કુલરની વ્યવસ્થા કરેલ છે.

- સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જરૂરીયાત મંદ દર્દીઓને નિઃશુલ્ક જીવન રક્ષક દવાઓ પુરી પાડવામાં આવે છે. જેના પાસે બી.પી.એલ. કાર્ડ પણ ઉપલબ્ધ ન હોય તેવા અતિ ગરીબ દર્દીઓને તેમની ગંભીર બીમારીમાં *MRI,* સી.ટી.સ્કેન, કલર ડોપલર જેવા કિંમતી સાધનો દ્વારા નિઃશુલ્ક નિદાનની સેવા પુરી પાડવામાં આવે છે.
- હોસ્પિટલ કેમ્પસની સાફ સફાઇ સુવિધામાં વધારો થયેલ છે.

(૩) સર.ટી.હોસ્પિટલ, ભાવનગર દ્વારા સંસ્થામાં ઉભી કરેલ સુવિધાઓ નીચે મુજબ છે.

- અત્રેની હોસ્પિટલના મઇન હોસ્પિટલ થીયેટરનું સંપૂર્ણ રીનોવેશન કરવામાં આવેલ છે.
- જ્ઞાનતંતુઓની તપાસ માટેની મશીન ઇ.એમ.જી. એન્ડ એન.સી.પી. વસાવવામાં આવેલ છે.
- હોસ્પિટલની અંદર કેમ્પસની સાફ સફાઇ સુવિધામાં વધારો થયેલ છે.

(૪) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા દ્વારા સંસ્થામાં ઉભી કરેલ સુવિધાઓ નીચે મુજબ છે.

- ઓપરેશન થીયેટર, આઇ.સી.યુ. તાત્કાલીક સારવાર વિભાગ માટે ઇલેક્ટ્રીક જનરેટર સેટની ખરીદી કરેલ છે.
- હોસ્પિટલની અંદર કેમ્પસની સાફ સફાઇ સુવિધામાં વધારો થયેલ છે.
- બર્ન્સ વોર્ડમાં દર્દીઓની સારવારના ભાગ રૂપે બહ મશીન, પેડલ સ્ટેન્ડ ફેનની ખરીદી કરેલ છે.

(૫) નવી સીવીલ હોસ્પિટલ સુરત દ્વારા સંસ્થામાં ઉભી કરેલ સુવિધાઓ નીચે મુજબ છે.

- એમ્બ્યુલન્સ સેવામાં વધારો કરેલ છે.
- હોસ્પિટલની અંદર કેમ્પસની સાફ સફાઇ સુવિધામાં વધારો થયેલ છે.
- બી.પી.એલ. કાર્ડ ધરાવતા દર્દીઓને આપવામાં આવતી સારવારમાં વધારો કરેલ છે.

(૬) જી.જી. હોસ્પિટલ જામનગરમાં રોગી કલ્યાણ સમિતિ ખાતે થયેલ આવકને કારણે દર્દીઓની સુવિધામાં વધારો થયેલ છે.

------------

**જસદણ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાનગી ટ્રસ્ટને સોંપવા અંગે**

૯૩૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાને જસદણ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાનગી ટ્રસ્ટને સોંપવાની કાર્યવાહી ચાલે છે તે હકીકત રાજ્ય સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ખાનગી ટ્રસ્ટને સોંપવાના કારણો શું છે ? | (૨) આરોગ્ય ક્ષેત્રે જાહેર જનતા માટે સુવિધા ઉપલબ્ધ કરાવવા લોક સમુદાયમાંથી લોક ભાગીદારીની ઘણી દરખાસ્તો મળે છે. આથી સુયોગ્ય લોક ભાગીદીરીથી જાહેર આરોગ્ય સંસ્થાઓમાં વધુ સારી આરોગ્ય સવલતો ઉપલબ્ધ કરાવી અસરકારક સંચાલન કરી શકાય તે માટે સરકારની પ્રવર્તમાન નીતિ અન્વયે આવી દરખાસ્તોની ચકાસણી કર્યા બાદ ખાનગી સંસ્થાઓને સંચાલન સોંપવામાં આવે છે. |

------------

**પ્રવાસન વિકાસ યોજના હેઠળ આયોજન**

૪૦૬ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રવાસન વિકાસ યોજના હેઠળ સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં તાપી નદી કાંઠે આવેલ વાઘેજા ખાતે વાઘેશ્વર મંદિરનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સ્થળના વિકાસ માટે શું | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આયોજન છે ?

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં તળાવોના મંજૂર થયેલ કામો**

૬૮શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં કેટલા તળાવોના કામો સને ૨૦૦૬ થી ૨૦૦૭ સુધીમાં સરકારે મંજૂર કરેલ છે,

(૨) આ કામો કેટલા પૂર્ણ કરવામાં આવેલ છે અને કેટલા કામો કરવાના બાકી છે,

(૩) આ કામોની નાણાકીય ચૂકવણી કરવામાં આવેલ છે ખરી, અને

(૪) જો હા, તો કેટલી રકમ ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) જળસંપતિ વિભાગ દ્વારા નર્મદા જિલ્લામાં ૬૩ અને ભરૂચ જિલ્લામાં ૭૪ તળાવોના કામો મંજૂર કરેલ છે.

(૨) નર્મદા જિલ્લામાં તમામ ૬૩ તળાવો અને ભરૂચ જિલ્લામાં ૫૮ તળાવો પૂર્ણ કરેલ છે.

(૩) હા, જી.

(૪) ભરૂચ જિલ્લામાં રૂ. ૧૪૮.૭૬ લાખ અને નર્મદા જિલ્લામાં રૂ. ૧૫૯.૨૫ લાખ ચુકવેલ છે.

------------

**વાયબ્રન્ટ ઈન્વેસ્ટર સમીટમાં પ્રવાસન ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૯૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫માં વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર સમીટમાં ૧૨ જેટલી કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કેટલી મૂડીના રોકાણ સાથે કરેલા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કઈ કઈ કંપનીઓ કાર્યરત છે, ક્યા પ્રકારની પ્રગતિઓ સધાઈ, અને

(૩) કેટલી કંપનીઓ આ એમ.ઓ.યુ. કર્યા પછી તેમાંથી ખસી ગઈ છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૫માં વાઇબ્રન્ટ સમીટ અંતર્ગત કુલ ૧૨ પાર્ટીઓ તરફથી એમ.ઓ.યુ. સાઇન કરવામાં આવેલ હતા, જ્યારે બે પાર્ટીઓએ એમ.ઓ.યુ. અંગે જાહેરાત કરેલ હતી, આ ૧૪ પાર્ટીઓ તરફથી કુલ રૂા. ૭૩૫૧.૫૦ કરોડનું મૂડી રોકાણ થનાર હતું.

(૨) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નીચે મુજબની બે કંપનીઓ કાર્યરત છે.

૧. ભારત હોટલ્સ લી., ન્યુ દિલ્હી

૨. કચ્છ સ્ટીલ પ્રા. લિ., ભુજ

આ બે પાર્ટીઓ તરફથી જમીનની ખરીદીની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. આગળની કાર્યવાહી ચાલુમાં છે.

(૩) કુલ ૧૨ કંપનીઓ ખસી ગયેલ છે.

------------

**ઐતિહાસિક વાવની સફાઈ કામગીરી**

૩૨૯ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ઐતિહાસિક વાવોની સફાઈની કામગીરી સરકારે હાથ ધરી છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી વાવની કામગીરી પૂર્ણ થઈ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એકવીસ (૨૧).

------------

**રાજ્યમાં ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ સેવાઓ**

૪૦૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ સેવાઓ કાર્યરત કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, આ સેવાથી કેટલી ગાડીઓ હાલમાં ફરે છે. આ સેવાથી સરકાર પર કેટલો બોજો નાણાકીય પડયો છે, આ સેવા લોકોને કેટલી ઉપયોગી છે ?

**જવાબ**

હા, જી

૧૩ જિલ્લામાં કુલ ૭૩ એમ્બ્યુલન્સ ફરે છે. જેનો અત્યાર સુધીમાં રૂા. ૧૬૦૦/- લાખનો નાણાંકીય બોજો પડેલ છે. સમગ્ર ગુજરાતમાં આ સેવા માર્ચ-૨૦૦૯ સુધીમાં કાર્યરત થશે. ત્યારે ૪૦૦ એમ્બ્યુલન્સ ફરતી થશે.

આ સેવા તા. ૨૯-૮-૦૭ થી શરૂ થઇ ત્યારથી અત્યાર સુધી ૨૭,૩૮૩ ને સેવા આપી છે. ૧૨૦૦ ની

જાન બચાવેલ છે. ૧૬૩૩ પ્રસુતીના કેસો હોસ્પિટલમાં મોકલ્યા છે અને પ્રસુતીના ૫૦ કેસોને એમ્બ્યુલન્સમાં પ્રસુતી કરાવેલ છે.

------------

**અમદાવાદ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગની પ્રસિધ્ધિ**

૯૫૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ મહાનગરપાલિકાની હાલ કેટલી ટી. પી. સ્કીમો અંતિમ તબકકામાં છે, અને

(૧)

| | |
|---|---|
| ડ્રાફટ ટી. પી. સ્કીમ | ૧૪ |
| પ્રારંભિક ટી.પી.સ્કીમ | ૧૭ |
| ફાઇનલ ટી. પી. સ્કીમ | ૦૨ |
| **એકંદરે કુલ :** | **૩૩** |

(૨) જેને આખરી સ્વરૂપ સાથે પ્રસિધ્ધ ક્યારે કરાશે ?

(૨) અધિનિયમ-૧૯૭૬ ની અને નિયમો-૧૯૭૯ની જોગવાઇઓ અનુસરીને કાર્યવાહી કરવામાં આવતી હોય છે.

------------

**વિરમગામ, માંડલ અને દેત્રોજ વિસ્તારમાં ગટરોનું રીગ્રીડીંગ**

૭૪૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૦૭ ના વર્ષમાં વિરમગામ, માંડલ, દેત્રોજ વિસ્તારમાંથી પસાર થતી વરસાદી ગટરોનું રીગ્રીડીંગ કામ હાથ ધરેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલું કામ પૂર્ણ થયું અને કેટલું કામ બાકી છે, અને

(૨) કામગીરીની વિગત નીચે પ્રમાણે છે.

| તાલુકો | થયેલ કામ (લંબાઇ કી.મી.) | બાકી કામ (લંબાઇ કી.મી.) |
|---|---|---|
| વિરમગામ | ૭૧.૨૭ | ૬૭.૯૬ |
| માંડલ/દેત્રોજ | ૭૬.૨૦ | ૬૭.૩૨ |

(૩) બાકી રીગ્રીડીંગ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૩) નાણાંકીય ઉપલબ્ધતા અન્વયે તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

------------

**સાબરકાંઠા જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓની કામગીરી**

૬૩૨ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી છે તે સરકાર જાણે છે,

(૧) આ હકીકત સાચી નથી.

(૨) કઇ કઇ જુથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ થયો છે,

(૨) નીચેની વિગતે

| જુથ પાણી પુરવઠા યોજનાનું નામ | સમાવેશ થયેલ ગામોની સંખ્યા |
|---|---|
| બાયડ-માલપુર | ૫૩ |
| ગાબટ-સાઠંબા | ૧૮ |
| આમોદરા | ૧૬ |
| માઝૂમ | ૦૯ |

(૩) કેટલી નવી જુથ પાણી પુરવઠા યોજના બનાવી કેટલા ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે, અને

(૩) ત્રણ નવી જૂથ પાણી પુરવઠા યોજના બનાવી ૪૧૯ ગામોનો સમાવેશ કરવાનું આયોજન છે.

(૪) આ નવી જુથ પાણી પુરવઠા યોજનાઓની કામગીરી હાલ ક્યા તબક્કે છે ?

(૪) આયોજનના તબક્કે છે.

**હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં નર્મદાના પીવાના પાણી પાછળ ખર્ચ**

૧૪૬ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જાન્યુઆરી, ૦૮ ની પરિસ્થિતિએ હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં નર્મદાનું પીવાનુ પાણી આપવાની યોજનાનું કામ પ્રગતિમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ યોજના ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) માર્ચ ૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આની પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૩) અંદાજે રૂા. ૭૧.૦૦ કરોડ. |

------------

**એતિહાસિક વાવની સફાઇની કામગીરી**

૩૩૦ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં એતિહાસિક વાવોની સફાઇની કામગીરી હાથ ધરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી વાવની કામગીરી પૂર્ણ થઇ ? | (૨) આડત્રીસ (૩૮). |

------------

**વડોદરા જિલ્લાની સુખી સિંચાઇ યોજનાના કામો મંજૂર કરવાનો નિર્ણય**

૨૦૪ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લાની સુખી સિંચાઇ યોજના ડાબા અને જમણા કાંઠાની મુખ્ય કેનાલો તથા પ્રશાખા રીપેર કરવા માટે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) રૂા. ૨.૬૮ કરોડ. |
| (૨) મંજૂર થયેલા કામો પૂર્ણ કરવાના બાકી છે એ હકીક્ત સરકાર જાણે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો સમયસર કામ નહી કરનાર ઇજારદારને તેઓના કામમાંથી મુક્તિ કરવા સરકારે શું નિર્ણય લીધો ? | (૩) કામો પ્રગતિમાં છે અને મુક્ત કરવાનો નિર્ણય લીધો નથી. |

------------

**ઉકાઇ મેઇન કેનાલના લાઇનીંગની કામગીરી**

૨૭૮**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ઉકાઇ જમણા કાંઠાની મેઇન કેનાલનું લાઇનીંગનું કામ ન થવાથી હાલમાં નહેર પૂર્ણ ક્ષમતાએ પાણી વહન કરી શક્તી નથી તથા વેસ્ટેજ પણ વધુ થાય છે. જેના કારણે કમાન્ડ એરીયાની જમીનને નિયમિત સિંચાઇ કરી શકાતી નથી તો સદર લાઇનીંગની કામગીરી કરવા સરકાર વિચારે છે કે કેમ, અને | (૧) અને (૨) ના, જી. |
| (૨) જો હા, તો કામ ક્યારે શરૂ થશે ? | |

**મહી પરીએજ યોજના દ્વારા કડીયાળીથી સોમનાથ સુધી પીવાના પાણીની પાઇપ લાઇન**

૯૨૮ **શ્રી દીનુભાઈ બો. સોલંકી(કોડીનાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહી પરીએજ યોજના દ્વારા કડીયાળી ઓફ ટેઇક પોઇન્ટ (તાલુકા રાજુલા) થી સોમનાથ, ઉના, કોડીનાર, તાલાળા અને સુત્રાપાડાને જોડતી પીવાના પાણીની પાઇપ લાઇન કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના ક્યાં સુધીમાં પૂરી કરવા માંગે છે,

(૩) આ યોજના અંગે કામ કરવા માટે સરકારને ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા અંદાજો મંજૂરી માટે મોકલવામાં આવેલ તેને મંજૂરી મળી છે કે કેમ, અને

(૪) જો હા, તો ટેન્ડરો વિગેરે નિકળ્યા છે કે, કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ડિસેમ્બર-૨૦૦૯ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) હા, જી.

(૪) હા, જી.

------------

**ઝાલોદ તાલુકાના થાળા સિંચાઇ તળાવનો કમાન્ડ વિસ્તાર**

૨૨ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના થાળા સિંચાઇ તળાવનો કમાન્ડ વિસ્તાર કેટલો છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ખરેખર કેટલા એકરમાં પાણી મળે છે ?

**જવાબ**

(૧) ૧૪૦૦ એકર. (૫૬૦ હેકટર)

(૨) ૪૯૯ એકર. (૨૦૨ હેકટર)

------------

**ભિલોડા તાલુકામાં સિંચાઇની સુવિધા વધારવા અંગે**

૪૦૧ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સિંચાઇની સુવિધાઓ વધારવા સરકારે કઇ કઇ યોજનાઓ હાથ ધરી છે, અને

(૨) આના લીધે કેટલા કેટલા હેકટરમાં સિંચાઇ થાય છે અને ક્યા ક્યા ગામોને લાભ મળે છે ?

**જવાબ**

(૧) નીચે દર્શાવેલ યોજનાઓ હાથ ધરેલ છે.

(અ) ચેકડેમો બનાવવા,

(બ) તળાવો ઉંડા કરવા,

(ક) નાની સિંચાઈ યોજનાઓમાં આધુનિકરણ.

(૨) ૭૨ ગામોની ૧૪૧૪ હેકટર જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ તેમજ પરોક્ષ લાભ મળે છે. (ગામોના નામની યાદી દર્શાવતું પત્રક-૧ મુજબ)

**પત્રક-૧**

**સિંચાઈથી લાભિત ગામોના નામની યાદી**

| અ.નં. | ગામનું નામ | અ.નં. | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | ગડાધર કંપા | ૩૭ | બોલુન્દ્રા |
| ૨ | અણસોલ | ૩૮ | ભાણમેર |
| ૩ | જાલીયા | ૩૯ | ખેરાડી |
| ૪ | વાઘેશ્વરી | ૪૦ | કિશનગઢ |
| ૫ | ટાકાટુકા | ૪૧ | અભાપુર |
| ૬ | મલાસા | ૪૨ | મોટા કંથારીયા |
| ૭ | ભુનાવડ | ૪૩ | બીલવણીયા |
| ૮ | ખાપરેટા | ૪૪ | વીરપુર |
| ૯ | ઘાંટી | ૪૫ | ગલી સેમરો |
| ૧૦ | મુનાઈ | ૪૬ | સીલાદ્રી |
| ૧૧ | બાવલીયા પાલ | ૪૭ | વાંદીયોલ |
| ૧૨ | વાંકાનેર | ૪૮ | ભીમ પગલા-રામપુર |
| ૧૩ | નાંદોજ | ૪૯ | સામરણ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | રાજેન્દ્રનગર | ૫૦ | નવા ભેટાલી |
| ૧૫ | સીલાસણ | ૫૧ | માંક્રોડા |
| ૧૬ | લુછડીયા | ૫૨ | જેસીંગપુર |
| ૧૭ | ધુલેટા પાલ્લા | ૫૩ | જસવંતપુરા |
| ૧૮ | ખારી | ૫૪ | જોધપુર |
| ૧૯ | આડા હાથરોલ | ૫૫ | કુડોલ |
| ૨૦ | ટોરડા | ૫૬ | જાયલા |
| ૨૧ | ધનસોર | ૫૭ | વાઘપુર |
| ૨૨ | ભટેરા | ૫૮ | ગઢીયા |
| ૨૩ | કરણપુર | ૫૯ | અસાલ |
| ૨૪ | હરદાસપુર | ૬૦ | કુડોલ-દહેગામડા |
| ૨૫ | ધોલવાણી | ૬૧ | જાંબુડી |
| ૨૬ | શોભાયડા | ૬૨ | ભવાનપુરા |
| ૨૭ | રામનગર | ૬૩ | બોરનાલા |
| ૨૮ | ઇશ્વરપુરા | ૬૪ | ગોઢકુલ્લા |
| ૨૯ | ખિલોડા | ૬૫ | ભીલોડા |
| ૩૦ | કુશ્કી | ૬૬ | હિંમતપુર |
| ૩૧ | ધંબોલીયા | ૬૭ | અણસોલ |
| ૩૨ | સુનોખ | ૬૮ | સામેરા |
| ૩૩ | ઝુમસર | ૬૯ | વક્તાપુર |
| ૩૪ | વણઝર | ૭૦ | શામળાજી |
| ૩૫ | ધંધાસણ | ૭૧ | લક્ષ્મણપુરા |
| ૩૬ | ખુમાપુર | ૭૨ | બ્રહમપુરી |

------------

**ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ મંજૂર થયેલ કામો**

૩૭ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની યોજનાઓના કામો તા. ૩૧ ડીસે, ૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) નીચેની વિગતે મંજૂર કરવામાં આવ્યા<br>૧. ભરૂચ-૬ ગામો<br>૨. વાગરા-૭ ગામો<br>૩. જંબુસર -૨ ગામો<br>૪. આમોદ-૫ ગામો<br>૫. હાંસોટ- ૧ ગામ<br>૬. ઝઘડીયા-૨ ગામો<br>કુલ ... ૨૩-ગામો |
| (૨) તે પૈકી કેટલા કામો શરૂ થયા અને કેટલા ગામોની યોજના પૂર્ણ કરવામાં આવી ? | (૨) તમામ ૨૩ ગામોમાં કામો શરૂ થયેલ છે જે પ્રગતિ હેઠળ છે. |

------------

**વ્યારા તાલુકામાં હેન્ડ પંપો**

૨૫૦ **શ્રી પુનાભાઈ ધે. ગામીત(વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યારા તાલુકામાં કુલ કેટલા હેન્ડ પંપો થયેલા છે, | (૧) ૪૬ હેન્ડ પંપ |
| (૨) કેટલા હેન્ડ પંપો કરવાના બાકી છે, અને | (૨) ૨૭ હેન્ડ પંપ |
| (૩) સરકારે આ માટે શું આયોજન કર્યું છે? | (૩) માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**વેરાવળ શહેર ખાતે સરકારી હોસ્પિટલને સીવીલ હોસ્પિટલનો દરજ્જો**

૨૪૭ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ શહેર ખાતે આવેલ સરકારી હોસ્પિટલને સીવીલ હોસ્પિટલનો દરજ્જો આપેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) તે અન્વયે સીવીલ સર્જન સહિત કુલ કેટલું સેટઅપનું મહેકમ છે, | (૨) અધિક્ષક સહીત કુલ-૩૮નું મહેકમ મંજુર થયેલ છે. |
| (૩) એ અન્વયે કેટલી જ્યાઓ ખાલી તારીખ ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છે, અને | (૩) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ-૧૧ જ્ગ્યા ખાલી છે. |
| (૪) હાલના સીવીલ સર્જન હેડક્વાર્ટસમાં રહેવાને બદલે અપ-ડાઉન કરે છે તેથી દર્દીઓ મુશ્કેલીઓ અનુભવે છે તે હકીક્ત સાચી છે ? | (૪) હકીક્ત સાચી નથી, તા. ૧-૧-૦૬ થી ક્વાર્ટર ફાળવવામાં આવેલ છે. તેમાં તા. ૧-૧-૦૬થી રહે છે. |

------------

**જોડીયા તાલુકામાં સિંચાઇ યોજનાનું પિયત માટે પાણી**

૪૭૪ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જોડીયા તાલુકાના તારાયાધાર પાસેની આજી-૪ સિંચાઇ યોજનાનું કામ ક્યારે મંજુર થયેલ છે, | (૧) માહે ૧૧/૯૭ માં વહીવટી મંજુરી આપેલ છે. |
| (૨) આ સિંચાઇ યોજનાઓ દ્વારા કેટલા હેકટર જમીનમાં સિંચાઇનું પાણી આપવાનું આયોજન છે, અને | (૨) ૫૪૦૩ હેકટર જમીનમાં સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે, |
| (૩) આ સિંચાઇ યોજનાથી કેનાલો દ્વારા ખેડૂતોને સિંચાઇ માટે ક્યારે પાણી મળતું થશે ? | (૩) જમીન સંપાદન અને પુનઃવસવાટની કામગીરી પુર્ણ થયે કામો હાથ ધરી સિંચાઈનું પાણી આપવાનું આયોજન છે. |

------------

**રાજકોટ જિલ્લાના તાલુકામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાનું કામ**

૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના ટંકારા અને પડધરી તાલુકાની નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાનું કામ ક્યારે શરૂ કરવામાં આવેલ, | (૧) ટંકારા તથા પડધરી તાલુકાના કામો અનુક્રમે તારીખ ૩૧-૧૨-૨૦૦૨ અને તારીખ ૩૦-૯-૨૦૦૪ થી શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) પૂર્ણ કરવાની સમય-મર્યાદા કેટલી હતી, અને | (૨) આશરે ત્રણ વર્ષ |
| (૩) આ કામો પૂર્ણ ન થવાનાં કારણો શું છે ? | (૩) ટંકારા અને પડધરી તાલુકાની યોજનાઓના કામોમાં વિલંબ થવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.<br>(૧) ખેતરમાં પાક હોવાથી ખેડૂતો તરફથી પાઈપ લાઈનના કામમાં વિરોધ થવાથી.<br>(૨) રેલ્વે ક્રોસીંગની મંજુરી મેળવવામાં થયેલ વિલંબના કારણે.<br>(૩) બલ્ક પાઈપ લાઈનનું કામ પ્રગતિમાં હોય. |

------------

**કચ્છ જિલ્લામાં મધ્યમ સિંચાઇ યોજના પૂર્ણ કરવા આયોજન**

૯૨૨ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાની મધ્યમ સિંચાઇ યોજના કનકાવતી-૨ અને બેરાચીયા-૨ યોજના હાલમાં ક્યા તબક્કે છે, | (૧) (૨) અને (૩)<br>કનકાવતી-૨ મધ્યમ સિંચાઈ યોજના હાલ વિગતવાર ભૂસ્તરીય અન્વેષણના તબક્કે છે. વિગતવાર અહેવાલ આખરીકરણ થયેથી પુરતી નાણાંકીય જોગવાઈ થયેથી, યોજના હાથ ઉપર લેવામાં આવશે.<br>બેરાચીયા-૨ યોજના તાંત્રિક તેમજ નાણાંકીય રીતે |

(૨) આ યોજના પૂર્ણ કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

પોષણક્ષમ નથી.

------------

**આણંદ જિલ્લાના ગામોમાં પીવાના પાણીની ગુણવત્તા**

૯૩૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લાના બોરસદ અને આંકલાવ તાલુકાના મહીકાંઠાના ગામોમાં પીવાના પાણીની ગુણવત્તા યોગ્ય નથી તે હકીક્ત સત્ય છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો યોગ્ય ગુણવત્તાવાળું પાણી મળે તે માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં કામગીરી થશે? | (૩) આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ખરીદાતી દવાઓ**

૭૪૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ખરીદવામાં આવેલ દવાઓમાંથી કેટલી કંપનીઓની દવાઓ સબ સ્ટાન્ડર્ડ જણાયેલ છે, અને | (૧) ૪૫ કંપનીઓની દવાઓ સબ સ્ટાન્ડર્ડ જણાયેલ છે. |
| (૨) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૨) (અ) ૧૦ કંપનીઓ પાસેથી કૂલ રૂા. ૭,૫૪,૬૨૨/ની કિંમતની દવાઓનું રિપ્લેસમેન્ટ મેળવ્યું<br>(બ) ૩૩ કંપનીઓ પાસેથી કૂલ રૂા. ૪૩,૩૬,૪૦૯/ની વસૂલાત કરી.<br>(ક) ૨૪ કંપનીઓને ત્રણ વર્ષ માટે સંબંધિત દવાઓ માટે, ૧ કંપનીને બે વર્ષ માટે સંબંધિત દવાઓ માટે ૧ કંપનીને બધીજ ઇન્જેકટેબલ આઇટમો માટે ત્રણ વર્ષ માટે અને ૧ કંપનીને પાંચ વર્ષ માટે તમામ દવાઓ / આઇટમો માટે ડીબાર કરવામાં આવેલ છે. |

-------------

**કચ્છ જિલ્લામાં નર્મદા પાઈપ લાઈનની ક્ષમતા**

૪૪૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં નર્મદા પાઈપ લાઈનમાંથી આવતું પાણી ગ્રામ્ય પ્રજાને દૈનિક પ્રતિ વ્યક્તિ ૭૦ લીટરના ધોરણે આપવામાં આવતું નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) હા. જી. |
| (૨) નર્મદા યોજનામાંથી પીવાના પાણી માટે કચ્છના ૮૮૪ ગામો અને ૬ શહેરોને પીવાના શુધ્ધ પાણી વહન માટેની પાઈપ લાઈનની ક્ષમતા હોવા છતાં નિયત ધોરણ અનુસાર પાણી ન આપવાના શા કારણો છે ? | (૨) ૩૭૮ ગામો અને ૮ શહેરોને સ્થાનિક સોર્સ દ્વારા પાણી આપવામાં આવે છે અને તેમાં ઘટતુ પાણી નર્મદા યોજનામાંથી આપવામાં આવતુ હોવાથી.<br>૪૧૮ ગામોની નર્મદા પાઇપ લાઇન આધારિત પાણી પુરવઠા યોજનાની કામગીરી પ્રગતિમાં હોવાથી તેમજ ૮૫ ગામોના કામોના અંદાજો મંજૂરીમાં હોવાથી. |

-------------

## પાટણ શહેર વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ

૪૧૧**શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ શહેર તથા હારીજ નગરપાલિકાના વિકાસ માટે છેલ્લા ૨ વર્ષમાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ સરકારે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, અને

(૨) કઈ કઈ યોજના માટે કેટલી રકમ મંજૂર કરી અને ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) પાટણ શહેરના વિકાસ માટે રૂા. ૩,૦૭,૬૯,૨૦૯/-ની ફાળવણી કરેલ છે.

(૨) હારીજ શહેરના વિકાસ માટે રૂા. ૪૦,૨૪,૩૬૭/-ની ફાળવણી કરેલ છે.

(૨)

| ક્રમ | યોજનાનું નામ | મંજૂર કરેલ રકમ | | વહીવટી મંજૂરીનું વર્ષ |
|---|---|---|---|---|
| | | પાટણ | હારીજ | |
| ૧ | મનોરંજનકર ગ્રાન્ટ ૨૦૦૬-૦૭ | ૬૧૩૯૦૧ | ૪૫૨૪૧૦ | ૨૦૦૭ |
| ૨ | શહેરી ગરીબ યોજના ૨૦૦૬-૦૭ | ૫૦૮૪૫૯ | - | ૨૦૦૭ |
| | શહેરી ગરીબ યોજના ૨૦૦૭-૦૮ | ૧૨૭૧૧૫ | - | ૨૦૦૭ |
| ૩ | વ્યવસાયવેરા યોજના ૨૦૦૬-૦૭ | ૨૦૪૫૨૧૬ | | ૨૦૦૭ |
| ૪ | વાજપાઇ નગર વિકાસ યોજના બીજો તબક્કો | ૯૫૨૮૯૧ | - | ૨૦૦૭ |
| ૫ | ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના | ૨૫૦૦૦૦ | | ૨૦૦૭ |
| ૬ | સસ્તા દર શોચાલયની યોજના ૨૦૦૬-૦૭ | ૨૪૨૦૦૦૦ | ૨૦૮૦૦૦ | ૨૦૦૬-૦૮ |
| ૭ | શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ | ૫૦૦૦૦૦૦ | - | ૨૦૦૬ |
| ૮ | આઇડીએસએમટી યોજના (૦૬-૦૭/૦૭-૦૮) | - | ૪૩૦૦૦૦૦ | ૨૦૦૬-૦૭ |
| ૯ | માર્ગ સુધારણા ગ્રાન્ટ | ૪૧૪૬૦ | ૨૨૫૦૦ | ૨૦૦૬-૦૭ ૨૦૦૭-૦૮ |
| ૧૦ | આરોગ્ય અને સ્વચ્છતા ગ્રાન્ટ | ૧૫૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૦૦૬-૦૭ |
| ૧૧ | કુદરતી આફતો અંગે પુર રાહતની | ૯૯૦૦૦૦૦ | ૧૮૦૦૦૦૦ | ૨૦૦૬-૦૭ |

| | | | | |
|---|---|---|---|---|
| | ગ્રાન્ટ | | | ૨૦૦૭-૦૮ |
| | કુલ... | ૨,૧૯,૯૮,૭૪૨ | ૬૮૮૨૯૧૦ | - |

-------------

**જળસંચય યોજનાના મંજૂર થયેલ ચેકડેમ**

૯૪૬ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરદાર પટેલ જળસંચય યોજના ૮૦:૨૦ ચેકડેમો કેટલા મંજૂર કરવામાં આવ્યા,

(૨) કેટલા પૂર્ણ થયા તથા કેટલા બાકી છે,

(૩) કેટલી અને કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓની દરખાસ્તો આવી અને કેટલી પડતર છે, અને

(૪) આ દરખાસ્તોને ક્યારે મંજૂરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૦૭૯ ચેકડેમો

(૨) ૩૪૮૪-પૂર્ણ, ૧૫૯૫ બાકી

(૩) અને (૪) ૩૮૦ દરખાસ્તો આવી જેમાં ૧૨૪ દરખાસ્તો પડતર છે. તેની તબક્કાવાર ટેક્નો ઇકોનોમીક ફીઝીબીલીટી અને નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર વિચારીને નિર્ણય લેવામાં આવશે.
(સ્વૈચ્છિક સંસ્થાની *યાદી આ સાથે સામેલ છે.)

(*યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**સાવરકુંડલા તાલુકાની મહી-પરીએજ યોજના હેઠળ પીવાનું પાણી ન મળવા અંગે**

૧૩૦૧**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાની મહી પરીએજ યોજના પાણી પુરવઠા દ્વારા તાલુકામાં ચાર ઝોનમાં કરવામાં આવેલ છે. તેમાં ઝોન નં.૩ તેમાં વિજ્યનગર, ગાછકડા ઝોન અને ઝોન નં.૪ આંબરડી ઝોન તા.૩૧-૧-૦૮ સુધી આ બંને ઝોનમાં પીવાનું પાણી મળતું નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો બંને ઝોનમાં આવેલ આશરે ૪૫ ગામોમાં પીવાનું પાણી સરકાર ક્યારે આપવા માંગે છે, અને

(૩) તેના માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ના, જી
તા. ૩૧-૦૧-૦૮ની સ્થિતિએ આ તમામ ગામોએ સ્થાનિક સોર્સમાંથી પુરતા પ્રમાણમાં પીવાનું પાણી મળે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કચ્છ જિલ્લાના તાલુકાઓમાં સી.એચ.સી. અને પી.એચ.સી. કેન્દ્રોમાં ડૉકટરની ખાલી જ્ગ્યાઓ**

૯૪૪ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુન્દ્રા, અંજાર, ભુજ અને નખત્રાણા તાલુકાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં જુદા જુદા સંવર્ગોના કુલ કેટલા ડૉકટરોની ક્યા ક્યા કેન્દ્રોમાં જ્ગ્યા ખાલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખાલી જ્ગ્યા નીચે મુજબ છે.

**અધિક્ષક/ગાયનેક/પીડીયાટ્રીશયન વર્ગ-૧**

| સા. આ. કેન્દ્ર | ખાલી |
|---|---|
| મુન્દ્રા | ૧ |
| અંજાર | ૨ |
| ખાવડા તા. ભુજ | ૧ |
| ભારાપર તા. ભુજ | ૧ |

**તબીબી અધિકારી, વર્ગ-૨**

| સા. આ. કેન્દ્ર | ખાલી |
|---|---|
| મુન્દ્રા | ૦ |

| | |
|---|---|
| અંજાર | ૧ |
| ખાવડા તા. ભુજ | ૨ |
| ભારાપર તા. ભુજ | ૨ |
| નખત્રાણા | ૧ |
| **પ્રા. આ. કેન્દ્ર** | **ખાલી** |
| મુન્દ્રા | ૦ |
| અંજાર | ૧ |
| ભુજ | ૧ |
| નખત્રાણા | ૦ |

(૨) આ જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને ખાલી રહેવાના શાં કારણો છે, અને

(૨) ખાલી જગ્યાઓની માહિતી અર્થે પત્રક-૧ સામેલ છે.

યોગ્ય લાયકાત ધરાવતા તબીબો ઉપલબ્ધ ન થવાના કારણે આ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

(૩) આ જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવનાર છે ?

(૩) તજજ્ઞ વર્ગ-૧ ની ખાલી જગ્યા અંગે કમિ.શ્રી (આ) કચેરી ખાતે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે, તેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે.

તબીબી અધિકારી વર્ગ-૨ ની ખાલી જગ્યાઓ ઓપન ઇન્ટરવ્યુમાં અથવા જે તે મેડીકલ કોલેજોમાંથી બોન્ડેડ તબીબો ઉપલબ્ધ થયે ભરવામાં આવશે.

**પત્રક -૧**

**કચ્છ જિલ્લાના મુદ્રા, અંજાર ભુજ અને નખત્રાણા તાલુકાઓમાં આવેલા સા. આ. કેન્દ્ર અને પ્રા. આ. કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ના તબીબોની ખાલી જગ્યાની વિગત દર્શાવતુ પત્રક (તા. ૩૧-૧૨-૦૭ અંતિત)**

| **વર્ગ-૧** | **સા.આ. કેન્દ્રો** | **તાલુકો** | **જિલ્લો** | **ખાલી** | **ખાલી જગ્યાની તારીખ** |
|---|---|---|---|---|---|
| અધિક્ષક | મુન્દ્રા | મુન્દ્રા | કચ્છ | ૧ | ૦૧-૦૯-૦૧ |
| અધિક્ષક | ખાવડા | ભુજ | કચ્છ | ૧ | ૦૮-૦૬-૯૯ |
| અધિક્ષક | ભારાપર | ભુજ | કચ્છ | ૧ | ૦૫-૧૦-૦૪ |
| ગાયનેકોલોજીસ્ટ | અંજાર | અંજાર | કચ્છ | ૧ | ૧૨-૦૩-૦૪ |
| પેડીયાટ્રીશ્યન | અંજાર | અંજાર | કચ્છ | ૧ | ૨૦-૦૩-૦૧ |
| | | **કુલ** | | **૫** | |
| **તબીબી અધિકારી વર્ગ-૨** | | | | | |
| **ત.અ. વર્ગ-૨** | **સા. આ. કેન્દ્ર** | **તાલુકો** | **જિલ્લો** | **ખાલી** | **ખાલી જગ્યાની તારીખ** |
| | **અંજાર** | **અંજાર** | **કચ્છ** | **૧** | **૨૭-૧૦-૦૭** |
| | **ખાવડા** | **ભુજ** | **કચ્છ** | **૨** | **૩૦-૦૩-૦૭** |
| | | | | | **૧૭-૧૦-૦૪** |
| | **ભારાપર** | **ભુજ** | **કચ્છ** | **૨** | **૨૨-૦૪-૦૪** |
| | | | | | **૧૫-૧૦-૦૩** |
| | **નખત્રાણા** | **નખત્રાણા** | **કચ્છ** | **૧** | **૦૦-૧૨-૦૭** |
| | | કુલ | | ૬ | |
| **તબીબી અધિકારી વર્ગ-૨** | | | | | |
| **ત.અ. વર્ગ-૨** | **પ્રા. આ. કેન્દ્ર** | **તાલુકો** | **જિલ્લો** | **ખાલી** | **ખાલી જગ્યાની તારીખ** |
| | કુકમા | ભુજ | કચ્છ | ૧ | ૨૭-૧૨-૦૬ |
| | ખેડાઇ | અંજાર | કચ્છ | ૧ | ૧૦-૧૦-૦૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | **કુલ** | | ૨ | |

-------------

**કપડવંજ તાલુકામાં ઓવરહેડ ટાંકીઓ**

૯૫૪ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કપડવંજ તાલુકામાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી પાણી પુરવઠાની યોજનાઓ કાર્યરત છે, અને

(૨) વનોડાજુથ પાણી પુરવઠા યોજનામાંથી કેટલા ગામોમાં પાણીની ઓવરહેડ ટાંકી બનાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૯૪ પાણી પુરવઠા યોજના

(૨) ૬૯ ગામ / પરા

-------------

**શહેરા તાલુકામાં સી.એચ.સી. ને એફ.આર.યુ. માં તબદીલી**

૯૩૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા તાલુકામાં શહેરા સી.એચ.સી. ને ક્યારે એફ.આર.યુ. માં તબદીલ કરવામાં આવ્યું,

(૨) આ એફ.આર.યુ. માં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૩) ક્યા ક્યા સંવર્ગની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૪) આવી જગ્યાઓ ભરવામાં આવશે કે કેમ, અને

(૫) આ બાબતે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સામુહિક આરોગ્ય કેન્દ્ર શહેરાને એફ.આર.યુ. માં તબદીલ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પેટલાદ તાલુકામાં અતિવૃષ્ટિથી નુક્સાન**

૭૪૨ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં પેટલાદ તાલુકા મહિ કેનાલમાં અતિવૃષ્ટિથી નુક્સાન થયેલ માનપુરા માઈનોર સાં. ૪૫૦૦ જે તૂટી ગયેલ ભાગ છે તે રીપેરીંગ માટે કોન્ટ્રાકટ આપેલ છે, અને

(૨) ક્યારે કામ ચાલુ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કામનો વર્ક ઓર્ડર તા. ૨૯-૧૧-૦૬ ના રોજ આપેલ હતો. ઇજારદારે કામ શરૂ કરેલ નથી. કરારનામા અન્વયે ઇજારદારને નોટીસ આપેલ છે.

-------------

**રાજકોટ જિલ્લામાં વાસ્મો યોજના હેઠળ પીવાનું પાણી**

૯૩૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજકોટ જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોને ""વાસ્મો"" યોજના હેઠળ સમાવી પીવાનું ચોખ્ખું પાણી આપવાની યોજના પૂર્ણ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે

| ક્રમ | તાલુકો | સમાવિષ્ટ/મંજૂર યોજના | પૂર્ણ યોજના |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૮ | ૧ |
| ૨ | ગોંડલ | ૧૬ | ૫ |
| ૩ | જામકંડોરણા | ૭ | ૨ |
| ૪ | જેતપુર | ૩ | ૨ |
| ૫ | જસદણ | ૯ | ૨ |
| ૬ | મોરબી | ૧૦ | ૪ |
| ૭ | માળીયા | ૫ | ૧ |

## રાજકોટ જિલ્લામાં વાસ્મો યોજના હેઠળ પીવાનું પાણી

**૯૩૫ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | | | |
|---|---|---|---|
| ૮ | ઉપલેટા | ૩ | ૧ |
| ૯ | વાંકાનેર | ૫ | ૧ |
| ૧૦ | ટંકારા | ૧૦ | ૨ |
| ૧૧ | કોટડા સાંગણી | ૭ | - |
| ૧૨ | પડધરી | ૪ | - |
| ૧૩ | રાજકોટ | ૭ | - |
| | **કુલ...** | **૯૪** | **૨૧** |

(૨) જે સમાવિષ્ટ ગામોમાં આ યોજના પૂર્ણ થયેલ નથી તેવા ગામોમાં આ યોજના ક્યા તબક્કે છે?

(૨) કામગીરી પ્રગતિમાં છે.

## બારડોલી અને માંડવી તાલુકાઓમાં ડૉકટરોની ખાલી જ્ગ્યા

**૪૦૭ શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા ડૉકટરોની જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જ્ગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| સામુહિક આરોગ્ય કેન્દ્રો | ખાલી જ્ગ્યા |
|---|---|
| બારડોલી | વર્ગ-૧ -૦<br>વર્ગ-૨ -૦ |
| માંડવી | વર્ગ-૧ -૩<br>વર્ગ-૨ -૦ |
| અરેઠ | વર્ગ-૧ -૧<br>વર્ગ-૨ -૦ |

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં તબીબી અધિકારીઓની ખાલી જ્ગ્યાઓ

૬૯શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કેટલા ડૉક્ટર અથવા તબીબી અધિકારીઓની જ્ગ્યાઓ ખાલી છે,

(૨) જો આ જ્ગ્યાઓ ખાલી હોય તો સરકાર ક્યારે પુરવા માંગે છે, અને

(૩) જે ડૉકટરો ફરજ પર હાજર રહેતા નથી તેવા ડૉકટરો સામે સરકાર કાર્યવાહી કરવા માંગે છે ખરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તબીબી અધિકારી વર્ગ-૨ની માહિતી નીચે મુજબ છે.

| **જિલ્લો** | **વિગત** | **ખાલી જ્ગ્યા** |
|---|---|---|
| ભરૂચ | પ્રા.આ.કેન્દ્રો | ૫ |
| નર્મદા | પ્રા.આ.કેન્દ્રો | ૦ |

(૨) તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી જ્ગ્યાઓ ઓપન ઈન્ટરવ્યુમાં યોગ્ય લાયકાત ધરાવતા તબીબો ઉપલબ્ધ થયે જ્ગ્યાઓ ભરવામાં આવશે અથવા બોન્ડેડ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્ગ્યાઓ ભરવામાં આવશે.

(૩) હા, જી.

## વડોદરા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ

**૧૦૦ શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તાલુકાવાર સંવર્ગવાર મંજુર મહેકમ નીચે મુજબ છે.

| તાલુકો | સંવર્ગવાર મંજુર જ્ગ્યાઓ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | | | સામુહિક આરોગ્ય કેન્દ્ર | | | |
| | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
| છોટાઉદેપુર | ૦૭ | ૨૧ | ૨૮ | ૦૬ | ૦૮ | ૫૯ | ૪૬ |
| ડભોઈ | ૦૫ | ૧૫ | ૨૦ | ૦૫ | ૦૪ | ૨૬ | ૨૩ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પાવીજેતપુર | ૧૦ | ૩૦ | ૪૦ | ૦૧ | ૦૪ | ૨૬ | ૨૦ |
| કરજણ | ૦૫ | ૧૫ | ૨૦ | ૦૧ | ૦૨ | ૧૩ | ૧૦ |
| ક્વાંટ | ૦૮ | ૨૪ | ૩૨ | ૦૧ | ૦૨ | ૧૪ | ૧૦ |
| નસવાડી | ૦૫ | ૧૫ | ૨૦ | ૦૧ | ૦૨ | ૧૩ | ૧૦ |
| પાદરા | ૦૭ | ૨૧ | ૨૮ | ૦૩ | ૦૩ | ૧૪ | ૧૦ |
| સાવલી | ૦૭ | ૨૧ | ૨૮ | ૦૩ | ૦૪ | ૨૫ | ૨૨ |
| સંખેડા | ૦૬ | ૧૮ | ૨૪ | ૦૧ | ૦૫ | ૨૭ | ૨૦ |
| વડોદરા | ૦૯ | ૨૭ | ૩૬ | ૦૨ | ૦૬ | ૨૮ | ૨૧ |
| વાઘોડીયા | ૦૪ | ૧૨ | ૧૬ | ૦૧ | ૦૨ | ૧૩ | ૧૦ |
| શિનોર | ૦૩ | ૦૯ | ૧૨ | ૦૧ | ૦૩ | ૧૮ | ૨૨ |
| **કુલ** | **૭૬** | **૨૨૮** | **૩૦૪** | **૨૬** | **૪૫** | **૨૭૬** | **૨૨૪** |

(૨) મંજૂર થયેલ મહેકમ સામે ખરેખર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

**સામુહિક આરોગ્ય કેન્દ્રો**

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૭ | ઓગસ્ટ-૯૮ થી |
| વર્ગ-૨ | ૦૯ | માર્ચ-૨૦૦૦ થી |
| વર્ગ-૩ | ૮૪ | મે-૯૫ થી |
| વર્ગ-૪ | ૪૪ | જુન-૭૯ થી |
| કુલ | ૧૫૪ | |

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

| સંવર્ગ | સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૨ | ૦૬ | ૧૭-૭-૦૭ થી |
| વર્ગ-૩ | ૧૩૩ | ૧૯૮૫ થી |
| વર્ગ-૪ | ૧૭૪ | ૧૯૭૯ થી |
| **કુલ** | ૩૧૩ | |

(૩) તેના કારણો શાં છે ?

(૩) લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી.

-------------

**મહુવા તાલુકામાં ક્ષાર નિયંત્રણ પૂર્ણ કરવાનું આયોજન**

૯૪૦ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહુવા તાલુકા (જિ.ભાવનગર) માં ક્ષાર પ્રવેશ નિયંત્રણની માલણ-બંધારા યોજના ડિસેમ્બર-૨૦૦૭માં પૂર્ણ કરવાની છે તે હકીકત સાચી છે,

(૧) મૂળ સમય મર્યાદા ડીસેમ્બર-૨૦૦૭ છે.

(૨) જો હા, તો આ યોજના હાલ ક્યા તબક્કે છે, અને

(૨) પ્રગતિમાં છે.

(૩) જો પૂર્ણ થયેલ ન હોય તો હવે પછી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) માહે જુન-૨૦૦૮ માં પુર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં ચાલુ સ્થિતિના હેન્ડપંપો**

૬૩૩ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં કેટલા હેન્ડપંપ તાલુકાવાર ચાલુ છે, અને

(૧) તાલુકાવાર ચાલુ હેન્ડપંપોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | ચાલુ હેન્ડપંપોની સંખ્યા |
|---|---|
| મેઘરજ | ૨૨૦૫ |
| માલપુર | ૭૨૯ |
| બાયડ | ૬૧૫ |
| ધનસુરા | ૪૭૯ |
| કુલ | ૪૦૨૮ |

(૨) વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા ગામોમાં તાલુકાવાર નવા હેન્ડપંપ લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે ?

(૨) તાલુકાવાર નવા હેન્ડપંપો લગાવવાનું આયોજન કરેલ ગામોની સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|
| મેઘરજ | ૩૨ |
| માલપુર | ૧૪ |

| | |
|---|---|
| માલપુર | ૧૪ |
| બાયડ | ૬ |
| ધનસુરા | ૪ |
| કુલ | ૫૬ |

-------------

**વડોદરા જિલ્લાના હેન્ડપંપો રીપેર કરવા અંગે**

૨૦૫ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના પ્રાયોજન વિસ્તારના તાલુકામાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પીવાના પાણીના હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૪૭૭. |
| (૨) કેટલા હેન્ડપંપ રીપેર કરવામાં આવ્યા ? | (૨) ૯૩૧૯. |

-------------

**ઉકાઈ ડેમમાંથી પાણીનો જથ્થો ઉપલબ્ધ કરવા અંગે**

૨૭૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉકાઈ ડેમમાંથી આગામી ચોમાસુ સીઝન સુધી પિયત થાય એટલો પાણીનો પર્યાપ્ત જથ્થો છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો સિંચાઈકારોને રોટેશન વિના તમામ પાકો માટે એકધારો પાણીનો જથ્થો ઉપલબ્ધ કરાવી શકાશે, અને<br>(૩) જો ના, તો રોટેશનનો સમયગાળો શું હશે અને ઉનાળુ સીઝનમાં ક્યા પાક માટે કેટલું પાણી ઉપલબ્ધ કરાવી શકાશે ? | (૨) અને (૩)<br>સિંચાઈકારોને એક ધારો પાણીનો જથ્થો નહિ પરંતુ રોટેશનથી પાણી આપવાની પધ્ધતિ છે. આ રોટેશનનો સમયગાળો ૧૮ થી ૨૨ દિવસ હશે. ઉનાળુ સીઝનમાં શેરડી, ઉનાળું ડાંગર સહિત અન્ય પાકો માટે પર્યાપ્ત પાણી ઉપલબ્ધ કરાવી શકાશે. |

-------------

**દાહોદ તાલુકામાં હેન્ડ પંપોનું રીપેરીંગ**

૨૩ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ કેટલા હેન્ડ પંપો હયાત છે, | (૧) ૩૬૪૩. |
| (૨) આ પેકી કેટલા હેન્ડપંપ ખરેખર ચાલુ છે, અને | (૨) ૨૬૬૨. |
| (૩) રીપેરીંગ ના થવાના કારણે કેટલા હેન્ડ પંપ બંધ છે ? | (૩) ૯૮૧. |

-------------

**રાજ્યમાં ડાર્કઝોન હેઠળના તાલુકાઓની સંખ્યા**

૩૮ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડાર્કઝોન હેઠળના તાલુકાઓની સંખ્યા કેટલી છે, | (૧) ૧૦. |
| (૨) ડાર્કઝોન હેઠળ આવરી લેવાયેલા તાલુકાઓ-ગામો ક્યા વર્ષમાં જળસંપત્તિ વિભાગે જાહેર કરેલા, અને | (૨) વર્ષ-૨૦૦૩. |
| (૩) આવા તાલુકાઓ કે ગામોને ડાર્કઝોનની યાદીમાંથી કમી કરવા જળસંપત્તિ વિભાગે કોઈ આયોજન કરેલ છે કે કેમ ? | (૩) ભૂગર્ભ જળ અંદાજ -૨૦૦૭ના અહેવાલ તેયાર કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવેલ છે. અને અહેવાલ તેયાર કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. અહેવાલનું આખરીકરણ થયેથી અહેવાલ પ્રમાણે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. |

-------------

**નાની અને મધ્યમ સિંચાઈ યોજનામાંથી નદીના પટમાં પાણી છોડવાના ધોરણો**

૨૪૮ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેનાલો બનાવેલ ન હોય તથા નાની અને મધ્યમ સિંચાઈ યોજનામાંથી નદીના પટમાં પાણી છોડવાના ધોરણો શાં છે, | (૧) લાભીત ખેડૂતોની માંગણી થયે, ગુણદોષના આધારે પાણી છોડવાનો નિર્ણય કરવામાં આવે છે. |
| (૨) જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં આવેલી મધરડી નાની સિંચાઇ યોજનામાંથી નદીમાં પાણી છોડવાની માંગણી ક્યારે થઈ છે ખરી, અને | (૨) જી, હા |
| (૩) ક્યારે પાણી છોડવામાં આવશે ? | (૩) તા ૨૯-૧-૦૮ ના રોજ નદીમાં પાણી છોડવામાં આવેલ છે. |

-------------

**નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો આપવા વિચારણા**

૯૨૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો આપવા અંગેની વિચારણા થઇ રહેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી |
| (૨) જો હા, તો ક્યાં સુધીમાં નિર્ણય લેવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં એચ.આઈ.વી. ના દર્દીઓ**

૭૪૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લાવાર એચ.આઈ.વી. (પોઝીટીવ) ના કુલ કેટલા દર્દીઓ તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધી છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ છે, અને | (૧) કુલ - ૧૮૭૭૪<br>સામેલ પત્રક અ અને બ મુજબ |

**પત્રક - અ**

રાજ્યમાં જિલ્લાવાર એચ. આઇ. વી. પોઝિટીવ દર્દીઓની સંખ્યા (વાત્સાયન કેન્દ્ર)

| જિલ્લો | ૨૦૦૬ | ૨૦૦૭ |
|---|---|---|
| અમદાવાદ | ૩૨૯૭ | ૩૬૩૩ |
| અમરેલી | ૯૬ | ૧૦૬ |
| આણંદ | ૩૧ | ૨૨૮ |
| બનાસકાંઠા | ૧૪૮ | ૩૩૪ |
| ભરૂચ | ૬૨ | ૧૨૮ |
| ભાવનગર | ૧૮૭ | ૩૮૫ |
| દાહોદ | ૫૨ | ૫૬ |
| ડાંગ | ૯ | ૧૯ |
| ગાંધીનગર | ૭૬ | ૯૬ |
| જામનગર | ૨૯૨ | ૨૬૩ |
| જુનાગઢ | ૧૦૫ | ૨૧૯ |
| કચ્છ | ૧૦૮ | ૧૯૮ |
| ખેડા | ૬૪ | ૧૨૪ |
| મહેસાણા | ૯૧ | ૧૮૦ |
| નર્મદા | ૧૨ | ૪૪ |
| નવસારી | ૧૧૪ | ૨૧૪ |
| પંચમહાલ | ૪૩ | ૮૭ |
| પાટણ | ૭૬ | ૧૫૨ |

| | | |
|---|---|---|
| પોરબંદર | ૫૬ | ૭૩ |
| રાજકોટ | ૩૮૭ | ૭૯૮ |
| સાબરકાંઠા | ૧૦૪ | ૩૩૨ |
| સુરત | ૧૨૨૪ | ૨૪૩૦ |
| સુરેન્દ્રનગર | ૫૬ | ૧૧૯ |
| વડોદરા | ૪૧૧ | ૪૬૧ |
| વલસાડ | ૧૦૨ | ૧૯૯ |
| **કુલ :** | **૭૨૦૩** | **૧૦૮૭૮** |

**પત્રક - બ**

રાજ્યમાં જિલ્લાવાર એચ. આઇ. વી. પોઝિટીવ દર્દીઓની સંખ્યા (મમતા ક્લીનીક)

| **જિલ્લો** | **૨૦૦૬** | **૨૦૦૭** |
|---|---|---|
| અમદાવાદ | ૫૧ | ૪૩ |
| અમરેલી | ૨ | ૯ |
| આણંદ | ૨ | ૪૬ |
| બનાસકાંઠા | ૦ | ૭ |
| ભરૂચ | ૨ | ૫ |
| ભાવનગર | ૮ | ૧૧ |
| દાહોદ | ૧ | ૫ |
| ડાંગ | ૦ | ૨ |
| ગાંધીનગર | ૨ | ૬ |
| જામનગર | ૯ | ૧૯ |
| જુનાગઢ | ૩ | ૧૧ |
| કચ્છ | ૦ | ૪ |
| ખેડા | ૦ | ૨ |
| મહેસાણા | ૬ | ૮ |
| નર્મદા | ૦ | ૬ |
| નવસારી | ૫ | ૧૩ |
| પંચમહાલ | ૦ | ૪ |
| પાટણ | ૧ | ૯ |
| પોરબંદર | ૦ | ૨ |
| રાજકોટ | ૨૦ | ૪૧ |
| સાબરકાંઠા | ૫ | ૧૧ |
| સુરત | ૧૦૫ | ૧૩૭ |
| સુરેન્દ્રનગર | ૨ | ૪ |
| વડોદરા | ૧૮ | ૨૯ |
| વલસાડ | ૫ | ૧૨ |
| **કુલ :** | **૨૪૭** | **૪૪૬** |

(૨) આ રોગોને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) આ રોગોને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા ૨૦૦ વાત્સાયન કેન્દ્રો અને મમતા ક્લીનીક (કઉન્સેલીંગ સેન્ટરો), સેન્ટીનલ સર્વેલન્સ સીસ્ટમ, ૫-લીંક એ. આર.ટી. સેન્ટર, ૧૭ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગ દ્વારા ઇન્ટીગ્રેટેડ રૂરલ એચ.આઇ.વી./એઇડસ પ્રોગ્રામ (આઇ.આર.એચ. એ. પી.) સરકારી મેડીકલ કોલેજો/જીલ્લા હોસ્પિટલોમાં ૪૨-એસ.ટી.ડી. ક્લીનીક, ૫૮ સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત બ્લડ બેંકો આ રોગના નિદાન, સારવાર અને કાઉન્સેલીંગ માટે ટ્રેનીંગ વગેરે પગલાંઓ લેવામાં આવેલ છે.

-------------

## સાવરકુંડલા તાલુકાના ગામોના પાળાની ઉંચાઈ વધારવા અંગે

૧૩૦૨ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાનાં શેત્રુંજી કાંઠાના ગામો (૧) જુનાસાવર (૨) બોરાળા (૩) કેરાળા (૪) ખાલપર (૫) આકોલડા (૬) મેકડા (૭) ફીફાદ (૮) ધોબા (૯) પીપરડી જે ગામો શેત્રુંજી નદીના કાંઠા ઉપર આવેલ છે. આ ગામોમાં શેત્રુંજી નદીનું પાણી ગામમાં દાખલ ન થાય તેટલા માટે ગ્રામ રક્ષક પાળા વર્ષોથી બાંધેલા છે. પરંતુ તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી ખૂબ જ વરસાદ આવતાં આ ગ્રામ રક્ષક પાળાઓ ધોવાઈને તૂટી જવાથી ગામોમાં પાણી ઘુસતા નાના અને ગરીબ માણસોના મકાનો પણ પડી ગયાં છે તે સરકાર જાણે છે, | (૧) સાવરકુંડલા તાલુકાના શેત્રુજી કાંઠાના ગામો (જુના સાવર, બોરાળા, કેરાળા, ખાલપર, આંકોલડા, મેકડા, ફીફાદ, ધોબા અને પીપરડી ગામોના ગ્રામ રક્ષક પાળા રૂરલ લેન્ડલેસ એમ્પ્લોયમેન્ટ ગેરન્ટી પ્રોગ્રામ, એમ્પ્લોયમેન્ટ એસ્યોરન્સ સ્કીમ, સંપૂર્ણ, ગ્રામિણ રોજગાર યોજના તથા વખતોવખત અછત દરમ્યાન અછત રાહતના ભાગરૂપે બાંધેલા છે. તેમાં છેલ્લા વર્ષો દરમ્યાન ખુબ જ વરસાદ આવવાને કારણે આ ગ્રામ રક્ષક પાળાઓને ધોવાણ અને નુકશાન થયેલ છે. |
| (૨) જો હા, તો આ ગામોને બચાવવા માટે ગ્રામ રક્ષક પાળાની ઉંચાઈ વધારવા અને મજબુત કરવા અને નદી કાંઠા ઉપર પાકી પ્રોટેકશન દિવાલ કરવા સરકાર તરફથી શું કાર્યવાહી થયેલ છે, અને | (૨) પીપરડી ગ્રામ રક્ષક પાળાની મરામતનું કામ ૧૫૦૦ મીટરની લંબાઇ સુધી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે ફીફાદ ગ્રામ રક્ષક પાળા ઉપર માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા મેટલીંગ અને પેવરની કામગીરી હાથ ઉપર છે. અને |
| (૩) ક્યારે કામ પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી રહેલ કામો, કામોની અગ્રીમતા તેમજ અનુદાનની ઉપલબ્ધિને પ્રમાણે પૂર્ણ કરવામાં આવશે. |

-------------

## પ્રવાસન વર્ષની ઉજવણી તરીકે કચ્છ જિલ્લાનો સમાવેશ

૯૪૫ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રવાસન વર્ષની ઉજવણીના ભાગરૂપે કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ક્યા ક્યા સ્થળોનો પ્રવાસન તરીકે સમાવેશ કરવામાં આવ્યો, | (૧) રાજ્ય સરકાર કોઇ પણ સ્થળ પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરતી નથી. સરકાર એવા સ્થળો જ્યાં પ્રવાસીઓ અવાર નવાર મુલાકાત લે છે જ્યાં પ્રવાસીઓની મુલાકાત લેવાની શક્યતા હોય તેવા સ્થળોનો વિકાસ કરવા આંતરમાળખાકિય તેમજ પ્રવાસન સુવિધા ઉભી કરે છે. કચ્છ જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ સુધી ૨૯ સ્થળો ઉપર પ્રવાસન વિકાસ કાર્યક્રમ ચાલુ હતો. આ સ્થળોની માહિતી પત્રક-૧ માં સામેલ છે. |

**પત્રક - ૧**

પ્રવાસન વર્ષ ૨૦૦૬-૦૭માં જિલ્લા કલેકટરશ્રી, કચ્છ દ્વારા નીચે મુજબના સ્થળોએ પ્રવાસન સુવિધા ઉભી કરવાની કામગીરી હાથ ધરેલ છે.

| અ.નં. | પ્રવાસન સ્થળ | તાલુકો |
|---|---|---|
| ૧ | પીંગળેશ્વર મંદિર | અબડાસા |
| ૨ | નારાયણ સરોવર | લખપત |
| ૩ | ધિણોધર ડુંગર | નખત્રાણા |
| ૪ | કોટાઇ સૂર્ય મંદિર | ભૂજ |
| ૫ | ધોળાવીરા | ભચાઉ |
| ૬ | કાળો ડુંગર | ભૂજ |
| ૭ | માતાનો મઢ | લખપત |
| ૮ | કોટેશ્વર | લખપત |
| ૯ | થાન મંદિર (ધિણોધર) | નખત્રાણા |
| ૧૦ | કંથકોટ | ભચાઉ |
| ૧૧ | ત્રિકમ સાહેબ મંદિર (ચિત્રોડ) | રાપર |
| ૧૨ | જેસલ તોરલ સમાધી | અંજાર |
| ૧૩ | હાજી પીર દરગાહ | ભૂજ |
| ૧૪ | રવેચી માતા મંદિર - રવ | રાપર |
| ૧૫ | બીલેશ્વર મહાદેવ મંદિર -નાદ્રા નાના | અબડાસા |
| ૧૬ | મતીયા પીર | અબડાસા |

| | | |
|---|---|---|
| ૧૭ | અબડાપીર સ્થાનક | અબડાસા |
| ૧૮ | સુમરી દાદી-રામપર-અબડા | અબડાસા |
| ૧૯ | બળવંતરાય મહેતા સ્મારક-સુથરી | અબડાસા |
| ૨૦ | તોપણસર તળાવ | માંડવી |

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કેન્દ્ર સરકારની નાણાંકીય સહાયથી શરૂ કરેલ પરિયોજનાઓ

| | |
|---|---|
| ૨૧ | તેરાનો વિકાસ |
| ૨૨. | માંડવી ખાતે આંતર માળખાકીય સુવિધા. |

વર્ષ ૨૦૦૭-૦૮માં જિલ્લા કલેકટરશ્રી,
કચ્છ દ્વારા નીચે મુજબના સૂચિત સ્થળોએ પ્રવાસન સુવિધા ઉભી કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે.

| **અ.નં.** | **પ્રવાસન સ્થળ** | **તાલુકો** |
|---|---|---|
| ૨૩ | મોટા યક્ષ, સાયરા | નખત્રાણા |
| ૨૪ | જાડેશ્વર મંદિર, મહુસણા | નખત્રાણા |
| ૨૫ | આસર માતાજી મંદિર | માંડવી |
| ૨૬ | રાવલપીર ભ્રુગૃ આશ્રમ-ધ્રબુડી | માંડવી |
| ૨૭ | માંડવી વિન્ડ ફાર્મ | માંડવી |
| ૨૮ | દેસલપર વાંઢાઇ | ભૂજ |
| ૨૯ | ગંગેશ્વર મંદિર માધાપર | ભૂજ |

(૨) પ્રવાસન વર્ષ ૨૦૦૭ માં સ્થળના વિકાસ માટે કેટલું મૂડીરોકાણ થયું, અને

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ જેને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવેલ, જે દરમ્યાન રાજ્ય સરકાર તરફથી કુલ ૬૯૪.૫૪ લાખનું મુડી રોકાણ કરવામાં આવેલ હતું.

(૩) પ્રવાસન વર્ષ નિમિતે હાથ પર લીધેલ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રવાસન વર્ષ દરમ્યાન હાથ ઉપર લીધેલ કામો પૈકી ૩૬ કામો પુરા કરવામાં આવેલ છે. જ્યારે બાકીના કામો તા. ૩૧-૩-૦૮ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

-------------

## શહેરા અને લુણાવાડા તાલુકામાં સહાય ચૂકવવા અંગે

૯૩૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શહેરા અને લુણાવાડા તાલુકામાં ટી.બી. ની બિમારીથી પીડાતા દર્દીઓની સંખ્યા કેટલી છે,

(૨) આવા દર્દીઓને સારવાર દરમ્યાન કેટલા મૃત્યુ પામ્યા,

(૩) તે પૈકી કેટલા દર્દીઓને સારવાર અર્થે સહાય ચૂકવવામાં આવી, અને

(૪) જો ન, ચૂકવવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) શહેરા તાલુકામાં કુલ-૧૮૪૨ અને લુણાવાડા તાલુકામાં કુલ - ૧૬૬૨ દર્દીઓ.

(૨) શહેરા તાલુકામાં - ૧૦૯
લુણાવાડા તાલુકામાં - ૪૯

(૩) શહેરા તાલુકામાં-૩૬૨ દર્દીઓને તથા લુણાવાડા તાલુકામાં-૨૯૦ દર્દીઓને સહાય ચુકવવામાં આવી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## શહેરી વિકાસ વર્ષ નિમિત્તે જસદણ નગરપાલિકાએ હાથ ધરેલ કામો

૯૩૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષના ભાગરૂપે ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન જસદણ નગરપાલિકા દ્વારા ક્યા ક્યા પ્રકારના કામો હાથ ધરવા માટે કુલ કેટલી રકમના પ્રોજેકટો સરકારમાં રજૂ કર્યા,

(૨) તે અન્વયે કેટલા પ્રોજેકટો કઈ તારીખે મંજૂર કરી કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) જે પ્રોજેકટો મંજૂર કર્યા તેના કામો હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) પાણી પુરવઠાના આંતરિક વિતરણ માટે પ્રથમ તબક્કાના રૂપિયા એક કરોડ, પંચાસી લાખ સોળ હજાર ના કામનો પ્રોજેકટ રજૂ કરેલ હતો.

(૨) આ પ્રોજેકટ તા. ૯-૪-૨૦૦૭ ના રોજ મંજૂર કરી રૂપિયા એક કરોડ પચાસ લાખ ફાળવવામાં આવેલ હતા.

(૩) આ કામ હાલ પ્રગતિ હેઠળ છે.

-------------

## માંડવી અને બારડોલી તાલુકાઓમાં પીવાના પાણીની યોજનાઓ

૪૦૮ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી અને બારડોલી તાલુકાઓનાં ગ્રામ્ય

**જવાબ**

(૧) માંડવી તાલુકામાં ૧૧૭ પાણી પુરવઠા યોજના કાર્યરત છે અને ૩૨ બંધ છે. જ્યારે બારડોલી તાલુકામાં

વિસ્તારોમાં પીવાના પાણીની કેટલી યોજનાઓ કાર્યરત છે અને કેટલી યોજનાઓ બંધ છે, અને

(૨) બંધ થયેલ યોજનાઓ કેટલા સમયમાં ચાલુ કરવામાં આવશે ?

૮૫ પાણી પુરવઠા યોજના કાર્યરત છે અને એક પણ યોજના બંધ નથી.

(૨) માંડવી તાલુકાની બંધ પડેલ ૩૨ યોજનાઓ ક્રમશઃ ૩૧-૦૫-૦૮ સુધીમાં ચાલુ કરવાનું આયોજન છે.

-------------

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક ૧૩**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજના સેવાને લગતી ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૦,૯૪,૦૧,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૦૦૦ ની • પૂરક માગણી ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**વન અને પર્યાવરણ વિભાગ.**

**પૂરક માગણી ક્રમાંક ૨૬**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૨૧,૩૬,૧૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૧૬,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૨૬ રજૂ કરુ છું.

**પૂરક માગણી ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૨૭.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૨,૫૦,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**ગૃહ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક ૪૩**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૨૩,૭૧,૫૧,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

---

• પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા માનનીય નાણામંત્રીશ્રીએ સને ૨૦૦૭-૦૮ના વર્ષના પૂરક પત્રકમાં સમાવિષ્ટ અનુદાન માટેની બધી પૂરક માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારૂક હું. શેખ:** માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રમ અને રોજગાર વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક ૫૭**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૨૮,૬૭,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૫૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક ૭૮**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૧૯,૭૨,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૭૮ રજ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૭૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક ૧૦૨**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂા. ૭,૨૮,૭૮,૪૬,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૧૦૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** :માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી. કે. રાઉલજી** :માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા.૨૯-૨-૨૦૦૮ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં. ૧૩** | | |
| ૧. | ૨૮૦૧-વિજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુતબોર્ડને સહાય<br>(૦૩) સરહદ................ સહાય<br>રૂા. ૧૯,૦૧,૦૦૦<br>પા. નં. ૩૪ | ૧૦૦ | સરહદ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હેઠળ બહારના વિસ્તારના વીજળીકરણની કામગીરીની ખામીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨. | ૨૮૦૧-વિજળી શકિત<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૧૦૧-વિદ્યુત બોર્ડને સહાય<br>(૨૩) બળતણ ....... સહાયકી<br>રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૩૫ | ૧૦૦ | ઉર્જા મથકોમાં બળતણ તરીકે વપરાતા ઓઈલ કોલસાના હિસાબોની યોગ્ય ચકાસણીના અભાવે વીજ ગ્રાહકોને થતું નુકશાન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૬** | | |
| * ૩. | ૨૪૦૬ વન નિર્માણ .........<br>પ્રાણી જીવન<br>૦૨ પ્રભાગીય કચેરીઓ<br>રૂા. ૫,૮૪,૨૫,૦૦૦<br>પા. નં. ૫૪ | ૧૦૦ | પ્રભાગીય કચેરીઓ દ્વારા વનનું યોગ્ય જતન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪. | --"-- | ૧૦૦ | વિભાગ હસ્તકની કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૫. | ૨૪૦૬-વન નિર્માણ...... પ્રાણી જીવન<br>૧૦૫-વન પેદાશો<br>૦૨-સરકારી ...... ઉપયોગ<br>રૂા. ૧,૯૦,૦૦,૦૦૦<br>પા.નં. ૫૪ | ૧૦૦ | દરેક જિલ્લામાં પ્રજાને વન પેદાશો સરળતાથી મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૬. | --"-- | ૧૦૦ | વન પેદાશોના પોષણક્ષમ ભાવો નકકી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ ભીલ |
| | | **માગણી નં. ૨૭** | | |
| ૭. | ૩૪૩૫-પરિસ્થિતિ......પર્યાવરણ<br>૦૩-પર્યાવરણલક્ષી.....પુર્નનિર્માણ | ૧૦૦ | કુદરતી સ્ત્રોતની જાળવણી માટે નર્સરીઓ તૈયાર કરાવી તેનું વાવેતર | શ્રી અમિતકુમાર ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૩ પર્યાવરણલક્ષી..... વિસ્તરણ<br>૦૧-ઈપીસી-૨ ગુજરાત...વહીવટ<br>રૂા. ૩૨,૫૦,૦૦૦<br>પા.નં.૬૪ | | કરાવવામાં તંત્ર નિષ્ફળતા | |
| | **ગૃહ વિભાગ**<br>**માગણી નં. ૪૩** | | | |
| ૮. | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-પોલીસ......નિરીક્ષક<br>રૂા. ૬૮,૦૫,૦૦૦<br>પા.નં. ૯૪ | ૧૦૦ | પોલીસ અધિકારીઓની આંતરિક હૂંસાતૂસીના કારણે સારા પોલીસ અધિકારીઓને થતો અન્યાય અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૯. | --"-- | ૧૦૦ | નિમણૂકો બાબતમાં પોલીસ અધિકારીઓમાં ફેલાયેલ વ્યાપક અસંતોષ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| *૧૦. | --"-- | ૧૦૦ | રાજયમાં એન્કાઉન્ટરો થતાં અટકાવવા જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૧-ગુના.....તકેદારી<br>૦૧-છુપી પોલીસ ખાતુ<br>રૂા. ૩,૪૪,૩૫,૦૦૦<br>પા.નં. ૯૪ | ૧૦૦ | ગુન્હેગારોને પકડવામાં અને તેમની સામે કાર્યવાહી કરવામાં છૂપી પોલીસની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| *૧૨. | --"-- | ૧૦૦ | કોમ કોમ વચ્ચે ઉશ્કેરણી ઉભી કરતી પત્રિકાઓ જાહેર જનતામાં વહેંચાતી અટકાવવા તથા આવી પ્રવૃત્તિ કરતા તત્વોને પકડવામાં છૂપી પોલીસની નિષ્ફળતા | |
| ૧૩. | --"-- | ૧૦૦ | ગુન્હાહિત પ્રવૃત્તિઓ ઉપર ચાંપતી નજર રાખી તેનો ભેદ ઉકેલવામાં છૂપી પોલીસની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૪. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧-જિલ્લા પોલીસ ખુદ<br>રૂા. ૭૮,૬૪,૭૫,૦૦૦<br>પા.નં. ૯૪ | ૧૦૦ | પોલીસ તંત્રમાં વ્યાપેલ શિથિલતા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૫. | --"-- | ૧૦૦ | પોલીસ તંત્ર ધ્વારા ગુનેગારોને છાવરવાની નીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાધેલા |
| ૧૬. | --"-- | ૧૦૦ | અંધશ્રધ્ધાના કારણે પ્રજાને મંત્રતંત્ર ધુતારાઓથી ઠગાતી બચાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગવાનભાઈ બારડ |
| ૧૭. | --"-- | ૧૦૦ | બળાત્કારના કેસોમાં પોલીસ ફરિયાદ નોંધવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૮. | --"-- | ૧૦૦ | તહેવારોમાં લાયસન્સ વગર ખુલ્લેઆમ વેચાતા ફટાકડાઓને કારણે પ્રજાના જાનમાલને થતું નુકશાન અટકાવવામાં તંત્રની | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| ૧૯. | --"-- | ૧૦૦ | બ્યુટી પાર્લરોના ઓઠા હેઠળ ચાલતો દેહ વિક્રયનો ધંધો બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહંમદફારુક શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં. ૫૭** | | | | |
| ૨૦. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૩-તાલીમ<br>૧૦૧-ઔદ્યોગિક ..... સંસ્થાઓ<br>રૂા. ૧,૨૮,૬૬,૦૦૦<br>પા.નં. ૧૨૩ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અભ્યાસક્રમો પૂરા થયા પછી તે અંગેના પ્રમાણપત્રો સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મુકેશકુમાર ગઢવી |
| ૨૧. | --"-- | ૧૦૦ | આઈ.ટી.આઈ.માં અપૂરતા સ્ટાફના કારણે તાલીમાર્થીઓને અભ્યાસક્રમોમાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૨૨. | --"-- | ૧૦૦ | આઈ.ટી.આઈ.માં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઈ પટેલ |
| **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં. ૭૮** | | | | |
| ૨૩. | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૩-જિલ્લા મહેકમ<br>૦૧-કલેકટર કચેરી<br>રૂા. ૧,૧૯,૭૨,૦૦૦<br>પા.નં. ૧૯૪ | ૧૦૦ | કલેકટર કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૨૪. | --"-- | ૧૦૦ | કલેકટર કચેરીઓમા પ્રજા સાથે બેહૂદું વર્તન કરતાં કર્મચારીઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૨૫. | --"-- | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં પ્રજાના પ્રશ્નોના સમયસર જવાબો આપવામાં ઉદાસીનતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૨** | | | | |
| ૨૬. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૩-મુખ્યનગર નિયોજક<br>રૂા. ૧,૧૯,૦૫,૦૦૦<br>પા.નં. ૨૭૫-૨૭૬ | ૧૦૦ | નકશાઓ મંજૂર કરાવવામાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૨૭. | --"-- | ૧૦૦ | મકાનોનું યોગ્ય મૂલ્યાંકન થાય તેવી પધ્ધતિ વિકસાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૮. | --"-- | ૧૦૦ | મુખ્યનગર નિયોજકની કચેરીમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ દૂર | શ્રી જગદીશભાઈ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરી કથળેલ વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૯. | ૨૨૧૭-શહેરી વિકાસ ૦૩-નાના.......વિકાસ ૧૯૧-સ્થાનીક ...સહાય ૧૩-નાના મધ્યમ...અનુદાન રૂા. ૫૪,૬૦,૦૦૦ પા.નં. ૨૭૫-૨૭૬ | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના વિકાસમાં ભેદભાવભરી નીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૦. | --"-- | ૧૦૦ | નાના અને મધ્યમ નગરોના વિકાસમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી. કે.રાઉલજી |

* આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### પૂરક માગણીઓ ઉપર ચર્ચાના અવકાશ અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે પૂરક માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઈ મુજબ પૂરક માગણીઓ ઉપરની ચર્ચા વખતે મૂળ ગ્રાન્ટ કે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ ઉપરની ચર્ચા ન કરતાં જે બાબતને લગતી પૂરક માગણી હોય તે બાબત પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. નવી માગણીઓ ન્યુ સર્વિસ બાબત ધ્યાન દોરવાનું કે અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાને લગતી માગણીઓ સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય, પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતી મર્યાદિત રાખવી જોઈએ. માનનીય સભ્યશ્રીઓ તેમનાં મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દો ધ્યાનમાં રાખશે તેવી હું આશા રાખું છું.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશ:)

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણા મંત્રીશ્રી, જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી નંબર ૧૩, ૨૬, ૨૭, ૪૩, ૫૭, ૭૮ અને ૧૦૨, જેમાં મહત્વની ઉર્જા વિભાગની ૯૦ કરોડ, વન અને પર્યાવરણની ૨૧ કરોડ, ગૃહ વિભાગની ૧૨૩ કરોડ, શ્રમ અને રોજગારની ૧.૨૮ કરોડ, મહેસૂલ વિભાગની ૧.૧૯ કરોડ, અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની ૭૨૮ કરોડ, એમ કુલ ૯૬૪ કરોડ રૂપિયા જેટલી પૂરક માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ ઉદ્યોગકાર જયારે પોતાનું બજેટ બનાવતા હોય ત્યારે એમાં ૧૦ ટકા કન્ટીજન્સી ફંડ રાખતા હોય છે. તેની સામે આ બજેટમાં કાર્યક્ષમ વહીવટ અને નાણાકીય શિસ્તના કારણે સરકારની આવકમાં અપેક્ષા કરતાં વધારો થવાથી અને બીન વિકાસ લક્ષી ખર્ચમાં ઘટાડો થવાના કારણે આ ૬૭.૩ ટકા જેટલી જ છે. તેનો અર્થ એવો કહી શકાય કે બેસ્ટ ફાઈનાન્સીયલ ડિસિપ્લીનના કારણે માત્ર આટલી જ માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવવું પડયું છે. આ ૯૪૬ કરોડમાંથી ૭૨૮ કરોડ તો માત્ર અને માત્ર શહેરી વિકાસની માગણીઓ છે. અને તેનું એક મુખ્ય કારણ એ છે કે લાભ પાચમના દિવસે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે સો વર્ષ કરતાં પણ જૂનો ઓકટ્રોયના સંદર્ભમાં ઐતિહાસિક નિર્ણય લઈને ગુજરાતની પ્રજાને, ગુજરાતના વેપારીઓને, ગુજરાતના ટ્રાન્સ્પોર્ટરોને પડતી અગવડોનો નિકાલ કર્યો, અને તેના કારણે આ મહાનગરપાલિકાઓને મદદરૂપ થવા માટે રાજય સરકારે જે ફંડ આપ્યું તે મૂળ રકમના ૭૦ ટકા જેટલું થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ શાંતિ અને સલામતી વાળું રાજય છે, આ ગુજરાતમાં જે રીતે ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થઈ રહ્યું છે, એ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થવાના કારણે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ વાયબ્રન્ટ સમીટ કરી, અને એમાં જે રીતે સમગ્ર દેશ સહિત વિદેશના ઉદ્યોગકારો ગુજરાતમાં મૂડી રોકાણ કરવા માટે આવવાના છે, ૬ લાખ ૬૬ હજાર કરોડના એમ.ઓ.યુ. ની સાથે ગુજરાત આગામી વર્ષમાં ૧૪ ટકાના ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ગ્રોથ રેટ સાથે સમગ્ર દેશમાં અનેકવિધ ૧૩ લાખ જેટલી રોજગારીઓનું નિર્માણ કરવાનું છે. આના કારણે એમ્પ્લોયમેન્ટ જનરેશનની સાથે સાથે ગુજરાતમાં અર્બનાઈઝેશન ૪૫ ટકા હતું તેનો ચાલુ વર્ષનો અંદાજ છે

કે ચાલુ વર્ષે આ અર્બનાઈઝેશન ૫૦ ટકા સુધી પહોંચવાનું છે. એમાં જયારે શહેરીકરણ થવાનું હોય ત્યારે શહેરના લોકોને પૂરતી સુવિધા મળે તે અતિ આવશ્યક છે, તેવા સંજોગોમાં આ બજેટમાં ઓકટ્રોય નાબૂદી પેટે ૬૭૫ કરોડ, મહાનગરપાલિકાઓની ચૂંટણીના ખર્ચ પેટે બે કરોડ, અને નવો કન્સેપ્ટ 'ગીફટ' જે રાજય સરકાર દ્વારા લાવવામાં આવ્યો છે આ ત્રણમાં ખર્ચ કરવાના કારણે શહેરી વિકાસ વિભાગને પૂરક માગણીઓ લઈને અહીં આવવું પડયું છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ચૂંટણી વખતે વચન આપ્યું હતું કે અમે સત્તા ઉપર આવીશું એટલે ઓકટ્રોય નાબૂદ કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, આ પાર્ટી જે કહે છે તે કરે છે, રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ મંત્રીઓની પેટા કમિટી નીમી, અને આ સમિતિએ તેનો વ્યાપક અભ્યાસ કર્યો અને આ અભ્યાસની ફળશ્રુતિના સ્વરૂપે આજે આપણે આ નિર્ણય સુધી પહોંચી શકયા છીએ. આ જ ભારતીય જનતા પાર્ટીની સરકારે નગરપાલિકાઓમાં પહેલા ઓકટ્રોય નાબૂદ કરી, અને માત્ર ઓકટ્રોય નાબૂદ કરી એટલું જ નહીં, પરંતુ તેને મળતી ગ્રાન્ટમાં ૧૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય પણ આ જ ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓકટ્રોય નાબૂદીના સંદર્ભમાં કેટલાક વેપારી મિત્રોની ગેરસમજના કારણે આંદોલન કરતા હતા. અને આ આંદોલનમાં આ કોંગ્રેસના મિત્રો પણ જોડાઈને એમની લાગણી ઉશ્કેરવા માટેનો પ્રયત્ન કરતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં સુધી નહીં પરંતુ આ નિર્ણય કેબિનેટે લીધો, તેનો કાયદો બન્યો, અને એમાં એવું હતું કે લાભ પાંચમથી અમે આ નિર્ણયની અમલવારી કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વચ્ચેના સમયમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવી ગઈ, પરંતુ જેવી ચૂંટણી આવી એટલે ક્યાંક નરેન્દ્રભાઈ મોદી ઑક્ટ્રૉય નાબૂદીના નિર્ણયનો લાભ ન લઈ જાય, આ ભારતીય જનતા પાર્ટી એનો લાભ ન લઈ જાય એટલા માટે પાછલા બારણે અમલ ન થાય એટલે ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરી, ગુજરાતના વેપારીઓ આનાથી વંચિત રહે એના માટેનો પ્રયાસ કર્યો. ગુજરાતની પ્રજાને નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ હતો અને એ વિશ્વાસના આધારે એમણે લાભ પાંચમના અમલ સાથે આ ઑક્ટ્રૉય નાબૂદી સબંધમાં ૧૦૦ વર્ષ જૂની ઑક્ટ્રૉય કાઢીને આજે ગુજરાતના વેપારીઓ માટે ગુજરાતના ટ્રાન્સપૉર્ટરો માટે એક અગત્યનો નિર્ણય લીધો છે. આ સામેના મિત્રોએ આંદોલનો કરીને અખબારોમાં હેડલાઈન લેવા જાય પરંતુ ચૂંટણીમાં પણ તેમણે લીધેલી હેડ લાઈન ગુજરાતની પ્રજાએ એમના માટે ડેડ લાઈન બનાવી દીધી. કોંગ્રેસના શાસનમાં ઑક્ટ્રૉય નાકા ઉપર વેપારીઓને શું મુશ્કેલી પડે છે એની કયારેય કલ્પના નહોતી કરી. એના બગડતા માનવ કલાકો એનું ફયુઅલ વેસ્ટ અને એના નૉન પ્રોડેકટીવ ટાઇમને કારણે અનેકવિધ સમસ્યાઓ સર્જાતી હતી. ઈમ્પોર્ટ અને એકસપોર્ટમાં આ ઑક્ટ્રૉયના કારણે અનેક રૂકાવટો થતી હતી. નગરપાલિકાઓની અંદર ઑક્ટ્રૉય નાબૂદ અને મહા નગરપાલિકાઓમાં ઑક્ટ્રૉય ચાલુ આ વિસંવાદીતાના કારણે ગુજરાતના ઉદ્યોગપતિઓને સમસ્યા થતી હતી. આ ઑક્ટ્રૉયનો સ્ટાફ રસ્તાઓ ઉપર ગમે ત્યાં ગાડી રોકી કાગળો માગે, ક્યારેક ગાડીનો માલ ઉતરાવે એનું વજન કરીને ગમે તે સમયે તહેવારના સમયે વેપારીને ત્યાં જઈને રેઈડ પાડે એનું ખોટુ ઉઘરાણું કરીને એનું આડેધડ વેલ્યુએશન કરે એનો સામનો કરવા માટે ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે એનો અભ્યાસ કર્યો. આ વ્યથા નહિ પણ ઉદ્યોગકારો માટે વ્યવસ્થા ઊભી કરવાનું કામ કર્યુ છે. સન ૨૦૦૦ થી ૨૦૦૫માં કોંગ્રેસનું શાસન અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં આવી ગયું. જે ઑક્ટ્રૉયની આવક આવતી હતી એ આવકમાં ઘટાડો થયો. આ કોર્પોરેટરોના કારણે થયું છે. કોર્પોરેટરો વેપારીઓને ત્યાં ઉદ્યોગકારોને ત્યાં ઉઘરાણું કરવા જતા હતા આ શરમની વાત છે. (અંતરાય) માનનીય મુકેશભાઈ, તમારા શકિતસિંહજીભાઈ તે વખતે કૉર્પોરેશનના પ્રભારી હતા. આ વહીવટને કારણે માનનીય શકિતસિંહજીએ કહ્યું કે હું પ્રભારી તરીકે કામ નહિ કરી શકું. એનાથી બીજું શરમજનક શું હોઈ શકે.

હું અમદાવાદ શહેરમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈને આવું છું. આ એ અમદાવાદ શહેર છે, આપ સૌ જ્યારે અમદાવાદ શહેરમાંથી પસાર થાવ ત્યારે રીવર ફ્રન્ટ જેવી યોજના હાથ ઉપર લીધી તે જોઈ શકો છો, આ એ યોજના છે કે જેને વડાપ્રધાનશ્રી દ્વારા બૅસ્ટ એવોર્ડ આપવામાં આવ્યો. જ્યારે વિદેશમાંથી લોકો ગુજરાતમાં આવે છે એ સાબરમતીના કિનારે બે કાંઠે વહેતું પાણી અને આ રીવર ફ્રન્ટ યોજના જૂએ છે ત્યારે ખરેખર અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન અને ગુજરાત સરકારની પ્રશંસા કરે છે.

બસ રેપીડ ટ્રાન્સપૉર્ટ સિસ્ટમની વાત કરીએ તો અમદાવાદ શહેરનો બહુ જ મોટો વિસ્તાર થઈ ગયો છે. ૬૫ લાખ જેટલી વસતિ છે અને રોજબરોજ હેરાફેરીની સંખ્યામાં વધારો થયો છે ત્યારે એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે આપણે ટ્રાન્સપૉર્ટનું પૂરતું આયોજન નહિ કરીએ તો અનેક સમસ્યાઓ થવાની છે. એના માટે બસ રેપીડ ટ્રાન્સપૉર્ટ સિસ્ટમના માધ્યમથી આ ટ્રાન્સપોર્ટેશન ઝડપથી અને સારી રીતે શહેરમાં થાય એના માટે આ એક સારી યોજના અમલમાં છે. એક સાથે આખા શહેરમાં નવ જેટલા ફલાય ઓવર અને ૨૩ જેટલા બાગ બગીચા બનાવવાની કામગીરી આ કૉર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવી છે. આપણે સૌને ખબર છે કે આખા ગુજરાતમાં કોઈપણ માણસ અમદાવાદ શહેરની અંદર જ્યારે આવે ત્યારે એ અવશ્ય કાંકરિયાની મુલાકાત લે. આ કાંકરિયા તળાવ અને એની પાળે બેસીને પોતાનો સમય સો ટકા પસાર કરે. આ કાંકરિયા તળાવના બ્યુટીફીકેશનના પ્રોજૅકટની સાથે અમદાવાદ શહેરનું આ કાંકરિયા તળાવ ફરીથી નજરાણું બને એવો પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર તેના પૂરાણા હૅરીટેજ દરવાજાઓ અને આ દરવાજાને તેનો પુનઃ સાંકૃતિક વારસો મળી રહે, એ હૅરીટેજની વિદેશના લોકો જ્યારે આવે ત્યારે મુલાકાત લે તેના માટેનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આપ અમદાવાદ શહેરમાં એક કિલોમીટરના વિસ્તારે ગમે ત્યાં ફરો, અત્યારે અમદાવાદ શહેરમાં દરેક

બાજુ વિકાસના કામો હાથ ઉપર લેવાયા છે. તેનું કારણ એ છે કે રાજય સરકારે ઑક્ટ્રૉય નાબૂદ કરી પરંતુ ઑક્ટ્રૉયની નાબૂદીના કારણે રાજય સરકારે અમદાવાદ મહાનગરપાલિકાને પૈસાની કોઈ તકલીફ પડવા દીધી નથી. ગુજરાત અર્બન ડૅવલપમેન્ટ કંપની અને ઈન્ડસ્ટ્રીયલ લીઝીંગ એન્ડ ફાયનાન્સ કંપની આ બન્નેના સંયુક્ત સાહસથી 'ગીફટ' નામની કંપની અત્યારે આકાર લઈ રહી છે. આ કંપની બનાવવા પાછળનો આશય ફાયનાન્શીયલ વર્લ્ડમાં ગુજરાતનું સ્થાન મોખરાનું રહે. ૫૦૦ એકરમાં નિર્માણ પામનારી આ કંપની જેમાં ૭૧.૫ લાખ સ્કવેર ચોરસ મીટરની અંદર બાંધકામ થશે. આ 'ગીફટ' સિટીમાં ઇન્ટરનૅશનલ લેવલના ઈન્ફ્રાસ્ટ્રકચરની સાથે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીની મોર્ડન ફૅસીલીટીની સાથે આ ડેવલપ થવાનું છે. ગુજરાતના ફાયનાન્શીયલ અને ઈન્ડસ્ટ્રીયલ સ્કીલ ડૅવલપમૅન્ટ માટે ગુજરાતના ઉદ્યોગકારોને પૂરતી ઓપર્ચ્યુનીટી મળે તેના માટેનો વિચાર કરવામાં આવ્યો અને જ્યારે ગીફટનું નિર્માણનું કામ પૂરું થશે ત્યારે આ રાજયના પાંચ લાખ યુવાનોને ડાયરૅક્ટ એમ્પ્લોયમેન્ટ અને એટલા જ યુવાનોને ઈનડાયરેકટ એમ્પ્લોયમેન્ટનો આ યોજના પાછળનો આશય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજકાલ સમગ્ર વિશ્વ એ ગ્લોબલ વોર્મીંગ પોઝીશનનો સામનો કરી રહ્યું છે. સીચ્યુએશનના કારણે અનેકવિધ સમસ્યાઓ આવતી જાય છે. ગુજરાત સરકાર ગુજરાતના નાગરિકોને શુદ્ધ હવા મળે, શુદ્ધ પાણી મળે અને શુદ્ધ ખોરાક મળે તેના માટે પ્રયત્નશીલ છે. અમદાવાદ શહેરમાં સાંજ પડે એટલે લોકોની આંખ બળે. કોઈ જગ્યાએ કોઈ રહી ન શકે એટલું પ્રદૂષણ. ગુજરાત વોટર પોલ્યુશન બોર્ડ અને કેન્દ્રીય પર્યાવરણ સંસ્થાએ જે સસ્પેન્ડેડ પાર્ટીકલ્સ મેટલના સ્ટાન્ડર્ડ કરતાં અનેકગણો વધારો અમદાવાદ શહેરના પોલ્યુશનમાં હતો. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ શહેરમાં સી.એન.જી. અમલમાં આવે તેના માટે જાતે પોતે તમામ કામનું નિરીક્ષણ કર્યું. આજે અમદાવાદમાં બસો અને રિક્ષાઓ સી.એન.જી.થી ચાલવાને કારણે સસ્પેન્ડેડ પાર્ટીકલ્સ મેટલની માત્રામાં નિયત માત્રા કરતાં પણ ઘટાડો થયો છે. આ પ્રકારના પ્રદૂષણયુકત પર્યાવરણના કારણે સામાન્ય માણસને અનેકવિધ રોગોનો સામનો કરવો પડે છે. ઓઝોન સ્તરમાં હોલના કારણે ક્યારેક ક્યારેક આપણે જોઈએ છીએ કે ક્યાંક ક્યાંક એસીડીક વરસાદ થાય છે અને અલ્ટાવાયોલેટ રેઝના કારણે અનેક સમસ્યાઓ ઉભી થાય છે. ગુજરાતની સરકાર વનના જતન માટે, વન્ય પ્રાણીઓના જતન માટે પ્રયત્નશીલ છે. હમણાં જ માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એ પ્રમાણે ગીરમાં આપણાં અલભ્ય એવા સિંહની સંખ્યા ૩૬૯ જેટલી હતી. અગાઉની સંખ્યા કરતાં આમાં વધારો થયો છે અને આ બૃહદ ગીરમાં વન્ય પ્રાણીના સંરક્ષણ માટેની સંકલિત યોજના ગીરના સિંહોની સુરક્ષા થાય, તેનું સંવર્ધન થાય તેના માટે ૮.૮૩ કરોડ તેના ઘાસચારાના સંગ્રહ માટેની પણ વ્યવસ્થાનું આયોજન કર્યું છે.

કચ્છમાં બન્નીના વનનો વિકાસ થાય અને બન્નીમાં ઘાસિયા જમીનનું પુનઃસ્થાપન અને તેનું સંચાલન થાય. એના માટેની પરિયોજના માટે આ પૂરક માગણીઓની અંદર સમાવેશ કર્યો છે. હમણાં જ થોડા સમય પહેલાં સાબરકાંઠાની અંદર કેટલાક વન બંધુઓને ઉશ્કેરીને જંગલ કાપવાના મુદ્દાએ તેમની લાગણી ભડકાવીને નજીકના દિવસોમાં લોકસભાની ચૂંટણીઓ ગમે ત્યારે આવી જાય ત્યારે આ મતના સોદાગરોએ આ વનબંધુઓને ગુમરાહ કરવાનો પ્રયત્ન કર્યો છે. એવા સંજોગોની અંદર ગુજરાતના વનનું જતન થાય એના માટેના રાજય સરકારના પ્રયાસો છે. ગુજરાતનું પોલીસ તંત્ર એના માટે ૧૨૩ કરોડ રૂપિયાની પૂરક માગણી છે. આ સભાગૃહમાં મને બીજીવાર ચૂંટાવા માટેનો અવસર મળ્યો છે. ગયા પાંચ વર્ષમાં પણ ગૃહ વિભાગની ચર્ચા અને એના અગાઉ ૧૯૮૦થી ૧૯૮૫, ૧૯૮૫થી ૧૯૯૦, ૧૯૯૦થી ૧૯૯૫ અને એના અગાઉની ચર્ચાઓ વિશે મેં સાંભળ્યું છે. જ્યારે જ્યારે બજૅટની ચર્ચા હોય, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ હોય, આ દર વખતે ગુજરાતના ગૃહ વિભાગ ઉપર આક્ષેપો થતા. પોલીસની બદલીની અંદર ભ્રષ્ટાચાર ચાલે છે. પોલીસવાળા એવું કહે છે કે, અમારે હપ્તા ઉપર સુધી પહોંચાડવા પડે છે. છેલ્લા ૬ વર્ષની અંદર આ પોલીસની બદલીના સંદર્ભમાં કે હપ્તારાજના સંદર્ભમાં સામેની પાટલીવાળાઓને આક્ષેપ કરવાની તક મળી નથી. એવો સુવહીવટ કરવાનું આ ગૃહ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિધાનસભાની ચૂંટણીઓ થઈ, ગુજરાતના મતદારોએ શાંતિપૂર્વક ચૂંટણીઓ કરી અને બહુ જ સ્વસ્થતાપૂર્વક મતદાન કર્યું. પ્રજાને ઉશ્કેરવાના અને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નો કર્યા પણ ગુજરાતના પોલીસ તંત્રના કારણે અને ગુજરાતની શાંતિપ્રિયતાના કારણે, સ્વસ્થતાપૂર્વકના કારણે ફરીવાર શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર બની. હમણાં જ નગરપાલિકાઓની ચૂંટણીઓ હતી અને એ નગરપાલિકાઓની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રતીક ઉપર લડવું કે પ્રતીક વગર લડવું. એની આંતરિક ચર્ચા થઈ કે, જો પંજાના પ્રતીક ઉપર ચૂંટણી નહીં લડાય તો પ્રજા આ પંજાને ભૂલી જશે. જેના પરિણામે ફરીવાર ૫૧ જેટલી નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવી શક્યું છે. જેનાથી એ સાબિત થાય છે કે, આ મીની વિધાનસભાની ચૂંટણીઓની અંદર પણ લોકોનો વિશ્વાસ આજે પણ અકબંધ છે એની પ્રતીતિ થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, આ એ જ ગુજરાત છે જ્યારે રથયાત્રા હોય, દિવાળી હોય, ઈદ હોય, જ્યારે તહેવાર આવવાના હોય ત્યારે ગુજરાતની પ્રજા પારેવાની માફક ફફડે, ગુજરાતની પોલીસ પારેવાની માફક ફફડે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં રથયાત્રા સવારે જગન્નાથ મંદિરથી નીકળેલા રથ સાંજે પરત ન થાય ત્યાં સુધી અમદાવાદ શહેર જ નહીં પણ સમગ્ર ગુજરાત એની ચિંતા કરતું હોય. આ ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઈ

મોદીની સરકારના કારણે આજે ગુજરાતમાં ઊજવાતા તહેવારો સાચા અર્થમાં લોક ઉત્સવો બની રહ્યા છે. ગુજરાતની પ્રજા એમાં શાંતિ અને આનંદથી ભાગીદાર બની શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે અને એ દરિયા કિનારામાં એક જમાનામાં બૅસ્ટ પ્લેસ ફૉર લેન્ડીંગ હતું. આ ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારાની આપણને ખબર છે કે, ૧૯૮૫થી ૧૯૯૦ દરમિયાન દરિયાપુર અને પોપટીયાવાડમાંથી અસામાજિક તત્વોની ગેંગ નીકળે અને ઓઢવની અંદર રાધિકા જીમમાં જઈ એ.કે.૪૭થી ફાયરીંગ કરી ૯-૯ લોકોને ઢાળી દે. તો પણ એની અંદર અસરકારક પગલાં નહોતાં લઈ શકતા અને ગુજરાતની અંદર એવા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી બેઠા છે. જેની ડણકના કારણે ગુજરાતની ધરતી ઉપર આતંકવાદીઓ પગ મૂકી શકતા નથી. ગુજરાતની અંદર પગ મૂકવાની હિંમત કરે તો એની એ જ ભાષામાં વાત થાય છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, ઉર્જા અને પેટ્રોકેમિકલ, વન અને પર્યાવરણ ગૃહ વિભાગ શ્રમ અને રોજગાર, મહેસૂલ અને શહેરી વિકાસની પૂરક માગણીઓની અંદર ખૂબ વધારો થયો છે. કોઈપણ વિભાગ અથવા કોઈપણ ખાતું ચલાવવું હોય એટલે પૈસાની જરૂર પડે, નાણાની જરૂર પડે એ બિલકુલ વાત સાચી છે. સામેના સભ્યશ્રી જ્યારે બોલતા હતા, હું બહુ શાંતિથી સાંભળતો હતો કે અમારી સરકાર જે બોલે છે એ કરે પણ છે. ખાતી નથી અને ખાવા દેતી નથી એવા ઘણાં એમનાં સારાં સૂત્રો છે એ બાબતમાં શાંતિથી હું સાંભળતો હતો. ઉર્જાની અંદર ૧૯૯૦કરોડની જે માગણીઓ લઈને આવ્યા છે એ વીજળી, ઉર્જાની અંદર ચાલુ નાણાકીય વર્ષે સરહદ વિસ્તાર વિકાસ કાર્યક્રમ મંજૂર થયેલ છે એ વીજળીકરણના કામ માટે વધારાની જરૂરિયાત માટે, બળતણની કિંમત અને વીજળીની ખરીદી હિસાબે ખર્ચ માટે આ પૂરક માગણીઓ લઈને આવ્યા છે. ગુજરાતની તિજોરીમાં આખા ગુજરાતમાંથી નાનામાં નાનો માણસ હોય, ઉદ્યોગપતિ હોય કે ખેડૂત હોય એની જે કંઈ રકમ એ ગુજરાતની તિજોરીમાં આવે છે અને એ ગુજરાતની તિજોરીમાં જે કંઈ ભંડોળ ભેગું થાય એનું બજેટ બનાવીને ગુજરાતની અંદર કેવી રીતે ગુજરાતનો વિકાસ થાય એના હિસાબે ગુજરાતનું બજેટ બનાવતા હોય છે અને જરૂર પડે પાછળથી પણ પૂરક માગણીઓ લાવ્યા છે ત્યારે ઉર્જાની અંદર જે વીજળીમથકો બનાવ્યા, આમ તો કોંગ્રેસ વખતે જે વીજળીમથકો ઉભા થયા ત્યાર પછી કયાંય નવું વીજળીમથક ઉભું થયું હોય એવું મને દેખાતું નથી પણ વીજળી દહાડે દહાડે જોઈએ તો મોંઘી થતી જાય છે. મેં કહ્યું એ પ્રમાણે વીજળીની જરૂરિયાત માટે પૂરક માગણી આવે છે અને ખર્ચ થઈ શકે એ સ્વાભાવિક બાબત છે. મેં કહ્યું એ પ્રમાણે ગ્રામ્ય લેવલે પણ જ્યારે એ ખેડૂત હોય કે મજૂર હોય કે ઉદ્યોગપતિના જ્યારે અહીં પૈસા જમા થતા હોય ત્યારે ખેડૂતોને વીજળીનો પણ પૂરેપૂરો લાભ મળવો જોઈએ, આવક થાય, ખર્ચ થાય એનો ટેક્સ ભરે એની સાથે વાંધો નથી પણ મેં જોયું છે એ પ્રમાણે આપણે ખેડ્રતોની વાત કરીએ છીએ, ગરીબ માણસની વાત કરીએ છીએ તો ખેડૂતોને વર્ષોથી હું માનું છું ત્યાં સુધી ૧૯૯૦-૯૧ના ખેત ઉપયોગી જે વીજ કનેકશનો છે એ અત્યાર સુધી કનેકશનો મળ્યા નથી. તત્કાલ યોજનાની પણ એમણે યોજના બનાવી એ યોજનાની અંદર પણ ખેડ્રત માગણી કરે છે પણ તત્કાલના પણ કનેકશનો મળતા નથી. ઘર કનૅક્શન જે ગામ અને જે સીમની વસ્તી અંદર જવાને કારણે એ ઘર કનૅક્શન પણ મળતા નથી અને મોંધા થયા છે એનો ખર્ચ પણ વધારે આવે છે, એનો લાઈન ખર્ચ પણ વધારે થાય છે. એનું પહેલા જે બિલ આવતું હતું અને અત્યારે સામાન્ય માણસનું જે બળતણનું બિલ આવે છે એ ઘણું મોટું છે. મોઘું પણ છે એના કારણે ઘણી વખત ઘરની અંદર પણ કનેકશન કપાઈ જાય છે તો વીજળી મોંઘી થવાનું કારણ કાપ દરખાસ્તની અંદર પણ જે આપ્યું છે એના કારણે મને લાગે છે કે વીજળીનો ઉપયોગ કરવા માટે કોલસો પણ બહારથી લાવવો પડે, વેગનો દ્વારા લાવવો પડે એ વેગનોની અંદર પણ પૂરેપૂરો કોલસો ચોખ્ખો આવે છે કે મોટા પત્થરા આવે છે એની પૂરેપૂરી ચકાસણી થાય છે કે કેમ? પણ મેં જોયું છે એ પ્રમાણે કોલસો આવે એના કરતા પત્થર વધારે આવતા હોય છે. એ પત્થર નકામા જવાને કારણે આખરે ભાર એ કોલસા ઉપર પડતો હોય છે. ઓઈલની ખરીદી કરવી પડે, એનો પણ મોટો ખર્ચ થતો હોય છે અને એના કારણે વીજળી મોંઘી થાય છે.

**માનનીય સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષ સ્થાને**

માનનીય નાણામંત્રીશ્રી જ્યારે પૂરક માગણી લઈને આવ્યા ત્યારે એમણે કહ્યું કે વિભાગ ચલાવવા, એને પૂરક વીજ ઉત્પાદન કરવા માટે પણ ખર્ચ કરવો પડે, સુધારા-વધારા કરવા પડે, કર્મચારીઓને પગાર, ભથ્થા, અનાજ પેશગી પણ આપવી પડે. એના કારણે ખર્ચ થઈ શકે. પણ મારી એક જ માગણી છે કે આ ખાતામાં કરકસર કરે. કહેવાય છે કે પારદર્શક વહીવટ અમે લઈને બેઠા છીએ. એ પારદર્શક વહીવટના કારણે અમે કરકસર કરી બીજી આવકનો ફલો થયો એના કારણે અમે ઓછી પૂરક માગણી લઈને આવ્યા છીએ. તો હું મંત્રીશ્રીને વિનંતી કરીશ કે વીજળી મોંઘી થઈ છે એની અંદર કરકસર થાય. વિભાગ એની પૂરેપૂરી તકેદારી રાખે. ભરતીની બાબતમાં જોઈએ તો દિવસે-દિવસે આડેધડ ભરતી થવાના કારણે આપણા વીજ વિભાગમાં જોઈએ તો મોટાભાગના કર્મચારીઓ શાંતિથી બેસી રહ્યા હોય છે. એકાદ ફાઈલ ટેબલ ઉપર પડી હોય છે. એમની પાસે કામ નથી. વીજળીની બાબતમાં વધારેમાં વધારે ઓવર ટાઈમનો ખર્ચ આપી રહ્યા છે. એક બાજુ ખેડૂતોને વીજળી મોંઘી પડે છે. ચૂંટણી પહેલાં સરકારે જાહેરાત કરી હતી એ પ્રમાણે ચૂંટણી નજીક આવી ત્યારે વધારેમાં વધારે ૧૦ થી ૧૨ કલાક વીજળી આપતા હતા.

પણ ચૂંટણી પૂરી થઈ ગયા પછી પાછું એનું એ જ ૫-૬ કલાક ઉપર આવી ગયા. આઠ કલાક તો માંડ માંડ આપે છે. ખેડૂતો બિચારા એવા છે કે એને દિવસે વીજળી ન મળે, એને તો રાત્રે જ મળે. એણે રાત્રે ખેતરમાં જવું પડે. ભલે એને કોઈ જનાવર કરડે એની ચિંતા નહીં. અત્યારે એ જ પરિસ્થિતિ છે. તો વીજળીની બાબતમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે ખેડૂતોની કનૅક્શનની માગણી જે વર્ષોથી બાકી છે એ વહેલામાં વહેલી તકે કનેકશનો મળે. ઘર વપરાશમાં વધારો થયો છે એમાં ગરીબ બી.પી.એલ.માં આવતો હોય એને ઘર વપરાશના કનૅક્શન સત્વરે મળે એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગની માગણી પણ સાથે સાથે છે. એમાં પણ ૨૧ કરોડ ઉપરની રકમ માનનીય નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે. હું માનું છું ત્યાં સુધી વન્ય પ્રાણીઓ માટેની સંકલિત યોજનાઓ, ગીરના સિંહોના રક્ષણ અને સંવર્ધનની યોજનાના અમલીકરણ માટે અને વિશ્વ આહાર કાર્યક્રમ હેઠળ આ રકમ પૂરક માગણી તરીકે લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે. વન વિભાગમાં સામેના મિત્રોએ કહ્યું કે વિકાસ થયો. વન્ય પ્રાણીઓનો પણ વિકાસ થયો અને સિંહોની સંખ્યા પણ વધી અને એમણે એમ પણ કહ્યું કે અમારા શાસનમાં સિંહોની સંખ્યા વધી છે. સિંહોની સંખ્યા એમના આવ્યા પછીથી વધી તો ભૂંડોની વસતિ કોના વખતમાં વધી? આ કોણે વધારી? આ કોના ભાગે મારે ફાળવવી? ભૂંડની અને નીલ ગાયની વસતિ એટલી બધી વધી છે કે એના કારણે ખેડૂતો ત્રાહીમામ પોકારી ગયા છે. ખેડૂતોનું ભેલાણ એટલું બધું થાય છે કે, હું નીતિનભાઈને કહીશ કે ભૂંડોના ત્રાસમાંથી બચવાનો કોઈ રસ્તો કાઢો. બહુ વસતિ વધી છે. તમારા ભાગે છે. તમે કહો છો કે સિંહોની વસતિ વધી, બેટી બચાવોના કારણે બહેનોની વસતિ વધી તો મારે એટલું જ કહેવું છે કે ભૂંડો અને નીલ ગાયોનો વધારો થયો છે એમાં ખેડૂતો માટે કંઈક કરો તો ખેડૂતોને કંઈક રાહત થાય એમ હું માનું છું.

વન વિભાગમાં ઘાસ કાપવા માટે, કર્મચારીઓ માટે, ડેપો માટેના ખર્ચ માટે માગણીઓ લઈને આવ્યા છે. વાત સાચી છે કે ગીરના સિંહોનું પૂરેપૂરું રક્ષણ થાય, સિંહોની સંખ્યા વધે અને ગુજરાતની પ્રજાને સિંહનું દર્શન થાય એના માટે આયોજન કરે છે અને એમાં કાંઈ ખોટું નથી. પણ વન અધિકારી મિત્રોને હું કહીશ કદાચ એમને પગારની જરૂર નહિ પડતી હોય પગાર ઓછો મળે તો પણ ચાલે, કારણ કે ફૉરૅસ્ટ અધિકારી કે બીજા રેન્જ અધિકારીઓ હોય એ વનની અંદર વૃક્ષારોપણની બાબતમાં જે રોપા ઉચ્છેર કરાવવાની કામગીરી કરે છે, પ્રશ્નોત્તરીની અંદર પણ આવ્યું. કેટલાક મિત્રોએ એમ કહ્યું કેટલા રોપા ઉચ્છેર્યા. કેટલા રોપા ખેડૂતોને આપ્યા, એના પાછળ કેટલો ખર્ચો થયો? હું પણ જોવું છું ત્યારે રોડની બંને સાઈડે વૃક્ષ રોપવા માટે એના પાંજરા બનાવ્યાં, એમાં ચોમાસાની અંદર છોડ ઉચ્છેર્યા. ૬ મહિના થયા નથી ને, હું માનું છું ત્યાં સુધી રોડની બંને સાઈડના લોખંડના પાંજરા માટે લાખો નહિ કરોડો રૂપિયાનો ખર્ચો કર્યો હશે. અત્યારે રોડની બંને સાઈડે લોખંડનું એક પણ પાંજરું કે એક પણ છોડ નથી દેખાતો. નથી છોડ, નથી પાંજરું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત મારફત જમીન લઈને વન મારફત છોડવા ઉછેરવા માટે, વૃક્ષ ઉછેરવા માટે પંચાયત એમને ઠરાવ કરીને આપે, એનું રક્ષણ પણ એ કરે. ધીમે ધીમે જ્યારે છોડ તૈયાર થાય, ઝાડ મોટું થાય, એની કાપણી થાય તો અમુક ટકા પંચાયતને મળે, અમુક ખર્ચ સરકાર મારફતે જાય. મારા ઠાસરા તાલુકાની વાત કરું. ઘણી પંચાયતો મારફત ફૉરૅસ્ટને જંગલ આપવામાં આવ્યાં હતા, એ જંગલની અંદર વૃક્ષ તૈયાર થયા ખરા પણ એને કોણ કાપી ગયું એ ખબર પડતી નથી. તપાસ કરતા લાગ્યું કે આ તો ફૉરૅસ્ટના અધિકારો બધા કાપી ગયા અને બધો હિસાબ પતાવી દીધેલો છે. પંચાયતને એક પૈસો પણ મળ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ફૉરૅસ્ટ અધિકારીઓ કદાચ સરકારની ઝાડની બાબતમાં ગરબડ કરે ત્યાં સુધી મને વાંધો નથી. ખેડૂતે પોતાના ઝાડ પોતાના ખેતરની અંદર ઉછેરેલું હોય અને કોઈ દીકરીનું લગ્ન આવે અને ઝાડ કાપીને જ્યારે વેચવા જતો હોય ત્યારે અધિકારી મિત્રો રસ્તામાં ટેકટર રોકીને, ટેકટર પકડીને એની ઑફિસે લઈ જાય. ટેકટર કબજે કરી લે. કોઈ વાત કરે તો એનો તોડ કરીને એ ટેકટર છોડવામાં આવે છે એના કારણે પેલો ખેડૂત એની પોતાની દીકરીના માટે લાકડા તૈયાર કરીને જતો હતો એ પૈસા મોટાભાગે રસ્તામાં જ કયાંક ખવાઈ જતા હોય છે એના કારણે ખેડૂત લોકો દુ:ખી થતા હોય છે. વન વિભાગમાં મેં કહ્યું એ પ્રમાણે એના ડેપો માટે, એના ઘાસ કાપવા માટનો ખર્ચ થતો હોય છે હું ના નથી પાડતો, રોડ અંદરના બનાવવા માટે પણ ખર્ચ થઈ શકે પણ મારી એક જ નાણા મંત્રીશ્રીને વિનંતી કે અધિકારી મિત્રો ખેડૂતોને ખોટી રીતે હેરાન ના કરે. એના પોતાના ખેતરનો માલ વેચવા જતા હોય એમાં હેરાનગતિ ના કરે એના માટે પણ સૂચના આપે એવી પણ મારી નમ્ર વિનંતી છે. (અંતરાય) હજુ તો ઓપનિંગ પહેલું જ છે.

**સભાપતિશ્રી** : રામસિંહભાઈ બીજા રહી જશે. આપણે બે કલાકની સમય મર્યાદા નક્કી કરી છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની અંદર ૧૨૩ કરોડની માગણી માનનીય નાણામંત્રીશ્રી લઈને આવ્યાં છે. આમ તો કોઈપણ યુવાનને કહેવામાં આવે કે ત્યારે નોકરી કયાં જોઈએ છે? એ હંમેશા કહશે મારે સરકારી નોકરી જોઈએ છે. કારણ કે સરકારી નોકરી એવી નોકરી છે કે એ સરકારના જમાઈ જેવું છે. પગારની ચિંતા નહિ. પગાર વેહલો-મોડો મળે એવું પણ ના બને. રિટાયર થાય ત્યારે પેન્શન પણ મળે. એટલે સરકારી નોકરી હંમેશા માણસ પસંદ કરતો હોય છે, એની અંદર પણ ૧૨૩ કરોડની જે માગણીઓ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યાં છે એમાં અધિકારીઓના પગાર, કર્મચારીઓની અનાજ પેશગી તેમજ મોંઘવારી

ભથ્થામાં વધારાને લઈને પૂરક માગણી રજૂ કરવી પડે. નવી ભરતી કરવા માટે, કવાટર પણ બનાવવા પડે એના કારણે પણ આ માગણી આવી છે એમાં કાંઈ હું ના નથી પાડતો.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની વાત કરું તો ગૃહ વિભાગની અંદર આટલા વધારેમાં વધારે આપણે જ્યારે પૈસા ખર્ચતા હોઈએ ત્યારે ગુજરાતની પ્રજા બહુ શાંતિ પ્રિય પ્રજા છે.ગુજરાતની પ્રજા એટલું જ કહે છે કે, અમને શાંતિથી રહેવા દો, અમે અમારી જાત મહેનતથી મજૂરી કરી અમે અમારી રોજી કમાઈ રહ્યા છીએ પણ અમને શાંતિથી રહેવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની દૃષ્ટિએ કહીશ કે, બિલકુલ નિષ્ફળ ગયેલ છે. આટલો બધો ખર્ચો કર્યા પછી પણ પોલીસ, એસ.આર.પી. અને બીજા ઘણા દળો છે, છતાં ધોળા દિવસે ચોરી, લૂંટ થાય, ઘરોમાં ઘૂસી ખૂન થાય. દા. ત. નડિયાદમાં ભરબપોરે રોડ ઉપરના એક મકાનમાં ચોર પેશી ગયા, બે થી ત્રણ એન.આર.આઈ.ના ખૂન કરી નાખી લૂંટીને લઈ ગયા પણ અત્યાર સુધી કોઈ પકડાયો નથી. માનનીય અધ્યક્ષશ્રી, અધિકારીઓ પણ કેવી કામગીરી કરે ? બળાત્કારનો કેસ આવે, કોઈ સામાન્ય માણસ, ગામડાનો માણસ કેસ નોંધાવવા જાય તો એને સમજાવીને પાછો કાઢી મૂકવામાં આવે, નથી નોંધતા, કારણ કે એને વધારે જવાબદારી આવતી હોય છે. લૂંટ થાય તો પણ એને સમજાવીને બહાર કાઢી મૂકવા પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો નાણા મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, પોલીસ ખાતા પાછળ આટલો બધો ખર્ચ કરતા હોઈએ તો પ્રજાને રક્ષણ શા માટે નથી મળતું? પોલીસ ખાતામાં મેં જોયું છે કે, સરકારને જે અનુકૂળ પડે એવા અધિકારીઓને પોતાની સારી જગ્યા પર રાખવાના પણ એક સારો અધિકારી હોય, સારી કામગીરી કરતો હોય, ગુન્હાઓ પકડતો હોય અને પ્રજાને પૂરેપૂરું રક્ષણ આપતો હોય તો એ અધિકારીને એ જગ્યા ના મળે, એને બીજી જગ્યાએ મૂકે. અધિકારીઓ પણ એટલા ખુશામત કે સરકારને આપણી વફાદારી બતાવવા માટે એની ખુશામત કરવા માટે પ્રયત્નો કરીએ તો ભવિષ્યમાં આપણને પ્રમોશન મળી જાય એવા વિચારને કારણે પ્રજાને ઘણી વખત ઘણું સહન કરવું પડતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં કેટલા એન્કાઉન્ટરો થયા ? હવે ખરેખર એન્કાઉન્ટરો સાચા હતા કે ખોટા હતા, એતો ધીમે ધીમે હમણાં ખબર પડે છે. આતંકવાદી આવ્યો, આતંકવાદી આવ્યો, અત્યાર સુધીમાં અમે કહીએ છીએ કે, કોઈ આતંકવાદીઓ અમારા સમયમાં ન આવ્યા, હું નથી માનતો કે આતંકવાદીઓ આવતા હતા પણ એક હાઉ ઊભો કરવા માટે, પ્રજાને ભયભીત કરવા માટે, અમે આતંકવાદીઓને પકડ્યા એનું એન્કાઉન્ટર કરી નાખ્યું. માનનીય અધ્યક્ષશ્રી, *(જે એન્કાઉન્ટર થયું એના કારણે વણઝારા જેવા આઈ.પી.એસ.ને અત્યારે જેલમાં સડવું પડે છે. સરકારે એફિડેવિટ કરી કે વાત સાચી છે કે ખોટું એન્કાઉન્ટર થયું છે.) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અધિકારીઓ શા માટે આટલું બધું કામ કરતા હશે ? પ્રમોશન લેવા માટે?

**સભાપતિશ્રી :** રામસિંહભાઈ, આ સબજયુડિસ છે, તમે આની ચર્ચા ન કરો, એની ચર્ચા ન થઈ શકે( અંતરાય) કોર્ટમાં ચાલે છે કેસ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. (અંતરાય)

**સભાપતિશ્રી :** ચાલો છોડી દો, આગળ ચલાવો, બીજું આગળ ચલાવો. (અંતરાય)

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટ મેટર હોવાના કારણે મેં એટલું જ કહ્યું છે કે,(અંતરાય)

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, જે કોઈ મેટર સબ જયુડિશ હોય એ સબ જયુડિશ મેટરનો કોઈપણ આ હાઉસમાં ઉલ્લેખ થઈ શકે નહીં, રામસિંહભાઈએ જે ઉલ્લેખ કરેલ છે એ બરાબર નથી, નામ સાથે ઉલ્લેખ કરેલ છે.

**સભાપતિશ્રી :** જેઠાભાઈ, મે વોર્નીંગ આપી દીધી છે, આને બંધ કરવા જણાવી દીધું છે (અંતરાય)ચાલો આગળ ચાલો, (અંતરાય) મેં મારું રૂલીંગ આપી દીધું છે (અંતરાય)એમને ઠપકો આપ્યો છે, બસ બેસી જાવ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : એ જે વાસ્તવિકતા હતી એ વાસ્તવિકતાની મેં વાત કરી છે, મેં બીજી કોઈ વાત કરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, પાટણમાં જે કેસ થયો, આખું ગુજરાત જાણ છે એના તહોમતદારો પકડાયા નથી, સરકાર કહે છે કે, તહોમતદારો પકડાતા નથી, એમની મિલકતો જપ્ત કરીએ. તહોમતદારો પકડવાના કે એમની મિલકતો જપ્ત કરવાની ? માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટની વાત કરીએ એની બાબતમાં પણ ત્રણમાંથી એક તહોમતદાર પકડાયો એની પણ મિલકતો જપ્ત કરવાની વાત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ ખાતુ, પોલીસ ધારે તો ગુનેગારને ગમે ત્યાંથી પકડી લાવે છે પણ હું માનું છું કે એની પાછળ કોઈનો હાથ છે, કોઈ એને છાવરતું હોય તેમ લાગે છે એટલા માટે તહોમતદાર પકડાતો નથી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે તેને સંબોધવા ઊભો થયો છું. માગણી નંબર- ૧૩, ૨૬, ૨૭, ૪૩, ૫૭, ૭૮ અને ૧૦૨ જે માગણી લઈને અહીં આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. ઊર્જા અને પેટ્રોકેમિકલ

* (   ) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

માટે વીજળી શકિત પરિયોજના અંગે સહાય ખેડૂતોને વીજ સબસીડી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ વીજળી શકિત પરિયોજના માટે લોન, મૂડી સહાય વગેરે અંગે માગણી નં. ૧૩ રજૂ કરવામાં આવી છે. જેની વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં મુળ જોગવાઈ મહેસૂલ સદરે ૨૧૮૧.૯૦કરોડ અને મૂડી સદરે રૂપિયા ૪૨૯.૧૪કરોડ હતી.આમ મુળ માગણી કુલ ૨૬૧૧કરોડની આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન જુદી જુદી યોજના અંગે જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મુખ્યત્વે નીચે મુજબ વધારાની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ. ઊર્જા વિભાગ દ્વારા ગુજરાતમાં જે કામગીરી થઈ રહી છે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વીજળી ઉપર બળતણની કિંમત અને વીજ ખરીદી એન્ડોર્સમેન્ટ અંગે ગ્રાહકો પાસેથી વધારાનો ચાર્જ વસૂલ કરવામાં આવે છે પરંતુ રાજય સરકાર દ્વારા ખેડૂતોને આ બાબત રાહત આપીને વધારાની વીજ સબસીડી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા નિયમિત રીતે વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે કેપીટલ પાવર ઉત્પાદકો પાસેથી ઊર્જા દ્વારા વીજળી ખરીદવામાં આવે છે જેનો ભાવવધારો વીજ ગ્રાહકો પાસેથી વસૂલ ન કરતાં રાજય સરકારે રૂ.૭૫.૭૫કરોડની પૂરક માગણી રજૂ કરી છે. સમગ્ર ગુજરાતમાં ઊર્જા મારફત જે જે કામો કરવામાં આવે છે સમગ્ર દેશમાં નમૂનારૂપ જયોતિ ગ્રામ યોજનાનું જે કામ થયું હોય તો તે ગુજરાતમાં થયું છે. ગુજરાતના ગામડાંને ઝળહળતા બનાવ્યા છે. ફકત ઝળહળતા નહીં પણ આ જયોતિ ગ્રામ યોજના લાવીને આજે ગામડાંમાં નાનામોટા કારીગરોને પોતાના ધંધા અર્થે પોતાની રોજીરોટી માટે મહત્વનું કામ કરી રહ્યા છે. જેને કારણે આજે ગામડાંમાં રહેતો નાગરિક શહેર તરફ જતો હતો પરંતુ રોજીરોટી ન મળવાનું કારણ એ હતું કે તેમને ૨૪ કલાક લાઈટ મળતી નહોતી. ગરીબ માણસ દરજી હોય, સુથાર હોય, લુહાર હોય એમને કામ કરવા માટે લાઈટની ખૂબ જરૂરિયાત હતી અને એ મળતી ન હતી એને કારણે ઊર્જા વિભાગે છેલ્લા પાંચ વર્ષમાં જયોતિ ગ્રામ યોજના લાવીને ૨૪ કલાક ગામડાંમાં લાઈટ મળે છે જેને કારણે ગામડાંનો સ્થાનિક માણસ પોતાના કુટુંબકબીલા સાથે રહીને રોજીરોટી મેળવતો થયો છે. એવી જ રીતે સાથેસાથે હીરાના કારખાના પણ ગ્રામ વિસ્તારમાં શરૂ થયા છે. સુરતમાં રહેતો માણસ એમને રહેવા માટેની સગવડતા એમાં એ ૫-૭ હજારનું કામ કરતો હોય તો રૂમ ચલાવી ના શકે, પણ આજે ગામડામાં ૨૪ કલાક લાઈટ મળવાથી પોતાનું ઘર હોય, પોતાનાં બાળકો હોય, ગામના યુવાનો હોય, એ બે-ચાર, પાંચ ઘંટી ચાલુ કરીને ૨૫-૫૦ કારીગરોને રોજીરોટી આપે છે, કારણ કે એમને હવે ૨૪ કલાક લાઈટ મળતી થઈ છે, જેના કારણે આજે ગામડાનો માણસો પણ શહેર તરફ જતા નથી અને ગામમાં પણ સારી રીતે પોતાની રોજીરોટી મેળવી શકે છે. ઠંડા પીણાની દુકાન ચલાવવી હોય, લગ્ન પ્રસંગ હોય તો તેમાં જ્યોતિગ્રામનાં કામોથી આજે ગામડું ધબકતું થયું છે. એની સાથે સાથે રામજીભાઈ કહેતા હતા કે ખેડૂતને લાઈટ મળતી નથી. આજે ૮ થી ૧૦ કલાક લાઈટ મળે છે. આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ અમારા ચૂંટણી ઢંઢેરામાં કહ્યું છે કે અને આવતા દિવસોમાં અમે ૧૨ થી ૧૪ કલાક લાઈટ આપવાના છીએ, અગાઉના વહીવટને કારણે બહુ લાંબા ગાળાની સરકારો ચાલી, જેની મોટી ખાદ્ય હતી ઊર્જાની એ મોટી ખાદ્ય પૂરતા પૂરતા આજે લેવલ કરી રહ્યા છીએ. ડૉક્ટર સાહેબે કહ્યું કે ૧૪ કલાક લાઈટ આપતા હતા એવું કહે છે, પણ મારે કહેવું છે કે ૧૪ કલાક એ ૨૪ કલાકમાં તૂટક તૂટક આપતા હતા, જેના કારણે ખેડૂત ઘણી મુશ્કેલી વેઠતો હતો. મારે કહેવું છે કે ઊર્જા વિભાગે ખૂબ સારી કામગીરી કરી છે, જેના કારણે ગામડું ધબકતું થયું છે. ખેતીવાડી એમાં ભલે ૮ કલાક લાઈટ આપે, પણ એ લાઈટ સમયસર આપે છે. જેના કારણે ખેડૂતનું ઉત્પાદન વધ્યું છે. એના કારણે ગુજરાત આજે વિકાસશીલ રાજ્ય બન્યું છે અને સમગ્ર દેશમાં ઉપસી આવ્યું છે. મારે વિશેષ મારી વાત માગણી વખતે પણ કરવાની છે. વન અને પર્યાવરણ વિભાગ દ્વારા માગણી નં. ૨૬ માં મહેકમ ખર્ચ ઉપરાંત વન સંરક્ષણ અને નિભાવ, વાવેતર, વન્ય પ્રાણીઓ સંરક્ષણ અને પાંખા થઈ ગયેલા વનોના કુલ વનીકરણ અંગેનો ખર્ચ ઉધારવામાં આવે છે. વર્ષ ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં આ બાબતે કુલ ૨૪૦.૪૦ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ હતી, પરંતુ વર્ષ દરમ્યાન જુદી જુદી યોજનાઓ અંગે જરૂરિયાત ધ્યાને રાખીને મુખ્યત્વે નીચે મુજબ પૂરક માગણીઓ રજૂ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ગીર તેમજ વન્ય પ્રાણી સંરક્ષણ માટેની સંકલિત યોજના તેમજ ગીરના સિંહોની સુરક્ષા અને સંવર્ધન માટેના સર્વગ્રાહી યોજના અમલમાં મૂકવામાં આવે છે. જે અંગે રૂપિયા ૮.૮૩ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે તેમજ ઘાસ સંગ્રહની કામગીરી અંગે રૂપિયા ૨.૪૬ કરોડની પૂરક માગણી રજૂ કરી છે. રાજ્ય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થામાં વધારો, મોંઘવારી પગાર ઉપર ઘરભાડા ભથ્થું તથા સ્થાનિક વળતર પાછળ મંજૂરીના કારણે તફાવતની રકમ ચૂકવી વગેરે કારણોસર ૫.૮૪ કરોડની પૂરક માગણી અહીયા રજૂ કરવામાં આવી છે. વન વિભાગની કામગીરી માટે પણ આ ગૃહમાં વાત કરવાની છે. છેલ્લા દિવસોમાં ઈકો સિસ્ટમના કારણે થાપણો અને જાળવણી માટે ૩૨.૫૦ લાખ ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ, જે અંગે પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે. ઈકો સિસ્ટમ દ્વારા..

**અધ્યક્ષશ્રી** : રિસેસનો સમય થયો છે.આપના પ્રવચનનો સમય પૂરો થાય છે. આજે પૂજય સ્વ. મોરારજીભાઈની જન્મતિથિ છે. આપણે ૧૦-૪૫ વાગ્યે પોડિયમમાં તેમને પુષ્પાંજલિ કરીશું.

**સભાપતિ શ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

**સભાપતિશ્રી :** માનનીય આત્મારામભાઈ, સાત મિનિટ આપની પાસે છે.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સભાગૃહ સમક્ષ જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરું છું અને તેને સમર્થન પણ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પૂરક માગણીઓ આજે રજૂ કરી છે તેમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ છે, વન અને પર્યાવરણ વિભાગની માગણીઓ છે, ગૃહ વિભાગની માગણીઓ છે, શ્રમ અને રોજગાર વિભાગ, મહેસૂલ વિભાગ અને શહેરી વિકાસ વિભાગની માગણીઓ રજૂ થઈ છે અને તેની ચર્ચા કરવા માટે આપણે જઈ રહ્યા છીએ. આ જે માગણીઓ છે તે લગભગ ૯૬૪ કરોડ રૂપિયા જેટલી રકમની માગણીઓ છે ત્યારે છેલ્લા દસ વર્ષથી ગુજરાતમાં જે વિકાસની કૂચ શરૂ થઈ છે અને સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત આજે શાંતિ, સલામતી અને પ્રગતિ માટે નં.૧ તરીકે પ્રસિદ્ધ થઈ રહ્યું છે ત્યારે આપણને આનંદ પણ હોય અને ગૌરવ પણ હોય. મારે જે વાત કરવી છે કે ગુજરાત છેલ્લા કેટલાય વર્ષો પહેલાં મહાત્મા ગાંધીના નામે ઓળખાતું, સરદાર વલ્લભભાઈ પટેલના નામે ઓળખાતું, નરસિંહ મહેતાના નામે ઓળખાતું, સ્વામી દયાનંદ સરસ્વતીના નામે ઓળખાય. આ પ્રકારની પરિસ્થિતિ આ દેશની શરૂઆતના જે વર્ષો હતા તે આપણે જાણીએ છીએ. પછી પરિસ્થિતિ એ આવી કે વચ્ચેના સમયગાળામાં ગુજરાતની ઓળખ રાષ્ટ્ર કક્ષાએ કયાંય દેખાતી ન હતી. એક એવી વ્યકિત એ દિવસોમાં આપણી પાસે હતી કે જેનો આજે જન્મ દિવસ પણ છે અને એમનો જન્મ દિવસ ચાર વર્ષે એકવાર આવે છે તેવા સદ્‌ગત મોરારજી દેસાઈનો આજે જન્મ દિવસ પણ છે. ગુજરાતે જે વડાપ્રધાનોમાં જેમનું યોગદાન છે તેવા વડાપ્રધાન આપ્યા પણ કોંગ્રેસના શાસનમાં વડાપ્રધાન નહોતા બની શક્યા. તેઓએ આખી જિંદગી કોંગ્રેસમાં વિતાવી અને કોંગ્રેસમાં છેલ્લે સુધી રહ્યા પણ કમનસીબે કોંગ્રેસમાં જે વંશ પરંપરાવાદ ચાલે છે અને આજે પણ ચાલે છે અને તેનો ભોગ એક ગુજરાતી, સક્ષમ વ્યકિત બન્યા હતા. કમનસીબે કોંગ્રેસમાં તેઓ વડાપ્રધાન ન બની શક્યા પણ પછીથી કોંગ્રેસની ઇચ્છાથી ઉપરવટ જઈ વડાપ્રધાન જેવું મહત્ત્વનું પદ આપીને ગુજરાતની ઓળખ ઉભી કરવાનો પ્રયત્ન કર્યો છે. એટલે મારે વાત કરવી છે કે ગુજરાતની વિસરાતી જતી ઓળખને ભાજપના ટેકા આધારિત માનનીય મોરારજીભાઈ દેસાઈએ ફરી પ્રસ્થાપિત કરી પછીની પરિસ્થિતિએ એ આવી કે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીઓ દિલ્હીના દરબારમાં જાય, બે બે દિવસ સુધી એમને મુલાકાત ન અપાય એ પ્રકારની નેતાગીરી કોંગ્રેસના શાસનમાં હતી અને પરિણામે ગુજરાતનો જે વિકાસ થવો જોઈએ એ ગુજરાતના માટે જે કેન્દ્ર સરકારની યોજનાઓ આવવી જોઈએ એ યોગ્ય કક્ષામાં નહોતી આવી પણ આજે અમે ગર્વથી કહી શકીએ છીએ કે આજે એવા માનનીય મુખ્ય મંત્રીશ્રીના હાથમાં ગુજરાતનું સુકાન છે કે અમે આજે દેશના અન્ય રાજયોમાં જઈએ છીએ, કોઈકવાર મહારાષ્ટ્રમાં જવાનું થાય, કોઈકવાર બિહારમાં જવાનું થાય, કોઈકવાર રાજસ્થાનમાં જવાનું થાય, ત્યારે અમને પૂછે ત્યારે અમે ઓળખાણ આપીએ છીએ કે હમ ગુજરાતસે આયે હૈ, આ તો માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાના પ્રત્યાઘાતની વાત કરું છું. ત્યારે ત્યાંના લોક કહે કે ઓહોહો, આપ નરેન્દ્રભાઈ મોદીકે સ્ટેટસે આયે હૈ, (અંતરાય) હા,જી શરૂઆત કરીને પૂરું કરું છું. ગુજરાતની ઈમેજ આજે માનનીય નરેન્દ્રભાઈ મોદીના નામ સાથે છે અને એનું અમને ગૌરવ છે, કમસેકમ ગુજરાતની એક ઓળખ ઊભી થઈ કે જેને રાષ્ટ્રીયકક્ષાએ તમારે સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી

ગુજરાતમાં જે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની આ એક ઓળખ ઊભી થવાના કારણ પાછળ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની જે પરિસ્થિતિ હતી કોંગ્રેસના શાસનમાં જે પરિસ્થિતિ હતી, જિલ્લા જિલ્લાએ કોંગ્રેસના ઘણા સૂબાઓ હતા, એના નામે જે તે જિલ્લો ઓળખાય, આ બધા સજ્જન સાધુ મહાત્મા હોત તો સમજી શકાય પણ કેટલાક તો દાણચોરો, કેટલાક બુટલેગરો, કેટલાક આતંકવાદીઓ દેશદ્રોહીઓના નામથી જિલ્લાઓ ઓળખાતા, અમારો સુરત જિલ્લો કોના નામથી ઓળખાતો, એ આજે કયાં છે એ તો કોંગ્રેસના મિત્રો જાણે છે. વડોદરા જિલ્લો કોના નામથી ઓળખાતો, કચ્છ જિલ્લો કોના નામથી ઓળખાતો, પોરબંદર કોના નામે ઓળખાતું, અમદાવાદ કોના નામે ઓળખાતુ, એ ઓળખમાંથી ગુજરાતને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ બહાર કાઢીને એક વિકાસ પુરુષના નામે..(અંતરાય) હા,જી, પૂરક માગણીઓ ઉપર આવું છું. એમને એક વિકાસનું ગ્રોથ એન્જિન જેને કહી શકાય એ પ્રકારની પરિસ્થિતિ જ્યારે આપણને મૂક્યા છે ત્યારે મારે કહેવું છે કે આજે પોલીસ ખાતાની પણ કેટલીક માગણીઓ છે. (અંતરાય)

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગવાર નાણા ફાળવાય, અને વિભાગવાર નાણાં ખર્ચાય એને આદર્શ નીતિ ગણવામાં આવે છે. ખાસ કરીને મારે માનનીય નાણા મંત્રીશ્રીને કહેવું છે કે, જે પછાત વિભાગો છે, પછાત તાલુકાઓ છે એનો આમાં, પૂરક માગણીઓમાં ઉલ્લેખ કરીને આવ્યા હોત તો આનંદ થાત. અમને જે બુક આપવામાં આવી છે, વ્હાઈટ પેપર, એ બુકમાં કયાંય અતિપછાત તાલુકાઓનો પૂરક માગણીઓમાં સમાવેશ નથી થતો. માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી ખર્ચા વિભાગમાં વધી જાય એને સેટલમેન્ટ કરવા માટેની વાત જ્યારે લઈને આવ્યા છે ત્યારે હું કહેવા માગું છું કે, ઑકટ્રૉય નાબૂદીની વાત કરી, દશ વર્ષથી ભાજપના ચૂંટણી ઢંઢેરામાં આનું વચન આપવામાં આવતું હતું પણ વેપારીઓએ આંદોલનો કર્યા, ગુજરાત બંધના એલાન આપ્યા, રાષ્ટ્રિય નેતાઓની યાત્રાઓ રોકવાનો વેપારીઓએ પ્રયત્ન કર્યો, અને એ જ્યારે પ્રયત્ન થયો અને લાઠીચાર્જ થયો અને વેપારીઓને પૂરવામાં આવ્યા, ત્યારે મેં આપને અગાઉ કહ્યું તેમ કે સત્તા જવાનો ભય માણસને વધારે સત્તા તરફ દોરી જાય છે.

એના ભાવરૂપે ઑક્ટ્રૉય દૂર કરી કારણ કે સત્તા જવાનો ભય હતો. ૧૮૦૦ કરોડનો ઑક્ટ્રૉયનો બોજ ઘટાડવાની વાત કરી સરકારે એમાં જે વેટમાં વેરા વધાર્યા છે એ પાછલા બારણેથી ૪૫ કરોડના વેરા ગુજરાતની પ્રજા ઉપર નાંખ્યા છે. માનનીય અત્મારામભાઈ વાત કરતા હતા કે 'ગુજરાતની ઓળખ' એ વિશ્વ વિભૂતિને ભૂલી જાય છે, જેની વિશ્વ પૂજા કરે છે અને એની એક સાઈકલ ચાલુ થાય છે અને નેલ્સન માંડેલા સુધી પૂરી થાય છે એ વિશ્વ વિભૂતિ મહાત્મા ગાંધીજીથી ગુજરાત ઓળખાય છે, નહીં કે આ સરકારના મંત્રીઓથી. માનનીય અધ્યક્ષશ્રી, આ ગાંધીનું ગુજરાત, આ સરદાર સાહેબનું ગુજરાત, આ ગુજરાત એ કોઈ વ્યકિતનું ગુજરાત નથી.

કાયદો અને વ્યવસ્થાની વાત થાય છે અહીંયા ત્યારે મારે કહેવું છે કે, મુખ્યમંત્રીશ્રીના બંગલાની ૧૦૦ મીટરના અંતરે હરિભક્તોને ત્રાસવાદીઓ મારી નાંખે અને મુંબઈની બજારમાં જઈને કહો છો કે 'ચૂન-ચૂન કે મારુંગા' આ સ્થિતિ છે તમારી કાયદોને વ્યવસ્થાની? અરે તમે તો ૪૫ કરોડનો બજૅટમાં જે વધારો કર્યો છે એમાં ગુજરાતની પ્રજાને ચૂન-ચૂન કે મારવાની વાત કરી છે એની સામે અમારો વાંધો છે, વિરોધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે જગ્યાએ ચૂંટણીઓની વાત થઈ, કેમ ઘટ્યા? ૧૭ નગરપાલિકાઓ આ વખતે જતી રહી ભારતીય જનતા પાર્ટીના હાથમાંથી, (અંતરાય) અમારો એક પણ ધારાસભ્ય ન હતો. ત્યાં તમે ૯ તાલુકા પંચાયતો બનાસકાંઠામાં અમે આંચકી લીધી છે. પ્રજાનો મૅન્ડેટ બે મહિનાના ટૂંકા ગાળામાં અમારી તરફેણમાં પ્રજાએ આપ્યો છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બી.પી.એલ. કાર્ડના લોકોને કૅન્સરની હૉસ્પિટલમાં પણ રાહત આપવાની વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, પુરાવાઓ સાથે અમે કહેવા તૈયાર છીએ મારા વિસ્તારના એક બી.પી.એલ. કાર્ડ હોલ્ડરને (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આજે કયાં આરોગ્યનો વિષય જ નથી. આ બાબત અહીંયા આવતી જ નથી. (અંતરાય)

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : જી, સર. માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની વાતમાં કહેવા માગું છું ચોરેને ચૌટે, ચાર રસ્તા ઉપર રહોને અડધો કલાક શું થાય છે જુઓ દૃશ્ય, આઈ.પી.એસ. કૅડરમાં ગુજરાતમાં ન ભૂતો ન ભવિષ્યમાં હતું એ આજે બન્યું. એક આઈ.પી.એસ. અને બીજો આઈ.પી.એસ. જાહેરમાં બાખડે અને એની વર્તમાન પત્રોમાં ચર્ચાઓ થાય. ચર્ચાઓ થવાનું કારણ શું? સરકાર તરફથી ક્યાંક ઈશારો થતો હોય કે આ આઈ.પી.એસ.ને ઠેકાણે પાડવો છે એટલે એનો ભોગ આઈ.પી.એસ. અધિકારીઓ બની રહ્યા છે અને પોલીસ અધિકારીઓ બની રહ્યા છે. પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેક્ટર અને કૉન્સ્ટેબલની વચ્ચે બખેડો થાય કેમ કે કૉન્સ્ટેબલ ખોટા આદેશો ન માને એટલે પોલીસ ઇન્સ્પેક્ટર એને ફરજ પાડે ત્યારે આ પોલીસ કૉન્સ્ટેબલ એમ કહે છે કે તમારા વ્યકિતગત સ્વાર્થ માટે આ મારા કાયદાની પરિભાષામાં આ નથી આવતું મારી પાસેથી તમે આ છીનવી લો આ ભાષા સાહેબ ગુજરાતમાં ચાલુ થઈ છે, આ બધી જ બાબતોમાં ખાસ કરીને આપના દ્વારા માનનીય સરકારને વિનંતી કરવા માગું છું કે કંઈક એવા કામો કરીએ કે જે કામોથી આપણું ઊજળું ભવિષય બની રહે. કંઈક એવી પૂરક માગણીઓ એવા સમાજો, એવા લોકો માટે, એવા જવા મર્દ પોલીસના વિભાગો માટે લઈને આવીએ કે જ્યારે કોઈ આતંકવાદી કે ક્યાંક ગૈમાંસની હેરાફેરી કરવાવાળો અમારા ચાવડા જેવા સબ ઈન્સ્પેકટને કચડીને જતો રહે છે એવા ગુનેગારનું રૂવાડુંય ફરકતું નથી એ ચરમસીમાના ગુનાના ઈતિહાસો બની રહ્યાં છે ત્યારે એમાંથી બોધપાઠ લેવો પડશે. ક્યાંક બનાવો બીજા રાજયોમાં બને છે અને ત્યાંની પોલીસને ત્યાંના લોકોને ઈનામો આપવાની વાત કરો અને સમગ્ર ગુજરાતમાં જે પોલીસ ખાતું, પોલીસનું આઈ.પી.એસ. પી.આઈ. કેડર કોન્સ્ટેબલ લેવલનું ડિપાર્ટમૅન્ટ સમગ્ર ભારતમાં વખણાય છે એ પોલીસ અધિકારીઓને આપણે ક્યાંય નવાજ્યા? એ પોલીસ અધિકારીઓને આપણે ક્યાંય પ્રોત્સાહન આપ્યું? એ સામાન્ય કૉન્સ્ટેબલ કે જે પોતાના જીવના જોખમે મુખ્યમંત્રીશ્રીના મત વિસ્તાર મણીનગરમાં ધોળે દિવસે આ કોન્સ્ટેબલની હત્યા થાય એના માટે આપણી પાસે કોઈ શબ્દો છે, એના ઘરે જવાની આપણને કોઈ ફુરસદ મળી છે? એના પરિવારના સભ્યોને સાંત્વના આપવાની તમે કંઈ વાત કરી શક્યા? એ કોન્સ્ટેબલ એકમને આપણે એવો વિશ્વાસ આપી શક્યા કે તને ગુનેગારો નહિ મારી શકે. આ છે ગુજરાતનો કાયદો અને વ્યવસ્થા. આપના દ્વારા વિનંતી કરું છું કે વ્યકિત પૂજા અને ભકિત પૂજામાંથી બહાર નીકળીએ. અહીંયા એક ખૂબ સરસ સૂત્ર ચૂંટણીમાં મને જોવા મળ્યું અને સાંભળવા મળ્યું. " હું ખાતો નથી અને ખાવા દેતો નથી". માહિતી એકટ મુજબના આંકડાઓ મારી પાસે છે અને માગણીઓ પર ભવિષ્યમાં જ્યારે આપણે ચર્ચા કરીશું ત્યારે એ પુરાવાઓ સાથે આપીશું. ખાતો નથી અને ખાવા દેતો નથી એમ નહિ માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું બધું ખાઉં છું કે અરબો, ખરબો ખાઉં છું અને બીજાના ભાગે આવવા નથી દેતો આ દાખલા દલીલો અને સ્ટેટમૅન્ટ ઓન રૅકૉર્ડ આપની મંજૂરી લઈને અમે આ ગૃહમાં ચર્ચાઓ લઈને આવીશું. એટલે જ કહું છું કે તંત્ર અધિકારીઓથી ન દોરવાય, સરકાર અધિકારીઓ બ્રિફિંગ કરે એવા જવાબો લઈને ન આવે. ઉત્સવોમાંથી થોડાક પણ નવરા થાય તે જરૂરી છે, વરઘોડાઓમાંથી થોડાક નવરા પડે માનનીય મંત્રીશ્રીઓ અને ગરીબ પ્રજાની રહેણી કહેણી જોવા જાય. શહેરોમાં વધતા બળાત્કારના અને નાની કુમળી વયની દીકરીઓનું જે શારીરિક શોષણ થઈ રહ્યું છે એવાના ઘરે જઈને મળવાની થોડીક તસ્દી લેશે તો સાચા ગુજરાતના દર્શન જશે એજ વિનંતી સાથે આપનો હું આભાર માનું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ પૂરક માગણી ક્રમાંક: ૧૩, ૨૬, ૨૭, ૪૩, ૫૭, ૭૮ અને ૧૦૨ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા અને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. •( હમણાં જગદીશભાઈ ઠાકોર ઉછળી ઉછળીને બોલતા હતા)

**અધ્યક્ષશ્રી** : મોહનભાઈ, એ શબ્દો પાછા ખેંચો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા:** પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : આટલી સરળતાથી નહિ, આપ ગંભીરતાથી પાછા ખેંચો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા:** એ (ઉછળી) ગયેલા શબ્દો પાછા ખેંચું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ ઊર્જા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, ઊર્જા વિભાગની અંદર છેલ્લાં પાંચ વર્ષની અંદર જે પ્રગતિ થઈ છે એ આપણે બધા જોઈ શક્યા છીએ. પહેલાં ગામડાની અંદર ખેડૂતોને જે બોરમાંથી પાણી ખેંચવાના હોય એમાં લો વૉલ્ટેજના કારણે બુસ્ટરો મૂકવા પડે, મોટરોમાં વેરએન્ડટેર આવે અને હજારો રૂપિયાનો આ મોટરો પાછળ ખર્ચ થતો હતો. આજે છેલ્લા ત્રણ વર્ષમાં આપણે જોઈ શકીએ છીએ કે, આ મોટરો બાંધવાની દરેક શહેરોમાં જે દુકાનો હતી એ બંધ થવા મંડી છે, આપણે ખેડૂતોને ખરા દિલથી પૂછીએ છીએ કે, બાર મહિનામાં તમારે સબ મર્સિબલ પંપ કેટલી વખત બંધાવવા પડતા હતા, આજે પૂરા વૉલ્ટેજના કારણે આ ગુજરાતની અંદર, સારો પાવર આપવા માટે, ગુણવત્તાવાળો પાવર આપવા માટે, ૬૬ કે.વી. હોય, ૧૨૦ કે.વી. હોય કે ૪૦૦ કે.વી.ના સબ સ્ટેશનોની ગુજરાતમાં હારમાળા ખડકી છે આ ઊર્જા વિભાગે, એના કારણે ગામડાના ખેડૂતોને ભલે આઠ કલાક વીજળી મળે પણ આઠ કલાકથી દરેક ગામડાના ખેડૂતોને પુછી જૂઓ પૂરેપૂરો સંતોષ છે એના કારણે જે પાણીના તળ ઉત્તરોત્તર નીચા જતા હતા હવે આ આઠ કલાકના કારણે, પૂરાં વૉલ્ટેજના કારણે સબ મર્સિબલ મોટર દ્વારા પૂરતા પ્રમાણમાં વધુ પાણી આવવાના કારણે જે પહેલાં પિયત થતું હતું એટલું જ પિયત માનનીય અધ્યક્ષશ્રી અત્યારે થાય છે. આ ઊર્જા વિભાગે જે એના વિભાગમાં પ્રગતિ કરી છે આ વિભાગ કેટલા રૂપિયાના ખોટના ખાડામાં હતું એ આપણે બધા જાણીએ છીએ. આ વિભાગને ખોટના ખાડામાંથી બહાર લાવીને અને નફો કરતું કરી દીધું છે એવા આ ઊર્જા વિભાગના મંત્રીશ્રીને પણ હું લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ પૂરક માગણી એટલા માટે લાવવામાં આવી કે વીજળી વિભાગની અંદર વીજળી ક્યારેક બહારથી વેચાતી લેવી પડે, તેમાં ભાવ વધારો આવે આ મોંઘવારી ભથ્થાં વધે તેના કારણે આ રાજય સરકાર જે ૧૬૦૦ કરોડની પુરાંતવાળું બજેટ લઈને આવ્યા હતા તેમાં ૨૩૦૦ કરોડ પૂરા થવાનો અંદાજ છે. આ પૈસા વધે તો આપણે વાપરી શકીએ. આ વધે છે તેને કારણે રાજય સરકારના વિભાગમાં વધુ સવલત કેમ ઉપલબ્ધ થાય તેના માટેની આ પૂરક માગણી લઈને આવ્યા છે.

પર્યાવરણ વિભાગ. પર્યાવરણ વિભાગમાં આપણને બધાને ખબર છે આ જંગલ કોણે કાપી નાંખ્યા હતા ? કોણે આ લાકડાં કાપી નાંખ્યા હતા તે આપણે બોલતાં હતા. આ બધા બેઠાં છે તેને ખબર છે કે આ જંગલો ઓછાં કોણે કર્યા હતા? આ જંગલોના લાકડા કપાવાના કારણે જંગલ પાંખા થયા અને તેના કારણે જંગલમાં વસતા વન્ય પ્રાણીઓ ગામડાં સુધી જવા માંડ્યા. તેને કારણે આ વનને પાછાં લાવવા વનીકરણ કરી, તેની પાછળ પૂરતા પ્રમાણમાં ખર્ચ કરી અને પાછી વનરાઈઓ સારી થાય તેના માટેની ખર્ચની જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે અને ખરાં અર્થમાં હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ગામડાંની અંદર આપણે ઝાડવાં કયાંય જોયા નહોતાં. અત્યારે દરેક ગામડામાં જાવ તો વનીકરણ. આ વન વિભાગ દ્વારા જે રોપા ઉછેરી અને દરેક ગામડામાં વનીકરણ કરવા માટેના જે પ્રોત્સાહન આપીને અને ગામડામાં જે પ્રગતિ અને જાગૃતિ લાવ્યા છે તે બદલ વન વિભાગને પણ અભિનંદન આપું છું.

ગૃહ વિભાગની માગણીમાં ભાઈ કહેતા હતા પણ ખરા અર્થમાં હું યાદ અપાવીશ આ ગુજરાતની અંદર જે પોરબંદરની અંદર જેલ બંધ કરવાનો વખત આવ્યો હતો તો તે કોંગ્રેસના કાળમાં આવ્યો હતો. આ ગુજરાતના પોરબંદરની અંદર જ જ્યારે પોરબંદરની હદ આવે તો ત્યાં બોર્ડ મારેલું હોય કે અહીંયાથી ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે. પોરબંદરની જેલની અંદર રહેતા કેદીઓ રાત્રેના બધા બહાર નીકળે અને રાત આખી આનંદ પ્રમોદ કરીને રખડીને આવે અને સવારે પાછા જેલમાં આવે. કાયદો અને વ્યવસ્થાની તો ત્યારે ખબર હતી કે કોંગ્રેસના કાળમાં પોરબંદરની જેલ બંધ કરવાનો વખત આ કોંગ્રેસના મિત્રો લાવ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની આખા ભારતની અંદર કોઈ પણ રાજય સાથે સરખાવવું હોય તો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારામાં સારી છે.

હું એક વાત કરવા માંગુ છું કે, અગાઉના વખતમાં ૧૯૫૦ પહેલાં આ ગુજરાતની અંદર ૨૧૦૯ પોલીસ આવાસ હતા. ત્યાર પછી ૧૯૫૦ થી ૧૯૮૮ સુધીમાં ૩૬૬૪ આવાસ બાંધવામાં આવ્યા. ત્યાર પછી ૨૦૦૬ સુધીમાં ૧૫૫૫૬ આવાસ આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે આ રક્ષકો છે જે, જે આપણા માટે રક્ષણ કરે છે તેના બાળકોને રહેવા માટે સારા આવાસ આપ્યા હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યા છે. અત્યારે આપણે જે અગાઉના વખતમાં રાજાશાહી વખતના નળિયાવાળા પોલીસ સ્ટેશન આપણે બધાએ જોયા હતા. જે અગાઉ કહેતા હતા એક વજેરીની ઓરડી હોય, તેમાં તાલુકાના સીટીના પોલીસ સ્ટેશન બેસતાં. આ સરકાર આવ્યા પછી આધુનિક પોલીસ સ્ટેશન, કૉમ્પ્યુટરાઇઝડ પોલીસ સ્ટેશન જો બનાવ્યા હોય તો તે ભારતીય

• (   ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય સભ્યશ્રી દ્વારા અહેવાલમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

જનતા પાર્ટીની સરકારે બનાવ્યાં છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને કારણે આ ગુજરાતની અંદર લોકો ખુલ્લા દિલે ફરી શકે છે કોઈને કોઈ જાતની તકલીફ નથી અને આ કહે આતંકવાદ, આતંકવાદ. ખરા અર્થમાં આતંકવાદને અહીંયા આવવું હોય તો સાત વખત વિચાર કરવો પડે એવી સ્થિતિ અમારી ગુજરાતની પોલીસે સ્થાપિત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે, આ ગુજરાતની અંદર વધારેમાં વધારે ઉદ્યોગોની સ્થાપનાના કારણે આ ગુજરાતના બેકાર યુવાનોને વધારેમાં વધારે રોજી રોટી આપવાનું જો કોઈએ કામ કર્યુ હોય તો તે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આ ગુજરાતની અંદર ઉદ્યોગોની અંદર કામ કરવા માટે ટેક્નીકલ માણસો અને યુવાનો તૈયાર થાય તેને માટે વધુમાં આઈ.ટી.આઈ.કોલેજો, તેનું શિક્ષણ અને માર્ગદર્શન આપી અને આ ગુજરાતની અંદર સ્થપાય એવા ઉદ્યોગોમાં સારા ટૅક્નીકલ યુવાનો મળી રહે તેના જો પ્રયત્ન કર્યા હોય તો આ શ્રમ અને રોજગાર વિભાગે કર્યા છે. મારે કહેવું જોઈએ અમારા મોરબીની અંદર સિરામીક ઉદ્યોગ જ્યારે ૧૦-૧૫ વર્ષ પહેલાં ઉદ્યોગની સ્થાપના થઈ. ત્યારે એની અંદર ૧૦૦ ટકા ટેકનિકલ માણસો યુ.પી., બિહાર અને બહારના અન્ય રાજયોમાંથી લાવવા પડતા હતા. અત્યારે ૪૦૦ યુનિટ ચાલે છે. દરેક યુનિટમાં ૩૦૦થી ૪૦૦ કારીગરો કામ કરે છે. ગુજરાતના ૯૦ ટકા યુવાનો આમાં કામ કરે છે. કારણ કે આઈ.ટી.આઈ.ના કારણે ગુજરાતના યુવાનોને વધારેમાં વધારે તાલીમ આપી અને એના લીધે આ ઉદ્યોગમાં ગુજરાતના યુવાનોને વધારેમાં વધારે રોજીરોટી મળી રહે એવા પ્રયત્નો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની પૂરક માગણી બાબતમાં મારે કહેવું છે. આપણને ખબર છે કે ગુજરાતમાં તાલુકા કે જિલ્લા પ્લેસ ઉપર આધુનિક અને સારામાં સારું સેવા સદન ગુજરાતની ભાજપ સરકારે બનાવ્યું છે. આજે ઈ-ધરા હોય કે અન્ય હોય. ગ્રામ પંચાયત સુધી કોમ્પ્યુટરાઈઝેશનને લઈ ગયા હોય તો તે કાર્ય ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે. આ મહેસૂલ વિભાગના કાયદામાં કેટલા સુધારા કર્યા? એમાં 'ચ' હોય કે રાવડા હકક હોય કે કરામા હકક હોય. વર્ષો જૂના પ્રશ્નો હતા. તમે પણ સમજતા હતા. તમારા વિભાગના ધારાસભ્યો કહેતા કે આ અમારો હકક છે. છતાં આની સનદ અમને ન મળે? અમારા ખાતે ન ચડે? અમે વેચી ન શકીએ? તો આપણે આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જોયું કે ગામડામાં રાજાશાહી વખતના જે મકાનો, જે એની ભેણીઓ હતી. એની સનદો ન મળે? વેચી ન શકે? ગીરો ન મૂકી શકે? આ કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. (અંતરાય) તમે તો નવી જૂની શરતનું પણ નહોતા કરી શકયા. હવે એ થયું તો કહે કે ગરીબ માણસ ખેતી વિહોણો થઈ ગયો. આ જૂની શરતમાં ફેરવવાના કારણે ગામડામાં ગરીબ માણસ પાસે જમીન હોય અને એણે વેચી હોય તો એના યુવાન દીકરાને ભણવા માટે વિદેશ મોકલવા માંડયા છે. સારામાં સારા ધંધા રોજગાર, દુકાન, ધંધા કે નાના એવા ઉદ્યોગ કરી શકે એટલી રોજીરોટી મળતી થઈ છે.

આ ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવો હોય તો આખા ગુજરાતમાં ગમે ત્યાં સ્થાપી શકાય, પણ ગામડાના ખેડૂતને ૮ કિલોમીટર આગળ જમીન ન લઈ શકાય. આવી પરિસ્થિતિ હતી. આ બાબતમાં સુધારો કરવાના કારણે ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ થયો છે અને આપણે જાણી શકીએ છીએ કે જમીનના ભાવ પહેલા શું હતા અને અત્યારે ભાવ કેટલા વધ્યા છે? કારણ કે ગામડાનો ખેડૂત સમૃદ્ધ થયો છે અને એટલે ગમે ત્યાં એ જમીન લઈ શકે. મહેસૂલ વિભાગે આ કાયદો લાવીને ઘણી સરળતા કરી છે અને એનાથી ગામડાનો ખેડૂત ગમે ત્યાં ખાતેદાર થઈ શકે છે.

શહેરી વિકાસ વિભાગની માગણીઓ આવી છે. ખરા અર્થમાં શહેરી વિકાસમાં આ ઓકટ્રોય તમે આવ્યા, ત્યારની નાંખી હતી, શહેરોમાં ઓકટ્રોયના ઈજારા અપાતા હતા. એ ઈજારદારો કોણ હતા? રાજકીય ઓથ નીચે અને રાજકારણીઓના ભાગીદારો જ એમાં હોય અને દાદાગીરી કરીને માલની કિંમત ધરાહાર ઉંચી કરતા હતા અને એમ કરીને ઉંચી ઓકટ્રોય લેતા હતા. એ ચૂંગાલમાંથી ભારતીય જનતા પાર્ટીની સરકારે છોડાવ્યા છે.

હમણાં જગદીશભાઈ કહેતા હતા કે ઓકટ્રોય કાઢવી નહોતી. આંદોલન થયું એટલે કાઢવી પડી. ચૂંટણીમાં હારી જાય એની બીક લાગી અને કાઢવી પડી. પબ્લિકે જીતાડી બતાવ્યું. કરી બતાવ્યુ. આ ઓકટ્રોય કાઢવાનો નિર્ણય તો ૬ મહિના પહેલા લેવાઈ ગયો હતો. ફકત એનો અમલ જ મોડો કર્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચનો હંમેશા પૂર્ણ કરવાના પ્રયત્નો કર્યા છે. બાકી કોંગ્રેસના જમાનામાં શું હતું. પહેલાના વખતમાં રાજકીય માણસો સરકીટ હાઉસથી અને ગાંધીનગરથી જ રાજ કરતા. ગામડામાં કોઈ કાર્યકર્તાને ઓળખતું નહોતું. ત્યારે લોકોને એમ હતું કે કોંગ્રેસને મત આપો. બાકી બીજા કોઈ નિશાનની લોકોને ખબર નહોતી, એટલે કોંગ્રેસે આટલા વખત રાજ કર્યુ.

આજે જે પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એને હું અનુમોદન આપું છું..

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

આજની માગણીઓમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, ગૃહ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, મહેસૂલ વિભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની કુલ્લે મળીને ૯૬૪ કરોડની માગણી લઈને આવ્યા છે.

ઉર્જા વિભાગ વિશે મારે કહેવું છે કે જયારે અમારા ગામડામાં વિધાનસભાની ચૂંટણીઓ આવી તે પહેલા માંડ ૫ કે ૭ કલાક વીજળી મળતી હતી, પરંતુ ચૂંટણીના થોડા સમયમાં ૧૨ થી ૧૪ કલાક થ્રી ફેઝ વીજળી મળવા

લાગી. ખેડૂતો ખુશ થઈ ગયા. પરંતુ જયારે ચૂંટણીનો બીજો દિવસ થયો ગામડાંમાં એની એ જ ૫-૭ કલાક વીજળી આપવાનું શરૂ થઈ ગયું હતું. એમાં એમ જાણવા મળ્યું છે કે સરકારે કેપ્ટિવ પાવર પ્રોજેકટ પાસેથી ઉંચા ભાવે વીજળી ખરીદી અને એનાથી સરકારને ઘણું મોટું નુકસાન થયું છે. જેથી ચૂંટણી સમય દરમ્યાન આ ગામડાંનાં પેટૅ પરાંમાં વીજળી મળતી હતી એ ખર્ચ પણ આ કેપ્ટિવ પાવર પ્રોજેકટ પાસેથી વીજળી ખરીદી એનો ખર્ચ એના ફાળે ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે બળતણ અને બીજું પણ વધારાનું ખર્ચ એમાં બતાવવામાં આવ્યું છે. તો કોઈપણ માણસ પોતાના ઘરનો પણ વિચાર કરીને એ પોતાનું ઘર ચલાવવા માટે એનું આગોતરું આયેજન કરે છે એમાં એવું આયોજન કરે છે કે કેટલા ઘઉં, ચોખા કે તેલ જોઈએ અને એ પ્રમાણે એની ખરીદીની વ્યવસ્થા કરે છે. તો સરકાર પણ એકીસાથે આ જે બળતણ જોઈએ છે એની ખરીદી કરવાની વ્યવસ્થા કરે તો એની ખરીદ કિંમતમાં ફાયદો થાય અને ખર્ચ વધારે ના આવે. તો આમાં કોઈ આગોતરું આયોજન કરાયેલું જણાતું નથી. જે ખરીદી કરવામાં આવે છે એમાં કોલસો અને બીજી વસ્તુ ખરીદાય છે એમાં આ કોલસો બહુ ગુણવત્તાવાળો હોતો નથી અને એમાં ભેળસેળવાળો હોય છે અને એમાં ઘણોબધો ભ્રષ્ટાચાર થતો હોય છેફ આ કોલસો આવે છે અમાં પથ્થરો આવે છે એ પણ અધિકારીઓ મળી ગયા હોય છે એટલે એ રીતે ભેળસેળવાળો આવે છે. ઘણી જગ્યાએ બિલો આવી જાય છે અને માલ પણ આવતો નથી એવી પણ ફરિયાદ મળે છે. આ રીતે ખરીદીમાં મોટામાં મોટો ભ્રષ્ટાચાર થાય છે. એટલે આ રીતે થવાને કારણે આમાં પૂરક ખર્ચ ઘણો થયો છે એમ મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ છે કે અમારા ગામડાંમાં જે ૧૮ થી ૨૫ વર્ષ પહેલાં તાર નાખેલા છે એ તાર બદલવા માટે અને નવાં ટી.સી. નાંખવા માટેની માગણીઓ છે, પરંતુ એના માટેની કોઈ જોગવાઈ આ પૂરક માગણીઓમાં નથી અને આવા જૂના તાર હોય છે એ તૂટી જવાથી ઘણું બધું નુકસાન થાય છે. તો એના માટેની પણ આમાં પૂરક માગણીઓમાં જોગવાઈ કરી હોત તો ગામડાંના લોકોને અને ખેડૂતોને રાહત થાત.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે બીજી પણ એક આવક ઉભી કરી છે કે જે ખેડૂતો જે હોર્સ પાવરની મોટર વાપરતા હોય છે એમાં અધિકારીઓ એને માપવા માટેનું મશીન લઈને આવે છે અને ચેકિંગ કરે છે અને પછી જણાવે છે કે તમે તમારા મંજૂર થયેલ હોર્સ પાવર કરતાં વધારે હોર્સ પાવરની મોટર વાપરો છો અને પછી એડિશનલ બિલ ૫-૨૫ હજારનું આપે છે. તો આનાથી ખેડૂતોને ઘણી મોટી મુશ્કેલી થાય છે અને તેઓ એમની મોટરનું બિલ માંડ ભરી શકતા હોય, માંડ એમનું નિર્વાહ પૂરું કરતા હોય અને આવા એડિશનલ બિલ આવવાથી એ દુઃખી દુઃખી થઈ જાય છે. તો આ રીતે પણ સરકાર બીજી આવક ઉભી કરી રહી છે. તો આ પૂરક માગણી ભલે આવી, પરંતુ ખેડૂતોને આવી રીતે પરેશાન ના કરે અને ખેડૂતોને એમાંથી રાહત મળે એ રીતે વિચારે. એક આતંકવાદીને પકડવા માટે જેટલી મહેનત કરે છે એટલી મહેનત આ કૂવાઓ ઉપર બોરના ખેડૂતોને પકડવા માટે કરે છે. મારા વિસ્તારમાં ૧૯૯૧ થી લીગલ કનેકશન, તત્કાલ કનેકશન એના માટેના પૈસા ભરાવી દીધા છે, પરંતુ હજુસુધી કોઈ કનેકશન મળ્યાં નથી અને ૧૫-૧૬ વર્ષથી બોર બનાવીને બેઠા હોય એ બોર આજે બેકાર પડી રહયા છે અને એના માટે બેંકમાંથી નાણાં લીધાં હોય એ બે ત્રણ ગણા થઈ ગયા છે,એના હપતા પણ ખેડૂતો આ બોર ચાલુ નહીં થઈ શકવાને કારણે ભરી શકતા નથી. તો આના માટેપણ સરકાર વિચારે અને ખેડૂતોને રાહત થાય એના માટે તાત્કાલિક આવાં કનેકશનો આપવાનાં છે એ આપે તેવી મારી લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગની વાત કરું તો સિંહોની સંખ્યા ૩૫૦ વધી છે. તો મારું માનવું છે કે અમારા આવ્યા પછી આ સિંહોની સંખ્યા વધી છે, પરંતુ અમારે ત્યાં ગામડાંમાં વાંદરા, ભૂંડ અને નીલગાયોની સંખ્યા એટલી બધી વધી ગઈ છે અને એનાથી ખેડૂતો એટલા બધા દુઃખી દુઃખી થઈ ગયા છે. કોઈ ખેડૂતના ખેતરમાં નીલગાય પેસી જાય તો વીઘાના વીઘા પાક નિષ્ફળ કરી નાંખે છે. તો એના માટે પણ સરકાર વિચારે. (અંતરાય) સાહેબ મને એકાદ મિનિટનો સમય હજુ આપો.

**અધ્યક્ષશ્રી:** નહીં, આપના પૂર્વવકતાઓએ ઘણો સમય લીધો છે. જશુમતીબેન આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગની પણ આમાં પૂરક માગણી છે, આજે આખું ગુજરાત જાણે છે કે ઉર્જા ક્ષેત્રે આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારના આદરણીય મુખ્યમંત્રી, દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીએ ઉર્જા ક્ષેત્રે જે કામ કર્યુ છે, તેને કારણે ફરીથી ગુજરાતની જનતાએ અમને જનાદેશ આપ્યો છે. તેના કારણે આજે અમે અહીં આ ૧૧૭ બેઠા છીએ. હું પણ ગામડાંમાંથી આવું છું. ગામડાંની પરિસ્થિતિ અગાઉના કોંગ્રેસના શાસનમાં કેવી હતી તે હું આ કોંગ્રેસના ભાઈઓને યાદ અપાવવા માગું છું. તમારા રાજયમાં આ ગુજરાતમાં જે અંધારું છવાયેલું હતું, તે અંધારુ ઉલેચવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. અને અમારા દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે.ખાસ કરીને અમારા ઉર્જા મંત્રી, શ્રી સૌરભભાઈએ કર્યુ છે.

જયોતિ ગ્રામ યોજનાની વાત કરું તો આજે જયોતિ ગ્રામ યોજના મારફત ગુજરાતનું એક પણ ગામડું એવું બાકી નથી રહ્યું કે જયાં ૨૪ કલાક વીજળી ન પહોંચતી હોય. હું જયારે આ ગૃહમાં આવી ત્યારે વીજળીની પરિસ્થિતિ કેવી હતી? આજે સમગ્ર રાજયમાં સમગ્ર ગામડાંઓમાં અને જે પરા વિસ્તારો છે તે પરા વિસ્તારોમાં પણ આજે જયાં જુઓ ત્યાં વીજળીથી જળહળતા વિસ્તારો બની ગયા છે. હું એક મહિલા છું, એટલે મહિલાઓના પ્રશ્નો

હું જાણું છું, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અમે પ્રવાસમાં જઈએ છીએ ત્યારે બહેનોની એક જ રજૂઆત હોય છે કે અમને વાળુ કરવા ટાઈમે તો લાઈટ આપો, અથવા સવારના છાશ વલોવવા ટાઈમે તો લાઈટ આપો, આ બહેનોની સમગ્ર વેદનાનું આજે નિરાકરણ થઈ ગયું છે. જયોતિ ગ્રામ યોજના સાકાર થઈ છે. આજે મારે માનનીય સ્વર્ગસ્થ અમરસિંહભાઈને યાદ કરવા છે. જયારે આ જયોતિગ્રામ યોજનાની અમલવારી ગુજરાતમાં કરવાની હતી ત્યારે સ્વર્ગસ્થ અમરસિંહભાઈ અમારા મુખ્ય મંત્રીશ્રીને એમ કહેતા હતા કે તમે વીજળી કયાંથી આપશો? પરંતુ આ જ ગુજરાતે, આ જ અધિકારીઓએ અને આ જ વીજળી તંત્રએ આજે ગામડાંઓને વીજળી પૂરી પાડી છે, કદાચ આજે અમરસિંહભાઈ હયાત હોત તો એ પણ જોઈ શકયા હોત કે આ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ આ સારું કામ કર્યુ છે.

આપણે સૌ ગુજરાતના વિકાસની વાત લઈને જઈએ છીએ ત્યારે આ ગુજરાતના વિકાસને જયારે આગળ ધપાવવાનું કામ કર્યુ છે અને એમાં પણ મહત્વનું કામ જો કોઈ હોય તો વીજળીનું છે. વીજળી માટે આ પૂરક માગણીઓ જે નાણા મંત્રીશ્રીએ રજૂ કરી છે તેને સમર્થન આપું છું.

ખેડૂતો અંગે હમણાં ઘણી વાતો થઈ, આજે ગ્રામ્ય વિસ્તારમાં કોઈ પણ ખેડૂતને ટી.સી. બળી ગયું હોય તો એ ટી.સી. બળી ગયા પછી જી.ઈ.બી.ની કચેરીને કમ્પ્લેન લખાવે, અને જો અવેલેબલ હોય તો સાંજે જ ત્યાં ટી.સી. ઉભું કરી દેવામાં આવે છે અને નહીંતર બીજા દિવસે, એટલે ૨૪ કલાકમાં તો ટી.સી. આપવામાં આવે છે.ખેડૂતના પાકને બચાવવા માટે આ રીતે ઉર્જા વિભાગ આજે કાર્યરત છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સાક્ષી છું, ચોમાસાના દિવસો હતા અને વરસાદ પંદરેક દિવસ ખેંચાયો ત્યારે આ રાજયના આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ તેની ચિંતા કરી અને ઉર્જા મંત્રીશ્રીને તાત્કાલિક કહ્યું કે સૌરભ ભાઈ, વીજળી ગમે ત્યાંથી લાવવી પડે તો પણ લાવો, ગમે એટલી મોંઘી ખરીદવી પડે તો પણ ખરીદો, પણ ગુજરાતના ખેડૂતોનો પાક નિષ્ફળ ન જવો જોઈએ, આમ તેમણે એ વખતે ખેડૂતોની ચિંતા કરી હતી તેની હું સાક્ષી છું. આપણામાં એક કહેવત છે કે જેનો રાજા સારો તેની પ્રજા સારી, અને રાજાની નિયત સારી હોય તો કુદરત પણ દયા કરે છે, અને એ જ રીતે કુદરતે દયા કરી અને બીજા જ દિવસે સારો વરસાદ વરસાવ્યો અને ખેડૂતોનો પાક ત્યારે બચી શકયો હતો. વીજળી માટેની ઘણી બધી વાતો થઈ છે, અને હજુ પણ માગણીઓ આવશે ત્યારે ચર્ચા થવાની છે, આ રાજયમાં લો વોલ્ટેજનો મોટો પ્રશ્ન હતો, ત્યારે ૬૬ કે.વી.ના સબ સ્ટેશન જેટલા માગવામાં આવે એટલા આપવામાં આવે છે, મારા તાલુકામાં પણ ગયા વર્ષે બે ૬૬ કે.વી.ના સબ સ્ટેશનો કાર્યરત કર્યા છે અને લો વોલ્ટેજનો પ્રશ્ન આજે હલ થઈ શકયો છે.

માનનીય ધારાસભ્યશ્રી રામસિંહભાઈ બોલતા હતા કે બી.પી.એલ લાભાર્થીઓને વીજળી મળતી નથી. અત્યારે બી.પી.એલ. લાભાર્થીના ઘરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજયના ઊર્જામંત્રીશ્રીએ એક દીવારૂપી જ્યોત પ્રગટાવી છે. કદાચ એ તમને ખ્યાલમાં નહિ હોય. બી.પી.એલ. લાભાર્થીના ઘરે જઈને જુઓ? રાજય સરકારે મફત વીજળી આપી છે. આ ગૃહની અંદર આપણે કહીએ છીએ કે આ સન્માનનીય ગૃહ છે એમાં થોડું જો સાચું બોલશું તો પ્રજાને પણ એમ થશે અમારા પ્રતિનિધિ કંઈક સાચું બોલે છે. માનનીય સભ્યશ્રી રામસિંહભાઈએ બી.પી.એલ. લાભાર્થીઓ માટેની વાત કરી એના ઘરમાં રાજય સરકારે દીવારૂપી જ્યોત પ્રગટાવી છે જે ખૂબ જ આર્શીવાદરૂપ છે.

શહેરી વિકાસની માગણી લઈને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે કહીશ કે નગરપાલિકાની અંદર ઑક્ટ્રૉય લેવામાં આવતી હતી એ આપણે બધા સારી રીતે જાણીએ છીએ. ઑક્ટ્રૉય પ્રથા ચાલુ હતી ત્યારે બહેન દીકરીઓ માટેના આણાની વસ્તુઓ લઈને જતા હતા ત્યારે એના ઉપર પણ ઑક્ટ્રૉય લેવામાં આવતી હતી. જે કહેવાતા ગુંડાઓના હાથની અંદર આ ઑક્ટ્રૉયનો ઇજારો હોય એ લોકો ત્યાં થેલી તપાસે એની અંદર ઑક્ટ્રૉય જે કંઈ થતી હોય તે લઈ લે પરંતુ બહેન દીકરીઓની આણાની વસ્તુઓ હોય, કરિયાવરની વસ્તુઓ હોય એના ઉપર પણ ઑક્ટ્રૉય લેવામાં આવતી હતી. પરંતુ આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે નગરપાલિકાઓમાંથી ઑક્ટ્રૉય નાબૂદ કરી. ફક્ત સાત મહા નગરપાલિકાઓ જ બાકી હતી એમાંથી પણ ઑક્ટ્રૉય નાબૂદ કરવા માટેનું આ રાજય સરકારે વચન આપ્યું હતું એ વચન પણ આ સરકારે પૂરું કર્યુ છે. તેથી આજે સમગ્ર ગુજરાતની અંદરથી ઑક્ટ્રૉય પ્રથા દૂર થઈ છે. કદાચ દેશના અન્ય કોઈ રાજયોની અંદર આવું ભગીરથ કાર્ય થયું નહિ હોય. ઑક્ટ્રૉય બાબતની વાત કરી એમાં કોઈ નવા કરવેરા નાખવામાં આવ્યા નથી. કોંગ્રેસના ભાઈઓ કહેતા હતા કે મોટા પ્રમાણમાં કરવેરા નાખવામાં આવશે. પરંતુ ઑક્ટ્રૉય નાબૂદ કર્યા પછી દર વરસે જે ઑક્ટ્રૉયની આવક હતી એના ઉપર ૧૦ ટકાનો વધારો કરીને નગરપાલિકાઓ અને મહા નગરપાલિકાઓના વિકાસના કામો અટકે નહિ એના માટે પણ આ રાજય સરકારે ચિંતા કરી છે અને તેને પૂરતી ગ્રાન્ટ આપી છે જેના લીધે નગરોનો વિકાસ થયો છે. મારા જેતપુર નગરપાલિકાની વાત કરું તો છેલ્લા પાંચ વર્ષની અંદર ૬૦ કરોડ રૂપિયાના કામો અમે કર્યા છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારી બે વાત કહેવા માટે ઊભો થયો છું.

ઊર્જા વિભાગને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી સૌરાષ્ટ્ર માટે મારે બે વાત કરવી છે. સૌરાષ્ટ્રના બીજા મારા સાથી સભ્યશ્રીઓ પણ અહીંયા હાજર છે. ગુજરાત અને સૌરાષ્ટ્ર બે વિભાગ આવે. સૌરાષ્ટ્રની અંદર ૧૯૯૧-૯૨ના ખેડૂતોના કાયદેસરના વીજળીના કનેકશનો આજની તારીખ સુધી ચાલુ નથી અને આ લોકો વાત કરે છે ૧૮ હજાર ગામડાંને ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી મળે છે એની. સૌરાષ્ટ્રના ગામડાંને ૨૪ કલાક વીજળીની જરૂર નથી. અમારા ખેડૂતોને તો ૧૪ કલાક ખેતરોમાં વીજળીની જરૂર છે અને હું આપને યાદ અપાવું કે આ જ

હાઉસની અંદર ૧૯૯૮ની અંદર સૌરાષ્ટ્રના જ એક સભ્યશ્રી આ વાતની ચર્ચા કરતા હતા ત્યારે એનો જવાબ પણ આપેલો છે અને હું ૧૯૯૮ની વાત કરુ છું ત્યારે ૧૯૮૮ના કનેકશનો રીલીઝ થયા હતા. આજે આટલા વરસ પછી પણ ઊર્જા વિભાગ ૧૯૯૧-૯૨ના કનેકશનો રીલીઝ કરી શક્યું નથી એ વાત રજૂ કરવા માટે અહીંયા ઉપસ્થિત થયો છું. અમારી દરિયાઇ પટ્ટીની વાત કરું તો અમારી દરિયાઇ પટ્ટીની અંદર ૭૦ ટકા પ્રજા છે એ ગ્રામ્ય અને વાડી વિસ્તારમાં રહે છે, ગામડામાં ૩૦ ટકા રહે છે. આ ગામડાઓમાં થ્રી ફેઈઝ ૨૪ કલાક વીજળી નહીં હોય તો વાંધો નથી, ૨૪ કલાકની જરૂર નથી. અમારા ખેડૂતોને ૧૪ કલાક વીજળીના પાવરની જરૂર છે એ ખેતીવાડી કરે છે એ માટે સરકારે વિચારવાની જરૂર છે. (સમયસૂચક ઘંટડી) સાહેબ, મને સાત મિનિટ આપી છે એમાં કદાચ કાપવી હોય તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : મારે કાપવાની નથી. એટલા માટે કે આપના પૂર્વ વક્તા બોલ્યા છે.(અંતરાય) આપને બોલવાનો અધિકાર નથી, આપના દંડકને વાત કરી શકો છો.. ૨૨ મિનિટ રહે છે. એમાંથી બે વક્તા ઓછા કરી નાંખો.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગીર વિસ્તારના જંગલ ખાતામાં ગામડાઓ આવેલાં છે. એની અંદર ગ્રામ પંચાયત અને જંગલ ખાતાના કાયદાઓની જો વાત કરવી હોય તો એના માટેના અધિકારો બદલવા માટે કાયદાઓ બદલવાની જરૂર છે. એનાથી સેટલમેન્ટના ગામડાઓમાં મોટી મુશ્કેલીઓ આજની તારીખ સુધી ચાલી આવે છે. મારા મિત્રોને ખાસ વિનંતી છે કે, ૧૯૯૮માં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. આજે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર છે નહીં કે ભારતીય જનતા પાર્ટીની, કારણ કે, તમારો હાથ ઊંચો કરીને મત માગ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે આમને મત આપજો. તમારા નામ ઉપર મત નથી મળ્યા એટલે એ મગજમાંથી કાઢી નાખજો.. એ કાઢી નાખજો.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ (બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક- ૧૩, ૨૬, ૨૭, ૪૩, ૫૭, ૭૮ અને ૧૦૨ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૮૮ પૂરક માગણીઓ આ સન્માનનીય ગૃહમાં રજૂ થવાની છે અને એમાં આજે છ વિભાગની ૭ પૂરક માગણીઓ રજૂ થઈ છે એના સમર્થનમાં હું ઊભો થયો છું. જે મહેસૂલી આવકમાં વધારો કરીને બીન વિકાસશીલ જે ખર્ચ ઘટાડીને ખૂબ સુંદર વહીવટ આ રાજયમાં થઈ રહ્યો છે અને એના ભાગરૂપે આપણે કયારેય પૈસા કોઈ ટ્રસ્ટ પાસેથી, અંબાજી પાસેથી લેવા પડ્યા નથી. ઓવર ડ્રાફ્ટ લેવો પડ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગમાં હમણાં જ વાત થઈ તેમ જે ૪૦ ટકાથી ૩૦ ટકા લોકો ગામડાઓમાં રહે છે એને ૨૪ કલાક વીજળીની જરૂર નથી કેમ ભાઈ? એ લોકો ગરીબ માણસો છે. એમના ઘરમાં મા બિમાર હોય, છોકરો ભણતો હોય એને વીજળીની જરૂર નથી. એવી મારા સાથી મિત્રએ વાત કરી શું આ યોગ્ય છે? આપણે ગરીબ માણસોની ચિંતા કરવાની નથી? માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપી ગામડાઓની અંદર નાના ઉદ્યોગો ચાલુ થયા. હીરા ઘસવા લોકો ભાવનગર જાય, સુરત જાય એના બદલે આજે ગામડાની અંદર રોજગારી મેળવતા થયા. ટેલરીંગ કે ઘંટીનું કામ હોય તો ૨૪ કલાક વીજળીથી એને ખૂબ રાહત મળે છે અને આવક ઊભી થાય છે. શિક્ષણમાં પણ બાળકો ભણતા થયા છે. આ ૨૪ કલાકની વીજળી આપી એટલે કેન્દ્રની સરકારને થયું કે ગુજરાત સરકારની વાહ-વાહ થઈ એટલે એણે ૨૦૦ મેગા વોટ વીજળી કાપી લીધી અને ગુજરાતનો વહીવટ સારો ન દેખાય એવા પ્રયત્નો કર્યા. આ ગુજરાત સરકારે વીજળી વેચાતી લઈને પણ ૨૪ કલાક ગામડાઓમાં અને ખેતીવાડીમાં ૮ કલાક થ્રી ફેઈઝ વીજળી આપી છે. આવો સારો વહીવટ જોઈને બીજા રાજયના અધિકારીઓ પણ અભ્યાસ માટે અહીંયાં આવ્યા અને આ ૨૪ કલાક વીજળી કેવી રીતે આપી શકાય છે? આ ખેડૂતોને જે વધારાનો ચાર્જ પડવાનો છે અને એના માટે જે વધારાની વીજ સબસિડી આપવા માટે ૧૫ કરોડ રૂપિયાની સબસિડી મૂકી છે, એને હું મારું સમર્થન આપું છું. નિયમિત વીજ પુરવઠો ચાલે, સારી વીજળી અપાય, ત્રૂટક વીજળી ન આપે. તેના માટે ગુજરાતને એવોર્ડ મળ્યો છે અને કેન્દ્ર સકારમાંથી એવોર્ડ પણ મળ્યો છે. આ એવોર્ડ જ્યારે વીજ ક્ષેત્રે મળ્યા છે ત્યારે આપણે આ સરકારની કામગીરીને અભિનંદન આપવા જોઈએ. આપણે જ્યારે વીજળીની વાત કરીએ તો મારા વિસ્તારમાં જે ગરીબ માણસોને મફત મીટર આપવામાં આવે છે તેના માટે મેં માનનીય મંત્રીશ્રી સાથે વાત કરી કે બેકલોગ એટલો છે કે હજાર મીટર જો મને આ મહિને આપવામાં આવે તો આ બેકલોગ ઓછો થાય એવું છે. ત્યારે મંત્રીશ્રીએ સૂચના આપી અને તરત મને ૨૦૦૦ મીટર એ જ મહિને આપવામાં આવ્યા અને ગરીબ લોકોના ઘરમાં આ મીટરો બેસાડવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં મારા વિસ્તારમાં ૨૦૦૦ મીટર એક વર્ષમાં મૂકતા હતા. જ્યારે અત્યારે એક મહિનામાં ૨૦૦૦ મીટર મૂકાય છે અને તેના લીધે દરેક ગરીબ ઘરમાં વીજળીનો દીવો પ્રગટ્યો છે. ત્યારે આ માગણીને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની માગણી ૧૦૨ ચાલુ વર્ષના અંદાજપત્રમાં મૂળ રકમ ૧૩૭૫.૬૯ કરોડની સામે ૭૨૮.૭૮ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવી છે અને એક ઑકટ્રૉય નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો તેના કારણે જે બોજો પડવાનો છે તેને પૂરક માગણીના રૂપમાં લઈને આવ્યા છે. ત્યારે નાની નાની નગરપાલિકાઓ હતી તેમાં પણ જે વિકાસના કામો થયા છે, પહેલાં નગરપાલિકામાં કર ઉઘરાવો અને

જે લોકો સત્તા ઉપર બેઠાં હોય તે લોકો તેમના કર્મચારીઓની ભરતી કરે. જમ્બો નગરપાલિકામાં તેના પગાર પણ ચૂકવાય નહીં. આવક આવે તે પગારમાં જાય અને નગરનો વિકાસ ન થઈ શકે. આ નાની-નાની નગરપાલિકાઓને પણ નાણાં આપીને જ્યારે સુંદર બનાવવામાં આવી છે, તેના દબાણ ખસેડીને રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા છે. આ નગરપાલિકાઓમાં લોક ભાગીદારીથી જ્યારે ગામનું એન્ટ્રન્સ હોય તેમાં સરસ મોટા દરવાજા બનાવવામાં આવ્યા છે. ફુવારા બનાવવામાં આવ્યા છે. મારા વિસ્તારમાં બાળવા અને ધોળકા નગરપાલિકામાં જૈન મંદિરો હોય, સ્વામિનારાયણ મંદિરો હોય, કોઈ ટ્રસ્ટો હોય, કંપનીઓ હોય તેમની ભાગીદારી કરીને તેમાં અનુદાન આપીને પણ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા છે. બગીચા બનાવ્યા છે. ફુવારા બનાવ્યા છે. તેના કારણે નાના નગરો પણ દિપી ઉઠયા છે. તેમાં સરસ રસ્તા, ગટરની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા કરવામાં આવી છે. જે અગાઉ આ વ્યવસ્થા નહોતી, ખખડધજ નગરપાલિકાઓ હતી અને વહીવટ નહોતા કરી શક્યા તેના માટે સુંદર કાર્યક્રમ આ સરકારે આપ્યો છે અને તેમાં ખૂબ સુંદર સગવડતા ઉભી કરવામાં આવી છે. કુશળ વહીવટના કારણે પુરાંતવાળું બજૅટ, બિનવિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો થવાથી મહેસૂલી પુરાંત વર્ષના અંતે ૨૩૬૯.૩૯ કરોડ થવાની ધારણા છે. આ રાજયની સરકાર નાણાં વ્યવસ્થાપન દર્શાવે છે. આથી આ પૂરક માગણી લઈને આવ્યા છે. તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ છે તેમાં અમારા જિલ્લાના ડી.એસ.પી.ની ઑફિસ એ ન્યુમેન્ટલ હતી. સરખેજ-ગાંધીનગર રોડ ઉપર ડી.એસ.પી.ની સુંદર ઑફિસ ઉભી કરવામાં આવી છે. અદ્યતન સુવિધાવાળી ડી.એસ.પી.ની ઑફિસ ઉભી કરવામાં આવી છે. તે જ રીતે સરખેજ પોલીસ સ્ટેશન જૂઓ તો નળિયાવાળું, અંદર પાણી પડે અને પોલીસ અંદર બેસી પણ ન શકે. એવી જે વ્યવસ્થા હતી તેના બદલે સુંદર વ્યવસ્થા ઉભી કરીને લોકભાગીદારીથી પોલીસ સ્ટેશન ઉભું કરવામાં આવ્યું છે. ત્યારે પોલીસ આવાસ નિગમ દ્વારા પણ પોલીસોના નવા રહેણાંકના મકાનો જમીનો મેળવીને ઉભા કરવામાં આવ્યા છે. મારા વિસ્તારમાં પણ પોલીસોના આવાસો ઉભા કરવામાં આવ્યા છે. જે ગુના બનતા હોય તેમાં આધુનિક પદ્ધતિથી તેનું રજીસ્ટ્રેશન થાય અને તેના ઘરે પણ તેની માહિતી મળી શકે એવું આધુનિક કરવામાં આવ્યું છે. તેવી જ રીતે જે પોલીસ સ્ટેશનો છે તેમાં ગુના નિવારણ માટે અદ્યતન લૅબૉરૅટરી ઉભી કરવામાં આવી છે. અને એમાં બીજા રાજયોના લોકો પણ અભ્યાસ માટે અહીં આવે છે ત્યારે આવું સુંદર વ્યવસ્થાતંત્ર જયારે ઉભું કર્યુ હોય ત્યારે હું માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

**શ્રી હીરાભાઈ હ. પટેલ (લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયારે વર્ષ ૨૦૦૭-૦૮ માટે રૂા. ૯૬૭ કરોડ ૭૨લાખ ૨૫ હજારની પૂરક માગણી ક્રમાંક: ૧૩, ૨૬, ૨૭, ૪૩, ૫૭, ૫૮, ૭૮ અને ૧૦૨ એ બધા અંગે હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું અને જે જિલ્લામાંથી આવુ છું એ ઓરીજનલ પંચમહાલ જિલ્લો, આદિવાસી અને આર્થિક પછાત જિલ્લો છે. ખેતીએ એક માત્ર વનનિર્વાહ માટેનો વ્યવસાય છે અને એમાં પણ છેલ્લા વર્ષ ૧૯૯૩ થી ૨૦૦૭ સુધીમાં વીજળી ક્ષેત્રે એક પણ નવું કનેકશન આપવામાં આવ્યું નથી અને એના કારણે ખેત ઉત્પાદન ખર્ચ વધુ આવે છે. એટલું જ નહીં પણ લાખો રૂપિયા ખર્ચીને જે ખેડૂતોએ સમૂહમાં એલ.આઈ. સ્કીમો બનાવી છે એમને પણ આ વર્ષો દરમિયાન વીજળી કનેકશનો આપવામાં આવ્યા નથી. દેવું કરીને બનાવેલી આ એલ.આઈ. સ્કીમો ને કારણે દેવાનું વ્યાજ અને મુદ્દલ એ ઉત્તરોત્તર વધતું જાય છે. જયારે આ વિસ્તારોને આર્થિક પછાત ગણીને વિશિષ્ટ ગ્રાન્ટ આપવામાં આવતી હોય એ સંજોગોમાં વીજળીના કનેકશન એ ખેતી માટે બહુ અગત્યની જરૂરિયાત છે, એના પ્રત્યે પૂરતું લક્ષ્ય આપવામાં આવે એવી પણ મારી વિનંતી છે. કેટલાક કિસ્સા અને કેટલીક ઘટનાઓ એવી બની છે, હમણાં મારા જ મતવિસ્તારની અંદર વાયરો નીચે હોવાની અનેક વખત ફરીયાદો કરવા છતાં પણ એનો ઉકેલ ન થવાથી એક વીસ વર્ષના યુવાનનું મૃત્યુ થયું અને આવી ઘટનાઓ ના બને એ માટે પણ હું આ બાબતે આ ગૃહનું ધ્યાન દોરું છું. જયારે વીજળીની ખાસ જરૂર હોય, સાંજના સમયે વાળુ કરવા વખતે ત્યારે વીજળી ના મળે અને સવારે ગાય-ભેંસનું દૂધ દોવાનું હોય ત્યારે વીજળી ના મળે, (અંતરાય) આ વાત જૂની નથી, આ વાત આજે પણ એટલી જ પ્રસ્તુત છે. તમારે જોવું હોય તો પંચમહાલમાં આવી જજો. બીજી વાત કરું તો વન અને પર્યાવરણ વિભાગમાં વન ખાતાના નીચેના અધિકારીઓ-કર્મચારીઓ એ મોટા ભાગે જે ખાતાના ડેપો હોય છે ત્યાં એડજેસ્ટમેંટ માટે બેઠેલા જોવા મળે છે. આ માટે આપણે તપાસ કરીએ તો છેલ્લા દસ વર્ષમાં કેટલા ખાડા ખોદયા, કેટલાં નવાં વૃક્ષો વાવ્યાં અને એમાંથી કેટલાં હાલ બચ્યાં છે એ જોશો તો એનો સાચો અંદાજ આવશે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની છેલ્લી બૅન્ચ ઉપરથી પહેલીવાર આ સભાગૃહને સંબોધવાનો મને મોકો મળ્યો છે ત્યારે અત્યંત આનંદની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૭-૦૮નું ૪૩,૫૬૯ કરોડનું બજૅટ મંજૂર થયું હતું, તેની સામે પૂરક માગણીને ધ્યાનમાં રાખવામાં આવે તો માત્ર ૨૮૫૬ કરોડની પૂરક માગણી માનનીય નાણામંત્રીશ્રી દ્વારા લાવવામાં આવી છે. મારે કહેવું જોઈએ કે જે માગણીઓ આવી છે એ ફક્ત ૬.૫૬ ટકા જ આવી છે. સમગ્ર બજૅટ જ્યારે ૪૪ હજાર કરોડ ઉપરાંતનું હોય તેમાંથી ફક્ત ૬.૫૬ ટકા જેટલી જ વધારાની પૂરક માગણી આવી છે ત્યારે મારે નાણામંત્રીશ્રીને અભિનંદન આપવા જોઈએ કે આટલી નાની મર્યાદામાં માગણીઓ લાવ્યા છે. ફાયનાન્સિયલ

મેનેજમેન્ટ એમ કહે છે કે વેરીએશન ઈઝ ધી લોએસ્ટ. આટલી નાની મર્યાદામાં બજેટ ચલાવવાની શક્યતા છે ત્યારે હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે વખતોવખત અને લગભગ દરેક વિધાનસભામાં આ પ્રમાણે પૂરક માગણીઓ આવતી હોય છે ત્યારે છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ ગુજરાત સરકારના જો જોવામાં આવે તો ફરીવાર અભિનંદન આપું છું કે આ વખતે ખૂબ જ ઓછી માગણીઓ આવી છે. ૨૦૦૪માં ૯૭૪૭ કરોડ રૂપિયાની પૂરક માગણી આવી હતી. આગલા વર્ષ ૨૦૦૬-૦૭માં ૬૧૩૩ કરોડની પૂરક માગણીની સરખામણીમાં આ વખતે વર્ષ ૨૦૦૭-૦૮માં ફક્ત ૨૮૫૬ કરોડ રૂપિયાની પૂરક માગણી લઈને આવ્યા છે. આ ગૃહમાં હું કહેવા માગું છું કે વિધાનસભાની આ પૂરક માગણીઓની સાથે આ દેશના બીજા રાજ્યોની વિધાનસભાઓની પૂરક માગણીઓની સરખામણી કરવામાં આવે તો ઓછામાં ઓછી હશે એની મને ખાતરી છે. હું વિશ્વાસપૂર્વક કહેવા માગું છું કે ઓછામાં ઓછી નિમ્નકક્ષાની ટકાવારીની દ્રષ્ટિએ ખૂબ જ ઓછી પૂરક માગણીઓ લાવવામાં આવતી હોય તો એ શક્ય બને છે ફક્ત અને ફક્ત ગુજરાત સરકારમાં. આ એનું ફાયનાન્સિયલ મેનેજમેન્ટ છે. એના માટે હું અભિનંદન આપવા માગું છું. મારે કહેવું જોઈએ કે મેનેજ કરવામાં આવે છે, જે વધારાની પૂરક માગણીઓ આવી છે એને પહોંચી વળવા માટે જે આવકો છે, સરકારની મહેસૂલી આવકની રીકવરીની ટકાવારી વધારાવામાં આવી છે. એની સામે બીન વિકાસલક્ષી ખરચા છે એના ઉપર કન્ટ્રોલ કરીને વધારાના કોઈપણ સાધનો ઊભા કર્યા વગર ૨૮૦૦ કરોડ જેટલી પૂરક માગણીઓ લાવવામાં આવી છે ત્યારે મારે કહેવું જોઈએ કે, I should say, The Budget as drafted for ૨૦૦૭-૦૮ was really to its perfection. જેને સંપૂર્ણ બજેટ કહી શકાય એવું આ બજેટ નાણામંત્રીશ્રી દ્વારા મૂકવામાં આવ્યું હતું. કોઈપણ બજેટમાં અમુક ખર્ચ કાયમ થતા હોય છે. તમે એને રોકી ન શકો અને એને અંદાજિત પણ ન કરી શકો. You can not estimate એવો ખર્ચ ૧૮.૭૩ છે. આજની માગણીઓ છે એમાં ૧૭૧ કરોડ રૂપિયાની પૂરક માગણી ફક્ત મોંઘવારી ભથ્થાના દરમાં વધારો થવાના કારણે, રજા પ્રવાસ રાહત, ઘરભાડા ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું આ જનરલ ખર્ચ કે જેને અંદાજિત ન કરી શકાય એવું છે. ૧૮.૭૩ ની માગણી આ કારણોસર છે. જે વાજબી છે અને એને હું અનુમોદન આપું છું.

સાથોસાથ સૌથી અગત્યની માગણી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની કરવામાં આવી છે જે ૭૨૮.૭૮ કરોડની છે. એ આજની ડિમાન્ડ આજે જે ચર્ચાઓ થાય છે ૭૫.૩૧ ટકા જેવી almost ૨/૩ જેટલી જે માગણી છે એ આજરોજ આ શહેરી વિકાસ મંત્રાલય તરફથી કરવામાં આવી છે. આટલી મોટી ડિમાન્ડ આ ગૃહમાં જ્યારે કરવામાં આવી છે ત્યારે તેની પાછળના કારણો પણ અવશ્ય ચકાસી લેવાની જરૂર છે. ૧૫મી નવૅમ્બર ૨૦૦૭નાં રોજ ગુજરાત સરકારે ગુજરાતની સાત મહાનગરપાલિકામાંથી ઓકટ્રોય નાબૂદ કરી હતી. આ ઓકટ્રોય નાબૂદ થવાના કારણે આ સાત મહાનગરપાલિકાઓ જે infrastructure project લઈને બેઠી છે. ૨૦૦૫ ડિસેમ્બરમાં સાતે સાત મહાનગરપાલિકામાં ચૂંટણી થયા પછી દરેક મહાનગરપાલિકાના પોતાના પાંચ વર્ષના capital projects નક્કી કરેલા હતા અને આ તમામ મહાનગરપાલિકાની જકાતની આવક એની જીવાદોરી હતી એ એકબાજુ બંધ થઈ જતા માનનીય નાણામંત્રીશ્રીએ આ મહાનગરોના વિકાસના કામોને ઊની આંચ ના આવે, ક્યારેય ના અટકે અને એ વિકાસના કામો ચાલુ રાખવા, પૂરાં કરવા માટે આ મહાનગરપાલિકાને બીજાઓ પાસે હાથ લંબાવવો ના પડે, લોન લેવા જવું ના પડે એ માટે આજે ૫૭૫ કરોડ રૂપિયા જેટલી આ માગણી આ મહાનગરપાલિકાની જકાત આવકના બદલામાં એને પહોંચી વળવા માટે આ માગણી આવી છે એ અત્યંત વાજબી માગણી છે અને એના માટે પણ હું માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગુજરાતના આ સાત મહાનગરો અને અન્ય વિસ્તારોમાં જે પ્રમાણે industrial infrastructure ઊભું થયું છે તેને ધ્યાનમાં રાખીને હું એટલું અવશ્ય કહેવા માગું છું કે ભારત સરકારનો એક મોટો પ્રોજૅકટ જે એક દિલ્હીથી મુંબઈ સુધીનો industrial કોરીડોર બની રહ્યો છે અને મને કહેતાં આનંદ થાય છે કે એ જાપાન સરકારના સહયોગથી બની રહ્યો છે અને આ જાપાન સરકારના Japanese External Trade Organizationનું એક delegation ગુજરાતમાં આવ્યું હતું અને એ લોકોએ Little Japan- એક નાનું જાપાન આ ગુજરાતના આ કોરીડોરમાં દિલ્હી-બૉમ્બે કોરીડોરમાં બનાવવા માટે નક્કી થયું છે. એ એટલા માટે થયું છે કે શહેરી વિકાસ મંત્રાલય તરફથી infrastructure ના જે કોઈ કામો કરવામાં આવે છે એનાથી પ્રેરાઈને માનનીય મુખ્યમંત્રીશ્રી એપ્રિલ-૨૦૦૭માં જાપાનની મુલાકાતે ગયા હતા ત્યારે ગુજરાત શું છે તેનું presentation જાપાન Herosimaમાં કરવામાં આવ્યું હતું અને એનાથી પ્રેરાઈને આ જાપાન Little Japanનો એક concept લઈને જાપાનની મોટામાં મોટી કંપની આ કોરીડોરમાં આવી રહી છે.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા (જામજોધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એ બાબતે મારે બે વાત કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ઊર્જા બાબતની વાત છે એમાં વિદ્યુતબોર્ડ દ્વારા જે હમણાં વાત કરી કે કનૅક્શનની બાબતે ૧૯૯૧થી આજે મળ્યા નથી ત્યારે ખેડૂતને એક આશા અને આકાંક્ષા હતી કે હવે તત્કાલની અંદર આપણને તાત્કાલિક કનૅક્શન મળી જશે. આપણે આપણો પાક બચાવી શકીશું. ખેડૂત બિચારો એની બૈરીના ઘરેણા ગીરવે મૂકીને, લોન લઈને લાખ-લાખ રૂપિયાના એના જે કનૅક્શન માટેના જે એસ્ટીમેન્ટના બિલ હોય એ ભરી દે છે. છતાં પણ ૯ - ૯ મહિના સુધી એને કનૅક્શન મળતું નથી. એનો પાક માત્ર કનૅક્શનના હિસાબે પોતે બચાવી શકતો નથી ત્યારે એ સિસ્ટમ સુધારવાની જરૂર છે અને એની સમય મર્યાદા બાંધવાની જરૂર છે. ખેડૂત બે બાજૂથી મરે છે

એક બાજૂથી પાક એને મળતો નથી, પાક બચાવી શકતો નથી. એક બાજુ વ્યાજનો બોજ વધતો જાય છે ત્યારે અધિકારી ગામડામાં જેમ આતંકવાદીને પકડવા જતા હોય એવી રીતે ખેડૂતને પકડે છે. પકડે એમાં પણ કિન્નાખોરી રાખે છે. એક પણ શેઢે બે ખેતર હોય છે. એકમાં રેડ કરે છે એ કોંગ્રેસનો કાર્યકર છે. બાજુમાં છે એ ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર છે. હું પ્રુફ કરાવી દઈશ. એ બંનેની સરખી મોટરો પકડે છે, એકને દસ હોર્સ પાવરની બતાવે છે અને એને પચીસ હજારનો દંડ કરે છે જ્યારે બીજાને દોઢ હોર્સ પાવરની બતાવે છે અને એને ત્રણ હજારનો દંડ કરે છે તો આ પક્ષપાત, ભેદભાવ કયાંનો ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપશે, આપ વચ્ચે ના બોલો.

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા :** જૂના જે વાયરો છે એના હિસાબે મારા તાલુકામાં જે બે-ત્રણ ખેડૂતોના જે વાયરો તૂટી ગયા છે એને હિસાબો એનો પાક બળી ગયો છે, ફરિયાદ કરવા જાય તો ફરિયાદ લેતા નથી, એનો કોઈ કલેઈમ સ્વીકારતા નથી? આ તો થાય એમ કહે છે. આવી પરિસ્થિતિમાં ખેડૂતો રહે છે, ત્યારે આ અંગેની સિસ્ટમ સુધારવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, જે માણસો રેઈડ કરવા જાય છે અને એને પોલીસ સ્ટેશને લઈ આવે, એની મોટરો લઈ આવે, લઈ આવે તો બરાબર છે કે જે ખોટું કરતા હોય એને લઈ આવે તો એ બરાબર છે પણ જે મેં આપને કહ્યું ને કે જે વહાલ દવલા હોય એને ખુલ્લે આમ બીજા દિવસે કનૅક્શન ચાલુ કરાવી દે છે આ વસ્તુ બંધ કરાવવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની વાત કરું તો જ્યારે આપણે નગરપાલિકા સદ્ધર કરવાની વાત કરીએ છીએ ત્યારે હું મારા જામ જોધપુર નગરપાલિકાની વાત કરું તો ત્યાંની જે સ્થાનિક બોડી હતી એણે પોતાના મામા-માસીના નામે જે ભર્યા છે એના ઉપર જૂના માણસોએ જે કલેઈમ કર્યો હતો. કલેક્ટરે પણ એને એમ કહ્યું કે, આને છૂટા કરી દો, છેલ્લે એ અપીલમાં ગયા, પણ છૂટા નથી કરવામાં આવ્યા. અપીલ કર્યા પછી એવું સાબિત કરવામાં આવ્યું કે, આ જે પૈસા લઈને જે ખોટી ભરતી કરી છે એ તમામ નગરપાલિકાના સભ્યો પાસેથી વસૂલ કરવા, પણ ઇરાદાપૂર્વક દબાવી રાખવામાં આવ્યું હતું, હું આશા રાખું છું કે, આ સરકાર એની પાસેની વસૂલ કરાવે જે તે સમયે આ લોકોએ ઇરાદાપૂર્વક દબાવી રાખવામાં આવ્યું હતું તો માનનીય અધ્યક્ષશ્રી, આવી જે વિસંગતતા છે એ દૂર કરે એવું મારું આપને સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત ગૃહની કરી દઉં કે ગૃહની અંદર, જ્યારે ચૂંટણી હતી ત્યારે આ ચૂંટણીમાં છેલ્લા ત્રણ દિવસ બાકી હતા ત્યારે એક સારા અધિકારીએ ચાર લાખનો દારૂ પકડ્યો, એના ઉપર એટલું બધું દબાણ આવ્યું કે, આ તમે કેસ ના કરો, કેસ ના કરો, પણ એણે કેસ તો કર્યો પણ છેલ્લે એને બીજો જે તહોમતદાર છે એને પકડવામાં આવતો નથી. માત્ર બે કોથળી દારૂ પીધેલા માણસને બે દિવસ સુધી રાખવામાં આવે છે અને જે ચાર લાખનો દારૂ કયાંથી આવ્યો, કોના ધ્વારા આવ્યો, એને પકડતા નથી એને વી.આઈ.પી. સગવડ આપવી, અને આ માણસોને સીધો કોર્ટમાં સીધા હાજર કરે છે તો માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારનું વહિવટી તંત્ર તદ્દન નિષ્ફળ ગયું છે એવું મારું માનવું છે.

**અધ્યક્ષશ્રી :** શ્રી ગુલસીંગભાઈ રાઠવા.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જુદા જુદા છ વિભાગોની સાત પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું અને એ બાબતે બે શબ્દો કહેવા ઉપસ્થિત થયો છું.

આજ રોજ જુદા જુદા છ વિભાગોની કુલ સાત પૂરક માગણીઓ ઉપર ચર્ચા રાખવામાં આવેલી છે. જે અંગે વિરોધપક્ષના ધારાસભ્યશ્રીઓ તરફથી કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવેલી છે, પરંતુ અમારી સરકારે મહેસૂલી આવકમાં વધારો કરી તથા બિન વિકાસ લક્ષી ખર્ચ ઘટાડીને જુદા જુદા વિભાગોની માગણીઓને ધ્યાને રાખી થયેલ આવકના વધારામાંથી તેઓની માગણીઓ સંતોષીને પૂરક માગણીઓ આ ગૃહ સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરેલ છે. આ જોગવાઈમાં આ જે પૂરક માગણીઓ કરી છે, એમાં કુલ ૨૮૫૬ કરોડની પૂરક માગણી છે અને જુદા જુદા છ વિભાગોની સાત પૂરક માગણીઓ છે હવે મારા સાથી મિત્રો જે સામી પાટલી ઉપર બેઠેલા છે એ લોકોએ જે વિરોધ દર્શાવ્યો છે અને વિકાસના કામો નથી થયા તેવું બધા ઘણું બધું બોલ્યા છે પરંતુ મારો જે મત વિસ્તાર છે છોટાઉદેપુર અને કવાંટની વાત કરું તો, આપણી સરકાર મારફતે છેલ્લા પાંચ-છ વર્ષથી મારા મત વિસ્તારમાં તમામ ગામોને જ્યોતિ ગ્રામ યોજના હેઠળ વીજ પુરવઠો આપી જોડાણ મળેલ છે અને મોટા ભાગના ગામોમાં ચેક ડૅમો, ખેત તલાવડીઓ, જૂથ કૂવા, પાઈપ લાઈન જેવી યોજનાઓનો વધારે લાભ મળતો થયો છે. છેવાડાના ગામોને ખેતી માટેની વીજ ખેતી લાઈન પણ ઉપલબ્ધ થયેલ છે. મારા મત વિસ્તારના છોટા ઉદેપુર, કવાટના ઘણા ગામડાંઓ ઊંડાણના વિસ્તારમાં, મધ્યપ્રદેશની બોર્ડર ઉપર છે.આ બોર્ડરના કોઈપણ ગામના કોઈપણ વ્યકિતને પૂછશો કે આ વીજળી કોણ લાવ્યું તો કહેશે કે મોદીસાહેબની સરકાર, ભા..જ.પા.ની સરકાર લાવી છે. અમે અત્યાર સુધી અંધારામાં બેઠા હતા પરંતુ હાલ અમે ૨૪ કલાક અજવાળામાં બેઠા છીએ તેવી વાત કરશે. અમારા ખેડૂતો સારી ખેતી કરતા થયા છે. પહેલાં દેવાદાર હતા અને અનાજ વેચાતુ લાવીને ખાતા હતા. હવે પાણી અને એની સગવડને લીધે શાકભાજી, અનાજ, દૂધનું વેચાણ કરતા થયા છે. કોઈપણ ઊંડાણના ગામમાં જઈએ તો ઘણા ખેડૂતો પાસે મોટર સાઈકલ હશે. કપડા ગમે તેવા પહેર્યા હોય લંગોટી પહેરી હોય પણ રોડ ઉપર વટથી મોટર સાઈકલ ઉપર જતો હોય છે. મારા છોટાઉદેપુર- કવાટ તાલુકાના ઘણા ગામોમાં એવી વ્યવસ્થા થતી હોય છે કે

અઠવાડિયાના તમામ વાર અને તહેવારોમાં હાટબજાર કે મેળા ભરાતા હોય છે. પહેલા એ મેળામાં મારામારી કે લૂંટફાટ થતી હતી પરંતુ કેટલાક સમયથી આ મેળા અને હાટ બજાર ભરાય છે અને કોઈપણ હોનારત બનતી નથી એટલે આગળ એક મિત્રએ કહ્યું કે પોલીસ ખાતું કે ગૃહ ખાતુ કાંઈ કામ કરતું નથી એ વાત સાચી નથી કારણકે છેલ્લા કેટલા સમયથી અમારે ત્યાં ગુનાનું પ્રમાણ ઘટયું છે. બાકી અમારા મધ્યપ્રદેશ પાસે છેવાડાના ગામમાં ખાસ આવા ગુના બનતા હોય છે. હાલ જે અમારા ગામડાં છે વર્ષોથી કોઈપણ રસ્તાથી વંચિત હતા તેવા મોટાભાગના ગામોને પાકા રસ્તાથી જોડવાનું કામ ભા.જ.પા. સરકારે કરેલ છે. હાલ રોડના કામો પણ ચાલુ છે અત્યારે બે કરોડ જેટલા ખર્ચથી રસ્તાના કામ ચાલે છે. કવાટનો રસ્તો જે ઉબડખાબડ હતો તેને ડામર રોડ અને હાઈવે બનાવવાનું કામ થાય છે. આ આપણી સરકાર મારફત થાય છે. બીજું હિરણ નદી ઉપર હાલ કવાટ પુલનું બાંધકામ પાંચ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવી રહ્યું છે અને કવાટ, બોડેલી, સંખેડા, છોટાઉદેપુરના આદિવાસી વિસ્તારના લોકોને ખૂબ મોટું અંતર કાપીને જવાનું થતું હતું તેમને ટૂંકા અંતરે વાહન વ્યવહાર ચાલુ થઈ જશે. આને કારણે લોકોને ખૂબ સંતોષ છે. આ પૂરક માગણી બાબતે માનનીય નાણામંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું(અંતરાય)સાચું બોલું?

**અધ્યક્ષશ્રી** :તમે મારી સામે જોઈને બોલો.

**પરેશભાઈ ગો. વસાવા** :માનનીય અધ્યક્ષશ્રી,

" હે મેરે દિલ કી દુવા હંસતે રહો તુમ સદા, મિલતે રહો, ખિલતે રહો જૈસે ફુલ ખીલે,
જીવન કા ગમ ન કોઈ આપ સિર્ફ એક વ્યકિત કી ઔર ચલે"

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે, એમાં મારે ઉર્જા વિશે થોડી વાત કરવાની છે. મને યાદ છે ત્યાં સુધી દસમી વિધાનસભામાં પહેલો સંકલ્પ મેં મુકયો હતો. સમગ્ર ગુજરાતમાં આદિવાસી પૂર્વપટ્ટીમાં વીજળીકરણની સમસ્યા એ સમયે પણ મને જવાબ આપવામાં આવ્યો હતો, કે તમારા આદિવાસી વિસ્તારમાં, આદિવાસી ગામડામાં અમે વીજળીકરણ ટોટલી ગામોમાં કરી દઈશું, પરંતુ હાલમાં જ્યારે કહેવામાં આવે છે. અમે ગામડે ગામડે, ઘરે ઘરે વીજળી પહોંચાડી છે. તમારા એક નંબરના મુખ્યમંત્રી કહો છો એના આધારે બોલો છો, પરંતુ સોનગઢ તાલુકાના અમુક ગામડાં છે. ઉચ્છલ તાલુકાનાં અમુક ગામડાં છે. દા.ત. સુંદરપુર, હોલીપાડા, એ જ રીતે સોનગઢમાં એકવાગોલા, નાના તાડપાડા, મહિયાલી જેવાં ગામોમાં અત્યાર સુધી વીજળી પહોંચી શકી નથી. (અંતરાય) હોલીપાડા મારો વિસ્તાર જોયો છે? કદાચ જોયો હશે, પણ એમને પૂછું કે કેવો વિસ્તાર છે. વીજળીની જે વાત કરીએ છીએ, ત્યારે અમુક ગામડામાં વીજળી પહોંચી શકી નથી. તમે કેવી રીતે કહેવા માગો છો કે મુખ્યમંત્રી એક નંબરના છે, જે કે જેમણે ઘરે ઘરે, ગામડે ગામડે વીજળી પહોંચાડી છે. એની સાથે મારે બીજી વાત કરવી છે. ઊર્જા વિભાગની. કોલસાની વાત મારા સાથી મિત્ર ગૌતમભાઈ ઝાલાએ વાત કરી હતી કે મારા સી.પી.એમ. ની બાજુમાં થર્મલ પાવર છે. એમાં કોલસો આવે છે. કરોડોનો કોલસો આવે છે. એ ગ્રેડ, બી ગ્રેડ, સી ગ્રેડનો કોલસો. એમાં એ ગ્રેડના કોલસાનો ભાવ લઈને સી ગ્રેડનો કોલસો મોકલવામાં આવે છે. એની તપાસ થવી જોઈએ. એની સાથે સાથે મારે કહેવું છે કે ઊર્જા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, એની અંદર પ્રાથમિક શિક્ષણ માટેના અનુદાન માટેની ૧૨૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. પ્રાથમિક શિક્ષણ માટે આ શિક્ષણમાં ફાળવવામાં આવેલ પૈસા જો ગઈ વખતે એલ.એન્ડ ટી. નાં મકાન બનાવવામાં આવ્યાં. પ્રાથમિક શિક્ષણના એવામાં ઉપયોગ ન કરે તો સારું છે. ઉપયોગ સારી રીતે થવો જોઈએ. એની સાથે સાથે મારે કહેવું છે કે વન ખાતામાં જે વન બંધુની વાત કરનાર આ સરકાર. વિચાર કરો. સી.પી.એમ. ઉકાઈને માત્ર ૧૦ પૈસામાં વાંસ આપે છે. અમારા આદિવાસી, કોટવાળભાઈઓ પાસેથી એક વાંસની કિંમત ૫ રૂપિયા લેવામાં આવે છે. એના માટે પણ તપાસ કરવી જોઈએ અને પ્લાન્ટેશનની વાત કરવામાં આવે છે. અમે પ્લાન્ટેશન કરીએ છીએ. પ્લાન્ટેશન જે થાય છે. ૫-૬ મહિનામાં કયાં જતા રહે છે એની ખબર પડતી નથી, કારણ કે એટલા રોપાઓ ઉગાડવામાં નથી આવતા. ટોટલી ભ્રષ્ટાચાર એમાં થાય છે. એની તપાસ માનનીય મંત્રીશ્રી કરે તો ઘણું સારું છે. એની સાથે સાથે મારે પોલીસ વિભાગ માટે એક વાત કહેવી છે. નિઝર તાલુકાનો બનાવ બન્યો હતો. (સમય સૂચક ઘંટડી) સાંભળવા જેવી વાત છે.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમયની મર્યાદા છે. મારી પાસે પાંચ જ મિનિટ છે.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : એક વ્યકિત ૮ મી પત્ની તરીકે ૧૬ વર્ષની છોકરીને ઉપાડી ગયો. એના માટે અમે પોલીસ કેસ કર્યો. તપાસ કરવામાં આવી. કશું કરવામાં ન આવ્યું. એ જ રીતે હરિજન બાળા ઉપર પણ બળાત્કારની કોશિશ કરવામાં આવી. અમે કેસ કરવા ગયા ત્યારે એ વ્યક્તિને ભગાડી દેવામાં આવી.

**અધ્યક્ષશ્રી** : માનનીય ઋષિકેશભાઈ પટેલ

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ બારમી વિધાનસભાના ગૌરવવંતા ગૃહમાં એક સદસ્ય બનવા બદલ ગૌરવની લાગણી અનુભવું છું. સાથે સાથે આ ગૃહની અંદર પ્રવેશ્યા પછી મારી જવાબદારીનો અહેસાસ કરી રહ્યો છું. માનનીય મંત્રીશ્રીએ ૭ પૂરક માગણીઓ જે રજૂ કરી છે, એની અંદર ઊર્જા

અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં પેટ્રોકેમિકલ્સ વિભાગની પૂરક માગણીની અંદર મહત્ત્વની બે બાબતો છે. એક તો ખેડૂતોને સબસિડી આપવા માટે ૧૫ કરોડની માગણી કરી છે. બીજું, કૅપ્ટિવ પાવર ઉત્પાદક પાસેથી જે વીજળી ખરીદવામાં આવે છે, તે વીજળી સામાન્ય ગ્રાહક વર્ગને આપતા એની અંદર વીજ બોજ સામાન્ય પ્રજાજન ઉપર ન પડે તે માટેની માગણી છે. મારા એક મિત્ર ખેડૂતોની ચિંતા કરતા હતા કે ગુજરાત વિદ્યુત બોર્ડ નવું યુજીવીસીએલ ખેડૂતની દરકાર કરતું નથી. સામાન્ય પ્રજાજનની દરકાર નથી કરતું, પરંતુ આ માગણી તો ફકત ખેડૂત અને સામાન્ય જનતા માટેની પૂરક માગણી છે. સામાન્ય પ્રજાજન માટેની પૂરક માગણી છે તેવા સમયે આ યુ.જી.વી.સી.એલ દ્વારા અને તત્કાલીન જી.ઈ.બી. દ્વારા જે જયોતિગ્રામ યોજના ગામડે ગામડે આપી અને ૫૦ રૂપિયામાં લાઈટ પહોંચાવડાનું ભગીરથ કાર્ય કર્યુ છે અને આના માટે બહારથી અધિકારીઓ ગુજરાતમાં આવે છે ત્યારે જયોતિગ્રામ યોજના અને આ ૫૦ રૂપિયામાં સામાન્ય ઝૂંપડામાં લાઈટ આપવાની જે વાત છે તેનો અભ્યાસ કરે છે અને તેમના રાજયોમાં આ સ્કીમ કઈ રીતે લાગુ કરી શકાય તે માટે અધિકારીઓ સાથે બેસી ચર્ચા વિચારણા કરે છે. ભૂલ શોધવી હોય તો મળે પણ તેની સાથે સારી બાબતો પણ બિરદાવવી પડે. રાજય સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ગીર તેમજ બૃહદ ગીરમાં વન્ય પ્રાણીઓના સંવર્ધન તેમજ સુરક્ષા માટે ૮.૮૩ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. ઘાસ સંગ્રહની કામગીરી માટે ૨.૪૬ કરોડ રૂપિયાની માગણી રજૂ કરેલ છે. બીજી ૫.૮૪ કરોડની માગણી પગાર ભથ્થા, મોંઘવારી, વળતર ભથ્થાના તફાવત માટે રજૂ કરેલ છે. ખરેખર આ માગણીઓ વિશે કોઈપણ પ્રકારની ટીક ટિપ્પણી કર્યા વગર મંજૂર કરવી જોઈએ. આ પૂરક માગણીઓ છે ૬.૫ ટકા જેટલી છે. જે સામાન્ય અને નજીવી છે. તેના માટે કોઈપણ પ્રકારનો વિરોધ કરી શકાય તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ દ્વારા પણ મૂળ જોગવાઈ ૯૯૫.૯૩ કરોડની સામે ૧૨૩.૭૧ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા મોંઘવારી ભથ્થા, પગાર ઉપરાંત ઘરભાડા ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થા વગેરે માટે રજૂ કરવામાં આવેલ છે. ગૃહ વિભાગ દ્વારા પોલીસ તંત્ર માટે જે આવાસો માટેની યોજના કરેલ છે અને પોલીસ મથકની અંદર પ્રજાનો સહકાર લઈ જે રીતનું આયોજન કરેલ છે તે ગૌરવ લઈ શકે તેવી બાબત છે અને ગૌરવ લઈ શકીએ તેવા પોલીસ મથકો બનાવેલ છે પોલીસના બાળકો માટે, કુટુંબ માટે આરોગ્ય, શિક્ષણ માટે ખાસ કરીને વિશેષ પગલાં લીધા છે. આવા પગલાંને લીધે પોલીસનું માનસિક મનોબળ વધ્યું છે. પ્રજા સાથે સારી રીતે કાર્ય કરી શકે છે. શ્રમ અને રોજગાર વિભાગ, મહેસૂલ વિભાગ, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગમાં પૂરક માગણીઓ રજૂ કરવામાં આવેલ છે ત્યારે પ્રજાના વિકાસ માટે છે અને ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આ માગણીઓ રજૂ કરેલ છે તેથી તે માગણીઓને મારું અનુમોદન આપું છું.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિદ્યુત વિભાગની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું. સન્માનનીય ગૃહને મારા જય સ્વામિનારાયણ.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ કંપની ગ્રાહકો પાસેથી દર માસે મીટર ભાડું ઉઘરાવે છે. મીટરની કિંમત કરતાં ભાડાની કિંમત ખૂબ વધી ગયેલ છે. ગ્રાહક પોતાની રીતે મીટર નાંખી શકે તેવી જોગવાઈ છે છતાં પણ અમલ થતો નથી. અને વીજકંપનીઓ આ રીતે કરોડો રૂપિયા મીટર ભાડા પેટે વસૂલ કરે છે. વીજ બિલમાં રૂપિયા દશ અન્ય ખર્ચ પેટે વસૂલ કરે છે તે બંધ કરવા જોઈએ. સંકલન સમિતિ તા. ૧૬-૨-૦૮ના રોજ મળી ત્યારે રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ ગરીબ લાભાર્થીઓને જે લાભ આપવામાં આવેલો, તો ખરેખર જ્યારે મેં એ પ્રશ્ન ઉઠાવ્યો ત્યારે વીજ કંપનીને ખબર પડી કે લાભાર્થી કોણ છે અને મીટર કઈ જગ્યાએ લગાડવામાં આવ્યું છે, એ પ્રશ્ન મૂક્યો ત્યારે વીજ કંપનીના માણસો ગામેગામ જંબુસર તાલુકાના છેવાડાના ગામોમાં જઈને તપાસ કરી ત્યારે એમને ખ્યાલ આવ્યો કે ખરેખર લાભાર્થીનું નામ જુદુ છે અને જ્યાં મીટર બેસાડવામાં આવેલ છે એ જગ્યા જુદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ચૂંટણીનો સમય હતો અને એ વખતે ઉદ્‌ઘાટનની પરંપરા ચાલતી હતી, એક માજી મંત્રીશ્રી મારા મત વિસ્તારના એ રાજીવ ગાંધી વીજળીકરણ યોજનાના જે લાઈટ અને થાંભલા હતા તેની સ્વિચ ઓપન કરવા માટે ઉદ્‌ઘાટનમાં ગયા હતા પણ એ ઉદ્‌ઘાટનની સાથે સાથે એ વાત ભૂલી ગયા હતા, એ વખતે એવી પરંપરા ચાલુ હતી કે ભાઈ, ઉદ્‌ઘાટન કરો અને લોકોના ટોળાં ભેગા થાય, એવા સમયે અમારે ત્યાંથી પસાર થવું, તો જંબુસર ડેપોની બિલકુલ બાજુંમાં એક શૌચાલય લાખ રૂપિયાના ખર્ચે બનાવેલ અને એ શૌચાલયનું ઉદ્‌ઘાટન માજી મંત્રીશ્રીએ કરેલું, એટલે કે મારો કહેવાનો મતલબ એ છે કે એની એ પરંપરા ચાલુને ચાલુ રહી.

બીજું, જંબુસર તાલુકામાં વાકળ વિસ્તાર જે કહેવાય છે ત્યાં અખાડા આવેલા છે, આ અખાડા એવી જગ્યાએ આવેલા છે કે એ ગામથી ત્રણ ત્રણ કે ચાર ચાર કિલોમીટર દૂર છે એવી જગ્યાએ લાઈટની અત્યારે ખૂબ જરૂર છે, ત્યાંના લોકો લાઈટથી વંચિત છે, મારો કહેવાનો મતલબ એ છે કે આ માટેની પૂરતી વ્યવસ્થા સરકારશ્રીએ કરવી જોઈએ. જંબુસર તાલુકામાં છેલ્લા ત્રણ મહિનાથી એક ખેડૂતની વ્યથા, હું જ્યારે ચૂંટાઈને આવ્યો ત્યારે એ મારી ઑફિસમાં આવેલો અને એણે મને કહેલું કે સાહેબ, પાક સૂકાય છે અને મને વીજ જોડાણ મળતું નથી ત્યારે મેં વીજ બોર્ડમાં ફોન કરીને કહ્યું કે, ભાઈ, આ લાભાર્થીને આ લાભ કેમ મળતો નથી, ગલ્લાતલ્લા કરી વીજ મીટર એને ન આપ્યું, મારો કહેવાનો મતલબ એ હતો કે આવા જે નીતિનિયમો છે એને થોડાક વાજબી રાખી અને એવા જે ખેડૂતો છે કે જેમનો પાક સૂકાય છે એને લાભ આપવો જોઈએ જેથી કરીને એ ખેડૂત પોતાના પાકનું રક્ષણ કરી શકે અને એ પોતાનો પાક બચાવી શકે, મારાવિસ્તારના લોકો એ ખેતી ઉપર નિર્ભર છે, અમુક વિસ્તાર એવો છે કે ત્યાં પિયત પણ થતું નથી પણ જ્યાં નહેરો જાય છે ત્યાં પિયત થાય છે પણ જે જગ્યાએ નહેરો જતી

નથી ત્યાં ગલબાવળ ઘણા બધા છે, ગલબાવળની ખૂબ વાતો ચાલે છે, પણ એ ગલબાવળ કાઢવાની કોઈક યોજના કરે કે જેથી કરીને ત્યાં રહેલાં નીલગાય અને ડુક્કરો જે ત્યાં પાકનું નુકસાન કરે છે એ નુકસાન થતું અટકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીએ મને જે બે શબ્દો બોલવાની તક આપી એ બદલ હું આપશ્રીનો આભાર માનું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે અને એને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ રાજય કે રાજયનો સાચી દિશાનો વિકાસ એ એના નિષ્ઠાવાન અને દીર્ધદષ્ટા શાસન અને એના સુશાસન ઉપર આધારિત છે. ગુજરાત એક એવું નસીબદાર રાજય છે કે જેને એક નાડ પારખું માનનીય મુખ્ય મંત્રીશ્રી મળ્યા છે. અને આ નાડ પારખું મુખ્યમંત્રીએ સમગ્ર ગુજરાતના વિકાસ માટેની ચિંતા કરી, કયાં કયાં તકલીફો છે એના માટે એણે તપાસ કરી, એ માટે મનોમંથન કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવા દો કે, ગુજરાતનો ભૌગોલિક એક ભૂ ભાગ એવો રહ્યો નથી કે જેના વિકાસ માટે તેઓએ ચિંતા ન કરી હોય, જેના વિકાસ માટેના એમણે પગલાં ન લીધા હોય. પ્રજાનો એક વર્ગ એવો રહ્યો નથી કે જેના વિકાસ માટે યોજનાઓ ન મૂકી હોય અને એમના વિકાસ માટેની એમણે વાત ન કરી હોય. આ રીતે કાર્યક્રમ અપનાવીને માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નથી સમગ્ર સરકારે એ કામગીરી કરી એના પરિણામે ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ નંબરનું રાજય બન્યું છે અને એનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. કોઈ પણ પાર્ટીની સરકાર આવે, સરકાર આવે ત્યારે વહીવટ પણ કરે એ વહીવટ કરે અને સરકારો આવે અને જાય પણ, પ્રજાના કલ્યાણની વાતને પારખીને એને કલ્યાણકારી યોજનાના મૂળ શોધી અને એનું કામ કરે તો પ્રજાનું કલ્યાણ થાય. એનો એક દાખલો આપીશ, ઉત્તર ગુજરાત અમારો એવો વિસ્તાર આંતરે વર્ષે દુષ્કાળ અમારી ખબર લે ત્યારે ૨૦૦ વીઘાનો ખાતેદાર ખેડૂત પણ રાહત કામોમાં ચોકડીઓ ખોદવા જાય અને માટી ઉપાડવા જાય. અમારા પશુધન પાણી અને ઘાસ માટે ટળવળે એ વખતે રાજયના મુખ્યમંત્રીશ્રીને એ પરિસ્થિતિની જાણ થઈ ત્યારે તેઓએ આ પરિસ્થિતિનું નિવારણ કરવા માટે જો નર્મદાનું પાણી ન આવતું હોય તો રાજયની અંદર નર્મદાનું પાણી જે દરિયામાં વહી જાય છે એને વાળીને કડાણા ડૅમ દ્વારા બનાસકાંઠા સુધી લઈ જઈ અને એ સુજલામ સુફલામ યોજના દ્વારા જે નદીઓ અમારી સૂકી ભઠ્ઠ હતી, પાણી વિહોણો વિસ્તાર હતો એ વિસ્તારમાં પાણી મોકલી એ વિસ્તારને નવપલ્લવિત કરવા માટે પ્રયાસ કર્યો છે ત્યારે આજે ઉત્તર ગુજરાતની પ્રજા ઉમળકાભેર જીવી રહી છે અને વિકાસના માર્ગે જઈ રહી છે. એજ રીતે એવી સમસ્યા અમે જ્યારે જ્યારે જતા ત્યારે સાંભળવા મળતી કે તમે રાજ તો કરો છો એ બધું સાચું પણ અમને સમી સાંજે-વારુના ટાણે વીજળી તો આપો. આવી વાત કરનારી પ્રજાને આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને આ રાજયની સરકારે જયોતિગ્રામ યોજના દ્વારા ઘેર ઘેર દીવા જળહળતા કર્યા છે અને અજવાળા આવ્યા છે એ રીતે એમને માટે પણ આ કામગીરી થઈ છે. લોકોના વિકાસ માટે ધંધા-રોજગાર અને ક્યાંકને ક્યાંક કપરી પરિસ્થિતિમાં પણ જયોતિગ્રામ યોજનાએ એમને બચાવી લીધા છે. એજ રીતે ૮ કલાક વીજળી આપીને, થ્રી ફેઝ ૮ કલાક વીજળી આપી છે. પહેલા વીજળીની વાતો થતી કે ૧૪ કલાક ૧૨ કલાક પણ એ રીતે વીજળી અપાતી હતી કે એ વીજળી દ્વારા પાણી નીકળે અને પાણી કયારામાં પહોંચે ત્યાં એનો ફેઝ ઉડી જાય અને પાણીનો રેલો બંધ થઈ જાય અને વળી પાછું કલાક, બે કલાક રાહ જુએ ખેડૂત ક્યારે પાછી વીજળી આવે એની રાહ જોતો બેસી રહે. અને વીજળી આવે તો ખેતી થાય આ પરિસ્થિતિનું નિવારણ કરી અને રાજયના મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે ઊર્જા વિભાગે કામ કર્યું અને બધે જ ૮ કલાક વીજળી આપી પરિણામે આજે નથી મોટર બળતી, નથી ડી.પી. બળતી સમયસર વીજળી મળે છે અને ખેડૂતોનું કામ થાય છે. આ રીતે બધી યોજનાઓ એક સુંદર અને સર્વાંગી વિકાસ દ્વારા આગળ વધી રહી છે એને હું બિરદાવું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં માનનીય મંત્રીશ્રીઓ જે પૂરક માગણી નંબર-૧૩, ૨૬, ૨૭, ૪૩, ૫૭, ૭૮ અને ૧૦૨ લઈને આવ્યા છે, એમાં હું મારા મંતવ્યો અને સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું. હું જે વિસ્તારમાંથી આવું છું, એ વિસ્તારમાં સરદાર સરોવર યોજના બની છે અને મારા વિસ્તારને અડીને ઉકાઈ જળાશય યોજના પણ બની છે. આ જળાશયો બન્યા છે એને કારણે ગુજરાત હરિયાળુ બન્યું છે પણ અમારા વિસ્તારને વીજળીથી વંચિત રાખવામાં આવે છે અને ત્યાંનો વિકાસ થતો નથી. ઘણા વર્ષોથી મારા વિસ્તારમાં જે સાગબારા તાલુકો આવેલો છે, છેલ્લાં સાત વર્ષથી ત્યાંની કચેરી દક્ષિણ વિદ્યુત કચેરી બંધ છે, ત્યાંના ખેડૂતોની જમીન આ જળાશયમાં ગઈ છે પિયત કરે છે તેમ છતાં આ લોકોને નાણાં ભરવા માટે ખૂબ તકલીફ પડે છે એમને બીજા તાલુકામાં જવું પડે છે. આની વાત મેં ભરૂચ, સુરત, વડોદરા અને રાજપીપળામાં પણ કરી છે તો મારે મંત્રીશ્રીને કહેવું છે કે, આ કચેરી પુન: શરૂ કરવા માગે છે કે નહિ કારણકે ત્યાંના ખેડૂતોને વીજળીમાં ઘણો અન્યાય થઈ રહ્યો છે અને આ ખેડૂતોને એનો લાભ પણ મળતો નથી. જેથી આ ઑફિસ ચાલુ કરવા માટે મારા વિસ્તારના વતી મારે માનનીય મંત્રીશ્રીને આપશ્રીના મારફતે કહેવું છે અને વિનંતી કરવી છે. મારા વિસ્તારમાં એક પ્રસંગ હતો તારીખ ૨૦-૨-૨૦૦૮ના રોજ. અમારા વિસ્તારના સાંસદ સભ્ય માનનીય શ્રી મનસુખભાઈ વસાવા પણ મારી સાથે ત્યાં પ્રસંગમાં હાજર હતા

**અધ્યક્ષશ્રી** : આ ગૃહમાં જે હાજર હોય તેની જ વાત કરવાની. આપ આપની અને આપના વિસ્તારની જ વાત કરો.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું જે મંતવ્ય છે, મારો કહેવાનો ભાવાર્થ એ છે કે, મને એમણે કહ્યું કે અમરસિંહભાઈ તમે વિધાનસભામાં જાઓ છો પણ હું તો પંદર વર્ષથી એમ.પી. થયો છું.

**અધ્યક્ષશ્રી** : આપ આપની જ વાત કરો, બીજાની કોઈ વાત ના કરો.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કહેવી છે કે એમનો જે મત વિસ્તાર છે અને મારો જે મત વિસ્તાર છે, એમાં જે આદિવાસી વિસ્તારના લોકો છે જ્યાં વન વિસ્તાર છે ત્યાં ઘણા બધા કામો નથી થતાં, રસ્તાઓ નથી થતાં, વીજળી નથી મળતી, તેના માટે માનનીય સંસદ સભ્યશ્રી ત્યાં દેડિયાપાડા તાલુકામાં...

**અધ્યક્ષશ્રી :** આપ આપની જ વાત કરો, આપ આપના નામે કરો,

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, અને એમને ઉપવાસ કરવા પડે એટલા માટે આપનું ધ્યાન દોરવા માગું છું. ત્યાંના લોકોને આ સુવિધા મળે. લાઈટ નથી, રસ્તા નથી. વન વિભાગના અધિકારીઓ એમને રોકે અને ત્યાં છેલ્લાં ઘણા વખતથી અવરોધ ઊભા થાય છે. આ કામગીરી ત્યાં થયેલી નથી જેથી મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આ વિસ્તાર જે જંગલ વિસ્તાર છે એ વિસ્તારના લોકોને કંઈ લાભ મળે. અધિકારીઓ મારફતે જે લોકોને હેરાન કરવામાં આવે છે એના પર ધ્યાન આપવામાં આવે અને લોકોને સગવડ મળે એના માટે ધ્યાન આપવામાં આવે એવું મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહેવું છે. જે ફૉરેસ્ટ વિલેજ છે એમને પણ અધિકારીઓ મારફતે જે સ્કીમોનો લાભ અમારા વિસ્તારના લોકોને મળે એવું મારે આપના મારફતે જણાવવું છે અને કહેવું છે અને એવી વાત હું આપના મારફતે હું રજૂ કરું છું. બીજું જે ફૉરેસ્ટ વિલેજ છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીઓ જે પૂરક માગણી નંબર-૧૩, ૨૬, ૨૭, ૪૩, ૫૭, ૭૮ અને ૧૦૨ લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મને આ માટે એક પ્રસંગ યાદ આવે છે. એક શાયર પોતાની શાયરીમાં કહી ગયા છે કે-

" હમ ઉબલતે હૈ તો ભૂજલ ઉબલ જાતા હૈ, હમ મચલતે હૈ તો તૂફાન મચલ જાતા હૈ,
હમસે ન કરો શિકવા કોઈ, હમસે ન કરો શિકવા કોઈ, હમ બદલતે હૈ તો ઇતિહાસ બદલ જાતા હૈ"

આ ગુજરાતના વિકાસનો ઇતિહાસ બદલનાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને નાણામંત્રીશ્રી વજુભાઈને હું અભિનંદન આપવા માગું છું. મિત્રો મને મારું બચપણ યાદ આવે છે અને એ બચપણમાં આપ બેઠેલાઓ જે કોંગ્રેસના મિત્રો છે એમની સરકાર હતી. નાનો હતો ત્યારે અભ્યાસકાળ ગામડામાં પસાર કરેલો. ગામડામાં શાળાએ જવા માટે દફતર લઈને જતા હોઈએ ત્યારે જે છેવાડાનો વિસ્તાર કચ્છ વિસ્તાર છે ત્યાં. સાત-સાત દુષ્કાળ પડે, આઠ-આઠ દિવસ લાઈટ ના હોય અને ત્યારે ક્યાંક લાઈટનું બટન ચાલુ હોય અને લાઈટ આવે ત્યારે અમે છોકરાઓ તાળી વગાડીએ. અમારી તાળી ચાલુ હોય અને લાઈટ જતી રહે તે આઠ દિવસ પાછી લાઈટ ના હોય. આવા વખતમાં જ્યારે ચોવીસ કલાક લાઈટ આવી છે ત્યારે ગામડાંનો માણસ નાનો છોકરો જ્યારે તેના બાપને લઈને શહેરમાં જાય ત્યારે જિંદગીમાં કલ્પના પણ ના કરી હોય કે મારા ઘરે ટી.વી.હોય, મારા ઘરે ફ્રીઝ હોય, મારા ઘરે મોબાઈલ હોય અને કલ્પના કરે પણ કયાંથી કે ૮-૮ દિવસ સુધી લાઈટ ના આવે અને આજે જ્યારે પરિસ્થિતિ અનુકૂળ આવી છે ત્યારે ગામડાંનો છેવાડાનો ગરીબ ભાઈ તેના ઘરમાં લાઈટ છે, તેના પણ દ ારમાં ક્યાંક ટી.વી., ક્યાંક ફ્રીઝ છે અને તેના પણ ઘરમાં ક્યાંક મોબાઈલ છે ત્યારે ગામડું આ મુખ્યમંત્રીશ્રીની દીર્ઘ દ્રષ્ટિને કારણે શહેર સાથે સ્પર્ધા કરી રહ્યું છે.

વન અને પર્યાવરણને લગતી વાત છે ત્યારે હું કચ્છના છેવાડાના વિસ્તારમાંથી આવું છું અને અમારા વિસ્તારમાં બાવળ હોય અને ગામડાંની પ્રજા તેને કોંગ્રેસી બાવળ કહે. આપણને સૌને ખબર છે અને મને પોતાને અનુભવ થયેલો છે કે આ બાવળમાં ઉઘાડા પગે જઈએ અને કાંટો વાગે ત્યારે તેમાંથી ઝામરી થાય તે અમને સૌને ખબર હતી. પણ તે બાવળ કાપી અને કોઈ ગરીબ ભૂખ્યાં માણસની ભૂખ સંતોષાય એવી કોઈની દીર્ઘદ્રષ્ટિ નહોતી. આટલા આટલા મુખ્યમંત્રીઓ આવી ગયા, આટલી આટલી સરકારો આવી ગઈ અને આજે તો કોલસા બનાવવાની જ્યારે છૂટ આપી છે ત્યારે મારા મત વિસ્તારમાં વર્ષે ૩૦૦ કરોડ રૂપિયાની આવક ઉભી થઈ છે અને છેવાડાનો ગરીબ માણસ તે આજે શહેર સાથે સ્પર્ધા કરી રહ્યો છે ત્યારે આજે તેમનાં ઘરે પણ ગરીબમાં ગરીબ છોકરો હોય તેને પણ આજે એમ થાય છે કે હું શહેરમાં રહું છું. આ કોંગ્રેસવાળા મારા મિત્રો ચૂંટણી ચૂંટણીની વાત કરે છે ત્યારે મને એક કિસ્સો યાદ આવે છે. એક ગામડામાં હમણાં ભજનની રમઝટ ચાલતી હતી. તેમાં એક કવિરાજે કહ્યું કે એક ગામડાનો ભાઈ મોબાઈલ લઈ આવ્યો અને પોતાની ભેંસને જ્યારે તે ચારો આપવા ગયો ત્યારે તે મોબાઈલ ભેંસના ચારામાં જતો રહ્યો. મોબાઈલ ભેંસ ખાઈ ગઈ. હવે આ બાજુ ઘંટી વાગે અને ભેંસ ભડકે. જેવી ઘંટડી વાગે એવી આ ભેંસ ભડકે. આ બાજુ ડોકટર લઈ આવ્યા અને પૂછયું આનો ઉપાય શો ? તો કોઈ બુધ્ધિશાળી માણસ આવ્યા અને એણે એમ કહ્યું કે આને કવરેજ એરિયા બહાર બાંધી દો. આ મિત્રો તમને કવરેજ એરિયા બહાર ગુજરાતની પ્રજાએ બાંધી દીધા છે ત્યારે અભિનંદન તો એટલા માટે આપવાના છે...

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તરફથી રજૂ થયેલ પૂરક માગણીઓ માટે થઈને વીસેક ધારાસભ્યશ્રીઓએ તેમાં ભાગ લીધો છે. કોઈ પોલિટીકલ આક્ષેપો થયા નથી અને બહુ શાંતિથી તમામ સભ્યશ્રીઓએ જે માગણીઓ હતી તેની ઉપર જ બોલ્યા છે તેની બહાર કોઈ ગયા નથી.

માનનીય રામસિંહભાઈ પરમારે વાત કરી કે ચૂંટણી વખતે વીજળી વધુ મળતી હતી અને ચૂંટણી ગયા પછી વીજળી ઓછી મળે છે. મારે કહેવાનું કે ઈલેક્ટ્રીસીટી જે પ્રોડક્શન હોય, પાવર હાઉસમાં તેમાં પ્રોડક્શન એટલું જ થાય. તેમાં આપણે ઓછું કે વત્તું કરી ના શકીએ અને જે પ્રોડક્શન થાય તેનો સંગ્રહ પણ ના કરી શકીએ, તેનો સ્ટોર પણ ના કરી શકીએ જે ઉત્પન્ન થઈ તે આપણે આપવી જ પડે. અને જો આપણને ઓછી પડતી હોય તો આપણે ક્યાંયથી લાવી પણ ના શકીએ. ટૂંકમાં ચૂંટણી વખતે વધારે આપતા હતા અને અત્યારે ઓછી વીજળી આપે છે એવી કોઈ ફરિયાદ છે જ નહીં. બીજા જુદા જુદા વિભાગના સૂચનો કરવામાં આવ્યા છે, એની મેં નોંધ લીધી છે.

માનનીય જગદીશભાઈ ઠાકોરે વાત કરી. બાકીની વાતોમાં તો ગૃહ ખાતાની અને જે હશે તે. એમણે વાત કરી કે છેલ્લા દિવસોમાં સત્તા જવાનો ભય હતો એટલે જકાત દૂર કરી. આજે વાત એ છે કે પહેલા નગરપાલિકા, પછી મહા નગરપાલિકામાંથી દૂર કરવામાં આવી. આજે જકાત દૂર કરી એના બદલે વિકલ્પ શોધ્યા તો બે વિકલ્પ હતા. એને બદલે ટેકસ નાંખીને દૂર કરવી. અમે એ કાંઈ કર્યા વગર લોકોને વિશ્વાસ આપ્યો હતો કે જકાત દૂર કરીશું. પહેલા ગ્રામ પંચાયત, પછી નગરપાલિકા અને પછી કોરપોરેશન બાકી રહેતા હતા તેમાંથી દૂર કરી. આમાં જકાત દૂર કરતા પહેલા એના વિકલ્પની વાટાઘાટ માટે વેપારીઓના જુદા જુદા એસોસિએશનો, ગુજરાત રાજયની તમામ મહા નગરપાલિકાઓના ચેમ્બર ઓફ કોમર્સના લોકોને અને વેપારી પ્રતિનિધિઓ સિવાય બીજા એસોસિએશનોને પણ અમે સાંભળ્યા હતા. અમારી કમિટી પાસે એમને સાંભળીને એના વિકલ્પો શું છે એના માટે વિચારણા હતી. છતાં કહ્યું કે પહેલા જકાત નાબૂદ કરી દો. પછી બાકીનું કરીશું. આ પ્રજા હિતનું કામ હતું એટલે કરી દીધું. કોઈ ચૂંટણી હતી એટલે ચૂંટણી વખતે કરી દીધું એવી વાત નથી. તેમ છતાં ધારો કે એમ માની લઈએ કે ચૂંટણીના હિસાબે કર્યુ હોય તો ભાજપ એ કંઈ ધૂન ભજનની મંડળી નથી કે રામ રામ જ કર્યે રાખે. ચૂંટણી કેમ જીતાય એના માટે દરેક વિચારે. કોઈપણ પાર્ટી હોય. અને આમાં તો એડવાન્સમાં જ વચન આપેલું હતું. એટલે નવી ક્રીએટ કરેલી વાત નથી.

બીજું કહ્યું કે ઉત્સવમાંથી બહાર આવો. ઉત્સવમાંથી નવરા થાવ. મારે તો કહેવું જોઈએ કે ગુજરાતની પ્રજા રંગીલી છે. આપણે તો બધા માણસોને કાયમ કહેવું જોઈએ કે મોજમાં રહે ભાઈ મોજમાં રહે. કાયમ આનંદમાં રહે. ઉત્સવ કર. રામનવમી ઉજવ, ઈદ મુબારક કર, પારસી અગિયારીમાં વંદન કર, કૃષ્ણ જન્મોત્સવ કર, પતંગોત્સવ ઉજવ, રણોત્સવ ઉજવ, નવરાત્રિ મહોત્સવ ઉજવ. દરેક ઉત્સવ ઉજવવા દો ને. પ્રજાના પૈસા છે અને પ્રજાના પૈસે કરે છે. રાજય સરકાર એમાં કાંઈ વિશેષ ખર્ચ કરતી જ નથી.

આ સિવાય માનનીય ગૌતમભાઈ ઝાલાએ વાત કરી કે તમે આદિવાસી વિસ્તારમાં રહેતા સભ્યશ્રી, પછી ભાજપના હોય કે કોંગ્રેસના હોય, પણ પ્રજા તો ગુજરાતની પ્રજા જ છે. વન વિસ્તારમાં બે જ મુખ્ય પ્રશ્નો છે. એમને પડતી અગવડતા અને વીજળીના કનેકશન. આપે કહ્યું કે ચૂંટણી પહેલા કહેતા હતા કે ગામડે ગામડે ઘરે ઘરે પહોંચાડીશું. ચોકકસ આપવી જોઈએ. આ દિશામાં કોઈ ત્રૃટિ રહી ગઈ હોય તો આદિવાસી વિસ્તારના તમામ ચૂંટાયેલા માનનીય ધારાસભ્યશ્રીઓને કહું છું કે જે ફરિયાદ હોય તે લઈ આવે અને જે તે ડિપાર્ટમેન્ટ પાસે બેસાડીને હકક અને અધિકાર અપાવવા માટે અમે તૈયાર છીએ. એ દઈશું એ નિર્વિવાદ વાત છે.

કિસાનોની અને બીજીઘણી વાત કરવામાં આવી. ખાસ કરીને વીજળીના કનેકશન અને આ જે બાબતની વાત છે. બીજા જે માનનીય ધારાસભ્યશ્રીઓના સૂચનો છે એની મેં નોંધ લીધી છે. જે તે વિભાગમાં ક્ષતિપૂર્તિ કેમ થાય એના માટે ચોકકસ પ્રયત્નો કરીશું એટલી હું હાઉસને ખાતરી આપું છું. અહીં બેઠા પછી બોલવામાં એક બીજા પક્ષ ઉપર ટીકા કે આક્ષેપ મૂકી શકાય, પણ અંતે તો પ્રજાના પ્રતિનિધિ છીએ. પ્રજા હિતના જે કંઈ કામો હશે એ કરવામાં અમે પાછી પાની નહીં કરીએ. સાથે રહીને કામ કરવાના છીએ. એમાં કોઈ આપણે કદાચ વૈચારિક રીતે મતભેદ હોઈ શકે, પણ આપણે કોઈ મનભેદ નહીં હોય એ નિશ્ચિત વાત છે.

મારે ૬ જુદા જુદા વિભાગોની ૭ માગણીઓ આવી છે, શહેરી વિકાસ માટેની પણ એમાં માગણીઓ છે. એમાં ખાસ કરીને મહા નગરપાલિકામાં ૬૭૫ કરોડ રૂપિયા વિકાસના કામ માટે આપવાની વાત છે. નગરપાલિકામાં સાડા સાત ટકાના બદલે દસ ટકા કર્યા. નગરપાલિકા માટે વધુ પૈસા આપ્યા. એના માટેની વાત છે અને એમાંથી ૭૨૦ કરોડ રૂપિયાની એ જ માગણીઓ છે. (અંતરાય)

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે માનનીય નાણામંત્રીશ્રી એમનો જવાબ પૂરો કરે અને પૂરક માગણીઓ ઉપર મતદાન પૂરું થાય ત્યાંસુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, અમને મંજૂર છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન પૂરું થાય અને પૂરક માગણીઓ પસાર થાય ત્યાંસુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં પણ જે વીજ કંપનીને પૈસા આપવા પડયા એ ગ્રાહકો ઉપર બોજો ના પડે એટલે સરકારે એ પૈસા ભોગવ્યા એના માટેના ૯૦ કરોડ રૂપિયા ખર્ચાયા છે, વન અને પર્યાવરણમાં વચ્ચેના સમયમાં સિંહોના નખ અને ચામડાં એમને મારીને લઈ જવામાં આવતાં હતાં એટલે સિંહોના રક્ષણ માટે અને એમના સંવર્ધન માટેની વાત છે. વન વિસ્તારના અમૂક વિભાગ અને ડિપાર્ટમેન્ટમાં રાજય સરકારે મોંધવારી ભથ્થામાં વધારો કર્યો ત્યારે મોંધવારી ભથ્થામાં જે ઘરભાડાભથ્થું આપતા

હતા એનો ઉમેરો થતાં આ ખર્ચ વધ્યો છે અને એના માટે આપણે રાજય સરકાર સિવાયનાં બીજો નિગમો અને બીજાને પૈસા આપવાની વાત હી એમાં જે વધારો થયો છે એ વધારો સૂચવીને એ પૈસા પણ કર્મચારીઓને આપવામાં આવ્યા છે. શ્રમ અને રોજગાર વિભાગમાં ૧ કરોડ ૨૮ લાખની જ માગણી છે અને એ પણ દ ારભાડાભથ્થામાં વધારો કરવામાં આવ્યો મોંઘવારી ભથ્થા પર એના માટેના જ છે, મહેસૂલ વિભાગમાં પણ એ જ પ્રમાણે છે, ગૃહ વિભાગમાં કર્મચારીઓના પગારભથ્થાં, તેમના કલ્યાણ માટે અને સુરક્ષા અને સલામતીનાં સાધનો લેવા માટેની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારી કોઈ નવી માગણી નથી અને જે બજેટમાં હતું એ ઉપરાંત વધારાની જે આપણા કર્મચારીઓને કે બાકીના સારા કામ માટે આપવાના હતા એ જ માગણીઓ લઈને હું આવ્યો છું. રાજય સરકારની આવક વધી છે એટલે બીજે કયાંય કાપકૂપ કરીને આ રકમ ફાળવતા નથી. રાજય સરકારની જે આવક વધેલી છે એમાંથી જ આ બધી માગણીઓ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી તમામ વિરોધપક્ષના સભ્યશ્રીઓને વિનંતી છે કે આમાં કોઈ પોલિટીકલ મોટિવ નહોતો, એની અંદર બીજી કોઈ વાત નથી. તો તેઓશ્રી તેમની કાપ દરખાસ્ત પાછી ખેંચીને મારી આ જે ૭ માગણીઓ છે એ સાથે સાત માગણી મંજૂર કરે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૬, ૭,૮, ૯, ૧૧,૧૩૫ ૧૪, ૧૫,૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૩૦ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૧૩, ૨૬, ૨૭, ૪૩,૫૭, ૭૮ અને ૧૦૨ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## સંસદીય જ્ઞાન શિબિરમાં હાજર રહેવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે સભાગૃહનું આજનું કામકાજ પૂરું થાય છે અને આપણા વિધાનસભા ગૃહમાં આજે એટલે કે તા. ૨૯ મી જાન્યુઆરી, પહેલી અને બીજી માર્ચ, ૨૦૦૮ ના દિવસો દરમ્યાન વિધાનસભાના સભ્યો માટે સંસદીય જ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનું ઉદ્દઘાટન આજે સાંજે ૪-૦૦ વાગ્યે થવાનું છે. તો આ ઉદ્દઘાટન પ્રસંગે તેમજ ત્રણ દિવસની સંસદીય જ્ઞાન શિબિરમાં સર્વ સભ્યશ્રીઓને અને મંત્રીશ્રીઓને ઉપસ્થિત રહેવા મારી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૩ જી માર્ચ, ૨૦૦૮ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તા.૩જીમાર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૧૩, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**.કચ્છ જિલ્લામાં ભીમાસર અને આધોઈમાં નવા પોલીસ સ્ટેશન ખોલવા અંગે**

*** ૪૪૫ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં નેશનલ હાઈવે નંબર-૧૫ અને નંબર-૮ A પર વધતી જતી યાતાયાત/ વાહનોની અવર જવર અને ઔદ્યોગિકરણના કારણે કાયદો/ વ્યવસ્થા જાળવવા આડેસર અને સામપીપળીમાં નવા પોલીસ સ્ટેશનો ખોલવા સરકાર વિચારશે, અને

(૨) તા:૩૧-૧-૦૮ની સ્થિતિએ ભૂકંપ પછી ભીમાસર(તા.રાપર) અને આધોઈ(તા.ભચાઉ)ના પોલીસ સ્ટેશનોની કામગીરી આડેસર અને સામપીપળીમાં થતી હોવાને કારણે ભીમાસર અને આધોઈ વિસ્તારને મળતી પોલીસ સુવિધાઓ પૂરેપૂરી મળે તેવી ભીમાસર અને આધોઈનાં ગામજનોની લાગણી/માગણીને ન્યાય મળશે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) અને (૨) :

તા: ૨૬-૧-૨૦૦૧ના રોજ આવેલ વિનાશક ભૂકંપમાં આધોઈ અને ભીમાસર પોલીસ સ્ટેશનનાં મકાન તેમજ પોલીસ કવાર્ટસ નાશ પામેલ હતા. આ સંજોગોમાં આધોઈ પોલીસ સ્ટેશન સામખિયારી ખાતે તેમજ ભીમાસર પોલીસ સ્ટેશન આડેસર ખાતે ખસેડવામાં આવેલ છે અને ત્યાં કાર્યરત છે. આધોઈ ગામ નેશનલ હાઈવેથી ૯ કિ.મી.ના અંતરે આવેલ છે. હાઈવેથી કચ્છ જિલ્લામાં પ્રવેશવાનો માર્ગ, આસપાસના ઔદ્યોગિક વિકાસ, ક્રાઈમરેટ, સ્થાનિક જરૂરિયાતો યાતાયાત વગેરે પરિસ્થિતિ જોતાં પોલીસ સ્ટેશન સામખિયારી ખાતે ચાલુ રાખવાનું વધુ અનુકૂળ જણાયેલ છે.

તેવી જ રીતે ભીમાસર પોલીસ સ્ટેશન આડેસર ખાતે ચાલુ રાખવાનું અનુકૂળ જણાયેલ છે કારણ કે આ વિસ્તારમાં વધુ ગુના નેશનલ હાઈવેના આસપાસના વિસ્તારમાં બને છે. ગુનાના સ્થળેથી આડેસર જવાનું લોકોને વધુ અનુકૂળ પડે છે. આડેસરની આસપાસના વિસ્તારમાં ગુનાનું પ્રમાણ પણ ૬૫% જેટલું છે. ગુનાનું પ્રમાણ, લોકોને ગુનો નોંધાવવા જવામાં અનુકૂળતા વગેરે બાબતો જોતાં આડેસર ખાતે પોલીસ સ્ટેશન વધુ અનુકૂળ જણાયેલ છે

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના બે પોલીસ સ્ટેશનો આધોઈ અને ભીમાસર ભૂકંપ વખત ધ્વંસ થઈ ગયા હતા અને એ પછી આ પોલીસ સ્ટેશનો સામખિયાળી અને આડેસરમાં ખસેડવામાં આવ્યા છે. આ પોલીસ સ્ટેશનો મૂળ જગ્યાએ ખસેડવા માટે લઈ જવા માટે વારંવાર રજૂઆતો થાય છે અને તેમ છતાં આ પોલીસ સ્ટેશનો ખસેડાતા નથી એના કારણમાં એમ કહેવામાં આવ્યું છે કે અત્યારે હાઈવે ઉપર યાતાયાતનું પ્રમાણ વધ્યું હોવાના કારણે આ પોલીસ સ્ટેશનની જરૂરિયાત અહીં છે. માનનીય મંત્રીશ્રી પાસેથી એ સ્પષ્ટતા માગું છું કે હાઈવે ઉપર કામનું દબાણ વધ્યું હોય તો પોલીસ સ્ટેશનો ખસેડવા માટે રાજયમાં કોઈ ધોરણ ખરું? અને રાજયમાં આવા પોલીસ સ્ટેશનો કયા કયા ખસેડવામાં આવેલા છે અને આધોઈ અને ભીમાસર પોલીસ સ્ટેશનો પાછા લઈ જવા માટે કોણે કોણે રજૂઆત આપની પાસે કરી છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હાઈવે ઉપર પોલીસ સ્ટેશન રાખવા આવા કોઈ ધારા ધોરણ છે નહીં. પોલીસ સ્ટેશન ત્યાં રાખવાનું કારણ એટલું છે કે ગુનાઓ જ્યાં પોલીસ સ્ટેશન છે એની આજુબાજુમાં વધારે બનતા હોય છે, એટલે વિકટીમ ઝડપથી ત્યાં આગળ પહોંચી શકે આ આશયથી રાખ્યા છે અને રજૂઆતોનો જ્યાં સુધી પ્રશ્ન છે ત્યાં સુધી અનેક રજૂઆતો મળી છે. આખી લાંબી યાદી છે હું વાંચી જાવ સાહેબ.ભારતીય જનતા પાર્ટી કચ્છ-ભુજ, વાંઢીયા જૂથ ગ્રામ પંચાયત, શિકારપુર જૂથ ગ્રામ પંચાયત, લાકડીયા વેપારી એસોસિએશન સામખિયાળી ગ્રામ પંચાયત, લલીયાણા ગ્રામ પંચાયત, અમલીયારા ગ્રામ પંચાયત, આઈ.કે. ઠક્કર, મેમ્બર ઑફ તાલુકા પંચાયત, ધનસુખ એ. ઠક્કર, મંત્રી કચ્છ જિલ્લા યુવા કોંગ્રેસ સમિતિ, જંગી ગ્રામ પંચાયત, જાડેજા જીલુભા ભારાજી, ઘરણા ગ્રામ પંચાયત, જહોન ચીફ ઈન્ટરનેશનલ એસોસીએશન લાયન્સ કલબ તેજાભાઈ... ...

**અધ્યક્ષશ્રી** : લીસ્ટ લાંબુ હોય તો પછી મેજ ઉપર મૂકી દેજો.

**શ્રી અમિત શાહ** : પણ સભ્યશ્રીએ કહ્યું એટલે હું તો વાંચુ છું સાહેબ. આપ કહો તો હું ના વાંચું.

**અધ્યક્ષશ્રી** : ના મેજ ઉપર મૂકી દેજો લાંબુ હોય તો.

**શ્રી અમિત શાહ** : હા, જી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બંને પોલીસ સ્ટેશન જે ખસેડવામાં આવ્યા છે ભીમાસર અને આધોઈ, સામખિયાળી અને આદેશરમાં તો ગુનાઓનું પ્રમાણ ગત વર્ષોમાં કેટલું હતું અને આ બેય પોલીસ સ્ટેશનમાં આટલા સમયમાં ક્યારે આ પોલીસ સ્ટેશનો ખસેડવામાં આવ્યા? અત્યાર સુધીમાં કેટલા ગુનાઓનું પ્રમાણ નોંધાયું છે અને ત્રીજા નંબરે જિલ્લાના પોલીસ મથકના આમાં શું અભિપ્રાય છે એ હું જાણવા માગું છું?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ભીમાસર પોલીસ સ્ટેશનનો સવાલ છે ત્યાં સુધી ૨૦૦૫માં ભાગ-૧ થી ૫ ના ૯૯ ગુના હતા, ૨૦૦૬માં ૧૨૯ અને ૨૦૦૭માં ૧૦૩અને આધોઈ પોલીસ સ્ટેશનની અંદર ૨૦૦૫માં ૧૧૩ હતા. ૨૦૦૬માં ૧૪૦ અને ૨૦૦૭માં ૧૩૨ હતા, પરંતુ આપના માધ્યમથી ગૃહના સભ્યશ્રીઓના ધ્યાને મારે એ મૂકવું છે. દા.ત. આધોઈ પોલીસ સ્ટેશનની અંદર ૧૧૩ ગુના કુલ નોંધાયા એમાંથી જ્યાં આગળ પોલીસ સ્ટેશન લઈ જવાની દરખાસ્ત છે, માગણી છે ત્યાં ખાલી ૧૮ ગુના એમાંથી નોંધાયા છે. ૨૦૦૬માં ૧૪૦માંથી ૨૫ ગુના નોંધાયા છે અને ૨૦૦૭માં ૧૩૨માંથી ૧૬ ગુના નોંધાયા છે. એ જ રીતે ભીમાસર પોલીસ સ્ટેશન જે છે ત્યાં આગળ ૯૯માંથી ૧૩ ગુના ભીમાસર વિસ્તારમાં નોંધાયા છે. ૨૦૦૬માં ૧૨૯ માંથી ફક્ત ૫ ગુના ભીમાસરમાં નોંધાયા છે અને ૨૦૦૭માં ૧૦૩માંથી ૪ ગુના ભીમાસરમાં નોંધાયા છે. એટલે જ્યાં આગળ ગુના ઓછા છે ત્યાં આગળ પોલીસ સ્ટેશન લઈ જવાનું ઉચિત જણાતું નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** :માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, નવા પોલીસ સ્ટેશનો શરૂ કરવા માટેના ધોરણો કયાં કયાં છે? આ ધારા-ધોરણો સામે ભીમાસર અને આધોઈ વિસ્તારમાં નવા પોલીસ સ્ટેશન ખોલવા અંગે શું સ્થિતિ છે? છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલા નવા પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવેલ છે અને આગામી વર્ષમાં કેટલા નવા પોલીસ સ્ટેશનો કયા કયા સ્થળોએ શરૂ કરવાનું વિચારી રહ્યા છે?

**અધ્યક્ષશ્રી** : આખા રાજ્યની વાત રહેવા દો. કચ્છ જિલ્લા પૂરતો પ્રશ્ન છે એનો જવાબ આપો.

**શ્રી અમિત શાહ :** માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે પોલીસ સ્ટેશન ખોલવા માટેનો ક્રાઈટ એરિયા શું છે? ૧૫૦ ચોરસ કિલોમીટર કરતાં ઓછો વિસ્તાર ન હોવો જોઈએ, ૫૦ હજાર કરતાં વધારે વસતિ હોવી જોઈએ અને કુલ ૭૦૦ જેટલા ગુનાઓની નોંધણી હોવી જોઈએ. આ ત્રણ ક્રાઈટ એરિયામાં આ બન્ને પોલીસ સ્ટેશનો વિભાજન માટે ફીટ નથી રહેતા. આગામી વર્ષમાં કયા પોલીસ સ્ટેશનો ખોલવા માગો છો એના જવાબમાં જણાવીશ કે કચ્છ જિલ્લા પૂરતી વાત કરી લઈએ તો મુંદ્રા પોલીસ સ્ટેશન ચાલુ કરી દેવામાં આવેલ છે. ગાંધીધામ પોલીસ સ્ટેશનનું વિભાજન કરીને એ અને બી એમ બે વિભાગમાં વિભાજિત કરવાની કાર્યવાહી ચાલુ છે. ભુજ પોલીસ સ્ટેશનમાંથી માધાપર અને સામાત્રાની ક્રાઈટ એરિયાના આધાર પર વિભાજનની કામગીરી ચાલુ છે.

**શ્રી બાબુભાઈ મ. શાહ** : મેં મંત્રીશ્રી પાસેથી એ સ્પષ્ટતા માગી હતી કે રાજ્યમાં આ હાઈ-વે ઉપરની કામગીરી માટે થઈને કેટલા પોલીસ સ્ટેશનો ખસેડવામાં આવ્યા છે. મારા વિસ્તારના ચાર પોલીસ સ્ટેશનોમાંથી બે પોલીસ સ્ટેશનો મૂળ સ્થાનેથી ખસેડવામાં આવ્યા છે અને મૂળ સ્થાને રહે એના માટેની વારંવાર રજૂઆતો થયા કરે છે. એટલા માટે ભારણ હોય તો નવા પોલીસ સ્ટેશનો ખોલીને સામખિયાળી અને આડેસર આપવા માગો છો કે કેમ? મેં સ્પષ્ટ સવાલ પૂછયો છે કે મૂળ પોલીસ સ્ટેશન મૂળ જગ્યાએ જાય એના માટેની માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે એવી આપના મારફતે વિનંતી છે.

**શ્રી અમિત શાહ :** ના, જી. નથી કરવા માગતા.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કચ્છ જિલ્લામાં નવા કેટલા પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવેલ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય સભ્યશ્રીના જવાબમાં આગળ જવાબ આપી દીધો છે. ભુજ અને ગાંધીધામ આ બે પોલીસ સ્ટેશનોનું વિભાજન કરી ચાર પોલીસ સ્ટેશનો કરવામાં આવનાર છે.

### ગરીબી રેખા નીચે જીવતા ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ

*૪૮૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યની ગરીબી રેખા નીચે ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા કોઈ યોજના અમલમાં છે કે કેમ?

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલા લાભાર્થીઓને યોજના અંતર્ગત જોડાણો આપ્યા, અને

(૩) બાકી લાભાર્થીઓને વીજ જોડાણ આપવા માટે શું આયોજન કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)**

(૧) હા, જી. રાજ્યની ગરીબી રેખા નીચે ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ આપવા માટે રાજ્ય સરકારની "ઝૂંપડા વીજળીકરણ યોજના" અને "કુટિર જ્યોતિ યોજના" અમલમાં છે.

(૨) તારીખ ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ અને કુટિર જ્યોતિ યોજના અંતર્ગત કુલ ૧,૪૫,૬૩૮ લાભાર્થીઓને જોડાણો આપેલ છે.

(૩) આગામી બે વર્ષમાં પાંચ લાખ લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું ગઈકાલે બેસ્ટ ઑફ થ્રીની પ્રથમ ફાઈનલમાં સીડની ખાતે ઑસ્ટ્રેલિયાને એની ઘરતી ઉપર પરાજિત કરવા બદલ ભારતીય ટીમને અભિનંદન આપવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી પૂરતી ચર્ચા મર્યાદિત રાખો. અભિનંદન બહાર જઈને આપજો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ૧૮ હજાર ગામડાંને જ્યોતિગ્રામ યોજનાના માધ્યમથી જ્યારે વીજળી પૂરી પાડવામાં રાજ્ય સરકારે એક ભગીરથ કામ કર્યું છે તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથોસાથ ગામડાં સુધી વીજળી પહોંચી પરંતુ આ ગામડાંમાં જે આર્થિક રીતે નબળા હતા, જેને આનો બે થી ત્રણ હજાર રૂપિયાનો અંદાજ ભરવો પડતો હતો એવા લોકોએ રાજ્ય સરકારની ઝૂંપડા વીજળીકરણ યોજના અને કુટિર જ્યોતિ યોજનાના માધ્યમથી જોડાણો માગ્યા છે ત્યારે હજી કયા જિલ્લા અને કયા તાલુકામાં કેટલી અરજીઓ પેન્ડીંગ છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર સરકાર દ્વારા બે યોજનાઓ ચાલુ છે. એક કુટિર જ્યોતિ યોજના અને બીજી ઝૂંપડપટ્ટી યોજના. આ કુટિર જ્યોતિ યોજના એ ટ્રાયબલ વિસ્તાર માટે છે અને ઝૂંપડપટ્ટી યોજના આખા રાજ્ય માટે છે. આ યોજનાઓ દ્વારા અરજી પેન્ડીંગ હોવા કરતાં સરકાર તરફથી પ્રો-એકટિવ કામગીરી કરી ગામડાંમાં જાતે અધિકારીઓ જાય છે અને કયા કયા ઘરોને વીજળી નથી અપાતી એનો સરવે કરવામાં આવે છે અને અરજીઓ માગવામાં આવે છે અને પછી કામગીરી કરવામાં આવે છે. હાલની તારીખમાં ઝૂંપડપટ્ટી યોજનામાં ૬૦,૫૬૮ અરજીઓ બાકી છે અને કુટિર જ્યોતિ યોજનામાં ૫૪૪૨ અરજીઓ પેન્ડીંગ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આ બંને યોજનાઓમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અને કુટિર જ્યોતિ યોજના આ બંને યોજનાની અંદર ખર્ચ કોણ ભોગવે છે? બીજો સવાલ એ છે કે, ઘણાં ગામડાની અંદર આ જે ઝૂંપડપટ્ટી બનેલી હોય છે ત્યાં કાયદેસરની જગ્યા નથી હોતી એના કારણે એજે લાભાર્થી હોય એને ખરેખર એમાં વીજળીના અધિકારીઓ એમની પાસે આધાર માગે છે કે તમારી પાસે રહેણાંકનો આધાર હોય તો જ તમને વીજળીકરણ આપી શકાય તો એ જે ઝૂંપડપટ્ટી બનેલી હોય છે એમાં વીજળીકરણ કરતી વખતે આ આધારમાં કાંઈ બાંધછોડ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડા વીજળીકરણ યોજનાની ૧૯૯૬માં ચાલુ થયેલી, તેનો મુખ્ય હેતુ ૧૧,૦૦૦ થી નીચી આવક હોય તેવાને યોજનાનો લાભ આપવો. આ યોજનાની અંદર રૂરલ વિસ્તારમાં માત્ર ૫૦ રૂપિયામાં સીંગલ પૉઈન્ટ કનૅક્શન આપવામાં આવે છે અને મ્યુનિસિપલ વિસ્તારની અંદર માત્ર ૧૦૦ રૂપિયામાં કનૅક્શન આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીએ વાત કરી કે આવકનો દાખલો એ લોકલ લેવલ ઉપર જ તાલુકા વિકાસ અધિકારી દ્વારા જ મેળવવામાં આવે છે અને આ લોકો જ આની ખાત્રી આપે છે કે ૧૧,૦૦૦ની નીચે છે. કદાચ વ્યકિત ૧૧,૦૦૦ ઉપર હોય તો એનું કામ અમે છેલ્લે કરીએ છીએ. આમાં થોડો પ્રેકટીકલ એપ્રોચ રાખીએ છીએ, આખા ગામડાની અંદર જેટલા ગરીબો છે એને પહેલા કનૅક્શન આપીએ છીએ. પછી જે આનાથી ઉપરના હોય એનો ખર્ચ થોડો ઓછો થઈ જાય છે એને પણ લાભ આ યોજનાના કારણે ઈનડાયરેકટલી ૧૧,૦૦૦ ઉપરનાને પણ લાભ મળતો હોય છે, એના કારણે છેલ્લા વર્ષની અંદર આપણે ૧,૪૫,૦૦૦ કનૅક્શનો ૪૨ કરોડ ૧૭ લાખનો ખર્ચ કરી આ યોજનાની અંદર કામ પૂરું કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આનંદ સાથે કહું છું કે અમે પાંચ લાખનો ટારગેટ રાખ્યો છે. ઘરે ઘરે ગામડાની અંદર જઈ દરેક વ્યકિતને વીજળી કનૅક્શન મળે એના માટે આ વર્ષે રાજ્ય સરકારે ૪૦ કરોડનું ઝૂંપડા યોજનાની અંદર અને ૨૮ કરોડનું કુટિર જ્યોતિ યોજનાની અંદર કામ માટે બજૅટમાં આયોજન રાખ્યું છે અને ખાલી કેટલું કામ થયું છે એનો આપને ખ્યાલ આવશે ૧૯૯૬-૯૭ અને૧૯૯૭-૯૮માં જ્યારે યોજના થઈ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ આ પ્રશ્ન પૂરતો જ મર્યાદિત રહે. શ્રી મોહનભાઈ..(અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : આમાં રાજ્ય સરકાર કેટલો ખર્ચ ભોગવે છે અને કેન્દ્ર સરકાર કેટલો ખર્ચ ભોગવે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આ બંને યોજના રાજ્ય સરકારની છે અને કેન્દ્ર સરકાર એક રૂપિયો પણ આપતી નથી. માત્ર ૫૦ રૂપિયા અને ૧૦૦ રૂપિયા પ્રજા પાસેથી લેવાના છે. બાકીનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ઝૂંપડા વીજળીકરણ યોજના છે એ આખા ગુજરાતને લાગુ પડતી યોજના છે અને કુટિર જ્યોતિ યોજના ટ્રાયબલ વિસ્તાર પુરતી છે. ઝૂંપડા વીજળીકરણ યોજના આખા ગુજરાતમાં લાગુ પડતી હોય ૧,૪૫,૬૩૮ કનૅક્શનો ટોટલ આપ્યાં છે એમાંથી ઝૂંપડા વીજળીકરણમાં કેટલા છે અને ટ્રાયબલમાં કેટલું થયું છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ૧,૪૫,૦૦૦ માંથી ૧,૨૯,૬૮૭ ઝૂંપડા વીજળીકરણ યોજના નીચે અને કુટિર જ્યોતિ યોજનામાં ૧૫,૯૫૧ છે.

## પી.ડી.સી. વીજજોડાણ પુનઃચાલુ કરવા અંગે

*** ૯૭૯ શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે, :-

(૧) રાજ્યના ખેડૂતોના વીજ જોડાણ પી.ડી.સી. કેમ કરવામાં આવે છે, અને

(૨) પી.ડી.સી. વીજજોડાણ ચાલુ કરવાની સરકારની શી યોજના છે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા) :**

(૧) વીજ ગ્રાહક દ્વારા વીજબીલની લ્હેણી રકમ નિયમ સમય મર્યાદામાં ભરપાઈ ન કરવામાં આવી હોય અથવા ખેત વિષયક વીજ ગ્રાહકે વીજજોડાણ કાયમી ધોરણે બંધ કરવા જણાવેલ હોય તેવા સંજોગોમાં ખેડૂતોના વીજજોડાણ પી.સી.સી કરવામાં આવે છે.

(૨) પી.ડી.સી. વીજજોડાણોને પી.ડી.સી. થયાની તારીખથી પુ:નઃજોડાણ માટે અરજી નોંધણી સુધીનાં છ માસ, છ માસથી પાંચ વર્ષ સુધી અને પાંચ વર્ષ કરતાં વધારે સમયગાળાને ધ્યાને લઈ નિયમાનુસાર પુનઃ જોડાણ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે પાંચ હોર્સ પાવરના વાર્ષિક વીજળી દર ૩૫૦૦ રૂપિયા, સાડા સાત હોર્સ પાવરના ૫,૨૦૫ રૂપિયા, ૧૦ હોર્સ પાવરના ૮,૫૦૦ વીજદર છે. આટલા નાના વીજ દર પણ ખેડૂતો ભરી શકતા નથી એટલે વીજળીના જોડાણો કપાતાં જાય છે અને પી.ડી.સી. થાય છે. જ્યારે પી.ડી.સી. યોજના ચાલુ થઈ છે એમાં ૩૦-૪૦-૫૦ હજાર જેવો એસ્ટીમેન્ટ આવે છે. તો આ ખેડૂતો ભરી શકતા નથી અને વીજળી જોડાણ મળી શકતું નથી તો રાજ્ય સરકાર આ એસ્ટીમેટ ઘટાડવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે ફરફારો થયા છે તે વિષે માહિતી આપવા માગું છું. માત્ર ત્રણ જાતના પી.ડી.સી. પરમેનન્ટ ડીસકનેકટ હોય છે એક છ મહિના સુધીના, છ મહિનાથી પાંચ વર્ષ અને પાંચ વર્ષથી વધારે. સર્વિસ લાઈન ઊભી હોય તો એક રૂપિયો નવો લેવાતો નથી. પહેલો ફેરફાર એવો હતો કે પી.ડી.સી.ના નોર્મ્સની અંદર જો પાંચ વર્ષની અંદર કનેકસન આવતું હોય તો સર્વિસ લાઈન ઊભી રહેતી હતી તો પણ સર્વિસ લાઈનના ચાર્જીસ ફરીથી લેવામાં આવતા હતા એમાં સંપૂર્ણપણે રિલેક્શેશન કરવામાં આવ્યું છે. બીજું કે, પહેલાં એને જે રકમ ભરવામાં આવતી હતી તે તત્કાલ યોજનામાં જે ખર્ચ આવતો હતો એ પ્રમાણે ભરવામાં આવતી હતી. એમાં ફેરફાર કરીને હવે માત્રને માત્ર નૉર્મલ રકમ ભરવામાં આવે છે. ત્રીજું જ્યારે પી.ડી.સી. થતું હોય તો તત્કાલના જે ભાવ હોય ૭૦ પૈસા પર પૈસા પર યુનિટ લેવામાં આવતો હતો. આપણે ફેરબદલ કરીને એવું કર્યુ છે કે, જે વખતે પી.ડી.સી. થયું હોય એ વખતે એ જે રેટ ભરતા હોય એ રેટ લેવામાં આવે છે. એટલે ઘણો બધો આમાં સુધારો આમાં લાવ્યા છીએ. વધારે એક સુધારો લાવ્યા છીએ કે, પાંચ વર્ષ પહેલાં કયારેય પી.ડી.સી. પાછું કરી આપવામાં આવતું નહતું પણ આપણે એમાં સુધારો કરી પાંચ વર્ષ ઉપરનું પી.ડી.સી. થયેલું હોય એને પણ વીજ જોડાણ ફરીથી આપીએ છીએ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પી.ડી.સી.ના ત્રણ નિયમો છે, એક થી છ માસ, છ માસથી પાંચ વર્ષ અને પાંચ વર્ષ ઉપર, એટલે પાંચ વર્ષ ઉપર એટલે એની મર્યાદા કેટલે સુધી, પાંચ થી દસ વર્ષ કે, પાંચથી ગમે એટલા વર્ષ એમ ?

**શ્રી સૌરભ પટેલ** : પી.ડી.એફ.ની કોઈ મર્યાદા રાખી નથી, જેટલા જૂના હશે એને અમે આપવા તૈયાર છીએ.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, જામનગર જિલ્લામાં ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી પી.ડી.સી.ની અરજીઓ પેન્ડિગ છે અને બીજું આ કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે?

**અધ્યક્ષશ્રી** : આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં કારણ કે, આ માહિતી હશે નહીં (અંતરાય) જિલ્લાવાર માહિતી છે તમારી પાસે છે મંત્રીશ્રી ?

**શ્રી સૌરભ પટેલ** : એગ્રીકલ્ચરમાં જામનગરમાં કુલ ૪૬૫૩ અરજીઓ પેન્ડિગ છે, અરજદારોની દરખાસ્તો જ્યારે આવશે ત્યારે સમય મર્યાદા અને નિયમો પ્રમાણે એને પી.ડી.સી. કનેકશનો પાછા જોડી આપવામાં આવશે.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મોટાભાગના જે પી.ડી.સી. થાય છે એનું કારણ એ છે કે, કૂવામાંથી કે બોરમાંથી પાણી ખૂટી જવાથી આ પી.ડી.સી. થાય છે હવે ખેડૂત જો પોતાની જમીનમાં નવો કૂવો ખોદે અને કદાચ બોર કરે તો એમાં ટ્રાન્સફર થાય ત્યારે જે પૈસાની રકમ વધારે લેવાય છે એમાં રાહત આપવા માગો છો કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : આ એના નિયમો પ્રમાણે સિફટીંગના ચાર્જીસ ભરવા પડે છે અને એ પણ આજની તારીખમાં ખૂબ યોગ્ય છે તો પણ માનનીય સભ્યશ્રીની લાગણી છે તો હું એક વાર ફરીથી એની ચકાસણી કરીશ.

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પી.ડી.સી. બાબતમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આપણે જે સર્વિસ લાઈન ઊભી હોય તો ચાર્જ નથી લેતા પણ ગામડાઓમાં જોઈએ છીએ કે, સર્વિસ લાઈન ઊભી હોય છતાં ખેડૂત નવું કનૅક્શન લેવા જાય છે, પી.ડી.સી. ફરીથી લેવા માટે જાય છે ત્યારે બધો જ ચાર્જ ફરીથી લેવામાં

આવે છે, આમ તો પહેલું કનૅક્શન લે છે ત્યારે બધો જ ચાર્જ ખેડૂતે ભરેલ હોય છે તો ફરી વખતે એની પાસેથી શેનો ચાર્જ લેવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : નિયમો પ્રમાણે કોઈ ચાર્જ લઈ શકે નહીં પણ માનનીય સભ્યશ્રીના કોઈ કેસ ધ્યાને આવ્યો હોય કે આમાં અધિકારીઓએ ચાર્જ ડબલ લીધો છે તો મારું ધ્યાન દોરજો હું ચોક્કસ રિફંડ અપાવીશ.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પી.ડી.સી. કનૅક્શન ચાલુ કરી આપવાની ખેડૂત લક્ષી જે યોજના રાજય સરકારે શરૂ કરી તો એ યોજના શરૂ કર્યા પછી આજ દિન સુધીમાં આવા કેટલા લાભાર્થીઓએ પી.ડી.સી. કનેકશનો ચાલુ કરી આપવામાં આવ્યા ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો પી.ડી.સી. તો વર્ષોથી આવતી યોજના છે એટલે કેટલા ચાલુ કર્યા છે એ માહિતી મારી પાસે અત્યારે નથી.

**કોર્ટના મકાનો બનાવવા અંગે**

***૫૦૮ શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં કુલ કેટલી કોર્ટોના મકાનો બન્યા, કઈ કઈ કોર્ટોના મકાનો બન્યા, અને

(૨) આ માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા):**

(૧) ૬૪ મકાનો

પત્રક ૧ અને ૨ મુજબ.

**પત્રક-૧**
**કોર્ટના મકાનો.**

| અનુ ક્રમ | સ્થળનું નામ | કામ પર થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ભુજ (ડિસ્ટ્રીકટ કોર્ટ બિલ્ડીંગ રીટ્રોફિટેડ) | ૪૯.૮૦ |
| ૨ | રાપર | ૮૫.૦૦ |
| ૩ | સુરત (ડિસ્ટ્રીકટ કોર્ટ બિલ્ડીંગ રીટ્રોફિટેડ) | ૪૫૩.૪૨ |
| ૪ | મેટ્રો કોર્ટ અમદાવાદ | ૧૪૨૨.૭૨ |
| ૫ | મોરબી | ૨૦૨.૨૨ |
| ૬ | માલીયા-મીયાણા | ૬૩.૦૮ |
| ૭ | કૂતિયાણા | ૭૮.૧૩ |
| ૮ | જોડિયા | ૭૮.૯૦ |
| ૯ | લાલપુર | ૧૨૩.૫૧ |
| ૧૦ | ભચાઉ | ૮૫.૦૦ |
| ૧૧ | મુન્દ્રા | ૮૫.૦૦ |
| ૧૨ | માંગરોલ, જિ. સુરત | ૧૫૦.૫૨ |
| ૧૩ | તલાલા | ૭૮.૫૩ |
| ૧૪ | વિસાવદર | ૧૪૮.૪૪ |
| ૧૫ | માંગરોલ | |
| ૧૬ | સાવરકુંડલા | ૫૭.૨૦ |
| ૧૭ | ખંભાત | ૧૦૨.૯૮ |
| ૧૮ | સમી | ૫૨.૩૦ |
| ૧૯ | લેબર કોર્ટ બિલ્ડીંગ કલોલ | ૮૫.૯૪ |
| ૨૦ | દાંતા | ૮૭.૦૫ |
| ૨૧ | ગરબાડા | ૬૭.૩૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | પાટડી | ૯૦.૬૮ |
| ૨૩ | આણંદ | ૮૨૮.૭૦ |
| ૨૪ | જસદણ | ૮૩.૫૫ |
| ૨૫ | વડનગર | ૯૩.૧૮ |
| ૨૬ | પોરબંદર | ૧૦૨૨.૦૨ |
| ૨૭ | મીરજાપુર, અમદાવાદ (આર) | ૫૩૫.૮૦ |
| ૨૮ | લખતર | ૮૨.૪૩ |
| ૨૯ | સાણંદ | ૮૨.૪૩ |
| ૩૦ | કડી | ૨૩૦.૯૭ |
| ૩૧ | દહેગામ | ૮૮.૯૦ |
| ૩૨ | દ્વારકા | ૯૨.૯૪ |
| ૩૩ | ગાંધીધામ | ૩૪૫.૭૦ |
| ૩૪ | શહેરા | ૬૭.૭૧ |
| ૩૫ | વાંકાનેર | ૯૫.૭૫ |
| ૩૬ | ઠાસરા | ૯૦.૩૧ |
| ૩૭ | માલીયા-હાટીના, જિ. જુનાગઢ | ૭૫.૪૫ |
| ૩૮ | રાજકોટ (સીવીલ કોર્ટ બિલ્ડીંગ) | ૮૨૪.૫૮ |
| | કુલ : | ૮૨૮૮.૧૪ |

**પત્રક-૨**
**ફાસ્ટટ્રેક કોર્ટના મકાનો**

| અનુ ક્રમ | સ્થળનું નામ | ક્રામ પર થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | મહેસાણા-૫ | ૪૬.૩૨ |
| ૨ | વલસાડ-૫ | ૪૮.૦૫ |
| ૩ | પાલનપુર-૫ | ૪૯.૬૨ |
| ૪ | નડિયાદ-૫ | ૪૭.૪૨ |
| ૫ | રાજકોટ-૧૦ | ૧૦૭.૮૦ |
| ૬ | મોરબી-૩ | ૪૧.૩૭ |
| ૭ | જુનાગઢ-૫ | ૬૦.૪૩ |
| ૮ | અમરેલી-૪ | ૩૬.૧૧ |
| ૯ | સુરત-૧૦ | ૧૯૬.૩૧ |
| ૧૦ | વડોદરા-૫ | ૭૫.૫૬ |
| ૧૧ | ભુજ-૫ | ૭૫.૮૩ |
| ૧૨ | ગાંધીધામ | ૬૩.૮૧ |
| ૧૩ | વેરાવળ-૪ | ૨૨.૬૬ |
| ૧૪ | મહુવા-૩ | ૪૬.૫૧ |
| ૧૫ | મોડાસા-૧ | ૧૬.૩૫ |
| ૧૬ | દાહોદ-૫ | ૬૫.૭૪ |
| ૧૭ | છોટા-ઉદેપુર-૨ | ૨૭.૩૦ |
| ૧૮ | સુરેન્દ્રનગર-૫ | ૪૭.૬૦ |
| ૧૯ | જામ-ખંભાળિયા-૩ | ૪૫.૪૦ |
| ૨૦ | ભાવનગર-૫ | ૫૫.૭૦ |
| ૨૧ | આણંદ-૫ | ૬૬.૪૪ |

| | | |
|---|---|---|
| ૨૨ | પોરબંદર-૫ | ૫૭.૯૩ |
| ૨૩ | વિરમગામ-૨ | ૭૧.૮૨ |
| ૨૪ | અંજાર-૧ | ૨૩.૯૮ |
| ૨૫ | ધોરાજી-૨ | ૨૭.૨૨ |
| ૨૬ | ઉના-૧ | ૨૧.૦૩ |
| | **કુલ ફાસ્ટટ્રેક કોર્ટ** | ૧૪૪૪.૩૧ |
| | **કુલ સરવાળો...** | ૯૭૩૨.૪૫ |

(૨) રૂા. ૯૭૩૨.૪૫ લાખ.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં ૬૪ મકાનો કોર્ટોના જે તૈયાર થયા છે એમાં ૩૮ કોર્ટોના મકાનો અને ૨૬ ફાસ્ટ ટ્રેક કોર્ટોના મકાનો છે લગભગ રાજયના દરેક તાલુકામાં કોર્ટોના અદ્યતન બિલ્ડિંગો જે કરવામાં આવ્યા છે એટલે સૌથી પહેલાં તો હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે તૈયાર થયેલા મકાનો છે એ સિવાય છેલ્લા આ સમયમાં મંજૂર થયેલ હોય અને હજી શરૂ ન થઈ હોય જમીનનો કબજો ન મળવાને કારણે એવા કેટલા મકાનો છે અને તૈયાર થઈ ગયા હોય અને માર્ગ અને મકાન વિભાગ પાસેથી કોર્ટે એનો કબજો સંભાળ્યો ન હોય એવા કેટલા મકાનો છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૬ દરખાસ્ત જમીન માટેની પડતર છે અને બધી દરખાસ્તો ઉપર રીવ્યુ થઈને ઉકેલ લાવવાનો પ્રયત્ન ચાલે છે એટલે ટૂંક સમયમાં આ દરખાસ્ત પણ મંજૂર થઈ જશે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા શહેરનું કોર્ટ સંકુલ શીફટ કરવાની કામગીરી હાથ પર લેવામાં આવી હતી અને એના માટે રકમ પણ ફાળવાઈ હતી તો આજની તારીખે શું સ્થિતિ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, લીટીગેશનના લીધે આ વસ્તુ પેન્ડીંગ છે અને હાઈકોર્ટમાં કેસ પડતર છે એટલે નિકાલ થશે એટલે કાર્યવાહી તરત જ ચાલુ કરવાની છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધોળકા કોર્ટનું મકાન જર્જરીત બનવા લાગ્યું છે તો બાવળા તાલુકો અલગ થયો તો અલગ કોર્ટ આપી નવું મકાન બનાવવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનીય અધ્યક્ષશ્રી, બંને દરખાસ્ત વિચારણામાં છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઘોઘંબામાં નવી કોર્ટને મંજૂરી મળેલ હોઈ કોર્ટનું મકાન બનાવવા માગો છો કે કેમ?

**શ્રી અમિત શાહ** : હાજી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કોર્ટનું નવું મકાન બનાવવા માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬માં ૨૨.૭૧કરોડ, ૨૦૦૬-૦૭માં ૨૧કરોડ અને ૨૦૦૭-૦૮માં ૩૬કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કોર્ટ મંજૂર થઈ એનો કેટલો ખર્ચ થયો અને માંગરોળમાં કોઈપણ જાતનો ખર્ચ બતાવ્યો નથી તો માંગરોળ કોર્ટની શું સ્થિતિ છે એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિસાવદર અને માંગરોળના જોડે આંકડા આપ્યા છે. એટલે નથી થયો એવું નથી પણ અત્યારે મારી પાસે બાયફકેશન નથી.

## મોરબીમાં પાઈપલાઈન મારફત ગેસ જોડાણો

***૧૪૮ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે:

(૧) મોરબીમાં ઘરવપરાશ માટે પાઈપલાઈન દ્વારા ગેસ પૂરો પાડવાની યોજનાની તા.૩૧-૧-૦૮ની શું સ્થિતિ છે, અને

(૨) આ યોજના કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે?

**મુખ્યમંત્રીશ્રી:**

(૧) ગેસના રાજયવ્યાપી પરિવહન માટે સૌ પ્રથમ વધુ પ્રેશરવાળી પાઈપલાઈન નાખવામાં આવે છે. આ પાઈપલાઈનમાંથી ઔદ્યોગિક વિસ્તારને અને સીએનજી સ્ટેશનને હાલ મોરબીમાં ગેસ પૂરો પાડવામાં આવે છે. મોરબી તેમજ થાનગઢમાં સિરામિક એકમો અને અન્ય નાના એકમો મળી કુલ ૧૯૦ ઔદ્યોગિક

એકમો આ વધુ પ્રેશરવાળી પાઈપલાઈનમાંથી ગેસ વાપરી રહ્યા છે તેમજ વાહનો દ્વારા થતાં પ્રદુષણને અટકાવવા માટે અને વાહનોમાં સીએનજીના વપરાશને પ્રોત્સાહન મળે તે હેતુથી સીએનજી પણ શરૂ કરવામાં આવેલ છે.

જયારે ઘેર ઘેર ગેસ પૂરો પાડવા માટે ઓછા પ્રેશરવાળી પોલીથીલીન પાઈપલાઈન નાખવાનું કામ ચાલી રહેલ છે.

(૨) મોરબીમાં ઘરવપરાશ માટે પાઈપલાઈન મારફત તબકકાવાર ગેસ પૂરો પાડવાનું આયોજન છે અને પ્રથમ તબકકામાં મચ્છુ નદીના પૂર્વ વિસ્તારની નજીકમાં આવેલ રહેણાંક વિસ્તારોને આવરી લેવામાં આવશે અને ગેસ પાઈપલાઈન મચ્છુ નદી ક્રોસ કરવા માટે સક્ષમ સત્તાવાળાઓ પાસેથી પરવાનગી મળ્યેથી મોરબીના પશ્ચિમ વિસ્તારના બાકીના રહેણાંકોને પણ આવરી લેવામાં આવશે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું મુરબ્બી શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું કે મોરબીમાં જે સમયે ખાતમુહૂર્ત કર્યું હતું અને ખાતમુહૂર્ત સમયે કહયું હતું કે આટલા સમયમાં ગેસ આપશે એટલે ભા.જ.પા.ને અને શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું. ઉદ્યોગોને તો ગેસ મળશે. સીએનજી ગેસ વાહન માટે પણ આપ્યો. ઘેર ઘેર ગેસ આપવા સરકાર સંમત થઈ છે. તો કેટલા સમયમાં આપશે? બીજો પ્રશ્ન એ છે કે આમાં કેન્દ્ર સરકાર તરફથી શું સહયોગ મળ્યો છે એ જાણવું છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ઉદઘાટન કર્યું અને મોરબીના સિરામિક ઉદ્યોગથી માંડીને સીએનજી માટે અને ઘેર ઘેર ગેસ માટેનું કામ ચાલુ કર્યું. બીજો સવાલ છે એના જવાબમાં કહું તો કેન્દ્ર સરકારે કોઈ સહાયતા આપી નથી પણ સભ્યશ્રીને હું માહિતી આપું છું કે કેન્દ્રની નીતિને કારણે આવતા દિવસોમાં મોરબીમાં ગેસના ભાવ વધવાની સંપૂર્ણ શકયતા છે. જી.એસ.પી.સી. અને પેટ્રોનેટ એલએન્ડજીએ તા.૧-૪-૦૪માં ૧૫ વર્ષનો કરાર કર્યો એમાં કેન્દ્રએ નીતિ બદલી એને કારણે ૧૫ વર્ષનો કરાર રદ કરવામાં આવ્યો છે. એનો ૬.૭૮ રૂપિયે સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરનો જે ભાવ હતો એનો નવો ભાવ ૯.૧૯ રૂપિયે સ્ટાન્ડર્ડ કયુબીક મીટર આવ્યો એને કારણે ૩૬ટકા ભાવમાં વધારો થશે. એવી જ રીતે બીજો નિર્ણય જે વિભાગે લીધો એ પણ આવતા દિવસમાં મોરબીના ઘર વપરાશ અને સી.એન.જી.ઉદ્યોગ પર અસર કરશે. પન્ના મુકતા તાપીનો જે જી.એસ.પી.સી. દ્વારા કરાર કરવામાં આવ્યો હતો એ કરાર સંપૂર્ણપણે પહેલી એપ્રિલથી રદ કરવામાં આવશે આ રદ કરવાના કારણે એની અસર ખૂબ મોટી પડવાની શક્યતા છે. હું ખાલી દાખલો આપું કે જે આપણે અત્યારે મોરબીમાં ગેસ આપીએ છીએ, એ ૫૦ ટકા ઈમ્પોર્ટેડ એલ.એન.જી. આપીએ છીએ અને ૫૦ ટકા પન્ના મુક્તિ તાપીનો આપીએ છીએ. પન્ના મુક્તિ તાપીનો ૬ ડોલરનો અને ઈમ્પોર્ટેડ એલ.એન.જી. એ ૧૮ રૂપિયા છે. એટલે એવરેજ ૧૨ ની પડે છે. ૧૨ રૂપિયાના કારણે પન્ના મુક્તિ તાપીનો સંપૂર્ણપણે નીકળી જાય તો હાલમાં ૨૦ રૂપિયા સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટરનો ગેસ પડે છે એ ૨૯ રૂપિયા સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર પડશે. અને એના કારણે રોજના ૫.૫૦ લાખ ગણતા ૧૦ રૂપિયાનો ડિફરન્સ ગણીએ તો રોજના ૫૫ લાખનો ભાવ ફેર પડે છે. એક વર્ષનો ૨૦૦ કરોડ રૂપિયાનો ગેસનો ભાવ તફાવત હોવાના કારણે મોરબીના સિરામિક ઉદ્યોગને સંપૂર્ણપણે નુકસાન થાય તેમ છે. એમણે વાત કરી સી.એન.જી.ના બળતણ માટે અને પાઈપ્ડ નેચરલ ગેસ માટે. તો સી.એન.જી. બળતણ માટે રાજ્ય સરકાર આ જ ઈમ્પોર્ટેડ પન્ના મુક્તિ તાપીના ગેસના કારણે સી.એન.જી. સ્ટેશન ચલાવે છે. કેન્દ્ર સરકાર બૉમ્બે અને દિલ્હીને એડમિનિસ્ટ્રેટિવ પ્રાઈઝ મિકેનિઝમનો ગેસ આપે છે, એટલે ૬ રૂપિયાનો આપે છે, પણ લઈએ છીએ એ આપણે ૨૦- ૨૭ રૂપિયે લઈએ છે. આપણે દરખાસ્ત મૂકી છે કે આપણે પણ અમદાવાદ, મોરબી જ્યાં જ્યાં સી.એન.જી. સ્ટેશનો હોય ત્યાં કેન્દ્ર ઈપીએમ ગેસના પ્રાઈઝથી બીજાં રાજ્યને આપે છે, એ પ્રમાણે ગુજરાતને આપે તો ખૂબ મોટો ફાયદો થાય. ત્રીજી પાઈપ્ડ નેચરલ ગેસની વાત કરી એના માટે ૬૫ કિ.મી.ની લો પ્રૅશરની લાઈન નખાઈ ગઈ છે. સ્ટેશનનું કામ ચાલુ છે. તબક્કાવાર નજીક અને નદીની પેલી બાજુ એમ બે તબક્કામાં કામ હાથ ઉપર લેવામાં આવેલ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભારતની અંદર સિરામિક એટલે મોરબી સિરામિક હબ છે. આ સિરામિક ઉદ્યોગ ચાઈના સાથે હરીફાઇ કરતો હોય મોરબીનો સિરામિક ઉદ્યોગની મહત્ત્વની વસ્તુ એ ગેસ છે. આ ગેસ પૂરો પાડવામાં આવ્યો એ નદીના પૂર્વ વિસ્તારમાં અને પશ્ચિમ વિસ્તાર નદીથી આવેલ છે, ત્યાં આ ઉદ્યોગ આવેલ છે, તો આ બે ઉદ્યોગને હરીફાઇમાં ટકવા માટે પશ્ચિમ વિસ્તારમાં કેટલા સમયમાં ગેસ પૂરો પાડવામાં આવશે? અને બીજું કેન્દ્ર સરકાર દ્વારા ગેસ કાપવાના કારણે સી.એન.જી.નો ભાવ વધારવામાં આવ્યો, તો કેન્દ્ર સરકાર પાછો મળતો ગેસ આપે એના માટેનો રાજ્ય સરકાર વધારેમાં વધારે પ્રયત્ન કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રીની લાગણી નદીની પેલી બાજુ જલ્દી લઈ જવો જોઈએ જે સાચી વાત છે. બને એટલું જલ્દી કામ હાથ ઉપર લઈશું. પેલી બાજુ ઉદ્યોગને લાભ મળે તેવો પ્રયાસ હાથ ધર્યો છે. ગેસની વાત અંગે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રીશ્રી જોડે આ વાતની રજૂઆત કરી છે. આવતા દિવસોમાં પેટ્રોલિયમ મંત્રીશ્રી મુરલી દેવરાજીને લખ્યું છે, સમય માગ્યો છે. આ વિષયને માટે ગુજરાતના ઉદ્યોગને અને ઘ રવપરાશ માટે સી.એન.જી. ને નુકસાન ન થાય એનું ધ્યાન રાખે.

**બંધ મિલોના કામદારોને રોજીરોટી આપવા અંગે**

***૯૮૩ શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ ખાતે બંધ પડેલી મિલોના કામદારોને રોજીરોટી આપવા સરકારનું શું આયોજન છે અને

(૨) બંધ મિલ કામદારોના બાકી નીકળતા હક્કનાં નાણાં ક્યારે ચૂકવાશે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) :**

(૧) રાજ્યમાં બંધ પડેલી મિલોના કામદારોને સહાય અને રોજગારી માટે નીચે મુજબ યોજનાઓ અમલમાં છે.

૧. બંધ પડેલી મિલોના કામદારોને સ્વરોજગારી માટે તાત્કાલિક રૂપિયા ૨૫૦૦/- ની આર્થિક સહાય
૨. કેન્દ્ર સરકારની કાપડ કામદાર પુનઃવસન ભંડોળ યોજના હેઠળ બંધ મિલોના કામદારને આર્થિક સહાય માટે રાજય સરકાર દ્વારા ભલામણ
૩. અમદાવાદ સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં એપરલ પાર્કની સ્થાપના દ્વારા રોજગારી મેળવવાનું આયોજન
૪. રાજ્ય સરકારની એપરલ તાલીમ યોજના હેઠળ તૈયાર કપડા ઉદ્યોગ માટે તાલીમ મેળવી રોજગારી મેળવવાની યોજના

આ ઉપરાંત રાજ્યના જુદા જુદા વિભાગો હેઠળ પણ રોજગારલી યોજનાઓ અમલમાં છે. જે તે યોજનાના ધોરણો મુજબ લાયકાત ઘરાવતા બંધ મિલોના કામદારો કે તેના પરિવારોને લાભ મળી શકે છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા સને ૧૯૮૫ અને ૧૯૮૬ માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવેલ અને ગુજરાત રાજ્ય કાપડ નિગમમાં નિહિત થયેલ અનુક્રમે બંધ અને માંદી મિલોના કામદારોના બાકી નીકળતી રકમના દાવાઓની ચકાસણી કરીને ચૂકવણું કરવાની કામગીરી કમિશનર ઑફ પેમેન્ટ દ્વારા થાય છે. જેઓ સમક્ષના બાકી દાવાઓ શકય ઝડપથી નિકાલ કરવામાં આવશે.

તા. ૬-૨-૧૯૯૭ થી ફડચામાં ગયેલી ગુજરાત રાજય કાપડ નિગમ લિ.ની બંધ મિલોના કામદારોને તેમના લેણાની રકમની ચૂકવણી થઈ ગયેલ છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સમગ્ર અમદાવાદ શહેરની અંદર જી.એસ.ટી.સી.ની ૨૯ મિલો બંધ થઈ, એમાં ૬૭,૦૦૦ કરતાં વધારે કારીગરો બેકાર બન્યા, એના ભાગરૂપે એમના ૫૬૮ કરોડ રૂપિયા બાકી નીકળતા હતા. આજની તારીખમાં ૧૨૮ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. ૪૪૦ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી નીકળે છે. આ કેટલા સમયમાં ચૂકવવા માગે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી, એમાં ૩ ટાઈપની અમદાવાદની મિલો જી.એસ.ટી.સી, એન.ટી.સી. અને પ્રાઈવેટ આવી ૪૯ મિલો અમદાવાદમાં આવેલી છે. ૪૯ માંથી કુલ ૯૦,૭૩૬ કારીગરોને અસર થઈ હતી. જે એન.ટી.સી. કેન્દ્રના હાથમાં છે. રાજ્ય સરકારે જી.એસ.ટી.સી. ની મિલો માટે સંપૂર્ણપણે ૨૧૮ કરોડ ચૂકવણી ગ્રેજયુઈટીની, રિટાયરમેન્ટથી માંડીને સેલરી, બોનસ ચૂકવી દીધું છે. પેન્ડિગ ઈસ્યુ છે એ હક્ક રજા જે અનકલેઈમ છે, એમાં ૫૩૯૫ કારીગરોના આશરે ૨૨૫ વ્યક્તિ દીઠ થાય છે તે બાકી છે. એમના નામ, એડ્રેસીસ મળતા નથી. ઘણા બધા કારીગરો બહારગામ જતા રહ્યા છે. ૧૯૮૫ પહેલાનો વિષય છે એ એક બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ જે પ્રોવિડન્ટ ફંડ છે તેમાં એમ્પ્લોઈઝનો ફાળો ૧૨ મિલોમાંથી બે મિલોનો પ્રોવિડન્ટ ફંડ કમિશ્નરને ચૂકવી દીધો છે. તે માર્ચ-૧૯૯૮ની અંદર ચુકવ્યા છે. હજુ સુધી પ્રોવિડન્ટ ફંડ કમિશ્નરે આ મિલના કારીગરોને ચુકવ્યા નથી. રાજય સરકારે બાકીની ૮ મિલો માટે માહિતી માગી છે કે કયા કયા કારીગરોને કેટલા રૂપિયા ચૂકવવાના થાય છે તે માહિતી મળી નથી. એટલે આઠ મિલના પ્રોવિડન્ટ ફંડના એમ્પ્લોઈઝના ફાળાના ૬૨ લાખ ચૂકવવાના બાકી છે. ત્રીજું કે જે એકાઉન્ટ રીકન્સીલ કરવાના બાકી છે તે રીકન્સીલીએશન એમાઉન્ટમાં નાના મોટા આંકડા વધે તે ચૂકવવાના બાકી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બંધ મિલોની જમીનમાં રાજય સરકારે એપરલ પાર્ક સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન દ્વારા રોજગારીનું સર્જન કરવા માટેનો પ્રોજૅક્ટ કરેલ છે તેમાં આ કામદારોને તાલીમ આપવા માટે કોઈ વ્યવસ્થા ઉભી કરવામાં કરવી હોય અને તેમાં ખાસ કરીને મહિલા કામદારો માટે કેટલા પ્રમાણમાં રોજગારી મળશે તે હું જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૧ હેકટર જમીનની અંદર અંબિકા મિલ અને ભારત સર્વોદય મિલ તે બે મિલો અને સારંગપુર અને સિલ્વર કોટન મીલ્સ એની અંદર એપરલ પાર્કમાં આશરે ૩૫ હજાર એમ્પ્લોઈઝને આપણે રોજગારી મળે તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવી છે. સભ્યશ્રીએ વાત કરી કે ટ્રેનિંગ ઈન્સ્ટીટયૂશન તો સરકારશ્રીએ ટ્રેનિંગ ઈન્સ્ટીટયૂશન ખોલ્યું છે. ટ્રેનર્સ અને ટ્રેઈનિંઝ બંનેને ટ્રેનિંગ આપવા માટે તા. ૨૪-૧૧-૦૪એ જી.આર. કર્યો છે. આની અંદર ગવર્નમેન્ટ સંસ્થા હોય અને ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા હોય તેને સો ટકા કેપીટલ બે કરોડ રૂપિયા સુધી આપવામાં આવે છે અને પ્રાઈવેટ હોય તો તેને ૫૦ ટકા સુધી ઈન્વેસ્ટમેન્ટમાં કેપીટલ સબસીડી આપવામાં આવે છે. આ આખી સ્કીમ કમિશ્નર ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ચલાવવામાં આવે છે. અત્યાર સુધી રાજયની

અંદર ૪૩ ટ્રેનિંગ ઈન્સ્ટીટયૂટ ચાલી રહયા છે. ૧૫-૧-૦૮ સુધીમાં કુલ ૩૪૫૮ ટ્રેનરને નોકરી મળી છે આ ટ્રેનિંગ આપવાના કારણે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ મુખ્યમંત્રીશ્રી સંભાળે છે ત્યારે અમદાવાદ શહેરમાં ૪૯ મિલો બંધ થઈ જતાં તેના લીધે એક લાખ કરતાં વધારે કારીગરો બેરોજગાર બન્યા છે અને માનનીય અનિલભાઈએ એપરલ પાર્કની વાત કરો છો અને આ એપરલ પાર્ક એ મારા મત વિસ્તારમાં બનેલો છે અને તેમાં જે ટ્રેનિંગનો રેશીયો રાખેલો છે, ફીના જે ધોરણો રાખેલ છે તેમાં ત્રણ હજાર રૂપિયાથી માંડીને ત્રીસ હજાર રૂપિયા સુધી ફી રાખવામાં આવેલ છે. હવે જ્યારે જેની પાસે રોજી ન હોય તો ફી કયાંથી ભરશે? તો અમાં સરકારશ્રી પુન:વિચારણા કરવા માગે છે કે કેમ? બીજું આ જે એક લાખ જેટલા બંધ મિલ કામદારો છે તેમાં સરકાર જેમ અનેક યોજનાઓ પૅકેજ તરીકે જાહેર કરે છે તો આ એક લાખ બંધ મિલ કામદાર માટે મુખ્યમંત્રીશ્રી કે સરકાર કોઈ પૅકેજ બહાર પાડવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

## પોલીસદળમાં જુદા જુદા સંવર્ગમાં ભરતી

***૫૦૪ શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) પોલીસદળને વધુ અસરકારક બનાવવા માટે રાજય સરકાર જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવા માટે છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ કઈ સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ):**

(૧)અને (૨)

અદ્યતન બનાવેલા પોલીસ દળના સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ મુજબ વધુ કાર્યક્ષમ પોલીસોની ભરતી કરવામાં આવે છે. લોકરક્ષક (હથિયારી/બિનહથિયારી/મહિલા)ની કુલ-૭૩૮૨ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માગણી પત્રકો મોકલવામાં આવેલ છે. મંડળે તાજેતરમાં એસ.આર.પી. લોકરક્ષકની જગ્યા માટે ૩૫૫૪ જેટલા ઉમેદવારોના નામોની ભલામણ કરેલ છે. જેમની નિમણૂકની કાર્યવાહી ગતિમાં છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા છ વર્ષમાં થયેલ ભરતીની સંખ્યા, પ્રક્રિયા ચાલુ હોય તેવી સંખ્યા અને મંજૂરી મળી હોય તેવી સંખ્યા અને કુલ સંખ્યાની માહિતી અને બીજું કે પોલીસ તંત્રમાં સંવર્ગવાર ભરતી કયા સ્તરે, કોના દ્વારા કરવામાં આવે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી છેલ્લા છ વર્ષની ભરતી પૂર્ણ થઈ હોય તો તેની માહિતીમાં ૩૬૫૫ કર્મચારી/અધિકારીઓની ભરતી પૂરી થઈ છે. લગભગ ૭૩૮૨ની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. બીજું ૩૫૦૦ લોકરક્ષક (હથિયારી)ની ભરતીની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ૧૩૪૬ જુદા જુદા સંવર્ગની ભરતીની મંજૂરી મળી ગઈ છે અને પ્રક્રિયા ચાલુ કરવાની બાકી છે. કુલ ૩૬૫૫, ૧૧૧૮૩, ૧૩૪૬ આમ કુલ મળીને ૧૬૧૮૪ કર્મચારી/ અધિકારીઓની ભરતીની પ્રક્રિયા ચાલુ કરી છે. મને આ સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થાય છે કે રાજયની સ્થાપના પછી પાંચ વર્ષમાં ગૃહ વિભાગને આટલી મોટી સંખ્યામાં ભરતીની મંજૂરી મળી હોય એવા પહેલા પાંચ વર્ષ છે. આનાથી અમારા વિભાગને તો ખરેખર સંતોષ છે. બીજું કે આ ભરતી કોણ કરે છે તે સવાલ છે તો નાયબ પોલીસ અધિકારીની કેડરમાં સીધી ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગ કરે છે અને વર્ગ-૩ના કર્મચારી/અધિકારીઓની પસંદગી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કરવામાં આવે છે.

## ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ અંગે

***૧૨૧ શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** ( આયોજન) જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં ધારાસભ્ય દ્વારા જાન્યુઆરી-૦૮ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ પૈકી કંઈ સંસ્થાઓને કઈ તારીખે ચૂકવવામાં આવી,

(૨) ગ્રાન્ટ આપવા છતાં આવી સંસ્થાઓને જે તે હેતુ માટે લાભ મળતા નથી તેના કારણો શું છે, અને

(૩) રાજય સરકાર આવી બાબતે સમાન ધોરણે લાભાર્થીઓને લાભ મળે તે બાબતે શી કાર્યવાહી કરવા માગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** ( આયોજન ) :

(૧) આ સાથેના પત્રક મુજબ

(૨) જે તે સંસ્થાને જે હેતુ માટે ગ્રાન્ટ આપવામાં આવે છે તે હેતુ માટે જ લાભ મળે છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) માનનીય ધારાસભ્યશ્રી સ્વવિવેક મુજબ નિર્ણય કરીને માર્ગદર્શક યાદી મુજબના કામો સૂચવતા હોય છે. જેથી અસમાનતાનું કોઈ કારણ નથી.

**પત્રક**

| ક્રમ | ધારાસભ્યશ્રીનું નામ | ધારાસભ્યશ્રીઓએ સંસ્થા માટે સુચવેલ કામ | ફાળવેલ ગ્રાન્ટ | ગ્રાન્ટ ફાળવણી હુકમની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| વર્ષ ૨૦૦૬-૦૭ | | | | |
| ૧ | શ્રી હેમાભાઈ રાજપૂત, માન. ધારાસભ્યશ્રી, વાવ | થરાદ, તા. થરાદ શ્રી બજરંગબલી યુવા ટ્રસ્ટ સંચાલિત શ્રી રામદેવપીર પ્રાથમિક શાળા, થરાદના નવીન મકાન માટે | ૨૦૦૦૦૦ | ૨૩/૩/૨૦૦૭ |
| ૨ | શ્રી મુકેશભાઈ ગઢવી, માન. ધારાસભ્યશ્રી, દાંતા | કુંડલ, તા. દાંતા ગામે અરવલ્લી ગ્રામ વિકાસ ટ્રસ્ટ પેથાપુર સંચાલિત માધ્યમિક વિદ્યાલય રૂમ | ૨૦૦૦૦૦ | ૧૬/૭/૨૦૦૭ |
| ૩ | શ્રી મુકેશભાઈ ગઢવી, માન. ધારાસભ્યશ્રી, દાંતા | અંબાજી કન્યા શાળા વિદ્યાલય ઓરડાનું કામ | ૧૯૪૪૦૦ | ૩/૨/૨૦૦૭ |
| ૪ | શ્રી હરજીવન પટેલ, માન. ધારાસભ્યશ્રી, ધાનેરા | શ્રી પુરોહિત સમાજ પ્રગતિ મંડળ, પાંથાવાડા, તા. દાંતીવાડા શાળા રૂમ. | ૨૦૦૦૦૦ | ૨૩/૭/૨૦૦૭ |
| ૫ | શ્રી હરજીવન પટેલ, માન. ધારાસભ્યશ્રી, ધાનેરા | શ્રી ધાનેરા કેળવણી મંડળ સંચાલિત ડી. બી. પારેખ હાઈસ્કુલ રૂમ-૧ | ૨૦૦૦૦૦ | ૧૯/૩/૨૦૦૭ |
| ૬ | શ્રી હરજીવન પટેલ, માન. ધારાસભ્યશ્રી, ધાનેરા | શ્રી મહાકાળી એજ્યુકેશન ટ્રસ્ટ, મુ. કોટડા, તા. ડીસા સંચાલિત માધ્યમિક શાળા રૂમ | ૨૦૦૦૦૦ | ૧૬/૭/૨૦૦૭ |
| ૭ | શ્રી દોલતભાઈ પરમાર, માન. ધારાસભ્યશ્રી, વડગામ | સિસરાણા, તા. વડગામ કેળવણી મંડળ સંચાલિત શાળાના એક ઓરડાના કામે | ૧૫૦૦૦૦ | ૩/૧૦/૨૦૦૭ |
| ૮ | શ્રી દોલતભાઈ પરમાર, માન. ધારાસભ્યશ્રી, વડગામ | ચંગવાડા, તા. વડગામ શ્રી સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત શાળા-૧ ઓરડાના કામે | ૧૫૦૦૦૦ | ૧૦/૧૦/૨૦૦૭ |
| ૯ | શ્રી દોલતભાઈ પરમાર, માન. ધારાસભ્યશ્રી, વડગામ | વડગામ બાવીસી પ્રજાપતિ મંડળ સંચાલિત માધ્યમિક શાળા રૂમ | ૧૫૦૦૦૦ | ૧૯/૬/૨૦૦૭ |
| ૧૦ | શ્રી દોલતભાઈ પરમાર, માન. ધારાસભ્યશ્રી, વડગામ | કણોદરા પ્રાથમિક શાળા નં. ૧ના પ્રાર્થના ખંડના અધૂરા કામે | ૪૦૦૦૦ | ૨૮/૯/૨૦૦૭ |
| ૧૧ | શ્રી દોલતભાઈ પરમાર, માન. ધારાસભ્યશ્રી, વડગામ | પિલુચા કેળવણી મંડળ શાળાનો માધ્યમિક શાળાનો ઓરડો | ૧૫૦૦૦૦ | ૩/૧૦/૨૦૦૭ |
| ૧૨ | શ્રી કાંતિભાઈ કચોરીયા, માન. ધારાસભ્યશ્રી, પાલનપુર | ગઢ, તા. પાલનપુર મુકામે દૂધ મંડળીના નવીન મકાનના બાંધકામ અંગે ખૂટતી રકમ અથવા રૂ. ૨.૦૦ લાખથી જે ઓછી હોય તે | ૨૦૦૦૦૦ | ૧૩/૮/૨૦૦૭ |
| ૧૩ | શ્રી કાંતિભાઈ કચોરીયા, માન. ધારાસભ્યશ્રી, પાલનપુર | સુંઢા ગામે શ્રી સુંઢા સાર્વજનિક હાઈસ્કુલ માધ્યમિક શાળાના-૧ રૂમ બનાવવા માટે | ૧૫૦૦૦૦ | ૧૯/૯/૨૦૦૭ |
| ૧૪ | શ્રી કાંતિભાઈ કચોરીયા, માન. ધારાસભ્યશ્રી, પાલનપુર | મોટા, તા. પાલનપુર શ્રી મોટા કેળવણી મંડળ મોટા ખાતે શૈક્ષણિક હેતુસર શાળાના રૂમ માટે | ૨૦૦૦૦૦ | ૧૦/૧૦/૨૦૦૭ |
| ૧૫ | શ્રી કાંતિભાઈ કચોરીયા, માન. ધારાસભ્યશ્રી, પાલનપુર | વાઘણા, તા. પાલનપુર ગામની ગાયત્રી વિદ્યાલયના શાળાના ઓરડા માટે | ૧૫૦૦૦૦ | ૧૦/૧૦/૨૦૦૭ |
| ૧૬ | શ્રી કાંતિભાઈ કચોરીયા, માન. ધારાસભ્યશ્રી, પાલનપુર | વાઘણા, તા. પાલનપુર ગામની ગાયત્રી વિદ્યાલયના શાળાના ઓરડા માટે | ૧૫૦૦૦૦ | ૧૦/૧૦/૨૦૦૭ |
| ૧૭ | શ્રી ભેમાભાઈ પટેલ, માન. ધારાસભ્યશ્રી, દિયોદર | ભાભર તાલુકાના સણવા ગામે સર્વોદય ઉ. બુ. વિદ્યાલય, સણવાના શાળાના રૂમ માટે | ૩૦૦૦૦૦ | ૨૯/૩/૨૦૦૭ |
| ૧૮ | શ્રી ગોવાભાઈ દેસાઈ, માન. ધારાસભ્યશ્રી, ડીસા | માલગઢ, તા. ડીસા પ્રગતિ મંડળ સંચાલિત લચ્છાજી હિન્દુજી માળી, માધ્યમિક શાળામાં ઓરડા બનાવવા માટે | ૨૦૦૦૦૦ | ૨૧/૬/૨૦૦૭ |
| વર્ષ ૨૦૦૭-૦૮ | | | | |
| ૧૯ | શ્રી ધારસિંહભાઈ ખાનપુરા, માન. ધારાસભ્યશ્રી, કાંકરેજ | કંબોઈ, તા. કાંકરેજ વિભાગ કેળવણી મંડળ સંચાલિત ગાયત્રી વિદ્યાલય, કંબોઈ શાળાના રૂમ માટે | ૧૮૦૦૦૦ | ૮/૧૦/૨૦૦૭ |

| ક્રમ | ધારાસભ્યશ્રીનું નામ | ધારાસભ્યશ્રીઓએ સંસ્થા માટે સુચવેલ કામ | ફાળવેલ ગ્રાન્ટ | ગ્રાન્ટ ફાળવણી હુકમની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૦ | શ્રી ક્રાંતિભાઈ ક્રયોરીયા, માન. ધારાસભ્યશ્રી, પાલનપુર | પાલનપુર મુકામે શ્રી બનાસકાંઠા ઠાકોર સમાજ સંસ્કાર કેળવણી મંડળ સંચાલિત શાળાના ઓરડા બાંધકામનું કામ | ૧૫૦૦૦૦ | ૨૮/૧૨/૨૦૦૭ |
| ૨૧ | શ્રી મુકેશભાઈ ગઢવી, માન. ધારાસભ્યશ્રી, દાંતા | કુંભારીયા, તા. દાંતા બલીયા, બીલેશ્વર આશ્રમ, કુંભારીયા પ્રાથમિક શાળાના રૂમ બાંધવા માટે | ૧૦૦૦૦૦ | ૮/૧૦/૨૦૦૭ |

**શ્રી મફતલાલ મો. પુરોહિત :** માનનીય અધ્યક્ષશ્રી, મારો જિલ્લો બનાસકાંઠા પૂરા ગુજરાતમાં શિક્ષણમાં પછાત છે, આ જે પ્રશ્ન છે તે એટલા માટે ઉપસ્થિત થયો છે કે કલેકટરશ્રી દ્વારા જે પાંચ લાખ રૂપિયા ઉપર ગ્રાન્ટ આપવામાં આવે છે તે ગ્રાન્ટ પહેલાં સીધી જ જે તે ટ્રસ્ટોને આપીને કામગીરી માટે તબક્કાવાર છૂટી કરવામાં આવતી હતી. હવે આર એન્ડ બી દ્વારા કામ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે, જેના કારણે પાંચ લાખ ઉપરની ગ્રાન્ટ સંસદશ્રીએ ફાળવેલ હોય તો પણ એને કલેકટરશ્રી આપતા ન હોવાથી જે હેતુ માટે ગ્રાન્ટ આપી હોય એ હેતુ વિલંબ થવાને કારણે સરતો નથી તો કલેકટરશ્રીને સરકારશ્રી એવી કોઈ સૂચના આપવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સંસદસભ્યશ્રીની જે ગ્રાન્ટ આવતી હોય તે સંસદીસભ્યશ્રી પાર્લામેન્ટના નિયમો પ્રમાણે ચાલતા હોય અને માનનીય ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ એ એના નિયમ પ્રમાણે ચાલતી હોય છે અને ધારાસભ્યશ્રી જે કામ આપે છે એ ગાઈડલાઈન રાજય સરકારે જે બનાવી છે એ નિયમો પ્રમાણે કલેકટરશ્રી અને જિલ્લા આયોજન અધિકારી દ્વારા કરવામાં આવે છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રાન્ટ શાળાના ઓરડાઓ માટે ફાળવવામાં આવી છે એ ગ્રાન્ટ એ શાળાના ઓરડાઓ ગ્રાન્ટેબલ છે કે કેમ એ શાળા જે કે જેને ફાળવવામાં આવે છે એ ગ્રાન્ટેબલ છે કે કેમ અને આવા કેટલા ઓરડાઓ છે કે જેને માટે ગ્રાન્ટેબલ ન હોય છતાં ફાળવવામાં આવી હોય?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સંસ્થાઓને જે ગ્રાન્ટ આપવામાં આવી છે એના નિયમો જુદા છે અને એના નિયમો અનેક છે, હું ખાલી થોડીક માહિતી આપું કે ત્રણ વર્ષથી રજીસ્ટર થયેલી સંસ્થા હોવી જોઈએ, નાબાર્ડ સંસ્થા, સમાજ સેવા અને સામાજિક પ્રવૃત્તિઓ કરતી હોય તેવી નામાંકિત સંસ્થા હોવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી જે રકમ ફાળવે છે તે સાર્વજનિક હેતુ માટે હોવી જોઈએ અને જે મિલકતો ઊભી થાય છે એ સરકારશ્રીની રહેશે એ પ્રમાણે અનેક ગ્રાન્ટો છે, એના નિયમો સંસ્થાઓના જુદા જુદા છે એ નિયમો ધ્યાનમાં રાખીને કલેકટરશ્રી આ ગ્રાન્ટ ફાળવે છે.

**ભરૂચ જિલ્લામાં જમીન સંપાદન**

***૧૧૦૮ શ્રી કિરણકુમાર લ. મકવાણા (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સરદાર સરોવર યોજનાનું પુનઃવસવાટ માટે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ કેટલી જમીનો સંપાદન કરવામાં આવી, અને

(૨) અને આ જમીનો ઉપર હાલમાં કોનો કબજો છે?

**મુખ્ય મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પુનઃવસવાટ માટે સંપાદન કરવામાં આવેલ જમીનોની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **સંપાદન કરવામાં આવેલ જમીન ( હેકટરમાં )** |
|---|---|
| જંબુસર | ૬૭૬.૭૮.૧૨ |
| આમોદ | ૩૪૩.૭૩.૨૭ |
| ભરૂચ | ૮૫૭.૭૭.૩૭ |
| વાગરા | ૧૬૩.૮૩.૭૦ |
| ઝગડીયા | ૨૮૧.૦૫.૪૨ |
| **વાલીયા** | **૧૮૯.૬૭.૪૫** |
| કુલ: | ૨૫૧૨.૮૫.૩૩ |

---

(૨) અસરગ્રસ્તોને ફાળવેલ જમીનો ઉપર અસરગ્રસ્તોના કબજો છે. જ્યારે અસરગ્રસ્તોને ફાળવ્યા સિવાયની જમીનો સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી હસ્તક છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સરદાર સરોવર યોજનાના પુનઃવસવાટ માટે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને આ જમીનો ઉપર હાલમાં કોનો કબજો છે? તો માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, જે ઝગડિયા તાલુકામાં ૨૮૧.૦૫.૪૨ હેકટર જમીન ફાળવવામાં આવી છે તેની અંદર શેરડીનું વાવેતર કરવામાં આવેલ છે જે મહામૂલા પાકની આવક સરકારશ્રી લે છે કે કોઈ અસામાજિક તત્વો લે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની બાંધકામની પ્રગતિ માટે સુપ્રિમ કોર્ટના આદેશ પ્રમાણે અને એવોર્ડ પ્રમાણે જે વિસ્થાપિતો હોય એ તમામ વિસ્થાપિતોનુ જગ્યા ફાળવવાનું, મકાન બનાવી આપવાનું, અન્ય સુવિધાઓ આપવાનું પેકેજ મંજૂર થયેલ છે અને પેકેજ પ્રમાણે મંજૂરી અત્યાર સુધી જે લાભાર્થીઓને ગુજરાતના ગુજરાતમાં, મધ્યપ્રદેશના ગુજરાતમાં અને મહારાષ્ટ્રના જો ઈચ્છે તો ગુજરાતમાં એમને વસવાટ કરવાની આપણે વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે ભરૂચ જિલ્લામાં કેટલા હેકટર જમીન સંપાદિત કરવામાં આવી છે તો ભરૂચ જિલ્લામાં ૨૫૧૨ હેકટર જમીન સંપાદિત કરવામાં આવી છે. એ જમીન વસાહત બનાવવા માટે અને પુનઃસ્થાપિતોને બે હેકટર દીઠ જમીન આપવાનું ગુજરાત સરકારનું પૅકેજ છે જેને નામદાર સુપ્રીમ કોર્ટે પણ ખૂબ કર્યું છે અને સુપ્રીમ કોર્ટના નિર્દેશન હેઠળ નિવૃત્ત જજની કમિટી દ્વારા આ કામ કરવામાં આવે છે. ભરૂચ જિલ્લામાં આવી કોઈ જગ્યાએ જે જમીન છે એમાં કોઈનું દબાણ હોય એવી સરકાર પાસે કોઈ રજૂઆત કે ફરિયાદ આવી નથી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે, એમાં સવાલ એ હતો કે આ જમીનો ઉપર હાલમાં કોનો કબજો છે? જવાબ છે, અસરગ્રસ્તોને ફાળવેલ જમીનો ઉપર અસરગ્રસ્તોનો કબજો છે જ્યારે અસરગ્રસ્તોને ફાળવ્યા સિવાયની જમીન સરદાર સરોવર પુનઃવસન એજન્સી હસ્તક છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ જે અસરગ્રસ્તો છે એનો જગડયા તાલુકામાં કયા કયા ગામમાં વસવાટ કરાવ્યો છે, બીજુ અસરગ્રસ્તોને ફાળવ્યા સિવાયની જે જમીન છે જે પુનઃવસવાટ એજન્સી હસ્તક છે એ જમીન કઈ કઈ છે, અને આના માટે કોઈએ મેમોરન્ડમ સરકારને આપ્યું છે કે નહીં? જો આપ્યું હોય તો સરકાર આના ઉપર શું એકશન લેવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે તાલુકાવાર માહિતી છે, તાલુકામાં કયા કયા ગામમાં જમીન છે એ માહિતી અત્યારે ઉપલબ્ધ નથી. બીજુ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે જે જમીન ફાજલ છે એમાં બંધની પૂરેપૂરી ઊંચાઈ જ્યારે આપણે પ્રાપ્ત કરીશું ત્યાં સુધીમાં જે અસરગ્રસ્તો થવાના છે એમાં સરકારે બે કામ કર્યા છે ૧૨૧.૯૨ મીટર સુધીની જે ઊંચાઈ પ્રાપ્ત કરવાની હતી એ આપણે સફળતાપૂર્વક પ્રાપ્ત કરી ચૂક્યા છીએ એમાં જે વિસ્તાપિતો ગુજરાતના, મધ્યપ્રદેશના અથવા મહારાષ્ટ્રના જેટલા લાભાર્થી થતા હતા એ તમામનું પુનઃસ્થાપન સફળતાપૂર્વક આપણે કરી ચૂક્યા છીએ. હવે બીજુ આયોજન જે છે એ ૧૨૧.૯૨ મીટરથી ઉપરની જે ઊંચાઈ કરવાની છે અથવા તો તબક્કાવાર જે વિસ્તાપિતો થવાના છે એ વિસ્થાપિતો માટે આગોતરું આયોજન એમને વસાવવા માટે, એમની વસાહત માટે અને એમની ખેતીની જમીન આપવા માટે જે જમીન જોઈશે એ માટે ગુજરાત સરકારે આગોતરુ આયોજન કરીને જમીન પ્રાપ્ત કરી રાખી છે એટલે ભવિષ્યમાં જ્યારે પણ વસવાટ માટે કે ખેતીની જમીન આપવાની થાય ત્યારે સમયનો વિલંબ ન થાય અને નર્મદા યોજનાનું કામ સહેજ પણ વિલંબમાં ન મુકાઈ એ પ્રમાણે સરકારે આયોજન કરી લીધું છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં પુનઃવસન માટેના ૬ તાલુકા પૈકી ૨૫૧૨ હેકટર જમીન ફાળવેલ છે એમાં અત્યારે અસરગ્રસ્ત કુટુંબના કેટલા કુટુંબો ત્યાં રહે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૭ જિલ્લાઓની અંદર અત્યારે આ કુટુંબોનો વસવાટ કરવામાં આવ્યો છે અને એમાં ભરૂચ જિલ્લામાં અત્યારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી અત્યારે એ માહિતી ન હોય તો પછી જવાબ મેજ ઉપર મૂકી દેજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે માનનીય સભ્યશ્રીઓએ પ્રશ્નો પૂછ્યો એમાં માનનીય કિરણભાઈ અને માનનીય અમરસિંહભાઈએ જે પ્રશ્ન પૂછ્યો છે એ સ્પેસિફિક સવાલ છે. આયોજન અંગે એ નથી પૂછતા એમનો સવાલ એવો છે, આપના મારફતે માનનીય મંત્રીશ્રી ધ્યાનથી સાંભળે કે બન્ને સવાલ છે આયોજનનો ન હતો એમનો સવાલ એવો છે કે ફોલ્ટમાં જમીન છે. એક એ કે જે જમીન તમે સંપાદન કરી લીધી છે અને ભવિષ્યમાં અથવા અત્યારે જે ડૂબમાં ગઈ છે એ જમીન બીજી જે અસરગ્રસ્તોને આપી છે એ માનનીય અધ્યક્ષશ્રી, બન્ને સભ્યશ્રીઓની લાગણી છે અને માનનીય મંત્રીશ્રી ધ્યાનથી ચકાસે તે અત્યંત જરૂરી છે, આ બન્ને પ્રકારની જમીનો અસામાજિક તત્ત્વોએ, જે સંપાદન થઈ ગઈ છે તે જમીનો નિગમ હસ્તક રહેવી જોઈએ અને જેને આપી છે એ અસરગ્રસ્તો હસ્તક રહેવી જોઈએ. આ બન્ને જગ્યાએથી અસામાજિક તત્ત્વોએ અસરગ્રસ્તોને પણ કાઢી મૂક્યા અને નિગમની જમીન પોતાના કબજામાં રાખી અને સેંકડો એકર જમીનોનું માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે, મને કોઈ આવેદનપત્ર કે રજૂઆત મળી નથી. કલેક્ટરના એન્ડોર્સમેન્ટ સાથેની કોપી છે મારી પાસે, કલેકટરશ્રીને મળ્યું એ રાજય સરકારને મળ્યું એવા માનનીય અધ્યક્ષશ્રીના ભૂતકાળના નિર્ણયો છે. આ જે બાબત છે એના ચોથા અને પાંચમા ક્રમે, આને પોલિટિકલ કરવાના બદલે અસામાજિક તત્ત્વો.. આ આવેદનપત્ર ૧૫૬ જણાએ સહી કરીને

આપ્યું છે, જેમાં ત્રણ પૂર્વ ધારાસભ્યો છે, તાલુકા પંચાયતના પ્રમુખ છે, સામાજિક કાર્યકરો છે તેમ છતાં આ સવાલને આયોજનમાં લઈ જવાના બદલે આ અંગે સરકાર શું નક્કર કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ભરૂચ જિલ્લામાં જે અસરગ્રસ્તોને વસાવવામાં આવ્યા છે એ ૭૪૮ પરિવારોને વસાવવામાં આવ્યા છે. બીજો પ્રશ્ન, માનનીય શકિતસિંહજીએ કહ્યું એ પ્રમાણે હજી પણ આવી કોઈપણ રજૂઆત આવશે તો સરકાર ગંભીરતાથી એના પર પગલાં લેવા તૈયાર છે. અસરગ્રસ્તોને ફળવાયેલ જમીનો અસરગ્રસ્તો જ વાપરે એ માટે અમે ગંભીરતાપૂર્વક કામ કરીશું.

**પોલીસદળમાં જુદા જુદા સંવર્ગમાં ભરતી**

***૫૦૬ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ) :, માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-
રાજયમાં પોલીસદળને વધુ અસરકારક બનાવવા માટે રાજય સરકાર જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવા માગે છે કે કેમ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

અદ્યતન બનાવેલા પોલીસ દળના સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ મુજબ વધુ કાર્યક્ષમ પોલીસોની ભરતી કરવામાં આવે છે. લોકરક્ષક (હથિયારી/બિન હથિયારી/મહિલા) ની કુલ ૭૩૮૨ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માગણી પત્રકો મોકલવામાં આવેલ છે. મંડળે તાજેતરમાં એસ.આર.પી. લોકરક્ષકની જગ્યા માટે ૩૫૫૪ જેટલા ઉમેદવારોના નામોની ભલામણ કરેલ છે, જેમની નિમણૂંકની કાર્યવાહી ગતિમાં છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા:** માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક-૧૨ છે પરંતુ આજની પ્રશ્નોત્તરીના તારાંકિત પ્રશ્ન નંબર-૮માં મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયેલ છે તેથી મારે હવે વિશેષ કોઈ પ્રશ્ન પૂછવા નથી.

**માઈક્રો ઈરિગેશન હેઠળ અપાયેલ વીજ જોડાણ**

***૯૬૭શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) "માઈક્રો ઈરિગેશન સિસ્ટમ યોજના" હેઠળ વીજ જોડાણ આપવાની જાહેરાત કર્યા પછી ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષ દરમિયાન પશ્ચિમ ગુજરાત વીજ કંપની નીચે આવતા જિલ્લાઓમાંથી જિલ્લાવાર કેટલા ખેડૂતોની વીજ જોડાણ માટેની અરજીઓ આવી અને
(૨) આ પૈકી જિલ્લાવાર કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા)**

(૧) અને (૨) માઈક્રો ઈરિગેશન સિસ્ટમ યોજના હેઠળ વીજ જોડાણ આપવાની જાહેરાત ઑગસ્ટ, ૨૦૦૭માં કરવામાં આવ્યા બાદ ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની નીચે આવતા જિલ્લાઓમાંથી વીજ જોડાણ માટે કુલ ૪૦૯૫ અરજીઓ મળેલ જેની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે:-

| અનુ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ | શરતો પૂર્ણ થયેલ અને નાણાં ભરપાઈ કરેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૩ | ૦૪ |
| ૨ | અમરેલી | ૭૪૦ | ૪૫ |
| ૩ | ભાવનગર | ૭૯૬ | ૧૫ |
| ૪ | જુનાગઢ | ૭૦૦ | ૨૩ |
| ૫ | જામનગર | ૫૯૮ | ૩૨ |
| ૬ | કચ્છ | ૧૧૩ | ૩૫ |
| ૭ | રાજકોટ | ૭૫૧ | ૨૬ |
| ૮ | સુરેન્દ્રનગર | ૨૫૪ | ૦૨ |
| ૯ | પોરબંદર | ૧૦૦ | ૪૬ |
| | કુલ.. | ૪૦૯૫ | ૨૨૮ |

૨૧ ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવેલ છે, જેની જિલ્લાવાર વિગત નીચે મુજબ છે:-

| અનુ.નં. | જિલ્લાનું નામ | વીજ જોડાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૧૨ |
| ૨ | જુનાગઢ | ૬ |
| ૩ | રાજકોટ | ૩ |

| | | |
|---|---|---|
| | કુલ.. | ૨૧ |

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા:** માનનીય અધ્યક્ષશ્રી, માઈક્રો ઈરિગેશન સિસ્ટમ યોજના હેઠળ જે વીજ જોડાણ આપવાની વાત છે.એની જાહેરાત ઓગષ્ટ, ૨૦૦૭માં થઈ અને છેલ્લાં પાંચ માસ દરમિયાન જે અરજીઓ આવી એ અરજીઓ કુલ ૪૦૯૫ અરજીઓ મળી, એમાંથી એની જે શરતો અને વિગતો વિગેરે પૂર્ણ કરી નાણાં ભર્યા એ પણ ૨૨૮ જેટલા ખેડૂતોએ એની કાર્યવાહી પૂર્ણ કરી દીધી. એમાં અત્યાર સુધીમાં ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં ફકતને ફકત ત્રણ જ જિલ્લાઓમાં ૨૧ ખેડૂતોને જ આ યોજના હેઠળ વીજ જોડાણો આપવામાં આવ્યા. આ સિસ્ટમનો ખેડૂતો ખૂબ સારી રીતે લાભ લે એવું આપણે સૌ કોઈ ઈચ્છીએ, પરંતુ સમયસર માઈક્રો ઈરિગેશન સિસ્ટમ યોજના હેઠળ વીજ જોડાણ નહિ મળવાના કારણે ઘણા ખેડૂતો કયાંક સીધી કે આડકતરી રીતે કૂવા કે બોરમાંથી પાણી લેવા માટે વીજ જોડાણ લેવા માટે લંગરિયા નાંખે છે અથવા તો વીજ ચોરી કરે છે એને કારણે ખૂબ મોટા દંડ આવે છે એટલે હું એટલું જ જાણવા માગું છું કે, ખેડૂતોએ જે અરજી કરી છે એને વહેલામાં વહેલી તકે, સમયમર્યાદા રાખી ક્યાંસુધીમાં આ ટપક પધ્ધતિ અથવા તો માઈક્રો ઈરિગેશન સિસ્ટમ યોજના હેઠળ અરજદાર ખેડૂતોએ જે વિગતો માગી હોય એ પૂર્ણ કરી દીધી હોય એવા ખેડૂતોને વીજ જોડાણ આપવા માગે છે?

**શ્રી સૌરભ પટેલ** : આ યોજના ઓગષ્ટ, ૨૦૦૭થી અમલમાં આવી અને પછી ઈલેકશન જાહેર થયું. ઘણા બધા કારણોસર આપણે કામગીરી કરી શકયા નહોતા, બીજું આ યોજના નવી આવી છે, ત્રીજું આ યોજનાની અંદર બે વિભાગો સંકળાયેલા છે એક ઉર્જા અને બીજું નર્મદા. ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની એ નર્મદાની નીચે આવે છે. આ ત્રણ મહિનાની અંદર જે અરજીઓ આપણે લીધી એ પ્રક્રિયા હું આપને સમજાવું તો ખ્યાલ આવશે કે કેટલી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

**અધ્યક્ષશ્રી:** એમનો પ્રશ્ન એકજ છે કે, કયાંસુધીમાં તમે પૂરું કરવા માગો છો?

**શ્રી સૌરભ પટેલ** : જે કોઈ ખેડૂતોના સંપૂર્ણપણે રૂપિયા આવી ગયા હોય એ બધા જ ખેડૂતોને આવતા ૬૦ દિવસની અંદર, અગર એ લોકો મંજૂરી આપે, કારણકે ઘણી વખત એવું બનતું હોય છે કે, ખેડૂતના ખેતરમાં ઉભો પાક હોવાના કારણે એ લોકો જોડાણ નથી આપવા દેતા. આ કોઈ તકલીફ ન પડે તો તાત્કાલિક બને એટલું જલ્દી વીજ જોડાણ આપી દઈશું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જેની શરતો પૂર્ણ કરી હોય તેને ૬૦ દિવસમાં જોડાણ આપી દઈશું. બાકીની જે અરજીઓ પડી છે તે ૪૦૯૫ પૈકીની ૨૨૮ તે તો તેમણે શરતો પરિપૂર્ણ કરી ત્યાર પછી આજની તારીખ સુધીમાં એટલે ફેબ્રુઆરીના અંત સુધીમાં ૭૫ ટકા ખેડૂતોએ બધી વિગતો પૂર્ણ કરી દીધી છે. જે કંઈ અરજીઓ છે તે પૂર્ણ કરી નાણાં પણ ભરી દીધાં છે તો આજની તારીખ સુધીમાં આ કાર્યવાહી પૂર્ણ કરી હોય તેને પણ આમાં સમાવવા માગો છો કે કેમ ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૯૬૦ અરજીઓ ૩૯૬૦ અરજીઓ ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીને મોકલી આપી છે. ગુજરાત ગ્રીન રિવોલ્યુશન આ બધી જ અરજીઓનું સર્વે કરે છે અને તે પછી એસ્ટીમેટ મોકલે છે ખેડૂતને. ખેડૂતને તેમાંથી આઈઘર લોન પેટે કે ૪૫ ટકા ભરવાના હોય છે. ઘણી વખત ખેડૂતો આ રૂપિયા ભરતા નથી અને તેને કારણે કેન્સલ થતી હોય છે. ચાર પાર્ટીઓનું જે એગ્રીમેન્ટ થાય છે તે એગ્રીમેન્ટમાં સમય લાગે છે અને આના કારણે જ્યારે એગ્રીમેન્ટ કર્યા પછી જી.જી.આર.સી.પાર્ટી ઉપર ઓર્ડર મૂકે છે કે તમે આ લોકોના પૈસા આવી ગયા છે અને હવે આ લોકોને ડ્રીપ ઈરીગેશનની લાઈન ચાલુ કરો. તેની જો લાઈન ચાલુ કરો જોડે જોડે તે જીયુવીએનએલને પણ કાગળ લખે છે કે મેં આટલી કંપનીઓના અરજીઓના સંપૂર્ણપણે કામ પૂરું કર્યુ છે એટલે તમે તે લોકોને એસ્ટીમેટ આપો લાઈન નાંખવાના. એટલે તે લાઈન નાંખવાના એસ્ટીમેટ આપે છે અને પછી જ્યારે ખેડૂત કનેકશનના પૈસા ભરે છે પછી તેને કનેકશન આપવામાં આવે છે. એટલે આખી પ્રક્રિયા ૨-થી-૪ મહિના ઓછામાં ઓછી થાય એવી છે. બીજું કે આની અંદર ઘણાં બધા વાંધાઓ છે. ખેડૂતો રૂપિયા આપતાં નથી પાંચ ટકા રૂપિયા ફાળવ્યા હોય અને લાઈન માગતા હોય છે. બીજું પોતાને ત્યાં ઉભો કપાસ હોય તો ડ્રીપ ઈરીગેશન નાંખવા જવા દેતા નથી. આવા અનેક કારણોસર આ વિલંબ થાય છે. પણ આપણે પ્રક્રિયાનો સમય સંપૂર્ણપણે ઘટાડીશું. આ ડ્રીપ ઈરીગેશન વહેલામાં વહેલી તકે થાય તેના માટે પ્રયાસ પણ કરીશું અને જવાબદારી પણ આપીશું કે આટલા સમયની અંદર આ કામગીરી અધિકારીઓની પાસે પ્રિ -રીટર્નીંગ ટાઈમ સાથે નક્કી કરીશું તે પ્રકારની ઓલરેડી સૂચના આપી દીધી છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, આ માઈક્રો ઈરીગેશન સિસ્ટમ છે તે શહેરી વિસ્તારના આજુબાજુના વિસ્તારની અંદર જાણકારી છે પણ ગ્રામ્ય વિસ્તાર છે તે લેવલે તેની જાણકારી નથી. અને મેં હમણાં તપાસ કરી તો તેની તારીખ પૂરી થઈ ગઈ છે. તો મારે સરકારશ્રી પાસેથી જાણવું છે કે આ પ્રક્રિયા તેના માટેના ફોર્મ લેવાની પદ્ધતિ થોડાંક સમય પૂરતી સીમિત છે કે પછી તે ચાલુ જ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પાણી બચાવવા માટે આ માઈક્રો ઈરીગેશનની ફરીથી યોજના લાવીશું. આ યોજનાને હજુ ત્રણ ચાર મહિના થયા છે. આ યોજનાને બહુ જ ભારપૂર્વક આદરણીય મુખ્યમંત્રીશ્રી પ્રોત્સાહન આપવા માગે છે તેમ આવતા દિવસોમાં ડ્રીપ ઈરીગેશન હશે તો જ પાણી બચશે. એટલે

રાજયની અંદર અમે ઈચ્છીએ છીએ કે એક વખત પ્રોજેકટ સેટ થઈ જાય પછી આ કન્ટીન્યુઅસ પ્રોસેસ રાખવી છે અને કન્ટીન્યુઅસ પ્રોસેસ ક્યારે રાખી શકાય કે સંપૂર્ણપણે આનું એક પ્રકારે સેટ થઈ જાય પછી રાખી શકાય.

**પોટા કાયદાના ભંગ બદલ દાખલ થયેલ ચાર્જશીટ**

***૫૧૪ શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૦૮ સુધીમાં રાજયમાં પોટા કાયદાના ભંગ બદલ કુલ કેટલા ચાર્જશીટ રાજયની અદાલતોમાં દાખલ કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ થયેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ )**

(૧) ૧૪ (ચૌદ)

(૨) ૧૦ (દસ)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે આ પોટાનો કાયદો ક્યારે અમલમાં આવ્યો અને અત્યારે આ કાયદો અમલમાં છે કે કેમ? અને જો અમલમાં ના હોય તો પ્રજાના સુરક્ષા માટે સરકારે કોઈ વિકલ્પ વિચારેલ છે કે કેમ ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોટાનો કાયદો પહેલાં ઓડિનન્સ સ્વરૂપે આવ્યો હતો. ૨૪-૧૦-૦૧ના દિવસે ભારત સરકારે ઓડિનન્સથી આનો અમલ ચાલુ કર્યો હતો. વટહુકમનું કાયદામાં રૂપાંતર ૨૮-૩-૦૨ના દિવસે થયું હતું. પરંતુ કેન્દ્રમાં સત્તા પરિવર્તન થયા પછી તુરંત ૨૧-૯-૦૪ના દિવસે પોટાને વટહુકમથી રદ કરવામાં આવ્યો હતો અને ત્યાર પછી ૨૧-૧૨-૨૦૦૪થી તે વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવામાં આવ્યું. આમ સભ્યશ્રીએ ચિંતા કરી તે વાજબી છે. જ્યારે આતંકવાદી ઘટનાઓ અને જેના સૂત્રધારો દેશની બહારથી આ ઘ ટનાઓનું સૂત્ર સંભાળતા હોય તે વખતે સી.આર.પી.સી.ના માધ્યમથી આ આતંકવાદને કાબૂમાં લેવો એજન્સીઓ માટે ખૂબ અઘરો છે અને જેવો આ કાયદો રદ થયો, એના પહેલાં જ રાજય સરકારે ગુજકોક નામનો કાયદો બનાવી કેન્દ્ર સરકારને મંજૂરી માટે મોકલી આપ્યો હતો, પણ આ વાતને ૫ વર્ષ થયા છતાંયે કેન્દ્ર સરકારમાંથી મંજૂરી મળતી નથી. અને માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી છે એમાં હું મારો સૂર પૂરાવું છું. એમાં તાત્કાલિક નવા કાયદાની જરૂર છે અને એ કાયદો થવો જોઈએ

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આતંકવાદ સામે સૌની સંયુકત ચિંતા છે. પોટાનો કાયદો અમલમાં હતો, ત્યારે જ પાર્લામેન્ટ ઉપર હુમલો થયો છે. ત્યારે જ કંદહાર જઈને આતંકવાદીઓને મૂકી આવ્યા. આ પ્રશ્નમાં જે ૧૪....

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી. આ પ્રશ્ન ખૂબ જ મર્યાદિત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો. કાયદો કયારે અમલમાં આવ્યો અને કયારે રદ થયો, એમાંથી ઉપસ્થિત નહોતો થતો. માનનીય આત્મારામભાઈ પૂછે એ માન્ય. માનનીય મંત્રીશ્રી જવાબ પણ આપે. એમણે ન પૂછયો હોત તો હું આ ન પૂછત. શરૂઆત એમણે કરી. પૂર્વ ભૂમિકા આપી. મંત્રીશ્રી પણ એ પૂર્વભૂમિકામાં પડયા. એટલે હું પૂછું છું. માનનીય અધ્યક્ષશ્રી, જયારે પોટાનો કાયદો અમલમાં હતો, જો એનાથી જ આતંકવાદ રોકાતો હોત તો અક્ષરધામ ઉપર હુમલો પોટાનો કાયદો અમલમાં હતો ત્યારે થયો. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તારીખ ૩૦/૧/૨૦૦૮ સુધીમાં ૧૪ ચાર્જશીટો રજૂ થયા. તો હું એ જાણવા માગું છું કે ટોટલ કેટલી ફરિયાદ આ કાયદા નીચે નોંધાઈ અને એ પૈકી કેટલા ચાર્જશીટ રજૂ થયા? અને જો ટાઈમ બાઉન્ડ, કારણ કે પોટા કોર્ટ આપણી પાસે અલગ છે. દસ કેસોનો નિકાલ થયો છે. ચાર્જશીટ બાકી હોય કે રજૂ ન થઈ શકી હોય એવા કેટલા? અને આ કાયદો હતો ત્યારે પણ આવી ઘટનાઓ બની છે, તો આ કાયદો નથી ત્યારે પ્રવર્તમાન કાયદાથી આપણે ગુંડાગીરીને, આતંકવાદને કાબૂમાં લેવા માટે તંત્રને સજાગ કેવી રીતે કરીએ છીએ?

**શ્રી અમિત અ. શાહ** : પહેલાં તો એમણે જે ફેકચ્યુઅલ વાત કરી છે, એનો જવાબ આપી દંઉ. ૧૪ ગુના રજીસ્ટર થયા, એમાંથી ૧૦ નો નિકાલ થઈ ગયો છે અને મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે દસે દસની અંદર આરોપીઓને સજા થઈ છે અને આટલા ટૂંકા સમયમાં આપણે એમને સજા કરી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીની માહિતી માટે કહેવા માગું છું કે આટલા ટૂંકા સમયમાં પ્રોસીકયુશન એજન્સીઓ જો સજા કરાવી શકી હોય તો એનું એકમાત્ર કારણ આ પોટાનો કાયદો છે. હું એ વાતનો સ્વીકાર કરું છું કે પોટાનો કાયદો આવ્યા પછી પણ ઘટનાઓ બની છે. પણ એક ફરક પડયો છે, માનનીય શકિતસિંહજી. ઘ ટનાઓ પહેલા પણ બનતી હતી, પણ નાસી જતા હતા અને વર્ષો સુધી સજા નહોતી થતી. બોમ્બે બોમ્બ બ્લાસ્ટના કેસમાં ૧૪, ૧૪ વર્ષે સજા થઈ. આ પોટાનો કાયદો આવ્યા પછી સંસદ ઉપરનો હુમલો હોય કે અક્ષરધામ પરનો હુમલો હોય, બધાને આપણે સજા કરી છે. સંસદ ઉપરના હુમલામાં જે સજા થઈ, એનો અમલ થતો નથી. બીજી વાત પણ એમણે એ કરી કે કંદહાર મૂકી આવ્યા હતા. અરે, ભાઈ. કંદહાર તો જે લોકો મૂકી આવ્યા હતા, એ ૩૦૦ પ્રવાસીઓના જાન બચાવવા માટે મૂકી આવ્યા હતા. તમે તો જેને સજા થઈ છે એને મતોની લાલચમાં સજાનું એકઝીકયુશન કરતા નથી. કયાં ગંભીરતા છે? દેશની સુરક્ષાની ગંભીરતા કયાં છે? આપણે જયારે પ્રશ્ન ઉઠાવીએ, ત્યારે એકવાત યાદ રાખવી જોઈએ કે જો એક આંગળી સામે જશે, તો ચાર આંગળી આપણી તરફ આવે છે. આત્મ નીરિક્ષણ કરીને પ્રશ્ન પૂછીએ.(સતત સૂત્રોચ્ચાર)

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : જે દસ કેસોનો નિકાલ થયો, એમાં કેટલા આરોપીને સજા થઈ? જન્મટીપના આરોપી કેટલા અને ફાંસીના આરોપી કેટલા છે?

**શ્રી અમિત અ. શાહ** : ખૂબ લાંબુ પત્રક છે. હું આપની અનુમતિથી ગૃહના ટેબલ ઉપર મૂકી દઈશ.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

## રાજયનું વીજ ઉત્પાદન અને માંગ

***૪૧૨ડો. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલા મેગાવોટ વીજ ઉત્પાદન થાય છે અને વીજ માંગ સામે કેટલા મેગાવોટ વીજ ખાદ્ય રહે છે, અને

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજ ખરીદી માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું અને આ વીજ ખરીદી કઈ કઈ કંપનીઓ પાસેથી કેટલા ભાવ પ્રતિ યુનિટથી ખરીદવામાં આવે છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) તારીખ ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજયમાં કુલ ૮૩૧૫ મેગાવોટ વીજ ઉત્પાદન થયું હતું. કુલ ૧૧૨૮૫ મેગાવોટની વીજ માંગ સામે ૨૯૭૦ મેગાવોટની વીજ ખાદ્ય રહે છે.

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજ ખરીદી અને તે માટેના ખર્ચની માહિતી પરિશિષ્ટ 'અ' અને 'બ' માં સામેલ છે. પત્રક 'અ' માં લાંબા ગાળાના કરેલા કરારોની ખરીદીની વિગતો છે. પત્રક 'બ' માં ટૂંકા ગાળાની ખરીદીની વિગતો છે. જે ખેડૂતોની વધારે માંગને સંતોષવા ખરીદાય છે. એ કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ ટ્રેડિંગ લાયસન્સ ધરાવનાર ટ્રેડર્સ પાસેથી જ ખરીદવામાં આવે છે અને ટેન્ડરની નિયત પ્રક્રિયા પૂર્ણ કરીને ખરીદવામાં આવે છે. ટૂંકાગાળાની ખરીદીમાં સમગ્ર દેશમાં વીજળીની માંગ અને પૂરવઠા પ્રમાણે કિંમતમાં વધઘટ થાય છે. ગુજરાત કૃષિ માંગને પહોંચી વળવા પૂર્ણ પ્રયાસો કરવા કટિબદ્ધ છે. આથી માર્કેટમાં જયારે જે ભાવ મળે તે પ્રમાણે ખરીદ કરવામાં આવે છે. વધુમાં ઉભા પાકને બચાવવા માટે પણ પૂરતી વીજળી આપવાના સરકારના પ્રયાસો છે.

### પરિશિષ્ટ-" અ "

### : વર્ષ ૨૦૦૫, ૨૦૦૬ અને ૨૦૦૭ દરમ્યાન વર્ષવાર લાંબા ગાળાના વીજકરાર મુજબ ખરીદ કરેલ વીજળીની વિગત :

| ક્રમ | એજન્સીનું નામ | ૨૦૦૫ | | | ૨૦૦૬ | | | ૨૦૦૭ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | યુનિટસ | રકમ | | યુનિટસ | રકમ | | યુનિટસ | રકમ | |
| | | એમયુએસ | રૂા. (ક્રોડમાં) | ભાવ રૂા. યુનિટ દીઠ | એમયુએસ | રૂા. (ક્રોડમાં) | ભાવ રૂા. યુનિટ દીઠ | એમયુએસ | રૂા. (ક્રોડમાં) | ભાવ રૂા. યુનિટ દીઠ |
| ૧ | એનપીસી-ટીએપીએસ | ૮૮૨.૯૪૧ | ૯૧.૪૮ | ૧.૦૪ | ૧૦૦૯.૭૧૫ | ૯૭.૯૩ | ૦.૯૭ | ૧૧૭૪.૨૦૦ | ૧૩૮.૨૬ | ૧.૧૮ |
| ૨ | એનપીસી-ટીએપીએસ ૩ અને ૪ | ૩૦૭.૮૯૪ | ૭૨.૩૮ | ૨.૩૫ | ૭૪૬.૫૭૯ | ૧૯૮.૬૯ | ૨.૬૬ | ૧૨૦૧.૨૦૯ | ૩૪૪.૯૯ | ૨.૮૭ |
| ૩ | એનપીસી-કેએપીપી | ૭૩૩.૧૫૫ | ૧૭૧.૦૯ | ૨.૩૩ | ૫૩૯.૭૨૫ | ૧૦૪.૦૬ | ૧.૯૩ | ૫૪૬.૬૫૭ | ૧૧૪.૭૬ | ૨.૧૦ |
| | એનપીસી-કુલ :- | ૧૯૨૩.૯૯૧ | ૩૩૪.૯૫ | ૧.૭૪ | ૨૨૯૬.૦૧૮ | ૪૦૦.૬૯ | ૧.૭૫ | ૨૯૨૨.૦૬૬ | ૫૯૮.૦૨ | ૨.૦૫ |
| ૪ | એનટીપીસી-વિંધ્યાચલ-૧ | ૧૯૩૧.૧૦૮ | ૨૬૨.૩૯ | ૧.૩૬ | ૧૭૩૭.૮૨૯ | ૨૫૬.૧૫ | ૧.૪૭ | ૧૭૯૪.૬૪૨ | ૩૨૦.૪૧ | ૧.૭૯ |
| ૫ | એનટીપીસી-વિંધ્યાચલ-૨ | ૨૦૫૭.૨૨૪ | ૨૯૬.૮૮ | ૧.૪૪ | ૧૯૩૫.૩૪૧ | ૨૯૮.૩૯ | ૧.૫૪ | ૧૯૦૬.૨૬૯ | ૩૦૬.૪૪ | ૧.૬૧ |
| ૬ | એનટીપીસી-વિંધ્યાચલ-૩ | - | - | - | ૨૧૧.૧૮૯ | ૨૬.૧૩ | ૧.૨૪ | ૧૭૯૪.૧૩૩ | ૨૯૯.૫૯ | ૧.૬૭ |
| ૭ | એનટીપીસી-કોરબા | ૩૦૦૦.૨૯૯ | ૨૮૪.૪૬ | ૦.૯૫ | ૨૬૦૭.૦૬૦ | ૨૭૯.૩૦ | ૧.૦૭ | ૩૦૧૮.૩૯૩ | ૩૧૧.૬૦ | ૧.૦૩ |
| ૮ | એનટીપીસી-ક્વાસ | ૫૪૩.૪૯૧ | ૧૯૨.૦૧ | ૩.૫૩ | ૫૮૯.૩૧૦ | ૨૯૩.૯૨ | ૪.૯૯ | ૮૩૦.૩૫૮ | ૩૭૬.૫૩ | ૪.૫૩ |
| ૯ | એનટીપીસી-ગાંધાર | ૧૬૩૦.૮૦૬ | ૩૬૭.૮૬ | ૨.૨૬ | ૧૬૦૩.૩૩૬ | ૩૯૬.૫૯ | ૨.૪૭ | ૧૪૩૮.૨૦૭ | ૩૫૧.૧૩ | ૨.૪૪ |
| ૧૦ | એનટીપીસી-ઇ.આર. | ૪૩૧.૧૨૬ | ૭૯.૪૫ | ૧.૮૪ | - | - | - | - | - | - |
| | એનટીપીસી- કુલ :- | ૯૫૯૪.૦૫૩ | ૧૪૮૩.૦૫ | ૧.૫૫ | ૮૬૮૪.૦૬૩ | ૧૫૫૦.૪૮ | ૧.૭૯ | ૧૦૭૮૨.૦૦૧ | ૧૯૬૫.૭૦ | ૧.૮૨ |
| ૧૧ | એસ.એસ.એન.એલ. | ૨૮૯.૨૬૦ | ૫૯.૩૦ | ૨.૦૫ | ૫૬૧.૩૨૩ | ૧૧૫.૦૬ | ૨.૦૫ | ૬૬૭.૭૧૬ | ૧૩૬.૮૮ | ૨.૦૫ |
| ૧૨ | યુ.આઇ.ચાર્જીસ | - | - | - | ૨૪૬.૫૮૪ | ૯૧.૮૦ | ૩.૭૨ | ૮૩.૧૫૦ | ૩૨.૬૩ | ૩.૯૨ |
| | સેન્ટ્રલ સેક્ટર કુલ :- | ૧૧૮૦૭.૩૦ | ૧૮૭૭.૩૦ | ૧.૫૯ | ૧૧૭૮૭.૯૮૮ | ૨૧૫૮.૦૪ | ૧.૮૩ | ૧૪૪૫૪.૯૩૩ | ૨૭૩૩.૨૩ | ૧.૮૯ |
| ૧૩ | એસ્સાર | ૧૮૭૯.૫૩૦ | ૪૬૩.૫૦ | ૨.૪૭ | ૧૧૭૯.૪૬૪ | ૪૮૪.૮૮ | ૨.૭૨ | ૧૯૮૯.૦૨૪ | ૫૨૨.૩૨ | ૨.૬૩ |
| ૧૪ | જી.પી.ઇ.સી. | ૪૬૦૧.૯૩૩ | ૧૧૩૯.૮૦ | ૨.૪૮ | ૪૨૫૦.૨૬૦ | ૧૨૨૦.૪૯ | ૨.૮૭ | ૪૦૫૩.૧૭૫ | ૧૫૬૭.૯૯ | ૩.૮૭ |
| ૧૫ | જી.એસ.ઇ.જી. | ૧૧૨૯.૩૨૩ | ૨૩૪.૧૮ | ૨.૦૭ | ૧૦૯૫.૪૨૯ | ૨૭૭.૨૮ | ૨.૫૩ | ૧૦૪૯.૧૧૩ | ૨૭૭.૯૯ | ૨.૬૫ |
| ૧૬ | જીઆઇપીસીએલ. (૧૬૦મે.વો.) | ૧૧૬૫.૯૫૨ | ૨૦૦.૩૦ | ૧.૭૨ | ૧૧૪૨.૨૫૦ | ૨૩૨.૨૧ | ૨.૦૩ | ૧૦૧૦.૯૦૦ | ૨૩૭.૧૦ | ૨.૩૫ |
| ૧૭ | જીઆઇપીસીએલ. (એસએલપીપી) | ૧૬૨૫.૪૭૬ | ૩૩૦.૫૪ | ૨.૦૩ | ૧૫૯૫.૦૦૨ | ૩૨૮.૨૬ | ૨.૦૬ | ૧૬૩૦.૩૨૪ | ૩૪૨.૬૧ | ૨.૧૦ |
| ૧૮ | જીએમડીસી | ૩૪.૮૦૩ | ૧.૭૧ | ૦.૪૯ | ૨૮૪.૪૪૧ | ૪૧.૬૨ | ૧.૪૬ | ૬૮૬.૧૨૫ | ૧૩૦.૩૮ | ૧.૯૦ |
| ૧૯ | જીએસઇસીએલ(જી) | ૧૫૯૦.૦૮૫ | ૩૦૪.૭૭ | ૧.૯૨ | ૧૨૯૨.૬૭૨ | ૨૯૪.૭૯ | ૨.૨૮ | ૧૫૮૬.૮૨૯ | ૩૦૮.૦૧ | ૧.૯૪ |
| ૨૦ | જીએસઇસીએલ(ડબલ્યુ) | ૧૫૦૦.૫૧૪ | ૨૮૪.૮૫ | ૧.૯૦ | ૧૩૯૯.૩૪૯ | ૨૯૩.૪૩ | ૨.૧૦ | ૧૬૫૯.૦૬૯ | ૩૭૯.૨૯ | ૨.૨૯ |
| ૨૧ | જીએસઇસીએલ(યુ) | ૧૦૦૦.૪૪૩ | ૨૦૭.૪૫ | ૨.૦૭ | ૯૯૫.૫૭૯ | ૧૬૦.૮૬ | ૧.૬૨ | ૯૩૮.૧૮૯ | ૧૯૪.૫૮ | ૨.૦૭ |
| ૨૨ | જીએસઇસીએલ(ડી) | ૬૬૧.૬૨૮ | ૧૦૮.૫૫ | ૧.૬૪ | ૪૩૪.૬૬૪ | ૪૪.૮૧ | ૧.૦૩ | ૪૯૬.૬૮૯ | ૧૪૪.૫૮ | ૨.૯૧ |
| ૨૩ | જીએસઇસીએલ-ઉકાઇ* | ૪૫૨૫.૩૮૪ | ૭૫૯.૩૫ | ૧.૬૮ | ૪૯૦૧.૩૫૧ | ૮૪૮.૬૨ | ૧.૭૩ | ૪૪૪૩.૫૮૬ | ૮૨૭.૦૬ | ૧.૮૬ |
| ૨૪ | જીએસઇસીએલ-ગાંધીનગર-૧થી૪* | ૩૨૪૮.૨૮૦ | ૬૬૪.૮૬ | ૨.૦૫ | ૩૨૬૯.૦૪૧ | ૫૬૨.૧૫ | ૧.૭૨ | ૩૪૦૪.૨૧૩ | ૮૨૮.૦૬ | ૨.૪૩ |
| ૨૫ | જીએસઇસીએલ-વણાકબોરી-૧થી૬* | ૭૨૪૮.૯૬૦ | ૧૩૦૩.૪૭ | ૧.૮૦ | ૮૮૧૨.૭૧૩ | ૧૫૯૧.૬૬ | ૧.૮૧ | ૮૩૭૨.૭૧૫ | ૧૮૩૮.૫૬ | ૨.૨૦ |
| ૨૬ | જીએસઇસીએલ-[સિક્કા * | ૯૭૧.૪૩૨ | ૨૪૪.૫૫ | ૨.૫૨ | ૧૫૩૪.૯૪૯ | ૪૦૮.૦૦ | ૨.૬૬ | ૧૩૪૧.૯૨૩ | ૩૪૭.૪૩ | ૨.૫૯ |
| ૨૭ | જીએસઇસીએલ- કેએલટીપીએસ * | ૪૮૪.૨૧૭ | ૧૦૨.૭૫ | ૨.૧૨ | ૯૬૪.૬૮૨ | ૨૩૯.૭૬ | ૨.૪૯ | ૧૨૮૫.૭૨૨ | ૩૬૯.૯૩ | ૨.૮૮ |
| ૨૮ | જીએસઇસીએલ- ધુવારણ ઓલ્ડ * | ૧૧૮૫.૩૫૪ | ૩૫૬.૮૧ | ૩.૦૧ | ૧૩૦૪.૯૭૮ | ૪૦૯.૬૦ | ૩.૧૪ | ૧૧૮૨.૦૯૪ | ૬૮૮.૧૯ | ૫.૮૨ |
| ૨૯ | જીએસઇસીએલ- કડાણા હાઇડ્રો * | ૨૦૫.૫૪૨ | ૭૨.૯૧ | ૩.૫૫ | ૩૧૮.૨૧૯ | ૧૦૬.૯૬ | ૩.૩૬ | ૨૮૮.૫૪૯ | ૬૮.૯૮ | ૨.૩૯ |
| ૩૦ | જીએસઇસીએલ- ઉકાઇ હાઇડ્રો * | ૫૬૯.૬૮૬ | ૨૮.૧૯ | ૦.૪૯ | ૭૦૭.૨૪૧ | ૩૯.૯૬ | ૦.૫૭ | ૯૧૬.૧૪૭ | ૨૭.૧૧ | ૦.૩૦ |
| ૩૧ | જીઆઇપીસીએલ. (૧૪૫મે.વો.) | ૪૨૯.૮૨૩ | ૭૮.૨૧ | ૧.૮૨ | ૩૯૨.૮૩૮ | ૭૭.૫૦ | ૧.૯૭ | ૩૫૯.૬૫૦ | ૮૯.૪૩ | ૨.૪૯ |
| ૩૨ | વિન્ડ ફાર્મસ્ | ૪૬.૭૩૮ | ૮.૫૭ | ૧.૮૩ | ૨૩.૬૩૨ | ૪.૨૪ | ૧.૭૯ | ૩૦૭.૦૮૧ | ૧૦૦.૮૪ | ૩.૨૮ |
| | અન્ય કુલ :- | ૩૪૧૦૫.૧૦ | ૬૮૯૫.૩૦ | ૨.૦૨ | ૩૬૪૯૮.૭૪૯ | ૭૬૬૭.૧૩ | ૨.૧૦ | ૩૭૦૦૧.૪૧૬ | ૯૨૯૦.૪૬ | ૨.૫૧ |
| | કુલ સરવાળો :- | ૪૫૯૧૨.૪૦૫ | ૮૭૭૨.૬૦૩ | ૧.૯૧ | ૪૮૨૮૬.૭૩૫ | ૯૮૨૫.૧૭૩ | ૨.૦૩ | ૫૧૪૫૬.૩૪૯ | ૧૨૦૨૩.૬૯૬ | ૨.૩૪ |

નોંધ : ઉપર જણાવેલ વીજળી ખરીદીની માહિતીમાં ટ્રાન્સનિશન ચાર્જીસ અનેવ્હીલીંગ ચાર્જીસનો સમાવેશ થતો નથી. તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડના કાર્યક્ષેત્ર હેઠળ આવતા સદર એકમો પાસેથી જાન્યુઆરી-૦૫ થી માર્ચ-૦૫ દરમ્યાન ખરીદાયેલ વીજળીનો સમાવેશ પણ સરખામણી કરવા ખાતર ઉપરોક્ત માહિતી વર્ષ ૨૦૦૫માં કરવામાં આવેલ છે.

**પરિશિષ્ટ-" બ "**

**: કૃષિ વિષયક વીજ ખાધને પહોંચી વળવા કરેલ ટૂંકા ગાળાની ખરીદીની વિગતો**

| | | ૨૦૦૫ | | | ૨૦૦૬ | | | ૨૦૦૭ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | યુનિટસ | રકમ | | યુનિટસ | રકમ | | યુનિટસ | રકમ | |
| ક્રમ | એજન્સીનું નામ | એમયુએસ | રૂા. (કરોડમાં) | ભાવ રૂા. યુનિટ દીઠ | એમયુએસ | રૂા. (કરોડમાં) | ભાવ રૂા. યુનિટ દીઠ | એમયુએસ | રૂા. (કરોડમાં) | ભાવ રૂા. યુનિટ દીઠ |
| ૧ | ટાટા | - | - | - | ૨૦.૩૫૫ | ૧૦.૪૮ | ૫.૧૫ | ૬૫.૪૨૪ | ૩૭.૩૧ | ૫.૭૦ |
| ૨ | પીટીસીએલ | ૧૮૪.૯૭૪ | ૫૬.૩૮ | ૩.૦૫ | - | - | - | ૧૬.૩૩૮ | ૯.૭૨ | ૫.૯૫ |
| ૩ | સીએસઇબી | ૮.૧૦૦ | ૨.૧૨ | ૨.૬૨ | - | - | - | - | - | - |
| ૪ | રિલાયન્સ એનર્જી | - | - | - | ૯૩.૨૨૫ | ૩૫.૪૩ | ૩.૮૦ | ૦.૬૫૬ | ૦.૩૨ | ૪.૯૧ |
| ૫ | સુભાસ કાબીની | - | - | - | ૩૬.૬૨૨ | ૧૪.૦૬ | ૩.૮૪ | - | - | - |
| ૬ | એમપીપીટીસીએલ | - | - | - | - | - | - | ૬૭.૫૨૫ | ૪૧.૭૧ | ૬.૧૮ |
| ૭ | લાન્કો ઇલે. યુટીલીટી લિમીટેડ | - | - | - | ૪૦.૯૪૬ | ૧૭.૫૮ | ૪.૨૯ | ૧૧.૪૮૧ | ૩.૭૩ | ૩.૨૫ |
| ૮ | અદાણી એક્સપોર્ટ | ૧૭.૮૦૦ | ૫.૯૦ | ૩.૩૧ | ૫૧૪.૯૬૯ | ૨૭૫.૫૬ | ૫.૩૫ | ૩૧૭.૭૨૮ | ૧૮૪.૮૬ | ૫.૮૨ |
| ૯ | એનટીપીસી-એનવીવીએનએલ | ૭.૮૪૫ | ૧.૯૬ | ૨.૫૦ | ૩.૪૬૮ | ૧.૬૩ | ૪.૬૯ | ૧.૧૧૫ | ૦.૪૯ | ૪.૪૦ |
| ૧૦ | કરમચંદ થાપર એન્ડ બ્રધર્સ | - | - | - | ૩.૯૬૬ | ૨.૦૧ | ૫.૦૬ | ૫.૪૩૬ | ૩.૧૮ | ૫.૮૫ |
| ૧૧ | જેએસડબલ્યુ- પીટીસી | - | - | - | - | - | - | ૧૫.૦૦૨ | ૭.૯૩ | ૫.૨૮ |
| ૧૨ | ટોરેન્ટ | ૫૫.૬૬૪ | ૧૨.૫૧ | ૨.૨૫ | ૩૩.૨૬૩ | ૭.૩૫ | ૨.૨૧ | ૫૫.૬૦૮ | ૧૨.૨૯ | ૨.૨૧ |
| ૧૩ | કેપ્ટીવ પાવર | ૪૯૬.૬૧૬ | ૯૨.૭૧ | ૧.૮૭ | ૪૦૦.૧૯૧ | ૮૧.૦૩ | ૨.૦૨ | ૪૧૪.૭૭૫ | ૧૧૬.૦૧ | ૨.૮૦ |
| | કુલ :- | ૭૭૧.૦૦૦ | ૧૭૧.૫૭ | ૨.૨૩ | ૧૧૪૭.૦૦૬ | ૪૪૫.૧૩ | ૩.૮૮ | ૯૭૧.૦૮૭ | ૪૧૭.૫૫ | ૪.૩૦ |

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે પરિશિષ્ટ 'બ' માં જે ભાવ છે તેમાં ઘણી અસમાનતા દેખાય છે. ટોરેન્ટ અને કેપ્ટિવ પાવર પ્લાન્ટનો જે યુનિટનો ભાવ છે તે ૨.૨૧ અને ૨.૮૦ છે. જયારે એમ.પી.પી.ટી.સી.એલ.નો ભાવ ૬.૧૮ છે. આટલી અસમાનતાના કારણો શું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રીને માહિતી આપવા માગું છું કે બે ટાઈપના ભાવ હોય છે. શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ. રાજય સરકાર શોર્ટ ટર્મ જે ખરીદી કરે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મળેલ અરજીઓ**

૯૬૪ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) કેટલી અરજીઓનો સર્વે થયેલ છે કેટલાને ક્નેકશન આપવામાં આવ્યા, અને

(૩) ધારાસભ્યશ્રીઓ પાસેથી મેળવેલ અગ્રતા માટેના ગામો પૈકી કેટલા ગામોમાં કામ પૂર્ણ થયા, કેટલા સમયમાં કામ પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨)

આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ""ઝુંપડા વીજળીકરણ યોજના"" અંતર્ગત તાલુકાવાર મળેલ, સર્વે થયેલ અને ક્નેકશન આપેલ અરજીઓની વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | મળેલ અરજીઓ | સર્વે થયેલ અરજીઓ | આપેલ ક્નેકશન |
|---|---|---|---|
| આણંદ | ૪૦૧૪ | ૩૫૩૨ | ૨૨૧૯ |
| બોરસદ | ૧૧૦૫૨ | ૧૧૦૦૬ | ૩૩૧૯ |
| ખંભાત | ૫૯૫૨ | ૫૮૯૨ | ૩૦૦૦ |
| પેટલાદ | ૨૭૭૬ | ૨૫૨૦ | ૨૩૯૭ |
| સોજીત્રા | ૨૪૬૧ | ૨૩૩૩ | ૧૫૧૩ |
| તારાપુર | ૨૬૬૦ | ૨૬૬૦ | ૨૫૮૭ |
| ઉમરેઠ | ૨૭૫૫ | ૨૬૭૫ | ૧૫૫૭ |
| આંકલાવ | ૨૪૩૦ | ૨૪૩૦ | ૩૯૮ |
| કુલ.... | ૩૪૧૦૦ | ૩૩૦૪૮ | ૧૬૯૯૦ |

(૩) ધારાસભ્યશ્રીઓ પાસેથી મેળવેલ અગ્રતા માટેની યાદીમાંથી ૫૦ % કામ રાજ્ય સરકારે પૂર્ણ કર્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા આર.જી.જી.વી.વાય. હેઠળ આણંદ જિલ્લાને મંજુરી આપ્યા બાદ સ્થગિત કરેલ છે, તેમ છતાં રાજ્ય સરકારે બાકી રહેતાં કામો રાજ્યના નાણાંકીય સ્ત્રોતમાંથી વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન કરેલ છે.

------------

## ખેત વિષયક વીજ જોડાણો માટેની અરજીઓ

૩૯ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ખેતવિષયક વીજ જોડાણો મેળવવા તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ખેતવિષયક વીજ જોડાણો મેળવવા આવેલ વર્ષવાર અરજીઓ અને મંજુર કરેલ અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | વર્ષવાર આવેલ અરજીઓની સંખ્યા | | વર્ષવાર મંજુર કરેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૬ | ૨૦૦૭ |
| વાલીયા | ૧૯૩ | ૪૦૦ | ૧૭ | ૯૯ |
| ઝગડીયા | ૨૫૫ | ૬૨૨ | ૧૦ | ૪૫ |
| હાંસોટ | ૬ | ૧ | ૦ | ૦ |
| અંકલેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ |
| જંબુસર | ૦ | ૦ | ૦ | ૦ |
| આમોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ભરૂચ | ૮૮ | ૪૦ | ૦ | ૦ |
| વાગરા | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ.... | ૫૪૨ | ૧૦૬૩ | ૨૭ | ૧૪૪ |

(૩) બાકી રહેતી ડાર્કઝોન સિવાયના વિસ્તારની પડતર અરજીઓનો માળખાગત સુવિધાઓને લક્ષ્યમાં રાખી નિકાલ કરવાનું આયોજન છે.

------------

## વાપીમાં ૬૬ કેવી સબ સ્ટેશન સ્થાપવા અંગે

૯૫૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાપી નગરમાં પમિ ભાગ (ચલાસહિત) તેમજ બલીકાં કુંતા, મોરાઇ વિ. વિસ્તારની વધતી જતી વિજ પુરવઠાની માંગને હવે પૂર્ણ કરવાએ તરફ ૬૬ કેવી સબ સ્ટેશન સત્વરે ઉભું કરવાની તાતી જરૂરિયાત છે પરંતુ આ માટેની જમીન ઉપલબ્ધ કરાવવા માટે તેના તરફથી ઉદાસીન વલણ દાખવેલું જોતા આ વિસ્તારના વિકાસની પ્રક્રિયાને જીવંત રાખવા ૬૬ કેવી સબસ્ટેશન ઉભું કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં આ કામ સરકાર પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા,જી. મોરાઇ મુકામે વર્ષ ૨૦૦૮-૦૯માં નવું ૬૬ કેવી સબસ્ટેશન બનાવવા આયોજન કરેલ છે.

(૨) વેળાસર કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

------------

## સ્પેશીયલ ઓપરેશન ગૃપની રચના

૪૮૭ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તાજેતરમાં આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે, તકેદારીના પગલાં રૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રીથી સુસજ્જ એવા સ્પેશીયલ ઓપરેશન ગ્રૃપની જિલ્લા/શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

શહેર વિસ્તારમાં પોલીસ કમિશ્નરશ્રીના નિયંત્રણ હેઠળ અને જિલ્લાઓમાં પોલીસ અધિક્ષકશ્રીઓના નિયંત્રણ હેઠળ સ્પેશીયલ ઓપરેશન ગ્રૃપની રચના કરવામાં આવેલ છે.

(૨) એસ.ઓ.જી. દ્વારા વર્તમાન સમયમાં બનતી આતંકવાદી પ્રવૃત્તિઓ, આર્થિક ગુનાઓ, સાયબર ક્રાઇમ, રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ નાથવા માટે તેમજ સરહદી સુરક્ષા અને સાગરકાંઠાની સુરક્ષાને લગતી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

(૧) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ના બને તેની તકેદારી રાખવી.

(૨) આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલ ઇસમોના નામ સરનામાની વિગતો મેળવવી.
(૩) વિદેશી એજન્ટોને આશરો આપતાં ઇસમો/સંસ્થાઓની યાદી તેયાર કરવી.
(૪) હવાલાકાંડમાં સંડોવાયેલ કે પકડાયેલ વ્યક્તિઓની પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવી.
(૫) વિદેશમાંથી ફંડ લાવી તેનો દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરતી સંસ્થાઓ ઉપર દેખરેખ રાખવી.
(૬) શકમંદ ટ્રાવેલ એજન્ટોના નામ સરનામા તેયાર કરવા.

આ વિગતો એકત્રિત કરવા માટે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે. સાયબર ગુનાઓ ડામવા માટે મળેલ ડેટા એનાલીસીસ કરવામાં આવે છે. જેથી એસઓજીને જરૂરી કોમ્પ્યુટર તેમજ આઇટીના અદ્યતન ઉપકરણો પુરા પાડવામાં આવે છે.

આતંકવાદી પ્રવૃત્તિ ડામવા તેમજ સરહદી સુરક્ષા/સાગરકાંઠાની સુરક્ષા માટે સર્વેલન્સ કેમેરા, રીસીવરઅને મોનીટર રેકોર્ડર, ડીઝીટલ વોઈસ રેકોર્ડર, સેલ ફોન, ડીઝીટલ કેમેરા, કેમિકલ કીટ્સ, એક્ષપ્લોઝીવ હેન્ડલીંગ કીટ, સર્ચલાઈટ, નાઈટ વીઝન ગોગલ્સ, બુલેટ પ્રુફ ઝેકેટ, બગ પ્રેસર. એમ-૪૫ પીસ્તોલ, સેલ્ફ લોડીંગ રાયફલ, બોમ્બ ડીસ્પોઝલની કીટ વગેરે અદ્યતન પ્રકારના સાધનો પુરા પાડવા માટે આગવું આયોજન કરવામાં આવેલ છે. આ અદ્યતન શસ્ત્ર સામગ્રીના ઉપયોગ માટે એસ.ઓ.જી.ને વેજ્ઞાનિક ઢબે વિશેષ તાલીમ રાજ્ય પોલીસ અકાદમી કરાઈ ખાતે આપવામાં આવે છે.

------------

### સરદાર સરોવર યોજનામાં પિયત હેઠળ આવરી લેવા અંગે

૫૭૦ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર સરોવર યોજનામાંથી સોરાષ્ટ્ર શાખા નહેર અને તેની પેટા શાખા કુલ કેટલા વિસ્તારને પિયત હેઠળ આવરી લેવાશે, | (૧) ૫,૨૪,૬૧૩ હેકટર |
| (૨) કેટલા ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવશે, અને | (૨) ૫૭૯૩ ગામોને પીવાનું પાણી આપવાનું આયોજન છે. |
| (૩) આ તમામ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) તમામ કામો વહેલાસર પુર્ણ કરવાનું આયોજન છે. |

------------

### કચ્છ જિલ્લામાં સુક્ષ્મ પિયત પધ્ધતિની અરજીઓ

૯૪૮ **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ-૨૦૦૮ની સ્થિતિએ ગ્રીન રીવેલ્યુએશન કંપની મારફત કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોને સુક્ષ્મ પિયત પધ્ધતિ ગોઠવવાની કેટલી અરજીઓ મળી, | (૧) જાન્યુઆરી-૨૦૦૮ના અંત સુધીમાં ૫૭૭ ખેડૂતોની, ૫૭૭ અરજીઓ મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૫૩૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂા. ૨,૯૭,૫૧,૦૯૫/- (રૂા. બે કરોડ સત્તાણુ લાખ, એકાવન હજાર પંચાણુ પુરા) |
| (૪) તે પેકી કેટલી અરજીઓ હાલમાં પડતર | (૪) બાકીની ૪૬ અરજીઓની કાર્યવાહી પ્રગતિમાં છે. |

છે?

------------

**કલ્પસર યોજનાની પ્રગતિ**

૫૨૨ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શું એ સાચું છે કે, સોરાષ્ટ્રની ખેતીની જમીનમાં સિંચાઈ સવલતો વધારવા માટે કલ્પસર યોજનાનું અમલીકરણ જરૂરી છે,

(૨) સોરાષ્ટ્રની સિંચાઈ અને પીવાના પાણી માટે મહત્વની કલ્પસર યોજનાની કામગીરી હાલ ક્યા તબક્કે છે, અને

(૩) કલ્પસર યોજનાની શક્યતા ટેક્નીકલ ચકાસણી વિગેરે માટે છેલ્લા ત્રણ વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૦૬-૦૭ અને ચાલુ વર્ષના ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ખેતી માટે સિંચાઈની સગવડ જેટલી વધે તેટલો લાભ થાય. કલ્પસર યોજનામાં અનેક આયોજનો છે. તેમાં સોરાષ્ટ્રની ખેતીની જમીનને સિંચાઈ માટેની સવલતો વધારવાનું પણ આયોજન કરેલું છે.

(૨) હાલ કલ્પસર યોજના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબકકે છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ રૂા. લાખમાં. |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૫૩.૨૮ |
| ૨૦૦૫-૦૬ | ૧૧૭.૬૪ |
| ૨૦૦૬-૦૭ | ૧૨૮.૩૦ |
| ડીસેમ્બર-૦૭ સુધીમાં થયેલ ખર્ચ | ૧૧૫.૦૦ |

------------

**કેનાલ હેડ પાવર હાઉસની વિજ ક્ષમતા**

૫૧૨ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર ડેમ આધારીત કેનાલ હેડ પાવર હાઉસથી કુલ કેટલી વિજ ક્ષમતા સ્થાપિત થશે,

(૨) પાવર હાઉસ ચાલુ થવાની સ્થિતિ શું છે, અને

(૩) આ ઉત્પન્ન થનાર વિજળીનો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને કેટલી વિજળી આપવાની છે ?

**જવાબ**

(૧) સરદાર સરોવરમાં બે પાવર હાઉસ છે. જેમાં કેનાલ હેડ પાવર હાઉસની સ્થાપિત ક્ષમતા ૨૫૦ મેગાવોટની છે. જ્યારે રીવર બેડ પાવર હાઉસની સ્થાપિત ક્ષમતા ૧૨૦૦ મેગાવોટની છે. આમ કુલ સ્થાપિત ક્ષમતા ૧૪૫૦ મેગાવોટની છે.

(૨) કેનાલ હેડ પાવર હાઉસના એકમો અને રીવર બેડ પાવર હાઉસના એકમો ઓગષ્ટ-૨૦૦૪ થી ફેબ્રુઆરી-૨૦૦૫ સુધીમાં તબક્કાવાર વિજ ઉત્પાદન માટે શરૂ કરવામાં આવેલ છે.

(૩) વીજળીનું જે ઉત્પાદન થાય છે તેમાંથી ૫૭% મધ્યપ્રદેશ, ૨૭% મહારાષ્ટ્ર અને ૧૬% ગુજરાતના ફાળે આવે છે. તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કુલ-૧૦૦૩.૩૬ કરોડ યુનીટનું વિજ ઉત્પાદન થયેલ છે. આ વિજ ઉત્પાદનની બજાર કિંમત અંદાજે રૂા. ૪ પ્રતિ યુનિટ ગણીએ તો રૂા. ૪૦૧૩.૪૪ કરોડનું વિજ ઉત્પાદન થયેલ છે.

------------

**રાજ્યમાં વીજ માંગ અને ઉત્પાદન**

૯૯૧ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૭ના વર્ષમાં રાજ્યમાં સરેરાશ વીજ માંગ કેટલી હતી,

(૨) આની સામે રાજ્ય સરકાર દ્વારા વીજ ઉત્પાદન કેટલું કરાયું અને વીજ ખરીદી કેટલી કરાઇ, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭માં સરેરાશ અનિયંત્રિત વીજ માંગ ૧૧૮૯૭ મેગાવોટ હતી.

(૨) રાજ્ય સરકાર હસ્તકની કંપની હેઠળના એકમોનું વીજ ઉત્પાદન ૨૮૭૨૩ મીલીયન યુનિટ થયું અને અન્યો પાસેથી નીચે પ્રમાણે વીજળી ખરીદવામાં આવી.

| **અ.નં.** | **વીજ ખરીદીનો** | **કોની પાસેથી ખરીદી** |
|---|---|---|
| ૧ | ૧૪૪૫૪.૯૩૩ | કેન્દ્ર સરકારના |

| | | |
|---|---|---|
| | | એકમો |
| ૨ | ૧૦૪૧૮.૯૬૧ | સ્વતંત્રખાનગી ઉત્પાદકો |
| ૩ | ૫૦૦.૭૦૫ | બાઇલેટરલ એગ્રીમેન્ટથી ટ્રેડર્સ પાસેથી |
| ૪ | ૧૧૩૭.૧૧૪ | અન્ય |

(૩) રાજ્યના વીજ ઉત્પાદનનો પ્રતિ યુનિટ ખર્ચ કેટલો હતો અને વીજ ખરીદી પ્રતિ યુનિટ ખર્ચ કેટલો હતો ?

(૩) સરેરાશ વીજ ઉત્પાદન ખર્ચ પ્રતિ યુનિટ રૂા. ૨.૨૩ હતો અને સરેરાશ વીજ ખરીદી ખર્ચ પ્રતિ યુનિટ રૂા. ૨.૩૭ હતો.

------------

**વહીવટી સુધારણા માટે યોજાયેલ તાલીમ શિબિરો**

૯૮૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન કર્મચારીઓને વહીવટી સુધારણાની તાલીમ માટે તાલુકા/જિલ્લા તથા રાજ્ય કક્ષાએ કેટલી શિબિરોનું આયોજન થયું,

(૨) આ શિબિરોના શિબિરાર્થીઓ/કર્મચારી/ અધિકારી મુખ્ય મંત્રીશ્રી સહિતના મંત્રીશ્રીઓને રહેવા જમવા તથા આવન-જાવનનો ભથ્થા સહિતનો પ્રત્યેક શિબિરદીઠ કેટલો ખર્ચ ક્યા વર્ષમાં થયો,

(૩) વહીવટી સુધારણાના કાર્યક્રમ તળે તાલીમ પામેલા કર્મચારીઓ દ્વારા અને વહીવટી પ્રક્રિયામાં કેટલી ઝડપ આવી, અને

(૪) તેના માપદંડો કઈ રીતે નક્કી કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારના અધિકારીઓ તથા કર્મચારીઓને વહીવટી સુધારણાના ભાગરૂપે તાલીમ આપવામાં છે જે સંદર્ભમાં કર્મયોગી/ વી-ગવર્નન્સ તાલીમ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૪.૮૬ લાખ સરકારી અધિકારીઓ/કર્મચારીઓ/શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે જે પેકી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૨.૨૩ લાખ સરકારી અધિકારીઓ/કર્મચારીઓ/શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે.

તે ઉપરાંત સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા (સ્પીપા) દ્વારા તાલીમ આપવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૬૩૦૮૧ અધિકારી / કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે.

(૨) ઉપરોક્ત તાલીમમાં મંત્રીમંડળના સભ્યોએ તાલીમના હેતુ માટે હાજર રહેવાનું હોતું નથી. વી.-ગવર્નન્સ તાલીમ માટે સરકારી અધિકારી/કર્મચારીઓના રહેવા જમવા તથા આવન જાવનના ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ ન હતો. પરંતુ શિક્ષણ ખાતા દ્વારા કર્મયોગી /વી-ગવર્નન્સ તાલીમ અંતર્ગત અત્યાર સુધી ૨.૮૭ લાખ શિક્ષકો માટે ભોજન/નિવાસ/સ્ટેશનરી વિગેરેનો રૂા. ૧૮૮૦ લાખ ખર્ચ થયેલ છે જે શિક્ષક દીઠ આશરે રૂા. ૬૫૫ જેટલો થાય છે.

સ્પીપા દ્વારા છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તાલીમાર્થી અધિકારીઓ/કર્મચારીઓનો જમવાનો ખર્ચ રૂા. ૭૩.૫૪ લાખ થયેલ છે. આ ખર્ચ સ્પીપા દ્વારા લેવામાં આવેલ તાલીમ ફી માંથી કરવામાં આવેલ છે. તાલીમાર્થીને મળવાપાત્ર દૈનિક/મુસાફરી ભથ્થાનો ખર્ચ તેની કચેરી વિભાગ દ્વારા કરવામાં આવતો હોય છે.

(૩) અને (૪)

તાલીમ લીધા બાદ કર્મચારીઓમાં વિધેયાત્મક, કાર્યક્ષમ અને પરિણામ લક્ષી કામગીરી તરફ દ્રષ્ટિકોણ કેળવાયેલ જણાય છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોત અને રાજીવ ગાંધી વિજળીકરણ યોજનાનો લાભ

૫૨૬ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧ જાન્યુઆરી, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ અને રાજીવ ગાંધી વિજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૨) આ યોજનાઓમાં આદીજાતિ, અનુ.જાતિ અને ઓ.બી.સી. પરિવારો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવતા નથી તે હકીકત ખરી છે,

(૩) આવા પરિવારોને જોડાણ આપવાનું સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) વંચિત પરિવારોને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા આર.જી.જી.વી.વાય. અંતર્ગત સાબરકાંઠા જીલ્લાને લાભ મળ્યો નથી. તેમ છતાં રાજ્યે ઉદાર વલણ દાખવી કુટિરજ્યોતિ યોજના કે જે રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓના ઘરોના વિજળીકરણ માટે અમલમાં મુકી છે. આ યોજના અંતર્ગત ૩૧ જાન્યુઆરી, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ વિસ્તારના તાલુકાઓમાં આપવામાં આવેલ જોડાણો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **કુટિરજ્યોતિ યોજના હેઠળ અપાયેલ વીજ જોડાણ** |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૨૫૩ |
| ૨ | વિજયનગર | ૪૧૨ |
| ૩ | ભીલોડા | ૭૭૮ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૨૦ |
| | **કુલ ...** | **૧૫૬૩** |

(૨) કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ આદિજાતિ, અનુસુચિત જાતિ અને ઓ.બી.સી. પરિવારો કે જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા પરિવારોને આર.જી.જી.વી.વાય. નો લાભ આપવામાં આવતો નથી. જ્યારે રાજ્યની કુટિર જ્યોતિ યોજનામાં પ્રયોજના અધિકારી દ્વારા આદિજાતિ લાભાર્થીઓ કે જેની આવક રૂા. ૧૧૦૦૦ કરતાં ઓછી હોય એવા લાભાર્થીઓની યાદી રજુ થયે વીજળીકરણ કરવામાં આવે છે.

(૩) અને (૪)

અનુસુચિત જાતિના લોકો માટે ખાસ અંગભુત યોજનાના ધારાધોરણ મુજબ અને ઝુંપડા વિજળીકરણ યોજના હેઠળ રૂા. ૧૧૦૦૦ કરતા ઓછી આવક ધરાવતા તમામ લાભાર્થીઓને અને કુટિર જ્યોતિ યોજના હેઠળ રૂપિયા ૧૧૦૦૦ થી ઓછી આવક ધરાવતા આદિજાતિના લાભાર્થીઓને વીજળીકરણ હેઠળ આવરી લેવામાં આવે છે.

પ્રસ્તુત યોજનાઓ નીચે સાબરકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે ૩૧-૧-૦૮ અંતિત કુલ ૩૭૨૪૬ લાભાર્થીઓને ૯૩૦.૬૭ લાખના ખર્ચે વીજળીકરણનો લાભ આપવામાં આવ્યો છે. યોજનાકીય ધારાધોરણ મુજબ માંગણીવાળા લાભાર્થીઓને વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

## નર્મદાનું પાણી ઉકાઈ બંધને આપવા અંગે

૧૩૮૦ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા બંધનું ઓવરફ્લો પાણી ઉકાઈ બંધને આપવા માંગો છો કે કેમ, અને

**જવાબ**

(૧) ઉકાઇ તથા કાકરાપાર યોજનાઓના પિયત વિસ્તારમાં પૂરેપૂરી ક્ષમતાથી સિંચાઇ આપી શકાય તેટલા પાણીની ક્ષમતા ઉકાઇ બંધની હોવાથી નર્મદાનું પાણી ઉકાઇ બંધમાં નાંખવાની જરૂરિયાત જણાતી નથી.

(૨) ઉકાઈ અને કાકડાપાર કેનાલથી વંચિત વિસ્તારને પાણી આપવા માંગો છો કે કેમ ?

(૨) ઉકાઇ કાકરાપાર યોજનાના પિયત વિસ્તારને ઉકાઇ બંધના પાણીથી સિંચાઇ હેઠળ આવરી લીધલ હોઇ નર્મદાનું પાણી અપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ વડોદરા જિલ્લાના પૂર્ણ થયેલ ગામો**

૨૦૯ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ વડોદરા જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) આ યોજના હેઠળ આવરી લેવાયેલ બાકીના ગામોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

વીજળીકરણ થઇ શકે તેવા તમામ ગામોનો યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે.

------------

**ગાંધીનગર બાયોટેક્નોલોજી પાર્કમાં અપાયેલ રોજગારી**

૫૨૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે સ્થપાયેલ બાયોટેક્નોલોજી પાર્કમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વ્યક્તિઓને રોજગારી મળી,

(૨) આ પાર્કની સ્થાપના પાછળ કુલ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કુલ કેટલી જમીનનો ઉપયોગ થયો છે ?

**જવાબ**

(૧) સાવલી, વડોદરા ખાતે બાયોટેક્નોલોજી પાર્ક સ્થાપવામાં આવેલ છે. જ્યારે ગાંધીનગર ખાતે બાયોટેક્નોલોજી પાર્ક સ્થપાયેલ નથી આથી રોજગારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**પોલીસદળને અસરકારક બનાવવા માટે થયેલ ભરતી**

૪૮૪ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં પોલીસદળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ કઈ સવંર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| સંવર્ગ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ |
|---|---|---|---|
| નાયબ પોલીસ અધિક્ષક (હથિયારી) | - | ૧૪ | ૧ |
| નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી) | ૨૬ | ૪૨ | ૧ |
| પોલીસ સબ ઇન્સપેકટર (બિન હથિયારી) | - | ૧૯૧ | ૩૯૬ |
| લોકરક્ષક | - | ૨૯૯૯ | ૧ |

વધુમાં, ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળે લોકરક્ષક (એસ.આર.પી.) ની કુલ-૩૫૫૪ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરી મોકલી આપેલ છે અને લોકરક્ષક (પોલીસ) ની કુલ-૭૩૮૨ જ્યાઓની ભરતી પ્રક્રિયા મંડળ ખાતે ચાલી

રહેલ છે.

------------

**જામનગર જિલ્લામાં ખેડૂતો દ્વારા થતી વિજ ચોરીના કેસો**

૫૧૮ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ ના વર્ષ દરમ્યાન જામનગર જિલ્લાના ખેડૂતોના વીજ ક્નેક્શનોમાં વીજ ચોરીના કેટલા કેસો નોંધાયેલ છે, | (૧) ૧૧૯ |
| (૨) નોંધાયેલ આ કેસો પેકી કેટલા ખેડૂતો સામે ફોજદારી ફરિયાદો કરવામાં આવેલ છે, અને | (૨) કેન્દ્ર સરકારનાં ઇલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ ની ક્લમ ૧૩૫ મુજબ વીજ ચોરી એ ક્રિમિનલ કેસ બને છે. જે અન્વયે વીજ ચોરી કરતા ગ્રાહકો સામે ફોજદારી ફરિયાદો કરવામાં આવે છે. ૧૧૯ નોંધાયેલ કેસો પેકી ૬૭ ગ્રાહકોએ કમ્પાઉન્ડીંગ ચાર્જીસ (માંડવાળની રકમ) ભરેલ હોઇ તેઓની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ નથી, જ્યારે ૫૨ ગ્રાહકોએ કમ્પાઉન્ડીંગ ચાર્જીસ ભરેલ ન હોઇ તેમની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) રાજ્ય સરકાર ખેડૂતો સામે વીજ ચોરી અંગે નોંધાયેલ ફરિયાદો પાછી ખેંચવા માંગે છે ખરી? | (૩) પ્રથમવાર વીજ ચોરી કરનાર ખેડૂત દ્વારા ગુન્હાની સમજૂતી પેટે માંડવાળની રકમ (કમ્પાઉન્ડીંગ ચાર્જીસ) ભરપાઇ થઇ જતી હોય તેવા કિસ્સામાં ફરિયાદ નોંધાવવામાં આવતી નથી અને ફરિયાદ નોંધયેલ હોય તો નામદાર કોર્ટની જાણ હેઠળ પાછી ખેંચી લેવામાં આવે છે. |

**રાજ્યમાં મળેલ વણ ઓળખાયેલ લાશો**

૯૮૭ **શ્રી પરેશભાઈ ગો. વસાવા(નિઝર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વણ ઓળખાયેલ લાશો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી મળી, | (૧), (૨) અને (૩)<br>રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૭૯૪૩ વણ ઓળખાયેલ લાશો મળી. આમાંથી બહેનો ની લાશો ૧૧૪૩ હતી અને ભાઇઓની લાશો ૬૮૦૦ હતી. તે પેકી ૮૬૮ લાશો ઓળખી શકાયેલ છે. આવી લાશોને ઓળખવા માટે દરેક પોલીસ સ્ટેશનને વાયરલેશથી જાણ કરવામાં આવે છે. ટેલીવિઝન અને સ્થાનિક ચેનલો ઉપરથી ફોટા સાથે તથા સમાચાર પત્રો/છાપામાં યાદી મોકલવામાં આવે છે. અને બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે. આવી બિનવારસી લાશો ઉપરના કપડાં તેમજ કાગળો વગેરે મળી આવે તે ઉપરથી તપાસ કરવામાં આવે છે. આટલા પ્રયાસો કરવા છતાં પણ લાશની ઓળખ પ્રસ્થાપિત થઇ શક્તી ન હોય ત્યારે લાશના ફોટા, બ્લડ સેમ્પલ અને ફીંગર પ્રિન્ટ લઇને સંગ્રહી લેવામાં આવે છે જેથી તે ભવિષ્યમાં સગા સબંધીઓને ઓળખાણ માટે મદદરૂપ થાય. |
| (૨) બહેનોની લાશો કેટલી અને ભાઈઓની લાશો કેટલી મળી, અને | |
| (૩) કેટલા ગુનાનો ભેદ ઉકલાયો ? | |

------------

**૩૧**

**અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીનો નિકાલ**

૪૦૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા | (૧) નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં પ્રશ્ન હેઠળના |

તાલુકાના ઝાંપ, અણીયાળી, રેથલ, દદુકા, નાનોદરા, વાસણા, ક્વળા, સાંકોડ, દેવડથલ, શિયાળ, દુર્ગી, મેણી અને અન્ય ગામોને નર્મદાની કેનાલનું સિંચાઈ માટે પાણી મળતું નથી અને ફતેવાડી યોજનાનું પાણી પણ મળતું નથી તો આ ગામોને નર્મદા યોજનાનું સિંચાઈ માટે પાણી નહિં મળવાના કારણો શાં છે,

ગામો પેકી, ફક્ત શિયાળ ગામના ૧૧૯ હેક્ટર વિસ્તારનો સમાવેશ થયેલ છે. અન્ય ગામો પેકી ફતેવાડી યોજના ના ક્માન્ડમાં ઝાંપ, રેથલ, દદુકા, નાનોદરા, વાસણા, સાંકોડ ગામોનો સમાવેશ થાય છે. બાકીના ગામો ફતેવાડી ક્માન્ડમાં આવતા નથી. ફતેવાડી નહેર માટે ૦.૨૦ મીલીયન એકર ફીટ નર્મદા નદીના પુરનું પાણી આપવાનું આયોજન થયેલ છે. ઉક્ત પાણી નર્મદા મુખ્ય નહેરના સાબરમતી નદી પરના એસ્કેપ, નર્મદા મુખ્ય નહેર પર ઈર્સ્ટન ડ્રેઈન ઉપરના એસ્કેપ તથા સોરાષ્ટ્ર શાખા નહેરના એસ્કેપ મારફતે આપવાનું આયોજન કરેલ છે. તે પેકી સોરાષ્ટ્ર શાખા નહેરના એસ્કેપનું કામ પૂર્ણ થયેથી પુરતા જથ્થામાં પાણી ઉપલબ્ધ થવાથી ફતેવાડી ક્માન્ડના ગામોને પાણી પહોંચાડી શકાશે.

(૨) આ ગામોને પાણી આપવા માંગો છો કે કેમ, અને

(૨) શિયાળ ગામને નર્મદા યોજનાની નહેર મારફત પાણી આપવાનું આયોજન છે, જ્યારે ફતેવાડી ક્માન્ડમાં સમાવિષ્ટ થતાં ગામોને પાણી આપવાનું આયોજન ઉપર (૧)માં જણાવ્યા મુજબ.

(૩) જો હા, તો ક્યારે આપવામાં આવશે ?

(૩) શિયાળ ગામને નર્મદા નહેર મારફત આ વર્ષના અંત સુધીમાં પાણી આપવાનું આયોજન છે તેમજ ફતેવાડી ક્માન્ડના વિસ્તારમાં સોરાષ્ટ્ર શાખા નહેરના એસ્કેપની કામગીરી પૂર્ણ થયેથી તેમજ ફતેવાડી લોંગટર્મ રીસ્ટોરેશનના કામો બજેટની ઉપલબ્ધિ ધ્યાને લઈ, હાથ ધરી તબક્કાવાર પૂર્ણ કરી પાણી આપવાનું આયોજન છે.

------------

**ખેતી વિષયક વીજ જોડાણો પેટે વિદ્યુત શુલ્ક લેવા અંગે**

૪૯૨ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો પાસેથી તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ વિદ્યુત શુલ્ક પેટે કોઈ રકમ વસુલ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**પોટા કાયદા હેઠળ નોંધાયેલ કેસ**

૫૧૭ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં પોટા કાયદા હેઠળ કુલ કેટલા કેસો નોંધાયેલ છે, અને | (૧) ૧૪ કેસો. |
| (૨) તે પેકી કેટલા કેસોમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે ? | (૨) ૧૪ કેસોમાં. |

------------

**સરદાર સરોવર આધારિત પાવર હાઉસથી ઉત્પાદિત વીજળી**

૪૭૫ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરદાર સરોવર ડેમ આધારિત કેનાલ હેડ પાવરહાઉસ અને રીવર બેડ પાવર હાઉસથી કેલેન્ડર વર્ષ ૨૦૦૭માં કેટલી વીજ યુનિટનું ઉત્પાદન થયું, | (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૭માં નીચે મુજબ વીજ ઉત્પાદન થયેલ છે.<br>રીવર બેડ પાવર હાઉસ : ૩૯૪.૪૭ કરોડ યુનિટ<br>કેનાલ હેડ પાવર હાઉસ : ૩૦.૧૨ કરોડ યુનિટ |

કુલ : ૪૨૪.૫૯ ક્રોડ યુનિટ

(૨) કેટલી આવક ઉભી થશે, અને

(૨) ગુજરાત રાજ્યના ભાગે આવતી વીજળીમાંથી આશરે રૂા. ૧૩૬.૮૮ ક્રોડ ઉભી થયેલ છે.

(૩) પાવર હાઉસ શરૂ થયા ત્યારથી તારીખ ૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ કેટલી વીજળી ઉત્પન્ન થઇ ?

(૨) ૫૬૩.૬૯ ક્રોડ યુનિટ.

------------

**ટોરેન્ટ વીજ કંપની સાથે કોન્ટ્રાકટ**

૩૪૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ સિવાયના ક્યા શહેરોમાં ટોરેન્ટ વીજળી કંપનીને કોન્ટ્રેકટ આપવામાં આવેલ છે, | (૧) ટોરેન્ટ પાવર લી. ને કોન્ટ્રેકટ અપાયેલ નથી. પરંતુ આ કંપની અમદાવાદ, ગાંધીનગર અને સુરત શહેરના નિયત કરાયેલ વિસ્તારોમાં વીજ વિતરણનો પરવાનો ધરાવે છે. |
| (૨) વીજળીના ભાવનું નિયંત્રણ કેવી રીતે કરવામાં આવે છે, અને | (૨) વીજળીના ભાવનું નિયંત્રણ વીજળી અધિનિયમ, ૨૦૦૩ અંતર્ગત વિનિયમો દ્વારા કરવામાં આવે છે. |
| (૩) વીજળીના ખોટા બિલો આવે તો એનું નિયંત્રણ કોણ કરે છે ? | (૩) વીજળી અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઈ મુજબ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં વીજળીના ખોટા બિલો અંગે ફરિયાદ થઈ શકે છે. ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રના હુકમ સામે વિદ્યુત લોકપાલ સમક્ષ અપીલની જોગવાઈ પણ છે. |

------------

**કલ્પસર યોજના પાછળ ખર્ચ**

૨૫૧**શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખંભાતના અખાત ઉપર કલ્પસર યોજના બનાવવી તે રાજ્ય સરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ સર્વે વગેરે કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો, | (૨) રૂા. ૨૭૫૫.૩૩ લાખ. |
| (૩) આ યોજનાનો કુલ ખર્ચનો અંદાજ શું છે, અને | (૩) પૂર્વ શક્યતાદર્શી અને છ વિશિષ્ઠ અભ્યાસો મુજબ ૧૯૯૯ના વર્ષની ભાવસપાટીએ યોજનાનો અંદાજિત કુલ ખર્ચ રૂા. ૫૪,૦૦૦/-ક્રોડ છે. |
| (૪) આ યોજના હાલ ક્યા તબક્કે છે ? | (૪) આ યોજના હાલ પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તેયાર કરવાના તબકકે છે. |

------------

**ગુજકોક કાયદાને કેન્દ્રની મંજૂરી અંગે**

૯૯૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આતંકવાદને નાથવા માટે આતંકવાદ વિરોધી "ગુજકોક" કાયદાને કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી મળેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ આ બાબતે રાજ્ય સરકારે કેટલીવાર રજૂઆતો કરેલ છે, અને | (૨) ૪ (ચાર) વખત લેખિત રજુઆત સચિવશ્રી (ગૃહ)/અગ્રસચિવશ્રી(ગૃહ) તેમજ માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી ગૃહ મંત્રાલય, માન. પ્રધાનમંત્રીશ્રી તેમજ માન. રાષ્ટ્રપતિશ્રીને કરવામાં આવેલ છે. વધુમાં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા રાષ્ટ્રિય સુરક્ષા પરિષદમાં તેમજ માન. પ્રધાનમંત્રીશ્રીને પણ રૂબરૂ રજુઆત કરવામાં આવેલ છે. |
| (૩) તેનું પરિણામ શું આવ્યું ? | (૩) હજુ સુધી કેન્દ્ર સરકારની મંજુરી મળેલ નથી. |

------------

**સ્પેશીયલ ઈકોનોમિક ઝોનની મંજૂરી**

૫૧૩ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ઘડવામાં આવેલ સ્પેશીયલ ઈકોનોમીક ઝોન કાયદા અન્વયે રાજ્યમાં કેટલા ઝોનને તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ મંજૂરી મળેલ છે, તે પૈકી કેટલા ઝોન માટે નોટીફીકેશન બહાર પડેલ છે, અને | (૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૫૧ સ્પેશીયલ ઈકોનોમીક ઝોનને મંજૂરી આપેલ છે. તે પૈકી ૪૮ એસઈઝેડને કેન્દ્ર સરકારનો એકટ જાહેર થયા પછી મંજૂરી આપવામાં આવેલ છે. તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા ૧૬ એસઈઝેડના નોટીફિકેશન બહાર પડેલ છે. |
| (૨) આ ઝોનમાં કેટલું રોકાણ થવાની સંભાવના છે અને કેટલી રોજગારીની સંભાવના છે ? | (૨) રાજ્યમાં કુલ રૂા. ૨૪૪૮૫૪ કરોડ રોકાણ અને કુલ ૧૬૬૨૮૯૦ રોજગારી ઉભી થવાની સંભાવના છે. |

------------

**ગુજરાત ગૌણ સેવા દ્વારા અપાતા અરજી ફોર્મ**

૪૧૬ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ-૩ ની કોઈપણ સીધી ભરતી માટે પ્રસિધ્ધ કરવામાં આવતી જાહેર-ખબરોના અરજી ફોર્મ ફક્ત મંડળની કચેરીએથી જ આપવામાં આવે છે, અને | (૧) ઓછી સંખ્યામાં અરજી ફોર્મ મળવાની શક્યતા હોય તેવા સંવર્ગ માટે મંડળની કચેરીએથી, જ્યારે વધુ પ્રમાણમાં ફોર્મ મળવાની શક્યતા હોય તેવા સંવર્ગ માટે રાજ્યની તમામ જીલ્લા રોજગાર વિનિમય કચેરીએથી ફોર્મનું વિતરણ કરવામાં આવે છે. |
| (૨) ટપાલથી પણ ફોર્મ મોકલવામાં આવતા નથી તે બાબત સરકારશ્રીના ધ્યાન પર છે કે કેમ ? | (૨) ઓછી સંખ્યામાં અરજી ફોર્મ મળવાની શક્યતા હોય તેવા સંવર્ગ માટે અરજી ફોર્મ મંડળની કચેરીએથી ટપાલ દ્વારા પણ મોકલવામાં આવે છે. |

------------

**પંચમહાલ જિલ્લાના લીઝ હોલ્ડરો**

૯૭૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૭ સુધીની સ્થિતિએ છેલ્લા વર્ષમાં પંચમહાલ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા લીઝ હોલ્ડરો આવેલા છે, | (૧) અને (૨) પંચમહાલ જિલ્લામાં ૧૧ તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં છેલ્લા વર્ષમાં મુખ્ય ખનિજના ૩૩ અને ગૌણ ખનિજના ૧૭૨ લીઝ હોલ્ડરો આવેલ છે. જેની તાલુકાવાર લીઝ ધારકો તથા છેલ્લા ત્રણ વર્ષની મહેસૂલી આવકની વિગતો જોડાણ-૧ તરીકે *પત્રકમાં સામેલ છે. |
| (૨) આવા લીઝ હોલ્ડરો પાસેથી છેલ્લા ૩ વર્ષ દરમ્યાન કેટલી મહેસૂલી આવક થઈ, | |
| (૩) આ લીઝ હોલ્ડરો પાસેથી કોઈ ગેરકાયદેસર ખનીજ વહન કરતા પકડાયેલા છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો પકડાયેલ હોઈ તો તેમની વિરૂધ્ધમાં શાં પગલાં લીધેલ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**રાજ્યમાં સાંધ્ય કોર્ટોની સ્થાપના**

૪૭૯ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારે તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના કરી, અને | (૧) ""૯૬"" |

(૨) ક્યા ક્યા જિલ્લામાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના થઈ ?

(૨) પત્રક- ""અ"" મુજબ

પત્રક-અ

| અ.નં. | જિલ્લાનું નામ | જિલ્લામાં સાંધ્ય કોર્ટોની સંખ્યા |
|---|---|---|
| (૧) | અમદાવાદ ગ્રામ્ય | ૧૭ |
| (૨) | અમરેલી | ૩ |
| (૩) | આણંદ | ૩ |
| (૪) | બનાસકાંઠા | ૨ |
| (૫) | ભરૂચ | ૨ |
| (૬) | ભાવનગર | ૨ |
| (૭) | દાહોદ | ૩ |
| (૮) | ગાંધીનગર | ૬ |
| (૯) | જામનગર | ૧ |
| (૧૦) | જૂનાગઢ | ૩ |
| (૧૧) | કચ્છ | ૩ |
| (૧૨) | ખેડા | ૪ |
| (૧૩) | મહેસાણા | ૫ |
| (૧૪) | નર્મદા | ૧ |
| (૧૫) | નવસારી | ૧ |
| (૧૬) | પાટણ | ૨ |
| (૧૭) | રાજકોટ | ૫ |
| (૧૮) | સાબરકાંઠા | ૪ |
| (૧૯) | સુરત | ૪ |
| (૨૦) | સુરેન્દ્રનગર | ૧ |
| (૨૧) | વડોદરા | ૧૧ |
| (૨૨) | વલસાડ | ૨ |
| (૨૩) | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ | ૭ |
| (૨૪) | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | ૧ |
| (૨૫) | સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ | ૩ |
| | | ૯૬ |

------------

## સાવરકુંડલા તાલુકાના વંડા ગામે પોલીસ સ્ટેશન સ્થાપવા અંગે

૧૩૦૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાના જેસર રોડ પરના વંડા ગામે રૂરલ પોલીસ સ્ટેશન ની વારંવાર માંગણી કરવા છતાં પોલીસ સ્ટેશન મંજુર કરવામાં આવેલ નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગામે પોલીસ સ્ટેશન ક્યારે આપવા માંગો છો ?

**જવાબ**

(૧) વંડા ગામે પોલીસ સ્ટેશન શરૂ કરવાની રજુઆતો મળેલ છે.

(૨) સુચિત વંડા ગામ પોલીસ સ્ટેશન માટે મહેકમ મંજુર કરવા અંગે ૨૦૦૮-૨૦૦૯ના અંદાજપત્રમાં જોગવાઈ કરી પોલીસ સ્ટેશન સ્થાપવાનું આયોજન છે.

------------

## નર્મદા યોજના ધ્વારા સોરાષ્ટ્રને સિંચાઈ સુવિધા અંગે

૯૮૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના હેઠળ સોરાષ્ટ્રના ક્યા ક્યા જિલ્લાનો કેટલા હેકટર નહેર ધ્વારા સિંચાઈનો લાભ મળશે,

**જવાબ**

(૧) નર્મદા યોજના હેઠળ સોરાષ્ટ્રના
સુરેન્દ્રનગર જિલ્લાના -૩,૪૮,૦૬૮ (હેકટર)
રાજકોટ જિલ્લાના -૪૪,૫૦૩ (હેકટર)

અને ભાવનગર જિલ્લાના -૬૩,૮૦૦ (હેકટર)
વિસ્તારને નહેર દ્વારા સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

(૨) આ લાભ માટે સોરાષ્ટ્રમાં કેટલા કિ.મી. કેનાલ બનાવવાની રહેશે,

(૨) આ લાભ માટે સોરાષ્ટ્રમાં ૬૯૩ કિ.મી. બ્રાન્ચ કેનાલ, ૧૪૧૮ કી.મી. ડીસ્ટ્રીબ્યુટરી, ૪૩૬૪ કી.મી. માઈનોર અને ૨૧૫૫૦ કી.મી. સબમાઈનોર બનાવવાની રહેશે.

(૩) આ કેનાલો પૈકીની સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી, અને

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૨૪ કિ.મી. બ્રાન્ચ કેનાલ, ૧૧૬૭ કી.મી. ડીસ્ટ્રીબ્યુટરી, ૩૪૨૭ કી.મી. માઈનોર અને ૧૭૨૯૦ કી.મી. સબમાઈનોર બનાવવાની થાય.

(૪) આ કેનાલો બનાવવાની કામગીરી ક્યારે પૂરી થશે ?

(૪) સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫૦ કી.મી. લંબાઈમાં બ્રાન્ચ કેનાલના કામો પૂર્ણ થયા છે બાકીના કામો બને તેટલા ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**સુરત જિલ્લામાં પોલીસ ખાતામાં રહેણાંકના મકાનો**

૫૧૫ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચાલુ નાણાકીય વર્ષમાં સુરત જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અંદાજીત રૂા. ૧૧૫.૮૬ લાખ.

(૨) અંદાજીત રૂા. ૧૧૫.૮૬ લાખ.

**સ્પીપા ખાતે તાલીમ લઈ સનદી સેવાઓ માટે ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો**

૪૯૪ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સનદી સેવાઓ માટે સ્પીપા ખાતે તાલીમ લઈને કેટલા ઉમેદવારો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તિર્ણ થયેલ છે,

(૨) આ પ્રકારની તાલીમ વ્યવસ્થાને હાલની જરૂરીયાત પ્રમાણે વધારે સક્ષમ બનાવી રાજ્યના વધુ યુવાનો ઉત્તિર્ણ થાય તે માટે સરકાર કોઈ પગલાં ભરવા માંગે છે કે કેમ, અને

(૩) ક્યા ક્યા પગલાં યોજીને રાજ્યના વધુ યુવાનો સનદી સેવામાં જોડાય તેવું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) સનદી સેવાઓ માટે સ્પીપા ખાતે તાલીમ લઈને તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નીચે મુજબના વિદ્યાર્થીઓ છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તિર્ણ થયેલ છે.

| | |
|---|---|
| ૨૦૦૪ | ૩ |
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૮ |
| કુલ | ૧૨ |

વર્ષ ૨૦૦૭માં લેવાયેલ પરીક્ષાનું આખરી પરિણામ હજુ આવેલ નથી.

(૨) હા, જી.

(૩) સ્પીપા દ્વારા ઓરીએન્ટેશન કોર્ષ તેમજ સેમિનાર યોજીને શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને આવી પરીક્ષા આપવા માટે માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવામાં આવે છે. તેમજ જિલ્લા કક્ષાએ ફરજ બજાવતાં રોજગાર ખાતાના શિક્ષણ ખાતાના, સામાજિક ન્યાય ખાતાના જુદા જુદા અધિકારીઓ ખાસ તાલીમ કાર્યક્રમ યોજી સનદી સેવાઓ તથા અન્ય ક્ષેત્રોમાં કારકીર્દી લક્ષી પુરતી સમજણ આપી જિલ્લા કક્ષાએ યુવાનોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો કરવામાં આવે છે.

------------

**રાજ્યના વીજ મથકો**

૧૦૨ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા વિજ મથકો ક્યા ક્યા આવેલા છે, | (૧) અને (૨) પત્રક-અ મુજબ |
| (૨) આ વિજ મથકોની વિજ ક્ષમતા કેટલી છે, | |

**પત્રક-અ**

**તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યના વિજ મથકો અને તેની વિજ ઉત્પાદન ક્ષમતા.**

| વિજમથકનું નામ | જીલ્લાનું નામ | તા. ૩૧/૧૨/૦૭ની સ્થિતિએ વિજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) |
|---|---|---|
| ઉકાઈ થર્મલ વિજ મથક | સુરત | ૮૫૦ |
| ગાંધીનગર થર્મલ વિજ મથક | ગાંધીનગર | ૮૭૦ |
| વણાકબોરી થર્મલ વિજ મથક | ખેડા | ૧૪૭૦ |
| સિક્કા થર્મલ વિજ મથક | જામનગર | ૨૪૦ |
| કચ્છ લિગાઈટ થર્મલ વિજ મથક | કચ્છ | ૨૧૫ |
| ધુવારણ થર્મલ વિજ મથક | આણંદ | ૨૨૦ |
| ધુવારણ ગેસ આધારીત વિજ મથક | આણંદ | ૨૧૯.૦૬૭ |
| ઉતરાણ ગેસ આધારીત વિજ મથક | સુરત | ૧૩૫ |
| ઉકાઈ હાઈડ્રો વિજ મથક | સુરત | ૩૦૦ |
| ઉકાઈ મીની હાઈડ્રો વિજ મથક | સુરત | ૫ |
| કડાણા હાઈડ્રો વિજ મથક | પંચમહાલ | ૨૪૦ |
| પાનમ મીની હાઈડ્રો વિજ મથક | પંચમહાલ | ૨ |
| | કુલ | ૪૭૬૬.૦૬૭ |
| ખાનગી ક્ષેત્રના વીજ મથક | | |
| ટોરેન્ટ પાવર | સાબરમતી | ૫૦૦ |
| જી.આઈ.પી.એલ. સ્ટેજ-૧ | વડોદરા | ૧૪૫ |
| જી.આઈ.પી.એલ. સ્ટેજ-૨ | વડોદરા | ૧૬૦ |
| એસ.એલ.પી.પી. માંગરોલ | સુરત | ૨૫૦ |
| જી.એમ.ડી.સી. અકરીમોટા | કચ્છ | ૨૫૦ |
| જી.એસ.ઈ.જી. હજીરા | સુરત | ૧૫૬ |
| જી.પી.ઈ.સી.એલ. પગુથણ | ભરૂચ | ૬૫૫ |
| એસ્સાર હજીરા | સુરત | ૫૧૫ |
| | કુલ | ૨૬૩૧ |
| કેન્દ્રીય વીજ મથકો (ગુજરાતને હિસ્સો) | | |
| એનટીપીસી - ક્વાસ | ભરૂચ | ૧૮૭ |
| એનટીપીસી - જનોર | ભરૂચ | ૨૩૭ |
| સરદાર સરોવર કેવડીયા કોલોની | નર્મદા | ૨૩૨ |
| કાક્રાપાર અણું વિદ્યુત મથક | સુરત | ૧૨૫ |

| | |
|---|---|
| (૩) રાજ્યની માંગની સરખામણીમાં પુરતી વિજળી ઉત્પન્ન થાય છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) આ વિજ મથકોમાં વિજક્ષમતા વધે તે માટે ક્યા પ્રકારની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી ? | (૪) રાજ્યના ચાલુ વીજ મથકોમાંથી વધુ વીજ ઉત્પાદન મેળવી શકાય તે માટે નીચેના વીજમથકોના નવીનીકરણ અને આધુનિકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>-૭૦ મે.વો. કચ્છ લિગાઈટ થર્મલ પાવર યુનિટ નં. ૧ અને ૨<br>-૧૨૦ મે.વો. ઉકાઈ થર્મલ પાવર પ્લાન્ટ યુનિટ નં. ૧અને ૨<br>-૧૨૦ મે.વો. ગાંધીનગર પાવર પ્લાન્ટ યુનિટ નં. ૧ અને ૨<br>-તદઉપરાંત ઉકાઈ, ગાંધીનગર, ધુવારણ તેમજ વણાકબોરી વીજ મથકોના જીર્ણોધ્ધાર અને આધુનિકરણની નાની યોજનાઓ હાથ ધરોલ છે.<br>-આ ઉપરાંત કેટલાક હયાત વીજ મથકોની હાલની સ્થાપિત વીજ ક્ષમતાના વિસ્તૃતિકરણની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવેલ છે. |

------------

**સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજનાની લેણી રકમ**

૯૯૪ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજના માટે લેણી થતી રકમ ક્યા ક્યા રાજ્યો પાસેથી કેટલી આવી અને કેટલી બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજના માટે લેણી થતી રકમ તેમજ બાકી રકમની વિગતો નીચે મુજબ છે.

**(રૂા. કરોડમાં)**

| ક્રમ નં. | રાજ્યનું નામ | મળવાપાત્ર કુલ રકમ | મળેલ રકમ | બાકી રકમ |
|---|---|---|---|---|
| ૧. | મધ્યપ્રદેશ | ૩૭૯૦.૧૦ | ૨૦૬૫.૦૭ | ૧૭૨૫.૦૩ |
| ૨. | મહારાષ્ટ્ર | ૧૭૯૫.૩૩ | ૮૪૩.૩૯ | ૯૫૧.૯૪ |
| ૩. | રાજસ્થાન | ૮૩૭.૮૩ | ૬૪૬.૯૫ | ૧૯૦.૮૮ |
| | કુલ... | ૬૪૨૩.૨૬ | ૩૫૫૫.૪૧ | ૨૮૬૭.૮૫ |

ઉક્ત દર્શાવેલ બાકી રકમ પેકી કુલ રૂા. ૨૭૧૪.૯૮ કરોડની રકમ વિવાદિત છે. જ્યારે બાકીની રૂા. ૧૫૨.૮૭ કરોડની રકમ બિનવિવાદીત છે.

(૨) બાકી નીકળતી લેણી રકમ લેવા રાજ્ય સરકારે છેલ્લે ક્યારે કેન્દ્ર સરકાર કક્ષાએ રજૂઆત કરી, અને

(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીએ માનનીય નાયબ અધ્યક્ષશ્રી, યોજના આયોગ અને માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ ભાગીદાર રાજ્યોના બાકી લેણાં માટે રજૂઆત કરેલ છે. સરદાર સરોવર ક્ન્સ્ટ્રક્શન એડવાઈઝરી કમિટિની ૭૦,૭૧,૭૨,૭૪ અને ૭૫મી મીટીંગોમાં આ બાબતે જરૂરી રજૂઆતો કરવામાં આવેલ તદ્ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા સંબંધિત ભાગીદાર રાજ્યોને આ બાબતે પત્રો લખવામાં આવે છે. તેની નકલો સરદાર સરોવર ક્ન્સ્ટ્રક્શન એડવાઈઝરી કમિટિને પણ પાઠવવામાં આવે છે.

(૩) આ રજૂઆતનું શું પરિણામ આવ્યું ?

(૩) રજૂઆતના પરીણામ સ્વરૂપે આજદિન સુધીમાં કુલ રૂા. ૩૫૫૫.૪૧ કરોડ પ્રાપ્ત થયા છે. જે પેકી છેલ્લા ત્રણ વર્ષમાં કુલ રૂા. ૭૯૨.૦૭ કરોડ ભાગીદાર રાજ્યો પાસેથી પ્રાપ્ત થયેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં ખેતી વિષયક વીજ લાઈનોની જ્યોતિગ્રામ યોજનામાં તબદીલી**

૯૭૩ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષના કચ્છ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાંથી ખર્ચ કર્યા વગર ખેત વિષયક વીજ લાઈનો જ્યોતિગ્રામ યોજનામાં કેટલી તબદીલ કરવામાં આવી,

(૧) એક પણ નહીં.

(૨) આવી વીજ લાઈનો પુનઃ ખેત વિષયક વીજ લાઈનમાં તબદીલ કરવા કેટલી માંગણીઓ આવી,

(૨) એક પણ નહીં.

(૩) આ બાબતે કેટલી લાઈનો પુનઃ ખેત વિષયકમાં ફેરવવામાં આવી, અને

(૪) ફેરવવામાં આવી ન હોય તો કેટલા સમયમાં ફેરવાશે ?

(૩) અને (૪)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પોલીસ કર્મીઓ સામે નોંધાયેલ ગુના**

**૨૧૩/page>૩૩૩ શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કેટલા પોલીસ કર્મીઓ ગુનાઓ કરતા પકડાયા,

(૨) તેમાં ગંભીર પ્રકારના કેટલા ગુનાઓ છે, અને

(૩) આવા પોલીસ કર્મીઓ સામે શા પગલાં લેવાયા ?

**જવાબ**

(૧)

| અ.નં. | જીલ્લા / શહેર | કેસો |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૪૫ |
| ૨ | રાજકોટ શહેર | ૨૦ |
| ૩ | વડોદરા શહેર | ૨૩ |
| ૪ | સુરત શહેર | ૨૮ |
| ૫ | અમદાવાદ રૂરલ | ૧૫ |
| ૬ | ખેડા | ૨૩ |
| ૭ | આણંદ | ૧૫ |
| ૮ | ગાંધીનગર | ૨૨ |
| ૯ | સાબરકાંઠા | ૧૫ |
| ૧૦ | મહેસાણા | ૧૪ |
| ૧૧ | જામનગર | ૦૮ |
| ૧૨ | રાજકોટ રૂરલ | ૧૧ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૧૫ |
| ૧૪ | બનાસકાંઠા | ૨૬ |
| ૧૫ | કચ્છ-ભૂજ | ૧૦ |
| ૧૬ | પાટણ | ૦૬ |
| ૧૭ | અમરેલી | ૦૬ |
| ૧૮ | ભાવનગર | ૧૪ |
| ૧૯ | જુનાગઢ | ૧૯ |
| ૨૦ | પોરબંદર | ૧૧ |
| ૨૧ | વડોદરા રૂરલ | ૧૦ |
| ૨૨ | ભરૂચ | ૦૬ |
| ૨૩ | નર્મદા | ૦૩ |
| ૨૪ | પંચમહાલ | ૧૮ |
| ૨૫ | દાહોદ | ૦૫ |
| ૨૬ | સુરત | ૦૫ |
| ૨૭ | તાપી | ૦૩ |
| ૨૮ | વલસાડ | ૦૫ |
| ૨૯ | નવસારી | ૦૫ |
| ૩૦ | વેસ્ટર્ન રેલ્વે | ૦૮ |
| ૩૧ | આહવા-ડાંગ | ૦૩ |
| ૩૨ | એટીએસ | ૧૩ |
| ૩૩ | સીઆઈડી ક્રાઈમ | ૧૦ |

(૨) ૭૧ (ઈકોતેર)

(૩) આવા પ્રકારના ગુનામાં સંડોવાયેલ પોલીસકર્મી/ અધિકારીઓ વિરૂધ્ધ ફરજ મોકુફી બરતરફી, ખાતાકીય તપાસ, નીચી પાયરીએ ઉતારવા, ઈજાફો અટકાવવો તથા ગુનો દાખલ કરી પુરાવા મેળવી અટક કરવી, કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવા તેમજ કોર્ટમાં ચાર્જશીટ કરવા જેવા પગલાં લેવાયા છે.

------------

**ક્ન્સેશનલ એગ્રીમેન્ટ હેઠળ આવક**

**૨૧૪/page>૪૪૬ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્ન્સેશન એગ્રીમેન્ટ કે ભાગીદારીમાં અપાયેલ બંદરો પેકી બી.ઓ.ટી. અને બી.ઓ.એમ.ની મુદત ક્યારે ક્યારે પૂરી થાય છે,

(૨) આ મુદત પૂરી થયા પહેલાં બંદરવાર થયેલ ખર્ચની તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ શું છે, અને

(૩) થયેલ ખર્ચ સામે બંદરવાર કેટલી રકમ ક્ન્સેશન એગ્રીમેન્ટ અન્વયે જમા આપવામાં આવી અને મેરીટાઈમ બોર્ડ કે રાજ્યની તિજોરીમાં કેટલી રકમ જમા આવી ?

**જવાબ**

(૧) રાજ્યમાં ક્ન્સેશન એગ્રીમેન્ટ કે ભાગીદારીમાં અપાયેલ બંદરોની મુદત પૂરી થવાની વિગત નીચે મુજબ છે.

૧. પીપાવાવ બંદર : સપ્ટેમ્બર-૨૦૨૮
૨. મુંદ્રા બંદર : ફેબ્રુઆરી-૨૦૩૧
૩. પેટ્રોનેટ એલએનજી દહેજ : ડિસેમ્બર-૨૦૩૫
૪. કેમીકલ પોર્ટ ટર્મીનલ દહેજ : જાન્યુઆરી-૨૦૩૧
૫. હજીરા પોર્ટ : એપ્રિલ-૨૦૩૫

(૨) બંદરવાર તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ થયેલ ખર્ચ :- (રૂ. કરોડમાં)

| ક્રમ | બંદરનું નામ | ખર્ચની વિગતો |
|---|---|---|
| ૧. | પીપાવાવ બંદર | ૬૯૬.૨૪ |
| ૨. | મુંદ્રા બંદર | ૨૭૧૦.૦૦ |
| ૩. | પેટ્રોનેટ એલએનજી-દહેજ | ૪૨૨.૫૭ |
| ૪. | કેમીકલ પોર્ટ ટર્મીનલ-દહેજ | ૮૭૪.૦૦ |
| ૫. | હજીરા પોર્ટ | ૧૧૭૫.૮૦ |

(૩) (અ) ક્ન્સેશન એગ્રીમેન્ટ અન્વયે જમા આપવામાં આવેલ રકમ (સેટઓફ)

| બંદરનું નામ | જમા આપવામાં આવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| પીપાવાવ | ૮૦.૩૩ |
| મુંદ્રા | ૨૧૯.૮૮ |

(બ) મેરીટાઈમ બોર્ડને થયેલ આવક

| બંદરનું નામ | જમીનના ભાડા, વોટરફ્રન્ટ રોયલ્ટી અને પોર્ટ ડ્યુસ (રૂ. કરોડમાં) |
|---|---|
| પીપાવાવ | ૧૬.૬૬ |
| મુંદ્રા | ૫૧.૦૯ |
| પેટ્રોનેટ એલએનજી-દહેજ | ૧૪૩.૧૫ |
| કેમીકલ પોર્ટ ટર્મીનલ-દહેજ | ૨૧.૯૯ |
| હજીરા પોર્ટ | ૧૮.૦૪ |

(ક) રાજ્ય સરકારને થયેલ અન્ય આવક (રૂા. ક્રોડમાં)

| બંદરનું નામ | સ્ટેમ્પડ્યૂટી અને રજીસ્ટ્રેશન પેટે | ડીસઈન્વેસ્ટમેન્ટ | કુલ |
|---|---|---|---|
| પીપાવાવ | ૦.૭૮ | ૬૨.૨૯ | ૬૩.૦૭ |
| મુંદ્રા | ૨૬.૫૦ | ૨૦૦.૮૬ | ૨૨૭.૩૬ |
| પેટ્રોનેટ એલએનજી દહેજ | ૨.૦૭ | -- | ૨.૦૭ |

આ ઉપરાંત ગુજરાત મેરીટાઈમ બોર્ડની કુલ આવક્ના ૩૦ ટકા આવક રાજ્ય સરકારમાં જમા કરાવવામાં આવે છે.

------------

**સાવલી બાયોટેક પાર્કમાં બાયોટેક ઉદ્યોગોની સ્થાપના**

૪૮૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવલી બાયોટેક પાર્કમાં બાયોટેક ઉદ્યોગો દ્વારા ઈન્વેસ્ટમેન્ટ માટે કોઈ રસ દર્શાવવામાં આવેલ છે કે કેમ, જો હા, તો કેટલી કંપનીઓએ ઉદ્યોગો સ્થાપવા અરજી કરેલ છે, | (૧) હા, જી<br>૦૯ (નવ) |
| (૨) બાયોટેક પાર્ક સાવલીમાં રસ ધરાવતા ઉદ્યોગો દ્વારા કેટલું ઈન્વેસ્ટમેન્ટ થનાર છે, અને | (૨) રૂપિયા ૩૦૦/- થી ૪૦૦/- કરોડ |
| (૩) સરકાર દ્વારા સાવલી સિવાય રાજ્યમાં અન્ય કોઈ બાયોટેક પાર્ક સ્થાપવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે કે કેમ ? | (૩) વિચારણા હેઠળ છે. |

------------

**કપડવંજ તાલુકામાં ખેતીવાડી માટે નવા વીજ જોડાણ**

૯૮૦ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કપડવંજ તાલુકામાં ખેતીવાડી માટે નવા વિજ જોડાણ કેમ આપવામાં આવતા નથી,<br>(૨) નવા જોડાણો આપવા માટે સરકારની શું યોજના છે, અને | (૧) અને (૨) કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગે એક્ષપ્લોઇટેડ કેટેગરીવાળા તાલુકાઓમાં ભૂગર્ભજળ ખેંચાણ પર તા. ૦૧-૦૧-૨૦૦૪ થી નિયંત્રણો મુકેલ અને કપડવંજ તાલુકાનો તેમાં સમાવેશ થતો હોવાના કારણે નવાં ખેતવિષયક વિજ જોડાણો આપવા હિતાવહ નથી. |
| (૩) તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કપડવંજ તાલુકામાંથી કેટલા ખેતીવાડીના વિજ જોડાણ આપવામાં આવ્યા છે ? | (૩) તા. ૩૧-૦૩-૨૦૦૪ પહેલાં જે ખેડૂતોએ કુવા/બોર કરાવેલ હોય તેવા ૨૨૯ ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

------------

**રાજીવગાંધી વિદ્યુતીકરણ યોજના હેઠળ કેન્દ્ર તરફથી મળેલ રકમ**

૯૬૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજીવગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના અંતર્ગત રાજ્યના કેટલા જિલ્લાઓને લાભ મળેલ છે, | (૧) રાજ્યના ત્રણ જિલ્લાઓને લાભ મળેલ છે. ભારત સરકારે બીજા છ જિલ્લાઓને મંજૂરી આપ્યા બાદ અમલીકરણ સ્થગિત કરેલ છે, અને બાકીના ૧૬ જિલ્લાઓનાં પ્રોજેકટોને ભારત સરકારે હજુ સુધી આખરી મંજૂરી આપી નથી. |
| (૨) તા. ૩૧/૧૨/૦૭ની સ્થિતિએ આ યોજનામાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૨૫૫૧.૬૨ લાખ |
| (૩) આ યોજના અંતર્ગત જિલ્લાવાર કેટલા લોકોને લાભ મળશે, કેટલાને લાભ આપવામાં આવેલ છે અને બાકીનાને કેટલા સમયમાં લાભ મળશે ? | (૩) આ જિલ્લાના કુલ ૯,૫૫,૧૫૦ બી.પી.એલ. લાભાર્થીઓ આ યોજનાનો લાભ મેળવવાને પાત્ર ઠરે છે. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા માત્ર ત્રણ જિલ્લાનાં જ પ્રોજેકટ મંજૂર થયેલ હોઇ આ ત્રણ જિલ્લાના કુલ ૧,૮૮,૪૭૧ બી.પી.એલ. લાભાર્થીઓને લાભ મળશે. તે પૈકી ૪૮,૪૨૨ લાભાર્થીઓને વીજળીકરણનો લાભ આપવામાં આવેલ છે. જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે. |

| જિલ્લો | બીપીએલ લાભાર્થીઓની સંખ્યા | અપાયેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|---|
| નર્મદા | ૩૭૩૦૯ | ૯૬૫૦ |

| | | |
|---|---|---|
| ભરૂચ | ૩૨૮૯૪ | ૨૫૮૯૨ |
| પંચમહાલ | ૧૧૮૨૬૮ | ૧૨૮૮૦ |

ઉક્ત ત્રણ જિલ્લાનાં બાકી રહેતા લાભાર્થીઓને વર્ષ ૨૦૦૮-૦૯ સુધીમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યા બાદ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

**પોટા ધારા હેઠળ નોંધાયેલ કેસ**

૫૦૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પોટા ધારાના ભંગ બદલ કેટલા કેસો નોંધાયેલ છે, અને

(૨) તે પેકી કેટલા કેસો સાબિત થયા, કેટલા કેસો ના સાબિત થયા ?

**જવાબ**

(૧) ૧૪ કેસો

(૨) ૧૦ કેસો સાબિત થયા,
૪ કેસો કોર્ટમાં પડતર છે.

------------

**કલ્પસર યોજનાની પ્રગતિ**

૧૫૦ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સૌરાષ્ટ્ર માટે બહુલાભિત કલ્પસર યોજના બાબતે તા. ૩૧/૧/૦૮ની સ્થિતિ શી છે ?

**જવાબ**

કલ્પસર યોજના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે.

------------

**ભરુચ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના**

૪૦ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ડીસેમ્બર ૨૦૦૭ની સ્થિતિએ ભરુચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ખૂન-અપહરણ-ચોરી-ધાડ અને બળાત્કાર જેવા કેટલા ગુન્હાઓની ફરિયાદ દાખલ થઈ છે,

(૨) તે પેકી કેટલા ગુન્હેગારો પકડાયા, અને

(૩) કેટલા ગુન્હેગારોને પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧)

| | ગુન્હાની વિગત | દાખલ થયેલ ફરીયાદ |
|---|---|---|
| ૧. | ખુન | ૩૮ |
| ૨. | અપહરણ | ૧૫ |
| ૩. | ચોરી | ૨૭૭ |
| ૪. | ધાડ | ૬ |
| ૫. | બળાત્કાર | ૮ |

(૨) આ ગુનાઓમાં કુલ ૪૪૩ ગુનેગારો પકડાયા છે.

(૩) ૨૫ ગુનેગારો પકડવાના બાકી છે.

------------

**વાપી ખાતે જેલ બનાવવા અંગે**

૯૫૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાપી ખાતે બે પોલીસ મથક તથા બે કોર્ટો ચાલે છે, અગાઉ પારડી ખાતે હતી તે જેલ પણ ધ્વંસ થઈ ચૂકેલી છે, એ સંજોગોમાં ગુનેગારોને રાખવા માટે સબજેલ વાપીની તાતી જરૂરિયાત હોય તો વાપી ખાતે સરકાર જેલ બનાવવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં બનાવવા માંગે છે ?

**જવાબ**

(૧) આ બાબત વિચારણા હેઠળ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વ્યાજખોરોની કડક ઉઘરાણી અને ધમકીથી વ્યક્તિઓએ કરેલ આપઘાત**

૯૬૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્યમાં વ્યાજખોરોની કડક ઉઘરાણી કે ધમકીથી જિલ્લાવાર કેટલી વ્યક્તિઓએ આપઘાત કર્યા, અને

(૧)

| શહેર/જીલ્લો | આપઘાતની સંખ્યા |
|---|---|
| રાજકોટ શહેર | ૬ |
| સુરત શહેર | ૧ |
| આણંદ | ૧ |
| જુનાગઢ | ૧ |
| વડોદરા | ૧ |
| પ. રેલ્વે | ૧ |

આ સિવાયના અન્ય જિલ્લા/શહેરની માહિતી શૂન્ય છે.

(૨) તેની પાછળ રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

(૨) આરોપીઓની ઇ.પી.કો.ક. ૩૦૬, ૧૧૪ તેમજ અન્ય ક્લમો, બોમ્બે મની લેન્ડર્સ એક્ટ ૧૯૪૬ની જુદી જુદી ક્લમો તેમજ એટ્રોસીટી એકટ હેઠળ વિવિધ/સબંધિત પોલીસ સ્ટેશનોમાં ગુનાઓ નોંધવામાં આવેલ છે, આરોપીઓની ધરપકડ/અટક કરવામાં આવેલ છે અને કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

------------

**સુરતની મધ્યસ્થ જેલ ખસેડવા અંગે**

૯૬૦ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરતની મધ્યસ્થ જેલને અન્યત્ર ખસેડવાની હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યાં, અને

(૨) સુરત ખાતે સચિન નજીક લાજપોર મુકામે.

(૩) તેનું બાંધકામ ક્યારે પૂર્ણ થશે ?

(૩) વર્ષ ૨૦૧૨-૧૩ માં લાજપોર મધ્યસ્થ જેલનું બાંધકામ પૂર્ણ થશે.

------------

**રાજ્યમાં થયેલ એમ.ઓ.યુ.**

૪૧૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા પ્રોજેક્ટસ માટે એમ.ઓ.યુ. થયા, અને

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન વર્ષ ૨૦૦૭માં વાઇબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૭ યોજવામાં આવેલ, જેમાં ૪૫૪ પ્રોજેક્ટો માટે ૩૬૩ એમ.ઓ.યુ./જાહેરાતો કરવામાં આવેલ.

(૨) તે પૈકી છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા પ્રોજેક્ટસ આવ્યા ?

(૨) ૧(એક) પ્રોજેક્ટ માટે એમ.ઓ.યું. થયેલ છે.

------------

**બાઈસેગ સંસ્થાનું શિક્ષણક્ષેત્રે યોગદાન**

૪૮૯ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બાઈસેગ સંસ્થા શિક્ષણ ક્ષેત્રે કોઈ યોગદાન આપે છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેવી રીતે અને ના તો કોઈ આયોજન વિચારેલ છે કે કેમ, અને

(૨) ૧) એજ્યુસેટ દ્વારા દુરવર્તી શિક્ષણ.
૨) એજ્યુસેટની ક્યુબેન્ડની બે ચેનલ ઉપર ટીવી પ્રસારણ.
૩) માધ્યમિક શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમો અંગે

અધ્યાપકો દ્વારા આપવામાં આવતા વ્યાખ્યાનો બાઇસેગના સેટકોમથી ""એજ્યુસેટ"" મારફતે જીવંત પ્રસારણ પ્રસારણ કરવું તથા બાઇસેગના ઇલેક્ટ્રોનીક માધ્યમથી સી.ડી. તેયાર કરી, માધ્યમિક શિક્ષણ બોર્ડને આપવી.

૪) એમ.ઇ./બી.ઇ./એમએસ.સી. (આઈટી)/એમ.સી.એ. ના પ્રોજેક્ટ વર્ક.
૫) બી. ઇ. (આઇ.ટી.) /બી. ઇ. (કોમ્પ્યુટર)ની એપ્રેન્ટીસ તાલીમ

(૩) વર્ષ-૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં અંદાજીત કેટલી સંસ્થાઓએ આવા કાર્યક્રમનો લાભ લીધેલ છે ?

(૩) એજ્યુસેટ દ્વારા દુરવર્તી શિક્ષણનું આયોજન નીચેની એજન્સીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ જેવા કે,
૧) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૭૦૦૦થી વધારે સંસ્થાઓ
૨) બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૧૦૦ થી વધારે કેન્દ્રો
૩) ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ૫૦ થી વધારે સંસ્થાઓ
૪) ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા ધોરણ : ૮-૯-૧૦ના વિદ્યાર્થીઓ માટે ગણિત અને વિજ્ઞાનની પ્રશ્નોત્તરી
૫) મેડીકલ એજ્યુકેશન બોર્ડ
૬) ગુજરાત વિદ્યાપીઠ
૭) જી. સી. આર. ટી.

------------

**કચ્છ અને જામનગર જિલ્લાના બંદરોનો વિકાસ**

૯૭૦ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ અને જામનગર જિલ્લામાં સમુદ્ર કિનારા પર અન્ય નાના બંદરો વિકસાવવાની રાજ્ય સરકારની વિચારણામાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા બંદરો ? | (૨) ૧. મોઢવા (કચ્છ જિલ્લો)<br>૨. પોસીત્રા (જામનગર જિલ્લો)<br>૩. બેડી (જામનગર જિલ્લો) |

------------

**રાજ્યના બંધ પડેલ નાના અને મોટા ઉદ્યોગો**

૯૯૨ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં કેટલા નાના અને મોટા ઉદ્યોગ કેટલા સમયથી બંધ પડેલા છે, અને<br>(૨) આ બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ચાલુ કરવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૧) અને (૨)<br>રાજ્ય સરકાર દ્વારા બંધ એકમોની નોંધણી કરવામાં આવતી નથી. જે ઉદ્યોગો માંદા હોય તેમને રાહતો આપવા માટે તા. ૧૨-૫-૨૦૦૪ના ઠરાવ ક્રમાંક : બી.એફ.આર./(એચ.પી.સી.)/૧૦૨૦૦૩/૩૫૩૭/પી અનુસાર કાર્યવાહી કરવામાં આવતી હતી. હાલ પાઇપ લાઇન કેસોને લાભ આપવામાં આવે છે. |

------------

## ઓદ્યોગિક એકમો માટે નેશનલ ગ્રીડ દ્વારા વીજ વહનની મંજૂરી

૯૯૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓદ્યોગિક એકમ પોતાને જોઈતા વિજ પુરવઠાને પહોંચી વળવા બીજા રાજ્યમાંથી વાટાઘાટો કરી નેશનલ ગ્રીડ દ્વારા રાજ્યના ઉર્જા વિભાગને વહન ચાર્જ ભરપાઈ કરી વિજળી લાવી શકે એવો કાયદો કેન્દ્ર સરકારે ઘડેલ હોવા છતાં રાજ્યમાં આ કાયદાનો અમલ ન કરીને ઓદ્યોગિક એકમો વહન ચાર્જ ભરવા સંમત હોવા છતાં વીજ વહન માટે તેમને મંજૂરી આપવામાં આવતી નથી તે હકીક્ત સાચી, | (૧) તાંત્રિક કારણોસર એક એકમની અરજી નામંજૂર કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો આવા કેટલા એકમોએ આ પ્રકારની અરજી કરી છે, અને | (૨) એક |
| (૩) મંજૂરીના અભાવે કેવા પ્રકારના કેટલા એકમો ક્ષમતા મુજબનું ઉત્પાદન લઈ શક્તા નથી ? | (૩) ક્ષમતા મુજબનું વીજ ઉત્પાદન મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એકમે બીજા રાજ્યમાંથી વીજળીના પરિવહન માટે અરજી કરી હતી. |

-----------

## સાબરકાંઠા જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ.

૫૨૭ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ અંતર્ગત થયેલા તમામ સમીટોમાં થયેલા એમ.ઓ.યુ. પૈકી તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલા પ્રોજેક્ટ કાર્યાન્વિત થયા, | (૧) અને (૨) ગ્લોબલ ઇન્વેસ્ટર સમીટ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં એક એમ.ઓ.યુ. થયેલ છે જે કાર્યાન્વિત થયેલ નથી. |
| (૨) ક્યા એમ.ઓ.યુ. થયા હતા, અને | |
| (૩) પ્રોજેક્ટ ઝડપી કાર્યાન્વિત થાય તે માટેનું સરકારનું શું આયોજન છે ? | (૩) સરકાર તરફથી જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ એકમ વાર ફોલોઅપની કાર્યવાહી થાય છે. |

------------

## શામળાજી ચેકપોસ્ટની આવક

૨૧૦ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના શામળાજી ખાતે આવેલ આર.ટી.ઓ. ચેક પોસ્ટની તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ, અને

**જવાબ**

(૧)

| વર્ષ | શામળાજી ચેક પોસ્ટની આવક |
|---|---|
| | (રૂા. લાખમાં) |
| ૨૦૦૫-૨૦૦૬, તા. ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ | ૫૯૧૨.૦૫ |
| ૨૦૦૬-૨૦૦૭, તા. ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ | ૪૧૭૦.૪૭ |
| ૨૦૦૭-૨૦૦૮, તા. ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ | ૫૭૪૮.૫૪ |

(૨) આર.ટી.ઓ. ચેકપોસ્ટની આવક ઓછી થવાના કારણો શું છે ?

(૨) સને ૨૦૦૬-૦૭માં ૨૦૦૫-૦૬ની સરખામણીમાં આવક ઘટી છે. નામદાર સુપ્રીમ કોર્ટના તા. ૯-૧૧-૦૫ ના આદેશ મુજબ ઓવરલોડીંગ બંધ કરવાની કાર્યવાહી થવાને કારણે માંડવાળ ફીની આવકમાં ઘટાડો થતાં આવકમાં ઘ ટાડો થયેલ છે. ૨૦૦૭-૦૮માં ખાતા તરફથી સઘન પ્રયાસો કરી આવક વધારવામાં આવી છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં બળાત્કાર અને હત્યાના બનાવો

૫૨૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર અને બળાત્કાર કરીને હત્યાની કુલ કેટલી ઘટનાઓ બની,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | બળાત્કાર | બળાત્કાર કરીને હત્યાના બનાવ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | જુનાગઢ | ૭ | ૧ |
| ૨ | વિસાવદર | ૭ | - |
| ૩ | ભેસાણ | - | - |
| ૪ | મેંદરડા | ૧ | - |
| ૫ | કેશોદ | ૩ | - |
| ૬ | વંથલી | ૧ | - |
| ૭ | માણાવદર | ૨ | ૧ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૮ | વેરાવળ | ૨ | - |
| ૯ | સુત્રાપાડા | - | - |
| ૧૦ | તાલાલા | ૨ | - |
| ૧૧ | કોડીનાર | ૧ | - |
| ૧૨ | ઉના | ૫ | - |
| ૧૩ | માંગરોળ | - | - |
| ૧૪ | માળીયા હાટીના | ૧ | - |

(૨) આ પેકી કેટલા હત્યારાઓની ધરપકડ કરવામાં આવી છે, અને કેટલાની બાકી છે, અને

(૨) આ પેકી ૦૧ હત્યારાની ધરપકડ કરવામાં આવી છે અને ૦૨ની ધરપકડ કરવાની બાકી છે.

(૩) આવા બનાવો રોકવા અંગે સરકારે કોઈ પગલાં લીધાં છે કે કેમ ?

(૩) આવા ગુન્હા અટકાવવા મહિલા સેલ, મહિલા પોલીસ સ્ટેશન કાર્યરત છે. તેના દ્વારા શાળા-કોલેજો, નિશાળો ઉપર પેટ્રોલીંગ રાખવામાં આવે છે. આ ઉપરાંત આવા બનાવોમાં ભૂતકાળમાં સંડોવાયેલ આરોપીઓની હિલચાલ ઉપર નજર રાખવામાં આવે છે. જે જગ્યાઓ ઉપર મહિલાઓની અવરજવર હોય અને આવી જગ્યાઓ અવાવરુ હોય તો પોલીસની ખાનગીમાં વોચ પણ રાખવામાં આવે છે. આરોપીઓને તાત્કાલિક અટક કરી કોર્ટમાં મોકલી આપવામાં આવે છે. આરોપી વિરૂધ્ધ પુરાવા મેળવી ચાર્જશીટ કરી કોર્ટમાં મોકલી આપવામાં આવે છે.

------------

## બાયોટેક પાર્ક વિકસાવવા અંગે

૪૮૬ **શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં બાયોટેક ઉદ્યોગોને વિકસાવવા માટે સરકાર દ્વારા કોઈ બાયોટેક પાર્ક વિકસાવવામાં આવી રહ્યો છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ દિશામાં શું પગલાં લેવામાં આવેલ છે ?

(૨) રાજ્યમાં બાયોટેક પાર્ક પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ સાવલી-વડોદરા ખાતે વિકસાવવામાં આવી રહ્યો છે. આ દિશામાં નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે :-

૧) જી. આઇ.ડી.સી. ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ફેઝ-૧, ફેઝ-૨ અને ફેઝ-૩માં ૭૦૦ એકર જેટલી જમીન ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
૨) ફેઝ-૧માં ૯૦ એકર જમીનમાં પાણી, વીજળી અને રસ્તાઓ વગેરેની માળખાકીય સુવિધાઓ પુરી કરવામાં આવેલ છે. તેમજ ૩૬ એકર જમીનમાં બાયોટેક સેઝ (એસ.ઇ.ઝેડ.) બનાવવા કેન્દ્ર સરકારમાંથી મંજૂરી મેળવવામાં આવેલ છે.
૩) બાયોટેક પાર્કના ફેઝ-૨ અને ફેઝ-૩ પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ મારફતે વિકસાવવાનો હોઇ, ટેન્ડર પધ્ધતિથી પ્રાઇવેટ પાર્ટનરની પસંદગી પૂર્ણ કરવામાં આવેલ છે.
૪) ફેઝ-૨ની ૧૨૫ એકર જમીન પ્રાઇવેટ પાર્ટનરને (લૉંગ ટર્મ લીઝ) ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે.
૫) બાયોટેક પાર્કમાં અદ્યતન સુવિધાઓ ધરાવતું ઇન્ક્યુબેશન અને કોમન ફેસીલીટી સેન્ટરની તકનીકી અને આર્કીટેક્ચર ડિઝાઇનનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.
૬) સમગ્ર બાયોટેક પાર્ક માટે ઇન્વાયરમેન્ટલ કલીયરન્સ માટે કેન્દ્ર સરકારની મંજૂરી માટે દરખાસ્ત મોકલવામાં આવેલ છે.

------------

**જોડીયા બંદરને વિકસાવવા ખાનગી કંપની સાથે કરાર**

૫૧૯ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જોડીયા બંદરને કાર્યાન્વિત કરવા રાજ્ય સરકારે કોઈ ખાનગી કંપની સાથે કરારો કર્યા છે ખરા, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ બંદરને કેટલા સમયમાં કાર્યાન્વિત કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**એફ.એસ.એલ. ને નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરવા અંગે**

૪૯૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને કેન્દ્ર સરકારે "નેશનલ રીસોર્સ સેન્ટર" તરીકે જાહેર કરેલ હોવાની હકીક્ત સાચી છે, કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના ફોરેન્સીક સાયકોલોજી વિભાગને રાષ્ટ્રીય કક્ષાના રીસોર્સ સેન્ટર તરીકે ભારત સરકાર, ગૃહ મંત્રાલય તરફથી માન્ય કરવામાં આવેલ છે. આ રીસોર્સ સેન્ટરનું મુખ્ય કાર્ય સાયન્ટીફીક ઇન્ટ્રોગેશન માટેની પધ્ધતિઓ વિષે ન્યાયાલયો, પોલીસ વિગેરે તપાસ સંસ્થાઓ તથા ફોરેન્સીક સાયન્સના અધિકારીઓ / નિષ્ણાંતોને પૂરતી જાણકારી આપી આ પધ્ધતિઓનો ન્યાયીક પુરાવા તરીકે ઉપયોગ કરવાની સમજ આપવાનું છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સેન્ટર માટે રૂા. ૩૮.૮૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. આ સેન્ટર અન્ય રાજ્યોને આ પ્રકારની સવલતો ઉભી કરવા જરૂરી મદદ પૂરી પાડે છે. મહારાષ્ટ્ર સરકારે તેઓના રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં પોલીગ્રાફ/બ્રેઇનફીંગર પ્રિન્ટીંગ/ નાર્કો એનાલીસીસની |

તાલીમ માટે ગુજરાત રાજ્યની ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગર સાથે એમ.ઓ.યુ. કરેલ છે, અને આ એમ.ઓ.યુ પેટે મહારાષ્ટ્ર સરકારે ગુજરાત સરકારને રૂા. ૧,૯૯,૫૦૦/- (અંકે રૂપિયા એક લાખ નવ્વાણું હજાર પાંચસો) ચૂક્વેલ છે.

------------

## રાજ્યના પેટાપરાઓનું વિજળીકરણ

૪૭૬ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજળીથી વંચિત પેટા પરાઓના વીજળીકરણ માટે શું આયોજન કરેલ છે,

(૨) ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સુધીમાં રાજ્યના કેટલા પેટાપરાઓનું વીજળીકરણ થયું, અને

(૩) રાજ્યમાં બાકી રહેલ પેટા પરાઓનું વીજળીકરણ કરવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) આદિજાતિ વિસ્તારમાં આદિજાતિ વિકાસ કમિશનરશ્રીએ ૧૯૯૮ માં બહાર પાડેલ પુસ્તિકામાં દર્શાવેલ પેટાપરાનું વીજળીકરણ કરવામાં આવે છે. પુસ્તિકામાં દર્શાવેલ કુલ ૪૧૩૯ પેટાપરાં પૈકી તા.૩૧-૦૧-૨૦૦૮ ની સ્થિતિએ કુલ ૪૦૨૬ પેટાપરાનું વીજળીકરણ કરી દેવામાં આવ્યું છે, બાકી રહેતાં ૧૧૩ પેટાપરા પૈકી ૯૮ આરક્ષિત વિસ્તારમાં આવેલા છે, ડૂબાણમાં જાય છે તથા વસ્તી ન હોવાથી વીજળીકરણ થઇ શકે તેમ નથી અને ૧૫ પેટાપરાં વીજળીકરણથી વંચિત છે.

જ્યારે બિન-આદિજાતિ વિસ્તારમાં ૧૯૯૧ ની વસ્તી ગણતરી આધારીત જિલ્લા વિકાસ અધિકારીઓ તરફથી પ્રસ્તુત થયેલ પુસ્તિકામાં દર્શાવેલ પેટાપરાંનું વીજળીકરણ કરવામાં આવે છે. જિલ્લા પુસ્તિકાઓમાં દર્શાવેલ કુલ ૬૨૬૬ પેટાપરા સામે તા. ૩૧-૦૧-૨૦૦૮ ની સ્થિતિએ કુલ ૬૧૧૧ પેટાપરાનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. આમ આદિજાતિ વિસ્તારમાં ૧૫ તથા બિન-આદિજાતિ વિસ્તારમાં ૧૫૫ પેટાપરાનું વીજળીકરણ કરવાનું બાકી રહે છે.

બાકી રહેતાં વીજળીથી વંચિત પેટાપરાઓનું રાજ્યની આદિજાતિ વિસ્તાર પેટા યોજના તથા રાજીવગાંધી ગ્રામિણ વિદ્યુતિકરણ યોજના હેઠળ અરજદારો તરફથી અરજીઓની નોંધણી થયેથી તેમજ નાણાંકીય ઉપલબ્ધતાને ધ્યાને લઇને વીજળીકરણ કરવાનું આયોજન છે.

(૨) ૩૩૨ પેટાપરા

(૩) ખંડ (૧) મુજબ

------------

## જુનાગઢ જિલ્લાના બંદરો ઉપર બાંધવામાં આવેલ જેટી

૨૫૨ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના દરીયાકાંઠે આવેલા ચોરવાડ બંદર, હીરાકોટ બંદર, સુત્રાપાડા બંદર, ધામળેજ બંદર, નવા બંદર પૈકી કેટલા બંદરો ઉપર જેટી બાંધવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) એક
નવા બંદર (ઉના)

(૨) નવા બંદર (ઉના) અને સુત્રાપાડા બંદર ખાતે પૂર્ણ કક્ષાના મત્સ્ય બંદરના વિકાસ માટે મોડેલ સ્ટડીઝની કામગીરી ભારત સરકારની તજજ્ઞ સંસ્થા સી.ડબલ્યુ.પી.આર.એસ., પુનાને સોંપવામાં આવેલ છે.

## ડ્રેજીંગ કરાયેલ બંદરો

૫૦૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭માં રાજ્યના ક્યા ક્યા બંદરો ડ્રેજીંગ કરવામાં આવેલ છે.

(૨) ડ્રેજીંગ માટે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આગામી વર્ષમાં ડ્રેજીંગના સંદર્ભે શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ભાવનગર, વેરાવળ, પોરબંદર, ઓખા, બેડી બંદર, માંડવી, જાફરાબાદ, માંગરોળ, નવાબંદર, માઢવાડ તથા રાજપરા બંદરે ડ્રેજીંગ કરવામાં આવેલ છે.

(૨) ૩૩૭.૯૮ લાખ

(૩) વર્ષ ૨૦૦૮-૦૯ માં નીચે મુજબના બંદરોએ ડ્રેજીંગનું આયોજન કરવામાં આવેલ છે.

| બંદરનું નામ | ડ્રેજીંગ જથ્થો (ક્યુ.મીટરમાં) |
|---|---|
| ૧ | ૨ |
| પોરબંદર | ૪૫૦૦૦૦ |
| વેરાવળ | ૩૦૦૦૦ |
| બેડી બંદર | ૭૦૦૦૦ |
| ભાવનગર | ૮૦૦૦૦૦ |
| ઓખા | ૧૦૦૦૦૦ |
| માંડવી | ૨૦૦૦ |
| માંગરોળ | ૨૫૦૦૦ |
| મિંયાણી | ૧૦૦૦૦ |
| જાફરાબાદ | ૨૫૦૦૦ |
| રાજપરા | ૩૫૦૦૦ |
| ૧ | ૨ |
| જોડીયા | ૨૭૦૦૦ |
| સલાયા | ૨૩૨૫૦ |
| માઢવાડ | ૨૫૦૦૦ |
| હિરાકોટ | ૧૨૦૦૦ |

------------

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા બેકલોગની ભરતી

૪૧૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ બેકલોગની સીધી ભરતીનાં કેટલા માગણી પત્રકો ગૌણ સેવા પસંદગી મંડળ સમક્ષ પડતર છે, અને

(૨) આ બેકલોગની ભરતી માટેની જાહેરાતો ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૧

(૨) જેમ બને તેમ જલદીથી.

## પંચમહાલ જિલ્લાની માનવ કલ્યાણ યોજના હેઠળ અરજીઓ

૯૭૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૪ થી ૩૧-૩-૨૦૦૭ સુધીમાં માનવ કલ્યાણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ક્યા ક્યા તાલુકાના અરજદારોની કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી ના મંજૂર કરી,

**જવાબ**

(૧) ૫૮૬૪ અરજીઓ આવી.

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ | ના મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૫૫૧ | ૪૭૪ |
| ૨ | કાલોલ | ૨૯૬ | ૨૨૪ |
| ૩ | હાલોલ | ૧૭૩ | ૧૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૪ | જાંબુઘોડા | ૬૪ | ૪૫ |
| ૫ | ઘોઘંબા | ૨૩૧ | ૨૦૬ |
| ૬ | શહેરા | ૫૭૭ | ૨૬૨ |
| ૭ | લુણાવાડા | ૫૯૨ | ૨૩૫ |
| ૮ | ખાનપુર | ૧૮૮ | ૭૩ |
| ૯ | સંતરામપુર | ૨૨૬ | ૩૨૮ |
| ૧૦ | કડાણા | ૩૩૩ | ૧૫૬ |
| ૧૧ | મોરવા(હ) | ૨૨૦ | ૧૦૬ |
| **કુલ :** | | **૩૬૫૧** | **૨૨૧૩** |

(૩) ના મંજૂર કરવાના કારણો શું છે, અને

(૩)

| અ.નં. | ના મંજૂર કરવાના કારણો |
|---|---|
| ૧ | બી.પી.એલ.લાભાર્થી ન હોવાથી. |
| ૨ | યોજનામાં ઠરાવેલ વાર્ષિક આવક કરતાં આવક વધુ હોવાથી. |
| ૩ | આવક્નો દાખલો રજૂ કરેલ ન હોવાથી |
| ૪ | યોજનામાં જણાવેલ ધંધાનો સમાવેશ થયેલ ન હોવાથી |
| ૫ | જરૂરી આધાર-પુરાવા રજૂ ન કરેલ હોવાથી |
| ૬ | આ યોજના હેઠળ અગાઉ લાભ મેળવેલ હોવાથી |
| ૭ | નિયત નમૂનામાં સંપૂર્ણ માહિતી સાથે અરજી કરેલ ન હોવાથી |
| ૮ | અરજદાર સગીર વયનો હોવાથી |
| ૯ | અરજદારની ઉંમર વધુ હોવાથી |

(૪) મંજૂર કરેલ લાભાર્થીઓને કીટસનું વિતરણ કોના મારફતે કરવામાં આવેલ છે ?

(૪) કીટસનું વિતરણ પંચમહાલ જિલ્લા ઓદ્યોગિક અને હેન્ડલુમ સહકારી સંઘ ગોધરા, પંચમહાલ જિલ્લા યુવા શક્તિ પ્રગતિ મંડળ મુ. ગોવિંદી, તા. ગોધરા અને નિયામકશ્રી ધી ઉત્તર વિભાગ, બામરોલી વોટર શેડ પ્રોજેક્ટ, શહેરા દ્વારા કરવામાં આવેલ છે.

------------

## અનામત પોલીસ દળની સ્ટ્રેન્થ વધારવા અંગે

૪૮૧ **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્ય સરકાર ધ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.)ની સ્ટ્રેન્થ વધારવા વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનો કઈ જગ્યાએ અને ક્યારે સ્થાપવામાંગે છે ?

(૨)

| અ.નં. | બટાલીયનનું સ્થળ | સ્થાપના |
|---|---|---|
| ૧. | પાવડી, જિ. દાહોદ | જુથ-૪ તરીકે ઉભુ કરવા અંગે જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. |
| ૨. | મુડેટી, જિ. સાબરકાંઠા | જુથ-૬ તરીકે ઉભુ કરવા અંગે જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. |

------------

**અમરેલી જિલ્લાના પીપાવાવ, ચાંચ અને વિકટર બંદર ઉપર વિકાસના કામો**

**૧૩૦૪ શ્રી કાળુભાઈ વિરાણી** (કુંડલા) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના પીપાવાવ, ચાંચ અને વિકટર બંદર ઉપર સરકાર તરફથી વિકાસના કામો થઈ રહ્યા છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારના વિકાસના કામો થયા છે, જેના કારણે લોકોને રોજી રોટી મળતી થઈ છે, અને

(૩) બંદરો પર થયેલ વિકાસના કામોને કારણે અમરેલી જિલ્લાને કેવા ફાયદા થવાના છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં પીપાવાવ બંદરે ચેનલ અને બર્થ સામે ડ્રેજીંગ, ક્ન્ટેનર જેટીનું બાંધકામ, બંદરના રસ્તા પહોળા કરવાના અને શીપ બિલ્ડીંગ યાર્ડના બાંધકામના કામો થયા છે.

(૩) પીપાવાવ બંદરના વિકાસના કારણે અમરેલી જિલ્લાને નીચે મુજબના ફાયદા થવાના છે.

(૧) બાંધકામ અને બંદરના સંચાલનમાં રોજગારી.
(૨) વેપાર-ધંધામાં વૃધ્ધિ.
(૩) ઉદ્યોગોને આયાત-નિકાસની સુવિધા.
(૪) જિલ્લાની મહેસૂલી આવકમાં વૃધ્ધિ.

------------

**મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના મકાનો**

૪૯૫ **શ્રીમતી જશોદાબેન ચ.પરમાર(જોટાણા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચાલુ નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અંદાજીત રૂા. ૩૧૨.૩૬ લાખ.

(૨) અંદાજીત રૂા. ૩૧૨.૩૬ લાખ.

------------

**વડોદરા શહેર અને જિલ્લામાં નોંધાયેલા વિવિધ ગુના**

૧૦૩ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેર અને જિલ્લામાં તાલુકાવાર લૂંટ-ખૂન-ધાડ-બળાત્કારના કેટલા બનાવો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ દફતરે નોંધવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ થઈ અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| શહેર/જીલ્લો<br>૧ | લૂંટ<br>૨ | ખૂન<br>૩ | ધાડ<br>૪ | બળાત્કાર<br>૫ |
|---|---|---|---|---|
| વડોદરા શહેર | ૬૦ | ૫૭ | ૧૭ | ૧૫ |
| વડોદરા તાલુકો | ૨ | ૭ | ૪ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| સાવલી | ૫ | ૧૫ | - | ૨ |
| શિનોર | ૧ | ૫ | ૧ | - |
| કરજણ | ૫ | ૧૩ | ૨ | ૨ |
| પાદરા | ૪ | ૧૧ | ૧ | ૧ |
| વાઘોડીયા | ૧ | ૧૦ | ૪ | - |
| સંખેડા | ૨ | ૭ | - | ૨ |
| નસવાડી | - | ૧૨ | - | ૧ |
| ડભોઇ | ૧ | ૮ | - | ૨ |
| છોટાઉદેપુર | ૩ | ૩૯ | - | ૨ |
| ક્વાંટ | - | ૨૧ | ૧ | ૨ |
| પાવી જેતપુર | ૩ | ૧૫ | - | ૪ |

(૨)

| શહેર/જીલ્લો | કેટલા આરોપીઓની ધરપકડ થઇ | કેટલા આરોપીઓની ધરપકડકરવાની બાકી |
|---|---|---|
| વડોદરા શહેર | ૨૯૮ | ૧૪ |
| વડોદરા જીલ્લો | ૩૮૩ | ૦૨ |

------------

**ઓદ્યોગિક મૂડી રોકાણ માટે થયેલ એમ.ઓ.યુ.**

૯૯૫ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણો માટે કેટલા સમજૂતી કરારો (એમ.ઓ.યુ.) થયા, | (૧) જાન્યુઆરી-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૦૭ દરમ્યાન કુલ ૪૫૪ પ્રોજેકટો માટે ૩૬૩ એમઓયુ/જાહેરાતો થયેલ છે. |
| (૨) આ પૈકી કેટલા પ્રોજેકટો કાર્યરત છે અને આ કરારો કેટલા મૂડી રોકાણોના છે, અને | (૨) ઉપર્યુક્ત કુલ ૪૫૪ પ્રોજેકટો પૈકી ૩૦૪ પ્રોજેકટો કાર્યવાહી શરૂ કરેલ છે. જેમાં રૂા.૨,૪૫,૫૭૬ કરોડનું મુડી રોકાણ છે. |
| (૩) જાન્યુઆરી-૦૮ની સ્થિતિએ કેટલા પ્રોજેકટો ચાલુ થયેલ નથી ? | (૩) ૧૫૦ પ્રોજેકટો |

------------

**કચ્છ જિલ્લામાં ગેરકાયદે ખનીજ ખોદાણ**

૯૭૪ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના મુન્દ્રા, અંજાર, ભૂજ, નખત્રાણા તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેટલા કેસો પકડાયા, | (૧) ૮(આઠ) |
| (૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ રાજ્ય સરકાર ધ્વારા કઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી, | (૨) ૬ (છ) કેસોમાં દંડકીય વસુલાત કરેલ છે અને ૨(બે) કેસોમાં દંડકીય વસુલાતની કાર્યવાહી ચાલુ છે. |
| (૩) આ સબબ આર્થિક દંડ કરાયો હોય તો કેટલો, | (૩) રૂા. ૪,૩૨,૪૪૦/- |
| (૪) કેટલા લીઝ ધારકો પાસેથી વસુલવામાં આવ્યો અને કેટલા બાકી છે, અને | (૪) ઉપર પૈકી કોઈ લીઝ ધારક ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) આ પ્રવૃત્તિને રોકવા માટે રાજ્ય સરકાર ભવિષ્યમાં શી કાર્યવાહી કરવા માંગે છે ? | (૫) વખતોવખત આકસ્મિક નિરીક્ષણો દ્વારા નિયમાનુસાર અનુવર્તી કાર્યવાહી કરવામાં આવશે. |

------------

**સાગર ખેડૂ યોજના અંગે**

૩૦૩ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકારે સાગર ખેડૂ માટે સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં પેકેજની જાહેર કરેલ તે અન્વયે નાણા વિભાગે તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલી રકમ ફાળવી હતી ? | સાગર ખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ અન્વયે જુદા જુદા વિભાગોના કાર્યક્રમો આવરી લેવાયા છે અને આ કાર્યક્રમો અંતર્ગત સંબંધિત વિભાગોને રકમ ફાળવવામાં આવે છે. |

------------

**ક્તારથી રાજ્યના બંદરો પર નેચરલ ગેસ લાવવા થયેલ કરાર**

૪૪૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્તારથી રાજ્યનાં બંદરો પર નેચરલ ગેસ લાવવા થયેલ કરારોની મુદત પૂરી થયેલ છે કે કેમ, | (૧) (૨) અને (૩) રાજ્ય સરકારે ખરીદીનો આવો કોઈ કરાર ન કર્યો હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો આ મુદત પૂરી થઈ હોય તો કરારના ગાળા દરમ્યાન રાજ્યમાં ગેસ લાવવા બંધાયેલ જેટીઓ પર ક્તારથી કેટલો જથ્થો તારીખ ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કોના કોના ધ્વારા લાવવામાં આવ્યા, અને | |
| (૩) નક્કી કરાયેલા જથ્થા સામે પૂરેપૂરો જથ્થો | |

લવાયો હોય તો તેની વિગતો શી છે ?

------------

**કપડવંજ તાલુકામાં નવું સબસ્ટેશન સ્થાપવા અંગે**

૯૮૧ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કપડવંજ તાલુકામાં નવું વીજ સબસ્ટેશન ઉભું કરવાનું આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) તે માટે તા. ૩૧-૧-૦૮ સુધી કેટલી કામગીરી કરવામાં આવી છે ? | (૨) ૬૬ કે.વી. રેલીયા સબસ્ટેશન માટે એડવાન્સ પઝેશનના હુકમ પ્રાપ્ત કરેલ, પરંતુ ગામ લોકોની વાંધા અરજીને કારણે જમીનનો કબજો મેળવી શકાયો નથી. |

------------

**આણંદ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ**

૯૬૬ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન, છેડતી તથા આર્થિક ગુનાઓના કેટલા બનાવો પોલીસ સ્ટેશનવાર બન્યા, અને

(૨) તેમાંથી કેટલા ગુના વણઉકેલ્યા રહ્યા છે, તેના શાં કારણો છે, તેના માટે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને આવશે ?

**જવાબ**

(૧) **સામેલ પત્રક : ૧ મુજબ**

(૨) તેમાંથી કેટલા ગુના વણઉકેલ્યા રહયા છે તે અંગેનું સામેલ **પત્રક : ૨ મુજબ**

**- તેના કારણો નીચે મુજબ છે.**

આરોપીઓના નામ નમુદ ન હોવાથી તેમજ ફરીયાદી તરફથી કોઈ શકદારનું નામ મળતુ ન હોવાથી ગુના શોધી શકાતા નથી.

-તેના માટે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી છે અને આવશે.

૧. ગુપ્ત બાતમીદારો મારફ્ત માહિતી મેળવી ગુના શોધવા કાર્યવાહી કરેલ છે.

૨. મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા હાઈવે પેટ્રોલીંગ, નાકાબંધી, ફીક્સ પોઈન્ટ, નાઈટ કોમ્બીંગનું આયોજન કરવામાં આવેલ છે.

૩. જાહેર સ્થળોએ પોલીસ પેટ્રોલીંગ તથા સીવીલ ડ્રેસમાં પોલીસ પેટ્રોલીંગનું આયોજન કરવામાં આવેલ છે.

૪. ભવિષ્યમાં આવા ગુનાઓ ન બને તે માટે હાઈવે પેટ્રોલીંગ, નાઈટ રોન, વિલેજ પેટ્રોલીંગનું આયોજન કરી ગુનાઓ બનતા અટકાવવા આયોજન કરેલ છે.

**પત્રક : ૧**

આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન, છેડતી તથા આર્થિક ગુનાઓ નીચે મુજબના બનાવો પોલીસ સ્ટેશનવાર નોંધાયા છે.

| અ.નં. | પો. સ્ટે. | લૂંટ | ચોરી | બળાત્કાર | ખૂન | છેડતી | આર્થિક ગુના |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ ટાઉન | ૪ | ૨૬૫ | ૬ | ૨ | ૪ | ૩ |
| ૨ | આણંદ રૂરલ | ૪ | ૪૧ | - | ૩ | ૧ | ૨ |
| ૩ | વિદ્યાનગર | ૧ | ૬૯ | - | ૪ | - | ૨ |
| ૪ | વાસદ | ૫ | ૩૭ | - | ૧ | ૧ | - |
| ૫ | ખંભોળજ | - | ૧૧ | - | ૨ | ૧ | ૪ |
| ૬ | ઉમરેઠ | ૧ | ૨૦ | ૧ | ૪ | ૩ | ૩ |
| ૭ | મહીલા પો.સ્ટે. | - | - | - | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૮ | પેટલાદ ટાઉન | ૧ | ૨૪ | - | ૧ | - | ૪ |
| ૯ | બોરસદ | ૧ | ૩૩ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૧૦ | પેટલાદ રૂરલ | ૧ | ૪ | ૧ | - | ૧ | ૨ |
| ૧૧ | મહેલાવ | - | ૧૧ | - | ૧ | ૨ | - |
| ૧૨ | ભાદરણ | - | ૧૦ | - | ૧ | - | ૩ |
| ૧૩ | આંક્લાવ | ૧ | ૧૭ | ૧ | ૧ | ૨ | ૨ |
| ૧૪ | ખંભાત સીટી | ૧ | ૨૮ | - | - | ૧ | ૨ |
| ૧૫ | ખંભાત રૂરલ | - | ૧૬ | - | ૧ | - | - |
| ૧૬ | વિરસદ | - | ૬ | - | ૨ | - | ૧ |
| ૧૭ | સોજીત્રા | - | ૯ | - | ૧ | ૧ | - |
| ૧૮ | તારાપુર | - | ૧૪ | - | ૧ | ૧ | ૩ |

**પત્રક : ૨**

આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન, છેડતી તથા આર્થિક ગુનાઓ વણઉકેલ્યા રહયા છે. જેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | પો. સ્ટે. | લૂંટ | ચોરી | બળાત્કાર | ખૂન | છેડતી | આર્થિક ગુના |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ ટાઉન | - | ૧૭૩ | - | ૧ | - | - |
| ૨ | આણંદ રૂરલ | ૨ | ૩૦ | - | - | - | - |
| ૩ | વિદ્યાનગર | ૧ | ૪૩ | - | ૨ | - | - |
| ૪ | વાસદ | - | ૨૭ | - | - | - | - |
| ૫ | ખંભોળજ | - | ૬ | - | - | - | - |
| ૬ | ઉમરેઠ | ૧ | ૧૪ | - | ૧ | - | - |
| ૭ | મહીલા પો.સ્ટે. | - | - | - | - | - | - |
| ૮ | પેટલાદ ટાઉન | - | ૧૮ | - | - | - | ૧ |
| ૯ | બોરસદ | - | ૨૬ | - | - | - | - |
| ૧૦ | પેટલાદ રૂરલ | ૧ | ૩ | - | - | - | - |
| ૧૧ | મહેલાવ | - | ૬ | - | - | - | - |
| ૧૨ | ભાદરણ | - | ૭ | - | - | - | - |
| ૧૩ | આંક્લાવ | - | ૧૪ | - | - | - | - |
| ૧૪ | ખંભાત સીટી | - | ૧૨ | - | - | - | - |
| ૧૫ એચબી-૧૦૮૨-૧૪ | ખંભાત રૂરલ | - | ૭ | - | ૧ | - | - |
| ૧૬ | વિરસદ | - | ૨ | - | - | - | - |
| ૧૭ | સોજીત્રા | - | ૬ | - | - | - | - |
| ૧૮ | તારાપુર | - | ૮ | - | - | - | - |

------------

**ભરૂચ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલના કામો**

૪૧ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં નર્મદા યોજના હેઠળ ડીસ્ટ્રીબ્યુટરી માઈનોર કેનાલોના કામો તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ કેટલા સમયથી અધૂરા છે,

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં નર્મદા યોજના હેઠળની ડીસ્ટ્રીબ્યુટરી માઈનોર કેનાલના કામો મહદ અંશે પૂર્ણ થયેલ છે જે કામો પૂર્ણ થયા છે અને જેમાં કામગીરી બાકી છે તેની તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | નહેરોનું નામ | કુલ લંબાઈ કિ.મી. | તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ | |
|---|---|---|---|---|
| | | | પૂર્ણ થયેલ લંબાઈ કિ.મી. | બાકી લંબાઈ કિ.મી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીબ્યુટરી | ૪૩૯ | ૪૨૫ | ૧૪ |
| ૨ | માઈનોર | ૧૫૨૬ | ૧૨૬૭ | ૨૫૯ |

(૨) આ અધૂરા કામો સત્વરે પૂર્ણ કરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ, અને

(૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૨) અને (૩) બાકી રહેતી લંબાઈમાં કામો તબકકાવાર વહેલાસર પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

**કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક મૂડીરોકાણ**

૯૭૨ **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૦૭ તથા ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલા ઓદ્યોગિક મૂડી રોકાણ થયા, અને

(૨) ક્યા ક્યા પ્રકારના ઉદ્યોગોએ એમ.ઓ.યુ. સાઈન કર્યા ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭ અને ૨૦૦૭-૦૮માં તેમજ વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૦૭ મળી કુલ રૂા. ૧૯૩૬૪૩ કરોડના મૂડી રોકાણની દરખાસ્તો મળેલ છે.

(૨) કચ્છ જિલ્લામાં નીચે મુજબ સેકટરોના ઉદ્યોગોએ એમ.ઓ.યુ. સાઈન કરેલા છે.

૧ એન્જીનીયરીંગ ઓટો સીરામીક્સ
૨ ઓઈલ એન્ડ ગેસ
૩ પાવર
૪ ટુરીઝમ
૫ આઈ.ટી.
૬ કેમીકલ અને પેટ્રોકેમીકલ
૭ ટેક્ષટાઈલ
૮ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
૯ મેટલર્જી
૧૦ જેમ્સ એન્ડ જવેલરી
૧૧ એગ્રો અને ફુડ પ્રોસેસીંગ
૧૨ મીનરલ્સ

------------

**સરદાર સરોવર પ્રોજેકટની રાજલી અને અંગુઠણ માઈનોર કેનાલની મરામત**

૯૯૩ **શ્રી સિદ્ધાર્થ ચી.પટેલ (ડભોઇ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર પ્રોજેકટની રાજલી અને અંગુઠણ માઈનોર કેનાલમાંથી સતત લીકેજ અને પાણી ઓવરફ્લો થવાના કારણે ડભોઈ તાલુકાના પાંચ-છ ગામોની આશરે ૧૦૦૦થી વધારે એકર જમીનમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ બે વર્ષથી પાક લઈ શકાતો નથી, અને

(૨) આ અંગે સરકારે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) સરદાર સરોવર યોજનાની ડભોઈ તાલુકામાંથી પસાર થતી રાજલી માઈનોર ઓવરફ્લો થયેલ નથી. પરંતુ, તેમાંના લીકેજના કારણોસર સાઈડ ગટરમાં પાણી વહે છે. જેના લીધે ડભોઈ તાલુકાના રાજલી ગામની આશરે ૪૮ એકર જમીનને અસર થયેલ છે. અંગુઠણ માઈનોર નહેરોમાં સતત લીકેજ અને પાણી ઓવરફ્લો થવાનો પ્રશ્ન ઉપસ્થિત થવા પામેલ નથી.

(૨) રાજલી માઈનોરની મરામત અંગેનો ઈજારો આપવામાં આવેલ છે. મરામતનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

------------

**સરકારી જાહેરાતો પાછળ થયેલ ખર્ચ**

૨૧૧ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ તથા ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં સરકારી જાહેરાત તથા યોજનાકીય જાહેરાત પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) વર્ષ — કુલ ખર્ચ (રૂા. લાખમાં)<br>૨૦૦૬-૦૭ — ૩૧૩.૬૭<br>૨૦૦૭-૦૮ — ૬૯૯.૫૬ |
| (૨) કરેલ ખર્ચની જોગવાઈ નાણાકીય વર્ષના બજેટ બુકમાં સમાવેશ કરવામાં આવ્યો હતો કે કેમ ? | (૨) હા, જી. |

------------

**રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ**

૫૨૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મૂડી રોકાણ માટેના કેટલા વાયબ્રન્ટ ગુજરાત સમિટ કરવામાં આવ્યા, તે દરેક વાયબ્રન્ટ સમિટવાર કુલ કેટલા રૂપીયાના મૂડીરોકાણના એમ.ઓ.યુ. થયા અને તેમની સામે કેટલું વાસ્તવિક મૂડીરોકાણ થયું, અને<br>(૨) આ પેકી કેટલા મૂડી રોકાણના ઉદ્યોગ યુનીટો ઉત્પાદન કરતા થયા છે ? | (૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ મૂડી રોકાણ માટે ૩ વાયબ્રન્ટ ગુજરાત સમિટ કરવામાં આવ્યા છે, જેની માહિતી નીચે મુજબ છે.<br>વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૩માં રૂા. ૬૬૦૬૮ કરોડના મૂડી રોકાણના કુલ ૭૬ એમ.ઓ.યુ. થયા. તે પેકી રૂા. ૨૧૫૧૦ કરોડના ૧૩ એમ.ઓ.યુ. - પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે. જ્યારે ૨૭૬૬૧ કરોડના ૩૫ એમ.ઓ.યુ. પ્રોજેકટો ઉત્પાદનમાં ગયેલા છે.<br>વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫માં રૂા. ૧૦૬૧૬૦ કરોડના મૂડી રોકાણના કુલ ૨૨૬ એમ.ઓ.યુ. થયા. તે પેકી રૂપિયા ૬૧૩૭૫ કરોડના ૭૨ એમ.ઓ.યુ. પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે. જ્યારે ૨૪૭૧૮ કરોડના ૯૨ એમ.ઓ.યુ. પ્રોજેકટો ઉત્પાદનમાં ગયેલા છે.<br>વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૭માં રૂા. ૪૬૧૮૩૫ કરોડના મૂડી રોકાણના કુલ ૩૬૩ એમ.ઓ.યુ. થયા જેમાં ૪૫૪ પ્રોજેકટો સમાવિષ્ટ હતાં. તે પેકી રૂા. ૨૨૬૨૩૬ કરોડના ૨૫૯ પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે. જ્યારે ૧૯૩૪૦ કરોડના ૪૫ પ્રોજેકટો ઉત્પાદનમાં ગયેલા છે. |

------------

**નર્મદાની કેનાલો દ્વારા સિંચાઇનું પાણી આપવાનું આયોજન**

૪૫૫ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા યોજનાની કેનાલો દ્વારા સોરાષ્ટ્રના ખેડૂતોને સિંચાઈ માટે કેટલા હેકટરમાં પાણી આપવાનું આયોજન છે, અને | (૧) ૪,૫૬,૩૭૧ હેક્ટર |
| (૨) આ આયોજન મુજબ ખેડૂતોને ક્યારે સિંચાઈ માટે પાણી આપવામાં આવશે ? | (૨) જરૂરી કાર્યવાહી વહેલાસર પૂર્ણ કરી, પાણી સિંચાઇ માટે આપવાનું આયોજન છે. |

-----------

**ક્રાઈમ બ્રાન્ચોને સુદ્રઢ બનાવવાની યોજના**

૪૭૮**શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે ગુન્હા નિવારણ અને ગુન્હા શોધનમાં મહત્વની ભૂમિકા અદા કરતી જિલ્લા/શહેરની ક્રાઈમ બ્રાન્ચને વધુ સુદ્રઢ બનાવવાની યોજના વિચારી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) હાલમાં રાજ્યમાં રાજ્ય કક્ષાએ સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચ તથા શહેર કક્ષાએ સીટી ક્રાઇમ બ્રાન્ચ અને જિલ્લા કક્ષાએ લોકલ ક્રાઇમ બ્રાન્ચો કાર્યરત છે. મોબાઇલ |

તથા કોમ્પ્યુટરના હાલના યુગમાં સાયબર ક્રાઇમ જેવા કે ઓન લાઇન બેન્કીંગ ફ્રોડ તથા મોબાઇલ અને કોમ્પ્યુટરની મદદથી ઇ-મેઇલ દ્વારા અવનવા ગુન્હાઓ બનતા હોવાથી ક્રાઇમ ઓફીસરને આવા સાયબર ગુન્હાઓથી વાકેફ કરવા ખાસ તાલીમ આપવામાં આવે છે. રાજ્યમાં સાયબર ક્રાઇમ સેલની સ્થાપના કરવામાં આવેલ છે. લોકોમાં જાગૃત્તિ આવે તે માટે સાયબર ક્રાઇમ સંબંધિત વેબસાઇટ પણ મુકવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ સ્ટેટ સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચમાં ઇન્વેસ્ટીગેશન સેલ, ઇકોનોમીક સેલ, સીઆઇ સેલ, સાયબર ક્રાઇમ સેલ વગેરે સંપૂર્ણ વ્યવસ્થાથી સજ્જ કરવામાં આવેલ છે. વધુમાં અમદાવાદ ખાતે નવું સાયબર ક્રાઇમ સેલ ચાલુ કરવા કુલ-૨૯ નવી જગ્યાઓ તથા આઇ.બી.ની કામગીરીને સુદ્રઢ બનાવવા કુલ-૧૦૪ નવી જગ્યાઓ ઉભી કરવા માટે વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં જરૂરી જોગવાઇ કરવામાં આવી રહેલ છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં નવા ઉદ્યોગોને મંજૂરી

૨૫૩ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય ઉદ્યોગ નીતિ અન્વયે જૂનાગઢ જિલ્લામાં ૨૦૦ કરોડથી વધુ મુડીરોકાણ કરવા અને ઉદ્યોગ સ્થાપવાની મંજૂરી માટે ક્યા ક્યા ઉદ્યોગ ગૃહે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ અરજી કરેલ છે, અને

(૨) તે પૈકી ક્યા ક્યા ઉદ્યોગોને કેટલા મૂડીરોકાણ ક્યા ક્યા સ્થળે કરવા મંજૂરી આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) અને (૨)

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ઉદારીકરણની નીતિ પ્રમાણે નવા ઉદ્યોગો સ્થાપવા કે વધુ મૂડી રોકાણ કરવા મંજૂરી લેવાની થતી નથી. સરકારની ઉદારીકરણની નીતિ અનુસાર ઓદ્યોગિક એકમોને પ્રોજેક્ટ સ્થાપવા મંજૂરી આપવાની થતી નથી. માત્ર ભારત સરકારને ઇન્ડસ્ટ્રીયલ એન્ટરપિરનિયર મેમોરેન્ડમ ફોર્મ ભરવાનું રહે છે. આ પધ્ધતિ મુજબ જુનાગઢ જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કુલ ૧૦ પ્રોજેક્ટો માટે આઇ.ઇ.એમ. રજુ થયા છે, જેની વિગતો આ સાથેના પત્રકમાં સામેલ છે.

**પત્રક**

| અ.નં. | એકમનું નામ | પ્રોજેક્ટનું સ્થળ | પ્રોજેક્ટની સંખ્યા | મૂડી રોકાણ રૂા. કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાત અંબુજા સિમેંટ લિ. | કોડીનાર | ૨ | ૭૯૮ |
| ૨ | અંબુજા સિમેંટ લિ. | કોડીનાર | ૧ | ૩૦૦ |
| ૩ | જીએચસીએલ | સુત્રાપાડા | ૧ | ૭૫૦ |
| ૪ | ગુજરાત સિધ્ધિ સિમેંટ લિ. | સિધ્ધિ | ૧ | ૬૮૬ |
| ૫ | મહાગુજરાત ચામુંડા સિમેંટ કં. લિ. | જૂનાગઢ | ૧ | ૭૬૦ |
| ૬ | મુરલી એગ્રો પ્રોડક્ટ | ખોડાડા | ૨ | ૧૩૦૦ |
| ૭ | બીનાની સિમેંટ લિ. | લોઢવા | ૧ | ૮૦૦ |
| ૮ | ફ્રાઇનેક્સ ઇન્ટરનેશનલ લિ. | માંગરોળ | ૧ | ૫૭૦ |

------------

## રાજ્યમાં આવેલ થર્મલ પાવર સ્ટેશનો

૯૭૮**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં

**જવાબ**

(૧) ૧૭

કુલ કેટલા થર્મલ પાવર સ્ટેશનો છે,

(૨) થર્મલ પાવર સ્ટેશનોમાં બળતણ માટે આઈ.ઓ.સી.માંથી આર.સી.ઓ. બળતણ માટે આર.સી.ઓ.નું ટ્રાન્સપોર્ટેશન કરવા માટે ક્યા ટ્રાન્સપોર્ટેશનને ઈજારો આપવામાં આવેલ છે, અને

(૨) રાજ્ય સરકાર હેઠળના ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. હસ્તકના ધુવારણ, ઉકાઇ, ગાંધીનગર, સિક્કા અને વણાકબોરી પાવર સ્ટેશનોમાં આર.સી.ઓ. નામનું બળતણ વપરાતું નથી. પરંતુ આર.એફ.ઓ. (રેસીડ્યુઅલ ફર્નેશ ઓઇલ) વપરાય છે.

* ધુવારણ, ઉકાઇ, ગાંધીનગર અને વણાકબોરી માટે બળતણ તરીકે વપરાતા આર.એફ.ઓ. નું પરિવહન રેલ્વે મારફતે થાય છે.

* સિક્કા પાવર સ્ટેશન માટેના આર.એફ.ઓ. નું પરિવહન શ્રી ગણેશ બલ્ક કેરીયર, વડોદરા દ્વારા થાય છે.

* પાનંધ્રો પાવર સ્ટેશનના આર.એફ.ઓ.નું પરિવહન મેસર્સ રાજ દીપ રોડ લાઇન્સ, રાજકોટ દ્વારા થાય છે.

(૩) આ ઈજારાથી કુલ કેટલો ખર્ચ થતો હતો અને હાલમાં આ થર્મલ પાવર સ્ટેશનોમાં બળતણ કઈ રીતે પરિવહન કરવામાં આવે છે ?

(૩) વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન રૂા. ૬.૩૮ કરોડનો ખર્ચ થયેલ છે.
હાલમાં ધુવારણ, ઉકાઇ, ગાંધીનગર અને વણાકબોરી પાવર સ્ટેશન માટે રેલ્વે દ્વારા પરિવહન થાય છે.
સીક્કા તથા પાનંધ્રો પાવર સ્ટેશન માટે રોડ ટ્રાન્સપોર્ટથી પરિવહન થાય છે.

------------

**ઓદ્યોગિક સહકારી મંડળીઓ પાસેથી વસુલાત**

૯૯૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફડચામાં ગયેલ ઓદ્યોગિક સહકારી મંડળીઓ પાસેથી તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલી રકમ વસુલાત બાકી છે,

(૨) આવી વસુલાત સમયસર ન કરવાના કારણો શા છે, અને

(૩) આ રકમ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

**જવાબ**

(૧) રૂા. ૧,૧૦,૯૮,૦૧૫/-.

(૨) (૧) ઓદ્યોગિક સહકારી મંડળીઓ નાના કદની તથા સ્થાયી અને ચાલુ અસ્ક્યામતો વિનાની હોવાથી.
(૨) ઓદ્યોગિક સહકારી મંડળીના સભાસદોની આર્થિક સ્થિતી નબળી હોવાથી.

(૩) ફડચા અધિકારી દ્વારા નોટીસ, રૂબરૂ મુલાકાત દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે.

------------

**કચ્છ જિલ્લામાં એલ.એન.જી. ટર્મીનલની સ્થાપના**

૯૭૫ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલા એલ.એન.જી. ટર્મીનલ સ્થાપવાની કાર્યવાહી ચાલુ છે,

(૨) ભવિષ્યમાં બીજા કોઈ વધુ એલ.એન.જી. ટર્મીનલ સ્થાપવાનું આયોજન છે કે કેમ, અને

(૩) આ એલ.એન.જી. ટર્મીનલથી કેટલા ગેસ ઉપલબ્ધ થઇ શકશે ?

**જવાબ**

(૧) ૧ (એક) ટર્મીનલની પ્રાથમિક કાર્યવાહી ચાલુ છે.

(૨) ના, જી.

(૩) વાર્ષિક ૫ મીલીયન મેટ્રીક ટન જેટલો એલ.એન.જી. ઉપલબ્ધ થઇ શકશે.

------------

### ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના

૩૩૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૮ની સ્થિતિમાં છેલ્લા બે વર્ષમાં લૂંટ-બળાત્કાર-ધાડ-ખૂન અને અપહરણના કેટલા કેસો પોલીસ દફતરે નોંધાયેલ છે, અને

(૧)

| હેડ | તાલુકા | | | |
|---|---|---|---|---|
| | ગાંધીનગર | કલોલ | માણસા | દહેગામ |
| લુંટ | ૨૬ | ૯ | ૪ | ૧ |
| બળાત્કાર | ૧૧ | ૬ | ૪ | ૩ |
| ધાડ | ૭ | ૨ | ૧ | ૧ |
| ખૂન | ૨૦ | ૮ | ૪ | ૮ |
| અપહરણ | ૩૨ | ૭ | ૬ | ૨ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ થઈ ?

(૨)

| હેડ | | | | |
|---|---|---|---|---|
| | ગાંધીનગર | કલોલ | માણસા | દહેગામ |
| લુંટ | ૨૮ | ૭ | ૯ | ૦ |
| બળાત્કાર | ૧૫ | ૬ | ૪ | ૮ |
| ધાડ | ૨૬ | ૬ | ૫ | ૫ |
| ખૂન | ૩૫ | ૧૪ | ૧૮ | ૭ |
| અપહરણ | ૫૩ | ૨૦ | ૯ | ૧ |

------------

# આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનું નિવેદન

### નામદાર રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન કરાયેલ ઉલ્લેખ સંબંધે સ્પષ્ટતા અંગે

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહમાં એ વાત મૂકવી છે કે નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રવચન પરના આભાર તા. ૨૭-૨-૨૦૦૮ ના રાજ થયેલ ચર્ચામાં ભાગ લેતાં માનનીય ધારાસભ્યશ્રી જોષીયારાએ એવું કહયું હતું કે " રાજય સરકારે સને ૨૦૦૦ થી ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જયારથી બન્યા છે ત્યારથી આદિવાસી વિસ્તારના વહીવટ સંબંધી વાર્ષિક વહીવટી અહેવાલ નામદાર રાજયપાલશ્રીને પાઠવેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, તે વાત સત્યથી તદ્દન વેગળી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જયારથી બન્યા છે ત્યારથી સન ૨૦૦૧-૦૨ નો અહેવાલ તા. ૨૩-૩-૨૦૦૩ ના રોજ મૂકયો છે, સન ૨૦૦૨-૦૩ નો વહીવટી અહેવાલ તા. ૧૯-૫-૦૪ ના રોજ મૂકયો છે, સન ૨૦૦૩-૦૪ નો વહીવટી અહેવાલ તા. ૨૭-૧-૦૫ ના રોજ મૂકયો છે, ૨૦૦૪-૦૫ નો અહેવાલ વાર્ષિક વહીવટી અહેવાલ તારીખ ૮-૮-૨૦૦૬ ના રોજ તથા વર્ષ ૨૦૦૫-૦૬ ના વર્ષનો વાર્ષિક વહીવટી અહેવાલ તારીખ ૧૬-૫-૨૦૦૭ ના રોજ સરકારશ્રીએ નામદાર રાજયપાલશ્રીને રજૂ કરેલ છે. વધુમાં હું એ પણ જણાવવા માગું છું કે વર્ષ ૨૦૦૬-૦૭ નો વાર્ષિક વહીવટી અહેવાલ પણ તૈયાર થઈ ગયેલ છે અને ટૂંક સમયમાં તે નામદાર રાજયપાલશ્રીને રજૂ કરવામાં આવશે. આ રીતે જયારે વર્ષોવર્ષ આ આદિવાસી વાર્ષિક અહેવાલ રજૂ થતો હોય ત્યારે માનનીય સભ્યશ્રી જોષીયારાની વાત સત્યથી વેગળી છે અને એ રીતે રેકર્ડ ઉપર સુધારો થાય તેવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી:** નેકસ્ટ...(અંતરાય)

(આ તબકકે ડો. અનિલ જોષીયારા પ્રશ્ન પૂછવા ઉભા થતાં) (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય શકિતસિહજી, તેમણે નિવેદન કર્યુ છે એમાં જે હકીકત હતી એ તેમણે મૂકી છે એટલે તેમાં પ્રશ્નો ના હોય. માનનીય સભ્યશ્રી અનિલભાઈ, આપની પાસે માહિતી હોય એ માનનીય મંત્રીશ્રી સાથે ચર્ચા કરી લેજો. નેકસ્ટ.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

### કૃષિ અને સહકાર વિભાગ

### માગણી ક્રમાંક ૨

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂા. ૮૯,૬૯,૭૨,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૧,૮૦, ૬૭,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જણાવવા માગું છું કે મારું નામ 'કાનજીકુમાર' નહીં, પરંતુ 'કાનજીભાઈ' એ રીતે સુધારવા માટે મેં રૂબરુ કહયું છે છતાં પણ એ સુધર્યુ નથી.

**અધ્યક્ષશ્રી:** એ પ્રમાણે સુધારો કરી લઈશું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શિક્ષણ વિભાગ**

**માગણી ક્રમાંક: ૯**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨,૩૪,૨૫,૬૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**અન્ન, આગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**માગણી ક્રમાંક ૨૩**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૩,૨૫,૦૦૦ની માગણી ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માગણી ક્રમાંક ૩૯**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યની સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩૨,૩૪,૪૪,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂા. ૪,૧૭,૮૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી ક્રમાંક ૬૭**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠાની સેવા અંગેની, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂા. ૬૪,૮૦,૯૩,૦૦૦/-ની માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**
**માગણી ક્રમાંક ૭૪**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહનની સેવાને લગતી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૫,૩૫,૫૬,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની ૩૫,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**
**માગણી ક્રમાંક ૭૫**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચની સેવા અંગેની, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૬,૯૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી સોમવાર, તા.૩-૩-૨૦૦૮ (બીજો અને છેલ્લો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં.૨** | | | |
| ૧. | ૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા<br>૧૧૦- પાક વીમો<br>૦૪-એજીઆર-૧૩-રાષ્ટ્રિય...અમલ<br>રૂા. ૬૭,૧૫,૦૦,૦૦૦<br>પા.નં. ૨ | ૧૦૦ | પાક વીમાની મંજૂર થતી રકમો સત્વરે ખેડૂતોને વહેંચવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| | **માગણી નં.૫** | | | |
| *૨. | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-સહકારી......અધિકારી<br>રૂા. ૧૪,૦૦,૦૦૦<br>પા.નં. ૧૩ | ૧૦૦ | નિયમોની અવગણના કરી સહકારી મંડળીઓની થતી નોંધણી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-જીલ્લા કચેરીઓ<br>રૂા. ૬૫,૯૦,૦૦૦<br>પા.નં. ૧૩ | ૧૦૦ | વહીવટી નિર્ણયો સમયસર લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજન પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | --"-- | ૧૦૦ | જિલ્લા કચેરીઓનો વહીવટ સુદ્દઢ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીકુમાર તળપદા |
| ૫. | ૨૪૨૫-સહકાર<br>૧૦૧-સહકારી ......તપાસણી<br>૦૧-સહકારી......તપાસણી<br>રૂા. ૬૦,૭૫,૦૦૦<br>પા.નં. ૧૪ | ૧૦૦ | સહકારી મંડળીઓના હિસાબો નિયમિત ચકાસવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળિયા |
| **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૯** | | | | |
| *૬. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૧૨-ઈડીએન-૬૮ સર્વ શિક્ષા અભિયાન<br>રૂા. ૧,૦૦૦<br>પા.નં. ૨૩ | ૧૦૦ | સર્વ શિક્ષા અભિયાનમાં ચાલતી વ્યાપક ગેરરીતીઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૭. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૧૦૫-શિક્ષકોની તાલીમ<br>૦૨-તાલીમ કોલેજો<br>રૂા. ૧૪,૫૫,૦૦૦<br>પા.નં. ૨૩ | ૧૦૦ | તાલીમ કોલેજોમાં શિક્ષકો વિદ્યાર્થીઓના સાચા ગુરુ બની સારુ શિક્ષણ આપે તેવુ વાતાવરણ સર્જવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | --"-- | ૧૦૦ | તાલીમ કોલેજોમાં શિક્ષકો ધ્વારા તાલીમમાં દર્શાવાતી ખોટી હાજરી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પોપટભાઈ જીંજરીયા |
| *૯. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૧૦૭-શિક્ષકોની તાલીમ<br>૦૧-તાલીમ<br>રૂા. ૩૮, ૩૫, ૦૦૦<br>પા.નં. ૨૩ | ૧૦૦ | શિક્ષકોને યોગ્ય તાલીમ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૦. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૧૦૯-સરકારી.....શાળાઓ<br>૦૧-ઈડીએન-<br>૧૯.....સરકારી...શાળાઓ<br>રૂા. ૮,૭૦,૪૦,૦૦૦<br>પા.નં. ૨૩-૨૪ | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષણની ગુણવતા સુધારી પરિણામો નીચા જતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૧. | --"-- | ૧૦૦ | સરકારી માધ્યમિક શાળાઓનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં. ૨૩** | | | | |
| *૧૨. | ૨૪૦૮-અન્ન....વખાર વ્યવસ્થા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-વ્યાજબી .......કચેરીઓ<br>રૂા. ૧૩,૨૫,૦૦૦<br>પા.નં. ૪૯ | ૧૦૦ | જિલ્લા કચેરીઓમાં અધિકારી / કર્મચારીઓની અપૂરતી હાજરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩. | --"-- | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોની યોજના બાબતમાં જિલ્લા કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીલાલ પટેલ |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | | | |
| *૧૪. | ૨૨૧૦-તબીબી જાહેર | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં બંધ પડેલ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૧-આર્યુવેદ<br>૦૧-તબીબી...... દવાખાના<br>રૂા. ૧,૬૭,૪૦,૦૦૦<br>પા.નં. ૮૩-૮૪ | | આર્યુવેદ દવાખાનાઓ ચાલુ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૫. | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના આર્યુવેદ દવાખાનાઓમાં અપૂરતી દવાઓના કારણે પ્રજાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૬. | ૨૨૧૦-તબીબી.......આરોગ્ય<br>૧૦૧-આર્યુવેદ<br>૦૩-શિક્ષણ.....કોલેજ<br>રૂા. ૭૦,૦૫,૦૦૦<br>પા.નં. ૮૩-૮૪ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આર્યુવેદ ડોકટરોની અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૧૭. | ૨૨૧૦-તબીબી .....આરોગ્ય<br>૧૦૩-પ્રાથમિક.....કેન્દ્રો<br>૦૧-પ્રાથમિક.....કેન્દ્રો<br>રૂા. ૨,૯૯,૨૫,૦૦૦<br>પા.નં. ૮૩-૮૪ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓને પૂરતી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮. | | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફની અપૂરતી હાજરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીકુમાર તળપદા |
| ૧૯. | --"-- | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૭** | | | | |
| ૨૦. | ૪૨૧૫-પાણી .... જોગવાઈ<br>૧૦૨-ગ્રામીણ.....પુરવઠા<br>૦૩-ડબલ્યુ.એસ.એસ.-૨ ત્વરીત .... યોજના<br>રૂા. ૪,૮૦,૯૩,૦૦૦<br>પા.નં. ૧૬૧ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ખુબજ નજીકના સ્થળેથી પાણી મળી રહે તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૨૧. | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં બગડેલા હેન્ડપંપો ત્વરીત મરામત કરી ચાલુ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૨. | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પાઈપ લાઈન ધ્વારા પીવાના પાણીનો પૂરવઠો નિયમીત મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | | | |
| ૨૩. | ૭૦૫૫-માર્ગ પરીવહન અંગે લોન<br>૧૯૦-જાહેર ક્ષેત્ર<br>૦૧-ગુ.રા.મા.લોન<br>રૂા.૩૫,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૮૫ | ૧૦૦ | સી.એન.જી. બસોમાં વારંવાર બનતા આગના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| *૨૪. | --"-- | ૧૦૦ | સ્પેર પાર્ટસના અભાવે બંધ પડેલી બસો માટે નવા સ્પેર પાર્ટસ પૂરા પાડવાની તંત્રની ઉદાસીનતા | |
| **માગણી નં. ૭૫** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫. | ૩૪૫૧-સચિવાલય સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-બંદરો વાહન.....વિભાગ<br>રૂા. ૧૬,૯૫,૦૦૦<br>પા.નં. ૧૮૭ | ૧૦૦ | સંસદ સભ્યો-ધારાસભ્યોએ બંદરોના વિકાસ માટે કરેલ ભલામણોનો ત્વરીત અમલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૨૬. | --"-- | ૧૦૦ | બંદરોના વિકાસ માટે પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## ગિલોટીન અંગે

**અધ્યક્ષશ્રી** : પૂરક માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાનનો બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ થી સાંજના ૫-૧૫ સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રહે તેના એક કલાક પહેલાં પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે. તેથી તદ્‌અનુસાર જે માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હશે અને બાકીની બધી જ માગણીઓ સભાગૃહમાં મત માટે રજૂ કરવામાં આવશે. સમય મર્યાદા આપી છે એમાં ઘટાડો થશે એટલે એને ધ્યાનમાં રાખીને આપનું વક્તવ્ય આપશો. હવે પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે. માનનીય સભ્યશ્રી અંબાલાલભાઈ રોહિત...

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સ્વપ્ન દ્રષ્ટા અને ગુજરાતના પ્રણેતા, ગુજરાતની સેવામાં લીન થઈ ગયા છે, તેવા આદરણીય મુખ્યમંત્રીશ્રીના સાનિધ્યમાં આ બીજી વખત વિધાનસભામાં આવવાનું થયું છે ત્યારે મારા વિસ્તારની જનતાનો હું ખૂબ ખૂબ આભાર માનું છું ખાસ કરીને સામે બેઠેલા વિરોધપક્ષના નેતા વિદ્વાન આદરણીય શકિતસિંહજી ગોહિલ એમની વાત કરું તો આ ગુજરાત અનેક જાતો ભાતોથી બનેલું છે, જે સમાજમાંથી હું આવ્યો છું આટલે સુધી આવવામાં ઘણો કર્મકાળ મારો વ્યતીત થઈ ગયો છે. દલિત સમાજ ગરીબ સમાજ અને પીડિત સમાજને કોઈ સમજનાર ન હોય ત્યારે રાજકારણમાં ધારાસભ્યના પદ સુધી આવવાની ઘણી મુશ્કેલીઓ હોય છે. આદરણીય શકિતસિંહજીની વાત કરું ત્યારે સામાન્ય માણસ કે ગુજરાતનો ઊંચામાં ઊંચો માણસ છે એને બાપુ તરીકે સંબોધતા હશે એમને રાજકારણમાં આગળ વધવામાં મુશ્કેલી નહિ પડી હોય પરંતુ આદરણીય અમારા મુખ્યમંત્રીશ્રી બક્ષીપંચમાંથી આવે છે એક સામાન્ય ઘરમાંથી આવેલા છે, એણે ગુજરાતની સેવા કરીને ઘેલુ લગાડ્યું છે કે આજે અમારા વિસ્તારમાં જઈએ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબની વાત કરીએ એમાં યુવાન માણસ હોય કે ૮૦ વર્ષના વૃદ્ધ માણસ હોય એની આંખમાંથી આંસુ પડ્યા વગર રહેતું નથી. આ મુખ્યમંત્રીશ્રીની ગુજરાત પ્રત્યેની ભાવના છે, તેઓ ગુજરાતનું હિત કરવા માટે સતત ૧૮ થી ૨૦ કલાક પ્રમાણિકતાથી, નિષ્ઠાથી કામ કરીને ગુજરાતની પ્રજાને પ્રેમ આપ્યો છે એના કારણે ગુજરાત વિકાસથી વેગવંતુ, વિકાસવંતુ તથા ધબકતું બન્યું છે આ બધું માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને આભારી છે એટલા માટે અભિનંદન આપ્યા વગર રહી શકતો નથી.

અમારા નાણામંત્રીશ્રી ગુજરાત સરકારનું બજૅટ લાવવાનો રૅકૉર્ડ ધરાવે છે. આજે જે બાબતની પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક ૨ અને ૫ જેમાં ૮૯,૬૯,૭૨,૦૦૦ તથા ૧૧,૮૦,૬૭,૦૦૦ રૂપિયાની લઈને આવ્યા છે. તે જ રીતે શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક ૯ જેમાં મહેસૂલી ખર્ચ માટે ૨૩૪૨૫૬૯૦૦૦ તથા મૂડી ખર્ચ માટે ૧૦૦૦ રૂપિયા લઈને આવ્યા છે. અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ છે એમાં અન્ન માટે મહેસૂલી ખર્ચ માટે ૧૩૨૫૦૦૦ રૂપિયા લઈને આવ્યા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તબીબી અને જાહેર આરોગ્યમાં મહેસૂલી ખર્ચ માટે ૩૨,૩૪,૪૪,૦૦૦ તથા મૂડી ખર્ચ માટે ૪,૧૭,૮૦,૦૦૦ રૂપિયા લઈને આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અંબાલાલભાઈ, આપ માગણીઓ ન વાચો એમાં તમારો સમય જશે. તમે એના ઉપર જે કંઈ કહેવા માગતા હોય તે કહો.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : હું ટૂંકી અને સામાન્ય વાત રજૂ કરવા માગું છું. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી સામાન્ય માનવી, છેવાડાનો માનવી અને પીડિત માનવી માટે ચિંતા કરી છે. સતત ચિંતા કરી છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની વાત કરીએ તો ગરીબી રેખા નીચે જીવતા લોકો માટેની યોજના બી.પી.એલ. બીજા નંબરે અંત્યોદય યોજના, ત્રીજા નંબરે ગરીબી રેખા ઉપર જીવતા કુટુંબો માટે એ.પી.એલ. યોજના, ચોથા નંબરની વાત કરું તો સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના એમજીઆરવાય. પાંચમા નંબરની વાત કરું તો ધોરણ ૧ થી ૭ માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મૂલ્યે અનાજ વિતરણની યોજના. ત્યારપછી અન્નપૂર્ણા યોજના અને મધ્યાહ્ન યોજના દ્વારા આ સરકારે અત્યાર સુધીમાં લાખો મેટ્રિકટન અનાજ ગરીબ લોકોના ઘર સુધી છેવાડાના માનવીના ઘર સુધી ભૂખ્યા માણસોના ઘર સુધી પહોંચાડ્યું છે. ભૂખ્યા માણસના

ઘર સુધી ચોખા પહોંચે, ઘઉં પહોંચે, આટો પહોંચે, મીઠું પહોંચે, તેલ પહોંચે, કઠોળ પહોંચે તેના માટેની વ્યવસ્થા કરી છે. સુચારૂ વ્યવસ્થા તેમના ઘર સુધી પહોંચે તેના માટે દીનદયાળ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાન તેનું વિતરણ કરતી હોય છે. વિક્રેતા બરાબર વિતરણ કરે છે કે કેમ? સરકાર સીધી તેના ઉપર દેખરેખ રાખતી હોય છે. હું વાત કરું તો બી.પી.એલ. યોજનામાં કાર્ડ દીઠ પાંચ કિલો ઘઉં ગુજરાત સરકાર પાંચ રૂપિયે પ્રતિકિલોના ભાવથી આપતી હોય છે. ચોખા કાર્ડ દીઠ ૬ કિલો ૫૦૦ ગ્રામ પ્રતિ કિલો ૬.૭૫ રૂપિયાના ભાવથી આપતી હોય છે. માહે ડિસેમ્બર ૨૦૦૭ના અંત સુધીમાં આ યોજના આધારે ૧,૭૫,૩૮૮ મેટ્રીકટન ઘઉં તથા ૧,૮૬,૪૫૬ મેટ્રીકટન ચોખાનું વિતરણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય યોજનામાં બી.પી.એલ. યોજના કરતાં નીચા ભાવથી ઘઉં અને ચોખાનો જથ્થો ફાળવવામાં આવે છે. એ ઘઉંમાં ગુજરાત સરકાર ૮૮ રૂપિયા સબસિડી ભોગવે છે અને ચોખામાં ૧.૦૧ પૈસા રાજય સરકાર સબસિડી ભોગવે છે. આ યોજના હેઠળ બે રૂપિયે કિલો લેખે ૧૯ કિલો ઘઉં આપે છે અને ત્રણ રૂપિયે કિલો લેખે ૭ કિલો ચોખા આપે છે. ૨૦૦૭-૦૮ માહે ડિસેમ્બર, ૧,૯૨,૨૩૩ મેટ્રીકટન ઘઉં અને ૧,૦૪,૨૯૩ મેટ્રીકટન ચોખાનું વિતરણ કર્યું છે અને ૨૨૬૦ મેટ્રીકટન ફોર્ટીફાઈડ આટાનું વિતરણ કર્યું છે. છેવાડાનો માનવી કયારેય ભૂખ્યો ન સૂઈ જાય, સવારે ઉઠે ત્યારે તેના પેટમાં ખાડો ન હોય તેની સતત ચિંતા કરીને ગુજરાત સરકારે છેવાડાના માનવીની સેવા કરવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. ત્યારે આ પૂરક માગણી લઈને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી આવ્યા છે તો તેમની માગણી વ્યાજબી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે આરોગ્ય અને પરિવારની વાત કરું ત્યારે માનનીય મંત્રીશ્રી ૩૯ નંબરની માગણી લઈને આવ્યા છે. તેમાં કહું તો હમણાં ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રીનું નામ દિનપ્રતિદિન અનેક યોજનાઓમાં સીધેસીધું જોડાતું હોય છે. આપણે નથી જોડતા, ગુજરાત સરકાર નથી જોડતી. ગુજરાત સરકારના અધિકારી નથી જોડતા, પરંતુ લોકોને ગુજરાતના મુખ્યમંત્રીનું જે ઘેલું લાગ્યું છે, ગુજરાતના મુખ્યમંત્રીનો જે લગાવ લાગ્યો છે, હમણાં મોબાઈલ સેવા ૧૦૮ નંબરની ગાડી, ગયા અઠવાડિયે હું પાર્ટીની મિટિંગમાં ગાંધીનગર આવ્યો હતો. મારા ગામમાં એક ૭૦-૮૦ વર્ષના વડીલ, બાથરૂમમાં જતાં પડી ગયા. તેમને એટૅક આવ્યો હતો. ત્યારે એ જ ઘડીએ મને તેમના ઘરેથી ફોન આવ્યો કે મારા ફાધરને આવું થયું છે. પાંચ મિનિટમાં ૧૦૮ નંબરની ગાડી મારા ગામથી ૧૪ કિલોમીટરનું અંતર ખંભાત છે. કાળીયા કૅમ્પની હૉસ્પિટલ છે અને એ હૉસ્પિટલમાં દર્દીને ૧૦ મિનિટમાં દાખલ કર્યા, આજે એ ૭૫ વર્ષથી વધુ ઉંમરના દર્દી છે એ આરોગ્ય અને પરિવારની સારી સેવાના કારણે સહીસલામત પાછા ગયા અને પાંચ દિવસે રજા લઈને ઘરે આવ્યા છે. આ જે ૧૦૮ નંબરની મોબાઈલ વાનની સેવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ચાલુ કરી છે, ખરેખર હું કહું તો પહેલાં ગુજરાતના આ મુખ્યમંત્રીશ્રીએ પહેલાં એક એક જિલ્લાનો પ્રવાસ, એક એક તાલુકાનો પ્રવાસ, ગુજરાતની જનતાની મુશ્કેલી, ગુજરાતના લોકો કઈ મુશ્કેલી ભોગવી રહ્યા છે અને એ મુશ્કેલી કઈ રીતે હલ થાય તેના માટેનો વિનમ્ર પ્રયાસ કરીને એક પછી એક યોજના લાવીને ગુજરાતની જનતા સુધી પહોંચવા માટે જે વિનમ્ર પ્રયાસ કર્યો છે અને એ પ્રયાસમાં ગુજરાતની જનતાએ તેમને સ્વીકાર્યા છે અને સ્વીકાર્યા છે એટલા માટે, નહીં કે અમે ચૂંટણીમાં લાલચો, વચનો આપીને, નહીં કે ખોટા દેવા માફ કરીને, નહીં કે ખોટા ખોટા ટી.વી. આપવાના બહાના બતાવીને, નહીં કે મોતના સોદાગર કહીને, ખોટા વચનો આપ્યા નથી, ખોટી વાતો કરી નથી અને માત્ર ને માત્ર કામ કરીને ગુજરાતની જનતાના છેવાડાના ઘર સુધી પહોંચીને ગુજરાતના મુખ્યમંત્રીએ લોકોના મન જીતીને જયારે આ ૧૨મી વિધાનસભામાં ૧૧૭ ધારાસભ્યો તરીકે ચૂંટીને ગુજરાતની જનતાએ મોકલ્યા છે એ ખરેખર ગુજરાતના મુખ્યમંત્રીનું સૌભાગ્ય અને તેમની સતત કામ કરવાની, પ્રગતિ કરવાની નિષ્ઠા છે. તેના કારણે ગુજરાતની જનતાએ મોકલ્યા છે. મારે વિશેષ વાત નથી કરવાની, આટલું કહીને જે પૂરક માગણીઓ નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે એ માગણીઓ ખરેખર સ્વીકૃતિને લાયક છે અને એ માગણીઓ સ્વીકારવી જ રહી. તેને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જુદા જુદા વિભાગની પૂરક માગણીઓ લઈને આવ્યા છે. જ્યારે બજૅટ રજૂ થાય, આયોજન રજૂ થાય એ આપણી નાણાકીય અશિસ્ત હોય ત્યારે પૂરક માગણીઓ રજૂ થતી હોય છે. ભૂતકાળમાં માનનીય સુરેશભાઈ મહેતા ભારતીય જનતા પક્ષના આગેવાન તરીકે બેસતા હતા એ ભયંકર ટીકા કરતા. પૂરક માગણીઓ લઈને આવનારી સરકાર એ ઢંગધડા વગરની સરકાર કહેવાય. એનો અર્થ એ થયો કે, તમે જે આયોજન કર્યું હતું એની નાણાકીય મંજૂરીઓ આ ગૃહે આપી હતી. એનાથી બહાર જઈને ખર્ચા કર્યા. આયોજનમાં ખર્ચ થયો હોત, વિકાસના કામમાં ખર્ચ થયો હોય તો વાંધો નહીં પણ આ તો બિન આયોજનના ખર્ચા? હું બધી જ પૂરક માગણીઓની વાત નહીં કરું મારા બીજા સાથીઓ કરવાના છે, પાણી પુરવઠા ઉપર માનનીય બાબુભાઈ કરશે, શિક્ષણ ઉપર માનનીય કુંવરજીભાઈ કરશે. એટલે હું તો માત્ર ખાસ ફોકસ કરવા માગું છું. પરિવહન અને બંદરો, રોડ ટ્રાન્સપૉર્ટ એકટ ૧૯૫૦માં અમલમાં આવ્યો અને તેને કારણે દરેક રાજયમાં નિગમ સ્થપાયા અને આ એકટની જોગવાઈ શું? એમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૦ ટકા વિકાસ દર વર્ષે કરવો પડે. નંબરવનની વાતો કરનારા લોકોને આ આંકડાઓ જે એમના સાહિત્યમાંથી પ્રાપ્ત થયા છે એને નોધવાની વિનંતી કરું છું. ૧૯૯૪-૯૫માં જેની ટીકા ખૂબ કરી છે એ સમયે કોંગ્રેસની સરકાર હતી. વાહનોની સંખ્યા કેટલી હતી? ૮૯૮૭ બસો ગુજરાતના રોડ ઉપર દોડતી. વસ્તી આજ કરતાં કેટલી ઓછી હતી એ સૌ જાણે છે. સંચાલિત સેડયુલો કેટલા હતા? ૭૮૫૩ હતા. સંચાલિત ટ્રીપો કેટલી

હતી? ૫૫૩૭ હતી. આપણે ૧૦ ટકાનો વધારો ૧૯૯૪-૯૫થી આપ ગણતા જજો. અને આજ નંબર વનવાળા કયાં છો? એ નોંધજો. ૫ વર્ષ, માનનીય કેશુભાઈને પણ અભિનંદન આપું, માનનીય શંકરસિંહજીને પણ અભિનંદન આપું, માનનીય દિલિપભાઈ પરિખને પણ અભિનંદન આપું. તેઓ આમાં પ્રોગ્રેસ કરતા રહ્યા. ૧૯૯૪-૯૫માં વાહનોની સંખ્યા ૮૯૮૭ અને આજે? એ સમયે માનનીય સુરેશભાઈ જે વહીવટ કર્યો, બીજા ચાર મુખ્યમંત્રીઓએ વહીવટ કર્યો એના કારણે ૨૦૦૧ સુધીમાં વાહનોની સંખ્યા પહોંચી ૯૮૯૫.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પૂરક માગણીઓમાં બોર્ડ/કોર્પોરેશનની ચર્ચા કરવા અંગે

**શ્રી વજુભાઈ વાળા (નાણા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આ એટલા માટે થઈને કહું છું કે, સ્ટેટ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન એ જુદુ કૉર્પોરેશન છે. (અંતરાય) એને આપણે પૈસા આપતા હોઈએ ગ્રાન્ટના સ્વરૂપે, આપણે જી.ઈ.બી.ને પણ પૈસા આપીએ છીએ. એનો અર્થ એવો નહીં કે, જી.ઈ.બી.ની બધી જ ચર્ચા થાય. એની પાસે કેટલી બસો છે. એ અહીં દર્શાવવાની જરૂર નથી. ચોક્કસ એ કૉર્પોરેશન કે બોર્ડ હોય એનો અહેવાલ રજૂ થાય ત્યારે એના ઉપર ચર્ચા થાય ત્યારે વિસ્તૃત ચર્ચા થઈ શકે. એણે કેટલી બસો લેવી કેટલી ન લેવી. એ એના ઉપર આધાર રાખે છે. આજે આપણે એને પૈસા આપી મદદ કરીએ, ગ્રાન્ટ આપીએ, એને લોન આપીએ. પણ આપણા રાજયના વહીવટમાં આ વસ્તુ નથી આવતી. કેટલી બસ લેવી? કેટલી ન લેવી. એ આપણા રાજયના વહીવટનો ભાગ થતો હોય તો આપણે કહી શકીએ.

**અધ્યક્ષશ્રી** : આપે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર કાંઈ કહેવું હોય તો કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ ઉપર ચર્ચાને પૂર્ણ અવકાશ છે.(અંતરાય) આ જ વિષય છે. પૂરક માગણીઓ જે છે. પાના નંબર-૧૮૪-૧૮૫ આપ જોઈ લો. હું પૂરક માગણીઓ ન આવી હોય અને બોલતો હોઉં તો માનનીય નાણા મંત્રીશ્રીનો મુદ્દો વ્યાજબી છે. આ કોને પૈસા આપ્યા છે? શેના માટે પૈસા આપ્યા છે? આપણે આપીએ છીએ. How they are functioning, it is our duty to question.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પૂરક માગણીઓ છે એમાં પણ જુઓ કે શેના માટેની માગણી છે, છતાં એ વિભાગની ચર્ચા કરે, વાહન વ્યવહારની કરે તો પણ વાંધો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :હું આ જ કરી શકું અને આ જ કરીશ.

**શ્રી વજુભાઈ વાળા** : પણ વાહન વ્યવહાર જે બોર્ડ કોર્પોરેશન હોય એની ચર્ચા ડીટેલમાં અહીં ન થાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પાન નં. ૧૮૪, ડીટેલમાં જ થાય.

**શ્રી વજુભાઈ વાળા** : નહીં, બોર્ડ કૉર્પોરેશનની ન થાય, તો તો એક એક બોર્ડની ચર્ચા કરવા બેસીએને તો ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : You have wide experience as a Member. You please see page no. ૧૮૫.

**શ્રી વજુભાઈ વાળા** : થઈ જ ના શકે બોર્ડ નિગમની ચર્ચા...

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પાન નં. ૧૮૫

**શ્રી વજુભાઈ વાળા** : થઈ જ ન શકે. સિવાય કે એનો અહેવાલ આવ્યો હોય અને અહેવાલ પરની ચર્ચા હોય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી પૂરક માગણીઓના પાના નં. ૧૮૫, માનનીય મંત્રીશ્રી પાસે પૂરક માગણીઓનો કદાચ ચોપડો હાથમાં હોતને,

**શ્રી વજુભાઈ વાળા** : આ રહ્યું, છે જ મારી પાસે, મેં જ રજૂ કર્યુ છે. તમે વાચી જાવને.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વિધાનસભા બજેટનું પ્રકાશન હાથમાં હોતને તો ના ઉભા થાત.

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ શિખામણ દેવાની જરૂર નથી. તમારું ડહાપણ તમારી પાસે રાખો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો આપને જ કહું છું.

**શ્રી વજુભાઈ વાળા** : મને કોઈ શિખામણ દેવાની જરૂર નથી. પહેલા તમે માગણીઓ તો વાંચો.

**અધ્યક્ષશ્રી** : પણ પહેલા પૉઈન્ટ ઑફ ઑર્ડર ... (અંતરાય) શ્રી શકિતસિંહજી .. ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નહીં, નહીં, આપે મને ઉભો કર્યો હતો.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર પહેલા બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું પોઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ બોલું છું. પછી એ ઉભા થઈને વચ્ચે બોલે છે. એ એક સીનીયર મિનિસ્ટર છે એમણે વચ્ચે ઉભા જ ના થવાય. You have given the opportunity to me. When the Mr. Minister was on his leg I was quietly listening to him.

**અધ્યક્ષશ્રી** : એમના પૉઈન્ટ ઑફ ઓર્ડરનો જવાબ છે, આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર જ હતો. માનનીય અધ્યક્ષશ્રી ૨૦૦૭-૦૮ના ખર્ચનું પૂરક પત્રક આપ્યું છે એના પાના નં. ૧૮૫ પર આપનું ધ્યાન દોરવા માગું છું. જે આજની માગણી

છે, વિશેષ નોંધમાં પણ લખ્યું છે જે બસોના ખોટના કારણે પૈસા સરભર કરવા માટે નવા વાહનોની ખરીદી માટે તો હું વાહનો ઉપર ના બોલું તો ક્યારે બોલું, આજે હું એસ.ટી. કૉર્પોરેશન ઉપર ના બોલું તો ક્યારે બોલું? તો પછી આ વિધાનસભાના નાણાકીય અંકુશનો અર્થ શું ? હું સમય બચાવવા માગું છું અને આપ માહીર છો એટલે સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતીઓ મિસ્ટર બારોટના લખેલા પુસ્તકમાં પણ અવકાશ વિશે પણ પૂરક માગણીઓની ચર્ચામાં લખ્યું છે. I would like to save the time of this Hon'ble House. So I will leave it on your own wisdom. આપના ડહાપણથી આપ નિર્ણય આપવાના છો. હું વાચવા ધારીશ તો ૧૦ મિનિટ આ ગૃહની બગડશે. ઈરીલેવન્ટ આજ સુધીના ઈતિહાસમાં દરેક ચર્ચાઓમાં જોઈ લેવામાં આવે. પૂરક માગણીઓ ઉપર એસ.ટી. કૉર્પોરેશનની આ રીતની ચર્ચા જો ના થઈ હોય. આપ સાક્ષી છો ત્યારે હું વધારે સમય નથી લેવા માગતો અને આપનો નિર્ણય અપેક્ષિત છે.

**અધ્યક્ષશ્રી** : હું નિર્ણય મુલતવી રાખું છું. ચર્ચા આગળ ચલાવીએ.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું એ તરફ ધ્યાન દોરવા માગતો હતો કે આજે કયાં પહોંચ્યા આપણે. આજે ૨૦૦૬-૦૭ની વાત કરી મેં આપને કહ્યું કે as per the Road Transport Act ૧૯૫૦ ૧૦-૧૦ ટકા વધારો થવો જોઈએ. ભૂતકાળના મુખ્યમંત્રીશ્રીઓએ કર્યા હતા. આજે શું થયું? અમારા રાજયમાં જે ૮૯૮૭ બસો હતી ૨૦૦૧માં જે ૯૮૯૫ થઈ હતી. અત્યારના રાજયમાં ૧૦-૧૦ વધીને ૨૦૦૧ થી આજે કયા જવું જોઈએ એના બદલે વાહનોની સંખ્યા થઈ ૭૯૮૭. સેડયુલો કયાં ગઈ? ૭૮૫૩ હતી ૮૫૪૮ થઈ હતી બીજા મુખ્યમંત્રીશ્રીઓમાં, આજે શું થયું? આ છેલ્લા ૫ વર્ષમાં એ સેડયુલો ઘટીને ૭૧૨૬ થઈ ગઈ, ટ્રીપો કેટલી હતી? અમારા રાજયમાં ૫૭૫૩૭ હતી ૨૦૦૧ સુધીમાં થઈ ૬૯૫૨૯ આજે કેટલી થઈ? ૪૨૧૦૫. ૧૦-૧૦ % વધવી જોઈએ, વસ્તી ઘણી વધી (અંતરાય) અને જેમણે એકટ બનાવ્યા એમણે એકટ બનાવતી વખતે કહ્યું છે Progress of ૧૦ per cent is necessary. એક અત્યંત ગંભીર બાબત તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. આ પક્ષમાં બેઠા હોઈએ કે ત્યાં બેઠા હોઈએ સૌ આ બાબત મારી ધ્યાનથી સાંભળશે, કોના ખીચા ભરાય છે? બદનામ રાજકારણીઓ થાય છે. ખાય છે કોણ એ જોવા જેવી વાત છે. એસ.ટી. કોરપોરેશન ડિઝલ જે ખરીદ કરે છે એ કોઈ પંપ પરથી ખરીદ કરતું નથી, કોઈ વચેટિયા પાસેથી ખરીદ નથી કરતું. કંપની સાથે સીધો કોન્ટ્રાક્ટ છે અને કંપની પાસેથી સીધું ડિઝલ કે પેટ્રોલ એસ.ટી. કોરપોરેશન ખરીદી કરે છે. જેથી સસ્તુ મળે. વચેટિયાઓને લાભ ન મળે. પણ સી.એમ.જી.ની ખરીદી થાય છે એ ક્યાંથી થાય છે? જી.એસ.પી.સી. આપણું રાજ્ય સરકારનું કોરપોરેશન છે. ત્યાંથી સી.એન.જી. આવે છે એ સી.એન.જી.નો ભાવ એક કિલોના ૨૪ રૂપિયા છે. એ કોણ ખરીદે છે? અદાણી ખરીદે છે. એ ખરીદેલું રાજ્ય સરકારના એક કોરપોરેશને સી.એન.જી. સીધું ખરીદવું જોઈએ એ નથી ખરીદ કરતા પણ આપણે અદાણી પાસેથી ખરીદીએ છીએ. શું ભાવમાં ખરીદીએ છીએ? ૨૯ રૂપિયે કિલોના ભાવે ખરીદીએ છીએ. પાંચ રૂપિયા કિલોએ અદાણીને જાય છે. મેં ગણતરી કરી છે કે કોરપોરેશનને દર મહિને ૩૪ લાખ રૂપિયા અદાણીને વધારાના કમિશનના આપી દેવામાં આવે છે એનું નુકસાન જાય છે. શરમથી માથું ઝૂકી જવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો વિનંતી કરું છું કે આપણે ગરીબ માણસોની ચિંતા કરતા હોઈએ છીએ. હું માનતો નથી કે આમાં માનનીય મંત્રીશ્રીનો કોઈ સ્વાર્થ હોય. પણ સહેજ Application of mind is necessary. આપણે વાલ્મિકી સમાજના ઉત્થાનની વાત કરતા હોઈએ, આપણે ગરીબોના કલ્યાણની વાતો કરતા હોઈએ ત્યારે આ કોરપોરેશનમાં શું ચાલે છે? જે વર્ષોથી પેલા સફાઈ કામદાર ગરીબ ભાઈઓ કામ કરે છે એને કાયમી નહિ કરવાના તો શું કરવાનું? પ્રાઈવેટને ટેન્ડર આપીએ એનાથી નુકસાન કેટલું છે? હું એક જ બસ સ્ટૉપનો દાખલો આપીશ કે ચંડોળા બસ સ્ટેશન ઉપર પાર્ટ ટાઈમ કર્મચારીઓ કામ કરતા હતા એનો ખર્ચ ૧૭૦૦૦ મહિને આવતો હતો. આપણે શું કર્યું? પ્રાઈવેટને કોન્ટ્રાક્ટ આપ્યો. ૫૧૦૦૦ રૂપિયા મહિને થાય છે. ગરીબોના હાથમાંથી કાઢીને આ કર્યું છે. આપણે લોન પણ કોરપોરેશનને આપીએ છીએ અને બન્ને આપીએ છીએ. મેં આંકડા જોયા છે. (અંતરાય) I will not go out of scope. Ministers are not speaking on the line.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપનો નિર્ણય મુલતવી છે. એસ.ટી. ઉપર ચર્ચા કરે તો વાંધો નહીં. એકાદ બે વાતો આવી જાય પણ....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો પૉઈન્ટ ઑફ ઑર્ડર હતો એ મુલતવી રાખ્યો છે. હું આપનું ધ્યાન દોરું છું કે જે ૩ માગણીઓ ૧૮૫ પાના ઉપર આપ કહો છો એના ઉપર એસ.ટી.ની કોન્ટ્રાક્ટ પ્રથાની વિગતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નીતિ સિવાય બધી ચર્ચા કરી શકું.

**અધ્યક્ષશ્રી** : ૩, ૪ અને ૫ માગણીઓ જોશો તો એસ.ટી. કોરપોરેશનની માગણી છે. પૂરક માગણીનો સ્કોપ છે. ચેસીસના ૩૫૦૦ કરોડની વાત આવેલી છે. પણ આજે વાત આપે લીધી, બસ સ્ટેન્ડના સફાઈ કોન્ટ્રાક્ટની એ એમાં નથી આવતી. એ માટે તમે નિયમ ૧૦૧ નીચે એસ.ટી. કોરપોરેશનના અહેવાલની ચર્ચા માગી શકો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું આપને અત્યાર સુધીની થયેલ ચર્ચાના પુસ્તકો લાવીને બતાવીશ અને સભ્યશ્રીઓએ અહીંથી કેવી ચર્ચાઓ કરી છે, કઈ પૂરક માગણી હતી એ બતાવીશ. હું ગઈકાલે જોઈ ગયો છું. એનાથી આપણે આગળ વધીને આ કોરપોરેશનને, એના ખોટ કરતા વહીવટને પૈસા આપીએ છીએ. એ પૂરક માગણી છે. એ ખોટ શા માટે જાય છે? એની ચર્ચા તો મારે કરવાની જ હોય કે કેવા વહીવટના કારણે આ ખોટ જાય છે. કારણ કે આપણે એમને સહાય આપી દીધી છે. આ વિધાનસભા ગૃહ એને મંજૂરી આપી દે છે. આ ગૃહના કોઈ સભ્ય ટાયર ખરીદ કરવા જાય તો મેઈન કંપની જોશે અને ખરીદશે. આ ગૃહના કોઈપણ સભ્ય સિઆટ, એમ.આર.એફ. ગમે તે જોઈએ પણ મિતુલ કંપની મધ્યપ્રદેશની છે એના ટાયર કોઈ ખરીદે ખરા? માનનીય અધ્યક્ષશ્રી, હું મારી જાતને પ્રશ્ન પૂછું છું, એ ટાયર ખરીદ્યા છે, જેને બ્લેકલિસ્ટ થાય એ જરૂરી નથી અને ટાયરો ખરીદીએ અને બહાર પાડી રહે અને ખોટ જાય તો કોણે આપવાની? આ સરકારે આપવાની. આ વિધાનસભાગૃહે આ ખર્ચાઓ મંજૂર કરવાના અને એ પૈસા કોણ ભરે છે? આપણે ભરીએ છીએ. કોઈ માણસ નફો કરીને નવા કપડાં પહેરે તો આપણે કહીએ કે સરસ, આ દીકરો એના બાપનું નામ ઊજાળશે પણ બાપાએ વર્ષોથી ભેગી કરેલી પ્રોપર્ટી વેચી નાખે અને મારૂતી લઈને નીકળે તો એને સારો વહીવટદાર ના કહેવાય. બાપનું વેચવા બેઠેલો દેવાળીયો કહેવાય. અહીંયા શું થયું છે? કોંગ્રેસના શાસનમાં જે પ્રોપર્ટી ઊભી થઈ છે. સુરત વિભાગની ૧ લાખ વાર જમીન આપણે પાસે છે જેનો ભાવ ૩૦,૦૦૦ રૂપિયા છે જેની કિંમત ૩ કરોડ રૂપિયા થાય. મહેસાણાની ૨૦,૦૦૦ ચો.મીટર જમીનના ભાવ ૨૫,૦૦૦ રૂપિયા આ બધી પ્રોપર્ટીનો હિસાબ કરીએ તો કરોડો રૂપિયા થાય છે. આજે કોરપોરેશન શું કરવા માગે છે? કવાટર અને ડેપો પાડી દેવાના, ૧૦૦ વર્ષના પટાથી ગીતા મંદિર પાસેની જમીન કોમર્શિયલ સેન્ટર અને ડેપો બનાવવા માટે આપવાની. હું કહું છું કે કયાંક તો સારો દાખલો લો? કર્ણાટક જેવા રાજ્યનો, જ્યાં આગળ કોરપોરેશને ફંડ ઊભું કર્યુ છે, પોતે ડેવલપમેન્ટ કર્યુ છે. ૧૦૦ વર્ષના પટાથી આ બધું વેચી મારશો તો આવતા દિવસોમાં ક્યાં જશે વાત? એમાં પણ મારી માહિતી હજી ફાયનલ નથી થઈ. હું ઈચ્છા રાખું કે ખોટી સાબિત થાય. ૧૮૨ કરોડમાં એક સ્થાનિક માણસને આપી દેવાની, જેની કિંમત સેંકડો કરોડ રૂપિયા થાય. મિલકત ૧૦૦ વર્ષના પટે ટેબલ નીચે થઈને જવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક એવી વિનંતી કરું છું અને એ સંજોગ છે (અંતરાય) જવાબ તો તંત્રનો બચાવ કરવા અમે પણ દીધા છે પણ કયારેક બચાવવા માટે નહિ. ક્યારેક ચાબુક પણ વિંઝવી પડે. ભ્રષ્ટાચારમાં આપણા હાથ ના હોય તો જો હું ના ખાતો હોઉં અને ના ખાવા દેતો હોઉં તો એવી વાત સાબિત કરવી હોય તો, બચાવ કરવા માટે ના જઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રોવિડન્ટ ફંડના પૈસા એ કર્મચારીઓના અધિકારના પૈસા છે એ કંપની જમા ના કરે અને વાપરે તો ક્રિમિનલ કેસ થાય છે. અહીંયા શું થાય? પ્રોવિડન્ટ ફંડના પૈસા પણ ખવાઈ ગયા છે. મારે અન્ય સભ્યશ્રીઓને બોલવાનો અવકાશ રહે અને પૂરતો સમય રહે એટલા માટે વધારે વાત કરવી નથી, જે કર્મચારી આ કામ કરતા હોય છે એના હાથમાં ૫૦-૬૦ માણસનો જીવ હોય છે. આપ કહો છોને કર્મચારી જે કામ કરતો હતો એ કોંગ્રેસના શાસનમાં એક ગૃહના મેમ્બર છે એને ૨૪ કલાકનું કામ ૧૮૫ કિલોમીટરનું છે. આખરે જાન કોના જોખમમાં આવે છે? આપણે નંબર વન કહીએ છીએ. આ કોરપોરેશનનો વહીવટ એ નુકસાન-નફો કરવા માટે નથી. જાહેર સાહસ છે એ પ્રજાનું કલ્યાણ કરવા માટે છે.. એક ગામડામાં ૧૫ ઘર રહેતા હોય એ માણસને સેવા આપવા જતા કદાચ બસ નૂકસાનમાં ચાલે તો ચાલે પણ ત્યા બેઠેલો આપણો ગરીબ ભાઈ છે એને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળવી જોઈએ એ આશય નિગમનો છે. નિગમનો આશય તોડતાડ કરવાનો નથી. વેચી વેચીને ખાવાનો નથી. સરકાર પાસેથી ઊડાડવાનો નથી. પાર્સલની યોજનામાં જે ભ્રષ્ટાચાર થાય છે એને કયારેક તો માનનીય નાણામંત્રીશ્રી નિહાળશે તો ખબર પડશે કે પાર્સલો જે એસ.ટી. કોરપોરેશન ચલાવતું હતું એના બદલે કોન્ટ્રાકટમાં કોનું હિત હતું? કોને ફાયદો થયો છે એને કયારેક તો આપ આપ જોજો. પાર્ટટાઈમમાં કેટલા સમયથી તૂટે છે? આપનો કર્મચારી કાયમી થવા માટે કેટલા સમયથી મથે છે? આપના આશ્રિત કર્મચારીઓની ફાઈલો રજળે છે. આ બધી બાબતો પર માનનીય મંત્રીશ્રી ધ્યાન આપે. આ પૂરક માગણીઓ છે એને કોઈ સંજોગોમાં સમર્થન ના આપી શકાય એ શબ્દો સાથે વિરમું છું.

**ડો. નીમાબેન બી. આચાર્ય (અંજાર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તે તમામ પૂરક માગણીઓને હું મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થઈ છું. જે કાંઈ કામો થયાં છે અને જે વિકાસની પ્રક્રિયા થઈ છે એની થોડી વાત કરવી છે,. હું શા માટે સમર્થન આપું છું એની વાત કરવી છે અત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી વાતો કરતા હતા હું સાંભળતી હતી. મને ખૂબ દુઃખ એટલા માટે થયું કે હજી ગઈકાલે જ એવી સરસ વાતો એમણે કરી હતી તમામ સભ્યશ્રીઓ પાસે કે ખરેખર હું બહુ પ્રભાવિત થઈ હતી એમની વાતોથી પણ આજે મને એમનું એક અલગ જ રૂપ જોવા મળ્યું. ખેર એમાં પડ્યા વગર, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે દેશ અને દુનિયામાં પોતાના આગવા વિકાસ થકી એક મોટું ફલક આવરી લીધું છે. શાસનની સ્થિરતા, નીતિઓની સ્પષ્ટતા અને વિકાસના ધ્યેયની પ્રાપ્તિનો દ્રષ્ટિકોણ આ બધી જ વસ્તુને સાથે રાખીને જે ગુજરાતનો વિકાસ થયો છે. એની સરાહના માત્ર ગુજરાતના લોકો કરે છે એવું નહીં દેશ અને દુનિયાના લોકો એની સરાહના કરતા થયા છે. આ શિબિરની અંદર યુનિસેફના વડાએ પણ ખૂબ સરસ વાતો કરી. અમે ધ્યાનથી સાંભળી. ગુજરાતનો જે વિકાસ કર્યો છે એની નોંધ કેટલા લોકોએ લીધી. ગઈકાલે અરૂણ શૌરીજીએ પણ જે વાતો કરી એમાં

પણ બહુ સ્પષ્ટ વાત કરી કે ગુજરાતના વિકાસે દુનિયાના લોકોને રાહ દેખાડી છે એવી સ્પષ્ટ વાત એમના વક્તવ્યમાં પણ મેં અહીંયા જ સાંભળી છે. નાનામાં નાનો માણસ, ખૂણામાં રહેતા ગરીબમાં ગરીબ માનવીનો વિકાસ કેવી રીતે થાય એની ચિંતા કરવામાં આવી છે ત્યારે નાનામાં નાનો માનવી પણ ગુજરાતના વિકાસની યાત્રામાં ભાગીદાર બનવા તલપાપડ થયો છે કારણકે આ વિકાસના ફળ નાનામાં નાના માનવીના આંગણા સુધી પહોંચ્યા છે. ૨૦૧૦માં ગુજરાતની સુવર્ણ જયંત ઉજવી રહ્યા છીએ ત્યારે આપણે બધા અહીં ભેગા થઈએ. સમાજને સાથે રાખીને એવા સોનેરી સંકલ્પો કરીએ કે જેથી કરીને સુવર્ણ જયંતીની ઉજવણી રાજય માટે એક સરકારી કાર્યક્રમ નહીં પણ વિકાસનો એક મહામૂલો ઉત્સવ બની રહે. સમાજ અને સરકાર બંને ભેગા થઈને મહામૂલો ઉત્સવ બનાવીએ એવી કામગીરી આપણે બધાએ કરવાની છે. આપણને ભાગીદાર થવાની સર્વને તક મળી છે ત્યારે કેમ વિકાસ થાય એની ચર્ચા કરીએ તો યોગ્ય રહેશે. માનવ વિકાસ સુચકાંક ઊંચો લાવવા માટે ગુજરાતે નિર્ણય કર્યો છે અને ગુજરાતના ઉજજવળ ભવિષ્યના ભાગીદાર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે ત્યારે માનવ વિકાસના સુચકાંકની વૃદ્ધિ માટે જવાબદાર જે મુખ્ય પાયાની સવલત છે. તે છે આરોગ્ય, શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ, પીવાના પાણી આ તમામ વસ્તુઓને મુખ્ય પાયારૂપ ગણવામાં આવે છે ત્યારે જે કાર્યો ગુજરાત સરકારે કર્યા છે અને આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જે તમામ યોજનાઓ બનાવી એમાં કડક અમલીકરણ માટેની જે વ્યવસ્થા ગોઠવી એને લીધે જે પરિણામ આપણને પ્રાપ્ત થયા છે મારે ખાસ કહેવું છે

મહિલા અને બાળ વિકાસની જે વાતો કરી છે તેની અંદર જે કામો મહિલા અને બાળ વિકાસના થયા છે એ અદ્‌ભુત છે. લોકો એની નોંધ લે એવા છે અને ખાસ કરીને જ્યારે વિરોધ પક્ષના નેતા શરૂઆતના દિવસોમાં જે મહિલાઓ વિશે વાત કરી પછી આનંદીબેન હોય કે નીમાબેન હોય કે કોઈપણ હોય પરંતુ મહિલા વિકાસની વાતોને બદલે એમણે જે વાત કરી છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે પરિણામ અહીં દેખાય છે. મહિલાઓનો વિકાસ થયો છે એનું પરિણામ વિધાનસભા ગૃહમાં દેખાય છે. કે ૧૫-૧૫ મહિલાઓ અહીંયા ચૂંટાઈને આવેલી છે.

**અધ્યક્ષશ્રી** : આદરણીય નીમાબેન, માગણીઓ પૂરતી મર્યાદિત રહીને વાત કરશો.

**શ્રીમતી નીમાબેન ભા. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓની વાત કરું છું. એટલા માટે કે સભ્યશ્રી જે વાત કરતા હતા. શું કહેતા હતા એ મેં સાંભળ્યું છે એટલા માટે બોલવું પડયું છે. મહિલાઓ સારી રીતે ચૂંટાઈને અહીં આવે, માત્ર ટિકિટ આપી દેવાની વાત નહીં પણ મહિલાઓ કયાં જીતી શકે, સહેલાઈથી જીતી શકે એવી રીતે ટિકિટ આપી ત્યારે આ ૧૫ મહિલાઓ અહીં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આજે મહિલા વિકાસની કોઈ માગણી છે નહીં. હું કોઈ સ્કોપ બહાર બોલ્યો નથી. મને આનંદ થાત માનનીય મંત્રીશ્રીએ ઊભા થઈ વાત કરી હોત.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ ક્યારે ઊભા થવું એ એમણે નક્કી કરવાનું છે. આપ આપના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર જ્યારે હતો ત્યારે ચેરિટી બીગીન્સ ફ્રોમ હોમ એવું શીખવાડવા પ્રયત્ન થયો હતો.

**અધ્યક્ષશ્રી** : આપે આ મુદ્દા ઉપર પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એના ઉપર કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એસ.ટી. કૉર્પોરેશનને આપણે પૈસા આપીએ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એસ.ટી. કૉર્પોરેશનનું મારું રુલિંગ રિઝર્વ રાખેલ છે. નીમાબેન જે માગણીઓ ઉપર બોલી રહ્યા હતા એના ઉપર આપનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર છે એ કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલું જ છે કે આજે જે માગણીઓ છે એમાં માનનીય નીમાબેન આઉટ ઓફ સ્કોપ જાય છે. ૧૫ ધારાસભ્યો મહિલા ચૂંટાયા છે એ વાત કરે છે એ આજની માગણીમાં નથી.

**અધ્યક્ષશ્રી** : વિરોધ પક્ષના નેતાશ્રી, આજે ગૃહમાં જે વખતે એ આઉટ ઓફ સ્કોપ ગયા એ જ વખતે ધ્યાન દોર્યું અને એટલા માટે એમણે એ વાત પૂરી કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપ રેકર્ડ મગાવીને જોશો તો ચાલુ રાખેલ છે.

**અધ્યક્ષશ્રી** : જોયું છે. એમણે એમ કહ્યું કે ત્યારપછી ૧૫ બહેનો ચૂંટાઈને આવી છે. એમનું એ રાજકીય અવલોકન હતું. મેં એમને રોક્યા છે ત્યાર પછી બીજી માગણીઓ ઉપર ગયા છે. જે માગણીઓ હોય એના ઉપર બોલો.

**ડો. નીમાબેન બી. આચાર્ય** : મેં તો માત્ર એક વાતનો ઉલ્લેખ કર્યો છે. શિક્ષણની અંદર જે રીતે શિક્ષણ રથ કાઢયો અને ૯૯ ટકા પ્રદેશ દર હાંસલ કર્યો છે. ૪૯ ટકા ડ્રોપ આઉટ રેટ હતો એમાંથી ૩ ટકા સુધી લઈ ગયા છીએ એ આપણા માટે અદ્‌ભૂત સિદ્ધિ છે. શિક્ષણ વિભાગમાં એક વર્ગ અને એક શિક્ષકનો જે સિદ્ધાંત નક્કી કર્યો એ પૂર્ણ કર્યો છે એ પણ મોટી વાત છે. તેના પરિણામે આજે એક વસ્તુ કહીશ કે ૯૩ હજાર વિદ્યા સહાયકો મૂકવામાં આવ્યા એ નાની વાત નથી. જે રીતે શિક્ષણની અંદર આપણું યુવાધન છે એ કેવી રીતે ટેકનોક્રેટ બને, કેવી રીતે ટેકનિકલ શિક્ષણના નિષ્ણાત બને એ ધ્યાને રાખીને યુવાધનનું ટેકનિકલ જ્ઞાન ખૂબ જ વધાર્યું છે. આપણા યુવાનોને અંગ્રેજીમાં નિષ્ણાંત બનાવવા માટે સ્કોપનો કાર્યક્રમ કરવામાં આવ્યો. વિશ્વમાં આપણો યુવાન પાછો ન

પડે, એનું અંગ્રેજીનું જ્ઞાન ઓછું હોય એટલે પાછો ન પડે એના માટે સ્કોપના કાર્યક્રમ દ્વારા અને આઈ.ટી.આઈ. કોલેજોની સ્થાપના કરીને આપણા યુવાનોને આઈ.ટી.આઈ.માં નિષ્ણાંત કરી અને ઉદ્યોગોને લાયક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું. ઉદ્યોગોમાં પણ જે વિકાસ થયો છે એના ફળ આપણા યુવાનોને મળે એટલા માટે ૪૯ તાલુકામાં આઈ.ટી.આઈ. કોલેજો સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે એ મોટી સિદ્ધિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની વાત અહીં કરવામાં આવે છે. એના માટે પણ મારે ખાસ ધ્યાન દોરવું છે કે જે રીતે પીવાના પાણી માટે નર્મદા યોજના માટે આપણા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે હું સ્પષ્ટ જોઈ શકું છું કે આ પાણી નહિં, આ પારસ છે. આ વાત સિદ્ધ થવાની છે. નર્મદા યોજનાના વિકાસ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે એ ખૂબ જ સરાહનીય છે. કેનાલના કામો, તળાવો, ચેકડેમો બંધારા થયા છે. ગુજરાતના છેવાડાના ગામ સુધી પાણી પ્રાપ્ત થાય, એના માટે પણ જે વાસ્મો યોજના લોકભાગીદારીથી કામ કરવાનું નક્કી કર્યુ છે. એની અંદર આજે ૨,૭૯૬ ગામોની અંદર વાસ્મો યોજના એ પૂર્ણ થઈ છે. પાણી સમિતિ દ્વારા લોકો પોતાના પાણીની વ્યવસ્થા કરી રહ્યા છે. આ લોકભાગીદારીનું એક શ્રેષ્ઠ ઉદાહરણ આપણે જોઈ શકીએ છીએ. પર્યાવરણની રક્ષા માટે જે કાર્ય થયું છે તે પણ અદ્‌ભુત છે અને જ્યારે ગ્લોબલ વોર્મિંગની વાત થયેલ છે, ત્યારે વનીકરણનો પ્રોજેક્ટ લીધો છે. વનમહોત્સવ મનાવી જે રીતે વનીકરણ કર્યુ છે. ૧૩ કરોડ જેટલા વૃક્ષો આપણે આખા ગુજરાતમાં વન મહોત્સવ દ્વારા વાવ્યા છે. એ અદ્‌ભુત સિદ્ધિ હાંસલ કરી છે. આજે પૂરક માગણી છે. એની અંદર જે આજે કૃષિ વિભાગ વિષે વાત કરવામાં આવી છે, ત્યારે એમાં પણ કહેવું છે કે કૃષિ વિભાગ દ્વારા જે કૃષિ રથ કાઢ્યો અને કૃષિ રથ ગામડે ગામડે જઈને આપણે ખેડૂતોને સમૃદ્ધ કરવા માટે ખેતીની અંદર આધુનિક પદ્ધતિથી ખેતી કઈ રીતે કરવી, એમાં નિષ્ણાંત બનાવવા માટે જે પ્રયત્ન થયા એના અદ્‌ભુત પરિણામો આપણે પ્રાપ્ત કર્યા છે. આપણી ખેતપેદાશોની આવક આપણે ૩૪,૦૦૦ કરોડ સુધી લઈ ગયા છીએ. ખેતી સમૃદ્ધ બનશે તો જ ગામડું સમૃદ્ધ બનશે એવી મહત્ત્વની વાત કરી છે. તે પણ અદ્‌ભુત છે. મારે તો એટલી વાત કરવી છે કે આજે જે ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી દ્વારા એકે એક ગામડાને ઈ-ગવર્નન્સ દ્વારા જે ગામડાને ગાંધીનગર સાથે જોડવાની વાત છે. ગામડાનો ગરીબ માણસ એની પોતાની ફરિયાદ મુખ્યમંત્રીશ્રી જાતે સાંભળે એ વ્યવસ્થા કરી છે, તેના લીધે ગામે ગામ આપણે ખૂબ સારી વ્યવસ્થા ગોઠવી શકીશું અને ગામડાના લોકોને ન્યાય અપાવી શકીશુ. મારે એટલું જ કહેવાનું કે અહીંયાં વાત થઈ છેલ્લી વાત કરી લઉં મુન્દ્રાની વાત કરી છે. મુન્દ્રાના વિકાસ માટેની તો એના ફળ કચ્છને પ્રાપ્ત થશે. એ આપણા સભ્યશ્રી નથી જોતા, પણ અદાણી કેટલું કમાય છે, એની ચિંતા ગૃહમાં કરવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણી લઈને આવ્યા છે. પૂરક માગણી કુલ ૨૭૩૫ કરોડની એમાંથી ૨૪૦૦ કરોડની પૂરક માગણીઓ નૉન પ્લાન માટેની છે. બજેટની અંદર તમામ પ્રકારની જોગવાઈઓ આપણે કરતા હોઈએ છીએ. પછી પૂરક માગણીઓ લાવવા માટેની ચોકસાઈ, તકેદારી રાખવી જરૂરી છે. આજની જે માગણીઓ છે, એમાં કૃષિ વિભાગની અંદર એક માગણી નાનકડી માગણી ભલે હોય ગુજરાત ટ્રેકટર્સ માટે ૧ કરોડ ૧૬ લાખ રૂપિયા વી.આર.એસ. ની યોજના માટે માગેલા છે. ગુજરાત ટ્રેકટર્સનું ડિસઈન્વેસ્ટમેન્ટ થયું. આ કંપની વેચાઈ ગઈ, ત્યારે એની જે શરત મૂકેલ હતી કે પ્રોડકશન અમૂક ઠેકાણે ચાલુ રાખવાનું છે. આ કંપનીને ગઈ સરકારોમાં અને ચાલુ સરકારની અંદર જમીન વેચવાની છૂટ આપીએ અને એના કારણે જે રાજ્ય સરકારના કર્મચારીઓ છે, એનો બોજો આપણા ઉપર આવે એ માગણી છે. એ પૂરક માગણી લઈને નાણા મંત્રીશ્રી આવ્યા છે ત્યારે જરા અજુગતું લાગે એ માટે આપના મારફતે ધ્યાન દોરવાનું છે. વડોદરાની પ્રાઈમ લૅન્ડ જે ગુજરાત ટ્રેકટર્સની હતી એ જેમને આપી ત્યારે સાથે આપણા સ્ટાફની જવાબદારી આપી છે કે કેમ? આરોગ્ય ખાતાની અંદર પણ પૂરક માગણીની અંદર કેટલીક અનુદાન માટેની પણ માગણી છે. જરૂર હોય તો કરીએ, પણ આપના મારફત કહેવાનું કે આરોગ્ય ખાતા દ્વારા કચ્છની અંદર કેટલીક આરોગ્ય સંસ્થાઓને અનુદાન મળવું જોઈએ એવી માગણી મૂકી છે, પણ એની પૂરક માગણી એને ગ્રાન્ટ આપીને આવી હોત, પણ આવું બન્યું નથી. દર વખતે ગ્રામીણ વિભાગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રની અંદર જે ખર્ચ પૂરક માગણીની અંદર થવો જોઈએ, એના કરતા શહેરી વિસ્તારની સિવિલ હોસ્પિટલ માટેના જે ખર્ચની માગણી પૂરક માગણીમાં વિશેષ આવે છે.કારણકે બોલકા હોય જાગૃત લોકો હોય તેનો અવાજ હંમેશાં સંભળાય. ગામડાઓની અંદર આરોગ્યની સેવાઓમાં ક્યારેક વધારે ખર્ચ કરવાનો હોય તો તે ખર્ચ કરવામાં સદંતર અવગણના કરવામાં આવે તે આ આંકડાઓ ઉપરથી પૂરવાર થાય છે. પાણી પુરવઠાની અંદર ૬૪ કરોડ ૮૦ લાખની પૂરક માગણી આવી છે. તેમાં ત્વરિત પાણી પુરવઠાની યોજના માટે કેન્દ્ર સરકારના ૪ કરોડ ૮૦ લાખ રૂપિયા આવે તેની માગણી આવે તો તે બરાબર છે. આપણે જ્યારે ૨૨૫ કરોડ રૂપિયાનું બજેટરી પ્રોવિઝન કર્યુ હોય અને તેની અંદર ૬૦ કરોડ કરતાં વધારાની પૂરક માગણી આવે છે. પાણી પુરવઠા માટે ખૂબ વખાણ થાય છે. પરંતુ તેના આંકડા લઈએ ત્યારે ખબર પડે. અહીંયાં ખૂબ ઉત્સાહી મંત્રીશ્રી સિંચાઈના બેઠા છે. પાણી પુરવઠા બેઠા છે. મારે આપની મારફત નાણા મંત્રીશ્રીને સંબોધવાનું છે. કારણકે તેઓ તેમની પૂરક માગણીઓ લઈને આવ્યા છે. એક જવાબની અંદર પાણી આપણે પાણી ૭૦ લિટર આપીએ છીએ કે કેમ? તો તેનો સ્વીકાર કર્યો કે નથી આપતા. ૮૮૪ ગામડામાંથી ૩૦૦ ગામોને કચ્છમાં પાણીની પાઈપલાઈનથી જોડવામાં આવેલ છે. ૪૦૦ ગામોને જોડવાની કામગીરી ચાલુ હોય અને ૮૫ ગામો માટે તો પ્લાનિંગ થઈ રહ્યું છે. એ વખતે

પાણીની યોજના માટેના વખાણ કરતા માનનીય આ ગૃહના સન્માનનીય સભ્યોને કહેવાનું છે કમસેકમ પાણી બાબતમાં જાગૃત રહીએ. પૂરક માગણીઓ શેના માટે? ૨૨૫ કરોડની જોગવાઈ છે તેના ઉપરાંત ૬૦ કરોડની શા માટે જરૂરિયાત પડી. લાંબી લાંબી પાઈપ લાઈનો નાંખતા જઈએ અને પાણીના સોર્સ પૂરતા પ્રમાણમાં હોવા છતાં પાણી ન પહોંચે અને ગામના લોકો તરસ્યા રહે અને આ પરિસ્થિતિ અમે રોજબરોજ અનુભવતા હોઈએ છીએ એટલે એના માટે આપની મારફત નાણા મંત્રીશ્રીને કહેવાનું કે જે જે વિભાગો પૂરક માગણીઓ લાવે છે તેની ચકાસણી થઈ હોય તેવું લાગતું નથી. પોર્ટ માટેની વાત થઈ, એસ.ટી. માટેની વાત થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે આપણે જે જગ્યાઓ છે તેનું પ્રાઈવેટાઈઝેશન કરીએ, ખાનગીકરણ કરીએ છીએ અને મારા વિસ્તારમાં રાપર ડૅપોનું ખાનગીકરણ થયું છે, એમાં રાજય સરકાર કે એસ.ટી. કૉર્પોરેશનને કેટલા પૈસા આવ્યા અને તેની તપાસ કરો. આજે જંત્રી નહીં પણ જંત્રી પહેલાંના ભાવે આ જગ્યાની કોમર્શિયલ કેટલી જગ્યા છે અને નાણામંત્રીશ્રી તપાસ અને મૂલવણી કરશે તો આખા રાજયની અંદર આ એસ.ટી. કૉર્પોરેશનને બહાર કાઢવા માટે અગાઉની સરકારોએ બધાએ કે આ જગ્યાનું પ્રાઈવેટાઈઝેશન થઈ પૈસા ઉપજે તો એસ.ટી. ખોટમાંથી બહાર નીકળી શકે તે હકારાત્મકતાના અભિગમનો સદંતર દુરુપયોગ થયો છે તેની વાત કરવાની છે અને આ માગણીઓ સાથે અમે સંમત થતા નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ ક્રમાંકઃ ૨, ૫, ૯, ૨૩, ૩૯, ૬૭, ૭૪ અને ૭૫ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગની માગણી ક્રમાંકઃ ૨ માં કહું તો રાજય સરકારે ગુજરાતની અંદર કૃષિ ક્ષેત્રે હરણફાળ ભરી છે. ગુજરાતની અંદર આપણે કહી શકીએ કે કુલ વાવેતર થઈ શકે તેવો જમીનનો એરિયા ૯૪ લાખ હેકટર છે તેની અંદરથી ૨૦૦૭-૦૮ માં ૯૮ લાખ હેકટર સુધી વાવેતર થઈ શકેલ છે. પિયત વિસ્તારની અંદર ૨૬ લાખમાંથી ૩૪ લાખ હેકટરમાં આપણે રવિ પાકનું વાવેતર કરી શક્યા છીએ. કૃષિની અંદર જે છેલ્લા પાંચ વર્ષની અંદર ૯ હજાર કરોડમાંથી ૩૪ હજાર કરોડનું ઉત્પાદન કરી શકયા છીએ. ગુજરાતની અંદર કૃષિરથનું આયોજન કરીને ગામડાની અંદર સામાન્ય ખેડૂતોને જે જ્ઞાન આપવામાં આવ્યું છે. સામાન્ય ખેડૂતોને જે આ જ્ઞાન આપવામાં આવ્યું એના કારણે કૃષિ ઉત્પાદન વધ્યું અને કૃષિ ખર્ચ પણ ઘટ્યો કારણ કે ગામડાના લોકોને ખેતીની પૂરી સમજણ ન હોવાના કારણે બાજુનો ખેડૂતે પોતાના ઘઉંમાં કેટલું યુરિયા ડોઝ નાખ્યો એ જોઈએ એ ખેડૂત પોતાના ખેતરમાં એ પ્રમાણે યુરિયા નાખતો આના કારણે કૃષિ પાછળ ઘણો ખર્ચ થતો હતો પણ કૃષિ રથના કારણે ખેડૂતોને ઉત્પાદન અને ખર્ચમાં બંને બાજુ ફાયદો થયો છે. આપણા ગુજરાતની અંદર ૨૦૦૨-૦૩ની અંદર કપાસનું ઉત્પાદન ૧૮.૬૪ લાખ ગાંસડી થયું હતું તેની સામે ૨૦૦૭-૦૮માં આપણા ગુજરાતમાં ૯૦.૩૨ લાખ ગાંસડી ઉત્પાદન થયું છે, આ ૩૭૯ ટકા ઉત્પાદન કપાસમાં પાંચ વર્ષમાં વધારેમાં વધારે થયું છે. કપાસના ઉત્પાદનમાં વધારાની સામે જે ૨૦૦૨-૦૩માં જે એક હેકટરે ૧૯૧ કિલો કપાસનું ઉત્પાદન થતું હતું એ નવા માર્ગદર્શન અને ખેતી પદ્ધતિ વૈજ્ઞાનિક ઢબે કરવાથી ૨૦૦૭-૦૮માં એક હેકટર દીઠ ૬૧૦ કિલોનું ઉત્પાદન ગુજરાતના ખેડૂતોએ પકવ્યું છે. આટલું બધું ઉત્પાદન એટલા માટે વધ્યું કે, ગામડાના ખેડૂતને સારામાં સારું માર્ગદર્શન આપવામાં આવ્યું.

એ જ રીતે ઘઉંમાં વિચાર કરીએ તો ઘઉંમાં વાવેતર વિસ્તાર નવ લાખ હેકટર થતો હતો, ૨૦૦૭-૦૮માં ૧૪ લાખ હેકટરમાં ઘઉંનું વાવેતર ગુજરાતના ખેડૂતોએ રવિપાકમાં કર્યુ છે. ઘઉંમાં જે પરહેકટર ઉત્પાદન હતું એ ૯.૩૯ મેટ્રિકટન હતું અને ૨૦૦૭-૦૮માં એ ૯૦.૩૦ લાખ મેટ્રિકટન પહોંચ્યું છે. આ જ રીતે ગુજરાતમાં ખેડૂતોની જે પ્રગતિ કૃષિ અને પશુપાલન ક્ષેત્રે થઈ છે એના મુખ્ય કારણોમાં આ રાજય સરકારે ખેડૂતોને જે વધુમાં વધુ માર્ગદર્શન આપ્યું તે છે. આજે પેપરમાં વાચ્યું કે એક લિટર દૂધમાં એક રૂપિયો ભાવ વધારો થયો, તો એ સમાચાર મોટા હેડિંગ્સ સાથે હતા, અને આ દૂધ ઉત્પાદન એ તો ગુજરાતના ખેડૂતો કરે છે એમાં એક લિટરે એક રૂપિયો વધે તો લોકોને નથી ગમતું પણ સીમેન્ટની એક થેલીએ રૂપિયા ૬ વધ્યા તો એ સમાચાર પેપરમાં નાના અક્ષરે લખાયેલા હતા કેમકે સીમેન્ટનું ઉત્પાદન ઉદ્યોગપતિઓ કરે છે અને એ ભાવ વધારો કરે એની આપણે નોંધ નથી લેતા, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ગરીબ ખેડૂત કે જે પશુપાલન અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલ છે એને મેકસીમમ વધારેમાં વધારે કેમ ભાવ મળે તે માટેના આપણે સૌએ પ્રયત્નો કરવા જોઈએ. આજે ગુજરાતમાં આપણે જે કૃષિ ક્ષેત્રે વૈજ્ઞાનિક ઢબે આગળ વધી રહ્યા છીએ એમાં આપણે સૌ સાથે રહીને ખેડૂતોને ટપક પદ્ધતિ અને ફુવારા પદ્ધતિથી ખેતી કરતા કરી એ જ પાણીમાં વધારેમાં વધારે ખેતી થઈ શકે અને વધારેમાં વધારે ઉત્પાદન લઈ શકે તેના માટેના આપણે સૌએ સહિયારા પ્રયત્ન કરવા જોઈએ.

ગુજરાતના ખેડૂતો જ્યારે દુષ્કાળ પડે ત્યારે જેને પાક વીમા પદ્ધતિ છે એ પાક વીમાના પૈસા આ રાજય સરકાર આવ્યા પછી, ભાજપાની સરકારો આવ્યા પછી દર વર્ષના દર વર્ષે મળે છે એ આપણે નજરે જોયું છે અને મને યાદ છે કે ૧૯૯૦ પહેલાં પાક વીમાના પૈસાનું વળતર મેળવવા માટે ગુજરાતના ખેડૂતોએ ત્રણ ત્રણ વર્ષ સુધી આંદોલન કર્યુ હતું, આ વર્ષના પાક વીમાના પૈસા ચૂંટણી પહેલાં ચૂકવાઈ જાય એના માટેની ચૂંટણી પંચની મંજૂરી લઈને, પણ આ ગુજરાત રાજયના ભાગના હિસ્સાના પૈસા ગુજરાતમાં ગુજરાતના ખેડૂતોને પાક વીમાના પૈસા ચૂકવી દેવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો અહીં બેઠા છે અને એમને ખબર છે કે કેન્દ્ર સરકારનો હિસ્સો ન આવવાને કારણે રાષ્ટ્રીયકૃત બૅન્કોનું ધિરાણ લીધું અને જેને પાક વીમાના પૈસા મળવાના છે એ એક

પણ ખેડૂતને એ પૈસા મળ્યા નથી તો આજે તમે તમારી વગ વાપરીને ગુજરાતના ખેડૂતોને તાત્કાલિક આ વીમાના પૈસા મળે તે માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવી જોઈએ.માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગ એ આખા ભારતમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વિભાગ હોય તો એ ગુજરાતનો સહકાર વિભાગ છે, ગુજરાતમાં ખેડૂત વિષયક મંડળી હોય કે સિંચાઈ મંડળી હોય કે દૂધ ઉત્પાદક સહકારી મંડળી હોય, પણ આ મંડળીઓનું સરળીકરણ આ રાજય સરકાર દ્વારા મંડળીઓની નોંધણી જિલ્લા પંચાયતમાં એના અધિકાર આપી અને મંડળીઓની સારી રીતે નોંધણી થાય અને આ મંડળીઓ સારી રીતે ચાલે એમાં પણ રાજય સરકાર વધારેમાં વધારે ધ્યાન આપી અને ગુજરાતના ખેડૂતોને વધારેમાં વધારે કયાં ફાયદો મળે એમ છે એ માટેના પ્રયત્નો રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કહેવું છે કે આ શિક્ષણ વિભાગની જે માગણીઓ છે એમાં રાજય સરકારે શિક્ષણ વિભાગમાં ગુજરાતની અંદર અગાઉના વખતમાં ૧૯૯૫માં આપણે ચૂંટાઈને આવ્યા ત્યારે કહેતા કે ગામડાની અંદર જ્યારે વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યારે એક શિક્ષક વચ્ચે સ્ટૂલ રાખીને બેઠા હોય ફરતી બાજુ નોખા નોખા ધોરણાના વિદ્યાર્થીઓ બેઠા હોય ત્યારે શિક્ષક ઘડીક આ બાજુ ફરીને પેલા ધોરણને ભણાવે અને વળી પાછા આ બાજુ ફરીને બીજા ધોરણને ભણાવે, વળી ત્રીજી બાજુ ફરીને ત્રીજા ધોરણને ભણાવે એમ કુંવરજીભાઈ પણ આ રીતે ભણાવતા. આમ લીમડાંના છાયે બેસીને ગુજરાતની અંદર ગુજરાતની ભાવિ પેઢીને ઘડવાનું કામ કોંગ્રેસ કરતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બે નિશ્ચય કર્યા કે ગુજરાતને વધુમાં વધુ શિક્ષિત બનાવવું અને વધુમાં વધું ઉત્પાદકતામાં લાવવું. આ માટે કૃષિ અને શિક્ષણ એ ગુજરાત માટે અતિ પાયાની જરૂરિયાત હતી આ માટે ગુજરાતની અંદર ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી એકે એક ગામડામાં જેટલા ધોરણ એટલા ઓરડા, જેટલા શિક્ષકો એટલા ઓરડા અને ૫૦ વર્ષના ઈતિહાસમાં જેટલા ઓરડા નહોતા બન્યા એટલા ઓરડા આ ૧૨ વર્ષની અંદર બન્યા છે અને એટલા જ શિક્ષકોની ભરતી કરી. ગામડામાં જ્યારે વિદ્યાર્થીનો શાળા પ્રવેશ મહોત્સવ થાય, ગામડામાં એકી સાથે બધા બાળકોને શાળા પ્રવેશ મહોત્સવમાં શાળાએ લઈ જવામાં આવે એ પણ ગાજતે વાજતે જાય. જીવનની અંદર એક કહેવત છે કે માણસનો જિંદગીમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દિવસ હોય તો સ્કૂલમાં પહેલા દિવસે ભણવા જવું તે છે. કારણ કે ત્યારથી પોતાના ભાવિનું ઘડતર થવાનું હોય છે આ દિવસે જો બાળક આનંદ કિલ્લોલ કરતો જાય અને એની સાથે આખું ગામ જોડાય આ રીતે વિદ્યાર્થીના જીવન ઘડતરનો પ્રથમ દિવસ સારી રીતે ઊજવાય એના માટે રાજય સરકારે પ્રયત્ન કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની જે માગણીઓ છે એમાં મારે કહેવું છે કે, ગુજરાતની અંદર જે સસ્તા અનાજની દુકાનો હતી એમાં એના દુકાનદારને પૂરતું વળતર ન મળે એના કારણે એને ખોટું કરવું પડતું હતું. એને કારણે એફ.પી.એસ.સૅન્ટર બનાવી આ ગુજરાતે તમામ દુકાનદારોને સસ્તા અનાજની વસ્તુઓની સાથે તમામ જીવન જરૂીરયાતનતી ચીજ વસ્તુઓ વેચવા માટેના પરવાના આપ્યા, ૧૫૦૦૦ રૂપિયાનું જે પ્રત્સાહન આપ્યું આવી ગુજરાતની અંદર અત્યારે ૫૦૦૦ કરતાં વધારે સસ્તા અનાજની દુકાનો એફ.પી.સૅન્ટર બની છે.અને એની અંદર એ લોકોને વધુમાં વધુ વળતર મળે છે એના કારણે આ વિભાગની અંદર પણ સારી એવી કામગીરી કરવામાં આવી છે એ બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની વાત કરું તો આપણે બધા જોઈ શકીએ છીએ કે આ ગુજરાતની અંદર આરોગ્ય ક્ષેત્રે વિદેશથી લોકો અહીં ઑપરેશન કરાવવા આવે છે. જુદા જુદા રાજયના લોકો ગુજરાતમાં આરોગ્યની સુવિધા લેવા માટે આવે છે. જામનગરની જી.જી.હૉસ્પિટલની અંદર એમ.આર.આઈ. મશીન ખરીદવા માટે હમણા જ ૩ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ આરોગ્ય ક્ષેત્રે ગુજરાતની અંદર શાળાએ જતા બાળકોને શાળામાં એમના આરોગ્યની ચકાસણી કરવામાં આવે અને એમાં બાળકને કોઈ પણ જાતનું મોટું દર્દ જોવામાં આવે તો રાજય સરકાર પોતાના ખર્ચે કોઈ પણ જગ્યાએ લઈ જઈ એની પાછળ ગમે એટલો ખર્ચ આવે તો એ ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવે છે. આમ ગુજરાતના બાળકો માટે રાજય સરકાર દ્વારા આરોગ્ય માટે જે પ્રયત્નો કરવામાં આવ્યા છે એને માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું અને આ માગણીઓને હું મારું અભિનંદન આપું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ખર્ચના પૂરક પત્રકની જે માગણીઓ લઈને આવ્યા છે ૨, ૫, ૯, ૬૭, ૭૪, ૭૫ એ માગણીઓ ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે મારા સાથી મિત્ર અને આમ તો મારા ખાસ સ્નેહી છે. મોહનભાઈ ખેડૂત પુત્ર છે એટલે કંઈક કૃષિને લગતી વાત કરશે, ખેડૂતોના હિતની એટલે કે કૃષિમાં જે અન્યાય થાય છે એમાં કંઈક સારા સૂચનો કરશે. હું એ વીમા ની જ વાત કરું છું મોહનભાઈ. ડિસેમ્બર મહિનાની અંદર સહકારી બૅન્કો મારફતે મંડળીઓને વીમાની રકમ ૨૦૦૭ની અંદર ચૂકવાઈ ગઈ. રાષ્ટ્રીયકૃત બેન્કો મારફતે જે વીમો ખેડૂતોને ચૂકવવાનો છે એ નથી ચૂકવાયો એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ અગત્યનું છે, ૨૦૦૭ની અંદર સહકારી મંડળીઓ મારફતે ખેડૂતોને વીમો ચૂકવાઈ ગયો, રાષ્ટ્રીયકૃત બેન્કો મારફતે જે વીમો ચૂકવવાનો છે એ નથી ચૂકવાયો અને તમે કહો એટલે તરત ચૂકવાઈ જાય.

બીજી વાત, જ્યારે અહીંયા ખેતીની વાત કરી ત્યારે સ્વાભાવિક રીતે ખેડૂતપુત્ર તરીકે મને ઇચ્છા થાય, છેલ્લા વર્ષોમાં વરસાદ ખૂબ સારો થાય છે, કુદરતની મહેરબાની છે, સાથે સાથે સુધારેલા બિયારણો આવ્યા.

રાસાયણિક ખાતરો આવ્યા, ખેડૂતો વૈજ્ઞાનિક પદ્ધતિથી કામ કરતા થયા. એટલા માટે ખેતીમાં આજે ખૂબ મહેનત કરે છે એના ભાગ રૂપે સારા ઉત્પાદનો મળે છે એમાં ના નહિ, પણ બધું જ રાજય સરકાર કરે છે, હું કરુ છું હું કરું છું એવી વાત નથી, મોહનભાઈ વાત કરતા હતા, મને એમ થયું કે હવે ગાડી ચૂકી ગયા છે, કદાચ આવું કંઈક પોપટ જેવું બોલે અને કદાચ એમનો વારો આવી જાય તો આવી જાય પછી બીજા તબક્કે. ખેડૂતોને જે પાક ધિરાણ અપાય એના વીમા છે એ રાષ્ટ્રીયકૃત બેન્ક હોય કે સહકારી ક્ષેત્ર હોય એ સમયસર મળે એ ખૂબ જરૂરી છે. આ રાષ્ટ્રીયકૃત બેન્કો મારફતે જે વીમો ચૂકવવાનો છે એ વહેલો ચૂકવાય. બીજી વાત ખાસ કરીને એ છે કે, ખેડૂત અકસ્માત વીમાની રકમ છે એ લાંબા સમય સુધી ચૂકવાતી નથી અને એનો ઉલ્લેખ આ પૂરક માગણીઓની અંદર કયાંય થયો નથી. એવી જ બીજી વાત છે, છેલ્લા અતિવૃષ્ટિની અંદર ઘણા બધા ખેડૂતોના પાક ધોવાઈ ગયા હતા, એમાં ચૂંટણીઓ આવી એટલે બધી સૂચનાઓ અપાઈ જિલ્લા મથકે કે જાઓ તમે ગામડામાં તમારા ફોર્મ ભરી દો અને તમારો જે પાક ધોવાયો છે એનું તમને તાત્કાલિક વળતર આપવામાં આવશે, આજે એનું વળતર ચૂકવાયું નથી એટલા માટે માનનીય નાણામંત્રીશ્રી એનો ઉલ્લેખ કરીને લઈ આવ્યા હોત તો ચોક્કસ એને હું સમર્થન કરત એમાં કોઈ ના નથી પણ જે પાક ધોવાયા છે એના વળતરની કોઈ વાત આની અંદર નથી.

બીજી વાત ખૂબ મહત્ત્વની છે. છેલ્લાં વર્ષોથી જ્યારથી હું આ હાઉસની અંદર બેસું છું ત્યારે દરેક વખતે એક ખેડૂતના દીકરા તરીકે અને એ સિવાય જે ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યશ્રીઓ જે આવે છે એ લોકો વાત કરે છે કે દર વખતે જ્યારે પાક ઊભા થાય છે એ વખતે નીલ ગાય મારફતે, ભુંડ મારફતે અને જંગલી જે રોજ છે એના મારફતે પાકને ખેતીવાડીને બહુ નુકસાન થાય છે એના માટેથી કંઈક અલગ જોગવાઈ કરી હોત અથવા તો એના માટે અલગ કંઈક પૂરક માગણી લઈ આવ્યા હોત તો ચોક્કસ અમે ખુશ થાત આનંદ થાત અને એના માટેની જે કોઈ વધારાની માગણી હોત તો ચોક્કસ એનું સમર્થન કરત એમાં અમારી કોઈ ના હોઈ શકે નહિ, પણ એના માટેની કોઈ પૂરક માગણી લઈને આવ્યા નથી કે એનો કોઈ ઉલ્લેખ નથી. બીજી વાત ખેડૂતોને જે રાહત આપવાના બદલે, સિંચાઇના જે દર છે. એમણે કેન્દ્ર સરકારનો આભાર માનવો જોઈએ કે જે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કરીને. ખેડૂતોને દેવામાંથી મુક્ત કરવા માટેનું કામ જો કોઈએ કર્યુ હોય તો એ કેન્દ્ર સરકારે કર્યુ છે. જો એવી કોઈપણ અહીંયા રાહત જાહેર કરી હોત અને એ ખેડૂતોને લાભકર્તા હોત તો ચોક્કસ અમે પણ આ પૂરક માગણીઓને સમર્થન કરત. આમાં આવી કોઈ વાત નથી.

બીજું ગયા વખતે સહકારી વિભાગ મારફતે એક પરિપત્ર કરવામાં આવ્યો અને એમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો કે માર્કેટીંગ યાર્ડો મારફતે જે તાલુકામાં માર્કેટીંગ યાર્ડો આવેલા હોય એની આજુબાજુના તળાવો ઊંડા કરવા માટેની યોજના આવેલ અને એના માટે જે કંઈ ખર્ચ કરવાનો હોય એનો ખર્ચ માર્કેટીંગ યાર્ડ કરે. સહકારનો એ પરિપત્ર થયો. માર્કેટીંગ યાર્ડોએ એનું અર્થઘટન એવું કર્યુ કે આ તો આપણે જ કરવાનું છે, મોટાભાગના તળાવો માર્કેટીંગ યાર્ડો મારફતે, સહકારી ક્ષેત્રના પરિપત્ર કર્યો એના મોટાભાગના તળાવો કાગળ પર ઊંડા થયા. મોહનભાઈ જ્યારે વાત કરતા હતા ત્યારે મને એમ હતું કે, આનો ચોક્કસ ઉલ્લેખ થશે કારણકે મોરબીમાં પણ આવું થયું છે, પડધરીમાં પણ એવું થયું છે, રાજકોટ તાલુકાના માર્કેટીંગ યાર્ડો છે એમાં પણ આવું થયું છે એટલા માટે આ પૂરક માગણીઓમાં સમર્થન કરી શકતા નથી.

કૃષિની વાત. જે જુદી જુદી ચાર કૃષિ યુનિવર્સિટીઓ બનાવવામાં આવી એના મકાનો વિગેરે સુવિધાઓ ઉભી કરવા માટેની વાત છે અને એનો ઉલ્લેખ છે, જુનાગઢની અંદર કૃષિ યુનિવર્સિટીની અંદર કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે, કૃષિ યુનિવર્સિટીની અંદર જે કંઈ કામગીરી ચાલી રહી છે, એમાં ૨૫ થી ૩૦ ટકા કામગીરી કાગળ ઉપર થાય છે એના માટે રાજય સરકારની અંદર, યુનિવર્સિટીમાં લેખિત આધારો સાથે રજૂઆતો કરેલી છે એનો કોઈ ઉલ્લેખ નથી અને આપણે એની વાત કરીએ છીએ એના માટે પૂરક માગણી આવે, મકાનો બને એના માટેની સુવિધા ઉભી થાય એટલે એની પૂરક માગણી આવે, પણ જે અંદરના ભાગમાં ચાલી રહયું છે એની તપાસ કરવી ખૂબ જરૂરી છે મારા સાથી ધારાસભ્ય, ગત વખતે હું એમની બાજુમાં જ બેસતો હતો, નીમાબહેન, એમણે જે શિક્ષણની વાત કરી, બેન મારા શબ્દો તો સાંભળો પ્લીઝ બેસો તો સારું છે. એ ગયે વખતે અહીંયા મારી બાજુમાં બેસતા હતા ત્યારે સ્વાભાવિક છે કે કન્યા કેળવણીમાં સૌ કોઈને રસ હોય અને કન્યા કેળવણીનો વિકાસ થાય જે કંઈ જરૂરિયાતો, સુવિધાઓ ખૂટતી હોય તે સુવિધાઓ ઉભી થાય તેમાં સૌ કોઈને ખુશી હોય. છેલ્લાં વર્ષોમાં જે આ રાજયની અંદર સ્વનિર્ભર સંસ્થાઓનો એક વાયરો શરૂ થયો અને તેની અંદર જે કંઈ શિક્ષણની આની અંદર જોગવાઈ પૂરક માગણીઓ સાથેની આવેલી છે તેમાં કન્યા કેળવણીની વાત બહેને કરી છે એટલે મારે પણ કરવી જોઈએ એટલા માટે કે જે આ સ્વનિર્ભર શાળાઓનો જે વાયરો શરૂ થયો આ રાજય સરકારની અંદર તેમાં કન્યા શાળાઓ જે જે જગ્યાએ છે ત્યાં કન્યાઓ પાસેથી સ્વનિર્ભર શાળાઓવાળા ફી લે છે. શિક્ષણ ફી લે છે. તેની સાથે સાથે જે ફી લે છે તે તો બરાબર પણ જે દીકરીઓ કન્યા વિદ્યાલયો અથવા તો કન્યા શાળાઓમાં અભ્યાસ કરવા જાય છે તે દીકરીઓ પાસેથી શિક્ષણ ફી તો લેવાય પણ તેની સામે તેની શિષ્યવૃત્તિ બક્ષીપંચની હોય અથવા તો પછાત વર્ગની જે દીકરીઓ હોય તેને શિષ્યવૃત્તિ આપવી જોઈએ તે શિષ્યવૃત્તિ પણ આ સ્વનિર્ભર શાળાઓની અંદર અપાતી નથી અને છતાંય આપણે શિક્ષણ સંસ્થાની, કન્યા કેળવણીની વાત તો કરીએ છીએ. તો કન્યા કેળવણીમાં મફત શિક્ષણ શા માટે ઉભું કરીને મફત શિક્ષણની જોગવાઈ ઉભી કરીને શા માટે એવી પૂરક માગણીઓ ના માગવામાં આવી. જો એવી લાવ્યા હોત તો અમે ચોક્કસ તેને પણ સમર્થન કરત. ડ્રોપ આઉટ રેશિયાની વાત થઈ.

વાત સાચી છે. એકથી સાત ધોરણને પણ ડ્રોપ આઉટ રેશિયાની અંદર ધ્યાનમાં લેવામાં આવે છે. આઠથી બારમાં ધોરણ સુધીનાં ડ્રોપ આઉટ રેશિયાના આંકડા જો લેવામાં આવે તો એ પ્રાથમિક શાળાની અંદર જે ડ્રોપ આઉટનો રેશિયો છે તેના કરતાં ડબલ રેશિયો આ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની અંદર આ ડ્રોપ આઉટ રેશિયો છે (સમય-સૂચક ઘંટડી) તેને શા માટે ધ્યાનમાં લેવામાં આવતો નથી. અંતરાય.. ભાઈ ફતેસિંહભાઈ, આ આંકડા છે તે હું બોલું તે સાંભળો.

**અધ્યક્ષશ્રી** : શ્રી ફતેસિંહભાઈ, પ્લીઝ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એ કહેવું છે કે, પ્રાથમિક શાળાની અંદર સર્વ શિક્ષા અભિયાનની અંદર જે નાણાં આવે છે તે નાણાં તો કેન્દ્ર સરકાર આપે છે પણ રાજય સરકારે તેની સામેનો હિસ્સો જેટલો આપવો જોઈએ ૫૦ ટકા હિસ્સો આ યોજના પાછળ પ્રાથમિક શાળાની પાછળ આપવો જોઈએ તેની સાથે મારે એક વાત કરવી છે અગાઉ પણ આ રાજય સરકારે અહીંયા જાહેરાત કરેલી કે દરેક તાલુકા મથકે વિજ્ઞાન શાળાઓ ઉભી કરવી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક જે શાળાઓ ખાસ કરીને છે તે શાળાઓની સુવિધા દરેક તાલુકા મથકે ઉભી કરવી. ઘણા તાલુકાની અંદર ભલે આજે સરકાર શરૂ કરે પણ તે વિજ્ઞાનની માધ્યમિક શાળાઓ આજે તાલુકા મથકે ઉભી થઈ શકી નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી ફતેસિંહભાઈ, આપને સમય મળે ત્યારે જ આપ વચ્ચેથી ઈન્ટરવીન કરજો.બીજા સભ્યશ્રી જે કહેતા હોય તેમાં તમને એમ લાગે કે આ યોગ્ય નથી તો એ કહેવા માટે તમને તક મળવાની છે તમારા પક્ષના સભ્યશ્રીને તક મળવાની છે ત્યારે કરી શકાય વચ્ચે ડખલ ઉભી કરવાની ટેવ કાઢી નાંખજો.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ સહકારની પૂરક માગણી લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર વ્યક્ત કરું છું. આખા દેશની અંદર ગુજરાત એક એવું રાજય છે કે જ્યાં સહકારી પ્રવૃત્તિ સંપૂર્ણ લોકશાહી ઢબે થઈ રહી છે. ગુજરાતની સહકારી પ્રવૃત્તિ છે ને સભાસદો માટે, સભાસદો થકી, સભાસદો દ્વારા ચાલતી સહકારી પ્રવૃત્તિ છે. તમામ રાજયમાં ગુજરાતની સહકારી પ્રવૃત્તિનો દાખલો આપવામાં આવે છે ત્યારે ગુજરાત રાજયમાં કૃષિ મહોત્સવ ૨૦૦૭ દરમિયાન સહકારી સંસ્થાઓ એ.પી.એમ.સી.દ્વારા ખેડૂત શિબિર, રથયાત્રા યોજીને ખેડૂતોને ટેક્નીકલ જ્ઞાન મળે, આના દ્વારા સૌને માહિતગાર કરાય જળ સંચય અભિયાનના ભાગરૂપે સહકારી સંસ્થા દ્વારા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સહયોગથી રાજયમાં ૬૨૦ તળાવો ઉંડા કરવાની કામગીરી સહકારી પ્રવૃત્તિ દ્વારા હાથ ઘરવામાં આવેલી છે. કૃષિ ધિરાણ માળખાને મજબૂત બનાવવાના શુભ આશયથી પ્રોફેસર વૈદ્યનાથન સમિતના ભલામણોનો અમલ કરવાનો રાજય સરકાર સ્વીકારી કેન્દ્ર સરકાર તેમજ નાબાર્ડ સાથે ત્રિપક્ષીય કરાર કરેલ છે. આ એમ.ઓ.યુ. ના સંદર્ભમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ને તા. ૨૩/૧/૨૦૦૮ના રોજ સુધારવામાં આવ્યો. આમ પ્રોફેસર વૈદ્યનાથન કમિટીની ભલામણ પેકેજના અનુસંધાને ભારત સરકાર દ્વારા અંદાજે રૂપિયા ૧૧૦૬.૫૮ કરોડ મળવાનો અંદાજ છે. એનો લાભ રાજયની ૭૭૬૮ પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને અને ૧૮ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોને મળશે. ખેડૂતોને વાજબી દરે કૃષિ ધિરાણ મળી રહે એ હેતુથી રાજયની ૮ જિલ્લા સહકારી બેંક દ્વારા ૭ ટકાના દરે ધિરાણ પૂરું પાડવામાં આવેલ છે. રાજયની આર્થિક પવૃત્તિ તથા વિકાસમાં નાગરિક સહકારી બેંકોનું મહત્વનું યોગદાન રહેલ છે. હાલમાં રાજયમાં કુલ ૩૩૭ નાગરિક સહકારી બેંક કામગીરી કરે છે, જે પૈકી ૮ શિડયુલ બેંક છે અને ૫ મલ્ટિ સ્ટેટ કો-ઓપરેટિવ બેંક બિન અર્થક્ષમ છે. તેને ટકાવી રાખવા તથા તેને વધુ તંદુરસ્ત બનાવવા માટે ટાસ્ક ફોર્સ અર્બન કો-ઓપરેટિવની રચના પણ કરવામાં આવેલ છે. એમ.ઓ.યુ.સાઈન કરવામાં ગુજરાત રાજયનો દેશભરમાં પ્રથમ નંબર રહેલ છે. અત્યારસુધી આ ટાસ્ક ફોર્સની જે ૧૩ બેઠકો મળી, એમાં લાયસન્સ વગરની ૧૦ બેંકોને આર.બી.આઈ. તરફથી લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે અને ૧૩ નાગરિક સહકારી બેંકોને તંદુરસ્ત તથા વધુ અર્થક્ષમ નાગરિક સહકારી બેંક સાથે મર્જર પણ કરવામાં આવેલ છે. રાજયમાં ફડચામાં ગયેલી ૬૫ નાગરિક સહકારી બેંક પૈકી ૧૮ નાગરિક સહકારી બેંકને ૧૩,૪૪,૬૧૬ થાપણદારોને એક લાખ સુધીની થાપણ માટેની વીમા રકમ પૈકી ૯,૯૫,૦૧૮ થાપણદારોને રૂપિયા ૧૫૭૮.૬૮ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ છે. રાજયની સહકારી સંસ્થાઓ મારફતે ૧૨,૮૬,૬૫૪ મેટ્રિક ટન વેચાણ કરવામાં આવેલ છે. આ સહકારી સંસ્થાઓ મારફતે ખેડૂતોને વાજબી દરે દવાઓ, બિયારણ, કૃષિ આધારિત સાધનોનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

રાજયમાં કુલ ૧૧૫૦૭ મંડળીઓ પૈકી ૧૧૦૭ દૂધ ઉત્પાદક સહકારી મંડળી એટલે કે લગભગ દસ ટકા જેટલી મંડળીઓનું સંચાલન મહિલાઓ દ્વારા થાય છે. પશુ જાળવણીથી માંડી દૂધ ઉત્પાદન મંડળીમાં દૂધ પહોંચાડવા સુધીની કામગીરી મહિલાઓ કરે છે. આના લીધે તેઓ આત્મનિર્ભર બને છે અને તેમનું યોગ્ય સન્માન જળવાઈ રહે એ માટે રાજયમાં મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની વધુમાં વધુ રચના થાય એ માટેના પ્રયાસો જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો મારફતે સરકારશ્રી કરી રહેલ છે. આ ગુજરાત રાજય એ એક એવું રાજય છે કે જેમાં સોએ સો ટકા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી દ્વારા સ્થાપેલ છે. અનેક રાજયોમાં ખાનગી અને સહકારી છે, પરંતુ ગુજરાત રાજયમાં સોએ સો ટકા સુગર ફેકટરી સહકારી મંડળી દ્વારા સંચાલન થાય છે. આ ગુજરાતની તમામ ખાંડ મિલો ગ્રામ્ય અને ખાસ કરીને પછાત વિસ્તારમાં સ્થપાયેલ છે, જેના કારણે ગ્રામ્ય અર્થતંત્રને ચેતનવંતુ બનાવવા માટે ખાંડ ઉદ્યોગે યથાર્થ યોગદાન પૂરું પાડેલ છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : આદરણીય અધ્યક્ષ મહોદય, નાણામંત્રીશ્રી જે પૂરક માગણી ક્રમાંક ૨, ૫, ૯, ૨૩, ૩૯, ૬૬, ૭૪ અને ૭૫ લઈને આવ્યા છે, એના સમર્થનમાં હું મારી વાત મૂકવા માગું છું.

આ પહેલા અમારા સાથી આદરણીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે વાત કરી છે, એમણે ચિંતા કરી છે કે વાહનો ઘટયા છે, પરંતુ શિક્ષકો વધ્યા છે એની એમણે સરાહના કરી નથી. એમણે અગાઉ કહેલું એ ફરી એમને યાદ કરાવવા માગું છું કે અસત્યના દાયકા અને સત્યની સદીઓ. અસત્યના દાયકા ૧૯૯૫ માં પૂરા થયા છે અને સત્યની સદી શરુ થઈ છે. અત્યારસુધીમાં જે બજેટો આવ્યા છે એ હંમેશા મહેસૂલી ખાદ્યવાળા બજેટ આવ્યા છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સ્વેચ્છાએ સ્વીકારે કે અત્યાર સુધીના બજેટમાં પહેલી વખત એવું બન્યું છે કે મહેસૂલી પૂરાંતવાળું બજેટ આ સરકારે આપ્યું છે. ડબલ-એ ના રેન્કવાળું બજેટ આ વખતે આ સરકારે આપ્યું છે. એની જો એમણે સરાહના કરી હોત તો મને ખરેખર આનંદ થાત. અમારા ભાવનગરના જ છે એટલે હું ભાવનગરના પ્રભાશંકર પટ્ટણીની એક પંકિત અત્રે ઉલ્લેખ કરીને બહુ જ સંલગ્ન વાત કરવા માગું છું.

"દુ:ખી કે દર્દી કે ભૂલેલા માર્ગવાળાને વિસામો આપવા, ઘરની ઉઘાડી રાખજો બારી,
અવરના દુ:ખને હરવા, અવરના સુખ સાંભળવા, તમારા નેત્ર કર્ણોની ઉઘાડી રાખજો બારી"

માનનીય અધ્યક્ષશ્રી, પ્રભાશંકર પટ્ટણીએ વાત કરી હતી એ અગાઉની કોઈ સરકારોએ એનો અમલ નહોતો કર્યો, પરંતુ આ મુખ્યમંત્રીશ્રી સવેદનશીલ અને ખૂબ કાર્યરત છે. આજે પણ તેઓશ્રી ૨૧૭૫ દિવસ અને રોજના ૧૮ કલાક લેખે ગણીએ તો કુલ ૩૯૧૫૦ કલાક તેમણે કામ કર્યુ છે, અગાઉના કોઈપણ મુખ્યમંત્રીશ્રીએ ૪ હજાર કલાક ઉપર કામ કર્યુ નહીં કર્યુ હોય. આ મુખ્યમંત્રીશ્રીએ જે કોઈપણ કાર્યો કર્યા છે અને જે કામ કરે એને કદાચ આ વધારાની જરૂર પડે,આ જે પૂરક માગણીઓ આવી છે એ એમણે પોતાના આયોજનમાં વધારો કર્યો, વિકાસની જરૂર પડી ત્યારે આ વધારાના પૈસાની જરૂર પડી છે અને એ પૂરક માગણી લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ દિવસો યાદ કરાવવા માગું છું કે ૧૯૯૫ પહેલાંના કે એક ઝાડ નીચે ધોરણ ૧, ધોરણ ૨ અને ધોરણ ૩નાં બાળકો બેઠાં હોય અને એક જ શિક્ષક એ ત્રણે વર્ગનાં છોકરાંને ભણાવતા હોય. ત્યારે ઓરડા અને શિક્ષકોની શોર્ટેજ હતી. ગામડાંના સરપંચોની હંમેશાં ઓરડા અને શિક્ષકોની માગણી રહેતી હતી. તો આ સરકારે ૧ હજાર, ૨ હજાર કે ૩ હજાર નહીં, પરંતુ ૬૦ હજાર વર્ગખંડો બનાવી આપ્યા છે અને ૧ લાખ જેટલા વિદ્યા સહાયકો નીમ્યા છે, એનો ચોકકસ ખાંકડો કહું તો ૯૪ હજાર જેટલી એમની સંખ્યા થવા જાય છે. આ રીતે લગભગ ૧ લાખ વિદ્યા સહાયકોની નિમણૂક કરી છે. તો તેમણે શિક્ષણમાં જે કામ કર્યુ છે એ અવર્ણનીય કામ છે. અગાઉની સરકારમાં શું થતું હતું કે શિક્ષકોની ભરતી થતી હતી, શિક્ષકો ભરવાનો આગ્રહ રહેતો હતો પરંતુ ભ્રષ્ટાચાર કરીને કરવામાં આવતી હતી, શિક્ષકો સરપ્લસ રહેતા હતા અને ઘેર બેસીને પગાર ખાતા હતા, પરંતુ આ સરકારે જે પણ ભરતી કરી છે એ પારદર્શક અને બદલીઓમાં પણ પારદર્શકતા લાવીને આ સરકારે અવર્ણનીય કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ડ્રોપ આઉટ રેશીયાની વાત કરવામાં આવી. એમણે ચિંતા હાઈસ્કૂલની કરી છે, પરંતુ એની સરાહના કરવાની જરૂર હતી કે ૧૯૯૮માં એ ડ્રોપ આઉટ રેશીયા ૨૦ ટકાનો હતો અને હું ૧૯૯૫ ની વાત કરું તો ૩૨ થી ૩૫ ટકા હતો અને ૧૯૯૮માં એ ૨૦ ટકા થયો છે અને ૨૦૦૭ માં એ માત્ર ૩ ટકા રહયો છે એટલું સરાહનીય કામ અમારી સરકારે કર્યુ છે અને એમાં મોટેભાગે દીકરીઓ હતી કારણ કે જયારે શાળા છોડવાની વાત આવે ત્યારે દીકરો ને દીકરી બન્ને ભણતાં હોય તો શાળા છોડવાનો પહેલો વારો દીકરીનો આવતો એટલે એની સૌથી વધારે અસર દીકરીઓ ઉપર થતી. આજે આ ડ્રોપ આઉટ રેશિયો ઉંચો આવ્યો છે અને દીકરીઓ ખૂબ સારું ભણતર મેળવતી થઈ ગઈ છે. કન્યા કેળવણી નીધિ અને કન્યા કેળવણી રથ કે જે તમારી સરકારમાં નહોતું થયું અને અમારી સરકાર ગામડે ગામડે આ કન્યા કેળવણી રથ લઈને ગઈ, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રીઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ, સચિવશ્રીઓ અને અધિકારીઓ ધોમધખતા તાપમાં બધે ફર્યા અને એના કારણે ઘેર ઘેર જઈને, ઝૂંપડે ઝૂંપડે જઈને કન્યાઓનાં નામ નોંધ્યાં અને એનાં સારાં પરિણામ આવ્યાં અને આ ડ્રોપ આઉટ રેશિયો ઘટયો છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી ૨-૩ મિનિટ વધારે સમય આપવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી:** મારી પાસે સમયની મર્યાદા છે આપના પક્ષ તરફથી મળેલ વકતાઓની યાદી ઘણી લાંબી છે (અંતરાય) તો પછી મારે એક વકતા ઓછો કરવો પડે. દંડકશ્રીને પૂછી જુઓ. (અંતરાય)માનનીય અનિલભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે હવે એક જ મિનિટ છે. માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ યુનિવર્સિટી બનાવવાની જરૂરિયાત હોઈ શકે, પરંતુ એના લીધે ખેડૂતોને જે ફાયદો થવાનો હતો એ ફાયદો ખેડૂતોને થયો હોય તેમ લાગતું નથી કારણ કે જે કૃષિ યુનિવર્સિટી બની અને એના માટે જે ખર્ચ કરવામાં આવે છે એના પ્રમાણમાં ખેડૂતોને જે બિયારણ મળવું જોઈતું હતું, સસ્તું બિયારણ મળવું જોઈતું હતું એની તો કોઈ પ્રકિયમાં નથી. આજે પણ મકાઈ અને ઘઉં લોકોને બહારના રાજયોમાંથી ખરીદવા પડે

છે. જે તાલુકા મથકોએ બીજ ઉત્પાદન કેન્દ્ર હતાં તે આજે મોટેભાગે બંધ છે. મારા ભિલોડાની વાત કરું તો અનેક રજૂઆત રવા છતાં પણ આ બીજ ઉત્પાદન કેન્દ્ર આજે બંધ છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય અનિલભાઈ, વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે જે યુનિવર્સિટીઓ બિયારણનું સંશોધન કરે છે એ બિયારણ જે તે તાલુકા મથકોએ બીજ ઉત્પાદન કેન્દ્રો ઉત્પન્ન કરે અને તે ખેડૂતોને મળે તેવી કોઈ વ્યવસ્થા સરકારે કરી છે ખરી? એનાથી વિશેષ જોઈએ તો સરકાર સોઈલ હેલ્થ કાર્ડની વાત કરે છે, પરંતુ અત્યારે તાલુકા મથકે જમીન ચકાસણી ઓફિસો હતી તે મોટા ભાગની બંધ કરી દીધી છે. સરકાર કૃષિ રથ લઈને ફરે છે. સરકારને પ્રચાર કરવો હોય તો ઘણી બધી વ્યવસ્થા છે, સરકારી અધિકારીઓનો સમય ગામડે ગામડે જઈને બગાડવાની કયાં જરૂર ઉભી થાય છે? આજે તેના માટે માનનીય વજુભાઈ વાળા સાહેબને પૂરક માગણી લઈને આવવું પડયું છે, એ પ્રવાસનો અને વધારાનો ખર્ચ છે. એટલા માટે આ વધારાનું બજેટ લાવવું પડયું છે.

આદિવાસી વિસ્તારોમાં જે લેબોરેટરી સંગીન બનાવવાની વાત છે એના માટે સાડા સત્તર લાખની માગણી કરી છે પણ આજે ટ્રાયબલ વિસ્તારની જમીન ચકાસણી ઓફિસો લગભગ બધી બંધ છે. એટલા માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવી બંધ થયેલી જમીન ચકાસણી ઓફિસો પાછી ચાલુ કરવામાં આવે, એ એક સારી વ્યવસ્થા પહેલાના જમાનામાં હતી. તે અત્યારે બંધ થઈ છે. તેનાથી વિશેષ માનનીય મંત્રીશ્રી, આ જે છેલ્લા બે વર્ષમાં વધુ વરસાદ થવાને કારણે જમીનનું ધોવાણ થયું છે અને પાકનું ધોવાણ થયું છે તેના માટે પૂરક માગણીઓ લઈને આવ્યા હોત તો સારું હતું, તેના માટે કોઈ જોગવાઈ નથી. અત્યારે મેં પરમ દિવસે પ્રશ્ન પૂછયો તો એવો જવાબ આપવામાં આવ્યો કે હજુ તો એનો સરવે ચાલુ છે. જમીન ધોવાણ અને પાકનું ધોવાણ થયું તેને વર્ષ થવા આવ્યું, તો કયાં સુધી આ ખેડૂતોને પૈસા વગર રખડાવશો?

શિક્ષણમાં મેન્ટેનન્સ માટે ૧૨૩ કરોડ ૯૭ લાખની પૂરક માગણી લઈને આવ્યા છે, ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ વાત કરી છે કે આજે ગામડે ગામડે સ્કુલો અને શિક્ષકો બધુ છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ વ્યવસ્થા એવી જ છે કે જે જુના જમાનમાં હતી. જુના નિયમો જ આજે પણ છે. અને વર્ગ દીઠ ૬૭ ની સંખ્યા હોય તો જ એક વર્ગ મળે છે. અને તો જ એક શિક્ષક મળે છે. એમાં કોઈ સુધારો થયો નથી. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં સુધારો કરવો જોઈએ. ગામડાંમાં જો શિક્ષણ સુધારવું હોય તો આજે ધોરણ પ્રમાણે શિક્ષકો જોઈશે અને ધોરણ પ્રમાણે વર્ગો પણ જોઈશે. એ સુધારો ન થાય ત્યાં સુધી આ શિક્ષણનો સુધારો નથી થવાનો, કારણ કે માનનીય મુખ્ય મંત્રીશ્રી ચિંતા કરે છે કે દરેકને ઈંગ્લીશ ભણાવવું છે, દરેકને ગણિત ભણાવવું છે, દરેકને વિજ્ઞાન ભણાવવું છે, તો તમે જ્યાં સુધી આ વ્યવસ્થા પૂરી ન કરો ત્યાં સુધી આ શિક્ષણ આ બાળકોને મળવાનું નથી. સરકાર કહે છે કે ગામડાંમાં બહેનો માટે બસની મફત મુસાફરીની સગવડ કરી આપી છે. પણ મારું એમ કહેવું છે કે ગામડાંમાં આજે બસો જ બંધ થઈ ગઈ છે. બસો મળતી જ નથી. ઘણી બહેનો પૂછે છે કે સરકારે વ્યવસ્થા તો ગોઠવી પણ અમારે જવું કેવી રીતે? આજે દરેક જગ્યાએ તમે પેપરમાં વાંચતા હશો કે દરેક જગ્યાએ બસો બંધ છે, તો એ બસોની વ્યવસ્થા પણ સરકારે ઉભી કરવાની જરૂર છે.

હોસ્પિટલના રીનોવેશનની વાત છે, વાત બહુ સારી છે, પણ આજે તો હોસ્પિટલો અને અધિકારીઓની ઓફિસો બહુ રીનોવેશન થઈ ગઈ છે અને બહુ સરસ લાગે છે. પણ એ અધિકારી જેના માટે બેઠા છે એ દર્દીની સેવા માટે અધિકારી અને આપણે બેઠા છીએ એ દર્દીઓની હાલત શું છે? સાહેબ પહેલા આના માટે ખૂબ સારું સેટઅપ ગોઠવાયું હતું, જિલ્લાની સિવિલ હોસ્પિટલ, તાલુકા હોસ્પિટલ, ગ્રામ્ય લેવલે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરો, એમ સરસ સેટઅપ હતો, અને સબ સેન્ટરો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની રેગ્યુલર વીઝીટ થતી હતી. અને કોણ રહે છે કે નથી રહેતા, અને સગર્ભા બહેનોનું રેગ્યુલર ચેકીંગ વગેરે થતું હતું, આજે સબ સેન્ટરોની હાલત તમે તપાસ કરો તો કોઈ ત્યાં ચેકીંગ કરવા જતા નથી, અને સબ સેન્ટરો છે તેના બારી બારણા પણ રહ્યા નથી, તેથી મારી વિનંતી છે કે આ બાબતમાં ચોક્કસ ધ્યાન આપે. જો ખરેખર આપણે સગર્ભા માતાઓની ચિંતા કરતા હોઈએ તો આ સબ સેન્ટરોની અંદર સુધારો કરવાની જરૂર છે. અને તો જ આપણે આ માતાઓ છે તે માતાઓને સારી સેવા આપી શકીશું.

એ જ રીતે સર્વ શિક્ષા અભિયાન છે એમાં પણ જે પૂરક માગણી લઈને આવ્યા છે એમાં કેન્દ્ર સરકારના પહેલા ૨૫ ટકા હતા એમાં પણ વધારો થયો છે. અને ૩૫ ટકા થયા છે. એટલે એમાં પણ માનનીય મંત્રીશ્રી ધ્યાન આપે અને કોંગ્રેસનો પણ એમાં ફાળો છે એટલી વાત કરી અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય ગૃહની અંદર પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

સૌ પ્રથમ તો ગુજરાત સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કારણ કે આજે સમગ્ર ગુજરાતની પ્રજા સમક્ષ જે દૃષ્ટિપાત દેખાઈ રહ્યો છે એ કૃષિને ઉત્તેજન આપવામાં આવ્યું જેમાં કૃષિ રથો ગામડે ગામડે ફેરવીને કૃષિ આધારિત આવક જે નવ હજાર કરોડ રૂપિયા હતી એ વધારીને આજે ૩૪ હજાર

કરોડ રૂપિયા થઈ છે. આ સીધી રીતે આપણને બતાવી આપે છે કે જન જાગૃતિ લાવવાના કારણે ખેડૂતોને એનો આધાર મળ્યો છે. કેટલીક બાબતોમાં હું મારા સૂચનો પણ રજૂ કરવા માગું છું.

સમગ્ર ગુજરાતની અંદર પિયત ત્રણ પ્રકારમાંથી આપવામાં આવે છે. કેટલીક જગ્યાએ બોરમાંથી પાણી લઈને આપે છે, કેટલીક જગ્યાએ નહેર યોજનામાંથી તો કેટલીક જગ્યાએ જળાશય, કૂવા કે તળાવમાંથી પાણી લઈને પિયત કરવામાં આવે છે. દક્ષિણ ગુજરાતની ભૌતિક પરિસ્થિતિ જોતાં હું એટલું સૂચન સરકારશ્રીને કરું છું કે ત્યાં નહેરના પાણીનો જે કમાન્ડ વિસ્તાર છે ત્યાં સ્વાભાવિક રીતે પાણીના તળ ૫-૧૦ કે ૧૫ ફૂટ ઉપર આવેલા છે. એના કારણે સિંચાઇ વધારેમાં વધારે ઉપલબ્ધ કરવી હોય તો મારી દૃષ્ટિએ એગ્રીકલ્ચર કનૅક્શન આપવાની સરકારે નીતિ કરેલી છે એમાં સૌરાષ્ટ્રમાં નજર કરીએ કે કચ્છની અંદર નજર કરીએ તો ત્યાં તળના પાણી ખૂબ જ ઊંડા આવેલા છે. કોઈ જગ્યાએ હજાર ફૂટે પાણી છે તો કોઈ જગ્યાએ પંદરસો ફૂટે પાણી આવેલા છે. જ્યારે દક્ષિણ ગુજરાતને નહેરના પાણી મળવાના કારણે ત્યાં પાણીના તળ ઊંચા છે. પરંતુ અમારી મુશ્કેલી એ છે કે ત્યાં માત્ર ખેતીવાડી કનૅક્શનો થ્રી ફેઈઝમાં જ આપવામાં આવે છે. સરકાર ખેતીવાડી કનૅક્શનો તો આપે જ છે એ ખૂબ સારી વાત છે અને ઘણું મોટું કામ કર્યુ છે. સરકારે કૃષિ ક્ષેત્રે હરણફાળ ભરી છે એના માટે સરકાર અભિનંદનનેપાત્ર છે. પરંતુ એમાં કેટલીક નાની એવી ખામીઓ છે. સીંગલ ફેઈઝ મોટર માર્કેટમાં મળે છે, તેથી ખેતીવાડી કનૅક્શનમાં આ સીંગલ ફેઈઝ મોટરને માન્યતા મળે તો ભરૂચ થી તે છેક વલસાડ સુધીના તમામ ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થાય અને અત્યારે દક્ષિણ ગુજરાતમાં જે ખેતી માટે પ્રયત્નો થઈ રહ્યા છે એમાં વિશેષ ઉમેરો થશે આ માટે અમે સરકાર પાસે અપેક્ષા રાખીએ છીએ. ખેતીવાડી કનૅક્શન તરીકે સીંગલ ફેઈઝને માન્યતા આપે તેવી અપેક્ષા રાખું છું.

બીજું કૃષિ ક્ષેત્રની અંદર પાક વીમા યોજના છે. પાક વીમા યોજના ગુજરાત સરકારે ચૂંટણી હોવા છતાં ચૂંટણી પંચની પરમીશન લઈને સરકારને જે કંઈ ભરવાપાત્ર રકમ હતી એ ભરી પરંતુ કેન્દ્ર સરકારે એના ભાગના નાણાં ન ભરવાના કારણે ખેડૂતોને પાક વીમાના નાણાંની ચૂકવણી થઈ શકી નથી. એટલા માટે વિરોધપક્ષના સભ્યશ્રીઓ જે કાપ દરખાસ્તો લાવ્યા છે એ બરાબર નથી. સાચા પ્રશ્નની અંદર સ્વાભાવિક રીતે સમજવું પણ જોઈએ અને સાથે સાથે આ મુદ્દા ઉપર બીજી પણ એક વાત કરવા માગું છું. ઉત્તર ગુજરાતમાં અમુક પાકોને પાક વીમા યોજના નીચે આવરી લીધા છે. એ રીતે ભરૂચથી વલસાડ સુધી અમારે ત્યાં કેરી, ચીકુ અને ખાસ કરીને શેરડીનો પાક ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. હજારો ખેડૂતો એના ઉપર નિર્ભર થયેલા છે તો એ પાકોને પણ પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવે તો અમારા ખેડૂતોને વરસો વરસ કેટલીક મુશ્કેલીઓ પડે છે એ પણ ટાળી શકીએ.

પીવાના પાણીના મુદ્દા ઉપર પણ હું વાત કરવા માગું છું. (સમય સૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : માનનીય વિજયભાઈ પટેલ...

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની ચર્ચામાં ભાગ લેવા માટે બંને પક્ષના ઘ ણા સભ્યશ્રીઓ બાકી છે. તેથી સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : બંને દંડકોએ સમય માગ્યો જ નથી. કોઈ કારણ નથી એવું બતાવ્યું છે, મેં એ પ્રમાણે લીધું છે એટલે હવે એ પ્રશ્ન રહેતો નથી.

**શ્રી વિજયભાઈ ર. પટેલ (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી નં. ૨, ૫, ૯, ૨૩, ૩૯, ૬૭, ૭૪ અને ૭૫ લઈને આવ્યા છે તેમાં હું સમર્થન આપી ચર્ચા કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ વિધાનસભામાં મને સૌ પ્રથમ વખત ચર્ચા કરવાનો અવસર મળ્યો છે ત્યારે આ સન્માનનીય ગૃહને હું વંદન કરું છું, નમન કરું છું. મને ખૂબ ગૌરવ થાય છે કે આજે દેશના સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આદિવાસી વિસ્તારમાં અને આદિવાસી સમાજનું કામ કરવાની, સેવા કરવાની જે તક મળી છે ત્યારે હું ખૂબ જ આનંદ અનુભવી રહ્યો છું. આજે ગુજરાતમાં દરેક ક્ષેત્રમાં ખૂબ જ વિકાસ થઈ રહ્યો છે. ત્યારે કૃષિના ક્ષેત્રમાં જે વિકાસ થયો છે એ કેમ ભૂલાય? બીજાં રાજયોમાં ન થયો હોય એવો કૃષિ મહોત્સવ આ ગુજરાત રાજયમાં સને ૨૦૦૫, ૨૦૦૬ અને ૨૦૦૭માં આપણે સફળતાપૂર્વક પરિપૂર્ણ કરેલ છે. તેના પરિણામ સ્વરૂપે આજે જે ખેડૂતો છે એ ખેડૂતોને કૃષિ વિષયક તજજ્ઞો અને વૈજ્ઞાનિકો દ્વારા જે માર્ગદર્શન મળ્યું છે, માહિતી મળી છે તેના દ્વારા ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતાં થયા છે. તેનાથી તેઓ એક પાક લેતા હતા તેના બદલે બમણો પાક લે છે. આજે આ કૃષિ મહોત્સવના કારણે ખૂબ જ લાભ થયો છે એ બાબત બધા જ જાણે છે કે ૨૦૦૨-૦૩ની સાલમાં કૃષિ અને બાગાયતના પાકોની આવક ૯,૦૦૦ કરોડ હતી, આજે ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૩૪,૦૦૦ કરોડની આવક ઉભી થઈ છે. મારો ડાંગ જિલ્લો ભૌગોલિક રીતે જંગલોથી છવાયેલો છે. ડુંગરાળ પ્રદેશ છે. ખીણથી ઘેરાયેલો જિલ્લો છે. ત્યારે સૌથી વધુ વરસાદ મારા ડાંગ જિલ્લામાં થાય છે. છતાં પણ ત્યાં પાણીનું એકત્રીકરણ થતું નહોતું, પરંતુ ગુજરાત રાજયના આયોજનના કારણે અને તેમની વિવિધ યોજનાઓ અંતર્ગત જે નાના-નાના કોતરો અને નદીઓ ઉપર ચેકડેમો બાંધ્યા છે જેનાથી આજે સિંચાઈ માટે પાણીની ખૂબ સુવિધા ઉભી થઈ છે. ડાંગ જિલ્લાનો ખેડૂત સ્ટ્રોબેરી, હળદર, આદુ અને વાડી યોજના અંતર્ગત કાજુની ખેતી કરવા પ્રેરાયો છે. ડાંગ જિલ્લાની મુલાકાત લેવામાં આવે તો કાજુ રીસોર્સીંગ એન્ડ પ્રોસેસીંગ યુનિટ દ્વારા સ્થાનિક લેવલે કાજુ મળી રહે છે. આના લીધે મારા ડાંગના આદિવાસી ખેડૂતને પણ ખૂબ લાભ થયો છે અને પગભર થયો છે. ભૂતકાળમાં અમારા આદિવાસી ખેડૂતો બળદગાડાની લોન લેવા માટે બેંકોમાં આવતા હતા. આજે મને આનંદ થાય છે કે

આજે એ જ ખેડૂતો બેંકોમાં મીની ટ્રૅક્ટર, ટ્રૅક્ટર અને પીકઅપ વાન જેવા વાહનો ખરીદવા માટે લોન લેતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સહકારી ક્ષેત્રે ખૂબ જ સારી કામગીરી આપણા રાજયમાં કરી છે. આજે સમગ્ર રાજયનાં જે ગામો છે તેમાં સહકારી મંડળીઓ આવેલી છે. ત્યારે હું આ જે સહકારી મંડળીઓ આવી છે તેનાથી સમાજને અને વિસ્તારને ખૂબ લાભ થયો છે. હું ડાંગ જિલ્લામાંથી આવું છું. ત્યારે એટલું ચોક્કસ કહીશ કે મારા ડાંગ જિલ્લામાં રોજગારી મળે તેવી કોઈ તક નહોતી. તે સમયે આ ગુજરાત સરકારે કલ્યાણકારી યોજના ૨૦૦૧માં ડેરી ડૅવલપમેન્ટ પ્રોજૅક્ટ ઉભો કર્યો. અમલમાં મૂક્યો ત્યારે શરૂઆતમાં ખૂબ મુશ્કેલીઓ થઈ પણ આજે એના કારણે ડાંગ જિલ્લાની પરિસ્થિતિ ખૂબ સારી સુધરી છે. આજે ડાંગ જિલ્લાની અંદર ૧૭૦ જેટલી દૂધ મંડળીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને એ કાર્યરત થઈ છે અને એના થકી ડાંગ જિલ્લાની અંદર મહિલા સંચાલિત મંડળીઓને કારણે એમને રૂ.૮.૬૭ લાખ મહિને મળે છે. આ મહિલા ઉત્થાન માટે ખૂબ મોટી બાબત છે. આજે જે માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (હિંમતનગર)** :માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા રાજયના જુદા જુદા ૬ વિભાગોની કુલ ૮ માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારું મંતવ્ય રજૂ કરવા માટે ઊભો થયો છું અને એને સમર્થન કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે છેલ્લા કેટલાય વર્ષોથી પુરાંતવાળું બજૅટ રજૂ કર્યું. એવા ખૂબ જૂજ કિસ્સાઓ છે એ પૈકી ૨૦૦૭-૦૮ ના વર્ષમાં આદરણીય નાણાંમંત્રીશ્રીએ ૪૩૫૭૦ કરોડ રૂપિયાનું બજૅટ રજૂ કર્યું હતું. જે ૧૬૫૧ કરોડ રૂપિયાની પુરાંત દર્શાવતું બજૅટ હતું. આ પુરાંતવાળા બજૅટમાં વર્ષ દરમિયાન રાજય સરકારે લગભગ ૪૦૦ કરોડ રૂપિયાની કરવેરામાં નાણાંમંત્રીશ્રીએ છૂટછાટો આપી અને તેમ છતાં હું માનું છું કે, રાજય સરકારે ઈફેકટીવ ટેક્સ કલેકશન કર્યું. એના કારણે રાજયની આવકમાં વધારો થયો. ૨૩૩૯ કરોડ રૂપિયાનું સુધારેલું અંદાજપત્ર બનેલ છે. વિશેષમાં નાણામંત્રીશ્રીએ જે પૂરક માગણીઓ રજૂ કરી છે એ પૈકીની લગભગ ૬ વિભાગની ૭ માગણીઓ છે એના ૯૬૭ કરોડ રૂપિયાની માગણીઓ તો ૨૯મી તારીખે મંજૂર કરી છે. આ ૨૮૫૬ કરોડ રૂપિયાની માગણીઓ છે. એ મુળ અંદાજપત્રની જોગવાઈઓને ધ્યાને લેતાં માત્ર ૬.૫૫ ટકાનો વધારો દર્શાવે છે. I think it is a very negligible amount. સાથે સાથે જે કાંઈ પૂરક માગણીઓ છે એમાં જે વધારો દર્શાવવામાં આવેલ છે એ રાજયના સન્માનનીય ગૃહના સન્માનનીય સાથી સભ્ય અને રાજયના પૂર્વ નાણામંત્રીશ્રી બાબુભાઈ શાહે એમ કહ્યું કે ૨૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરેલ છે એ નૉન પ્લાન એકસપેન્ડીચર છે. કદાચ supplementary expenditure statement Roman page no.૩૩ માં એનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. ૧૪૪૦ કરોડ રૂપિયાનો પ્લાન એકસપેન્ડીચર છે. ૧૪૧૫ કરોડ રૂપિયાનો નૉન પ્લાન એકસપેન્ડીચર છે. This is best example of financial discipline. આ મારો સ્પષ્ટ મત પણ છે. જ્યારે પૂરક માગણીઓના સંદર્ભમાં ચર્ચા કરીએ તો મારે શિક્ષણ વિભાગ વિશે કેટલીક વાત કરવી છે. શિક્ષણ વિભાગની મુળ જોગવાઈ ૫૦૧૨ કરોડની, આ ૨૩૪ કરોડ રૂપિયાની પૂરક માગણી માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ છે. હું માનું છું કે, છેલ્લા ચારેક વર્ષથી આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં શિક્ષણ વિશે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કોઈપણ રાષ્ટ્ર કે રાજયના વિકાસમાં શિક્ષણ એ પાયાની મૂળભૂત બાબત હોય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, એક મિનિટ બેસી જાઓ. આપની અગાઉના સભ્ય છે એ તમારું વક્તવ્ય પૂરું થાય ત્યાં સુધી પાછળ બેસી જાય. હમણાં જે આવ્યા એ.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાષ્ટ્ર કે રાજયના વિકાસમાં સૌથી જો કોઈ પ્રાથમિક બાબત હોય તો એ શિક્ષણની બાબત છે. આ રાજયના દીર્ઘદૃષ્ટા અને દૂરંદેશીવાળા મુખ્યમંત્રીશ્રીએ સૌથી પહેલાં આ બાબત ધ્યાનમાં લીધી હતી અને એના કારણે હું એમ માનુ છું કે કન્યા કેળવણી ઉપર એમણે સવિશેષ ધ્યાન આપ્યું છે. હયુમન ડેવોલપમેંટ ઈન્ડેકસની જ્યારે વાત કરીએ ત્યારે એના માટે જે અસરકારક પરિબળો છે અને જે માપદંડો નક્કી કરેલા છે એ માપદંડોની અંદર મહિલાઓ અને બાળકોએ સૌથી કેન્દ્રસ્થાને રહેલા છે. પણ હું માનું છું કે મહિલાઓનો ઉત્કર્ષ કરવો હશે તો કન્યા કેળવણી ખૂબ અનિવાર્ય હશે અને આ બાબત આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાનમાં અગાઉ પણ ધ્યાનમાં આવી ગયેલ છે. સુશિક્ષિત દીકરી એક નહીં પણ બે દ ારમાં અજવાળું કરતી હોય છે એ સુશિક્ષિત દીકરી જ્યારે માતા બનતી હોય છે ત્યારે હયુમન ડૅવલપમેન્ટ ઈન્ડેકસની જે બાબતો છે આ બાબતોની સંપૂર્ણ વિશેષ કાળજી લેવાની જવાબદારી આ સુશિક્ષિત માતા જ નિભાવતી હોય છે. એમ કહું તો કદાચ કંઈ ખોટું પણ નથી. છેલ્લા ૩-૪ વર્ષના ગાળા દરમિયાન, શાળા પ્રવેશોત્સવ દરમિયાન લગભગ ૯૯ટકા બાળકોએ શાળામાં પ્રવેશ મેળવ્યો છે. ધો. ૧ થી ધો. ૫ સુધીના ધોરણમાં લગભગ પહેલા ડ્રોપઆઉટ રેશીયો જે ૨૦.૫૪ ટકા હતો એ ડ્રોપઆઉટ રેશીયો ઘટી અને લગભગ ૩ ટકા નજીક રહ્યો છે. આ રાજય સરકારની શિક્ષણ પ્રત્યેની ચિંતા છે આ એનું જીવતું જાગતું ઉદાહરણ પણ છે. રાજયમાં શિક્ષણની ભૂખને સંતોષવા માટે લગભગ ૮૪હજાર જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરી છે અને ૧૪હજાર જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરવાની પ્રક્રિયા પણ હાલ ચાલુ છે. રાજયમાં યુવાધન પાસે ખૂબ મોટું પોટેન્શીયલ છે અને આ પોટેન્શીયલ માત્ર અંગ્રેજી પર ઓછું પ્રભુત્વ હોવાને કારણે લઘુતાગ્રંથી અનુભવે છે અને પોતાની વાત સારી રીતે રજૂ કરી શકતો નથી. પ્રેઝન્ટ કરી શકતો નથી અને એટલા માટે આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ

આંતરરાષ્ટ્રીય પ્રમાણિત સંસ્થાઓ દ્વારા લગભગ એક હજાર કેન્દ્રો મારફતે ૫ લાખ લોકોને અંગ્રેજી શીખવાડવા માટેનો દ્રઢ નિર્ધાર કર્યો છે અને આ દિશામાં રાજય સરકારે મક્કમ પગલાં પણ લીધાં છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલી જ વાત નથી પણ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જે સરહદી વિસ્તારો છે આ વિસ્તારોની અંદર બહેનોને સ્કાઉટ અને ગાઈડનું પ્રશિક્ષણ મળી રહે એ દિશામાં પણ રાજય સરકારે દ્રઢ પગલા લઈ અને પોતાનો કાર્યક્રમ આગળ ધપાવ્યો છે. રાજય સરકારે આ પૂરક માગણીઓમાં હું એમ કહી શકું કે સર્વશિક્ષા અભિયાન યોજના હેઠળ રાજય સરકારનો પહેલા જે ૨૫ ટકા હિસ્સો હતો એના બદલે ૩૫ ટકા હિસ્સો થવાને કારણે વધારો થવા પામેલ છે. મારે પાણી પુરવઠાના સંદર્ભમાં જ્યારે વાત કરવી છે ત્યારે ચોકકસ કહી શકુ .. (સમય સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, એકાદ બે મિનિટ જરા વધુ મળે તો સારું

**અધ્યક્ષશ્રી** : શ્રી દુષ્યંતભાઈ.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે અને માગણીઓને સમર્થન આપવા માટે ઉભો થયો છું. બારમી વિધાનસભા એટલે લોકમત અને લોકમત એટલે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર પ્રજાનો પૂરેપૂરો વિશ્વાસ અને વિશ્વાસ એટલે વિકાસ. વિકાસની વાત કરીએ તો એક પણ ક્ષેત્ર એવું નથી કે એ ક્ષેત્રમાં ગુજરાતનો વિકાસ ના થયો હોય. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ હમણાં જ ત્રીજી વખત સતત ઈન્ડિયા ટુડેનો શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકેનો એવોર્ડ મેળવેલ છે. ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીની સફળ યાત્રામાં ૮૦ જેટલા નેશનલ અને ઈન્ટર નેશનલ એવોર્ડ જ્યારે મળ્યા હોય ત્યારે ગુજરાતની પ્રજા આવા લોકનાયકની આંખમાં સચ્ચાઈ, તેમના દિમાગમાં ગુજરાતનો વિકાસ અને જેમના દિલમાં ગુજરાત માટે કંઈક કરી બતાવવાની તાકાત છે અને પગમાં ગુજરાતની પ્રજાની સુખાકારી માટે લાંબુ ચાલવાની શકિત છે ત્યારે હું શિક્ષણ બાબતમાં વાત કરું તો દરેક મનુષ્યના જીવનમાં તેના બાળપણમાં જે શિક્ષણ અને સંસ્કાર મેળવ્યા હોય તેનું મહત્ત્વ સૌથી વધારે છે. આધુનિક સંશોધને એવું સિદ્ધ કરેલું છે કે બાળક એની ઉંમરની શરૂઆતના વર્ષમાં જે શિક્ષણ મેળવે છે તેની અસર તેના સમગ્ર જીવનકાળ દરમિયાન રહે છે. આથી જ કોઈપણ દેશનો વિકાસ તેના પ્રાથમિક શિક્ષણ સૌથી વધારે મહત્ત્વનું પાસું રહ્યું છે. વધુ વાત કરું તો માનનીય ધારાસભ્યશ્રીએ ઘણું બધું કહ્યું છે પણ શિક્ષણમાં કન્યા કેળવણી મહોત્સવ દ્વારા, વિદ્યાલક્ષ્મી બોન્ડ દ્વારા વિદ્યાદીપ યોજના દ્વારા, માનનીય મુખ્યમંત્રીશ્રીની કેળવણીનીધિ યોજના દ્વારા, વર્ગોના નિર્માણ દ્વારા, શાળા સ્વચ્છતા સંકૂલોના બાંધકામ દ્વારા, આરોગ્ય તપાસણી દ્વારા, વિદ્યા સહાયકોની ભરતી દ્વારા અનેક ભગીરથ કામો થયા છે. હમણાં જ કેન્દ્રનું બજેટ ગયું. એમાં ૨૯ ટકા વધારો સૂચવેલ છે ત્યારે મારા સાથી મિત્રોને મારે કહેવું છે કે એક પણ કોલેજ આપણને આપી નથી. ત્રણ આઈ.આઈ.ટી. કોલેજો આંધ્રપ્રદેશ, બિહાર અને રાજસ્થાનને આપી. બે આઈ.આઈ.એસ.સી. આપી અને બે આર્કિટેક્ટ કોલેજો ભોપાલ અને વિજયવાડાને આપી.

**અધ્યક્ષશ્રી** : દુષ્યંતભાઈ, ગુજરાતના બજેટ ઉપર બોલો.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું હતું કે શિક્ષણ ક્ષેત્રે એટલી પ્રગતિ કરીએ છીએ, દેશની વસતિના પાંચ ટકા છીએ અને ૧૧ ટકા ટેક્સ ભરીએ છીએ ત્યારે ૧૨મા નાણાપંચમાં આપણને જે ફંડની ફાળવણી થવી જોઈએ એ નથી થતી. ગઈકાલે શકિતસિંહભાઈ વાત કરતા હતા કે નર્મદા યોજના માટે ભેગા મળીને પ્રયાસ કર્યો હતો. તેવી રીતે શિક્ષણમાં કેમ ન થાય? એકાદ કોલેજ મળી હોત તો ગુજરાત જ્યારે આટલો વિકાસ કરી રહ્યું છે તો એમાં સહાયરૂપ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની વાત કરું તો રાજ્યની બધી સસ્તા અનાજની દુકાનો પરથી સામાન્ય માણસ માટે બધી વસ્તુ મળતી થઈ ગઈ છે. અગાઉ સસ્તા અનાજની દુકાનો, દીનદયાળ ગ્રાહક ભંડારમાં ચાર પ્રકારની વસ્તુઓ મળતી હતી ત્યારે આજે બધી વસ્તુ મળે છે. ગ્રામ્ય લેવલની દરેક દૂકાન ઉપર કેરોસીનની વ્યવસ્થા કરવામાં આવી છે અને દરેક ગામમાં તે પહોંચવામાં આવે છે. પહેલા દર ૩૦૦૦ની વસતિએ એક દૂકાન હતી જે આજે દર ૨૦૦૦ની વસતિએ એક દૂકાન સ્થાપવામાં આવી છે. આ દુકાનોને કમિશન પણ વધારાવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત પેટ્રોલિયમ ક્ષેત્રે પગરણ માંડીને આજે દેશના પેટ્રો કેપિટલ તરીકે ઓળખ ઊભી કરી છે. ગેસ આધારિત અર્થતંત્રની માગમાં ગુજરાતે પહેલ કરી છે. પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના કરી પેટ્રોલિયમ ક્ષેત્રે તાલીમ પામેલ માનવબળનું સફળ આયોજન કરેલું છે. સી.એન.જી.ના ૧૦૦ જેટલા સ્ટેશનો આજે કાર્યરત છે અને આવતા વર્ષમાં ૫૦ બીજા નવા સી.એન.જી. સ્ટેશનો થવાના છે ત્યારે આ જે પૂરક માગણીઓ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. હું એટલું જ કહેવા માગું છું કે આ માગણીઓ સર્વાનુમતે પસાર થાય એવી વિનંતી કરું છું.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની પૂરક માગણીઓ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એ ઉપર મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં શિક્ષણની ઘણી બધી વાતો થઈ છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટેના જે પ્રયાસો કરવા જોઈએ તે થયા નથી. આપણે વાતો મોટી મોટી કરીએ છીએ. અત્યારે જ વાત થઈ અને પ્રાથમિક શાળાઓની વાત કરું તો સુરત જિલ્લાની આજે પણ એવી કેટલીક પ્રાથમિક શાળાઓ છેવાડાની છે કે જ્યાં ધ્વજવંદન કાર્યક્રમ કરવા માટે સારો ધ્વજ હોતો નથી. એક તરફ રાષ્ટ્રીય એકતાની વાતો કરીએ છીએ, રાષ્ટ્રીય

ભાવનાની વાત કરીએ છીએ ત્યારે રાજ્ય સરકાર આ બાબતે ચિંતિત હોવી જોઈએ. બીજી વાત થઈ કે જૂન મહિનામાં જ્યારે પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે. એ શાળા ઉત્સવમાં ધોરણ-૧ અને ૨ ના વિદ્યાર્થીઓ અધવચ્ચેથી શિક્ષણ છોડીને ચાલી જાય છે. આ બાબતે ચિંતા થવી જોઈએ. એનો વિચાર કરતા નથી. અત્યારે બીજી એક વાત એવી થઈ કે ૯૩૦૦૦ જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી. એમના વેતન તરફ નજર નાખીએ તો લઘુતમ વેતન ૭૨ રૂપિયા છે એના કરતાં શિક્ષણ સહાયકને લઘુતમ વેતન ઓછું મળે છે એના તરફ આપણે ક્યારેય વિચાર કર્યો છે?

બીજી વાત શિક્ષણની કરું છું. એક સાધુ-સંત હતા એ સાધુ-સંત એક ગામની અંદર જાય છે. એ ગામમાં બધા જ માણસો અભણ હતા. એ બધા અભણ માણસોને ભેગા કરીને એક શિક્ષણનો પ્રયોગ બતાવે છે. એક પવાલીની અંદર પાણી ભરવામાં આવે છે. બીજી પવાલીમાં દૂધ ભરવામાં આવે છે, ત્રીજી પવાલીમાં દારૂ ભરવામાં આવે છે. પેલો સાધુ-સંત પાણીના પાત્રમાં ઇયળ નાંખે છે તો એ ઇયળને નાચતી જોઈ પેલા અભણ વ્યકિતઓ હતા એ બધા નાચવા લાગ્યા. સાધુ-સંતોએ પાણીના પાત્રમાંથી દૂધના પાત્રમાં ઇયળને નાંખે છે ત્યારે પણ પેલા ભોળા આદિવાસી અભણ હતા એ ઇયળને તરતી જોઈને બરાબર નાચવા લાગે છે પછી એ સાધુ-સંત એ ઇયળને દારૂના પાત્રમાં નાખે છે ત્યાં જ એ ઇયળ મૃત્યુ પામે છે. મૃત્યુ પામેલી ઇયળ જોઈને આદિવાસી અજ્ઞાન અને અભણ માણસ હતા એ બરાબર નાચવા લાગે છે. પેલા સાધુ-સંતે એમને પૂછયું બે પાત્રમાં ઇયળ તરતી હતી ત્યારે તમે નાચતા હતા તો મને આનંદ થયો પણ ત્રીજા પાત્રમાં જે દારૂના પાત્રમાં ઇયળ મૃત્યુ પામી ત્યારે પણ તમે આનંદિત થઈ નાચી ઊઠયા તેમાં તમને શું સમજ પડી? ત્યારે પેલા આદિવાસીઓએ એમ કહ્યું કે, અમે એટલું ચોક્કસ સમજ્યા છીએ કે દારૂ પીવાથી અમારા પેટમાં રહેલા જંતુઓ મૃત્યુ પામવાના છે, આટલી અજ્ઞાનતા. આના પરથી એક શાયરી યાદ આવે છે.

પીર કા મંદિર મેરા બનાયા
મૂર્તિ કિસી ઓર કી ડાલ દી
મંદિર કા પુજારી મુજે બનાયા
દક્ષિણા કીસી ઓર કો દેદી.
મિત્રો મેં ક્યા દેખ રહા હું?
સાધુ-સંત હમે પ્રયોગ દેખાવે
ઓર જ્ઞાન હમકો મીલ ગયા.

હું શિક્ષણની કેટલીક વિસંગતતાની વાત કરું તો આપણા શિક્ષણખાતાની અંદર જે કારકુનો છે, ક-વર્ગના કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ ૫૦૦૦-૮૦૦૦ છે, એના બદલે આપણે ચૂકવણું કરીએ છીએ ૪૫૦૦-૭૦૦૦. આ માટે વારંવાર કર્મચારીઓએ નાણાવિભાગ અને શિક્ષણવિભાગની સાથે ફાઇલો ચલાવવા છતાં પણ આ પ્રશ્ન હજુ પેન્ડિગ છે. બીજી એક વાત, માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક. એમની વાત જે કલમથી કામ લઈ શકે છે જે ચોક અને ડસ્ટરથી કામ લઈ શકે છે એને આપણે વહીવટમાં નાંખી દેવામાં આવે આ તે કેવી વિસંગતતા? આવા પ્રકારનું શિક્ષણ આપણે ચલાવીએ છીએ. હું શિક્ષણની વાત કરતો હતો. આજે સમગ્ર ગુજરાતની અંદર ખાનગીકરણ થઈ ગયું એના કારણે અમારા આદિવાસી બાળકો જ્યારે ધોરણ ૧૦ પાસ કરે અને ૧૧ માં ધોરણમાં પ્રવેશ લેવાનો આવે ત્યારે ૩-૪ હજાર ડોનેશન ભરવું પડે, આ કેટલી નામોશીભરી વાત છે, એમાં રાજ્ય સરકારે વિચાર કરવો જોઈએ. સ્કોલરશીપ એન્ડની અંદર જૂન-જુલાઈમાં મળે એવું રાજ્ય સરકારે આયોજન કરવું જોઈએ. ખાનગીકરણના કારણે અમારા આદિવાસી બાળકો હવે પી.ટી.સી. કે બી.એડ કરી શકતા નથી. માંડ માંડ બી.એડ થાય તો પણ એમને ડોનેશન પ્રથાને કારણે નોકરી મળી શકતી નથી અને તેના કારણે અમારો આદિવાસી સમાજ આજે વ્યસન તરફ વળ્યો છે એના માટે રાજ્ય સરકારે વિચાર કરવો જોઈએ. આજે પણ પ્રાથમિક શાળામાં આપણે જોઈએ છીએ કે વર્ગ-૧નો શિક્ષક હોય એ વર્ગ-૨ અને વર્ગ-૩ આજની શાળામાં હવે ૩-૩ ધોરણો ભણાવે છે એના માટે રાજ્ય સરકારે વિચારણા કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વીજળીની કેટલીક વાતો સાંભળી. કૃષિની વાતો સાંભળી. હું આ બાબતે પણ જરા ચર્ચા કરવા માગું કે ગુજરાતના ખેડૂતને અત્યારે આપણે કેટલા કલાક વીજળી આપીએ છીએ? માંડ ૬ કલાક અને એમાં ૬ કલાકના કારણે જે મોટા ખેડૂત છે એ મોટા ખેડૂતે આત્મહત્યા કરી છે. હું એક દાખલો આપું. માંડવીના ખેડૂતની વાત કરું છું. ગોડસંભા ગામનો ખેડૂત હતો એને ૮૦ એકર શેરડી હતી. આ ૮૦ શેરડી હતી આ ૮૦ એકરમાં પૂરતી વીજળી ન મળી અને એને કારણે એને આઘાત લાગ્યો અને સ્થળ ઉપર મૃત્યું પામ્યો આ પ્રકારની આપણે જ્યારે ગુજરાતની મોટી મોટી વાતો કરીએ છીએ ત્યારે ખેડૂતો તરફ વિચારીએ, આદિવાસી સમાજ તરફ વિચારીએ અને ખરેખર શિક્ષણમાં પારદર્શિતા લાવીએ એવી વાત સાથે હું વિરમું છું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બારમી વિધાનસભામાં આ છેવાડાની પાટલી ઉપરથી એક નવા ધારાસભ્ય તરીકે આપે મને જે બોલવાની તક આપી એ બદલ આપનું અભિવાદન કરું છું. એક વાત જણાવવાની રજા લઉ છું, કે એમ તો આ છેલ્લી પાટલી ઉપર છીએ, એમ પણ દક્ષિણ ગુજરાતના છેવાડાના વિસ્તારમાંથી અમે આવીએ છીએ, જે વિસ્તારમાં પૂર્વપટ્ટીમાં ગિરીકંદરામાં જળુંબતી વનરાજી છે અને આ વિસ્તારમાં ભલાભોળા અમારા આદિવાસી મિત્રો વસે છે. પશ્ચિમ કાંઠામાં દરિયાના અરબી સમુદ્રના ઘુઘવાતા

શોર વચ્ચે અને મોજાના સાનિધ્યમાં સાહસિક એવી કોળી અને માછીમાર પ્રજા વસે છે એવા કાંઠા વિસ્તારમાંથી હું આવું છું. વર્ષો સુધી આ કાંઠા વિસ્તારની ખારી ધરતીમાં જન્મયા પછી ધરતીનો ખોળો અમે વર્ષો સુધી ખૂંદયો છે ત્યારે અમારા હૈયામાં ખારાશ નથી. આ માનનીય નાણા મંત્રીશ્રી જ્યારે આજે બારમી વિધાનસભામાં તેરમી વખત એમનું બજૅટ રજૂ કરી રહ્યા છે અગાઉ પણ અધિકારી ગેલેરીમાંથી ક્યાંક પ્રેક્ષક ગેલેરીમાંથી બેસીને એમને બજૅટ રજૂ કરતા જોયા છે ત્યારે આજે ગૃહના સભ્ય તરીકે એમને બજૅટ રજૂ કરતા જોયા છે ત્યારે માનનીય વજુભાઈએ પણ અભિનંદન આપું છું. મારે આજે માગણીઓ ઉપર વિશેષ નથી કહેવું, ખૂબ મિત્રોએ કહ્યું છે પણ કેટલીક ફેકટસ અને ફીગર્સ થકી મારું અનુમોદન અને મારી લાગણી વ્યક્ત કરવા માગું છું. આ ગૃહમાં મને આવવાનો આનંદ છે, કેમ કે અમને એક એવું નેતૃત્વ મળ્યું છે કે જેમની આંખોમાં સચ્ચાઈ છે જેમના દિમાગમાં આ ગુજરાતનો વિકાસ છે અને દિલમાં આ ગુજરાત માટે સંવેદનશીલતા છે, જેમના હાથોમાં અને જેમની બાહોમાં આ ગુજરાતના વિકાસ માટે કાંઈક કરવાની તમન્ના, તાકાત અને સામર્થ્ય છે અને પગમાં આ ગુજરાતની જનતાની સુખાકારી માટે લાંબું ચાલવાનું સામર્થ્ય છે એવા એક ભડવીર, જાબાંજ મુખ્ય મંત્રીનું અમને નેતૃત્વ મળ્યું છે. અને જ્યારે તેઓશ્રી ગૃહના નેતા તરીકે બિરાજ્યા છે ત્યારે એવા નેતૃત્વ નીચે અનેક આરોહ-અવરોહ અને પડકારો વચ્ચે, ચૂંટણી જીતીને આ ગૃહમાં બેસવાનો અમને આનંદ અને ગર્વ છે, ત્યારે આ માગણીઓના સમર્થનમાં હું ગૃહનો સમય બગાડવા માગતો નથી, આ કિંમતી સમય બગાડવા માગતો નથી પણ સંસદીય પ્રણાલીઓની બહાર જઈને પણ જરાક મારે કહેવા માફ કરજો હું ગૃહનો સમય નહીં બગાડું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ વિભાગની માગણીઓ છે એમ તો કહેવાયું છે કે, ખેડૂત જગતનો તાત છે અને આપણી માન્યતા પણ હિન્દુ સંસ્કૃતિમાં કે ઉત્તમ વ્યવસાય ખેતી છે પણ આજના સાંપ્રત સમસ્યામાં આપણી જે માગણીઓ છે જે જરૂરિયાત છે એને અનુસંધાનમાં આપણે એ પદ્ધિતમાં ચાલી શકીએ એમ નથી અને આપણે એનો અમલ કરવો જોઈએ. આપણે જોવું જોઈએ છીએ વર્ષો સુધી ખેડૂતોની પરિસ્થિતિ કેવી રહી છે ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે દીર્ઘદ્રષ્ટા છે તેમણે જોયું કે, આમ ખેતી કરવી પરવડે એમ નથી, પણ એનું સાચું કારણ શું ? એમને એક વિચાર સુઝયો, કૃષિ મહોત્સવનો, યથાયોગ્ય છે. આજે મારે મુખ્ય મંત્રીશ્રીની સાથે સાથે આપણા ભૂતપૂર્વ કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને પણ યાદ કરવા રહ્યા. કારણ કે, મેં કૃષિ મંત્રીશ્રીને અને કૃષિ મહોત્સવને મેં ખૂબ દિલથી માણયો છે અને જોયો છે અને અનુભવ્યો છે. કૃષિ મહોત્સવ થકી ભલે કોઈ એમ કહેતું હોય કે આ તો એક તમાશો છે પણ કૃષિ મહોત્સવમાં ખેડૂતોના આંગણા ઝાલીને આ યુનિવર્સિટીઓના તજજ્ઞોએ, આજે આપણા બજૅટમાં યુનિવર્સિટીઓ માટે જોગવાઈ છે ત્યારે કહેવા માગું છું કે, યુનિવર્સિટીના તજજ્ઞોએ જે સાચી માહિતી આપી છે, તમને કયું બિયારણ જોઈએ,તમને સોઈલ કાર્ડ ખોલાવવામાં આવશે, તમે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવીને તમે કેવી રીતે સક્ષમ બની શકો અને એના સ્ટોરેજ થકી, એના પૅકીંગ થકી અને સુંદર માર્કેટિંગ મળે એ જાતની વ્યવસ્થાની જ્યારે ખેડૂતોને માહિતી મળી ત્યારે ખેડૂતો ખરેખર આ કૃષિ મહોત્સવમાં આર્કષાઈને આજે કૃષિ ઉત્પાદનમાં ચાર ગણો વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જ વાત કરવાની, મારા સાથી મિત્ર ભાઈ વિજયભાઈએ કહ્યું છે ત્યારે આજે ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં પણ હળદર, આદુ, તમાકુ અને કાજુની ખેતી થાય છે, કપરાડા જેવા આદિવાસી વિસ્તારમાં પણ આજે કાજુની ખેતી થાય છે ફક્ત અમારા દક્ષિણ ગુજરાતની જ વાત નથી કરતો પણ ઉત્તર ગુજરાતમાં કેટલા મિત્રો સાથે મારે ઘૂમવાનું મળ્યું છે ત્યારે. ત્યારે ઉત્તર ગુજરાતના કેટલાક ગામો છે તે ગામમાં પીવાનું પાણી મળતું નહી. વરસાદ થતો નહિ અને ખેડૂતોને ૫૦ રૂપિયે મજૂરી કરવી પડતી. આજે માનનીય મુખ્યમંત્રીશ્રીના દ્રષ્ટિબિંદુથી ત્યાં પાણી આવ્યું અને ત્યાં જીરુ ખૂબ પાકે છે અને જે અભિશાપ હતો આપણા માટે એ આશીર્વાદરૂપ સાબિત થયો છે. મારે કહેવું છે કે કૃષિ વિષયક બજેટને આપણે માન્યતા આપવી જોઈએ તેમ હું માનું છું. બીજી વાત કરવી છે કે ખેતી સાથે સહકાર પણ ( સમયસૂચકઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલી જ વાર બોલું છું. મને ફકત બે મિનિટ આપવા વિનંતી છે.હું ટૂંકમાં જ પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : છતાં મારી પાસે સમયની મર્યાદા છે. આપના દંડકશ્રીએ સમય વધારવાની દરખાસ્ત નથી મૂકી.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : ત્યારે ખેતીની સાથે સહકાર પણ સંકળાયેલું છે. ખેતપેદાશો છે એનો નિકાલ કયાં કરવો.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, હજી અમારા પક્ષના ૨-૩ જણા બાકી છે.

**અધ્યક્ષશ્રી** : ૨-૩ નહીં બે જ બાકી છે.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, સામે પક્ષેથી પણ સભ્યો બોલવાના બાકી છે એટલે દંડકશ્રીની ઈચ્છા છે કે સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : કેટલો?

**શ્રી આર.સી. ફળદુ** : ૧૫ મિનિટ.

## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકનો સમય ૧૫ મિનિટ સુધી લંબાવવામાં આવે એવી દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે? ( થોડીવાર બાદ) સભાગૃહનો સમય ૧૫ મિનિટ સુધી લંબાવવામાં આવે છે. આ બાજુથી એક બોલશે અને આપને ત્યાંથી એક સભ્ય અને મંત્રીશ્રી.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ પ્રસ્તાવને સમર્થન આપું છું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે મહેસૂલ, કૃષિ, સહકાર, શિક્ષણ, પાણી પૂરવઠો, પરિવહન, બંદરો અને વાહન વ્યવહાર. માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ સમય નહીં લઉં. ફકત વાહનવ્યવહારનો મેં હવાલો સંભાળ્યો હતો તેથી તેની ઉપર જ મારાં સૂચન કરીશ. જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે. એમાં નવી બસો, એની નવી ચેસિસો વગેરે, હાઉસીંગ, બિલ્ડીંગ વગેરેની ખરીદી માટે એની પૂરક માગણીઓ લઈને આવ્યા છે. ગુજરાત રાજય શહેર કરતાં ગામડાંનું બનેલું છે. સામેના પક્ષો બોલે એનો મને વાંધો નથી કન્યા કેળવણી, કન્યા કેળવણીની જે વાત કરે છે પણ ગ્રામ્ય લેવલની અંદર હાઈસ્કૂલો નથી, સ્કૂલો પણ ઓછી છે. ગ્રામ્ય લેવલની દીકરીઓને ભણવા માટે શહેર લેવલે ભણવા જવું પડતું હોય છે. હું માનું છું ત્યાં સુધી રક્ષાબંધનને દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રીને એક સ્વપ્ન આવ્યું કે આવતીકાલે ગામડાંની બહેનોને શહેરમાં જવા માટે બસમાં મફત પાસ. રક્ષાબંધનના દિવસે, ચૂંટણીની નજીકના દિવસોમાં સ્વપ્ન આવ્યું હું તો નાણામંત્રીશ્રીને કહીશ કે આ જે બજેટમાં જે મૂકયું છે અને પૂરક મૂકયું છે એના કરતાં પણ વધારે રકમ વાહનવ્યવહારમાં મૂકે એવી મારી ભલામણ છે. ગામડાંના વિદ્યાર્થીઓને ભણવા માટે આવાના અને જવાના સમયે એક પણ બસ નથી એને કારણે બહેનો ભણવા જઈ શકતી નથી અને જાય તો રસ્તામાં છેડતી પણ થાય. બીજો પણ પ્રસંગ બને એને કારણે વાલીઓ પોતાની દીકરીઓને શહેરમાં ભણવા મોકલવા તૈયાર નથી. બહેનો છકડામાં જાય છે અને ઘણી વખત છકડા ઊંધા પડે છે એને કારણે પણ અકસ્માત થતા હોય છે ત્યારે નાણામંત્રીશ્રીને મારી વિનંતી છે કે વધારેમાં વધારે બજેટ આમાં મૂકે તો હું એમને ધન્યવાદ આપીશ. કન્યા કેળવણીની વાત કરે છે ત્યારે જો ખરેખર કન્યા કેળવણીને આપવા પ્રોત્સાહન આપવા માગતા હોઈએ તો ખરેખર જયારે ગ્રામ્ય લેવલે શિક્ષણની જયારે ભૂખ ઉઘડી ત્યારે સરકારે શિક્ષણના બારણા બંધ કરી દીધા. ગ્રામ્ય લેવલે નવી હાઈસ્કૂલો નહીં આપવાની. નવી હાઈસ્કૂલો ન આપે એને કારણે શહેરમાં જવું પડે અને શહેરમાં જવું પડે તો બસની સુવિધા નથી એને કારણે કન્યા કેળવણી બંધ થઈ ગઈ. એસ.ટી.ની વાત કરું તો મેં કહ્યું એ પ્રમાણે થોડો સમય હવાલો મેં સંભાળ્યો હતો. તે વખતે ઈન્ટરસીટી બસો પણ ચાલુ કરવામાં આવી હતી એક પણ ગામડું, એક પણ શહેર એવું નહીં હોય કે બાળકોને જવા માટે, ખેડૂતોને પોતાનો માલ વેચવા માટે, શહેરમાંથી માલ લાવવા માટે દિવસમાં બે થી ત્રણ વખત એને રુટ મળતા હતા. બસો નાઈટહોલ્ટ કરતી હતી અને સારી સર્વીસ આપી શકતા હતા. અત્યારે એસ.ટી. ચાલે છે પણ ખાલી કાગળ ઉપર ચાલે છે. " હાથ ઊંચોકરો અને એસ.ટી.માં બેસો" એવાં સૂત્રો લખે છે. બાળકોને ભણવા માટે, મફત કન્યા કેળવણી માટે બહેનોને મફત. શહેરની અંદરથી અથવા ગામની અંદરથી એક પણ એસ.ટી. જાય છે ખરી? સામાવાળા મિત્રોને મારે પૂછવું છે કે તમે તમારા બાળકને ભણાવો છો ત્યારે એને પૂરેપૂરો સમય જવા, આવવા માટે એક પણ બસનો રૂટ છે ખરો? એક પણ નથી. તમે ખરેખર શિક્ષણની અંદર તપાસ કરો તો દિવસે દિવસે કન્યા કેળવણીનું બાળક હાઈસ્કૂલમાં ભણવા જવાનું બંધ થતું જાય છે. તો મારી નમ્ર વિનંતી છે કે બસની અંદર વધારે બજેટ મૂકીને એકેએક ગામની અંદર વિદ્યાર્થીઓ ભણવા માટે શહેરમાં જાય તેવી વ્યવસ્થા કરો તેવી વિનંતી છે. નવી ચેસીસ ખરીદવાની વાત આવે, બસો વધારવાની વાત આવે. આપણું નરોડા વર્કશૉપ આટલું મોટું છે, છતાં પણ નવી ચેસીસ ઘણી વખત બહાર બીજા રાજ્યમાં બાંધવા માટે મોકલીએ છીએ. આવડું મોટું વર્કશૉપ હોવા છતાં શા માટે બહાર મોકલવામાં આવે છે? એની અંદર શંકાનું સ્થાન છે. વર્કશૉપ બહુ મોટામાં મોટું છે. મેં પણ વિઝિટ લીધેલ છે. તેની અંદર ઘણી બધી બસો બનાવી શકાય તેમ છે, છતાં બીજા રાજ્યમાં બોડી બનાવવામાં માટે મોકલવામાં આવે છે. સીધો ભ્રષ્ટાચાર છે. આવું ન થાય તે માટેનું મારું સૂચન છે. મને વાહનવ્યવહારમાં ખાનગીકરણ કરી નાખવા માટેનું હમણા જાણવા મળ્યું હતું. ખાનગીકરણ કરી નાખીએ તો એની અંદર ૬૦,૦૦૦-૭૦,૦૦૦ કર્મચારીઓ છે. જો નિગમ બંધ કરવામાં આવે, પ્રાઈવેટને સોંપી દેવામાં આવે તો મિલની દશા થઈ એના કરતાં પણ એસ.ટી.ના કર્મચારીઓની દશા બહુ ખરાબ થાય. મોટી ઉંમરના વ્યક્તિને નોકરી કોણ આપે. એમની રોજીરોટી, બાળકોના શિક્ષણનું શું? એટલે નાણા મંત્રીશ્રીને વિનંતી કરીશ કે કદી પણ બંધ કરવાનો વિચાર ન કરો એવું સૂચન છે. મિલના જે કર્મચારીઓની દશા થઈ એના કરતા પણ ખરાબ દશા થશે. સામાવાળા પારદર્શક વહીવટની વાતો કરે છે. પારદર્શક વહીવટની અંદર સારો વહીવટ કરે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે. એને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. હું જૂનાગઢ જિલ્લાના છેવાડાના તાલુકામાં આવું છું, ત્યારે છેક અહીથી ૪૨૫ કિ.મી.ના છેવાડાથી આવું છું. હું અહીંયા વણાયેલ વણાય નહિ એ માટે વધારે વાત કરવા માગતો નથી. હું મારા વિસ્તારની જળસંપત્તિ વિષે વાત કરવા માગું છું. મારા જૂનાગઢ જિલ્લાની અંદર દરિયાઈ પટ્ટીમાં મારો સોમનાથ મત વિસ્તાર જે પ્રવાસન ક્ષેત્ર કહેવાય છે. દરિયો ઘૂઘવાટા મારે છે. મારા મિત્ર વાત કરતા હતા કે અમે કર્યુ, તમે કર્યુ. મારે સ્પષ્ટ વાત કરવી છે કે નરી વાસ્તવિકતા સ્વીકારવી પડે.

જ્યારે જળસંપત્તિની અંદર, દરિયાઈ પટ્ટીની અંદર ૧૯૭૫ થી ભૂગર્ભના નીર ધીરે ધીરે ખારા પાણી હતા. એ પ્રવાહ કાયમી માટે ખેતી તરફ વળ્યો. ખેતી નષ્ટ થઈ ગઈ, ખેતી બંજર બની ગઈ. ખેતીલાયક ખેડૂત રહ્યો નથી, ત્યારે ધીરે ધીરે ખેડૂત પોતાની આજીવિકા માટે ક્યાંકને કયાંક રખડવા માંડ્યો. એ વાત કરવાની છે કે ૧૯૭૦-૧૯૭૫ થી આ પાણીની શરૂઆત થઈ ત્યારે કયાં ગયા હતા. અમારી સરકાર હતી ત્યારે એ પૂછવું છે કે એ કહેવું છે કે મિત્રો તમે ૧૯૯૦ પછી જૂનાગઢ જિલ્લાની અંદર આજે પણ તમે બાય કાર જાવ અથવા કોઈપણ બસમાં નીકળો તો જૂનાગઢની બાજુમાં ઓજત નદી આવેલ છે. તેમાં કાયમી ધૂળ ઊડતી હોય છે. આજની તારીખમાં નદી પાણીથી ભરપૂર છે અને આનંદમય, રમણીય સ્થળ લાગે તેવું લાગે છે. આ ક્યાંથી આવ્યું? હું તો દરિયા વિસ્તારની વાત કરીશ. મારા મિત્ર ભગવાનજીભાઈ અહીયા બેઠા છે, ત્યારે માંગરોળથી માંડી સોમનાથ સુધીની કેનાલ ૧૯૯૫ થી અત્યાર સુધીમાં હયાત કેનાલ બની છે, અનેક બંધારા બન્યા છે. પરમ દિવસે મારા મિત્ર તલાલાના ધારાસભ્ય વાત કરતા હતા કે અમારે ત્યાં સોમનાથની અંદર પ્રતિબંધ માછીમારોની વાત ચાલતી હતી ત્યારે

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે અમારી સરકારે જળસંચય માટે ૧૫ કરોડના ખર્ચે બંધારો આપ્યો છે તેના ટેન્ડર પણ પાસ થઈ ગયાં છે. ૧૫ કરોડનો ખર્ચ અને તે કામ હવે શરૂ થવાનું છે. આ સરકારે કામગીરી કરી છે. મારા ગામની બાજુમાં આદરી ગામની અંદર દોઢ કરોડના ખર્ચે બંધારો બાંધ્યો છે. મેઘલ ડેમમાં પાણી ફરતે ફરે છે ત્યારે સમગ્ર વિસ્તારની અંદર લીલીછમ હરિયાળી છવાઈ છે અને સમગ્ર વિસ્તાર હરિયાળો બન્યો છે.

**અધ્યક્ષશ્રી** : રાજશીભાઈ તમે મને સંબોધીને કહો.

**શ્રી રાજસીભાઈ જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મિત્રોને ૨૯ તારીખની વાત કહું કે માનનીય જગદીશભાઈ ઠાકોર ખેડૂતોની ચિંતા કરતા હતા. ત્યારે મારે વાત કરવી છે ૨૭મી માર્ચ ૧૯૮૨નો દિવસ યાદ કરો. ત્યારે ખેડૂતની હાલત શી કરી હતી? . જુનાગઢ જિલ્લાની અંદર તલાલા સુગર ફેકટરી આવેલી છે. તલાલા સુગર ફેકટરીની અંદર ખેડૂત શેરડીના પોષણક્ષમ ભાવ મળે તેના માટે લડાઈ કરી રહ્યા હતા. આ લડાઈ ચાલી રહી હતી ત્યારે ડી.વાય.એસ.પી., પી.એસ.આઈ.એ ચાર-ચાર ખેડૂતોને ફાયરીંગથી મૃત્યુ જે તે સરકારે કરાવ્યા છે. ૧૯૮૨ની સરકારે ઓન રેકર્ડ છે. તે કહેવું છે કે તે પી.એસ.આઈ.ને પ્રમોશન આપીને સારી જગ્યાએ ગોઠવવામાં આવ્યા હતા. તુરત જ પ્રમોશન આપીને ગોઠવવામાં આવ્યા હતા. એથી વિશેષ એ વાત કરવી છે. એક મિનિટમાં પૂરું કરીશ. તે આગેવાનો કેવા હતા તો તેમાંથી એક આગેવાન ગુજરાત રાજયના કિસાન આગેવાન હતા, બીજા જુનાગઢ જિલ્લાના આગેવાન હતા અને બીજા બે આગેવાનો તાલુકા કક્ષાના આગેવાન હતા. ચાર-ચાર ખેડૂતોને મોતને ઘાટ ઉતાર્યા હતા. મોતને ઘાટ ઉતારી ભાવને બદલે ખેડૂતોની ચિંતા સરકારે કરી ન હતી. . ખેડૂતોની ચિંતા કરી નહીં. જયારે જગદીશભાઈ એમ કહેતા હતા કે ચુન ચુન કે મારુંગા, ચુન ચુન કે મારુંગા ચુન ચુન કે તો ૧૯૮૨માં તમે માર્યા હતા. અમે નથી માર્યા. આ વાત બરાબર સમજવા જેવી છે. ત્યારે આ જે માગણીઓ આછી છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષની પૂરક માગણીઓના અનુસંધાને માનનીય ૧૭ જેટલા ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. તેમાં બે રીતે વાત છે. એક તો સૂચનના સ્વરૂપમાં અને બીજું જે માગણીઓ છે તેના માટે ધ્યાન દોર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં સાથી પક્ષના નેતા માનનીય શકિતસિંહજીએ વાત કરી અને તેમણે કહ્યું કે જે એસ.ટી. એટલે કે એસ.ટી. કોર્પોરેશનના વહીવટ માટેની વાત કરી. તેમણે કહ્યું કે કોંગ્રેસના વખતની અંદર આટલી બસો હતી. દર વર્ષે તેમાં દસ દસ ટકાનો વધારો થવો જોઈએ. અત્યારે તેના કરતાં અત્યારે ઓછી બસો છે. તો મારે માનનીય શકિતસિંહજીને એટલું જ કહેવાનું કે તમારી પાસે કેટલી બસો કેટલી છે તે મહત્ત્વનું નથી પણ કેવી બસો છે તે મહત્ત્વનું છે. જે બસનો એક પગ રોડ ઉપર હોય અને બીજો ડેપોના સ્મશાનમાં હોય તેવી બસને શું કરવી છે? ગણતરી કરીને રાખવાની તેવી બસોને? અત્યારે બસની અંદર તમે જુઓ અને એસ.ટી.નો રેકર્ડ જુઓ કે બાર-બાર લાખ, ચૌદ લાખ કિલોમીટર ચાલેલી બસો રેકર્ડ ઉપર છે. આપ સૌ બધા મુસાફરી કરો છો. ભૂતકાળમાં રોડ ઉપર મુસાફરી કરતા હતા. ભૂતકાળમાં જુઓ એસ.ટી. બસ રસ્તામાં ખોટકાઈ પડી હોય અને પેસેન્જર ઉભા હોય ત્યારે તેને બીજી બસ લેવા આવે અને તેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા હતા. આજે તમને કોઈને કયાંય રોડ ઉપર બંધ થયેલી બસ જોવા મળશે નહીં. એટલા માટે છેલ્લા ત્રણ વર્ષની અંદર ૩૭૦૦ નવી બસો લીધી છે. ૩૭૦૦ નવી નકોર બસો લીધી છે. એટલા માટે કહું છું કે જે જૂની બસો ચાલતી હતી એના કરતાં એક બસની પરહેડ એવરેજ છે એ આજે પણ એના કરતાં ૧૧ ટકા વધારે ચાલે છે, પહેલાં ભૂતકાળમાં રૂટ ઉપર બસ નીકળી હોય એ એક દિવસની અંદર ૩૬૦ કિલોમીટર ચાલતી હતી, આજે એ ૪૦૦ કિલોમીટર ચાલે છે. (અંતરાય) કાંઈ વાંધો નહીં, માનનીય અધ્યક્ષશ્રી, હું એ સ્પષ્ટ વાત કરવા માગું છું, હજી પણ તમામ સભ્યશ્રીઓને કહું છું કે, તમામ સભ્યશ્રીઓના કર્તવ્ય અને ફરજ છે કે કોઈપણ ખાતાની કોઈ નબળાઇ હોય તો એ નબળાઇ કહે તો એ નબળાઇ દૂર થાય તે કહું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (શ્રી ખુમાનસિંહભાઈ બેઠાં બેઠાં બોલતાં) માનનીય ખુમાનસિંહ, આપ આવ્યા એની હાજરી બતાવો છો ? (અંતરાય) તમારા આવતાં પહેલાં માનનીય ફતેસિંહભાઈને કહ્યું કે એક સભ્યશ્રી બોલતા હોય ત્યારે

દખલગીરી ન કરવી જોઈએ, શ્રી ખુમાનસિંહ, આપ ચર્ચામાં ભાગ લઈ શક્યા હોત, આ ગૃહમાં આ ચર્ચા શરૂ થઈ ત્યારથી આપ હતા નહીં, આપ અત્યારે આવ્યા છો, એટલે અત્યારે ડખલ કરવાનો તમારી વિશેષાધિકાર છે એવું માનતા નહીં (અંતરાય) બંધ કરાવ્યું છે, મેં માનનીય ફતેસિંહભાઈને તરત જ આપની હાજરીમાં કહ્યું કે, વચ્ચે ડખલ ન કરો, આપશ્રીએ જ્યારે કહ્યું એના પહેલાં જ કહ્યું છે, આપે કોઈએ ધ્યાન દોર્યુ ન હતું. મેં માનનીય ફતેસિંહભાઈને તે જ વખતે રોક્યા હતા, મારે એ જ કહેવું છે કે, આ ગૃહમાં આ બાજુથી બોલતા હોય કે તે બાજુથી બોલતા હોય વચ્ચે ડખલ કરવાનો કોઈને અધિકાર નથી, આપે જો કોઈપણ વાત કરવી હોય તો આપના દંડકશ્રી મારફતે સભાગૃહની ચર્ચામાં ભાગ લેવાનો આપનો અધિકાર છે. આપના દંડકશ્રી સમય આપને ફાળવશે તો હું ફાળવીશ, બંને પક્ષને હું કહું છું. માનનીય શ્રી વજુભાઈ...

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે નવી બસોની વાત કરતો હતો, ત્રણ વર્ષની અંદર, એક વર્ષની અંદર એક હજાર, પંદરસો લેવાય, આ પ્રમાણે એસ ટી કોરપોરેશનને ૫૧૦ કરોડના ખર્ચે ૩૭૦૦ નવી બસો ખરીદી અને હું ગૌરવપૂર્વક કહું છું અને માનનીય સભાગૃહ પણ ગર્વ લે કે જે જગ્યાએ રોડ ટ્રાન્સપૉર્ટ કોરપોરેશન ચાલે છે એમાં કોઈપણ રોડ ટ્રાન્સપૉર્ટની પરબસ એવરેજ છે એના કરતાં આપણી જે ૪૦૦ કિલોમીટર એ સમસ્ત હિંદુસ્તાનની અંદર નંબર વન ગુજરાતમાં છે. જે ડ્રાઈવર અને કન્ડક્ટર જે ક્રુ હતા, એને ક્રુ કહે બે જોડી હોય એને, એ બે ક્રુ ૧૯૯૪-૯૫માં એના રૂટમાં હતા એ ૧૮૫ કિલોમીટર ચાલતા હતા આજે એ સારા રોડ થવાને કારણે, બસોની સારી વ્યવસ્થા થવાને કારણે એ ૨૩૭ કિલોમીટર ચાલે છે, એક જ જગ્યાએ, ટૂંકમાં, જે કર્મચારીઓ જોઈતા હતા એ કર્મચારીઓ ઓછા જોઈએ એના કારણે, ડ્રાઈવર અને કન્ડક્ટર થઈને, ૧૮૫ કિલોમીટર ચાલતા હતા એના બદલે ૨૩૭ કિલોમીટર એ ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ વાત કરી કે ભંગાર કંપની છે એને તમે ટાયરો અને એના ઑર્ડર આપ્યા છે પણ માનનીય અધ્યક્ષશ્રી, જે આઈ એસ આઈ માર્કાના કે એના જે નોમ્સ હોય એ મુજબના ટેન્ડર મંગાવીને, એ ટેન્ડર મંગાવ્યા પછી જે લોએસ્ટ હોય એને કમ્પલસરી આપવું પડે, આપણે કોઈ વ્યકિત સાથે કોન્ટ્રાકટ નથી કર્યો, અને કોઈને રિજેકટ પણ ન કરી શકીએ. જે કંપનીઓએ ભૂતકાળમાં ટાયર સપ્લાય કર્યા હોય એટલે એ નવા ટેન્ડર બહાર પડે એટલે સ્વાભાવિક રીતે જ એ આવે પણ છતાં પણ એ જે મિસિંગન ટાયર કંપની છે આપણે જે નાયલૉન ટાયર ૩0000 માટે અને રેડિયલ ટાયર ૧0000 એટલે ૪0000, એના જે હુકમો થયેલા છે એ રીતે આપણે ટેન્ડરમાંથી, અને નવી કંપની હોવાથી ફક્ત એને લોએસ્ટ ટેન્ડર હોવા છતાં ફક્ત ૩000નો જે આપણે એને ઑર્ડર આપ્યો હતો, અનુભવ માટે, અને એ ૩000માં પણ , એને જે સપ્લાય કર્યા છે એમાં ૧૨0 જેટલા ટાયર સપ્લાય કર્યા છે, અને અઢારેક ટાયર ડીફેકટીવની રીતે એ છે, નવો ઑર્ડર કદાચ એ લઈ શકશે કે નહીં, એના માટે ફરીથી જે રેકગ્નાઈઝ કંપનીઓ છે એની પાસે જે સૅકન્ડ લોએસ્ટ હોય એને ફર્સ્ટ લોએસ્ટના ભાવે આપણે આપવાની વાત આવશે એટલે કોઈ એ સવાલ નથી.

આપે બીજી જે વાત કરી એ પાર્સલ કુરિયરની વાત કરી, પાર્સલ કુરિયર છે એ ભૂતકાળમાં આપતા હતા એમને આંકડા આપીશ, પણ એ રીતના પહેલાં જ્યારે એસ ટી તરફથી આ વ્યવસ્થા કરવામાં આવતી હતી. ત્યારે એની ગ્રોસ ઈન્કમ હતી ૨.૩૪ કરોડ અને એમાંથી ખર્ચ બાદ કરી ૧.૫૦ કરોડ એટલે કે દોઢ કરોડ રૂપિયા જ આપણી પાછળ વધતા હતા એને બદલે આ કંપનીને જે કોન્ટ્રેકટ આપ્યો એનું જે ટેન્ડર જે આપણને મળ્યું એ ૨.૮૧ કરોડનું મળ્યું અને આ ૨.૮૧ કરોડમાં જે કંપનીને ટેન્ડર આપ્યું છે એજ કંપની મહારાષ્ટ્ર, રાજસ્થાન વગેરેનું પણ કામ કરે છે. મહારાષ્ટ્ર કરતા ૩૦ ટકા ટેન્ડર ઊંચું છે. મહારાષ્ટ્રને જે ભાવ આપે છે એના કરતાં ૩૦ ટકા વધુ રકમ આ કંપની આપણને આપે છે. મને લાગે છે કે આ ગૃહમાં માનનીય શકિતસિંહજીએ જે વાત કરી ત્યારે એનો રિપૉર્ટ કરીને મહારાષ્ટ્રની વિધાનસભામાં મોકલાવી દેવો જોઈએ કે અહીં તમે આ વધુ ભાવ આપો છો. આમાં કોઈ વધુ ભાવ આપવા માટેની વાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, આમાં મેં પણ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવીને કહ્યું હતું કે, આ બોર્ડની અંદરની બાકીની માહિતી છે એમાં વિશેષ એમણે જે વાત કરી છે એમાંનો એકેય પૉઈન્ટ નથી રહી જતો પણ જે સી.એન.જી.ગેસ માટેની એમણે જે વાત કરી છે એ પણ હજુ તપાસનો વિષય છે.

સી.એન.જી. ગેસ અદાણી કંપનીએ જે રીતે આપ્યો છે એમાં માણસને ગેસની પોતાની પાઈપ લાઈનોને એ બધું નાંખવા માટેની વાત હતી એનું કોસ્ટીંગ ગણતરી કરી અને એને કેટલો ભાવ વધારે આપ્યો અને એનું વાજબીપણું છે કે નહીં? એસ.ટી.ની આખી વાત આવે પછી જ આપણે આની અંદર સ્પષ્ટતાથી આખી વાત કરી શકીએ. આ સિવાય જે જે માનનીય સભ્યશ્રીઓએ સૂચનો આપ્યા છે કોઈ સ્કૂલ માટેનું છે, કોઈ પાણીની વ્યવસ્થા માટેનું છે, કોઈ ખેતી માટેનું છે. માનનીય કુંવરજીભાઈ બાવળિયાએ જે વાત કરી કે વીમા નિગમના પૈસા હજુ મળ્યા નથી તો મારે એટલું કહેવું છે કે, ઈન્સ્યુરન્સ કંપનીને જે પૈસાની રકમ એણે પ્રીમિયમના પૈસા આપ્યા હોય એમાંથી બાદ કરતાં ૫૧૨ કરોડ રૂપિયા હતા એ ૫૧૨ કરોડ રૂપિયામાંથી ૨૬૨ કરોડ આપણા ભાગે આવે બાકીના કેન્દ્રના ભાગે આવે. આપણે ભાગે આવતી તમામ રકમ છે એ આપણે વીમા કંપનીને આપી દીધી છે એની અંદરથી લગભગ ૪૮૫ કરોડ રૂપિયા જેટલા ચૂકવાય ગયા છે હવે જે પૈસા બાકી આવવાના છે એ કેન્દ્ર સરકારના છે. આપે બહુ વખાણ કર્યા કે ૬૦ હજાર કરોડ રૂપિયાની કિસાનોને રાહત આપી, આટલી બધી રાહતો આપી છે તો બાકીના જે પૈસા કેન્દ્ર પાસેથી તમે લાવી આપો જેથી અહીંના લોકોને એ પૈસા મળે (અંતરાય) પૈસા ત્યાંના બાકી છે. (અંતરાય)

**શ્રી શકિતસિંહજી ગોહીલ :** (અંતરાય) કેન્દ્રના બજેટની અહીંયા વાત ન કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી :** એમણે કેન્દ્રના બજેટની વાત કરી છે એટલે જવાબ આપે છે માનનીય મંત્રીશ્રી, એમને જવાબ આપવાનો અધિકાર છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજી, એમણે જે વાત કરી છે...(અંતરાય) (શ્રી શકિતસિંહ ગોહિલ બેઠાં બેઠાં બોલતાં)

**અધ્યક્ષશ્રી :** માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, •(xxxxx) એ શબ્દ વાપરો એ યોગ્ય નથી, (xxxxx)એ શબ્દ બેઠા બેઠા વાપરો એ યોગ્ય નથી અને હું એ શબ્દો કાઢી નાખું છું. મેં તટસ્થતા જાળવવાના પૂરતા પ્રયત્નો કર્યા છે અને કરતો રહીશ. એમણે ૬૦ હજાર કરોડની વાત કહી છે આ પાટલીથી તો આ બાજુથી માનનીય મંત્રીશ્રી જવાબ આપે એમાં કશું ખોટું નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વીમા યોજનાના પૈસા જલદી મળે એના માટે કોઈ સવાલ નથી હજુ માર્ચ એન્ડીંગ સુધીમાં દર વર્ષ કેન્દ્ર સરકારના પૈસા મળી જાય છે. આ તો બાકી રહેવાનું કારણ કહું છું કે કેમ બાકી રહ્યાં? રાજય સરકારનો પોતાનો ફાળો છે એ ચૂકવી આપેલો છે. એક જનરલ એવી રીતે થઈ કે અત્યારે પૂરક માગણીઓ લઈને આવવું એ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ કહ્યું કે માનનીય સુરેશભાઈએ એક વખત હાઉની અંદર આ જ પ્રમાણે વાત કરી હતી કે જે પૂરક માગણી લઈને આવતી સરકાર એ ધંગધડા વગરની સરકાર છે એવી વાત કરતા હતા ત્યારે માનનીય શકિતસિંહજીને કહેવાનું કે આપ જે દિવસે મંત્રી હતા અને આ કોંગ્રેસની સરકાર હતી ત્યારે કોઈ પૂરક માગણીઓ નહોતી આવતી. આજે અમે પૂરક માગણીઓ લઈને આવીએ છીએ એટલે ધંગધડા વગરની સરકાર..(અંતરાય) સુરેશભાઈના નામથી અમને કહેવામાં આવે છે. કે સુરેશભાઈએ આમ કહ્યું હતું. આપ બીજા નામે જો અમને કોટ કરતા હો (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય વજુભાઈ, તમે મને સંબોધીને કહો.

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહજીએ આમ કહેલું કે, વીથ રિસ્પેકટ હું વાત કરું છું.

**અધ્યક્ષશ્રી:** માનનીય વજુભાઈ, એમને વાયા સ્પીકર વાત સાંભળવી છે. તમે ડાયરેક્ટ ઘા ના મારો.

**શ્રી વજુભાઈ વાળા**: સાહેબ, એમાં એવું છે કે, અમુક વ્યકિતને જોવાથી પ્રેરણા મળે છે બોલવાની, એટલા માટે બોલું છું. ચોક્કસ એટલું કહી શકું છું આટલા વખતની અંદર અનુભવ છે કે ડિસિપ્લીનની અંદર અને પાર્લામેન્ટની બાબતની અંદર, ભલે વખાણ કરવા માટે નથી કહેતો પણ એ શિરસ્તો તમે જાળવી રાખ્યો છે. હવે પછી પરિસ્થિતિ અને વાતાવરણમાં બદલ ન આવે એટલું અમે ઇચ્છીએ છીએ.

આજે જે હું પુરવણી બજૅટ લઈને આવ્યો છું. એના માટે થઈને મેં રાજય સરકારની અંદર ૨૦૦૭-૦૮ની જે આવક મેં ધારી હતી કે ૩૨૯૬૪ કરોડ રૂપિયાની મને આવક થશે પણ એ આવક કરતાં પણ રાજય સરકારની આવક વધી ગઈ. મને ૨૦૧૫ કરોડ રૂપિયાની મહેસૂલી આવક વધી અને ભૂતકાળની અંદર આ મહેસૂલી આવક કરતાં મહેસૂલી ખર્ચ ઓછું છે અને મહેસૂલી ખર્ચ ઓછુ હોવાના કારણે મહેસૂલી પુરાંત રહે છે અને મહેસૂલી પુરાંત એ મારે ક્યાંકને ક્યાંક વિકાસના કામની અંદર આપવી જોઈએ. ભૂતકાળની અંદર અમે આ હાઉસની અંદર અમારા પ્લાન સાઇઝ અંગે કહ્યું હતું કે, ૧૫૫૦૪ કરોડ રૂપિયાનો અમારો પ્લાન સાઇઝ છે, અમે પ્લાનિંગ કમિશન પાસે ગયા ત્યારે કહ્યું કે, આના બદલે તમે ૧૬,૦૦૦ કરોડ રૂપિયાનો તમે મંજૂર કરી દો, પ્લાનિંગ કમિશને ૧૬,૦૦૦ કરોડ રૂપિયાનો પ્લાન સાઇઝ મંજૂર કર્યો, પણ એ પછી પણ ઉત્તરોત્તર આવક વધતી જાય છે, એટલે અમારે પ્લાનિંગ કમિશનની અંદર પણ ભવિષ્યમાં જ્યારે થશે ત્યારે ભવિષ્યમાં જઈશું પણ આજે જે પ્લાન છે એ અંદાજે હું એટલું કહી શકું કે, હજી ૧૬,૫૦૦/- કરોડ રૂપિયાનો આ પ્લાન સાઇઝ થવાની પૂરેપૂરી શક્યતા છે. આ ૧,૦૦૦ કરોડ રૂપિયા વધ્યા એ મહેસૂલી આવક છે, એના કારણે અને એ બધા પૈસા અમે આપ્યા છે એ વિકાસના કામ માટે પુરવણી બજૅટની અંદર આપ્યા છે. આવક જે વધી છે એના ડિસ્ટ્રિબ્યુશનની અંદર, કર્મચારીઓ સાથેના

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સેટલમેન્ટની જે વાત હતી એ મોંઘવારી ભથ્થાંના મૂળ ૫૦ ટકા ઉમેરી દેવું, પણ ભથ્થાની અંદર એમ કહેતા હતા કે ઘરભાડું અને સ્થાનિક ભથ્થું જે અમને મળે છે એ ભથ્થું પણ તમે આની અંદર ઉમેરી દો, એના માટે થઈને લાંબી વાટાઘાટો ચાલી અને વાટાઘાટોના અંતે નક્કી થયું કે ઘરભાડું જે મળે છે એ પણ મોંઘવારી ભથ્થાની અંદર ઉમેરી દેવાનું, એ ઉમેરવાથી રાજયના સરકારના કર્મચારીઓને રાજય સરકારે જે રકમ આપવી પડી છે, એ ૫૨૫ કરોડ રૂપિયા અંદાજે એ આપવાની વાત છે અને કૉર્પોરેશનની અંદર જે જકાત નાબૂદ થઈ એના બદલે, વિકલ્પ તરીકે જે પૈસા આપવાની વાત હતી એ ૬૭૫ કરોડ રૂપિયા જેટલી રકમ આપવા માટેની વાત છે એ જ રીતે નગરપાલિકાઓ છે, એ નગરપાલિકાઓ વધુ સારી રીતે ચાલે એના માટે થઈને જે ૭ ટકાનો દર કર્યો હતો એ ૭ ટકાના બદલે ૧૦ ટકાનો વૃદ્ધિ દર દરેક નગરપાલિકાને આપવો અને એ વૃદ્ધિ દર પ્રમાણે ૪૫ કરોડ રૂપિયા તો એ નગરપાલિકાના વધુ વિકાસ માટે થઈને આપવા માટેની વાત છે, એ જ રીતે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ એ જિલ્લાઓની અંદર જે પાણી પુરવઠાની યોજનાઓ હતી એ પાણી પુરવઠા યોજનાઓ તાત્કાલિક થાય વહેલામાં વહેલી તકે થાય, એના માટે થઈને ૬૦ કરોડ રૂપિયાનો.. એ વધારો પણ, વિકાસના કામ માટે થઈને આપેલ છે, જે સાગરખેડૂ ભાઈઓ છે, જે માછીમાર ભાઈઓ છે એને ડિઝલની અંદર સેલ્સટેકસની અંદર વળતર આપવા માટેની જે વાત છે ૮૦ કરોડ રૂપિયાની, એમાં પણ જોગવાઈ કરી છે આપણે જે યોજનાની આતુરતાથી રાહ જોઈને બેઠા છીએ કે યોજના જલદી પૂરી થાય એવી સરદાર સરોવર યોજના માટે થઈને પણ આપણને રાજયની અંદર જે વધારાની આવક થઈ એમાંથી એના માટે ૨૦૦ કરોડ રૂપિયાનું એલોટમેન્ટ એ સરદાર સરોવર યોજના માટે થઈને પણ આપણે આપ્યું છે આ સિવાય પેન્શનની અંદર પેન્શનરોને જે વધારો આપ્યો અને કુટુંબ પેન્શનની અંદર પણ જે વધારો આપ્યો આ બધા જે વિકાસલક્ષી કામો છે એ રીતે આ જે મારી પૂરક માગણીઓ છે એની અંદર હું એટલું કહીશ કે પ્લાન સાઇઝની અંદર આની અંદર વધારે પૈસા છે અને જે નોન પ્લાન છે એની અંદર આ રકમ ઓછી છે કુલ મારી આ રીતે ૨૮૫૬.૦૯ કરોડ રૂપિયાની આ જે પૂરક માગણીઓ લઈને આવ્યો છું અને માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે આપે મૂકેલી કાપ દરખાસ્તો છે તે કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને મારી પૂરક માગણીઓ મંજૂર કરશો એવી સૌને વિનંતી.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૩, ૪, ૫, ૮, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૫ અને ૨૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**
**પૂરક માગણી ક્રમાંક: ૨, ૫, ૯, ૨૩, ૩૯, ૬૭, ૭૪ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ગિલોટિન થયેલી માગણીઓ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૭-૨૦૦૮ના પૂરક પત્રમાં કુલ ૮૮ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી કુલ ૧૫ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઈ છે. આથી બાકીની ૭૩ માગણીઓ પૈકી ૬ માગણીઓ બિન મત પાત્ર હોવાથી તે સિવાયની ૬૭ માગણીઓ હું ગિલોટિનથી મતદાન માટે રજૂ કરું છું. જેના માગણી ક્રમાંક આ મુજબ છે.
**૧, ૩, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૫, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૭, ૮૦, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૮૯, ૯૧, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૪, ૧૦૫, ૧૦૬ રજૂ કરું છું.**
**માગણી ક્રમાંક: ૧, ૩, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૫, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૭, ૮૦, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૮૯, ૯૧, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૯૮, ૧૦૦, ૧૦૪, ૧૦૫ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હવે હું રાજય વિધાન મંડળને લગતી પૂરક માગણી ક્રમાંક: ૩૬ મત માટે રજૂ કરું છું.
**માગણી ક્રમાંક: ૩૬ વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૩૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૪થી માર્ચ,૨૦૦૮ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૪થી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૧૪, ૧૯૨૯ શાકે**
**(પહેલી બેઠક)**
**સભાગૃહ સવારે ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### અંદાજપત્રની સામાન્ય ચર્ચા અંગે

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવે છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઈપણ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષયો અગર સેવાની અગત્ય અનુસાર ખર્ચની ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કર નાખવાની વિધિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકે. પરંતુ ખાતાની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનની માગણીઓ ઉપર ચર્ચા કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબતનો ખ્યાલ રાખશે તો પુનરોક્તિ થશે નહીં અને ચર્ચાઓ ઉપયોગી નીવડશે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ બજૅટ રજૂ કર્યું છે. માનનીય વજુભાઈ તો અમારા છે. એમણે રૅકૉર્ડ તોડ્યો. હું માનનીય વજુભાઈને અભિનંદન આપું છું. માનનીય વજુભાઈની શારીરિક ક્ષમતા એ તો યુવાનને પણ શરમાવે એવી છે. એમણે બેઠા બેઠા પ્રવચન રજૂ કર્યું એનો મને વાંધો નથી. •(xxxxx)

**અધ્યક્ષશ્રી :** તે દિવસે એમનું બી.પી. હાઈ હતું એની મને ખબર હતી એટલે મેં પરવાનગી આપી હતી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું એમની શારીરિક ક્ષમતાને બિરદાવું છું. હું તો ઈશ્વરને પ્રાર્થના કરું કે ટકી રહે અને વજુભાઈની સદી ઉજવીએ આ ગૃહમાં. પરંતુ કેવી રીતે રજૂ થયું એની સાથે વાંધો ન હોઈ શકે. પણ શું રજૂ કર્યું એની સામેની મારી વાત છે. વેલ્યુએડેડ ટેક્સમાં વધારો કરીને નાણામંત્રીશ્રીએ કરબોજથી આ રાજ્યની જનતાને જમીન પર બેસાડી દેવાનો પ્રયત્ન કર્યો છે એની સામે મારો વાંધો છે. ૮૮૦ કરોડ રૂપિયાના અંદાજો મૂકવામાં આવ્યા છે. આ ૮૮૦ કરોડના કરવેરા નથી. આપ આંકડાઓ લખીને રાખજો અને વર્ષના અંતે હું કહીશ. જેમ મેં આજથી ત્રણ વર્ષ પહેલા કહ્યું હતું એક પક્ષના પ્રવક્તા તરીકે કે આ માયાવી બજૅટ છે. પુરાંત બતાવી છે એ નહિ હોય પણ ખાદ્ય હશે. આજે જ્યારે સાચા હિસાબો એ વર્ષના રજૂ થયા ત્યારે જે વર્ષની પુરાંત બતાવી હતી તે ખાદ્ય આવીને ઊભી રહી. વેલ્યુએડેડ ટેક્સમાં જે ચાર ટકા હતા એમાં આપે એક ટકાનો વધારો કર્યો. ચાર પૈસા ઉપર એક પૈસાનો વધારો કર્યો. એટલે લાગે શું? શબ્દોની દ્રષ્ટિએ નહિ દેખાય પણ એની ઈમ્પેક્ટ જોવી પડે. ઈમ્પેક્ટ જોઈએ તો આપે ૨૫ ટકાનો વધારો કર્યો છે. જ્યાં ૧૨.૫ ટકા હતા ત્યાં ૨.૫ ટકા નાખ્યા. હું બીજા રાજ્યોના નાણાકીય વેલ્યુએડેડ ટેક્સ બાબતના ધોરણો જોઈ ગયો. વેલ્યુએડેડ ટેક્સ મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, આપ ચકાસશો તો જણાશે કે એમણે વેલ્યુએડેડ ટેક્સને ક્યાંય ટચ નથી કર્યો. જે ધોરણ ત્યાંથી મિનીમમ પ્રિસ્ક્રાઈબ્ડ થયું ૪ ટકા અને ૧૨.૫ ટકા એને વધાર્યા નથી. શા માટે વધાર્યા નથી? કારણ કે આપણે જે સેલ્સ ટેક્સથી ગુજરાતની પ્રજા પાસેથી કર લેતા હતા એ પછી વેલ્યુએડેડ ટેક્સથી કર લઈએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એ કરની આવકમાં ઘટાડો નથી થયો, કરની આવકમાં વધારો થશે. આપનો આંકડો કહે છે, રાજ્ય સરકારનો આંકડો કહે છે, મારો આંકડો નથી. કોઈ પણ રાજ્ય આ વસ્તુ નથી કરતું. પોતાની જનતા ઉપર વધારો નથી ઝીકતું ત્યારે આપણે કઈ એવી આવશ્યકતા ઊભી થઈ? કઈ એવી જરૂરિયાત ઊભી થઈ? કે આપણે ચૂંટણી પૂરી થઈને તુરતજ આટલો મોટો કર. આમાં "જીતેગા ગુજરાત" નહિ હોય આ જનતાની અપેક્ષાઓની હાર થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ બજૅટ રજૂ કર્યુ ત્યારે કેન્દ્ર સરકારનું બજૅટ રજૂ નહોતું થયું એટલે હું પણ સમજી શકું, હું એમની જગ્યાએ હોય તો મારે ધારણાં ઉપર જ ચાલવાનું હોય મને કેન્દ્રના કરવેરામાંથી મારા રાજ્યને કેટલો હિસ્સો આવશે? અને એ એક અપેક્ષિત આંકડો હોય અને એ માનનીય નાણામંત્રીશ્રીએ જે આંકડો બતાવ્યો છે એમના બજૅટમાં એ છે ૬૦૫૦ કરોડ ભારત સરકારમાંથી કરનો હિસ્સો મળશે એવો આપનો અંદાજ છે એ પછી આપણું બજૅટ રજૂ થયા પછી કેન્દ્ર સરકારનું બજૅટ રજૂ થયું અને કેન્દ્ર સરકારના બજૅટ પછી આપણને કેટલો કરનો હિસ્સો મળશે એનો સાચો અંદાજ મળ્યો અને એ સાચો અંદાજ

---

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

આવ્યો, એ અંદાજ મુજબ ૬,૨૫૩ કરોડ રૂપિયા ગુજરાતને મળશે. Performanceના ૧૦,૦૦૦ કરોડ રૂપિયા, ૩૫૬ કરોડ રૂપિયા બીજા. આપે જ્યારે બજૅટ રજૂ કર્યુ ત્યારે આપે જે ધારણાઓ રાખી હતી એના કરતા આપણને ઓછામાં ઓછો ૬૦૧ કરોડ રૂપિયા હવે વધારે આવવાના છે. જ્યારે કેન્દ્રમાંથી ૬૦૦ કરોડ રૂપિયાથી વધારે નાણા આપણને મળવાના છે. આપણાં પોતાના અંદાજ કરતાં વધારે મળવાના છે તો પછી મારે આપના મારફત માનનીય નાણામંત્રીશ્રીને એટલી વિનંતી છે કે આપના અંદાજ કરતા આપની આવક જ્યારે કેન્દ્રના હિસ્સામાં કેન્દ્ર તરફથી મળતી વધી ગઈ છે ત્યારે આપ આ value added tax જે કોઈએ વધાર્યો નથી એમાં પણ નંબર વન થવાની જરૂર નથી at least એમાં પાછળ રહીએ. જ્યારે આપણા અંદાજો પણ પરિપૂર્ણ થયેલા છે ત્યારે આ ટેક્સ જો હટાવો હું આપને અભિનંદન આપીશ, વિરોધમાં છું તો પણ બીજા મુદ્દા બાજુએ મૂકી દઈશ, ચાલો "પાશેરામાં પહેલી પૂણી" આટલું તો હિત થયું અને એ વાતને માર સભ્યો મારા પછી બોલશે એ પણ બિરદાવશે પણ એ નથી કરવું અને આપને વળગી રહેવું છે ૨૫ ટકાનો વધારો value added tax માં શું એ સામાન્ય વધારો છે? એ શું આપણને ગમે પણ શું આ જનતાને ગમે એવો વધારો છે?

માનનીય અધ્યક્ષશ્રી, ચાણક્ય નીતિ એમ કહે છે કે રાજ્ય સરકારનું અર્થતંત્ર છેને એ કમંડળ જેવું હોવું જોઈએ. તેનો ઉપરનો ભાગ ખુલ્લો હોઈ ફટાક દઈને ભરાય અને વિતરણ કરવાની વાત આવે ત્યારે એક ગરીબના ઝૂંપડામાં નાનો વ્યકિત હોય એને જોઈતાં પૂરતું પિરસી આવે એ પ્રકારનું અર્થતંત્ર હોવું જોઈએ. એનો અર્થ એ થયો કે રાજ્ય સરકારે નાણા લેવાના હોય ત્યારે જે માનીતા પાંચ કરોડપતિઓ હોય એમના પર ટેકસનો કોરડો વિંઝાવવો જોઈએ. એ ટેક્સ ભરે અને જાય કયાં? સાડા પાંચ કરોડની ગુજરાતની જનતામાં જે જરૂરિયાતવાળા માણસો બેઠા છે એના સુધીએ પૈસા પહોંચવા જોઈએ, આ અર્થ નીતિ કહેવાય. આપણે ક્યાં ટેક્સ નાખ્યો? એ લોકોને અસર થાય. આપણો value added tax વધે એટલે કોને અસર થાય? એકેએક ગુજરાતીને અસર થાય, એની ગરીબ માણસ પાવલું તેલ લેવા જાય છે એને પણ value added tax નડશે, પેલો રીક્ષાચાલક છે એને પણ નડશે અને સામાન્ય માણસ કામ કરવા બહાર નીકળશે એને પણ નડશે. આખા ગુજરાતની જનતાને એક દંડે ફટકારવાનું કામ આ બજૅટમાં થયું છે. આપે ટેક્સ નાખવો હતો તો થોડું application of mind કરીને ત્યાં નાખવો હતો આ value added tax આવવાથી થવાનું શું? આપણે અભ્યાસ કર્યો છે ખરો અથવા તો આપણો ઇરાદો જ હતો કે ના સામાન્ય માણસો ટીપાય અને મોટા માણસોની વ્યવસ્થા કરીએ ? આપની કરચોરી વધશે અને આ કરચોરી કોણ કરશે ? નાનો માણસ નહીં કરી શકે, આ કરચોરી મોટો માણસ કરશે. માનનીય નાણા મંત્રીશ્રી આ બાબતમાં જો આપ, હું નથી માનતો કે આપ એક વિધવાન તરીકે નાણા મંત્રીશ્રી આ વાતથી અજાણ હોય. માનનીય અધ્યક્ષશ્રી, આ અનુભવ છે આ રાજયનો કે જ્યારે પાડોશી રાજયોના ટેક્સના સ્ટ્રકચરનો આપણે અભ્યાસ નથી કરતા ત્યારે આપણે ત્યાં કરચોરી વધે છે અને એને રોકી શકાતા નથી કારણ કે, inter-state tradingને કાયદેસર રીતેની માન્યતા છે એટલે થવાનું શું ? જેમ કરે છે, અહીંથી માણસ દીવ કે દમણ ગાડી લેવા જતા હોય પરચેઝ ત્યાં કરે, થાય આજે પણ પરિસ્થિતિ એ કે જે મોટા ધંધાવાળા છે ને એ લોકોને આની અસર જ નહીં થાય કારણ કે, એમને તો ચાર ટકા અને સાડા બાર ટકા છે, એ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર એમણે value added tax નથી વધાર્યો, ત્યાં આજ ધોરણો છે. એક ઑફિસ માત્ર કહેવા પૂરતી, આપની બૉર્ડરની બહાર હશે અને ત્યાંથી વહીવટ થશે, આપણે એને રોકી નહીં શકીએ. કારણ કે, આ એક કાયદેસર રીતે થતો વ્યવસાય છે. આપનું ગમે તેટલું તંત્ર કડક થાય તો પણ આ leakages રહેવાના અથવા તો તંત્રમાં જ leakages થઈ જવાના, on paper અહીંથી માલ મધ્યપ્રદેશ, રાજસ્થાન કે મહારાષ્ટ્રની બૉર્ડર પરની ઑફિસમાં જશે ત્યાંથી એ માલનું વેચાણ થશે. ખરેખર માલનું ટ્રાન્સપોર્ટેશન નહીં થાય પણ ટેક્સની ચોરી થશે. શા માટે આપણે આ કરીએ, મને સમજાતું નથી ? value added taxના implication પછી, એના અમલીકરણ પછી કેન્દ્રએ રાજયો સાથે થયેલી સમજૂતી પ્રમાણે જવાબદારી સ્વીકારી છે કે, આપ અમલ કરો મીનીમમ ચાર ટકા અને સાડા બાર ટકા તમે રાખો અને તમારી સેલ્સ ટેક્સની આવતી આવકના calculation કરતાં જો આપને ખોટ જશે તો પહેલાં વર્ષે સો ટકા, બીજા વર્ષે પંચોતેર ટકા. માનનીય અધ્યક્ષશ્રી, એ ખોટ જાય તો ભરપાઈ થાય છે તો પછી આપણે આ ટેક્સ ગુજરાતની જનતા પર શા માટે નાખીએ છીએ ? માનનીય અધ્યક્ષશ્રી, અવારનવાર કહેવામાં આવે છે કે, અમે વિકાસ માટે બધું કરીએ છીએ, વિકાસ લક્ષી છીએ. અમને વિકાસની ચિંતા છે, માનનીય અધ્યક્ષશ્રી, બજૅટ પ્રકાશનના મને આપેલ એક પુસ્તિકાના પાના હું જોતો હતો રાત્રે, માનનીય અધ્યક્ષશ્રી, plan expenditure, non plan expenditure, આપણા બજૅટમાં વપરાયેલા જે શબ્દો છે એ શબ્દો સાથે જે ખર્ચાઓ છે, એક વિકાસ લક્ષી ખર્ચાઓ હોય છે, developmental expenditure, જે રાજય માટે આવકારદાયક હોય છે વિકાસ માટેના ખર્ચાઓ બીજા ખર્ચાઓ હોય છે Non developmental expenditure, વિકાસ લક્ષી ખર્ચાઓ નથી હોતા. હું મુખ્ય મંત્રી તરીકે કે મંત્રી તરીકે કે કોઈ ભાઈ બેઠો હોય તો આપણા રાજયની પરંપરા શું ? charity begains from home શરૂઆત આપણાથી કરવી પડે, સાદગીની, સરળતાની, કરકસરતાની. આ મહાત્મા ગાંધીજીની જન્મભૂમિનું રાજય છે. આપણે અત્યારે એને બીજા કોઈના નામે કહીએ એમ ન થઈ શકે, કોઈ એમની હાઈટને કે સરદાર સાહેબની હાઈટને ન પહોંચી શકે પણ એમની પરંપરાને અનુસરવું પડે. આ દેશની આઝાદીની લડત માટે થઈને થર્ડ ક્લાસના ડબ્બામાં મહાત્મા ગાંધીજીએ પ્રવાસ કર્યો. થર્ડ કલાસમાં, લકઝુરીયસ કલાસમાં નહીં. મારો જન્મ થયો એ દિવસે મારા ઘરે ત્રણ ગાડી હતી પણ અહીં મંત્રી થયો ત્યારે વારંવાર એસ.ટી. કોર્પોરેશનની બસમાં મિનિસ્ટર તરીકે

મુસાફરી કરતો હતો કે જેથી કરીને સામાન્ય જનતાથી આપણે પર નથી પણ આપણે જનતાના પ્રતિનિધિ છીએ. આજે દિલ્હી જવાનું હોય તો કેટલી ફલાઈટ અવેલેબલ છે? રાજયમાં જવું હોય તો કેટલી સુવિધા અવેલેબલ છે? સ્પેશ્યલ પ્લેન સિવાય આપણે જઈ ન શકીએ. અંગ્રેજોમાં એવું હતું કે જેમના સુબા સલ્તનત ભોગવનાર લોકોનું પ્રભુત્વ દેખાડવાનું હતું કે We are luxurious, we are superior, we are not commoner. શું આ લોકશાહીના સિદ્ધાંત સાથે સુસંગત છે ખરું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** શ્રી આત્મારામભાઈ, આઈ એમ સિરિયસ એબાઉટ ઈટ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, શા માટે ચચર્યું એ મને ખબર ન પડી. મેં કોઈનું નામ નથી દીધું. જનરલ વાતમાં ચચરાટ થાય.

**અધ્યક્ષશ્રી :** આપ ચાલુ રાખો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડા સાથે વાત કરવા માગું છું. ૨૦૦૭-૦૮માં આ રાજય સરકારનો નોન ડેવલપમેન્ટ એકસપેન્ડીચર કેટલો હતો ૧૪૯૮૨.૮૦કરોડ, મેં એપ્રીશીએટ કર્યું હોત, મેં નાણામંત્રીશ્રીની પીઠ થાબડી હોત જો આંકડો નીચે લાવવા પ્રયત્ન કર્યો હોત. થોડો ઘણો ઉપર ગયો હોત તો સારું હતું કેટલો વધ્યો આ વર્ષે નોન ડેવલપમેન્ટ એકસપેન્ડીચર ૧૮૫૪૧.૯૦કરોડ વધ્યો. શું આપણે આને વિકાસ કહીશું? જે નોન ડેલપમેન્ટ એકસપેન્ડીચર છે એને? ગૃહની અંદર અને ગૃહની બહાર વારંવાર કહેવામાં આવે છે કે કેન્દ્ર સરકારે અન્યાય કર્યો છે, અન્યાય કર્યો છે. કેન્દ્ર સરકારની ટીકા થાય. બજેટ પ્રકાશન ઉપરથી હું સત્ય કહેવા માગું છું અને સત્ય છુપાતું નથી. એક સમયે એ છાપરી ચડીને પોકારે છે. આખું વર્ષ રાજકીય વાતો ગમે તેટલી કરીએ પણ બજેટમાં તો આંકડા આપવા પડે અને જયારે આપીએ છીએ ત્યારે શું પરિસ્થિતિ છે? ૨૦૦૪-૦૫માં પાંચ વર્ષ પહેલા કેન્દ્ર સરકારની ગ્રાન્ટ ઈન એઈડ and contribution from the central government એ કેટલું હતું. માત્ર ૧૯૯૭.૪૫કરોડ જયારે આપનું બહુ ચાલતું હતું ત્યારે What is the picture today? આજે શું પરિસ્થિતિ છે? જેને આપ સતત કહો છો, ગાળ આપો છો એ કોંગ્રેસ પક્ષના આગેવાનો નીચેની કેન્દ્ર સરકાર આવ્યા પછી ગુજરાતને કેટલો ફાયદો આપ્યો છે. આંકડા તો જુઓ આપ..અંતરાય..

અધ્યક્ષશ્રી : ચર્ચામાં ડીસ્ટર્બ કરવા પ્રયત્ન ન કરો. એમનું પ્રવચન ચાલવા દો. તમને તમારો સમય મળે ત્યારે તમે જવાબ આપજો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે માત્ર ગણતરીના થોડા દિવસોમાં યુ.પી.એ. સરકાર આવ્યા પછી ૧૯૯૭.૪૫કરોડની સામે આજે ૪૧૧૯.૯૩કરોડ ગ્રાન્ટ ઈન એઈડ and contribution from the Central Government માં મળ્યા છે. બધો ઈતિહાસ ચકાસી લેજો. કયારેય આવા પૈસા કેન્દ્ર સરકારમાંથી ગુજરાતમાં આવ્યા છે ખરા? અને છતાં સરકાર, રાજયની સરકાર , રાજયના મુખિયાઓ જો રાજયના વિકાસનું આપણે હિત ઈચ્છતા હોઈએ તો આ વસ્તુ કહેવી પડે, બિરદાવવી પડે. સરકાર ગમે તેની હોય ગુજરાતનું હિત તો થયું છે. ઓલમોસ્ટ ડબલથી વધારે હોય આટલા જ સમયમાં ગણતરીના દિવસોમાં આપતા હોય અને આ ટેક્સનો હિસ્સો નથી. Let me give that figure also સરકારે Share in central taxes એમાં શું હતું. આપણો અંદાજ ૨૨૨૦.૬૮ કરોડ હતો. આજે કયાં ગયો. આજે માનનીય નાણામંત્રીશ્રીનો અંદાજ એ હું એમ નહિ કહું કે ખોટો પડ્યો. અંદાજ જે હતો એ ૬૦૫૦ કરોડનો. કે એમને એટલો હિસ્સો મળશે. કેટલો હિસ્સો? હવે આપના ભાગે ૬,૨૫૩ કરોડ રૂપિયાનો હિસ્સો. આપના ટેક્સિસમાંથી સેન્ટ્રલ ગવર્નમૅન્ટમાંથી પ્રાપ્ત થયો. કોઈને બેઠા બેઠા એકાદ આઈ.ટી.આઈ. દેખાય છે. કલ્પના કરી છે ક્યારેય પણ કે ગુજરાતને કેટલો મોટો ફાયદો થવાનો છે. આનાથી રાષ્ટ્રીય ભાવનાથી પર ઊઠીને પ્રાંતવાદમાં કોઈ પીડાય તો નુકસાન રાષ્ટ્રને થવાનું, પણ પ્રાંતનું હિત કયાં કેટલું થાય છે એ સમજવાનો પ્રયત્ન કરવો પડે. આ આપના સેલ્સટેક્સના બદલે એન્ટ્રોડ્યુસ થયેલ વેટના વધારાથી સમગ્ર પ્રાંતના ગરીબ અને મધ્યમ વર્ગને નુકસાન થવાનું છે. ધનપતિઓ તો રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં જે વેટના દર છે, ત્યાંથી કામ કરશે. એની ચિંતા આપણને નથી. આપ એના માટેની કોઈ તકલીફને ધ્યાને લેતા નથી અને કેન્દ્રમાંથી જે ફાયદો મળવાનો છે. કોઈપણ માણસ જે ટીકા કરતો કરતો હતો એની બોલતી બંધ થઈ ગઈ. કેમ કે ફાયદો ગુજરાતને સૌથી મોટો થવાનો છે. આપણે ત્યાં મિડલ ક્લાસ, અપર મિડલ ક્લાસ સૌથી વધારે છે. કોઈએ કલ્પના નહોતી કરી. ૧,૫૦,૦૦૦ ની આવકને ઈન્કમ ટેક્સમાંથી મુક્તિ મળશે. કોઈએ કલ્પના નહોતી કરી કે મહિલાઓ માટે ૧,૮૦,૦૦૦ ની વાત આવશે. કોઈએ કલ્પના નહોતી કરી વડીલોના સન્માનની વાત થાય, પણ સાચા અર્થમાં વડીલોનું સન્માન. સ્ટેટનું શું? નાણાકીય ફાયદો થવાનો છે.(અંતરાય)

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહજીએ ભારત સરકારના બજેટની વાત કરે મને વાંધો નથી. અમારા પક્ષને વાંધો નથી. અમારા સભ્યો ભારત સરકારના બજેટની વાત કરે ત્યારે વાંધો ન ઉઠાવે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : રાજ્યને ફાયદો અને આપણા માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં પણ જોશો કે ગૃહમાં હાજર ન હોય તેની ટીકા ન થાય, પણ એની પ્રશંસા થઈ શકે. કેન્દ્ર સરકારની ટીકા ન થાય. પ્રશંસા થઈ શકે.

અધ્યક્ષશ્રી : પ્રશંસાનો જવાબ પણ આવે તો આપણે સાંભળી લેવાનો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : સાચા જવાબો હોય..

અધ્યક્ષશ્રી : આપ આપની વાત ઉપર આગળ ચાલો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : હું મારા આંકડાકીય, અહેવાલની વાત કરું છું. હું રાજ્ય ઉપર પણ આવું છું. સાંભળવું હોય તો આવું છું. આ ફાયદાઓ કયાં જવાના છે. ગુજરાતના લોકોને ફાયદો છે અને લોકોને મળેલ ફાયદો પણ સાંભળવામાં તકલીફ થાય. બેઠા બેઠા બોલે એનો પણ જવાબ છે મારી પાસે, પણ...

અધ્યક્ષશ્રી : આપ ચર્ચામાં આગળ વધો. તમારો સમય વધતો જાય છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મારી ૭૩ મિનિટ છે. મને ખબર છે. ૭૭ મિનિટ છે. મારી વાત એ છે કે આપ રાજ્યની અંદર એક પુસ્તિકા લઈને બહાર આવ્યા. આ પ્રસિદ્ધિની પુસ્તિકામાં માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થયેલી આ પુસ્તિકામાં કેટલાક આંકડાઓ આપ્યા છે. હું નાણા મંત્રીશ્રી પાસેથી આ હકીકત જાણવા માગું છું કે શું આ માહિતી ખાતાના આંકડા ખોટા છે કે આ હકીકત છે. રાજ્ય સરકારે અગ્રેસર ગુજરાત ૨૦૦૭ નામની પુસ્તિકા માહિતી ખાતામાંથી બહાર પાડીને વિતરણ કર્યુ છે. એના પેઈજ ઉપર ગુજરાતમાં ભીલાડ ચેકપોસ્ટ ઉપર આવકની વાત કરવામાં આવી છે. ૨૦૦૨-૦૩ માં ચેકપોસ્ટની આવક ૧૭૫૮ કરોડ આમાં બતાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪માં વધીને ૫૭૮૮ કરોડ બતાવી છે. એટલે એક જ વર્ષમાં ૩૯૭૦ કરોડની આવક વધી છે. મતલબ કે વાર્ષિક ૨૪૦ ટકા આવકનો વધારો થયો છે. વાહનો વધે છે, ગુજરાતના ધંધા રોજગાર, બહારથી આવતા ટ્રાન્સપોર્ટેશન, સ્વાભાવિક છે આવો વધારો થાય. આવકારદાયક છે. પરંતુ ૨૦૦૫-૦૬માં આ જ ભિલાડ ચેક પોસ્ટની રોડ ટેક્સની આવક ૮૨૩૭ કરોડ હતી. તે ૨૦૦૬-૦૭માં ૨૪૦ ટકાના દરે વધે છે તે વધવી જોઈએ ને? તે વધી નહીં. એટલી પણ ના રહી. કેટલી ઘટી? ૬૮૭૪ એટલે કે ૧૩૬૩ કરોડ રૂપિયા ભિલાડ ચેક પોસ્ટની આવક એક જ વર્ષમાં ઘટી. આ કોણ ખાઈ ગયું અને કોણ ખાવા દેતું નથી તેના સવાલો ઉભા થાય છે? જે પરિસ્થિતિમાં ગુજરાત સરકાર આ બજૅટ લઈને આવી છે તેમાં કૃષિક્ષેત્રે ફાળવણી ઘટી, આવકમાં વધારો કઈ થતો નથી. ખેડૂતની આવકની ચિંતા નથી. આ બજૅટ છે તે ગરીબલક્ષી, કિસાનલક્ષી, યુવાનને રોજગારી આપવાવાળું જનકલ્યાણનું બજૅટ હોત તો વાંધો ન હતો. આ કયાંથી આંકડા મળે? હું તો એમ કહું છું કે આ ગૃહ આખું નાણાંકીય સંમતિ આપે છે. સૌ માનનીય સભ્યશ્રીઓ ફાળવણીને એક નજરથી સમજવાનો પ્રયત્ન કરે તો આખરે વી આર ટ્રેઝરર્સ ઓફ ધી ગવર્નમેન્ટ ટ્રેઝરી. આપણે નાણાંકીય મંજૂરી આપીએ છીએ, આમ બેઠા હોઈએ કે આમ બેઠા હોઈએ. રૂપિયાં કયાં આવે છે, કયાંથી આવે છે અને કયાં જાય છે? બહુમતીના જોરે બજૅટ પાસ થાય તે જરૂરી નથી. વિધાનસભાની ચર્ચામાં વિઝન ખુલે તે જરૂરી છે. એટલા માટે આ બજૅટ કે જે નોન ડૅવલપમેન્ટ એકસપેન્ડીચરને વધારનારું, ગરીબ માણસ પર ટેક્ષ નાંખનારું, ભ્રષ્ટાચારને પ્રમોશન આપનારું બજૅટ હોવાને કારણે હું આને સમર્થન આપી શકતો નથી.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ માનનીય નાણામંત્રીશ્રીના બજૅટ ઉપર જે અવલોકનો કર્યા છે તે બાદ માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેના આભાર માટે ઉભો થયો છું. આમ તો આ વાર્ષિક બજૅટ છે પણ છેલ્લા પાંચ વર્ષ પણ આ સરકાર માનનીય નરેન્દ્રભાઈના નેતૃત્વ નીચે ચાલી એટલે એક રીતે જોઈએ તો આ સાતત્યને આગળ ધપાવનારું બજૅટ છે અને તે સાતત્યની પ્રક્રિયાને, પારદર્શકતાની પ્રક્રિયાને, સુશાસનની પ્રક્રિયાને , સુવહીવટની પ્રક્રિયાને એક રીતે વાચા આપતું બજૅટ છે. ગુજરાતની સાડા પાંચ કરોડ જનતાનું આ સન્માનનીય સભાગૃહ પ્રતિનિધિત્વ કરે છે. સાડા પાંચ કરોડની જનતા સુશાસન, સુવહીવટ અને સુઆયોજનને કઈ રીતે જુએ છે તેનું મતદાન અને તેના ઉપર ચુકાદો બે મહિના પહેલાં જનતાઓ આપી દીધો છે. નકારાત્મક વૃત્તિઓ, મોતના સોદાગર જેવા બેફામ શબ્દો, એક અતિઉચ્ચ રાષ્ટ્ર નેતા કહી શકાય તેમના મોંએ બેજવાબદાર વિધાનો સમગ્ર ગુજરાતની પ્રજાને આતંકવાદી ચીતરવા માટે એક રમત અને ગુજરાતી પ્રજા સામેની આક્ષેપબાજી તેને આ વખતની જે લોકશાસન અંગેની નિર્ણાયક પ્રક્રિયા બની તેમાં ગુજરાતની પ્રજાએ elections are fought on emotive issues ઈલેકશનો માત્રને માત્ર લાગણી અને ભાવનાઓને ભડકાવીને જીતાય છે તે વાતનો છેડ ઉડાડી દીધો છે.it is for the first time that the people of Gujarat have voted positivity,they have voted for development, they voted for positive governance

People of Gujarat have voted for positivity, they have voted for development, they have voted for something which connected with positive governance. અને એટલે જયોતિગ્રામ યોજના હોય, નર્મદા યોજના હોય, સુજલામ્ સુફલામ્ થકી ઉત્તર ગુજરાતમાં પાણી લઈ જવાની વાત હોય, સલામતીની વાત હોય, ગુજરાતની અસ્મિતાની વાત હોય, શિક્ષણ ક્ષેત્રે કરેલ નવીન પહેલની વાત હોય, ચિરંજીવી, બેટીબચાવો જેવા જનઆંદોલનની વાત હોય, શાળાનો ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવાની વાત હોય, સોઈલ હેલ્થ કાર્ડથી લઈને ૧૦૮ સુધીની સેવાઓની વાત હોય, એવી અનેક બાબતોની આ વખતની જે સમગ્ર નિર્ણાયક પ્રક્રિયા હતી એના કેન્દ્રસ્થાને રહીને એની પહેલીવાર આ આ દેશમાં નવો ચીલો પાડયો કે જેને સુશાસન અને સુવહીવટ માટેની પૉઝિટીવ વોટિંગ જેને કહેવાય એ થકી હકારાત્મક રાજનીતિ સલામતીની અને સુશાસન રાજનીતિ અને માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જે પાંચ વર્ષમાં સુશાસન ચાલ્યું એ સુશાસનને આવકારતી અને ફરી પાંચ વર્ષ માટે અમારે આ જ પ્રકારની સુશાસન અને સલામતીની રાજનીતિવાળી સરકાર જોઈએ છે એને સ્વીકારવાની વાત આ રાજયની પ્રજાએ કરી છે, સાથે સાથે અમારા કેટલાક મિત્રોને ગેરમાર્ગે દોરતી અને એમના થકી પોતાની વાત, પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવાની પ્રક્રિયા , માનનીય અધ્યક્ષશ્રી, એમાં ઉછીનાં છોકરાં લેવાથી વંશ ના રહે એ વાત પણ ગુજરાતની

પ્રજાએ પુરવાર કરી છે અને એનું પરિણામ શું આવ્યું, પરિણામ એ આવ્યું કે અત્યારે સાવ હતાશાજનક પરિસ્થિતિમાં આજે જે આખા બજૅટમાં કોઈ હકારાત્મક વાત છે જ નહીં, હું માનનીય વિપક્ષના નેતા બોલવા ઊભા થયા ત્યારે એમની પાસેથી ઘણા વિશદ અને ઝીણવટપૂર્વક છણાવટની અપેક્ષા રાખતો હતો, મેં ઘણીવાર વિરોધપક્ષના નેતાશ્રીને બોલતા સાંભળ્યા છે એ ખૂબ જ અભ્યાસુ અને પૃથ્થકરણ કરીને બોલવાવાળો જીવ છે પણ આજે હતાશા છે અને આ હતાશાએ એના ઉપર જે અસર કરી છેને, માનનીય અધ્યક્ષશ્રી, મહાભારતના યુદ્ધ પહેલાં અર્જુન વિષાદ યોગ રચાયો હતો, પણ અહીંયાં તો મહાભારતના યુદ્ધ પછી અર્જુન વિષાદ રચાયો છે, હજી અર્જુન વિષાદમાં છે, એનો પોપટ રામ બોલતો નથી, આ પરિસ્થિતિ આ સાથી પક્ષની છે ત્યારે કેટલાક મુદ્દાઓ માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે ઊભા કર્યા છે એમને એમના જ આંકડાનો સહારો લઈને હું એના કેટલાક જવાબો આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ વાત કરી કે મોટા કરવેરા નાખી દેવામાં આવ્યા છે, કરવેરા નાખવાની વાત આવે ત્યારે કરવેરા નખાયા છે એનાથી કોઈ ઇન્કાર કરી શકે તેમ નથી, કરવેરા કેમ નાખવા પડ્યા એ પણ એમને સુવિદિત છે જ્યારે નગરપાલિકાઓ અને મહાનગરોમાંથી ઑક્ટ્રૉય કાઢવાની વાત આવી ત્યારે એની હિંમતભરી પહેલ આ માનનીય નાણાં મંત્રીશ્રી દ્વારા શકય બની અને બે હજાર એકસો કરોડ રૂપિયાનો બોજો કરતાં વધારે બોજો પડવા છતાં પણ જે ઑક્ટ્રૉય નાબૂદીના કારણે જનતાને જે સવલત ઉભી થઈ અને જનતા માટેની જે કાર્યવાહી થઈ એને અમે સારી કહીએ કે અમારા સાથી પક્ષ સારી કહે એના કરતાં હું એવું માનું છું કે, તાજેતરમાં જે નગરપાલિકાઓ અને મહાનગરોની ચૂંટણીમાં જનતાએ તેનો જવાબ આપી દીધો છે, આ મને લાગે છે કે આ ચર્ચાને એના ઉપરથી સમજદારને કોઈ ઈશારા કાફી હૈ, એમ વિપક્ષના નેતાશ્રી સમજ્યા હોત તો વધારે સારું હતું પણ એમણે બે મુદ્દાની વાત કરી એક તો એમણે એવું કહ્યું કે, માનનીય નાણા મંત્રીશ્રીએ ખૂબ મોટું કરભારણ ઝીંકી દીધું છે અને એને કારણે ગુજરાતની પ્રજા ઉપર બહુ મોટો બોજો પડશે અને સામે એમણે ભારત સરકારે ગરીબ માણસોને રાજીના રેડ કરી નાખ્યા છે અને આવકવેરામાં એટલી બધી રાહતો આપી દીધી છે કે હવે ગરીબ માણસોના ઘરના સોનાના નળિયાં થઈ જવાના છે એવી વાત એમણે કરી. માનનીય અધ્યક્ષશ્રી , હું આપશ્રી દ્વારા એમને કહેવા માગું છું કે, જરા કેન્દ્ર સરકારના બજૅટના આંકડા જુઓ, જે આવકવેરાની દુહાઈ આપે છે એમાં ૨૫૦૦૦ કરોડની રાહતો આપ્યા પછીયે. ૨૫૦૦૦ કરોડનો વધારો છે એટલે કુલ ૮૮૦૦૦ કરોડના બોજ ઉપર ૬૦૦૦૦ કરોડ રૂપિયાનો વધારો એ આ વખતની આવકમાં થયો છે. અત્યાર સુધીના ભૂતકાળમાં કોઈ પણ સરકારે આવક વેરમાં કરેલો આ મોટામાં મોટો વધારો છે. ૬૬ ટકાનો વધારો આ વખતની આવકમાં આ વખતે અંદાજવામાં આવ્યો છે. કયા મોઢે વિપક્ષના નેતા એમ કહે છે કે, આવક વેરામાં રાહતો આપવામાં આવી છે. એના પરિણામો શું આવશે? પરિણામો એ આવશે કે જે કરદાતા છે, જે કર ભરે છે એના ઉપર એક બાજુ એને સોનાની ગુલછડી આપવાની વાત કરી છે. બીજુ બાજુ આવક વેરા ખાતાની તવાઈઓ આવશે, એના ઉપર સર્ચ વોરંટો આવશે, સીઝરના વૉરંટ આવશે, એને ડિકલેરેશન માટે કાંડુ મરડીને પ્રેરવામાં આવશે. અને આ બધાની કિંમત શું ચૂકવવી પડશે? એ કરદાતા માટે આવતી સાલ જ્યારે ૩૧મી માર્ચ આવશે ત્યારે એના જે આંસુ હશેને એ પાણીના નહીં હોય એ કરદાતા લોહીના આંસુથી રડતા હશે એ પ્રકારની પરિસ્થિતિ આ વખતના કેન્દ્રીય બજૅટના આવકવેરાની જોગવાઈમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો માનનીય શકિતસિંહજીને કહેવું છે કેન્દ્ર સરકારની આટલી બધી પેરવી કરો છો, હી ઈઝ એ ગુડ લોયર, આટલી બધી આપ પેરવી કરો છો આ ગૃહમાં ત્યારે એક નાનું સાહેબ, ચેરીટી બિગેન્સ એટ હોમ, આપને ત્યાં એક જ કેન્દ્ર સરકારના નિર્ણયના કારણે ગુજરાત સરકાર છેલ્લા ત્રણ-ચાર વર્ષથી રગડા-રગડતી હતી કે સીપ બ્રેકીંગ ઉદ્યોગ ઉપર પાંચ ટકાની કસ્ટમ જકાત છે અને મેલ્ટીંગ સ્ક્રેપ ઉપર પાંચ ટકાની છે એમાં મેલ્ટીંગ સ્ક્રેપ સારી કવોલિટિનો આવે છે એટલે શીપ બ્રેકીંગ ઉપરની કસ્ટમ જકાત ઘટાડો અને મેલ્ટીંગ સ્ક્રેપ ઉપરની કસ્ટમ જકાત એમની એમ રહેવા દો. અહીંયા કરોડપતિઓની ને એ બધી વાતો થાય છેને ત્યારે મારે કહેવું છે કે કરોડપતિઓ તો પેલા સ્ટીલ અને એલ્યુમિનિયમના મોટા મોટા ઉદ્યોગગૃહો કેન્દ્ર સરકારે પોષ્યા છે અને સીપ બ્રેકીંગ ઉપરની પાંચ ટકા જકાત એમની એમ રાખી, મેલ્ટીંગ સ્ક્રેપ-સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉપરની જકાત કાઢી નાંખી એ કોના ભલા માટે કર્યું છે? માનનીય શકિતસિંહજીના ભાવનગરમાં આ ઉદ્યોગ છે દુનિયાનો મોટામાં મોટો સીપ બ્રેકીંગ ઉદ્યોગ એમના મત વિસ્તારની નજદીકમાં છે If you are telling that charity begins at home, then I am telling him that let it begin from your home if at all it begins at home. આ તો કેન્દ્ર સરકાર કરે એ બધું ચાલે. 'વો કતલ ભી કરતે હૈ તો ચર્ચા નહીં હોતા હમ આહ ભી મરતે હૈ તો હો જાતે હૈ બદનામ' એ ગમે તે કરે અને એમને કોઈ કશું કહેવાવાળું નહીં. એ ગમે એટલા કરવેરા નાંખે અને ગુજરાતને આવક આપી છે ૧૦ હજાર કરોડ રૂપિયા એ આપણને ભેટ આપ્યા હોય એવી વાત કરે છે. માનનીય વિરોધ પક્ષના નેતા ત્યારે મારે એમને કહેવું છે ખૂબ અતિ નમ્રતાપૂર્વક કહેવું છે કે, કેન્દ્ર સરકાર સીધા અને આડકતરા કરવેરામાં ગુજરાતમાંથી ૬૦ હજાર કરોડ રૂપિયા લઈ જાય છે અને આ ૬૦ હજાર કરોડ રૂપિયા લઈ ગયા પછી ૧૦ હજાર કરોડ રૂપિયા તમે અમને પાછા આપો તો સાહેબ, પેલી કડલી આપીને કડું કાઢી લેવા જેવી વાત છે. તમે ૬૦ હજાર કરોડ રૂપિયા લઈ જાવ અને પછી કહો કે કેન્દ્ર સરકાર તમને ૧૦ હજાર કરોડ આપે છે તો એ આપ્યા કહેવાય કે લઈ લીધા કહેવાય? એની સાથે સાથે મારે એ પણ કહેવું છે કે, કેટલાક રાજયોને ૧૨

ટકા સુધીનું ડીવોલ્વમેન્ટ મળે છે આપણને માત્ર સાડા ત્રણ ટકાનું ડીવોલ્વમેન્ટ મળે છે તો શું આપનું કેન્દ્ર સરકારમાં એટલું બધું ઉપજતું હોય તો આ સાડા ત્રણ ટકામાંથી ૧૨ ટકા સુધી ઉત્તરપ્રદેશ ગયું છે તો આપણને ૧૨ ટકા કરાવી આપે. ઉત્તરપ્રદેશને ૩૪ હજાર કરોડ રૂપિયા મળ્યા છે. આપણે ગુજરાતે શાંતિથી કરવેરા આપવાના, ઔદ્યોગિક વિકાસમાં દેશમાં ફાળો આપવાનો, વિકાસના ગ્રોથ એંજિન તરીકે કામ કરવાનું ઉપરથી કેન્દ્ર સરકાર આપણા ૬૦ હજાર કરોડ રૂપિયા લઈ ગયા પછી આપણને ૧૦ હજાર કરોડ રૂપિયા આપે એટલે એની પ્રશસ્તિના ગાણા ગાવાના એમાં મને લાગે છે કે આમાં કંઈક શકિતસિંહજીની સમજફેર થતી લાગે છે. આપના થકી મારી લાગણી અને ગૃહની પ્રાર્થના પણ હું એમને પહોંચાડવા માગુ છું કે ઈશ્વર બધાને સદબુદ્ધિ આપે અને જેટલી કેન્દ્રની વકીલાત કરે છે એટલી આપણી વકીલાત પણ સામા પક્ષે ત્યાં જઈને કરે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી વિકાસ લક્ષી ખર્ચ અને બિન વિકાસ લક્ષી ખર્ચની એમણે વાત કરી તો આંકડાઓ એવી વસ્તુ છે There are three kinds of lies, White lies, plain lies and statistics. એટલે આંકડાને એક જ રીતે આપી દેવામાં આવે તો આંકડાથી ગમે તે પ્રકારનો આભાસ ઊભો કરી શકાય એમ છે પણ આંકડાને જ્યારે સરખામણીમાં મૂકવામાં આવે ત્યારે એનો સાચો અંદાજ આવતો હોય છે કે ખરેખર વાસ્તવિકતા શું છે? છેલ્લા પાંચ વર્ષમાં વિકાસ લક્ષી ખર્ચ ૧૮૫૩૮.૯૮ કરોડમાંથી વધી ૩૦૮૧૨.૦૮ કરોડ થયો આમ વિકાસ લક્ષી ખર્ચમાં ૬૬ ટકા વધારો થયો અને બિન વિકાસ લક્ષી ખર્ચ છે એ ૨૫૮૬૨ કરોડનો એમણે આંકડો આપ્યો ૨૦૦૨-૨૦૦૩માં ૨૬૪૮૦ કરોડ, એ ઘટીને ૧૮૫૪૨ કરોડ થયો છે. એટલે બિન વિકાસ લક્ષી ખર્ચ ૨૦૦૮-૦૯માં ૧૮૫૪૨ કરોડનો મેં આંકડો આપ્યો એ સાચો, પણ ૨૦૦૨-૦૩માં ૨૬૪૮૦ કરોડ હતું એમાં ૩૦ ટકાનો ઘટાડો. વિકાસલક્ષી ખર્ચ ૬૬ ટકા વધ્યું અને બિનવિકાસલક્ષી ખર્ચ ૩૦ ટકા જેટલું ઘટ્યું તો એને શું કહેવાય? એને સુઆયોજન, સારું નાણાંકિય વ્યવસ્થાપન, સારી રીતે રાજ ચાલે છે અને બિનવિકાસલક્ષી ખર્ચમાં પણ એક મોટો ફાળો આપણે જે લોન લઈએ છીએ એના વ્યાજ ભરીએ છીએ અને જે કંઈ દેવા કર્યા છે કેન્દ્ર સરકાર.. હમણાં જો આપણને વ્યાજમાં કંઈક ઘટાડો કરી આપે, આપણે વ્યાજ ઘટાડ્યું, અસરકારક રીતે સાહેબ આપણે ૯.૨૫ ટકા સુધી લઈ ગયા છીએ પણ છતાંય હું માનનીય વિરોધપક્ષના નેતાને વિનંતી કરું છું કે, આપનું બહુ ચાલતું હોય તો ૯.૨૫ ટકાનું સરેરાશ ૬ ટકા કરાવી આપોને આપણું બિનવિકાસલક્ષી ખર્ચ હજી પણ નીચું આવી જશે. પણ વિકાસલક્ષી ખર્ચ ૬૬ ટકા વધ્યું અને બિનવિકાસલક્ષી ખર્ચ ૩૦ ટકા ઘટે તો આ પ્રકારના સુવ્યવસ્થિત અને સુઆયોજિત નાણાંકિય વ્યવસ્થાપન માટે માનનીય નાણાંમંત્રીશ્રીને અને સમગ્ર રાજયના વહીવટીતંત્રને અભિનંદન આપવા માગું છું કે ખૂબ સરસ કામ થયું છે અને અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત નાણાકીય રીતે એક સુશાષિત રાજય તરીકે પ્રસ્થાપિત થયું છે એ બાબતમાં કોઈ શંકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આના ટેકામાં મારે બીજી પણ એક વાત કહેવી છે કે, સાહેબ, હું ૧૯૯૦ થી વચ્ચેના એક ગાળાને બાદ કરતાં આ સન્માનનીય ગૃહનો સભ્ય રહ્યો છું ત્યારે વારંવાર રાજય કેટલી વાર ઓવરડ્રાફ્ટ લે છે, વેઈઝ એન્ડ મિન્સના સાધનો કેટલી વખત વાપરે છે એના પ્રશ્નો આ ગૃહમાં વારંવાર ચર્ચાતા હતા. છેલ્લાં કેટલાક વર્ષોમાં સરકારની જે સાધનોપાય સ્થિતિ રહી છે તેના પર પણ એક નજર નાંખીએ, તો માનનીય નાણાં મંત્રીશ્રીએ બજેટમાં કેટલીક વાતો કરી છે તે કેટલી સુદૃઢ પાયા પર રચાયેલી છે એનો ખ્યાલ આવશે. સાધનોપાય એડવાન્સના દિવસો ૨૦૦૪-૦૫ પછી સંપૂર્ણપણે નાબૂદ થયાં છે એક દિવસ પણ આપણે વેઈઝ એન્ડ મિન્સનો એડવાન્સ લીધો નથી. ત્યારપછી ઓવરડ્રાફ્ટ, ૨૦૦૪-૦૫થી શરૂ કરીને આજ દિવસ સુધી એક પણ દિવસ આપણે ઓવરડ્રાફ્ટ લીધો નથી. તમે વેઈઝ એન્ડ મિન્સમાં પણ પૈસા ના લો, ઓવરડ્રાફ્ટ પણ ના લો, જે ભૂતકાળમાં ૨૦૦૦-૦૧માં ૧૭૫ દિવસ આપણે વેઈઝ એન્ડ મિન્સનો ઉપયોગ કર્યો, ૨૦૦૧-૦૨મા ૨૩૫ દિવસ ૨૦૦૨-૦૩માં ૨૦૩ દિવસ, ત્યારપછી ૨૦૦૩-૦૪ થી ઘટીને ૧૮૨ દિવસ, ૨૦૦૪-૦૫માં ઘટીને ૧૨૭ દિવસ અને ૨૦૦૫-૦૬ થી ઘટીને ૦-શૂન્ય દિવસ. આ વેઈઝ એન્ડ મિન્સની પોઝીશનનો સવાલ છે, ઓવરડ્રાફ્ટ ૨૦૦૦-૦૧માં ૪૫ દિવસ આપણે લીધો, ૨૦૦૧-૦૨મા ૭૨ દિવસ લીધો, ૨૦૦૨-૦૩માં ૪૭ દિવસ લીધો, ૨૦૦૩-૦૪માં ૨૧ દિવસ લીધો અને ત્યારપછી ૨૦૦૪-૦૫થી શૂન્ય-શૂન્ય-શૂન્ય, એક પણ દિવસ આપણે ઓવરડ્રાફ્ટ લીધો નથી. તો જે રાજય પોતાનું નાણાકીય વ્યવસ્થાપન આટલી બધી મોટી જવાબદારીઓ, આટલો બધો વિકાસલક્ષી ખર્ચ અને એમાં સદંતર વધારો ૧૬૦૦૦ કરોડથી વધારીને ૩૦૦૦ કરોડ વધ્યો એટલે નાણાકીય બોજો જે વધ્યો, એ હું માનનીય શકિતસિંહજીને કહેવા માગું છું કે, માત્ર કરવેરા પૂરતો અથવા તો નગરપાલિકાઓ પૂરતું નથી, ૩૦૦૦ કરોડ રૂપિયા પ્લાન સાઇઝમાં વધારો થયો અને લગભગ ૨૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધારે આ જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને રાજય સરકારે આપવાના થાય તેમાં વધારો થયો, ૫૦૦૦ કરોડ રૂપિયાનો વધારો થયાં પછી ૮૮૦ કરોડ રૂપિયાના કરવેરા નાંખવા અને પછી બાકીનો બધો જ વધારો, એ વધારાની આવક અને સાધનો ઊભાં કરી અથવા તો કરકસરભરી નાણાકીય વ્યવસ્થાપનની પદ્ધતિ અપનાવી અને એને પોતાના બજૅટમાં સમાવી લેવો, માનનીય નાણામંત્રીશ્રીએ લગભગ ૪૦૦૦ કરોડ રૂપિયા જેટલો વધારાનો ખર્ચો આ વખતના બજૅટમાં વધારાની આવક અને સુ-આયોજન થકી સમાવ્યો છે આને હું એ રીતે જોઉં છું. એને ૮૮૦ કરોડ રૂપિયા વધારાના ખર્ચ તરીકે નથી જોતો. માનનીય શકિતસિંહજીની હું તો માનું કે એમની ભવિષ્યવાણી સાચી પડે અને વધારે આવક થાય તો પણ એ પુરાંતમાં વધારો થશે. અત્યારસુધી આપણે ખાધવાળા અંદાજપત્રોથી ટેવાઈ ગયા હતા. છેલ્લાં ૩ વર્ષથી આપણે પુરાંતવાળા અંદાજપત્રથી આપણે ટેવાવા માંડ્યા છે એટલે નાણાકીય વ્યવસ્થાનું બીજું એક માપદંડ છે કે

જેમાં આપણે ફિસ્કલ ડેફીસીએટને ધીરે ધીરે નષ્ટપ્રાય કરી અને આગળ વધી રહ્યા છીએ એ દિશામાં પણ મારા મત પ્રમાણે એક મહત્ત્વનું પગલું છે અને એને આવકારવાને બદલે આપણે એમ કહીએ કે આના કારણે રાજયની સ્થિતિ કથળી છે તો મારે આપના થકી માનનીય શકિતસિંહજીને કહેવું છે કે, રાજકોષિય ખાધ તે fiscal management નો એક important parameter છે. કોઈ પણ રાજયનું નાણાંકીય વ્યવસ્થાપન કઈ રીતે ચાલે છે તેનું જો આપણે તારણ કાઢવું હોય તો રાજકોષિય ખાધનું કઈ રીતે નિયંત્રણ કરે છે તેના ઉપરથી કાઢી શકાય છે. રાજકોષિય ખાધને લાગે વળગે છે ત્યાં સુધી ૨૦૦૪-૨૦૦૫માં ૪.૬ ટકા જી.એસ.ડી.પી. જેટલી હતી. ૨૦૦૫-૦૬માં ૨.૮૫ ટકા, ૨૦૦૬-૦૭માં ૨.૨૨ ટકા, ૨૦૦૭-૦૮માં ૧.૭૪ ટકા અને અપેક્ષિત ૨૦૦૮-૦૯માં ૨.૩૧ ટકા જી.એસ.ડી.પી. સામે રાજકોષિય ખાધ ૩ ટકાની હોય તે આદર્શ પરિસ્થિતિ દર્શાવે છે. એટલે વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬-૦૭ના એકાઉન્ટન્ટ જનરલશ્રીના હિસાબ મુજબ આ અમે નથી કહેતા એકાઉન્ટન્ટ જનરલશ્રીના હિસાબ મુજબ અને ત્યાર બાદ ઉત્તરોત્તર તેના કરતાં પણ વધારે સારી પરિસ્થિતિ હાંસલ કરવામાં આવેલ છે અને તે માટે હું માનનીય નાણાંમંત્રીશ્રીને અભિનંદન આપવા માંગુ છું કે તેમના નાણાં મંત્રાલયનું વ્યવસ્થાપન અત્યંત સુઆયોજીત રીતે અને સુવ્યવસ્થિત રીતે ચલાવ્યું છે અને તેનો સીધો પડઘો રાજકોષિય ખાધને નિયંત્રિત કરવા માટે પડ્યો છે તે આંકડા ઉપરથી પુરવાર થાય છે અને તે આંકડાનો એકાઉન્ટન્ટ જનરલશ્રીએ જે ઑડિટ અહેવાલ આપ્યો છે તેનું પણ સમર્થન છે. ત્યાર પછી વૃદ્ધિ દરની વાત કરી. કોઈ પણ પૈસા કયાંથી આવ્યા? કરવેરા કેમ લીધા? શેના માટે લીધા તે અગત્યનું નથી પણ કયાં વપરાય છે તે અગત્યનું છે. તે કરવેરાના નાણાં જો લઈને માનનીય શકિતસિંહજીએ દાખલો આપ્યો રાજયના વિત્ત મંત્રી એ કેવા હોવા જોઈએ એનો. ચાણક્યે તો એવું કહ્યું છે કે રાજયના વિત્ત મંત્રી ભ્રમર જેવા હોવા જોઈએ. તે ફૂલ ઉપર બેસે તેમાંથી મધ લે. તે મધ લઈ અને સંચિત કરે રાજયના નાણાંકીય કોષમાં તે એક ફૂલથી બીજા ફૂલ ઉપર જાય તો પરાગ વહનથી ફલિનીકરણની પ્રક્રિયા થાય અને ત્યાર પછી તે જે ફૂલ છે તે તેમનું તેમ રહે. એટલે રાજયના અર્થ વ્યવસ્થા તંત્રને અથવા સામાન્ય માણસને કયાંય બહુ ઝાઝો બોજ ના પડે તે રીતે કરવેરા એકત્રિત કર્યા. પછી તેનો ઉપયોગ જે રીતે મધમાખી મધ સંચિત કરવામાં કરે છે તે રીતે તેમને રાજકોષમાં સંચિત કરીને તેનો વિકાસના કામમાં ઉપયોગ કરવો જોઈએ. તો એ વિકાસના કામમાં ઉપયોગ થાય છે કે નહીં તો ૨૦૦૨-૦૩માં આપણે વૃદ્ધિ દર ૮.૧ ટકા હતો, ૨૦૦૩-૦૪માં ૧૪.૮ ટકા હતો, ૨૦૦૪-૦૫માં ૮.૯ ટકા હતો, ૨૦૦૫-૦૬માં ૧૧.૨ ટકા હતો અને ૨૦૦૬-૦૭માં ૯.૧૭ ટકા હતો. મારે સન્માનનીય ગૃહને કહેવું છે કે દશમી પંચવર્ષીય યોજના દરમિયાન વિકાસનો જે લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો ઈન્ફેકટ ગુજરાતીઓ તરીકે આપણે તો આ સમગ્ર ગૃહે ગૌરવ અનુભવવું જોઈએ અને હું તો એવી અપેક્ષા રાખું છું કે સમગ્ર ગૃહ એક અવાજે માનનીય નાણામંત્રીશ્રીએ અને રાજય સરકારને અભિનંદન આપે કે દેશના લગભગ બધાજ રાજયોએ વિકાસ દર જે દશમી પંચવર્ષીય યોજનામાં તેમને ફાળવવામાં આવ્યો હતો તે વિકાસ દર હાંસલ કરવામાં તે નિષ્ફળ ગયા છે તે સામે ગુજરાતે ૧૦.૨ ટકાના વિકાસ દરના લક્ષ્યાંક સામે ૧૦.૪ ટકાનો વિકાસ દર હાંસલ કર્યો છે. એટલે આપણે ભલે તે રાજનીતિની દ્રષ્ટિએ એકબીજાથી જુદા પડતાં હોઈએ પણ I think this is something which as a State, which as Gujaratis, we must be proud of, sir. કે ગુજરાત રાજયે તેને વિકાસને આપવામાં આવેલાં લક્ષ્યાંકો પાર કર્યા છે એટલું જ નહીં પણ તેના કારણે આ વખતે આપણને દેશમાં અન્ય રાજયોની સરખામણીમાં ઉંચામાં ઉંચો કહી શકાય એવો અગિયારમી પંચવર્ષીય યોજના દરમિયાન ૧૧ ટકાથી વધારે વિકાસ દર હાંસલ કરવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે અને this also indicates કે આપણને આપણામાં શ્રદ્ધા છે. આપણે અહીંયા કહીએ છીએ એવું નથી સાહેબ, ભારત સરકારના આયોજન પંચને પણ ગુજરાતની સરકારનું જે શાસન ચાલે છે અને ગુજરાતનું જે નાણાં વ્યવસ્થાપન ચાલે છે તેના થકી ગુજરાતની અર્થવ્યવસ્થાનો જે વિકાસ થાય છે તે વિકાસમાં ભારત સરકારને પણ શ્રદ્ધા છે. ભારત સરકારના આયોજન પંચને પણ શ્રદ્ધા છે અને ભારત સરકારનું આયોજન પંચ જો ગુજરાતને બિરદાવતું હોય તો હું એમ માનું છું કે ચાલો આપણે બધા સર્વાનુમતે એક ઠરાવ પસાર કરીને ગુજરાત સરકારને બિરદાવીએ કે નહીં તમે સરસ કામ કર્યુ છે. આગામી પંચવર્ષીય યોજના દરમિયાન પણ સરસ કામ કરો અમે બધા તમારી સાથે છીએ. તેના બદલે સાહેબ, કરવેરા કેટલા નાંખ્યા, તેના આંકડા ચાર પૈસાના પાંચ પૈસા, પાંચ પૈસાના સાત પૈસા તો ભૂતકાળમાં કરવેરા નંખાયા છે અને કરવેરાની આપણે કેન્દ્ર સરકારની વાત કરવા જઈશું તો એક આખું સત્ર બોલાવવું પડે એટલું છે. તેની કરવેરાની એકે એક વાત છલનામય છે. ૬૦ હજાર કરોડ રૂપિયાના ખેડૂતોના દેવા માફ કરવાની વાત આવી કઈ રીતે આવી ? કયા દેવા માફ કરવાના ? ડિસેમ્બર-૦૭ જે મુદ્દત વીતી થતાં હોય તે કયારે માફ કરવાના? જૂન-૨૦૦૮ પહેલા. કયારથી એની પ્રોસેસ શરૂ થશે? બજેટ મંજૂર થાય પછી. બજેટ કયારે મંજૂર થાય, મે-૨૦૦૮માં. મે-૨૦૦૮થી જૂન-૨૦૦૮ સુધીના ૬૦ દિવસ કરતા ઓછા સમયમાં આ કેન્દ્ર સરકાર પાસે એક જાદુઈ છડી આવી ગઈ છે કે ૬૦,૦૦૦ ની લોન આપતા ૬૦ દા'ડા નથી લગાડતી. એ રોજના ૧,૦૦૦ કરોડના કાગળીયા મંજૂર કરવાની. કહેતા ભી દિવાના, સુનતા ભી દિવાના. એમણે કહી દીધું, આપણે માની લીધું અને ફટાકડા ફોડી દીધા, પણ ખેડૂતના ઘરમાં શું થશે?

માનનીય અધ્યક્ષશ્રી, શું ખેડૂતો બેંકોને લીધે આપઘાત કરે છે? ખેડૂતો તો ખાનગી ધીરધાર કરવાવાળાને લીધે આપઘાત કરે છે. ખેડૂતો આપઘાત કરે છે એના કારણો બીજા છે. એ કારણોની વાત નહીં કરવાની. તમે એમ કીધું કે ૬૦ હજાર કરોડનું દેવું માફ કરી દીધું. આપણે ભોળા માણસો એટલે માની લઈએ અને આપણે ખુશ

થઈએ. ફટાકડા ફોડીને વધાવીએ. ખેડૂતો સાથેની આનાથી મોટી કોઈ છેતરપીંડી જે કેન્દ્રીય બજેટમાં કરવામાં આવી છે એના જેવી બીજી એકપણ ન હોઈ શકે. કેન્દ્રીય અંદાજપત્રની વાત બહુ કરવા જેવી નથી.

ત્યારપછી હું ૧૦ મી પંચવર્ષીય યોજનાનો આપણો જે લક્ષ્યાંક આપ્યો હતો, તે લક્ષ્યાંકની સામે ખર્ચની જે સિદ્ધિ આપણે હાંસલ કરી તેની વાત કરવા માગુ છું. ૪૭ હજાર કરોડ આપણે ખર્ચવાના હતા, તેની સામે ૪૯૪૧૫.૫૪ કરોડ રૂપિયા ખર્ચ્યા. એટલે ૧૦૫.૧૩ ટકા. મોટા ભાગના રાજયો એમની ફાળવણીની જોગવાઈ ખર્ચી શકતા નથી. એની સામે ૧૦૫ ટકા ખર્ચ ૧૦ મી પંચવર્ષીય યોજનામાં કર્યો. એ તો નાણા હતા તો ખર્ચ કર્યો, કયાંથી કર્યો. તિજોરી ખાલી હોત તો ન થઈ શકત. ૧૯૯૦ થી ૧૯૯૫માં જે રાજય ચાલ્યુ, તેમાં તિજોરીનું તળિયું પણ વેચાઈ ગયું હતું. તિજોરીને તળિયું પણ બચ્યું નહોતું. એ પ્રકારની વ્યવસ્થામાંથી બહાર આવીને આ રાજયના નાણા તંત્રને સંગીનતા બક્ષવાનું કામ કરીને રેકોર્ડ બ્રેક બજેટ આપ્યુ છે, એટલું જ નહીં, રેકોર્ડ બ્રેક સંગીનતા પણ આપી છે, એ વાતમાં હું માનનીય નાણામંત્રીશ્રીને આપના દ્વારા અભિનંદન આપવા માગું છું. એટલા માટે આ અંદાજપત્ર લઈને નાણામંત્રીશ્રી આવ્યા છે, તે મારા મત પ્રમાણે એક કરતા વિશિષ્ટ કારણોસર અભિનંદનને પાત્ર છે.

કરની આવકની વાત કરીએ તો ૧૯૯૫-૯૬માં ૫૩૨૩ કરોડની આવક હતી. ૨૦૦૭-૦૮માં ૨૧૪૭૩ કરોડ થઈ. એટલે ૧૨ વર્ષમાં કરવેરાની આવક ૪ ગણી વધી છે. આ કરવેરા નાંખ્યા પહેલાની વાત અત્યારે કરું છું. અત્યારે જે વાત ચાલી રહી છે એના સંદર્ભમાં આ વાત હું એટલા માટે કરવા માગું છું કે કરવહન અને કરવેરાના માળખાનું વ્યવસ્થાપન એ વેપાર ધંધાનો આટલો વિકાસ થવાના કારણે થયો. કરવેરાની આવક વધી, એનો અર્થ શું? એનો અર્થ એ કે રાજયનું અર્થતંત્ર પ્રગતિ કરે છે. એનો અર્થ કે આપણે આ સમય દરમ્યાન પ્રગતિ કરી છે. સારી વસૂલાત આવી છે, એનો અર્થ કે અગાઉ જે લોકો કરવેરા ભરતા નહોતા એમને કરવેરા ભરતા કરવામાં આવ્યા છે. એટલા માટે આ થયું છે.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ સામાજીક સેવાઓ પાછળ અને ગરીબ માણસો પાછળના ખર્ચની ચિંતા કરી. હું એમને કહેવા માગું છું કે અમે તો કહીએ છીએ તે કરીએ છીએ. અને એના કરતાં પણ કંઈક અંશે વિશેષ કરીએ છીએ. એટલે સામાજીક સેવાઓ પાછળના ખર્ચમાં ૨૦૦૪-૦૫માં ૯૩૦૩ કરોડ સામે ૨૦૦૮-૦૯માં ૧૬ હજાર કરોડ, એટલે કે પોણા બે ગણો વધારો કરવામાં આવ્યો છે. ગરીબ માણસોની સાચે સાચી વાત કરતા હોઈએ તો ૭૫ થી ૮૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, આ વર્ષે સામાજીક સેવાઓ પાછળ ૪૨.૫ ટકા બજેટ વાપરવાનું છે, એના કારણે હું મારા જ વિભાગની વાત કરું. વિગતવાર વાત તો મારા વિભાગની માગણીઓ પરની ચર્ચા વખતે કરીશ, પણ મારા વિભાગમાં કેન્દ્ર સરકારે, જો સરખામણી કરવી હોય તો આરોગ્ય ખાતાના બજેટમાં ૨૦ ટકા કરતાં પણ ઓછો વધારો કર્યો છે, જયારે રાજય સરકારે મને કહેતા આનંદ થાય છે કે મારા ખાતાના બજેટમાં ૪૨.૫ ટકાનો વધારો કર્યો છે which is one of the highest amongst last so many years, sir. એટલે નીરોગી બાળકથી માંડીને આવનારા સમયમાં સામાન્ય માણસની સુખાકારીનું કામ કરવાના છીએ. જેને અમે હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસ કહીએ છીએ. આ હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસની દિશામાં આ બજેટ મહત્વનું પ્રદાન કરનારું બજેટ બની રહેવાનું છે. કૃષિ અને સહકાર વિભાગમાં ૯૪૧ કરોડ, ગ્રામ વિકાસ વિભાગમાં ૪૪૯ કરોડ, આરોગ્યમાં ૮૨૪ કરોડ, અનુસૂચિત જાતિમાં ૯૮૩ કરોડ, અનુસૂચિત જનજાતિમાં ૨૯૩૩ કરોડ અને સાગરખેડૂ માટે ૮૯૫ કરોડ રૂપિયાની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધી બાબતો જોઈએ અને છેલ્લા ૩ વર્ષથી જે રીતે સાતત્યપૂર્ણ રીતે નર્મદા યોજનાના બજેટમાં જોગવાઈમાં સતત વધારો કરવામાં આવી રહયો છે તે જોઈએ તો સિંચાઈથી માંડીને આરોગ્ય સુધીના દરેક ક્ષેત્રમાં સામાન્યમાં સામાન્ય માણસને લાભ કરે છે, એને લાભ કરવા માટે બજેટમાં પૂરતી જોગવાઈ કરી છે અને એટલા માટે આ બજેટ આવકારવાપાત્ર છે. સામાન્ય માણસના હિત સાથે લેવાદેવા, સામાન્ય માણસના હિતમાં રહયું છે અને એટલે એણે આ બજેટને આવકારવું જોઈએ એવું મારું નમ્ર મંતવ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી નકારાત્મક પ્રચાર અને નકારાત્મકતામાંથી કોઈ જઈ શકતું નથી. થોડા દિવસ પહેલાં એક દ્રશ્ય મેં જોયું એની વાત સાથે હું મારી ચર્ચાનું સમાપન કરવા માગું છું કે હું સિધ્ધપુરથી અમદાવાદ આવી રહયો હતો, રાતના ૨-૩૦ નો સમય હતો. સિધ્ધપુરથી અમદાવાદ આવતાં રસ્તામાં ઉંઝા આવે છે ત્યાં આગળ રાતના ૨-૩૦ વાગ્યાના સુમારે ઊંઝાના બસ સ્ટેન્ડ ઉપર બસ આવીને ઉભી રહે છે અને એમાંથી રાા પેસેન્જર ઉતરે છે એમાં બે બહેન એમાં એક બહેન મોટી ઉંમરનાં અને બીજાં નાની ઉંમરનાં એ એમની દીકરી કે વહુ હોઈ શકે છે અને એક નાની દીકરી છે. આ રાા પેસેન્જર એ રાતના ૨-૩૦ વાગ્યે બસમાંથી ઉતરીને લહેરથી પોતાની બેગ લઈને ચાલતા ચાલતા ગામમાં જવા નીકળે છે. તો આ દ્રશ્ય એ માત્રને માત્ર ગુજરાતમાં જ જોવા મળી શકે, બીજા કોઈ રાજયમાં કે બીજી કોઈ જગ્યાએ જોવા મળી શકે નહીં. તો આ રીતે કાયદો અને વ્યવસ્થાની જે પરિસ્થિતિ ગુજરાતમાં ચાલે છે, જે રીતે ગુજરાતમાં બહેનો અને દીકરીઓ સલામત છે એ પ્રકારની સલામતી અન્ય રાજયોમાં શકય નથી અને એ પરિસ્થિતિમાં જયારે આ પ્રકારની પરિસ્થિતિ છે, જયારે આપણે એકબાજુ દરેકે દરેક ધારાસભ્ય મિત્રને એમ લાગે કે મારા વિસ્તારમાં કોઈને કોઈ વિકાસનાં કામો થાય, મારા વિસ્તારમાં વધારે પૈસા ખર્ચાય, મારા વિસ્તારમાં વધારે સારા રસ્તા થાય ત્યારે જે વિસ્તારમાં પહેલાં જઈ શકાતું નહોતું, જે વિસ્તારમાં ઘંટ વાગતો હોય, પરંતુ ઓરડા અને શિક્ષક નહતા અને જયાં શિક્ષક હોય ત્યાં લીમડા અને વડ નીચે બેસીને બાળકોને

ભણાવવાં પડતાં હતાં એવાં આંતરિયાળ ગામોમાં પણ આજે શાળાઓ છે, ઓરડાઓ છે, ઘંટ વગાડનાર છે અને નિશાળના ઓરડા પણ થયા છે અને એક લાખ કરતાં વધારે વિદ્યા સહાયકોની ભરતી કરીને શિક્ષકોની ઘટ પૂરવાનો પૂરો પ્રયત્ન થયો છે આ એક હકીકત છે અને આ એના આંકડા છે. તો આ હકીકત અને આંકડા છે એને સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી. એકબાજુ સવલતો જોઈએ છે, એકબાજુ રાજયનો વિકાસ થાય એમ ઈચ્છીએ છીએ, રાજયના વિકાસમાં વધુ નાણા વપરાય અને ગરીબ માણસોની સુખાકારી વધે, તેમના માટે દવાખાનાં અને પીવાના પાણીની સવલત જોઈએ છે અને બીજી બાજુ નાણામંત્રીશ્રીએ કરવેરા નાખવા ના જોઈએ એમ ઈચ્છે છે. તો આ વાઘ પડે તો પણ હું જીત્યો અને કાંટો પડે તો પણ હું જીત્યો એ બન્ને તરફની બેધારી વાત છે. એટલે ખરેખર પ્રજાના હિતમાં વાત કરતા હોય તો હું કહું છું કે માનનીય નાણામંત્રીશ્રી પૈસાને જયાંસુધી લાગેવળગે છે ત્યાં સુધી તેમની સાથે માનનીય શકિતસિંહજીની શકિતને જોડે, તેમના નામમાં જ શકિત રહેલી છે એટલે આ શીપબ્રેકિંગ ઉપર આફત આવી છે જેના કારણે હજારો કારીગરો બેકાર બનવાના છે અને તેમના ઘર આંગણે આ થઈ થવાનું છે જેના કારણે રાજય સરકારને કેન્દ્ર સરકાર માત્ર ૬ હજાર કરોડ રૂપિયા આપીને બેસી રહે, કુલ ૧૦ હજાર કરોડ રૂપિયા જ મળે છે અને ૧૦ હજાર કરોડ રૂપિયા તો આપણે ત્યાંથી લઈ જાય છે અને બીજા ૧૦ હજાર કરોડ રૂપિયા આપવા પડે એ આપે તો નાણામંત્રીશ્રીએ ૮૮૦ કરોડ રૂપિયાના કરવેરા નાખવાની જરૂર ના પડે. I would frankly propose that let us go and plead before the Government of India to give us money.તો જો આ ૧૦ હજાર કરોડ રૂપિયા જે રીતે વધારે ઉદારતાપૂર્વક ઉત્તર પ્રદેશને આપવામાં આવે છે એ રીતે આપે તો મને લાગે છે કે આ કરવેરા નાખવાની જરૂર ના પડે. ઉલટું કરવેરા નાખ્યા વિનાનું સરપ્લસ રાજય બની જાય. તો આ પરિસ્થિતિમાં માનનીય નાણાંમંત્રીશ્રી જે બજટ લઈને આવ્યા છે એમાં નાણા વ્યવસ્થાપનની કોઈપણ પેરા મિટરની ચકાસણી, નાણા વ્યવસ્થાપન ઉપરનો કોઈપણ નિર્દેશક અને સૂચક આંક લઈએ તો મને લાગે છે કે આ બજેટ સાર્વત્રિક આવકારને પાત્ર અને ખૂબ જ સક્ષમતાથી તૈયાર કરેલું છ અને એ જ સક્ષમતાનો અહેસાસ કરાવનારું બજેટ છે, આવતીકાલનો વિકાસ જે દિશામાં ગુજરાત જવાનું છે એને પોષનારું આ બજેટ છે. એટલે આ જે અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે એને હું દિલથી સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી, ૨૦૦૮-૦૯ નું બજેટ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, અમે ગામડાંના માણસો. આવી આ જે કંઈ માનનીય નાણા મંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે એમાં જુદા જુદા આંકડાઓ મૂકાયા છે તે આંકડાકીય માયા જાળમાં અમને ખબર પડે નહીં. અને ગામડાં વાળા એમ કહે કે ૪ પૈસા હતા એમાંથી એક પૈસો, એટલે એક પૈસામાં શું વળી, પાંચ પૈસા થયા, એટલે ગામડાંના લોકો એમ કહે કે એક પૈસો વધ્યો એટલે એનાથી કંઈ બહુ ફેર ન પડે. માનનીય અધ્યક્ષશ્રી, એ તો ઠીક, પણ તેની સાથે સાથે એ સિવાયની વસ્તુ હતી એક પૈસો એટલે કેટલા ટકા? મારા નેતાશ્રીએ આ વાત કરી છે એટલે વિશેષ વાત હું એમાં કરવા માગતો નથી, એ સિવાયની વસ્તુ છે તે વેરા ઉપર પણ ૨.૫ પૈસા જેવો ઉમેરો કરીને વધારાનો વેરો લેવાની જોગવાઈ કરી છે. આને કારણે હમણાં માનનીય નાણા મંત્રીશ્રી વાત કરી રહ્યા હતા, મારે એમને પણ પછી વાત કહેવી છે, ધીમે ધીમે આપણે સૌ કોઈ ઈચ્છીએ કે રાજ્યનો વિકાસ થાય, વિસ્તારનો વિકાસ થાય, ગામડાંનો વિકાસ થાય, સૌ કોઈ ઈચ્છીએ છીએ. પણ તેના કારણે કરવેરા અને આડટેકસ નાખવામાં આવી રહ્યા છે તેના કારણે જે પરિસ્થિતિ જે અમે જોઈ રહ્યા છીએ તે એવી પરિસ્થિતિ ઉભી થઈ રહી છે કે ગરીબ માણસ વધારે ગરીબ અને આર્થિક સંપન્ન માણસ વધારે ધનવાન થતો જાય છે. બન્ને વચ્ચેની જે ખાઈ છે, જે ગેપ છે તે વિસ્તરતો જાય છે. આપણે ચોક્કસ એમ કહી શકીએ અને આંકડાઓ પણ બોલે છે કે ટકાવારીની દ્રષ્ટિએ ગરીબી ઘટી છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, વાસ્તવીક રીતે ગરીબોની સંખ્યા વધી છે. ટકાવારીમાં ભલે કહીએ કે ગરીબી ઘટી છે. પણ વાસ્તવમાં ગરીબ લોકોની સંખ્યા વધી છે. આવતા દિવસોમાં બે-એક વર્ષમાં રાજયની અંદર જાહેર દેવું છે તે લગભગ ૧ લાખ કરોડ જેવું થવા જાય છે અને એવો અંદાજ છે કે એટલે સુધી પહોંચશે. આપણે ત્યાં કહેવત છે કે દેવું કરીને પણ ઘી પીઓ, એમ વિકાસ માટેની વિવિધ યોજનાઓ હોય, અને રાજયનો વિકાસ થાય, વિવિધ વિભાગોમાં તેના માટે અલગ અલગ નાણાં ફાળવવામાં આવે અને દરેકનો વિકાસ થાય એમ સૌ કોઈ ઈચ્છીએ છીએ, પણ આપણે ગ્રામ્ય વિસ્તારના અને ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ધ્યાનમાં રાખીને જોગવાઈઓ કરી હોત તો ચોકકસ માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેની સાથે અમે સંમંત થાત. અમારા માનનીય નાણા મંત્રીશ્રી સૌરાષ્ટ્રના છે, જમણાં હાથે ડાબો કાન પકડાવતા સારું ફાવે છે, અને અમે તેની પાસેથી શીખ્યા પણ છીએ, કારણ કે મારા જિલ્લાના છે, મારે ફકત એક વાત એટલા માટે અહીં ધ્યાન ઉપર મુકવી છે, ૨૧મી ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ ગુજરાત ઉર્જા નિયંત્રણ પેટે ફયુઅલ ચાર્જ યુનિટ દીઠ ૧૨ પૈસા લેવામાં આવતો હતો એમાં ૧૮ પૈસાનો વધારો, એટલે હવે ૩૦ પૈસા લેવાશે., આ રાજયની પ્રજા ઉપર રૂા. ૬૩૦ કરોડ જેવો બોજો પડવાનો છે. સમજયા, પણ તેની સામે સુવિધા ઉભી કરવા માટેની જોગવાઈ કરી હોત તો એમા પણ વાંધો ન હોઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર અમે ગામડાંમાં જઈએ છીએ ત્યારે અમારા ગામડાંના લોકો એમ કહે છે કે સાહેબ અમે ૧૬ વર્ષ પહેલા વીજ કનૅક્શન માટે દોઢસો રૂપિયા ભરેલા છે તો અમને વીજ જોડાણ મળશે કે કેમ? ૧૯૯૧માં વીજ જોડાણની માગણી કરીને લાઈનમાં ઊભા છે એ વાત આજે ભૂલાઈ ગઈ છે. ત્યારપછી ૨૦૦૪માં તત્કાળ યોજનાની જાહેરાત કરવામાં આવી. તત્કાળનો અર્થ શું એની વ્યાખ્યા કરતાં અમને ન આવડે? આ

યોજનામાં અરજી કરનાર ખેડૂતો એમ કહે છે કે આમાં અમારો વારો ક્યારે આવશે. એ પછી ત્રીજી એક વાત ઊભી થઈ ડ્રીપ ઈરિગેશનની, સારી વાત છે અમે પણ સ્વીકારીએ છીએ. એના મારફતે વીજ જોડાણ આપવાની વાત થઈ. જૂના બધા ભૂલાઈ ગયા. તમે આવડી મોટી રકમ કર મારફતે ખેડૂતો પાસેથી કે પ્રજા પાસેથી ફયુઅલ ચાર્જ તરીકે વસૂલ કરવાના છો એ સમયે કોઈ પૅકેજ મૂક્યું હોત કે જે વીજ જોડાણ માટેનો બેકલોગ ખેંચાતો આવે છે એને સરભર કરવા માટે અથવા તો માગે એને મળે જે રીતે ઉદ્યોગોમાં વીજ જોડાણ આપવામાં આવે છે એ દરે આપવામાં આવે. આ માંગ પૂરતું પૅકેજ મૂક્યું હોત તો ચોક્કસ આનંદ થાત અને ચોક્કસ ખુશી વ્યક્ત કરત કે માનનીય નાણામંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા છે એને સમર્થન પણ આપત. આ વાત બાજુ ઉપર મૂકીને મને એટલા માટે કહેવાનું મન થાય છે કે વીજ ચોરી જે કોઈ કરે એના પ્રમાણમાં એને સજા થાય, દંડ થાય પરંતુ એની પાછળ જે ચાલી રહ્યું છે જેમાં ખેડૂત ઉપર પોલીસ કેસ થાય, પોલીસ કેસ પાછળ શું થાય એ જિલ્લા મથકે પોલીસ કચેરી હોય ત્યાં એને બોલાવવામાં આવે. બોલાવીને એને ધમકાવવામાં આવે કે તને બે-ત્રણ દિવસ કસ્ટડીમાં પૂરી દઈશું, એની પાછળ ખેડૂતનું આર્થિક શોષણ થાય છે. બજૅટની અંદર આ વીજ જોડાણ માટેના પૅકેજની કોઈ જાહેરાત કરી હોત, વધારાનો કર નાખીને પણ આવું પૅકેજ દાખલ કરીને ખેડૂતોને વીજળી જોડાણ અથવા બેકલોગ જે ખેંચાઈ આવે છે એને સરભર કર્યો હોત તો ખુશી થાત.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી વાત કરી રહ્યા હતા, એ વાતને સમર્થન તો આપીશ. ચોક્કસ આરોગ્ય ક્ષેત્રે ૪૨ ટકા જેવો વધારો કરવામાં આવ્યો છે, ખૂબ સારી વાત છે અને જરૂરી પણ હતું. મારો જૂનો ગામડાંનો અનુભવ, ગામડાનું મારુ જીવન, થોડો સમય હું શહેરમાં રહ્યો, માનનીય વજુભાઈના પડોશમાં રહ્યો, હું એટલું ચોક્કસ કહીશ કે અમુક ક્ષેત્રમાં આરોગ્ય સુવિધા વધી, સગવડો વધી છે એમાં કોઈ ના નથી. પરંતુ ભુતકાળમાં જે ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યની સગવડો હતી એ બંધ થતી જાય છે. હું દાખલા સાથે કહેવા માગું છું. મેં એનો અનુભવ પણ કરેલો છે. આજે ગ્રામ્ય કક્ષાએ પી.એચ.સી. અને સી.એચ.સી.ની દુર્દશા જોઈએ તો એમાં કાં ડોકટર ન હોય, ડોકટર ભૂલથી મુકાઈ ગયો હોય તો નીચેનો સ્ટાફ નર્સ વગેરે ન હોય. લેબ ટેકનેશ્યન ન હોય, એકસરે ટેકનેશ્યન ન હોય, કાં તો દવા જ ન હોય એથી પૂરતું નથી પણ હમણાં છેલ્લા વર્ષમાં ધારાસભ્યશ્રીઓ તરફથી પ્રજાના પ્રતિનિધિઓ તરફથી સરકારમાં રજૂઆતો થઈ ત્યારે જે આરોગ્યના દવાખાના હતા એ બંધ થઈ ગયા, આરોગ્યના દવાખાના હતા એમાં બી.એસ.એમ.ની ડીગ્રીવાળા ડૉકટરો મૂકવા જોઈએ પરંતુ જે એલોપેથીના દવાખાના હતા પી.એચ.સી. માં એમાં આયુર્વેદના ડોકટરો મૂકવામાં આવ્યા છે. જૂઓ તો ખરા કેવી સ્થિતિ કે જે એલોપોથીની દવા વાપરી શકે નહિ. એવી જગ્યાએ ત્યાં ડૉકટર તો આયુર્વેદના. તેણે ત્યાં જઈને કામ શું કરવાનું? તો કહે કે પાટાપિંડી કરવાના, ત્યાં દવા તો આપવાની નહીં, કારણ કે તેના હાથ તો બંધાયેલા છે. કાયદામાં આ જોગવાઈ છે. ફક્ત એટલું કહી શકાય કે આરોગ્યની સુવિધાઓ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરની નિમણૂંક કરીને સંતોષ માની શકાય, પરંતુ તેથી આરોગ્યની ગ્રામ્ય કક્ષાએ સગવડતા ઉભી થવી જોઈએ તે તેને મળતી નથી. ખૂબ દુ:ખની વાત. હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને બીજાં એક-બે સૂચનો તેમના ધ્યાન ઉપર એટલા માટે મૂકવા માગું છું કે ૪૨ ટકા વધારાની જોગવાઈ કરી છે તેમાં થોડો સમાવેશ કરે. રોગી કલ્યાણ સમિતિની વાત સો કોઈએ સ્વીકારે. કારણ કે જો એ સમિતિ હોય તો તેના ઉપર પણ દેખરેખ રાખે. નીચેનું વ્યવસ્થાતંત્ર વ્યવસ્થિત રીતે ચાલે. ગયા એક વર્ષમાં ૨૩, ૮૨, ૬૬,૦૦૦ રૂપિયા આ રોગી કલ્યાણ સમિતિઓએ આવક એકઠી કરી. તેમાંથી શું લેવાનું છે? તો ક્યાંક ફર્નીચર લેવાનું, લીનન લેવાનું, ક્યાંક દવાખાનામાં બાકીની સગવડતાઓ ઘટતી હોય, આ તો આપણી જવાબદારી છે. આપણે ફર્નીચર વગેરેની સુવિધાઓ માટે બજૅટમાં જોગવાઈ કરવી જોઈએ. તેના બદલે ગરીબ દર્દીઓ છે, જે સુવિધાઓ નથી, ભલે યુઝર્સ ચાર્જીસ લેવાય પણ બધાની પાસેથી લેવાની આ યોજના દાખલ કરી છે. તેના કારણે આ પૈસા એકઠા કરીને આપણે શું કરવું છે? આપણી તો ફરજ છે. આરોગ્ય વિષયક, શિક્ષણને લગતી, આરોગ્યને લગતી જે અન્ય સુવિધાઓ જે રાજય સરકારની ફરજમાં આવે છે. રાજય સરકારે સગવડતા ઉભી થાય તેના માટેના પૂરા પ્રયત્નો કરવા જોઈએ. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારે બે-ત્રણ વિભાગની વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી :** શ્રીમતી વસુબેન.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુણવંતી ગુજરાતના આ સન્માનનીય સભાગૃહ સામે વર્ષ ૨૦૦૮-૦૯નું અંદાજપત્ર ૧૩મી વખત માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા લઈને આવ્યા છે અને અનોખા-આગવા અંદાજથી તેમણે રજૂ કર્યું છે. હું તેમને ખૂબ-ખૂબ હૃદયપૂર્વક અભિનંદન આપું છું. વિપક્ષો ગયા વખતે ૧૨મી વખત જ્યારે અંદાજપત્ર રજૂ કરતાં હતા ત્યારે બારમું થઈ જશે અને સામે નહીં આવો એવી વાતો કરતા હતા. આજે બારમું કે તેરમું કશું પણ પૂરું ન કરી શક્યા અને ગુજરાતની સ્વાભિમાની જનતાએ માનનીય મુખ્યમંત્રીશ્રીની વિકાસયાત્રાને વધુ જોશીલી બનાવવા માટેનું પ્રોત્સાહન આપ્યું છે. ૨૦૦૮ના પ્રારંભમાં વિશ્વની શ્રેષ્ઠ પરંપરાઓને પહોંચી વળવા સંકલ્પ અને સાધનોથી સજજ એવું આ અંદાજપત્ર મને લાગ્યું છે. શહેરી વિસ્તારો હોય, ગામડું હોય, વનવાસી કે આદિવાસી પટ્ટો હોય, માછીમારીનો વિસ્તાર હોય કે આખું ગુજરાત હોય, આ રાજય સરકારની વિકાસ યાત્રાને એક ઐતિહાસિક સમર્થન સાંપડયું છે સમગ્ર ગુજરાતની જનતાનું. ૨૦૧૦નું ગુજરાત રાજય પોતાની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ કરવાનું છે. આ પ્રસંગે "સ્વર્ણિમ જયંતિ" ઉજવવાનું સરકારે નક્કી કર્યું છે ત્યારે સમગ્ર રાજય માટે આ એક મહામૂલો અવસર અવશ્ય બનવાનો છે. મને લાગે છે કે અંદાજપત્રમાં આ

બાબતોનો પણ વિચાર કરવામાં આવ્યો છે. સતત ત્રીજા વર્ષે મહેસૂલી પુરાંત દર્શાવતું આ બજૅટ રૂપિયા ૫૨,૦૦૦ કરોડે પહોંચ્યું છે. ૬૧.૮ ટકા નાણાં વિકાસલક્ષી ખર્ચમાં વાપરવાના છે. કેન્દ્ર સરકારની અબાધિત આવક હોય છે અને અબાધિત આવક હોવા છતાં પણ ૩૦ ટકા પણ વિકાસ પાછળ ખર્ચ કરી શકતાં નથી. એક નાનકડું ગુજરાત સીમિત આવકમાં પણ ૬૨ ટકા નાણાં ખર્ચે એ બાબત પણ અભૂતપૂર્વ છે એમ કહી શકાય. આ અંદાજપત્રમાં ગુજરાત વિકાસની દિશામાં ચોક્કસપણે વેગવંતુ બનશે તેના માટેના નક્કર પગલાં મને જણાય છે. ૨૦૦૮-૦૯ માટેની વાર્ષિક યોજનાનું કદ ૧૯,૦૩૦ કરોડ નક્કી કરવામાં આવ્યું છે. તેમાં સામાજિક સેવાઓને અગ્રતાક્રમે રાખવામાં આવી છે. કેન્દ્ર દ્વારા જે બજૅટ રજૂ થયું, વિદેશી મૂળની ભકિતગ્રસ્ત માનસિકતાવાળું કોમવાદી ચૂંટણીલક્ષી બજૅટ મને લાગ્યું છે. કોમવાદી ચૂંટણીલક્ષી બજૅટ છે. આ બાબત આપણાં સૌનું દુર્ભાગ્ય છે. ભારતની લોકશાહી માટે દુ:ખદ છે. હું કેન્દ્રના બજૅટ સાથે કાંઈ તુલના કરવા માગતી નથી. આવી તુલનાત્મક વાત કર્યા વગર મારે નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ જે બજૅટ રજૂ કર્યું છે એની કેટલીક પ્રશંશાપાત્ર બાબતો છે એના તરફ ધ્યાન દોરવા માગું છું. રાજયના મુખ્યમંત્રીશ્રીએ અને એમની આખી ટીમે ગયા પાંચ વર્ષ દરમિયાન પંચામૃત યોજના અને એના સિદ્ધાંતોના કારણે કામ કર્યું. વીતેલા પાંચ વર્ષ પ્રગતિ, પુરુષાર્થ અને સામર્થ્યપૂર્ણ વિતાવ્યા અને સર્વશ્રેષ્ઠ ૧૦.૭ ટકા વિકાસ દર પ્રાપ્ત કર્યો છે. જે વિકાસ દર રાષ્ટ્રીય વિકાસ દર કરતાં ઘણો ઊંચો છે એ વાત ગૃહે ધ્યાનમાં લેવી જોઈએ. ૨૦૦૦થી ૨૦૦૭ના સમયમાં ગુજરાતે પ્લાનીંગ કમિશને આપેલ ૧૦ ટકાના જી.ડી.પી. ગ્રોથની સામે આ દર વટાવીને ૧૦.૬૭ ટકા વિકાસ દર હાંસલ કરીને સર્વશ્રેષ્ઠ વિકાસ દર હાંસલ કર્યો છે એ બદલ ખાસ કરીને રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર કૉંગ્રેસની સરકારો ચોતરફથી નિષ્ફળતાના કારણે કંગાળ દેખાતી હતી ત્યારે આપણા રાજયમાં વિકાસ ઘણો થયો છે એમ ચોક્કસપણે કહી શકાય. એક સ્વયંસિદ્ધા યોજના કેન્દ્રપુરસ્કૃત યોજના હતી. બહેનો સમર્થ બને, બહેનો સક્ષમ બને, બહેનો પગભર બને, બહેનો રોજગારી મેળવતી થાય આ વાત આ યોજનામાં હતી. ગુજરાતે ઘણું બધું કર્યું. આ વખતના બજૅટમાં આ યોજનાને ૨૦૦૮ સુધી જ મંજૂરી મળી છે અને આવતા વર્ષ માટે કોઈ વાત કરવામાં આવી નથી. મહિલા વિકાસની વાતો કરનાર વિપક્ષીઓને મારે કહેવું જોઈએ કે, આવી મહત્ત્વની યોજના હતી એ કેન્દ્ર પુરસ્કૃત યોજના હતી એ બંધ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહ વિભાગની વાત કરવી છે. આપણે ગૃહ વિભાગ પાસે ઘણી બધી અપેક્ષાઓ રાખીએ છીએ અને રાખવી જોઈએ એ સ્વાભાવિક છે. ગૃહ વિભાગના કેટલાક સ્થાનો કેટલા સજ્જધજ્જ છે એનો પણ વિચાર કરવો જોઈતો હતો. ૨૦૦૭-૨૦૦૮ની અંદર પોલીસ વડી કચેરીઓમાં બટન કૅમૅરા, વેબ કૅમૅરા, ડાયરી કૅમૅરા, ડેસ્ક કેમેરાથી સુસજ્જ કરી હતી. માત્ર વડી કચેરીઓને નવી ટૅક્નીકથી આવરી ટી.એફ.ટી. કમ્પ્યુટર મૂકી અને ૨૦૦૮-૨૦૦૯ વર્ષમાં તમામ પોલીસ સ્ટેશનો કમ્પ્યુટરથી સજ્જ થશે એવી જોગવાઈ કરી છે એ અભિનંદનીય વાત છે. અગિયારમી પંચવર્ષીય યોજના ૨૦૦૭-૨૦૧૨ માટે કુલ ૧૨૯૦ કરોડ રૂપિયાની જોગવાઈ ગૃહ વિભાગ માટે કરી છે. અને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં ૭૦ લાખની જોગવાઈ કરી છે એ ખૂબ પ્રશંસાની બાબત છે. નશાબંધીની સફળતા માટે જન સમુદાયમાં જાગૃતિ લાવવાના હેતુથી તા. ૨ થી ૮ ઑક્ટોબર આપણે હરહંમેશ નશાબંધી સપ્તાહ ઉજવતા હોઈએ છીએ. ,પણ નશાબંધી સંસ્કાર કેન્દ્રો બને, નશાબંધીની સઘન ઝુંબેશ માટે એની દસ્તાવેજી વિડિયો ફિલ્મો બનાવી સમાજનું જાગરણ કરવાથી સામાજિક અને આર્થિક વિકાસમાં કેટલો ફાયદો થવાનો છે એ લોકોના ધ્યાનમાં તે આવવાનું છે. મારે એક વાત કરવી છે. કાલે કોઈ મિત્ર નશાબંધી અને દારૂબંધીની વાત કરતા હતા. હું ચૂંટણી લડતી હતી ત્યારે કૉંગ્રેસના મિત્રો પછાત વિસ્તારમાં જઈને એવો પ્રચાર કરતા હતા, આ એમના પ્રચારનો એક ભાગ હતો. બહેન ચૂંટણી લડે છે, બહેન ચૂંટણી જીતી જશે તો તમારા વર કે દીકરાઓ દારૂ પીને આવશે ત્યારે બહેન તમને અડધી રાત્રે મદદરૂપ નહીં થઈ શકે દિવસે પણ તમને મદદરૂપ નહીં થઈ શકે. નશાબંધીની વાતો એક તરફ પ્રચારનું માધ્યમ અને ગુજરાત સરકાર ઉપર આક્ષેપ કરે છે એ કેટલું કોન્ટ્રાવર્સી દેખાય છે. ગયા વર્ષે ગાંધી યાત્રાનું આયોજન વિપક્ષ દ્વારા થયું હતું એ વખતે નડિયાદની ભાગોળમાં શું થયું હતું એ સૌ જાણે છે એની વાત ન કરીએ તો સારું છે. દારૂના નશાના કારણે અનેક ઘર હોમાયા છે, અનેક બહેનો એનો ભોગ બની છે. કેટલાય કુટુંબો પાયમાલ થઈ ગયા છે. એમાં ઘણું કહી શકાય એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આપત્તિ આવે, ધરતીકંપ આવ્યો, વાવાઝોડું આવ્યું, માનવ સર્જિત આફતો વખતે પણ શ્રેષ્ઠતમ કલ્યાણકારી પગલાં લઈ નાગરિક સંરક્ષણ તંત્ર સક્રિય કામગીરી બજાવતું હોય છે. ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન સિવિલ ડિફૅન્સ કેટેગરીમાં ટાઉનને અદ્યતન બનાવવા માટેની વાત આ અંદાજપત્રમાં થઈ છે. હું ખરેખર વજુભાઈ વાળાને અભિનંદન આપું છું કે આપણા રાજયની પરિસ્થિતિ ગ્લોબલ વોર્મિંગ, ગ્લોબલ કુલીંગ જ્યારે થઈ રહ્યું છે ત્યારે આ વાતો ધ્યાને લેવી આવશ્યક છે.

૨૦૦૭-૨૦૦૮ની સિદ્ધિઓ ગૃહ વિભાગ ની જોઈ છે ત્યારે ૨૦૦૮-૦૯ની દરખાસ્ત જે અંદાજપત્રમાં કરી છે એ ખરેખર આવકારદાયક છે. કાલે એક વિપક્ષી સાથી સભ્ય દારૂ પીવાથી પેટના કીડા મરે એવું કંઈ ઉદાહરણ આપતા હતા.

અધ્યક્ષશ્રી :એવા જવાબ કરતા આજે જે ચર્ચા થાય છે એને ઉંચી લઈ જાવને.

શ્રીમતી વસુબેન ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ શિક્ષક છું અને મને ખબર પડી કે તેઓ શાળાના આચાર્ય છે. આવી વાત આદિવાસી વિસ્તાર માટે કરવામાં આવી, મને બહુ દુ:ખ લાગતું હતું કે આવું ઉદાહરણ ગૃહમાં આપી અને કેટલું બધું ગૃહને નીચું બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

આદિવાસી કન્યાના શિક્ષણની ચિંતા કરી હોત તો આ પરિસ્થિતિ કે આવા ઉદાહરણ અહીં આપવાની જરૂર ન પડેત. આદિવાસી કન્યાના શિક્ષણની ચિંતા મારી સરકારે કરી છે. દેશની અંદર કન્યાઓને સાઈકલ આપીને ભણાવવા મોકલનાર રાજયની આ પ્રથમ સરકાર છે. અત્યાર સુધી જો વિચાર થયો હોત તો આદિવાસીઓની આ દશા આજે ન થઈ હોત. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૨૦૦૯નું વર્ષ નીરોગી વર્ષ જાહેર કરીને તથા મહિલા બાલવિકાસ વિભાગનું બજેટ ગત વર્ષની તુલનાએ ૭૨.૪૧ ટકા વધારીને રાજયમાં માનવ વિકાસ સૂચકઆંક HDI ઉંચે લઈ જવા ઉપર ભાર મૂક્યો છે અને એના માટે વિશેષ કરવાનું પણ વિચારાયું છું. હમણા જ ઑકટ્રૉયની વાત થતી હતી. ૨૦૦૭માં ઑકટ્રૉય નાબૂદી કરવાની વાત પછીથી ઑકટ્રૉયના વિકલ્પોની ચર્ચા ચારેકોર થતી હતી. રાજયની સરકારે નગરપાલિકાઓની ઑકટ્રૉય દૂર કરી, વિપક્ષના મિત્રોએ આ વાત એ રીતે રજૂ કરી સમાજ સમક્ષ કે નગરપાલિકાઓની આવક ઘટી જશે, પગારો પૂરા નહીં થાય, નગરપાલિકાઓમાં ખાડાખબડા થઈ જશે. એનો વિકાસ કોઈપણ સંજોગોમાં નહીં થાય અને જ્યારે મહાનગરપાલિકાની ઑકટ્રૉય રદ કરવાની વાત આવી ત્યારે મહાનગરપાલિકાની ઑકટ્રૉય રદ કરો, રદ કરો, સામાજિક સંસ્થાઓને ભડકાવીને અનેક આંદોલનાત્મક ભૂમિકા ઉભી કરી. હું વજુભાઈને અભિનંદન આપું છું કે જ્યારે ઑકટ્રૉયના વિકલ્પોની વિચારણા કરવા માટે થોડીવાર લાગતી હતી ત્યારે વજુભાઈએ સામાન્ય અને લકઝરી ચીજો પર વેટ પર એડીશનલ ટેક્સ નાખીને એક ઝાટકે ઑકટ્રૉયનો વિકલ્પ ઉભો કરી દીધો છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો વ્યવસાયવેરો નાખવાની, એને ઉઘરાવવાની અને ઉઘરાવ્યા પછી પોતાની પાસે રાખવાની સત્તાઓ પણ આપી છે. ઑકટ્રૉયની કરોડોની રકમ કોઈ સરકાર જતી ના કરી શકે. કોંગ્રેસની સરકારોએ વર્ષો સુધી શાસન કર્યુ છે. નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઑકટ્રૉય રદ કરવાનું વિચારી શક્યા હોત. કૃષિ ક્ષેત્ર માટેની જોગવાઈઓ ૨૯.૩૮ ટકા જેટલી વધારી છે. કેન્દ્રના બજેટની સાથે જરાક તુલના તો કરવાનું મન થાય. ખેડૂતોની દશા આડકતરી રીતે કેટલી ખરાબ કરી છે એ તો અહીં ખેડૂત મિત્રો છે એ પણ એનો જવાબ આપી શકશે. પશુપાલન ક્ષેત્રે કુલ નાણાની ફાળવણી ૩૬ કરોડમાંથી ૯૮.૪૮ કરોડ કરી છે. "લોકાસમસ્તા સુખીના ભવન્તુ" આ વિષયને ગળે લગાવીને આના આધાર ઉપર કામ કરતી રાજયની સરકારે વનબંધુ, સાગરખેડુ અને શહેરી ગરીબ વિકાસ યોજનામાં પણ કેટલીક વિશેષ જોગવાઈઓ કરી છે. ગયા વખતે જ્યારે આ યોજનાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મૂકી ત્યારે વાત એમ હતી કે ચૂંટણી લક્ષી આ યોજનાઓ કરી છે પરંતુ વાસ્તવમાં એ સમાજલક્ષી યોજનાઓ હતી. સમાજના વિકાસની ચિંતા કરીને આ યોજનાઓ કરવામાં આવી હતી. સમાજનો વિકાસ થાય, કોઈપણ સમાજ હોય એ સુવિધાઓથી વંચિત ના રહે, સમગ્ર સમાજના સમગ્ર સમુદાયનો વિકાસ થાય આ હેતુથી આ યોજનાઓ પણ સફળતા તરફ આગળ જઈ રહી છે. નિર્મળ ગુજરાત, ગયા વર્ષની ૧૬૮કરોડની જોગવાઈ સામે આ અભિયાન સફળ બને, અસરકારક બને તે માટે ૫૫ ટકાના વધારા સાથે ૨૬૧ કરોડની જોગવાઈઓ આમાં કરવામાં આવી છે. આપણે અમેરિકાની વાત કરીએ છીએ. અમેરિકા સ્વચ્છ છે. કોઈ ગંદુ કરતું નથી અને ગંદુ થાય તો એને સજા કરવામાં આવે છે આવી વાતો સમાજની સમક્ષ કરનારા આપણે જ છીએ. નિર્મળ ગુજરાતના કન્સેપ્ટને સમગ્ર ગુજરાતની જનતાએ સ્વીકાર્યો છે. હું જામનગર શહેરમાં રહું છું અને જામનગર શહેરમાં નિર્મળ ગુજરાતના આ કાર્યક્રમને સમગ્ર સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ સ્વીકાર્યો છે અને લોકભાગીદારીથી બોર્ડો દત્તક લઈ અને એ નિર્મળ કેમ બને એની યોજનાની અંદર પણ એ લોકો આગળ વધવાનો સહયોગ કર્યો છે. લોકભાગીદારીથી સમાજના કામો કરવાની પહેલ પણ રાજયની સરકારે કરી છે અને સમગ્ર દેશના, રાજયોના લોકો આ લોકભાગીદારીને સમજવા માટે અહીં આવે છે. દરેક વિભાગમાં સરાહનીય કામો થયાં છે. આ અંદાજપત્રમાં દરેક ક્ષેત્ર અને વિકાસને પ્રાધાન્ય આપી ગુજરાતીઓના ગ્લોબલ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવાની કટિબદ્ધતા પણ અંદાજપત્રમાં દેખાય છે. હું ફરીથી વજુભાઈને અભિનંદન આપું છું. પશ્ચિમની આંધીને નાથીને ચારિત્ર્ય નિર્માણના સાંસ્કૃત્તિક દીપકને પ્રગટાવવા માટેની વર્તમાન સમયની માંગને પહોંચી વળવા આ રાજ્યનો યુવાન વિશ્વના દેશોના યુવાનોની હરોળમાં ઊભો રહેતો થાય, ઔદ્યોગિક વિજ્ઞાનના પ્રવાહમાં ઊભો રહેવા સમર્થ બને અને એના માટે સ્કોપ જેવા કાર્યક્રમો કરાવી આ રાષ્ટ્ર નિર્માણમાં તેમનો ઉપયોગ થઈ શકે એવી યોજના થકી શૈક્ષણિક સવલતો ગુજરાતમાં ઉપલબ્ધ કરી છે. આજે સાંસ્કૃત્તિક પ્રદૂષણે સમગ્ર દેશની અંદર ભરડો લીધો છે, ત્યારે ગુજરાતમાં શૈક્ષણિક સંકુલો બને, બધી સુવિધાઓ અહીં બને, વિશ્વના લોકોએ અહીં ભણવા આવવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની તાકાત ગુજરાતમાં છે. આ સામર્થ્યને સમજીને રાજ્ય સરકાર આ દિશામાં આગળ વધી રહી છે. એટલું જ નહીં, બહેનો કૌટુંબિક પરિસ્થિતિના કારણે વધુ ભણી શકતી નથી. નવ કે દસ ધોરણ પાસ કરેલ બહેનો માટે અલાયદી આઈ.ટી.આઈ. સંસ્થાઓ ઊભી કરવાનું કામ રાજ્ય સરકારે કર્યું છે. બહેનો માત્ર ઘરમાં બેસી રહે નહીં પણ બહેનોને અલગથી નોકરી મળી રહે એના માટેની રોજગાર કચેરીઓ આ રાજ્ય સરકારે ગઈ ટર્મથી શરૂ કરી છે. હું સમગ્ર ગુજરાતની બહેનો વતી રાજ્ય સરકાર અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. બહેનોનો વિચાર આજ સુધી કોઈ સરકારે કર્યો નથી. અત્યારે માતૃશક્તિ જાગૃત થઈ આગળ વધી રહી છે એ આ સરકારમાં જ શક્ય બની શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતીઓની નાણાકીય સુઝબૂઝ વૈશ્વિક શક્તિ બને, ગુજરાતીઓની પરંપરાગત શક્તિઓનો લાભ લેવા અને ગૌરવ વધારવાના હેતુથી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ-ટેક સિટીના નિર્માણની શરૂઆત પણ આપણે કરી છે. ગુજરાતીઓમાં સુઝબૂઝ વધારે છે અને એનો ઉપયોગ કરીને આપણું ગુજરાત કેવી રીતે વધુ સમર્થ બને અથવા એવા લોકોના સામર્થ્યનો ગુજરાતના વિકાસમાં લાભ લઈ શકાય તેવા હેતુથી સરકારે આવી સિટીનું નિર્માણ કરવાનું કામ કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે, ગુજરાતને પ્રેમ કરે તે મારો આત્મા છે અને ભારતને પ્રેમ કરે તે મારો પરમાત્મા છે. આ ઉક્તિ વિચારીએ તો રાષ્ટ્રીય સમર્પણની ભાવનાથી કામ કરતી ગુજરાત સરકારની આખી ટીમના કારણે ચોક્કસ પરિણામો પ્રાપ્ત થયાં છે. ફરી ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઈકોનોમિક ટાઈમ્સના ૨૩ ફેબ્રુઆરીના અંકના એક અતિથી સંપાદક તરીકે રાજ્યના મુખ્યમંત્રીશ્રી મોદીજી હતા. એમણે ખૂબ સારી વાત કરી છે કે માર્ચ મહિનો એ આર્થિક લેખાજોખાનો મહિનો છે. આપણે ઘરમાં પણ આર્થિક લેખાજોખા કરતા હોઈએ છીએ. નવા આયોજનો અને લક્ષ્યાંકો નક્કી કરવાનો મહિનો છે. આ વાતમાં કેટલું સત્ય છે. સાથોસાથ એમણે કહ્યું કે, કેટલી કમનસીબી છે કે આ બધી બાબતો આર્થિકકારણના આધારના બદલે રાજકારણના આધારે મૂલવવામાં આવે છે. મને લાગે છે કે ગૃહમાં પણ આ થઈ રહ્યું છે. રાજકારણથી મૂલવવાથી કોઈ ફાયદો થવાનો નથી. એનાથી ઉપર ઊઠવાના પ્રયત્નો આપણે સૌએ કરવા જોઈએ. વજુભાઈવાળા, નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમને હું ફરીથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ અભિનંદનની સાથોસાથ ૫૨.૩૯ કરોડની મહેસૂલી પુરાંત સાથેનું જે અંદાજપત્ર લઈને આવ્યા છે. આ સ્થિતિ છેલ્લા ત્રણ વર્ષથી ઊભી થવા પામી છે તે માટે વિશેષ અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને હૃદયપૂર્વક આવકારું છું. હું હૃદયપૂર્વક આવકારતાંની સાથે અભિનંદન પાઠવું છું. એટલા માટે અભિનંદન પાઠવું છું કે ૧૯૬૦થી ૨૦૦૭ સુધીમાં પંચવર્ષીય યોજનામાં ૧,૦૩,૬૨૦ કરોડ ખરચી શકાયા. તેની તુલનામાં ૧૧મી પંચવર્ષીય યોજનામાં રાજ્ય સરકારે રૂપિયા ૧,૦૬,૯૧૮ કરોડ ફાળવ્યા છે. આ આંકડો આપણને સૂચવે છે કે ગુજરાત કઈ દિશામાં પ્રગતિ કરવા જઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની કેટલી મોટી હરણફાળ છે એ માનનીય નાણામંત્રીશ્રીના આ અંદાજપત્ર ઉપરથી આપણે જોઈ શકીએ છીએ. ૨૦૦૭-૦૮ના વર્ષની અંદર ૧૬૦૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક યોજના સામે આગામી વર્ષે ૧૯,૦૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે એ ૧૮.૯૩ ટકા વધારો બતાવે છે કે રાજ્ય કઈ દિશામાં પ્રગતિ કરી રહ્યું છે. આખો દેશ ગુજરાત તરફ મીટ માંડીને બેઠું છે. ગુજરાતની પ્રગતિ હિન્દુસ્તાનના અન્ય રાજ્યો માટે એક ઉદાહરણરૂપ બની રહી છે ત્યારે એકે એક વિષય જોઈએ તો શિક્ષણની અંદર ૧,૩૪૯ કરોડની આ વખતે જોગવાઈ કરવામાં આવી છે જેની અંદર સૌથી પછાત ગણાતા હોય એવા પછાત વિસ્તારની અંદર નવી ૧૦ કૉલેજો સ્થાપવા માટેની જોગવાઈ.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિકાસ રાજ્યની અંદર થઈ રહ્યો છે ત્યારે માનવબળ પ્રશિક્ષિત મળી રહે એ માટે પણ ૧૦૦ જેટલી પોલિટેકનીક extension સેન્ટરો અને untrained મેન પાવર છે એને સ્કીલ ડેવલપ કરવા માટે પણ રાજ્ય સરકારે વિચાર કર્યો છે તેના માટે અભિનંદન નાણામંત્રીશ્રીને મારે આ સમયે આપવાં જોઈએ. રાજ્યની અંદર પેટ્રોલિયમ યુનિવર્સિટી આખા દેશના પહેલાં આપણે ત્યાં થઈ. હવે ભારત સરકાર એ દિશામાં વિચારી રહી છે ત્યારે ગુજરાત સરકારે તો ગત વખતે જ વિચાર કરી આ દેશની અંદર નહિ પણ માત્ર દુનિયાની અંદર એક સારી પેટ્રોલિયમ યુનિવર્સિટી હોય એમની હરોળની અંદર ગુજરાત આગળ વધી રહ્યું છે. ટૅક્નૉલૉજી યુનિવર્સિટીની સ્થાપના પણ ગુજરાતની અંદર ગુજરાતના યુવાધનને પ્રશિક્ષિત કરવા માટે અંગ્રેજીમાં કોઈ કાચો ના રહી જાય એ માટે સ્પેશ્યલ બહારની યુનિવર્સિટી સાથે ટાઈઅપ કરીને ગુજરાતના યુવકો પણ અંગ્રેજી બોલતા થાય. ગુજરાતની પ્રગતિ જે દુનિયાની અંદર શ્રેષ્ઠતમ રીતે થઈ રહી છે એમાં ગુજરાતના યુવાનો કોઈ પાછળ ના રહી જાય એ દિશાની અંદર પણ રાજ્ય સરકારે આયોજન કર્યુ છે ત્યારે આપણે ગૌરવ લઈ શકીએ. ગુજરાતની પ્રાથમિક શાળાની અંદર નામાંકન જોઈએ તો બહુ ઓછા પ્રમાણમાં અને આ દિશાની અંદર ૯૦ ટકા વધારે નામાંકન પ્રાથમિક શાળાની અંદર થયું. એ પછી વાત આવી સ્થાયીકરણની. ડ્રોપ આઉટ રેટ ઘટીને ૩ ટકા જેટલો પહોંચ્યો છે. આપણા માટે વર્ષોથી એવું કહેવાતું હતું કે ગુજરાત શિક્ષણની અંદર પછાત છે એ ગુજરાતની પ્રજા ઉપરનું કાળું ટીલું આ ભારતીય જનતા પાર્ટીની સરકારે શિક્ષણની દિશામાં મિટાવવાની અંદર આગળ વધી રહી છે. હવે આવતી કાલે વૈશ્વિક શિક્ષણની દિશામાં જવા માટે પ્રાથમિક શાળાથી માધ્યમિક શાળા સુધી કૉમ્પ્યુટરથી સજ્જ શિક્ષણ આપવા માટે તમામ પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાઓ કૉમ્પ્યુટરથી સજ્જ થાય એ દિશામાં આ વખતે જે જોગવાઈ કરવામાં આવી છે એ હું માનુ છું કે આવતીકાલ ઉજ્જવળ ગુજરાત પ્રાથમિક બેઈઝથી, પ્રાથમિક શાળાથી કરીને મહાવિદ્યાલય સુધી શિક્ષણ આપવા માટે વૈશ્વિક કક્ષાનું શિક્ષણ મળી રહે, કવોલીટી શિક્ષણ મળી રહે એ દિશામાં રાજ્ય સરકાર વિચારી રહી છે એ ખૂબ પ્રશંસનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે આનંદ મને એ બાબતનો થાય છે કે આ વખતે નર્મદા યોજનાની અંદર ૩,૨૫૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સુજલામ્ સુફલામ્ યોજનાની અંદર ૮૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આપણા ડેમોનું કામ તો લક્ષ્યાંક પ્રમાણે, અત્યારેના સંજોગ પ્રમાણે પૂરું કર્યુ છે. કેનાલોમાં પણ મુખ્ય કેનાલ કેવડિયા કૉલોનીથી રાજસ્થાન સરહદ સુધી, સૌરાષ્ટ્ર કેનાલો, કચ્છ બ્રાન્ચ કેનાલો પ્રગતિથી ચાલી રહી

છે ત્યારે હવે ખેડૂતના ખેતર સુધી એ નહેરનું કામ પૂરું થાય, ખેતર સુધી પાણી પહોંચતું થાય અને એ જ્યારે સમયનો તકાજો છે એવા સમયની અંદર આ રાજ્ય સરકારે ૩,૨૫૫ કરોડની આ વખતે નર્મદા માટે જોગવાઈ કરી છે. આવતી કાલનું ગુજરાત એ હરિયાળું બને. એ જ પ્રમાણે એવું કહેવાય છે કે સૌથી વધારે પાણી હતું એવા હરિયાણા, પંજાબ પ્રદેશની અંદર હરિત ક્રાંતિ આવી, પરંતુ સૌથી ઓછું પાણી એવા રાજયમાં જે રાજયની ગણના થતી હોય એવા ગુજરાત રાજયમાં આ નૅટવર્કના માધ્યમથી નવી એક હરિયાળી ક્રાંતિ લાવવાની દિશામાં આ બજૅટ એક અગત્યનું પરિબળ હશે, આ જોગવાઈ એ આવતીકાલના ગુજરાતના ખેડૂતોની પ્રગતિ માટે આધારરૂપ હશે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કેન્દ્ર સરકારના બજૅટમાં જે ખેડૂતોને હમણાં ૬૦ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે આવી વાતો વારંવાર થાય છે, ફટાકડા પણ ફોડવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કો-ઓપ બૅન્કનો ચેરમેન છું, પહેલાં કેટલાક ખેડૂત ખાતેદારો અમારી બૅન્કમાંથી ધિરાણ લે છે, મેં એના આંકડા કઢાવ્યા કે આ ૬૦ હજાર કરોડ રૂપિયા જો રાજયના ખેડૂતોના ગજવામાં આવતા હોય, એમના ઘર સુધી આવતા હોય તો તો એમને બહુ મોટો ફાયદો થઈ જાય પણ મારે દુઃખ સાથે કહેવું પડે કે પહેલાં ખેડૂતમાંથી દસ હજાર ખેડૂતો સુધી પણ આ લાભ પહોંચતો નથી આ બનાસકાંઠા જિલ્લાની વાત કરું છું અને એ પણ જોગવાઈ કયાંની કરી? માર્ચ -૨૦૦૭ની, માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૦૭ની રિકવરી તો અગાઉ થઈ ગઈ છે, બૅન્કોના એ પૈસા તો ખેડૂતો પાસેથી લઈએ બૅન્કો સુધી પહોંચી ગયા છે, એ પૈસા પરત આપવાના નથી, એમાં કહેવામાં આવ્યું છે કે, જેમને ન ભર્યા હોય તે અને તે પણ બે થી અઢી એકરથી નાના ખેડૂતો. માનનીય અધ્યક્ષશ્રી, બીજા રાજયોમાં જે લાભ મળે તે મળે પરંતુ ગુજરાત જેવા રાજયમાં આ સ્થિતિ નથી. અને જે ખેડૂતોએ પૈસા ભરી દીધા એમનો શું વાંક? લાભ આપવો હોય તો એમને અને બહારથી કરજ લાવીને પણ બૅન્કો સુધી પૈસા ભર્યા હોય તો એમની વાતનું શું તો એ દિશામાં પણ આમાં કાંઈ લાગતું નથી. એટલે બહારથી બતાવવાનું કે ૬૦ હજાર કરોડ, ૬૦ હજાર કરોડ માનનીય અધ્યક્ષશ્રી, દસ વીસ હજાર કરોડે પણ આ આંકડો નહીં પહોંચે જ્યારે અંદાજવામાં એકઝેટલી આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વંચિતોના વિકાસને વરેલી આ સરકાર છે. હમણાં વાયબ્રન્ટ ગુજરાતનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો, પતંગ ઉત્સવ હતો, દુનિયાભરના ઉદ્યોગપતિઓ ગુજરાતના આંગણે આવ્યા હતા, ગુજરાતની ધરતીમાં રોકાણ કરવા, આ પૈસા આપણે ત્યાં આવે, આપણી ઈકોનોમી સધ્ધર બને પણ સાથે આ પહોંચાડવા છે કયાં? માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસે રાજયના મુખ્ય મંત્રીશ્રીએ એ બાબતનો સંકેત આપ્યો હતો. દુનિયાભરના લોકો ગુજરાતની વાહ વાહ કરતા, ગુજરાતની અંદર આટલું બધું રોકાણ આવ્યું અને દુનિયાભરના ઉદ્યોગગૃહો ગુજરાતના મહેમાન બની આવ્યા હતા, આખો દિવસનો કાર્યક્રમ મનાવ્યા પછી મુખ્ય મંત્રીશ્રી સાંજે મુખ્ય મંત્રીશ્રી અપંગ બાળકો વચ્ચે પતંગ ઉડાડવા ત્યાં પહોંચ્યા હતા અને તે દિવસના શબ્દો હતા કે દુનિયાભરના ઉદ્યોગ ગૃહો ગુજરાતમાં રોકાણ કરે છે મારે આનો લાભ ગુજરાતના છેવાડાના લોકો સુધી પહોંચાડવો છે, આ પ્રતિબદ્ધતા દેખાડે છે રાજય સરકારની. માનનીય અધ્યક્ષશ્રી, આટલા વર્ષો નીકળી ગયા પછી પણ રાજયમાં એવા અનેક પરિવારો કે હજુ સુધી જેને ઉપર આભ અને નીચે ધરતી એવા વાદી, બજાણિયા અને તૂરી આ પ્રકારના અનેક પરિવારો કે જેના માટે કોઈને ચિંતા નહોતી થઈ. જેને આપણે શિયાળામાં વાત કરતા હોઈએ છીએ કે, બારી બંધ રાખો, બારણાં બંધ રાખો ઠંડી આવી જશે, ઉનાળામાં લૂ આવી જશે, ચોમાસામાં વરસાદ આવશે, માનનીય અધ્યક્ષશ્રી, આમને નથી બારણું, નહતી આમને બારી, આ રાજય સરકારે એવા લોકોના આવાસો માટેની અલગ અલગ યોજનાઓ મૂકી, આ વખતે પણ નાણાકીય જોગવાઈ આ બજૅટમાં જે પ્રમાણે ઇન્દિરા આવાસ માટેની જે જોગવાઈ કરી છે, સરદાર આવાસ માટેની અને સમાજ કલ્યાણ અને આંબેડકર આવાસ યોજનાની જે જોગવાઈ કરી છે, જેના કારણે વર્ષોથી મકાન વગરના જે માણસો રહી ગયા છે, જેના બાળકનો જન્મ પણ ખુલ્લા આકાશ નીચે અને એનું મૃત્યું પણ ખુલ્લા આકાશ નીચે થતું હોય છે જેને રહેવા ઘર નથી એવા લોકો માટેની જે જોગવાઈ કરી છે, રાજય સરકારની વંચિતો પ્રત્યેની પ્રતિબદ્ધતા બતાવે છે. વિકલાંગોના વિકાસ માટે ૭૫ કરોડની જોગવાઈ સામે આ વખતે ૧૧૫ કરોડની જે જોગવાઈ કરેલ છે એ પણ રાજય સરકારની સામાજિક પીછડાપણ જે લોકોમાં આવ્યું છે એવા લોકોના વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક પરંપરા વર્ષોથી એવી ચાલી આવે છે કે, પ્રકૃતિનું દોહન કરવાની જગ્યાએ કેટલાંક વર્ષોથ આખા દેશમાં અને દુનિયાભરમાં એનું શોષણ કરવાની માનસિકતા વિકાસની દૃષ્ટિથી જ્યારે વિકાસ, વિકાસના નામે થતી હોય ત્યારે રાજય સરકારે વિકાસની સાથે સાથે પર્યાવરણ જળવાઈ રહે, પ્રકૃતિનું પાલન થાય. પ્રકૃતિનું જતન થાય એ માટે બીન પરંપરાગત ઊર્જા પેદા કરવાની અંદર ગત વર્ષે ૬૮૫ મેગાવોટ બીન પરંપરાગત વીજળી આપણે ઉત્પન્ન કરી. આ વર્ષે ૮૦૦ મેગાવોટ આયોજન છે. એનાથી પણ વધારે આનંદ એ વાતનો છે કે ગાંધીનગરમાં સૌર ઊર્જા આધારિત સોલારસીટી બનાવવાનું આયોજન કર્યું છે. ગાંધીનગર ઉર્જાનગર બને, સૂર્યથી પ્રાપ્ત થતી વીજળીના આધાર પર ગાંધીનગર ચાલે તો બહારના જે લોકો અહીં જોવા આવશે એના માટે દાખલારૂપ બનશે. આ દિશામાં આખી દુનિયાએ આગળ વધવું પડશે એના માટે આ એક ઉદાહરણરૂપ પગલું હશે. આ કોણ કરી શકે? મારે માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપવાં પડે રાજયના નાણામંત્રીશ્રીએ આ બજેટમાં જોગવાઈ કરી. માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી આ બધાની વચ્ચે કેન્દ્રસ્થાને શું રાખ્યું છે? કેન્દ્રસ્થાને રાખ્યું છે ગુજરાતની પ્રજાનો, ગુજરાતનો વિકાસ. મારું ગુજરાત, મારા ગુજરાતનો વિકાસ. આ પ્રમાણેની જે ધૂન છે, લાગણી

છે એને કારણે ગુજરાતનો વિકાસ અમે કરી શકીએ. આઈ હેવ પ્રાઉડ ઓફ અવર લીડર એક બાબતમાં ઉદાહરણ આપવાનું હોય તો કહી શકાય. ઈંગ્લેન્ડ અને જર્મનીનું બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું ૧૯૪૨ થી ૧૯૪૬ સુધી જર્મની અને ઈંગ્લેન્ડનું યુદ્ધ લંબાયા પછી દારૂગોળો બનાવવા માટે એસીટોન નામનું કેમિકલ બહારથી લાવતા હતા. જર્મનીના કેટલાક યુદ્ધ જહાજોએ બહારથી આવતું કેમિકલ બંધ કર્યું એને કારણે ઈંગ્લેન્ડ આખો દેશ દારૂગોળાથી વંચિત થઈ જાય એવી સ્થિતિમાં આવી ગયો. એ વખતે એક યહુદી વૈજ્ઞાનિક જેમનું નામ ડો. રાઈઝમેન છે. ડો. રાઈઝમેને ઈંગ્લેન્ડની સરકારને કહ્યું કે તમે આ બાબતની ચિંતા ન કરો, આ બાબતમાં ગભરાવ નહીં. મેં સંશોધન આ બાબતે કર્યું છે કે બહારથી તમારે કેમિકલ લાવવાની જરૂરિયાત નહીં રહે. એમણે કેમિકલ ઉત્પન્ન કરીને ખપ હતો એટલા પ્રમાણમાં દારૂગોળો બનાવવામાં ઉપયોગી થયા. વિશ્વયુદ્ધમાં ઈંગ્લેન્ડ વિજયી બન્યું. એ વિજય પછી જયારે આ ડોકટરનું સન્માન કરવામાં આવ્યું અને એ વખતે સાથોસાથ કહ્યું કે સન્માન કરતાંની સાથે તમે કાંઈક માંગો. તમારે શું જોઈએ છે એ વખતે એમણે વાત કરી હતી. વ્યકિતગત પોતે કાંઈક માંગી શકયા હોત પરંતુ એ વખતે એમણે વાત કરી હતી યહૂદી પ્રજા દરદર ભટકી રહી છે. અમારે માતૃભૂમિ જોઈએ છે. અમે હતા ત્યાં અમારે સ્થાયી થવું છે. એના આધાર ઉપર ફરી ઈઝરાયલનું નિર્માણ થયું. આ ત્યારે જ થઈ શકે. ડોકટરે જે વાત કરી હતી એવી વાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી કરી  રહ્યા છે. આઈ લવ  માય ગુજરાત, મને ગુજરાતનું ઘેલું લાગ્યું છે. મારા ગુજરાતની પ્રગતિ થવી જોઈએ. આ પ્રમાણેની વાત ગુજરાતને ઐતિહાસિક બનાવશે. ફરી રાજયના નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને આવકારું છું અને અભિનંદન આપું છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ) :** માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી વિધાનસભામાં મને ચૂંટાઈને આવવાનો મોકો મળ્યો છે એ બદલ હું ધન્યતા અનુભવું છું અને ગૃહના સૌ સભ્યોને નમસ્કાર કરું છું.

વર્ષ ૨૦૦૮-૦૯ માં બજેટની સામાન્ય ચર્ચામાં વીજળીની વાત કરીએ તો ગામડાંની અંદર બધા જ ગામોને  ૨૪ કલાક વીજળી આપવાની  વાત કરીએ છીએ પણ ગામડાંની અંદર ગામનાં ઘર કરતાં પરા વિસ્તારમાં બહુ લોકો રહેતા હોય છે અને પરા વિસ્તારમાં વીજળીકરણ થયું નથી. એ પરા વિસ્તારમાં વીજળીકરણ થાય અને સરકાર જો એમ કહે કે બધા ગામોને ૨૪ કલાક વીજળી આપી છે તો એ યોગ્ય ગણાય. આજે રસ્તા છે એ મારા મત વિસ્તારમાં અમુક રસ્તા હજી પણ એવા છે કે જો વાહન લઈને જઈએ તો રસ્તામાં બીજું વાહન સામેથી આવી જાય તો બેમાંથી એક વાહને પાછા જવું પડે. જો પાછા ન જાય તો બંને જણા પસાર થઈ શકતા નથી. રસ્તાના વિકાસની વાતો કરવામાં આવે તો યોગ્ય નથી. ચોમાસાની અંદર રસ્તા એવા છે કે જો માણસ બીમાર પડે તો ખાટલાની અંદર ચાર યુવાનો લઈ જઈ અને મુખ્ય રોડ ઉપર જાય ત્યારે દવાખાનાની સગવડ અપાવી શકે.  આવા રસ્તાઓને જો બરાબર બનાવીને અને ગામડાનો માણસ દવાખાને આવી શકે એવી વ્યવસ્થા કરી હોય તો કહી શકાય કે આ વ્યવસ્થા જરૂરિયાત મંદને પૂરી પાડવા માટેની થઈ છે.  સિંચાઈની વાત કરીએ તો અગાઉ ૧૧૦ રૂપિયાના દરે, હેક્ટરની અંદર નહેરની સિંચાઈ થતી હતી.  અત્યારે એક પાણીના ૧૫૦ રૂપિયા લેવામાં આવે છે. આજે ૮-૧૦ પાણી લઈએ ત્યારે ડાંગરનો પાક થાય. એટલે ૧૨૦૦ થી ૧૫૦૦ ની સિંચાઈ ગઈ ગઈ.  કોંગ્રેસના જમાનામાં આવું હતું, તેવું હતું કહે છે, પણ એ જમાનાની અંદર સિંચાઈની અંદર જે દર હતો એ દરે પાણી તો આપો તો કહેવાય કે ખેડૂતોની સાચી મદદ કરી છે.  ૪૦-૫૦ વર્ષ પહેલા સિંચાઈની અંદર જે પ્રોજેક્ટ થયા છે. એના પાળા, એના સ્ટ્રકચર, એના લાઈનિંગ બધા તૂટી ગયા છે.  શરૂઆતની અંદર જે વહન શક્તિ હોવી જોઈએ તે શરૂઆત થયા પછી છેડે પહોંચતા પહોંચતા એ નહેરના છેડાના ભાગે લોકોને પાણી મળતું નથી.  આ વિકાસ કરો ત્યારે એવું કહેવાય કે ગુજરાતના ખેડૂતને માટે થઈને સાચો વિકાસ થયો છે.  જે બસની વાત કરવામાં આવી છે.  તો ઘણી વખત દસથી બાર વખત મારે એવું બન્યું છે કે બસ ઊભી રહી હોય અને મુસાફરોને મારી ગાડીની અંદર બેસાડીને આગલા સ્ટૅન્ડ સુધી લઈ ગયો છું અને નાણામંત્રીશ્રી વડીલ વજુભાઈ સાહેબ કહે છે કે અમારા વખતમાં ધક્કા નથી માર્યા, પણ મારો એવો અનુભવ છે કે પહેલા હાથ ઊંચો કરીને બસમાં બેસાડ્યા છે અને બસ પાછી બંધ પડી જાય છે.  ત્યારે કહે છે કે ધક્કા મારો.  ધક્કા મારતી વખતે પેલો નંબર વન વાળી જાહેરાતનો ફોટો હોય છે એ જોઈને ધક્કો મારે છે ત્યારે બહુ દુઃખ થાય છે.  આ નંબર વનની બસમાં ધક્કો મારવાનું નહિ આવવું જોઈએ.

સલામતીની વાત જ્યારે કરવામાં આવે તો સલામતીની વાત કરવામાં આવતી હોય પાટણ જેવી પી.ટી.સી. કૉલેજનો બનાવ નહિ બનવો જોઈએ.  આંતરસુબા જેવા ગામની અંદર આદિવાસી ભાઈઓ માટે શું સગવડ મળી શકે છે.  એવી રેડિયો ઉપર જાહેરાત આવે, પણ આદિવાસીઓને ગોળીએ મારવામાં આવે તો એ પ્રકારનું થાય તો આદિવાસીઓની સેવા કરવામાં આવતી હોય તેવું મને લાગતું નથી અને જે બજેટની વાત થઈ. ૨૦૦૧ ની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી સત્તા ઉપર આવ્યા.  ૨૦૦૧ ની સ્થિતિએ આજસુધી જાળવી રાખી હોય. મોંઘવારી ગામની અંદર છેવાડાના માણસને ન નડે એવું વાતાવરણ ઊભું કરી રાખ્યું હોય તો કહેવાય કે ખૂબ સારી સરકાર કામગીરી કરે છે, પણ કરવેરાની અંદર વધારો કર્યો.  કરવેરા વધાર્યા પછી પણ જો છેવાડાનો માનવી એને જોઈતી સગવડ ન મેળવી શકતો હોય તો નંબર વન સરકારની વાત કરીએ તો અયોગ્ય છે.  નિર્મળ ગુજરાતની વાત કરવામાં આવે છે.  માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે પ્રજાકીય કામ માટે ઉપયોગી બજેટ ન હોવાના કારણે હું મારું સમર્થન આપી શકતો નથી.

**શ્રી યોગેશ પટેલ (રાવપુરા) :** માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજેટ લઈને આવ્યા છે, એને હું આવકારું છું. ઘણાં વર્ષોથી ફિલ્મ જગતનું એક લોકપ્રિય ગીત યાદ આવે છે. "ગરીબોંકી સુનો વો તુમારી સુનેગા. તુમ એક પૈસા દોગે તો વો દસ લાખ દેગા". આ ગીત મને ગમતું હતું,પણ તેની વાસ્તવિકતા મને ખબર નહોતી પડતી. માનનીય નાણામંત્રીશ્રીએ મારો ભ્રમ ભાંગી નાખ્યો છે. ખાલી એક જ નવો પૈસો ટેક્સ નાખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે કાણિયો પૈસો ચાલતો હતો. આ ગીત લખાયું ત્યારે. બે કાણિયા પૈસા ભેગા થાય ત્યારે એક ઢબુડી થાય. ઢબુડી એટલે અઢી પૈસા. માનનીય નાણા મંત્રીશ્રીએ અઢી પૈસા ટેક્સ નાંખીને વળતર પણ આપ્યું છે. પેટ્રોલ, ડિઝલમાં કોઈ ભાવ વધારો કર્યો નથી. હું માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું કારણકે બજૅટમાં રાહતો મેળવવાના દિવસો પૂરા થયા છે. હવે બજૅટમાં સવલતો અને સપનાં માણવા મળે તેવી અપેક્ષા નાગરિકો રાખી રહ્યા છે. ખોટા ખર્ચા બચાવે તેવી પ્રાર્થના ભગવાન પાસે થાય છે. સ્વચ્છ પર્યાવરણ, પીવાનું શુદ્ધ પાણી, ફોરલેન સડકો, સતત વીજળી અર્થપૂર્ણ શિક્ષણ, નીરોગી આરોગ્ય, મોજ મસ્તી મનોરંજન, બાગ, ફુવારા, સંગીત, નૃત્ય, તનને માફક આવે તેવું પોષણ નાગરિકની અપેક્ષા છે. તો સપના સાકાર કરવા પૈસાની કમાણી તો થવાની જ છે. વિકાસમાં રુકાવટ કરે તેવી રાહતો લાંબેગાળે મનની મુરાદોમાં અવરોધો પેદા કરે છે. રાજય સરકારે નવી રચાયેલી વિધાનસભામાં પહેલું બજૅટ મૂકયું છે અને આ બજૅટમાં કરવેરા નાંખ્યા છે. પરંતુ તેમાં વિકાસના દર્શન થાય છે. નાગરિકોને ડર રાખ્યા વગર જે નિર્ણય લીધો છે તે આવકારવાદાયક છે. કારણકે આ બજૅટ રાજયની પ્રજા માટે બોજારૂપ રહેવાનું નથી. નાણા મંત્રીનું પ્રવચન મેં સાંભળ્યું છે, વાંચ્યું પણ છે. એમાં જે ૧૯૦૩૦ કરોડ રૂપિયાની જે ફાળવણી કરી છે તે ઠીક ઠીક પ્રમાણમાં કરી છે. તેમણે નાગરિકોને સવલતો અને સપના સાકાર થાય તે તરફ પ્રયાણ કર્યુ છે. મારે મત સવલતનો અર્થ એ છે કે કોઈપણ નાગરિકનું ઘર, નિવાસ સ્થાન શૌચાલય વગરનું ના હોવું જોઈએ. આદિવાસીની વાત કરું, કારણકે આદિવાસીઓ માટે આપણી સરકારે ઘણું વિચાર્યુ છે. પરંતુ આદિવાસીઓનો જે સમાજ છે તે આજે ભૂસાતો જાય છે. હું એક જમાનામાં દાહોદમાં રહેતો હતો, ભણતો હતો ત્યારે આદિવાસીઓનું જે કલ્ચર જોયું છે તે આજે જોવા નથી મળતું. હું અમૅરિકા ગયો હતો અને ત્યાં રેડ ઈન્ડિયનો માટે મેં જોયું તો રેડ ઈન્ડિયનોને સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે આજે સરકાર મફતમાં અનાજ, મફતમાં શિક્ષણ, મફતમાં રહેવાનું કરીને તેમની સંસ્કૃતિ સાચવી છે. જો આપણે આ ધ્યાન નહીં રાખીએ તો આદિવાસીઓનું જે કલ્ચર છે, જે સંસ્કૃતિ છે તે ભૂસાઈ જશે. તો આમાં પણ આપણે જોવાનું છે. નાણા મંત્રીશ્રીએ દરેક ક્ષેત્રમાં શિક્ષણની સુંવિદ્યાઓ માટે બજૅટ ફાળવી રોજગારીલક્ષી સેવાઓ માટેની બારીઓ ખોલી નાંખી છે. આ વિચાર આવતા વર્ષોમાં વટવૃક્ષ સમાન થવાનો છે. આજે હોટલના બેરર માટે તાલીમ મેળવવા શિક્ષિત યુવાન શરમ કે સંકોચ અનુભવતો નથી. ત્યારે તેવી જ રીતે હેર ડ્રેસિંગ, બ્યુટી પાર્લર કે મસાજ પાર્લર, પગચંપી જેવી જે તાલીમ છે તેમાં લોકોને જે પગચંપી કરનાર છે તેને એક કલાકના સો રૂપિયા આજે મળે છે. તો આવી તાલીમ વ્યવસ્થા ગેરંટેડ એમ્પ્લોઈમેન્ટના દરવાજા ખુલ્લા કરશે.

નાણા મંત્રીશ્રીએ બાળ વિકાસ માટે થોડી કંજૂસાઈ કરી છે તેવું લાગે છે. માનનીય નરેન્દ્રભાઈ મોદી જે રાજયના મુખ્યમંત્રી હોય તે રાજયમાં બાળકોને રેલવે સ્ટેશન ઉપર ચાની કીટલી ફેરવવાનો વારો ન આવે તે જોવાનું પણ કામ આપણી સરકારનું છે. આનાથી બાળકો કમજોર બની જાય છે, ગુજરાતનું બાળક સદ્દભાગ્યે ગુજરાતનું બાળક ચાની લારી પણ ચલાવતો હોય કે ઘંટી ચલાવતો હોય પરંતુ તે ગરીબાઈના લીધે તે બાળક સાયકલ ઉપર પેપર વેચતો હોય પરંતુ એ દેશનો શ્રેષ્ઠ ઉદ્યોગપતિ પણ બની શક્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપણી વિધાનસભાની વાત કરું તો મે અંદાજપત્રને લગતી કેટલીક વિગતો ભેગી કરી છે. ડૉ. જીવરાજ મહેતાએ પહેલું બજૅટ તા. ૨૨-૮-૬૦ના રોજ ૧૧૯ કરોડ અને ૯૨ લાખનું રજૂ કરેલું. તેર વખત અંદાજપત્ર રજૂ કરવાનું જો કોઈને શ્રેય હોય તો એ માનનીય વજુભાઈ વાળાને ફાળે જાય છે, તત્કાલિન નાણા મંત્રીશ્રી છબીલભાઈ મહેતાએ ૬ વખત બજૅટ રજૂ કરેલું અને બે વખત સંસદમાં બજૅટ રજૂ થયું. વિધાનસભામાં જે આજે બજૅટની ચર્ચા કરી રહ્યા છીએ એ ૬૦મું બજૅટ છે, અગિયારમી વિધાનસભા સુધી ગૃહમાં કુલ ૫૯૯ બેઠકો મળી છે અને માગણીઓ ૩૯૯૫ રજૂ થઈ છે અને એમાં ૨૨૩૯ માગણીઓની ચર્ચાઓ થઈ છે જ્યારે ૧૭૦૮ ગિલોટીન થઈ છે, આવી રીતે આપણી વિધાનસભાનું કાર્ય થયું છે એ આવકારદાયક છે અને માનનીય વજુભાઈ વાળા જે બજૅટ લઈને આવ્યા છે એને હું આવકારું છું.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા જે તેરમી વખતનું બજૅટ લઈને આવ્યા છે એ માટે હું એમને અભિનંદન પાઠવું છું. આ વખતનું બજૅટ એ પ્રગતિશીલ અને પ્રજાલક્ષી બજૅટ છે, આ ગુજરાતના આધુનિક વિકાસના લાભો ગરીબ અને વંચિત લોકો સુધી પહોંચાડવાનો એક નિર્ધાર છે. આ વખતે આ ગુજરાત રાજયની યોજનાનું કદ ૨૦૦૭-૦૮નું ૧૬૦૦૦ કરોડનું હતું, સને ૨૦૦૮-૦૯નું ૧૯ હજાર ૩૦ કરોડની જોગવાઈ સાથે એટલે કે ૧૯ ટકા જેટલો વધારો આ બજૅટમાં કરવામાં આવ્યો છે, આ વખતે દેશમાં પહેલીવાર માનવ વિકાસ સૂચાંક, સામાજિક સેવાઓના ક્ષેત્રે અગ્રિમતા આપવામાં આવી છે, સામાજિક સેવાઓને કારણે લગભગ આ વખતના કુલ બજૅટના ૪૩ ટકા રકમ સામાજિક સેવાઓની પાછળ આયોજન કર્યુ છે. આ એક બતાવે છે કે ગરીબ અને વંચિતોના વિકાસની પાછળ જે ખર્ચ કરવામાં આવ્યો છે એ અત્યાર સુધીમાં આટલો મોટો ખર્ચ કોઈ બજૅટમાં જોગવાઈ કરવામાં આવી નહતી. આના કારણે આપણા

ગરીબ લોકોના કલ્યાણ પાછળ આ એક ધ્યાન કેન્દ્રિત કર્યુ છે, યુવાનો માટે લાખો રોજગારીની તકોનું નિર્માણ આ આયોજનમાં કરવામાં આવ્યું છે જેના કારણે યુવાનોને પૂરતી તકો આ વર્ષની અંદર આ રાજયની અંદર ઊભી થવાની છે રાજયના યુવાનોને ટૅક્નીકલ શિક્ષણથી સજજ કરવા માટે આઈટીઆઈથી લઈને આઈઆઈટી સુધીના ઉચ્ચ શિક્ષણ અને ટૅક્નીકલ શિક્ષણનું જે વિશાળ ફલક વિકસાવ્યું છે, શિક્ષણ વિભાગના ૨૬ ટકા વધારા સાથે રૂા. ૧૩૪૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પ્રાથમિક શાળાઓની અંદર વીજળીકરણ, પીવાના પાણીની સુવિધા માટે રૂા. ૪૩ કરોડનું આયોજન કર્યુ છે જેના કારણે શાળાઓની અંદર કૉમ્પ્યુટરથી સજજ કરવા માટે રૂપિયા ૮૫ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિક્ષણની જે ગુણવત્તા વધે, શિક્ષણ સારી ગુણવત્તાવાળું આપવામાં આવે અને જેના પરિણામે.....

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### બજૅટનાં શુદ્ધિપત્રકો વિલંબથી રજૂ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું 'જાહેર ખર્ચ પર વિધાનસભાના અંકુશો' કાન્તિભાઈ પંચાલ લેખિત પુસ્તક અને આજે મને મારા પીજીઅન બૉક્સમાં પ્રાપ્ત થયેલા એરેટા, બુકલૅટ જેવા એરેટા ઉપર આપનું ધ્યાન દોરીને પાના નં.૩૮-૩૯ જેમાં માનનીય અધ્યક્ષશ્રીના જે શબ્દો છે એ I read only the relevant lines. જાહેર ખર્ચ પર વિધાનસભાના અંકુશો, કાન્તિભાઈ પંચાલ લેખિત.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩ માર્ચ ૧૯૭૦ના રોજ જ્યારે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠયો ત્યારે જે માનનીય અધ્યક્ષશ્રીના શબ્દો છે એટલા જ વાંચીશ. 'માનનીય મંત્રીશ્રી કહે છે કે છાપકામની ભૂલ થઈ છે, આ બાબતમાં સૂચન કરું, વચ્ચે પણ કેટલાક અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું કે, બજૅટની રજૂઆત ગૃહમાં થયા પછી દરેક ખાતાના સેક્રેટરીની મોટામાં મોટી ફરજ થવી જોઈએ કે તેનાથી એમ નહીં કહેવાય કે ફાઈનાન્સમાં છપાય છે એટલે અમારા ધ્યાનમાં આવતું નથી એમના તરફથી તુરત કોરીઝેન્ડમ વિધાનસભા સચિવાલયમાં નહી આપવામાં આવે તો મારે મંત્રીશ્રીને ગૃહ વતી આદેશ આપવો પડશે કે સરકારના સચિવ કરતાં નીચલી કક્ષાના નહીં તેવા અમલદારને કડક શિક્ષા કરવી.'

માનનીય અધ્યક્ષશ્રી, ૧લી માર્ચ, ૧૯૭૯ના રોજ બજૅટ ધારાસભ્યશ્રીઓને અપાય છે. બજૅટ એક જાહેર મિલકત છે, બજૅટ એ આખા વરસની એક આરસી છે એની ભૂલોના કારણે ધારાસભ્યશ્રીઓને મુશ્કેલી પડે એ એક વાત પણ સમગ્ર રાજયમાં જે ખર્ચ થાય છે એ ખર્ચની અંદર અવળી રીતે ક્યારેક મુશ્કેલીમાં મુકાઈ જઈએ એવી પરિસ્થિતિ સર્જાય I would wish not to take this in this House so lightly. આમાં અગાઉ પણ ચેતવણી આપવામાં આવી છે તે મુજબ જરૂર ઇચ્છું અને માનનીય મંત્રીશ્રીને જરૂર કહું કે, આ ભૂલ કરનાર પ્રત્યે પગલાં લેવાવાં જોઈએ. બજૅટ ૧૬મી તારીખે રજૂ થયું. અહીંયા પણ આપણું બજૅટ ૨૯મી તારીખે રજૂ થયું. ખરેખર તો ભૂલ ન જ રહેવી જોઈએ ભૂલ થોડી પણ રહે તો એ ક્ષમ્ય નથી. છતાં હ્યુમન એરરને સ્થાન આપીએ તો પણ આ કામ ત્રણ દિવસમાં પૂરું થવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દિવસ નહીં અહીંયાં તો ઘણા દિવસો થયા અને એ પણ હ્યુમન એરર નથી. આપ જુઓ કે એક આખી ૨૮ પાનાની બુકલૅટ એરેટા તરીકે રજૂ થઈ છે. આજે હું બજૅટ પ્રવચન પર બોલી ચૂક્યો હવે મને આ પ્રાપ્ત થાય પીજીઅન બૉક્સમાં ત્યારે આપ સમજી શકો છો કે શું પરિસ્થિતિ થાય?

**શ્રી વજુભાઈ વાળા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે એ બાબતમાં કોઈ પણ છાપકામની અંદર ભૂલ હોય એના માટે શુદ્ધિપત્રક આપણે આપીએ જ છીએ. પ્રશ્નોત્તરીની અંદર પણ આપણે શુદ્ધિપત્રક સેઈમ ડે આપીએ છીએ. બજૅટ છેલ્લા દિવસે તૈયાર થતું હોય છે, છેલ્લા દિવસોમાં અહીંથી ડિપાર્ટમૅન્ટે બરાબર આપ્યું હોય પરંતુ ત્યાં પ્રિન્ટિગની અંદર કોઈ મિસ્ટેક રહી ગઈ હોય એ માનનીય સભ્યશ્રીઓ જનરલ ચર્ચામાં ભાગ લે એ પહેલા આપણે આપી દઈએ છીએ એટલે આ રીતે આજે આ પીજીઅન બૉક્સમાં મૂકી દીધું છે છતાં પણ ભવિષ્યમાં આવી ભૂલ ન થાય એના માટે જેનું પણ મારે ધ્યાન દોરવાનું હોય એનું ચોક્કસપણે ધ્યાન દોરીશ.

**અધ્યક્ષશ્રી :** મનનીય શકિતસિંહજીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો અને માનનીય નાણામંત્રીશ્રીએ જે અભિગમ બતાવ્યો છે ત્યાર પછી વિશેષ કંઈ કહેવાનું રહેતું નથી. કારણ કે એમણે કહ્યું જ છે કે જે વિભાગના અધિકારીઓ આ માટે હશે એમને હું સૂચના આપીશ. આ અગાઉનું રૂલિંગ પણ એમણે વાચી બતાવ્યું છે એટલે એની હું પુનરોકિત કરતો નથી.. પરંતુ એમણે કહ્યું જ છે કે છાપકામની ભૂલ થઈ છે. આ બાબતમાં સૂચન કરું છું કે ખાતાના કેટલાક અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું કે ગૃહમાં બજૅટ રજૂ થયા પછી દરેક ખાતાના સેક્રેટરીની મોટામાં મોટી ફરજ થવી જોઈએ કે તેનાથી એમ નહીં કહેવાય કે ફાઈનાન્સમાં છપાય છે. અહીંયા અગાઉના નાણામંત્રીશ્રી કરતા શ્રી વજુભાઈએ ખૂબ સાચી વાતનો સ્વીકાર કર્યો છે. એમણે પણ કહ્યું જ છે કે, હું વિભાગને

સૂચના આપીશ. આવી એક પરંપરા તરીકે નથી સ્વીકાર્યુ, એટલે પૉઈન્ટ ઑફ ઑર્ડરની અંદર જે હેતુ હતો એ હેતુ જળવાય છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશ:)

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(ક્રમશ:) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિશે વાત કરતો હતો, વનબંધુ અને સાગરખેડૂ કલ્યાણ યોજના હેઠળ ૨૦૩ માધ્યમિક શાળા, ૨૨૨ ઉચ્ચતર માધ્યમિક શાળા, પછાત વિસ્તારોની અંદર નવી ૧૦ કૉલેજો શરૂ થવાની છે ત્યારે આ આયોજન થકી, આ વનબંધુ અને સાગરખેડૂ સમાજ જ્યાં વસે છે એ વિસ્તારની અંદર શિક્ષણનો વ્યાપ વધવાનો છે, અગાઉ ૮૫,૦૦૦ જેટલા વિદ્યા સહાયકોની ભરતી થઈ છે છતાં પણ જે ઘટ છે એ ઘટને પૂર્ણ કરવા માટે આ વરસે ૧૧,૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરવાનું આયોજન આ અંદાજપત્રની અંદર આવરી લીધું છે. એ ઉપરાંત સ્કોપના કાર્યક્રમ હેઠળ યુવાનો અંગ્રેજી બોલતાં શીખે એના માટેનું આયોજન આ બજૅટની અંદર કરવામાં આવ્યું છે, આરોગ્ય, પરિવાર કલ્યાણ ક્ષેત્રે ૪૫.૯૨ ટકાનો વધારો આ વિભાગની અંદર કરવામાં આવ્યો છે, રૂપિયા ૧૨ કરોડના ખર્ચે જે વિનામૂલ્યેની ઇમરજન્સી સેવા ૧૦૮ નંબરનો વ્યાપ આજે સમગ્ર ગુજરાતની અંદર ચાલુ થયો છે, આ ૧૦૮ નંબરની સેવા થકી નાનામાં નાના જે ગરીબ પરિવારો છે, ગામડાંની અંદર વસતા જે ગરીબો છે એમને આવી ઇમરજન્સી, તાત્કાલિક સારવારની જ્યારે જરૂર ઉભી થાય છે ત્યારે આ સેવા ખૂબ મહત્ત્વની સેવા છે ત્યારે આ એક અભિનંદન આપવા જેવી એક સેવા છે. આરોગ્ય ક્ષેત્રે ટેલીમેડિસિયન સેવાઓ શરૂ કરાશે. આદિવાસી વિસ્તારની અંદર ફિઝિયોથેરાપી કૉલેજ શરૂ થવાની છે, આ ઉપરાંત આયુર્વેદિક ફાર્મસી દ્વારા દવાઓનું ઉત્પાદન કરવા માટે ૩૨ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પેટા કેન્દ્રો, અપગ્રેડ કરવા માટે ૬૭ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે, જેના પરિણામે ગ્રામ્ય વિસ્તારની અંદર આ તબીબી ક્ષેત્રે આ એક મોટી ઉપલબ્ધિ ગણાશે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગત વર્ષે જે ૨૩૩૫ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું હતું સને ૨૦૦૮-૦૯માં, ૧૯૩૩ કરોડ રૂપિયાનું જે આયોજન કરવામાં આવ્યું છે તેના થકી ૨૫.૬૨ ટકાનો વધારો આ આયોજનની અંદર થયો છે, આ વધારાના કારણે આદિજાતિ લોકોને, સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાત પેટર્ન યોજના હેઠળ ૨૯૬ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે, જેના કારણે ૫૫ નવી આશ્રમશાળાઓમાં ધોરણ-૮ નો વર્ગ શરૂ કરવા માટે ૧૨ કરોડ રૂપિયાનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે તેમાં ૧૧ સાયન્સ અને ૧૨ સાયન્સ ચાલુ કરવા માટેનું આયોજન આ વર્ષની અંદર કરવામાં આવ્યું છે. આના પરિણામે આદિવાસી બાળકોની અંદર શિક્ષણનું પ્રમાણ વધવાનું છે.

કૃષિ ક્ષેત્રની પણ વાત કરું તો કૃષિક્ષેત્રમાં દસમી પંચવર્ષીય યોજનામાં ૧૨ ટકા જેટલો જે સરેરાશ વાર્ષિક દર છે તે કૃષિ ઉત્પાદન વધવાના કારણે થયું છે. આ જે કૃષિ ઉત્પાદન વધ્યું છે તેના પ્રમાણમાં (સમય-સૂચક ઘંટડી) માનનીય મંત્રીશ્રીએ રજૂ કરેલ અંદાજપત્રને હું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ (જુનાગઢ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું. માનનીય નાણામંત્રીશ્રી તેરમી વખત આ બજેટ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેનો અર્થ એ થયો કે આ સરકાર સ્થિર સરકાર છે તેનો એક પુરાવો છે. આ બજેટ ઉપર આ સભાગૃહના સન્માનીય સભ્યશ્રીઓએ ઘણી વાતો કરી છે એટલે બધી વાતો હું દોહરાવતો નથી. પરંતુ નવી બાબતો લાવ્યા છે આ બજેટની અંદર તેમાં હું કહેવા માંગુ છું કે આ બજેટની અંદર નીરોગી બાળક વર્ષ ૨૦૦૮ ની વાત લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે ત્યારે તેને હું આવકારું છું. બાળ મૃત્યુ દર ઘટાડવા માટે બાળક હંમેશા નીરોગી બની રહે, બાળકનો શારીરિક તથા માનસિક વિકાસ થાય, સામાજિક રીતે પણ વિકાસ થાય અને ગર્ભસ્થ શિશુ અવસ્થાથી માંડી કુમાર અવસ્થા સુધી બાળકના વિકાસ ચક્રોની અંદર તેની સંભાળ લેવામાં આવે અને સરકારશ્રીએ આ અંગે બજેટની અંદર જે જોગવાઈ કરી છે તે ખરેખર આવકારદાયક છે. માતાઓની પૂર્વ પ્રસૂતિની સંભાળ, પ્રસૂતિ બાદ માતાઓની સંભાળ અને ચિરંજીવી યોજના દ્વારા આ કાર્ય ચાલી રહ્યું છે અને તેને વેગ આપવાની પણ આ બજેટમાં માનનીય નાણામંત્રીશ્રીએ વાત કરી છે તે ખરેખર આવકારદાયક છે. એચ.ડી.આઈ.વ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં આપણે કમનસીબે આપણાં દેશનો નંબર ૧૨૮મો છે. માનનીય નાણામંત્રીશ્રીએ બજેટમાં વાત કરી છે આ આંક નીચે લઈ જવા માટે અને દેશમાં જે ૧૨૮મો નંબર છે તે આંક નીચો લઈ જવા માટે બજેટમાં નાણામંત્રીશ્રીએ વાત કરી છે અને ગુજરાતમાંથી આની શરૂઆત કરવાની વાત કરી છે તે ખરેખર આવકારદાયક છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીની વાત લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે. આ તો એક બહું નવી જ વાત થઈ. દેશભરમાં સૌથી પ્રથમ ચિલ્ડ્રન યુનિવર્સિટી ગુજરાતમાં બને છે આ એક બહુ સારી વાત થઈ. બાળકો માટે, બાળકોનું શારીરિક તથા માનસિક તથા સામાજીક વિકાસ થાય, વૈજ્ઞાનિક ઢબે બાળકોનો ઉછેર થાય અને આ માટેના નિષ્ણાતો તૈયાર કરવા માટેની યુનિવર્સિટી બનાવવાની વાત આવી અને આ જે નિષ્ણાતો તૈયાર થઈ જશે પછી આ એક યુનિવર્સિટી બાળકોના વિકાસ માટે, બાળકોની રમત ગમત, બાળકોની રૂચી, બાળકોનો આહાર, બાળકોની ફિલ્મો, પૌષ્ટિક આહાર આ બધી પ્રવૃત્તિઓ માટેની આ યુનિવર્સિટીની શરૂઆત કરવા જઈ રહ્યાં છે ત્યારે સૌ પ્રથમ એ અંગે બાલ ગોકુલમ નામની એક યોજના શરૂ કરવામાં આવશે અને ત્યાર બાદ યુનિવર્સિટીમાં રૂપાંતરિત થશે. આ પણ એક બહુ સારી વાત માનનીય મંત્રીશ્રી લાવ્યા છે અભિનંદન આપું છું.

મહિલા અને બાળ વિકાસ અંગેની પણ આ બજેટમાં સારી એવી જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામીણ મહિલાઓ પોતાના ગ્રામીણ વિકાસમાં સહભાગી બની શકે અને પોતે પગભર બની શકે તે માટે રાજય સરકારે ચિંતા કરી છે અને નાના નાના મહિલા મંડળો દ્વારા, સખી મંડળો બનાવીને આ ગ્રામીણ મહિલાઓ પોતાના પગભર થઈ શકે તે માટે ૧૫ લાખ બહેનોને પ્રવૃત્ત કરવા માટે આ બજેટની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ ૯૪ કરોડ રૂપિયાનું આયોજન કરી અને દોઢ લાખ સખી મંડળો બનાવવાનું આયોજન કર્યુ છે જે આવકારદાયક છે. એક નવી વાત આરોગ્યની દ્રષ્ટિએ કોઈની કલ્પનામાં ન આવે એ રીતે આ ૧૦૮ એમ્બ્યુલન્સની વ્યવસ્થા રાજય સરકારે ઠેર ઠેર ઉભી કરી છે. આખા રાજયમાં આ એમ્બ્યુલન્સની સેવાઓનો વ્યાપ વિસ્તારવા માટે ૧૨ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ સૂચવી છે એ પણ આવકારદાયક છે.

હોસ્પિટલોનું સંચાલન નબળું થતું હતું. આપણી વ્યાપક ફરિયાદો હતી કે હોસ્પિટલોનું સંચાલન બરાબર થતું નથી. કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવા છતાં પણ વ્યાપક ફરિયાદો આવતી હતી. એ ફરિયાદોના નિવારણ માટે અને હોસ્પિટલોનું સંચાલન સૂચારુ બની રહે એ માટે એના નિષ્ણાતો ઉભા કરવા માટે, હોસ્પિટલના મેનેજરો ઉભા કરવા માટે હોસ્પિટલ મેનેજમેન્ટનો પી.જી.કોર્સ શરૂ કરવાનું આયોજન સૂચવ્યું છે, તે પણ આવકારદાયક છે.

પ્રવાસન બાબતમાં રાજય સરકારે ઘણી ચિંતા કરી છે. પ્રવાસનને ઉદ્યોગનો દરજજો આપીને રાજય સરકારે દરેક જિલ્લાની અંદર પ્રવાસન સોસાયટીની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે. એ માટે બજેટમાં ૨૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સૌથી અગત્યની વાત એ છે કે પ્રવાસનના વિકાસ માટે અને દેશ પરદેશના વધારે ને વધારે પ્રવાસીઓ ગુજરાતમાં આવે એ માટે ગિરનાર રોપ-વે યોજના અંદાજીત ૧૦૦ કરોડની યોજના છે. આ યોજનાનું ખાતમૂહુર્ત મુખ્યમંત્રીશ્રી જૂનાગઢ ખાતે કરી ગયા છે. આ યોજનાનું કામ ચાલુ છે. આ યોજના પૂરી થતાં ગિરનાર ખાતે જે ૫૦૦૦ પગથિયાંની ઉંચાઈ ઉપર આવેલા અંબાજી સુધી હવામાં બેસી બસ ઉડતી જશે અને ૮૦ યાત્રાળુ કે પ્રવાસીઓને લઈને અંબાજીમાં મા અંબાજીના ચરણોમાં પહોંચશે. આ યોજના પૂર્ણ થતાં બહુ મોટી સંખ્યામાં દેશ પરદેશના પ્રવાસીઓ જૂનાગઢ ખાતે આવશે અને રાજયને એનો ખૂબ મોટો લાભ થશે.

રમતગમત ક્ષેત્રે રાજય સરકારે ખૂબ જ ચિંતા વ્યકત કરી છે અને એ માટે બજેટમાં ફાળવણી કરી છે. જૂનાગઢ ગિરનાર પર્વતમાં ફૂલછાબ અખબારે ૧૯૭૧માં ગિરનાર આરોહ-અવરોહણ સ્પર્ધા શરૂ કરી હતી, રાજય સરકાર સંચાલિત આ સ્પર્ધાને નેશનલ કોમ્પીટીશનમાં પરિવર્તિત કરવામાં આવેલ છે, એ માટે રાજય સરકારને હું અભિનંદન આપું છું. આવતી ૧૬ તારીખે નેશનલ ગિરનાર આરોહ-અવરોહણ સ્પર્ધા જૂનાગઢ ખાતે યોજાવાની છે. ખડતલ અને સાહસિક યુવાનો માટેની આ સ્પર્ધાને રાષ્ટ્રીય કક્ષાનું સ્વરૂપ આપ્યું છે એ અભિનંદનને પાત્ર છે.

સૌથી મોટી ચિંતાનો વિષય એ આ ગિરનારના સિંહોનું, ગિરનારના સાવજોનું રક્ષણ કરવાની વાત છે. સમગ્ર એશિયામાં એક જ જગ્યાએ ગીર અને ગિરનારમાં જ સાવજો વસે છે. એના રક્ષણ માટે ૫ વર્ષમાં ૪૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે આ અંગે બજેટમાં ૧૨ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે, જે અભિનંદનીય છે. પરંતુ જે રીતે ભારત સરકારે ટાઈગર પ્રોટેકશન પ્રોજેકટ હાથ ધર્યો છે એવી રીતે ભારત સરકાર લાયન પ્રોટેકશન પ્રોજેકટ હાથ ધરે એ માટે આપણે ભેગા મળીને સામૂહિક રીતે ચિંતન કરીને ભારત સરકાર પાસે રજૂઆત કરીને લાયન પ્રોટેકશન પ્રોજેકટ હાથ ધરવામાં આવે તો મને લાગે છે કે એ બહુ સારી વાત બની રહેશે.

દેશના વિકાસનો અગત્યનો પાયો હોય તો એ શિક્ષણ છે. એના માટે રાજય સરકારે ચિંતા વ્યકત કરી છે અને ૯૪ હજાર જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરીને બાળકોનું શિક્ષણનું સ્તર ઉંચુ આવે એ માટેના પ્રયત્નો કર્યા છે. એટલું જ નહીં, તમામ શાળાઓમાં સ્વચ્છતા જાળવવા માટે ૩૬ હજાર જેટલા સ્વચ્છતા સંકૂલો બનાવીને શિક્ષણ પ્રત્યે રાજય સરકારે પ્રતિબદ્ધતા વ્યકત કરી છે એટલા માટે અભિનંદન આપું છું.

પાણી માટે વાત કરવામાં આવી. ગુજરાતની પ્રજાએ, ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતના લોકોએ પાણીનું ભયંકરમાં ભયંકર સંકટ ભોગવ્યું હતું. આ સંકટ દૂર કરવા માટે રાજય સરકારે ૭૦૦ કિલોમીટર લાંબી પાઈપલાઈન ગોઠવીને નર્મદાનું પાણી દરેક જગ્યાએ પહોંચાડયું છે, આગળના વર્ષોની સરખામણીમાં ગયા વર્ષે આ પાણીના સંકટ માટે ૧૨૨૦ કરોડ રૂપિયાનું આયોજન હતું, એમાં ૨૦ ટકાનો વધારો કરીને ૧૪૬૯ કરોડનું આયોજન કરીને ભવિષ્યમાં કયારેય આ પ્રકારે પાણીનું સંકટ ન આવે એ માટેના પ્રયત્નો હાથ ધર્યા છે, એ માટે હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, શહેરોમાં આજે ૪૦ ટકા વસતી વસે છે અને આવતા ૧૦ વર્ષમાં ૫૦ ટકા જેટલી વસતિ શહેરોમાં વસતી હશે. તો એના માટેની આજે માળખાકીય સુવિધાઓ વધારવા માટે રાજય સરકારે ચિંતા વ્યકત કરી છે અને ગયા વર્ષે જે ૧૬૯૮ કરોડ રૂપિયાની જોગવાઈ હતી એમાં ૨૪ ટકાનો વધારો કરીને ૨૧૨૧ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવી છે અને ૭ મહાનગરપાલિકાઓ માટે ૪૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ સૂચવી છે એના માટે હું અભિનંદન આપું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એના માટે મારાં મંતવ્યો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોઈએ તો ૭૦ ટકા જેટલી વસતિ ગામડાંમાં વસે છે અને એ ખેતી અથવા ખેતી સંલગ્ન મજૂરી અથવા બીજાં કામો સાથે જોડાયેલા છે ત્યારે આ બજેટમાં ખેતી પ્રત્યે ઓછું લક્ષ્ય આપવામાં આવ્યું છે એ દુ:ખની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે કૃષિ અંગે જે કાર્યક્રમો આપવામાં આવે છે એ કાર્યક્રમો કેટલીક વખતે એ સરકારી કાર્યક્રમોને બદલે પક્ષીય કાર્યક્રમો બની જાય છે ત્યારે એ કાર્યક્રમોનું મહત્વ ઘટી જાય છે અને એકપક્ષીય કાર્યક્રમો બની જાય છે અને એનાથી બીજા ખેડૂતો અલિપ્ત રહે છે ત્યારે આવા કાર્યક્રમો પક્ષીય ન બને એ જોવું જોઈએ. ખાસ કરીને કૃષિ મહોત્સવ જેવો કાર્યક્રમ જો એને પ્રજાનો અને ખેડૂતોનો કાર્યક્રમ બનાવવામાં આવે તો ખેડૂતોને એનાથી વિશેષ લાભ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે આ ગૃહમાં ઘણીવખત ચર્ચાઓ થયેલ છે, ઘણીવખત રજૂઆતો થયેલ છે, પરંતુ ખરેખર ખેડૂતોની મુશ્કેલીઓવાળા જે પ્રશ્નો છે અને આપણે જે બીજા કાર્યક્રમો જેવા કે કઠોળ વિકાસ કાર્યક્રમ, મકાઈ વિકાસ કાર્યક્રમ અને તેલિબીયાં વિકાસ કાર્યક્રમ હોય તો આના વિકાસને અવરોધરૂપ જે નીલગાયોનો પ્રશ્ન છે એના હિસાબે ખેડૂતોએ કઠોળનું વાવેતર કરવાનું છોડી દીધું છે અને કેટલીક જગ્યાએ ખેડૂતો તેલિબીયાં અને મકાઈનું વાવેતર કરતા બંધ થવા લાગ્યા છે ત્યારે સરકારે આ દિશામાં નિષ્ઠાપૂર્વક વિચાર કરીને આ નીલગાયોનો ત્રાસ ઓછો કરવા માટે આ નીલગાયોમાં એના નરનું વ્યંધિરણ કરીને એની વસતિ ક્રમશઃ ઘટાડી શકાય તેમ છે. તો એના માટે પણ ધ્યાન આપવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં અને તાલુકાઓમાં જેમ આદિવાસીઓ માટે અનુસૂચિત જનજાતિઓના વિસ્તાર માટે જે કાર્યક્રમો આપ્યા છે, અમૂક બક્ષીપંચના વર્ગોને બાદ કરતાં બક્ષીપંચનો મોટો ભાગ છે એને હજુપણ આ વિકાસનાં ફળ મળ્યાં નથી અને એમાં ઘણીબધી તેમની સામાજીક ત્રૂટીઓ છે, તેમનામાં વ્યસન છે, અંધશ્રધ્ધા છે, એ બધાનો અભ્યાસ કરીને પણ આ પ્રજા સુખી થાય તે માટે સરકારે કામ કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે જયારે સરકાર આ અંદાજપત્ર લઈને આવી છે ત્યારે એને માટેનાં નાણાંનો પૂરેપૂરો અને સારી રીતે ઉપયોગ થાય એના માટે હું સરકારશ્રીને અને માનનીય નાણામંત્રીશ્રીને કેટલાંક સૂચનો કરવા માગું છું કે પાણી પુરવઠાની યોજનાઓ બને છે, પાણી પુરવઠા માટેની ટાંકીઓ બને છે, પરંતુ આજે ૧૦-૧૦ વર્ષથી મોટાભાગની ટાંકીઓમાં પાણી ભરતા નથી. તો આનાથી સરકારના પૈસા વેડફાય છે અને લાભાર્થીઓને એનો લાભ મળતો નથી. સરકારની ગ્રામ વિકાસની જુદી જુદી યોજનાઓ હેઠળ ગ્રામ્ય રસ્તાઓ બને છે, નાના પૂલ બને છે, પરંતુ એનાં કામ હલકા પ્રકારનાં થાય છે કે જે કામ બે જ વર્ષમાં હતાં ન હતાં થઈ જાય છે અને બે વર્ષમાં તો એ કામ હતું નહોતું થઈ જાય છે. જળસંપત્તિ વિભાગ દ્વારા જે ચેક ડેમો બને છે, ખેત તલાવડીઓ બને છે, બોરી બંધ બને છે કે તળાવો ઉંડા કરવાના કાર્યક્રમો હોય તે કામ પણ એટલી હલકી ગુણવત્તાનું થાય છે કે બે વર્ષમાં તે કામો દેખાતા જ નથી. અને નવેસરથી તે કામ પ્રજા માટે ઉભું ને ઉભું જ રહે છે.

ઈ-ધરા દ્વારા ખેડૂતને ૭/૧૨, ૮-અ, કે વારસાઈ માટેની એન્ટ્રી કે બોજા મુકિત કે બોજો આપવાની એન્ટ્રી માટે ખેડૂતોનું શોષણ થાય છે. અને દિવસોના દિવસો સુધી ખેડૂતોને ધક્કા ખાવા પડે છે માટે આ અંગે પણ સરકારે ખૂબ કડક થવાની જરૂર છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોય કે સામૂહિક આરોગ્ય કેન્દ્રો હોય તે આરોગ્ય કેન્દ્રોમાં પૂરતી સગવડના અભાવે પ્રજાજનો કામ લઈ શકતા નથી. એટલે મારી વિનંતી છે કે અધિકારીઓ દ્વારા પ્રજાની હેરાનગતિ ન થાય અને પ્રજાને સારું કામ મળે એટલા માટે સરકારે ઓફિસોની બહાર ફરિયાદ બોકસ મૂકવા જોઈએ. કે જેથી કોઈ પણ ખેડૂત કે કોઈ પણ વ્યકિત તેને થયેલ અન્યાય અંગે ફરિયાદ બોકસમાં ફરિયાદ નોંધાવી શકે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. અમારી સરકાર પંડિત દિન દયાળજીના એકાત્મ માનવતા વાદની વિચારધારાને અનુસરેલી સરકાર છે. વંચિતોનો વિકાસ, દરીદ્રનારાયણની સેવા, અંત્યોદય અને ગરીબ વર્ગનું કલ્યાણ અને છેવાડાના માનવીને, આમ આદમીને કેન્દ્રમાં રાખીને ગુજરાતના સર્વાંગી વિકાસ માટેનું આ બજેટ છે. પૂજય રવિ શંકર મહારાજે ગુજરાત રાજ્યની સ્થાપના ૧-૫-૧૯૬૦ના રોજ કરેલી, તેમણે ચીંધેલા રાહ પર અમારી સરકાર ઉત્તરોત્તર વિકાસ રોકેટ ગતિએ કરી રહી છે. સન ૧૯૧૦માં ગુજરાત રાજય પોતાની સ્થાપનાના ૫૦ વર્ષની પૂરતી પ્રસંગે સૂવર્ણ જયંતિ વર્ષ ઉજવણી કરી રહ્યું છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. ગુજરાતનો વિકાસ જે રોકેટ ગતિએ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે તેનો શ્રેય જો કોઈને જતો હોય તો આપણા સૌના હૃદય સમ્રાટ આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબને જાય છે. આ સન્માનનીય ગૃહમાં ભૂતકાળમાં આપણા સમાજના, આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ઘણાં દેવી દેવતાઓને યાદ કર્યા હશે. એમાં આપણા સમાજની અંદરના આ સન્માનનીય ગૃહમાં અનેક દાખલાઓ આપ્યા હશે. તેની આ પ્રણાલિમાં થોડો બદલાવ આવતો જાય છે. વિરોધ પક્ષના નેતાએ જે રીતે આ સન્માનનીય ગૃહમાં એક 'અસૂર' રાવણ, જેણે સીતા માતાનું અપહરણ કર્યુ, જેના ઉપર આખી રામાયણ લખાઈ, તેવા અસૂરનો જયારે ગૌરવ સાથે દાખલો આપ્યો ત્યારે અમને થોડું દુ:ખ થયું કે જે રામચંદ્રજી, સીતાજીને છોડાવવા માટે જે રામસેતુના પુલ ઉપર ગયા, એ રામચંદ્રજી યાદ ન આવ્યા, એમનો પુલ યાદ ન આવ્યો, અને રાવણને યાદ કરીને આ ગૃહની અંદર ગૌરવની સાથે જે દાખલો આપ્યો તેનાથી અમને થોડું દુ:ખ થયું છે.

આપણા ગુજરાતમાં જે પ્રાથમિક સુવિધાઓ છે, આજે આપણા ગ્રામ્ય વિસ્તારમાં, જે વિસ્તારમાંથી અમે ચૂંટાઈને આવીએ છીએ તે વિસ્તારના લોકોને લાઈટ, પાણી અને રસ્તો મળે તો બીજી કોઈ અપેક્ષા એ વિસ્તારના

લોકોની હોતી નથી. હમણાં વિરોધપક્ષના નેતાશ્રીએ આ સન્માનનીય ગૃહ સમક્ષ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રનો દાખલો આપ્યો હતો. કે ત્યાં વેટમાં વધારો નથી થયો તે રીતે અહીં પણ વેટમાં વધારો ન કરવો જોઈએ. હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રના વિકાસ સાથે ગુજરાતના વિકાસની કલ્પના તમે કરી જૂઓ, તો તમને ખ્યાલ આવશે કે આ ગુજરાતનો વિકાસ સમગ્ર દેશમાં પહેલા નંબરે છે. તમને કલ્પના થશે કે આ ગુજરાતનો વિકાસ સમગ્ર દેશમાં પહેલા નંબરે છે. ગુજરાતના વિકાસ સાથે મહારાષ્ટ્ર, રાજસ્થાન કે મધ્યપ્રદેશની કલ્પના ન કરી શકાય, ગુજરાતનો વિકાસ થાય છે એ એમને દેખાતું નથી. વિરોધપક્ષના નેતા ખૂબ શિક્ષિત છે ખૂબ સિનિયર અને મને યાદ છે કે બજૅટ રજૂ થયું ત્યારે સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત હતા, પરંતુ સન્માનનીય ગૃહના સભ્ય તરીકે તેઓ નહોતા ત્યારે પણ આ સભાગૃહની ગેલેરીમાં બેસીને બજૅટને નિહાળતા હતા. અમારી વિનંતી છે કે છેલ્લા પાંચ વર્ષમાં માનનીય નાણામંત્રીશ્રીએ બજૅટો રજૂ કર્યા એને વાંચી જાય તો ખબર પડે કે એક પણ રૂપિયાનો વેરો વધાર્યા વગર બજૅટો રજૂ કર્યા છે ત્યારે તેઓએ એના કોઈ વખાણ કર્યા નથી. સ્વાભાવિક છે કે વિરોધપક્ષમાં બેઠા હોય અને સરકાર બજૅટ રજૂ કરતી હોય ત્યારે એને ન વખાણે પરંતુ દિલથી કહેતા હશે કે છેલ્લા પાંચ વર્ષના બજૅટો અને આ વખતનું બજૅટ સારું છે. એમને વિરોધ કરવો પડે એટલે સન્માનનીય સભાગૃહ સમક્ષ વિરોધ કરતા હશે. છેલ્લા પાંચ વર્ષમાં અમારી સરકારે વધારાનો વેરો નાખ્યા વગર જન હિતને ધ્યાનમાં રાખીને, જનતાને કેન્દ્ર સ્થાને રાખીને વહીવટમાં ગુણાત્મક પરિવર્તન લાવીને અને જન ભાગીદારીથી લોકોને જોડીને એમાં નવી તરાહ લાવીને કાર્ય સિદ્ધિ મેળવી છે એના ઉપર આખા દેશનું ધ્યાન એકત્રિત થયું છે. નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિક પ્રયાસ અમારી સરકારે કરેલ હોય જનતાએ અમારી ઉપર સંપૂર્ણ ભરોસો મૂકીને સતત ચાર વખતથી સત્તાના સૂત્રો ભારતીય જનતા પાર્ટીને સોંપ્યા છે.

આ તબક્કે શિક્ષણની વાત કરું તો શિક્ષણમાં અમે એ દિવસો જોયા છે કે જ્યારે આપણા દીકરા દીકરીઓ અભ્યાસ કરવા જતા હોય ત્યારે કોઈ ઝાડ નીચે બેસીને અભ્યાસ કરતા હોય, ત્યાં પ્રાથમિક શાળામાં શિક્ષક ન હોય, ત્યાં જાય તો અનેક મુશ્કેલીઓ આપણા દીકરા દીકરીઓને પડતી હતી. અમારી સરકારે ગયા બજૅટમાં જોગવાઈ કરીને અને આ બજૅટમાં પણ જોગવાઈ કરીને વિદ્યા સહાયક શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. શિક્ષકોની ઘટ હોય તો દીકરા દીકરીઓને સારો અભ્યાસ સરકાર કયારેય આપી ન શકે. આ સરકારે ૯૩ હજાર જેટલા વિદ્યા સહાયકોની ભરતી કરી છે જેનો સંપૂર્ણ શ્રેય માનનીય આનંદીબહેનને જાય છે. શિક્ષકોની ભરતી થશે તો એના દ્વારા દીકરા દીકરીઓને સારો અભ્યાસ આપી શકીશું, જેટલું વધારે શિક્ષણ મળશે તેટલા એ મજબૂત થશે અને અંતે દેશ મજબૂત થશે. પ્રાથમિક શાળાઓમાં સરકારે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવી છે, શૌચાલયની સુવિધા પણ આપી છે, લાઈટ બિલ સરકાર ભરે છે. ગામડાંની દીકરીઓને અભ્યાસ માટે એસ.ટી. પાસ ફ્રી આપવામાં આવે છે આવી તો અનેક સવલતો અમારી સરકારે આપી છે. સાથે સાથે પારદર્શક વહીવટ અમારી સરકારે આ ગુજરાતને સમર્પિત કર્યો છે. અમે એ દિવસો જોયા છે જ્યારે અમે સ્કૂલે ભણતા હતા ત્યારે પ્રાથમિક શાળાના શિક્ષકની ભરતી હોય એમાં ભ્રષ્ટાચાર, બદલીમાં ભ્રષ્ટાચાર, બઢતીમાં ભ્રષ્ટાચાર થાય. ભ્રષ્ટાચારની અનેક ફરિયાદો આવે. શિક્ષકો ફફડે કે કદાચ કંઈ થશે અને આ ચૂંટાયેલા પદાધિકારીઓ મારી બદલી કરાવી નાખશે એવો ડર રહેતો હતો. પરંતુ અમારી સરકાર આમાં પારદર્શકતા લાવી છે. પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવાની હોય તો પહેલા એના માટે અરજીઓ મંગાવવામાં આવે અને એ અરજીઓમાંથી ટકાવારી પ્રમાણે જ ભરતી કરવામાં આવે, જરૂર પ્રમાણેના શિક્ષકો ટકાવારી પ્રમાણે જ અમારી સરકારે લીધા છે. બદલીઓ માટે પણ નિયમ, બદલી કૅમ્પ યોજવામાં આવે. તાલુકા કક્ષાએ થાય જિલ્લા કક્ષાએ થાય અને બદલી કૅમ્પમાં જેટલી જગ્યાઓ ખાલી હોય એના નામો મૂકવામાં આવે અને એમાં પારદર્શકતા અમારી સરકાર લાવી છે. એ જ રીતે બઢતીમાં પણ અમારી સરકાર પારદર્શકતા લાવી છે એટલું જ નહિ આ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી એમને મળતી ભેટ સોગાદો છે એની હરાજી કરીને એમાંથી જે આવક થાય એનો કન્યા કેળવણી પાછળ ખર્ચ કરવામાં આવે એટલી બધી ચિંતા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આપણી દીકરીઓના અભ્યાસ માટે કરી છે. મને કોંગ્રેસના લોકો એક પણ એવા મુખ્યમંત્રી બતાવે કે તેમને મળેલી ભેટ-સોગાદો તેમણે કન્યા કેળવણી માટે વાપરી હોય. એ કયારેય શકય નથી, એટલા માટે કે આદરણીય મુખ્યમંત્રી નં. ૧ મુખ્યમંત્રી છે. ગુજરાતનો વહીવટ નં. ૧ વહીવટ. ગુજરાત ક્ષેત્રે નહીં, સમગ્ર દેશમાં નં.૧ વહીવટ છે. એ જ રીતે ઉર્જા ક્ષેત્રે નવી ક્રાંતિ આપણી સરકાર લાવી. મને ખ્યાલ છે. અમે જે વિસ્તારમાંથી આવીએ છીએ. ત્યાં આગળ અમે જઈએ ત્યારે અમને કહે કે તમને ચૂંટીને વિધાનસભામાં મોકલ્યા છે. અમે આખો દિવસ ખેતરમાં જઈને આવીએ, ખેતરમાંથી સાંજે થાકીને ઘેર આવીએ, જમવાના ટાઈમે જમવાની તૈયારી કરીએ ૬-૩૦ કે ૭-૦૦ વાગે અને લાઈટ જાય. તમને ચૂંટીને મોકલ્યા છે તો તમે એવું કરજો જમવાના ટાઈમે લાઈટ ન જાય. સવારે જશે, સાંજ જશે, બપોરે જશે તો ચાલશે. એ ક્ષેત્રે અમારી સરકાર અને આદરણીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈએ આ જયોતિગ્રામ યોજનાનો અમલ કર્યો. ગુજરાતના ૧૮,૦૦૦ ઉપરાંત ગામડાંઓમાં ૨૪ કલાક લાઈટ આપવાનું કામ જો કોઈએ કર્યું હોય તો આ ગુજરાત સરકારે કર્યું છે. દેશમાં કોઈ રાજય સરકારે ૨૪ કલાક લાઈટ નથી આપી. મને યાદ છે, જે દિવસે જયોતિગ્રામ યોજનાનું બિલ લઈને આપણી સરકાર આ સન્માનનીય ગૃહમાં આવી હતી તે વખતે વિરોધપક્ષની પાટલીએ બેઠેલાં લોકોએ આ

સન્માનનીય ગૃહમાંથી વોકઆઉટ કરી દીધો હતો અને તેમણે આ બિલનો પ્રત્યક્ષ રીતે નહીં પણ પરોક્ષ રીતે પણ વિરોધ કરીને ગુજરાતના ગામડાંમાં ૨૪ કલાક લાઈટ મળે તેના માટે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિરોધપક્ષના સભ્યશ્રી વીજળીની વાત કરતા હતા, તેમને હું કહેવા માગું છું કે અમે તો ખેડૂતોની ચિંતા કરીએ છીએ. અમારી સરકાર ખેડૂતોની ચિંતા કરે છે. જે રીતે રાજય સરકારને ફાળવવામાં આવતા અનલોકેટેડ કવોટામાંથી ફેબ્રુઆરી-૨૦૦૬માં ૨૧૦ મેગાવોટ જેટલો વીજળીનો ઘટાડો તમારી કેન્દ્રની સરકારે કર્યો અને જે અમારા ખેડૂતોને મળતો હતો એ બારોબાર મહારાષ્ટ્ર અને દાદરાનગર હવેલીના ઉદ્યોગપતિઓને આપી દીધો. અમારા ખેડૂતોને અન્યાય કરીને ઉદ્યોગપતિઓને તમે વીજળીનો કવોટા આપ્યો. તેમાંથી ૫૫ મેગાવોટ અમને પાછો મળ્યો છે, આપણી સરકારને. તમે બાકી રહેલો ૧૫૫ મેગાવોટ કવોટા પાછો અપાવો એવી મારી તમને વિનંતી છે કે કેન્દ્ર સરકાર આપણને એ કવોટા અપાવે. મારાં બે સૂચનો છે. એક સૂચન આ સન્માનનીય ગૃહ સમક્ષ ધ્યાને લાવવા માગું છું કે આર.એન્ડ બી. ડિપાર્ટમૅન્ટમાં જ્યારે માર્ગ અને મકાનના મંત્રીશ્રી ઉપસ્થિત છે તેમને એક વિનંતી છે કે જ્યારે કોઈ રસ્તાનું ટેન્ડર બહાર પાડવામાં આવે ત્યારે એજન્સીનું ટેન્ડર મંજૂર થાય, એ ટેન્ડર મંજૂર થયા પછી તેને ડિપૉઝિટ ભરવાની હોય છે. આ ડિપૉઝિટ ભરવામાં એજન્સી મોડું કરે છે. તેના લીધે આપણા રસ્તાનાં કામ મોડાં થાય છે. એવું ભૂતકાળના ૪૫ વર્ષમાં ધ્યાને આવ્યું છે. તેમાં એક સુધારો કરે.

**અધ્યક્ષશ્રી :** એ વિભાગની ચર્ચામાં લઈ લેજો. શ્રી ચંદુભાઈ ડાભી.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર :** આ બજૅટને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી (કરજણ) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી ગુજરાતની પ્રજા માટે જે બજૅટ લઈને આવ્યા છે અને શ્રેષ્ઠ બજૅટ છે એવું ઠસાવવા માટે જે પ્રયત્ન કર્યો છે તેના ઉપર મારા વિચારો પ્રદર્શિત કરું છું. આ બજૅટમાં સ્વપ્નાં વધારે લાગે છે પણ પ્રેકટીકલ વાત ઓછી છે. આ બજૅટથી કમરતોડ મોંઘવારી વધવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે હિંમતપૂર્વક જે વેરાનો વધારો કરવાનો છે તેવી હિંમત દાખવી શક્યા નથી. જ્યાં ચાર પૈસા છે તેની જગ્યાએ એક જ પૈસો વધાર્યો છે. અઢી પૈસા છે ત્યાં ખાલી ૨૫ ટકા વધારી શક્યા છે અને લોકોના મનમાં એવું ઠસાવવા માગે છે કે તેમણે ખરેખર કરવેરા નાખ્યા નથી. પરંતુ આ વેટના કારણે તો સામાન્ય માણસના ખિસ્સા ખાલી થવાના છે. સરકારે તેની આ ટેક્સની આવક ૮૮૦ કરોડ અંદાજેલી છે. પરંતુ મને લાગે છે કે વેટનો જે વ્યાપ છે તેના કારણે ૧૫૦૦ કરોડ જેટલી આવક થવાની શક્યતા છે અને એટલા માટે તેના માટે પણ મંત્રીશ્રી વિચારે. આજના જે મુખ્યમંત્રી છે તેમણે પાછળના જે જે મુખ્યમંત્રીઓ હતા તેમના કરતાં એક રૅકૉર્ડ બ્રેક કર્યો છે. તેમણે પ્રસિદ્ધિ માટે જે ૪૯ કરોડની માતબર રકમ ફાળવી છે, માનનીય અધ્યક્ષશ્રી, હું તો કેટલાંક સૂચનો પણ કરવા માગું છું કે આ સરકારે કેટલાક માનીતા ઉદ્યોગપતિઓ છે એમની પાસેથી જે વેરાની વસુલાત બાકી છે એ વસૂલાત માટે કોઈ કડક કાર્યવાહી કરી નથી અને જો કડક કાર્યવાહી કરે તો આ વધારો કરવાની જરૂર પડે નહીં. આ સરકારમાં વરસોવરસ રિકવરીની રકમ વધતી જાય છે. ૨૦૦૧માં રૂ.૪૦૯/- કરોડ હતી, ૨૦૦૩માં રૂ.૬૧૦૦/- કરોડ હતી. ૨૦૦૬માં રૂ.૮૦૦૦/- કરોડ હતી. ૨૦૦૭માં ૮૩૦૦ કરોડ રૂપિયાની વસૂલાત બાકી છે. ગામડાના લોકોની બાકી હોય તો ગામડામાં કડક ઉઘરાણી કરવામાં આવે છે અને મારું નમ્ર સૂચન એવું છે કે, આ વસૂલાત માટે સરકાર શ્રેષ્ઠ પ્રયાસ કરે. ફક્ત ૨૫ ટકા રિકવરી કરે તો પણ આ વેરો વધારવાની જરૂર પડે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં એક બીજી વાત, એન્ફોર્સમેન્ટ એનાલિસિસની પ્રક્રિયા ખૂબ જ ધીમી છે અને આ પ્રક્રિયા વરસોવરસ ઘટતી જાય છે. ૨૦૦૫માં ૩૬૮ કરોડના એન્ફોર્સમેન્ટના દાવા કરવામાં આવ્યા હતા અને ૨૦૦૬-૨૦૦૭ની વાત કરીએ તો આ દાવા ફક્ત ૧૬૦ કરોડ જેટલા થયા છે અને આ અંગે પણ કાંઈ વિચારે. ખાસ તો મારે એ કહેવું છે કે, આ રાજયમાં તેલના ભાવ કૂદકેને ભૂસકે વધતા જાય છે. આ વેટના કારણે ૨૫ ટકા ભાવ વધારો થશે.

**અધ્યક્ષશ્રી :** મારો ઉલ્લેખ કરીને વાત નહીં કરી શકો. જે કાંઈ કહેવું હોય એ આપના નામે કહેવું.

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું કહેવા માગું છું કે, તે વખતના એક સભ્યશ્રીએ એવું કહેલું કે, ગુજરાતની બહેનો છે એ આંસુથી લોટની કણક બાંધશે અને પૂરીઓ છે તે પાણીમાં તળશે. આ એમના શબ્દો હતા. એ આજે સાર્થક થતા હોય એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક ક્ષેત્રે આપણે હરણફાળ ભરી છે એ બહુ મોટી વાત થઈ છે. એની પાછળના પણ કેટલાંક કારણો છે. જે ગુજરાતની પ્રજાનું ખમીર છે, સાહસ છે, એની જે કોઠાસૂઝ છે. એટલું જ નહીં ગુજરાતની પ્રજાનું એક આગવું કૌવત છે. (અંતરાય) એક મિનિટ, ૧૯૯૧માં તે વખતના દેશના નાણામંત્રીશ્રી માનનીય મનમોહનસિંઘે આર્થિક ઉદારીકરણની નીતિ દાખલ કરી તેનો સૌથી વધુ ફાયદો છે તે ગુજરાતના સ્વર્ગસ્થ મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ઉઠાવ્યો હતો અને તેમની દૂરંદેશીના કારણે ગુજરાતનો આર્થિક વિકાસ થયો હતો અને એમણે જે બીજ રોપ્યા હતા એના સારાં ફળ આપણે ચાખી રહ્યા છીએ.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ બજૅટની સામાન્ય ચર્ચા ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજૅટની જે જોગવાઈઓ છે એ જોગવાઈઓની ચર્ચા હાઉસમાં થઈ રહી છે ત્યારે મારા બે મિત્રોને સાંભળ્યા. મારે શરૂઆત ત્યાંથી કરવી છે કે જે આખું બજૅટ રજૂ થયું છે એમાં ગામડાઓની વાત નથી, વિકાસની વાત નથી, કૃષિની વાત નથી એવી રજૂઆત થઈ છે. હું યાદ એટલા માટે અપાવું છું કે, સમગ્ર બજૅટ છે એની જોગવાઈ સામે સામાજિક ક્ષેત્રે તમામ સેવાઓ માટે, તમામ વર્ગો માટે રૂ.૮૧૭૧/- કરોડની જોગવાઈ છે. જે જોગવાઈ બજૅટના લગભગ ૪૩ ટકા જેટલી થવા જાય છે. એની સાથોસાથ કૃષિ અને સિંચાઇ, કારણ કે આપણે એવું માનીએ છીએ કે, ભારત ગામડાઓનો બનેલો દેશ છે, ગુજરાત પણ ગામડાઓનું બનેલું રાજય છે.અને કૃષિ અને સિંચાઈ એની જે યોજનાઓ છે એ એ રકમનો મોટા ભાગે જે ખર્ચો થવાનો છે જે વપરાવાનું છે એ ગામડાના વિકાસને માટે ખેડૂતોના વિકાસને માટે એ વપરાવાનો છે. એ રકમની જોગવાઈ ૭૦૧૫ કરોડ રૂપિયા જેટલી થાય છે. આ બેનો સરવાળો કરી એને સામાજિક ક્ષેત્રની સેવાઓ પાછળ બજૅટની ફાળવણી અને કૃષિ અને સિંચાઇ પાછળ આ સરકારે કરેલી બજૅટની ફાળવણી એ રકમ ૧૫૧૮૬ કરોડ રૂપિયા જેટલી રકમ થાય છે. ગુજરાતના નહીં દેશના ઇતિહાસમાં પહેલીવાર આટલી મોટી જંગી રકમ ગામડા અને કૃષિના વિકાસને માટે ૮૦ ટકા રકમ થઈ. આ રકમનો સરવાળો કરવા બેસીએને તો મણીભાઈ, ૮૦ ટકા રકમ થાય છે અને એટલા માટે કહીએ છીએ કે આ ગોલ્ડન ગુજરાત, આગામી સમયમાં જે સમગ્ર રાષ્ટ્રને જેણે તમામ રીતે નેતૃત્વ પૂરું પાડવાનું છે, હું તમામ રીતની વાત કરું છું, હું આર્થિક રીતની વાત કરું છું, હું સામાજિક ક્ષેત્રની વાત કરું છું, વિકાસની વાત કરું છું, હું રાજકીય ક્ષેત્રની પણ વાત કરું છું, તમામ રીતે જ્યારે ગુજરાતે સમગ્ર દેશને નેતૃત્વ પૂરું પાડવાનું છે ત્યારે આજે ગુજરાતનું જે આખું બજૅટ છે એ બજૅટમાં ભા.જ.પ.ના બજૅટમાં, સરકારના બજૅટમાં ગામડું ધબકે છે. ગામડાનો ધબકાર અમે આ બજૅટમાં જીલવાનો પ્રયત્ન કર્યો છે અને હું તો ત્યાં સુધી કહીશ કે આ "ગોલ્ડન ગુજરાત"ની જે આપણી પરિકલ્પના છે, "ગોલ્ડન ગુજરાત"ની જે આપણી વ્યાખ્યા છે આગામી દિવસોમાં એમાં આ સરકારની આખી એક પદ્ધતિ એવી શરૂ થઈ છે કે ગામડાને મહત્ત્વ અપાય, કૃષિ ક્ષેત્રને મહત્ત્વ અપાય, સિંચાઇને મહત્ત્વ અપાય. એ કમનસીબી રહી છે કે આ દેશ આઝાદ થયો એ પછી આ ગામડામાં વસેલી દેશની વસ્તીઓને બદલે ગામડાઓ ભાંગવા માંડ્યા, ગામડાઓ તૂટી રહ્યા હતા, ગામડાઓ ખાલી થઈ રહ્યા હતા. ગામડામાંથી સ્થળાંતરિત થઈને લોકો શહેરની ઝુંપડપટ્ટીઓમાં વસી રહ્યા હતા. શહેરની ગંદી ગલીઓમાં સબડી રહ્યા હતા. પહેલી વખત ગુજરાતમાં ભારતીય જનતા પક્ષનું શાસન આવ્યા પછી ગામડાના વિકાસને માટેની જો કોઈએ કલ્પના કરી હોય, ગામડાનો વિકાસ થાય, ગામડું નંદનવન બને એવી કોઈ કલ્પના કરી હોય તો ભારતીય જનતા પક્ષના શાસનમાં થઈ. એક નિશાળનો એક રૂમ બનાવવો હોય, એક બસસ્ટેન્ડ બનાવવું હોય, પંચાયત ઘર બનાવવું હોય તો કોઈ હોંશે હોંશે સરપંચ બની જાય, મારા જેવો લોકોએ કીધું કે આત્મારામભાઈ બની જાવ સરપંચ તો બની જાય, ચંપલના તળીયા ઘસાઈ જાય, નિશાળનો એક રૂમ ન બને એ પ્રકારની પરિસ્થિતિ ગુજરાતમાં હતી.

અમે સૌ પ્રથમ ગામડાને ઈન્ફ્રાસ્ટ્રકચર આપવાની વાત કરી, ગામડું ટકાવવું હશે તો ગામડાના લોકોને પહેલું પીવાનું પાણી આપવું પડશે. પાણી માટે અનેક યોજનાઓ, હું તો જે વિસ્તારમાંથી આવું છું હું સૌરાષ્ટ્રના વિસ્તારમાંથી ચૂંટાયો છું મને ખબર છે ૧૫ વર્ષ પહેલાં અમે ગામડામાં જતા તો બહેનો દોઢ- બે. કિલોમીટર માથે બેડાં લઈને એવા તાપમાં રખડે, કોઈકની વાડીમાં પાણી હોય તો મળે, ન હોય તો બીજી વાડીમાં જાય, પાણીના ટૅન્કરો આવે એની લાંબી લાઈનો, ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકારને સૌરાષ્ટ્રની જનતાના એટલા આશીર્વાદ છે કે અમારી મા-બેન-દીકરીઓને ગામડાના તાપમાંથી મુકિત અપાવીને એના ઘરે પાણી પહોંચાડવાનું કામ ભારતીય જનતા પક્ષના શાસનમાં અમે કરી શકયા છીએ. ગામડું તો જ ટકશે જો ખેડૂત ટકશે. ખેડૂત તો જ ટકશે જો એની ખેતીમાં એને પોષણક્ષમ ભાવ મળે જે અહીં આંકડા રજૂ થયા છે એ છેલ્લા ૫ થી ૭ વર્ષમાં કૃષિ ઉત્પાદન વધ્યું છે. આ કૃષિ ઉત્પાદન કંઈ એમનેમ રાતોરાત વધ્યું નથી. મારે આ વાત એ કરવી છે કે ગામડાના ખેડૂતોને ટકાવવાં હોય તો ખેતી ટકાવવી પડે અને ખેતી ટકાવવી હોય તો એને સિંચાઈ અને પાણીની સુવિધા પૂરી પાડવી પડે. મને આજે કહેતા આનંદ થાય છે કે આજે ગુજરાતમાં હજારો ચેકડેમ બન્યા છે, ખેત તલાવડીઓ બની છે યોજનાઓ કઈ શરૂ કરી, કે ગામનું પાણી ગામમાં, ગામ તલાવડી, સીમનું પાણી સીમમાં, સીમ તલાવડી, ઘરનું પાણી ઘરમાં આપણે કૂવાનું આયોજન કરી, આમ કરીને પાણીને વહી જતું બચાવવાનું કામ કર્યુ છે અને એમ કરવાથી જમીનના તળ ઉંચા આવ્યા. મને કહેતાં આનંદ થાય છે કે આજે ચેકડેમ કરવાની જળસિંચાઈ કરવાની પ્રવૃત્તિ શરૂ થઈ એ પ્રવૃત્તિમાં કયાંકને કયાંક મારા મત વિસ્તારનો ફાળો છે. આ વાતનો હું એટલા માટે ઉલ્લેખ કરવા માગું છું કે આજથી વર્ષો પહેલાં અમે જ્યારે તરુણ ભારત સંઘના મિસ્ટર રાજેન્દ્રસિંગ આપ સૌને ખ્યાલ છે કે જળક્રાંતિના ક્ષેત્રે એમનો ખૂબ મોટો ફાળો છે. એમણે વિસ્તાર કયો પસંદ કર્યો છે એમણે અલવર સારીસ્કા વિસ્તાર પસંદ કર્યો. કે સાહેબ, જ્યાં પાણીની ખૂબ મોટી અછત, ડુંગરાળ વિસ્તાર અને પાણી ખરું પણ એને રોકવાની કોઈ યોજના ન હતી. આનો અભ્યાસ કરવા માટે હું, મારી સાથે કેટલાક મિત્રો ત્રણ દિવસ માટે સારીસ્કામાં રહ્યા હતા રાજેન્દ્રસીંગની સાથે. નદીઓના પાણી રોકવા માટે, તળાવોનું સિંચન કરવાનું પાણી તે દિવસોમાં અમે અભ્યાસ કર્યા પછી અમે આવીને સૌ પ્રથમ ગઢડામાં જલધારા ટ્રસ્ટના મથુરભાઈ અને મિત્રો સાથે ગુજરાતમાં પહેલીવાર પાણીના પ્રશ્ન અંગે જો કોઈએ ક્રાંતિની શરૂઆત કરી હોય તો એની શરૂઆતના પગરણ ભીમરાજથી ભાદરણની પદયાત્રામાં થયા છે. જળ બચાવોનું અભિયાન અમારા વિસ્તારમાંથી શરૂ થયું છે. આ

માટેની પ્રેરણા અમે રાજેન્દ્રસીંગ પાસેથી લીધી છે. જોગાનુજોગ માનનીય શક્તિસિંહભાઈને ખ્યાલ હશે કે રાજેશ પાયલોટજીનો આખો સંસદીય મત વિસ્તાર પણ છે. ત્યાંથી પ્રેરણા લઈને શરૂ કરેલી આ કામગીરી અને પછી સરકાર, એ વખતના માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ બધાનો સાથ અને સહકાર મળ્યો એના પરિણામે આખી યોજનાને જન ભાગીદારીમાં લઈ ગયા. આજે જોઈએ છીએ કે ૯ હજાર કરોડ કૃષિની આવક હતી એની સામે ૩૪ હજાર કરોડની આવક થઈ છે. એનો યશ આ સરકારની ગ્રામ વિકાસને લગતી કૃષિ અને સિંચાઈની નીતિને આભારી છે. એટલા માટે કહું છું કે ગામડાઓને સમૃદ્ધ બનાવવાના છે. શરૂઆતમાં મેં કહ્યું એમ સમગ્ર દેશને એવી દિશા આપી દીધી હતી કે ગામડાંના વિકાસની વાત જ નહીં. મોટા મોટા ઉદ્યોગપતિઓને પોષવાની વાત, મોટા શહેરો બનાવવાની વાત, આ સરકાર અને દેશની ગાડી ઊંધા પાટે ચાલી હતી. આ દેશને ઊંધા માથે નાખ્યો હતો. ગામડાં તુટી ગયા હતા. ગામડાંનો વિકાસ કરવાનું કામ ભારતીય જનતા પક્ષના શાસનમાં થયું છે ત્યારે મારે કહેવું છે કે કૃષિની વાત આવે ત્યારે, અમે નાના હતા ત્યારે પિકચર જોવા જતા હતા, અત્યારે ચાન્સ નથી મળતો. પિકચરમાં ગાયન આવતું "મેરે દેશકી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી" તે દિવસોમાં આ પરિકલ્પના લાગતી હતી. આજે એ ગુજરાતે પુરવાર કરી આપ્યું. આ ગુજરાતની ધરતીમાં સોનું ઉગાડી શકે એવી તાકાત છે. એને જરૂર છે એક દિશા, એક વિઝનની. દિશા વગરના માણસો, દિશાહીન માણસો ક્યારે નેતૃત્વ આપી શકે? કોઈ માર્ગ ચીંધી શકે? આતો આંધળાના ગામમાં જઈને આયનાનો વેપાર કરવાની વાત થઈ. કોઈ ગ્રાહક મળે? એવા લોકોના હાથમાં શાસન હતું. મારે એટલા માટે એ વાત કરવી છે કે આ દિશા અમે પકડી ગામડાંને સમૃદ્ધ બનાવવાની, એને ઈન્ફ્રાસ્ટ્રકચર આપવા અમે નક્કી કર્યું. ગામડાંમાં સુવિધાઓ વધી છે તો શિક્ષણનું પ્રમાણ વધારીએ. એ માટે આદરણીય આનંદીબેનના વખતથી આખી કલ્પના શરૂ થઈ. એક લાખ જેટલા શાળાના ઓરડા બનાવ્યા. એક લાખ જેટલા શિક્ષકોની નિમણૂંક થઈ. આ પછી અમે શાળા પ્રવેશોત્સવ શરૂ કર્યો. એ એમ જ નહોતા શરૂ કરી શક્યા. ઈન્ફ્રાસ્ટ્રકચર શરૂ કરીને અમે કહ્યું ગ્રામ્ય પ્રજાને કે તમારે ભણવું છે? આ ગુજરાતની શિક્ષણ ભૂખ એટલી બધી વધારે છે કે અન્ય રાજ્યો કરતા ગુજરાતના શિક્ષણની ભૂખ પ્રમાણમાં વધારે છે. એટલા માટે પરિસ્થિતિ એ પેદા થઈ કે ગામડાંમાં શિક્ષણ માટેનું ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડ્યા પછી અમે પ્રવેશોત્સવ શરૂ કર્યો. ૪૩ ડીગ્રી ગરમી, પરસેવો નીકળી જાય એવા તાપમાનમાં આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારીઓ, વિધાનસભાના માનનીય સભ્યો ગામડાંમાં ગયાં. પેલી ગરીબની દીકરી જેની તરફ કોઈ જુએ પણ નહિ. મેં આગળ જઈ એની આંગળી પકડી કહ્યું, બેટા, ચાલ આગામી દિવસોની ૨૧મી સદીનું ભારત અને ૨૧મી સદીનું ગુજરાત નિર્માણ કરવાની જવાબદારી તારી છે. એમ કહીને દોરી ગયો ત્યારે એ પ્રસંગ મને યાદ આવે છે. એના લીધે પરિસ્થિતિ એવી થઈ કે આજે ગુજરાતમાં ડ્રોપ આઉટ રેટ ઘટી ગયો છે અને ૯૯ ટકા સુધી આપણે પ્રવેશની લાયકાતવાળા દીકરા-દીકરી છે એને શાળામાં ભણવા મોકલી શક્યા છીએ. મને એમ થાય છે કે ૫૦ વર્ષ સુધી શાસન કર્યું એના મગજમાં એવો વિચાર આવ્યો હોત કે બધાને ભણાવવા જોઈએ તો અહીં બેઠેલા છે એમાંના હજુ ૫૦ ટકાના મા-બાપ અભણ રહ્યા છે, અમારા મા-બાપ અભણ રહ્યા છે એનું કલંક ભૂતકાળના શાસકોના માથે છે. જેની દીર્ઘદ્રષ્ટિના અભાવના લીધે આ પરિસ્થિતિ પેદા થઈ છે. આગામી દિવસોમાં ગુજરાત કેરળની સરખામણીમાં આવશે અને એના માટેનો યશ આ શાસનને જાય છે. આ શાસનને દિશા આપનાર ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે એમ કહેવામાં કોઈ વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત સાહેબ કરવાની છે કે આજે જોગવાઈ કરી છે, અનેક જાગૃત્તિની પહેલ સરકારે પણ કરી છે. ગોલ્ડન ગુજરાતની પણ વાત કરી છે. મારે તો સાહેબ, બે-ત્રણ નવી વાત કરવી છે Human Development Index. આ સરકારના બજેટની શરૂઆત કયાંથી થઈ છે. રાષ્ટ્રીય સૂચકઆંક સાથે તાલ મેળવવાની વાત છે અને આયુષ્ય મર્યાદા વધારવાની વાત, શાળામાં પ્રવેશ દર વધારવાની વાત, સાક્ષરતા વધારવાની વાત અને માથાદીઠ આવક વધારવાની વાત આ બધી પરિકલ્પના કર્યા પછી આ વર્ષે ગુજરાત દેશમાં પહેલું એવું એક રાજ્ય છે કે જેણે નાનામાં નાના બાળકોની ચિંતા કરીને નીરોગી બાળ વર્ષ ૨૦૦૮ ની શરૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સમગ્ર ગુજરાતને દિશા આપનારું નેતૃત્વ આપનારું છે, આટલું કહીને મારી વાત પૂરી કરું છું.

"સુનો ગૌરસે દુનિયાવાલો
**સુનો ગૌરસે કોંગ્રેસવાલો**
બૂરી નજર ના હમ પે ડાલો
ચાહે જીતના જોર લગાદો
સબસે આગે હોંગે ગુજરાતી"

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા (સોનગઢ) :** માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એ બાબતે હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની દસમી પંચવર્ષીય યોજનાનું વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી સામાજિક સેવામાં ૧૭,૭૨૭ કરોડની જોગવાઈ સામે ફકત ૧૫,૭૬૫ કરોડનો ખર્ચ કરેલ છે. આમ ૧,૯૬૧

કરોડની ઘટ છે જે મૂળ જોગવાઈ સામે ૧૧ ટકા જેટલી ઘટ બતાવે છે. રાજ્ય સરકારે ચાલુ પંચવર્ષીય યોજના અંર્તગત ૧૫,૦૦૦ કરોડની "આદિજાતિ વનબંધુ કલ્યાણ યોજના"નું પેકેજ જાહેર કરેલ છે એ પ્રમાણે દર વર્ષે દર વર્ષના આયોજનમાં પ્રતિ વર્ષ ૩૦૦૦ કરોડની જોગવાઈ થવી જોઈએ એ કયાંય જણાતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ફાળવણી કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારમાં ખાસ કરીને ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, એમાં પણ આદિમજાતિ જૂથના પણ ઘણાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ ફી ભરી શકતા નથી. આદિમજાતિના વિદ્યાર્થીઓ ટોપલા-છાબડી ગૂંથીને પણ ફી ભરી શકતા નથી આવા વિદ્યાર્થીઓ માટે પણ સરકારશ્રીએ વિચારવું જોઈએ અને આવી શાળાઓ માટે બજેટમાં જોગવાઈ કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ ખાતા મારફતે બી.પી.એલ. બાળકોને જે સાઈકલો આપવાની યોજના છે એમાં ફકત છોકરીઓને સાઈકલ આપવામાં આવે છે. આ સાઈકલ છોકરાંઓને પણ આપવી જોઈએ કેમ કે, એકને સાઈકલ મળે અને બીજાને ના મળે આ રીતે જે ભેદભાવ ઊભો થાય છે એ માટે પણ સરકારશ્રીએ વિચારવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ કન્યા કેળવણીને ઉતેજન આપી બહેન-દીકરીઓને શિક્ષિત બનાવવાનો પ્રયાસ કરે છે એ આવકારદાયક છે. ધોરણ ૧૦ અને ૧૨નું બોર્ડ કે અન્ય શાળા-કોલેજોના પરિણામો જોઈએ તો આપણે જાણીએ છીએ એમાં સૌથી મોખરે કન્યાઓ હોય છે અને કન્યાઓ જ્યારે પુખ્ત વયની થાય અને જ્યારે સમાજમાં બેસવાનો વારો આવે ત્યારે આ ભણેલી-ગણેલી છોકરીઓને માટે એને અનુરૂપ છોકરાઓ મળી શકતા નથી, આવી શૈક્ષણિક અસમાનતા આજે દરેક સમાજમાં ઊભી થઈ છે અને આ ચિંતાનો વિષય છે. આથી કોઈપણ જાતના વાડા રાખ્યા વગર કન્યા કેળવણી સાથે સાથે કુમાર કેળવણી માટે પણ સરકારશ્રીએ મહત્ત્વ આપવું જોઈએ અને વિચારવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં સ્વજલ ધારા યોજના હેઠળ પાણીની ટાંકી બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે.પરંતુ આ ટાંકીઓ મારફત પીવાનું પાણી આજે પણ મળતું નથી. કરોડો રૂપિયાનો ખર્ચ વ્યર્થ ગયો હોય તેવું લાગે છે. અમારા વિસ્તારમાં જોઈએ તો આમાંની કેટલીક ટાંકીઓ સાવ લીકેજ હાલતમાં જોવા મળે છે. જ્યારે પાણી એમાં ભરવામાં આવે છે, ત્યારે આ ટાંકીઓમાંથી લીકેજ થતાં પાણી અમારા આદિવાસી છોકરાઓને ન્હાવા માટે ફૂવારાની ગરજ સારે છે. આવું માલૂમ પડ્યું છે. આ બાબતે મેં તારાંકિત પ્રશ્ન પૂછેલો. જે બાબતમાં સરકારશ્રીએ જણાવેલ કે એપ્રિલ-૨૦૦૮ સુધીમાં આ ટાંકીઓ ચાલુ કરી દેવામાં આવશે. આ જવાબ ઉપરથી એવું ફલિત થાય છે કે આ યોજનાનાં પરિણામ મળ્યાં નથી. આદિવાસી વિસ્તારમાં ગામડે ગામડે, ફળિયે ફળિયે હેન્ડપંપો કરી ગુજરાત સરકાર પાણી પુરવઠાની મોટી સિદ્ધિના આંકડાઓ રજૂ કરે છે, પણ હેન્ડ પંપોથી પાણી પૂરું પાડવું એ મારી દ્રષ્ટિએ ગરીબીની નિશાની છે, કારણ કે હેન્ડપંપોથી પિવાતું પાણી ક્ષારયુક્ત, ફ્લૉરાઇડ વાળું હોય છે અને જેના કારણે હાડકાની ગંભીર બીમારી અને તંદુરસ્તી ઉપર અસર પડી શકે છે. આવી પરિસ્થિતિમાં પણ શુદ્ધ પાણી માટે રાજ્ય સરકારના બજેટમાં કોઈ પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવી નથી. અહીયાં વીજળીની વાત કરવામાં આવી. હું જે વિસ્તારમાંથી આવું છું તે ઉકાઈ જળાશય યોજના. આ વિસ્તારમાં આ યોજના મારફત રાજ્યમાં અને દેશમાં વીજળી અને પાણી પૂરું પાડવામાં આવતું હોય ત્યારે એ જ વિસ્તારમાં આજે ગુંદી અને બાવલી એવા ઘણા ગામો છે. જ્યાં બબ્બે વર્ષથી વીજળીનો ગોળો સળગ્યો નથી. બીજું આ રાજય સરકારે સહાયક પ્રથાની શરૂઆત પ્રાથમિક શિક્ષકમાંથી કરી. આજે દરેક ડિપાર્ટમૅન્ટમાં સહાયક પ્રથા દાખલ કરવામાં આવી છે. આ લોકોનું વેતન જોઈએ તો તે પ્રમાણે તેમનું ગુજરાન એમાંથી ચાલી શકતું નથી. આ રીતે ક્વોલિફાઈડ નોકરિયાતોનું એક જાતનું શોષણ થાય છે, એવું મારું માનવું છે. આ બાબતે પણ તમામ નોકરિયાતોને પૂરું વેતન મળે એ બાબતે સરકારે વિચારવું જોઈએ અને એને માટે બજેટમાં જોગવાઈ કરવી જોઈએ. આવા કારણોસર માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટને હું સમર્થન આપી શકું તેમ નથી.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, ગરવી ગુજરાતના ગૌરવવંતા સન્માનનીય ગૃહમાં હું પ્રથમ વાર જેમનું સમર્થન મેળવીને આવ્યો છું. આપ સમક્ષ પ્રસ્તુત થયો છું, બોલવા માટે ઊભો થયો છું. તેના માટે હું ગૌરવ અનુભવું છું. સન્માનનીય સભ્યોને મારા વંદન છે. મહામહિમ રાજ્યપાલશ્રીએ જ્યારે ગૃહમાં બધા જ નવા ચૂંટાયેલા ધારાસભ્યોને અભિનંદન આપ્યા હતા એ બદલ પણ હું એમનો ખૂબ ખૂબ ઋણી છું. એમના આશીર્વાદ મેળવી હું ધન્ય બન્યો છું.

માનનીય આદરણીય વજુભાઈ તેરમી વખત ગૃહમાં બજેટ રજૂ કરી રહ્યા છે, તો રજૂ થયેલ બજેટના સમર્થનમાં હું મારો સૂર પુરાવું છું. ગુજરાતની અંદર વર્ષો સુધી પાણી ખેંચાવાના કારણે અને જળાશય નહિ થવાના કારણે જે પરિસ્થિતિ ઊભી થઈ, એમાં ગુજરાતની અંદર ઘણી જગ્યાએ ડાર્કઝોન ઊભા થયા છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં જે સવિશેષ પ્રયત્ન કરીને જળાશયનાં કામો કર્યાં. એ માટે તત્કાલીન સિંચાઈ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને પરિણામે આજે જે પરિસ્થિતિ થઈ છે. ચેકડેમ હોય, બંધારા હોય, આડબંધ હોય, તળાવો ઊંડા કરીને પાણી ભરવાના હોય સિદ્ધપુરમાં ચેકડેમમાં નર્મદા મૈયાના પાણી ભરવાના હોય આ તમામ પ્રક્રિયાઓ આજે જોઈએ તો તમામ વિસ્તારોમાં જે અગાઉ સિંચાઈના અભાવે ખેતી બંધ થઈ ગઈ હતી, ત્યાં ફરી સિંચાઈ શરૂ થઈ છે. જે લોકો ડંકીથી પાણી ખેંચતા હતા, ત્યાં બબ્બે કોલમ ઓછા

કરી પાણી મેળવવા માંડ્યા છે. ગુજરાતની આ ધરતી છે એ નંદનવન, હરિયાળી લાગવા માંડી છે. આ સિંચાઈ, આડબંધ, ચેકડેમ અને બંધારાને કારણે જે સેલીનીટી રેટ વધતો હતો અને દરિયાઈ ભૂગર્ભ પાણી જે જમીનમાં ખારાશ પ્રસરાવતાં હતાં એ ધીમેધીમે બંધ થયો છે. ગુજરાતમાં નર્મદા મુખ્ય નહેર અને સુજલામ્ સુફલામ્ દ્વારા જળસંચયના કામો અત્યારે ચાલી રહ્યા છે એના પરિણામે નદીમાં જે સમુદ્રનું પાણી આવી જતું હતું અને ખારાશ પણ વધતી હતી એ ધીમેધીમે ઘટવા માંડી છે અને સેલીનીટી રેટ પણ ધીરેધીરે ઘટવા માંડયો છે. પીવાના પાણીની બાબતમાં આ સરકારે ખૂબ સક્ષમ વહીવટ આપ્યો છે અને જુથ પાણી પૂરવઠા યોજના દ્વારા ગામડે ગામડે પીવાનું પાણી પહોંચાડયું છે. એ ખૂબ અભિનંદનીય વાત છે. આ બજેટમાં એની પૂરેપૂરી જોગવાઈ મૂકવામાં આવી છે. એ બદલ નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. અગાઉ જયારે જુથ યોજનાના કામો ચાલતાં ત્યારે મને ખ્યાલ છે કે સામી પાટલીના વિપક્ષી મિત્રો હતા એ વિરોધ કરતા. એક તાલુકામાંથી બીજા તાલુકામાં પાણી ન જાય એ માટે આંદોલન ચલાવતા. જયારે આપણે પાણીના વિકાસની વાત કરીએ, પર્યાવરણ સાચવવાની વાત કરીએ છીએ ત્યારે માનવતાથી વધારે કશું નથી એવા આપણે નીંદનીય પ્રયત્નો બંધ કરવા જોઈએ. મારા મિત્રોને મારી સલાહ છે કે જન ભાગીદારીના કામ, જનહિતના કામમાં આપનો પણ સૂર હોવો જોઈએ. એક ગીતની કડી હું કહીશ.

" નિર્માણોં કે પાવન યુગમેં, હમ ચરિત્ર નિર્માણ ન ભુલેં,
સ્વાર્થ સાધના કી આંધીમેં વસુધા કા કલ્યાણ ન ભુલેં,
વિજ્ઞાનોં કે આવિષ્કારમેં માનવતા કા કલ્યાણ ન ભૂલે."

જયારે વન અને પર્યાવરણની વાત આપણે કરીએ છીએ ત્યારે વન્ય જીવન અને છેલ્લે આપણે ગીરમાં સિંહના જીવન વિશે તકલીફ ઉભી થાય તો વન્ય જીવન માટે આપણે સૌએ અગ્રિમતાના ધોરણે એને રક્ષણ આપવાની, મદદ આપવાની અને પર્યાવરણ જળવાય એ માટે ખૂબ આવશ્યક પગલાં લેવાની જરૂર છે. વન્ય જીવો જયારે નામશેષ થઈ રહ્યાં છે ત્યારે વન્ય જીવને મારી નાખવામાં આવે, તેના ચામડા, નખ, દાંત માટે વન્ય જીવોનું જીવન હરી લેવામાં આવે એ ચલાવી શકાય નહીં. સરકારે વન્ય જીવોને રક્ષણ મળે એ માટે સવિશેષ ટુકડી બનાવી છે. વન્ય જીવનને સાચવી શકે એ માટે સરકારી સંશાધનો વધાર્યા છે એ માટે નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શિક્ષણની બાબત જોઈએ તો હું ગુજરાતની અંદર ૧૯૪૦માં ગેસ આધારિત વીજ મથક હતું એવા ગામમાં વડનગરમાં મારો જન્મ થયો અને ભણ્યો છું. ૧ થી ૫ ધોરણ મારી કોઈપણ શાળા નહોતી અને ઝાડની છાંયાની નીચે ભણ્યા છીએ. આજે છેલ્લા પાંચ વર્ષમાં જે શાળાના ઓરડા બન્યા, શિક્ષકોની ઘટ પૂરી થઈ અને આજે શિક્ષકોની બદલી બાબત પારદર્શક નીતિ અપનાવી છે એ બદલ આનંદીબહેનને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ નીતિને કારણે શિક્ષણનો વ્યાપ વધ્યો છે, ડ્રોપ આઉટ રેશીયો ઘટયો છે અને શિક્ષણ બાબતે સામાન્ય માણસમાં જાગૃતિ આવી છે અને શિક્ષણનું અભિયાન ચલાવ્યું છે એમાં શાળાનું નવું સત્ર ચાલુ થાય ત્યારે સરકારી અધિકારીઓ દ્વારા શિક્ષણનો ઉત્સવ ઉજવવામાં આવે છે એનાથી શિક્ષણનું પ્રમાણ ખૂબ વધ્યું છે. હું જે વાત કરતો હતો ચેકડેમની. ગુજરાતનું ચેરાપુંજી ગણાય એવા ડાંગ જિલ્લામાં અતિશય વરસાદ કે અતિશય પાણીને કારણે ઘણું નુકસાન થતું હતું. ઉનાળામાં પીવાનું પાણી મળવું મુશ્કેલ હતું. કારણ કે ત્યાં ખડકાળ જમીન છે. બાકીના સ્ત્રોતો નહોતા. આવા વિસ્તારોમાં ચેકડેમ બાંધી અને વન્ય પર્યાવરણ જીવન અને મનુષ્ય જીવનનું ખૂબ આવકારદાયક કહેવાય તેવું પગલું ભર્યુ છે. આ તમામ પગલાંથી હું માનું છું કે આગામી દિવસોમાં જે ગામડાં તૂટતાં હતા, તે ગામડાં તૂટવાના બદલે ગામડાઓ પગભર થશે અને મનુષ્ય જીવનની મુશ્કેલી હતી એનો સામનો કરવાનું બળ મળશે. મનુષ્ય જીવન પગભર થશે. આ માટે બજેટની જોગવાઈ છે એને સમર્થન આપીને મારું વ્યક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, તેમાં હું મારો સૂર પુરાવું છું અને સમર્થન આપું છું. સતત તેરમી વખત બજેટ રજૂ કરીને રૅકૉર્ડ બનાવ્યો એ બદલ જેટલાં અભિનંદન આપું એટલાં ઓછાં છે, કારણ કે દેશના કોઈપણ રાજ્યમાં સતત તેરમી વખત એક જ મંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યુ હોય તેવું મારા ધ્યાન ઉપર નથી. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રાહબરી હેઠળ ભારતીય જનતા પાર્ટીની સરકારે વિકાસનાં જે કામો કર્યાં છે તે ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના પ્રતિનિધિને ચૂંટાઈને મોકલ્યા છે તે આપણે જોઈ શકીએ છીએ. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા રાજ્યની ધૂરા સંભાળ્યા બાદ સમગ્ર દરિયાકાંઠાનો જે વિકાસ થઈ રહ્યો છે, તે વિકાસને ધ્યાને લઈને ભારતીય જનતા પાર્ટીએ ગૌરવ લેવા જેવો છે.

સાગર ખેડુ પૅકૅજ યોજના હેઠળ ૧૧,૦૦૦ કરોડનું પૅકૅજ મુખ્યમંત્રીશ્રીએ એલાન કર્યુ. તે અભિનંદનને પાત્ર છે. ૧૧,૦૦૦ કરોડ રૂપિયાના આ પૅકૅજમાં ૧૩ જિલ્લા, ૩૮ તાલુકા અને ૩,૦૦૦ ગામડા અને ૬૦,૦૦૦ લાખ લોકોને સ્પર્શ કરતી ડાયરેકટ આ યોજના હેઠળ ૧,૭૦૦ કરોડ રૂપિયાનો આ જ વર્ષનો ગત વર્ષમાં જ ખર્ચ થયેલ છે. પ્રથમ વખત આ સભામાં મેં જોયું છે કે ગત ૨૦૦૭-૦૮ નું બજેટ મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યુ હતું, ત્યારે કહેવામાં આવતું હતું કે આ બજેટ ખાલી ચૂંટણીલક્ષી બજેટ છે. આ ચૂંટણીલક્ષી નહોતું. આ બજેટને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના જે વિસ્તારોમાં કોંગ્રેસનું શાસન, કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાતા હતા. આ બજેટને ધ્યાનમાં રાખીને સાગર ખેડુનો જે વિકાસ થયો છે. એ વિકાસના કારણે ભારતીય જનતા પાર્ટીનું શાસન, ભારતીય જનતા

પાર્ટીના સભ્યો ચૂંટાઈને આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ ગુજરાતના વિકાસ માટેની ભૂખ બતાવી છે. તેના કારણે આંતરરાષ્ટ્રીય ખેંરખાઓનું ધ્યાન પણ ગુજરાત ઉપર કેન્દ્રિત થયું છે. તેના કારણે ૧૧.૩ ટકાનો વિકાસદર ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે હાંસલ કર્યો છે. મને ખ્યાલ છે કે હમણાં હમણાં ૩ મહિના પહેલા મુખ્યમંત્રીશ્રી અમારા વિસ્તારમાં આવ્યા હતા. જી.પી.સી.એલ. પાવર પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવા માટે આવ્યા હતા. તે સમયે મુખ્યમંત્રીશ્રીએ એક એલાન કરેલ કે ૨૦૧૦ માં આનું ઉદ્‌ઘાટન કરવા ફરી આવીશ. તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

મને ખ્યાલ છે કે અમારા દરિયાકાંઠાના ગામોમાં પ્રથમ વખત ૧૯૯૮ માં હું ચૂંટાઈને આવ્યો હતો, તે વિસ્તારની પરિસ્થિતિ મારા ધ્યાન ઉપર છે. એ વિસ્તારના ગામડાઓની પરિસ્થિતિ મારા ધ્યાન ઉપર છે. તે સમયે પાણીની વ્યવસ્થા નહોતી, રસ્તા નહોતા, નિશાળના ઓરડાઓ નહોતા. બાળકો લીમડાના છાયા નીચે ભણતા હતા. તે સમયે શિક્ષકોની ઘટ હતી. તે સમયે રસ્તાઓની ઘટ હતી, પાણી નહોતું. આજે મહી પરીએજ યોજના મારફત ૭૦૦ કિ.મી. દૂરથી પાણીની વ્યવસ્થા કરવામાં આવી. આપનું ધ્યાન દોરવાનું કે જે તે સમયે આ યોજના અંગે આ સભાગૃમાં વિરોધ પક્ષના લોકો એવું કહેતા હતા કે નેવાના પાણી મોભે ચડાવાની વાત કરે છે. હું એ લોકોનું ધ્યાન દોરું છું કે આ નેવાના પાણી મોભે ચડી ગયા છે. અમારા દરિયાકાંઠાના ગામોમાં પાણી મળતું થયેલ છે. ચાંચ, ખેરા, સમઢિયાળા, પટવા, ખેરામાં તો પ્રચલિત કહેવત પણ હતી કે ઊડે રેત લગે પાના, ખુદા દે ખાના તો ખેરામત જાના. આજે આ પરિસ્થિતિ બદલાઈ છે. ત્યાંના લોકો ખૂબ રાજી છે અને તેના લીધે સતત ત્રીજી વખત આ સભાગૃહમાં મને મોકલ્યો છે. આ સભાગૃહમાં આપનું ધ્યાન દોરતા આનંદ અનુભવું છું કે માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ રજૂ કર્યુ છે તેમાં હું મારો ટેકો જાહેર કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તે ગુજરાતના તમામ વિસ્તારોને સરખો ન્યાય આપનારું નથી તેમ દેખાય છે. એટલા માટે કહું છું. માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈએ કહ્યું હતું કે ગુજરાતની જનતાએ વોટેડ ફોર ડેવલપમેન્ટ પણ હું તો એમ કહું છું કે બટ ધે હેવ ટ્રાયબલ એરિયામાં જે લોકો છે તે વોટેડ અગેઈન્સ ઈટ. આ સાહેબ અત્યારના જે પરિણામો છે તેના પરથી ખબર પડશે કે આદિવાસી બેલ્ટ છે તે વિસ્તારમાં વિકાસ પાથર્યો નથી એટલા માટે અગેઈન્સ વોટ આપ્યા છે. છેવાડાના માનવી સુધી વિકાસ પાથરે અને એ જ્યારે ખુશ થાય ત્યારે ખરેખર વિકાસ થયો હોય એમ મનાય. ૨૦૦૭-૦૮નું બજૅટ બહાર પડયું ત્યારે ૨૩-૨-૨૦૦૭ની તારીખ હતી અને તે દિવસે બજૅટ બહાર પાડ્યું અને તેના પછી માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિયમ-૪૪ હેઠળ જે પૅકૅજ બહાર પાડેલા તે વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડુ વિકાસ યોજના, શહેરી ગરીબો માટેની યોજના તે ટોટલ ૩૯ હજાર કરોડનું પૅકૅજ હતું. મને એમ હતું કે આ વખતના બજૅટમાં તેની જોગવાઈ અને આયોજન પણ હશે. પણ દુ:ખ સાથે કહેવું પડે કે તેના માટેની કોઈ જોગવાઈ પણ નથી દેખાતી અને આયોજન પણ નથી. આ અલગ પૅકૅજ નથી પણ આ અગિયારમી પંચવર્ષીય યોજના છે તેમ સરકારે સ્વીકારવું જોઈએ એમ મને લાગે છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં આયોજન પંચની એવી ભલામણ છે કે ટ્રાયબલ વિસ્તારનો વિકાસ કરવો હોય તો તેના માટેનું બજૅટ તે ૧૭.૫૭ ટકા હોવું જોઈએ. પરંતુ અહી ટોટલ જે આયોજન પંચનું બજૅટ છે ૧,૦૬,૯૧૮ કરોડ છે તેની સામે જે મળવું જોઈએ બજૅટ ટ્રાયબલ વિસ્તારને તે ૧૮૭૭૨ કરોડ મળવું જોઈએ એટલે ૩૭૭૨ કરોડ ઓછું મળ્યું છે અને જે મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી તે ફક્ત ૧૫ હજાર કરોડ છે. એટલે આટલું ઓછું બજૅટ ફાળવવામાં આવ્યું છે. બીજું કે બીજા વિભાગોમાં બજૅટ વધતું વધતું જાય છે ૧૫ ટકા, ૨૦ ટકા વધે છે. ત્યારે ગુજરાત પેટર્નમાં ગયા વખતે જે બજૅટ હતું ૪૧૦.૧૮ લાખ હતું અને આ વખતે ૨૦૦૮-૦૯નું બજૅટ છે તે ૨૯૬ કરોડ ફાળવ્યું છે એટલે ૧૧૪.૧૮ લાખ ઓછા ફાળવ્યા છે. એટલે મને એમ લાગે છે કે આદિવાસી વિસ્તાર પ્રત્યે આ દુર્લક્ષ્ય સેવવામાં આવી રહ્યું હોય એવું દેખાય છે. ગયા વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ગામડાઓમાં ૨૫૦ ની વસ્તી હોય તો તમને બારમાસી રસ્તો મળશે. પાઈપ લાઈનથી પાણી મળશે. બેરોજગારોને પાંચ લાખ જેટલા બેરોજગારોને રોજગારી મળશે. આમાંથી નથી તો પાઈપલાઈન દ્વારા પાણી મળતું કે ૨૫૦ ની વસ્તી તો ઠીક છે પણ હજાર હજાર, બે બે હજારની વસ્તીવાળા ગામડાઓને રસ્તા નથી. મારા વિસ્તારમાં આવીને જુઓ કે રસ્તાઓની હાલત શું છે. આજે બજૅટની ચોપડી જોતો હતો એમાં એક હજાર કિલોમીટર રસ્તાઓ ફોરલેન, સીકસ લેન કરવાના છે. મને એમ હતું કે ૮૦ લાખની જે વસ્તી આદિવાસીઓની છે તે વિસ્તારોમાં કયાંક આવા રસ્તા હશે. ફોરલેન નહીં તો કમસેકમ બે લેન તો થશે. પણ સાહેબ, એકપણ રસ્તો એવો જોવા નથી મળતો એટલે આ વિકાસ જે થાય છે તે થોડોક શહેરી તરફ વધારે થતો હોય તેમ દેખાય છે. ગ્રામ વિકાસ માટે, ગ્રામ નિર્માણ માટે સરકારે ૩૮૪ કરોડ રૂપિયા ફાળવ્યા છે પણ મારે એમાં કહેવું છે કે સરકારી અધિકારીઓનો પગાર વધે છે, ઈન્ક્રીમૅન્ટ વધે છે પણ ગામડામાં માણસ બેઠો છે, જે સાહેબ મજૂરી કરે છે તેને મીનીમમ વેજ નથી મળતો. આજે પણ જે માણસ કામ કરે છે, મજૂરી કરે છે તેને જે પૈસા આપણે ફાળવીએ છીએ રોજગાર ગેરન્ટીમાં તે પંદર થી વીસ રૂપિયાથી આગળ વધતા નથી. ગયા વખતે પણ આ પ્રશ્ન ચર્ચાયો હતો અને એમ કહેવાયું હતું કે મીનીમમ વેજ વધારવામાં આવશે અને નાણામંત્રી પોતે જ આ હવાલો સંભાળે છે ત્યારે મારે કહેવું છે કે આમાં સાહેબ જેમ અધિકારીને વધે તેમ કમસેકમ મીનીમમ જે પરસેવો પાડે છે તેનો વેજ બાંધકામને કે સિંચાઈને જે વેજ

છે તે પ્રમાણે કરો અથવા તો ખેતીને જે વેજ આપણે અત્યારે લગાવી રહ્યા છીએ ૫૦ રૂપિયા જેવો છે તેના કરતાં ખરેખર તેમને બે રૂપિયા પડી રહે તેવું આયોજન કરો તેવી વિનંતી છે. એક દાખલો આપું. ગયા વખતે એક તળાવ ખોદાતું હતું અને તળાવમાં એક બહેન કામ કરતા હતા અને એક અધિકારી પોતાનો રૂઆબ લગાવતા આવ્યા અને કહ્યું બેન કેમ કામ કરતા નથી? ત્યારે બેને કહ્યું કે સાહેબ હું તો કામ કરું છું પણ તમે કમસેકમ આ તગારું તો પકડી જુઓ. તગારુ હાથમાં લેતાં હાથ અધ્ધર લઈ લીધો. એટલું તકડામાં આ બહેનો કામ કરે તેને ૧૫ રૂપિયા મળતા હોય તો કેવી રીતે ચાલે? આ બાબતમાં નાણા મંત્રી વિચારે અને કઈક વેજ સુધારે તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વિનંતી કરવી છે કે સિંચાઈ વિભાગમાં સુઝલામ સુફલામ્‌ની યોજના ૬૨૩૭ કરોડ રૂપિયાની હતી અને નર્મદા યોજનામાં અત્યાર સુધીમાં ૨૩૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છે પણ ગુજરાતમાં કેટલોક વિસ્તાર એવો છે કે જ્યાં સિંચાઈની કોઈ સુવિધા નથી, અને ચેકડેમોની વાત કરીએ તો ત્યાં કિનારો ન મળવાને કારણે ચેકડેમો થઈ શકે એમ નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, એવું કંઈક આવા વિસ્તારો માટે આયોજન થાય, કે બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા એ માટે થવી જોઈએ, નહીં તો ગુજરાતમાં જે વિકાસ થશે એ અસમતોલ થશે અને એનાથી કેટલાક વિસ્તારો રહી જશે એમ મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વય વંદના યોજના છે એ ખરેખર વંદન કરવા જેવી યોજના છે એટલા માટે કે ૬૫ વર્ષથી ઉપરના નિરાધાર વૃદ્ધોને આ યોજના આપવાની છે અને એમાં એવું કહેવામાં આવ્યું છે કે, ૨૧ વર્ષથી વધુ ઉંમર એના છોકરાની ન હોવી જોઈએ, એનો મતલબ એ થયો કે ૪૪ વર્ષ પછી જો એને બાળક થાય તો એ શકય બને. મોનોપોઝ વખતે બાળકની શક્યતા ઓછી દેખાતી હોય છે અને વધુમાં, એમ કહેવામાં આવ્યું છે કે એની વાર્ષિક આવક ૪૫૦૦ રૂપિયા એટલે મહિનાની આવક કેટલી થઈ એ તો આપશ્રી ગણી શકો છો, સોરી, આખા પરિવારની આવક ૪૫૦૦ રૂપિયા છે એટલે મહિને રૂપિયા ૩૭૫ રૂપિયા થઈ, તો માનનીય અધ્યક્ષશ્રી, આમાં ખરેખર આપણે મશ્કરી ન કરવી જોઈએ, જે ગરીબ વૃધ્ધો છે નિરાધાર છે એમને ખરેખર ન્યાય મળે એવું કંઈક આપણે કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, દશમી પંચવર્ષીય યોજના ૪૭૦૦૦ કરોડની હતી, માનનીય જયનારાયણભાઈ વ્યાસે વાત કરી કે ૪૯૪૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો એટલે ૧૦૫ ટકા ખર્ચ થયો, એટલે બધા ખુશ થયા અને મને પણ આનંદ થયો પણ માનનીય અધ્યક્ષશ્રી, મેં જોયું તો એક બે અગત્યની બાબતો છે એ મારે કહેવી છે, એક તો કૃષિ અને સંલગ્ન સેવાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪૧૬૯ કરોડ રૂપિયાનું આયોજન હતું પણ એની સામે ખર્ચ કેટલો કર્યો તો ૨૪૨૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરી શક્યા એટલે કે ૪૧.૭૮કરોડ નથી ખર્ચી શક્યા, જે અગત્યની વસ્તુ છે કે જે કૃષિને લગતી બાબત છે એમાં ગુજરાતના તમામ ખેડૂતોને લાભ થવાનો છે એમાં જ ઓછો ખર્ચ થયો છે. એ જ રીતે સામાજિક સેવાઓ માટે ૧૭૭૨૭ કરોડનું આયોજન છેલ્લા પાંચ વર્ષમાં કરવાનું હતું પણ એની સામે જે ખર્ચ કર્યો છે એ ૧૫૭૬૫ કરોડ રૂપિયા ખર્ચ કરી શક્યા છીએ એટલે ૧૯૬૧ કરોડ રૂપિયા ન ખર્ચી શક્યા આનાથી આપણે આરોગ્ય સેવાઓ, શિક્ષણ સેવાઓ, આવાસ, પીવાનું પાણી અને સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ કલ્યાણ જેવા અગત્યના વિભાગો છે એમાં ઓછો ખર્ચ થયો છે, લગભગ ૧૯ ટકા ઓછો ખર્ચ કર્યો છે એટલે આપણે સમજી શકીએ છીએ કે ગરીબલક્ષી સેવાઓ અને પાયાની સુવિધાઓ છે એ તરફ આ સરકારનું કેવું વલણ છે એ દેખાઈ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સભ્યશ્રી ઊર્જા વિશે વાત કરતા હતા, ઊર્જામાં હમણાં જ ફયુઅલ ચાર્જમાં ૧૮ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે એટલે કે ૩૦ પૈસા ફયુઅલ ચાર્જ થયો, પૈસા વધારવાની જરૂરત ઊભી થાય તો એમાં ના નથી પણ એ વધારવા માટેનું કંઈક ધોરણ રાખવું જોઈએ એકસામટા બે ગણા કે ત્રણ ગણા થઈ જાય તો ગામડાનો માણસ એ વિજ બિલ કેવી રીતે ભરી શકે? ગામડાના માણસને પૂછી તો જુઓ, કે એ કેવી રીતે આજે બિલ ભરે છે? ગામડામાં જોઈએ તો જે લોકોને ખાવાના સાંસા છે એવા લોકો ને પણ મહિને પંદરસો કે બે હજાર રૂપિયા જેટલું બિલ આવે છે એટલે આ બાબતમાં પણ માનનીય મંત્રીશ્રી વિચારે અને યોગ્ય જે દર ઘટાડવા જેવા હોય એ ઘટાડે.

માનનીય અધ્યક્ષશ્રી, કરવેરામાં ભલે એક પૈસો કે અઢી પૈસાની વાત હોય પણ જે વધારો છે એ ગામડામાં અને શહેરોમાં જે વેપારીઓ છે એમણે તો એ વધારો જ્યારથી બજૅટ બહાર પડ્યું તે દિવસથી જ ચાલુ કરી દીધો છે, મારે હમણાં લોખંડ જોઈતું હતું તો હું લોખંડ લેવા ગયો તો એના ભાવ વધી ગયેલા, તો મેં એને એ વિશે કહ્યું તો એણે એમ કહ્યું કે, સરકારે વેટ વધારી દીધો છે, ખરેખર તો એ પહેલી એપ્રિલથી ચાલુ થવો જોઈએ એના બદલે દરેક જગ્યાએ ભાવ વધી ગયા છે એનાથી લોકો ખૂબ હેરાન થાય છે તો એમાં પણ માનનીય મંત્રીશ્રી કંઈક વિચારીને સુધારો કરે એવી મારી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી, તુષારસિંહજી આપે ભાગ લેવો છે? (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી દિનેશભાઈ આપે ભાગ લેવો હોય તો....

**શ્રી દિનેશભાઈ બી. પટેલ (પાદરા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે તેરમું બજૅટ લઈને આવ્યા છે, અમે તો નવા છીએ, અને અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાઈને આવ્યો છીએ, બજૅટ આવકાર્ય છે અને એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાનો વિકાસ સારો થઈ રહ્યો છે એ નિર્વિવાદ  છે, ગામડાઓમાં આરસીસીના રસ્તા થયા છે, પીવાના પાણીની સગવડો થઈ છે પણ માનનીય અધ્યક્ષશ્રી, આપણી જે સરકારી યોજનાઓ છે એમાં અધિકારીઓના કારણે જે લાભ મળવો જોઈએ એ મળતો નથી. આપણે રેવન્યુ ડિપાર્ટમેન્ટની વાત કરીએ તો સરકારશ્રીએ ખેડૂતો માટે નવી-જૂની શરતની જમીનો કયારથી અમલ કરવો એ ખબર પડતી અને હું વડોદરા જિલ્લામાંથી આવું છું એનો અમલ આજ દિન સુધી થતો નથી અને અધિકારીઓ ખેડૂતોને ધરમ ધક્કા ખવડાવે છે અને એની પાછળ લોકોના પૈસાનો વ્યય થાય છે. પૈસા એમને મળે તો જ કામ કરે છે એ બાબતમાં માનનીય અધ્યક્ષશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં ઈ.સી.પી. કેનાલ લગભગ ૨૦ વર્ષ પહેલાની થયેલી છે. ઈંટો-માટી-સીમેન્ટથી આ કેનાલનું બાંધકામ થયેલું છે.જો ગંદુ પાણી સારા પાણીમાં મીકસ થાય તો ખેતીને પણ પારાવાર નુકસાન થાય એવી પરિસ્થિતિ છે અમે ઈ.સી.પી. સતાવાળાઓને અને પોલ્યુશન બોર્ડમાં ઘણી રજૂઆતો કરી છે, પેપરમાં આવે છે કે પાણી રંગીન નીકળે છે જે હેડપંપનું પાણી છે એમાં અંદાજે ૩૦ વર્ષ પહેલા થયેલી આ કેનાલ છે એ કેનાલ તળિયેથી અને આજુબાજુથી સડી ગઈ છે એને કારણે ઔદ્યોગિક ગૃહોનું જે પોલ્યુશનવાળું પાણી છે એ જમીનમાં ચૂસાઈને જમીનમાં ઉતરી જાય છે અને એને લીધે હું માનુ છું કે ૨૫ ટકા પાણી પણ દરિયામાં નહીં જતું હોય અને એને કારણે લોકોના આરોગ્યને ભયંકર તકલીફમાં મૂકે તેમ હોય ત્યારે માનનીય નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરુ છું કે, અંદાજે ૪૫ કીલો મીટરની આ કેનાલ છે એના માટે અને પોલ્યુશન બોર્ડના માધ્યમથી એર પોલ્યુશન અને વોટર પોલ્યુશન અંગે કંઈક વિચારે. ઈન્ડસ્ટ્રીઝોમાં ભારે ગેરરીતિઓ ચાલી રહી છે ત્યારે અને લેબર કોન્ટ્રેકટ પધ્ધતિમાં જયારે ૬૩/૪૩ની પરમીશનથી કોઈ ઈન્ડસ્ટ્રીઝને જમીન આપવામાં આવે છે ત્યારે ૧૩ શરતો હોય છે એની અંદર ૮૫ ટકા કંપની એમ્પ્લોઈમાં સ્થાનિક ભરતી કરવાની હોય છે એની જગ્યાએ ઉંધુ ચાલી રહ્યું છે. કંપની એમ્પ્લોઈઝમાં સ્થાનિકને ૧૫ ટકા અને ૮૫ ટકા લેબર કોન્ટ્રેકટથી લેવામાં આવે છે. અમારા વિસ્તારમાં અંદાજીત ૨૦૦ કંપની છે એની અંદર માનનીય મંત્રીશ્રી યોગ્ય કરે એ માટે માનનીય અધ્યક્ષશ્રી મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું અને હું આ અંદાજ પત્રને આવકારું છું.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા (વિસાવદર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને ભારત ઋષિ સંસ્કૃતિ અને કૃષિ સંસ્કૃતિ આધારિત આપણો દેશ ચાલતો હોય ત્યારે ઋષિ સંસ્કૃતિમાંથી શાંતિ મળે છે તો કૃષિ સંસ્કૃતિ છે એ તમામ જીવને પોષતી સંસ્કૃતિ છે. આજે હું ગામડાની વાત કરું તો ગામડાની અંદર ૭૦ થી ૮૦ ટકા વસતિ ખેડૂતો રહે છે અને ખેતી આધારિત નાના મોટા વેપારીઓ-કારીગરો જયારે રહેતા હોય ત્યારે જો ખેતી આબાદ બને તો જ દેશ આબાદ બને. એના માટે વાત કરું તો ૧૯૯૫ પછી ખરેખર ગામડું બજેટમાં આવ્યું કહેવાય. છેલ્લે છેલ્લે આપણે જોયું છે કે માનનીય મંત્રીશ્રી વજુભાઈ જે બજેટ લઈને આવે છે એમાં ગામડા અને કૃષિ તરફ વધુમાં વધુ લક્ષ્ય આપવામાં આવ્યું છે. બજેટમાં ખરેખર હવે ગામડું અમલમાં આવ્યું એમ આપણે કહી શકીએ. આપણને ખ્યાલ છે કે પહેલાના સમયમાં ટેન્કરોથી ગામડામાં પાણી પહોંચાડવામાં આવતું હતું એના કારણે ઘણા બધા ઘર્ષણો ગામડામાં થતા હતા ત્યારે પીવાના પાણીના જયારે ફાંફાં હતાં એવા સમયે ગામડું બજેટમાં આવ્યું અને ચેક ડેમની યોજનાઓ આવી, અનેક મોટા તળાવોની યોજનાઓ આવી અને એને કારણે આજે ગામડામાં જઈએ છીએ ત્યારે જોઈએ છીએ કે, નાની-મોટી નદીઓ અત્યારે પાણીથી ભરચક ચાલુ છે અને શિયાળુ પાક પણ એને લીધે લઈ શકાય છે. હું મારા વિસ્તારની વાત કરું તો મારો ભેસાણ તાલુકો છેલ્લા ૧૫-૨૦ વર્ષથી કયારેય એમાં ઘઉં, જીરુ કે કપાસ થતો ન હતો. શિયાળુ પાક જ થતો ન હતો. કારણકે એ તાલુકો એક એવો છે કે, એ ઊંધી રકાબી જેવો છે, પાણી ચારેબાજુ જતું રહે.  પરંતુ આ ચેકડેમોની યોજનાઓ આવી એના કારણે આજે ત્યાં સારી રીતે શિયાળુ પાક ઘઉં અને બીજું બધું થઈ શકે છે અને અમારા ખેડૂતો ખુશખુશાલ છે.  બીજી વાત કરું તો આમાં મહત્ત્વનો ભાગ જી.ઈ.બી. એ જે નીતિ નિર્ધારણ નક્કી કર્યા એના કારણે છે.  વિરોધપક્ષની પાટલીએ ધારાસભ્યશ્રીઓ એવી વાત કરતા હોય કે વીજળી પંદરથી સોળ કલાક ખેડૂતોને મળવી જોઈએ, વીજળી ખેડૂતોને ખૂટે છે, પણ આ વાત સાથે હું બિલકુલ સહમત નથી, અમે તો નજરે જોઈએ છીએ, કારણકે જે પાણી વધારે વીજળી આપવાથી જે ૭૦૦-૮૦૦-૫૦૦ ફૂટે જતું રહેતું હતું એ આજે આઠ કલાક વીજળી આપવાથી ૧૦૦ ફૂટેથી આપણે પાણી મળે છે અને પાણીનો જે હિસાબ કરીએ તો જે ગેલન બહાર આવવા જોઈએ એ આઠ કલાકમાં એટલા જ ગેલન પાણી બહાર આવે છે જે પહેલાં પંદર સોળ કલાકમાં આવતું હતું. વીજળીનું જે સારી રીતે વિતરણ કર્યુ છે એ બદલ મુખ્યમંત્રીશ્રી અને વીજમંત્રી શ્રી સૌરભભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને  આજે સારાયે ગુજરાતમાં ૮ કલાક વીજળી મળવાથી સારા એવા પાકો આપણે લઈ શકીએ છીએ.  બીજું મારું એક સૂચન છે કે, આપણે હમણાં જે ૧૯૯૫થી ક્વોટા રિલિઝ કર્યા એમાં જે ડ્રીપ ઈરીગેશન અપનાવવું, અ એમાં મારું એક સૂચન છે કે, એમાં અમારા વિસ્તારમાં જો ઘઉં અને જીરૂ થતું હોય તો ફુવારાને પણ માન્ય રાખવામાં આવે તો ખેડૂતોને એ ફુવારા, એના ઓપ્શનમાં એ ખેડૂતો લઈ શકે.

બીજી વાત મહેસૂલની કરું તો મહેસૂલ વિભાગે જે રાજાશાહી વખતના ખોરડાંના જે ચોઉ હક્ક હતા એ અમારા સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓને લાગુ પડે. એમાં એક ઐતિહાસિક નિર્ણય મહેસૂલ વિભાગે લીધો છે અને એમાં

જે રાવળા ચોઉ હક્ક, ઊભડ વિગેરે જેવા હક્કો હતા એને નવી શરતમાંથી ફેરવી અને જૂની શરતમાં ફેરવવામાં આવ્યાં છે અને આ લગભગ ૫.૬૫ કરોડ ચોરસમીટર જેટલી જમીનનો આ વિસ્તાર થવા જાય છે. તો જે ગ્રામીણ વિસ્તારની અંદર જે આ ખોરડાંના ચોઉ હક્ક મળવાથી સામાન્ય ગ્રામીણ પ્રજા એની લે વેચ પણ કરી શકે છે અને ત્યાંસુધીના જે હદ નિશાન છે એ પણ મેળવી શકે છે. તો આ રીતે અનેક ગ્રામ્ય ઉપયોગી નિર્ણયો જે ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધા છે. બીજી વાત એ છે કે, નવી જૂની શરતની. તો એમાં જે નવી શરતની જે જમીનો હતી, જે ગીરમાંથી વિસ્થાપિત થયેલા માલધારીઓને આપવામાં આવતી હતી એવી જ રીતે કોઈ લશ્કરના જવાનો, એવા ઘણા બધા લોકોને આ રીતે જમીન આપવામાં આવતી હતી, આ જમીનને આપણે કાયદામાં ફેરફાર કરીને. જે પંદર વર્ષથી માલિકી ધરાવતો હોય એને આપણે જૂની શરતમાં ફેરવવાનો જે સારામાં સારો નિર્ણય કર્યો છે એને હું આવકારું છું પરંતુ ભૂમિદાનમાં જે જમીનો અપાઈ હતી, વિનોબા ભાવે વખતે અને ખાસ કરીને એવી જમીનો સૌરાષ્ટ્રમાં અપાઈ હતી અને એ જમીન આપનારા જે હતા એ જૂની શરતના ખેડૂતો જ હતા દા.ત. કોઈ ખેડૂત પાસે ૫૦ એકર જૂની શરતની જમીન હોય અને એણે ગામમાં કોઈને બે એકર જમીન આપી હોય તો એમાં જે નવી શરત લાગુ પાડવામાં આવી હોય તો હું એમ કહું છું કે જે તે વખતની સમિતિ-કમિટીની ગમે તે ભૂલ હોય એમ જણાય છે કારણકે એક વખત જૂની શરતની જમીન હોય એને નવી શરતમાં કરી શકાય નહિ અને એમાં સુધારો કરવો જોઈએ અને આજે જે એક એકર અને બે એકર આવી જે જમીનો ગરીબ માણસો ગામડાની અંદર ધરાવે છે એને એના સંતાન અને એના સંતાન ધરાવતા હોય છે એટલે આ જમીનના ભાગ પણ નથી પડતાં અને આ જમીન વેચી પણ નથી શકાતી અને કોઈ વાવી પણ શકતું નથી. તો આવી જમીનો ઘણી બધી પડી છે એના રસ્તાઓના પણ વાંધાઓ છે તો આમાં તત્કાલ નિર્ણય લેવાય અને એમાં જે તે વખતે જે થયું હોય એની ફરીથી તપાસ કરવામાં આવે તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આવા અનેક સુધારાઓ જ્યારે કર્યા છે ત્યારે આ એક સુધારો પણ વહેલી તકે થાય એવી હું આશા અને અપેક્ષા રાખું છું. અસ્તુ વંદે માતરમ્.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૩૫ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૪થી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૧૪, ૧૯૨૯ શાકે**
**બીજી બેઠક**
**બપોરના ૨-૩૦**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

***૫૨૯ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને
(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બેરોજગારોને સરકારી, અર્ધસરકારી અને ખાનગી નોકરી મળી, અને
(૩) બેરોજગારોને રોજગારી મળે તે માટે સરકારે શાં શાં આયોજન ગોઠવ્યાં હતાં?

**શ્રમ અને રોજગાર મંત્રી:**
(૧) સામેલ પત્રક અ-મુજબ.
(૨) સામેલ પત્રક બ-મુજબ.
(૩) ઔદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી ભરતી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કૅરિયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે.

**પત્રક-અ**

**તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલા બેરોજગારો અંગેની માહિતી**

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૮૨૬૧ |
| ૨ | ઇડર | ૬૪૭૫ |
| ૩ | વડાલી | ૧૮૦૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩૧૫૪ |
| ૫ | વિજયનગર | ૩૨૫૩ |
| ૬ | ભિલોડા | ૪૨૭૨ |
| ૭ | મેઘરજ | ૩૩૪૬ |
| ૮ | માલપુર | ૨૦૯૪ |
| ૯ | મોડાસા | ૬૬૮૧ |
| ૧૦ | ધનસુરા | ૨૧૦૩ |
| ૧૧ | બાયડ | ૪૦૧૯ |
| ૧૨ | તલોદ | ૩૨૨૮ |
| ૧૩ | પ્રાંતિજ | ૩૪૬૯ |
| | કુલ : | ૫૨૧૫૯ |

**પત્રક-બ**

**છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નોકરી મેળવેલ બેરોજગારોની સંખ્યા**

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી | અર્ધ સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૬૭ | ૧૦ | ૭૩૮ | ૯૧૫ |
| ૨ | ઇડર | ૧૭૬ | ૧૩ | ૬૨૨ | ૮૧૧ |
| ૩ | વડાલી | ૫૭ | ૦૧ | ૦૧ | ૫૯ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૫૬ | ૨૧ | ૧૧૧ | ૨૮૮ |
| ૫ | વિજયનગર | ૨૩૭ | ૨૯ | ૮૬ | ૩૫૨ |
| ૬ | ભિલોડા | ૩૧૦ | ૫૦ | ૯૧ | ૪૫૧ |
| ૭ | મેઘરજ | ૨૦૯ | ૩૧ | ૬૮ | ૩૦૮ |
| ૮ | માલપુર | ૩૩ | ૦૪ | ૦૧ | ૩૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | મોડાસા | ૭૫ | ૧૮ | ૨૩૮ | ૩૩૧ |
| ૧૦ | ધનસુરા | ૫૩ | ૦૧ | ૧૪૮ | ૨૦૨ |
| ૧૧ | બાયડ | ૯૩ | ૦૬ | ૦૩ | ૧૦૨ |
| ૧૨ | તલોદ | ૬૭ | ૦૬ | ૧૮૨ | ૨૫૫ |
| ૧૩ | પ્રાંતિજ | ૧૫૭ | ૦૬ | ૬૬ | ૨૨૯ |
| | કુલ : | ૧૭૯૦ | ૧૯૬ | ૨૩૫૫ | ૪૩૪૧ |

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે વિકાસની અને બાકીની વાતો કરતા હોઈએ ત્યારે મારા પ્રશ્નના જવાબમાં જે જણાવવામાં આવ્યું છે તે મુજબ સાબરકાંઠા જિલ્લામાં ૫૨૧૫૯ બેરોજગારો નોંધાયા હતા તેમાંથી ૪૩૪૧ને જ નોકરી મળી છે. સાબરકાંઠા જેવો પછાત વિસ્તાર તેમાં બેરોજગારોને નોકરી મળે તે માટે આપણે કોઈ આયોજન કરીએ છીએ કે કેમ? બીજો પ્રશ્ન સાથે સાથે છે તેમાં જણાવ્યા મુજબ બેરોજગારોને રોજગારી મળે તે માટે ઔદ્યોગિક ભરતી મેળા કે લશ્કરી ભરતી મેળાનું આયોજન કરીએ છીએ. તે સિવાય આપણે ગુજરાત તરફથી આવી યોજના વિચારીએ છીએ કે કેમ ? જેમ કે શંકરસિંહજી વાઘેલાની સરકાર વખતે Industrial Security Force ની રચના કરવામાં આવી હતી. એવી કોઈ યોજના આપણે વિચારીએ છીએ કે કેમ તે મારે જાણવું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કોની સરકારમાં શું વિચાર્યુ છે તેનો જવાબ હું નથી દેવાનો. તેનો જવાબ દઈશ તો અહીંયા સાંભળવા અડધા નહીં રહે. ૩૧-૧-૦૮ની સ્થિતિએ સાબરકાંઠાની અંદર તાલુકાવાઈઝ કહ્યું છે કે, આટલા આટલા બેરોજગારો છે અને બેરોજગારોમાંથી બે વર્ષમાં જેને નોકરી મળી હોય સરકારી, અર્ધ સરકારી અને ખાનગી તેનો પણ આંક આપ્યો છે. એટલે તે હકીકત જે છે તે અપાવ્યું છે. ૫૨૧૫૯ જે સભ્યશ્રીઓ હતા તેમાંથી ૪૩૪૧ લોકોને નોકરી આપવામાં આવી છે અને નોકરીમાં આ સિવાય પણ બાકીની રીતે પણ જે નક્કી કરેલા છે તેમાં ભરતી મેળાઓ કરીને થાય છે. લશ્કરી ભરતી મેળાની રીતે થાય છે અને self employed sector માટે થઈને સ્વ રોજગારી માટે થઈને તેની શિબિરો પણ કરવામાં આવે છે અને શિબિરો મારફત બધાને કેવી રીતે રોજગારી મેળવવી તેને માટેનું જ્ઞાન પણ આપવામાં આવે છે અને જિલ્લાની અંદર ચાલતા કૅરિયર અને કોર્નર તેના વિષયના આધારે પણ દરેક લોકોને કેમ રોજગારી મળે તેના માટેનું હોય છે. છેલ્લાં બે વર્ષમાં જે ભરતી મેળાઓ કર્યા તે ૨૨ ભરતી મેળાઓ કર્યા અને તેની અંદર ૧૬૬૧ લોકોને રોજગારી મળી તે બારોબાર રોજગારી મળી. આ જે રોજગારી મળી છે તે તો આપણે ત્યાં નોંધાયેલા હતા તેમાંથી છે. તે જ રીતે હિંમતનગરની અંદર પણ એક લશ્કરી ભરતી મેળો કર્યો. તેની અંદર ૩૨ લોકોને રોજગારી મળી અને શિક્ષિતોને શિક્ષિત કરવા માટે થઈને સ્વરોજગારીની જે શિબિરો છે તે શિક્ષકો મારફત અને ટ્રેઈની લોકો મારફતે થાય છે તેવી ૪૩ શિબિરો કરી અને જિલ્લામાં ચાલતા કેરિયર અને કોર્નરના છેલ્લાં બે વર્ષની અંદર લગભગ દોઢસો દોઢસો કેસીઝ કર્યા અને આના કારણે જે કંઈ બેરોજગારી છે તેના પ્રશ્નનું નિરાકરણ કરવા માટે થઈને રાજય સરકાર તરફથી પૂરેપૂરા પ્રયત્નો થાય છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ સરકારી નોકરી આપી છે ૧૭૯૦ને તો બે વર્ષ પહેલાં અહીંયા એવો પ્રશ્ન પૂછાયેલો હતો અને ત્યારે આખા સાબરકાંઠા જિલ્લામાંથી ત્રણ જ જણને સરકારી નોકરી મળી હતી અને આખા રાજયમાં ૪૧૯ માણસોને સરકારી નોકરી મળી હતી. આમાં એક જ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૧૭૯૦ની સરકારી નોકરી બતાવી છે તો આ વિગતવાર, સંવર્ગ વાર મને માહિતી આપો, અને ખાસ કરીને ભિલોડા તાલુકાની ૩૧૦ જે સરકારી નોકરી છે તેની માહિતી મને આપે અને જે ખાનગીમાં જે નોકરી આપી છે તેની તમે કેવી રીતે માહિતી મેળવો છો ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી એટલે ગવર્નમૅન્ટની અંદર જે લોકોને નોકરી આપી છે તેના આંકડા બરાબર છે. એમ્પ્લોઈઝ એકસચેન્જની અંદર નામ નોંધાવેલા હોય, તેને માગણી કરી હોય તેમાંથી જે લોકોના નામ નિશ્ચિત થયા હોય એટલે ત્યાંથી કમી થાય અને તેને નોકરીના ઓર્ડર મળતાં હોય છે. અર્ધ સરકારી નોકરી એટલે સેમી ગવર્નમેન્ટ ધારો કે કોર્પોરેશન ટાઈપના અને તેની રીતે હોય અને બીજા જે પ્રાઈવેટ સેકટરની અંદર જે લોકોએ રોજગાર વિનિમય કચેરીની અંદર નામ નોંધાવેલું હોય. કોઈ કંપનીવાળા કે જેમાં ૨૫ કરતા વધુ માણસો કામ કરતા હોય અને એમને માણસો જોઈતા હોય અને આપણી પાસે માગણી આવે તો એ ખાનગી. આ રીતે સરકારી, અર્ધ સરકારી અને ખાનગી એ ત્રણેયનો ટોટલ ૪૩૪૧ છે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : ગુજરાત સરકારે નકકી કર્યુ હતુ કે ૮૫ ટકા સ્થાનિક લોકોની ભરતી કરવી. ખરેખર એ ૮૫ ટકા પ્રમાણે જળવાય છે કે કેમ? અને એ જળવાતું ન હોય તો અન્ય કોઈ ઉદ્યોગ ગૃહો માટે ફરિયાદ મળી છે કે કેમ? અને ફરિયાદ મળી હોય તો કઈ કઈ ફરિયાદ કયા કયા ઉદ્યોગ ગૃહ માટે મળી છે?

**શ્રી વજુભાઈ વાળા** : ૮૫ ટકાનું પ્રમાણ જે જાળવવાનું છે એ તો જે લોકો રાજય સરકારના સેલ્સટેકસ કે એવા બીજા બેનિફિટ લે છે એ લોકો માટે છે અને એમાં હું કહી શકું કે રાજય સરકારના બેનિફિટ મેળવે છે, એવા લગભગ મોર ધેન ૯૮ ટકામાં આ રેશિયો જળવાય છે. એમાં લગભગ ૯૫ ટકાથી વધારે લોકોની ભરતી થઈ રહી

છે અને એટલે રાજય સરકાર, સ્વરોજગાર વિભાગ અને ઉદ્યોગ વિભાગ એ બધા આના ઉપર પૂરેપૂરું સુપરવિઝન કરે છે અને ૮૫ ટકાની જાળવણી થાય એના માટે પૂરેપૂરી તકેદારી રાખે છે.

## મુદત બહારની વેચાણવેરાની વસૂલાત અંગે

**૨૯૩/page> *૨૫૪ શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

(૧) તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ મોટા ઉદ્યોગો પાસે મુદત વીતેલ સેલ્સટેકસની કુલ કેટલી રકમ બાકી છે,

(૨) વસૂલાત માટે રાજય સરકારે શાં પગલાં લીધાં?, અને

(૩) કેટલી રકમ વસૂલવામાં આવી?

**નાણામંત્રીશ્રી:**

(૧) રૂપિયા ૩૦૯૩.૨૦ કરોડ

(૨) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવ્યાં છે.

(૩) તા. ૧-૪-૨૦૦૭થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રૂપિયા ૯૮૪.૧૨ કરોડની વસૂલાત કરવામાં આવી છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રૂપિયા ૩૦૯૩.૨૦ કરોડ મુદત બહારની વેચાણવેરાની વસૂલાત જે બાકી છે, એ પૈકી ૯૮૪.૧૨ કરોડ વસૂલ થયા છે, માનનીય અધ્યક્ષશ્રી, મોટા ઉદ્યોગ ગૃહો પાસે કરોડો રૂપિયાની આવક બાકી છે અને નાના વેપારીઓને હેરાન કરીને વસૂલાત કરવામાં આવે છે. મારે એ પણ કહેવું જોઈએ કે કદાચ આ રકમ સરકારમાં ભરપાઈ થઈ જાય તો સરકારના બજેટમાં કોઈ ટેકસ નાંખવાની જરૂરિયાત ઉભી ન થાય. એટલે..

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : સરકાર આ વસૂલાત માટે કંઈ વિચારવા માગે છે કે કેમ? અને આવા જે કોઈ કેસો પેન્ડિંગ હોય, એનો નીવેડો ન આવે ત્યાં સુધી વસૂલાત કરી શકાય કે કેમ અને નીવેડો આવ્યા પછી કદાચ દેવાના થતા હોય તો દઈ શકાય કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : જે ૩૦૯૩ કરોડ રૂપિયા બાકી છે, એમાંથી ગયા વર્ષે ૯૮૪.૧૨ કરોડની વસૂલાત થઈ એટલે આજે ૨૧૦૯.૦૮ કરોડની રકમ બાકી છે. જે બાકી રકમ છે એની તમામ લોકો પાસેથી સખ્તાઈથી વસૂલાત થાય, પણ આપણા નિયમ મુજબ, કાયદા મુજબ આપણી મજબૂરી છે, એની દ્રષ્ટિએ કહું કે મનાઈ હુકમ છે, એવા કુલ ૪૫ કેસો છે કે જેમાં મુદત વીતી બાકી હોય, એમાં ૨૪ કેસો છે, જેમાં રકમ ૨૮૨૬ કરોડની રકમ સંડોવાયેલ છે, જે મનાઈ હુકમ હોવાથી આપણે વસૂલ કરી શકતા નથી. પછી બાયફર, જે કેન્દ્ર સરકારે સીક યુનિટના રીવાઈવલ માટે બેંકો સાથે અને સરકાર સાથે સમાધાન કરીને ફરીથી ઉદ્યોગ ચાલુ રહે અને મજૂરોને રોજગારી મળી રહે અને ઉત્પાદન ચાલુ રહે એ દ્રષ્ટિથી બાયફરમાં ૨ કેસો છે એના ૭૦ કરોડ બાકી છે. એ જ પ્રમાણે લીકવીડેટર પાસે એક કેસ છે, જેમાં ૬ કરોડ બાકી છે અને નાદારી નોંધાવી છે એવા ૨ કેસ છે અને એમાં ૧૮ કરોડ બાકી છે. ધંધો બંધ કરીને ગયા છે એવા ૧૫ જેટલા કેસો છે કે જેમાં વસૂલાત કરી શકાય, પણ વેપારી મળતો ન હોય કે ધંધો બંધ કરીને ગયા હોય, લાપતા હોય. એક છે અને બાઈફર સિવાય અપીલ ઓથોરિટી એનો એક કેસ છે એમાં ૪૯ કરોડ રૂપિયા બાકી છે.

આ પ્રમાણે જે વસૂલ કરી શકાય એની પાસેથી વસૂલ કરવામાં આવે છે, માણસ નાના કે મોટો હોય, પરંતુ એમની પાસેથી વસૂલ કરવામાં જરા પણ કચાશ રાખવામાં આવતી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે બાબત જાણવા માગું છું કે આ ૨૪ કેસોમાં સ્ટેના કારણે વસૂલાત થઈ શકતી નથી. તો એ ૨૪ કેસોમાં દરેકે દરેક સામે અપીલ થઈ છે કે નહીં અને જયારે મંત્રીશ્રી જવાબ આપે છે ત્યારે એનું પત્રક આપવામાં આવે છે અને જેની પાસેથી સૌથી વધારે બાકી હોય એનું પહેલું નામ આપવામાં આવે છે. તો આમાં સૌથી વધારે સેલ્સ ટેકસની રકમ બાકી છે એ કઈ કંપની છે અને કઈ તારીખથી બાકી છે.

**શ્રી વજુભાઈ વાળા** : આ જે બાકી છે ૨૪ એ ૨૪ એમાં એક પછી એક વાંચતો જાઉં અને કહેતો જાઉં.

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, સૌથી વધારે બાકી હોય એ જ જણાવો.

**શ્રી વજુભાઈ વાળા** : એમાં સૌથી વધારે રકમ બાકી હોય એ એક એસ્સાર સ્ટીલ છે એના ૧૧૯૨ કરોડ અને આઈ.ઓ.સી. છે એના ૨૪૭ કરોડ હતા. આની અંદર જે લીલગ ડિસ્પ્યુટ હોય એના કારણે વડી અદાલત અને પંચ બન્ને પાસે કેસ ચાલે છે. વડી અદાલત અને પંચ પાસે એ બન્ને પાસે સ્ટે છે. આ બન્ને સામે સ્ટે છે અને આપણે અપીલ કરી છે.

## પેન્શનના પડતર કેસો

***૧૧૯૩ શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ પેન્શન નિયામકની કચેરીમાં પેન્શન ફીકસ કરવાના કેટલા કેસો બાકી છે, અને

(૨) આ કેસોમાં એક વર્ષથી ઉપરના કેસો કેટલા છે?

**નાણામંતીશ્રી:**

(૧) ૪૩૨

(૨) શૂન્ય.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૪૩૨ કેસો પડતર છે એમાં એક વર્ષથી વર્ષથી વધુ સમયના કેટલા છે અને એ કેસો પૈકી હાદોદ જિલ્લાના કેટલા છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ જે ૪૩૨ કેસો છે એ એક વર્ષની અંદરના નહીં, પરંતુ છેલ્લા ત્રણ મહિનાના જ છે. હું કહું કે ઓકટોબર ૨૦૭ ના ૪૭ કેસો, નવેમ્બરના ૧૧૭ કેસો અને ડિસેમ્બર, ૨૦૦૭ ના ૨૬૮ કેસો છે. એટલે આ ૪૩૨ કેસો છે એ છેલ્લા ત્રણ મહિનાના જ છે. એટલા માટે કે આપણે પ્રોસિજર એવી રાખી છે કે કોઈપણ માણસ રિટાયર થવાનો હોય એટલે કે પેન્શન ઉપર ઉતરવાનો હોય એના એક વર્ષ પહેલાંથી એના પેન્શનના કાગળો તૈયાર કરવાનું ચાલુ કરવામાં આવે છે અને આજની તારીખે ૨૦૦૮ માં જે રિટાયર થવાના છે એવા ૨૧૨૬ કેસો તો મારી પાસે નોંધાઈ ગયા છે અને એમાં સર્ટિફિકેટ આપવાનું, ક્ષતિપૂર્તિ કરવાનું એ બધું એડવાન્સમાં કામ થાય છે. એટલે પેન્શન માટેનો કોઈ પ્રશ્ન રાજય સરકારમાં રહેતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા તાલુકાનો એક અગત્યનો પ્રશ્ન છે. એક સરકારી કર્મચારી નોકરી કરતા હતા એમનું મૃત્યુ થતાં એમના છોકરાને નોકરી આપી, પરંતુ એ છોકરાનું પણ મૃત્યુ થયું છે, તો એમને બીજી પત્ની છે તો બીજી પત્નીને આ પેન્શન મળે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઈ સવાલ નથી. આમેય આ દેશ સ્વતંત્ર થયો પછી બે પત્ની કરવાની મનાઈ હતી અને એમાં એ બે પત્ની એ ગેરકાયદેસર હોઈ, એની કોઈ બે નંબરની આવક સરકારમાં હોતી નથી કે એને પેન્શન મળે. કાયદેસરની હોય એને જ મળે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૪૩૨ પેન્શન ફીકસ કરવાના કેસો બાકી છે. તો એ પૈકી વધુમાં વધુ કેટલા વખતથી, વર્ષોથી જે કર્મચારી જે નિવૃત્ત થયા હોય એવા કેસ કેટલા છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું કે આ જે ૪૩૨ કેસો છે એ છેલ્લા એક વર્ષના નહીં, પરંતુ ડિસેમ્બર, ૨૦૦૬ અને એનો આગલો મહિનો એટલે કે નવેમ્બર, ૨૦૦૭ અને એનો આગલો મહિનો એટલે કે ઓકટોબર, ૨૦૦૭ ના જ બાકી છે, બાકીના કેસોનો તો નિકાલ થઈ ગયો છે. એટલા માટે કે અમે સિસ્ટમ રાખી છે કે કોઈપણ કર્મચારી નિવૃત્ત થવાનો હોય તો એક વર્ષ પહેલાં એના પેન્શનના કાગળો તૈયાર કરવાનું કામ ચાલુ થઈ જાય છે. એટલે એને રિટાયર થવાના ૬ મહિના પહેલાં તો પેન્શનનો ઓર્ડર મળી જાય છે કે તમને આટલુ પેન્શન મળશે, આટલી ગ્રેજયુઈટી મળશે. રૂપાંતરીત પેન્શન એટલે ૧૦ વર્ષમાં તેને પેન્શન મળવાનું હોય તેના ૪૦ ટકા રકમ તેને એડવાન્સમાં આપી દઈએ છીએ, કદાચ માનો કે બે વર્ષમાં ગુજરી જાય તો પણ સરકારના એટલા પૈસા તો જાય, પણ અમને આશા છે કે આટલું પેન્શન લીધા પછી કોઈ એકાએક કંઈ મરવાનો નથી. એટલે એડવાન્સમાં આપી દઈએ છીએ.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૪૩૨ કર્મચારીઓ નિવૃત્ત થયા તેમાં બે વર્ષ, ૩ વર્ષ કે ૪ વર્ષ પૈકીના કેટલા કર્મચારીઓ છે, કે જેને ૪ વર્ષ થયા પછી પણ પેન્શન ન મળ્યું હોય?

**શ્રી વજુભાઈ વાળા** : અત્યારે એવા એકેય કેસ બાકી નથી, કોઈ પેન્ડિંગ જ નથી, પેન્ડીંગમાં શૂન્ય છે.

## ૧૨મા નાણા પંચમાં ફાળવેલ રકમ અને વિભાગવાર કરેલ ખર્ચ

***૧૦૯૪ શ્રી અમીતકુમાર અ. ચાવડા(બોરસદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મા નાણા પંચમાં રાજયને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) રાજય સરકાર દ્વારા વિગતવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, તારીખ ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

**નાણા મંત્રીશ્રી :**

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક-અ**

**તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મા નાણા પંચમાં રાજ્યને મળેલ, ફાળવેલ તેમજ રાજ્ય સરકાર દ્વારા વિભાગવાર થયેલ ખર્ચની માહિતી**

(રૂા. કરોડમાં)

| ક્રમ | વિભાગનું નામ અને યોજનાનું નામ | બારમા નાણાં પંચની ભલામણો અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા રકમની ફાળવણી | રાજ્ય સરકાર દ્વારા વિભાગવાર રકમની ફાળવણી | તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧. | મહેસૂલ વિભાગ<br>કુદરતી આપત્તી રાહત ફંડ | ૪૭૯.૯૪ | ૪૭૯.૯૪ | ૧૪૦૩.૭૮ * |
| ૨. | નર્મદા, જળસંપત્તિ પા. પુ. અને કલ્પસર વિભાગ<br>રાજ્યની ખાસ જરૂરિયાત | ૭૫.૦૦ | ૭૫.૦૦ | ૪૬.૧૨ |
| ૩. | પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>પંચાયતી રાજ સંસ્થાઓ માટે | ૩૭૨.૪૦ | ૩૭૨.૪૦ | ૩૭૨.૪૦ |
| ૪. | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ<br>હેરીટેજ કન્ઝર્વેશન | ૧૨.૫૦ | ૧૨.૫૦ | ૩.૮૩ |
| ૫. | વન અને પર્યાવરણ વિભાગ,<br>વનોની જાળવણી | ૧૨.૦૦ | ૧૧.૦૦ | ૧૦.૭૮ |
| ૬. | માર્ગ અને મકાન વિભાગ | | | |
| | (૧) માર્ગ અને પુલોની જાળવણી | ૪૪૭.૬૦ | ૪૪૭.૬૦ | ૪૪૭.૬૦ |
| | (૨) મકાનોની જાળવણી | ૫૦.૯૦ | ૫૦.૯૦ | ૫૦.૯૦ |
| ૭. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | | | |
| | શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ | ૨૦૭.૦૦ | ૨૦૭.૦૦ | ૧૯૯.૪૬ |
| | સરવાળો : | ૧૬૫૭.૩૪ | ૧૬૫૬.૩૪ | ૨૫૩૪.૮૭ |

* કુદરતી આપત્તી રાહત ફંડમાં દર્શાવેલ ખર્ચની રકમમાં રાજ્ય સરકારે ફાળવેલ રકમનો પણ સમાવેશ કરેલ છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મા નાણા પંચમાં રકમની ફાળવણી કરી એમાં નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને ૭૫ ટકા રકમ ફાળવામાં આવી હતી. એમાંથી ફકત ૪૬ કરોડનો ખર્ચ થયો છે. અને એ જ રીતે રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં આપણે સાડા બાર કરોડની સામે ફકત ૩.૮૬ કરોડનો ખર્ચ થયો છે, તો આટલો ઓછો ખર્ચ થવા પાછળનાં શાં કારણો છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર તો બાકીનો ખર્ચ તો ચાલતો જ હોય છે. પણ પૈસા વહેલા મોડા ઈન્સ્ટોલમેન્ટમાં આવતા હોય છે, ફાળવેલ રકમ અને એકચ્યુઅલી આવે તે બન્ને જુદી હોય છે. જેમ રકમ આવતી જાય તેમ વપરાતી જાય, આપણી રકમ વાપરવાને બદલે એમાં ઉધાર કરીએ તો પૂરેપૂરી રકમ વપરાઈ જાય. પણ આ રકમ કેન્દ્ર સરકાર તરફથી આપે છે તે ૧૨મા નાણા પંચની ભલામણ મુજબ આપણને ચોકકસ ફિકસ રકમ આવતી હોય છે. અને ન વપરાય તો કેરી ફોરવર્ડ થાય છે, અને આગલા વર્ષે તે વપરાય, આપણે વાપરી દઈએ તો જ આપણી પાસે રહે, ન વપરાઈ હોય તો આપણે તે પાછી મોકલી આપવી પડે. એટલે આ લગભગ બાકીની બીજી બધી આઈટેમમાં વપરાઈ ગઈ છે. અમુક આઈટેમમાં તો હતી તેનાથી વધારે છે, બે નંબરની અંદર વપરાવા માટેની ઓછી રકમ છે તે કદાચ આ માર્ચ પહેલા એડજસ્ટ ન થઈ હોય, આપે પ્રશ્ન પૂછયો તે પછી એ અત્યારે જે રીતે હશે તે લગભગ બધી જ રકમ કેન્દ્ર સરકારે આપેલી રકમ છે તે માર્ચ પહેલા આપણે પૂરેપૂરી વાપરી બતાવીશું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા વિભાગોની અંદર ૧૨મા નાણા પંચની જે રકમ ફાળવવામાં આવે છે તે વિભાગમાં માનનીય ધારાસભ્યશ્રીના ખાસ કરીને જે તે વિસ્તારનાં વિકાસનાં કામો હોય એમાં એના વિસ્તારનાં કામોનાં સૂચનો લઈ અને વિભાગ વાઈઝ ધારાસભ્યોના કામના સૂચનો લઈને કામની વહેંચણી કરવા માગે છે કે કેમ? અથવા તો ધારાસભ્યોના કામના સૂચનો લેવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પૈસા આપે છે તે કેન્દ્ર સરકાર, તેનું નાણા પંચ છે તે નાણા પંચ સ્પેસિફિક ફાળવે છે. એમાં ધારાસભ્યનું આવતું નથી. ધારાસભ્યની ફાળવણી આપણે કરતા હોઈએ આપણા રાજય સરકાર તરફથી એમાં જે,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આમાં નાણા પંચના જે કામો છે, દા.ત. રસ્તાની નાણા પંચે સૂચવેલી ગ્રાન્ટ થાય છે, તે દરેક વિસ્તારના ડેપ્યુટી એન્જિનિયર નકકી કરે છે. તેના બદલે એ વિસ્તારમાંથી આવતા હોય તે વિસ્તારના ધારાસભ્ય સૂચવે, એ વાત છે.

**શ્રી વજુભાઈ વાળા** : એ આપણા નિયમોની રીતે હોઈ એમાં તે સુધારો કરી શકીએ, નહીંતર નાણા પંચે તો સ્પેસિફિક આપણને કહયું હોય કે આ કામમાં, દા. ત. વનીકરણ માટે આટલી, મકાન રિપેરીંગ માટે આટલી, રોડ માટે આટલી, એ રીતે આપણને જે ફાળવેલ હોય તે પૈસા આપી શકીએ, બાકી આપનું જે સૂચન છે તે સૂચન

ચોકકસ ખ્યાલમાં રાખીને એ કહી શકાય, પણ આપનું કહેવું એમ છે કે ધારાસભ્યને પણ આમાં અધિકાર આપવો જોઈએ તો એ આપનું સૂચન છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે જે કુદરતી આપત્તી રાહત ફંડ, આમાં જે આપે સ્ટાર મારીને કરેલું છે, તે ૧૪૦૩.૭૮ ખર્ચ થયેલ છે એમાં રાજય સરકારે ફાળવેલી રકમનો સમાવેશ થઈ જાય છે, તો આમાં રાજય સરકારની કેટલી રકમ છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે આ ૪૭૯.૯૪ છે તે સિવાય બાકીની રકમ રાજય સરકારની હોય. પરંતુ કેન્દ્ર સરકાર જે આ કેલેમીટી ફંડ માટે પૈસા આપે છે એમાં સ્પષ્ટ એટલી વાત હોય છે કે ૭૫ ટકા કેન્દ્ર સરકારના અને ૨૫ ટકા રાજય સરકારના. આ ઓલ ઓવર ઈન્ડિયામાં એક જ સરખું ધોરણ છે. અને તેના માટે નકકી કરે છે. કદાચ આપણે કેલેમીટી હોય કે ન હોય, તો પણ આપણને એ પૈસા આપે અને આપેલા પૈસા આપણે કેલેમીટી માટે ન વાપરીએ તો એ બીજા કામમાં વાપરી નથી શકાતા, કેરી ફોરવર્ડ કરવા પડે છે. તો આપણે બીજા કામમાં વાપરી નથી શકતા એ આપણે કેરીફોર્વડ કરવા પડે છે. આપણે કેન્દ્ર સરકારને આનો હિસાબ આપવો પડે કે આ કામમાં આટલા પૈસા આપ્યા. કયા કામમાં આપવા અને કયા કામમાં ન આપવા એના માટે કેન્દ્ર સરકારે નોમ્સ નક્કી કરેલા છે. એ નોમ્સ મુજબ જ આપણે પૈસા વાપરીએ છીએ.

## વડોદરા જિલ્લા તેમજ શહેરમાં કરચોરી કરનાર એકમો

***૨૧૪ શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વડોદરા જિલ્લા તથા શહેરની છેલ્લા બે વર્ષની સેલ્સટેક્સ/વેટની આવક રાજય સરકારને મળી, અને

(૨) કરચોરી કરનાર પેઢી/એકમો સામે સરકારે શું શું કાર્યવાહી કરી?

**નાણામંત્રીશ્રી:**

(૧) વડોદરા જિલ્લા તથા શહેરની સેલ્સટેક્સ/વેટની આવકની વિગત નીચે પ્રમાણે છે.

(રકમ રૂા. કરોડમાં)

| વર્ષ | વડોદરા જીલ્લો | વડોદરા શહેર |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૫૩૯.૦૭ | ૮૬૮.૪૧ |
| ૨૦૦૬-૦૭ | ૫૪૭.૮૭ | ૬૯૨.૧૯ |
| ૨૦૦૭-૦૮ (જાન્યુ.-૦૮ સુધી) | ૪૭૮.૨૦ | ૭૦૯.૬૬ |

(૨) તપાસ કાર્યવાહી હાથ ધરી વેરો, વ્યાજ, દંડ વસૂલવા અંગે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લા તથા શહેરની છેલ્લા બે વર્ષની સેલ્સટેક્સ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી એમાં સરકારે જણાવેલ છે કે ૨૦૦૫-૦૬ વડોદરા જિલ્લાની અને શહેરની ૧૪૦૭.૪૮ કરોડ અને ૨૦૦૬-૦૭ માં ૧૨૪૦.૬ કરોડ એટલે ૨૦૦૫-૬ કરતાં ૨૦૦૬-૦૭ માં ૧૬૭ કરોડ રૂપિયાની ઘટ પડી છે. એ જ રીતે ૨૦૦૭-૦૮માં ૧૧૮૭.૮૬ કરોડ એટલે કે ૫૩ કરોડ રૂપિયાની ઘ ટ પડી છે તો આ ઘટ પડવાના કારણો શું ? દર વરસે આવક વધવી જોઈએ એના બદલે ઘટી છે તો એના કારણો શું?

**શ્રી વજુભાઈ વાળા** : શહેર હોય કે જિલ્લો હોય એની અંદરથી જે આવક આવે છે એમાં વધઘટ થતી હોય છે એ વસ્તુ એના વેપાર ધંધા ઉપર આધાર રાખતી હોય છે. કોઈ માણસ ઉત્પાદન ગ્રામ્ય વિસ્તારમાં કરે અને વેચાણ શહેરમાંથી થતું હોય એને જકાત લાગતી હતી એના કારણે માણસ બીજે જતો રહે એટલે ગ્રામ્ય વિસ્તારમાં જતો હતો. આ ઘટે છે એ વેપાર અને વેચાણ ઉપર આધાર રાખે છે. ઉદ્યોગ મોટો થાય લોકલ વેચાણને બદલે બીજા રાજયમાં વેચાણ વધારે કરે એટલે ૧૨.૫ ટકા ટેક્સ આપણને મળે એના બદલે ૪ ટકા મળે એ ૪ ટકાને બદલે હવે તો ૩ ટકા જ સેન્ટ્રલ સેલ્સટેક્સ થયો છે. ગુજરાતના ઉદ્યોગનું ગુજરાતમાં જ કન્ઝમ્શન થાય એટલે ઉત્પાદન કરતા હતા એના કરતાં વિશેષ ઉત્પાદન કરે જે બીજા રાજયમાં વેચાણ વધ્યું છે એના લીધી આ વેરો ઘ ટ્યો છે. સરેરાશ આપણે જોઈએ તો ગુજરાત રાજયની સેલ્સટેક્સની આવક વધારે થયેલ છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : કરચોરી કરનાર પેઢી એકમો સામે શું કાર્યવાહી કરી, એમાં જણાવ્યું છે કે તપાસ કાર્યવાહી હાથ ધરી વેરો વ્યાજ વસૂલ કરીને પગલાં લેવામાં આવ્યા છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કેટલા કેસો ઉપર તપાસ થઈ ગઈ છે અને કેટલા બાકી છે. આ જે વસૂલાત બાકી છે એની કાર્યવાહી કયાં સુધી આગળ ચાલી રહી છે?

**શ્રી વજુભાઈ વાળા** : જે દરોડા પાડ્યા, રેઈડ પાડી એની વાત કરી. ૨૦૦૬-૦૭માં શહેરમાં ૨૬ દરોડા પાડ્યા અને જિલ્લામાં પાંચ કુલ ૩૧ રેઈડ પડી. ૩૧ની અંદર બે માં કોઈ મિસ્ટેઈક નહોતી એટલે બાકી ૨૯ કેસ રહ્યા એમાંથી ૨૨ કેસો છે એની અંદર વસૂલાત કરી લીધી એટલે પાછળ સાત કેસ રહ્યા એના ચોપડા આપણે

જપ્ત કરીને એનું એસેસમેન્ટ કરવાની વાત હોય એમાંથી ચાર કેસનું એસેસમેન્ટ કર્યુ જે આગળના ૨૨ કેસની અંદર એસેસમેન્ટ કરીને ૬૬.૨૧ લાખ રૂપિયા વસૂલ લીધા છે. જેની આકરણી કરી એવા ૪૯.૫૦ લાખ રૂપિયા બાકી છે અને આકારણી કરવાના ત્રણ કેસ બાકી છે. આ ૨૦૦૬-૦૭ની વાત થઈ. ૨૦૦૭ થી ૩૧-૧-૨૦૦૮ સુધીની અંદર જિલ્લાના નવ કેસો હતા અને શહેરની અંદરથી ૫૬ કેસો એમ કુલ ૬૫ કેસોમાં રેઈડ પડી હતી. આ ૬૫ કેસોમાંથી ૧૦ કેસોમાં ક્ષતિ નહોતી અને ૫૫ કેસો બાકી રહ્યા એમાંથી ૨૬ કેસમાં ૭૧.૪૨ લાખની વસૂલાત કરી છે. જ્યારે ૨૯ કેસો બાકી હતા એના ચોપડા જપ્ત કર્યા છે. એમાંથી ૬ની આકરણી કરી અને એમાંથી ૩૬૯.૮૬ લાખની વસૂલાત કરી છે જે ૨૩ કેસો ડિસૅમ્બર સુધીના કર્યા એમાં એસેસમેન્ટ કરવાનું બાકી છે.

**કુંવરબાઈના મામેરા યોજનાના લાભાર્થીઓ**

***૧૦૧૩ શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૧-૧-૦૬થી તા.૩૧-૧૨-૦૭ સુધીમાં કુંવરબાઈના મામેરાની યોજનામાં કેટલી અરજીઓ અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની આવેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ માન્ય કરી કેટલી રકમના ચેકો ઈસ્યુ કરવામાં આવ્યા, અને

(૩) બાકી લાભાર્થીઓને કેટલી રકમના ચેકો કેટલા સમયથી ચૂકવવાના બાકી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧)

| અનુસૂચિત જાતિની આવેલ અરજીઓ | સા.શૈ.પ.વ.ની આવેલ અરજીઓ |
|---|---|
| ૧૦,૯૧૫ | ૭૭૭૩ |

(૨)

| | |
|---|---|
| તે પૈકી ૮૨૪૦ અરજીઓ માન્ય કરીને રૂા. ૪૦૯.૨૦ લાખના ચેક ઈસ્યુ કરવામાં આવ્યા. | તે પૈકી ૪૨૧૭ અરજીઓ માન્ય કરીને રૂા. ૨૧૦.૮૫ લાખના ચેક ઈસ્યુ કરવામાં આવ્યા. |

(૩)

| | |
|---|---|
| ૫૬ લાભાર્થીને રૂા. ૨.૮૦ લાખની ચૂકવણી બે માસથી બાકી છે. | શૂન્ય |

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઈનું મામેરૂ યોજનામાં દીકરીને સરકાર તરફથી મામાના સ્વરૂપે રૂા. ૫,૦૦૦ આપવામાં આવે છે. પણ આની અંદર ૧૦,૯૧૫ જે એસ.સી.ની અરજીઓ આવી હતી તેમાંથી ૮૨૪૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે જયારે ૨૬૭૫ અરજીઓ રદ કરવામાં આવી છે. તેવી જ રીતે ઓ.બી.સી.માં ૭૭૭૩ અરજીઓ આવી હતી. તેમાંથી ૪૨૧૭ અરજીઓ માન્ય રાખવામાં આવી છે. ૩૫૫૬ અરજીઓ રદ કરવામાં આવી છે. જયારે આ અરજીઓ રદ થઈ ત્યારે જે લોકોની અરજીઓ રદ થાય છે તેમને એવું લાગે છે કે સરકારશ્રીએ અમને • (xxxxx.) અમારી અરજીઓ નામંજૂર થઈ છે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધેસીધી વાત કરો. (xxxxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે. સીધો પ્રશ્ન પૂછો.

**શ્રી શૈલેષ મ. પરમાર** : કયા કારણોસર એસ.સી.ની ૨૬૭૫ અરજી અને ૩૫૫૬ ઓ.બી.સી.ની અરજી નામંજૂર કરવામાં આવી? આ અરજીઓના કયા કયા પુરાવા રજૂ કરવામાં આવ્યા છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઈના મામેરાની યોજના આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ઉભી થયેલી યોજના છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં વિકસતી જાતિના ૮૬,૪૪૯ લાભાર્થીઓ જેની પાછળ ૪૩૨૪.૫૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે. અનુસૂચિત જાતિના ૬૯,૪૧૨ લાભાર્થીઓને ૩૩૫૪.૨૦ લાખની સહાય આપવામાં આવી છે. આમાં કુલ ૧,૫૫,૮૬૧ લાભાર્થીઓને ૭,૬૭૮.૭૨લાખની સહાય ચૂકવવામાં આવી છે. તેમણે (xxxxx) શબ્દનો પ્રયોગ કર્યો, એટલા માટે..

**અધ્યક્ષશ્રી** : એ શબ્દ તમે ન વાપરો પણ જેમની અરજી નથી ગઈ તેના કારણો આપી દો.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : એ હવે ચાલુ થાય ને સાહેબ.

**અધ્યક્ષશ્રી** : કારણો આપી દો. એના પર તમે જવાબ આપી દીધો. કારણો આપો, કયા કારણો છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : કોંગ્રેસના મિત્રોને આ આદત પડી છે. આના પહેલાં પણ વિરોધપક્ષના નેતાશ્રીએ આદિવાસી ભાઈઓ માટે આ જ ગૃહમાં (xxxxx) શબ્દનો પ્રયોગ કરેલો છે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દ મેં કાઢી નાખ્યો છે. આપ એ શબ્દ ન વાપરો, માત્ર એટલું કહો કે અરજી રદ થવાના કયા કારણો છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : પહેલાં તો ૪૨૧૭ અરજીઓ હતી તે પૈકી બીજી ૧૨૯ અરજીઓ તા. ૨૯-૨-૨૦૦૮ના રોજ મંજૂર કરી, એટલે મંજૂર થયેલ અરજીઓની સંખ્યા ૪૩૪૬ એસ.સી.માં થઈ. ૩૪૧૯ નામંજૂર થઈ અને માત્ર ૬ અરજીઓ ક્ષતિ પૂર્તતા માટે બાકી રાખી છે. અનુસૂચિત જાતિ માટે ૮૨૪૦ અરજીઓ હતી, તે પૈકી તો ૧૮-૨-૨૦૦૮ની સ્થિતિએ બીજી ૧૩૮ અરજીઓ મંજૂર કરી. કુલ ૮૩૭૮ અરજીઓ મંજૂર કરી જેમાં ૨૦૦૪ અરજીઓ નામંજૂર થઈ અને ક્ષતિ પૂર્તતાને કારણે ૩૩૩ અરજીઓ નામંજૂર કરી છે. ૬૧૭ અરજીઓ ઉંમરના પુરાવા રજૂ નહીં કરવાને કારણે, ૨૫૪૨ અરજીઓ વાર્ષિક આવક વધવાના કારણે, ૧૫૩ અરજીઓ લગ્ન બાદ એક વર્ષના સમયગાળા પછી આવવાથી, ૧૦૪ અગાઉ કુટુંબની દીકરીઓ માટેનો લાભ લીધેલો હોવાના કારણે અને એક અરજીમાં પુન:લગ્ન કરવાને કારણે આ અરજી નામંજૂર કરવામાં આવેલી છે.

**સાબરકાંઠા જિલ્લામાં દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના તેમજ ડો. આંબેડકર આવાસ યોજનાની પડતર અરજીઓ**

***૧૧૯૬ ડો. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અને ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ આવી,
૨. તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી બાકી છે અને
૩. બાકીની અરજીઓ કયાં સુધી મંજૂર કરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

૧. આ બન્ને યોજનાઓ હેઠળ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ | ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| હિંમતનગર | ૧૭૨ | ૨૧૨ |
| મોડાસા | ૧૪૪ | ૯૭ |
| પ્રાંતીજ | ૯૫ | ૮૪ |
| તલોદ | ૧૨૩ | ૧૨૦ |
| ધનસુરા | ૭૦ | ૨૫ |
| ઈડર | ૧૬૧ | ૪૪૭ |
| બાયડ | ૫૫ | ૪૫ |
| વડાલી | ૨૯૩ | ૧૮૬ |
| ખેડબ્રહ્મા | ૨૮ | ૧૨૨ |
| મેઘરજ | ૯૮ | ૫૦ |
| માલપુર | ૯૯ | ૫૬ |
| ભિલોડા | ૩૨૮ | ૧૩૦ |
| વિજયનગર | ૧૮ | ૨૬ |
| કુલ: | ૧૬૮૪ | ૧૬૦૦ |

૨.

| પંડિત દિનદયાળ ઉપાધયાય આવાસ યોજના | ડો. આંબેડકર આવાસ યોજના |
|---|---|
| ૧૩૭૧ અરજીઓ મંજૂર કરેલ છે. | ૫૮૬ અરજીઓ મંજૂર કરેલ છે |
| ૩૧૩ અરજીઓ બાકી છે. | ૯૪૭ અરજીઓ નામંજૂર કરેલ છે તથા ૬૭ અરજીઓ બાકી છે. |

૩. શકય તેટલી વહેલી તકે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં પંડિત દિનદયાળ ઉપાધયાય આવાસ યોજના અને ડો. આંબેડકર આવાસ યોજનાનો લક્ષ્યાંક શું છે અને આંબેડકર આવાસ યોજનામાં ૯૪૭ જેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. તેના કારણો શું છે અને ત્રીજો સવાલ એ છે કે આ બધી યોજનાઓ જુદા જુદા નામે હોય છે. તો તેમાં ઘણી વખત અરજી કરનારને ગૂંચવાડો થાય છે. તો આમાં કંઈક સરળીકરણ થાય, એક જ આવાસ યોજનાના નામથી આ આગળ વધે એવું કંઈક કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જુદી જુદી યોજનાઓ થવા પાછળનું કારણ માત્ર એટલું જ છે કે, ૧૯૯૫ પહેલાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ પહેલાં ડો. બાબાસાહેબ આંબેડકરના નામે એકપણ યોજના નહોતી અને આજે ડો. બાબાસાહેબ આંબેડકર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ આપનાર અનેકવિધ યોજનાઓ રાજય સરકારે અમલમાં મૂકી છે. એમાંની એક યોજના એટલે ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના અને બીજી પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના. આ બન્ને યોજનાઓ માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારમાં મેં શરૂ કરી છે અને એ શરૂ કર્યા પછી જે બક્ષીપંચના મિત્રોને કહેવું છે કે, આના માટેનો કોઈ લક્ષાંક નથી. જોષિયારાજી મારા પરમ મિત્ર છે. એમના જિલ્લાની માહિતી આપું છું. આખા જિલ્લામાં હું જે મત વિસ્તારમાંથી આવું છું એમાં ૧૬૧ અરજીઓ મંજૂર કરી છે. એમના ભિલોડામાં ૩૨૮ મંજૂર કરી છે અને એનો પૂરેપૂરો લક્ષાંક રાજય સરકારે સિદ્ધ કર્યો છે. ડો. બાબાસાહેબ આંબેડકર યોજનામાં ૫૮૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ એટલા માટે કે આ બજૅટની અંદર લક્ષાંક નિર્ધારિત કરેલ હોય છે. એટલા માટે જે રાજયમાં જે પ્રમાણેની વસ્તી હોય એ પ્રમાણેનો લક્ષાંક આપેલ હોવાના કારણે જેટલો લક્ષાંક આપ્યો હતો એટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે. ૯૪૭ પૈકી ૩૧૩ બાકી હતી. તે તા.૨૭-૨-૨૦૦૮ ના રોજ એની સહાય ૬૨.૬૦ લાખ રૂપિયા ચૂકવી આપવામાં આવી છે અને ૬૭ અરજીઓ બાકી રહી છે એ આગામી નાણાકીય વર્ષમાં મંજૂર કરવામાં આવશે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં ૫૮૬ અરજીઓ મંજૂર કરેલ છે. એ જ રીતે પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં ૧૩૭૧ અરજીઓ મંજૂર કરેલ છે. તો આ બન્ને આવાસ યોજનાઓમાં કુલ કેટલી રકમ થાય છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૬૦.૫૮ લાખ.

**૧૦ કરોડથી વધુ વેચાણવેરાના બાકી એકમો સામે લીધેલ પગલાં**

*** ૪૪૯ શ્રી બાબુભાઈ મે. શાહ(૨૧૫૨) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સેલ્સ ટેક્ષ કે વેટ અન્વયે રાજયમાં ૧૦ કરોડ કરતાં વધુ રકમના બાકીદારો પાસે વસૂલાત કરવામાં સરકાર કે વેટ કમિશ્નરની કચેરી દ્વારા તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોની કોની સામે કયા પગલાં લેવાયા, અને

(૨) સમયસર પગલાં ન લેવાને કારણે કે અન્ય કારણોએ કયા કયા એકમો પાસે તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલી રકમની વસૂલાત બાકી છે?

**નાણા મંત્રીશ્રી** :

(૧) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે.

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| **એકમનું નામ** | **તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ બાકી રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|
| એચ.પી.સી.એલ. | ૨૬.૯૨ |
| બી.પી.સી.એલ | ૨૯.૧૬ |
| સાંઈનાથ પ્રોટીન્સ | ૭૧.૩૨ |
| સ્વપ્નીલ પ્લાસ્ટીક | ૨૧.૨૭ |
| એમ્બીક એગ્રો ઓઈલ્સ લીમીટેડ | ૧૨.૪૭ |
| મધુકાંત એગ્રોટેક પ્રા.લી. | ૧૩.૭૮ |
| હાઈનૂપ ઓઈલ ઇન્ડ. | ૧૩.૬૪ |
| એક્સક્લુઝીવ રેમેડીઝ | ૧૨.૮૦ |
| મહેન્દ્ર મીલ્સ | ૨૩.૧૨ |
| લાર્સન એન્ડ ટુબ્રો ઈ.સી.સી. ડીવીઝન | ૨૯.૦૧ |
| એન. કે. કોર્પોરેશન | ૧૫.૪૭ |
| પ્રસિધ્ધિ ટી. | ૨૨.૮૯ |
| એન. કે. મીલ્સ પ્રા લી. | ૨૭.૩૯ |

| એકમનું નામ | તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ બાકી રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| પ્રમુખ એગ્રો ફુડ પ્રા.લી. | ૮૬.૩૨ |
| શક્તિવિજય ઈન્ડ. | ૧૨.૮૫ |
| રાજેશ મેલેબલ | ૧૧.૫૬ |
| પ્રકૃતિ નરીયર્સ | ૨૦.૨૩ |
| એટલાસ પેટ્રોકેમ | ૨૦.૭૬ |
| ગુજરાત સ્મોલ ઈન્ડ. કોર્પોરેશન | ૧૭૭.૬૪ |
| ગુજરાત સ્ટેટ ફાયનાન્સ કોર્પોરેશન | ૩૯.૧૫ |
| હરિરાજ પેપર મીલ | ૨૪.૩૧ |
| સિમ્ફની કમ્ફર્ટ સીસ્ટમ | ૧૮.૩૨ |
| જયએગ્રો કેમ. લીમીટેડ | ૩૭.૭૦ |
| મીનલઓઈલ એગ્રો. ઈન્ડ. | ૧૬૫.૬૦ |
| એન. કે. ઈન્ડસ્ટ્રીઝ | ૧૧.૪૨ |
| બાલારામ સીમેન્ટ લી. | ૧૩.૬૩ |
| જલધારા પમ્પ લી. | ૧૨.૮૭ |
| રીન્કી હાઈડ્રો કાર્બન | ૧૧.૦૪ |
| જી.ઈ.પ્લાસ્ટીક્સ ઈન્ડીયા લીમીટેડ | ૩૦.૧૫ |
| એપેક્ષ ઈલેક્ટ્રીક્લ્સ | ૧૦.૨૮ |
| એ.પી.એસ.સ્ટાર | ૧૯.૬૮ |
| ઓ.એન.જી.સી., વડોદરા | ૨૧.૫૯ |
| વાયક્રોમ ઈલે.પ્રા.લીમીટેડ | ૨૫.૬૩ |
| દેમાંગ ડેલાવાલા ઈન્ડ ટર્બો મશીન પ્રા. લીમીટેડ | ૬૬.૫૩ |
| મોટારોલા ઈન્ડ. | ૩૬.૮૯ |
| પમિ પેટ્રોકેમ | ૫૫.૫૫ |
| ક્રોમ્પટન ગ્રીવ્ઝ લીમીટેડ | ૪૧.૫૧ |
| આર.અરે . પેટ્રોકેમીક્લ્સ | ૨૬.૧૦ |
| અશ્વિન વનસ્પતિ | ૩૮.૭૪ |
| આઈ.સી. ટેક્ષટાઈલ લી. | ૧૮.૬૬ |
| ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ | ૧૮.૨૭ |
| કાંકરીયા પેપર મીલ્સ | ૧૬.૬૬ |
| ભારત પેટ્રોલીયમ, વડોદરા | ૨૩.૨૫ |
| પંચમહાલ સીમેન્ટ કંપની | ૧૦.૬૪ |
| ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ | ૧૫.૪૯ |
| પર્લ પેરીફેરલ્સ | ૧૩.૩૫ |
| જી.એ.સી.એલ., વડોદરા | ૪૭.૩૨ |
| સર્ચ કેમ ઈન્ડસ્ટ્રીઝ | ૩૩.૭૮ |
| ડી.સી.એમ.શ્રીરામ આલ્કલીઝ એન્ડ કેમીક્લ્સ | ૧૬.૯૫ |
| ઝવેરી પોલીમર્સ | ૩૧.૬૩ |
| અપાર ઈન્ડ. | ૨૦.૩૩ |
| લાયકા લેબ્સ લી. | ૧૨.૯૮ |
| એસ્સાર સ્ટીલ લી. ૧-૨ | ૬૬૦.૨૫ |
| લાર્સન એન્ડ ટુબ્રો. | ૩૧.૨૬ |
| ઓ.એન.જી.સી., સુરત | ૨૨૭.૬૦ |
| બરોડા રેયોન કોર્પોરેશન | ૧૨.૩૫ |
| રીલાયન્સ ઈન્ડ. | ૧૧૧.૨૧ |
| સ્વસ્તિક એન્ડ કંપની | ૧૫.૯૫ |
| રોનક ઓઈલ મીલ પ્રા.લી. | ૧૧.૨૩ |
| વિરાટ શીપ બ્રેકીંગ કાું | ૧૭.૭૩ |
| ઉદયાની શીપ બ્રેકર્સ | ૧૧.૪૩ |
| એસ.એસ.જેન એન્ડ કંપની | ૧૩.૪૩ |

| એકમનું નામ | તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ બાકી રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| બી.જી. એક્ષપ્લોરેશન એન્ડ પ્રા. ઈન્ડીયા | ૯૦૫.૨૭ |
| અજય ઈન્ડ. | ૧૦.૨૭ |
| પ્રશાંત એન્ટરપ્રાઈઝ | ૧૩.૪૬ |
| મયુર ઈન્ડ. | ૧૫.૨૦ |
| ત્રિવેણી ઈન્ડ. | ૩૦.૩૧ |
| સૌરાષ્ટ્ર સીમેન્ટ લીમીટેડ | ૬૮.૯૫ |
| એચ.એમ.પી.સીમેન્ટ | ૪૪.૫૯ |
| ગુજરાત સિધ્ધિ સીમેન્ટ લી. | ૪૯.૭૭ |
| ડેકોરા સીરામીક્સ | ૧૬.૯૧ |
| કે.ટી. કોટસીન્થેટીક લી. | ૩૦.૭૪ |
| રઘુવીર એજન્સી | ૧૭.૦૩ |
| ગોપાલ ટી | ૧૫.૪૨ |
| પટેલ રણછોડ વીરજી એન્ડ કંપની | ૧૦.૫૩ |
| રિષિતા એન્ટરપ્રાઈઝ | ૧૧.૧૫ |
| રિષિતા એજન્સી | ૧૩.૬૪ |
| ભરત ઈમ્પેક્ષ | ૧૦.૭૫ |
| વી. કે. ઈન્ડ. | ૧૪.૧૦ |
| ક્રિષ્ના પેટ્રો. ટ્રેડીંગ પ્રા. લી. | ૯૩.૦૮ |
| ગુજરાત સ્પાઈસીસ એન્ડ ઓઈલ | ૧૩.૨૨ |
| ટ્રાયસન કેમીકલ ઈન્ડ. | ૧૮.૮૩ |
| વિષ્ણુ ઓઈલ વનસ્પતિ | ૮૩.૨૬ |
| યશ ઈન્ટરનેશનલ | ૩૯.૦૩ |
| ભક્તિ ઈમ્પેક્ષ | ૨૮.૮૦ |
| ભૂમિ પ્લાસ્ટીક પ્રા.લી. | ૨૪.૯૩ |
| હેતલ પોલી પ્રીન્ટ | ૧૩.૬૪ |
| આકાશ એન્ટરપ્રાઈઝ | ૧૨.૩૩ |
| પલક ટેક્ષટાઈલ | ૧૩.૯૧ |
| પામીસ્ટ ટેક્ષટાઈલ પ્રા.લી. | ૧૧.૮૧ |
| બી. ક્રિમ્પેક્ષ પ્રા.લી. | ૧૧.૪૫ |
| ક્નોરીયા ડાયકેમ | ૧૧.૪૮ |
| ગેલેક્ષી પેટ્રોલીયમ પ્રા. લી. | ૧૬.૭૨ |

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જે ૧૦ કરોડ રૂપિયા કરતાં વધુ રકમ બાકીદાર પાસેની વસૂલાત કરવાનું છે. એમાં અગાઉના પ્રશ્નમાં નાણા મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ગયા વર્ષમાં ૯૮૪ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા છે એ નોંધી લઈએ. પરંતુ આ લિસ્ટની અંદર ગુજરાત સરકારનો જેના ઉપર કંટ્રોલ છે એવા કેટલાક કૉર્પોરેશન અને કંપનીઓ જે છે એમની પાસે જે રકમ બાકી છે એમાં ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ કૉર્પોરેશનના ૩૯ કરોડ રૂપિયા, ગુજરાત સ્મોલ ઈન્ડકોર્પોરેશનના ૧૭૭ કરોડ રૂપિયા અને ગુજરાત આલ્કલીઝ જે વડોદરાની છે એની પાસે ૪૭ કરોડ રૂપિયા બાકી છે. આ પૈસા વસૂલ ન થવાના કારણો શું છે અને બાકી પૈસા છે તે કઈ રીતના બાકી છે એની વિગતો માનનીય મંત્રીશ્રી ગૃહમાં રજૂ કરશે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનું એકમ હોય કે બીજું એકમ જે વેપાર ધંધા કરે છે એના એસેસમેન્ટની અંદર સેલ્સ ટેક્સ એમ કહે છે કે, આટલા પૈસા બાકી છે અને કંપની એમ કહે છે કે આ રીતે બાકી પૈસા ન નીકળે એના માટે એ ડિસ્પુટમાં જાય અને એમાં ગયા પછી એની અંદર જુદા જુદા સ્ટેજ છે. એના કેસીસ ચાલતા હોય છે. એમાંથી કુલ ૯૩ કેસ છે જેની પાસે આ પૈસા બાકી છે. એમાંથી એક, બે, ત્રણમાં કયા કારણોસર બાકી છે એ એસેસમેન્ટ કરનારની નોંધ હોય એની પાસે હોય? મને તો કેટલી રકમ બાકી છે એનો ખ્યાલ હોય. કયા સ્ટેજ ઉપર બાકી છે, મનાઈ હુકમમાં છે, બાયફરમાં છે, આઈફરમાં છેકે લીકવીડીટીમાં છે, રેવન્યુ રીકવરી સર્ટિફિકેટ છે એટલા માટે મને ખબર હોય. આ ૯૩ યુનિટની અંદર કઈ તારીખથી બાકી છે એ ના થઈ શકે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પેસીફીક માત્ર ત્રણ જ કંપનીઓ માટે પૂછયું છે અને વિગત મેળવીને ટેબલ ઉપર મૂકોને એટલું આપના મારફત નાણામંત્રીશ્રીને કહેવાનું છે કે ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ

કોર્પોરેશન, ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન જેની પાસે ૧૭૭ કરોડ રુપિયા બાકી છે અને ગુજરાત આલ્કલીઝ જે છે એની પાસે ૪૭ કરોડ રુપિયા બાકી છે. આ ૩ કંપનીના પૈસા કઈ રીતે બાકી છે એની વિગત આપ આપો એટલું જ મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવાનું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણનો સવાલ નથી. સવાલ એ છે કે સૌદ્ધાંતિક રીતે મૂકવાની વાત છે, નહીં તો એમ કહે કે ત્રાણું એ ત્રાણુંના મૂકો.

**અધ્યક્ષશ્રી** : ત્રણની જ વાત છે.

**શ્રી વજુભાઈ વાળા** : મને કોઈ વાંધો નથી. આ ત્રણની વાત કરશે, બીજા કોઈ સભ્યશ્રી એમનો પણ અધિકાર છે. એ હમણાં બીજા નામ વાંચીને એમ કહેશે કે આ ત્રણનું મૂકો. બીજા કોઈ સભ્યશ્રી કહેશે આ પાંચનું મૂકો તો મારે ત્રાણું એ ત્રાણુંની વિગત મૂકવી પડે. એક તો મારે કહેવું નહોતું, આ નાણાકીય સવાલ છે એટલા જ માટે જવાબ આપ્યો છે નહીં તો આ પ્રશ્ન અતારાંકિત પ્રશ્નની અંદર જાય એટલો લાંબો પ્રશ્ન છે પણ જ્યારે મેં જવાબ આપ્યો છે ત્યારે મેં સ્પષ્ટતાથી બધું જ કહ્યું છે અને માનનીય અધ્યક્ષશ્રી, એમની એક બાબત નોંધ માટે હું કહું કે ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના ૧૭૭ કરોડ જે બાકી છે એમાં ટ્રિબ્યુનલે બે વર્ષનું એસેસમેટ રિમાન્ડ કર્યુ છે કે ફરીથી તમે રિમાન્ડ કરો એની વસૂલાત કરવા માટે આપણે એની બે પ્રોપર્ટી તો એની ઓકશન કરી છે. એક સુરતની જે પ્રોપર્ટી છે એ આપણે ઓકશન કરી અને નડીયાદની અંદર છે એમાંથી આપણે બીજા પૈસાની વસૂલાત કરી છે અને વડોદરાની પ્રોપર્ટી હરાજીમાં છે એટલે તમામ ઉપર સરકારી નિગમો હોવા છતાં પણ વસૂલાત કરવા માટે આપણે જરાપણ ઓછપ રાખતા નથી.

### યુવાનોને પ્રોત્સાહન રૂપે એવોર્ડ આપવા અંગે

***૯૯૯ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રમતગમત યુવા સાંસ્કૃતિક ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહન આપવા રાજય સરકાર કોઈ એવોર્ડ એનાયત કરે છે, અને

(૨) જો હા, તો ૨૦૦૭ની સાલમાં કઈ કઈ વ્યકિતઓને આવા એવોર્ડ અપાયા છે?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) સન ૨૦૦૭ની સાલમાં શ્રી પ્રદીપ રામકૃષ્ણ શિરસાઠ અને શ્રીમતી શાંતાબેન પરમારને રાજય યુવા પારિતોષિક એનાયત કરવામાં આવેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે જવાબ આપ્યો છે એમાં બે વ્યકિતઓને એવોર્ડ આપવાની વાત છે. મારે આ અંગે થોડીક વિગતે માહિતી એટલા માટે જોઈએ છે કે આ યુવા સાંસ્કૃતિક એવોર્ડની પસંદગી કઈ રીતે થાય છે? આ જે બે વ્યકિતઓને એવોર્ડ આપવામાં આવ્યા છે એ કઈ રમત માટે કે પ્રવૃત્તિ માટે આપવામાં આવ્યા છે અને એવોર્ડમાં શું અપાય છે? રોકડ રકમ અપાય છે, પ્રમાણપત્રો અપાય છે કે ભેટ સોગાદો અપાય છે અને આ જે એવોર્ડ આપવાની પદ્ધતિ છે એની સાથે વિશિષ્ટ વ્યકિતઓના નામ જોડવાની યોજના છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે યોજના છે એ ૧૫ થી ૩૫ વર્ષની ઉંમરના જે યુવક અને યુવતીઓ છે એ જે સામાજિક કામ કરતા હોય, સારું કામ કરતા હોય અને ખાસ કરીને શહેરી વિસ્તારો અને ગંદા વસવાટવાળા વિસ્તારોમાં સામાજિક પ્રવૃત્તિઓ કરતા હોય સમાજના નબળા વર્ગો, એ ઉપરાંત અનુસૂચિત જાતિ, જનજાતિ વિસ્તારના વિકાસ અને એના સુધારણાના કામ કરતા હોય, અંધશ્રદ્ધા વગેરે જે છે એ દૂર કરવા માટેની સામાજીક જાગૃતિ અંગેના પ્રયાસો કરતા હોય, પ્રૌઢશિક્ષણનું કામ કરતા હોય, રાષ્ટ્રીય સ્તર ઉપર સ્વીકારેલ યોજનાઓ અંગેની પ્રવૃત્તિઓ કરતા હોય એવી વ્યકિતઓને શોધીને આ એવોર્ડ આપવામાં આવે છે. એક યુવતી અને એક યુવકને આમાં પસંદ કરવામાં આવે છે અને બંનેને ૧૦-૧૦ હજાર રુપિયા આપવામાં આવે છે અને સાથે એક પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. આની યુવક સેવા પ્રવૃત્તિઓ દ્વારા એક જાહેરાત આપવામાં આવે છે અને આ જાહેરાત થવાથી જે તે જિલ્લાની અંદર અરજીઓ જાય છે અને એમાં પસંદ કરવા માટે જિલ્લા કક્ષાની એક સમિતિની પસંદગી કરવામાં આવેલી છે. આ જે પસંદગી સમિતિ છે એમાં કલેકટર એના અધ્યક્ષ હોય છે. ડી.ડી.ઓ. એના સભ્ય હોય છે. જિલ્લા શિક્ષણાધિકારી એના સભ્ય હોય છે. જિલ્લાના યુવા સંયોજક અને નહેરુ યુવા કેન્દ્રના એક સભ્ય હોય છે અને જે તે જિલ્લાના રાજય યુવક બોર્ડના સભ્ય હોય છે અને સંબંધિત રમતગમત અધિકારી એના સભ્ય સચિવ હોય છે. આ જિલ્લા કક્ષાની જે પસંદગી સમિતિ છે એ પસંદગી સમિતિમાંથી જે કોઈ અરજીઓ આવી હોય એ અરજીઓમાં જે યોગ્ય લાગતી હોય એવી અરજીઓની દરખાસ્ત એ રાજયની જે કમિટી છે એ કમિટીની અંદર કરતા હોય છે અને રાજય કક્ષાની જે પસંદગી સમિતિ છે એમાં સચિવશ્રી રમતગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિ એના અધ્યક્ષ હોય છે. કમિશ્નરશ્રી યુવક સેવા એના સભ્ય હોય છે. ઝોનલ ડાયરેકટરશ્રી નહેરુ યુવા કેન્દ્ર સંગઠન એના સભ્ય હોય છે. રાજ્ય યુવક બોર્ડના ઉપાધ્યક્ષ એના સભ્ય હોય છે. નાયબ સચિવશ્રી, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ એના સભ્ય હોય છે. યુથ બોર્ડના અધિકારી, યુવક સેવા એના સભ્ય સચિવ હોય છે. આ લોકો એનું સિલેકશન કરતા હોય છે અને એ પછી એમને એવોર્ડ આપવામાં આવે છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં યુવા પ્રોત્સાહનમાં કેટલા એવોર્ડો આપવાની જોગવાઈ છે અને તેની વિગતો શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : આમ તો મેં કહ્યું કે બે એવોર્ડ આપવાના હોય છે. એક યુવકને અને એક યુવતીને આપવાના હોય છે. સામાજિક ક્ષેત્રે જે યુવાનો સારું કામ કરતા હોય અને ક્રાઈટ-એરિયા મુજબ આવતા હોય એને આ એવોર્ડ આપવામાં આવે છે.

**મહાનુભાવોનું સન્માન તેમજ એવોર્ડ અંગે**

*૧૦૯૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સને ૨૦૦૭ના વર્ષમાં કેટલા મહાનુભાવોનું સન્માન કરી એવોર્ડ આપવામાં આવ્યા, અને

(૨) આ સન્માન એવોર્ડ કઈ તારીખે અપાયા?

**રમતગમત મંત્રીશ્રી** :

(૧) ૮૨૧

(૨) તા. ૨૬-૧-૨૦૦૭ - ૫૭૦
તા. ૧-૫-૨૦૦૭ - ૫
તા. ૨૫-૭-૨૦૦૭ - ૧૬૦
તા. ૩૦-૮-૨૦૦૭ - ૩
તા. ૨૪-૯-૨૦૦૭ - ૭૦
તા. ૨૫-૯-૨૦૦૭ - ૧૩

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને પ્રશ્ન ક્રમાંકઃ ૧૧ શ્રી આત્મારામભાઈના પ્રશ્નના જવાબ ઉપરથી મળી ગયેલ છે એટલે વધારે પૂછવા માગતો નથી.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જુદા જુદા એવોર્ડોમાં સન્માનનીય મહાનુભાવોને શું શું એવોર્ડ અપાય છે. રોકડ રકમમાં વધારો કરવામાં આવ્યો છે ખરો? અને રમત-ગમત પાછળ કુલ કેટલો ખર્ચ થયો છે?

**અધ્યક્ષશ્રી** : ખર્ચનો પ્રશ્ન નથી થતો. માત્ર એવોર્ડ પૂરનો મર્યાદિત જવાબ આપો.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : રાજ્ય રમતવીર એવોર્ડ જેમાં દરેક બાળકને ૪૫૦૦ રૂપિયા આપવામાં આવે છે અને એવા ૫૭૦ એવોર્ડ એક વર્ષમાં રાજ્ય સરકાર આપે છે. એકલવ્ય સિનિયર એવોર્ડમાં એક લાખ રૂપિયા આપવામાં આવે છે અને મહાવીર જીવદયા એવોર્ડ સંસ્થાને આપવામાં આવે છે એમાં પણ એક લાખ રૂપિયા આપવામાં આવે છે. એ જ રીતે એકલવ્ય જુનિયર એવોર્ડ જેમાં ૫૦ હજાર રૂપિયા, સરદાર પટેલ જુનિયર એવોર્ડ જેમાં ૫૦ હજાર રૂપિયા, જયદિપસિંહ સિનિયર એવોર્ડ જેમાં ૨૦ હજાર, જુનિયરમાં ૧૦ હજાર, સાહસ, શૌર્ય, સેવા, જાહેર સુખાકારી અને તબીબી એના પણ ત્રણ એવોર્ડ આપવામાં આવે છે અને એમાં ૫૦ હજાર રૂપિયા દરેકને આપવામાં આવે છે. રાજ્ય યુવા પ્રોત્સાહક એના ૧૦ હજાર રૂપિયા અને રાજ્ય પર્વતારોહણમાં ૧૮૭૫૦ રૂપિયા આપવામાં આવે છે. આમ કરીને રાજ્ય સરકાર એક વર્ષમાં આ એવોર્ડ પાછળ ૪૫ લાખ રૂપિયાનો ખર્ચ કરે છે.

**રાજ્ય સરકારનું દેવું વધવાના કારણો**

*૪૧૮ **શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યના દેવામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વધારો થવા માટે કયા કારણો જવાબદાર છે, અને

(૨) દેવા - મુક્તિ માટે રાજ્ય સરકાર દ્વારા શું પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) રાજ્યના વિકાસ માટેના મૂડી ખર્ચને પહોંચી વળવા માટે.

(૨) (૧) લોનની પાક્યા તારીખે ચૂકવણી કરવામાં આવે છે.

(૨) ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫માં નિર્ધારિત લક્ષ્યાંક બે વર્ષ અગાઉ પુરા કરવામાં આવેલ છે.

(૩) રાજ્યની નાણાકીય શિસ્તના કારણે મહેસૂલી પુરાંત રહે છે.

(૪) દેવું અને રાજ્યનો ઘરગથ્થુ ભાવાંકની ટકાવારી ૩૦ ટકા કરતાં ઓછી રહે છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્ય સરકાર કેવું આયોજન કરે છે કે સતત દેવામાં વધારો થતો જાય છે. એને રોકવા માટે કોઈ પ્રયત્નો કરવામાં આવે છે કે કેમ? આજે બાળક ગુજરાતમાં જન્મે છે ત્યારે ૧૫ હજાર કરતા વધારે દેવા સાથે જન્મે છે. દેવા મુક્ત બાળક જન્મે એવું કોઈ આયોજન છે ખરું?

**શ્રી વજુભાઈ વાળા** : જે દેવું વધતું જાય છે એ રાજ્ય સરકાર માટે આ રીતે કરવું એમ કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક કહે છે કે દેવું હંમેશા તમારા મહેસૂલી ખર્ચ માટે, વ્યાજ ચૂકવવા, પગાર ચૂકવવા કે બીજા કામોમાં નહીં વાપરવું જોઈએ. વિકાસના કામ માટે દેવું કરો એવું કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક કહે છે. એટલા માટે થઈને કેન્દ્ર સરકાર હંમેશા એમ કહે છે કે તમારું ઘરગથ્થું ઉત્પાદન હોય એને તમારા દેવાથી ભાગો અને જે રકમ આવે એ તમારે ૩૦ ટકા સુધી લાવવી જોઈએ. કારણ કે ઘરગથ્થું ઉત્પાદન ત્યારે જ વધે કે જ્યારે રાજ્યમાં કૃષિનું ઉત્પાદન વધ્યું હોય, ઉદ્યોગોનું ઉત્પાદન વધ્યું હોય, સર્વિસ સૅકટરમાં આવક વધી હોય. આ ત્રણનો સરવાળો કરીને ઘરગથ્થું ઉત્પાદન હોય એના ૩૦ ટકા સુધી દેવું કરો તો વાંધો ન આવે. આ દ્રષ્ટિએ રાજ્ય સરકારે આ રિઝર્વ બેંકના નોર્મ્સ છે એ જાળવી રાખ્યા છે. વર્ષ ૨૦૦૫-૦૬ની અંદર આપણું દેવું ૬૬,૯૨૬ કરોડ હતું અને ત્યારે આપણું ઘરગથ્થું ઉત્પાદન ૨,૧૯,૭૮૦ કરોડ હતું. એટલે એને ભાગીએ તો ૩૦.૪૫ થાય. ૩૦ ટકા કરતાં થોડું વધ્યું હતું. એ જ પ્રમાણે આપણે ૨૦૦૬-૦૭ની અંદર આપણું દેવું થયું ૭૨,૧૫૪ કરોડ અને આપણું ત્યારે ઘરગથ્થું ઉત્પાદન વધ્યું કારણે કે રાજ્યની અંદર ઔદ્યોગિક વિકાસ agricultural productivity and service sector નો વધારો થવાથી એની અંદર ખૂબ વધારો આવ્યો. એટલે દેવાના દરનો રેશિયો થયો એ ૨૮.૩૫ થયો. એ જ પ્રમાણે ૨૦૦૭-૦૮ની અંદર આપણું ઘરગથ્થું ઉત્પાદનનો અંદાજ ૨,૯૨,૭૧૨ છે દેવાથી ભાગીશું તો ૨૬.૯૮ એટલે ૨૭ ટકા જેટલું. છતાં રિઝર્વ બેંક કહે છે કે તમારી Repaying Capacity છે અને સમાજને વિકાસની જરૂર છે તો વિકાસ માટે થઈને તમે કરજ કેમ નથી કરતા? એટલે તમારું કરજ ૩૦ ટકા સુધી હોવું જોઈએ. કરજ વગરનું રાજ્ય હોય એ તો સાવ નમાલું રાજ્ય કહેવાય. કરજ હોવું એ વાત જુદી છે. કરજ ભરવાની તાકાત તમારામાં હોય એ મહત્ત્વની વાત છે અને રાજ્ય સરકાર પાસે એક પૈસાનું કોઈ Interest કે એકેય હપ્તો બાકી નથી અને ગુજરાત રાજ્ય Ranking ની દ્રષ્ટિએ A++ છે આટલી સધ્ધરતા રાજ્ય સરકારની છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, Fiscal Responsibility Act પ્રમાણે દેવું, ગૅરન્ટી, નાણાકીય ખાદ્ય અને મહેસૂલી ખાદ્ય આ ચાર લક્ષ્યાંકો નાણાકીય ક્ષેત્રે શિસ્તના લક્ષ્યાંકો છે. એ ભારત દેશમાંથી એક માત્ર ગુજરાત રાજ્યે હાંસલ કરેલ છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખુદ કેન્દ્ર સરકાર Fiscal Responsibility Act મુજબના આવા નાણાકીય શિસ્તના લક્ષ્યાંકો હાંસલ કર્યા નથી એ વાત સાચી છે?

**અધ્યક્ષશ્રી** : કેન્દ્ર સરકારનો જવાબ કેવી રીતે આપશે? કેન્દ્ર સરકારની વાત કરે છે એનો જવાબ આપ કેવી રીતે આપી શકશો.

**શ્રી વજુભાઈ વાળા** : હા.

**અનુસૂચિત જાતિના દર્દીઓ માટે કૅન્સર, ટી.બી.ના રોગોની સહાયમાં વધારો કરવા અંગે**

*** ૧૦૧૪ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના દર્દીઓને ટી.બી., કૅન્સર અને રક્તપિત્ત જેવા રોગો માટે સહાય આપવામાં આવે છે જે દરોમાં સરકાર દ્વારા વધારો કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલો વધારો કરવામાં આવેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :**

(૧) અને (૨)

સહાયની મૂળ યોજના તા.૫-૮-૭૧થી અમલમાં આવેલ છે. ત્યાર બાદ તેમાં વખતોવખત સુધારા કરવામાં આવેલ છે. છેલ્લે તારીખ ૧૮-૯-૯૮ ના ઠરાવથી સુધારેલ દરો અમલમાં છે જે નીચે મુજબ છે.

૧. પ્રસૂતિના ગંભીર રોગના કેસમાં રૂા. ૫૦૦ કેસ દીઠ
૨. સ્ત્રીઓને થતા પાંડુરોગ માટે રૂા.૧૫૦ કેસ દીઠ
૩. ક્ષય રૂા. ૨૫૦ પ્રતિમાસ (એક વર્ષ સુધી)
૪. કૅન્સર રૂા.૫૦૦ પ્રતિમાસ દર્દ મટે ત્યાં સુધી
૫. રક્તપિત્ત રૂા.૪૦૦ પ્રતિમાસ દર્દ મટે ત્યાં સુધી.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના દર્દીઓને ટી.બી., કૅન્સર અને રક્તપિત્ત જેવા રોગો માટે સહાય આપવામાં આવે છે જે દરોમાં સરકાર દ્વારા વધારો કરવામાં આવેલ છે કેમ એના પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે ૧૮-૯-૯૮ ના ઠરાવથી સુધારેલ દરો અમલમાં છે પછી કાંઈ વિચારણા કરવામાં આવી છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના લોકોને જે આર્થિક મદદ કરવાની છે એ ૫-૮-૭૧થી આ યોજના અમલમાં છે, ૧૯૭૧ થી માંડીને ૧૯૯૨ માં ૧૦૦ રૂપિયા વધારો હતો. પ્રસૂતિના અતિ ગંભીર રોગમાં ૧૦૦થી માંડીને ૮૫ સુધી. ૧૯૯૮માં ૧૮૫ ના બદલે ૫૦૦ રૂપિયા કર્યા. પાંડુરોગ માટે માત્ર ૨૫ હતા ૧૯૯૨ સુધી એના ૭૫ થયા આ રાજ્ય સરકારે ૧૫૦ કર્યા છે. ક્ષય રોગ માટે પ્રતિમાસ ૫૦ રૂપિયા હતા ૧૯૭૧માં અને ૧૯૯૨માં ૧૨૫ થયા, ૧૯૯૮ પછી ૨૫૦ રૂપિયા થયા. કૅન્સર માટે ૫૦ રૂપિયા એક વર્ષ સુધી ૧૯૭૧માં હતા, ૧૯૯૨માં ૩૦૦ રૂપિયા થયા અને ૧૯૯૮માં ૪૦૦ રૂપિયા પ્રતિમાસ દર્દીને આપવામાં આવે છે.

૧૯૯૮ પછી આ યોજનામાં લગભગ સુધારો કરવામાં આવ્યો નથી, એની પાછળનું કારણ એવું છે કે રાજ્ય સરકારની અનેકવિધ લોકપ્રિય યોજના, વિશેષ કરીને આરોગ્ય વિભાગની પ્રસૂતિના ગંભીર રોગોમાં ચિરંજીવ યોજનાના કારણે ત્યાં આ પ્રકારના દર્દીઓને વિના મૂલ્યે દવાખાનામાં નિષ્ણાંત ડૉકટરો દ્વારા સારવાર પૂરી પાડવામાં આવે છે. પાંડુરોગ માટે સ્ત્રીઓની થતી સારવાર હેઠળ એમને ફરજિયાત મફત આપવામાં આવે છે. ક્ષય રોગ માટે ડોટ હેઠળ વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. કૅન્સર માટે બી.પી.એલ. કાર્ડ ધારકોને વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. રક્તપિત્ત એ રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ હેઠળ આવા દર્દીઓને ઘનિષ્ઠ સારવાર વિના મૂલ્યે આપવામાં આવે છે. એ સિવાય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પહેલી વખત,જે ગંભીર બિમારીઓ છે કૅન્સર છે, હૃદયરોગ છે કે કિડની છે આ બધામાં માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ભંડોળમાંથી પ્રત્યેક પીડિતને આ યોજનાનો લાભ આપવામાં આવે છે અને એના કારણે આ ઘણા બધા લોકોને લાભ મળી રહ્યો છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના ધ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કૅન્સરના દર્દીઓ બી.પી.એલ. કાર્ડ હોલ્ડર્સ હોય એ લોકોને સંપૂર્ણ સારવાર મફત આપવામાં આવે છે એમ જણાવ્યું છે માનનીય અધ્યક્ષશ્રી, આપના ધ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કેટલીક કૅન્સરની મોંઘી દવાઓ એ બી.પી.એલ. કાર્ડ હોલ્ડર્સને પણ આપવામાં આવતી નથી એ આપના ધ્યાને છે, એટલું જાણવા માગુ છું?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આ પ્રશ્ન આરોગ્ય વિભાગને લગતો છે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો નથી.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : આરોગ્યમાં બી.પી.એલ. કાર્ડ હોલ્ડર્સ..

**અધ્યક્ષશ્રી** : શ્રી જગદીશભાઈ, એમણે એમ કહ્યું કે, બી.પી.એલ. કાર્ડ નીચે જે રાહતો આપવામાં આવે છે, વધારો કેમ નથી થયો એના કારણોમાં એમણે કારણો આપ્યાં છે, જે બાકીની વિગતો જોઈએ એ આરોગ્ય મંત્રીશ્રી આપી શકશે. નેકસ્ટ પ્રશ્ન ક્રમાંક:૧૫

### રાજકોટ જિલ્લામાં વેચાણવેરાની આવક

*** ૧૦૯૮ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લામાં સેલ્સ ટેક્સ (વેટ)ની ચાલુ નાણાકીય વર્ષની તા. ૩૧-૧૨-૦૭ સુધીની કુલ આવક કેટલી, તાલુકાવાર આવક કેટલી, અને

(૨) જે તાલુકામાંથી વધુ આવક થતી હોય તે તાલુકાના વિકાસમાં વધુ નાણાની ફાળવણી કરવાનું આયોજન છે કે કેમ ?

**નાણા મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આવક (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૯૬૦૫.૪૭ |
| ૨ | મોરબી | ૬૧૫૨.૦૩ |
| ૩ | માળિયા | ૦.૩૯ |
| ૪ | ટંકારા | ૯.૦૨ |
| ૫ | કોટડાસાંગાણી | ૧૮૫૭.૨૨ |
| ૬ | જસદણ | ૨૫૫.૩૦ |
| ૭ | વાંકાનેર | ૨૫૨.૨૫ |
| ૮ | પડધરી | ૭૭૩.૮૦ |
| ૯ | લોધિકા | ૧૭૨૫.૧૧ |
| ૧૦ | ગોંડલ | ૧૪૫૧.૦૮ |
| ૧૧ | જેતપુર | ૪૦૪.૧૨ |
| ૧૨ | ધોરાજી | ૬૫૪.૮૦ |
| ૧૩ | જામકંડોરણા | ૪૩.૦૮ |
| ૧૪ | ઉપલેટા | ૪૬૯.૬૦ |
| | કુલ | ૩૩૬૫૩.૨૭ |

(૨) રાજયની આવક રાજયના એકત્રિત નિધિમાં જમા થાય છે અને તે રાજયના વિકાસ માટે ગુજરાત સરકારના વાર્ષિક નાણાકીય પત્રક ( અંદાજપત્ર) મુજબ ખર્ચવામાં આવે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની જે હરણ ફાળ છે એમાં રાજકોટ જિલ્લામાં ટંકારા અને માળિયા તાલુકો ઔદ્યોગિક રીતે પછાત તાલુકાઓ છે, માળિયા તાલુકામાં ટેક્સની આવક ખાલી ૦.૩૯ લાખ અને ટંકારા તાલુકામાં ૯.૦૨ લાખ છે તો આ બે તાલુકામાં ઉદ્યોગોનો વધુમાં વધુ કચ્છની જેમ વિકાસ થાય એના માટે રાજય સરકાર ધ્વારા ટેક્સ બેનીફીટ આપવા રાજય સરકાર કાંઈ વિચારે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઈ સેલ્સ ટેક્સ/ વેટની આવક આવે, ટેક્સની આવક આવે એ બધી એકત્રીકરણ થાય અને એ પછી જે તાલુકાઓ જે વિસ્તારમાં જે કામોની અને કાર્યોની જરૂરિયાત પડે એ પ્રમાણે એને ફાળવણી કરવામાં આવે છે, કોઈ ધારો કે, ઝીરો આવક હોય એટલે ત્યાં ઓછું કામ કામ કરવું એવું કાંઈ નથી તો તો આ જે ગુજરાત રાજયમાં આદિવાસી વિસ્તારોમાં ઉદ્યોગો નથી, વેપાર નથી એને કોઈ પૈસા તો ફાળવી ન શકાય. આ ગુજરાત રાજયમાં જેનામાં તાકાત હોય એ કમાઈને આપે અને જરૂરિયાતવાળા લોકો માટે આપણે પૈસાની ફાળવણી કરીએ છીએ આ રીતે રાજય સરકાર ચાલે છે એટલે જ્યાંથી જેટલું કમાયા હોઈએ ત્યાં તેટલું નાખવાની વાત ન થઈ શકે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો, મારી માગણી એવી હતી કે, મોરબી તાલુકામાં વધારેમાં વધારે આવક છે તો સ્પેશિયલ કેસમાં વધારે કાંઈ દેવા માગો છો કે નહીં ?

**શ્રી વજુભાઈ વાળા** : મોરબી તાલુકામાં આવક વધુ છે એ તો તમારા હાથમાં બે-બે સોનાની વીંટીઓ પહેરેલી જોઈએ છીએ અહીંયા છાકમછોડ છે, કાંઈ વાંધો નથી તમારે, અમે સમજીએ છીએ કે હજુ વધુ કમાઓ તમે અને વધુ કમાઈને સમાજની અંદર જે જરૂરિયાત છે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના છેવાડાના લોકો છે એ આપણા ભાઈઓ છે એના માટે ખર્ચ કરોને, બધું કમાઈને આપણે જ વાપરવું અને અમારું જ સારું થાય એવું નહીં, બધાનું સારું કરવું એ આપણા સૌનો હેતુ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૧૪ તાલુકાઓ છે એમાં માળિયા તાલુકો છે એમાં માળિયા તાલુકો સો ટકા ઔદ્યોગિક રીતે પછાત તાલુકો છે, કોઈપણ જાતના ઉદ્યોગો નથી એજ રીતે ટંકારા તાલુકો પણ ઔદ્યોગિક પછાત તાલુકો છે, જેમ કચ્છમાં ટેક્સ બેનીફીટ આપવાના કારણે ઘણા ઉદ્યોગો સ્થપાયા એમ આ બે તાલુકાઓમાં વધુમાં વધુ ઉદ્યોગો થાય અને રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓની હરોળમાં આવે એના માટે રાજય સરકાર કોઈ રાહત આપવા માગે છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : રાહત માટેની વાત નથી પણ કચ્છની તો પરિસ્થિતિ જ જુદી હતી ત્યાં ભૂકંપના કારણે, આખું કચ્છ નષ્ટ થઈ ગયું હતું, પણ આપણે જ્યારે સેલ્સ ટેક્સના બેનીફીટ આપતા હતા ત્યારે પછાત તાલુકાની ગણતરી કરી કોને પછાત તાલુકો કહેવાય, એ જગ્યાએ ઉદ્યોગો સ્થપાય. તો આવા પછાત તાલુકાઓમાં સેલ્સ ટેક્સની આપણે રાહતો આપતા હતા પરંતુ સમગ્ર હિન્દુસ્તાનમાંથી રાહતો આપવાની પદ્ધિત નીકળી ગઈ એટલે કાંઈ કરી શકાય એમ નથી. પરંતુ ત્યાંના લોકોના ઉત્કર્ષ માટે થઈને ભલે ઉદ્યોગો ન આવે, રોજગારી કેમ મળે, ખેત ઉત્પાદન કેમ વધે એના માટેનું માનનીય સભ્યશ્રીનું કોઈ સૂચન હશે તો એ સૂચન અમે એના અંગે પૂરેપૂરો વિચાર કરીશું.

### વડોદરા જિલ્લામાં કન્યાઓને શાળાએ જવા માટે સાયકલોનું વિતરણ

***૨૯૨ શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ(સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં બક્ષીપંચ અનુસૂચિત જાતિની કન્યાઓને શાળાએ જવા માટે કેટલી સાઈકલોનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ સરકારને થયો, બાકી રહેતી કન્યાઓને આ સાયકલોનું વિતરણ કેટલા સમયમાં કરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) કન્યાઓને સાયકલનું વિતરણ કરવામાં આવતું નથી પરંતુ સાયકલ ખરીદવા માટે રૂ. ૧૫૦૦/- રોકડ સહાય આપવામાં આવે છે. તદઅનુસાર નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર કન્યાઓને સાયકલ ખરીદવા માટે રોકડ સહાય ચૂકવવામાં આવે છે.

| અનુસુચિત જાતિ | | | વિક્સતી જાતિ | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | સહાય ચુક્વેલ કન્યાઓની સંખ્યા | | સહાય ચુક્વેલ કન્યાઓની સંખ્યા | |
| | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૬ | ૨૦૦૭ |
| ડભોઈ | ૨૮ | ૨૪ | ૮૬ | ૧૦૯ |
| પાદરા | ૧૭ | ૩૬ | ૧૦૭ | ૧૦૦ |
| સંખેડા | ૨૨ | ૨૫ | ૩૬૨ | ૩૭૦ |
| વાઘોડીયા | ૧૭ | ૨૨ | ૧૯૮ | ૧૫૭ |
| કરજણ | ૧૯ | ૨૫ | ૬૫ | ૩૮ |
| જેતપુર-પાવી | ૧૦ | ૧૬ | ૧૮૯ | ૧૪૨ |
| શિનોર | ૨૧ | ૨૬ | ૪૯ | ૨૮ |
| વડોદરા | ૨૧ | ૫૫ | ૯૧ | ૫૬ |
| ક્વાંટ | ૫ | ૧ | ૧ | ૦ |
| નસવાડી | ૩ | ૨ | ૨૮ | ૧૩ |
| છોટાઉદેપુર | - | - | ૩ | ૧ |
| સાવલી | ૯ | ૮ | ૧૧૭ | ૧૦૪ |
| **કુલ :** | **૧૭૨** | **૨૪૦** | **૧૨૯૬** | **૧૧૧૮** |

(૨) **અનુસૂચિત જાતિ** — રૂ.૬.૧૮લાખનો ખર્ચ થયેલ છે કોઈ કન્યાને સને સાયકલ સહાય ચૂકવવાની બાકી નથી.

**વિકસિત જાતિ** — રૂ.૩૬.૨૧ લાખનો ખર્ચ થયેલ છે અને ૨૦૦૭ના વર્ષ માટે પાંચ કન્યાઓને સહાય ચૂકવવાની બાકી છે.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં કવાંટ તાલુકા અને છોટાઉદેપુર તાલુકામાં કવાંટમાં ૨૦૦૬-૦૭માં જે સાઈકલનું વિતરણ કરવામાં આવ્યું એમાં અનુસૂચિત જાતિની કન્યાઓને સાઈકલનું વિતરણ કરવામાં આવ્યું એમાં પાંચ સંખ્યા છે. ૨૦૦૭માં એક છે. વિકસતી જાતિના વિદ્યાર્થીઓના ગ્રાહકોને વિતરણ ૨૦૦૬-૦૭માં ૨૦૦૬માં એક અને ૨૦૦૭માં માત્ર ઝીરો છે. આ છોટાઉદેપુર અને કવાંટમાં જે વિતરણ થયું છે એમાં વિસંગતતા જણાઈ આવે છે. એ વિતરણ બીજા તાલુકાની હરોળમાં પ્રમાણમાં ઓછું છે. ત્યાં વસ્તી અનુસૂચિત જાતિ, બક્ષીપંચ કે વિકસતિ જાતિની ઓછી છે એને કારણે ઓછું થયું છે કે તંત્રની ઉદાસીનતાને કારણે ઓછું થયું છે એ આપના મારફત જાણવા માગું છું.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સાઈકલ આપવાની યોજના છે એ જે તે શાળા પોતાની શાળામાં અનુસૂચિત જાતિ કે બક્ષીપંચના જેટલી ધોરણ-૮માં ભણતી કન્યાઓની યાદી રાજય સરકારને મોકલી આપે છે અને જેટલી પણ યાદી હોય એ બધાને અમે અત્યારે સાઈકલ આપતા નથી પણ રોકડ સ્વરૂપે રૂ. ૧૫૦૦ આપીએ છીએ.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, રોકડમાં સહાય રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે એટલે ખરેખર ચાર દિવસ પહેલા મેં પ્રશ્ન પૂછયો હતો એટલે એટલાસ સાઈકલ અને હીરો સાઈકલની કિંમત પૂછી તો માત્ર ૨૨૦૦ થી ૨૩૦૦ એક સાઈકલની કિંમત થાય છે. ૧૫૦૦ રૂપિયા રોકડ સહાય આપીએ તો વાપરી નાખે છે તો ખરેખર આ ૧૫૦૦ રૂપિયાની સહાય છે એમાં વધારો કરીને ૨૨૦૦ રૂ.ની સહાય કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપણે સાઈકલ જ આપતા હતા પણ આ ગૃહમાં હીરો આપીએ, એટલાસ આપીએ, ફલાણી કંપની બરાબર નહોતી આ બધું થવાને કારણે આપણે રોકડરૂ. ૧૫૦૦ આપવાનો નિર્ણય લીધેલો. એમની વાત સાચી છે આ વર્ષથી ૨૦૦૮ - ૦૯ ના વર્ષથી ૨૦૦૦ રૂપિયા સાઈકલ પેટે આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના છોટાઉદેપુર તાલુકામાં ૨૦૦૬-૦૭માં એક પણ કેસ થયો નથી અને એ રીતે વિકસતી જાતિમાં ખાલી ત્રણ કેસ ૨૦૦૬માં થયા છે અને ૨૦૦૭માં એક કેસ થયેલ છે તો આ જે સ્કૂલમાં ભણતા હોય એ કેસ ન કરવાનું કારણ શું છે અને આજે પણ બાળકો ત્યાં ભણે છે તો આ સંસ્થાને આપના તરફથી કાંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું એ પ્રમાણે એની યાદી જે તે શાળાઓ આપે છે છતાં પણ ધારાસભ્યશ્રીએ કહયું છે ત્યારે એની તપાસ પણ કરાવીશ અને ધારાસભ્યશ્રીની જાણમાં કાંઈ વિગત આવશે અને સીધેસીધી આપશે તો બાકી હશે તો સાઈકલ આપવાનો પ્રયાસ કરીશું.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, સાઈકલ માત્ર બી.પી.એલ. ગ્રાહકોને આપવામાં આવે છે કે અન્ય અનુસૂચિત જાતિ, બક્ષીપંચ અને એસ.સી.ના વિદ્યાર્થીઓને આપવાનું કોઈ આયોજન છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૮માં અભ્યાસ કરતી તમામ દીકરીઓને આપવામાં આવે છે. બી.પી.એલ.નું ધોરણ નથી.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.નું ધોરણ છે. તટસ્થતાપૂર્વક મંત્રીશ્રી તપાસ કરે તો સારું. મારા વિસ્તારમાં એસ.સી., એસ.ટીના વિદ્યાર્થીઓને સાઈકલ આપવામાં આવતી નથી. માત્ર બી.પી.એલ.માં નામ હોય તો સાઈકલ આપવામાં આવે છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું એ પ્રમાણે ધોરણ નથી છતાંપણ હું તપાસ કરીશ. તમે પણ વિગતો આપજો.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭માં વિકસતી જાતિની પાંચ બાળાઓને આ સહાય ચૂકવવામાં આવી નથી એનું કારણ શું છે અને હું જે જાણું છું એ પ્રમાણે કેટલીક એન.જી.ઓ. છે એની મારફત પણ તાલુકામાં આવા ગ્રાહકોને વિતરણ કરવામાં આવે છે એવી કોઈ ફરિયાદ મળી છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### આણંદ જિલ્લામાં નાની બચત ક્ષેત્રે થયેલ આવક

૧૧૦૧ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં નાની બચત યોજના અન્વયે તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આવક થઇ, અને

(૨) બચતના લક્ષ્યાંક સામે કેટલો લક્ષ્યાંક પૂર્ણ થયો ?

**જવાબ**

(૧) રોકાણની આવક નીચે પ્રમાણે છે.

| વર્ષ | કુલ (ગ્રોસ) રોકાણ | ઉપાડ | સાફી (નેટ) રોકાણ |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | રૂા. ૨૦૯ કરોડ | રૂા. ૧૨૯ કરોડ | રૂા. ૮૦ કરોડ |
| ૨૦૦૭-૦૮ (ડીસે-૦૭ અંતિત) | રૂા. ૧૮૦ કરોડ | રૂા. ૧૬૬.૧૦ કરોડ | રૂા. ૧૩.૯૦ કરોડ |

(૨) આણંદ જિલ્લાને નાની બચતના ફાળવેલ લક્ષ્યાંક સામે નીચે મુજબ લક્ષ્યાંક પૂર્ણ થયેલ છે.

| વર્ષ | ફાળવેલ લક્ષ્યાંક (રૂા. કરોડમાં) | મેળવેલ સિધ્ધી (રૂા. કરોડમાં) | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૫૦ | ૨૦૯ | ૮૩.૬૦ % |
| ૨૦૦૭-૦૮ (ડીસે-૦૭ અંતિત) | ૧૫૦ | ૧૮૦ | ૧૨૦ % |

------------

### ખેડા જિલ્લામાં આકસ્મિક કુટુંબ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૨૧૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં આકસ્મિક કુટુંબ સહાય યોજના હેઠળ સહાય મળવા માટેની કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં આકસ્મિક કુટુંબ સહાય યોજના હેઠળ સહાય મળવા માટેની ૭૮૩ અરજીઓ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ મળી,

(૨) ૧૮૭ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) મંજૂર થયેલ અરજીઓ પૈકી કેટલા અરજદારોને સહાય ચૂકવાઇ, અને

(૪) કેટલાને સહાય ચૂકવવાની બાકી છે ?

(૩) ૧૬૮ અરજદારોને સહાય ચુકવાઈ.

(૪) ૧૯ અરજદારોને સહાય ચુકવવાની બાકી છે.

------------

## પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાયની મળેલ અરજીઓ

૧૦૦૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર રાષ્ટ્રિય કુટુંબ સહાય યોજના હેઠળ નીચે મુજબ કુલ : ૫૨૨ અરજીઓ આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૪-૦૫ | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ | કુલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | લુણાવાડા | ૨૩ | ૧૮ | ૧૨ | ૫૩ |
| ૨ | સંતરામપુર | ૫ | ૩ | ૫ | ૧૩ |
| ૩ | શહેરા | ૨૩ | ૩૫ | ૨૬ | ૮૪ |
| ૪ | ગોધરા | ૩૭ | ૬૬ | ૭૪ | ૧૭૭ |
| ૫ | કાલોલ | ૨૫ | ૩૭ | ૧૦ | ૭૨ |
| ૬ | હાલોલ | ૯ | ૮ | ૬ | ૨૩ |
| ૭ | મોરવા (હ) | ૨ | ૪ | ૫ | ૧૧ |
| ૮ | ઘોઘંબા | ૪૦ | ૨૬ | ૬ | ૭૨ |
| ૯ | જાંબુઘોડા | ૨ | ૧ | - | ૩ |
| ૧૦ | ખાનપુર | - | - | - | - |
| ૧૧ | કડાણા | ૬ | ૫ | ૩ | ૧૪ |
| | **કુલ :** | **૧૭૨** | **૨૦૩** | **૧૪૭** | **૫૨૨** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી અરજી ના મંજૂર કરી, અને

(૨) તે પૈકી નીચે મુજબ તાલુકાવાર ૨૭૯ અરજીઓ મંજૂર અને ૧૨૯ અરજીઓ નામંજૂર કરેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ અરજીઓ | ના મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | લુણાવાડા | ૨૫ | ૨૧ |
| ૨ | સંતરામપુર | ૮ | ૪ |
| ૩ | શહેરા | ૭૪ | ૨ |
| ૪ | ગોધરા | ૫૦ | ૬૮ |
| ૫ | કાલોલ | ૩૯ | ૨૪ |
| ૬ | હાલોલ | ૧૦ | ૧૦ |
| ૭ | મોરવા (હ) | ૯ | - |
| ૮ | ઘોઘંબા | ૪૯ | - |
| ૯ | જાંબુઘોડા | ૨ | - |
| ૧૦ | ખાનપુર | - | - |
| ૧૧ | કડાણા | ૧૩ | - |
| | **કુલ :** | **૨૭૯** | **૧૨૯** |

(૩) ના મંજૂર થયેલ તે ક્યા તાલુકાના કેટલા અરજદારો છે, અને તેના કારણો શું છે ?

(૩) ના મંજૂર થયેલ ૧૨૯ અરજદારોની તાલુકાવાર માહિતી અને તેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ના મંજૂર થયેલ અરજીઓ | ના મંજૂરીના મુખ્ય કારણો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | લુણાવાડા | ૨૧ | ૧. |
| ૨ | સંતરામપુર | ૦૪ | ૧. ગરીબી રેખા નીચે જીવતા |

| | | | |
|---|---|---|---|
| ૩ | શહેરા | ૦૨ | હોવાનો પુરાવો રજૂ કરેલ ન હોવાથી |
| ૪ | ગોધરા | ૬૮ | |
| ૫ | કાલોલ | ૨૪ | ૨. મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થયા તારીખથી બે વર્ષમાં અરજી ન કરવાના કારણો |
| ૬ | હાલોલ | ૧૦ | |
| | **કુલ :** | **૧૨૯** | |

૩. મૃત્યુ પામેલ વ્યક્તિના કુટુંબની મુખ્ય કમાનાર વ્યક્તિમાં સમાવેશ થતો ન હોવાના કારણે

૪. મુખ્ય કમાનાર વ્યક્તિની વયમર્યાદા નિયત કરેલ વય મર્યાદા ૧૮ થી ૬૫ વર્ષમાં સમાવેશ ન થવાને કારણે

------------

## રાજ્યમાં બક્ષીપંચની આશ્રમશાળાઓ

**૧૦૦૧ શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ડીસેમ્બર, ૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બક્ષીપંચની કેટલી આશ્રમશાળાઓ અને છાત્રાલયો મંજૂર કર્યા, | (૧) (અ) આશ્રમશાળાઓ : શૂન્ય<br>(બ) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો : ૨૨<br>(ક) સરકારી છાત્રાલયો : ૦૫ |
| (૨) આ મંજૂર થયેલ છાત્રાલયોને કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી, | (૨) (અ) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો: શૂન્ય<br>(ક) સરકારી છાત્રાલયો : રૂા. ૬.૬૧ લાખ |
| (૩) સને ૨૦૦૭માં મંજૂર થયેલ છાત્રાલયો પૈકીના કેટલા છાત્રાલયોની મંજૂરી રદ કરવામાં આવી, અને | (૩) એક પણ નહી. |
| (૪) મંજૂરી રદ કરવાના કારણો શું છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી અંગે

**૧૦૮૯ શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બે રોજગારોની નોંધણી થયેલ છે, | (૧) વર્ષ -૨૦૦૬ ૧૦૪૪૮<br>વર્ષ - ૨૦૦૭ ૧૮૫૮૬<br>કુલ : ૨૯૦૩૪ |
| (૨) આ કચેરી દ્વારા કેટલા બેરોજગારોને નોકરીઓ આપવામાં આવી, અને | (૨) વર્ષ -૨૦૦૬ ૬૧૦૨<br>વર્ષ - ૨૦૦૭ ૧૧૬૯૬<br>કુલ : ૧૭૭૯૮ |
| (૩) બાકી રહેલ બેરોજગારોને નોકરી આપવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) ઓદ્યોગિક ભરતીમેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે. |

------------

## રાજ્ય સરકારને વેચાણવેરા પેટે થયેલ આવક અને બાકી વસુલાત અંગે

**૪૨ શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧ ડિસે. ૦૭ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારને વેચાણવેરા પેટે | (૧)<br>વર્ષ — આવક (રૂા. કરોડમાં)<br>૨૦૦૫-૦૬ — ૧૦૫૬૧.૩૫ |

કેટલી રકમ મળી,

| | |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૦૫૬૧.૩૫ |
| ૨૦૦૬-૦૭ | ૧૨૮૧૭.૪૬ |
| (તા. ૧-૪-૨૦૦૭થી ૩૧-૧૨-૨૦૦૭ સુધી) | ૧૦૭૪૪.૨૫ |

(૨) વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની થાય છે, અને

(૨) રૂા. ૨૯૫૬.૧૪ ક્રોડ

(૩) આ બાકી રકમ વસુલ કરવા સરકારે ક્યા પ્રકારના પગલાંઓ લીધા ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત અધિનિયમ અને જમીન મહેસૂલ કાયદા અન્વયે જરૂરી પગલાં લેવામાં આવે છે.

------------

## પાદરા તાલુકામાં ઓદ્યોગિક ગૃહોમાં સ્થાનિક ભરતી અંગે

૧૧૮૯ **શ્રી દિનેશભાઈ બી.પટેલ (પાદરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ પાદરા તાલુકામાં આવેલ ઓદ્યોગિક ગૃહોમાં ૮૫ % સ્થાનિક લોકોની ભરતીનું પ્રમાણ જળવાતું નથી તે હકીકત સાચી, અને

(૨) જો હા, તો સરકાર પગલાં લેવા ધારે છે ?

**જવાબ**

(૧) પાદરા તાલુકામાં આવેલ કુલ : ૪૧ ખાનગીક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમો પૈકી ૩૭ એકમોમાં ૮૫ ટકા સ્થાનિક લોકોનું પ્રમાણ જળવાયેલ છે, જ્યારે ૪ એકમોમાં પ્રમાણ જળવાયેલ નથી.

(૨) આ ૪ (ચાર) એકમો બિનપ્રોત્સાહિત એકમો છે અને બિનપ્રોત્સાહિત એકમો સામે ઠરાવમાં પગલાં લેવાની કોઈ જોગવાઈ નથી. જેથી પગલાં લેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રિલાયન્સ, એસ્સાર અને અદાણી ગ્રુપ પાસેથી બાકી વેચાણવેરો વસુલ લેવા અંગે

૧૦૦૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ સરકારે રિલાયન્સ, એસ્સાર અને અદાણી ગ્રુપ પાસે વેચાણવેરો વસુલવાનો બાકી નીકળે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે રકમ વસુલવામાં સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) રિલાયન્સ અને એસ્સાર ગૃપ પાસેથી.

(૨) વસુલાત સામે મનાઈ હુકમ છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં યુવાનોને રોજગારી અન્વયે યોજેલ ભરતી મેળા

૧૧૯૦ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાનાં શિક્ષિત યુવાનોને રોજગારી મળી રહે તે માટે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને

(૨) આ ઓદ્યોગિક ભરતી મેળા દ્વારા ક્યા ક્યા તાલુકાના કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૮

(૨) તાલુકાવાર નીચે દર્શાવેલ વિગતે કુલ શિક્ષિત ૮૩૯ ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી મળેલ શિક્ષિત |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ધનસુરા | ૪૮ |
| ૨ | ઈડર | ૧૯૭ |
| ૩ | મોડાસા | ૧૭૩ |
| ૪ | હિંમતનગર | ૨૦૨ |
| ૫ | વડાલી | ૫૬ |
| ૬ | પ્રાંતિજ | ૬૧ |
| ૭ | તલોદ | -- |

| | | |
|---|---|---|
| ૭ | તલોદ | -- |
| ૮ | ખેડબ્રહ્મા | ૦૫ |
| ૯ | વિજયનગર | ૦૮ |
| ૧૦ | ભિલોડા | ૧૬ |
| ૧ | ૨ | ૩ |
| ૧૧ | મેધરજ | ૧૧ |
| ૧૨ | માલપુર | -- |
| ૧૩ | બાયડ | ૬૨ |
| | **કુલ** | **૮૩૯** |

------------

**દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળની પડતર અરજીઓ**

૧૧૯૪ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તાલુકાવાર કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ નિકાલ કરવાની બાકી છે, અને

(૨) આ અરજીઓ પૈકી એક વર્ષથી વધુ સમયની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) પડતર અરજીઓ

| અ.નં. | તાલુકાનું નામ | અનુ.જાતિ | વિ.જાતિ |
|---|---|---|---|
| ૧ | ફતેહપુરા | ૨ | -- |
| ૨ | ઝાલોદ | ૧ | - |
| ૩ | લીમખેડા | ૫ | ૧ |
| ૪ | ધાનપુર | ૧ | - |
| | કુલ | ૯ | ૧ |

(૨) એક વર્ષથી વધુ સમયની કોઈ અરજી પડતર નથી.

------------

**આઈ. ટી. આઈ. કેન્દ્રો શરૂ કરવા અંગે**

૨૧૬ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા તાલુકામાં આઈ.ટી.આઈ. છે, અને

(૨) બાકી રહેલા તાલુકાઓમાં આઈ.ટી.આઈ. કેન્દ્રો સ્થાપિત કરવા શું આયોજન કર્યું છે ?

**જવાબ**

(૧) તારીખ : ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં ૧૭૮ તાલુકામાં વ્યવસાયલક્ષી તાલીમ સંસ્થા (સરકારી આઈ.ટી.આઈ./ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી. / સ્વનિર્ભર આઈ. ટી.સી.) છે.

(૨) બાકી રહેલા ૪૭ તાલુકાઓમાં વ્યવસાયલક્ષી તાલીમ સંસ્થા (સરકારી આઈ.ટી.આઈ./ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી./સ્વનિર્ભર આઈ.ટી.સી.) આગામી નાણાંકીય વર્ષમાં શરૂ કરવાનું આયોજન વિચારણા હેઠળ છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૧૧૯૮**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં વર્ષવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે, અને

(૧)

| ક્રમ | વર્ષ | શિક્ષિત બેરોજગારો | અર્ધ શિક્ષિત બેરોજગારો | કુલ નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|---|---|
| ૧ | તા. ૧/૨/૨૦૦૫ થી તા. ૩૧/૧/૨૦૦૬ | ૬૨૪૧ | ૧૯૯૬ | ૮૨૩૭ |
| ૨ | તા. ૧/૨/૨૦૦૬ થી તા. ૩૧/૧/૨૦૦૭ | ૯૭૩૧ | ૩૧૨૪ | ૧૨૮૫૫ |
| ૩ | તા. ૧/૨/૨૦૦૭ થી તા. ૩૧/૧/૨૦૦૮ | ૧૨૬૩૫ | ૮૮૨ | ૧૩૫૧૭ |
| **કુલ** | | **૨૮૬૦૭** | **૬૦૦૨** | **૩૪૬૦૯** |

(૨) તે પૈકી કેટલા શિક્ષિત બેરોજગારો માટે નોકરીઓની તકો પૂરી પાડવામાં આવી ?

(૨) ૫૮૦૩

------------

## આણંદ અને ખેડા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી

૧૦૯૬ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલા શિક્ષિત બેરોજગારો અને કેટલા અર્ધ શિક્ષિત બેરોજગારો રોજગાર કચેરીમાં નોંધાયેલા છે, અને

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી માટે તકો આપી ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૨૦૧૯૬ | ૨૦૧૭ | ૨૨૨૧૩ |
| ખેડા | ૨૮૩૪૪ | ૩૨૪૫ | ૩૧૫૮૯ |
| **કુલ..** | **૪૮૫૪૦** | **૫૨૬૨** | **૫૩૮૦૨** |

(૨)

| જિલ્લાનું નામ | બેરોજગારોને આપેલ રોજગારીની તકો (સંખ્યા) |
|---|---|
| આણંદ | ૧૬૬૪૧ |
| ખેડા | ૮૮૩૬ |

------------

## સુરત જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ કરેલ ખર્ચ

૪૧૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧) રૂા. ૩,૩૬,૦૦૦/-

(૨) આ પૈકી કેટલી રકમ ખર્ચવામાં આવી, અને

(૨) ૨,૭૭,૦૩૬/-

(૩) જિલ્લામાં આ સ્થિતિએ કેટલી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચાલે છે ?

(૩) તા. ૧-૨-૨૦૦૬ થી ૩૧-૧-૨૦૦૮ દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે.

૧. ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિની ઉજવણી
૨. લોકડાયરાના કાર્યક્રમો
૩. ગરબા-રાસ સ્પર્ધા
૪. બાળ નાટ્ય, નૃત્ય નાટિકા સ્પર્ધા
૫. વિભાગીય ત્રિઅંકી નાટ્ય સ્પર્ધા
૬. સુગમસંગીત મહોત્સવ
૭. કલકે કલાકાર શાસ્ત્રીય નૃત્ય સમારોહ.

------------

## લિગ્નાઈટ કોલસા પરના વેટ અંગે

૧૦૯૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ગુજરાત રાજ્યમાં નીકળતા લીગ્નાઈટ

(૧) ના, જી.

કોલસા ઉપર ૨૧% જે વેટ છે તે વાત સાચી,

(૨) જો હા, તો આ વેટનું મોડવેટ આપવા માંગો છો કે કેમ, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો ક્યારથી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વેચાણવેરા પેટે વસુલ કરવાની બાકી રકમ**

૨૯૩ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ના વર્ષમાં વેચાણવેરા પેટે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં લક્ષ્યાંક સામે કેટલી આવક સરકારને થઈ, અને

(૨) તે અન્વયે વેચાણવેરા પેટે વસુલ કરવાની કેટલી રકમ બાકી છે ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | લક્ષ્યાંક રૂા. (કરોડમાં) | આવક (રૂા. કરોડમાં) | વસુલ કરવાની બાકી રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૯૧૦૦.૦૦ | ૧૦૫૬૧.૩૫ | ૧૩૬૧.૩૦ |
| ૨૦૦૬-૦૭ | ૧૧૦૦૦.૦૦ | ૧૨૮૧૭.૪૬ | ૪૯૯.૭૯ |
| ૧-૪-૦૭ થી ૩૧-૧૨-૦૭ | ૧૫૪૩૦.૦૦ | ૧૦૭૪૪.૨૫ | ૧૦૯૫.૦૫ |

------------

**પંચમહાલ જિલ્લામાં અર્ધશિક્ષિત બેરોજગારોને રોજગારી**

૧૦૦૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| વર્ષ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૬ | ૫૮૧૮ | ૧૭૦૭ | ૭૫૨૫ |
| ૨૦૦૭ | ૧૪૦૨૯ | ૩૫૨૦ | ૧૭૫૪૯ |
| **કુલ** | **૧૯૮૪૭** | **૫૨૨૭** | **૨૫૦૭૪** |

(૨) તે પૈકી કેટલા બેરોજગારોને વિનિમય કચેરી દ્વારા રોજગારીની તકો આપવામાં આવી, અને

(૨)

| વર્ષ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૬ | ૧૧૬ | ૩ | ૧૧૯ |
| ૨૦૦૭ | ૧૧૮૩ | ૫૩ | ૧૨૩૬ |
| **કુલ** | **૧૨૯૯** | **૫૬** | **૧૩૫૫** |

(૩) તે રોજગારીની તકો આપવામાં આવેલ ક્યા તાલુકાના બેરોજગારો છે ?

(૩)

| | | | |
|---|---|---|---|
| ૧. | ગોધરા | ૭. | ખાનપુર |
| ૨. | શહેરા | ૮. | હાલોલ |
| ૩. | લુણાવાડા | ૯. | કાલોલ |
| ૪. | કડાણા | ૧૦. | ઘોઘંબા |
| ૫. | સંતરામપુર | ૧૧. | જાંબુઘોડા |

| | | | |
|---|---|---|---|
| ૫. | સંતરામપુર | ૧૧. | જાંબુઘોડા |
| ૬. | મોરવા | | |

------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં નિરાધાર તેમજ વૃધ્ધ સહાયની અરજીઓ**

૧૦૦૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં સને ૨૦૦૭માં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલી વ્યક્તિઓની અરજીઓ મળી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં સને ૨૦૦૭માં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કુલ ૨૭ વ્યક્તિઓની અરજીઓ મળી તાલુકાવાર માહિતી નીચે દર્શાવેલ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ચોટીલા | ૧૫ |
| સાયલા | ૧૨ |
| કુલ | ૨૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી સહાય ચૂકવી, અને

(૨) તે પૈકી ૮ અરજીઓ મંજુર કરી, રૂા. ૨૦,૦૦૦/- ની સહાય ચુકવેલ છે.

| તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ચૂકવેલ સહાય | | |
|---|---|---|---|---|
| | | રાજ્ય સરકારની રૂા. | કેન્દ્ર સરકારની રૂા. | કુલ રૂા. |
| ચોટીલા | ૩ | ૪૨૦૦ | ૨૨૦૦ | ૬૪૦૦ |
| સાયલા | ૫ | ૮૪૦૦ | ૫૨૦૦ | ૧૩૬૦૦ |
| કુલ | ૮ | ૧૨૬૦૦ | ૭૪૦૦ | ૨૦,૦૦૦ |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી, નામંજૂર કરવાના કારણો શાં છે ?

(૩) સદરહુ અરજીઓ પૈકી નામંજુર થયેલી અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ના મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ના મંજુરીના કારણો |
|---|---|---|
| ચોટીલા | ૪ | -એક અરજી ઓછી ઉંમરના કારણે.<br>-ત્રણ અરજી વધુ આવક હોવાના કારણે |
| સાયલા | ૩ | -એક અરજી પુખ્ત વયનો પુત્ર હોવાથી<br>-એક અરજી ખાતે જમીન ધારણ કરતા હોવાથી<br>- એક અરજી આવક વધુ હોવાથી |

------------

**વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિની કન્યાઓને શાળાએ જવા સાયકલ આપવા પાછળ કરેલ ખર્ચ**

૧૦૯૦ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ૨૦૦૭ના વર્ષમાં

**જવાબ**

(૧) કન્યાઓને સાયકલનું વિતરણ કરવામાં આવતું

તાલુકાવાર અનુસૂચિત જાતિની કન્યાઓને શાળાએ જવા માટે કેટલી સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું,

નથી પરંતુ સાયકલ ખરીદવા માટે રૂા. ૧૫૦૦/-ની રોકડ સહાય આપવામાં આવે છે. તદ્દનુસાર નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર કન્યાઓને સાયકલ ખરીદવા માટે રોકડ સહાય ચૂકવવામાં આવેલ છે.

| **તાલુકાનું નામ** | **૨૦૦૭** |
|---|---|
| ૧ | ૨ |
| ડભોઈ | ૨૪ |
| પાદરા | ૩૬ |
| સંખેડા | ૨૫ |
| વાઘોડીયા | ૨૨ |
| કરજણ | ૨૫ |
| જેતપુર-પાવી | ૧૬ |
| શિનોર | ૨૬ |
| ૧ | ૨ |
| વડોદરા | ૫૫ |
| ક્વાટ | ૧ |
| નસવાડી | ૨ |
| છોટાઉદેપુર | -- |
| સાવલી | ૮ |
| **કુલ** | **૨૪૦** |

(૨) આની પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) રૂા. ૩,૬૦,૦૦૦

(૩) બાકી રહેલ લાભાર્થીઓને ક્યારે સાયકલોનું વિતરણ કરવામાં આવશે ?

(૩) સાયકલ સહાય આપવાની બાકી રહેતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## ભરૂચ જિલ્લામાં એપ્રેન્ટીસ એક્ટ હેઠળના યુનિટો

૪૩ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક નાણાકીય વર્ષમાં કેટલા ઓદ્યોગિક યુનીટો એપ્રેન્ટીસ એક્ટ હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા યુનીટોએ તેનો અમલ કરેલ છે, અને

(૩) કેટલા યુનીટોએ અમલ કર્યો નથી, તેની સામે શાં પગલાં ભરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક નાણાકીય વર્ષમાં કુલ-૧૫ ઓદ્યોગિક યુનીટોને એપ્રેન્ટીસ એક્ટ હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) તમામ ૧૫ યુનિટોએ તેનો અમલ કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજ્યમાં બાળ મજૂર કાયદાના ભંગ અન્વયે પાડેલ દરોડા અંગે

૧૦૦૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હોટલો, રેસ્ટોરન્ટ અને કારખાનાઓમાં બાળ મજૂર કાયદાનો ખુલ્લેઆમ ભંગ કરવામાં આવે છે તે સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન કેટલા દરોડા પાડી બાળ મજૂરોને પકડી માલિકો પર શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ખુલ્લેઆમ ભંગ કરવામાં આવે છે તે વાત સાચી નથી.

(૨) તકેદારીના પગલાં સ્વરૂપે હોટલ, રેસ્ટોરન્ટ અને કારખાનાઓમાં બાળમજુર કાયદા અને કારખાના ધારા હેઠળ છેલ્લા એક વર્ષમાં,

(૧) ૨૩,૧૬૩ દરોડા પાડ્યા.
(૨) ૧૭૫ બાળ મજૂરો પકડ્યા.
(૩) ૭૯ સંસ્થા/કારખાનાઓ સામે કુલ ૧૮૭ ફોજદારી કેસો કરેલ છે.

------------

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ જાતિના છાત્રાલયો**

૧૧૯૧ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર અનુ.જાતિ અને બક્ષીપંચ જાતિના કેટલા કુમાર અને કન્યા છાત્રાલય ક્યા ક્યા છે,

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા નવા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ક્યા ક્યા તાલુકાની માંગણીઓ પડતર છે, તે ક્યારે મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (અ) અનુસૂચિત જાતિના ૪૭ કુમાર અને ૭ કન્યા છાત્રાલયો છે. વિગતો *પત્રક-૧ મુજબ છે.

(બ) બક્ષીપંચ જાતિના ૭૩ કુમાર અને ૭ કન્યા છાત્રાલયો છે. વિગતો *પત્રક-૨ મુજબ છે.

(૨) આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના નવા કોઈ છાત્રાલયો મંજુર કરવામાં આવ્યા નથી.

(૩) કોઇ તાલુકાની માંગણીઓ પડતર નહી હોવાથી મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**દાહોદ જિલ્લામાં મજૂરોના થયેલ આકસ્મિક મૃત્યુ સામે ચૂકવાયેલ સહાયની રકમ**

૧૧૯૫ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તાલુકાવાર આકસ્મિક મૃત્યુ પામનાર મજૂર તથા ઓછી આવક ધરાવતા ઈસમોને શ્રમિક સુરક્ષા યોજના હેઠળ મૃત્યુ સહાય વળતર મેળવવા માટેની કેટલી અરજી છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને

(૨) મળેલ અરજીઓ પેકી કેટલા કેસોમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) શ્રમિક સુરક્ષા યોજના હેઠળ મૃત્યુ સહાય વળતર મેળવવા તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૧૧ |
| ઝાલોદ | ૨૪ |
| લીમખેડા | ૧૧ |
| ફતેપુરા | ૧૦ |
| ગરબાડા | ૦૯ |
| દેવગઢ બારીયા | ૦૫ |
| ધાનપુર | ૦૮ |
| કુલ.... | ૭૮ |

(૨) તે પેકી ૨૧ કેસોમાં રૂા. ૨૧ લાખ સહાય ચુકવવામાં આવી.

------------

**રૂા. ૧૦ કરોડ કરતાં વધુ વેચાણવેરાના બાકી એકમો**

૪૧૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્યા ક્યા ઉદ્યોગ ગૃહો પાસેથી રૂા. ૧૦ કરોડ કરતાં વધારે વેચાણવેરો સમય મર્યાદા કરતાં વધારે સમયથી તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ બાકી છે,

(૨) તે દરેક પાસેથી કેટલો વેચાણ વેરો તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં લેવા પાત્ર હતો, અને

(૩) વેચાણવેરો મુદત વિતવા છતાં ન ભરનાર ઉદ્યોગ ગૃહો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

સામેલ પત્રક મુજબ.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તેમજ જમીન મહેસૂલ કાયદા હેઠળ પગલાં ભરવામાં આવ્યા છે.

**પત્રક**

| અનુ.નં. | ઉદ્યોગ ગૃહનું નામ | તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ બાકી રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | એચ.પી.સી.એલ. | ૨૬.૯૨ |
| ૨. | બી.પી.સી.એલ | ૨૯.૧૬ |
| ૩. | સાંઈનાથ પ્રોટીન્સ | ૭૧.૩૨ |
| ૪. | સ્વપ્નિલ પ્લાસ્ટિક | ૨૧.૨૭ |
| ૫. | એમ્બીક એગ્રો ઓઈલ્સ લીમીટેડ | ૧૨.૪૭ |
| ૬. | હાઈનુપ ઓઈલ ઈન્ડ. | ૧૩.૬૪ |
| ૭. | એક્સલુઝીવ રેમેડીઝ | ૧૨.૮૦ |
| ૮. | મહેન્દ્ર મીલ્સ | ૨૩.૧૨ |
| ૯. | લાર્સન એન્ડ ટુબ્રો ઈ.સી.સી. ડીવીઝન | ૨૯.૦૧ |
| ૧૦. | એન. કે. મિલ્સ પ્રા.લી. | ૨૭.૩૯ |
| ૧૧. | પ્રમુખ એગ્રો ફુડ પ્રા.લી. | ૮૬.૩૨ |
| ૧૨. | શક્તિ વિજય ઈન્ડસ્ટ્રીઝ | ૧૨.૮૫ |
| ૧૩. | ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ કોર્પોરેશન | ૩૯.૧૫ |
| ૧૪. | હરિરાજ પેપર મીલ્સ | ૨૪.૩૧ |
| ૧૫. | સીન્ફની કમ્ફર્ટ સીસ્ટમ | ૧૮.૩૨ |
| ૧૬. | જય એગ્રોકેમ. લીમી. | ૩૭.૭૦ |
| ૧૭. | મીનલ ઓઈલ એગ્રો. ઈન્ડ. | ૧૬૫.૬૦ |
| ૧૮. | એન. કે. ઈન્ડસ્ટ્રીઝ | ૧૧.૪૨ |
| ૧૯. | બાલારામ સિમેન્ટ લી. | ૧૩.૬૩ |
| ૨૦. | જલધારા પમ્પ લીમી. | ૧૨.૮૭ |
| ૨૧. | રીન્કી હાઈડ્રો કાર્બન | ૧૧.૦૪ |
| ૨૨. | જી.ઈ.પ્લાસ્ટિક્સ ઈન્ડીયા લીમીટેડ | ૩૦.૧૫ |
| ૨૩. | એપેક્સ ઈલેક્ટ્રીકલ્સ | ૧૦.૨૮ |
| ૨૪. | એ.પી.એસ.સ્ટાર | ૧૯.૬૮ |
| ૨૫. | ઓ.એન.જી.સી. | ૨૧.૫૯ |
| ૨૬. | વાયકોમ ઈલેટ્રોનિક્સ પ્રા.લી. | ૨૫.૬૩ |
| ૨૭. | દેમાંગ ડેલાવાલા ઈન્ડ. ટર્બો મશીન પ્રા.લી. | ૬૬.૫૩ |
| ૨૮. | મોટારોલા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી. | ૩૬.૮૯ |
| ૨૯. | પમિ પેટ્રોકેમ | ૫૫.૫૫ |
| ૩૦. | ક્રોમ્પટન ગ્રીવ્ઝ લી. | ૪૧.૫૧ |
| ૩૧. | આર.એસ.પેટ્રોકેમિકલ્સ | ૨૬.૧૦ |
| ૩૨. | અશ્વિન વનસ્પતિ | ૩૮.૭૪ |
| ૩૩. | આઈ.સી.ટેક્સટાઈલ્સ લીમી. | ૧૮.૬૬ |
| ૩૪. | ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ | ૧૮.૨૭ |
| ૩૫. | કાંકરીયા પેપર મીલ્સ | ૧૬.૬૬ |
| ૩૬. | ભારત પેટ્રોલીયમ | ૨૩.૨૫ |
| ૩૭. | પંચમહાલ સિમેન્ટ કંપની | ૧૦.૬૪ |
| ૩૮. | ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ | ૧૫.૪૯ |
| ૩૯. | પર્લ પેરીફેરલ્સ | ૧૩.૩૫ |
| ૪૦. | જી.એ.સી.એલ. | ૪૭.૩૨ |
| ૪૧. | સર્ચકેમ ઈન્ડસ્ટ્રીઝ | ૩૩.૭૮ |
| ૪૨. | ડી.સી.એમ.શ્રીરામ આલ્કલીઝ એન્ડ કેમી. | ૧૬.૯૫ |
| ૪૩. | ઝવેરી પોલીમર્સ | ૩૧.૬૩ |
| ૪૪. | અપાર ઈન્ડસ્ટ્રીઝ | ૨૦.૩૩ |
| ૪૫. | લાયકા લેબ્સ લીમી. | ૧૨.૯૮ |
| ૪૬. | એસ્સાર સ્ટીલ લીમી. ૧-૨ | ૬૬૦.૨૫ |
| ૪૭. | લાર્સન એન્ડ ટુબ્રો લીમી. | ૩૧.૨૬ |
| ૪૮. | ઓ.એન.જી.સી., સુરત | ૨૨૭.૬૦ |
| ૪૯. | બરોડા રેયોન કોર્પોરેશન | ૧૨.૩૫ |

| અનુ.નં. | ઉદ્યોગ ગૃહનું નામ | તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ બાકી રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૫૦. | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ૧૧૧.૨૧ |
| ૫૧. | સ્વસ્તિક એન્ડ કંપની | ૧૫.૯૫ |
| ૫૨. | રોનક ઓઈલ મિલ પ્રા.લી. | ૧૧.૨૩ |
| ૫૩. | વિરાટ શિપ બ્રેકીંગ કંપની | ૧૭.૭૩ |
| ૫૪. | ઉદયાની શિપ બ્રેકર્સ | ૧૧.૪૩ |
| ૫૫. | એસ.એસ.જૈન એન્ડ કંપની | ૧૩.૪૩ |
| ૫૬. | બી.જી. એક્સપ્લોરેશન એન્ડ પ્રો. ઈન્ડીયા | ૯૦૫.૨૭ |
| ૫૭. | અજય ઈન્ડસ્ટ્રીઝ | ૧૦.૨૭ |
| ૫૮. | પ્રશાંત એન્ટરપ્રાઈઝ | ૧૩.૪૬ |
| ૫૯. | મયુર ઈન્ડસ્ટ્રીઝ | ૧૫.૨૦ |
| ૬૦. | ત્રિવેણી ઈન્ડસ્ટ્રીઝ | ૩૦.૩૧ |
| ૬૧. | સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમી. | ૬૮.૯૫ |
| ૬૨. | એચ.એમ.પી.સિમેન્ટ | ૪૪.૫૯ |
| ૬૩. | ગુજરાત સિધ્ધિ સિમેન્ટ | ૪૯.૭૭ |
| ૬૪. | ડેકોરા સિરામિક્સ | ૧૬.૯૧ |
| ૬૫. | કે.ટી.કોટ સિન્થેટિક લીમી. | ૩૦.૭૪ |
| ૬૬. | રઘુવીર એજન્સી | ૧૭.૦૩ |
| ૬૭. | ગોપાલ ટી | ૧૫.૪૨ |
| ૬૮. | પટેલ રણછોડ વીરજી એન્ડ કંપની | ૧૦.૫૩ |
| ૬૯. | રિષિતા એન્ટરપ્રાઈઝ | ૧૧.૧૫ |
| ૭૦. | રિષિતા એજન્સી | ૧૩.૬૪ |
| ૭૧. | ભરત ઈમ્પેક્સ | ૧૦.૭૫ |
| ૭૨. | વી. કે. ઈન્ડસ્ટ્રીઝ | ૧૪.૧૦ |
| ૭૩. | ગુજરાત સ્પાઈસીસ એન્ડ ઓઈલ | ૧૩.૨૨ |
| ૭૪. | ટ્રાયસન કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ | ૧૮.૮૩ |
| ૭૫. | વિષ્ણુ ઓઈલ વનસ્પતિ | ૮૩.૨૬ |

------------

## સુરત જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી

૪૨૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લામાં આવેલ રોજગાર વિનિમય ક્ચેરી ખાતે શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોની કેટલી સંખ્યા નોંધાયેલ છે, અને

(૨) સરકારે આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી માટેની તકો પૂરી પાડી ?

**જવાબ**

| | | |
|---|---|---|
| (૧) | શિક્ષિત | ૫૮૨૪૬ |
| | અર્ધશિક્ષિત | ૫૨૯૮ |
| | કુલ | ૬૩૫૪૪ |
| (૨) | શિક્ષિત | ૪૧૪૬૬ |
| | અર્ધશિક્ષિત | ૪૪૯૪ |
| | કુલ | ૪૫૯૬૦ |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ કરેલ ખર્ચ

૧૦૦૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ.

| સા.શૈ.પ.વ.ની અરજીઓ | અનુસૂચિત જાતિની અરજીઓ |
|---|---|
| ૪૩૭ | ૭૭૨ |

(૨) તે પેકી કેટલી મંજૂર થઇ, કેટલી નામંજૂર થઇ,

(૨)

| | |
|---|---|
| ૨૫૫ અરજીઓ મંજૂર થઈ. | ૫૭૬ અરજીઓ મંજૂર થઈ. |
| ૧૮૨ અરજીઓ ના મંજૂર થઈ. | ૧૮૩ અરજીઓ ના મંજૂર થઈ. |

(૩) મંજૂર થયેલ અરજીઓ પેકી કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩)

| | |
|---|---|
| રૂા. ૧૨.૭૫ લાખ ચૂકવવામાં આવ્યા | રૂા. ૨૮.૮૦ લાખ ચૂકવવામાં આવ્યા |

(૪) નામંજૂર થયેલ અરજીઓના કારણો શાં છે?

(૪) યોજનાની શરતો સાથે સુસંગત ન હોવાને કારણે ના મંજૂર થયેલ છે.

------------

## વડોદરા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ

૧૦૯૧ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઇ કઇ રમતો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) વડોદરા જિલ્લામાં રમતગમત માટેના તાલીમ કેન્દ્રો કેટલા અને ક્યા ક્યા કાર્યરત છે, અને

(૩) રમતવીરોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રોત્સાહન આપવા સરકારે શું આયોજન કર્યુ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બાસ્કેટ બોલ, લોન ટેનિસ, બેડમિંટન, જિમનાસ્ટિક, ફેન્સીંગ, વોલીબોલ, યોગાસન, હેન્ડબોલ, કુસ્તી, હોકી, સ્વીમીંગ, જૂડો, કબડ્ડી, ફૂટબોલ, એથ્લેટિક્સ, ટેબલ ટેનિસ, રોલર, સ્કેટિંગ, સોફ્ટ બોલ, આર્ચરી, ફેનસીંગ, ટગ ઓફ વોર, વેઈટ લિફટીંગ રમતો પાછળ કુલ રૂા. ૧૮,૬૦,૫૩૯/- ખર્ચ કરવામાં આવ્યો.

(૨) વડોદરા જિલ્લામાં રમતગમત માટેના નીચે મુજબના સાત તાલીમ કેન્દ્રો કાર્યરત છે.

(૧) જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વડોદરા.
(૨) જિલ્લા યોગ અને ફીટનેશ તાલીમ કેન્દ્ર, વડોદરા
(૩) તાલુકા યોગ અને ફીટનેશ તાલીમ કેન્દ્ર, વડોદરા
(૪) મહિલા સેલ્ફ ડિફેન્સ તાલીમ કેન્દ્ર, વડોદરા
(૫) શ્રી લક્ષ્મીનાથ વ્યાયામ મંદિર, વડોદરા.
(૬) માણેક સાવજી જુમ્માદાસ વ્યાયામ મંદિર, વડોદરા.
(૭) વરણામા વ્યાયામ શાળા, વરણામા

(૩) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ખેલાડીઓને વિવિધ એવોર્ડ આપવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીઓને આર્થિક સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત શિષ્યવૃત્તિ, વૃત્તિકા તથા મહિલા ખેલાડીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. તે ઉપરાંત રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓને જરૂરીયાત આધારીત રમતગમતને સંલગ્ન સુવિધા પૂરી પાડવાની યોજના અમલમાં છે.

------------

## ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાયની પડતર અરજીઓના નિકાલ અંગે

૪૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય આપવાની યોજના હેઠળ તા. ૩૧ ડિસે. ૦૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય આપવાની યોજના હેઠળ તા. ૩૧ ડિસે. ૦૭ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં નીચે જણાવ્યા મુજબ

| | |
|---|---|
| લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાયા, | લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવાયા છે.<br>૧. ૨૦૦૫-૦૬ ૨૭૬૨<br>૨. ૨૦૦૬-૦૭ ૨૬૧૯<br>૩. ૨૦૦૭-૦૮ ૨૫૭૪<br>૩૧ ડિસે.-૦૭ અંતિત |
| (૨) તે અન્વયે સહાય નિયમિત ચૂકવવામાં આવે છે કે કેમ, | (૨) સહાય ગ્રાન્ટ ઉપલબ્ધતા મુજબ ચૂકવવામાં આવે છે. |
| (૩) સહાય ચૂકવવાની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતરમાં છે, અને | (૩) કોઈ પણ અરજીઓ પડતરમાં નથી. |
| (૪) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી** : તા.૪થી માર્ચ ૨૦૦૮ની પહેલી બેઠકની અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે. માનનીય બાબુભાઈ શાહ.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૨૦૦૮-૦૯ ના વર્ષ માટેના અંદાજપત્રનું સન્માનનીય સભાગૃહ સમક્ષ પ્રવચન કરેલું. આ વાંચીને એના ઉપરથી કેટલીક બાબતો રજૂ કરવા માટે હું ઊભો થયો છું. ગુજરાત એક પ્રગતિશીલ રાજ્ય છે અને એની પ્રગતિનો ગ્રોથ ગયા કેટલાક વર્ષોથી ઊંચેને ઊંચે જતો રહ્યો છે. એમાં હાલની સરકાર હોય, ગત સરકારો હોય, જુદા જુદા પક્ષોની સરકાર હોય એ બધાનું યોગદાન એની અંદર રહ્યું છે. ૩ દિવસની આપે યોજેલ માવળંકર પાર્લામેન્ટરી એસોસીએશન સૅમિનારની અંદર જેમણે ભાગ લીધો એમને ખૂબ જાણવાનું મળ્યું. જયનારાયણ વ્યાસે જે રજૂઆત કરી ગુજરાતની વિધાનસભામાં, સૌરાષ્ટ્રના વિધાનસભામાં સૌરાષ્ટ્રના રાજ્ય વખતે ૫ લાખ રૂપિયા નાનજી કાલીદાસ પાસેથી રાજ્યે ઉછીના લઈ અને વ્યવહાર શરૂ કરેલો એ સાંભળતા ખૂબ રોમાંચ થયો. આવા શ્રેષ્ઠીઓ સૌરાષ્ટ્રના હોય, ગુજરાતના હોય કચ્છને હંમેશાં મળ્યા છે. એના કારણે આજે આપણું રાજ્ય દેશ અને દુનિયાની અંદર ખૂબ જ પ્રશંસા પામતું રહ્યું છે. આ રાજ્યની અંદર દબાયેલા, કચડાયેલા વર્ગને માટે થઈને કોઈ કમી રહેવી જોઈએ નહિ, પરંતુ આપના મારફત સન્માનનીય સભાગૃહને અત્યંત ક્ષોભ સાથે એક ધ્યાન દોરવું પડે છે કે મહિલા અને બાળકલ્યાણની વાત એ એમણે ફકરો તો વાંચ્યો. એમણે પણ વિધવા બહેનોનું પેન્શન છેક ૧૯૯૭માં ૫૦૦ નક્કી કરેલું અને એક બાળક દીઠ અને વધારાના બે બાળકો હોય તો ૧૬૦ રૂપિયા એટલે ૬૬૦ રૂપિયા એટલે એમાં કોઈ વધારો વજુભાઈ સાહેબે પછીના બજેટમાં કર્યો નથી. આ વખતે પણ નથી કર્યો અને એમાં સ્વનિર્ભર બહેનોને બનાવવા માટે ૩,૦૦૦ કરોડ રૂપિયાની જબ્બર ઑફર કરી. ૩,૦૦૦ રૂપિયામાં સ્વનિર્ભરતા કઈ રીતે આવી શકે? એ તો નાણામંત્રીશ્રી સ્પષ્ટતા કરે ત્યારે ખબર પડે. ૧૦,૦૦૦ બહેનોને સ્વનિર્ભર કરવા માટે ૩,૦૦૦ રૂપિયા એટલે ૩ કરોડની રકમ થઈ. ૪૯,૦૦૦ કરોડ રૂપિયાનું આપણું બજેટ હોય અને એની અંદર દીન દુખિયારી બહેનો માટે ૩ કરોડ રૂપિયાની રકમ માત્ર અને એ પણ ખૂબ જબ્બર કોઈ કામગીરી કરી હોય તેવી આત્મશ્લાઘા સાથે કરવામાં આવે ત્યારે કહેવાનું મન થાય કે ગુજરાતની જે પરંપરા છે એ પરંપરા આ બજેટની અંદર જળવાઈ નથી. દબાયેલા, કચડાયેલા વર્ગને માટે થઈ પૈસા ખર્ચવામાં આવે તો રાજયની તિજોરીમાંથી કાંઈ ઓછું થતું નથી. નાણામંત્રીશ્રી હંમેશા કહે કે આપણી શાખ ઉપર પૈસા લઈએ છીએ. શાખ ઉપર બધા જ પૈસા આપે, પણ બોજો એ બોજો હોય. રાજ્ય ઉપરનું કરજ એ અગાઉ પણ કહ્યું છે. આ વખતે સન્માનનીય ગૃહને કહેવા માગું છું કે ૧૯૬૦માં રાજય થયું ત્યારથી કરીને ૧૯૯૮ માર્ચ સુધી ૧૪ હજાર કરોડનું કરજ માત્ર હતું. આ પછી દિવસે ન વધે એટલું રાત્રે વધે કારણકે ઘડિયાળનો કાંટો અને વ્યાજનો આંક એ કયારેય અટકતા નથી હોતા. દિવસે વધતું જાય છે એ દર વર્ષે છ હજાર કરોડ રૂપિયાનો બોજો આ રાજયમાં પ્રજા ઉપર ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ખાસ કરીને માનનીય વજુભાઈ વાળા સાહેબ નાણામંત્રી છે તેમની વ્યવસ્થામાં વધતો ગયો છે. આ પૈસામાંથી જો ૫૦ ટકા કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ થયું હોય તો તે પૂરવાર કરે. મેં અગાઉ પણ આ કહ્યું છે.

ગુજરાત પ્રકાશનની અંદર બજૅટના વખાણ થાય તેવા લેખો છાપવામાં આવે અને તેમાં કહેવામાં આવે કે ૬૧ ટકા તે વિકાસ ખર્ચ રાજયમાં થયો છે. તે કયાં ખર્ચાયા છે તે બતાવો, પૂરવાર તો કરો? પાણી પુરવઠામાં સાત હજાર કરોડ રૂપિયા આને તમે વિકાસના ખર્ચમાં ગણી શકાય. વહીવટના ખર્ચમાં નહીં. પણ તેમાંથી ૮૦૦૦ ગામડાંને પાણી આપવાનું હતું તે આપી શક્યા છીએ ખરા? હજુ તેમાંથી અડધા ગામડાંને પાણી પહોંચાડી શક્યા છીએ. કચ્છ જેવામાં તો માત્ર ૮૮૪ ગામોમાંથી હજી ૪૦૦ ગામોને પાણી અપાયું નથી અને અપાયું છે ત્યાં પણ

પૂરતા પ્રમાણમાં પાણી ૭૦ લિટર પ્રતિ વ્યકિત આપવામાં આવતું નથી તેનો ઈકરાર માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ આ ગૃહમાં કરેલો છે. આ એકાઉન્ટીબ્લીટીની જરૂર છે. આ બજેટ અત્યારે તો ફોર્માલીટી છે પરંતુ તેની ડિમાન્ડસ આવશે ત્યારે દરેક વિભાગની માગણીઓને ચર્ચા કરીને મંજૂરી આપીશું ત્યારે આ પૈસા કયાં ખર્ચાય છે? કઈ રીતે ખર્ચાય છે તેનો હિસાબ આપણે લેવા માટે થઈને બેઠેલા છીએ. સુજલામ્ સુફલામ્ યોજના માટે ખૂબ કહેવાયું. તેના ક્યાંક ટીક થાય, કયાંકથી વખાણ થાય પરંતુ માનનીય આ સભાગૃહના સદસ્યશ્રી અને હાલના ભારતીય જનતા પાર્ટીના દંડક આર.સી.ફળદુ સાહેબનો એક સવાલનો જવાબ મેં વાંચેલો અને તેની અંદર સુજલામ્ સુફલામ્ યોજના નીચે કેટલું ખર્ચ થયું છે? તો ૬૮ હજાર હેકટર સિંચાઈ સ્પ્રેડીંગ કેનલથી અને આઠ હજાર એકરને પાઈપલાઈનથી ઉદ્‌વહન સિંચાઈ માટે થઈને ૧૭૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલો છે. ૫૨ હેકટર આનો હિસાબ જો ગણીએ તો પોણા ત્રણ લાખ રૂપિયા પ્રતિ હેકટર આ ખર્ચ કરવામાં આવેલ છે. આ હિસાબે આપણે જો નર્મદા યોજના ૧૭ લાખ હેકટરની ગણવામાં આવે તો ૬૫ હજાર કરોડ રૂપિયે આ યોજના જે થાય તો પણ આ જે ખર્ચ સુજલામ્ સુફલામ્માં આવ્યું છે તે અનેકગણું આવ્યું છે તે આંકડાથી પૂરવાર થાય છે.

નર્મદા યોજનાની કેનાલને લાઈનિંગ થયેલ છે અને સુજલામ્ સુફલામ્ યોજનાને લાઈનિંગ થયેલ નથી. જે ઉદ્‌વહનથી પાણી આપવાનું છે તે નર્મદા યોજનામાં મોટા ભાગે ગ્રેવીટીથી આપવાનું છે ત્યારે આ ખર્ચ અને સુજલામ્ સુફલામ્ના આંકડા કયાંય મળતા નથી. આપણે સુજલામ્ સુફલામ્ યોજના માટે થઈને આ ગૃહના દરેક બજેટની અંદર રકમ મળે પણ ક્યારેક પાણીની જરૂરિયાતવાળા વિસ્તારોને પાણી અપાય પણ કચ્છ જેવા વિસ્તાર છે તેને પાણી મળે તે જરૂરી છે. આપની મારફત ગયા વર્ષના બજેટની અંદર ૨૫ કરોડ રૂપિયા તળાવો ઉંડા કરવા અને તૂટેલા તળાવો રિપેર કરવા માટે રાખેલા. આ વખતે મને જવાબ મળ્યો કે આવા કોઈ પૈસા રાખવામાં આવેલા નથી. કારણકે આપણે તે ખર્ચ કરી શકયા નથી. આવા કચ્છ જેવા વિસ્તારમાં તળાવો રિપેર કરવામાં આવે તો વરસાદી પાણી એકત્રિત કરી અને તેને તમે સિંચાઈના ઉપયોગમાં આપી શકો અને લોકોને રોજગારી આપી શકો. નાણા મંત્રીશ્રીને પાણી પુરવઠાની બાબતમાં ઉલ્લેખ કર્યો કે કૂવાના તળ ઉંડા જતા હતા. તો મારે કહેવાનું કે ઉંડા ગયા છે. આજે કચ્છમાં ૨૬ હજાર કૂવા છે અને તેમાંથી ૧૦ હજાર કૂવાના પાણી ખલાસ થઈ ગયા છે કાં તો ખરાબ થઈ ગયા છે. તે લોકો કૂવાને સિંચાઈના ઉપયોગમાં લેતા નથી અને તેના કારણે તેમને બીલ ભરવા પડે છે. અને કાંતો એને એમાંથી એના કનેકશનો કપાવી નાંખવા પડે છે આજે આ પરિસ્થિતિ કચ્છની છે ત્યારે કચ્છ જેવા વિસ્તારો માટે જો પૈસા થોડાક જળ વ્યવસ્થા માટે, જળ સિંચાઈ માટે, વોટર હાર્વેસ્ટિંગ માટે જો રાખવામાં આવ્યા હોત તો સારું હતું પણ એનો કયાંય ઉલ્લેખ માનનીય નાણા મંત્રીશ્રીએ કર્યો નથી, એમણે આયોજનનો ફકરો શરૂઆતમાં લીધો અને એમાં વિકેન્દ્રિત આયોજનની અંદર ૨૬૬ કરોડ રૂપિયા એમણે ફાળવેલા છે એનો ઉલ્લેખ કર્યો છે, ૧૯૦૦૦ કરોડ રૂપિયાનું જો આયોજન હોય અને એમાં સાત ટકા વિકેન્દ્રિત આયોજન માટે રાખવાનું ધોરણ હોવું જરૂરી છે અને સાત ટકા જો રાખવામાં આવે તો લગભગ ૧૩૦૦ કરોડ રૂપિયા વિકેન્દ્રિત આયોજનમાં રાખી શકાય પણ એની અંદર ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ પણ એમાંથી વધારી શકાય, માનનીય ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ ૫૦ લાખ રૂપિયા વધારવા માટેની તમામ ધારાસભ્યશ્રીઓની પણ લાગણી હંમેશાં વ્યક્ત થતી હોય છે પણ એની અંદર ધારાસભ્યશ્રીઓના પોતાના ઘરમાં એ પૈસા નથી લઈ જવાના પણ લોકોના કામો માટે ઉપયોગમાં પોતાની ભલામણો કરવાની હોય છે, ધારાસભ્યશ્રી જ્યાં ઇચ્છે ત્યાં ખર્ચી શકે નહીં પણ એના ધોરણો હોય છે એ પ્રમાણે ખર્ચી શકાય અને તેના માટે આ વિકેન્દ્રિત આયોજનમાં જો વધુ રકમ આવે તો આ રાશિ માનનીય ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ માટે વધારી શકાય અને કોઈક રાજયમાં એક કરોડ રૂપિયાની ફાળવણી થાય છે તો કેટલાક રાજયોમાં બે કરોડ રૂપિયાની ફાળવણી ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાં થાય છે. જ્યારે આપણા આયોજનનું પ્રમાણ વધતું જતું હોય છે એની રકમ વધતી જતી હોય ત્યારે પ્રપોર્શનલી દરેક વિભાગમાં એનો વધારો થવો જોઈએ પણ આ વિકેન્દ્રિત આયોજનની અંદર કોઈ નોંધનીય વધારો થવો જોઈએ એ થતો નથી. કદાચ એ એમ કહેશે કે ગઈ વખત કરતાં આ વખતે ૧૦ કરોડ રૂપિયા વધાર્યા છે પણ જો સાત ટકા વિકેન્દ્રિત આયોજન માટે, સાત ટકાનું અને જે જિલ્લા કક્ષાનું આયોજન રાજયનું છે, એ રાજયના આયોજન ત્રીજા ભાગના જિલ્લા કક્ષાએ ખર્ચીએ છીએ અને એની અંદર પંદર ટકા વિવેકાધીન અને પાંચ ટકા પ્રોત્સાહક, આ વીસ ટકાનું ખર્ચ કરી શકાય તો વિકેન્દ્રિત આયોજનનો અર્થ થાય, કાંતો વિકેન્દ્રિતની વ્યવસ્થા છે એ બંધ થવી જોઈએ, નહીં તો એના માટે પૂરતી ફાળવણી થાય એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ આવશે ત્યારે તો અમે કહીશું પણ જનરલ બજેટની ચર્ચા છે તો માનનીય નાણા મંત્રીશ્રીએ જે ૨૬૬ કરોડ રૂપિયાનો વિકેન્દ્રિત જિલ્લા આયોજન માટેનો ઉલ્લેખ કર્યો છે એટલે એ સંદર્ભમાં હું એ કહેવા માગું છું. રાજયના આર્થિક વિકાસની બાબતમાં કેન્દ્ર સરકારનું આપણને પણ અનુદાન મળે છે એમણે જે બ્રીફ આપી એમાં આવકના જે સાધનો છે એની અંદર કેન્દ્ર સરકાર તરફથી ૬૦૦૦ કરોડ રૂપિયા મળવાના છે, એવો ઉલ્લેખ આ વર્ષે કરેલો છે પણ મને પણ આનંદ થાય છે કે કેન્દ્ર સરકારના બજેટમાં આ વખતે સીધા કરવેરાની ફાળવણીની અંદર ગુજરાતને ૬૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવેલા છે, ગયા વર્ષોમાં, સતત યુપીએ સરકાર આવી તે પછી બારમા નાણા પંચ પાસે આપણે, તમામ પાર્ટીઓએ રજૂઆત કરેલી અને એને કારણે આપણી જે કેન્દ્રિય ફાળવણી છે, એમાં ગયા વર્ષોમાં, ૨૦૦૪ પહેલાં આપણી જે ફાળવણી હતી એ અઢી ટકા કરતાં પણ નીચે ગઈ હતી, આજે એ ૩.૬૬ ટકાની ફાળવણી છે અને આંકડા

લઈને તો ૨૦૦૪ પહેલાં જે ૧૮૦૦ કરોડ રૂપિયા માત્ર કેન્દ્રિય કરવેરામાંથી આપણને મળતા હતા એ ૨૦૦૪-૦૫માં ૨૩૦૦ કરોડ રૂપિયા અને એ પછીના વર્ષમાં ૩૨૦૦ કરોડ રૂપિયા અને એ પછીના વર્ષમાં ૪૦૦૦ કરોડ રૂપિયા અને ગયા વર્ષે જે આપણે અંદાજ કરેલો કે ૪૩૦૦ કરોડ રૂપિયા મળશે પણ ૫૦૦૦ કરોડ રૂપિયા કેન્દ્રિય સીધા કરવેરામાંથી મળેલા અને આ વર્ષે ૬૩૦૦ કરોડની આવકો જે છે, આપણા પ્લાનિંગના પૈસા જે ૧૯૦૦૦ રૂપિયાની આવકો કયાંથી થવાની છે એ ગણતરી કરીએ તો એની અંદર લગભગ ત્રીજા ભાગના પૈસા આપણને કેન્દ્રિય ફાળામાંથી આવે છે, આ પૈસા એ કેન્દ્ર સરકાર કોઈ આપણી ઉપર મહેરબાની કરે છે એટલા માટે નહીં પણ આપણા હક્કનું છે. આપણે હજુ વધુની માગણી કરીએ છીએ કારણ કે મહારાષ્ટ્ર અને ગુજરાત એ બે રાજયો ડેવલપ્ડ રાજયો છે અને એને કારણે કેન્દ્રિય કરવેરાની ફાળવણી વધુ અહીંથી એકત્રિત હોય તે છતાં એની સિલિંગ બાંધેલી છે છતાં પણ એ મળવું જોઈએ તે રજૂઆત હતી બારમા નાણા પંચ પાસે અને એ પછી કેન્દ્ર સરકારે આ સ્વીકારી અને એ રીતે આપણને કેલેમિટિઝની અંદર પણ આપણા રાજયને બોજો ભોગવવો પડે છે એની પણ કેન્દ્ર સરકાર તરફથી ખાસ વ્યવસ્થા કરવી જોઈએ. (સમયસૂચક ઘંટડી) એટલા માટે કે આપણી કેલેમિટિઝ માટેનું આપણી પાસે એકત્રિત થયેલું ફંડ જે છે. એમાં કેન્દ્ર સરકારનો ૭૫ ટકા અને ૨૫ ટકા આપણો હિસ્સો છે. કચ્છ જેવા વિસ્તારોની અંદર ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તરફથી અધૂરા રહેલા કામો જે છે એ પૂરા કરવા માટે ઝડપ લાવવી ખૂબ જરૂરી છે. ગયા બજૅટમાં ફાળવણી હોવા છતાં પણ આ રકમ ખર્ચાઈ નથી એટલા માટે માનનીય નાણા મંત્રીશ્રીનું મારે આપના મારફત ધ્યાન દોરવાનું છે એનો જો આમાં ઉલ્લેખ કર્યો હોત તો આપને ચોક્કસ અભિનંદન આપત પરંતુ આમાં નોંધ લેવા જેવી કોઈ બાબત નથી એટલું જ મારે કહેવાનું છે.

# માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભાગૃહની બેઠકના તેમજ કામકાજમાં ફેરફાર કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : આજ રોજ સરકારના મુખ્ય દંડકશ્રી તથા વિરોધ પક્ષના દંડકશ્રી તરફથી શુક્રવાર તારીખ ૭મી માર્ચ, ૨૦૦૮ના રોજ સભાગૃહની બેઠક નહીં રાખવા, તેમજ તે દિવસની બેઠકનું કામકાજ ક્રમશઃ આગળ લઈ જઈ શનિવાર તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ સભાગૃહની બેઠક રાખવા અંગેની રજૂઆત મળી છે.

માનનીય સભ્યશ્રીઓને મહાશિવરાત્રીની જાહેર રજા સાથે સળંગ ચાર રજાઓ મળે, તે હેતુથી બંને પક્ષોની લાગણીને ધ્યાનમાં રાખીને મેં રજૂઆતનો સ્વીકાર કર્યો છે. તદઅનુસાર, હવે શુક્રવાર તારીખ ૭મી માર્ચ, ૨૦૦૮ના રોજ સભાગૃહની બેઠક રહેશે નહીં અને તે દિવસનું કામકાજ સોમવાર તારીખ ૧૦મી માર્ચ, ૨૦૦૮ના રોજ હાથ ધરવામાં આવશે. સોમવાર તારીખ ૧૦મી માર્ચ ૨૦૦૮ના રોજ સભાઓની તારીખવાર યાદીમાં દર્શાવેલ કામકાજ મંગળવાર તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ હાથ ધરાશે અને તેને પરિણામે મંગળવાર તારીખ ૧૧મી માર્ચ, ૨૦૦૮ના રોજ ગૃહની એક બેઠક રહેશે.

સભાઓની તારીખવાર યાદીમાં મંગળવાર, તારીખ ૧૧મી માર્ચ ૨૦૦૮ના દિવસ માટે દર્શાવેલ કામકાજ બુધવાર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૮ના રોજ હાથ ધરવાનું થતું હોવાથી બુધવાર, તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૮ના રોજ સભાગૃહની બે બેઠકો રહેશે. આમ, સભાઓની તારીખવાર યાદીમાં દર્શાવેલ કામકાજ ક્રમશઃ આગળ લઈ જતાં શુક્રવાર તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૮ના રોજ દર્શાવેલ કામકાજ શનિવાર તારીખ ૧૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ હાથ ધરવામાં આવશે તેમજ સભાગૃહની બેઠક તે દિવસે સવારે ૮-૩૦ કલાકે રાખવામાં આવશે. સુસ્થાપિત પ્રથા મુજબ આવતી કાલે ગૃહની બેઠક સવારે ૮-૩૦ કલાકે મળશે. આ ફેરફારની નોંધ લેવા સર્વે સભ્યશ્રીઓને વિનંતી છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ વર્ષ ૨૦૦૮નું જે બજૅટ રજૂ કર્યું છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ જે પ્રવચન કર્યા એમાં મુખ્યત્વે. બે બાબત ઉપર એમણે ભાર મૂક્યો છે એક કેન્દ્ર સરકાર દ્વારા કરાતી મદદ ગુજરાત રાજયને અને બીજું ગુજરાત રાજયના જાહેર દેવામાં વધારો થતો જાય છે તે બાબત. બીજી નાની નાની બાબતો તો ઘણી કહી છે પણ રાજયનું જ્યારે બજૅટ રજૂ થાય અથવા કેન્દ્ર સરકારનું બજૅટ રજૂ થાય ત્યારે બીજા દિવસે છાપાઓમાં જુદા જુદા પ્રકારની હેડ લાઈનો જેવું બજૅટ એ પ્રમાણે આવતી હોય છે. ઘણી વખતે 'પ્રગતિશીલ બજૅટ' એવી હેડ લાઈન આવે, ઘણી વખતે 'હિંમતવાળું બજૅટ' એવી હેડ લાઈન આવે, કોઈ વાર 'ચીલાચાલુ બજૅટ' એવી હેડ લાઈન આવે અને કોઈ વાર 'ચૂંટણી લક્ષી બજૅટ' એવી હેડ લાઈન આવે છે. તાજેતરમાં બે બજેટો રજૂ થયા છે. એક બજૅટ રાજય સરકારનું અને એક બજૅટ કેન્દ્ર સરકારનું

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના બજેટને પ્રજાએ, વિશ્લેષકોએ, આર્થિક નિષ્ણાતોએ એક પ્રગતિશીલ, સાહસિક અને વિકાસશીલ બજેટ તરીકે એને જોયું છે. જ્યારે બીજું બજેટ જે રજૂ થયું એને તો આખા દેશના લોકોએ, તમામ વિશ્લેશકોએ, તમામ પ્રકારના મિડિયાએ એકજ હેડીંગથી લીધું છે અને એ ચૂંટણીલક્ષી બજેટ. જ્યારે આપણે પ્રજાના કરવેરામાંથી આવેલી આવકનો વહીવટ કરતા હોઈએ, એનું રાજય માટે પ્લાનિંગ કરતા હોઈએ, રાજયના વિકાસ માટે રકમને જુદા જુદા ક્ષેત્રમાં ઉપયોગ કરવા માટે સૂચવતા હોઈએ, ત્યારે સ્વાભાવિક છે

કે, જે સત્તાધારી પક્ષ હોય, નાણામંત્રીશ્રી હોય અને સરકાર હોય, એ એની વિચારસરણી ઉપર એનો બહુ મોટો આધાર રખાતો હોય છે, ભૂતકાળમાં જ્યારે હું ધારાસભ્ય નહોતો થયો ત્યારે પણ છાપામાં વાંચીએ તો દર વખતે ચીલાચાલુ બજેટ એવા હેડીંગ આવતા હતા અને ચીલાચાલુ એટલા માટે કહેવાતા હતા કે જે તે પ્રકારના સેલ્સટેકસ એ વખતે ચાલતો હતો એના કરવેરા નંખાય, બે પાંચમાં વધારો થાય, બે પાંચ આઈટેમોમાં ઘટાડો થાય, બંગડીઓમાં માફી આપે, ચાલ્લાંમાં માફી આપે, શ્રીફળ, ચંપલમાં માફી આપે, બે પાંચમાં વધારો કરે, એમ કરીને વાત પૂરી કરી લે, અને જે આવક આવે એમાંથી સરકારી કર્મચારીઓનો પગાર થાય અને બાકી કદાચ જો ભૂલેચૂકે થોડુ ઘણું વધે તો એનો નાના મોટા વિકાસના કામોમાં એનો ઉપયોગ થાય. આ પ્રમાણે વર્ષોસુધી ગુજરાતમાં ચીલાચાલુ, થાગડથીગડવાળા, હિંમતનો અભાવ, આયોજનનો અભાવ, દીર્ઘદ્રષ્ટિનો અભાવ એવા બજેટો અગાઉની અત્યારે જે વિપક્ષ છે એની સરકારોએ ભૂતકાળમાં ઘણા રજૂ કર્યા છે, અહીંયા વિપક્ષના નેતા વાત કરતા હતા, નાણાકીય બાબતોની અને વિપક્ષના નેતા, એમને ગમે તે કારણસર વારંવાર એ યાદ દેવડાવું પડે છે કે, હું અહીંયા મંત્રી હતો, હું અહીંયા ધારાસભ્ય હતો, હું હતો ત્યારની મારી ફાઇલો જોઈ લેજો, હું હતો ત્યારના મારા નિર્ણયો જોઈ લેજો, ત્યારે સ્વાભાવિક મેં પણ થોડીક તપાસ કરી કે માનનીય વિપક્ષના નેતા પણ ભૂતકાળમાં જ્યારે નાણામંત્રી હતા, તો કેવો વહીવટ કરતા હતા એ જરાક ચકાસી લઈએ, એટલે ચકાસતા, મને જે માહિતી મળી છે એ મારે આપને કહેવી છે કે, ભારતીય જનતા પક્ષની આ સરકાર, માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી આ સરકાર, એ નાણાકીય શિસ્તની આગ્રહી સરકાર છે. સરકાર જે બજેટ નક્કી કરે છે એનો સક્ષમતાથી, સમયસર, નિર્ધારિત કામ માટે ઉપયોગ થાય એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, દરેક મંત્રીશ્રીઓ અને સંબંધકર્તા અધિકારીશ્રીઓ એ સતત એ કામોનો રિવ્યુ, બજેટનો રિવ્યુ કરતા રહે છે, ત્યારે મેં જે માહિતી મેળવી કે અગાઉની સરકારોમાં અને આજની સરકારમાં, અગાઉની એટલે મોટેભાગે કોંગ્રેસની સરકારો ક્યાંક થોડોક સમય રાજપાની સરકાર આવી ગયેલી, એનો પણ હું અહીંયા ઉલ્લેખ કરીશ, માનનીય બાબુભાઈ તે વખતે નાણામંત્રી હતા, મને આનંદ છે, મારી વાત સાંભળવા એ અહીંયા ઉપસ્થિત છે. એ વખતે શકિતસિંહજી જ્યારે નાણામંત્રી હતા ત્યારે સ્વ. ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા અને માનનીય છબીલદાસ મહેતા એ બન્નેની સરકાર પાંચ વર્ષ રહી છે, શરૂઆતમાં થોડોક સમય અમે પણ ભાગીદાર હતા અને એ પછી બાબરીધ્વંશ થયો અને એ પછી આખો દેશ જાણેકે ઐતિહાસિક બનાવ બન્યો, ધર્મ માટે, ભારતની વિરાસત માટે અમે સરકારનું બલિદાન આપી દીધું, સરકારમાંથી અમે નીકળી ગયા. અને તે વખતના કોંગ્રેસના લોકો ટાંપીને બેઠા જ હતા કે કઈ રીતે આપણને સત્તાનો લાભ મળી જાય. તે ચીમનભાઈની સરકારમાં ગોઠવાઈ ગયા. તમે હતા ખુમાનસિંહભાઈ, તમે શું કરતા હતા તે મને ખબર છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, ખુમાનસિંહ ભાઈ જોડે સીધી વાત કરવી હોય તો બહાર કરજો. તમે મારી સામે જોઈને જ વાત કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તે વખતની સરકાર થીગડ થાગડવાળી, ચીલાચાલુ સરકાર હતી. એક સાંધો અને તેર તૂટે એવી સરકાર હતી. નાણાંકીય શિસ્તની વાત તો બાજુમાં રહી રાજયની આવકનો સદ્ ઉપયોગ કરવાની વાત તો બાજુમાં રહી અહીંયા પ્રશ્ન પૂછે છે કે કઈ કંપની પાસે કેટલાં રૂપિયા ક્યારથી બાકી છે ? જો કોઈ સભ્ય એમ પૂછે કે આ રકમો બાકી છે તેમાં ૧૯૯૦ થી ૯૫ દરમિયાનની જૂની રકમો કેટલી છે તો હું માનું છું તેમાં માનનીય બાબુભાઈનો જવાબ એમાં મળશે. માનનીય શકિતસિંહનો જવાબ પણ તેમાં મળશે. અને છબીલભાઈ નાણામંત્રી હતા તેમના પણ જવાબ મળશે. અમારા વખતમાં આવી કોઈ જાતની ફાયનાન્સિયલ ઈનડિસિપ્લીન થઈ નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ, આપ જ્યારે બોલતા હતા ત્યારે નીતિનભાઈએ ડખલ નહોતી પહોંચાડી, પ્લીઝ. આપ સિનિયર મેમ્બર છો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ સરકારની આર્થિક સ્થિરતા, આર્થિક સધ્ધરતા અને આર્થિક શિસ્ત તે જો જોવી હોય તો તેણે ઓવર ડ્રાફટ લીધો છે કે કેમ તે તેનો માપદંડ છે. તે સરકારના ચેકો ઈસ્યુ કર્યા હોય, ટ્રેઝરીમાંથી પાછાં આવ્યા હોય, રોકાઈ રાખ્યા હોય તે તેનો એક માપદંડ છે. આવા પ્રકારના તેના માપદંડો છે. અહીંયા વારંવાર કહેવાયું છે પ્રશ્નોના જવાબમાં કહેવાયું છે અમારા સભ્યશ્રીઓએ પ્રવચનમાં કહ્યું છે કે જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ખાસ કરીને માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની સરકાર છ વર્ષથી ગુજરાતમાં આવી છે ત્યારથી અમને આનંદ છે, ગૌરવ છે કે આ અબજો રૂપિયાના વિકાસના દર હાંસલ કર્યા છતાં એક પણ રૂપિયાનો ઓવર ડ્રાફટ અમારી સરકારના અમારા નાણામંત્રીએ લેવો પડયો નથી. ૧૯૯૧-૯૨માં ૨૫૯૩ કરોડ રૂપિયાનો ઓવર ડ્રાફટ તે વખતની સરકારને લેવો પડયો હતો. ૧૯૯૨-૯૩માં ૪૮૧૨ કરોડ રૂપિયાનો ઓવર ડ્રાફટ તે વખતની સરકારને લેવો પડયો હતો. ૧૯૯૩-૯૪ મોટાભાગે શકિતસિંહજી તે વખતે કદાચ નાણામંત્રી હશે ૧૬૭૨ કરોડ રૂપિયાનો ઓવર ડ્રાફટ તેમને લેવો પડયો હતો. આ રીતે જો આપણે જોઈએ તો કેટલી વખત ઓવર ડ્રાફટ તેમના વખતમાં લેવો પડયો છે તે આપણને ખ્યાલ આવશે. અમારી સરકારો આવ્યા પછી કેટલું અમે આયોજન વધાર્યુ છે, કેટલી આવક વધારી છે, કેટલો ખર્ચ વધાર્યો છે તે બાકી છે તે હવે કહું છું પણ એક પૈસાનો ડ્રાફટ અમારે લેવો પડ્યો નથી.

અહીંયા વચમાં એક અલ્પકાલિન સરકાર આવી ગઈ. મીલી ઝુલી સરકાર, પક્ષપલટુઓની સરકાર એવું ઘ ણું કહેવાતું હતું. તે સરકાર વખતે અમે વારંવાર કહીએ છીએ કે અમારી સરકાર જે નિર્ધારીત બજેટ છે તેનો

પૂરેપૂરો ખર્ચ દરેક બજેટ વખતે અમે લક્ષ્યાંકો હાંસલ કરવા માટે તે રકમને વાપરી છે અને ભારત સરકારના આયોજન પંચે ગુજરાત સરકારે નિર્ધારીત કરેલી રકમ, નિર્ધારીત સમયમાં, નિર્ધારીત હેતુ માટે સમયસર વાપરીને બજેટનો સદ્‌પયોગ કર્યો તે માટે દર વર્ષે જ્યારે જ્યારે વાર્ષિક મીટિંગ આયોજન પંચની થાય. ત્યારે વડાપ્રધાન એના ચેરમેન છે અને નેકસ્ટ જે ઉપાધ્યક્ષ છે, એ વારંવાર આ સરકારની નાણાકીય બાબતોનો ઉલ્લેખ કરીને બીજા રાજયોને એમ કહે છે કે ગુજરાત પાસેથી તમે અનુકરણ કરો. ગુજરાતની ફાયનાન્સિયલ બાબતો જોઈ એ મુજબનો આગ્રહ રાખો. એ પ્રમાણે તમારા રાજયના બજેટનો તમે વહીવટ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, જે અલ્પકાલીન સરકાર હતી. એ સરકારનું વાર્ષિક બજેટ કેટલું હતું? ૪૫૦૦ કરોડ રૂપિયા. માનનીય બાબુભાઈ, આપના વખતમાં જ હશે. આ ૪૫૦૦ કરોડની નાની રકમ પણ એ સરકાર રાજકીય કાવાદાવામાં, લેવા દેવામાં, આવ્યુ છે કે આવવાનું છે, પછી કદાચ આવો મોકો નહીં મળે, એવી પ્રવૃત્તિમાં પડી ગયેલી. એના કારણે ફકત ૪૫૦૦ કરોડમાંથી ૩૯૦૫ કરોડનો જ ખર્ચ કરી શકી હતી. ૬૦૦ કરોડ રૂપિયાની રકમ એક વર્ષમાં એ સરકાર વાપરી શકી નહોતી. જરા વિચારો, એક વર્ષમાં ૬૦૦ કરોડ ન વાપરે, એવી સરકાર ૫ કે ૧૦ વર્ષ રહે (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ બેસી જાઓ. એમને બોલવાનો અધિકાર છે. શ્રી બાબુભાઈ, આપ બેસી જાઓ. આપ બોલતા હતા, ત્યારે એ નથી બોલ્યા.

**શ્રી બાબુભાઈ મે. શાહ (બેઠાં બેઠાં )** :• (xxxx) કરે છે.

**અધ્યક્ષશ્રી** : બેઠાં બેઠાં આ પ્રકારની કોમેન્ટ ન કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું એક જવાબદાર મંત્રી છું. હાઉસમાં બોલું છું. કોઈ (xxxx) કરતો નથી. તમારે જોઈએ તો ફરીથી પ્રશ્નોત્તરીમાં પૂછજો. આનો આ જ જવાબ ના આવે તો મને કહેજો. કોઈ (xxxx)નથી. તમે (xxxx) ચલાવીને સરકાર પૂરી કરી હતી. (અંતરાય) ટનાટન હતી, એનું આ રિઝલ્ટ છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી નીતિનભાઈ, એમના શબ્દો ઉપર ધ્યાન ન આપો. તમારા વકતવ્ય ઉપર આવો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: એ સરકાર વખતે મહેસૂલી ખાદ્ય ૧૦૧૮ કરોડની હતી. હવે અમારી સરકારની, અમારા મુખ્યમંત્રીની દીર્ઘદ્રષ્ટિથી, અમારા નાણામંત્રીશ્રીની અને અમારા રાજય કક્ષાના નાણામંત્રીશ્રીની જે મેનેજમેન્ટ અંગેની કુશળતા છે, નાણા વિભાગનું સંચાલન કરવા અંગેની એમની જે કુશળતા છે, એનો પણ હું ઉલ્લેખ કરું તો ચોકકસ એનાથી બધાને જાણકારી મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારથી ૪૧ વર્ષમાં જે પંચવર્ષીય યોજનાઓમાં ખર્ચ થયો છે, એનાથી વધારે ખર્ચ અમારી સરકારમાં, માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારના ૬ વર્ષના ટૂંકા ગાળામાં, આ તમારી સરકારોના તમામ વર્ષના ખર્ચ કરતાં પણ વધારે ખર્ચ થયો છે. એ ઉપરાંત વધારાની રકમ ૧૦૮૦૦ કરોડ રૂપિયા. તમે જે તમામ રકમ વાપરી એના કરતા ૧૦૮૦૦ કરોડ અમારી સરકારે ૬ વર્ષમાં વધારે વાપર્યા છે.

કરવેરા ઉઘરાવવા એ તો સરકારની સત્તા છે. કોઈપણ સરકાર ગમે તે રીતે સત્તાનો ઉપયોગ કરીને આવક મેળવી શકે છે. પરંતુ, અગત્યની બાબત એ છે કે પ્રજાના પરસેવાની કમાણી જેમાં જમા થાય છે એ રકમનો રાજયના વિકાસ માટે, પ્રજાની સમૃદ્ધિ માટે, સુવિધા અને સગવડ માટે કેવી રીતે ઉપયોગ થાય, કઈ યોજનાઓમાં પૈસા વપરાય છે, એના અંગે જો ચર્ચા થાય, તો ચોકકસ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર આવશે કે કદાચ જુદા જુદા કારણોસર ભાજપની સરકાર આવ્યા પછી પ્રથમ વખત, આ વખતે ટેકસમાં વધારો કર્યો છે, પણ ત્યારપછી પણ જે રકમ અમને મળવાની છે, એ મોજશોખ કે તાગડધિન્ના માટે આ સરકાર નથી વાપરવાની. આ સરકારે જે મહત્વની યોજનાઓ અમલમાં મૂકી છે, એના અમલ માટે આ રકમ વાપરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે ૨૦૦૭-૦૮ માં અમારું બજેટ ૧૬ હજાર કરોડ રૂપિયાનું હતું, એ ૧૬ હજાર કરોડ રૂપિયાના બજેટનો સદુપયોગ કર્યો અને પાછલી પંચવર્ષીય યોજનામાં જે કામો થયાં છે એમાં અમારે તમારા બીજા કોઈના સર્ટિફિકેટની જરૂર રહેતી નથી. ગુજરાતની પાા કરોડની જનતાએ ર મહિના પહેલાં જ અમને એનું સર્ટિફિકેટ આપીને ફરીથી અમારું સર્ટિફિકેટ રિવ્યુ કરીને ગુજરાતનો વહીવટ અહીં બેઠેલા અમારા પક્ષના ૧૧૭ ધારાસભ્યોને અને મંત્રીશ્રીઓએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને સોંપ્યો છે. ત્યારે અમારી પણ પ્રજા પ્રત્યેની જવાબદારી અને કર્તવ્યનિષ્ઠતા વધી જાય છે અને અમે પણ સરકારમાં જે આવક આવે છે એના એકેએક પૈસાનો પ્રજાના હિત માટે, પ્રજાના સર્વાંગી વિકાસ માટે, પછી એ આદિવાસી હોય, ખેડૂત હોય, વેપારી હોય, ખેતમજૂર હોય, એ દરેક જિલ્લાના અને દરેક ક્ષેત્રના વિકાસ માટે અમે ૧૯૩૦ કરોડ રૂપિયાનું બજેટ આ વખતે મૂકયું છે. ગયા વર્ષ કરતાં ૧૮.૯૩ ટકાનો વધારો એમાં કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે નર્મદા યોજના એ આપણા માટે અતિ જરૂરી અને અતિ ઉપયોગી અને વહેલામાં વહેલી એનો જેટલો લાભ આવતો થાય એમાં ગુજરાતનું હિત અને સમૃધ્ધિ એમાં સમાયેલાં છે. તો એવી નર્મદા યોજના માટે પણ મારે થોડીક આંકડાકીય માહિતી આપવાની છે.

---

• **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર સરોવર યોજના જયારથી શરૂ થઈ ત્યારથી ૨૦૦૧ સુધીમાં એટલે કે માનનીય નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી બન્યા ત્યાં સુધીમાં સરદાર સરોવર યોજના પાછળ ૧૦૯૭૮.૬૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો અને ૨૦૦૧ થી ડિસેમ્બર, ૨૦૦૭ સુધીમાં ૧૪૩૧૩ કરોડ રૂપિયાનો ખર્ચ અમારી સરકારે આ યોજના પાછળ જુદા જુદા પ્રકારનાં કામો એમાં બંધની ઉંચાઈમાં વધારો, પાવર જનરેશનનું કામ, મુખ્ય કેનાલ, માનનીય બાબુભાઈના કચ્છ સુધી વહેલામાં વહેલી તકે પીવાનું પાણી પહોંચાડયું છે. બાબુભાઈની અને કચ્છની લાગણી સાથે સંમત છું કે કેવડીયાથી ચાલુ કરીને કચ્છ સુધી પાણી પહોંચાડવાનું છે. તો અમારા ધારાસભ્યો પણ પક્ષની બેઠકમાં સૂચનો કરે છે અને હાઉસમાં પણ સૂચનો કરે છે અને અમારી સરકારની પણ જવાબદારી છે કે કચ્છ સુધી પાણી પહોંચે. કચ્છને પીવાનું પાણી તો નર્મદા યોજનાનું ઓલરેડી મળતું થઈ ગયું છે, કચ્છનાં કેટલાંક ગામોમાં આજે પીવાનું પાણી નર્મદાનું વપરાય છે. તો આ નર્મદા યોજનાની મહત્તા અને એની ઉપયોગીતા ધ્યાનમાં રાખીને આ વખતે આપણે ૩૦૧૩ કરોડ રૂપિયા જે ગયા વર્ષની જોગવાઈ હતી એની સામે આ વખતે ૩૨૫૫ કરોડ રૂપિયાની નર્મદા યોજનામાં ફાળવણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ એ પણ ઘણી જ ઉપયોગી યોજના છે અને જેટલો લાભ નર્મદા યોજનાથી મળવાનો છે એટલો જ લાભ જુદા જુદા જિલ્લા એમાં પંચમહાલ, મધ્ય ગુજરાતના જિલ્લા, ઉત્તર ગુજરાતના જિલ્લા અને સુરેન્દ્રનગર જિલ્લો એમાં આવી જાય છે. આ તમામ જિલ્લાને જુદી જુદી રીતે કામો આપીને જળસંચય કરીને, પાણી રોકીને એ પાણીને ખેતરો સુધી પહોંચાડવાનું અને પીવાના પાણીનો લાભ આપવાની બાબત છે એ પણ આમાં આવી જાય છે. એટલે પીવાનું પાણી, સિંચાઈનું પાણી અને શિક્ષણ અને જે મુખ્ય બાબત છે આરોગ્ય કે જે સામાજીક સેવાઓમાં ગણાય છે એ સામાજીક સેવાઓમાં કઈ સરકાર કેટલા બજેટની ફાળવણી કરે છે એનો આધાર સરકારની પ્રજા અને સમાજ પરત્વેની કર્તવ્યનિષ્ઠા અને એપ્રોચ દેખાય છે. આ વખતે અમારી સરકારે સામાજીક સેવાઓમાં જે સદરે આપણું હેડ છે એ હેડ નીચે જે રકમ ફાળવી છે એ ૧૦૯૩૦ કરોડ રૂપિયાની કુલ બજેટ જોગવાઈઓમાંથી ૮૧૭૧ કરોડ રૂપિયા અમે આ સામાજીક જે ફરજો છે એ પ્રજા પ્રત્યેની સરકારની જવાબદારી છે એમાં પા૫ કરોડ ગુજરાતીઓ આવી જાય છે એના માટે એમાં આરોગ્યનાં કામો, શિક્ષણની બાબતો આવે, પીવાનું પાણી આવે, ગરીબો માટેનાં રહેઠાણ-આવાસોની યોજનાઓ આવે ગરીબોના બાળકોને, અથવા તો શારીરિક રીતે નબળા બાળકોને પોષણક્ષમ આહાર માટે આવશે, સમાજ કલ્યાણ વિભાગની, અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગની પણ એમાં ફાળવણી આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં વારંવાર એમ કહેવામાં આવે છે કે અમારી કેન્દ્ર સરકારે આપ્યું, અમારી કેન્દ્ર સરકારે આપ્યું, આ સભ્યશ્રીઓના ધ્યાન ઉપર હું એક બાબત કહેવા માગું છું, જે કદાચ એમના ધ્યાન ઉપર નહીં હોય, ભારતના બંધારણ પ્રમાણે વસતિ દીઠ રકમો ફાળવવી ફરજિયાત છે, એવી જ રીતે જે જે યોજનાઓમાં જે રાજય પોતાની એમાં મેચિંગ ગ્રાન્ટ ઉમેરે તે રાજય તે યોજનાનો લાભ લઈ જાય છે. સમજો કે દેશના તમામ રાજયો માટે કેન્દ્ર સરકારે યોજના મુકી, એમાં ૨૫ ટકા લાભાર્થી રાજયનો ફાળો હોય, કોઈ નબળું રાજય હોય કે વિપક્ષના શાસન વાળું રાજય હોય, પૈસા ન ફાળવી શકતા હોય તો કેન્દ્ર સરકારની એ યોજનાનો એ લાભ લઈ શકતા નથી. અને ગુજરાત જેવું સુવિકસિત, વેલ પ્લાનેડ, ફાઈનાન્સીયલ ડિસિપ્લીન વાળું સધ્ધર રાજય હોય, આવી સરકાર હોય, તો પોતાના બજેટમાં ૨૫ ટકા અથવા મેચિંગ જે ગ્રાન્ટ હોય તે ઉમેરે, તો કેન્દ્ર સરકારે લાભ એમને આપવો જ પડે, એમની મરજી ન હોય તો પણ લાભ આપવો પડે. અમારી આવડતના કારણે, અમારા રાજયની સધ્ધરતાના કારણે, અમારી પ્રજા પ્રત્યેની જવાબદારીના કારણે, અમારી સધ્ધરતાના કારણે અમે પૈસા લઈ આવીએ છીએ, અને તમે એમ કહો કે કેન્દ્ર સરકારે આ બધું આપી દીધું, તમારી દયાથી બધું આપી દીધું? તમારી ભલામણથી બધું આપી દીધું? માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મુકવું છે કે કેન્દ્ર સરકાર ગુજરાતમાંથી જે ટેકસ લઈ જાય છે તેના આંકડા જાણવા જેવા છે, કેન્દ્ર સરકારે ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૩૬૧૭૯ કરોડનો વેરો ગુજરાતમાંથી જુદા જુદા સ્વરૂપે ઉઘરાવેલ છે. ગયા વર્ષે ૨૦૦૬-૦૭માં રકમ આપણને તેની સામે ફાળવી કેટલી? ૪૪૨૬ કરોડ રૂપિયા. ભારત સરકારની જે કુલ આવક છે તેમાંથી ૧૦.૧૫ ટકા એ ગુજરાતમાંથી એકઠી કરે છે. ૧૦.૧૫ ટકામાંથી આપણને પાછી કેટલી આપે છે, માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ૪ ટકા જેટલી. હવે મારે પૂછવુ છે કે તમે આમાં કેમ કંઈ કહેતા નથી? ગુજરાત સરકારે અનેક યોજનાઓમાં ભારત સરકારનો લાભ લીધો છે. એ યોજનાઓ આપણા હકકની છે. માનનીય બાબુભાઈએ સાચું કહ્યું કે ગુજરાત સરકાર તેના હકકના પૈસા મેળવે છે. ત્યારે આવું સુંદર, પ્રગતિશીલ, પ્રજાલક્ષી બજેટ આપવા વાળું આ રાજય, તેનું જે આયોજન છે તે ગુજરાત રાજયને એક વર્ષથી માંડીને સો વર્ષ સુધીનું દીર્ઘ દ્રષ્ટિનું પ્લાનિંગ આ સરકારે કર્યુ હોય ત્યારે આ બજેટની કોઈ પણ પ્રકારે ટીકા કરવી વાજબી નથી. ત્યારે હું ચોકકસ કહીશ કે આ બજેટ એ પ્રજાલક્ષી બજેટ છે, અને મારું અને અમારા સૌ સભ્યોનું અને ગુજરાતની પ્રજાનું પૂરેપુરું સમર્થન આ બજેટને છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૦૮-૦૯નું બજેટ લઈને આવ્યા છે ત્યારે આ બજેટને આવકારતા એટલું બધું દુ:ખ થાય છે સાહેબ પેલા • (હાથીનાં દાંત દેખાડવાના જુદા અને ચાવવાના જુદા)

---

• (    ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : ન બોલાય, ન બોલાય, પાછા ખેંચી લો, એટલે વાત આગળ ચાલે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : પાછા ખેંચી લીધા, પણ આ એ પ્રકારનું બજેટ છે કે તેને આવકારતાં એટલું બધું દુ:ખ થાય છે, કે કઈ ભાષામાં આ બજેટને મારે આવકારવું? હું આપના માધ્યમથી માનનીય નાણા મંત્રીશ્રીને અને આ સરકારને કહેવા માગું છું કે ગુજરાતની વિધાનસભામાં આપણે જયારે ચૂંટાઈને આવીએ ત્યારે કોઈ પણ સરકાર હોય, કોઈ પણ પક્ષ હોય, પણ જયારે વહીવટ લઈને બેઠી હોય ત્યારે એવી સરકારે ગામડામાં ગુજરાતમાં જે પાયાની જરૂરિયાત દરેક ક્ષેત્રે છે તેવા પ્રકારની જોગવાઈઓ આ બજેટમાં કરવી જોઈએ. દસ વર્ષની અંદર શું ઉણપ રહી છે. કેવા પ્રકારની અગવડતાઓ ઊભી થઈ અને લોકોની જરૂરિયાતો શું રહી છે એ વાતને નજરમાં રાખીને કોઈપણ નાણામંત્રીશ્રી કે કોઈપણ સરકાર બજેટ લઈને આવે ત્યારે એવા બજેટને આવકારતાં આનંદ થાય. છેલ્લા અઠવાડિયાથી આ બજેટનો અમે સારી રીતે અભ્યાસ કરીએ છીએ ત્યારે મને એક ખેડૂતના દીકરા તરીકે એ વાતનું દુ:ખ છે, અહીંયા બેઠેલે લગભગ ૮૦ થી ૮૫ ટકા ધારાસભ્યશ્રીઓ ગામડાંમાંથી આવે છે. આ દેશ અને ગુજરાતની લગભગ ૭૫ ટકા વસતિ ગામડાંમાં વસે છે. ગરીબ વધારે ગરીબ થતો જાય છે અને અમીર વધારે અમીર થતો જાય છે. ખેડૂતના દીકરા તરીકે આજે મને એમ થાય છે કે સામા પક્ષના મારા મિત્રો વારંવાર એમ કહે છે કે મોદી સાહેબે આ કર્યુ, મોદી સાહેબે તે કર્યુ, ગુજરાતમાં ઘી દૂધની નદીઓ વહેવડાવી દીધી. અમારા વખતમાં રાજયનો વિકાસ થયો છે, કોંગ્રેસના રાજયમાં વિકાસ નથી થયો. મારા મિત્રોને એમ કહેવા માગું છું કે ગુજરાતની અંદર કડાણા ડૅમ કઈ સરકારે બાંધ્યો, મહી સાગર ડૅમ કઈ સરકારે બાંધ્યો, સુખી સિંચાઇ યોજના કોણે બનાવી? ખેડૂતને કેમ કરીને સિંચાઇની સુવિધાઓ મળે કેમ કરીને ઉત્પાદનમાં વધારો થાય એ પ્રકારની સિંચાઇ યોજનાઓ ગુજરાતમાં ભૂતકાળની સરકારોએ કરી છે. મારા મિત્રો અહીંયા એમ કહે છે કે અમે ખેત તલાવડીઓ બનાવી, ચેકડેમો બનાવ્યા પણ આપના માધ્યમ દ્વારા સામા પક્ષના મિત્રોને પૂછવા માગું છું કે ગામડાંમાં ખેત તલાવડી, ચેકડેમો બનાવ્યા છે એ પછી સુજલામ્ સુફલામ્ યોજના હોય પરંતુ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર એમાં થયો છે. ગામડાંમાંથી હું આવું છું, ગામડાંમાં ચોરે અને ચૌટે એવી વાત થાય છે કે તાલુકા પંચાયતના સભ્ય થવું, જિલ્લા પંચાયતના સભ્ય થવું એના કરતાં બહેતર છે કે ગામડાંની અંદર ગ્રામ પંચાયતના સરપંચ થવું વધારે હિતાવહ છે. ગામડાંમાં ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્યો છે. ગામડાંમાં સરકારની જે યોજનાઓ છે એ યોજનાઓનું હાર્દ ગામડાંમાં જે છેવાડાનો માનવી છે એને મદદરૂપ થવા માટે જ હોય છે, પરંતુ ભ્રષ્ટાચારે એમાં માઝા મૂકી છે ત્યારે મને દુ:ખ થાય છે કે ભ્રષ્ટાચાર ખૂબ થઈ રહ્યો છે. ગુણવત્તા યુક્ત ચેકડેમો કે ખેત તલાવડીઓ બંધાવી જોઈએ એ બંધાતી નથી. ખેત તલાવડીઓ બંધાઈ, ચેકડેમો બાંધવામાં આવ્યા એના લીધે પાણીનાં સ્તર ઊંચાં આવવાનાં એ વાત એક ધારાસભ્ય તરીકે હું સ્વીકારું છું. પરંતુ સાથે સાથે સારી ગુણવત્તા વાળા બંધાય એમાં ભ્રષ્ટાચાર ન થાય એ જોવાની જવાબદારી આપણા સૌની સહિયારી છે. એક ખેડૂતના દીકરા તરીકે આજે મને એ વાતનું દુ:ખ છે કે એક તરફ કુદરતી આફતો આવતી જાય, પુષ્કળ વરસાદ પડતો જાય છે અને છતાં ખેતી નિષ્ફળ જાય છે. સામી પાટલી ઉપર બેઠેલા મારા મિત્રો એમ કહે છે કે ખેત ઉત્પાદન વધ્યું છે એ વાત હું ચોક્કસ સ્વીકારીશ પરંતુ એની સાથે સાથે ઉત્પાદનનો ખર્ચ પણ એટલો જ વધ્યો છે. મજૂરો મળતા નથી, કુદરતી આફતો આવે છે ત્યારે આપણે એમ કહીએ કે ઉત્પાદન વધ્યું છે એના લીધે ગુજરાતનો ખેડૂત મારૂતિ લઈને ફરે છે એ વાત સાથે હું સહમત નથી. ખેડૂત વધારેને વધારે ગરીબ થતો જાય છે. કોંગ્રેસના રાજયમાં ૧૨ થી ૧૪ કલાક ખેડૂતોને વીજળી મળતી હતી જ્યારે આજે છ થી સાત કલાક જ વીજળી મળે છે. એ ક્યારે મળે છે, ક્યારે આવશે અને ક્યારે જતી રહેશે એ પણ કહી શકાય તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલના કનેકશનો જે ખેડૂતોને મળતા હતા એ આજે મળતા નથી. ૧૯૯૦થી ખેડૂત ટાંપીને બેઠો છે કે મેં અરજી કરી છે. મેં પૈસા ભર્યા છે. મને ક્યારે કનેકશન મળશે? ખુમાનસિંહભાઈ, ફલાણાભાઈ, ઢીંકણાભાઈ, મામા, માસી, ફોઈ, ફુઆને શોધીને ક્યારે કનેકશન મળે, કેવી રીતે મળે, આનાથી ખેડૂત આજે ચિંતિત છે. ત્યારે કદાચ કેન્દ્રની સરકારે જે ૬૦,૦૦૦ કરોડનું દેવું માફ કર્યું એવી કોઈક વાત લઈને આ સરકાર આવી હોત, માનનીય નાણામંત્રીશ્રી એવી કોઈક વાત લઈને આવ્યા હોત ત્યારે આ બજેટને આવકારતા આનંદ થાત. (સમયસૂચક ઘંટડી) પણ ચીલાચાલુ બજેટ છે. કાયદો અને વ્યવસ્થા કથળી ગયાં છે. આજે ઉંઝાના ધારાસભ્યનું પેપરમાં નિવેદન જૂઓ, ધોળે દહાડે પણ ટેમ્પામાંથી, ટ્રકમાંથી ખેડૂતો જે માલ વેચે છે, માર્કેટયાર્ડમાં જાય છે ત્યારે એ માર્કેટયાર્ડમાં જતો માલ લૂંટાઈ જાય છે ત્યારે મને એ વાતનું દુ:ખ છે..

**અધ્યક્ષશ્રી** : પૂરું થયું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી માનનીય વજુભાઈ વાળા ૧૩મું બજૅટ આ માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે ત્યારે તેના સમર્થનમાં તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩મું બજૅટ એક રૅકૉર્ડની દિશામાં અને ભારતીય જનતા પાર્ટીના શાસનની સ્થિરતા તેનો આપણને અહેસાસ કરાવે છે. આ બજૅટમાં ૨૦૦૮-૦૯માં ૧૯,૦૩૦ કરોડ પૈકી સામાજિક સેવા જેવી કે શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી અને પર્યાવરણ, તેમાં ૮૨૦૦ કરોડની જોગવાઈ એટલે કે ૪૩ ટકા જેટલી જોગવાઈ કરી છે. આ બજૅટ એ ૧૧.૨ના જી.ડી.પી. સાથે ૧૪.૦૦ ટકાના ઈન્ડસ્ટ્રીયલ ડૅવલપમેન્ટ ગ્રોથ સાથેના લક્ષ્યાંક સાથેનું બજૅટ છે. આપણે ગુજરાતની બહાર જ્યારે કોઈ અન્ય રાજયના પ્રવાસે જઈએ ત્યારે પહેલાં જ્યારે

જતા ત્યારે આપણને સામેવાળા પ્રશ્ન કરતા કે, કહાં સે આતે હો, ત્યારે આપણે કહીએ કે, ગુજરાતસે આતે હૈ. તો સામેવાળા એ વખતે કહે કે મહાત્મા ગાંધી કે ગુજરાતસે, સરદાર વલ્લભભાઈ પટેલ કે ગુજરાતસે, આજે જ્યારે ગુજરાતની બહાર જઈએ છીએ અને આપણને કોઈ પૂછે કે કહાં સે આતે હો, આપણે કહીએ કે ગુજરાત સે આતે હૈ. ત્યારે સામેવાળો માણસ ગર્વથી કહે છે કે કયા નરેન્દ્ર મોદીકે ગુજરાત સે આતે હો? માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના વહીવટને કારણે આજે ગુજરાતની એક આગવી ઓળખ ઉભી થઈ છે. આ માનનીય મુખ્યમંત્રીશ્રીનો સંવેદનશીલ સરકાર ચલાવવા માટેનો તેમનો આગ્રહ છે. જ્યાં મતોનું રાજકારણ નથી એવી જગ્યાએ બેટી બચાવો, બેટી ભણાવો, ચિરંજીવી યોજના અને હવે આ વર્ષને નીરોગી બાળક વર્ષના માધ્યમથી ઉજવીને પોતાનું સંવેદનશીલ વ્યકિતત્વ આ બજેટમાં આપણને સૌને જોવા મળે છે. આઝાદીના ૬૦ વર્ષ થયા, આ ૬૦ વર્ષમાં મહત્તમ સામી પાટલીએ બેઠેલાં કોંગ્રેસના મિત્રો અને તેમના પક્ષના મોવડીઓએ રાજ કર્યું. એવી આ દેશની અધોગતિ કરી કે આ દેશ વિશ્વમાં ૧૨૮મા ક્રમે હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસના બાબતમાં આવ્યો. આ દેશના લોકોને આહારમાં પોષક તત્ત્વો નહીં હોવાથી, પીવાનું શુદ્ધ પાણી નહીં મળવાને કારણે, તેમને ગુણવત્તાભર્યું શિક્ષણ નહીં મળવાને કારણે, આરોગ્ય સુવિધાથી વંચિત રહેવાના કારણે આજે આ દેશ ૧૨૮મા ક્રમે આવ્યો છે. આપણા શિરે ગુજરાતની જવાબદારી છે. તો ગુજરાતમાં આ બધા પાસા સાથેનો હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેકસ રાજય સરકાર પોતાના સુવ્યવસ્થિત વહીવટના માધ્યમથી વધારેમાં વધારે સુવિધાઓ આપી, આપણા હયુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્ષમાં અન્ય રાજયોની સરખામણીમાં કેવી રીતે આગળ આવી શકીએ એનું આ બજૅટની અંદર પ્રતિબિંબ પડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા વિભાગની અંદર ગ્રાન્ટની અંદર ૭૨ ટકા જેટલો વધારો કર્યો છે. ડ્રોપ આઉટ રેઈટમાં ૩ ટકા સુધી નીચો લઈ જવામાં આપણે સફળ રહ્યા છીએ. આપણે કેન્દ્રનું બજૅટ જ્યારે જોઈએ છીએ ત્યારે એ કેન્દ્રના બજૅટમાં વિકાસલક્ષી બજૅટ એ ૩૦ ટકા છે, ગુજરાતનું વિકાસલક્ષી બજૅટ ૬૧.૮ ટકા છે. અન્ય રાજયોમાં કયાંય ૪૦ ટકા કરતાં વધારે વિકાસલક્ષી બજૅટ ફાળવવામાં આવતું નથી. અથવા તો તેઓ એના એચિવમેન્ટમાં સફળ થયા નથી. રાજયના ૪૯૦૦૦ કરોડ રૂપિયાના બજૅટમાંથી ૩૧૦૦૦ કરોડ જેટલી રકમ માત્રને માત્ર વિકાસમાં વપરાય છે. આ ગુજરાતનું બજૅટ એ સંવેદનશીલ બજૅટ છે. આ ગુજરાતનું બજૅટ એ વિકાસશીલ બજૅટ છે. સવારે વિરોધપક્ષના માનનીય નેતા એવું કહેતા હતા કે, અમે ૬૦૫૩ કરોડ રૂપિયા કેન્દ્ર દ્વારા રાજય સરકારને આપીએ છીએ એમ કહી કેન્દ્રની વકીલાત કરતા હતા. પરંતુ એમને એ ખબર છે કે, આ ગુજરાતના ઉદ્યોગો, આ ગુજરાતની પ્રજા આ ગુજરાતનો સામાન્ય માનવી કેટલા રૂપિયા કેન્દ્રને ટેક્સ પેટે આપી છે? કેન્દ્રના ટેક્સની અંદર ગુજરાતના ૫.૫ કરોડ લોકો ૪૯૦૦૦ કરોડ રૂપિયા ટેક્સ પેટે આપે છે. સામે આપણને શું મળે છે? ૬૦૦૦ કરોડ રૂપિયા. અને એ બજૅટના પૈસા કયાં વપરાય છે? ક્યાંક બિહારમાં સ્પેશિયલ પૅકેજ મળે, મહારાષ્ટ્રમાં કિસાનોની ચિંતા થાય, ઉત્તર પ્રદેશની ચિંતા થાય, ક્યાંક કર્ણાટક કે તામિલનાડુની ચિંતા થાય. ગુજરાતનું આટલું બધું ફંડ લઈને માત્ર ૬૦૦૦ કરોડ રૂપિયા આપે છે. તો એમાં ગુજરાત ઉપર કોઈ કૃપા નથી કરતા. આ ગુજરાતના હક્કનું છે અને એના હક્કનું તમે આપો છો. કેન્દ્ર દ્વારા અન્યાયના મુદ્દાઓમાં હું પડવા માગતો નથી. પરંતુ ગુજરાતમાં લાયન કોન્સર્વેટીવ સોસાયટી દ્વારા સિંહોના સંરક્ષણ માટે અને સિંહોના સંવર્ધન માટે ૪૦ કરોડ રૂપિયાની એક યોજના નક્કી કરી છે. હમણાં જ નેશનલ ટાઈગર્સ સેન્ચ્યુરી યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા ૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ગુજરાતના લાયન જે એશિયાની અંદર અહીંયાં છે જેને જોવા માટે લોકો આવે છે એના માટે એક રૂપિયો નહીં અને ટાઈગર્સના સંવર્ધન માટે, ટાઈગર્સ સેન્ચ્યુરી માટે ૫૦ કરોડ રૂપિયા? આ સમજી શકાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ૧૯ રીવર પ્રોજૅકટને નેશનલ પ્રોજૅકટ તરીકે કેન્દ્ર સરકારે જાહેર કર્યા છે. જેના કુલ ખર્ચના ૯૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવે છે. આ નર્મદા યોજના, આ સરદાર સરોવર યોજના, એને રીવર પ્રોજૅકટની અંદર આ કેન્દ્રની સરકાર કેમ પસંદ કરતી નથી. આ નર્મદા યોજના માટે આ રાજય સરકારે ચાલુ વર્ષના બજૅટમાં રૂ.૩૨૫૫ કરોડની ફાળવણી કરી છે. ખબર નથી પડતી કે ૬૦ વર્ષના શાસનમાં જે આઝાદીની અંદર મહાત્મા ગાંધી, સરદાર પેટલનો અનન્ય ફાળો રહેલો છે. જ્યારે જ્યારે કૉન્ગ્રેસ સત્તા ઉપર આવે છે ત્યારે ગુજરાતને અને ગુજરાતના પ્રતિષ્ઠિત નામાંકિત લોકોની અવગણનાની એકપણ તક જતી નથી કરતી. જવાહરલાલ નહેરુના નામે ત્રિમૂર્તિ ભવન, ઈન્દિરા ગાંધીના નામનું સ્મારક ભવન, રાજીવ ગાંધીના ભવન માટે કરોડો રૂપિયા ખર્ચાય છે. પણ જે સરદાર પટેલે દેશની આઝાદી માટે, દેશની એકતા માટે, આ દેશના રજવાડાઓને એક કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું એવા સરદાર પટેલ માટે, એની જન્મભૂમિ માટે કરમસદ માટે કશું નહીં?.....

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામ પછી ૫ વાગ્યે મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ સાંજના ૪-૩૦થી ૫-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (ક્રમશ:)**: માનનીય અધ્યક્ષશ્રી, ક્રિકેટમાં આપણા દેશનો વિજય થયો એ બદલ ભારતની ટીમને હાર્દિક અભિનંદન.

**અધ્યક્ષશ્રી** : ચોકકસ. આપણે આ ગૃહ વતી સૌને અભિનંદન આપીએ છીએ. બંને ટીમોના ભારતીય ખેલાડીને.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો આ દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ કે જેમણે આ દેશની આઝાદી માટે અને આ દેશને એક કરવા માટે મહેનત કરી હતી જેનું પરિણામ આજે આપણને બધાને મળે છે. કોંગ્રેસના લોકોએ આજ દિવસ સુધી સરદાર વલ્લભભાઈ પટેલનું જન્મસ્થાન એવું કરમસદ કે સરદાર પટેલનું સ્મારકસ્થાન અમદાવાદ શાહીબાગમાં સરકીટ હાઉસ સામે આવેલું છે અને નડિયાદ એને પણ આજ દિવસ સુધી સોનીયા ગાંધીજીએ ત્યાંની મુલાકાત લીધી પરંતુ જગદીશભાઈ ખબર નથી પડતી કે કોંગ્રેસના પેટમાં સરદાર પટેલના નામથી કેમ •(xxxx) છે?

**અધ્યક્ષશ્રી** : (xxxx) એ શબ્દ કાઢી નાખું છું.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, એ બાજુથી ચાલુ થશે તો આ બાજુથી પણ એવું ચાલુ થશે. અડવાણી સાહેબનું નામ લેવાશે.

**અધ્યક્ષશ્રી** : શ્રી પ્રદિપસિંહજી, નો બોલ નાખવાથી વિકેટ મળતી નથી આપ આપના વકતવ્યને સીધી રીતે વાત કરો અને આપ જે વાત કહેવા માગતા હોય એ ચોક્કસ કરો બાકી ટીકા ટીપ્પણમાં પડો નહીં.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : ના માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : ટીકા ટીપ્પણમાં પડો નહીં.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : ટીકા ટીપ્પણમાં પડવાની વાત નથી. મારા મનમાં જે વ્યથા હતી એ મેં મૂકવા માટેનો પ્રયત્ન કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાવ, ફરીથી હું આપને સૂચના આપુ છું કે વ્યથા છે ને એ કહેવાની પણ રીત છે. પદ્ધતિ છે. જે પદ્ધતિ આપણે વિકસાવી રહ્યા છીએ એમાંથી પછી તમે ટ્રેક ચેંજના કરો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ૩૦ પછાત તાલુકાઓ છે જે કોલગી કમિટિએ તેના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારને સજેશન કર્યુ એમાં એક વર્ષમાં એક તાલુકાને બે કરોડ એમ પાંચ વર્ષમાં એક તાલુકાને ૧૦ કરોડ મળશે, જેમાં ૧૯ તાલુકા એ આદિવાસી ક્ષેત્રના તાલુકાઓ છે. આ રાજય સરકાર ગુજરાતના સાડા પાંચ કરોડ જનતાના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે. કોઈ ધર્મનો આધાર લીધા સિવાય સાડા પાંચ કરોડ લોકોનો વિકાસ થાય એ ગુજરાતની પ્રજાની નેમ છે. કોઈ ગામની અંદર મહંમદ રહેતો હોય, અને એની બાજુમાં મોહન રહેતો હોય તો જે લાભ મહંમદને મળે એ જ લાભ મોહનને મળે એ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકારનો લક્ષ્ય છે. એવું કહેવામાં આવ્યું કે દેશની બેંકિગ સિસ્ટમની અંદર ૧૫ ટકા ફંડ લઘુમતિઓને આપવું, સચર કમિટીએ અર્ધલશ્કરી દળોની અંદર લઘુમતિની ભરતી કરવી, આ દેશ માટે આ ગંભીર મુદ્દો છે. આ ગંભીર મુદ્દો એટલા માટે છે કે જો મહંમદને નોકરી મળે અને મોહનને નોકરી ન મળે તો મોહન પોતાની નોકરી માટે ધર્માંતર કરવાનો અને જ્યારે મોહન મહંમદ બને, માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય એ છે કે ..

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : કહેવાના મૂળ અર્થમાં એમની સીધી કેન્દ્ર સરકારની ટીકા કરવાનો જ અર્થ બને છે. સચર કમિટી એ કેન્દ્ર સરકારની કમિટી છે અને સીધી જ કેન્દ્ર સરકારના ભાવાર્થમાં કયાંય ટીકા ના થઈ શકે.

**અધ્યક્ષશ્રી** : શ્રી જગદીશભાઈ, એ

**શ્રી અમિત શાહ** : બજેટની અંદર આ રીતે પ્રોવિઝનનો ઉલ્લેખ છે. લઘુમતિઓ માટેના એનો ઉલ્લેખ કર્યો છે આમાં ટીકા કયાં થઈ છે

**અધ્યક્ષશ્રી** : શ્રી જગદીશભાઈ એને મે બરાબર સાંભળી છે. આપ આપની વાતને આગળ વધારો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારી ચિંતા છે કે આ લાભ લેવા માટે મોહન એ મહંમદ બનશે. આજે જે ધર્માતર થવાનું છે એ આવતી કાલે રાષ્ટ્રાંતર થવાનું છે આ દેશની કેવી દુર્દશાનું આપણે નિર્માણ કરવાના છીએ, માત્ર મતોની રાજનીતિ માટે, માત્ર લઘુમતિ તૃષ્ટિકરણ માટે આ દેશના સંસાધનો ઉપર માત્ર અને માત્ર લઘુમતિ અધિકાર છે એ કહેવું કેટલી હદે યોગ્ય છે? આ દેશને એક કરવા માટે જે લોકોએ આઝાદીની લડાઈ વખતે પોતાના લોહી રેડ્યા, આ દેશને એક કરવા માટે વંદે માતરમ્‌ના નારા સાથે ફાંસીના માંચડે લટકી ગયા, આજે માત્ર આ મુદ્દાના આધારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ ગુજરાતના બજેટ ઉપર આવી જાઓ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું એ જ કહેવા માગું છું. હું જે વાત કરતો હતો એ ડૉ. યુનુસ, નોબલ પ્રાઈઝ વિનર કે જેણે સેલ્ફ હેલ્પ ગૃપના માધ્યમથી રોજગારીના નિર્માણ માટે કામ કર્યું. આ રાજ્ય સરકારે ૧૫ લાખ બહેનોના ૧.૫ લાખ સખી મંડળો માટે ૯૪ કરોડ જેટલી ગ્રાન્ટ આમાં ફાળવી છે. સાથોસાથ ૧૯મી સદી એવી હતી કે જેની પાસે બાહુબળ હતું એણે જગત ઉપર રાજ કર્યું. ૨૦મી સદી એવી હતી કે જેની પાસે મૂડી હતી એણે રાજ કર્યું. ૨૧મી સદી એવી છે કે જેની પાસે જ્ઞાન હશે, વિજ્ઞાન હશે, શિક્ષણ હશે એ જગત ઉપર રાજ કરવાના

• ( xxxxxx ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે. આ ૨૧મી સદીમાં આપણા ગુજરાતના યુવાનોને ટેકનોલોજીકલ શિક્ષણ મળે, સાથોસાથ આઈ.આઈ.ટી, મૅડિકલ, એન્જિનિયરીંગનું શિક્ષણ મળે એના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સંવેદનશીલ નવો કોન્સેપ્ટ એટલે ચિલ્ડ્રન યુનિવર્સિટી. જે ૦ થી ૭ વર્ષના બાળકોનો શારીરિક, માનસિક અને વૈજ્ઞાનિક રીતે સંપૂર્ણ વિકાસનો સ્ટડી કરશે. કોઈપણ ૦ થી ૭ વર્ષ સુધીના બાળક્ના બ્રેઈનનું ડેવલપમેન્ટ થાય છે એ એના જીવનભરનું વ્યક્તિત્વ બની રહે છે. એનસાઈકલોપિડિયા ઑફ બ્રિટાનીકાનો એક ભાગ છે એમાં ચિલ્ડ્રન ઉપર એનસાઈકલોપિડિયા છે. એમાં આખો એક બ્રેઈનનો ભાગ છે એની અંદર આના ઓબ્ઝેર્વેશન્સ છે. આ સમાજની અંદર ચાવીરૂપ એવા બાળકો અને એના વિકાસ અર્થે દેશમાં પહેલીવાર ચિલ્ડ્રન યુનિવર્સિટી અને એના પૂર્વે બાલ ગોકુલમ નામની ઈન્સ્ટિટયૂટ સ્થાપવાનો વિચાર કર્યો હોય તો માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યો છે. બાળ માનસને જાણીને એની અંદર પડેલી શક્તિઓનો કેવી રીતે આપણે વિકાસ કરી શકીએ. એના લેટેસ્ટ સાયન્ટિફિકલ ઓબ્ઝર્વેશનના આધારે આ ૦ થી ૭ વર્ષના બાળકોને સંપૂર્ણ રીતે તૈયાર કરવા માટેનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, world is a globle village. એશિયાની અંદર પ્રથમવાર બ્રોડ બેન્ડ કનેક્ટિવિટીથી ગામ વિશ્વ સાથે જોડાય છે. તેના આયોજનથી બ્રોડ બેન્ડ કનેક્ટિવિટીથી આપણને એજ્યુકેશન, હેલ્થ, ટેલીમેડિસિન, એગ્રીકલ્ચર પ્રોડકશનનું માર્કેટ લીંકિંગ. આ બ્રોડ બેન્ડ કનેક્ટિવિટીમાં એ સાચા અર્થમાં વૈજ્ઞાનિક કામધેનુ પૂરવાર થવાની છે. આખા દેશમાં માત્ર ગુજરાત એક એવું રાજ્ય છે કે જેની અંદર આપણે આ સિદ્ધિ હાંસલ કરી છે. અસંગઠિત ક્ષેત્ર જે આ દેશની રોજગારીમાં કુલ ૫૫ ટકા લોકો સંકળાયેલા છે એ લોકોની ચિંતા, એવા લોકો છે કે જેનો કોઈ આધાર નથી એવા નોધારાના આધાર સમી સરકાર એમની પડખે ઊભા રહીને અસંગઠિત લોકો, ગરીબીની રેખા નીચે જીવતા લોકોને માટે સ્વાસ્થ્યનું કવચ પૂરું પાડવા માટેનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરોનો વિકાસ ઝડપથી થયો છે પણ જે ગતિએ ટ્રાન્સપોર્ટેશન મળવું જોઈએ એ નહિ થવાના કારણે એમાં ખાસ કરીને રેલવે માટે આપણી લાગણી હતી કે અમદાવાદ-મુંબઈની ત્રીજી લાઈન મળે. અમદાવાદ દિલ્હી બ્રોડગેજમાં થાય. સાબરમતિ રેલવે સ્ટેશનનું અપગ્રેડેશન કરવાનું હતું. પશ્ચિમ રેલવેને ૮૦ ટકા આવક ગુજરાતમાંથી થાય પરંતુ ગુજરાતને કેન્દ્રની રેલવે દ્વારા આપણા વધતા જતા બંદરોના વિકાસ માટે મદદરૂપ થવા કોઈ આવ્યું નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યાં છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા બજૅટ માટે ખૂબ ચર્ચાઓ થઈ. નર્મદા યોજનાએ ગુજરાતની જીવાદોરી ગણાય. આ યોજન માટે અહીંયા બેસીને મેં સાંભળ્યું તો ભા.જ.પ.ની સરકારે આ યોજના પૂરી કરી હોય એવી ચર્ચા થઈ. આ યોજનાનું ખાતમુહૂર્ત માનનીય જવાહરલાલ નહેરૂ એ કરેલું. કેટલીક કોર્ટ મેટરો અને વિસ્થાપિતોના પ્રશ્નના લીધે આ ડિલે થયું. આ યોજનામાં દરેક કોંગ્રેસના હોય કે ભા.જ.પ.ના મુખ્યમંત્રીનો આમાં સિંહ ફાળો રહ્યો છે. માનનીય નાણામંત્રીશ્રીએ આ યોજનામાં ૩૨૫૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આ યોજના એ ગુજરાતની જવાદોરી સમાન છે. આ યોજનાનું કામ જ્યાં પૂરું થયું છે ત્યાં, પૂરું થયેલું કામ હોય ત્યાં શાખા, પ્રશાખા અને ધોરિયા બનાવી ખેડૂતોને પાણી આપવામાં આવે તો સારો પાક થાય અને પાક થાય તો આ નર્મદા નિગમને એનો સારો ફાયદો થાય અને આ પૈસા બીજા ક્ષેત્રમાં વાપરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા સુજલામ્ સુફલામ્‌ની વાત કરી છે. આ યોજના એ સ્પ્રેડિંગ કેનાલ છે કડાણાથી બનાસકાંઠા સુધીની આ યોજના બનાવવામાં આવી છે. આ યોજનામાં જે આ વિધાનસભાની ચૂંટણી આવતા એમાં પાણી છોડવાનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે અધિકારીઓને કામ સોંપ્યું. કામ પૂર્ણ થયું નહોતું, રાત-દિવસ ખૂબ મહેનત કરીને કોન્ટ્રાકટરો કામ કરતા હતા એટલા માટે ત્યાં ખૂબજ હલકા પ્રકારનું કામ થયું છે. પાણી છોડાયું ત્યારે બાલાસિનોર, વીરપુર અને બાયડ વચ્ચેની પાંચ જગ્યાએથી આ કેનાલ તૂટી ગઈ. ખરેખર આ યોજનાએ ખેડૂતોના હિત માટેની હતી પણ ચૂંટણીલક્ષી બનાવી છે ત્યારે મને ખૂબ દુ:ખ થાય છે. અહીંયા વીરપુર અને બાલાસિનોર માટે લીંક કેનાલની વાત હતી પણ આયોજનમાં કરેલી જોગવાઈ હજુ પણ અહીંયા લેવામાં આવી નથી ત્યારે એ બાબતે મને ખૂબ દુ:ખ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનની વાત કરીએ તો માનનીય મુખ્યમંત્રીશ્રી હમણાં તાજેતરમાં કચ્છ પ્રવાસમાં ગયા અને કચ્છમાં જે વિસ્તાર છે એનો પ્રવાસન તરીકે ડેવલપ કરવાની કેટલીક વાતો કરી. વિશ્વના પણ કેટલાક અધિકારી-પદાધિકારીઓ ત્યાં પધાર્યા. મારા વિસ્તારમાં મને ખબર છે કે ૧૫ વર્ષ પહેલા જે રેયોલી ડાયનોસોરની વાત થતી હતી અને આ ડાયનોસોરનું કામ આજે ગોકળગાયની ગતિએ ચાલે છે. જો આ રેયોલી ડાયનોસોર વિશ્વમાં પ્રથમ એવું ડાયનોસોર મળેલું છે, ત્યાં ડાયનોસોરના ઈંડા પણ છે પણ જ્યાં કામ ૧૫ વર્ષથી ગોકળગાયની ગતિથી થાય છે ત્યારે આ કામ ઝડપથી થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વીજળીની કેટલીક વાતો કરી છે. જ્યાં કેનાલ છે, સિંચાઈની સગવડ છે ત્યાં આગળ એના સિવાયનો જે સૂક્કો વિસ્તાર છે અને કૂવા-બોર દ્વારા પાણી લેવામાં આવે છે. મને ખ્યાલ છે ત્યાં સુધી ૧૯૯૨ થી આ થ્રીફેઈઝ કનૅકશન આવા સૂક્કા વિસ્તારમાં જ્યાં બોર-કૂવા હોય ત્યાં ખેડૂતો ખેતી કરી શકે એના માટે આપવામાં આવતા પણ માનનીય મંત્રીશ્રીને મારું નમ્ર સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય સેવાઓ માટે અહીંયા ઘણી બધી વાતો થઈ પણ મારા મત વિસ્તારની વાત કરું તો જે પી.એચ.સી. અને સી.એચ.સી. બનાવ્યાં છે ત્યાં એક પણ ડોકટર સ્થળ ઉપર રહેતા જ નથી અને એની તપાસ કરાવે, કારણ કે આરોગ્ય વિષે ઘણી બધી વાતો થઈ તો એના માટે ડોકટર ત્યાં સ્થળ ઉપર હાજર રહે અને મને ખબર છે ત્યાં સુધી અઠવાડિયામાં એક દિવસ આરોગ્ય અધિકારી ત્યાં સ્થળ પર જતા હોય છે એટલે આરોગ્ય સેવાની પણ અહીંયા ઘણી સારી ચર્ચા સામેના પક્ષના મિત્રો દ્વારા કરવામાં આવી પણ આવા પી.એચ.સી., સી.એચ.સી.માં કોઈ ડૉકટરો હાજર રહેતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ મકાનની વાત કરીશ તો એમાં સારા એવા પૈસા અહીંયા બજેટમાં ફાળવવામાં આવ્યાં છે. આપણે જોઈએ તો નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે કે બીજા રસ્તાઓ આજે સારા છે પણ ગામડાંની અંદર જે મુખ્ય રસ્તાથી ચાર-પાંચ કિલોમીટરના રસ્તા હોય ત્યાં કનેકટીવીટીથી રસ્તો થાય તો જેના લીધે ગામડાંની અંદરના વિસ્તાર, અંતરિયાળ વિસ્તારના જે ગરીબભાઈઓ છે એ રસ્તા પર આવી શહેરોમાં પોતાના કામે અથવા વિદ્યાર્થીઓ કૉલેજ-સ્કૂલમાં જઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા શિક્ષણની કેટલીક વાતો કરીશ કે શિક્ષણ માટે અહીંયા ઘણી બધી વાતો થઈ, પણ શિક્ષણમાં આપણે આજે જોઈએ તો આજે પી.ટી.સી. કૉલેજો, મને ખબર છે ૧૯૯૫માં ૬૦ જેટલી પી.ટી.સી. કૉલેજો હતી, આજે લગભગ ૨૫૦ થી ૩૦૦ જેટલી કૉલેજો સેલ્ફ ફાયનાન્સની આપવામાં આવી છે. આજે જોઈએ તો પી.ટી.સી. થયેલા ભાઈ-બહેનો ૩૦ થી ૩૫ હજાર જેટલા છે. ઠીક છે બાલ ગુરુ યોજના અમારા વખતે થઈ હતી ત્યાર પછી જોઈએ તો વિદ્યા સહાયકો કર્યા અને આજે એક લાખ જેટલા વિદ્યા સહાયક ભાઈ -બહેનો,

**સભાપતિશ્રી, ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

આજે જોઈએ તો ગામડાઓમાં  તો એક જ તાલુકામાં લુણાવાડા તાલુકાની વાત લઈશ, માનનીય ધારાસભ્યશ્રી હીરાભાઈ પટેલે પ્રશ્ન પૂછેલો, એક લુણાવાડા તાલુકામાં ચાર જેટલી પી.ટી.સી. કૉલેજો હોય, આખા ગુજરાતમાં ૩૦૦ જેટલી, આજે શિક્ષણનો ખરેખર ફુગાવો થયો છે તો એના માટે પણ શિક્ષણ પ્રત્યે ખૂબ ધ્યાન રાખવું જોઈએ. વિદ્યાસહાયકો એમને ૨૫૦૦ રૂપિયા પગાર અને પાંચ વર્ષ સુધીનું ધોરણ છે, પાંચ વર્ષના ધોરણના બદલે કારણ કે, ૨૫૦૦ રૂપિયા કશું ના કહેવાય, સામાન્ય રોજમદાર આજે દિવસના ૨૦૦ રૂપિયા કમાતો હોય ત્યારે  આ પી.ટી.સી. થયેલો શિક્ષકને આટલું વેતન મળતું હોય એ ખરેખર શરમજનક બાબત છે એટલે પાંચ વર્ષના બદલે બે-ત્રણ વર્ષ કરવામાં આવે તો એ યોગ્ય ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વંચિતોના વિકાસની વાતો કરીશ તો એમાં આપણે જોઈશું તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટે સરકારે જે બજૅટ ફાળવ્યું છે એમાં આપણે જોઈશું તો સ્કૂલોમાં બાળકોને જે ગણવેશ આપવામાં આવે છે એ ગણવેશમાં પણ ઘણી બધી ગેરરીતિઓ થાય છે, હલકા પ્રકારનું કાપડ આપવામાં આવે છે અને આપણે જોઈએ છીએ કે બાળકોને એ કાપડ પણ બરાબર મળતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસોની બાબતમાં આપણે જોઈશું તો જે આવાસો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને આપવામાં આવે છે એમાં ૩૯,૦૦૦/- વત્તા ૭,૦૦૦/- જે લાભાર્થીનો એનો શ્રમફાળો ઉમેરવામાં આવે છે એ રીતે ૪૬,૦૦૦/-નું આવાસ બને, માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓમાં સામાન્ય માણસોને આવા લાભો માટે અથવા આવાસો માટેના હપ્તા પણ સમયસર મળતા નથી, આવાસો તૈયાર થઈ ગયા હોય છતાં એને મળતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાયકલ પણ આપવામાં આવે છે અને સાયકલ માટે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એના માટે મને ખૂબ સંતોષ છે, અહીંયા જે બજૅટ લઈને આવ્યા છે એ બાબતે મારા વિચારો વ્યક્ત કરીને હું વિરમું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીએ આ સન્નમાનીય ગૃહમાં અંદાજપત્ર રજૂ કરીને જે બજૅટની જોગવાઈઓ કરી છે એમાં મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રીએ અત્યાર સુધી તેરમી વખત અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કર્યુ છે પણ એમાં ઘણી બધી ખામીઓ અમુક વિસ્તારો માટે રહેલી છે અને એનું પ્લાનીંગ નવા વર્ષમાં કરવામાં આવે એવી અમને આશા હતી પણ એ પૂરી થઈ શકી નથી. ખાસ કરીને હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર નર્મદા જિલ્લામાં ખાસ કરીને સરદાર સરોવર યોજના અને બીજી ટ્રાયબલ એરિયામાં જે ઉકાઈ જળાશય યોજના બની છે એ યોજનાના લીધે ગુજરાતમાં હરિયાળી ક્રાંતિ આવી છે, ગુજરાતનો વિકાસ થયો છે, ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, ઉદ્યોગો વધ્યા છે, આવકો વધુ ઊભી થઈ છે ત્યારે આ વિસ્તાર જે છે એ જે અતિ પછાત છે એ વિસ્તારને હજુ સુધી સિંચાઈની સુવિધા મળી નથી કે પૂરતા પ્રમાણમાં શિક્ષણની પણ સુવિધા આ વિસ્તારના લોકોને મળી નથી. ખાસ કરીને આ વિસ્તાર સૂકો છે ત્યારે  એનું પ્લાનીંગ કરીને માનનીય નાણા મંત્રીશ્રીએ એના માટે ખાસ જોગવાઈ કરવી જોઈએ કે જે સરદાર સરોવર યોજના બની એની મોટી કેનાલો થઈ, એનું પ્લાનીંગ થયું અને કચ્છ સુધી પાણી ગયું એના માટે બજૅટમાં દર વર્ષે મોટી જોગવાઈ કરવામાં આવે છે તો જે પછાત વિસ્તારો છે એના માટે સિંચાઈની સુવિધા થતી નથી તો એના માટે સિંચાઈની સુવિધા અને ખાસ કરીને એ વિસ્તારના જે ખેડૂતો છે

એના માટે ખાસ કરીને કુવા અને વિદ્યુતીકરણની યોજના માટે પણ બજેટમાં ખાસ જોગવાઈ કરવી જોઈએ એવું મારું સૂચન છે.

બીજું ખાસ કરીને આ ભા.જ.પા.ની સરકારે ટ્રાયબલ એરિયામાં નવી કોલેજો ખોલવાનું આયોજન કર્યું છે એ કોલેજ શરૂ કરવાની વાત હું આવકારું છું પણ એ કોલેજો ભાડાના મકાનમાં ચાલે છે એના માટે વિદ્યાધામો બનાવવા માટે હજુ સુધી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. નવા બજેટમાં પણ નાણામંત્રીશ્રીએ ૧૦ નવી કોલેજો શરૂ કરવાની વાત કરી છે અને એ વાત દોહરાવી છે ત્યારે અત્યાર સુધી, ભરૂચ, નર્મદા, સુરત, તાપી જિલ્લામાં જે કોલેજો શરૂ કરવામાં આવી છે એના માટે કોઈ માળખાકીય સુવિધા પણ નથી કરવામાં આવી અને એના માટે યોગ્ય લાયકાતવાળો જે સ્ટાફ, ડીગ્રીવાળા શિક્ષક હોય કે પ્રોફેસર હોય એની જોગવાઈ નાણામંત્રીશ્રીએ બજેટમાં કરવી જોઈએ એ થઈ નથી જેથી કરીને શિક્ષણને અવરોધરૂપ થાય છે. જેથી કરીને મંત્રીશ્રીને કહેવું છે કે બજેટમાં આવી જોગવાઈ થવી જોઈએ અને આ વિસ્તારને ઉપર લાવવા માટે ખાસ એના ઉપર ધ્યાન આપવામાં આવે તો મારા ખ્યાલ મુજબ બજેટમાં જોગવાઈ થઈ છે એવો ગુજરાતના પછાત વર્ગના લોકોને પણ ખ્યાલ આવે કે અમારા માટે પણ આ જોગવાઈ છે. ખાસ કરીને આ વિધાનસભામાં જે ભા.જ.પા.ના ચૂંટાયેલા સભ્યો છે એ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની બહુ વાહ વાહ કરે છે. મારે એમને પૂછવું છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ પેકેજ યોજના જાહેર કરી છે. ગુજરાતના ટ્રાયબલ એરિયાના લોકોને એવું હતું કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જે ૧૫૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે એ પેકેજનો લાભ આદિવાસી વિસ્તારના લોકોને મળશે. અમે પ્રશ્ન પણ પૂછયો છે એનો જવાબ પણ અમને મળ્યો તો એ બે હજારથી ત્રણ હજાર કરોડ રૂપિયા વર્ષનું આયોજન બજેટમાં થયું છે એટલે વનબંધુ યોજના પણ આદિવાસીઓને છેતરવાની વાત ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે તેથી આ જે જોગવાઈ કરી છે એ અધૂરી છે જે ખાસ કરીને મારે મંત્રીશ્રીને કહેવું છે કે નાણામંત્રીશ્રી બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઈ કરે છે પણ જયારે બજેટ કયારે આપવામાં આવે છે એ ફકત બતાવવા પૂરતું હોય છે અને એ બજેટ માર્ચના એન્ડમાં ૩૦ કે ૩૧ તારીખે જે તે વિભાગમાં પેટા તિજોરીમાં રાત્રે બે વાગે, એક વાગે જમા થાય અને પાછું પરત આવે છે એટલે એ નાણાનો ઉપયોગ થવો જોઈએ એ થતો નથી એટલે આ અંદાજપત્રને હું આવકારી શકતો નથી અને એનો વિરોધ કરું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાસાહેબે વર્ષ ૨૦૦૮-૦૯નું જે અંદાજપત્ર રજૂ કરેલ છે એને આવકારવા માટે હું ઊભો થયો છું. સ્વર્ણીમ ગુજરાતનું સ્વપ્ન સાકાર કરતું પ્રગતિશીલ અને પ્રજાલક્ષી અંદાજપત્ર છે. આ માટે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને હું અભિનંદન સાથે ગુજરાતની જનતા વતી આભારની લાગણી વ્યકત કરું છું. સાથી પક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ સવારે વાત કરી હતી કે કેન્દ્ર સરકારે સારી એવી રકમની ગુજરાતને બજેટમાં ફાળવણી કરી છે. તેથી રાજયના બજેટમાં વધુ ટેકસ નાખવાની જરૂર નથી. કેન્દ્ર સરકારે તેના બજેટમાં કેટલી યોજનાઓ ગુજરાતને આપી તેનો કયાંય કોઈ ઉલ્લેખ આપણને મળતો નથી કે કાંઈ દેખાતું નથી. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશની ૧૪ નદીના પ્રોજેકટ રાષ્ટ્રીય સંપત્તિ તરીકે જાહેર કરીને પ્રોજેકટને ૯૦ટકા જેટલું ફંડ કેન્દ્ર સરકાર દ્વારા આપવાની જાહેરાત કરાઈ છે પરંતુ તેમાં નર્મદા નદી ઉપરના વિવિધ પ્રોજેકટનો સમાવેશ કરવામાં આવ્યો નથી. સાથી પક્ષના નેતા સદર બાબતે શું કહેવા માગે છે? કેન્દ્ર રાજ્યમાંથી કેટલું લઈ જાય છે અને રાજ્યને કેટલું આપે છે. તેની આંકડાકીય બાબતમાં હું ઊતરતો નથી. તેનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી બરાબર આપી શકશે. પરંતુ હું જણાવીશ કે નરેન્દ્રભાઈ મોદીની ભારતીય જનતા પાર્ટીની આ પાણીદાર સરકારે જળસંચય અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે જે કામગીરી કરી રહેલ છે, તેની સમગ્ર દેશમાં સરાહના થઈ રહી છે. રાજ્ય સરકારે જળ વ્યવસ્થાપન કામગીરીને અગ્રીમતા આપી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જળસંચયની કામગીરીને રાજકીય પક્ષાપક્ષીથી દૂર રહીને ગુજરાતમાં જળક્રાંતિ સર્જવા માટે થઈને તાજેતરમાં આપણા અભ્યાસ શિબિરમાં અપીલ કરી છે. વરસાદી પાણીના ટીપેટીપાનો સદુપયોગ થાય અને ભૂગર્ભ જળનું યોગ્ય નિયમન થાય તે હેતુથી દેશની સર્વશ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન અને સિંચાઈ માટેની શ્રેષ્ઠ વ્યવસ્થા આપણે વિકસાવી છે. પાણી પુરવઠા વિભાગની સન ૨૦૦૭-૦૮ ની ૧૨૨૦ કરોડની જોગવાઈ સામે આ બજેટમાં ૧૪૬૯.૨૫ કરોડની જોગવાઈ કરેલ છે. જળસંપત્તિ વિભાગ હેઠળની ૨૦૦૭-૦૮ માં રૂપિયા ૧૫૫૯ કરોડની જોગવાઈ સામે આ બજેટમાં ૧૬૩૦ કરોડની જોગવાઈ કરેલ છે.

નર્મદા પ્રભાગ હેઠળની ૨૦૦૭-૦૮ માં રૂપિયા ૩૧૯૩ કરોડની જોગવાઈ સામે આ બજેટમાં૩૪૪૦ કરોડની જોગવાઈ કરેલ છે. મહત્ત્વની સુજલામ્ સુફલામ્ યોજનાની કામગીરી સંતોષકારક રીતે આગળ ધપી રહી છે, ત્યારે આ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતને ફાળવાયેલ નર્મદાના એક મિલિયન એકર ફીટ પૂર્ણ પાણીનો વપરાશ કરવા માટે હાથ ધરાયેલ કુલ ૮ પાઈપલાઈનોની કામગીરી પૈકી ૭ પાઈપલાઈનની કામગીરી પૂર્ણતાના આરે છે. માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે આ જળ વ્યવસ્થાપનને અગ્રીમતા અર્પિત કરી છે. જળ એ જ જીવન છે એ મંત્રને સાર્થક કરતી પંચમુખી જળસંચય યોજના આ પાણીદાર ગુજરાત સરકારે અપનાવી છે. આ પંચમુખી જળસંચય સ્ટ્રેટેજીમાં એક તો એમાં વરસાદનું વહી જતું પાણી રોકવા માટે ટીપે ટીપાંનો સદુપયોગ થાય તે હેતુથી દેશની સર્વશ્રેષ્ઠ વ્યવસ્થાપન અને સિંચાઈના માટે ઉત્કૃષ્ટ વ્યવસ્થા કહી શકાય છે. ગ્રામ્ય તળાવો ઊંડા કરવા ઉપરાંત સીમ તળાવો, ખેત તલાવડી, ચેકડેમો, બોરીબંધો વગેરે ૩ લાખ જેટલા વોટર બોડી બનાવીને જળસંચય અને તે દ્વારા ભૂગર્ભ સ્તરને સુધારવાનું કામ આપણે કરી બતાવ્યું છે. રાજ્યમાં ૧૬૦૦

કિ.મી.નો દરિયાકિનારો હોવાથી જમીનમાં ક્ષારનું પ્રમાણ વધ્યું છે. આ જમીનની ઉત્પાદન શકિત ઉપર અને રાજયના વિસ્તારની ભૂગર્ભ જળની ગુણવત્તા ઉપર માઠી અસર પહોંચી છે. સાગર ખેડુ યોજના અન્વયે ક્ષાર પ્રદેશ નિયંત્રણના વિવિધ કામો માટે થઈને રૂપિયા ૧૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૫૦ વર્ષથી સિંચાઈની જે યોજના અગાઉ થયેલ છે એ કામ અધૂરું રહ્યું છે, અથવા પૂરી ક્ષમતાનો ઉપયોગ ન કરેલ હોય એ જૂની યોજનાનો સૌથી મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે બજેટમાં રૂપિયા ૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સન ૨૦૦૧-૨૦૦૨ માં ૭૬૭૫ ગામોની જમીનમાં પીવાના પાણીની સમસ્યા હતી. ફ્લૉરાઇડ, નાઈટ્રેટ અને ખારાશ યુ કત પાણીની સમસ્યા હતી. એમાંથી ૪૮૦૦ ગામોને ભૂગર્ભ જળ સપાટી ઉપર લાવવાની યોજનાઓ હાથ ધરાયેલ, તે પૈકી ૪૮૦૦ ગામોમાં પીવાનું પાણી મળતું થયું છે. બાકીના ૨૮૦૦ ગામોને આ વર્ષના બજેટમાં આવરી લેવાયેલ છે. આ કામ પ્રગતિમાં છે. મહી નર્મદા આધારિત વોટર શેડના પ્રોજેક્ટનો અમલ થકી ગુજરાતના અછતગ્રસ્ત ગામોમાં વહેતી ૨૦ નદીના પાણી એમાં વહેતાં થયાં છે. ખાસ કરીને ગુજરાતના ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ તથા મધ્ય ગુજરાતની પૂર્વ પટ્ટીના બધા જ રાજ્યમાં નહેર અથવા પાઈપલાઈન દ્વારા આ પાણી પહોંચ્યા છે. સન ૨૦૧૦ માં ગુજરાત રાજ્ય પોતાના સ્થાપનાના ૫૦ વર્ષની પૂર્તિ પ્રસંગે સુવર્ણ જયંતિ વર્ષ ઉજવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સામાન્ય માનવીને વિકાસમાં અને તે માટેના સરકારેશ્રીના સંકલ્પોમાં અને પ્રયત્નોમાં શ્રધ્ધા બેઠી છે. તેને લાગ્યું છે કે રાજયના સર્વાંગી વિકાસમાં કયાંકને કયાંક એક લાભાર્થી તરીકે હકકદાર બન્યો છે અને તેથી જ સમગ્ર ગુજરાતભરની સામાન્ય જનતાનું જે અનુમોદન આ નરેન્દ્રભાઈ મોદીની સરકારને મળ્યું છે તે સરાહનીય છે. જળસંચય અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે આપણે જે કામ હાથ ધર્યુ છે તેમાં ઉત્તરોત્તર આપણને સફળતા મળતી જાય છે અને દેશ અને દુનિયા તેમનો દાખલો લઈ જળ વ્યવસ્થાપન ક્ષેત્રે આવી સુધારણા કરવા માટે તત્પર થયા છે. હું નાણામંત્રીશ્રીને આ સારું બજેટ રજૂ કરવા બદલ અને જળસંચય અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે સારી રકમ ફાળવવા બદલ અભિનંદન આપી આભારની લાગણી વ્યકત કરું છું.

**શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ જે બજૅટ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા અને ચર્ચા કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦ માં ગુજરાતના ઈતિહાસનું ૫૦મું વર્ષ ઉજવવાનું છે ત્યારે આ ગૃહના એક ધારાસભ્ય તરીકે આ ગૃહમાં આવવાની તક મળી છે હું માનું છું તે ખૂબ મહત્ત્વની છે. ગુજરાતનો સ્થાપના દિન કદાચ આમાંથી કેટલાક ધારાસભ્યશ્રીઓએ જોયો હશે કે નહીં જોયો હોય તે મને ખબર નથી. પણ ૫૦મા વર્ષની સુવર્ણ જયંતિની ઉજવણીની કરવાની તક મળી છે ત્યારે સાથી ધારાસભ્યશ્રીઓ તમામને વિનંતી કરું છું કે ગુજરાતને ૨૦૧૦માં કઈ દિશામાં અને કઈ જગ્યાએ લઈ જવાનું છે તેની ચિંતા કરવી જોઈએ. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જયારથી ગુજરાતનું સુકાન સંભાળ્યું છે ત્યારથી માનનીય જીતેન્દ્રભાઈ સુખડીયાએ વાત કરી તેમ જળ સંચયની બાબતની સતત ચિંતા કરી છે એટલું જ નહીં મારા સાથી ધારાસભ્યશ્રીઓ જે સામે બેઠા છે તેમને પૂછવું છે કે આ રાજય ૧૯૬૦ થી અલગ થયું ત્યાર પછી અત્યાર સુધી આપણે કેટલા ચેકડેમ, કેટલી ખેત તલાવડીઓ, કેટલા બોરીબંધ કર્યા હતા. આ પાંચ વર્ષના શાસનમાં એટલે કે ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીના ગાળામાં ગુજરાતના મુખ્યમંત્રીની રાહબરી હેઠળ કેટલા ચેકડેમ, કેટલી ખેત તલાવડી અને કેટલા બોરીબંધ થયા તેના હિસાબ અંગે વિચારવું જોઈએ. મારે ખાસ કરીને વાત કરવી છે સુજલામ્ સુફલામ્ યોજનાની. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૪માં કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે આ યોજના મંજૂર કરીને લાવ્યા, કેન્દ્ર સરકારે પૈસા આપવા માટેની વાત કરી હતી પણ કમનસીબે એક ઘટના બની અને એન.ડી.એ.ની સરકાર ન આવી અને ૨૦૦૪ની ચૂટણીમાં યુ.પી.એ.ની સરકાર આવી. સુજલામ્ સુફલામ્ યોજનામાં ઉત્તર ગુજરાતના જે જે જિલ્લામાં નર્મદા અને મહી યોજનાનું પાણી મળતું નથી તે જિલ્લાને આવરી લેતી યોજના માટે એક પૈસો કેન્દ્ર સરકારે આપ્યો નથી. વારંવાર સુજલામ્ સુફલામ્ યોજનાના ભ્રષ્ટાચારની વાતો, ૫૦૦ કરોડનો ભ્રષ્ટાચાર કર્યો તેવી વાતો કરીને રોડાં નાંખે છે.મને એ સમજાતું નથી કે આ યોજના બહુ લોકોના સુખ માટેની યોજના છે. ઉત્તર ગુજરાતમાં આજે ૧૮૦૦ ફૂટ, ૧૫૦૦ ફૂટ ભૂગર્ભ તળ ઉંડા ગયા છે. આ પાણીના લીધે લોકોને ઢીંચણ, સાંધાના વા જેવા અનેક રોગ થાય છે. તે લોકો પાણી વગર વલખાં મારતા હતા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના દિલમાં અને વેદનામાંથી આ યોજના નીકળી હતી તે યોજનાને સમર્થન તો ન આપ્યું, તે યોજના માટે પૈસા ન આપ્યા અને આ યોજના કઈ રીતે બંધ થાય તે માટેના સખત પ્રયત્નો કરે છે. આજે પણ કરે છે. મારે કહેવું છે કે આ પ્રયત્નો બંધ કરો અને સુજલામ્ સુફલામ્ યોજના વહેલી તકે પૂરી થાય તેના માટે સહયોગ આપે.

માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજનાની વાત કરવી છે. દેશને આઝાદ થયે આજે ૭૦ વર્ષ થયાં. અત્યાર સુધીના પ્રધાનમંત્રીઓ અને મુખ્યમંત્રીઓએ પ્રયત્નો કર્યા હશે હું ના નથી પાડતો. એમનો સહયોગ અને સહિયારો પુરુષાર્થ બધુ હશે પણ મને કહેવા દો કે ૭૦ વર્ષના સમયગાળામાં જે જગ્યાએ લાઈટ ન પહોંચી તેમાં અમારા મુખ્યમંત્રીએ ૨૦૦૩ના બજેટની અંદર જયોતિગ્રામ યોજનાનું આહવાન આપ્યું અને ફક્ત એક હજાર દિવસમાં જે ૭૦ વર્ષમાં કામ પૂરું નહોતા કરી શકયા તેમના કરતાં ઓછા અધિકારી, કર્મચારીઓ ઓછા હેલ્પર અને ઓછા લાઈનમેનની મદદથી ત્રણ વર્ષમાં જયોતિગ્રામ યોજના ઘેર ઘેર પહોંચી અને ગામડાના પરા સુધી પહોંચાડી. ચોવીસ કલાક લાઈટ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ઉર્જામંત્રીશ્રીએ પૂરી પાડી છે. વારંવાર ગમે તે વાતમાં એકની એક વાત કરતા હતા. નર્મદા યોજનાની વાત કરું તો અત્યાર સુધી નર્મદા યોજનાનું આદરણીય

પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુજીએ ખાતમુહૂર્ત કરેલું, એ ખૂબ સારી વાત છે, માનનીય સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી પહેલાં ગુજરાતને પાણીની સમસ્યા નડશે એની દશ પંદર વર્ષ પહેલાં, આઝાદી પહેલાં એમણે આ પ્લાન વિચાર્યો હતો પણ તેઓશ્રી વધારે ન જીવી શક્યા અને માનનીય જવાહરલાલ નહેરૂજીએ એનું ખાતમુહૂર્ત કરેલું આમ તો અત્યાર સુધીમાં કેટલીય સરકારો આવી અને ગઈ પણ એ સરકારોએ આ માટે કેટલું કામ કર્યુ એનો હિસાબ આપણે જોવો જોઈએ, આ ભાજપની સરકાર વધારે કામ કર્યુ કે ભૂતકાળની સરકારોએ વધારે કામ કર્યુ તે જોવું જોઈએ. ૩૨૫૫ કરોડ રૂપિયા આપીને આદરણીય માનનીય નાણા મંત્રીશ્રીએ નર્મદા યોજનાનું વહેલામાં વહેલીતકે છેવાડાના વિસ્તાર સુધી નર્મદાનું પાણી પહોંચે અને સૂકી અને તરસી ધરતી છે એને પાણી મળે અને મારો ખેડૂતો આબાદ બને અને એના ખેતરમાં પાણી ફરે અને ખેડૂતો સારી રીતે જીવન જીવી શકે તે માટે માનનીય નાણા મંત્રીશ્રીએ પ્રયત્ન કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓની વાત થઈ, હમણાં જ માનનીય અમરસિંહ વસાવા વનબંધુની વાત કરતા હતા. ૧૫૦૦કરોડ રૂપિયા ગત સાલે કલમ ૪૪ હેઠળ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ વિધાનસભાગૃહમાં નિવેદન કર્યુ હતું. આ સાલ પણ ૩૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે, વર્ષોથી આદિવાસી ભાઈ બહેનોને ચોખ્ખું પીવા માટેનું પાણી ન મળે, રોડ ન મળે, રહેવા માટે ઘર ન મળે, એમના દીકરા-દીકરીઓને શિક્ષણ માટે શાળાઓ ન હોય, ખેતરમાં હેન્ડપંપ ન હોય કે પીવાના પાણીની કોઈ સગવડો ન હોય એના માટે આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એમના ભૂતપૂર્વ એ જે વિસ્તારનો અનુભવ છે, સ્કૂટર ઉપર ફરીફરીને આખા ગુજરાતની વિકાસ ગાથા એમણે જોઈ છે, ગુજરાતની મુશ્કેલીઓ એમણે જોઈ છે અને ગુજરાતનું દુઃખ પણ એમણે જોયું છે એ વેદનાઓ હૃદયમાં રાખીને જ્યારે સમય મળ્યો, મુખ્ય મંત્રીશ્રી બન્યા ત્યારે એને વાચા આપવા માટેના પ્રયત્નો કર્યા છે. મારા આદિવાસી બંધુઓ અને બહેનોને એનો વહેલામાં વહેલીતકે પૂરેપૂરો લાભ મળે એ માટે આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સખત રીતે પ્રયત્નો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના લોકો માટે, અત્યારે અમારા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ગૃહમાં હાજર નથી પણ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબે આ વખતે અનુસૂચિત જાતિ માટે બજૅટમાં રાજકોટ, વડોદરા, અમદાવાદ અને વલ્લભવિદ્યાનગરમાં નવા છાત્રાલયો ઊભા કરવા માટે ગ્રાન્ટ ફાળવી છે, હું માનું છું કે અત્યાર સુધી ઘણા બધા માનનીય મુખ્ય મંત્રીશ્રીઓ આવ્યાને ગયા, પણ વર્ષોથી જે છાત્રાલયો છે અનુસૂચિત જાતિના લોકો માટે એમાં એક પણ છાત્રાલયનો વધારો નહોતો કર્યો ત્યારે આ ભાજપ સરકારે, ૧૯૯૫થી આ છેલ્લા દશ બાર વર્ષના સમયમાં અનુસૂચિત જાતિના લોકો માટે જે વિકાસ કર્યો છે એ વિકાસની ગાથા કહીએ તો આંખે વળગે તેવી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ખુમાનસિંહના સ્વભાવમાં એમ હતું કે અમારી સરકાર બનશે અને હું મંત્રી બનીશ અને આમ કરીશ અને તેમ કરીશ એવાં એમનાં સ્વપ્ન હતાં પણ એ સ્વપ્ન ચકનાચૂર થઈ ગયાં એટલે તેઓશ્રી સહન નથી કરી શકતા, એમના સ્વપ્ન ભગવાને સાકાર નથી કર્યા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના જાંબાઝ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે અને ગુજરાતના સમતોલ વિકાસ થાય અને કોઈપણ સમાજને અન્યાય ન થાય અને દરેક તાલુકા અને જિલ્લાને ન્યાય મળે એ માટેના તમામ ક્ષેત્ર અંગેનું બજૅટ માનનીય નાણા મંત્રીશ્રી લઈને આવ્યા છે એ બજૅટ ખૂબ જ સારું છે, તમામ સમાજોના વિકાસ માટે એને વેગવંતુ કરવા માટે રાજય સરકારે પ્રયત્ન કર્યા છે, આ બજૅટને સમર્થન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પર મારું વક્તવ્ય રજૂ કરું છું. રાજય સરકાર દ્વારા પતંગોત્સવ, નવરાત્રિ મહોત્સવ, વસંત મહોત્સવ અને અન્ય જુદા જુદા મહોત્સ્વો પાછળ ખર્ચ કરવામાં આવે છે ત્યારે આજે રાજયમાં પ્રાથમિક શાળાઓની ઘટ છે, દવાખાનાઓમાં પૂરતી સગવડો નથી, પીવાના પાણીની સગવડો નથી, હેન્ડપંપ નથી અને ગ્રામ્ય રસ્તાઓની સુવિધા નથી તો આવા ઉત્સવો પાછળ ખર્ચ કરવામાં આવે છે એના બદલે વિકાસના કામો પાછળ ખર્ચ કરવામાં આવે તો પ્રજાની સમસ્યાઓ હલ કરી શકાય. સરકારે વીજળીના દરોમાં ભાવ વધારો કર્યો , અપૂરતી વીજળી અને વીજળીના કનેકશનોની બાબતમાં ધાંધિયા ચાલે છે તો તે માટે જરૂરી કાર્યવાહી કરી ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સસ્તી વીજળી મળે તે માટે વધારે સબસિડી આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મોટા ઉદ્યોગો પાસેથી અબજો રૂપિયાનો વેરો વસૂલ કરવાનો થાય છે જો આ વેરાની રકમ સરકારશ્રી સમયસર વસૂલ કરી શકે તો રાજય સરકારે બજૅટમાં કરવેરા નાખવાની જરૂર નથી પડતી. આ સરકારશ્રી મોટા ઉદ્યોગોને રાહતો આપે છે, વીજળી, પાણી, જમીન સાવ સસ્તા ભાવે આપે છે આનો બોજો મધ્યમ વર્ગ ઉપર પડે છે અને ટેક્સ વધારી દેવામાં આવે છે. ઉદ્યોગોના ભોગે ગરીબ અને મધ્યમ વર્ગ ઉપર કોઈ બોજો ન પડે એ જોવાની સરકારની ફરજ છે. છતાં આ સરકાર આ બાબતમાં કશું ધ્યાન આપતી નથી. ફક્ત મોટી મોટી જાહેરાત કરીને આનંદ મેળવે છે. એક કહેવત મુજબ •(xxxxxx) એમ મોટા ઉદ્યોગોને સરકાર જલસા કરાવે છે અને ગરીબ જનતાનો જીવ જાય છે.

• (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના નિયમ અનુસાર જિલ્લા કક્ષાની ઑફિસનું મુખ્ય મથક જિલ્લા લેવલે હોવું ખૂબ જરૂરી છે. પરંતુ રાજપીપળા પશ્ચિમ વન વિભાગનું મુખ્ય મથક જિલ્લા બહાર એટલે કે નર્મદા જિલ્લામાં આવેલ છે. રાજપીપળા પશ્ચિમ વન વિભાગના કાર્યક્ષેત્રમાં એક હેકટર પણ જમીન જંગલની નર્મદા જિલ્લામાં આવેલ નથી. જ્યારે એના કાર્યક્ષેત્રમાં ભરૂચ જિલ્લાનો વન વિભાગ આવેલો છે તેથી રાજપીપળા ખાતે મુખ્ય મથક હોવું વહિવટી દ્રષ્ટિએ અનુકૂળ નથી. માનનીય શંકરસિંહજી વાઘેલા સાહેબ ગુજરાત રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે નર્મદા જિલ્લો અમલમાં આવેલ અને રાજપીપળા પશ્ચિમ વન વિભાગનું મુખ્ય મથક જિલ્લા કક્ષાએ એટલે કે ભરૂચ ખાતે ખસેડવા માટે નક્કી થયેલ હતું જેના અનુસંધાને નામદાર કલેકટરશ્રી ભરૂચ દ્વારા તેમના પત્ર નં. ભૂમિ-વશી-૨૯૬૬-૩૧૦૪, તા.૧૮-૧-૨૦૦૦ તથા ભૂમિ-વશી-૪૪૩૨-૩૧૩૯, તા. -૮-૨૦૦૦ થી રાજપીપળા પશ્ચિમ વન વિભાગને મકાન બાંધકામ અર્થે ભરૂચ ખાતે જમીન પણ ફાળવવામાં આવેલ છે. સદરહુ કચેરીનું ભરૂચ ખાતે સ્થળાંતર થાય તો ભરૂચ જિલ્લામાં એક જિલ્લા કક્ષાની ઑફિસ ઉપલબ્ધ થઈ શકે છે અને લોકોને પોતાના કામ અર્થે જિલ્લાની બહાર જવાની તકલીફમાંથી છૂટકારો મળી શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ ભરૂચ અને જંબુસર વચ્ચે જે રોડ આવેલ છે એ અત્યારે ટ્રાફિકના ભારણને કારણે અકસ્માત ઝોન તરીકે ઓળખાય છે. આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને અને સરકારને સત્વરે ફોરલેન્ડ રોડ બનાવવાની કાર્યવાહી કરવા ઘટતું કરવા વિનંતી છે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે અને મને ખૂબ અતિ આનંદની વાત છે કે જે સૌ પ્રથમ ગુજરાત રાજયની સ્થાપના થઈ અને આ દેશની અંદર જેટલા રાજયો છે એની અંદર સૌ પ્રથમ એવા નાણા મંત્રી છે કે તેર તેર વખત લાંબા સમય સુધી બજેટ રજૂ કર્યું હોય એવા નાણા મંત્રી ગુજરાતમાં છે, એમને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પ્રજાભિમુખ અભિગમ અપનાવ્યો રાજયનો સુદઢ અને સર્વાંગી વિકાસ થાય, રાજયમાં શાંતિ અને સલામતી જળવાય, રાજયની સમૃદ્ધિ માટે રાજય સરકાર અવિરત પુરુષાર્થ કરી રહી છે, ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં માત્રને માત્ર જનહિતને કેન્દ્ર સ્થાને રાખી રાજયમાં ગુણાત્મક પરિવર્તન કરીને જન ભાગીદારીથી વિકાસની નવી પદ્ધતિ અપનાવી આર્થિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, આરોગ્ય ક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે વધુને વધુ કાર્યસિધ્ધિઓ મેળવીને એ તરફ આખા દેશનું ધ્યાન દોરાયું હોય એવા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબ જેમણે ગુજરાતના હિત માટે, ગુજરાતની પ્રજા માટે, ગુજરાતના વિકાસ માટે જેમણે પોતાનું યોગદાન આપી અને ગુજરાતને નંબર વન તરફ લઈ જવા માટે જે પ્રયત્નો કર્યો છે અને આખા દેશની અંદર ગુજરાતના મુખ્યમંત્રી 'નંબર એક મુખ્યમંત્રી' તરીકેનું જ્યારે એમને બિરુદ મળ્યું છે ત્યારે ગુજરાતની પ્રજા અને ગુજરાતના મારા મત વિસ્તારના તમામ લોકો વતી હું એમને અભિનંદન પાઠવું છું. દસમી પંચવર્ષીય યોજનામાં સમગ્ર દેશની અંદર આયોજન પંચે નક્કી કર્યુ એ પ્રમાણે વાર્ષિક ઔદ્યોગિક સિદ્ધિના દરમાં રાજયને ૧૦ ટકાનો વૃદ્ધિ દરનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો તેની જગ્યાએ ૧૧.૫ ટકાના લક્ષ્યાંક સામે ગુજરાતે ૧૪ ટકાનો સિદ્ધ કરવાનો પડકાર સ્વીકારી ગુજરાતમાં નવા ઉદ્યોગો સ્થાપવા જઈ રહ્યા છીએ તેથી માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને નંબર-વનનું બિરુદ મળ્યું છે. બે દિવસ પહેલાં સામી પાટલીવાળા બધા સભ્યશ્રીઓ બોલતા હતા કે ગુજરાતના મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે એ કયા કારણસર બન્યા છે એના માટે હું થોડાક ઉદાહરણો આપીશ. "આપણું ગુજરાત, આગવું ગુજરાત" "સેવામાં અને સિદ્ધિમાં પ્રથમ એવું ગુજરાત", એટલે મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. આખા દેશની અંદર ગુજરાતને ગૌરવ અપાવનારા મુખ્યમંત્રી એટલે મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. સર્વાંગી વિકાસ, ગ્રામ વિકાસનો સંપૂર્ણ વ્યૂહ અમલમાં મૂકનાર એકમાત્ર ગુજરાત એવું રાજય છે એટલે મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. ગોકુલ ગ્રામ યોજના, સમરસ ગ્રામ પંચાયતો કરવાનો નિર્ધાર, જે ગામ સમરસ બને એને એક લાખ રૂપિયા આપીને ગામનો વિકાસ થાય એટલા માટે મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. ઘણા વર્ષોસુધી ગ્રામ સભાઓનું આયોજન કરવામાં નહોતું આવતું અને ગામે ગામ ગ્રામસભાની અંદર જે કોઈ ગામની અંદર સુવિધાઓનો અભાવ હોય એના ગ્રામ પંચાયતની અંદર ઠરાવો કરીને, એનો વિકાસ કરવા માટે સૌ પ્રથમ જો કોઈ આ દેશની અંદર પગલું ભર્યુ હોય તો એ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે કર્યુ છે અને એ કારણે મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. પંચવર્ષીય યોજનાઓ હોય, આનંદ-પ્રમોદ માટેની જગ્યાઓ માટે સૌ પ્રથમ જેમણે કોઈએ કામ ના કર્યુ હોય એવા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે,આ યોજનાઓ લાવીને જે કામ કર્યુ છે એટલા માટે મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. વીસ મુદ્દા કાર્યક્રમના અમલની અંદર છેલ્લાં પાંચ વર્ષની અંદર જેમણે પ્રથમ વખત આખા દેશમાં રહ્યા હોય એવા ગુજરાતના વિકાસની અંદર કામ કર્યુ છે એવા કારણે પણ આપણા મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. અગાઉની જે સરકારો હતી એમાં મોટાભાગના શહેરોની અંદર અને ગામડાની અંદર પીવાનું પાણી નહોતું મળતું એની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આવ્યા પછી ચાર વર્ષની અંદર ૧૪૯૫ કિલોમીટર લાંબી પાઈપ લાઈન નાંખી છે અને હાલમાં ૧૫૭ કિલોમીટરની પાઈપ લાઈન નાંખવા માટે અને શુદ્ધ અને ફ્લૉરાઇડ વગરનું પીવાનું પાણી ગુજરાતની જનતાને આપવા માટેનું કામ કરનાર મુખ્યમંત્રી હોય તો એ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી છે અને એના કારણે મુખ્યમંત્રી નંબર-વન બન્યા છે. જેમણે સૌરાષ્ટ્રની અંદર ૧૭ નદીઓ પર આડા બંધ બાંધીને ગુજરાતની પ્રજાને ફ્લૉરાઇડ અને નાઇટ્રોજન વગરનું પાણી આપવા માટેનું કામ કર્યુ હોય, એવી ગુજરાતની સૂકીભઠ્ઠ નદીઓ જે કોંગ્રેસના વખતમાં પડી હતી ત્યારે તેમને ન સૂઝયું કે

આ નદીઓને આપણે બાંધીને એની અંદર પાણી વહેવડાવીએ પણ માનનીય નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં આવવાથી ગુજરાતની નદીઓને આંતર નદીઓ સાથે જોડીને અને નર્મદાની મુખ્ય નહેર દ્વારા દસ મોટી નદીઓની અંદર સુજલામ્-સુફલામ્ યોજનાની અંદર ૧૭ નદીઓની અંદર પાણી નાંખીને અને ગુજરાતના તમામ ખેડૂતોને પાણી પૂરું પાડવા માટે, પીવાનું પાણી આપવા માટે જે કામ કર્યુ છે એના માટે મુખ્યમંત્રી નંબર-વન છે. પીવાના પાણી માટે છેલ્લાં પચાસ વર્ષની અંદર કોઈપણ વ્યવસ્થા થઈ શકી નહોતી. મને યાદ છે ત્યાં સુધી માનનીય નાણામંત્રી જે વિસ્તારમાંથી આવે છે એ રાજકોટની અંદર, તે વખતમાં આ વિસ્તારમાંથી ચૂંટાઈને આવતા મનોહરસિંહજી જાડેજા જ્યારે આ સરકારની અંદર બેસતા હતા ત્યારે રાજકોટ અને સૌરાષ્ટ્રને પાણી પૂરું પાડવા માટે ટ્રેનોમાં પાણી પૂરું પાડવામાં આવતું હતું. એ આ દેશની અને ગુજરાતની કેટલી કમનસીબી હતી એ આપ પણ સારી રીતે જોઈ શકો છો અને વિચારી શકો છો એના માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જૂથ પાણી પુરવઠા યોજનાઓ બનાવી અને એ યોજનાઓ મારફતે ગુજરાતના તમામ નાગરિકોને શુદ્ધ પાણી, ફ્લૉરાઇડ વગરનું પાણી મળે અને ગુજરાતના માણસોનું આરોગ્ય નીરોગી બને એના માટેની વ્યવસ્થા કરી છે એવા મુખ્યમંત્રી નંબર-વન છે.

કૃષિ ઉત્પાદન ક્ષેત્રે ૨૦૦૧ની અંદર ગુજરાતનું કૃષિ ઉત્પાદન ૯૦૦૦ કરોડ રૂપિયાનું હતું એની જગ્યાએ ૨૦૦૬-૦૭ની અંદર રૂપિયા ૩૪,૦૦૦ કરોડનું વિક્રમજનક ઉત્પાદન થયું છે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટ, એકજ મિનિટ, મારે બોલવાનું હજી ઘણુ બધું બાકી છે. હું ઘણી તૈયારી કરીને આવ્યો છું. હું કોઈ ટીકાટીપ્પણ કરતો નથી. ખેડૂતોના માલ વેચાણ માટે કોઈ સ્થળ નહોતું તેનું કોઈ અસ્તિત્વ નહોતું ત્યારે.. **ગુજરાતના મુખ્યમંત્રી મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતની ડુંગળી, કેરી, શાકભાજી માટે ત્રણ એગ્રીકલ્ચર એકસપર્ટ ઝોનની સ્થાપના કરવામાં આવી છે એવા મુખ્યમંત્રી નંબર વન છે. ગુજરાતની અંદર જ્યારે પછાત અને આદિવાસી વિસ્તાર માટે દશ નવી કૉલેજો સ્થાપવા માટેનું આયોજન કોઈએ કર્યુ હોય તો માનનીય નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હોય ત્યારે માનનીય મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીને મારે અભિનંદન આપવાં જોઈએ.**

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ નાણામંત્રીશ્રી વંચિતોની વિકાસ યાત્રાને સફળ કરનારું આ જે બજેટ લઈને આવ્યાં છે તેમને હું અભિનંદન આપવા માટે અને મારી અંદાજપત્ર ઉપરની ચર્ચા કરવા માટે ઉપસ્થિત થયો છું. આ રાજયના વિકાસ, આ રાજયમાં વસતો કોઈ પણ નાગરિક તે લોકશાહીના ફળ ભોગવે તેના માટેના આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે પ્રયત્નો કર્યા છે અને તે પ્રયત્નમાં હમણાં અમારા મુખ્યમંત્રીશ્રીએ ગયા વખતે નિર્મળ ગુજરાતની જાહેરાત કરી અને નિર્મળ ગુજરાતમાં જ્યારે આ વાતની જાહેરાત થઈ ત્યારે કોંગ્રેસના મિત્રો કહેતાં અગાઉ વિરોધ પક્ષના નેતાશ્રી પણ કહી ગયા કે આ સરકાર• (ઢંગ ધડા વગરની અને આ ઢંગ ધડા વગરની) કોંગ્રેસને નિર્મળ ગુજરાત વિશે એક પણ રૂપિયા ભાર ગમ નથી અને તેના માટે...

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, (ઢંગ ધડા વગરનો ) શબ્દ પ્રયોગ કરે છે.

**અધ્યક્ષશ્રી** : તે શબ્દ અહીંયાથી વપરાયો છે અને તે જ ફરી વપરાય છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, પરંપરા ઉભી થઈ જશે.

**અધ્યક્ષશ્રી :** હું તે જ કહું છું આજ સવારે જ વપરાયો હતો. મેં પહેલાં પણ કહ્યું છે જે શબ્દો અહીંયાથી વપરાય છે તે અહીંયાથી વપરાશે તો આપણું ગૌરવ વધશે? આટલો વિચાર કરીએ. અને તેઓએ વાપર્યો ત્યારે તેનો જવાબ પણ આપ્યો છે. હું આપને વિનંતી કરું છું કે આપ આપની શૈલીને વધારે સરસ વિકસાવીને વાત કરો તો વધારે સારું લાગશે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ આ અસંસદીય બાબતોનો ઉલ્લેખ કરીને કહ્યું એટલે મેં વાપર્યો છે, પાછા ખેંચી લઉં છું. નિર્મળ ગુજરાતમાં ગયા ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૧૬૮ કરોડની જોગવાઈ કરેલી તેની સામે આ વર્ષના બજેટમાં ૫૫ ટકા જેટલો વધારો કરી ૨૬૧ કરોડની જોગવાઈ જે કરી છે તેમાં રાજયના મુખ્યમંત્રીશ્રીની જે મેઈન ચિંતા છે કે જ્યારે ચોમાસાની ઋતુ બેસવાની વેળા આવે અને આ રાજયનો આરોગ્ય વિભાગ અને તમામ વિભાગના કર્મચારીઓ આ ચોમાસું પાર કરવા માટે એટલા બધા ચિંતાતુર હોય કારણકે જેમ બિહારમાં, યુ.પી.માં સ્થિતિ થઈ તે સ્થિતિ ગુજરાતમાં નિર્માણ ના થાય અને રેકોર્ડ કદાચ કોંગ્રેસના મિત્રો જોઈ લે આ દેશના સર્વ રાષ્ટ્રોમાં તે ગુજરાત એવું રાષ્ટ્ર છે કે જેમાં માનવ જીવન પણ ઉંચુ હોય. જેનો રાજકીય વ્યવહાર પણ ઉંચો હોય એવું આ એક જ સ્ટેટ ગુજરાત છે અને આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ નિર્મળ ગુજરાતમાં હર પંચાયતોને ઈનામ આપવાથી લઈને કેન્દ્ર સરકારે જે જાહેરાત કરી છે, તેમાં કેન્દ્રમાં કોંગ્રેસના મિત્રોની વગ છે. પૂછી લેજો. રેકર્ડ ઉપર કે આ નિર્મળ ગુજરાતનો જે મુદ્દો છે એવી રીતે સત્તા અભિયાનની અંદર પૂરા દેશમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે અને એટલા માટે આ યોજનામાં મોટામાં મોટો લાભ મહિલાઓને થવાનો છે. હું મારા પોતાના ગામની વાત કરું. બી.પી.એલ અને એ.પી.એલ.કુટુંબમાં એકે એક લાભાર્થીને ખાડા ખોદાવીને માલ-સામાન પહોંચાડી ૧૨૦૦ રૂપિયાની મર્યાદામાં. શરૂઆતમાં લોકોએ પ્રશ્ન કર્યો કે આ યોજનાથી આપણને શું લાભ? આ યોજનાથી આ રાજયની મા-દીકરી, માનનીય અધ્યક્ષશ્રી, અમે જયારે ઘરે જતા હોઈએ અને સાંધ્યકાળ

•(   ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

થયો હોય, પછી એ દહેગામનો રસ્તો હોય કે કઠલાલનો રસ્તો હોય, ત્યારે જુવાનજોધ દીકરી કે એ ગામની વહુ એ ચંબૂડો સાચવીને અંધારું પડવાની રાહ જોતી હોય. આ લાંછનરૂપ કલંક દૂર કરવા માટે નિર્મળ ગુજરાત માટે આ રાજયના મુખ્યમંત્રીએ એટલો રસ દાખવ્યો છે કે ૫૫ ટકાનો વધારો કરી આ રાજયને દેશમાં પ્રથમ આવવા માટે મહત્વનું પગલું ભરેલ છે.

શિક્ષણની વાત કરીએ તો હમણાં ઘણા મિત્રો કહેતા હતા કે આ બજેટ એ દિશા વિહિન બજેટ છે. આવું છે, તેવું છે. મને કહેતાં આનંદ થાય છે કે આ રાજયમાં શિક્ષણની ક્રાંતિ લાવવા માટે પહેલા પણ સરકારો હતી. એમાં પણ આ જ કર્મચારીઓ હતા. આ જ જનતા હતી. ગુજરાતની આ જનતાએ આ ચૂંટણીમાં રીઝલ્ટ આપી દીધું. આ એક ઈતિહાસ છે. ગુજરાતના શાસનમાં કેટલાયે ઈલેકશન આવ્યા. એ બધા ઈલેકશનો માધ્યમોને કારણે લડાયા હતા. આ ઈલેકશન એક એવું આવ્યું કે આમાં માત્ર આ રાજયના મુખ્યમંત્રીની મહેનત અને આ મુખ્યમંત્રીની વહીવટ કરવાની રીત છે એના કારણે, તમે અમારા ઉછીના લીધેલા, તોયે આ રાજયની જનતાએ ૧૧૭ ધારાસભ્યોને બહુમતિ આપીને આ ગૃહમાં મોકલી આપ્યા છે. હમણા કહેતા હતા કે મુખ્યમંત્રીના નામને આગળ ધરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ફાગવેલના મંદિરમાં પૂજા ભાથીજીની થાય, રાઠોડોની થતી નથી. એમ ગુજરાતમાં સાડા પાંચ કરોડની જનતા વસે છે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મને ૫ મિનિટ આપો. મારાં બે સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : I am sorry. આપના દંડકને કહો. આપને જે સમય ફાળવવામાં આવ્યો છે, એ પૂરો આપ્યો છે. આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ઈશ્વરભાઈ વહીઆ.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અહીંયા બજેટ લઈને આવ્યા છે, તેમાં મારું મંતવ્ય રજૂ કરવા ઉભો થયો છું. બંધારણને પણ ઉવેખીને શિક્ષણ ઉપર કઠોર કૃપા કરી હોય એવું આપણી સામે રજૂ થયેલ બજેટ છે. આદિવાસીઓના બાળકો ભણી ન શકે એવા એક એક કાયદા એમણે બનાવ્યા છે. ગામડાની શાળાઓ જે છે, જયાં આદિવાસીઓના બાળકો ભણે છે, ત્યાં શિક્ષકો નથી અને એકબાજુ દુનિયાની હરોળમાં આપણે શિક્ષણની તરાહ રજૂ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. દુનિયાની તરાહનું શિક્ષણ દાખલ કરવું હોય ત્યારે ગામડાના અને આદિવાસીઓના બાળકોને શિક્ષણ આપવાની સરકારી જવાબદારી છે. બંધારણે બક્ષેલી જોગવાઈઓ પ્રમાણે શિક્ષણ આપવાની સરકારની જવાબદારી છે. આપસૌને યાદ દેવાડવું કે ગામડાની આદિવાસી પટ્ટીમાં એક શિક્ષકની પાસે સાત સાત ધોરણ છે. એકબાજુ આપણે એમ કહીએ છીએ કે દુનિયાની હરોળમાં આપણે જવું છે. એકબાજુ આપણે કહીએ છીએ કે દુનિયામાં આપણે નરેન્દ્રભાઈ મોદીની હરિફાઈ કરાવવી છે. એટલા માટે હું યાદ દેવડાવું છું કે હજુ પણ ગામડાની શાળાઓમાં ખાનગીકરણ કરવાને કારણે જે શિક્ષણ ઉપર ભયંકર અસર થઈ છે. આપસૌ એને સંખ્યા આધારિત શિક્ષકો આપવાની જોગવાઈ છે, એને કારણે સાત ધોરણમાં એક શિક્ષક ભણાવે છે. કારણ કે સંખ્યા ઘટે છે, એને કારણે મોટી અસર થાય છે.

એના કરતાં પણ આગળ વધીએ તો આદિવાસી, નામ આદિવાસી જ રહેવા દો. આદિવાસી એટલે મૂળ નિવાસી. રહેનાર માણસ. એ અર્થ છે. પછી વનવાસી બનાવ્યા. પછી વનબંધુ બનાવ્યા. એટલે નામ ફેરવવાને લીધે ગોટાળામાં ન લઈ જાઓ. અમને શંકા છે કે આદિવાસી બેનર ઉપર જે યોજનાઓ મળતી હતી એમાં વનવાસી દાખલ થયા. વનમાં આવનાર માણસ પણ હિસ્સેદાર થયો, એવી શંકા થાય છે. ૧૩-૧૩ વખત બજેટ રજૂ કરવા માટે જયારે એમની પીઠ થાબડતા હોય ત્યારે ૧૩ વર્ષ પછી એનું વિશ્લેષણ કરતી વખતે શું નજરે આવે છે કે ગરીબ અને આદિવાસી માણસ એ વધારે ગરીબ બની ગયો છે અને બીજા માણસો પૈસાદાર બની ગયા છે. બન્ને વચ્ચેનો વાસ્ટ ડિફરન્સ છે એવું ભયાનક સ્વરૂપ ધારણ કર્યુ છે. આ બજેટનું આટલાં વર્ષો પછીનું વિશ્લેષણ નીકળે છે અને એમ કહેતા હતા કે અમે આટલા ચેકડેમ બાંધ્યા, અમે આટલી તલાવડીઓ કરી, અમે આટલાં તળાવો ઉંડાં કર્યા. તો અમારા દક્ષિણ ગુજરાતના વોટર ટેબલનો ઈતિહાસ તપાસ કરી જુઓ તો દરવર્ષે એનાં પાણીનાં તળ નીચાં જતાં જાય છે એવા સંજોગોમાં ચેકડેમ બનાવ્યા એ કયાં અને તલાવડીઓ બનાવી અને તળાવો ઉંડાં કર્યા એનું શું થયું એ આપણી પાસે પ્રશ્ન છે. એમ પણ કહેવાયું છે કે અમે એકપણ ઓવર ડ્રાફ્ટ લીધા વિના બજેટ લઈને આવ્યા છીએ એમ કહીને બહુ પીઠ થાબડી છે. તો આ ઓવર ડ્રાફ્ટ લીધો નથી એ વાત સાચી છે, એના પૈસા કયાંથી આવ્યા? તો આ ગુજરાતનો ખેડૂત છે. એના ઉપર એનું ભારણ વધારીને એ પૈસા તમે મેળવ્યા છે. એ ખમી ના શકે એટલું ભારણ એની ઉપર તમે ઉભું કર્યુ છે. એમની પાસેથી ૧ હજાર કરોડ કરતાં વધારે ટેકસ લેવાય છે. ૭ પૈસામાં જે નકલો મળતી હતી એના ૧૫ રૂપિયા કરીને એની કમર તોડી નાંખી છે અને એ પાછી નકલો તાલુકા મથકે લેવા જવાની અને એના કારણે ખેડૂત ઉપર ભયંકર ભારણ ઉભું કર્યુ છે. સિંચાઈ દર વધારવામાં આવ્યા છે અને એન.એ. થયેલ જમીન ઉપર વધારીને ૩૦૦ ટકા કરીને ખેડૂત ઉપર એનું ભારણ કર્યુ છે, એ ખેડૂતોને ભાંગી નાખ્યા છે. આટલું ઓછું હોય તેમ વીજળીના ભાવ વધાર્યા અને એક સભ્યશ્રી કહેતા હતા કે ૮ કલાક વીજળી આપવામાં આવે છે એ બરાબર છે. તો આ આઘાત લાગે તેવી વાત કરવામાં આવે છે અને એક બાજુ એમ કહેવામાં આવે છે કે અમે કહીએ એ કરીએ છીએ. તો બતાવો તમે શું કરો છો? તમારી સામે હોય તો બતાવો કે અમે કહીએ છીએ એ કરીએ છીએ.તમે ચૂંટણી ઢંઢેરામાં બોલ્યા છો એ કર્યુ નથી અને જે કર્યુ છે એ બોલ્યા નથી. આ એક તમારો ઈતિહાસ છે. તમે જયારે જયારે ચૂંટણી ઢંઢેરા બહાર પાડો છો ત્યારે એને કેન્દ્રમાં રાખીને પ્રજા સમક્ષ જાઓ છો ત્યારે એ ભૂલીને બીજો ચૂંટણી ઢંઢેરો બહાર પાડો છો, એટલું જ નહીં, પરંતુ વનબંધુ યોજના

જયારે એક પણ પૈસાની જોગવાઈ કર્યા વિના જાહેર કરી, એટલું જ નહીં, પરંતુ જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી એના પ્રચાર માટે ઓછા પડયા ત્યારે ત્યારે એનાં મહોરાં ઉભાં કરીને આખા ગામમમાં મોહરા લઈને વનબંધુ' 'વનબંધ' વનબંધુ એવો મારો ચલાવ્યો અને એક લાગણી ઉભી કરી એના કારણે તમને મતો મળ્યા અને એના કારણે તમને સત્તા મળી છે. તો લાગણીના કેટલાક મતો હોઈ શકે છે, લાગણીના કારણે ૫ ટકા મતો પ્લસ કરી શકો તો સત્તા મળે છે અને જે સત્તા મળ્યા પછી જે પરિણામ ૧૦ વર્ષ આંકો છો ત્યારે એનું પરિણામ આવે છે, એટલું ઓછું હોય તેમ જયારે અમારા વનબંધુની વાત કરે છે ત્યારે મને શંકા જાય છે કે જે પાણીની ટાંકીઓ બાંધી અને એમાં પાણી નથી, ભ્રષ્ટાચારનું માપ નથી, ચેકડેમોમાં પાણી નથી અને જે વોટર ટેબલનો રિપોર્ટ છે એ આપ જોઈ શકો છો કે દર વર્ષે પાણીનું ટેબલ નીચું જાય છે. એનાં પરિણામ તમારી સામે આવે છે. એ રાજકીય વાતનો આંક આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌને વિનંતી છે કે આ બજેટ દેખાવે ખૂબ સારું છે, પરંતુ અમારી આદિવાસી પ્રજા અને ખેડૂત લોકાના વિરોધમાં આ બજેટ છે. એટલે એમાં હું સંમત નથી, એટલું જ નહીં, પરંતુ ૧૦ વર્ષના વિશ્લેષણ પછી એમાં ગરીબ માણસો માટની કોઈ આશા એમને એમાં દેખાતી નથી.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી ૪૦-૪૫ વર્ષની રાજકીય કારકીર્દીમાં પહેલી વખત વહીવટી ક્ષેત્રમાં આવ્યો છું. મેં અત્યારસુધી સંગઠનનું કામ કર્યુ છે. માનનીય નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યુ છે એના સમર્થન માટે હું ઉભો થયો છું. અમારા વિરોધપક્ષના ભાઈઓમાં જુસ્સો વધારે અને વિશ્વાસ ઓછો છે. વાતો બધી કરે છે, પરંતુ જમીન ઉપર ઉભા રહીને વાતો કરે તો વધારે સારું. હું તો ફકત એટલું જ કહીશ કે હું કોઈ શાયર નથી, પણ ગુજરાતના લોકોની પણ એક કોઈ કહાની છે, તેઓ જાણે છે, ભાજપની સરકારની દુનિયા પણ સુહાની છે, અમસ્તો નથી થતો ભાજપનો વિજય, જરૂર તે પણ લોકોના પ્રેમની નિશાની છે. આ મિત્રો એટલું તો સમજે, એમ કહે છે કે પતંગોત્સવ કરે છે, નવરાત્રિ મહોત્સવ કરે છે, મિત્રો આપ ચૂંટણીમાં ઉભા રહો છો ત્યારે પ્રચાર કરો છો? પેપરમાં જાહેર ખબર આપો છો? ગુજરાતમાં ઉદ્યોગોનું મૂડી રોકાણ જે થયું છે તે આખા ભારતમાં પહેલા નંબર ઉપર છે. પહેલો નંબર તો ગુજરાતને ફાવી ગયો છે, પરંતુ તેની વિશેષતા એ છે કે આ પહેલો નંબર એ બીજો, ત્રીજો અને ચોથા નંબર છે તે ત્રણેનો સરવાળો થાય તેના કરતાં પણ વધારે છે. આ બજેટની જે વિશેષતા છે એ ૧૮૦૦૦ ગામડાંમાં વીજળી પહોંચી તે છે, કોમ્યુનીસ્ટ પાર્ટીના એમ.પી. ગુજરાતમાં આવીને એમ કહે છે પોલીટ બ્યુરોમાં, કે વીજળી પહોંચાડવી હોય તો ગુજરાતની રીતે કામ કરતા શીખો, આ બજેટમાં એક નવીનતા એ છે કે પાંચ વર્ષમાં આ ૧૮ હજાર ગામડાંના ઘરોમાં વીજળી પહોંચાડવાની યોજના લઈને આવ્યા છીએ. અને એમાં દરેક પરિવાર, ગરીબ પરિવારને લગભગ મફત કનેકશન આપવાની વાત લઈને આવ્યા છીએ. આ બજેટની વિશિષ્ટતા છે. આ વિશિષ્ટતાને જો આપણે આ રીતે આવકારીશું નહીં તો ભવિષ્યની પેઢી આપને માફ નથી કરવાની. સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદની વાત કરીએ, મુંબઈમાં ફાઈવ સ્ટાર હોટેલમાં ફૂડ ફેસ્ટીવલ થાય છે. ત્યારે તેઓ પોતાની આઈટેમોની જાહેરાત કરે છે. એક હોટેલે જાહેરાત કરી કે તૈમૂરલંગે ભારત ઉપર આક્રમણ કરી આ દેશના માણસોની કતલ કરી, પરંતુ બિરિયાનીની ભેટ આપી ગયો. રાષ્ટ્રવાદી મુંબઈના તંત્રીએ તેના વિરોધમાં લેખ લખ્યો અને એ જાહેરાત કરી હતી તે જાહેરાત પાછી ખેંચવા માટે મજબૂર કરવામાં આવ્યા. આ રાષ્ટ્રવાદની નીતિ ઉપર આજે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માનું ૧૫૦ એકરની અંદર કચ્છ માંડવીમાં આપણે ક્રાંતિ તીર્થ ઉભું કરી રહ્યા છીએ. આ બજેટની વિશિષ્ટતા છે. આ બજેટની વિશિષ્ટતા જોઈએ તો હું એમ કહીશ કે મહિલાઓને અગ્રિમતા, યુવા, વિધવાઓને પેન્શન યોજના, આપ સૌ જાણો છો કે આંગણવાડીમાં કાર્યકર અને તેડાગર બહેનોને માનદ વેતનમાં ૫૦૦ કે ૨૫૦ રૂપિયાનો વધારો, તેને કાયમી ધોરણે ભવિષ્યનિધિનો લાભ આપવામાં આવ્યો છે. આ એક બજેટની વિશિષ્ટતા આ ભાઈઓને નજરમાં કેમ નથી આવતી? આપણે હંમેશા એટલું ધ્યાન રાખવું જોઈએ કે આપણે ગુજરાતને માટે કામ કરી રહ્યા હોઈએ ત્યારે ગુજરાતના વિકાસને અગ્રિમતા આપવી જોઈએ. હું એટલું જ કહીશ કે સાગરકો કોઈ સૂકા નહીં શકતા, પહાડકો કોઈ હિલા નહીં શકતા, ઔર ગુજરાતકે વિકાસ કો કોઈ રોક નહીં લગા શકતા. મારા મિત્રોને એટલી વાત કરીશ કે તમારી એક મીઠી નજર કોઈનામાં પ્રેમ ઉભો કરે છે. તમારું એક સ્મીત કોઈના સ્પંદન વધારી શકે છે.આ બજેટને તમારું સમર્થન ગુજરાતની જનતાનું ભલું કરતું થશે. આપ સૌએ સમર્થન આપી સૌએ એક રાગ બતાવવાની જરૂર છે હવે આ સમય પાકી ગયો છે કે ગુજરાતના વિકાસ માટે આપના વિચારો અલગ હોઈ શકે પરંતુ ગુજરાતના દરેક વિકાસ કાર્યને આપે સમર્થન આપવું જ જોઈએ. હું એટલું જ કહીશ કે ખામીઓ જોવા જઈએ તો ઘ ણી ખામીઓ નીકળે છે. પરંતુ તેના ઉપાયોનો વિચાર કરો. હું આ તબક્કે એટલું જ કહીશ કે બજૅટમાં વેરા જે કંઈ હશે એને સમર્થન આપીને આ વિકાસના દોરને આગળ વધારવાના કામમાં આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે એક થાય અમે સૌ સભ્યશ્રીઓને વિશ્વાસ આપવા માગીએ છીએ. હવે પછી આપણે આ કાર્યને બિરદાવીને આગળ વધીએ તેટલી વાત કરીને વિરમું છું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સૌથી વધારે વખત અંદાજપત્રો રજૂ કરવાનો અત્યાર સુધી જેના નામે રૅકૉર્ડ છે તેવા ૧૩માં અંદાજપત્રને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું અને માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબને મારા લાખ લાખ અભિનંદન પાઠવું છું.

ગુજરાતની ચૂંટણીમાં વિકાસનો મુદ્દો નિર્ણાયક બન્યો છે. આપ નાણામંત્રીશ્રીના પ્રવચનની ભાગમાળા જોશો તો ૪૭ હજાર કરોડ નિર્ધારીત પંચવર્ષીય યોજના સામે આ સરકારે ૪૯૪૧૫ કરોડ રૂપિયા ખર્ચીને ૧૦૫ ટકા જેટલો લક્ષ્યાંક હાંસલ કર્યો છે એ બદલ સરકારને અભિનંદન આપવા જ રહ્યા. સાથે સાથે ૨૦૦૨-૨૦૦૩ની મહેસૂલી આવક રૂપિયા ૧૭૮૭૫ કરોડ રૂપિયા હતી તે વધારીને ૨૦૦૮-૨૦૦૯માં ૩૮૨૭૮ કરોડ રૂપિયા થશે એ બદલ હું આ રાજય સરકારને અને માનનીય નાણામંત્રીશ્રીને મારા લાખ લાખ અભિનંદન આપું છું.

મને કહેવાનું મન થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ સહિયારા પુરુષાર્થ અને પ્રગતિના પાંચ વર્ષ એટલે મૂલ્ય નિષ્ઠ જાહેર જીવન માટે ગુજરાતનો સમગ્ર દેશને સંદેશો. સત્તા નહિ સેવાનો અભિગમ, અધિકાર નહિ કર્તવ્યની ભાવના, સફળતા નહિ સંતોષનો આનંદ, સમૃદ્ધિ સાથે સંસ્કારની સુવાસ,વિકાસ પ્રક્રિયાને જન ભાગીદારીનો માર્ગ, રાષ્ટ્ર નિર્માણમાં પ્રથમ, ગુજરાતે જે કહ્યું તે કર્યુ છે. આ રહ્યું અમારું લોકસેવાનું સરવૈયું.

વિરોધપક્ષ તરફથી હમણાં જે આક્ષેપો થઈ રહ્યા હતા હું ગામડાંમાં જન્મેલો છુ અને ખેડૂતના દીકરા તરીકે વાત કરું તો ગામડાંમાં વીજળીની રામાયણ ખૂબ જ હતી. વીજળી મળતી જ નહોતી. તાલુકામાં ૬૬ કે.વી.નું સબ સ્ટેશન ફક્ત એકજ હતું. ૩૦-૩૦, ૩૫-૩૫ કિલોમીટરના બદલે ૬૦-૬૦ કિલોમીટરના અંતરે ફિડર હતા. પરંતુ અત્યારે મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને સરકાર આવ્યા પછી માનનીય ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ઐતિહાસિક નિર્ણયો લીધા અને એ નિર્ણયોને કારણે ગુજરાતના ૧૮ હજાર ગામડાંની અંદર જ્યોતિ ગ્રામ યોજના નીચે વીજળીના દીવા જળહળી રહ્યા છે. માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓને મારે જવાબ આપવો છે તેઓ તેમના પ્રવચનમાં વાત કરી રહ્યા હતા કે આ સરકાર શહેરના લોકો માટે જ છે એની જ ચિંતા કરે છે. પરંતુ તમે વાંચી જાજો ગુજરાતના અઢારે અઢાર હજાર ગામડાંમાં તથા ૯૭૦૦ જેટલા પરાઓને જળહળતા કર્યા છે ત્યારે હું માનનીય ઊર્જા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ટોપલામાં તેલ લઈને નીકળી પડો, પાણીની વચ્ચે પણ રસ્તો થઈ શકે. આવી વાત આપણે કરી રહ્યા છીએ. કૃષ્ણ ભગવાનને વાસુદેવજી ટોપલામાં લઈને નીકળ્યા અને કૃષ્ણ ભગવાનનો અંગૂઠો યમુના નદીના પાણીમાં અડ્યો હતો એના લીધે નદીના પાણીમાં પણ માર્ગ થઈ ગયો. એવો સરસ માર્ગ લઈને નીકળ્યા છીએ ત્યારે ગુજરાત સરકારને લાખ લાખ અભિનંદન આપું છું. હું ખેડૂત છું એટલા માટે ખેડૂતની વાત કરી રહ્યો છું. ખેડૂત બિન ખેડૂત બનતો પહેલાની સરકારમાં ૩૦ દિવસમાં ખેડૂતને બિન ખેડૂત બનતો અટકાવવામાં આવતો. આજે અમારી સરકારે ૬૦ દિવસ કર્યા છે ત્યારે મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગુજરાતમાં સાંથણીની જમીનો અનેક વખત અપાઈ છે અને અપાતી રહેશે. અમારી સરકારમાં સાંથણીની જમીનોમાં સુરેન્દ્રનગર જિલ્લાનું રણોલ ગામ, એ રણોલ ગામમાં ૨૪૭૫ વ્યકિતઓને એક જ સાથે ૨૪૭૫ એકર જમીન અને સરહદે લડતા સૈનિકોના ૧૧૯ કુટુંબોનો સમાવેશ થતો હતો. એવા વખતે મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતમાં રેકૉર્ડ બ્રેક કરીને ૨૪૭૫ એકર જમીન સાંથણીમાં આપવાનો વિશ્વવિક્રમ આ ગુજરાત સરકારે કર્યો છે. સુરતમાં જ્યારે પુર આવે, સુરતના પુરની જ્યારે માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ વાતો કરતા હોય છે ત્યારે સરકારના વરિષ્ઠ અધિકારી રાવસાહેબની આગેવાની નીચે ૩૦૦ ઑફિસરોની ટીમ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ સતત ૧૦ દિવસ સુધી કારસેવા કરીને સુરતને બેઠું કરવાનો મહત્ત્વનો ભાગ ભજવ્યો ત્યારે આવી સરસ મજાની કામગીરી કરી હોય ત્યારે આ સરકારને આપણે બિરદાવવી જ પડે. બે દિવસ પહેલાં વિરોધપક્ષના માનનીય નેતાશ્રી કહી રહ્યા હતા કે માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે સુધારાઓ લઈને આવ્યા છે તે સુધારા માટે મારે એક જ કહેવું છે કે નવી શરતમાંથી જૂની શરતમાં ખેડૂતોની જે જમીનો ફેરવાતી હતી તે વખતે ૬૦ પટની રકમ લેવામાં આવતી હતી. આ ૬૦ પટની રકમ એક ઝાટકે નાબૂદ કરીને આ સરકારે મફતમાં ખેડૂતોનો એક પણ રૂપિયો લીધા વગર નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાનો ઐતિહાસિક નિર્ણય કરેલો છે. મારી છેલ્લી વાત કહીને મારી વાત પૂરી કરું.

સમતા ત્યાગ કે પથ પર, હમકો આગે બઢના હૈ.
ઘરમેં અપને જો હૈ અંધેરા ઉસકો દૂર ભગાના હૈ.
કર્મયોગ કા સંદેશ ભીમકા પથ પર ઉસકે જાના હૈ.
પંચશીલ કે પંચ તત્ત્વ પર નયા જીવન બનાના હૈ.
નયા જીવન બનાના હૈ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાથે માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને લાખ લાખ અભિનંદન આપું છું.

**ધીરૂભાઈ ચુ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી ૨૦૦૮-૦૯નું અંદાજપત્ર લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. બે દિવસથી ચર્ચાઓ ચાલે છે. તેમાં ઘણી ટિપ્પણીઓ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો થઈ છે. હું મારા મતવિસ્તારનો જ્યારે પ્રશ્ન કહું છું. નર્મદા કેનાલની ઘણી બધી વાતો થઈ છે કે કચ્છમાં પાણી ગયું. માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં મુખ્ય કેનાલ પસાર થાય છે. એ કેનાલ પસાર થાય છે પણ નસવાડી તાલુકાને પીવાના પાણી માટે ઉપયોગ પણ એ કેનાલમાંથી થઈ શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ વિચારું છું કે નર્મદાના અસરગ્રસ્તો વિસ્થાપિતો છે. એ મારા નસવાડી તાલુકાના પૂર્વ વિભાગમાં ૫૭ વિસ્થાપિતો વસેલા છે. એ વિસ્થાપિતોને આજે પીવાના પાણીની પણ મુશ્કેલી પડે છે. તેની સિંચાઈની વાત તો બાજુ પર રહેવાની પણ જ્યારે આ વિસ્થાપિતો છે, જેણે નર્મદા કેનાલ માટે ભોગ આપ્યો

છે. એ વિસ્થાપિતોને પણ જો પીવાના પાણી માટે મુશ્કેલી પડતી હોય તો જ્યારે અહીં પીવાના પાણીની વાત થતી હોય ત્યારે આ વિસ્થાપિતોને પાણી આપવામાં હું માનતો હતો કે આ બજેટમાં નાણામંત્રી સાહેબ ઘણાં હોંશિયાર છે. એટલે મને એવું લાગતું હતું કે આ વખતે મારા વિસ્તારના વિસ્થાપિતોનું થોડું લેશે. પણ કદીક સાહેબને યાદ ન હોય એટલા માટે મારા સૂચનો મંત્રી સાહેબને કહેવા માગું છું.

સિંચાઈ માટેની જ્યારે બીજી વાત થઈ, એવી રીતે અહીં માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ સાહેબ એવું કહેતા હતા કે ગુજરાતમાં જયોતિગ્રામમાં વીજળીકરણમાં ૧૮,૦૦૦ ગામોની જ્યારે વાત થતી હોય. હું એ વિચારું છું કે, નસવાડીમાં રેવન્યૂ વિલેજમાં આજે ૧૩ ગામમાં વીજળી નથી, વીજળીથી વંચિત છે. અહીંયાં ઘણા મિત્રોએ વાત કરી કે, જયોતિગ્રામ યોજનામાં કોઈ ગામ, પેટા પરા કોઈ બાકી નથી. તો મારે એ મિત્રોને કહેવું છે કે, અમારા ઊંડાણવાળા વિસ્તારમાં આવીને જુઓ તો ખબર પડે કે કેટલા ગામો વીજળીથી વંચિત છે? આ ૧૩ ગામ માટે હું ૧૯૯૫થી વાત કરું છું. આ વાત હું એટલા માટે દોહરાવું છું કે, આજે ૨૦૦૮ થયું. આ ૧૩ ગામમાં આજે પણ વીજળી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના ૭૦ ગામડાઓ આજે પણ રસ્તાઓથી વંચિત છે. એ રસ્તાઓ માટેની કોઈ જોગવાઈ આ બજેટમાં નથી. આમાં ઘણી બધી વાતો થઈ છે, ઘણી બધી યોજનાઓ મુકાઈ છે પણ એમાં અતિ પછાત તાલુકાઓ છે એ વિસ્તારના રસ્તાઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવે અને આવા તાલુકાઓને અગ્રતા આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ માટે ઘણી બધી વાતો થઈ. કૉલેજો માટે મકાનો બાંધવાની ઘણી બધી વાતો થઈ. મારા તાલુકામાં છેલ્લા ૫ વર્ષથી આર્ટસ અને કૉમર્સ કૉલેજ ચાલે છે. એ કૉલેજનું મકાન આજે ૫ વર્ષથી પણ બંધાયું નથી. હમણાં શિક્ષણ મંત્રીશ્રીને કહ્યું કે, નસવાડીની આર્ટસ અને કૉમર્સ કૉલેજના મકાન માટે કાંઈક જોગવાઈ કરો. માનનીય અધ્યક્ષશ્રી, ભૂરિયા કમિટીનો અહેવાલ ખાલી વંચાય છે. એ અહેવાલમાં છે એવા અહીં કદી નિયમો બન્યા છે? નથી બન્યા. નાણામંત્રીશ્રીને એવી વિનંતી કરું છું કે, આ ભૂરિયા કમિટીનો અહેવાલ છે એનો પણ કાયદો બનાવીને એનો વહેલામાં વહેલી તકે અમલ થાય એ બાબતે પણ કાંઈક વિચારવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જ્યારે હેન્ડપંપોની વાત થાય છે. ત્યારે મારે એક વાત કહેવી છે. મારા વિસ્તારમાં એકપણ પાણી પુરવઠાની યોજનાની વાત નથી. કારણ કે એકલા હેન્ડપંપોથી પાણી પીવાય છે. આ પાણી પુરવઠા વિભાગે ઘણા બધા કામ કર્યા છે. નર્મદાનું પાણી ડ્રીપ કરીને કચ્છ સુધી પીવાનું પાણી જતું હોય તો મારા વિસ્તારમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા નર્મદાની મુખ્ય કેનાલમાંથી જો પાણીને ડ્રીપ કરીને આપવામાં આવે તો અમારા વિસ્તારના ગામડાઓ પાણીથી ટળવળે છે એમને પાણી મળે. (સમય સૂચક ઘંટડી) એક મિનિટ. હું એ પણ વિચારું છું કે, ૧૯૯૮માં મારે ત્યાં એસ.ટી. ડૅપોનું ખાતમુહૂર્ત થયેલ. એને આજે ૧૦ વર્ષ થઈ ગયેલ છે. મને એમ લાગતું હતું કે ૫ વર્ષમાં આ એસ.ટી. ડેપો થઈ જશે. પણ હવે મને એવું લાગે છે કે, એસ.ટી.ડેપો બાજુ પર રહી ગયો અને જે રૂટો ચાલતા હતા એમાં પણ મુશ્કેલીઓ ઊભી થઈ છે. અમારે ત્યાં અમદાવાદ- અમરોલી જેવી કેટલીય બસો અને કેટલાય રૂટો બંધ થઈ ગયા છે અને ઘણી બધી બસો ચાલતી હતી એ બંધ થઈ ગઈ છે. તો એના માટે આની અંદર જોગવાઈ કરવામાં આવે...

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી ૧૩મું બજૅટ લઈને આવ્યા છે તેમને અભિનંદન આપું છું અને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાએ આ સરકારના નિષ્ઠાપૂર્વકના પ્રામાણિક પ્રયાસો પર જનતાએ સંપૂર્ણ ભરોસો મૂક્યો છે અને એ ભરોસાએ વિજય અપાવ્યો છે. વિશ્વસનીય નેતૃત્વ, સ્પષ્ટ નીતિ અને સાફ નિયત હોય એને લોક સમર્થન મળી રહે છે અને એનું પરિણામ ચૂંટણીઓએ આપણને બતાવ્યું છે અને છેલ્લા ૬ વર્ષની અંદર ઈશ્વરે પણ મદદ કરી છે. એકપણ દુષ્કાળ પડ્યો નથી અને છેલ્લા ૬ વર્ષ દરમિયાન એકપણ તોફાન થયા નથી કે કરફ્યુ પણ પડ્યો નથી.

માનનીય અધ્યશ્રી, મારા સાથી મિત્રો નર્મદાના પાણીની વાત કરતા હતા. હું નર્મદાના પાણીની વાત કરું છું, મારે ત્યાં મારે બ્રિટિશ ગવર્નમેંટની જૂની ખારીકટ કેનાલ એ ૨૫ વર્ષથી ખાલીખટ હતી. ૨૫ વર્ષથીખાલી હતી મારે એ કહેવું છે કે આ મારી ખારીકટ કેનાલ નર્મદા કમાન્ડ એરીયામાં ન હોવા છતાં માનનીય મુખ્યમંત્રીને અમારી રજુઆતથી આ ખારીકટની અંદર બારેમાસ પાણી જાય છે જેના લીધે મારા વિસ્તારમાં એક પણ પાક આકાશી ખેતી થતી હતી તેની જગ્યાએ ત્રણ સિઝન લેવાય છે અને ડાંગર શિયાળું, ઉનાળુ ઘઉંનું ઉત્પાદન થાય છે અને એના માટે મારે એ વાત કરવી છે કે હમણાં ગઈ કાલે એક મિત્રએ એવી વાત કરી કે અમારે ૨૪ કલાક લાઈટ ના જોઈએ પણ ૧૪ કલાક લાઈટ જોઈએ. મારે એ વાત કરવી છે એ ભાઈને કે ૨૪ કલાક લાઈટનો કોઈ વિકલ્પ એ લાઈટ નથી. મારા વિસ્તારની અંદર આ ખારીકટ કેનાલ આવવાથી ૪૦૦ બોર અત્યારે બંધ છે. ૪૦૦ બોર વપરાતા નથી માટે મીટર માગ્યા કે અમારે હોર્સ પાવર પોસાતું નથી. મિત્રો મારે એ ભાઈને વાત કરવી છે કે વિજળીનો કોઈ વિકલ્પ હોય તો પાણી છે. આ પાણીનો લાભ થવાથી મારા ગામડાઓની અંદર સાઈકલવાળો મોટર સાઈકલવાળો બન્યો, મોટર સાઈકલવાળો કારવાળો બન્યો અને ખેડૂતો અત્યારે લીલા લહેર કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સુજલામ્ સુફલામ્‌ની વાત કરું છું. મારા વિસ્તારની જ વાત કરું છું કે મારો વિસ્તાર એ અમદાવાદની બોર્ડરનો વિસ્તાર છે ત્યાં ચારે બાજુ જી.આઈ.ડી.સી.વાળો વિસ્તાર હોઈ પ્રદુષીત પાણી નીચે

ઉતારેલા પાણી અમારા વિસ્તાર વટવા, રામોલ વિઝોલ કે નરોડા જેવા વિસ્તારની અંદર ભૂર્ગર્ભમાં પાણી આ જી.આઈ.ડી.સી.વાળાઓએ ઉતાર્યા, જેના લીધે આરોગ્યની દ્રષ્ટિએ પીવામાં દુષિત અને ખરાબ પાણી આવતું હતું, અમે અમારા વિસ્તારના લોકો માનનીય મુખ્યમંત્રીને મળવા ગયા, નિવેદન આપ્યું અને મને કહેતાં આનંદ થાય કે પહેલી શરૂઆત જો સુજલામ્ સુફલામ્‌ની કરી હોય તો દસક્રોઈ તાલુકાના ૯૮ કરોડ રુપિયાની સ્કીમ આપી અને બધાને શુધ્ધ પાણી પીતા કર્યા. મિત્રો હું આ સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું.

હું આ સરકારના મહેસૂલ ખાતાની વાત પણ કરું તો હમણાં મારા મિત્રે વાત કરી, નવો કરાર, જૂનો કરાર. આ નવો કરાર, જૂનો કરાર, વર્ષોથી, ૬૦ વર્ષથી ચાલ્યો આવતો હતો. ૬૦ પટની વાત નથી. ૬૦ પટ તો આપણે કર્યા., છતાં પણ ૬૦ પટ્ટની અંદર આપણો ખેડૂત પરેશાન થાય છે. આપણે ૬૦ પટ કર્યા સિવાય એક જ મહિનાની અંદર નવા કરાર, જૂના કરારની ઘેર બેઠા એને નકલ પહોંચાડવાનું સારું કામ કર્યુ હોય તો આ મહેસૂલ વિભાગે કર્યુ છે. બીજી વાત કરીએ તો આ અમે મહેસૂલ સપ્તાહ યોજયું હતું. મારા આખા વિસ્તારની અંદર ૬૦૦૦ કેસ. હતા. અમે મહેસૂલ સપ્તાહ યોજીને ૫૫૦૦ કેસ અમે ૬૦ પટમાં પૂરા કર્યા અને બીજી વાત કહું તો રેશનીંગ કાર્ડ પણ લોકો ૩૦૦-૨૦૦ કઢાવતા હતા. અમે આ સપ્તાહની અંદર રેશનીંગ કાર્ડ પણ લોકોના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. બીજાં મારે અભિનંદન ખાસ એ આપવાં છે કે દસ્તાવેજની અંદર પક્ષકારોનો ફોટો અને ફિંગરપ્રિંટ લેવાની જે શરૂઆત આ ભારતીય જનતા પાર્ટીએ કરી. પહેલાના રાજની અંદર ગુંડાઓ ખોટી સહી કરે, ખોટી સહી કરી અને ગમે તે લોકોનો દસ્તાવેજ કરી લે, અને મારે એક જાણ કરવી છે કે પાર્ટી અમેરિકા હોય, પાર્ટી ઈઝરાઈલમાં હોય, પાર્ટી જયારે અમદાવાદમાં આવે ત્યારે એના ખેતર ઉપર જાય, જમીન ઉપર જાય, ત્યારે જમીન ઉપર પેલાએ ખોટી સહી કરીને ૭/૧૨ માં નામ બદલાઈ ગયું હોય. એ કહે કે મારી સહી નથી એટલે કોર્ટમાં જવાનું. જેણે ખોટી સહી કરી એ ભોગવટો ભોગવે. આ બધું કોંગ્રેસની સરકારની નીતિ હતી. મારે વાત કરવી છે કે અધુરું કામ હતું એ માનનીય આનંદીબેને પૂરું કર્યું. એ કામ હતું કે ખોટી સહી કરીને પાવર ઑફ એટર્ની કરીને ખોટા દસ્તાવેજ કરતા હતા. ચાર દિવસ પહેલા એક ફરિયાદ થઈ. એમણે જાહેરાત આપી કે અમે જમીન વેચાતી રાખેલ છે. કોઈએ લેવી કરવી નહીં......(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આપનું પૂરું થઈ ગયું (અંતરાય) બીજી ચર્ચા વખતે ભાગ લેજો. બેસી જાઓ.

**શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ(આણંદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાને આ ગૃહમાં ૧૩મી વખત લોકપ્રિય બજૅટ આપવા બદલ અભિનંદન પાઠવું છું. સાથોસાથ આ ગૃહમાં એક સદસ્ય તરીકે સૌ પ્રથમવાર સામેલ થવા બદલ હું ગૌરવની લાગણી અનુભવું છું અને આ અંદાજપત્રની રજૂઆતને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશ અને દુનિયામાં ગુજરાત રાજ્યે આજે પોતાના વિકાસ દ્વારા અગ્રીમ પંક્તિમાં સ્થાન લીધું છે. લોક ભાગીદારીમાં દરેક વિકાસના કાર્યમાં સહભાગી બન્યું છે. તેના કારણે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબ તથા ભારતીય જનતા પક્ષની સરકાર યશભાગી બની છે. મને વિશ્વાસ છે કે હજુ પણ તેઓ ગુજરાતનો વિકાસ કરતા રહેશે અને ગુજરાતના છેવાડાના માનવ સુધી તેના લાભો મળતા રહેશે. કોઈપણ રાજ્યના વિકાસના પાયામાં શિક્ષણ અને આરોગ્યનું ખૂબ મહત્ત્વ હોય છે. મને આનંદ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આ વર્ષને નીરોગી બાળક વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. તેમાં પૂર્વ પ્રસૂતાથી લઈને બાળપણથી માતા અને બાળકના આરોગ્યની કાળજી લઈ બાળમૃત્યું દર ઘટાડી બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થાય અને દેશનું યુવાધન મજબૂત બને તે માટે ખાસ ધ્યાન આપવાનું આયોજન કર્યું છે એ ખરેખર પ્રશંસનીય કાર્ય કર્યું છે. નિર્મળ બાળક વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે અને નારી આરોગ્યની નીતિ દ્વારા મહિલાઓનું સશક્તિકરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે મહિલા અને બાળ વિકાસ હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ની રૂપિયા ૧૯૭.૨૦ કરોડની જોગવાઈ સામે ૭૨.૪૧ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે રૂપિયા ૩૪૦ કરોડની જોગવાઈ કરીને મહિલાઓને તે માટે નાના જૂથો દ્વારા સખી મંડળો દ્વારા આર્થિક પ્રવૃત્તિઓ કરી પગભર બને તે માટે ૧૫ લાખ કરતાં વધારે બહેનો માટે ૯૪ કરોડનું આયોજન કરીને સાચા અર્થમાં મહિલા અને બાળ વિકાસની ચિંતા કરનાર ગુજરાતનું અંદાજપત્ર મહિલાઓમાં લોકપ્રિય બન્યું છે. મોદી સાહેબની લોકપ્રિયતામાં બાળકો અને મહિલામાં ઘણો વધારો થયો છે. એ ગુજરાતનું ગૌરવ છે. ગુજરાતમાં શહેરોની વસતિ ૩૭.૩૮ ટકા છે જે આવતા ૧૦ વર્ષમાં ૫૦ ટકા થવાની ધારણા છે ત્યારે તેના આયોજન રૂપે શહેરી ગ્રામ ગૃહ નિર્માણ હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮માં રૂપિયા ૧૬૯૭.૩૪ કરોડની સામે ૩૪.૩૭ ટકાના વધારા સાથે આ વર્ષે રૂપિયા ૨૧૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તે ખરેખર સુચારું છે. શહેરી ગરીબોના કલ્યાણ માટે ગરીબ સમૃદ્ધિ યોજનામાં ૪૫૪ કરોડની જોગવાઈ કરી છે. નગરપાલિકાઓને માટે બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ આગામી વર્ષમાં ૧૮૫ કરોડની જોગવાઈ કરી છે જે ખરેખર આ સરકારની સિદ્ધિ છે. જ્યારે નાની અને મધ્યમ કક્ષાની નગરપાલિકાઓ માટે ગટર વ્યવસ્થાના આયોજન માટે ૫૦ કરોડ અને તેવી જ રીતે નિર્મળ ગુજરાતના અભિયાન માટે ૨૦૦૭-૦૮ની ૯૮.૫ કરોડની જોગવાઈ સામે ૬૦ ટકાના વધારા સાથે ૧૬૦ કરોડ અને ઘન કચરાના નિકાલ અને પ્રક્રિયાકરણની જોગવાઈ રૂપિયા ૫૦ કરોડ ફાળવ્યા છે તે ખરેખર નિર્મળ ગુજરાતની આપણે જે કલ્પના કરી છે એના માટે યોગ્ય છે અને તેથી અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ ખરેખર આ બજૅટ એક એવું બજૅટ છે કે જેમાં નાનામાં નાનું ગામડું હોય કે નાની નગરપાલિકા કે કોરપોરેશન દરેક ક્ષેત્રમાં હોય, તે કૃષિ હોય કે શહેરી વિકાસ હોય, આરોગ્ય હોય કે શિક્ષણ હોય આ બજૅટ એક એવું બજૅટ છે જે ગુજરાતના ૫૦માં વર્ષની ઉજવણી જ્યારે ૨૦૧૦માં કરવામાં આવનાર છે ત્યારે આજનું બજૅટ તેના સાચા અર્થમાં મહત્ત્વનો ભાગ ભજવશે. જે આ ગુજરાત આવતા વર્ષોનું ગૌરવ હશે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ ગામડાંઓનો સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ છે. એ ગામડાંઓથી સમૃદ્ધ છે તેમાંય આ અંદાજપત્રમાં પંચાયતને ખાસ ખ્યાલમાં રાખીને પ્રાધાન્ય આપેલું છે. ગામડાંને મજબુત બનાવવાનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંઓને આધુનિક વિજ્ઞાનનો લાભ મળે તેમાં ઈન્ફરમેશન ટૅક્નૉલૉજી જેવી સુવિધા મળે તે હેતુથી ઈ-ગ્રામ થકી એશિયામાં પ્રથમવાર બ્રોડબેન્ડ જોડાણથી ગામડાં વિશ્વ સાથે જોડાય જાય એવું એક સુંદર આયોજન કરી ગામડામાં શિક્ષણ, આરોગ્ય જેવી સેવાઓ પુરી પાડીને, સ્ટ્રીટ લાઈટ, પીવાનું ચોખ્ખું પાણી, ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા જેવી સુવિધાની ઉપલબ્ધી માટે ૫૦ કરોડ રૂપિયા ફાળવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨,૬૭,૪૬૪ મકાનો બાંધી આપવામાં આવ્યાં છે અને આ યોજનામાં નવા ૨૬,૦૦૦ મકાનો બાંધવા માટે ૯૦ કરોડની બજૅટમાં જોગવાઈ કરીને ગરીબોની સાચા અર્થમાં ચિંતા કરવામાં આવી છે.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનીય સભ્યો શાસક પક્ષના જે લોકો કહેતા હતા કે કોંગ્રેસની સરકારે કશુંજ કર્યુ નથી તો મારે આપ સૌને કહેવું છે કે જ્યારે શિક્ષણ નહોતું આરોગ્ય નહોતું, સિંચાઈ નહોતી, કશું જ નહોતું ત્યારે મારે એટલું જ કહેવું છે આ સભાગૃહના મોજુદ સન્માનનીય સભ્યોને કે તમે જયારે ભણ્યાં ત્યારે કોની સરકાર ચાલતી હતી? આ સરકાર ચાલતી હતી ત્યારે કોંગ્રેસના સમયે શિક્ષણ નહોતું તો તમે મિત્રો ભણ્યાં, ધારાસભ્યો બન્યાં, એલ.એલ.બી., વકીલ, ડૉકટર, આઈ.એ.એસ. બન્યાં તો તમે કોની સરકારમાં બન્યાં એ મારે તમને પૂછવું છે. એટલે મારે એકજ કહેવાનો પ્રશ્ન છે, -

બડા તો બડાઈ ના કરે
બડા ના બોલે બોલ
હીરો મૂખ સે ના કહે
લાખ મેરા મૂલ.

જ્યારે હીરાને કાંઈ કહેવાની જરૂર નથી પડતી કે મારું મૂલ કેટલું છે? એ તો હીરો એની મેળે કહેતો હોય છે, એટલે મારા વડીલ મિત્રભાઈઓ આપ સૌ ખોટું ના લગાડતાં પણ જે સાચું કહેવાની ટેવ છે એટલે સાચું કહું છું. મારે એકજ કહેવાનું છે કે મારાં અંતરિયાળ વિસ્તાર પાટણમાં શિક્ષણની વાત કરું તો ૪૫-૫૦ કિલોમીટરના અંતરે આવેલ છે, એમાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા કે માધ્યમિક શાળા કે કોઈ આશ્રમશાળા કે સંસ્થા આવેલ નથી ત્યારે બહેન-દીકરીઓને ભણવા માટે મોટી મોટી મુશ્કેલી પડે છે ત્યારે આ બજૅટ જ્યારે મંજૂર કરવામાં આવતું હોય ત્યારે શિક્ષણમંત્રી આનંદીબેન સાહેબ હતા એમને પણ ખબર છે કે પાટણ જિલ્લાની અંદર કેટલી માધ્યમિક શાળાઓ છે? કેટલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ છે? અમારાં ૪૪ કિલોમીટરના અંતરમાં કોઈ એક માધ્યમિક શાળા છે, બીજી કોઈ માધ્યમિક શાળા આવેલ નથી તો એ શાળા આપવામાં આવે એવી એક અમારી માગણી છે.

મારે એટલું કહેવું છે કે, આરોગ્યમાં પણ ૫૦-૫૦ કિલોમીટરના અંતરે છે. જ્યારે જ્યારે બહેન દીકરોઓને સારવાર કરવી હોય તો પાટણમાં પહોંચાડવાની મોટી મુશ્કેલી છે તો ૫ થી ૧૦ કિલોમીટરના અંતરે માધ્યમિક શાળા હોય, આરોગ્ય સેવા હોય કે દવાખાના હોય તો લોકોને પૂરેપૂરી સુવિધા મળે. વાતો તો આપણે મોટી મોટી કરીએ છીએ. વાતો કરવાથી કાંઈ પેટ ભરાતું નથી.

ડુંગરાં દૂરથી રળિયામણાં
ઠેઠ પહોંચે પોણાં

**સુકાળે સાંભળે સ્વજન**

દુકાળે સાંભળે દાણા

એટલે આ તો જે ખાય એને ખબર પડે ભઈલા ત્યારે અમારાં જેવા અંતરિયાળ વિસ્તારમાં આવું કોઈ દવાખાનું નથી, કોઈ શિક્ષણ માટે ઉલ્લેખ્ નથી, કોઈ પીવાના પાણીની સુવિધા નથી, લાઈટોની પણ સુવિધા નથી કે જે જે ગામડાંમાં ૨૪ કલાક લાઈટ આપવામાં આવે પણ જ્યારે પરા વિસ્તારમાં ૭૫ ટકા લોકો વસે છે એમને કોઈપણ વીજળીનો લાભ મળતો નથી ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે ખેડૂતોને જ્યારે તમે ૬ થી ૮ કલાક વીજળી આપે છે. એનાથી કાંઈ પેટ ભરાતું નથી ત્યારે મારે એટલું જ કહેવું છે કે, જ્યારે કોંગ્રેસની સરકાર ચાલતી હતી, અમારા અમરસિંહભાઈની સરકાર હતી ત્યારે છસો રૂપિયા હોર્સ પાવરના નક્કી કરવામાં આવ્યા હતા અને બાર કલાક વીજળી આપવામાં આવતી હતી, શંકરસિંહ વાઘેલાની સરકાર હતી ત્યારે સો રૂપિયા કાપીને પાંચસો રૂપિયે વીજળી આપી અને ચૌદ કલાક વીજળી આપવામાં આવી અને ભા.જ.પ.ની સરકાર આવી, ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી ન મળે, લાઈટ ન મળે ( અંતરાય )

**અધ્યક્ષશ્રી** : શ્રી જોધાજી આપનું પૂરું થાય છે. શ્રી શંભુજી ઠાકોર

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી ૨૦૦૮-૦૯નું બજૅટ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું (અંતરાય) માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એ બજૅટ સમાજના દરેક વર્ગને લાભ કરનારું અને દરેક વિભાગો માટે એમાં જોગવાઈ કરી છે ત્યારે માનનીય નાણા મંત્રીશ્રીને મારે ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. ગરવી ગુજરાતના આ ગૌરવવંતા, સન્નમાનીય ગૃહમાં જ્યારે મને બોલવાની તક મળી છે ત્યારે હું આ સન્નમાનીય ગૃહમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓનો હું આભાર માનું છું અને અભિનંદન આપું છું. માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એમાં યુનાઇટેડ નેશન ડૅવલપમેન્ટ કાર્યક્રમ નીચે જે માનવ વિકાસ અને માનવ સૂચકાંક, હ્યુમન ડૅવલપમેન્ટ ઈન્ડેક્ષ (H.D.I.) જે રિપોર્ટ તૈયાર કરે છે એમાં ત્રણ બાબતો લક્ષમાં લેવામાં આવે છે એક આયુ મર્યાદા, બીજું સાક્ષરતા અને ત્રીજી બાબત છે શાળા પ્રવેશ. (અંતરાય) (આ તકે સભ્યશ્રી આત્મારામભાઈ પરમાર બેઠા બેઠા કાંઈક બોલતાં)

**અધ્યક્ષશ્રી** : આપણા નવા સભ્ય બોલતા હોય ત્યારે આત્મારામભાઈ વચ્ચે બોલો એ સારું નથી લાગતું.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણા મંત્રીશ્રીએ આ ત્રણેય બાબતોને લક્ષમાં લીધી હતી. માનવ સૂચકાંકમાં ભારતનો નંબર ૧૨૮મો છે, માનનીય નાણા મંત્રીશ્રીએ ભારતનો ભલે ૧૨૮મો નંબર હોય પરંતુ ગુજરાત એમાં, સૂચકાંકમાં આગળ આવે એની પૂરેપૂરી કાળજી લીધી છે અને એ માટે દરેક વિભાગો માટે એમણે જોગવાઈ કરી છે. નીરોગી બાળ વર્ષ, જ્યારે આપણે ૨૦૦૮ની સાલમાં ઉજવવાના છીએ ત્યારે અને ચિરંજીવી યોજના આ આપણી સરકારે દાખલ કરી છે માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં બાળક માના પેટમાં હોય, મા જ્યારે પ્રસુતિ માટે પીડાતી હોય, ગામડામાં રહેતી હોય અને સાધન ન મળે અને સાધન મળે તો એની પાસે પૈસા ન હોય, આપણે રોડ ઉપર નીકળ્યા હોઈએ અને જ્યારે એક માણસ અકસ્માતથી પીડાતો હોય, એને તાત્કાલિક દવાખાનામાં પહોંચવાનું હોય અને એનો જીવ બચે એ માટે આ સરકારે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે વિચાર કર્યો અને ૧૦૮ નંબરની સેવા દાખલ કરી, આ ૧૦૮ નંબરની સેવા એ લોકોમાં ખૂબ જ ઉપયોગી છે, સામાન્ય માણસ માટે તો ખૂબ ઉપયોગી છે અને આ ૧૦૮ નંબરની સેવા, એક જ વાહન હોય છે આ એક જ જગ્યાએ નહીં રહેતા, એ તાલુકાની જુદી જુદી જગ્યાઓએ હોય છે અને ૧૦૮ નંબર ઉપર ફોન થાય છે ત્યારે આ ૧૦૮ નંબરનું વાહન તાત્કાલિક પહોંચી જાય છે અને માણસની જિંદગી બચી જાય છે. અને એનો અંતરિયાળ વિસ્તારમાં પણ એનો વિકાસ કરવા માટે માનનીય નાણા મંત્રીશ્રીએ બાર કરોડ રૂપિયા એના માટે ફાળવ્યા છે. શિક્ષણ માટે આ બાળક જન્મે તંદુસ્ત રહે એ માટે ચિંતા કરી છે પરંતુ સાથે સાથે શિક્ષણ માટે પણ ચિંતા કરી છે. બાળ ગોકુલમ ઈન્સ્ટીટયૂટ નામની યોજના શરૂ કરી. ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના માટે માનનીય નાણામંત્રીશ્રીએ આ બજેટમાં જોગવાઈ કરી છે. ગાંધીનગર શહેરની વાત કરું તો ગ્રંથાલયને આધુનિક બનાવી ત્યાં નોલેજ સેન્ટર બનાવવા માટે માનનીય નાણામંત્રીશ્રીએ આ બજેટમાં પાંચ કરોડ રૂપિયા ફાળવ્યા છે. નર્મદા યોજના અને નર્મદા યોજનાથી જે ખેડૂતોને દક્ષિણ વિભાગનો જે વિસ્તાર આવે છે એ માટે નર્મદાના પાણીથી ખાખરીયા વિસ્તારમાં ખેડૂતો છે ત્યાં ડાંગર પાકતી નથી. આકાશી ખેતી ઉપર ખેડૂત નભતો હતો. અત્યારે મને આનંદ થાય છે કે એક વીધે ૬૦ મણ ડાંગરનો પાક ત્યાંનો ખેડૂત લઈ શકે છે. જેકરીથી પશ્ચિમ તરફનો વિસ્તાર છે જે ચુંવાળ વિસ્તાર કહેવામાં આવે છે ત્યાં નર્મદા યોજનાની નહેરનું કામ પૂર ઝડપે ચાલી રહ્યું છે. ખેડૂતોને ટૂંક સમયમાં નર્મદાનો લાભ મળશે. ઉત્તર ગુજરાતનો ભાગ ગણીએ તો નર્મદા યોજનાના ઉત્તર ભાગમાં પાણીની ખેડૂતો માટે કોઈ વ્યવસ્થા નથી. નર્મદાના પાણીનો દક્ષિણ તરફનો ભાગ મળવાનો હતો. મારા ગાંધીનગર જિલ્લા અને મહેસાણા જિલ્લાને જે નર્મદાથી ઉત્તર બાજુના ગામડા હતા એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિચાર કર્યો અને સુજલામ્ સુફલામ્ યોજના અમલમાં મૂકી અને સુજલામ્ સુફલામ્ યોજનાથી ગાંધીનગર જિલ્લાના ખેડૂતોને સૌથી મોટો લાભ મળશે. આ સુજલામ્ સુફલામ્ કાચી યોજના છે તેમાં પાણી ભરવામાં આવશે. અત્યાર સુધીના ૪૫ વર્ષના ગાળામાં જમીનમાંથી પાણી ખેંચ્યુ પણ પાણી રીચાર્જ કરવા માટે કોઈ યોજના નહોતી. સન્માનનીય નરેન્દ્રભાઈએ ખૂબ વિચાર કર્યો અને સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા ચેકડેમ બનાવ્યા, તળાવ બનાવ્યા અને ખેત તલાવડી બનાવી પાણી રીચાર્જ કરવાની યોજના કરી છે.

૪૫ વર્ષના શાસન દરમિયાન અદાલત માટે અને ગૃહ વિભાગ માટે જે યોજના નહોતી થઈ અને જેટલી અદાલતના મકાન નહોતા થયા એટલા પાંચ વર્ષના ગાળામાં અદાલત માટે મકાન થયા છે અને અદાલત ન્યાય મંદિર જેવા મકાનમાં બેસે છે ત્યારે આ માનનીય નરેન્દ્રભાઈની વિચાર શકિત કે અત્યારે ગુજરાતની પ્રજાને શું જરૂરી છે અને હવે પછી ૧૦ વર્ષ પછી શું જરૂરિયાત હશે એ માટે ગુજરાત જયારે પેટ્રોકેમિકલ સંકુલ બનવા જઈ રહ્યું છે ત્યારે પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપના ગાંધીનગર નજીક રાયસણ મુકામે કરવામાં આવી છે એટલું જ નહીં પણ આઈ.આઈ.ટી. બોમ્બે દ્વારા હમણાં કોમ્પ્યુટર શિક્ષણ માટે ચાંદખેડા મુકામે એક સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આમ સર્વાંગી વિકાસ માટે માનનીય નરેન્દ્રભાઈએ યોજના કરી છે એ માટે કામ કર્યું છે એટલે નંબર-૧ માનનીય મુખ્યમંત્રીશ્રી બન્યા છે એ પ્રજાનું કામ કરવા બન્યા છે.જયારે ૧૮-૧૮ કલાક સુધી ગુજરાતની સાડા પાંચ કરોડ જનતા માટે કામ કરતા હોય ત્યારે ગુજરાતનો વિકાસ એટલો ઝડપી થયો છે કે ગુજરાત મીની જાપાન બનવા જઈ રહ્યું છે. આપણા માનનીય ગૃહમંત્રીશ્રીએ પણ પોલીસ સ્ટેશનને આધુનિક પોલીસ સ્ટેશન બનાવ્યું છે. નવા નવા પોલીસ ભવન બન્યા છે. ગૃહ મંત્રીશ્રીએ આપણા પોલીસ વિભાગ પાસે જીપ હતી અને બુટલેગરો પાસે

આધુનિક સાધન હતા, આધુનિક વાહન હતા ત્યારે ગૃહના મંત્રીશ્રીએ પોલીસ વિભાગ માટે આધુનિક વાહન અને આધુનિક સાધન ગ્રાન્ટનો ઉપયોગ કરીને વસાવ્યા છે. નરેન્દ્રભાઈના સમયમાં જયારે ખેડૂતો માટે કૃષિ રથનું આયોજન કર્યું. આદરણીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપું છું અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભામાં નાણાપ્રધાન માનનીયશ્રી વજુભાઈ વાળા જે બજેટ લઈને આવ્યા છે, તેને હું આવકારું છું. ગુજરાતની પ્રજાએ વિકાસના આધાર ઉપર જે ચુકાદો આપ્યો એ સમજી વિચારીને આપ્યો. ગયા ૫ વર્ષમાં જે કામો થયાં અને એના પરિણામે આ સ્ટ્રેટેજીને ધ્યાનમાં લઈ અને વિકાસલક્ષી બજેટ આપણને સ્પષ્ટ દેખાય છે. અમારા જિલ્લાના જોધાજીભાઈ હમણાં કહેતા હતા કે હીરા મુખશે ના કહે, લાખ હમારા મોલ, પણ સાચા અર્થમાં ગુજરાતના જે હીરો છે એવા માનનીય નરેન્દ્રભાઈ મોદીને પ્રજાએ ૧૧૭ જેટલી સ્પષ્ટ બહુમતી આપી અને ફરીવાર ગુજરાતના વિકાસ માટે મોકલી આપ્યા છે. સતત ત્રીજા વર્ષે પણ મહેસૂલી પુરાંત દર્શાવતા બજેટમાં વિચારશીલ અને લોક વહીવટના કારણે બજેટના ૬૧.૮ ટકા નાણાં વિકસલક્ષી ખર્ચમાં વપરાય છે તે આ સરકારે છેલ્લા ૪ વર્ષથી બતાવી આપ્યું છે, જે ખરેખર અભૂતપૂર્વ સિદ્ધિ છે. આપણે કહીએ છીએ કે પહેલું સુખ તે જાતે નર્યા. નીરોગી હોવું એ ભગવાનની ખૂબ મોટી દેન છે, પણ સમાજ એ દિશામાં આગળ વધે, નીરોગી રહેવાના સંદર્ભમાં એ વિચારતો થાય એ પ્રકારના આરોગ્યલક્ષી કાર્યક્રમો આ સરકારે આપ્યા છે અને માણસ એનું જીવન કઈ રીતે તંદુરસ્તીથી જીવે એ દિશામાં માર્ગદર્શન આપ્યું છે.

પ્રસૂતા માતા અને નવજાત શીશુ એ સલામત રહે, એમનું જીવન જોખમાય નહિ, એટલા માટે થઈને ચિરંજીવી યોજના આ રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીી નરેન્દ્રભાઈ મોદી લઈ આવ્યા અને બહુ મોટું ઉદાહરણ પૂરું પાડ્યું છે. અનેક માતા અને નવજાત શીશુના જીવ આ યોજનાના કારણે બચ્યા છે. અકસ્માત સમયે ઈમરજન્સી સેવા નહિ મળવાના કારણે જે મોત થતા હતા એના માટે ૧૦૮ ની ઈમરજન્સી સેવા લઈ આવ્યા અને ખૂબ મોટું આરોગ્યલક્ષી કામ પ્રજાને ઈમરજન્સી સેવા મળી રહે તેને માટે આ સરકારે કામ કર્યુ છે અને આરોગ્ય ક્ષેત્રે કામ કરતા કર્મશીલોની કાર્યશૈલી અને અભિગમ અને એમાં મૂળભૂત પરિવર્તન માટે મેનેજમેન્ટ ક્ષેત્રની આઈ.આઈ.એમ. જેવી મહત્ત્વની સંસ્થા રાજય સરકાર અને પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયાના સંયુક્ત રીતે સ્થાપવાનું નક્કી કર્યુ છે. એના માટે ૫૦ એકર જેટલી જમીન ફાળવણી સાથેની સૂચિત જોગવાઈ સાથે આ બજેટમાં ૨૦ કરોડ રૂપિયાની સૂચિત જોગવાઈ થઈ છે. ખરેખર તે અભિનંદનને પાત્ર છે. જનસુખાકારી માટે સ્વચ્છતાની આવશ્યકતા પહેલી વાર જો કોઈ સરકારે સમજાવી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સમજાવી છે, એટલા માટે નિર્મળ ગુજરાતના કન્સેપ્ટ સાથે ગામડું કઈ રીતે નિર્મળ બને તે વાત સૌથી પહેલા કોઈ લઈ આવ્યું હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી લઈ આવ્યા છે. અને એના પરિણામે ગામમાં આરોગ્યમાં પણ અનેક રીતે ફાયદો થયો છે. ગામમાં જે પ્રકારની ગંદકી હતી, એના કારણે જે આરોગ્યને લગતી મુશ્કેલી ઊભી થતી હતી, તે સ્વચ્છ ગામને કારણે ખૂબ ઓછી થઈ છે એ આપણે પ્રત્યક્ષ રીતે જોઈ શકીએ છીએ. આમ ૧૦૮ કરોડની જોગવાઈ સામે ૫૫ ટકા વધારા સાથે આરોગ્યની ૧૬૧ કરોડની જોગવાઈ કરાઈ છે, જે ખૂબ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે નીરોગી બાળક વર્ષ ઉજવવાનો જે સંકલ્પ આ સરકારે ૨૦૦૮માં કર્યો છે તે ખૂબ મોટી સિદ્ધિ ગણાશે. સમગ્ર સમાજ ખૂબ સારી રીતે એક અભિયાનના રૂપમાં સ્વીકારશે તે ચોક્કસ વાત છે. દિશાવશ્યમ ઉપનિષદમાં કહેવાયું છે તેન ત્યકતેન ભુંજિતા. તુ ત્યાગીને ભોગવ, પરંતુ ભોગવાદી સમાજ જ્યારે અત્યારે પ્રકૃત્તિનું દોહન કરવાને બદલે શોષણ કરી રહ્યો હોય ત્યારે આ સરકાર તે દિશામાં અને સમાજે જે વિચારવાની જરૂર છે તે આ સરકાર વિચારી રહી છે. એટલા માટે સમગ્ર જીવ સૃષ્ટિ જ્યારે ગ્લોબલ વોર્મિંગની ચિંતા સેવે છે તેવા સમયે ગુજરાત સરકારે બિનપરંપરાગત ઉર્જા ઉત્પાદનના મહત્ત્વને સ્વીકાર્યુ છે અને એક વર્ષના ટૂંકા ગાળામાં ૬૨૫ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી છે અને ૮૦૦ મેગાવોટ વીજળી આગામી વર્ષમાં ઉત્પન્ન કરવાનો સંકલ્પ કર્યો છે તે ખરેખર આવકારદાયક છે. પેટ્રોલ અને સી.એન.જી.નો ઉપયોગ પર્યાવરણને લાભકર્તા છે. એટલા માટે પર્યાવરણની સાથે સાથે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને લાભદાયી હોય ત્યારે રાજયમાં કાર્યરત સો જેટલા સી.એન.જી સ્ટેશનો, બીજા ૫૦ અને આવનારા પાંચ વર્ષમાં ૩૦૦ જેટલા સી.એન.જી. સ્ટેશનો સ્થાપી સમગ્ર વિશ્વની જે ચિંતા છે તેમાં પણ ઘટાડો કરવાનું કામ ગુજરાત સરકારે શરૂ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી દ્રષ્ટિએ આ બજૅટ મહિલાઓને અગ્રિમતા આપતું બજૅટ છે છે. આ ક્ષેત્રે ૭૨ ટકા વધુ ફાળવણી કરી છે. વિધવાઓને પેન્શન અને સ્વરોજગારી શરૂ કરવા માટે ત્રણ હજાર રૂપિયાની ની જાહેરાત અને ગામડાઓમાં વિમેન્સ સેલ્ફ હેલ્પ ગૃપ જે પ્રકારે કાર્યરત થયા છે, દોઢ લાખ જેટલા સખી મંડળો, જાતે જ બહેનો તે ફંડ એકત્રિત કરી અને બૅન્કમાં મૂકે અને તેનો વહીવટ પણ જાતે કરે અને આર્થિક રીતે તે પોતે સક્ષમ બને આ પ્રકારની સુંદર કલ્પના તે સખી મંડળમાં છે અને આજે આવા અનેક ગૃપો ગ્રામ્ય કક્ષાએ જ્યારે જાતે વહીવટ કરી અને એમાંથી ગામડાઓમાં તો ખેતી સાથે દૂધનો વ્યવસાય પણ ખૂબ મોટા પ્રમાણમાં આજે ગુજરાત સરકારની અનેક યોજનાઓને કારણે ફૂલ્યો ફાલ્યો છે ત્યારે આવા ગૃપોમાંથી ભેસ, ગાય લાવવી હોય તો પૈસા મેળવી શકે છે અને જાતે જ નિર્ણય કરી અને એ આ પ્રકારે એનો લાભ લે છે ત્યારે આ એક સુંદર યોજનાને ૯૪

કરોડ રૂપિયાની જોગવાઈ કરી અને આગામી સમયમાં દોઢ લાખ સખી મંડળો સાથે ૧૫ લાખ બહેનો તેનો લાભ લે તે પ્રકારની યોજના સરકારે વિચારી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ હમણાં જોધાજીભાઈ કહેતા હતા કે શિક્ષણ ભૂતકાળમાં જે હતું તે વખતે બધા ભણી ગણીને અહીંયાં સુધી પહોંચ્યા છે તેવી વાત કરી. મારે એમને આપના માધ્યમથી કહેવું છે કે અનુભવના આધારે સરકારે વિચાર્યુ કે ખરેખર શિક્ષમણમાં કયાં કયાં કમી છે અને તેને સુધારવાનું કામ કોઈએ કર્યુ હોય તો જે તે વખતના તત્કાલિન અમારા શિક્ષણમંત્રી માનનીય આનંદીબેન પટેલે કર્યુ છે અને ગુણવત્તાયુકત સુધારો તે પછી ઓરડાની ઘટ હોય તો પૂરું કરવાનું કામ, શિક્ષકોની ઘટ હોય તો તેને પૂરું કરવાનું કામ એ જે સમયની વાત કરતા હતા તે સમયમાં મારે ચોક્કસ કહેવું જોઈએ કે શિક્ષકો ઉંડાણના ગામોમાં બે શિક્ષકો હોય તો આખા મહિનામાં વારાફરતી પંદર પંદર દિવસ રહેતા હતા. આજે એકપણ શિક્ષણ નથી કે જે પૂર્ણ સમય શિક્ષણમાં ન આપતો હોય. આ ગુણવત્તા ઉભી કરવાનું કામ મારી સરકારે જ્યારે કર્યુ હોય ત્યારે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ દ્વારા ખૂબ મોટી સિદ્ધિ આ સરકારે પ્રાપ્ત કરી છે અને તેના પરિણામે ડ્રોપ આઉટ રેશીયો તે આજે ત્રણ ટકા સુધી પહોંચ્યો છે. શાળા પ્રવેશોત્સવ વખતનું વાતાવરણ જે લોકો ગયા હશે તે કાર્યક્રમમાં તેમને ખબર હશે કે કેટલું સુંદર તે વાતાવરણ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ૨૦૧૦માં તેની સ્થાપનાની સુવર્ણ જયંતિને ભવ્યતાથી ઉજવવા પ્રજાજનો, સંસ્થાઓને જોડી ગોલ્ડન ગુજરાતના ધ્યેયને હાંસલ કરવા માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લાવ્યા છે તેને ખૂબ ખૂબ આવકારું છું.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે.

સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૭.૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ તા.૫મી

મા

**સભાગૃહનું બીજી બેઠકનું કામકાજ સાંજના ૭.૦૦ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૫મી, માર્ચ ૨૦૦૮ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૫મી માર્ચ,૨૦૦૮**
**ફાલ્ગુન ૧૫, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નોત્તરી

**કૉમ્પ્યુટર કૌશલ્ય જાણકારી અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવા અંગે**

***૪૧૫ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) રાજ્ય સરકારમાં પંચાયત સેવામાં ફિકસ પગારથી વર્ગ-૩ની સીધી ભરતી વખતે કૉમ્પ્યુટર કૌશલ્યની જાણકારી અંગેનું સીસીસી પ્રમાણપત્ર ખરેખર ક્યારે રજૂ કરવાના સરકારશ્રીના આદેશો છે, અને

(૨) ફોર્મ ભરતી વખતે, મૌખિક લેખિત પરીક્ષા વખતે, પસંદગી યાદી તૈયાર કરતી વખતે, નિમણૂક સમયે કે નિમણૂક બાદ કે અજમાયશી સમયમાં ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) નિમણૂક સમયે.

(૨) નિમણૂક સમયે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, જાહેરાતમાં CCC+ જોઈએ છીએ એવું જણાવવામાં આવે છે કે કેમ? તેમજ દરેક તાલુકાની અંદર આવી CCC પરીક્ષા પાસ કરવાના સૅન્ટર છે કે કેમ? છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પસંદ પામેલા હોય, પરંતુ CCC ના હોવાના લીધે નોકરીથી વંચિત રહ્યા હોય તેવા કેટલા કેસ પેન્ડિગ છે અને તેમને નોકરીની તક આપવા માગો છો કે કેમ? અજમાયશી સમયમાં આ સર્ટિફિકેટ મેળવે તો ચાલે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતની સેવા વર્ગમાં જે ભરતી કરવામાં આવે છે પંચાયત સહાયકોની એમાં CCC નું પ્રમાણપત્ર લેવા માટેની બાબત છે. આ બાબત રાજ્ય સરકારે એના માટે ફરજિયાત કરેલ છે તે પ્રમાણે આપણે પણ પંચાયત સેવામાં સારા નિષ્ણાત લોકો મળે એટલા માટે આ CCC સર્ટિફિકેટ લેવાનું કરેલું છે અને તેમની નિમણૂક વખતે આપણે સર્ટિફિકેટ લઈએ છીએ. આ ભરતી જ્યારે કરવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે મેરિટસ ઉપર કરીએ છીએ, એટલે સારા ઉમેદવાર આપણને મળી રહે છે. પરંતુ સારા ઉમેદવારે પણ CCC સર્ટિફિકેટ નથી મેળવતા હોતા એના કારણે સારી કવોલીટીના પસંદ કરેલા ઉમેદવાર છે તે ઉમેદવારને આની તક મળતી નથી. એટલે ખાસ કેસમાં આપણે આ CCC સર્ટિફિકેટ માટે ૩૧/૩/૨૦૦૮ સુધી મુદત લંબાવી છે અને નિમણૂક વખતે આપવા માટેનું આયોજન કર્યુ છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, પંચાયત સહાયકોની ભરતીમાં કૉમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા ક્યાં સુધી પાસ કરવાની મૂકિત છે અને આવી મૂકિત કયા કારણોસર લેવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત સહાયકોની ભરતીમાં જુદા જુદા જિલ્લામાં પંચાયત સહાયક માટે ૧૪/૬/૨૦૦૭ ના ઠરાવથી આ CCC પ્રમાણપત્ર રજૂ કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. જુદા જુદા જિલ્લાઓમાં જે અરજીઓની ચકાસણી કરતી વખતે મળી એમાં લગભગ ૧૦ ટકાથી ઓછા ઉમેદવારો આપણને મળ્યા હતા એના કારણે આ ભરતી તા.૩૧/૩/૨૦૦૮ સુધી લંબાવી છે.

**રાજ્યમાં ગ્રાહકોના હિત સંબંધી કેસોનો નિકાલ**

***૧૪૨૭ શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) રાજ્યમાં ગ્રાહકોના હિત સંબંધીનાં કેસોનો નિકાલ કેવી રીતે કરવામાં આવે છે, અને

(૨) આમાં લોક અદાલત પધ્ધતિથી નિકાલ કરવામાં આવે છે કે કેમ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** :

(૧) ગ્રાહક સુરક્ષા ધારા-૧૯૮૬ હેઠળ રચાયેલ ગ્રાહક તકરાર નિવારણ કમિશન તથા જિલ્લા ફોરમો દ્વારા અર્ધન્યાયિક પ્રક્રિયાથી કેસોનો નિકાલ કરવામાં આવે છે.

(૨) "હા".

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાહક તકરાર નિવારણ અદાલતની રચના કરવાનો હેતુ શું હતો? અને આ ગ્રાહક તકરાર નિવારણ અદાલતોની રચનાનો હેતુ બર આવ્યો છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહક સુરક્ષા ધારો જે છે એ ગ્રાહકોને જ્યારે તકરાર પડે ત્યારે આ બાબત નાની હોવા છતાં પણ કોર્ટમાં જવાના કિસ્સા બને છે એટલા માટે આવા કિસ્સાઓનું સહજતાથી

નિવારણ થાય એટલા માટે ગ્રાહક તકરાર ફોરમની રચના કરવામાં આવી છે અને એના કારણે આપણને ઘણા લાભ મળ્યા છે. નિવારણ અદાલતોની રચનાથી ઝડપથી અને સરળતાથી ન્યાય મળે એવો એક આનો હેતુ હોય છે, દીવાની અદાલતોમાં જવું ના પડે એ આપણો મૂળ આશય છે. ગ્રાહક તકરાર નિવારણ અદાલતો ૧૮/૧૯૮૯ થી શરૂ થઈ છે અને મને કહેતાં આનંદ થાય છે કે ૨૦૦૭ સુધીમાં ૧,૨૯,૯૭૪ કેસો દાખલ કર્યા છે, એમાંથી ૧,૦૯,૦૦૦ કરતાં વધારે કેસોનો આપણે નિકાલ કર્યો છે. ૮૪ ટકા કેસોના (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** એમણે જેટલું પૂછયું છે એટલો જવાબ આપો. નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક:૪

**અમરેલી જિલ્લામાં તલાટી-કમ-મંત્રીશ્રીની ખાલી જગ્યાઓ**

***૧૪૦૬ શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની જગ્યાઓ કેટલી છે,

(૨) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે, અને

(૩) ખાલી રહેતી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **જગ્યાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમરેલી | ૬૪ |
| ૨ | લાઠી | ૪૯ |
| ૩ | લીલીયા | ૩૬ |
| ૪ | બાબરા | ૫૨ |
| ૫ | કુંકાવાવ | ૪૭ |
| ૬ | ધારી | ૫૩ |
| ૭ | બગસરા | ૨૮ |
| ૮ | સાવરકુંડલા | ૭૨ |
| ૯ | રાજુલા | ૫૨ |
| ૧૦ | ખાંભા | ૩૯ |
| ૧૧ | જાફરાબાદ | ૨૮ |
|  | **કુલ** | **૫૨૦** |

(૨) ૯૨ જગ્યા પંચાયત સહાયકથી.

(૩) બદલી રહેમરાહે નિમણૂક તથા પંચાયત સહાયની ભરતી દ્વારા ભરવાનું આયોજન છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની જગ્યા કેટલી છે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યા ભરવામાં આવી અને ખાલી રહેતી જગ્યા ભરવાનું આયોજન શું છે? તલાટી-કમ-મંત્રીની ભરતીના નિયમોની જોગવાઈ શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અમરેલી જિલ્લામાં તલાટીની જે જગ્યાઓ ખાલી છે એમનો પ્રશ્ન એવો છે કે આ જે નિમણૂક થાય છે એ ૧૮ વર્ષથી વધારે અને ૨૫ વર્ષથી ઓછી ઉંમરના હોય તેવા ઉમેદવારોની ભરતી કરવામાં આવે છે. ઉચ્ચતર માધ્યમિકનું પ્રમાણપત્ર હોય અને ૧૨મું ધોરણ પાસ થયેલ હોય તેને લાયક ગણવામાં આવે છે. ઉમેદવારને ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. સીધી ભરતીથી ભરતી કરવામાં આવે છે. ગુજરાત પંચાયત સેવા મંડળના નિયમો ૧૯૯૮ મુજબ તલાટી-કમ-મંત્રીની નિમણૂક માટે સરકારમાંથી મંજૂરી મળે તો જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ આમાં પસંદગી આપે છે. મારે ખાસ ધ્યાન ઉપર મૂકવું છે કે અમરેલીમાં ૯૨ જગ્યા જે ખાલી હતી એમાં ૩૦નું વેઈટીંગ લિસ્ટ તૈયાર કરીને નિમણૂક કરવામાં આવે છે. ૨૭ તલાટી ડબલ જવાબદારી સાચવે છે અને ૧૭ લીવ રિઝર્વ ઉપર છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લા બે વર્ષમાં ૯૨ જગ્યા પંચાયત સહાયકથી ભરવામાં આવી તો જે ભરતી કરવામાં આવી છે એમાં પંચાયત સહાયકનું ભરતીનું ધોરણ શું છે અને પંચાયત સહાયકમાં અનામતનું ધોરણ કયા પ્રકારનું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ પંચાયત સહાયક તરીકે ૧૮ થી ૨૫ વર્ષની વયમર્યાદા નિશ્ચિત કરવામાં આવી છે એમાં ઉચ્ચતર માધ્યમિક શાળાનો ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આપે કહ્યું છે એ રિપિટ કરવાની જરૂર નથી.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગ, વિકલાંગ અને મહિલાઓ માટે રિઝર્વેશનમાં રાજય સરકારના જે નિયમો છે એ નિયમો પંચાયત સહાયકને લાગુ પડે છે?

**શ્રી બાવકુભાઈ ના. ઊંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં કુલ તલાટી મંત્રીનું મહેકમ કેટલું અને કેટલી જગ્યા ખાલી છે અને કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવા માગો છો?

**અધ્યક્ષશ્રી** : મહેકમ કેટલું અને કેટલી જગ્યા ખાલી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલીમાં મંજૂર થયેલ જગ્યા ૫૨૦ છે અને ૪૨૧ જગ્યા ભરાયેલી છે. ૯૯ જગ્યા ખાલી છે એનું વિવરણ મેં હમણાં આપ્યું છે અને એનો રિપોર્ટ આપ્યો છે.

**શ્રી બાવકુભાઈ ના. ઊંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા સમયમાં ભરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપ્યો ૩૦ જગ્યા તાત્કાલિક ભરવાના હુકમો કર્યા છે. ૨૭ જગ્યા ડુપ્લીકેટ છે. શકય તેટલી ઝડપથી આ જગ્યાઓ ભરવામાં આવશે. કોર્ટ મેટર હોવાથી આ બાબત વિલંબ થયો છે. પ્રશ્ન ઉકલી જશે. અમે તૈયારી કરી લીધી છે.

**ડાંગ જિલ્લામાં દવ લાગવાના બનાવો**

*** ૧૩૨૮ શ્રી વિજયભાઈ ૨. પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવાવા કૃપા કરશે કેઃ-

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દવ લાગવાના કેટલા બનાવ બન્યા છે, અને

(૨) આ દવથી કેટલું નુકસાન થયેલ છે?

**વન મંત્રીશ્રીઃ**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દવ લાગવાના કુલ ૨૬૬ બનાવો બન્યા.

(૨) આ દવથી રૂ. ૧,૦૯,૭૬૫/- નું નુકસાન થયેલ છે.

**શ્રી વિજયભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ દવ લાગવાનું કારણ શું છે? અને દવ અટકાવવા માટે કયા વિભાગ દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં મુખ્યત્વે માનવીય કારણોને લીધે દવ લાગે છે. વટેમાર્ગુ દ્વારા સળગતી બીડી, સિગરેટ નાખવાથી, વાહનોના ધુમાડા, તડકો, ગરમીને કારણે દવ લાગે છે. બીન અધિકૃત ખેડાણ કરવું તથા છોડાવવા માટે પણ કેટલીક વાર દવ લાગે છે. સળગતા તણખાથી પણ કેટલીક વાર દવ લાગે છે.સૂકા વાંસના ઘર્ષણથી દવ લાગવાના ભયસ્થાનો છે. સ્થાનિક લોકો અંધશ્રદ્ધાથી પ્રેરાઈને પણ દવ લગાડે છે. ડુંગર નવડાવવાની પ્રથા કે ડુંગર બાળવાની પ્રથાને કારણે પણ દવ લગાડે છે. લોકો ઈરાદાપૂર્વક દ્વેષ ભાવથી દવ લગાડે છે. ખેતરમાં ઘાસ, કચરો બાળતા આગ પ્રસરવાથી દવ લાગે છે. શિકાર માટે પણ જંગલમાં દવ લગાડે છે. મહુડી, ડોડી એકત્ર કરવા માટે વૃક્ષ નીચે સાફસૂફી કરવા જતા જંગલમાં દવ લાગવાની સંભાવના છે.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીનો બીજો પ્રશ્ન કે દવ અટકાવવા શું પગલાં લેવામાં આવ્યાં.

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : જંગલમાં દવ અટકાવવા માટે જુદા જુદા પ્રકારના પગલાં લેવામાં આવ્યાં છે. દવ રેખા તૈયાર કરવી, ડાંગના જંગલમાં આગ લાગતા ભયસ્થાનો જણાય છે તેવી જગ્યાએ જરૂર મુજબ ૫ મિટર પહોળી અને ૩૨૦ કિ.મી. લાંબી અથવા ૮ મિટર પહોળી અને ૭૦૫ કિ.મી. લાંબી અથવા ૧૫ મિટર પહોળી અને ૧૦૫૧ કિ.મી. લાંબી અથવા ૩૦ મિટર પહોળી અને ૨૨૪ કિ.મી. લાંબી દવ રેખા તૈયાર કરવામાં આવે છે. સામાન્ય રીતે ૧૬ જાન્યુઆરીથી ૧૫ જૂન સુધીમાં દવ લાગવાનો સમયગાળો હોય છે. સતત તેની સફાઈ કરવામાં આવે છે. ડાંગ જિલ્લામાં ૧૯ ફાયરસ્ટેશન ઊભાં કરવામાં આવ્યા છે અને તેમને વોકીટોકીની સગવડ પણ આપવામાં આવી છે. દરેક ફાયરસ્ટેશનો ઉપર બે માણસો સતત હાજર રાખવામાં આવે છે, જેથી દવની માહિતી મળતા તરત જ કાર્યવાહી થઈ શકે છે. દવ સામગ્રી ટુકડી ડાંગ જિલ્લામાં દવથી રક્ષણ કરવા માટે ૨૬૪ વ્યકિતઓને રાખવામાં આવેલ છે. ડાંગ જિલ્લામાં ૨૮ વોચ ટાવર ઊભા કરી દરેક ટાવર દીઠ બે વ્યકિતઓને વોકીટોકી સાથે રાતદિવસ ચોકી સોંપવામાં આવે છે, જેથી તરત માહિતી મળી શકે. વાહનની સગવડ ડાંગ જિલ્લામાં દરેક રેન્જમાં એક મળી ૧૫ વાહનો આપવામાં આવ્યા છે.(અંતરાય) એમણે બંને માહિતીઓ પૂછી છે કે દવ લાગવાનાં કારણો અને અટકાવવાનાં પગલાં.

**અધ્યક્ષશ્રી** : પૂરાં પગલાં લીધાં હોય તો ટેબલ ઉપર મૂકી દેજો.

**ધ્રોળ, જોડિયા અને જામનગર તાલુકામાં જીવનધારા યોજનાનો અમલ**

***૫૩૨ શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ સુધી જામનગર જિલ્લાના ધ્રોળ-જોડિયા અને જામનગર તાલુકામાં જીવનધારા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ માગણી કરેલ છે,

(૨) તે પૈકી કેટલી માગણીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) જે માગણી નામંજૂર કરવામાં આવેલ તેનાં કારણો શાં છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી**

(૧) સદર યોજના વર્ષ ૨૦૦૭-૦૮માં રાજ્યમાં અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે જવાબમાં લખ્યું છે કે આ યોજના બંધ કરવામાં આવી છે, તો શા કારણથી બંધ કરવામાં આવી છે અને ફરી શરૂ કરવા માગો છો કે કેમ, એટલા માટે કે રાજ્યના નાના અને સીમાંત ખેડૂતો માટે કૂવો ગાળવા માટે આર્થિક સહાય માટે ખૂબ મહત્ત્વની આ યોજના છે. આ યોજના ચાલુ થાય તે ખૂબ જરૂરી છે, એટલા માટે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ખૂબ અગત્યનો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછ્યો છે. આદિવાસી વિસ્તારનો પ્રશ્ન છે. એસ.સી., એસ.ટી. અને અન્ય લોકોને કૂવા આપવાની વાત માનનીય સભ્યશ્રીએ કરી છે, આ કેન્દ્ર સરકારની યોજના છે. આ યોજના ૧૯૯૫-૯૬ થી બંધ કરવામાં આવી છે.

**શ્રીમતી વસુબેન ત્રિવેદી** : આ જીવનધારા યોજના કયારથી અમલમાં આવી અને ક્યારથી બંધ કરવામાં આવી. બીજો પ્રશ્ન જીવનધારા યોજના હેઠળ કુલ કેટલા કૂવા પૂર્ણ કરવામાં આવ્યા અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : આ યોજના ૧૯૮૮-૮૯ માં શરૂ કરવામાં આવી અને ૧૯૯૫-૯૬ માં બંધ કરવામાં આવી. આમાં કુલ ૫૮૮ કૂવા પૂર્ણ કરવામાં આવ્યા અને ૧૪૭.૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે કેન્દ્ર સરકારે આ યોજના બંધ કરી છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કેન્દ્ર સરકારે ભલે બંધ કરી, પણ રાજ્ય સરકાર આ યોજના આ રાજ્યના ખેડૂતોના હિતાર્થે ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એન.આર.ડી.એસ. યોજના તા. ૧-૪-૨૦૦૮ થી અમલમાં આવવાની છે. આમાં એસ.સી., એસ.ટી.ને લાભ આપી શકાશે. અન્ય ખેડૂતોને લાભ આપી શકાશે નહીં.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે ૧૯૮૧ માં ચાલુ થઈ અને ૧૯૯૫-૯૬ થી બંધ કરવામાં આવી છે. જવાબ છાપેલ છે એમાં લખવામાં આવ્યું છે કે સદર યોજના ૨૦૦૭-૦૮ માં રાજ્યમાં અમલમાં નહોતી, એટલે ૧૯૯૫-૯૬ માં બંધ કરવામાં આવી કે ૨૦૦૭-૦૮ માં બંધ કરવામાં આવી?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : આ યોજના ૧૯૯૫-૯૬ થી બંધ થઈ છે. તેમણે પ્રશ્ન ૨૦૦૭-૦૮ થી પૂછ્યો છે.

## બનાસકાંઠા જિલ્લામાં દિનદયાળ ગ્રાહક ભંડારની ઘટ

***૧૪૧૩ શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧મી ડિસેમ્બર ૨૦૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વસ્તીના પ્રમાણ મુજબ કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારની ઘટ છે,

(૨) જો ઘટ હોય તો ખૂટતા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો રાજય સરકાર ક્યારે મંજૂર કરવા માગે છે, અને

(૩) કાર્ડ ધારકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા શાં પગલાં લેવાયાં?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૧૯

(૨) જેમ બને તેમ ઝડપથી જરૂરી પ્રક્રિયા કરીને.

(૩) કાર્ડ ધારકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે હાલમાં નજીકમાં નજીક અંતરે આવેલ ગામની વાજબી ભાવની દુકાનો ઉપરથી જાહેર વિતરણ વ્યવસ્થાનો જથ્થો કાર્ડ ધારકોને આપવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં ૧૯ સસ્તા અનાજની દુકાનો હજુ ખોલવાની બાકી છે એટલે કે ચાલુ કરવાની બાકી છે. તો તેમાં તાલુકાદીઠ કેટલી દુકાનો છે અને મારે બીજું જાણવું છે કે સરકાર અને મંત્રીશ્રી પ્રજાલક્ષી હકારાત્મક અભિગમ ધરાવે છે અને આપે જવાબ એ પ્રમાણે આપ્યો છે કે જેમ બને તેમ જલદી પ્રક્રિયા કરીશું તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે જેમ બને તેમ ઝડપી પ્રકિયા કરવાની છે તો આ પ્રક્રિયા કયાં સુધી પૂરી કરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં આજે ૧૯ દુકાનોની ઘટ છે તેના માટે સૂચના આપવામાં આવી છે. ૩૧મી ડિસેમ્બર ૨૦૦૭ની સ્થિતિએ અત્યારે ૮૯૯ દુકાનો છે. આ ૮૯૯ દુકાનોમાં ૧૯ દુકાનો જે બાકી છે તેમાં ડીસા તાલુકામાં-૨, વાવ તાલુકામાં-૬, ડીસામાં જે બે દુકાનો છે તેમાં જંદાજી ગોળીયા અને વાહળા ગામની છે. વાવ તાલુકાની છ દુકાનો છે ગામ ધનાણા, ગોરેટી, રડકા, ધોધવા, લોદરાણી, કાણોઠી છે. દિયોદર તાલુકાની ચાર દુકાનો છે, રામપુરા, દેલવાડા, શેશણ અને જૂના સામલાવડાણાની છે. થરાદ તાલુકાની છ દુકાનો છે, ભરડાસર, ગેસરા, સાબા, ઉધરાણા, ગણેશપુરા અને ખોરડાની છે. વડગામની

એક ગામ વ્યાસાની છે. આ ૧૯ દુકાનો છે તેને આપણે ખૂબ જલદી તેના માટે મામલતદારને સૂચના આપી છે અને તે જલદીમાં જલદી કરવામાં આવશે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૧૯ દુકાનોની જે ઘટ છે તે સરકાર દ્વારા બંધ કરવામાં આવી છે કે એની મેળે ખાલી છે અને પૂરવાની છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દુકાનો બંધ કરવામાં આવી નથી. પરંતુ જેમ એની સંખ્યા છે તે પ્રમાણે વધતી જાય અને અંતર ત્રણ કિલોમીટર કરતાં વધારે થયું હોય તો તે વિસ્તારનો વિકાસ થયો હોય તો તે વિસ્તારોમાં દુકાનો નવી આપીએ છીએ. એટલે આ નવી દુકાનોની વાત છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ધાનેરા તાલુકાની અંદર કેટલી સસ્તા અનાજની દુકાનો છે ત્યાં ઘટ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધાનેરા તાલુકામાં કોઈ ઘટ નથી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો તે ખૂબ સારો છે. જિલ્લામાં ઘણી બધી દુકાનોમાં પોતાના ગામમાં સસ્તુ અનાજ નથી મળતું અને બીજા ગામ જવું પડતું હોય છે. મોટા ભાગની દુકાનો સરકારે પૂરી કરી છે અને હજુ ૧૯ ગામના લોકોને એક ગામમાંથી બીજા ગામમાં વસ્તુઓ લેવા જવું પડે છે. હું માનું છું ત્યાં સુધી આમાં વહીવટી પ્રક્રિયા છે ત્યારે મંત્રીશ્રી પોતાની કક્ષાએથી સૂચના આપીને આ કાર્યવાહી તાત્કાલિક પૂરી થાય સમય મર્યાદામાં તેવી અપેક્ષા રાખું છું

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ કિલોમીટર કરતાં વધારે છે તે લોકોને તકલીફ પડે છે. તે દુકાનો માટેનો જે સેટઅપ અમે ગોઠવ્યો છે, સૂચનાઓ આપવામાં આવી છે. મામલતદારો અને અમે ખૂબ જલદી ભરતી કરી આ દુકાનો ખોલીશું.

**આણંદ જિલ્લામાં કેરોસીનની ફાળવણી**

***૧૧૧૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) ગુજરાતમાં વાર્ષિક કુલ કેટલું કેરોસીન ફાળવવામાં આવે છે,

(૨) આણંદ જિલ્લામાં તાલુકાદીઠ કેટલું કેરોસીન ફાળવવામાં આવે છે,

(૩) કાર્ડ હોલ્ડર દીઠ કેટલા લીટર માસીક કેરોસીન ફાળવવામાં આવે છે, અને

(૪) પેટલાદ તાલુકાને કાર્ડદીઠ કેટલું કેરોસીન ફાળવવામાં આવે છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

**(૧)** કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજયને વાર્ષિક ૯,૫૫,૭૨૮ કિલો લીટર કેરોસીન ફાળવવામાં આવે છે

(૨) આણંદ જિલ્લામાં ફેબ્રુઆરી-૦૮ની તાલુકાદીઠ કેરોસીનની ફાળવણી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કેરોસીન ફાળવણી (k.L) |
|---|---|---|
| ૧ | આણંદ(શ) | ૧૬૦ |
| ૨ | આણંદ (ગ્રા) | ૫૬૫ |
| ૩ | ઉમરેઠ | ૨૨૬ |
| ૪ | આંકલાવ | ૨૧૮ |
| ૫ | બોરસદ | ૫૨૦ |
| ૬ | પેટલાદ | ૨૮૧ |
| ૭ | સોજીત્રા | ૧૪૨ |
| ૮ | તારાપુર | ૧૨૪ |
| ૯ | ખંભાત | ૩૯૭ |
| | કુલ: | ૨૬૩૩ |

**(૩)** નોન ગેસ કાર્ડ હોલ્ડરો પૈકી ૧ થી ૩ જનસંખ્યાવાળા કાર્ડ હોલ્ડરોને માસીક ૫ લીટર તથા ૩ થી વધુ જનસંખ્યાવાળા કાર્ડ હોલ્ડરોને માસીક ૧૦ લીટર કેરોસીન ફાળવવામાં આવે છે.

(૪) પેટલાદ તાલુકામાં નોન ગેસ કાર્ડ હોલ્ડરને ૧ થી ૩ ની જનસંખ્યા માટે ૫ લીટર તથા ૩ થી વધુ જનસંખ્યા ધરાવતા કાર્ડ હોલ્ડરોને ૧૦ લીટર કેરોસીન વિતરણનું ધોરણ ઠરાવેલ છે.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે નોન ગેસ હોલ્ડર તેમને માત્ર ૫ લીટર આપવાના નોમ્સ છે અને ૩ થી વધારે જનસંખ્યાવાળાને ૧૦ લીટર આપવાના નોમ્સ છે. મારી જાત તપાસમાં આવ્યું છે કે ૫ લીટર કે ૧૦ લીટર મળતું નથી અને ૫ લીટર વાળાને ૩ લીટર અને ૧૦ લીટર વાળાને ૭-૮ લીટર મળે છે. તો ગરીબોને પૂરું કેરોસીન મળે એ માટે સરકાર શું આયોજન કરવા માગે છે, મારો બીજો પ્રશ્ન એ છે કે, બીપીએલ જે કાર્ડધારકો છે એમને જે કેરોસીન આપવામાં આવે છે. એને કારણે

કેરોસીનનો ક્વોટા વધી ન જાય માટે બીપીએલ કાર્ડવાળાને એના કુટુંબને જુદું પાડવાની અંદર મામલતદારશ્રી બહુ મુશ્કેલી ઊભી કરે છે તો કેરોસીન આપવાને કારણે જો બીપીએલ કાર્ડ જો છુંટું ના પડતું હોય તો તે ગરીબોને અન્ય બીજા લાભો ન મળે તો એ કાર્ડ તાત્કાલિક છૂટા કરવા માગો છો કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને ધ્યાને મૂકવા માગું છું કે, આપણને જે કેરોસીન કેન્દ્ર સરકાર દ્વારા મળે છે એ ૭૯ હજાર કિલો લિટર મળે છે....

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, ગરીબોને પૂરું કેરોસીન આપવા માગો છો કે નહીં, એ મારો પ્રશ્ન છે, આમાં કેન્દ્ર સરકારની વાત નથી...

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય સભ્યશ્રી, હજુ તો આપના પ્રશ્નનો જવાબ હું શરૂ કરું છું, આપ સાંભળો તો ખરા. આપણને દશ લિટર લેખે કેન્દ્ર તરફથી ક્વોટા ફાળવવામાં આવે છે, આપણને જે ક્વોટા મળે છે અને જે લોકો નૉન-ગેસ કાર્ડ હોલ્ડરો છે કે જેમની પાસે ગેસનું જોડાણ નથી એવા માટે આ વ્યવસ્થા છે. અને જે તે ૭૯ હજાર કિલોલિટર કેરોસીન આપણને આપવામાં આવે છે, અત્યારે ૯૫ લાખ કરતાં વધારે આપણી જોડે ગુજરાતમાં કાર્ડ છે અને એમને આપણે કેરોસીન આપવું છે એ માટે કેન્દ્ર સરકાર પાસે વારંવાર અમે રજૂઆતો કરીએ છીએ કે તમે અમને ૯૫ લાખ કિલો લિટર કેરોસીન આપો.

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આપણા જે નોમ્સ છે કેરોસીન આપવા અંગેના એ નોમ્સનો અમલ કરવા માગો છો કે કેમ? દશ લિટર આપવાનું હોય તો દશ લિટર આપવું જોઈએ, એ મારો પ્રશ્ન છે, દશની જગ્યાએ અગિયાર લિટર આપવું એવી કોઈ મારી વાત નથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જે કેરોસીન આવે છે એમાં દશ લિટર આપવામાં આવે છે એની અંદર કોઈ વખતે સંખ્યાની દૃષ્ટિએ હોય તો સાડા નવ લિટરથી ઓછું આપવામાં આવતું નથી જે ત્યાંથી આવે છે એને પ્રપોશનલ વહેંચવામાં આવે છે અને એ અધિકારપૂર્વક કોઈને અન્યાય કર્યા સિવાય એ બીપીએલ કાર્ડ હોય કે અંત્યોદય હોય એને દશ લિટર આપવા માટેના જે નોમ્સ છે એને સખત રીતે વળગી રહેવામાં આવે છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આણંદ જિલ્લામાં કેટલા રેશનકાર્ડ ધારકો છે એમાંથી કેટલા રેશનકાર્ડ ધારકોને કેરોસીન આપવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જિલ્લાવાર જે રૅશનકાર્ડ છે (અંતરાય) આણંદમાં રૅશનકાર્ડ ટોટલ ૪ લાખ ૧૭ હજાર ૬૬૪ છે અને એટલે રૅશનકાર્ડમાં જે લોકોને કાર્ડ છે એ ૨૬૦૩૬૫ છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અહીં ગેસ હોલ્ડરોને કેરોસીન નહીં આપવું એ રીતે સ્ટેમ્પીંગ કરવામાં આવે છે પણ ઘણી જગ્યાએ સરકારની ગેસ એજન્સીઓ નહીં હોવાના કારણે રિલાયન્સ અને અન્ય પ્રાઇવેટ ગેસ એજન્સીઓના સિલિન્ડર કે એના કનૅક્શન હોય છે એ લોકોને કેન્દ્ર સરકારની કે કોઈપણ જાતની સબસિડી એમાં મળતી નથી તો એવા ગેસ ધારકોને આપ કેરોસીન આપવા માગો છો કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એ એમનું સૂચન છે.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં જાહેર વિતરણ યોજનામાં કેરોસીનના વિક્રેતાઓ સામે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલી તપાસો કરવામાં આવી છે અને એમાં કોઈ કસૂરવાર ઠર્યા છે કે કેમ, અને જો હા હોય તો એમની સામે શું પગલાં લેવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેરોસીનના વિતરણ અંગે ૧૨૨ તપાસો કરવામાં આવી છે અને એમાં સાત કેસોમાં ગેરરીતિ માલૂમ પડી છે, કસૂરવાર સામે આવશ્યક ચીજ ધારા ૧૯૫૫ તેમજ તે હેઠળના આદેશો અન્વયે તેમની ઉપર પગલાં ભરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૭૧૮૩ રૂપિયાની કિંમતનો માલ કબજે કરવામાં આવ્યો છે અને ૧૨૮૧૪ રૂપિયાના માલને રાજયસાત કરવામાં આવ્યો છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, આણંદ જિલ્લામાં ૨૬૩૩ કે.એલ. કેરોસીન મળે છે ત્યારે ખરેખર જરૂરિયાત કેટલી છે? અને બીજુ મારે ખાસ મંત્રીશ્રીને એ કહેવું છે કે, બાજુનો જિલ્લો છે ખેડા જિલ્લો એ અને અમારી આજુ બાજુના બીજા જિલ્લાઓ છે એના કરતાં કેરોસીનના ભાવ આણંદ જિલ્લામાં વધારે છે. અમારા ખેડા જિલ્લામાં ટ્રાન્સપોર્ટેશનના ભાવ નક્કી કરવા માટેની કોઈ પણ કમિટી મળી હશે એણે ભાવ ઊંચા લઈ જવાના કારણે એના ભાવ ઊંચા છે તો એની તપાસ કરાવવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીન જે છે એ સામાન્ય રીતે બી.પી.એલ.ની યાદીમાં આવતા અને ગરીબ લોકો દ્વારા વધારે વપરાશમાં લેવામાં આવે છે એટલે એ રાહત દરે એ લોકોને આપવામાં આવે છે. ૯-૯.૫૦ રૂપિયે લિટર લેખે, બજારમાં ઊંચા ભાવ છે એ સ્વાભાવિક રીતે આપણે જાણીએ છીએ માટે એમનું જે સૂચન છે એ અંગે વધુમાં વધુ એક્સરસાઈઝ કરવામાં આવશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક૧૦. (અંતરાય) માનનીય નિરંજનભાઈ, તમને ત્રણ વખત તક આપી. તમે બાકીના નિયમો ઉપર જઈને વધારાની ચર્ચા કરી શકશો. નિયમ ૯૨નો ઉપયોગ કરી શકો છો.

**આશ્રમ શાળાઓ મંજૂર કરવા બાબત**

***૭૫ શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સરકારે સને ૨૦૦૫ થી ૨૦૦૭ સુધીમાં કેટલી આદિજાતિની આશ્રમ શાળાઓ મંજૂર કરેલ છે,

(૨) આ આશ્રમ શાળાઓની કયા કયા જિલ્લાઓમાં ફાળવણી કરવામાં આવેલ છે,

(૩) આ આશ્રમ શાળા માટે કેટલી અરજીઓ આવી, અને

(૪) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારો પ્રશ્ન છે કે, સરકારે સને ૨૦૦૫ થી ૨૦૦૭ સુધીમાં કેટલી આદિજાતિની આશ્રમ શાળાઓ મંજૂર કરેલ છે? એનો જવાબ છે શૂન્ય. બીજો પ્રશ્ન છે કે, આ આશ્રમ શાળાઓની કયા કયા જિલ્લાઓમાં ફાળવણી કરવામાં આવેલ છે? જવાબ છે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આશ્રમ શાળા માટે કેટલી અરજીઓ આવી? એમાં પણ જવાબ છે કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ગુજરાતની સરકાર આદિવાસીઓની બહુ ચિંતા કરે છે તો આદિવાસી બાળકોને પાયાનું શિક્ષણ મળે એના માટે પછાત વિસ્તારોમાં આશ્રમ શાળાઓ ખોલવા માટે સરકારે કોઈ ધારા-ધોરણ નક્કી કરેલ છે કે કેમ? બીજો પ્રશ્ન અત્યાર સુધી જે આશ્રમ શાળાઓ સરકારે ખોલી છે તે કયા નિયમોના આધારે ખોલી છે? ત્રીજો પ્રશ્ન, રાજયના પછાત વિસ્તારોમાં કેટલી આશ્રમ શાળાઓ કયા કયા જિલ્લાઓમાં ખોલી છે? એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.(આંતરાય)

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, તમારી સરકાર બહુ વખતથી હતી અને ત્યારે કેટલી ચિંતા કરી છે એ જાણીએ છીએ આપણે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, કોઈ પણ જાતની પૂર્વ ભૂમિકામાં પડયા વગર આપ સીધો જવાબ આપો.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પ્રશ્ન પૂછયો છે આશ્રમ શાળાઓ વિશે, ત્યારે પૂર્વ માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો આપણે આભાર માનીએ છીએ કે આદિવાસી વિસ્તારોમાં શાળાઓ ન હતી, ઓરડાઓ ન હતા, શિક્ષકોની ભરતી નહોતી થયેલી એ સમયે સરકારે આશ્રમ શાળાઓ ખોલવા માટેની વિચારણા કરી હતી અત્યારે દરેક મુખ્ય શાળા, વર્ગ શાળામાં શિક્ષકો અને વર્ગખંડોની પૂરેપૂરી સગવડ હોવાના કારણે અત્યારે સરકાર નવી આશ્રમ શાળા શરૂ કરવા માટે વિચારતી નથી.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આશ્રમ શાળાની શરૂઆત ક્યારથી થઈ? પ્રશ્ન બીજો રાજયમાં કુલ કેટલી આશ્રમ શાળાઓ આવેલી છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આશ્રમ શાળાઓની શરૂઆત ૧૯૫૩ થી થઈ અને હાલ કુલ ૪૫૪ આશ્રમ શાળાઓ ગુજરાતમાં અત્યારે છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ખાસ સંજોગોમાં સરકાર આદિવાસી બાળકો માટે આશ્રમ શાળાઓમાં ખાસ ધારા-ધોરણ લાગુ કરવા માગે છે કે નહીં?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કોઈ ધારા-ધોરણ છે નહીં, પ્રાથમિક શાળા છે, મુખ્ય પ્રાથમિક શાળા છે, વર્ગ પ્રાથમિક શાળા છે અને સર્વ શિક્ષા અભિયાનમાં ગુજરાતમાં સંપૂર્ણ સગવડ પ્રાથમિક શાળાઓ માટે છે તેમ છતાં કોઈ અરજી આવશે તો તેના ઉપર વિચારણા કરવામાં આવશે.

**જુનાગઢ જિલ્લાના સાસણગીર વિસ્તારમાં અમૃતવેલ ગામનો રસ્તો બંધ થવા બાબત**

***૨૫૭ શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) જુનાગઢ જિલ્લાના સાસણ ગીરથી જંગલ વિસ્તારમાં આવેલ અમૃતવેલ ગામનો રસ્તો મૂળ જગ્યાએ આવેલ તે બંધ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) હયાત રસ્તો બંધ કરવો કે અન્યત્ર બદલવા અંગે સેટલમેન્ટ કમિશનરના એવોર્ડ પ્રમાણે શું જોગવાઈ છે, અને

(૩) ઉપરોક્ત રસ્તાઓને એવોર્ડની જોગવાઈનું પાલન થયેલ છે ખરું?

**વન મંત્રીશ્રી :**

(૧) ના જી, પરંતુ વન્ય પ્રાણી વ્યવસ્થાને વધુ સુદઢ બનાવવાના ભાગરૂપે સદરહું રસ્તાને ૨૦૦ મીટર જેટલો ડાયવર્ટ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી,મારા પ્રશ્નનો આ જવાબ સરકાર સુધારવા માગે છે કે કેમ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ જે આપ્યો છે એ બરાબર જ છે જવાબ સુધારવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સાસણગીરથી અમૃતવેલ ગામ માત્ર ૧૨ કિલોમીટરના અંતરે જ આવેલું છે અને આ રસ્તાને માત્ર ૮૦ મિટરનું જ ડાયવર્ઝન આપવામાં આવેલું છે બાકી બીજું કંઈ છે નહિ.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : મારે સરકાર પાસેથી એ જાણવું છે કે, ફોરેસ્ટ સેટલમેન્ટ એવોર્ડમાં જણાવેલ રસ્તાઓમાં ફેરફાર કરવા માટે જોગવાઈ છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આ સેટલમેન્ટનું ગામ છે અને જે તે વખતે એવોર્ડ જાહેર કરેલો છે એમાં રસ્તાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : અમૃતવેલના રસ્તાનું પાલન ન કરવાના કારણો શાં છે અને ઉલ્લંઘન કરનાર સામે શું કાર્યવાહી કરવા માગો છો?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આમાં બે ચેકીંગ નાકા હતા તેની જગ્યાએ સિંહોનું રક્ષણ વધારે કરી શકાય એટલા માટે એક જ નાકુ કર્યુ છે અને અમૃતવેલથી તલાલાનો જે રસ્તો છે એમાં માત્ર ૮૦ મિટરનો જ ફરક પડે છે અને મુળ રસ્તો તો ચાલુ જ છે

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : આપના મારફતે હું જાણવા માગું છું કે, વન વિભાગે આ નાકાના સ્થળમાં ફેરફાર કરવાનો અને અમૃવેલથી સાસણ ડાયવર્ઝન આપવાનો શું હેતુ છે અને આ ડાયવર્ઝનથી શું લાભ થવાનો છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ :** આગળ કહયું જ કે ફકત ૮૦ મિટરનો જ ફરક છે અને આમાં અમૃતવેલથી જસાપર સુધીનો રસ્તો છે જ. ખાલી ૮૦ મિટરનો વળાંક જ છે બાકી રસ્તો તો ચાલુ છે જ અને ગામની અવરજવર ત્યાંથી થઈ શકે છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વન વસાહત ગામ ફોરેસ્ટ સેટલમેન્ટ વિલેજ એટલે શું અને તેના હકકો અને હિતો શું છે અને સાસણગીરથી જે ધાર્મિક સ્થળ સત્તાધાર જવાનો જે રસ્તો છે એ રસ્તેથી પસાર થવા માટેનો સમય કયો નકકી થયેલો છે એ મારે આપના થકી જાણવું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ :** આ વન વસાહતના ગામો છે, એ ગામોમાં અમૃતવેલથી સાસણ થઈ મેંદરડા, જુનાગઢ તરફ તેમજ સાસણ થઈ તલાલા તરફ જઈ શકાય છે તેમજ અમૃતવેલ ગામથી જસાપર તુક એ તલાલા ગામ તરફ જઈ શકાય છે ઉપરોકત રૂટ દ્વારા તેમને લગતા વ્યવહારોના ગામોમાં જઈ શકાય છે અને ખેતીમાં પણ જઈ શકાય એવી વ્યવસ્થા આનાથી થઈ છે

**શ્રી લવજીભાઈ ઠા. રાજાણી** : હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમૃતવેલ ગામનો વ્યવહાર કયા ગામો સાથે છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ :** જસાપર ગામથી વ્યવહાર ચાલે છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ**: માનનીય અધ્યક્ષશ્રી, ફોરેસ્ટના સેટલમેન્ટના એવોર્ડમાં રસ્તાઓમાં ફેરફાર કરવાનો અધિકાર છે કે નહિ તે હું જાણવા માગું છું. સેટલમેન્ટના જે રસ્તાઓ છે એમાં ફેરફાર કરવાનો અધિકાર છે કે નહિ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે સેટલમેન્ટ ઓફિસર હોય છે એ લોકો જે તે વખતે જાહેરનામું બહાર પાડીને એમની જે કંઈ જે પ્રમાણે જરૂરિયાત છે તે પ્રમાણે માગણી કરવામાં આવે છે અને જે સુવિધા આપવાની હોય છે એ અપાય છે પણ પાછળથી કોઈ માગણી ગમે ત્યારે કરી શકે નહિ પણ જાહેરનામું બહાર પાડીને જાહેરાત કરીને એમની જે કંઈ માગણી હોય છે તેના પર ચોકકસ ધ્યાન અપાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્ન બે અને ત્રણમાં હયાત રસ્તો બંધ કરવો કે અન્યત્ર બદલવા અંગે સેટલમેન્ટ કમિશ્નરના એવોર્ડ પ્રમાણે શું જોગવાઈ છે? તો તેનો જવાબ એવો આપ્યો છે કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માત્ર જોગવાઈ માગી છે તેમાં પ્રશ્ન ઉપસ્થિત કેવી રીતે ના થાય ? અને ત્રીજો પ્રશ્ન એવો છે કે ઉપરોક્ત રસ્તાઓને એવોર્ડની જોગવાઈનું પાલન થયેલ છે કે કેમ? તો તેમાં એમ કહ્યું છે કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ પ્રશ્ન મને લાગે છે કે સમજ્યા વગરનો જવાબ આપ્યો છે. ત્યારે મંત્રીશ્રી સુધારીને જવાબ આપવા માગે છે કે કેમ ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે ફૉરેસ્ટ સેટલમેન્ટમાં જે ૮-૭-૬૮થી બહાર પાડેલ આખરી ફોરેસ્ટ સેટલમેન્ટ અહેવાલમાં અમૃતવેલ વસાહતના ગામને રસ્તાના હક્ક હિત માટે કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી આ જે તે વખતની વાત છે. અમૃતવેલ વન વસાહતના ગામના લોકો ગિરિ અભ્યારણ્યના

ખોખરા ચેકીંગ નાકાથી જંગલના રસ્તા ઉપર આવન-જાવન કરતાં હોય છે. આ સેટલમેન્ટ અહેવાલમાં ફક્ત એક પોઈન્ટથી બીજા પોઈન્ટનો રસ્તાનો હક્ક આપવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક: ૧૪

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ભરતભાઈ છે નહીં તો પ્રશ્ન પૂછવા દેવા વિનંતી.

**અધ્યક્ષશ્રી** : ના, મંત્રીશ્રીએ સંમતિ આપી છે ?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, હાજી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમને વાંધો નથી પણ બીજા પ્રશ્નો અમે પણ ઉઠાવી શકીશું.

**અધ્યક્ષશ્રી** : જુઓ અર્જુનભાઈ, આવા જ એક પ્રશ્ન ઉપર માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ મંજૂરી માગી હતી અને તે પ્રશ્ન સિવિલ હોસ્પિટલ અમદાવાદનો હતો. માનનીય શકિતસિંહજીને આરોગ્ય મંત્રીશ્રીએ મંજૂરી આપી હતી અને તે પરંપરાની અંદર મંત્રીશ્રીને લાગે કે મારે જવાબ આપવો છે (અંતરાય) એમણે મને આવીને કહી જવું જોઈએ, તે કહ્યું નથી પણ મંજૂરી આપી છે, હું મંજૂરી આપું છું. તેમને મંજૂરી અપાયેલી છે તે આપની જાણ બહાર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપને ખબર હોવી જોઈએ. આપને જાણ હોવી જોઈએ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંજૂરી મળવી જોઈએ એવો આગ્રહ આપ નહીં રાખી શકો તે મંત્રીશ્રી ઉપર છે. આ પરંપરા હું આ બાજુથી શરૂ નથી કરતો. આ પરંપરાની શરૂઆત આજે પણ જે થઈ છે તે શકિતસિંહજીથી થઈ છે.(અંતરાય) આપ ગેરહાજર રહ્યા હતા એટલે આપને ખ્યાલ નથી (અંતરાય) તો આપે જાણવું જોઈએ કે મંત્રીશ્રીએ મંજૂરી આપી છે.

## બી.પી.એલ.માટેની ઉચ્ચત્તમ સંખ્યા

***૧૩૯૪ શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) બી.પી.એલ.માટેની ઉચ્ચત્તમ સંખ્યા કેન્દ્ર સરકારે છેલ્લી બી.પી.એલ.યાદી માટે કેટલી નક્કી કરવા માટે રાજય સરકારને જણાવ્યું છે.
(૨) અગાઉ આ બી.પી.એલ.ની યાદી કેટલાની હતી, અને
(૩) આ બી.પી.એલ.યાદી ઘટવા સામે રાજય સરકારે કેન્દ્રમાં રજૂઆત કરી છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) બી.પી.એલ. માટેની ઉચ્ચત્તમ સંખ્યા કેન્દ્ર સરકારે છેલ્લી બી.પી.એલ. યાદી માટે ૧૧.૩૯૭ લાખ કુટુંબ નક્કી કરવા માટે રાજય સરકારને જણાવ્યું છે.
(૨) અગાઉ આ બી.પી.એલ.યાદી ૨૩.૨૯ લાખ કુટુંબોની હતી
(૩) હા,જી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અગાઉ બી.પી.એલ.ની યાદીમાં ૨૩.૨૯ લાખ કુટુંબો હતા અને કેન્દ્ર સરકારે છેલ્લી બી.પી.એલ.ની યાદી માટે ૧૧.૩૯ લાખ કુટુંબ નક્કી કરવા માટે રાજય સરકારને જણાવ્યું આના કારણે લગભગ ૧૧ લાખ જેટલાં ગરીબ કુટુંબો આ બધી યોજનાઓથી વંચિત રહી જશે. તો તેના કારણે તેના કુટુંબોની હાલત કફોડી થાય છે. આ બી.પી.એલ. કાર્ડના કારણે તેને સારવારની અને અન્ય અનેક જગ્યાએ બી.પી.એલ.ના લાભાર્થી તરીકે તેને લોનમાં અને અન્યમાં..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન એકદમ ટૂંકો હોવો જોઈએ. પ્રશ્ન ઉપર આપનું પ્રવચન નહીં આપો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એમ છે કે કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોની આવી ક્રુર મજાક કેમ કરવામાં આવે છે ?

**અધ્યક્ષશ્રી** : ટીકાઓ કર્યા વિના સીધો જ પ્રશ્ન પૂછોને ભાઈ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હા. માનનીય અધ્યક્ષશ્રી, આટલો અન્યાય કરવામાં આવે છે તો • (xxxxx)

**અધ્યક્ષશ્રી** : હું આ શબ્દો કાઢી નાખું છું. નેકસ્ટ, આ વાતને આપણે જવા દઈએ, પ્રશ્નને હું લેતો નથી. નેકસ્ટ, (અંતરાય) ચાલે નહીં. પ્રદિપસિંહજી, આપ સીધો પ્રશ્ન પૂછો. નહીંતર...

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગરીબોને આના કારણે જે અન્યાય થાય છે તેના માટે રાજય સરકાર દ્વારા કોઈ રજૂઆત કે આયોજન કરવામાં આવ્યું છે કે કેમ ?

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યાં છે.

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખૂબ ગંભીર છે. આ પ્રશ્નમાં પક્ષાપક્ષીથી દૂર રહીને ગરીબ માણસોનો, આદિવાસીઓનો અને અન્ય સમાજનો સવાલ છે, એટલે પક્ષાપક્ષીથી દૂર રહીને ગુજરાતને અન્યાય થઈ રહ્યો છે, એના માટે સૌએ સાથે મળીને રજૂઆત કરવા માટે વિનંતી કરું છું. મારે આપના મારફતે એટલી જ વાત કરવી છે કે કેન્દ્ર સરકારની તારીખ ૧૩/૯/૨૦૦૨ની સૂચના હતી કે અતિ ગરીબ કુટુંબોને ઓળખી કાઢો. આપણે કુલ ૧૪.૯૧ લાખ કુટુંબોને ઓળખી કાઢયા. કેન્દ્ર સરકારે ૩૧/૧/૨૦૦૩ના પત્રથી જણાવ્યું કે ગુજરાત માટે ૧૧.૩૯ લાખ કુટુંબોની મર્યાદા નકકી કરી છે. એના મારફતે ૩.૧૨ લાખ કુટુંબોને લાભ મળવાનો નથી. એટલે આ પ્રશ્ને પક્ષાપક્ષીથી દૂર રહીને ગરીબ માણસોને લાભ મળે એટલા માટે સર્વસંમતિથી વાત કરવી જોઈએ. બીજુ મારે એ કહેવું જોઈએ કે ગુજરાત સરકાર ૧૪ લાખ લોકોને લાભ આપે છે, એટલે એમાંથી બહાર જઈને કેન્દ્ર સરકારમાં વાત કરીને જે મર્યાદા છે, એને અટકાવવા માટે આપ સાહેબને નમ્ર વિનંતી કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રીની ગરીબ માણસોના હિત માટેની ભાવના હોય તો એમાં અમારો સાથ રહે જ. હું એ જાણવા માગું છું કે ખરેખર સાચો સરવે કરીને આપણે કુટુંબોની યાદી તૈયાર કરીએ. બી.પી.એલ.ના કાર્ડમાં બીજી પણ ઘણી સવલત મળતી હોય છે. ખરેખર સાચા સરવેથી વાજબી રીતે કેટલા બી. પી. એલ. કાર્ડ તૈયાર થાય છે, એની યાદી કરવામાં આવે અને સંયુકત રીતે ત્યાં રજૂઆત કરવાની અમારી તેયારી છે. તો આવી યાદી કરવાની સરકારની તેયારી છે કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : હા, જી.

**શ્રી ભરત બારોટ** : આ ગરીબો નકકી કરવાની સત્તા દિલ્હી સરકારમાં આયોજન પંચ પાસે હોય, એના માપદંડ એ નકકી કરે, એના નંબર પણ એ નકકી કરે, તો રાજય સરકાર આ બાબતમાં બાકી રહી ગયેલા ગરીબો માટે શું સવલતો આ છેલ્લા ૨ વર્ષ દરમ્યાન આપે છે અને આ ગરીબોની સંખ્યા નકકી કરવાનો માપદંડ બદલવા માટે તેમજ આ નંબર વધારવા માટે રાજય સરકારે કેટલીવાર કેન્દ્ર સરકારને રજૂઆત કરી અને કોને કોને કરી?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય સભ્યશ્રીએ અગત્યનો પ્રશ્ન પૂછયો છે. ૨૮/૨/૨૦૦૭ના રોજ રાજય સરકારે વાત કરી છે અને ૨૯/૧૨/૨૦૦૭ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એન.ડી.સી.ની પરિષદમાં, ૫૪મી બેઠકમાં કટ ઓફ સ્કોરની વાત કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે કેન્દ્ર સરકાર આની અંદર જે ધોરણો નકકી કરે છે કે કુલ કેટલા કુટુંબો છે, એની સંખ્યા નકકી કરે છે. બીજો પ્રશ્ન એ છે કે કેન્દ્ર સરકારે જે ગાઈડ લાઈન્સ બનાવી છે, એ ગાઈડ લાઈન્સ કઈ સાલની અંદર બનાવી અને એના પછી કેટલા વર્ષો પછી આપણે કેન્દ્ર સરકારને રજૂઆત કરી? મારો બહુ સ્પેસિફિક પ્રશ્ન છે. ગાઈડ લાઈન્સ કઈ તારીખે બનાવી અને એના પછીની કઈ તારીખે આપણે પહેલી રજૂઆત કરી?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર**: માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય અર્જુનભાઈ સાહેબને વિનંતી છે કે ૧૩/૯/૨૦૦૨ ના રોજ કેન્દ્ર સરકારની સંપુર્ણ સૂચનાઓને ધ્યાનમાં રાખીને યાદી તૈયાર કરવામાં આવી. એમાં ૧૪.૫૧ લાખ કુટુંબો નિર્ધારીત કરવામાં આવ્યા. (અંતરાય) ભારત સરકારના સંપુર્ણ માપદંડને આધારે આ કુટુંબો નકકી કરવામાં આવ્યા. પણ, કેન્દ્રની સરકારે આમાં ૧૧.૩૯ લાખ કુટુંબો જ ફરજીયાતપણે રાખવાની આપણને સૂચના આપી છે અને જો આ ફેરફાર આપણે નહીં કરીએ તો ૨૦૦૮-૦૯ નો પ્રથમ હપ્તો છોડવામાં મુશ્કેલી પડશે એવી કેન્દ્રની સૂચના છે, આ પ્રશ્નમાં.

**શ્રી જગદીશ ઠાકોર** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપે ૧૪.૫૧ લાખ કુટુંબોની બી.પી.એલ. યાદી કેન્દ્ર સરકારને મોકલી અને એમાંથી આપના કહેવા પ્રમાણે ૧૧ લાખની આસપાસ બી.પી.એલ. કુટુંબોની યાદી નકકી થઈને આવી છે. તો આ જે સરવે થયો છે એ ખોટો થયો છે એટલા માટે કે ૨૩ લાખ બી.પી.એલ. કાર્ડ હોલ્ડરો હતા અને એમાંથી જે સરવે થયો અને એ સરવે થયા પછી હિયરિંગ થયું અને એ હિયરિંગ થયા પછી ૧૪ લાખની આસપાસ જ એની યાદી બનાવવામાં આવી છે. એટલે આ સરવેમાં ઘણાં બી.પી.એલ. કુટુંબો રહી ગયાં છે. મારા જ તાલુકાની વાત કરું તો પક્ષીય ધોરણે આ સરવે થયો છે એ કહેતાં મને જરાપણ ખચકાટ થતો નથી આ ૧૪ લાખની યાદી મોકલી છે તો ૨૩ એ ૨૩ લાખનો ફરીથી સરવે કરીને આ યાદી કેન્દ્ર સરકારમાં મોકલીને સાચો સરવે કરીને બી.પી.એલ. કુટુંબોને લાભ આપવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ• (ચોર કોટવાળને દંડે)એવી વાત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ આપના એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા એ શબ્દો પાછા ખેંચી લઉંછું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જગદીશભાઈ, મેં એ શબ્દો પાછા ખેંચાવડાવ્યા છે. હવે આપ પ્રશ્નનો જવાબ સાંભળો.(અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા એ શબ્દો પાછા ખેંચી લીધા છે. (અંતરાય) પરંતુ હું આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ગુજરાત સરકારે બી.પી.એલ. કાર્ડની ગણતરી માટે એના ૧૩ માપદંડો

• (XXXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય મંત્રીશ્રીએ પાછા ખેંચી લીધા છે.

આપેલા હતા એના આધારે ગણતરીપૂર્વક ગણતરી કરવામાં આવેલ છે. કોઈ કરકસરયુકત ગણતરી નહીં, પરંતુ ખૂબ જ ચીવટપૂર્વક (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. (અંતરાય) ગુજરાતમાં અગાઉ બી.પી.એલ. યાદી તમારા વખતમાં ૨૩.૨૯ લાખ લોકો ગરીબી રેખા નીચે સબડતા હોય અને જયારે કેન્દ્ર સરકારમાંથી ૧૦.૩૬૧ લાખ કુટુંબોને બી.પી.એલ. તરીકે ગણવા એવું નકકી કરે તો કેન્દ્ર સરકારને કહેવાને બદલે અમને દબાણ કરે છે. મારે ધ્યાન દોરવું છે કે ફકત જયારે ખૂબ દબાણ કરવામાં આવ્યું ત્યારે ૧૦ ટકા વધારો ઉમેરવા માટે આપ્યો છે. આયોજન પંચ દ્વારા અને કેન્દ્ર સરકાર દ્વારા ૧૧.૩૯ લાખ જ બી.પી.એલ. કાર્ડ ગણવા એમ કરીને ૦ થી૧૬ ડિઝિટલ સુધી, જયારે ૧૪.૪૯ લાખ લોકો ગરીબ હતા, તો પણ અમે ખૂબ જ આજીજી કરી કે ગરીબો માટે કોઈ કામગીરી સંભાળો (અંતરાય) તો છતાં પણ ૧૧.૩૦ લાખ લોકોને બી.પી.એલ.માં સમાવવામાં આવ્યા છે. મારે એમના ધ્યાન ઉપર મૂકવું છે કે...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બહુ લાંબો જવાબ આપવાને બદલે જે પ્રશ્ન છે એટલો જ જવાબ આપો. વિગતોમાં ના પડો.(અંતરાય) ઓર્ડર, ઓર્ડર...(અંતરાય)

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : મારે આપનું ધ્યાન દોરવું છે કે.....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું ના પાડું છું

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ધોરણ બનાવનાર એન.ડી.એ.ની સરકાર હતી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપનો જવાબ પૂરો થાય છે, નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક ૧૫..

## પંચાયતોનું વિભાજન કરવા બાબત

*૧૩૫૨ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

તા. ૩૧-૧--૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પંચાયતોમાં વિભાજન કરવામાં આવ્યાં?

**પંચાયત મંત્રીશ્રી:**

૩૦ ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવેલ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૩૦ ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત કેટલા સમયથી રાજય સરકાર પાસે આવી હતી અને વિભાજન કયારે કરવામાં આવ્યું?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતોના વિભાજનો માટેની તો સતત લોકો પાસેથી માગણીઓ આવતી રહે છે અને એ દરખાસ્તોમાંથી ફકત ૩૦ દરખાસ્તો આપણી પાસે પડતર છે. ગ્રામ પંચાયતોના વિભાજન માટેની જે માગણીઓ છે. જે ગ્રામ પંચાયતના વિભાજન માટેની માગણી આવી છે તે ૨૧૨ છે, અને એમાંથી ૩૦ માગણીઓ સ્વીકારેલી છે. અને તેનો વિગતવાર રિપોર્ટ પણ મારી પાસે છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પંચાયત વિભાજનનો જે પ્રશ્ન છે એમાં રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાની બે પંચાયતના વિભાજન માટે ૨૨-૬-૦૭ના રોજ દરખાસ્ત આવેલી છે તો રાજય સરકાર તેનું તાત્કાલિક વિભાજન કરવા ઈચ્છે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : નોર્મ્સ પ્રમાણે પડધરીના એ ગામો આવતા હશે તો ચોકકસ પણે ધ્યાન આપવામાં આવશે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : વલસાડ તાલુકાના કપરાડા તાલુકા પંચાયતની વિભાજન કરવા માટેની દરખાસ્ત છેલ્લા બે વર્ષથી પડી છે. અને છૂટા છવાયા ગામડાં હોવાને કારણે એ દરખાસ્ત કેટલા સમયમાં મંજૂર કરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મેં કહ્યું કે નોર્મ્સ પ્રમાણે ફીટ થતા હોય તો વિભાજન કરવામાં કોઈ તકલીફ નથી.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દ ણી પંચાયતોને વિભાજન થયે ૧૫-૧૫ વર્ષ થયા છતાં આ પ્રક્રિયા એટલી જટીલ હોવાને કારણે એ વિભાજન થઈ શકતું નથી તો આ પ્રક્રિયાને સરળ બનાવવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : પ્રક્રિયા સરળ બનાવવાનું એમનું સૂચન ધ્યાન પર લેવામાં આવશે.

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચાયત વિભાગમાં ગ્રામ પંચાયત અલગ કરવાની દરખાસ્તો આવ્યા પછી કેટલા સમયમાં તેનું વિભાજન કરવા માટેની કાર્યવાહી કરવામાં આવે છે, એક, અને બીજું કે ધ્રોળ તાલુકાના ધરમપુર ગ્રામ પંચાયતને અલગ કરવાની માગણી છેલ્લા દસ વર્ષથી પેન્ડિગ છે. તો તે માગણી કયારે મંજૂર થશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : હું એક બાબત સન્માનનીય ગૃહ સમક્ષ ધ્યાને મૂકું છું કે જે ગ્રામ પંચાયત અલગ કરવાની વાત છે એમાં વિવાદો ન હોય, બે ગ્રામ પંચાયતો જુદી પાડવાની હોય અને એમાં કોઈ વિવાદ ન હોય, વાંધા ન હોય, આપણા નોર્મ્સ પ્રમાણે વસતિનું ધોરણ જુદું થતા એક હજારની વસતિ હોય, કરવેરા અને તેના સાધનોની આવક દસ રૂપિયા જો દર વર્ષે એક વેરો ભરાતો હોય, અને બે કિલો મીટરનું અંતર હોય તો મને લાગે છે કે એમાં કોઈ વાંધો નથી. પરંતુ જો વેરાની આવક દસ રૂપિયા કરતા વધારે એટલે કે ૨૫ રૂપિયા અને તેનાથી

વધારાની આવક જો ગ્રામ પંચાયતે કરેલ હોય તો બે કિલો મિટરના અંતરનો જે બાધ છે તેના બદલે એક કિલો મિટર અંતર ઓછું કરીને પણ ગ્રામ પંચાયતનું વિભાજન કરીએ છીએ. આપે જે સૂચન કર્યુ છે એ જો નોર્મ્સમાં આવતું હોય તો કરવામાં કોઈ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : આપ એકદમ ટૂંકો જવાબ આપશો તો બીજા સભ્યોને પ્રશ્ન માટે વધારે તક આપી શકાશે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક ગામો નવી જગ્યાએ વસાવવામાં આવ્યા છે, પૂર કે એવી પરિસ્થિતિને કારણે કેટલાક ગામડાં નવી જગ્યાએ વસાવવામાં આવ્યા છે, તેની ગામતળની જમીન એક જ છે, પણ એમની વચ્ચેનું અંતર વધારે છે, તેથી મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ગ્રામ પંચાયતોના વિભાજન માટે નંબર વન, ટુ અને થ્રી એવા કયા કારણો છે કે જેનાથી ગ્રામ પંચાયતનું વિભાજન થઈ શકે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : હમણાં જ કહ્યું તે પ્રમાણે ૩ કારણો મેં આપ્યા છે.

**અધ્યક્ષશ્રી** : કારણો આપી દીધા છે.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી** : મારા ગત ટર્મના પ્રશ્નમાં એવો જવાબ આપ્યો હતો કે ગ્રામ પંચાયતનું ડી લીમીટેશન નકકી ન થાય ત્યાં સુધી વિભાજન કરી શકાય એમ નથી. તો ડી લીમીટેશન નકકી થઈ ગયું કે કેમ? અને એ વખતે જે પંચાયતોની માગણીઓ હતી તેનું વિભાજન કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે નોર્મ્સ પ્રમાણે હોય તો પંચાયતનું વિભાજન કરવામાં કોઈ વાંધો નથી. ડી લીમીટેશનની કામગીરી જયારે ચાલતી હોય એ કામગીરી પૂરી થયા પછી ડી લીમીટેશનની કામગીરી પૂરી થઈ છે ત્યારે એમાં કોઈ બાધ નહીં આવતો હોય તો ચોકકસ ધ્યાન આપવામાં આવશે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષથી દરખાસ્તો પડી છે અને એમાં મીઠાપુર અને કોઠાતલાવડી ગામે તો ગઈ વખતે ચૂંટણીમાં પણ બહિષ્કાર કર્યો હતો, તો આ ગ્રામ પંચાયતોને અલગ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : અમદાવાદ જિલ્લાની ૩૫ માગણીઓ આવેલી છે, એમાંથી ૭ નું વિભાજન કરેલ છે. તો આ બાકીનું એમનું જે સૂચન છે એમાં ધ્યાન આપવામાં આવશે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચાયતોના વિભાજનનો ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન છે. પંચાયતો નોમ્સ મુજબ જ દરખાસ્ત કરે છે. એ દરખાસ્ત તાલુકામાં, જિલ્લામાં અને છેલ્લે રાજય સરકાર પાસે આવે છે. એમાં પાંચ-પાંચ વર્ષ જાય છે અને એટલો સમય આ પંચાયતના વિભાજનના કેસો પડતર રહે છે. તો આ માટેનું કોઈ સરળીકરણ કરીને પંચાયત વિભાગ બે-ચાર કે છ મહિનામાં આ વિભાજનની પ્રક્રિયા કરવા માટે કોઈ માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવે ત્યારે અનેક પ્રશ્નો સામે આવે છે. એક તો ગામના લોકો બે ભાગમાં વહેંચાવા માગે છે. નોમ્સ છે એ પ્રમાણે આવતું હોય તો છ મહિના તો શું ત્રણ મહિનામાં પૂરું કરવામાં અમને વાંધો નથી. વાંધાઓ થાય લિટિગેશન થાય ત્યારે પ્રોબ્લેમ ઊભો થાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, હજી બીજા ત્રણ ચાર સભ્યશ્રીઓ આમાં પ્રશ્ન પૂછવા માગે છે તેથી મારી આપને વિનંતી છે કે જે સભ્યશ્રીઓને પંચાયતના વિભાજન માટેના પ્રશ્નો હોય એ મંગાવીને એક સંયુક્ત બેઠક અધિકારીઓ સાથે આપ રાખો તો મને લાગે છે કે એનો સરસ રીતે ઉકેલ આવી શકશે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ:** એનો કોઈ વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** પ્રશ્ન ક્રમાંક-૧૬

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખુમાનસિંહભાઈ હાજર નથી, આ પ્રશ્ન ખૂબ અગત્યનો છે તેથી મને પૂછવાની મંજૂરી આપવામાં આવે તેવી વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ મંજૂરી આપો છો?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ના,જી.

**અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

***૧૦૨૮ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં ૨૦૦૮ની ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થયેલ છે,

(૨) સમરસ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ચૂકવાયેલ છે કે કેમ, અને

(૩) કેટલી રકમ લેખે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) ૧૦.

(૨) હા, જી.

(૩) રાજય સરકાર તરફથી પ્રથમ વખત સમરસ થતી ગ્રામ પંચાયતના કિસ્સામાં રૂા. ૧.૦૦ લાખ અને બીજી વખત સમરસ થતી ગ્રામ પંચાયતના કિસ્સામાં રૂા. ૧.૨૫ લાખના ધોરણે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થઈ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય જયંતિભાઈ, તમે વચ્ચે બોલો છો તેથી માનનીય મંત્રીશ્રીઓનું ધ્યાન એ તરફ દોરાય છે તેથી ચેતવણી આપું છું કે આપ વચ્ચે ન બોલો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : અમદાવાદ જિલ્લામાં તાજેતરમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થઈ એમાંથી મહિલા સમરસ પંચાયતો કેટલી થઈ, અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે સમરસ પંચાયતો કયા તાલુકામાં થઈ એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : અમદાવાદ જિલ્લામાં દસ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. એમાં બે ગ્રામ પંચાયતો પૂર્ણ મહિલાઓના આધારે સો ટકા મહિલા પદાધિકારીઓ થવાને કારણે ત્યાં થઈ છે. આ એક વિશિષ્ટ સિદ્ધિ છે. એમાં એક શોભાસણ અને સદાતપુરા ગામ છે. ગ્રામ પંચાયતના સભ્યો પોતાના સ્વભંડોળમાંથી એમને બક્ષિસ આપે છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ અને ગુજરાતમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ અને એને કેટલું અનુદાન આપવામાં આવ્યું?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : જે ગ્રામ પંચાયતો સમરસ બને છે એને આપણે એક લાખ રૂપિયાનું અનુદાન આપીએ છીએ. પાંચ હજારથી ઓછી વસતિ હોય ત્યાં એક લાખનું અનુદાન આપીએ છીએ. જ્યાં આગળ પાંચ હજાર કરતાં વધારે સંખ્યા હોય ત્યાં ૧.૨૫ લાખ રૂપિયાનું અનુદાન આપવામાં આવે છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સમરસ ગ્રામો બનાવ્યા અને સમરસ ગ્રામ પંચાયતો બની તે બદલ ગુજરાત સરકારને અભિનંદન આપું છું. આ સમરસ ગ્રામ યોજનાનો ઉદ્દેશ શું છે એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : રાજયની અંદર ચૂંટણીઓ આવતી હોય છે અને ગામડાંમાં વિવાદો ચાલતા હોય છે એ વિવાદોને ઓછા કરવાનો ખ્યાલ આ રાજય સરકારનો રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ અભિગમ અપનાવ્યો છે ત્યારે ......

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## રાજ્યમાં કેરોસીન વિતરણમાં ગેરરીતિઓ અંગે

૧૪૦૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેરોસીન વિતરણમાં ગેરરીતિઓ કરનાર સામે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી તપાસ થઇ છે, અને

(૨) આ તપાસમાં કસુરવાર સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) રાજ્યમાં કેરોસીન વિતરણ અન્વયે તારીખ ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ૧૩,૯૬૫ તપાસ કરવામાં આવેલ છે.

(૨) આ પૈકી ૩૫૪૯ કેસોમાં ગેરરીતિ માલુમ પડેલ છે. જે અન્વયે કસુરવાર સામે આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ તેમજ તે હેઠળના આદેશો અન્વયે નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧. ૪૭,૯૬,૬૦૫/- ની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવ્યો.
૨. રૂા. ૨૩,૧૮,૬૩૫/- ની કિંમતનો જથ્થો રાજ્ય સાત કરવામાં આવ્યો.
૩. રૂા. ૧૪,૫૬,૨૪૬/- ની પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી.
૪. ૫૧ પરવાના મોકુફ કર્યા.
૫. ૪૨ પરવાના રદ કર્યા.
૬. ૪૩ કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરી આ ઉપરાંત
૭. ૨૦ કેસમાં કાળાબજાર નિવારણ ધારા હેઠળ અટકાયત કરી.

------------

**સીંગતેલમાં ભાવ વધારો**

૧૦૨૯ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ અમદાવાદ-વડોદરા-રાજકોટ અને સુરત ખાતે સીંગતેલનો ભાવ શું હતો, અને | (૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ૧૫ લીટર સીંગતેલનો ભાવ શહેર પ્રમાણે નીચે મુજબ હતા.<br>અમદાવાદ : ૧૦૬૫ થી ૧૦૭૫<br>વડોદરા : ૧૦૮૦ થી ૧૧૧૦<br>રાજકોટ : ૧૦૬૦ થી ૧૦૬૫<br>સુરત : ૧૦૮૦ થી ૧૦૮૫ |
| (૨) આ ભાવ વધારો ડામવા સરકારે શાં પગલાંઓ લીધા ? | (૨) (૧) રાજ્ય સરકાર દ્વારા બી.પી.એલ./ અંત્યોદય કાર્ડધારકોને ખાદ્યતેલ રાહત ભાવે મળે તે માટે કુલ ૧૨,૦૦૦ મે. ટન પામોલીન તેલની ખરીદી કરી બફર સ્ટોક કરેલ હતો જેનું વિતરણ પણ કરવામાં આવેલ.<br>(૨) બી.પી.એલ. અને અંત્યોદય કાર્ડ ધારકોને માસિક કાર્ડદીઠ ૧ કિલોના રૂા. ૪૨/- ના ભાવે માહે જુલાઇ-૦૭ થી ઓક્ટો-૦૭ દરમ્યાન વિતરણ કરવામાં આવેલ હતું. ભાવ વધારો ડામવા સરકાર દ્વારા રાજ્યકક્ષાએથી તથા જીલ્લા કક્ષાએથી તપાસણી ટીમો દ્વારા રેડ કરી તપાસ કરતાં ખાદ્યતેલના વેપારીઓ દ્વારા સંગ્રહ કરી કૃત્રિમ અછત ઉભી કરી ભાવ વધે નહિ તે માટે સઘન તપાસની કામગીરી કરવામાં આવી હતી. તેમજ ખાદ્યતેલનો જથ્થો બિન અધિકૃત રીતે બહાર ન જાય અને જથ્થો રાજ્યમાં જળવાઇ રહે તે અંગે ઓઇલ મીલરો તથા ખાદ્યતેલ ઉત્પાદકો સાથે અનેક મીટીંગો યોજવામાં આવેલ હતી, અને એમના મારફતે નિર્દિષ્ટ જથ્થો બધી જગ્યાએ ઉપલબ્ધ કરાવવા અંગેનું આયોજન પણ કરવામાં આવેલ હતું. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનો**

૧૩૯૨ **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ જાહેર વિતરણ વ્યવસ્થાની કેટલી દુકાનો આવેલ છે, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ હળવદ તાલુકામાં ૫૮ અને મૂળી તાલુકામાં ૪૦ જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનો આવેલ છે. |
| (૨) તે દુકાનોમાં સરકાર તરફથી નિયમિત અનાજ તથા કેરોસીનનો જથ્થો મળી રહે છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો ના, તો ન મળવાના કારણો શું, અને | (૩) પ્રશ્ન રહેતો નથી. |
| (૪) સરકાર અનાજ તથા કેરોસીન જથ્થો નિયમિત મળી રહે તે માટે શાં પગલાં લેવા માંગે છે ? | (૪) પ્રશ્ન રહેતો નથી. |

**અનુસૂચિત જનજાતિના બાળકોને ધોરણ-૧૧-૧૨ માટે ખાનગી ટ્યુશન સહાય**

૧૩૩૦ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે ધોરણ-૧૧-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને

(૩) લાભ મેળવનાર વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા કેટલી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨ (બે) વિદ્યાર્થીઓને.

(૩) મહત્તમ રૂા.૬૦,૦૦૦/- વાર્ષિક.

------------

**વડોદરા જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજનામાં મકાનો**

૨૯૫ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર સરદાર પટેલ આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બનાવવાનો લક્ષ્યાંક હતો,

(૨) આ લક્ષ્યાંક સામે કેટલા મકાનો તૈયાર થયા અને કેટલા મકાનોના બાંધકામ ચાલુ છે, અને

(૩) કેટલા લાભાર્થીઓને તૈયાર મકાનો ફાળવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સરદાર પટેલ આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭ માં ૧૫૫૦ તથા વર્ષ ૨૦૦૭-૦૮ માં ૧૪૫૦ મકાનો મળી કુલ ૩૦૦૦ મકાનો બનાવવાનો લક્ષ્યાંક હતો. તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| | તાલુકાનું નામ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૧૨૭ | ૧૨૨ |
| ૨ | પાદરા | ૧૫૯ | ૧૫૨ |
| ૩ | સાવલી | ૨૦૦ | ૨૦૧ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૪ | કરજણ | ૧૦૯ | ૯૮ |
| ૫ | વાઘોડીયા | ૧૨૯ | ૧૨૦ |
| ૬ | ડભોઈ | ૧૨૨ | ૧૧૪ |
| ૭ | શિનોર | ૫૧ | ૫૧ |
| ૮ | સંખેડા | ૧૪૧ | ૧૩૫ |
| ૯ | પાવી જેતપુર | ૧૬૧ | ૧૫૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૧૩૩ | ૧૧૭ |
| ૧૧ | નવસારી | ૯૪ | ૯૦ |
| ૧૨ | ક્વાંટ | ૧૨૪ | ૧૦૦ |
| | કુલ : | ૧૫૫૦ | ૧૪૫૦ |

(૨) આ લક્ષ્યાંક સામે વર્ષ ૨૦૦૬-૦૭ના ૧૫૫૦ તથા વર્ષ ૨૦૦૭-૦૮ના ૧૦૮૮ મળી કુલ ૨૬૩૮ મકાનો તૈયાર થયા અને ૩૬૨ મકાનોના બાંધકામ ચાલુ છે.

(૩) ૨૦૦૬-૦૭ના ૧૫૫૦ તથા વર્ષ ૨૦૦૭-૦૮ ના ૧૦૮૮ મળી કુલ ૨૬૩૮ લાભાર્થીઓને તૈયાર મકાનો ફાળવવામાં આવ્યાં.

------------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં રેશનીંગની દુકાનો**

૧૪૨૩ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલી સરકાર માન્ય રેશનીંગની દુકાનો આવેલ છે,

(૨) તે પૈકી કેટલા ગામોમાં/એરીયામાં દુકાનોની ફાળવણી બાકી છે, અને

(૩) ક્યારે ફાળવવા આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ૮૦૩ તેમજ અમદાવાદ જિલ્લામાં ૪૯૯ રેશનીંગની દુકાનો આવેલ છે.

(૨) અમદાવાદ શહેરમાં કોઈપણ દુકાનો ફાળવવાની બાકી નથી. અમદાવાદ જિલ્લામાં ૨૦ (વીસ) નવી વ્યાજબી ભાવની દુકાનો ફાળવવાની બાકી છે.

(૩) જેમ બને તેમ ઝડપથી નોટિફિકેશન બહાર પાડવામાં આવશે.

## જામનગર જિલ્લામાં તાલુકાવાર અલગ રેશનકાર્ડની અરજીઓ

૧૩૮૮ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી અરજીઓ અલગ રેશનકાર્ડ તથા નવા રેશનકાર્ડ કાઢવા માટે મળી,

**જવાબ**

(૧) તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં અલગ રેશનકાર્ડ માટે ૧૧૬૭૩ અને નવા રેશનકાર્ડ માટે ૪૬૨૭ અરજીઓ મળી કુલ ૧૬,૩૦૦ અરજીઓ મળેલ છે. (તાલુકાવાર પત્રક-અ સામેલ છે.)

**પ ત્ર ક - અ**

| અ.નં. | તાલુકાનું નામ | અલગ રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ | નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | લાલબંગલા ઝોન | ૧૩૦૬ | ૧૪૭૬ | ૨૭૮૨ |
| ૨ | ગાંધીચોક ઝોન | ૧૫૦૬ | ૭૨૫ | ૨૨૩૧ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૧૯૮૮ | ૬૨૬ | ૨૬૧૪ |
| ૪ | જોડીયા | ૩૪૦ | ૫૯ | ૩૯૯ |
| ૫ | ધ્રોલ | ૧૭૨૦ | ૭૦ | ૧૭૯૦ |
| ૬ | કાલાવડ | ૫૫૧ | ૪૦૧ | ૯૫૨ |
| ૭ | લાલપુર | ૪૦૦ | ૨૧૨ | ૬૧૨ |
| ૮ | ખંભાળીયા | ૧૨૫૭ | ૨૧૫ | ૧૪૭૨ |
| ૯ | કલ્યાણપુર | ૫૯૯ | ૧૧૨ | ૭૧૧ |
| ૧૦ | દ્વારકા | ૧૦૪૨ | ૩૨૪ | ૧૩૬૬ |
| ૧૧ | ભાણવડ | ૩૧૬ | ૧૮૨ | ૪૯૮ |
| ૧૨ | જામ જોધપુર | ૬૪૮ | ૨૨૫ | ૮૭૩ |
| | **કુલ :** | **૧૧૬૭૩** | **૪૬૨૭** | **૧૬૩૦૦** |

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો,

(૨) અલગ રેશનકાર્ડ માટેની ૧૧૨૩૫ તથા નવા રેશનકાર્ડ માટે ૪૫૬૨ મળી કુલ ૧૫૭૯૭ અરજીઓનો નિકાલ થયેલ છે. (તાલુકાવાર પત્રક-બ સામેલ છે.)

**પ ત્ર ક - બ**

| અ.નં. | તાલુકાનું નામ | અલગ રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ પૈકી નિકાલ | નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ પૈકી નિકાલ | અરજીઓનો કુલ કરેલ નિકાલ |
|---|---|---|---|---|
| ૧ | લાલબંગલા ઝોન | ૧૩૦૬ | ૧૪૭૬ | ૨૭૮૨ |
| ૨ | ગાંધીચોક ઝોન | ૧૪૪૩ | ૭૨૫ | ૨૧૬૮ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૧૮૪૧ | ૫૯૮ | ૨૪૩૯ |
| ૪ | જોડીયા | ૩૨૪ | ૫૯ | ૩૮૩ |
| ૫ | ધ્રોલ | ૧૬૯૨ | ૭૦ | ૧૭૬૨ |
| ૬ | કાલાવડ | ૫૦૪ | ૩૯૭ | ૯૦૧ |
| ૭ | લાલપુર | ૪૦૦ | ૨૧૨ | ૬૧૨ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૮ | ખંભાળીયા | ૧૨૪૯ | ૨૧૩ | ૧૪૬૨ |
| ૯ | કલ્યાણપુર | ૫૫૧ | ૧૦૬ | ૬૫૭ |
| ૧૦ | દ્વારકા | ૯૭૦ | ૩૦૭ | ૧૨૭૭ |
| ૧૧ | ભાણવડ | ૩૦૭ | ૧૭૪ | ૪૮૧ |
| ૧૨ | જામ જોધપુર | ૬૪૮ | ૨૨૫ | ૮૭૩ |
| | **કુલ :** | **૧૧૨૩૫** | **૪૫૬૨** | **૧૫૭૯૭** |

(૩) બાકી રહેલી પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

(૩) બાકી રહેલ પડતર અરજીઓનો નિકાલ ટૂંક સમયમાં કરવામાં આવશે.

------------

## રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા કચ્છ જિલ્લામાં વિકાસ માટે વપરાયેલ રકમ

૧૩૯૮ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા ગ્રામ વિકાસ વિભાગ/એજન્સી દ્વારા કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ રકમ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વપરાઇ નથી તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) રૂા.૩૯૪.૭૩ લાખની મંજૂર થયેલ રકમ સામે તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રૂા.૨૨૦.૬૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) જો હા, તો ન વપરાવવાના કારણો અને તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મંજૂર થયેલ કેટલા કામો સામે કેટલી રકમ વપરાઇ, અને

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ કામોની રકમ સામે કેટલું ખર્ચ વર્ષવાર થયું ?

(૨) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ મંજૂર થયેલ કામોની સંખ્યા અને તેની સામે થયેલ ખર્ચની રકમ તથા પૂરી રકમ ન વપરાવવાના કારણો આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ**

તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર મંજૂર થયેલ કામોની સંખ્યા અને તે સામે થયેલ ખર્ચ તથા રકમ ન વપરાવવાના કારણોની વિગત.

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ કામોની સંખ્યા | કામો પાછળ થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | મંજૂર થયેલ રકમ ન વપરાવવાના કારણો ની વિગત |
|---|---|---|---|---|
| ૧ | રાપર | ૩૧ | ૨૬.૫૨ | ચેકડેમ, પીવાના પાણીની સુવિધાના કામો, પ્રાથમિક શાળાના ઓરડા અને પંચાયત ઘરના કામો માટે મંજૂર થયેલ રકમ વહીવટી તથા તાંત્રિક મંજૂરી તેમજ કામની પુનઃ ફાળવણીની મંજૂરી મેળવવાની કાર્યવાહી ચાલુ હોવાને કારણે પુરેપુરો ખર્ચ થઈ શકેલ નથી. |
| ૨ | લખપત | ૪૫ | ૭૦.૫૬ | |
| ૩ | મુન્દ્રા | ૬ | ૨૦.૨૮ | |
| ૪ | અબડાસા | ૩૨ | ૫૬.૧૮ | |
| ૫ | ભચાઉ | ૧૬ | ૩૦.૨૪ | |
| ૬ | માંડવી | ૧૧ | ૧૫.૦૦ | |
| ૭ | અંજાર | ૨ | ૦.૦૦ | |
| ૮ | ગાંધીધામ | ૨ | ૧.૮૩ | |
| ૯ | ભુજ | ૩ | ૦.૦૦ | |
| ૧૦ | નખત્રાણા | ૦ | ૦.૦૦ | |
| | કુલ : | ૧૪૮ | ૨૨૦.૬૧ | |

------------

**વડોદરા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા**

૧૨૦૨ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય નારરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બી. પી. એલ. કાર્ડ ધારકોની કુલ સંખ્યા ૧,૫૫,૭૪૫ છે તાલુકાવાર કાર્ડ ધારકોની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

**વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તાલુકાવાર બીપીએલ કાર્ડધારકોની સંખ્યા નીચે મુજબ છે.**

| તાલુકાનું નામ | કાર્ડ સંખ્યા | જન સંખ્યા |
|---|---|---|
| ઝોનલ-૧ | ૮૭૬૬ | ૪૩૫૬૬ |
| ઝોનલ-૨ | ૧૨૦૧૯ | ૫૭૯૪૦ |
| ઝોનલ-૩ | ૮૧૮૫ | ૪૨૫૨૩ |
| ઝોનલ-૪ | ૧૦૧૭૮ | ૫૦૦૧૩ |
| વડોદરા શહેર (તા.) | ૧૨૪૦ | ૬૭૯૬ |
| વડોદરા ગ્રામ્ય | ૧૧૬૮૪ | ૫૧૨૭૭ |
| પાદરા | ૧૪૫૫૯ | ૮૨૯૦૩ |
| સાવલી | ૧૩૯૨૭ | ૮૭૮૫૭ |
| કરજણ | ૮૫૧૭ | ૩૯૬૩૯ |
| ડભોઈ | ૧૨૨૨૫ | ૬૫૫૨૭ |
| વાઘોડીયા | ૫૭૬૪ | ૩૨૭૫૬ |
| શિનોર | ૩૫૯૫ | ૧૯૬૫૨ |
| નસવાડી | ૬૩૨૨ | ૪૩૫૩૪ |
| છોટાઉદેપુર | ૬૪૫૭ | ૫૧૮૭૦ |
| જેતપુર-પાવી | ૧૨૮૨૦ | ૮૭૦૫૦ |
| સંખેડા | ૧૧૯૪૧ | ૬૯૯૮૮ |
| ક્વાંટ | ૭૫૪૬ | ૬૭૬૨૩ |
| | ૧૫૫૭૪૫ | ૯૦૦૫૧૪ |

--------------------

**જંબુસર તાલુકામાં ખેડૂતોની જમીનમાં ડુક્કર, નીલગાય ધ્વારા ખેતીના પાકને નુકસાન**

૭૦૪ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જંબુસર તાલુકાના ગામડાઓમાં ખેડૂતોની જમીનમાં જંગલી પ્રાણીઓ જેવાં કે, ડુક્કર, નીલગાય પાકને મોટું નુકસાન કરે છે તેની જાણ સરકારશ્રીને છે, અને

(૨) આ માટે સરકાર શું પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી, જંબુસર તાલુકાના ગામડાઓમાં ખેડુતોની જમીનમાં જંગલી પ્રાણીઓ જેવા કે ડુક્કર, નીલગાય દ્વારા પાકને નુકસાન થયેલાનું ધ્યાન પર આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------------------

**રાજ્યમાં ગ્રાહક અદાલતો**

૧૦૨૦ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલી ઉપલી ગ્રાહક અદાલતો શરૂ છે,

(૨) આ અદાલતોમાં કુલ કેટલા કેસો પેન્ડીંગ છે, અને

(૩) જાન્યુ. ૨૦૦૭ થી ડીસે.૨૦૦૭ સુધીમાં કુલ કેટલા કેસોનો નિકાલ થયો ?

**જવાબ**

(૧) ૧ (એક)

(૨) ૪૭૩૫
(ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ)

(૩) ૧૬૧૮

------------

**વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલનું વિતરણ કરવા બાબત**

૧૧૦૨ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાળાએ જવા માટે કેટલી સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) હાલ અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ આપવાની યોજના અમલમાં નથી, પરંતુ સાયકલ ખરીદવા માટે સહાય આપવાની યોજના અમલમાં છે. તે પ્રમાણે વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાળાએ જવા માટે તાલુકાવાર નીચે જણાવ્યા પ્રમાણેની સાયકલ સહાય આપવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | સાયકલ સહાય આપેલ કન્યાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાઘોડીયા | ૪૩ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૧૦ |
| ૩ | કરજણ | ૫૩ |
| ૪ | સાવલી | ૧૧ |
| ૫ | પાદરા | ૫ |
| ૬ | ડભોઈ | ૧૦૮ |
| ૭ | શિનોર | ૪૨ |
| ૮ | સંખેડા | ૨૪૧ |
| ૯ | પાવી-જેતપુર | ૪૮૨ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૧૮૩ |
| ૧૧ | ક્વાંટ | ૧૮૦ |
| ૧૨ | નસવાડી | ૩૦૭ |
| | કુલ ... | ૧૬૬૫ |

(૨) આની પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) આની પાછળ કુલ રૂા. ૩૩,૩૦,૦૦૦/- ખર્ચ થયેલ છે.

(૩) બાકી રહેલ લાભાર્થીઓને ક્યારે સાયકલોનું વિતરણ કરવામાં આવશે?

(૩) બાકી રહેલ લાભાર્થીઓને સાયકલ સહાય આપવાની કાર્યવાહી ચાલુ છે.

------------

## રાજ્યમાં બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા

૧૩૮૫ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ બી.પી.એલ. લાભાર્થીની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા અતિ ગરીબ કુટુંબોની સંખ્યા ૧૪.૫૧ લાખ અને ૧૭ થી ૨૦ ગુણાંક ધરાવતા ગરીબ કુટુંબોની સંખ્યા ૧૪.૪૯ લાખ મળીને ૦ થી ૨૦ સુધીના કુલ કુટુંબોની સંખ્યા ૨૯.૦૦ લાખ છે.

**પ્રશ્ન**

(૨) રાજ્યના બી.પી.એલ. લાભાર્થીઓની કેટલી સંખ્યા ભારત સરકારે માન્ય રાખેલી છે ?

**જવાબ**

(૨) બી.પી.એલ. માટેની ઉચ્ચતમ સંખ્યા કેન્દ્ર સરકારે છેલ્લી બી.પી.એલ. યાદી માટે ૧૧.૩૯૭ લાખ કુટુંબ નક્કી કરવા માટે રાજ્ય સરકારને જણાવ્યું છે.

------------

## રાજ્યમાં વોટરશેડના કાર્યક્રમ નીચે મંજૂર થયેલ પ્રોજેક્ટ

૧૪૨૫ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વોટરશેડ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) રાજ્યમાં વોટરશેડ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં ૮૭૫ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા. (પરિશિષ્ટ-અ મુજબ)

### પરિશિષ્ટ-અ

**રાજ્યમાં વોટરશેડ કાર્યક્રમ હેઠળ સને ૨૦૦૬-૦૭ દરમ્યાન મંજુર થયેલ પ્રોજેક્ટની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | સને ૨૦૦૬-૦૭ દરમ્યાન મંજુર થયેલ પ્રોજેક્ટની સંખ્યા | | | | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | ડી.પી.એ.પી. | ડી.ડી.પી. | આઈ.ડબલ્યુ.ડી.પી. | કુલ | |
| ૧ | અમદાવાદ | ૨૧ | ૦ | ૨૦ | ૪૧ | |
| ૨ | અમરેલી | ૪૯ | ૦ | ૦ | ૪૯ | |
| ૩ | ભરૂચ | ૨૦ | ૦ | ૨૦ | ૪૦ | |
| ૪ | નર્મદા | ૨૦ | ૦ | ૦ | ૨૦ | |
| ૫ | ભાવનગર | ૨૭ | ૦ | ૧૦ | ૩૭ | |
| ૬ | જુનાગઢ | ૨૨ | ૦ | ૧૦ | ૩૨ | |
| ૭ | પોરબંદર | ૮ | ૦ | ૦ | ૮ | |
| ૮ | પંચમહાલ | ૪૪ | ૦ | ૦ | ૪૪ | |
| ૯ | દાહોદ | ૩૨ | ૦ | ૦ | ૩૨ | |
| ૧૦ | સાબરકાંઠા | ૪ | ૦ | ૨૦ | ૨૪ | |
| ૧૧ | વડોદરા | ૨૪ | ૦ | ૧૦ | ૩૪ | |
| ૧૨ | ડાંગ | ૫ | ૦ | ૦ | ૫ | |
| ૧૩ | વલસાડ | ૧૩ | ૦ | ૧૦ | ૨૩ | |
| ૧૪ | નવસારી | ૬ | ૦ | ૧૦ | ૧૬ | |
| ૧૫ | બનાસકાંઠા | ૦ | ૫૩ | ૧૦ | ૬૩ | |
| ૧૬ | પાટણ | ૦ | ૩૪ | ૧૦ | ૪૪ | |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૧૭ | કચ્છ | ૦ | ૯૧ | ૦ | ૯૧ | |
| ૧૮ | રાજકોટ | ૦ | ૯૩ | ૦ | ૯૩ | |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૦ | ૭૭ | ૦ | ૭૭ | |
| ૨૦ | જામનગર | ૦ | ૭૨ | ૦ | ૭૨ | |
| ૨૧ | આણંદ | ૦ | ૦ | ૧૦ | ૧૦ | |
| ૨૨ | સુરત | ૦ | ૦ | ૧૦ | ૧૦ | |
| ૨૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૨૪ | મહેસાણા | ૦ | ૦ | ૧૦ | ૧૦ | |
| ૨૫ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | |
| | **કુલ** | **૨૯૫** | **૪૨૦** | **૧૬૦** | **૮૭૫** | |

**પ્રશ્ન**

(૨) કેટલો વિસ્તાર (હેકટર) આવરી લેવાયેલ છે ?

**જવાબ**

(૨) ૪,૩૭,૫૦૦ વિસ્તાર (હેકટર) આવરી લેવામાં આવેલ છે. (પરિશિષ્ટ-બ મુજબ)

### પરિશિષ્ટ-બ

**રાજ્યમાં વોટરશેડના કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર (હેકટરમાં)**

| ક્રમ | જિલ્લાનું નામ | સને ૨૦૦૬-૦૭ દરમ્યાન આવરી લેવાયેલ વિસ્તાર (હેક્ટરમાં) | | | | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | ડી.પી.એ.પી. | ડી.ડી.પી. | આઈ.ડબલ્યુ.ડી.પી. | કુલ | |
| ૧ | અમદાવાદ | ૧૦૫૦૦ | ૦ | ૧૦૦૦૦ | ૨૦૫૦૦ | |
| ૨ | અમરેલી | ૨૪૫૦૦ | ૦ | ૦ | ૨૪૫૦૦ | |
| ૩ | ભરૂચ | ૧૦૦૦૦ | ૦ | ૧૦૦૦૦ | ૨૦૦૦૦ | |
| ૪ | નર્મદા | ૧૦૦૦૦ | ૦ | ૦ | ૧૦૦૦૦ | |
| ૫ | ભાવનગર | ૧૩૫૦૦ | ૦ | ૫૦૦૦ | ૧૮૫૦૦ | |
| ૬ | જુનાગઢ | ૧૧૦૦૦ | ૦ | ૫૦૦૦ | ૧૬૦૦૦ | |
| ૭ | પોરબંદર | ૪૦૦૦ | ૦ | ૦ | ૪૦૦૦ | |
| ૮ | પંચમહાલ | ૨૨૦૦૦ | ૦ | ૦ | ૨૨૦૦૦ | |
| ૯ | દાહોદ | ૧૬૦૦૦ | ૦ | ૦ | ૧૬૦૦૦ | |
| ૧૦ | સાબરકાંઠા | ૨૦૦૦ | ૦ | ૧૦૦૦૦ | ૧૨૦૦૦ | |
| ૧૧ | વડોદરા | ૧૨૦૦૦ | ૦ | ૫૦૦૦ | ૧૭૦૦૦ | |
| ૧૨ | ડાંગ | ૨૫૦૦ | ૦ | ૦ | ૨૫૦૦ | |
| ૧૩ | વલસાડ | ૬૫૦૦ | ૦ | ૫૦૦૦ | ૧૧૫૦૦ | |
| ૧૪ | નવસારી | ૩૦૦૦ | ૦ | ૫૦૦૦ | ૮૦૦૦ | |
| ૧૫ | બનાસકાંઠા | ૦ | ૨૬૫૦૦ | ૫૦૦૦ | ૩૧૫૦૦ | |
| ૧૬ | પાટણ | ૦ | ૧૭૦૦૦ | ૫૦૦૦ | ૨૨૦૦૦ | |
| ૧૭ | કચ્છ | ૦ | ૪૫૫૦૦ | ૦ | ૪૫૫૦૦ | |
| ૧૮ | રાજકોટ | ૦ | ૪૬૫૦૦ | ૦ | ૪૬૫૦૦ | |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૦ | ૩૮૫૦૦ | ૦ | ૩૮૫૦૦ | |
| ૨૦ | જામનગર | ૦ | ૩૬૦૦૦ | ૦ | ૩૬૦૦૦ | |
| ૨૧ | આણંદ | ૦ | ૦ | ૫૦૦૦ | ૫૦૦૦ | |
| ૨૨ | સુરત | ૦ | ૦ | ૫૦૦૦ | ૫૦૦૦ | |
| ૨૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | |
| ૨૪ | મહેસાણા | ૦ | ૦ | ૫૦૦૦ | ૫૦૦૦ | |
| ૨૫ | ખેડા | ૦ | ૦ | ૦ | ૦ | |
| | **કુલ** | **૧૪૭૫૦૦** | **૨૧૦૦૦૦** | **૮૦૦૦૦** | **૪૩૭૫૦૦** | |

-------------

## આણંદ જિલ્લામાં ગ્રામ મિત્રોની જ્ગ્યાઓ

૧૪૨૪ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર ગ્રામ મિત્રોની જ્ગ્યાઓ કેટલી છે,

**જવાબ**

(૧) વિગતો નીચે પ્રમાણે છે.

| તાલુકાનું નામ | ગ્રામ મિત્રોની જ્ગ્યાઓ | તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ભરાયેલ જ્ગ્યાઓ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| આણંદ | ૨૨૦ | ૧૫૫ |
| ઉમરેઠ | ૧૯૦ | ૧૩૫ |
| બોરસદ | ૩૨૫ | ૧૬૨ |
| આંકલાવ | ૧૫૫ | ૮૯ |
| પેટલાદ | ૨૮૫ | ૨૧૬ |
| સોજીત્રા | ૧૨૦ | ૭૬ |
| ખંભાત | ૨૭૫ | ૧૫૩ |
| તારાપુર | ૧૯૦ | ૧૦૩ |
| કુલ | ૧૭૬૦ | ૧૦૮૯ |

(૨) આ જ્ગ્યાઓ પેકી કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ભરાયેલી છે, અને

(૨) જવાબ ખંડ-૧ના કોલમ-૩ મુજબ

(૩) ખાલી રહેલી જ્ગ્યાઓ ભરવાનું શું આયોજન છે ?

(૩) વિચારણા નીચે છે.

-----------

**ટંકારા-પડધરી અને મોરબી તાલુકામાં ગ્રામ પંચાયતો અલગ કરવા બાબત**

૧૧૧૩ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના ટંકારા-પડધરી અને મોરબી તાલુકામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રામ પંચાયતો અલગ કરવા માટેની અરજીઓ આવેલ કે કેમ, | (૧) ફક્ત પડધરી તાલુકાની અરજીઓ આવેલી છે. |
| (૨) જો હા, તો ક્યા ક્યા ગામોની પંચાયતો અલગ કરવા માટેની અરજીઓ આવેલ છે, અને ક્યારે, અને | (૨) ખાખડાબેલા તથા હડમતીયા (જં) બન્ને ગામોની અરજીઓ તા. ૨૨-૬-૦૭ના રોજ આવેલ છે. |
| (૩) જો હા, તો પંચાયતો અલગ કરવા માંગો છો કે કેમ અને કેટલા સમયમાં ? | (૩) કાર્યવાહી ચાલુ છે. બનતી ત્વરાએ નિર્ણય લેવામાં આવશે. |

------------

**બાલારામ-અંબાજી અભ્યારણ્યની સીમાઓમાં ફેરબદલ**

૧૩૮૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાલારામ-અંબાજી અભ્યારણ્યની સીમાઓમાં ફેરબદલ ક્વા અંગેની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકારની ઉદાસીનતાના લીધે લાંબા સમયથી પડતર છે તે હકીક્ત સાચી છે, | (૧) ના જી, |
| (૨) જો હા, તો તેવી ઉદાસીનતા પાછળનાં શાં કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો આ અંગે ભારત સરકાર તરફથી ક્યારે મંજૂરી મળી, અને | (૩) ભારત સરકારની વિચારણા હેઠળ છે. |
| (૪) મંજૂરી મળ્યા પછી ક્યા કારણે અમલીકરણ થતું નથી અને એ કારણના નિવારણ માટે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં જિલ્લા/તાલુકાઓમાં પંચાયત ભવનો બાંધવા બાબત**

૧૪૨૨ **શ્રી ભરતસિંહજી શં.ડાભીM#> (ખેરાલુ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નવા જિલ્લા/તાલુકા પંચાયત ભવનો માટે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) રૂા. ૪૪૭.૬૪ લાખ |
| (૨) કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, | (૨) રૂા. ૪૪૭.૬૪ લાખ |
| (૩) હાલ કેટલા ભવનોનું બાંધકામ ચાલુ છે, અને | (૩) ૨ (બે) |
| (૪) બાકી ભવનોના કામો ક્યારે શરૂ કરવામાં આવ્યા ? | (૪) વહેલી તકે. |

------------

**બાવળા તાલુકામાં પુરવઠા નાયબ મામલતદારની કચેરી બનાવવા બાબત**

૪૨૧ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાંથી બાવળા તાલુકો અલગ થયા પછી સાત વર્ષ થવા આવ્યા છતાં પુરવઠા ના. મામલતદારની કચેરી બાવળાને બદલે ધોળકામાં છે અને પંડિત દિનદયાળ ઉપાધ્યાય સસ્તા અનાજના દુકાનદારોને ધોળકા અનાજ લેવા જવું પડે છે તો ક્યારે બાવળા તાલુકામાં અલગ પાડવામાં આવશે, અને | (૧) (૧) અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાંથી બાવળા તાલુકો અલગ થયા પછી બાવળા તાલુકામાં નાયબ મામલતદાર પુરવઠાની કચેરી મામલતદારશ્રી બાવળાની કચેરીમાં કાર્યરત છે. (૨) બાવળા ખાતે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. નું અનાજનું ગોડાઉન |

નથી તેથી પંડિત દિનદયાળ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાનના દુકાનદારોને ધોળકા ખાતેના અનાજના ગોડાઉનથી અનાજનો જથ્થો આપવામાં આવે છે.

(૩) બાવળા ખાતે ધોળકા વચ્ચે આશરે ૧૫ કિલોમીટર જેટલું જ અંતર હોવાથી બાવળા ખાતે અનાજનું ગોડાઉન બાંધવાનું વ્યાજબી જણાતું નથી.

(૨) બાવળા તાલુકાને અલગ નહિ પાડવાના કારણો શાં છે ?

(૨) બાવળા તાલુકો અલગ રીતે જ કાર્યરત હોઈ તાલુકાને અલગ નહિ પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સાબરકાંઠા જિલ્લામાં જંગલની જમીનો આદિવાસીઓને આપવા બાબત

૧૨૧૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૧૩-૧૨-૨૦૦૫ સુધીની જંગલની જમીનનો કબજો ધરાવતા આદિવાસીઓ અને પરંપરાગત નિવાસ કરતા કેટલા કુટુંબોને જમીન આપવાની થાય છે,

(૨) સરકારે આ જમીનો આપવા શી કાર્યવાહી કરી છે, અને

(૩) ક્યાં સુધી આ જમીનો આપવા માંગે છે ?

**જવાબ**

(૧) ભારત સરકારના શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ એન્ડ અધર ફોરેસ્ટ ડવેલર્સ (રેકગ્નીશન ઓફ ફોરેસ્ટ રાઈટ્સ) એકટ, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર જે તે ગ્રામસભાએ નિયુક્ત કરેલ વન હક્ક સમિતિ મારફત ભલામણો મેળવી પેટા વિભાગીય સમિતિઓને દરખાસ્ત કરવાની રહે છે અને પેટા વિભાગીય સમિતિઓ સમક્ષ રજૂ થયેલ દાવાઓની જિલ્લા સ્તરની સમિતિએ વિચારણા કરી આખરી મંજૂરી આપવાની રહે છે. આથી, હાલના તબક્કે કુટુંબોની સંખ્યા જણાવી શકાય નહીં.

(૨) સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા વિવિધ સમિતિઓની રચના કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) ગ્રામ સભા તરફથી હક્ક-દાવાની ચકાસણી થયા બાદ આગળની કાર્યવાહી કરવાની રહે છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિના અરજદારો માટે આવાસની સુવિધા

૧૨૦૫ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આદિજાતિના અરજદારો ધ્વારા આવાસો માટે કેટલી માંગણીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી આવાસોનું બાંધકામ કરવામાં આવ્યું,

(૩) કેટલા આવાસોનું બાંધકામ અધૂરું છે, અને

(૪) આવાસનું કામ શરૂ કરવામાં આવ્યું નથી તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૮ |
| ૨ | મેઘરજ | ૭ |
| **૧** | **૨** | **૩** |
| ૩ | ખેડબ્રહ્મા | ૨૮ |
| ૪ | વિજયનગર | ૬ |
| ૫ | મોડાસા | ૮ |
| ૬ | ઈડર | ૨ |
| ૭ | વડાલી | ૧ |
| ૮ | હિંમતનગર | ૧ |
| | **કુલ :-** | **૬૧** |

(૨) ૬

(૩) ૬

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**લીમખેડા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા**

૧૨૦૧ **શ્રીમતી ચંદ્રિકાબેન બારૈયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની (ટી.ડી.ઓ.)ની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૨) આ ખાલી જગ્યા ભરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઘણા સમયથી આ ખાલી જગ્યા નહીં ભરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી-લીમખેડા, જિ.-દાહોદની જગ્યા ખાલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ નીચે વડોદરા જિલ્લામાં થયેલ કામ**

૨૧૮ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં વડોદરા જિલ્લામાં કેટલા હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું,

(૨) ફાળવેલ લક્ષ્યાંક સામે તાલુકાવાર કેટલું કામ અધુરું છે, અને

(૩) આ યોજના અંતર્ગત છેલ્લા નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૮ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં વડોદરા જિલ્લામાં ૭૦૯૨૯ હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું.

(૨) ફાળવેલ લક્ષ્યાંક (મંજુર થયેલ પ્રોજેકટ) ૨૯૩ પ્રોજેકટ સામે ૨૧૦ પ્રોજેકટનું કામ અધુરું છે. *(પરિશિષ્ટ-અ)

(૩) આ યોજના અંતર્ગત છેલ્લા નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૮ સુધીમાં ૧૧૦.૧૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

***પરિશિષ્ટ-અ**

**વોટરશેડ કાર્યક્રમ હેઠળ વડોદરા જિલ્લામાં તાલુકાવાર લક્ષ્યાંક સામે અધૂરા કામોની વિગત**

| ક્રમ | તાલુકાનું નામ | કુલ પ્રોજેકટોનો લક્ષ્યાંક | અધુરા પ્રોજેકટો (પ્રગતિ હેઠળ) |
|---|---|---|---|
| ૧ | સાવલી | ૫૦ | ૩૨ |
| ૨ | વાઘોડીયા | ૩૮ | ૨૯ |
| ૩ | છોટાઉદેપુર | ૭૧ | ૪૩ |
| ૪ | નસવાડી | ૩૭ | ૨૭ |
| ૫ | ક્વાંટ | ૨૭ | ૨૭ |
| ૬ | વડોદરા | ૯ | ૯ |
| ૭ | પાદરા | ૧૩ | ૧૩ |
| ૮ | જેતપુરપાવી | ૨૩ | ૨૦ |
| ૯ | સંખેડા | ૧૭ | ૧૦ |
| ૧૦ | ડભોઈ | ૮ | ૦ |
| | **કુલ :-** | **૨૯૩** | **૨૧૦** |

----------

૩૬

**નંદેસરી ઓદ્યોગિક વિસ્તારમાં ટ્રીટમેન્ટ ર્ક્યા સિવાયનું એસિડવાળુ પાણી નદીમાં છોડવા બાબત**

૧૦૧૭ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા તાલુકામાં આવેલ નંદેસરી ઓદ્યોગિક વિસ્તારમાંથી કેટલાક ઓદ્યોગિક ગૃહો પુરતી ટ્રીટમેન્ટ ર્ક્યા સિવાયનું એસિડ યુક્ત પ્રવાહી મીની નદીમાં છોડવામાં આવે છે તે વાત સાચી, અને

(૨) જો હા, તો તે ક્યા ક્યા ઓદ્યોગિક ગૃહો છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકો**

૪૫ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧/૧૨/૨૦૦૭ ની સ્થિતિએ જિલ્લાવાર બી.પી.એલ. કાર્ડ ધારકો કેટલા છે, અને એ.પી.એલ. કાર્ડ ધારકો કેટલા છે, અને

(૨) બી.પી.એલ. કાર્ડ ધારકો પૈકી વિભાજીત થતા કુટુંબોને એ.પી.એલ.ના કાર્ડ આપવામાં આવે છે તે હકીક્તથી સરકાર વાકેફ છે ?

**જવાબ**

(૧) બી. પી. એલ. -એ. પી. એલ. કાર્ડ ધારકોની વિગત દર્શાવતું પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) હા, જી.

**પત્રક : અ**

**બી..પી. એલ. તથા એ. પી..એલ. કાર્ડધારકોની ડીસે. -૦૭ની સ્થિતિએ વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | જિલ્લાનું નામ | બી.પી..એલ. કાર્ડ ધારકો | એ.પી..એલ. કાર્ડધારકો |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૮૬,૯૨૬ | ૯,૮૯,૯૩૧ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૮૫,૪૭૧ | ૨,૪૩,૨૦૧ |
| ૩ | અમરેલી | ૯૧,૧૫૬ | ૨,૭૭,૩૩૪ |
| ૪ | આણંદ | ૧,૨૩,૮૦૫ | ૨,૬૦,૧૦૭ |
| ૫ | બનાસકાંઠા | ૧,૨૮,૦૮૭ | ૩,૫૮,૧૭૩ |
| ૬ | ભરૂચ | ૧,૧૦,૭૩૩ | ૧,૭૮,૬૪૭ |
| ૭ | ભાવનગર | ૧,૪૧,૫૨૭ | ૪,૭૭,૪૭૯ |
| ૮ | દાહોદ | ૩૭,૧૧૦ | ૧,૪૭,૯૩૨ |
| ૯ | ડાંગ | ૨૭,૩૩૨ | ૮,૬૬૧ |
| ૧૦ | ગાંધીનગર | ૫૮,૨૫૫ | ૨,૧૫,૯૬૦ |
| ૧૧ | જામનગર | ૫૬,૧૪૬ | ૪,૩૪,૩૧૬ |
| ૧૨ | જુનાગઢ | ૧,૦૨,૮૩૩ | ૪,૬૫,૮૬૧ |
| ૧૩ | ખેડા | ૧,૩૧,૧૧૨ | ૨,૫૦,૬૪૮ |
| ૧૪ | કચ્છ | ૧,૨૭,૦૨૯ | ૨,૬૨,૦૦૫ |
| ૧૫ | મહેસાણા | ૬૪,૧૭૩ | ૩,૮૬,૯૯૬ |
| ૧૬ | નર્મદા | ૩૬,૯૧૨ | ૪૦,૧૮૯ |
| ૧૭ | નવસારી | ૧,૦૦,૧૭૫ | ૧,૨૫,૯૨૦ |
| ૧૮ | પંચમહાલ | ૧,૪૬,૮૪૫ | ૨૨,૫૨૬ |
| ૧૯ | પાટણ | ૭૭,૫૨૫ | ૨,૧૨,૨૫૭ |
| ૨૦ | પોરબંદર | ૩૪,૮૧૯ | ૧,૦૨,૧૪૯ |
| ૨૧ | રાજકોટ | ૧,૨૩,૨૪૬ | ૮,૭૬,૩૨૪ |
| ૨૨ | સાબરકાંઠા | ૧,૯૫,૭૫૭ | ૨,૪૭,૨૯૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧,૦૨,૮૩૧ | ૩,૦૫,૨૧૬ |
| ૨૪ | સુરત | ૧,૬૯,૭૫૩ | ૮,૪૮,૬૨૧ |
| ૨૫ | વડોદરા | ૧,૫૫,૮૨૫ | ૬,૪૨,૦૫૩ |
| ૨૬ | વલસાડ | ૯૧,૮૭૨ | ૧,૯૩,૭૩૯ |
| ૨૭ | તાપી | ૭૦,૦૫૨ | ૫૬,૨૬૧ |
| | કુલ : | ૨૬,૭૭,૩૦૭ | ૮૬,૨૯,૮૦૧ |

------------

**અમરેલી જિલ્લામાં બીન અધિકૃત વેચાતો પુરવઠાનો જથ્થો**

૧૩૦૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં પુરવઠાનો જથ્થો બીન અધિકૃત વેચાતો પુરવઠા વિભાગ દ્વારા પકડવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો જિલ્લાના ક્યા તાલુકામાં અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) અમરેલી જિલ્લામાં તમામ તાલુકામાં

ક્યારે બીન અધિકૃત જથ્થો તા. ૩૧/૧૨/૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા તાલુકામાં કેટલો જથ્થો સીઝ કરવામાં આવ્યો, અને

તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ બે વર્ષમાં તાલુકાવાર સીઝર કરેલા જથ્થાનું માહિતી પત્રક સામેલ છે. તે મુજબનો જથ્થો સીઝર કરવામાં આવ્યો છે. (પત્રક સામેલ છે.)

**પત્રક**

**અમરેલી જિલ્લામાં બિન અધિકૃત જથ્થો તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સીઝર કરેલ જથ્થાનું પત્રક (વર્ષ-૨૦૦૬ અને ૨૦૦૭)**

| અ. નં. | વર્ષ | તાલુકાનું નામ | પેટ્રોલ-ડીઝલ (લી..માં) | કેરોસીન (લી.માં) | એલડીઓ (નેપ્થા) (લી. માં) | ખાદ્યતેલો/ખાદ્ય તેલીબીયાં | રાંધણગેસ (સીલીન્ડર નંગમાં) (ગેસ પ્રવાહી કીલોમાં) | અનાજ (કીલોમાં) | ખાંડ (કીલોમાં) | ઓઈલ (લી. માં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | ૨૦૦૬ | અમરેલી | ૦ | ૬૧૯૬ | ૪૨૫ | ૬૯૯૯ કીલો<br>૪૪ ટીન | ૮૩૮૬.૬<br>૬૧ નંગ | ૧૫.૫ | ૦ | ૦ |
| | ૨૦૦૭ | | ૧૬૨૯ | ૬૯૦ | ૨૮૬૦ | ૮ કીલો | ૫૦ નંગ<br>૩૮૪ કીલો | ૧૧૨૭.૫ | ૧૭૮.૭ | ૦ |
| ૨ | ૨૦૦૬ | લાઠી | ૦ | ૩૧૨૫ | ૨૦૮ | - | ૪ નંગ<br>૩૧ કીલો | ૪૪૭ | ૦ | ૦ |
| | ૨૦૦૭ | | ૦ | ૦ | ૧૦૦ | - | ૧૯ નંગ<br>૩૪૧.૨ | ૦ | ૦ | ૦ |
| ૩ | ૨૦૦૬ | લીલીયા | ૩૫ | ૦ | ૦ | - | ૨૧૮૬.૮ | ૧૭૭ | ૦ | ૦ |
| | ૨૦૦૭ | | ૦ | ૨૯૮૫ | ૦ | - | ૨૫ નંગ<br>૧૦ કીલો | ૪૭૫ | ૦ | ૦ |
| ૪ | ૨૦૦૬ | બાબરા | ૦ | ૦ | ૦ | - | ૧ નંગ<br>૨૩૫.૨ કીલો | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૭ | | ૦ | ૦ | ૨૧૫ | - | - | ૨૧૩ | ૦ | ૦ |
| ૫ | ૨૦૦૬ | વડિયા | ૧૮૩૭ | ૨૭૪૦ | ૪૦ | - | ૭૭ નંગ<br>૫૨૯.૪ કીલો | ૮૮૪ | ૦ | ૦ |
| | ૨૦૦૭ | | ૦ | ૧૬૬૫ | ૨૭૫ | ૧૫ કીલો | ૩૨ નંગ<br>૬૩૮૨.૨ કીલો | ૫૪૭ | ૧૫૦ | ૦ |
| ૬ | ૨૦૦૬ | બગસરા | ૦ | ૭૯૦ | ૩૩૩૫૦ | - | ૮નંગ<br>૨૬૧૫.૨ કીલો | ૦ | ૦ | ૫૦૮ |
| | ૨૦૦૭ | | ૨૧૭૩ | ૦ | ૦ | - | - | ૦ | ૦ | ૦ |
| ૭ | ૨૦૦૬ | ધારી | ૦ | ૨૫૩૫ | ૦ | - | ૪૧ નંગ<br>૪૬૨૫ કીલો | ૩૮૦ | ૩૩ | ૦ |
| | ૨૦૦૭ | | ૦ | ૪૦૪૯ | ૦ | - | ૧નંગ<br>૩ કીલો | ૦ | ૦ | ૦ |
| ૮ | ૨૦૦૬ | રાજુલા | ૦ | ૨૨૮૩ | ૧૯૨ | ૧૧૧૬ ટીન | ૧૭ નંગ<br>૪૯.૨ કીલો | ૯૦૦ | ૦ | ૦ |
| | ૨૦૦૭ | | ૩૮૩૦૮ | ૫૬૦ | ૧૭૨૩૭ | - | ૧૨ નંગ<br>૧૭૦.૧ કીલો | ૪૯ | ૯ | ૦ |
| ૯ | ૨૦૦૬ | જાફરાબાદ | ૬૧૮ | ૦ | ૦ | - | - | ૫૩ | ૫ | ૦ |
| | ૨૦૦૭ | | ૦ | ૦ | ૦ | - | - | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ૨૦૦૬ | ખાંભા | ૯૭૬ | ૦ | ૧૩૮ | - | ૧૨ નંગ | ૦ | ૦ | ૦ |
| | ૨૦૦૭ | | ૦ | ૦ | ૦ | ૩૩૭૫ કીલો | - | ૩૨૫ | ૦ | ૦ |
| ૧૧ | ૨૦૦૬ | સાવરકુંડલા | ૧૮૧૩ | ૪૦૪૭ | ૧૦૨૮૭ | ૭૮૮ ટીન<br>૧૪૮૨ કીલો | ૧૬ નંગ<br>૪૮.૮ કીલો | ૪૯૨૫ | ૧૦૭ | ૧૩૨૦ |
| | ૨૦૦૭ | | ૧૬૫ | ૩૯૬ | ૦ | - | ૪ નંગ<br>૪૨૬૦ કીલો | ૦ | ૦ | ૮૦૦૦ |
| **કુલ** | **૨૦૦૬** | | **૫૨૭૯** | **૨૧૭૧૬** | **૪૪૬૪૦** | **૧૯૪૮ ટીન<br>૮૪૮૧ કીલો** | **૨૩૭ નંગ<br>૧૮૭૦૭.૨ કીલો** | **૭૭૮૧.૫** | **૧૪૫** | **૧૮૨૮** |
| | ૨૦૦૭ | | ૪૨૨૭૫ | ૧૦૩૪૫ | ૨૦૬૮૭ | -<br>૩૩૯૮ કીલો | ૧૪૩ નંગ<br>૧૧૫૫૦.૫ કીલોૉ | ૨૭૩૬.૫ | ૩૩૭.૭ | ૮૦૦૦ |
| **એકંદર કુલ** | | | **૪૭૫૫૪** | **૩૨૦૬૧** | **૬૫૩૨૭** | **૧૯૪૮ ટીન<br>૧૧૮૭૯ કીલો** | **૩૮૦ નંગ<br>૩૦૨૫૭.૭ કીલો** | **૧૦૫૧૮** | **૪૮૨.૭** | **૯૮૨૮** |

એચબી-૧૦૧૧-૬

(૩) તેની સામે કાયદાકીય રીતે કેવા પગલાં ભરવામાં આવ્યા ?

(૩) નીચે મુજબના પગલાં ભરવામાં આવ્યા.

(૧) રૂા. ૭૭,૪૭,૯૮૧/-ની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૨) રૂા. ૨૭,૩૨,૫૫૮/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
(૩) ખાતા રાહે પગલાં લઈ રૂા. ૬૮,૮૦૦/- અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી.
(૪) ૨-પરવાના રદ કરવામાં આવ્યા.
(૫) ૩-કેસમાં કોર્ટકેસ દાખલ કરવામાં આવ્યા.

------------

**નવસારી જિલ્લામાં ગ્રામ મિત્રોની જગ્યાનું સંખ્યાબળ**

૧૪૨૯ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ગ્રામ મિત્રોની જગાઓનું સંખ્યાબળ કેટલું છે, | (૧) ૧૮૧૫. |
| (૨) કેટલી જગાઓ તા. ૩૧/૧/૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરવામાં આવી છે, અને | (૨) ૧૭૯૭. |
| (૩) ખાલી રહેતી જગાઓ ભરવાનું શું આયોજન છે ? | (૩) વિચારણા હેઠળ છે. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતો અલગ કરવાની દરખાસ્તો**

૧૩૯૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રામ પંચાયતો અલગ કરવાની કેટલી દરખાસ્તો સુરેન્દ્રનગર જિલ્લાની હતી, | (૧) ૩ (ત્રણ). |
| (૨) આવી દરખાસ્તો અન્વયે કેટલી દરખાસ્તો મંજૂર થઈ અને કેટલી દરખાસ્તો નામંજૂર થઈ, અને | (૨) દરખાસ્તો વિચારણા હેઠળ છે. |
| (૩) નામંજૂર થવાના કારણો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં ગોચરની જમીનો**

૧૦૨૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરા અને લુણાવાડા તાલુકામાં તા.૩૧/૩/૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા ગામોમાં કુલ કેટલા એકર જમીનના ગોચરો આવેલા છે, | (૧) શહેરા તાલુકાના ૬૮ ગામોમાં કુલ : ૫૦૫૯.૨૫ એકર જમીનના તથા લુણાવાડા તાલુકાના ૧૬૬ ગામોમાં ૪૫૯૦ એકર જમીનના ગોચર આવેલા છે. |
| (૨) તે પેકી ગોચર તેમજ ગામતળની નિયત કરેલ હોઈ તેવી કુલ કેટલી જમીનો ક્યા ક્યા ગામની છે, | (૨) શહેરા તાલુકાના કુલ ૬૮ ગામોમાં ૫૦૫૯.૨૫ એકર જમીનના ગોચર તથા કુલ ૩૨ ગામોમાં ૩૨.૯૫ એકર જમીનનાં ગામતળ આવેલા છે. જ્યારે લુણાવાડા તાલુકાના કુલ ૧૬૬ ગામોમાં ૪૫૯૦ એકર જમીનના ગોચર તથા કુલ ૧૪૫ ગામોમાં ૧૭૨૦ એકર જમીનનાં ગામતળ આવેલા છે. |
| (૩) આવા ગોચર પર કોઈ દબાણો છે કે કેમ, અને | (૩) હા. |
| (૪) જો હોય તો દબાણ દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ? | (૪) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ દબાણ દૂર કરવાની સત્તા ગ્રામ પંચાયતને પહોંચે છે. ગ્રામ પંચાયત દ્વારા દબાણદારોને નોટીસ આપવામાં આવે છે. |

-----------

**ગીરના જંગલોમાં સિંહોના શિકાર થવા બાબત**

૧૦૨૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન ગીરના જંગલમાંથી કેટલા સિંહોનો શિકાર થયાનું અને કેટલા સિંહોનું અકસ્માતે મૃત્યુ થયાનું સરકારના ધ્યાને આવ્યું, અને

(૨) સિંહોનો શિકાર કે મૃત્યુ થતાં અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬ સિંહોનો શિકાર થયેલ છે. અકસ્માતે કોઈ સિંહનું મૃત્યુ થયેલ નથી.

(૨) સિંહોના શિકાર અને મૃત્યુ અટકાવવા સરકારે નીચેની વિગતે પગલાં લીધેલ છે.

૧. સરકારશ્રી દ્વારા બૃહદ ગીરની યોજના અમલમાં મુક્વામાં આવેલ છે.
૨. જંગલ ફેરણાને સુદ્રઢ બનાવવા હદના સ્ટાફને ફેરણા માટે મોટર સાયકલની ફાળવણી કરવામાં આવેલ છે.
૩. બાતમી આપનાર બાતમીદારોને ઈનામ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
૪. દંગાઓની ચકાસણી કરવામાં આવે છે.
૫. ગીર જંગલ વિસ્તારમાં આવેલ બસ સ્ટેશન તથા રેલ્વે સ્ટેશને શંકાસ્પદ વ્યક્તિની પુછપરછ કરી જાણકારી મેળવવામાં આવે છે.
૬. ગ્રામલોકો સાથે બેઠકો યોજવામાં આવે છે.
૭. ખુલ્લા કુવાઓને પેરાપેટવોલ બાંધી સુરક્ષિત કરવામાં આવે છે.
૮. વનખાતા તથા પોલીસ ખાતાના સ્ટાફ દ્વારા અરસપરસ જાણકારી મેળવવામાં આવે છે.
૯. જુનાગઢ પોલીસ મહાનિરીક્ષક, જુનાગઢ વિભાગના અધ્યક્ષ સ્થાન હેઠળ મંથલી મોનીટરીંગ કમીટીની રચના કરવામાં આવેલ છે.
૧૦. વન્ય પ્રાણી મિત્રની નિમણુંક કરવામાં આવેલ છે.
૧૧. ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટીની સ્થાપના કરવામાં આવેલ છે.

------------

**સમરસ ગામ યોજના**

૧૪૨૦ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સમરસ ગામ યોજના ક્યારે શરૂ કરવામાં આવી,

(૨) તેમાં કેટલી રકમનું અનુદાન આપવામાં આવે છે, અને

(૩) બીજીવાર સમરસ ગ્રામ પંચાયતને કોઈ વિશેષ પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) તારીખ : ૧૪-૭-૧૯૯૨થી.

(૨) પાંચ હજાર સુધીની વસ્તીવાળી ગામ પંચાયતને રૂા. ૧.૦૦ લાખ અને પાંચ હજારથી વધુ વસ્તીવાળી ગ્રામ પંચાયતને રૂા. ૧.૫૦ લાખના ધોરણે.

(૩) લાગુ પડતા પ્રોત્સાહક અનુદાનના ધોરણ ઉપરાંત ૨૫ ટકા વધારાની રકમ આપવામાં આવે છે.

------------

**મોરબી અને માળીયા તાલુકામાં તલાટી કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૫૨ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૧/૦૮ની સ્થિતિએ મોરબી (તાલુકો) અને માળીયા (મિયાણા) તાલુકામાં તલાટી-કમ-મંત્રીશ્રીઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ મોરબી અને માળીયા (મીયાણા) તાલુકામાં તલાટી-કમ-મંત્રીશ્રીઓની નીચે મુજબ જગ્યાઓ ખાલી છે.

| તાલુકો | તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યા |
|---|---|
| મોરબી | ૭ |
| માળીયા-(મીયાણા) | ૮ |

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ? (૨) બનતી ત્વરાએ.

------------

**અનુસૂચિત જનજાતિના બાળકો માટે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ**

૧૩૩૩ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના બાળકો માટે એકલવ્ય મોડલ રેસીડેન્સીયલ સ્કૂલ કેટલી છે, અને | (૧) ૧૧. |
| (૨) તે પૈકી કેટલી કાર્યરત છે ? | (૨) ૧૧. |

------------

**ખેડા અને આણંદ જિલ્લામાં ૧૦૦ ચો. વારના પ્લોટ ફાળવવા બાબત**

૧૧૦૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧/૧૨/૦૭ની સ્થિતિએ ઘરવિહોણા માટે ૧૦૦ ચો.વારના પ્લોટ ફાળવવા માટેની કેટલી અરજીઓ આવી, | (૧) ખેડા જિલ્લામાં કુલ ૧૦૫૨ અરજીઓ અને આણંદ જીલ્લામાં કુલ ૫૯૮ અરજીઓ મળેલ છે. |
| (૨) આવેલ અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી ૧૦૦ ચો.વારના પ્લોટ ફાળવી સનદો આપવામાં આવી, અને | (૨) ખેડા જિલ્લામાં આવેલ અરજીઓ પૈકી તા.૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૧૦૦ તથા તા. ૩૧-૧૨-૨૦૦૭માં ૧૭૨ મળી કુલ ૨૭૨ અરજીઓ મંજૂર કરી ૧૦૦ ચો. વારના પ્લોટની ફાળવણી કરી સનદો આપી દેવામાં આવેલ છે.<br>આણંદ જિલ્લામાં આવેલ અરજીઓ પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૨૪૩ તથા તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ૧૯૬ અરજીઓ મળી કુલ ૪૩૯ અરજીઓ મંજૂર કરી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૧૮૯ અને તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં ૪૨ મળી કુલ ૨૩૧ સનદો આપવામાં આવેલ છે. |
| (૩) કેટલાને હજુ પ્લોટ ફાળવવાના બાકી છે ? | (૩) ખેડા જિલ્લામાં મંજૂર કરેલ અરજીઓ પૈકી તમામને પ્લોટ ફાળવણી કરવામાં આવેલ છે.<br>આણંદ જિલ્લામાં મંજૂર કરેલ અરજીઓ પૈકી ૫૪ પ્લોટ ફાળવવાના બાકી છે. |

------------

**કચ્છ જિલ્લામાં વોટર શેડ યોજના નીચે થયેલ પ્રોજેક્ટ**

૧૪૩૧ **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧/૧/૦૭ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) તાલુકાવાર પરિશિષ્ટ-અ મુજબ મંજુર કરેલ છે. |

## પરિશિષ્ટ-અ

## કચ્છ જિલ્લામાં વોટરશેડ યોજના નીચે થયેલ પ્રોજેક્ટ

| | | તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વોટરશેડ યોજના હેઠળ ફાળવેલ પ્રોજેક્ટોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા. ૧-૨-૦૫ થી ૩૧-૧-૨૦૦૬ (બેચ નં. ૧૧)** | **તા. ૧-૨-૦૬ થી ૩૧-૧-૨૦૦૭ (બેચ નં. ૧૨)** | **કુલ** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | અબડાસા | ૧૦ | ૧૧ | ૨૧ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૨ | અંજાર | ૭ | ૮ | ૧૫ |
| ૩ | ભચાઉ | ૧૦ | ૧૧ | ૨૧ |
| ૪ | ભુજ | ૧૨ | ૧૪ | ૨૬ |
| ૫ | લખપત | ૯ | ૧૦ | ૧૯ |
| ૬ | માંડવી | ૮ | ૧૦ | ૧૮ |
| ૭ | મુંદ્રા | ૬ | ૭ | ૧૩ |
| ૮ | નખત્રાણા | ૬ | ૭ | ૧૩ |
| ૯ | રાપર | ૧૨ | ૧૩ | ૨૫ |
| | કુલ | ૮૦ | ૯૧ | ૧૭૧ |

(૨) તાલુકા દીઠ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) તાલુકાવાર પરિશિષ્ટ-બ મુજબ ખર્ચ થયેલ છે.

## પરિશિષ્ટ-બ

## તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગત

| | | થયેલ ખર્ચ રૂા. લાખમાં | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૫ થી ૩૧-૧-૨૦૦૬ | તા. ૧-૨-૦૬ થી ૩૧-૧-૨૦૦૭ | કુલ |
| ૧ | અબડાસા | ૮.૧૦ | ૭.૦૫ | ૧૫.૧૫ |
| ૨ | અંજાર | ૧.૮૫ | ૧૪.૯૦ | ૧૬.૭૫ |
| ૩ | ભચાઉ | ૦.૭૦ | ૧૭.03 | ૧૭.૭૩ |
| ૪ | ભુજ | ૯.૬૪ | ૩૧.૩૬ | ૪૧ |
| ૫ | ગાંધીધામ | ૪.૫૧ | ૮.૮૧ | ૧૩.૩૨ |
| ૬ | લખપત | ૦.૦૦ | ૧૨.૧૦ | ૧૨.૧ |
| ૭ | માંડવી | ૧.૦૦ | ૧૧.૭૬ | ૧૨.૭૬ |
| ૮ | મુંદ્રા | ૦.૦૦ | ૭.૯૬ | ૭.૯૬ |
| ૯ | નખત્રાણા | ૩૨.૬૧ | ૨૨.૨૩ | ૫૪.૮૪ |
| ૧૦ | રાપર | ૦.૮૦ | ૧૨.૬૦ | ૧૩.૪ |
| | કુલ | ૫૯.૨૧ | ૧૪૫.૮૦ | ૨૦૫.૦૧ |

------------

## કાંસા ગ્રામ પંચાયતના કાંસા વિસ્તારની સોસાયટીના દબાણની ફરિયાદ

૮૮૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની વિસનગર તાલુકાના કાંસા ગ્રામ પંચાયતના કાંસા એન.એ. વિસ્તારની ક્યા પ્લોટ નંબરની કઈ સોસાયટીના દબાણની ફરિયાદ પંચાયત લેવલે આવી,

(૨) આ દબાણ બાબતે શાં પગલાં લીધા,

(૩) થયેલ ગેરકાયદેસર દબાણ બાબતે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ગેરકાયદેસર દબાણ ક્યારે દુર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વસંતનગર સોસાયટીના પ્લોટ નં. ૨માં દબાણની ફરીયાદ મળેલ છે.

(૨) દબાણદારને ગ્રામ પંચાયત દ્વારા તા. ૫-૨-૦૮ના રોજ નોટીસ આપવામાં આવેલ છે.

(૩) ઉપર મુજબ.

(૪) નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

------------

## ઉતેલીયા ગામે ગ્રામ વિકાસ યોજના મારફત થયેલ ગટરનું કામ

૧૩૫૬ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા તાલુકામાં ઉતેલીયા ગામે ગ્રામ વિકાસ એજન્સી મારફતે રૂા. ૩ લાખની રકમનું ગટર કામ ખાતા તરફથી થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામ બીજી એજન્સી મારફતે પણ થયું છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨)

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આપવામાં આવેલ ગ્રાન્ટમાંથી આ કામ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ છે.

(૩) થયું હોય તો તેના કારણો શા છે ?

(૩) સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનાની માર્ગદર્શક સૂચના મુજબ અમલ થયો છે.

------------

**જામનગર જિલ્લામાં સમરસ ગામો**

૧૪૦૯ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૧/૧/૦૫ થી તા.૩૧/૧૨/૦૭ દરમ્યાન કેટલા ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી થવા પામી, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા ગામો સમરસ ગામ બન્યા ?

**જવાબ**

(૧) ૬૪૯.

(૨)

| તાલુકાનું નામ | સમરસ થયેલ ગામોની સંખ્યા |
|---|---|
| જામનગર | ૫૦ |
| ધ્રોલ | ૨૧ |
| જોડીયા | ૩૧ |
| કાલાવડ | ૫૧ |
| જામજોધપુર | ૨૮ |
| ભાણવડ | ૧૩ |
| લાલપુર | ૨૨ |
| ખંભાળીયા | ૩૪ |
| કલ્યાણપુર | ૨૩ |
| દ્વારકા | ૧૪ |

------------

**દાહોદ તાલુકાના ખોડવા વન વસાહતને સિંચાઈની સુવિધા આપવા બાબત**

૧૨૧૦ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ તાલુકાના ખોડવા વન વસાહત ગામમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સિંચાઈ માટે શું વ્યવસ્થા કરેલ છે, અને

(૨) આ ગામના ખેડૂતોને પિયત માટે શી વ્યવસ્થા કરવા માંગો છો ?

**જવાબ**

(૧) દાહોદ તાલુકાના ખોડવા વન વસાહત ગામમાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ વન તલાવડીનું આયોજન કરેલ છે.

(૨) વન તલાવડીના આયોજનમાં સિંચાઈની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

------------

**આણંદ જિલ્લામાં તાલુકાવાર નર્સરીઓ**

૧૧૦૫ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી નર્સરીઓ બનાવવામાં આવી,

**જવાબ**

(૧) આણંદ જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા નીચે જણાવેલ વિગતે તાલુકાવાર નર્સરીઓ બનાવવામાં આવી.

| **ક્રમ** | **તાલુકો** | **બનાવેલ નર્સરીઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **૨૦૦૬-૦૭** | **૨૦૦૭-૦૮** |
| ૧ | આણંદ | ૩૪ | ૩૩ |
| ૨ | ઉમરેઠ | ૩૨ | ૨૮ |
| ૩ | બોરસદ | ૨૩ | ૨૧ |
| ૪. | આંકલાવ | ૧૪ | ૧૯ |
| ૫. | પેટલાદ | ૨૫ | ૨૨ |
| ૬. | સોજીત્રા | ૧૫ | ૧૨ |
| ૭. | ખંભાત | ૧૭ | ૧૬ |
| ૮. | તારાપુર | ૧૫ | ૧૨ |
| | **કુલ :-** | **૧૭૫** | **૧૬૩** |

(૨) કેટલા રોપા રોપવામાં આવ્યા,

(૩) કેટલા રોપા હયાત છે,

(૪) આ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૫) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ૬.૩૮ લાખ રોપાઓ વાવેતરોમાં રોપવામાં આવેલ છે.

(૩) રોપેલ રોપાઓ પૈકી ૪.૦૮ લાખ રોપા હયાત છે.

(૪) ઉપરોક્ત રોપાઓ રોપવા માટે રૂા. ૨૭૩.૧૧ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૫) રૂા. ૨૪૯.૪૧ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

-----------

**ધરમપુર તાલુકામાંથી પંચાયતોના વિભાજન માટેની દરખાસ્તો**

૨૮૪ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાંથી પંચાયતોના વિભાજન માટે કેટલી દરખાસ્તો આવી, અને

(૨) આ દરખાસ્તો કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧ (એક)

(૨) બનતી ત્વરાએ જરૂરી નિર્ણય કરવામાં આવશે.

------------

**રાજપીપળા તાલુકામાં સરદાર આવાસ યોજનાના મકાનો**

૧૪૧૫ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજપીપળા તાલુકામાં સને ૨૦૦૭-૦૮ માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવાના હતા,

(૨) તે પૈકી તા.૩૧-૧-૦૮ સુધીમાં કેટલા મકાનો પૂર્ણ થયા, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજપીપળા તાલુકામાં સને ૨૦૦૭-૦૮માં સરદાર આવાસ યોજના હેઠળ ૧૨૮ મકાનો બાંધવાના હતા.

(૨) તે પૈકી તા. ૩૧-૧-૦૮ સુધીમાં ૯૯ મકાનો પૂર્ણ થયા.

(૩) તા. ૩૧-૧-૦૮ સુધીમાં તેની પાછળ કુલ રૂા. ૩૭.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

------------

**ઓક્ટ્રોય નાબુદીની ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને આપવા બાબત**

૧૨૦૪ **શ્રી ચંદુભાઈ વઘાસિયા(ગોંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા રાજકોટ જિલ્લા પંચાયતોને છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ સુધીમાં ઓક્ટ્રોય નાબુદીની કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા આ ગ્રાન્ટ જે તે તાલુકા પંચાયતોને કેટલી રકમ કેટલા સમયમાં ફાળવી,

(૩) જે તે તાલુકા પંચાયતોએ કેટલા સમયમાં આ ગ્રાન્ટ જે તે ગ્રામ પંચાયતોના હવાલે મૂકી, અને

(૪) જો ગ્રામ પંચાયતોને આ ગ્રાન્ટ મોડી મળેલ હોય અથવા હજુ સુધી ન મળેલ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લા પંચાયતને સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં રૂા. ૩,૧૫,૪૫,૦૦૦/- તથા સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં રૂા. ૧,૫૫,૩૩,૦૦૦/-ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા તેઓને ગ્રાન્ટ મળ્યેથી મહત્તમ એક માસની અંદર ૨૦૦૬-૦૭ના વર્ષમાં રૂા. ૩,૧૫,૪૫,૦૦૦/-ની ગ્રાન્ટ તથા સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં રૂા. ૧,૫૫,૩૩,૦૦૦/-ની ગ્રાન્ટ તાલુકા પંચાયતને ફાળવવામાં આવેલ છે.

(૩) તાલુકા પંચાયતોએ તેઓને ગ્રાન્ટની ફાળવણી થયેથી વર્ષ દરમ્યાન ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવી આપેલ છે.

(૪) ગ્રામ પંચાયતોને ફાળવવાની થતી ગ્રાન્ટની રકમ ઘણીવાર નાની હોવાથી વહીવટી અનુકુળતા માટે તાલુકા પંચાયતો દ્વારા ત્રણ-ચાર માસે એક સાથે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમ છતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજકોટ દ્વારા તેમના તા. ૨૨-૨-૦૮ ના પત્રથી દરેક તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને સમય મર્યાદામાં ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવણી કરવાનું જણાવવામાં આવેલ છે.

------------

**વેસ્ટ લેન્ડ ડેવલપમેન્ટ કાર્યક્રમ અંતર્ગત વાંકાનેર, મોરબી, ટંકારા અને પડધરી તાલુકાને આવરી લેતી દરખાસ્ત**

૫૩૪ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળના વેસ્ટ લેન્ડ ડેવલપમેન્ટ કાર્યક્રમ અંતર્ગત વાંકાનેર-મોરબી-ટંકારા-પડધરી તાલુકાને આવરી લેતી દરખાસ્ત રાજકોટ જિલ્લા પંચાયતની ભલામણ સાથે ૨૦૦૪-૦૫ માં આપના વિભાગને મોકલાઈ હતી ખરી, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત દરખાસ્ત પર સરકારે શી કાર્યવાહી કરી છે તથા તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ આ દરખાસ્ત ક્યા તબક્કે છે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

-----------

**ફુડ ફોર્ટીફીકેશન યોજનાનો અમલ**

૧૪૦૩ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફુડ ફોર્ટીફીકેશનની યોજનાનો અમલ ક્યારથી થયો છે, અને

(૨) આ યોજનાથી શું લાભ થવાનો છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ફુડ ફોર્ટીફીકેશનની યોજનાનો અમલ માહે જાન્યુ-૦૬થી થયેલ છે.

(૨) આ યોજનાથી નીચે મુજબનો લાભ થવાનો છે.

(i) લોકોની વિટામીન તથા ખાદ્ય સામગ્રીમાં જરૂરી વિટામીન તથા ખનિજ તત્ત્વોને ઉમેરવાની પ્રક્રિયાને ફોર્ટીફીકેશન કહેવામાં આવે છે. એટલે ફોર્ટીફાઈડ ફુડના વપરાશથી કુદરતી રીતે મળતા તત્ત્વો ઉપરાંત ઉમેરેલા વિટામીન તથા ખનિજ તત્ત્વો શરીરને મળી રહે છે.

(ii) ઘઉંનો લોટ અને ખાદ્યતેલ જેવા રોજિંદા વપરાશની ખાદ્ય સામગ્રીમાં ફોર્ટીફાઈડ યુક્ત વિટામીનો અને લોહ તત્વોનો ઉમેરો કરીને તેનું વિતરણ કરાય તો રાજ્યમાં લોહ તત્ત્વો તથા ફોલીક એસીડના ઉણપની સમસ્યા જે બાળકો તથા ધાત્રીમાતાઓમાં છે. તે દૂર થાય અને સ્વાસ્થ્યમાં ખુબ સુધારો થઈ શકે છે.

(iii) વિટામીન એ અને ડીયુક્ત ફોર્ટીફાઈડ તેલ લોકોને યોગ્ય અને જરૂરી પ્રમાણમાં મળી રહેતો હોવાથી ડાયરીયા (Diarrohea) તથા આંખને લગતા રોગોમાં પણ અસર કરે .

(iv) ફોર્ટીફાઈડ યુક્ત ખાદ્યતેલમાં તળીને બનાવવામાં આવતી રસોઈમાં ઉચ્ચ ઉષ્ણતામાને તળવા છતાં પણ વિટામીન એ અને ડી ના મુળ ગુણ ધર્મ ખાદ્યતેલમાં જળવાઈ રહે છે.

(v) વિટામીન એ ની ઉણપને લીધે રાજ્યના લોકોને થતા રોગો જેવા કે Nightblindness conjunctival xerosis, Bitot'sspots, corneal, Xerosis, Keratokertomalacia વિગેરેનું નિવારણ થઈ શકે છે.

(vi) ફોર્ટીફાઈડ આટા તથા મેંદાની વસ્તુઓનો ખાસ ફાયદો તરૂણ અવસ્થાવાળી બહેનો તથા ગર્ભવતી બહેનોમાં થશે. કેમ કે એમની તંદુરસ્ત પ્રતિકારક શક્તિ જળવાશે તથા

NTD (NEURALTUBE DISOODERS) &

FOLIC ACID ના ઉણપ હોવાથી બાળકો જન્મના સમયે અપંગતા સહિત જન્મે છે.) તેવા બાળકોની સંખ્યામાં ખાસ

ઘટાડો થવાની સંભાવના છે.

------------

**ગોવાળ દેવસ્થાન અને ગોમુખ મહાદેવ મંદિરના વિકાસના નામે જંગલને થતું નુકસાન**

૧૩૧૭ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં વ્યારા તાલુકાના ગોવાળ દેવસ્થાન અને સોનગઢ તાલુકાના ગોમુખ મહાદેવ મંદિરના વિકાસના નામે જંગલને નુકશાન થઈ રહેલ છે આ બાબત સરકારના ધ્યાન પર છે કે કેમ, અને | (૧) વ્યારા તાલુકાનાં ગોવાળ દેવસ્થાન અને સોનગઢ ગોમુખ મહાદેવ મંદિરના વિકાસના નામે કોઈ પણ નવા બાંધકામ કે નવા દબાણ અથવા વૃક્ષોને નુકશાન કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો સરકાર આ અંગે શાં પગલાં ભરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યમાં પંચાયત ઘરો બનાવવા બાબત**

૧૪૩૨ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, અને | (૧) આ સમય દરમ્યાન કોઈપણ જીલ્લામાં પંચાયત ઘ ારો બનાવવામાં આવેલ નથી. |
| (૨) હજી કેટલા પંચાયતો ઘરો બનાવવાના બાકી છે ? | (૨) રાજ્યમાં તમામ ગ્રામ પંચાયતો પાસે પંચાયત ઘર છે. પરંતુ તાજેતરમાં ગ્રામ પંચાયતોનું વિભાજન થતાં નવીન અસ્તિત્વમાં આવેલ ૩૦ ગ્રામ પંચાયતો માટે પંચાયત ઘરો બનાવવાના થશે. |

------------

**અમરેલી જિલ્લામાં ગામો સમરસ થવા બાબત**

૧૪૦૭ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૧-૧-૦૫ થી તા.૩૧-૧૨-૦૭ દરમ્યાન કેટલા ગામોમાં ગ્રામ પંચાયતની ચૂંટણી થવા પામી, અને | (૧) ૫૪૭ |
| (૨) તે પૈકી કેટલા ગામો સમરસ થયા ? | (૨) ૨૧૧ |

------------

**ડાંગ જિલ્લામાં માલિકીની જમીનમાં આવેલા વૃક્ષો કાપી આપવાની યોજના**

૧૩૨૯ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં માલિકી જમીનમાં આવેલાં વૃક્ષો કાપી ખાતેદારોને આપવાની યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) તા. ૩૦-૩-૮૪ |
| (૨) આ યોજના હેઠળ કેટલાં વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવે છે ? | (૨) આ યોજના હેઠળ માલિકી ખાતેદારોને તેમની જમીનમાંના પ્રત્યેક કપાણ માટે હયાત ઉભા વૃક્ષોના ૫૦% સંખ્યાના વૃક્ષો અથવા માગણી કરેલ વૃક્ષોની સંખ્યા પૈકી જે ઓછામાં ઓછા હોય તેવા વધુમાં વધુ ૧૦ વૃક્ષોની મર્યાદામાં મંજુરી આપવામાં આવે છે. |

------------

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજનાનો અમલ**

૧૩૫૧ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્રની યુ.પી.એ. સરકારે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજના શરૂ થઇ ત્યારથી તા.૧-૧-૦૮ સુધીમાં જિલ્લાવાર કેટલી રકમ રાજ્ય સરકારે ચૂકવી છે, | (૧) ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજના શરૂ થઇ ત્યારથી તા.૧-૧-૦૮ સુધીમાં તમામ ૯ જિલ્લાઓને જિલ્લાવાર ચૂકવેલ રકમ અંગેની વિગતો દર્શાવતું *પત્રક-૧ આ સાથે સામેલ છે. |

(૨) આ યોજના હેઠળ જિલ્લાવાર રોજગારી માટે કેટલી અરજીઓ મળી,

(૨) આ યોજના હેઠળ જિલ્લાવાર રોજગારી માટે મળેલ અરજી અંગેની વિગતો દર્શાવતું *પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૩) તેમાં કેટલાને જોબકાર્ડ અને કેટલાને રોજગારી આપી, અને

(૩) આ યોજના હેઠળ આપેલ જોબકાર્ડ અને આપેલ રોજગારીનું જિલ્લાવાર/ વર્ષવાર વિગતો દર્શાવતું *પત્રક-૩ આ સાથે સામેલ છે.

(૪) આ યોજના હેઠળ મળેલ રકમમાંથી જિલ્લાવાર રોજગારી ચૂકવવા સિવાય બીજા ક્યા ક્યા હેતુ માટે કેટલી રકમ ખર્ચવામાં આવી ?

(૪) આ યોજના હેઠળ મળેલ રકમમાંથી યોજના ચાલુ થઈ ત્યારથી જાન્યુઆરી-૦૮ સુધીમાં નવ જિલ્લાઓમાં કુલ રૂા. ૧૪૮૯૪.૨૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જે પૈકી રોજગારીના ચુકવણા પાછળ કુલ રૂા. ૧૦૧૦૬.૦૯ લાખનો ખર્ચ થયેલ છે અને માલસામાન પાછળ ૨૩૨૮.૯૪ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે અન્ય હેતુઓ જેવા કે અધિકારી/કર્મચારીઓના પગાર ભથ્થા, પ્રચાર-પ્રસાર, તાલીમ અંગેનો ખર્ચ તેમજ અન્ય ઓફિસ કન્ટીજન્સી ખર્ચ કુલ રૂા. ૨૪૫૯.૨૪ લાખનો થયેલ છે. આ અંગેની જિલ્લાવાર/વર્ષવાર માહિતી આ સાથે *પત્રક-૪માં આપવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---

**જામનગર જિલ્લામાં જંગલી રોઝ અને ભૂંડથી ખેડૂતોના ઊભા પાકને નુક્સાન**

૪૭૧**શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જામનગર જિલ્લાના ખેડૂતોને જંગલી રોઝ અને ભૂંડ દ્વારા ખેડૂતોના ઊભા પાકને નુક્સાન કરે છે તે હકીક્ત સરકાર જાણે છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ખેડૂતોને થતી નુક્સાની અટકાવવા માટે સરકારશ્રીએ શી કાર્યવાહી હાથ ધરી?

(૨) ખેડૂતોના ખેતીના ઊભા પાક્ના રક્ષણ માટે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યાં છે.

- રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા અને ખસીકરણ કરવામાં સફળતા ન મળતાં, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાક્ને વધુ નુક્શાન જણાય છે અને જે વિસ્તારો અભ્યારણ્યને અડીને આવેલા નથી તેવા વિસ્તારોના ૧૫૪૫-ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ રોઝનો નિકાલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. જેમાં જામનગર જિલ્લાના ૯૨-ગામોનો સમાવેશ થાય છે.

-ખેડૂતો પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવે તો, વર્ષ ૨૦૦૫-૦૬ થી સરકારશ્રીના નિયમો અનુસાર મંજુર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦% રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાની વિસ્તૃત જાણકારી વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.

-રોઝના ઉપદ્રવવાળા વિસ્તારોમાં હાંકો કરીને ફટાકડા ફોડીને, અવાજો કરીને,, હલન-ચલનવાળા ચાડિયા રાખી રોઝથી થતા નુકશાન સામે ખેતીના પાક્ને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

---

**આણંદ જિલ્લામાં તલાટી-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૧૧૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તલાટી-મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી

(૧) જુદા જુદા સમયથી ખાલી જગ્યાની સંખ્યા નીચે મુજબ છે.

ખાલી છે, અને

| | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૫ |
| ૨ | ઉમરેઠ | ૦૨ |
| ૩ | બોરસદ | ૧૫ |
| ૪ | આંકલાવ | ૦૨ |
| ૫ | પેટલાદ | ૦૮ |
| ૬ | સોજીત્રા | ૦૫ |
| ૭ | ખંભાત | ૧૨ |
| ૮ | તારાપુર | ૦૨ |
| | કુલ | ૬૧ |

(૨) કેટલા તલાટીઓને ડબલ ચાર્જ સોંપવામાં આવેલ છે ?

(૨) ૫૬

------------

**વલસાડ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

૧૩૩૧ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૦૮ સુધીમાં વલસાડ જિલ્લામાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા.૩૧-૧-૦૮ સુધીમાં વલસાડ જિલ્લામાં કુલઃ- ૪૩.૭૬ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યુ છે.

(૨) તેની પાછળ કુલ :- ૨૮૬.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

------------

**શેખડા કમિટી અન્વયે તાલાલા તાલુકાના ગામોને ગામતળ માટે જંગલની જમીન આપવા બાબત**

૨૫૮ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે નિયુક્ત કરેલ શેખડા કમીટી અન્વયે જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના ૧૮+૨ ગામોને ગામતળ માટે જંગલની જમીન ફાળવવા માટે સૈધ્ધાંતિક મંજૂરી અન્વયે આખરી મંજૂરી મેળવવાની દરખાસ્ત સન ૨૦૦૫માં રાજ્ય સરકારને સાદર થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ૨૦૦૫ થી ૩૧-૧-૦૮ સુધી સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના ૧૮+૨ ગામો નહિં પરંતુ, ૧૭ ગામોની દરખાસ્ત રાજ્ય સરકારને રજૂ થયેલ છે.

(૨) (અ) ભારત સરકારના સૈધાંતિક મંજૂરી પત્રો (૧૬ ગામો અંગે)ની શરતોનો પૂર્તતા અહેવાલ રાજ્ય સરકારના તા. ૯-૦૨-૦૫ અને તા. ૨૪-૦૪-૦૭ના પત્રોથી ભારત સરકારને મોકલી આપવામાં આવેલ છે.

(બ) ભારત સરકારની સૂચના અનુસાર પ્રસ્તુત કિસ્સામાં રૂા. ૩૯૪/- લાખની નેટ પ્રેઝન્ટ વેલ્યુની રકમ ભરપાઈ કરવાની સૂચના આવતાં એન.પી.વી. અંગે ભારત સરકાર દ્વારા રચાયેલ કંચન ચોપરાના વડપણ હેઠળ રચાયેલી નિષ્ણાંત સમિતિ સમક્ષ તા. ૧૧-૨-૨૦૦૬ના રોજ રજૂઆત કરી આવા કિસ્સાઓમાં એન.પી.વી.ની રકમ ભરપાઈ કરવામાંથી મુક્તિ આપવા રજૂઆત કરેલ હતી. ત્યારબાદ, રાજ્ય સરકારે તા. ૧૯-૬-૦૭ના પત્રથી એન.પી.વી.ની રકમ ભરપાઈ કરવામાંથી મુક્તિ આપવા ભારત સરકારને વિનંતી કરેલ છે.

(ક) ૧ ગામ (સાંગોદ્રા) અંગે વન સંરક્ષણ ધારા-૧૯૮૦ની જોગવાઈ મુજબ છુટી કરવાની થતી જંગલની જમીન (હેકટર ૨-૪૨ આરે) સામે તેટલી જ જમીન વળતર વનીકરણના હેતુ માટે મહેસુલ વિભાગ પાસેથી લેવાની થાય છે. તે અંગે કલેકટરશ્રી જૂનાગઢે

તા.૩૦-૫-૦૬ના રોજ વન વિભાગને સોંપવા હુકમ કરેલ છે તે જમીનનો કબજો વન વિભાગને હજી સુધી સોંપવામાં આવેલ નથી.

------------

**રાજ્યની ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર**

૧૩૯૬ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન કેટલા પંચાયત ઘરો રાજ્ય સરકારે બનાવ્યા, અને | (૧) ૪૫૧ |
| (૨) આ જર્જરીત પંચાયત ઘરોને નવા બનાવવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં અનુક્રમે રૂા. ૧૦૦૦-૦૦ લાખ તથા ૧૨૦૦-૦૦ લાખની બજેટ જોગવાઈ કરી જર્જરીત પંચાયત ઘરો બાંધવાની કામગીરી ચાલુમાં છે |

------------

**રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ ધારકો**

૧૩૫૪ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકો છે, અને | (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ૨૬,૭૭,૩૦૭ કાર્ડ ધારકો છે. |
| (૨) હાલ બી.પી.એલ. કાર્ડ કાઢી આપવામાં આવે છે ? | (૨) હા, જી. |

------------

**મીલરો પાસેથી ચોખાની લેવી**

૨૯૬ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા તા.૫-૧-૦૮ના ઠરાવ ઈસીએ/ ૧૦૨૦૦૭/ ૪૭૨૮૩૫/બ થી રાજ્ય સરકારે ૨૦ ટકા પ્રમાણે ચોખાની લેવી મીલરો પાસેથી વસુલ કરવાનું નક્કી કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં ૨૦૦૭-૦૮ના વર્ષમાં ચોખાના ઉત્પાદન સામે કેટલી લેવી તા.૩૧-૧-૦૮ સુધીમાં મેળવી ? | (૨) તા.૩૧-૧-૦૮ સુધીમાં કોઈ જથ્થો લેવીમાં મળી શક્યો નથી. |

------------

**બરડા અભ્યારણ્ય વિસ્તારમાં ઈકો ડેવલપમેન્ટ યોજના**

૧૩૮૯ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બરડા અભ્યારણ્ય વિસ્તારમાં ઈકો ડેવલપમેન્ટ યોજના હેઠળ તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા કામો મંજૂર થયા, | (૧) ૯૮. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, અને | (૨) ૭૫. |
| (૩) તે પૈકી કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા. ૧૯,૧૧,૩૩૧/-. |

------------

**વાઈલ્ડ લાઈફની જાળવણી માટેના વિસ્તારો કે અન્ય વિસ્તારોમાં રસ્તા માટે વન વિભાગની મંજૂરી**

૧૩૯૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં વાઈલ્ડ લાઈફની જાળવણી માટે ખાસ નોટીફાઈડ વિસ્તારો સિવાયનાં વિસ્તારોમાં અને નોટીફાઈડ વિસ્તારોમાં પ્રજાની સગવડ સાચવવા | (૧) ના, જી. |

યાતાયાતના માર્ગો બનાવવા કે રીપેર કરી જાળવણી કરવા માટેની મંજૂરી આપવામાં વિભાગ તરફથી ખૂબ સમય લેવાય છે તે હકીક્ત સાચી છે, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના મકાન અને માર્ગ વિભાગ તરફથી આવા વિસ્તારોમાં હયાત રસ્તા રીપેર કરવા કે સૂચિત રસ્તાઓ બનાવવા તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ક્યારે ક્યારે ક્યા રસ્તા માટે મંજૂરી માંગવામાં આવી ?

(૨) (૧) નેશનલ પાર્ક અને અભયારણ્ય વિસ્તારના રસ્તાઓની વિગત પત્રક-અ * મુજબ.

(૨) અન્ય વિસ્તારોના રસ્તાઓની વિગત પત્રક-બ * મુજબ.

(* પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

------------

**વડોદરા જિલ્લામાં તલાટી-મંત્રીનું મહેકમ**

૧૨૦૩ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તલાટી-ક્મ-મંત્રીઓની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તલાટી-ક્મ-મંત્રીશ્રીઓની મંજુર થયેલ જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| | તાલુકાનું નામ | મંજુર જ્ગ્યા |
|---|---|---|
| ૧ | સાવલી | ૮૭ |
| ૨ | પાદરા | ૭૦ |
| ૩ | વડોદરા | ૭૨ |
| ૪ | છોટાઉદેપુર | ૩૬ |
| ૫ | કરજણ | ૭૪ |
| ૬ | નસવાડી | ૪૮ |
| ૭ | જેતપુરપાવી | ૭૪ |
| ૮ | ડભોઇ | ૭૬ |
| ૯ | વાઘોડીયા | ૫૩ |
| ૧૦ | ક્વાંટ | ૩૭ |
| ૧૧ | સંખેડા | ૭૮ |
| ૧૨ | શિનોર | ૩૭ |
| ૧૩ | વડોદરા શહેર | ૩૯ |
| | **કુલ :** | **૭૮૧** |

(૨) તે મંજૂર થયેલ જ્ગ્યા સામે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ૧૨૧ જ્ગ્યા જુદા-જુદા સમયથી ખાલી છે.

(૩) કેટલા તલાટીઓને ડબલ ચાર્જ સોંપાયેલ છે ?

(૩) ૧૧૮.

------------

**ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં રેશનકાર્ડ અલગ પાડવાની કાર્યવાહી**

૧૩૨૧ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં રેશનકાર્ડ અલગ પાડવાની પ્રક્રિયા તથા નવા રેશનકાર્ડ બનાવવાની અરજીઓ કેટલી પેન્ડીંગ છે, અને

**જવાબ**

(૧)

| ક્મ | તાલુકાનું નામ | અલગ પાડવા માટેની અરજીઓ | નવા રેશન કાર્ડ બનાવવાની અરજીઓ |
|---|---|---|---|
| ૧ | જંબુસર | ૧૩૪ | ૨૪ |
| ૨ | આમોદ | ૧૦ | -- |
| | કુલ : | ૧૪૪ | ૨૪ |

(૨) રેશનકાર્ડની અરજીઓનો નિકાલ સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે ?

(૨) જેમ બને તેમ ઝડપથી નિકાલ કરવામાં આવશે.

------------

## વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિઓ

૧૧૦૩ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોમાંથી કેટલી ગેરરીતિઓ પકડાઇ, અને
વર્ષ

(૨) આ ગેરરીતિઓ આચરનારાઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | દુકાનોની સંખ્યા |
|---|---|---|
| (૧) | પાદરા | ૨૧ |
| (૨) | કરજણ | ૯ |
| (૩) | ડભોઇ | ૨૧ |
| (૪) | નસવાડી | ૭ |
| (૫) | સંખેડા | ૧૦ |
| (૬) | સાવલી | ૧૩ |
| (૭) | છોટાઉદેપુર | ૭ |
| (૮) | ક્વાંટ | ૪ |
| (૯) | વાઘોડીયા | ૧૨ |
| (૧૦) | શિનોર | ૮ |
| (૧૧) | પાવીજેતપુર | ૧૩ |
| (૧૨) | વડોદરા ગ્રામ્ય | ૪૫ |
| | **કુલ** | **૧૭૦** |

(૨) ગેરરીતિઓ આચરનારાઓ સામે નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યા છે.

(૧) રૂા. ૧૦,૭૯,૮૫૭/- ની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૨) રૂા. ૨,૭૫,૨૬૩/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૩) રૂા. ૨,૦૧,૬૭૫/- ની અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી.

(૪) ૨૯ પરવાના મોકુફ કરવામાં આવ્યા.

(૫) ૨ (બે) પરવાના રદ કરવામાં આવ્યા.

(૬) ૨ (બે) કેસમાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા.

(૭) ૧ (એક) કેસમાં અટકાયતની કાર્યવાહી કરવામાં આવી.

------------

## બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં કેરોસીનની ફાળવણી અંગે

૧૩૮૬ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકાર તરફથી સસ્તા અનાજની દુકાનો માટે તા.૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ૩ માસમાં માસવાર કેટલું કેરોસીન ફાળવવામાં આવ્યું, અને

(૨) ગ્રામ્ય વિસ્તારમાં સસ્તા અનાજની દુકાનો ઉપરથી કાર્ડ હોલ્ડરને કેટલું કેરોસીન આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં રાજ્ય સરકાર તરફથી સસ્તા અનાજની દુકાનો માટે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ માસમાં માસવાર નીચે મુજબ કેરોસીન ફાળવવામાં આવેલ છે.

| માસ | ફાળવેલ કેરોસીન |
|---|---|
| (૧) નવેમ્બર-૨૦૦૭ | ૩૯૦૩ કે. એલ. |
| (૨) ડીસેમ્બર-૨૦૦૭ | ૩૯૦૧ કે. એલ. |
| (૩) જાન્યુઆરી-૨૦૦૮ | ૩૯૦૭ કે. એલ. |

(૨) રાજ્યના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં ૧ થી ૩ વ્યક્તિના નોનગેસ કાર્ડ ધારકોને ૫ લીટર મુજબ તથા ૪ કે તેથી વધુ વ્યક્તિના નોનગેસ કાર્ડ ધારકને ૧૦ લીટર મુજબ કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે.

------------

## રાજકોટ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની જગ્યાઓનું સંખ્યાબળ

૧૪૩૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની જગ્યાઓનું સંખ્યાબળ કેટલું છે,

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તાલુકાવાર મંજુર થયેલ તલાટી-કમ-મંત્રીઓની જગ્યાઓનું સંખ્યા બળ નીચે મુજબ છે.

| | તાલુકાનું નામ | મંજુર જગ્યા |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૪૬ |
| ૨ | કોટડાસાંગાણી | ૩૭ |
| ૩ | લોધીકા | ૩૪ |
| ૪ | જામકંડોરણા | ૪૬ |
| ૫ | ગોંડલ | ૯૨ |
| ૬ | જેતપુર | ૫૯ |
| ૭ | ઉપલેટા | ૫૨ |
| ૮ | મોરબી | ૫૭ |
| ૯ | વાંકાનેર | ૬૨ |
| ૧૦ | પડધરી | ૪૧ |
| ૧૧ | જસદણ | ૮૭ |
| ૧૨ | રાજકોટ | ૭૮ |
| ૧૩ | ટંકારા | ૩૨ |
| ૧૪ | માળીયા-મીંયાણા | ૩૪ |
| | કુલ : | ૭૫૭ |

(૨) આ જગાઓ પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરવામાં આવી છે, અને

(૨) ૧૧૮.

(૩) ખાલી રહેતી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે ?

(૩) જાહેર હિતમાં બદલીથી સહાયકોથી તથા રહેમરાહે નોકરી દ્વારા જગ્યાઓ ભરવાનું આયોજન છે.

------------

## ગુજરાત પેટર્ન નીચે દાંતા અને અમીરગઢ તાલુકામાં મંજૂર થયેલ કામો

૧૩૮૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત પેટર્ન અંતર્ગત, બનાસકાંઠા જિલ્લાના દાંતા તથા અમીરગઢ તાલુકામાં સને ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા.૩૧-૧-૦૮ સુધીના મંજૂર થયેલ કામોની વહીવટી મંજૂરી સમયસર ન મળતાં, એ કામો શરૂ થઇ શક્યાં નથી તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો ના, તો એ કામોને જિલ્લા આદિજાતિ સમિતિએ ક્યારે મંજૂરી આપી અને તેના વર્કઓર્ડરો ક્યારે આપવામાં આવ્યા ?

(૨) સને ૨૦૦૫-૦૬માં જીલ્લા આદિજાતિ વિકાસ મંડળએ તા. ૩૦-૦૬-૨૦૦૫ની બેઠકમાં ૩૬૬ કામો મંજુર કરેલ હતા તે પૈકી ૩૪૮ કામોનો તેજ વર્ષમાં વર્કઓર્ડર આપવામાં આવેલ છે અને ૧૮ કામોને ૨૦૦૬-૦૭ના વર્ષના વર્કઓર્ડર આપેલ છે.

સને ૨૦૦૬-૦૭માં તા. ૧૩-૭-૦૬ની બેઠકમાં ૨૮૩ કામો મંજુર કરવામાં આવેલ છે. તે પૈકી ૧૩૬ કામોને તેજ વર્ષમાં વર્કઓર્ડર આપવામાં આવેલ છે અને ૧૪૭ કામોને સને ૨૦૦૭-૦૮માં વર્કઓર્ડર આપવામાં આવ્યા છે.

------------

## સાબરકાંઠા જિલ્લામાં ગ્રામમિત્રોને છૂટા કરવા બાબત

૧૨૧૩ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ગ્રામમિત્રોને છૂટા કરવામાં આવે છે તે હકીકત ખરી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં તાલુકાવાર કેટલા ગ્રામ મિત્રોને છૂટા કરવામાં આવ્યા, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છૂટા કરેલ ગ્રામ મિત્રની સંખ્યા) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | હિંમતનગર | ૭૭ |
| ૨ | વડાલી | ૪૦ |
| **૧** | **૨** | **૩** |
| ૩ | ઇડર | ૧૪૫ |
| ૪ | ખેડબ્રહ્મા | ૭૭ |
| ૫ | વિજયનગર | ૪૮ |
| ૬ | ભિલોડા | ૧૦૯ |
| ૭ | મોડાસા | ૫૮ |
| ૮ | મેઘરજ | ૮૬ |
| ૯ | માલપુર | ૫૨ |
| ૧૦ | ધનસુરા | ૩૨ |
| ૧૧ | બાયડ | ૭૩ |
| ૧૨ | તલોદ | ૧૦૨ |
| ૧૩ | પ્રાંતિજ | ૧૧૩ |
| | કુલ : | ૧૦૧૨ |

(૩) આવા ગ્રામ મિત્રોને પરત લેવા માંગો છો કે કેમ ?

(૩) વિચારણા નીચે છે.

------------

## મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં સરદાર આવાસ યોજનાનાં આવાસો

૧૨૦૬ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં તાલુકાવાર સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૧)

| | તાલુકો | મંજુર કરેલ આવાસ |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૩૦૯ |
| ૨ | માલપુર | ૧૮૧ |
| ૩ | બાયડ | ૪૧૮ |
| ૪ | ધનસુરા | ૨૪૭ |
| | **કુલ :** | **૧૧૫૫** |

(૨) મંજૂર થયેલ કામો પેકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા છે,

(૨)

| | તાલુકો | પૂર્ણ કામો |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૨૭૯ |
| ૨ | માલપુર | ૧૪૯ |
| ૩ | બાયડ | ૩૭૨ |
| ૪ | ધનસુરા | ૨૨૧ |
| | **કુલ :** | **૧૦૨૧** |

(૩) કેટલા આવાસોનો કબજો લાભાર્થીઓને સોંપવામાં આવ્યો, અને

(૩)

| | તાલુકો | કબજા સોંપવામાં આવ્યો |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૨૭૯ |
| ૨ | માલપુર | ૧૪૯ |
| ૩ | બાયડ | ૨૭૯ |
| ૪ | ધનસુરા | ૨૨૧ |
| | કુલ : | ૯૨૮ |

એચબી-૧૦૧૧-૧૧

(૪) બાકી રહેતા લાભાર્થીઓને ક્યારે કબજો સોંપવામાં આવશે ?

(૪) બાકી રહેતા લાભાર્થીઓને ૩૧મી માર્ચ-૨૦૦૮ સુધીમાં કબજો સોંપવામાં આવશે.

------------

**વડોદરા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારની ફાળવણીમાં થયેલ ગેરરીતિ**

૧૦૧૮ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭માં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારની જે વડોદરા જિલ્લામાં ફાળવણી કરવામાં આવી તેમાં કોઈ ગેરરીતિ માલુમ પડી છે કે કેમ,

(૧) ના, જી.

(૨) જો હા, તો તે અંગે કોઈ ઈસમ કોર્ટમાં ન્યાય મેળવવા ગયા છે કે કેમ, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો તેના કારણો શું છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ભરૂચ જિલ્લામાં તલાટી-મંત્રીનું મહેકમ**

૪૭ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ સુધીમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તલાટી-મંત્રીઓનું મંજૂર મહેકમ કેટલું હતું,

(૧) સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ભરૂચ જીલ્લામાં તાલુકાવાર તલાટી મંત્રીઓનું મંજુર મહેકમ નીચે મુજબ હતું.

| | તાલુકાનું નામ | મંજુર થયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | જંબુસર | ૮૭ |
| ૨ | આમોદ | ૫૮ |
| ૩ | વાગરા | ૬૪ |
| ૪ | ભરૂચ | ૧૦૬ |
| ૫ | અંકલેશ્વર | ૬૯ |
| ૬ | હાંસોટ | ૪૫ |
| ૭ | વાલીયા | ૫૯ |
| ૮ | ઝઘડીયા | ૯૬ |
| ૯ | કલેકટરશ્રી હસ્તક પ્રતિ નિયુક્તિ | ૧૫ |
| | કુલ : | ૫૯૯ |

(૨) તે મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) ૯૭ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) કેટલા તલાટી-મંત્રીઓને ડબલ ચાર્જ સોંપવામાં આવેલ છે, અને

(૩) ૮૨

(૪) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૪) આ ખાલી જગ્યાઓ બદલીથી, બઢતીથી, પંચાયત સહાયકો દ્વારા, રહેમરાહે નિમણૂંક દ્વારા ભરવા કાર્યવાહી કરવામાં આવે છે.

------------

**અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતના પોતાના મકાનો બનાવી આપવા બાબત**

૧૩૦૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી જિલ્લાનાં ક્યા ક્યા તાલુકામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા

(૧) જિલ્લામાં એકપણ મકાન બાંધવામાં આવેલ નથી.

ગામોમાં ગ્રામ પંચાયતના મકાનો બાંધવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતા ગામોને સરકાર ક્યારે પંચાયત ઘર બનાવી આપવા માંગે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**જસદણ તાલુકામાં તલાટી કમ-મંત્રી ગામોમાં હાજર ન રહેવા બાબત**

૧૦૨૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં કેટલાક તલાટી/મંત્રીઓ ગામોમાં હાજર રહેતા નથી કે નિયમિત જતા નથી જેથી ગ્રામ વિકાસના કામો થતા નથી તે હકીકત સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના માટે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તલાટી-કમ-મંત્રીઓની હાજરીની અનિયમિતતા ધ્યાન પર આવેલ છે. વિકાસનાં કામોનાં અવરોધની બાબત ધ્યાન પર આવેલ નથી.

(૨) શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયત**

૧૪૨૮ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૦૫ થી તા.૩૧-૧૨-૦૭ દરમ્યાન યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો સમરસ થયા, અને

(૨) તે ગ્રામ પંચાયતોને સરકાર દ્વારા કોઇ ગ્રાન્ટ ચૂકવાઈ છે કે કેમ ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | સમરસ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|
| વાંકાનેર | ૨૭ |
| ટંકારા | ૩૨ |
| મોરબી | ૪૨ |
| ગોંડલ | ૨૯ |
| ઉપલેટા | ૨૦ |
| રાજકોટ | ૩૬ |
| લોધિકા | ૨૧ |
| માળીયા-મિયાણા | ૨૩ |
| જસદણ | ૨૨ |
| કોટડા-સાંગાણી | ૧૫ |
| ધોરાજી | ૪ |
| જેતપુર | ૧૫ |
| જામકંડોરણા | ૨૨ |
| પડધરી | ૩૩ |

(૨) હા, જી.

------------

**ગ્રામ વન હેઠળ વાવેતર કરવા બાબત**

૧૩૩૫ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ વન હેઠળ કઈ કઈ જમીનમાં વાવેતર કરવામાં આવે છે, અને

(૨) ગ્રામ પંચાયતને એનાથી કેટલો લાભ મળે છે ?

**જવાબ**

(૧) ગ્રામ વન હેઠળ ગ્રામ પંચાયત હસ્તકની ગોચર જમીનમાં વાવેતર કરવામાં આવે છે.

(૨) પરિપક્વ ગ્રામ વનના આખરી કપાણ પછી તેમાંથી નીકળેલ માલની ઉપજેલ રકમમાંથી વાવેતર પાછળ થયેલ ખર્ચની રકમ બાદ કરી ચોખ્ખી ઉપજની રકમના ૭૫ ટકા રકમ સંબંધિત ગ્રામ પંચાયતને વિકાસના કામો માટે ચૂકવવામાં આવે છે.

**રાજ્યમાં સબસીડીવાળા રાંધણગેસનો હોટલો/ઉદ્યોગોમાં દુરુપયોગ થવા બાબત**

૧૧૧૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યના મોટા અને નાના શહેરોમાં સબસીડીવાળા રાંધણગેસનો દુરુપયોગ મોટા પાયે હોટલો-ઉદ્યોગો અને અન્ય રીતે થાય છે તે હકિક્તથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવા ગેસ વેચાણ સામે રાજ્ય સરકાર સખ્તાઈભર્યા પગલાં લેવા કઈ કઈ કાર્યવાહીઓ કરી છે, અને | (૨) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ આવા ગેસ વેચાણ સામે અવારનવાર હોટલો / રેસ્ટોરન્ટો તથા લારી ગલ્લાઓ તથા વાહનોની ચેકીંગની કાર્યવાહી કરી આવા ગેસ સીલીન્ડરો કબજે કરી રાજ્યસાત કરીને જે તે કંપનીમાં જમા કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ જરુર જણાયે પોલીસ કેસ કરવામાં આવેલ કાર્યવાહીની વિગત આ મુજબ છે.<br>(અ) હોટલ/રેસ્ટોરેન્ટ વિગેરેમાં ૧૭૮૭ તપાસ અન્વયે ૧૫,૦૮૬૭૮ કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. ૧૪૦૬ સીલીન્ડર કંપનીમાં જમા કરાવવામાં આવેલ છે. ૨૨ કોર્ટ કેસ કરવામાં આવેલ છે.<br>(બ) વાહનોની ૨૫૯૩ તપાસ અન્વયે ૨૯૧ વાહનો જપ્ત કરવામાં આવેલ છે. રુા. ૪૮,૩૦,૬૪૯ નો દંડ કરવામાં આવેલ છે. તથા ૪ કોર્ટ કેસ કરવામાં આવેલ છે.<br>(ક) છેલ્લા એક વર્ષમાં ૨૯૩ તપાસણીમાં જણાયેલ ૧૩૩ ગેરરીતીઓ અન્વયે ૬૫૫ સીલીન્ડર, ૫૦ રેગ્યુલેટર તથા ૪૬૧૧.૮ કિ.ગ્રામ રાજ્યસાત ગેસના જથ્થાની કિંમત- આ તમામ મળીને રુા. ૩,૬૯,૩૦૦ ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. |
| (૩) ગેસ એજન્સીઓ ઉપર સખ્તાઈથી ચકાસણી કરવામાં આવે છે કે કેમ ? | (૩) હા, જી. |

------------

**ધંધુકા તાલુકામાં વન વિભાગે લીધેલ જમીન**

૧૩૫૭ **શ્રી કાનજીભાઈ તળપદા(ધોળકા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ધંધુકા તાલુકામાં ક્યા ક્યા ગામની જમીન વન વિભાગમાં લીધેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ધંધુકા તાલુકામાં કાદીપુર, ભાણગઢ, કામાતળાવ, મીંગલપુર, ઓતારીયા, આંબલી, મહાદેવપુરા, ગોગલા અને નવાગામની જમીન વન વિભાગમાં લીધેલ છે. |
| (૨) આ જમીનની માંગણી ક્યારે થઈ છે ? | (૨) આ જમીનની માંગણી સને ૧૯૭૪, ૧૯૭૫, ૧૯૭૭, ૧૯૮૩ અને ૧૯૮૪ થી થઈ છે. |

------------

**દાહોદ તાલુકા પંચાયતનું મકાન બિસ્માર હાલતમાં હોવા બાબત**

૧૨૧૧ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દાહોદ તાલુકામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ દાહોદ તાલુકા પંચાયતનું મકાન બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) દાહોદ તાલુકા પંચાયત માટે વૈકલ્પિક કચેરી બેઠક વ્યવસ્થા થયેલ છે. |
| (૨) જો હા, તો આ મકાન બનાવવા સરકાર મંજૂરી આપવા માંગે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નવીન તાલુકા પંચાયત મકાન બનાવવા દરખાસ્ત આવેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## આણંદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના ગરીબ લોકોને રહેઠાણના પ્લોટ

૧૧૦૬ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ગ્રામ્ય વિસ્તારના ગરીબ લોકોને રહેણાંક્ના પ્લોટ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલા લોકોને પ્લોટ મંજૂર કરવામાં આવ્યા અને કેટલી અરજીઓ પેન્ડીંગ છે,

(૩) સદર પ્લોટ મંજૂરીની સત્તા કોને છે, અને

(૪) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં તે ક્મીટીની કેટલી મીટીંગો તાલુકાવાર મળેલ છે ?

**જવાબ**

(૧) આણંદ જીલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ગ્રામ્ય વિસ્તારના ગરીબ લોકોને રહેણાંક્ના પ્લોટ માટે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૨૦ |
| ૨ | ઉમરેઠ | ૭૦ |
| ૩ | બોરસદ | ૧૪૦ |
| ૪ | આંક્લાવ | ૪૨ |
| ૫ | પેટલાદ | ૭૨ |
| ૬ | સોજીત્રા | ૧૫ |
| ૭ | ખંભાત | -- |
| ૮ | તારાપુર | ૩૩ |
| | **કુલ :-** | **૪૯૨** |

(૨) તે પૈકી ૩૭૪ (અરજીઓ) પ્લોટ મંજુર કરવામાં આવ્યા જ્યારે ૧૦૩ અરજીઓ પેન્ડીંગ રહેલ છે.

| | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **મંજુર કરેલ પ્લોટ** | **પેન્ડીંગ અરજીઓ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૨૦ | ૧૨૦ | ૦ |
| ૨ | ઉમરેઠ | ૭૦ | ૬૪ | ૫ |
| ૩ | બોરસદ | ૧૪૦ | ૧૨૯ | ૧૧ |
| ૪ | આંક્લાવ | ૪૨ | ૪૨ | ૦ |
| ૫ | પેટલાદ | ૭૨ | ૦ | ૭૨ |
| ૬ | સોજીત્રા | ૧૫ | ૦ | ૧૫ |
| ૭ | ખંભાત | ૦ | ૦ | ૦ |
| ૮ | તારાપુર | ૩૩ | ૧૯ | ૦ |
| | **કુલ** | ૪૯૨ | ૩૭૪ | ૧૦૩ |

(૩) સદર પ્લોટ મંજૂરીની સત્તા તાલુકા લેન્ડ ક્મીટીને પહોંચે છે.

(૪) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જીલ્લાના ૮ તાલુકાની કુલ ૮ તાલુકા લેન્ડ ક્મીટીની બેઠકો મળેલ છે.

| | **તાલુકાનું નામ** | **મળેલ બેઠક** | **તારીખ** |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨ | ૧૬-૯-૦૬<br>૫-૭-૦૭ |
| ૨ | ઉમરેઠ | ૨ | ૧૫-૧૧-૦૬<br>૧૮-૯-૦૭ |
| ૩ | બોરસદ | ૧ | ૨૪-૨-૦૭ |
| ૪ | આંક્લાવ | ૧ | ૩૦-૪-૦૭ |
| ૫ | પેટલાદ | ૧ | ૧૫-૦૫-૦૭ |
| ૬ | સોજીત્રા | ૦ | -- |
| ૭ | ખંભાત | ૦ | -- |
| ૮ | તારાપુર | ૧ | ૨૩-૩-૦૬ |
| | **કુલ :** | ૮ | |

**વાપી ઉદ્યોગનગરીમાં વોટર્સ સ્ટીમથી થતું પ્રદૂષણ**

૧૨૦૦ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાપી ઉદ્યોગનગરી મધ્યે વહેતી બીલખાડી છરવાડા-ખનકી-નામધામાં વોટર્સસ્ટ્રીમમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવતા ભૂતળમાં થયેલ નુક્સાન અને દૂષિત પાણીથી થતા નુક્સાન અંગે સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકાર શું આયોજન કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વાપી ઓદ્યોગિક વસાહતમાં આવેલા કેમિક્લ ઉદ્યોગોએ ગંદા પાણીને શુધ્ધ કરવા માટે શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવેલ છે તથા શુધ્ધ કરેલ ગંદા પાણીને વાપીના સંયુક્ત શુધ્ધિકરણ પ્લાન્ટ મારફત શુધ્ધ કરીને દમણગંગા નદીના એસ્ચ્યુરાઇન ઝોનમાં નિકાલ કરવામાં આવે છે. આથી હાલમાં ભૂગર્ભજળ પ્રદુષિત થતું નથી, પરંતુ ભૂતકાળમાં વાપી વિસ્તારમાં આવેલા ૧૧ ગામોના પ્રદૂષિત થયેલ બોરવેલને પીવાના પાણીના હેતુ માટે સીલ કરી દેવામાં આવેલ છે.

------------

**સરદાર આવાસ યોજનાનો લક્ષ્યાંક**

૧૪૧૭ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર આવાસ યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) સરદાર આવાસ યોજના હેઠળ સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કુલ ૯૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં ૪૧૦૭.૨૭ લાખનો ખર્ચ થયેલ છે.

------------

**ઈન્દીરા આવાસ યોજના હેઠળ થયેલ મકાનો**

૧૪૦૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ઈન્દીરા આવાસ યોજના હેઠળ જિલ્લાવાર કેટલા આવાસો બનાવવાના હતા, અને

(૨) તે પૈકી ડિસેમ્બર-૦૭ અંતિત જિલ્લાવાર કેટલા આવાસો પૂર્ણ થયા ?

**જવાબ**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ઈન્દિરા આવાસ યોજના હેઠળ જિલ્લાવાર કુલ નવા આવાસો ૮૮૦૮૧ અને મકાનોની કક્ષા ઊંચી લઈ જવા (આવાસ સુધારણા)ના ૧૨૩૦૬ બનાવવાનો લક્ષ્યાંક છે. (વિગતવાર પત્રક સામેલ છે.)*

(૨) તે પૈકી ડિસેમ્બર-૦૭ અંતિત જિલ્લાવાર કુલ નવા આવાસો ૪૩૯૯૧ અને મકાનોની કક્ષા ઉંચી લઈ જવા (આવાસ સુધારણા) ના ૫૨૨૫ પુર્ણ થયા હતા (વિગતવાર પત્રક સામેલ છે.)*

***પત્રક**

**રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન ઈન્દિરા આવાસ યોજના હેઠળ જિલ્લાવાર આવાસોની ફાળવણી અને ડિસેમ્બર-૦૭ અંતિત જિલ્લાવાર પૂર્ણ થયેલ આવાસોની માહિતી દર્શાવતું પત્રક.**

| ક્રમ | જિલ્લાનું નામ | રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ માટે જિલ્લાઓને ફાળવવામાં આવેલ આવાસો | | ડિસે. "૦૭ અંતિત જિલ્લાવાર પુર્ણ થયેલ આવાસો | | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | | નવા આવાસ | મકાનોની કક્ષા ઉંચી લઇ જવી (આવાસ સુધારણા) | નવા આવાસ | મકાનોની કક્ષા ઉંચી લઇ જવી (આવાસ સુધારણા) | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ | ૧૭૬૬ | ૦૦૦ | ૧૦૨૯ | ૦૦૦ | |
| ૨ | અમરેલી | ૩૩૭૯ | ૧૮૨ | ૧૬૩૨ | ૧૬ | |
| ૩ | આણંદ | ૨૯૦૧ | ૧૪૫૦ | ૧૭૪૮ | ૧૧૬ | |
| ૪ | બનાસકાંઠા | ૪૭૩૯ | ૮૮૦ | ૨૮૧૮ | ૪૬૯ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | ભરૂચ | ૨૯૮૯ | ૫૩૪ | ૧૭૨૩ | ૧૯૩ | |
| ૬ | ભાવનગર | ૪૫૭૪ | ૨૨૬ | ૨૧૭૭ | ૭૭ | |
| ૭ | દાહોદ | ૪૫૩૦ | ૦૦૦ | ૨૪૪૭ | ૦૦૦ | |
| ૮ | ડાંગ | ૮૫૪ | ૧૨૪ | ૨૬૦ | ૦૦૦ | |
| ૯ | ગાંધીનગર | ૯૩૫ | ૨૬૦ | ૭૯૭ | ૨૩૩ | |
| ૧૦ | જામનગર | ૨૬૨૪ | ૩૦૦ | ૫૧૬ | ૮૪ | |
| ૧૧ | જુનાગઢ | ૪૫૩૩ | ૪૭૮ | ૧૫૩૩ | ૧૬૩ | |
| ૧૨ | કચ્છ | ૩૧૮૦ | ૦૦૦ | ૧૪૦૦ | ૦૦૦ | |
| ૧૩ | ખેડા | ૨૯૮૩ | ૫૩૦ | ૧૩૧૩ | ૩૧૫ | |
| ૧૪ | મહેસાણા | ૨૧૫૦ | ૧૬૬ | ૧૦૫૨ | ૧૫૫ | |
| ૧૫ | નર્મદા | ૨૧૨૯ | ૪૨૪ | ૯૦૭ | ૨૬૬ | |
| ૧૬ | નવસારી | ૩૫૯૭ | ૪૪૦ | ૨૩૨૧ | ૩૪૨ | |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** |
| ૧૭ | પંચમહાલ | ૪૮૦૯ | ૫૬૨ | ૨૬૫૯ | ૯૩ | |
| ૧૮ | પાટણ | ૧૨૯૦ | ૨૨૬ | ૬૩૯ | ૧૦૫ | |
| ૧૯ | પોરબંદર | ૫૦૬ | ૧૨૪ | ૨૭૦ | ૫૭ | |
| ૨૦ | રાજકોટ | ૩૬૦૭ | ૧૮૦૪ | ૧૨૨૪ | ૫૮૫ | |
| ૨૧ | સાબરકાંઠા | ૩૯૫૬ | ૦૦૦ | ૨૬૯૩ | ૦૦૦ | |
| ૨૨ | સુરત | ૯૭૨૯ | ૯૨૪ | ૩૬૭૭ | ૫૪૭ | |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૬૧૮ | ૪૨૪ | ૧૪૦૬ | ૨૩૫ | |
| ૨૪ | વડોદરા | ૭૯૦૧ | ૧૬૬૪ | ૪૭૪૦ | ૧૧૧૪ | |
| ૨૫ | વલસાડ | ૫૮૦૨ | ૫૮૪ | ૩૦૧૦ | ૦૦૦ | |
| | કુલ... | ૮૮૦૮૧ | ૧૨૩૦૬ | ૪૩૯૯૧ | ૫૨૨૫ | |

------------

## સુરત જિલ્લાના કિમથી માંડવી રસ્તાને પહોળો કરતાં કપાયેલ વૃક્ષો

૧૩૨૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કિમથી માંડવી રસ્તાને પહોળો કરવાનું કામ તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ ચાલુ છે, ત્યાં ક્યા ક્યા પ્રકારના કુલ કેટલા વૃક્ષો કાપવામાં આવ્યાં, અને

(૨) આ વૃક્ષો કાપવાની મંજૂરી કઈ કક્ષાએથી લેવામાં આવી તેમજ આ કાપેલ વૃક્ષોની અવેજીમાં કેટલા વૃક્ષો કઈ જ્ગ્યાએ ક્યારે રોપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) શરૂ, નીલગિરી, પેલ્ટોફોર્મ, લીમડા, કાશીદ, ટિમરૂ, શિશુ, ખાટી આમલી, જાંબુડો, ખાખરો અને રેન્ટ્રી વગેરે જાતનાં કુલ-૧૬૨૫ વૃક્ષો કાપવામાં આવ્યા છે.

(૨) વૃક્ષ કાપવાની મંજૂરી અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી સમાજિક વનીકરણ ગુજરાત રાજ્ય ગાંધીનગરે આપી છે. કાપેલ વૃક્ષોની અવેજીમાં ૭૬૪૦૦ વૃક્ષો વ્યારા વન વિભાગની સાદડ વેલ રેન્જમાં દેવલપાડા ગામે વર્ષ-૨૦૦૯-૧૦ દરમ્યાન રોપવાનું આયોજન કરેલ છે.

------------

## ધ્રોળ, જોડીયા અને જામનગર તાલુકામાં મફત પ્લોટની ફાળવણી

૫૩૩ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં જામનગર જિલ્લાના ધ્રોળ-જોડીયા અને જામનગર તાલુકામાં કેટલા અરજદારોને મફત પ્લોટની ફાળવણી કરવામાં આવેલ છે,

(૨) તે પેકી કેટલા અજરદારોને હજુ સુધી મફત પ્લોટ મળેલ નથી, અને

(૩) પ્લોટ ન મળવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ સુધીમાં ધ્રોળ-૫૪, જોડીયા-૮૮ અને જામનગર-૬૦ કુલ-૨૦૨ અરજદારોને મફત પ્લોટની ફાળવણી કરવામાં આવેલ.

(૨) ૨૦૨ પેકી બધા અરજદારોને પ્લોટ ફાળવણીના આદેશ થઈ ગયેલ છે. પરંતુ ધ્રોળ તાલુકાના ૧૯ લાભાર્થીએ પ્લોટનો કબજો સંભાળેલ નથી.

(૩) નીમ થયેલ ગામતળમાં પ્લોટનો કબજો સંભાળેલ ન હોવાથી.

## પાનસ ગામે ઓષધિય વનનું નિર્માણ કરવા બાબત

૧૩૩૨ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાનસ ગામે ઓષધિય વનનું નિર્માણ કરવામાં આવેલ છે,

(૨) કેટલા ઓષધિય છોડોનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) હા, જી

(૨) કુલ-૬૫,૦,૬૫ ઓષધિય રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) તેની પાછળ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કુલ રૂા. ૭.૫૧ લાખનો ખર્ચ થયેલ છે.

------------

## જૂનાગઢ જિલ્લામાં નવા રેશનકાર્ડ આપવા બાબત

૨૫૯ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ક્યા તાલુકામાં કેટલા નવા રેશનકાર્ડ તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપવાના બાકી છે,

(૨) બાકી રહેવાના કારણો શાં છે, અને

(૩) તે કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જીલ્લામાં ૧૩૦ નવા રેશનકાર્ડ આપવાની અરજીઓ બાકીમાં છે. (પત્રક સામેલ છે.)*

(૨) ચકાસણી હેઠળ તથા ચૂંટણીની કામગીરીના કારણે બાકી રહેલ હતા.

(૩) અરજીઓની ચકાસણી કરીને સત્વરે નિકાલ કરવામાં આવશે.

***પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ બાકી રહેલ નવા રેશનકાર્ડની અરજીઓ | તા. ૩૧-૧૨-૦૭ પછી બાકી પૈકી આપવામાં આવેલ રેશનકાર્ડ | હાલની સ્થિતિએ બાકી રહેલ નવા રેશનકાર્ડની અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જુનાગઢ | ૦ | ૦ | ૦ |
| ૨ | વિસાવદર | ૧૭ | ૧૭ | ૦ |
| ૩ | વંથલી | ૪૫ | ૦ | ૪૫ |
| ૪ | મેંદરડા | ૦ | ૦ | ૦ |
| ૫ | ભેંસાણ | ૦ | ૦ | ૦ |
| ૬ | વેરાવળ | ૦ | ૦ | ૦ |
| ૭ | ઉના | ૪૯ | ૦ | ૪૯ |
| ૮ | કોડીનાર | ૪ | ૪ | ૦ |
| ૯ | તાલાલા | ૩૭ | ૨૨ | ૧૫ |
| ૧૦ | સુત્રાપાડા | ૮ | ૭ | ૧ |
| ૧૧ | માળીયા | ૦ | ૦ | ૦ |
| ૧૨ | કેશોદ | ૫ | ૫ | ૦ |
| ૧૩ | માણાવદર | ૮ | ૮ | ૦ |
| ૧૪ | માંગરોળ | ૨૦ | ૦ | ૨૦ |
| | કુલ... | ૧૯૩ | ૬૩ | ૧૩૦ |

------------

## સાવલી તાલુકામાં ખેત તલવાડીઓ બનાવવા બાબત

૧૧૩૪ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં કેટલી અને ક્યા ક્યા ગામે ખેત તલાવડીઓ બાંધવામાં આવી, અને

(૨) તેનો ખર્ચ કેટલો થયો ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં અજબપુરા ગામે એક ખેત તલાવડી બનાવવામાં આવી.

(૨) તેનો રૂા. ૩૭૧૬/- નો ખર્ચ થયો.

------------

## ગ્રામ્ય પંચાયતોના કોમ્પ્યુટરની સુવિધા

૧૩૯૦ **શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર સુવિધા પૂરી પાડવામાં આવી, અને

(૨) રાજ્યની બાકી રહેલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર સુવિધા કેટલા સમયમાં પૂરી પાડવાનું આયોજન છે?

**જવાબ**

(૧) રાજ્યની ૧૨૧૫૧ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

(૨) તમામ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર સુવિધા પુરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

**રાજ્યમાં કેરોસીન વિતરણના ધોરણો અંગે**

૧૩૨૨ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સમગ્ર રાજ્યમાં કેરોસીન વિતરણના ધોરણો દરેક જિલ્લામાં જુદા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો જુદા ધોરણો અપનાવવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સમગ્ર રાજ્યમાં એક સરખા ધોરણો કરવા સરકાર માંગે છે કે કેમ ? | (૩) સમગ્ર રાજ્યમાં એક સરખુ ધોરણ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ગીરના જંગલોમાં સિંહોના શિકાર થવા બાબત**

૧૧૦૪ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરના જંગલોમાં સિંહના શિકારના કુલ કેટલા બનાવો બન્યા, | (૧) ૨ |
| (૨) આ શિકાર કરનાર શિકારીઓની ધરપકડ કરવામાં આવી છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) આવા બનાવો બનતા અટકે તે માટે સરકારશ્રીએ સાવચેતીના શું પગલાં લીધા ? | (૩) આવા બનાવો બનતા અટકે તે માટે નીચેની વિગતોના પગલાઓ લેવામાં આવેલ છે.<br>(૧) જંગલ ફેરણાને સુદ્રઢ બનાવવા સ્ટાફને ફેરણા માટે મોટર સાયકલની ફાળવણી કરવામાં આવેલ છે.<br>(૨) બાતમી આપનાર બતમીદારોને ઈનામ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.<br>(૩) દંગાઓની ચકાસણી કરવામાં આવે છે.<br>(૪) ગીર જંગલ વિસ્તારમાં આવેલ બસ સ્ટેશન તથા રેલ્વે સ્ટેશને શંકાસ્પદ વ્યક્તિની પુછપરછ કરી જાણકારી મેળવવામાં આવે છે.<br>(૫) ગ્રામલોકો સાથે બેઠકો યોજવામાં આવે છે.<br>(૬) વનખાતા તથા પોલીસ ખાતાના સ્ટાફ દ્વારા અરસ પરસ જાણકારી મેળવવામાં આવે છે.<br>(૭) જુનાગઢ પોલીસ મહાનિરીક્ષક, જુનાગઢ વિભાગના અધ્યક્ષ સ્થાન હેઠળ મંથલી મોનીટરીંગ કમીટીની રચના કરવામાં આવેલ છે.<br>(૮) વન્ય પ્રાણી મિત્રની નિમણૂંક કરવમાં આવેલ છે. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના બાળકો માટે છાત્રાલયો અને આશ્રમ શાળાઓ**

૧૩૮૭ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા (ડીસા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના બાળકો માટેના કેટલા છાત્રાલયો અને આશ્રમ શાળાઓ ચાલે છે, અને | (૧) છાત્રાલયો-૨૮<br>આશ્રમશાળાઓ-૨૭ |
| (૨) આ છાત્રાલયો અને આશ્રમશાળાઓ ક્યા તાલુકાના ક્યા ગામોમાં ચાલે છે ? | (૨) છાત્રાલયની યાદી પત્રક-અ અને આશ્રમ શાળાની યાદી પત્રક-બ મુજબ. |

**પત્રક-અ**

**છાત્રાલયોની વિગત (જિલ્લો-બનાસકાંઠા)**

| ક્રમ | ગામનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | અંબાજી | દાંતા |
| ૨ | હડાદ | દાંતા |

| | | |
|---|---|---|
| ૩ | નવાવાસ | દાંતા |
| ૪ | સોલસંડા | દાંતા |
| ૫ | માંકડી | દાંતા |
| ૬ | દાંતા | દાંતા |
| ૭ | હડાદ | દાંતા |
| ૮ | પુંજપુર | દાંતા |
| ૯ | ભચડીયા | દાંતા |
| ૧૦ | પીપળાવાળી વાવ | દાંતા |
| **ક્રમ** | **ગામનું નામ** | **તાલુકાનું નામ** |
| ૧૨ | સણાલી | દાંતા |
| ૧૩ | સણાલી | દાંતા |
| ૧૪ | સણાલી | દાંતા |
| ૧૫ | દલપુરા | દાંતા |
| ૧૬ | દલપુરા | દાંતા |
| ૧૭ | અમીરગઢ | અમીરગઢ |
| ૧૮ | ઈક્બાલગઢ | અમીરગઢ |
| ૧૯ | વિરમપુર | અમીરગઢ |
| ૨૦ | સરોત્રરોડ | અમીરગઢ |
| ૨૧ | અમીરગઢ | અમીરગઢ |
| ૨૨ | પાલનપુર | પાલનપુર |
| ૨૩ | રતનપુર | પાલનપુર |
| ૨૪ | ડીસા | પાલનપુર |
| ૨૫ | અંબાજી | દાંતા (સરકારી) |
| ૨૬ | અંબાજી | દાંતા (ડ્રાય હોસ્ટેલ) |
| ૨૭ | પાલનપુર | પાલનપુર (સરકારી) |
| ૨૮ | પાટણ | પાટણ (સરકારી) |

**પત્રકબ**

**બનાસકાંઠાની આશ્રમશાળાઓની ગામ અને તાલુકાવાર યાદી**

| ક્રમ | તાલુકા | આશ્રમશાળાનું ગામ |
|---|---|---|
| ૧ | દાંતા | દલપુરા |
| ૨ | દાંતા | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા કુવારસી |
| ૩ | દાંતા | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ગોરાડ |
| ૪ | દાંતા | માંડણચંપા |
| ૫ | દાંતા | હડાદ |
| ૬ | દાંતા | સાઢોસી |
| ૭ | દાંતા | મચકોડા |
| ૮ | દાંતા | અંબાજી |
| ૯ | દાંતા | સેબલ પાણી |
| ૧૦ | દાંતા | દલપુરા |
| ૧૧ | દાંતા | વેકરી |
| ૧૨ | દાંતા | વાઘડાયા |
| ૧૩ | દાંતા | ટુંડીયા |
| ૧૪ | દાંતા | કુવારસી |
| ૧૫ | દાંતા | થલવાડા |
| ૧૬ | પાલનપુર | ચિત્રાસણી |
| ૧૭ | અમીરગઢ | ખેમરાજીયા |

| ૧૮ | અમીરગઢ | રામપુરા (વડાણા) |
|---|---|---|
| **ક્રમ** | **તાલુકા** | **આશ્રમશાળાનું ગામ** |
| ૧૯ | અમીરગઢ | ઝાંઝરવા |
| ૨૦ | અમીરગઢ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા અમીરગઢ |
| ૨૧ | અમીરગઢ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ઝાંઝરવા |
| ૨૨ | અમીરગઢ | ઢોલીયા |
| ૨૩ | અમીરગઢ | કપાસીયા |
| ૨૪ | અમીરગઢ | ઉપલોબંધ |
| ૨૫ | અમીરગઢ | અમીરગઢ |
| ૨૬ | અમીરગઢ | વિરમપુર |
| ૨૭ | અમીરગઢ | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ખેમરાજીયા |

------------

**સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાનું મકાન ન હોવા બાબત**

૧૨૧૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતોને મકાન નથી અથવા જર્જરીત હોવાના કારણે મકાન બંધ છે,

(૨) આવી પંચાયતોને નવું મકાન બાંધવા સરકારનું શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં મકાનો બાંધવા માંગો છો?

**જવાબ**

(૧) દરેક ગ્રામ પંચાયતોને મકાન છે એક પણ ગ્રામ પંચાયત જર્જરીત મકાન હોવાના કારણે બંધ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ૧૦૦ ચો.વારના પ્લોટ આપવા બાબત**

૧૨૦૭ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાંથી ૧૦૦ ચો.વાર પ્લોટો માટે કેટલા અરજદારોની અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી સનદો આપવામાં આવી, અને કેટલાને કબ્જા, હક્ક, સોંપવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| | તાલુકો | અરજીઓ મળી |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૯૩ |
| ૨ | માલપુર | ૨૨ |
| ૩ | બાયડ | ૫૫ |
| ૪ | ધનસુરા | ૧૩૦ |
| | કુલ | ૩૦૦ |

(૨)

| | તાલુકો | સનદો આપી | કબજા હકક સોંપવામાં આવ્યા |
|---|---|---|---|
| ૧ | મેઘરજ | ૦૦ | ૦ |
| ૨ | માલપુર | ૧૦ | ૧૦ |
| ૩ | બાયડ | ૧૩ | ૧૩ |
| ૪ | ધનસુરા | ૧૦૪ | ૧૦૪ |
| | કુલ | ૧૨૭ | ૧૨૭ |

(૩) કેટલા અરજદારો બાકી છે, અને

(૩)

| | તાલુકો | અરજદારો બાકી |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૯૩ |
| ૨ | માલપુર | ૦ |
| ૩ | બાયડ | ૦ |
| ૪ | ધનસુરા | ૧૫ |
| | કુલ | ૧૦૮ |

(૪) કેટલી અરજીઓ નામંજૂર કરી ?

(૪)

| | તાલુકો | નામંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | મેઘરજ | ૦ |
| ૨ | માલપુર | ૧૨ |
| ૩ | બાયડ | ૪૨ |
| ૪ | ધનસુરા | ૧૧ |
| | કુલ | ૬૫ |

------------

**આણંદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો અને કેરોસીન વિક્રેતા માટેની અરજીઓ**

૧૧૯૯ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર વ્યાજબી ભાવની દુકાનો અને કેરોસીનના વિક્રેતા માટે તા.૩૧-૧૨-૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | આણંદ(શ.) | ૧૨ |
| ૨ | આણંદ(ગ્રા.) | ૪૦ |
| ૩ | ઉમરેઠ | ૨૭ |
| ૪ | આંકલાવ | -- |
| ૫ | બોરસદ | ૩૪ |
| ૬ | પેટલાદ | ૩૬ |
| ૭ | સોજીત્રા | ૦૪ |
| ૮ | તારાપુર | ૧૧ |
| ૯ | ખંભાત | ૦૯ |
| | **કુલ :** | **૧૭૩** |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી ?

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ પૈકી મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | આણંદ(શ.) | ૧ |
| ૨ | આણંદ(ગ્રા.) | ૮ |
| ૩ | ઉમરેઠ | ૪ |
| ૪ | આંકલાવ | -- |
| ૫ | બોરસદ | ૫ |
| ૬ | પેટલાદ | -- |
| ૭ | સોજીત્રા | ૧ |
| ૮ | તારાપુર | ૩ |
| ૯ | ખંભાત | ૨ |
| | **કુલ :** | **૨૪** |

------------

**૧૦૫**

**આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો જર્જરીત હાલતમાં હોવા બાબત**

**૧૧૦૭ શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના મકાન જર્જરીત/ભયજનક હાલતમાં છે તેને નવા બનાવવાની જરૂરીયાત છે,

(૨) જો હા, તો આ બાબતે સરકાર તરફથી કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યા તબક્કામાં છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયત |
|---|---|---|
| ૧ | આણંદ | ૧ |
| ૨ | ઉમરેઠ | ૪ |
| ૩ | બોરસદ | ૫ |
| ૪ | આંકલાવ | ૭ |
| ૫ | પેટલાદ | ૬ |
| ૬ | સોજીત્રા | ૩ |
| ૭ | ખંભાત | ૯ |
| ૮ | તારાપુર | ૧૦ |
| | **કુલ :** | **૪૫** |

આમ કુલ ૪૫ જર્જરીત પંચાયત ઘર મકાન નવા બનાવવાની જરૂરીયાત છે.

(૨) આણંદ જીલ્લાની આવી ૨૬ ગ્રામ પંચાયતોની યાદીને તા. ૩૦-૮-૦૭ ના આદેશથી મંજૂરી આપવામાં આવી છે.

(૩) મંજૂર કરેલ યાદી પેકી જીલ્લા વિકાસ અધિકારીશ્રી આણંદે ૫ (પાંચ) પંચાયત ઘરની વહીવટી મંજૂરી આપેલ છે. વહીવટી મંજૂરી આપેલ પંચાયત ઘરની તબક્કાવાર કામગીરી નીચે મુજબ છે.

| તાલુકો | ગામનું નામ | બાંધકામનો તબક્કો |
|---|---|---|
| ઉમરેઠ | બેચરી | પાયા લેવલ |
| આંકલાવ | ક્હાનવાડી | પાયા લેવલ |
| પેટલાદ | ફ઼ોગણી | પ્લીન્થ લેવલ |
| ખંભાત | દહેડ | પાયા લેવલ |
| તારાપુર | ઇન્દ્રરાજ | પાયા લેવલ |

------------

# અધ્યક્ષશ્રીની ટકોર

**અધ્યક્ષશ્રી** : મારે સભાગૃહના સભ્યશ્રીઓને જણાવવાનું કે કોઈ પણ સભ્યશ્રી ગેરહાજર હોય ત્યારે તેના પ્રશ્નનો જવાબ આપવાની અનુમતિ આપી હોય તો જે સભ્ય તે પ્રશ્ન પૂછવા માગતા હોય તે અને જેમણે મંજૂરી આપી હોય તે મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરીનો સમય શરૂ થતાં પહેલાં મારી ચેમ્બરમાં આવીને મને જણાવી જવું જોઈએ, નહીં તો આ જે પરિસ્થિતિ થાય છે તે પ્રકારની પરિસ્થિત થઈ તે યોગ્ય નથી. શ્રી પ્રદિપસિંહજી, આપ મને મળવા આવ્યા હતા પણ આપે કહ્યું નહોતું કે મને અનુમતિ મળી છે અને માનનીય મંત્રીશ્રી આપે પણ એમ નહોતું કહ્યું કે મેં અનુમતિ આપી છે. જેમને અનુમતિ મળી હોય, શૂન્યકાળ જેવી જ આપણે પદ્ધતિ રાખીએ. માનનીય શકિતસિંહજીએ જ્યારે આ પ્રશ્ન પૂછયો હતો અને જ્યારે માનનીય મંત્રીશ્રીએ અનુમતિ આપી હતી ત્યારે સભાગૃહની શરૂઆત થતાં પહેલાં બન્ને જણાની મેં અનુમતિ મેળવી લીધી હતી. આજે જે અહીં આપે ઉભા થઈને કહ્યું એ પ્રમાણેની પરિસ્થિતિ હવે પછી પેદા ન થાય એટલા માટે હું સૌ સભ્યશ્રીઓને જાણ કરું છું. નેકસ્ટ.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**અધ્યક્ષશ્રી** : સિદ્ધાર્થભાઈ, એક મિનિટ. બન્ને દંડકશ્રીઓ તરફથી રજૂઆત મળી છે કે આજે બિનસરકારી સભ્યોનું કામકાજ હોવાને કારણે રીસૅસ પછી આપણે બિન સરકારી કામકાજ લેવાનું હોય છે. પરંતુ તેના કારણે

આજની ચર્ચાઓમાં સમય ઓછો મળે તેમ છે. એટલે બન્ને દંડકશ્રીઓએ ૬૦ મિનિટ એટલે કે એક કલાક સમય વધારવાની વિનંતી કરી છે. હું એ વિનંતીનો સ્વીકાર કરું છું અને વધેલો સમય છે તેને યોગ્ય રીતે ફાળવીને આપણે ચર્ચા શરૂ કરીએ. (અંતરાય) બરાબર છે. તમે જૂઓ જ છો કે આપણે બરાબર સમયનું સંચાલન કરીએ છીએ અને તેમાં આપ સૌનો સહયોગ છે. આ સહયોગ આપનો છે, મારો નથી. સમયનું વ્યવસ્થાપન કરવાની અંદર સૌથી વધારે કોઈને યશ જતો હોય તો આ ગૃહને જાય છે અને ગૃહના સભ્યશ્રીઓને જાય છે. હવે તા.૪થી માર્ચ ૨૦૦૮ની બીજી બેઠકની અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે, શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ (ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી ગુજરાત રાજયનું સન ૨૦૦૮-૦૯નું બજૅટ લઈને આ સન્માનનીય સભાગૃહ પાસે આવ્યા છે ત્યારે આ બજૅટ અંગે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી વજુભાઈ વાળા ૧૩મી વખત આ ગૃહમાં અંદાજપત્ર રજૂ કરી રહ્યા છે. ગુજરાત માટે આ એક રૅકૉર્ડ છે. તેની સાથે સાથે નાણામંત્રીને બજૅટ રજૂ કરવાનો એક વિશાળ અનુભવ પણ મળ્યો છે અને એટલે સ્વાભાવિક રીતે જ આ ગૃહના સન્માનનીય સભ્યોની અપેક્ષા હોય કે તેમના અનુભવનું પ્રતિબિંબ તેમના બજૅટમાં પડશે. માનનીય જયનારાયણભાઈએ કાલે બહુ માર્મિક વાત કરી. ચાણકયને ટાંકીને તેમણે માનનીય નાણામંત્રીના કામને એક ભ્રમરના કામ સાથે સરખાવ્યું. જયનારાયણભાઈ બહુ ઈન્ટેલેકચ્યુઅલ વ્યકિત છે. એટલે એ જ્યારે કોઈક વિધાન કરે ત્યારે તેમાં બહુ ગહન અર્થો સમાયેલા હોય છે પણ કાલે તેમણે જે વાત આ ગૃહ સમક્ષ કરી તેમાં એક ભ્રમર ફૂલ ઉપર બેસે અને ફૂલ ઉપર બેસીને રસ ચૂસે તેમ છતાં પણ ફૂલને કરમાવા ન દે અને એ જ રીતે નાણામંત્રી જ્યારે કોઈ ટેક્સ નાખે ત્યારે એ ટેક્સ એવી રીતે નાખે કે જેનાથી સમાજના કોઈ વર્ગ ઉપર તેની વિપરિત અસર ન પડે. એ વાત જયનારાયણભાઈની હતી. અને હવે સવાલ એ ઊભો થાય છે કે, માનનીય નાણા મંત્રી જ્યારે આ બજૅટ લઈને ગૃહ પાસે આવ્યા ત્યારે આ વાત કે સમાજના કોઈ વર્ગ ઉપર એની વિપરીત અસર ન થાય એ જોવામાં તેઓ સફળ થયા છે કે કેમ? સાહેબ, આ બજૅટમાં વેટમાં ૧ ટકાથી ૨.૫ ટકાનો વધારો કરીને ગુજરાતના લોકો ઉપર ૮૮૦ કરોડ રૂપિયાનો નવો બોજો નાખવામાં આવ્યો છે અને એક સમાન રીતે સમાજના તમામ વર્ગો ઉપર આ બોજો પડવાનો અને આટલી વાત પૂરતી નથી. ૨૧મી ફેબ્રુઆરીએ જે ફ્યૂએલ ચાર્જમાં યુનિટ દીઠ ૧૮ પૈસાનો વધારો કરવામાં આવ્યો અને એની અસર શું ઊભી થશે? ગુજરાતના લોકોને વીજળીના એક યુનિટ દીઠ ૩૦ પૈસા વધારે આપવાનો વખત આવશે અને એના કારણે ગુજરાતની પ્રજા ઉપર અંદાજીત સવા છસો કરોડ રૂપિયાનો વધારાનો બોજો પડવાનો છે. એક બાજુ ૮૮૦ કરોડનો આ બોજો અને વીજળીના ફ્યુએલ ચાર્જમાં ૬૩૦ કરોડનો આ વધારાનો બોજો એટલે ગુજરાતના લોકો ઉપર ૧૫૦૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજો પડવાનો છે. જો કદાચ નાણામંત્રીશ્રીએ ઈચ્છયું હોત તો ૮૮૦ કરોડ રૂપિયાનો બોજો સમાજના તમામ વર્ગો ઉપર એક સરખો નાખવાના બદલે ક્યાંક નાના-મોટા લૂ-હોલ્સ રહી ગયા હોય અને એની પૂર્તતા કરીને આવક ઊભી કરી શકતા હતા અને આ મોંઘવારીના સમયમાં ગરીબ અને મધ્યમવર્ગના લોકો ઉપર બોજો પડી રહ્યો છે એને કદાચ નિવારી શકાયો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ એમના બજૅટના પ્રવચનની શરૂઆતના ભાગમાં જ કહ્યું કે, આ અંદાજપત્ર પ્રગતિશીલ અને પ્રજાલક્ષી છે. ગુજરાત રાજયની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. મહેસૂલી આવક મોટા પ્રમાણમાં વધતી જાય છે. પાછલા ૧૫ વર્ષમાં રાજયની મહેસૂલી આવકમાં ૪૦૦ ટકા જેટલો વધારો થયો છે. રાજય નાણાકીય સદ્ધરતાની દિશામાં આગળ વધતું હોય ત્યારે નાણાંનો ઉપયોગ આપણે કઈ રીતે કરીએ છીએ? એ ખૂબ મહત્ત્વની બાબત બની જાય છે અને રાજય પાસે તો હંમેશાં અપેક્ષા હોય અને આ સન્માનનીય ગૃહના તમામ સભ્યોની એક અપેક્ષા હોય કે રાજયના તમામ નબળા અને પછાતવર્ગના લોકોનો વિકાસ થાય અને એમના ઉત્થાનમાં રાજય સરકાર મહત્ત્વનો ફાળો આપે અને એવા સંજોગોમાં રાજયના નાણામંત્રી પાસે સમાજના નબળા અને પછાતવર્ગના વિકાસમાં પૂરક થાય એવી ઑલ ઈન્કલુસીવ બજૅટની અપેક્ષા હતી અને મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, એ ઑલ ઈન્કલુસીવ અપેક્ષાઓ પૂરી થઈ શકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બજૅટની ચર્ચા કરીએ છીએ ત્યારે હું આ સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર એક વાત મૂકવા માગું છું. દશમી પંચવર્ષીય યોજનામાં વર્ષ ૨૦૦૨ અને ૨૦૦૭ દરમિયાન જે ખર્ચની કુલ જોગવાઈ કરવામાં આવી હતી એમાં ૨૪૧૫ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ કર્યો.ખાસ કરીને કૃષિ અને સંલગ્ન બાબતો તથા ઉદ્યોગ અને ખાણ ખનીજ આ બન્ને વિભાગો માટે જે ખર્ચ કરવા પાત્ર હતો એના કરતાં આપણે બહુ ઓછો ખર્ચ કર્યો છે. કૃષિ અને સંલગ્ન બાબતો માટે ૪૧૬૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની જોગવાઈ હતી. એની સામે માત્ર ૨૪૨૭ કરોડ રૂપિયા ખર્ચાયા. કૃષિ જેવા અગત્યના ક્ષેત્રમાં સાહેબ, આપણે અંદાજીત ખર્ચ કરતાં ૪૧ ટકા ખર્ચ ઓછો કર્યો છે. એવી જ રીતે ઉદ્યોગ અને ખાણ ખનિજની વાત કરીએ તો ૨૪૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો હતો એની સામે આપણે ૫૦ ટકા ખર્ચ ઓછો કર્યો એટલે આ જે બે મહત્વના વિભાગો કૃષિ અને એની સંલગ્ન સેવાઓ અને ખાણ અને ખનિજ આ બંને વિભાગો માટે જે કંઈ ખર્ચ કરવાનો હતો એના કરતાં આપણે લગભગ ૫૦ ટકા કરતાં ઓછો ખર્ચ પાછલા પાંચ વર્ષમાં કર્યો એટલે આ સરકાર કઈ દિશામાં જઈ રહી છે એનું એક

પ્રતિબિંબ આ પાછલા પાંચ વર્ષોમાંથી દેખાતું હોય એવું દેખાય છે અને એટલા જ માટે સાહેબ કે ૧૦.૪ ટકાનો વિકાસ દર હાસલ આપણે કર્યો પણ ૧૦.૪ ટકાનો વિકાસ દર હાસલ કરવાથી બહુ ખુશ થવાની જરૂર એટલા માટે નથી કે આપણો વિકાસ દર આગલા વર્ષોમાં જે ૧૬ ટકા અને ૧૫ ટકા હતો ત્યાંથી ઘટીને આપણે ૧૦.૪ ટકાનો વિકાસ દર ઉપર આવી ગયા છીએ.

આપના દ્વારા હું આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે માત્ર જાહેરાતોથી વિકાસ થતો નથી. વિકાસ કરવા માટે નકકર પગલાં લેવાં પડે છે, નકકર કાર્યક્રમો આપવા પડે છે. નાના અને મધ્યમ ગૃહના ઉદ્યોગો આજે વૈશ્વિક હરીફાઈને કારણે અને મોટા ઔદ્યોગિક ગૃહોના દબાણના કારણે આજે આ નાના અને મધ્યમ કદના ઉદ્યોગો આજે ભારે હાલાકીનો સામનો કરી રહયા છે. મોટા પાયે આ ઉદ્યોગો બંધ પડી રહયા છે પણ આ સમગ્ર બજેટની અંદર આ નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને રક્ષણ આપવા માટે, એમને મદદરુપ થવા માટે કોઈ જોગવાઈ આ બજેટમાં દેખાતી નથી. એક બીજી અગત્યની વાત ઉપર હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આયોજન બહારનું ખર્ચ ઘટવાને બદલે વધતું જાય છે. ૨૦૦૫-૨૦૦૬માં આયોજન બહારનું ખર્ચ ૨૩૧૪૪ કરોડ રૂપિયા હતું, ૨૦૦૬-૨૦૦૭માં વધી અને ૨૬૦૨૪ કરોડ રૂપિયા થયું અને ૨૦૦૭-૦૮માં વધી અને ૨૬૯૨૪ કરોડ રૂપિયા થયું તેની સાથેસાથે આદર્શ બજેટની બાબતમાં ગઈ કાલે આ સભાગૃહમાં ચર્ચા થઈ, આદર્શ બજેટીંગનો એક મહત્વનો સિદ્ધાંત છે કે મહેસૂલી ખર્ચ ઘટતું જવું જોઈએ અને મૂડી ખર્ચ વધતું જવું જોઈએ પણ ખૂબ દુઃખ સાથે નોંધવું પડે છે કે ગુજરાત રાજયમાં મહેસૂલી ખર્ચ દિવસેને દિવસે વધતું જાય છે. ૨૦૦૩-૦૪નું મહેસુલ ખર્ચ ૨૧૪૪૦ કરોડ રૂપિયા હતું. ૨૦૦૭-૦૮માં એ વધીને ૩૨૬૪૦ કરોડ રૂપિયા થયું. આમ પ્રતિવર્ષ સરેરાશ ૯ ટકાના દરથી મહેસૂલી ખર્ચમાં વધારો થતો દેખાય છે અને એ હું માનુ છું કે આપણને સૌને માટે એક ચિંતાનો વિષય ગણાય. રાજયનું દેવું કૂદકેને ભૂસકે વધતું જાય છે. ૮૦હજાર કરોડનો આંક આપણે વટાવી ગયા. એક લાખ કરોડના દેવા તરફ આપણે જઈ રહયા છીએ. કાલે એક પ્રશ્નનો જવાબ આપતાં માનનીય નાણામંતીશ્રીએ કહયું કે કુલ ઘરેલું ઉત્પાદનના ૩૦ ટકાથી આપણુ કુલ દેવુ ઓછું છે અને એટલા માટે ચિંતા કરવાનું કોઈ કારણ નથી પરંતુ ચિંતાનું કારણ એ છે કે વ્યાજનું ભારણ રાજય ઉપર દિવસે અને દિવસે વધતું જાય છે. ૨૦૦૨-૦૩માં ગુજરાત રાજય ઉપર ૪૩૨૪ કરોડ રૂપિયાનું વ્યાજનું ભારણ હતું એ વધી અને ૨૦૦૭-૦૮ના સુધારેલા અંદાજો પ્રમાણે લગભગ ૭૪૦૦ કે ૭૫૦૦ કરોડ રૂપિયાની આસપાસ વ્યાજનું ભારણ થવા જાય છે. મહેસુલી આવકના ૧૮ થી ૧૯ ટકા રકમ દર વર્ષે ગુજરાત રાજયને વ્યાજ તરીકે ચૂકવવા પડે છે. તો એ વ્યવસાય કેટલો સફળ થાય એ સૌથી મોટો પ્રશ્નાર્થ છે. એમાં બીજી બાબત એ છે કે લગભગ ૬૧ ટકા જેટલું દેવું, ૪૪ કરોડ જેટલી રકમ આપણે એન.એસ.એફ. પાસેથી લીધેલ છે. એન.એસ.એફ. પાસેથી લીધેલ રકમ ઉપર આપણે ૯.૫ ટકાના દરે વ્યાજ ચૂકવીએ છીએ. એન.એસ.એફ. એ આપણા માટે એક બહુ મોંઘો નાણાં ઊભા કરવા માટેનો રસ્તો છે. કાલે માનનીય નાણામંત્રીશ્રી કહેતા હતા કે ગુજરાત એ પ્લસ પ્લસ રેટીંગમાં આવે છે. ગુજરાત જો એ પ્લસ પ્લસમાં આવે તો ગુજરાતમાં ૯.૫ ટકાએ નહિ પણ ૭.૫ ટકાના વ્યાજના દરે ધિરાણ મળી શકે તેમ છે અને જો ૭.૫ ટકાના વ્યાજ દરે ધિરાણ મળે તો આપણે બે ટકાની બચત કરી શકીએ અને ૪૪ હજાર કરોડ રૂપિયામાં જો બે ટકાના વ્યાજની બચત થાય તો દર વર્ષે બરાબર ૮૮૦ કરોડ રૂપિયાની બચત થાય. જેટલો માનનીય નાણામંત્રીશ્રીએ વેટ દ્વારા ગુજરાતની પ્રજા ઉપર ટેક્સ નાંખ્યો છે. એટલે જો સારું મેનેજમેન્ટ કરીને બે ટકાની બચત કરવામાં આવે તો હું એમ માનું છું કે ગુજરાતની પ્રજા ઉપર ૮૮૦ કરોડ રૂપિયાનું વેટનું ભારણ આપણે નાખ્યું છે એ નાખવાની જરૂર ન પડે. મારી નાણામંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી છે કે આ દેવાનું મેનેજમેન્ટ વધારે સારી રીતે કરી એમાં વ્યાજની બચત કરી ગુજરાતની પ્રજા ઉપર જે આ ભારણ પડી રહ્યું છે એમાંથી ગુજરાતની પ્રજાને મૂકત કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, જે કાંઈ ચર્ચાઓ બજૅટ ઉપર આ ગૃહમાં થઈ એમાં જુદા જુદા વિભાગો માટે એલોકેશનમાં જે સુધારા વધારા કરવામાં આવ્યા એનાથી ઘણા બધા સભ્યોએ આ ગૃહમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા. માનનીય વસુબેન કાલે ચર્ચા કરતા હતા અને ગૃહ વિભાગે જે આધુનીકરણની નીતિ અપનાવી અને જે કાંઈ કામગીરી થઈ રહી છે, માનનીય વસુબેને એના માટે સરકારના ઘણા વખાણ પણ કર્યા. પણ કદાચ ગઈકાલના એક વર્તમાનપત્રમાં આ જ સન્માનનીય ગૃહના એક સભ્ય દ્વારા જાહેરાત આપવામાં આવી છે એ કદાચ કાલે વસુબેને નહીં જોઈ હોય. એક સન્માનનીય સભ્ય દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવી કે ડફેરો અને તસ્કરોની ટોળીઓથી ખેડૂતો ચેતે. લખતર, સુરેન્દ્રનગર, માલવણ, વિરમગામ, બેચરાજી, કડી, કચ્છ, રાધનપુર આ તમામ સ્થળોએથી આવતા ખેડૂતોને ચેતવણી આપવી પડે કે રાત-વરત ચેતજો. જો ચેતશો નહિ તો તમારો સામાન ચોરાઈ જશે. માનનીય જયનારાયણભાઈ વાત કરતા હતા કે રાત્રે એક વાગ્યે બહેનો એકલી જાય પણ જયનારાયણભાઈ, આ જાહેરાત આપના સભ્યની છે. રાત-વરત ડફેરો અને તસ્કરોની ટોળીઓથી ચેતે એવી. માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ દિવસના દાખલા આપવા માગું છું. કાલે છાપામાં આ જાહેરાત આપવામાં આવી. ત્યાર પછી ટી.વી. ઉપર કાર્યક્રમ ચાલતો હતો કે સાબરમતી જેલમાંથી કેદીઓ કેવી રીતે બહાર નીકળીને આમ તેમ ફર્યા કરે છે. સરકારની છત્રછાયા નીચે રહેતા કેદીઓ માટે જેલ પણ મહેલ બની ગયો છે. ખુલ્લેઆમ કેદીઓ જેલમાંથી બહાર નીકળી ફરે, એમને જાતજાતની સગવડો મળે એવી પરિસ્થિતિ આ રાજ્યમાં ચાલી રહી છે. કાલની ત્રીજી ઘટના, ધરમપુરની હોસ્પિટલમાં દર્દીઓના મોતિયાના ઓપરેશનમાં ૯ દર્દીઓની આંખો ગઈ. ત્રણ દર્દીઓના એવા ઓપરેશન થયા કે

જેમની એક આંખના બદલે બીજી આંખ ઉપર ઓપરેશન કરવામાં આવ્યા. એક જ દિવસમાં એક ધારાસભ્યને તસ્કરોથી ચેતવાની વોર્નિંગ આપવી પડે, બીજી બાજુ સાબરમતી જેલમાં શું બની રહ્યું છે એના બનાવોની ચર્ચા મિડિયાએ કરવી પડે અને ત્રીજી બાજુ આરોગ્ય ક્ષેત્રે આવા બનાવો બને. રાજ્યની સ્થિતિનો એક દિવસમાં બનેલી દ ટના એ ખ્યાલ આપે છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એક ખોટા સંદર્ભમાં આરોગ્ય ખાતાની કામગીરીનો ઉલ્લેખ્ ના થાય એટલા માટે આ માહિતી માનનીય સભ્યશ્રીને હું જરૂરી માનું છું. એક નાની જ વાત કહેવી છે ખાનગી ટ્રસ્ટ દ્વારા ઓપરશન (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, આપ એની વિગત આપી દો, એનો જવાબ આપી દો. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : ઓપરેશન ખાનગી ટ્રસ્ટ દ્વારા થયાં. અમને જેવી ખબર પડી કે અમે એમની સામે પગલાં લેવામાં આવ્યાં છે. આરોગ્ય ખાતાને એમાં કાંઈ લાગતું વળગતું નથી.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય ખાતાએ પગલાં લીધાં હશે એ બાબતમાં હું કોઈ શંકા કરતો નથી. હું માત્ર જે બનાવ બન્યો છે એ બાબતે હું આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું, મારી વાત એટલી જ છે. માત્ર ફાળવણીમાં વધારો-સુધારો થવાથી આપણે સંતોષ માની લેવાની જરૂર નથી.There are lot many things beyond allocation, and I think we must concentrate beyond allocation and do whatever we can for the people of Gujarat.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત કદાચ ઊર્જા વિભાગે છેલ્લા ૧૦-૧૨ વર્ષો પછી સરકારને એમ લાગ્યું કે માત્ર પ્લાન્ટ લોડ ફેકટર સુધારવાથી ગુજરાતની વીજળી સમસ્યાનું નિવારણ થઈ શકવાનું નથી અને મને આનંદ છે કે આ બજૅટની અંદર ધુવારણ અને ભાવનગર ખાતે બે વીજગૃહો ૮૬૦ મેગાવોટની ક્ષમતાના વીજગૃહોના ઈરાદાપત્રો આપવાનો ઇરાદો રાજ્ય સરકારે આ બજૅટમાં વ્યકત કર્યો છે, પણ ૮૬૦ મેગાવોટએ 'પાશેરામાં પહેલી પૂણી' જેવું સાબિત થશે. ગુજરાતની વીજખાદ્ય લગભગ ૪૦૦૦ મેગાવોટ જેટલી છે એ સંજોગોમાં આ વીજખાદ્ય દૂર કરવા માટે બહુજ constant effort આપણે કરવાની જરૂર છે અને મારી સરકારને વિનંતી કે આ દિશામાં પણ કામગીરી આગળ ચાલશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સર્વાંગી વિકાસમાં કૃષિ હોય, ઉદ્યોગ હોય, ઊર્જા હોય કે સામાજિક ન્યાય વિભાગ હોય આ બધા વિભાગોને લઈને એક સમતોલ વિકાસ થાય એ મારી દૃષ્ટિએ ખૂબ જરૂરી છે અને મને લાગે છે કે આ જે અપેક્ષા છે એ અપેક્ષા આ બજૅટ પૂરી કરી શકતું નથી અને આ સંજોગોમાં આ બજૅટને સમર્થન આપવું મારાં માટે શક્ય નથી એ વાત સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીની દીર્ઘ દૃષ્ટિ અને ગુજરાતને આવતા ૧૦ વર્ષની અંદર કયાં લઈ જવાનું છે એનો વિચાર કરીને ગુજરાતના નાણામંત્રી ભાઈશ્રી વજુભાઈ વાળાએ આ ૧૩મું બજૅટ વિધાનસભાની અંદર રજૂ કર્યુ છે જેને હું મારો સંપૂર્ણ ટેકો અને સમર્થન જાહેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ની ચૂંટણીના સમયે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ના બને, વિપક્ષ પાસે ગુજરાતનું શાસન સંભાળવા માટે કોઈ સક્ષમ વ્યકિત નહોતાં અને એટલા માટે કોઈનું નામ જાહેર નહોતા કરી શકતા એ સમયે પણ જ્યારે લોકો પૂછતા હતા, ત્યારે એવો જવાબ મળતો હતો કે ગુજરાતનું શાસન * (xxxxx) ને સોંપીશું પણ નરેન્દ્રભાઈ મોદીને અમે ગુજરાતના મુખ્યમંત્રી નહિ બનાવા દઈએ, આવી વાત ચૂંટણી સમયે એમના જ પ્રવચનની અંદર, એમના જ નેતાઓએ પેપરોના માધ્યમ દ્વારા કરતા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, આનંદીબેન (xxxxx) શબ્દ વપરાય નહિ, (અંતરાય) આનંદીબેન પ્લીઝ બેસી જાવ. (xxxxx) શબ્દ વપરાય નહિ એ શબ્દ કાં તો આપ પાછો ખેંચો, કાં તો હું રદ કરી નાખું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સાહેબ, હું તો ચૂંટણી વખતનો માહોલ યાદ કરાવું છું.

**અધ્યક્ષશ્રી** : નહિ, આપને (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : શબ્દ પાછા ખેંચું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, હું ઊભો છું. આપને માહોલ વ્યકત કરવાની છૂટ છે. પરંતુ જે શબ્દ વાપર્યો છે એ શબ્દ યોગ્ય નથી. નીતિનભાઈ આપને પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર કાંઈ કહેવું છે.

**શ્રી નીતિનકુમાર ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આનંદીબહેને જે વાત કરી એ ચૂંટણી પ્રચાર વખતે જે કોંગ્રેસ પક્ષ તરફથી વાત થતી હતી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, શબ્દો યોગ્ય છે કે નહીં? માહોલની વાત નથી. હું શબ્દો રદ કરું છું આપના પોઈન્ટ ઓફ ઓર્ડરનો જવાબ મળતો નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે ભા.જ.પા.નું શાસન આવ્યું અને મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઈ મોદી ન આવે એના માટે અપપ્રચાર કરવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું.

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બેજવાબદાર આક્ષેપોની જડી વરસાવી હતી તેમછતાં ગુજરાતની પ્રજાએ ચૂકાદો આપ્યો. ગુજરાતની પ્રજા શાણી છે, સમજદાર છે, હીરા પારખુ છે. ૪૦ વર્ષનું કોંગ્રેસનું શાસન એમણે જોયું છે અને ૬ વર્ષનું ભા.જ.પા.નું શાસન પણ ગુજરાતની પ્રજાએ જોયું છે એટલા માટે ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપને કહેવાની તક મળશે. એક મહિલા મંત્રીશ્રી બોલતા હોય ત્યારે આપણે સૌજન્ય રાખવું જોઈએ. અર્જુનભાઈ તમે ખુમાનસિંહભાઈની માફક ન બોલો. આપના કોઈ કલેરીફીકેશનની જરૂર નથી. બધા સાંભળે છે. આપને વચ્ચે ઈન્ટરવીન થવાની જરૂર નથી.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : શાંતિ જાળવો. માનનીય અધ્યક્ષશ્રી, જેનું નેતૃત્વ નરેન્દ્રભાઈ મોદીએ કર્યું. ગુજરાતની પ્રજાએ આ કાતિલ ઝેરને અમૃતમાં પલટાવીને નરેન્દ્રભાઈને ફરી ત્રીજીવાર ગુજરાતની પ્રજાએ શાસન સોંપ્યું. ગુજરાતની સેવા કરવાની જવાબદારી ત્રીજી વખત નરેન્દ્રભાઈ મોદીને સોંપવાનો ઐતિહાસિક નિર્ણય ગુજરાતની પ્રજાએ કર્યો. અમે તો ક્ષમા વિરસ્ય ભૂષણમમાં માનનારી વ્યકિત છીએ એટલે દિસે અરૂણ પ્રભાત યાદ કરીને ગુજરાતના વિકાસના શ્રીગણેશ કર્યા છે. ગુજરાતમાં ચૂંટણી સમયે દિલ્હીથી અનેક મહાનુભાવો આવ્યા. ચૂંટણી પ્રચાર કર્યો અને ચૂંટણી પ્રચાર કર્યો એમાં પણ કાંઈ વાંધો ન હોઈ શકે. કેવા શબ્દો વાપરતા હતા ગુજરાત સલામત નથી, ગુજરાત ભગવાનના ભરોસે છે. ગુજરાત ભલે ભગવાનના ભરોસે રહ્યું. ઈશ્વરમાં અમને સંપૂર્ણ શ્રદ્ધા છે. તમે કોના ભરોસે છો? વળી હું બોલીશ તો ઊભા થઈ જશે એટલે બોલતી નથી. ગુજરાત સલામત છે.

કાયદો અને વ્યવસ્થા ગુજરાતમાં સારા છે અને એટલે જ ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા માટે ઉદ્યોગપતિઓની લાઈન લાગે છે. ૨૦૦૬-૦૭માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ ભારતના રાજય બહાર મૂડી રોકાણોના આંકડા જાહેર કર્યા છે. સમગ્ર દેશમાં ૨૦૦૬-૦૭ની અંદર જે મૂડી રોકાણ આવ્યું એમાંથી ૨૫.૮ ટકા મૂડી રોકાણ માત્ર ને માત્ર ગુજરાતમાં આવ્યું છે. બીજા ક્રમે, ત્રીજા ક્રમે અને ચોથા ક્રમે તામિલનાડુ, આંધ્ર અને મહારાષ્ટ્ર હતા. આ ત્રણેયનું કુલ મૂડી રોકાણ ભેગું કરીએ એના કરતાં પણ વધારે મૂડી રોકાણ ગુજરાતમાં આવ્યું છે. કોઈપણ ઉદ્યોગપતિ એક રૂપિયો પણ ગુજરાતમાં રોકાણ કરવા માટે આવે ત્યારે એને એક રૂપિયામાંથી એક ડોલર મળવાની આશા હોય તો જ ગુજરાતમાં આ મૂડી રોકાણ થયું હોય. ઉદ્યોગપતિઓને એવું લાગ્યું કે ગુજરાત મૂડી રોકાણ માટે સર્વશ્રેષ્ઠ સ્થાન છે એટલા માટે મૂડી રોકાણ આટલું બધું આવ્યું. મૂડી રોકાણ ત્યારે જ આવે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સારામાં સારી હોય. બંદરો હોય, અવરજવર માટે સારા રોડ હોય, વીજળી અને પાણી, આરોગ્ય અને શિક્ષણની સર્વશ્રેષ્ઠ સુવિધા હોય ત્યારે જ કોઈ ઉદ્યોગપતિ અથવા કોઈ વ્યકિત ગુજરાતમાં મૂડી રોકાણ કરવા માટે આવે. આ જ બતાવે છે કે અન્ય રાજય કરતા ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા અને અન્ય બાબતો સર્વશ્રેષ્ઠ છે.

ગુજરાતમાં ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટ કરવામાં આવી. સૌથી પહેલાં ૨૦૦૩માં ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટનું આયોજન થયું ત્યારે મારે વિધાનસભાના સૌ સદસ્યોને માત્ર એટલું જ કહેવું છે. આ ઈવેન્ટસનું આયોજન થયું, ત્યારે કોંગ્રેસના બધા નેતાઓ શું બોલતા હતા. એ જરા પેપરોનાં પાનાં ઉપર જોઈ લે. પોતાની પબ્લિસિટી કરવા માટે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ છે. આના દ્વારા ગુજરાતની અંદર જે મૂડી રોકાણ આવ્યું છે. એની વાત મારે ગૌરવ સાથે આ સભાગૃહની અંદર મારે કહેવી છે. ૨૦૦૩ માં પહેલી જ્યારે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ થઈ ત્યારે એની અંદર ૬૬,૦૦૦ કરોડના ૭૬ પ્રોજેક્ટના એમ.ઓ.યુ. સાઈન થયા. એમાંથી ૨૭,૬૬૧ કરોડના ૩૫ પ્રોજેકટો ઉત્પાદનની અંદર શરૂ થયા અને ૨૧,૫૧૦ કરોડના ૧૩ પ્રોજેકટો આજે અમલવારીની અંદર છે. એમની સફળતાપૂર્વકની જ્યારે કામગીરી જોઈ ત્યારે ૨૦૦૫ માં બીજી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું. જેની અંદર ૧,૦૬,૧૬૦ કરોડના ૨૨૬ એમ.ઓ.યુ. સાઈન થયા અને એમાંથી ૨૪,૭૧૮ કરોડના ૯૨ પ્રોજેકટો અમલવારીની અંદર આવી ગયા છે અને એમણે ઉત્પાદન કરવાનું શરૂ કરી દીધું છે. ૬૧,૩૭૫ કરોડ રૂપિયાના ૭૨ પ્રોજેકટો અત્યારે હાલ અમલવારીની અંદર પ્રગતિની અંદર કામગીરી કરી રહ્યા છે. ત્યાર પછી ત્રીજી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન થયું અને ૪,૬૧,૮૩૫ કરોડ રૂપિયાના ૪૫૪ એમ.ઓ.યુ. સાઈન થયા અને એમાંથી ૧૯,૩૪૦ કરોડ રૂપિયાના ૪૫ પ્રોજેકટનાં કામ શરૂ થયાં અને ઉત્પાદનની અંદર આ પ્રોજેકટો ગયા. ત્યારપછી ૨,૨૬,૨૩૬ કરોડના ૨૫૯ જેટલા પ્રોજેકટની કામગીરી અત્યારે હાલ પ્રગતિમાં છે. થોડા સમયમાં એ પણ ઉત્પાદનની અંદર પહોંચશે. ત્યારપછી અર્બન ડેવલપમેન્ટ સૅન્ટરની અંદર ત્રીજી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ૨,૧૦,૦૦૦ કરોડના ૭૯ જેટલા પ્રોજેકટો આવ્યા હતા. એની કામગીરી શરૂ થઈ છે. જે રીતે ગુજરાતની અંદર મૂડી રોકાણ આવ્યું અને ઉત્પાદનની અંદર ગયા, જેની અંદર હજારો ભાઈઓ અને બહેનોને રોજગારી મળી છે. કોઈપણ રાજ્ય કે કોઈપણ દેશે જ્યારે આવી કૉન્ફરન્સ કરે છે, ત્યારે માત્રને માત્ર ગુજરાતમાં આર્થિક વિકાસ થાય, રોજગારી મળે એના માટેના પ્રયાસો થતા હોય છે. આ કોઈ પબ્લિસિટી સ્ટંટ નહોતો, પરંતુ ગુજરાતની અંદર મૂડી રોકાણ આવે, સફળતાપૂર્વક કામગીરી થાય, એના માટે આ કૉન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા દેશની અંદર પણ મૂડી રોકાણ કરવા માટેના કૉન્ફરન્સો થાય છે, પરંતુ માત્ર ૪૦ ટકા કે ૫૦ ટકા સફળતા મળતી હોય છે, પણ ગુજરાતે ૮૦ ટકા સફળતા પ્રાપ્ત કરી છે, જે રાજ્યે પ્રમાણિકપણે પ્રયાસ કર્યો છે. એની સાબિતી છે. ગુજરાતની અંદર ગુજરાત નૉલેજ ઈકોનોમિ ફાઈનાન્શિયલ સર્વિસીસ સૅકટરમાં પ્લાનિંગ કરીને આગળ વધી રહ્યા છીએ. એની અંદર ગુજરાત ઇન્ટરનૅશનલ ફાઈનાન્સ ટેક સિટી ગાંધીનગરની અંદર આવી છે. આ ૫૦૦ એકરની અંદર GIFT નું વર્લ્ડ ક્લાસ ફાઈનાન્શિયલ સર્વિસીસ આઈ.ટી. નૉલેજ ઈકોનોમી હબ બને એના માટેના રાજ્ય

સરકારના પ્રયાસ શરૂ થયા છે. આવતા વર્ષોમાં આ GIFT ગુજરાતનું ઘરેલું બનવાનું છે. એની અંદર ૫ લાખ વ્યવસાયિકોને અને ૫ લાખ વધારે લોકોને વ્હાઈટ કૉલર જોબ આની અંદર પ્રાપ્ત થવાની છે. વિશ્વની નામાંકિત નાણાકીય સંસ્થાઓ, વીમા કંપનીઓ, કેપિટલ માર્કેટ અને બ્રોકર હાઉસીસ આની અંદર આવી રહ્યા છે. જાપાન, ચાઈના, સિંગાપોરની કંપનીઓ પણ આની અંદર ભાગીદાર બની છે. ૫ વર્ષ પછી જ્યારે આ ધબકતું થશે ત્યારે જ આપણને અંદાજ આવી શકશે કે એનું કેટલું મહત્ત્વ છે. ગુજરાતના આર્થિક વિકાસમાં મહત્ત્વનું પરિબળ સાબિત થવાનું છે. એ જ રીતે ગુજરાતમાં આઈ.સી.આઈ.સી.આઈ. બૅન્ક પણ ફાઈનાન્સના ક્ષેત્રમાં આવી રહી છે અને એનું પણ કામકાજ ગાંધીનગરની અંદર શરૂ થયું છે.માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર અને સમગ્ર દેશની અંદર સેઝ બની રહ્યા છે. ગુજરાતની અંદર ૫૦ કરતાં વધારે સેઝ પૂર્ણ થઈ ગયા છે. ત્યારે મારે ગુજરાતની પ્રજાને એટલું જ પૂછવું છે કે આપણે જયોતિગ્રામ જોઈએ છે કે નંદિગ્રામ જોઈએ છે? જયોતિગ્રામના માધ્યમ દ્વારા ગુજરાતના અઢારે હજાર ગામડાઓમાં ચોવીસ કલાક થી ફેઈઝ વીજળી આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આપી છે. તેના કારણે અનેક નાના મોટા ઉદ્યોગો ગુજરાતના ગામડાઓમાં શરૂ થયા છે અને લોકો રોજગારી પ્રાપ્ત કરતા થયા છે. આપણે જોઈએ છીએ કે અન્ય રાજયોની અંદર અને દેશની અંદર જે સેઝ આવ્યા છે તેમાં વિવાદાસ્પદ ઘ ટનાઓ બની છે ત્યારે ગુજરાતમાં સેઝ એ વિકાસનો પર્યાય બની ચૂક્યા છે. તે જ રીતે દિલ્લી મુંબઈ ગોલ્ડન કોરીડોર જે પસાર થઈ રહ્યો છે, તેનો લગભગ ૪૦ ટકા ભાગ ગુજરાતમાંથી પસાર થવાનો છે અને ગુજરાતમાંથી ૪૦ ટકા ભાગ પસાર થવાનો હોય ત્યારે તેનો લાભ કેવી રીતે પ્રાપ્ત કરવો જોઈએ તેની પણ એક યોજના આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ બહુ જ વિચાર કરીને શરૂ કરી છે. ગોલ્ડન કોરીડોરમાં ઉદ્યોગો માટેની એક નવી ક્ષિતિજોની કરોડરજજુ બનવાની છે અને એટલા માટે તેના પ્રથમ ચરણની અંદર ધોલેરા, સાંતલપુર, હાલોલ, કાલોલ અને દહેજને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન બનાવવા માટેનો રાજય સરકારે વિચાર કર્યો છે. તે દિશામાં રાજય સરકાર આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ટુરિઝમનો વિકાસ ખૂબ મહત્ત્વનો છે. ગુજરાતની અંદર એટલા બધા ટુરિઝમ માટેના સ્થળો આવેલા છે પરંતુ, ભૂતકાળની સરકારોએ એના ઉપર દુર્લક્ષ સેવ્યું. સૌથી વધુમાં વધુ રોજગારીની તકો ઉપલબ્ધ બનવાની હોય તો તે ટુરિઝમમાં છે. એટલા માટે રાજય સરકારે ટુરિઝમનો વિકાસ કરવા માટે પૂરતા પ્રયાસો કર્યા છે. ૧૦૦-૧૦૦ કરોડ જેટલી માતબર રકમો જિલ્લાઓની અંદર આવેલા ટુરિઝમના સેન્ટરો છે તે ટુરિઝમના સેન્ટરોને આપેલ છે અને જિલ્લાની અંદર આવેલા આ સેન્ટરોનો વિકાસ કરવા માટેનો રાજય સરકારે અને જિલ્લા પંચાયતોએ એનો વિચાર કરીને એને આગળ વધારવા માટેનો પ્રયાસ કર્યો છે.

મારે આ સભાગૃહનું પૂછવું છે કે કચ્છની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી રણ બન્યું કે તે પહેલાં પણ રણ હતું? કચ્છની અંદર વર્ષોથી રણ છે પણ આ રણને પણ રણોત્સવના માધ્યમ દ્વારા ટુરિઝમનું એક સૅન્ટર બની શકે અને વિશ્વના લોકોને આકર્ષિત કરી શકે એવું જ્યારે કચ્છ હશે ત્યારે એનો વિચાર ભૂતકાળના નેતાઓને ન આવ્યો અને રણ એ રણ જ રહ્યું અને કચ્છની અંદર જવાય જ નહીં તે પરિસ્થિતિ ઉભી થઈ. કચ્છની ભૌગોલિક સ્થિતિ કેવી છે? કચ્છમાં રણ આવેલું છે, દરિયો છે, પહાડો છે, સપાટ જમીન છે. ધોળાવીરા જેવી ઐતિહાસિક ધરોહર છે અને હસ્તકલા માટે પૂરા વિશ્વની અંદર કચ્છનું હસ્તકલા વખણાય છે. આ બધાઓનો લાભ લઈને કચ્છ અને ગુજરાતની અંદર વિદેશીઓ આવે અને તેના માધ્યમ દ્વારા આપણી જે ભાતીગળ સંસ્કૃતિ છે અને વૈવિધ્યસભર જે પ્રવાસન ધામો છે તે જુએ અને માણે અને આનંદ લે તેના માટેની કોઈપણ વ્યવસ્થાઓ ભૂતકાળની અંદર કરવામાં ન આવી. પણ આ રાજય સરકાર જ્યારે નવરાત્રિ મહોત્સવ કરે, પતંગોત્સવ કરે, રણોત્સવ કરે ત્યારે રૂપિયા બગાડે છે, પબ્લિસિટી કરે છે, ફલાણું કરે છે એમ કરી કરી અને ગુજરાતને બદનામ કરવા માટેનો પ્રયાસ કરતા હતા. પરંતુ આ રાજય સરકારે તો નવરાત્રિ મહોત્સવ, પતંગ મહોત્સવ અને રણોત્સવ જેવા ઉત્સવો ઉજવીને ભાતીગળ સંસ્કૃતિ અને વૈવિધ્યસભર પ્રવાસન ધામોને વિશ્વના ફલક ઉપર મૂકવાનો સફળતાપૂર્વક કામ આ રાજય સરકારે પૂર્ણ કર્યુ છે અને ભવિષ્યની અંદર આવી અનેક પ્રકારના ઉત્સવો કરીને ગુજરાતને પ્રવાસનનું સૅન્ટર બનાવવા માટેનું એક આકર્ષણ ઉભુ કરવા માટેનો રાજય સરકારનો પ્રયાસ છે અને તે દિશામાં આ રાજય સરકારે કામગીરીનો આરંભ કરેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક કવિએ ખૂબ સુંદર એક કાવ્ય લખેલું છે. આ કાવ્યની અંદર માનવીની અંદર કેટલા પ્રકારની શકિતઓ રહેલી છે અને તે શકિતને જો ઉજાગર કરવામાં આવે તો ગુજરાત અને દેશનું કલેવર બદલી શકે છે આવી એક સુંદર કવિતાની બે ચાર કડીઓ આ ગૃહમાં વાંચવા માગું છું.

**" મનુષ્ય તુ બડા મહાન હૈ, ભૂલ મત. મનુષ્ય તુ બડા મહાન હૈ,**
**તુ જો ચાહે પર્વત, પહાડો કો ફોડ દે, તુ જો ચાહે નદીયો કે મુખકો ભી મોડ દે,**
**તુ જો ચાહે માટી સે અમૃત નીચોડ દે, તુ જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે,**
**અમર તેરે પ્રાણ, મિલા તુજકો વરદાન, તેરી આત્મામે સ્વયં ભગવાન હૈ"**

માનનીય અધ્યક્ષશ્રી, આ કવિતાના માધ્યમ દ્વારા ગુજરાતની પ્રજા અને ગુજરાતની પ્રજામાં કેટલી શકિતઓ પડેલી છે એને ઉજાગર કેવી રીતે થઈ શકે એના માટેની સુંદર કવિતા છે અને એ કહે છે કે, મનુષ્ય તું ખૂબ શકિતશાળી છે જો તું ઇચ્છે તો પર્વત અને પહાડોને ફોડી શકે છે, જો તું ઇચ્છે તો નદીઓના પ્રવાહ પણ બદલી શકે છે અને જો તું ઇચ્છે તો માટીમાંથી અમૃત પણ કાઢી શકે છે અને જો તું ઇચ્છે તો આ ધરતીને અંબર સાથે,

આકાશ સાથે તું જોડી શકે છે, તારામાં સ્વયં ભગવાન રહેલો છે, તારામાં સ્વયં શકિત રહેલી છે તો ઊઠ અને ગુજરાતની પ્રજાનું કલ્યાણ કરવા માટે તું કામ કર, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ શકિત ગુજરાતીઓમાં પડેલી છે એને ઉજાગર કરવા માટે, એ શકિતને ઝંઝેડવા માટેનો પ્રયાસ ભૂતકાળની કોઈ સરકારોએ કર્યો નથી, આ માનનીય નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની પ્રજાની શકિતને ઉજાગર કરવા માટેનો પ્રયાસ કર્યો છે અને સાડા પાંચ કરોડ ગુજરાતીઓની શકિતને એમાં જગાડીને વૈશ્વિક ઓળખ આપવાનું કામ આ સરકારે કર્યુ છે. ગુજરાત રાજય એ દેશના કયા ખૂણામાં છે એ કોઈને ખબર નહોતી, પણ આજે વિશ્વના લોકો પણ જાણે છે કે દેશમાં ગુજરાત કયાં આવેલું છે અને એટલા માટે હજારો લોકો, હજારો ઉદ્યોગપતિઓ પણ ગુજરાતમાં આવી રહ્યા છે એ જ રીતે સાડા પાંચ લાખ કર્મચારીઓને પણ વહીવટમાં જનસેવા માટે જાગૃત કરી સાચા અર્થમાં કર્મયોગીઓ બનાવીને એમની શકિતઓને પણ જનતાની સેવા કરવા માટે એમને અંદર લગાવ્યા છે. છ જ વર્ષમાં ગુજરાત વૈશ્વિક કરણ અને નૉલેજ ઈકોનોમીના સ્પર્ધાત્મક યુગમાં પોતાની તાકાતથી આગવી ઓળખ ઊભી શકી શક્યું છે એની પાછળ પણ આ જ હાર્દ રહેલો છે. વાયબ્રન્ટ ગુજરાત, આપણું ગુજરાત, જય જય ગુજરાત, આઈ લવ ગુજરાત, જીતેગા ગુજરાતના મંત્રો આજે પણ જનજનની અંદર ગુંજતા થઈ ગયા છે અને ગુજરાત મારું છે, ગુજરાત માટે હું શું કરી શકું એવી એક ભાવના ગુજરાતના વિકાસ માટે લોકોમાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપનો સમય જે બતાવ્યો છે એના કરતાં ખૂબ આગળ નીકળી ગયો છે, તો બાકીના સભ્યશ્રીઓને બોલવાનો સમય ઘટશે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે મિનિટમાં મારું વક્તવ્ય પૂરું કરું છું. જનભાગીદારીને વિકાસમાં જોડીને ગુજરાતીની જનશકિતમાં લોકશાહી પ્રત્યે નવો વિશ્વાસ જગાવવાનું કામ પણ આ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કર્યુ છે. સાડા પાંચ કરોડ ગુજરાતીઓના એકાંત માનવવાદ, શકિત સામર્થ્ય અને સ્વાભિમાનને જગાડીને ગુજરાત આજે દેશનું એક એવું રાજય બન્યું છે જયાં લોકશાહીમાં સર્વોપરી તાકાત એવી જનતા અને સરકારની વેવલેન્થ સાથે મળી છે અને આ વેવલેન્થને એક બનાવવાની અંદર ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી સફળ થયા છે અને એટલા માટે જ ગુજરાત ઝડપથી વિકાસ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી છેલ્લી વાત કરીને મારું વક્તવ્ય પૂરું કરીશ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહે છે કે ગુજરાતનું બજૅટ •(xxxxx) છે. તો માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજયનો વહીવટ વિકાસલક્ષી છે, લોકભોગ્ય છે, ઉડાઉ છે કે (xxxxx) એનું બૅરોમીટર શું? એનું બૅરોમીટર એક જ છે કે બજૅટમાં વિકાસલક્ષી ખર્ચના આંકડાઓ શું છે? એ એનું બૅરોમીટર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષમાં વિકાસલક્ષી ખર્ચ ૬૦ ટકાથી વધુ કરી બતાવ્યો છે અને આખાય દેશમાં સૌથી વધારે વિકાસલક્ષી ખર્ચ કર્યો હોય તો એ માત્રને માત્ર ગુજરાત છે, બીજું કોઈ રાજય એ કરી શક્યું નથી, કેન્દ્ર સરકારના છેલ્લા ચારેય બજૅટમાં વિકાસલક્ષી ખર્ચ માત્ર ૩૦ ટકા થયો છે અને એટલે જ મારે કહેવું છે કે, કેન્દ્ર સરકારનું બજૅટ કે આ રાજય સરકારનું બજૅટ, એમાંથી કોનું બજૅટ (xxxxx) એના વિકાસલક્ષી આંકડાઓ છે એના ઉપરથી આપણને સમજાય છે, અને માનનીય અધ્યક્ષશ્રી, આ બતાવે છે કે, લોક કલ્યાણ માટે પ્રજાનાં નાણાંનો વિકાસમાં ઉપયોગ કર્યો છે, કોઈ આડેધડા ખર્ચમાં પ્રજાનાં નાણાંનો ઉપયોગ કર્યો નથી અને આપણા માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા મંત્રીશ્રી આ સભાગૃહમાં જે બજૅટ લઈને આવ્યા છે તેમને આવકારવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી રાજયની અંદર પ્રજાના મતથી ચૂંટાતી સરકારો માટે એનું મુખ્ય લક્ષ્ય પ્રજાનું કલ્યાણ અને રાજયનો વિકાસ હોય છે, સામાન્ય રીતે જે શાસનની અંદર આ હેતુ સિદ્ધ થાય ત્યારે રાજયની અંદર આ શાસન પદ્ધતિ સર્વ સ્વીકૃતિ પામતી હોય છે. આ સિદ્ધાંત અને આ લક્ષ્ય પ્રમાણે આ સરકારે અને અમારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીના જે અડગ વિશ્વાસ અને પરિશ્રમના કારણે આજે ગુજરાતના વિકાસમાં અને ગુજરાત માટે એક નવું મોડેલ, અને વિકાસને જનઆંદોલનમાં પરિવર્તીત કરવાનો એક પ્રયાસ કર્યો છે. ગુજરાતની વાત કરું તો જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગુજરાતની બાગડોર સંભાળી ત્યારે રાજયની મહેસૂલી ખાદ્ય લગભગ ૨૫ હજાર કરોડ હતી જે આજે એ મહેસૂલી ખાદ્ય પુરાંતમાં છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ રાજયને રાજયના વિકાસ માટે મેક્રો પ્લાનિંગમાંથી માઈક્રો પ્લાનિંગ સુધી લઈ જવાની સ્ટ્રેટેજી બનાવી છે. ૧૦મી પંચવર્ષીય યોજનાની વાત કરું તો ભારતના આયોજન પંચે ૪૭ હજાર કરોડ નિર્ધારિત કર્યા હતા અને તેની સામે રાજય સરકારે ૪૯૪૧૫ કરોડનો ખર્ચ કરી ૧૦૫ ટકા જેટલો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. ત્યારે આ રાજયની અંદર મહેસૂલી આવકમાં આટલો સ્થિર વધારો થતો હોય ત્યારે મારું વિરોધ પક્ષના સામાન્ય સભ્યોને કહેવું છે કે, વારંવાર આ ગૃહની અંદર રાજયનું દેવું આટલું વધ્યું છે એની ચિંતા વ્યક્ત કરે છે ત્યારે મારે કહેવું છે કે કેન્દ્ર સરકારે કાયદા આના માટે નાણાકીય શિસ્તના બનાવ્યા છે. ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી એકટ બનાવ્યો છે. આ કાયદા પ્રમાણે રાજયનું દેવું, ગૅરન્ટી, નાણાકીય ખાદ્ય, મહેસૂલી ખાદ્ય આ ચારેય લક્ષ્યાંકો ગુજરાતે હાંસલ કર્યા છે. મારે કહેવું છે એમને આપના મારફત કે, આ રાજય સિવાય ભારતના કોઈ રાજયે આ લક્ષ્યાંકો હાંસલ નથી કર્યા, ખુદ કેન્દ્ર

---

**• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સરકારે કાયદા બનાવ્યા છે નાણાકીય શિસ્તના એ ખુદ કેન્દ્ર સરકારે પણ એક પણ લક્ષ્યાંક હાંસલ નથી કર્યો. આ તો તાલ એવો થયો છે કે •(ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે) (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** શ્રી પ્રાગજીભાઈ, આપના શબ્દો પાછા ખેંચો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ તો એક સામાન્ય કહેવત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** શ્રી પ્રાગજીભાઈ, મારે કહેવત નથી સાંભળવી, કહેવત કહેવા માટે આપ બહાર જજો. આપ બેસી જાવ આપનો સમય પૂરો થાય છે. આપનું વક્તવ્ય પૂરું કરો આપની પાસે અડધી મિનિટ જ રહે છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજના આ રાજયની જીવાદોરી સમાન યોજના છે. આ સરદાર સરોવર યોજનાને ઘણાં વર્ષોથી પનોતીઓ પણ નડી છે. આ રાજયમાં જ્યારે દુષ્કાળ પડ્યા ત્યારે એવા પણ દિવસો જોયા છે કે આ રાજયની અંદર સાડા ચાર કરોડ જેટલા ખર્ચનો આપણો દિવસ ઊગે આ પરિસ્થિતિ પણ વેઠી છે. આજે આ યોજના પૂર્ણ થાય ત્યારે આ રાજયની આવક રોજની દસ કરોડથી વધારે થવા સંભવ છે. વર્ષિક ૩૫ હજાર કરોડ જેટલી આવક પણ રોજની થવા સંભવ છે આ યોજના માટે ૨૦૦૭ ડિસેમ્બર સુધીમાં ૧૪૩૧૩, ૨૦ કરોડનો ખર્ચ કર્યો છે.જ્યારે વીજળીના સંકટ સામે ઝઝૂમી રહ્યા હતા ત્યારે વીજ ઉત્પાદન પણ શરૂ થયું છે એની સામે પણ ૩૨૦ કરોડની આવક થવા પામેલ છે.

**શ્રી કાળુભાઈ વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રીએ ૧૩મી વખત બજૅટ રજૂ કર્યું છે ત્યારે એમને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટમાં અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. દરેક વર્ષે અનેક વિકાસ યોજનાઓમાં ક્યાંક ૨૫, ટકા, ક્યાંક ૩૦ ટકા, ક્યાંક ૪૦ ટકા, ક્યાંક ૭૦ ટકાનો વધારો કરીને આવું સરસ બજૅટ ગુજરાતની જનતા માટે અહીંયાં મૂકવામાં આવ્યું છે. મારે બે ત્રણ મુદા ઉપર વાત કરવી છે. હું ગામડામાંથી આવું છું અને ખેડૂતનો દીકરો છું એટલે મને વાત કરતાં આનંદ અનુભવાય છે કે આજે ગામડાં શહેરની હરોળમાં બની રહ્યાં છે અને શાંતિથી જીવી રહ્યા છે. એમનું જીવનધોરણ ખૂબ ઊંચું આવી રહ્યું છે. (અંતરાય) સાચું કહું છું. ગામડામાં સી.સી. રસ્તા હોય, સારી પ્રાથમિક શાળા હોય, હાઈસ્કૂલ હોય, ચોવીસ કલાક લાઈટ મળતી હોય. અમારે ગામડામાં અમેરિકાથી મહેમાનો આવે એ પણ એમ કહે છે કે હવે અહીંયાં રહેવા જેવું થયું છે અને હવે અહીંયાં રોકાઈ જવું છે. આ તાકાત ભારતીય જનતા પાર્ટીની સરકારની છે અને નરેન્દ્રભાઈ મોદીની છે એવી જ રીતે શહેરના વિકાસની વાત કરું તો શહેરમાંથી તમે પસાર થાઓને તો પહેલાં શહેરના લોકો ધૂળિયા શહેર એવું બોલતા હતા. હવે સુંદર શહેર બોલવા મંડ્યા છે અને દેખાય છે આ સામી પાટલીના સભ્યશ્રીઓ પોતાના હૃદયમાં તો માને જ છે, એ ગૌરવપથ ઉપર ચાલતા હોય ત્યારે એમને ગલગલિયા થતા હોય. શહેરી વિકાસપથમાં આવે ત્યારે યાદ આવે. પણ એ લોકો સાચી વાત અહીંયાં છૂપાવે છે. એના પક્ષે એમને વ્હીપ આપ્યો હોય છે કે તમે સાચું નહિ બોલતા અહીંયાં વિકાસ થયો છે એ વાત નહિ બોલવાની. શહેરો પણ આજે ખૂબ સારાં અને સુંદર બની રહ્યાં છે. હું ૧૯૯૮માં જ્યારે પહેલીવાર અહીંયાં ચૂંટાઈને આવ્યો એ વખતે અમદાવાદમાં લઠ્ઠો પીને ૨૫ લોકો મૃત્યુ પામ્યા હતા અને પાંચમે દિવસ વિરોધપક્ષના નેતાએ બે ચાર વખત કહ્યું ત્યારે ખબર પડી કે આ શું કામ આ દેકારો કર્યો છે. ત્યારે ખબર પડી કે આ લઠ્ઠો પી ને લોકો મૃત્યુ પામ્યા છે એને સરકાર સહાય કંઈ ચૂકવતી નથી. અમારા નાણામંત્રી અને એમાં ફરક એટલો છે કે એ લઠ્ઠો પી ને મરી ગયા ત્યારે એને ૨૫,૦૦૦/- ચૂકવતા હતા. અમારી સરકાર ખેડૂતને અકસ્માત વીમાના એક લાખ રૂપિયા ચૂકવે છે. મને ગૌરવ થાય છે અને આ વખતે એમાં એમના એક વારસદારનો સમાવેશ કર્યો એટલે એના વારસદારને પણ આમાં પૈસા ચૂકવાય. ખરેખર આ દેશ અને આ રાજય ખેતીપ્રધાન દેશ અને રાજય આપણે કહીએ છીએ પણ આ ખેતીપ્રધાન દેશ અને ખેતીપ્રધાન રાજય બન્યું હોયને તો ૧૯૯૮થી આ શરૂઆત થઈ અને છેલ્લાં પાંચ વર્ષોમાં જે ખેડૂતોના કૃષિ ઉત્પાદનમાં વધારો થયો. ૯૦૦૦ થી ૩૪૦૦૦ કરોડ રૂપિયાનું ઉત્પાદન, આ ગુજરાતે આખા દેશને રાહ ચીંધ્યો છે. દિલ્હીમાં બેઠેલા લોકો, જ્યાં જ્યાં કોંગ્રેસની સરકાર છેને એના મુખ્યમંત્રીશ્રીઓની બેઠક હોય ત્યારે ગુજરાતનો દાખલો આપીને કહે છે, મેં આ પેપરમાં વાંચ્યું છે તમે ગુજરાતમાં જાઓ, ગુજરાતના મંત્રીશ્રીઓને મળો એમની સલાહ લો, એમના સી.એમ.ને મળો આવી વાત કોંગ્રેસના નેતાઓ ત્યાં દિલ્હીમાં બેઠાં બેઠાં એના રાજયોના મુખ્યમંત્રીશ્રીઓને સલાહ આપે છે. શકિતસિંહજી મારી સામે જૂએ છે પણ મારે કહેવું છે કે આપ તો અહીંયાં છો એટલે અમારી પાસેથી સલાહ તમને મળી રહે તમારે દિલ્હી નહિ જવું પડે. આવું સરસ જ્યારે બજૅટ આવ્યું છે અને ગુજરાતના હિત માટે, અનેકવિધ યોજનાઓ આવી છે. નીરોગી બાળક આ સી.એમ. સાહેબને મારે અભિનંદન આપવા છે એમનું અને અમારા નાણામંત્રીશ્રીનું એડવાન્સ પ્લાનિંગ તો જૂઓ. ગાંધીજીની એક વાત મને યાદ આવે છે, ગાંધીજીએ કહ્યું છે કે 'મહિલાઓના હક્કો અંગે હું કોઈ બાંધછોડ કરતો નથી, મારે પુત્ર અને પુત્રીને સંપૂર્ણ સમાનતાના ધોરણે રાખવા છે ' આ ગાંધીજીનું સ્વપ્ન એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સાકાર કર્યુ છે. એના વિચારો આ ભા.જ.પ.ની સરકારને આવ્યા છે તો આ બજૅટને હું મારું અનુમોદન આપું છું, મારો ટેકો આપું છું અને મારી વાત પૂરી કરું છું.

---

•( ) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.**

**શ્રી શૈલેષ મ. પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, 'જીતેગા ગુજરાત', 'વાયબ્રન્ટ ગુજરાત', એની ખૂબ સારી વાતો આ સભાગૃહમાં થઈ છે, ગુજરાત રાજયમાં ૧૩મી વખત માનનીય વજુભાઈએ જ્યારે બજૅટ રજૂ કર્યુ છે ત્યારે મારા તરફથી હું પણ મુરબ્બી વજુભાઈને અભિનંદન આપું છુંસાથે સાથે આ બજૅટમાં જે ઑકટ્રૉય નાબૂદ કરી અને વેટ વધારાની જે જોગવાઈ કરવામાં આવી છે એના ભાગ રૂપે વેટના લઘુત્તમ દરમાં ચારથી પાંચ ટકા વધારી અને મહત્તમ દરમાં સાડા બાર ટકાથી વધારી પંદર ટકા જે કરવામાં આવ્યો છે તેના ભાગરૂપે ગુજરાતની અંદર સુધારેલા વેટના લીધે ગુજરાત રાજયની અંદર આ વર્ષે ૧૪૦૦ થી ૧૫૦૦ કરોડની વધારાની આવક થશે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીનું તે તરફ ધ્યાન દોરું છું કે વેટના અમલ પછી બીજા વર્ષે જે આવક થવાની છે તે આવક પાંચથી છ હજાર કરોડની જ્યારે થવા જઈ રહી છે ત્યારે આજે ૮૫૦ કરોડ રૂપિયાનો વધારાનો કરબોજ નાંખવામાં આવ્યો છે તે મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. તેનું કારણ છે કે આ કરબોજને લીધે સામાન્ય માનવીની ઉપર ખૂબ મોટી અસરો પડવાની છે. સામાન્ય માનવીને એક તો રોજી રોટી મળતી નથી અને તેના માધ્યમથી તેના પોતાના ઘરનું બજેટ બનાવવું હોય તો તેમાં પણ તેને તકલીફ પડતી હોય છે ત્યારે આજે અંદાજપત્રમાં નાંખેલા ૮૫૦ કરોડ કરતાં પણ વધારે કરબોજાને લીધે મતદારો વજુભાઈ આપના માટે એમ કહે છે કે " ના રોતે હૈ હમ, ના હંસતે હૈ મતદાર, ના ફરિયાદ કરતે હૈ મતદાર, દર્દ દીયા હૈ વજુભાઈ આપને ઉસકો યાદ કરતે હૈ મસ્તે હૈ આજ." આ વેટના દરના વધારાના કારણે જે પરિસ્થિતિ ઉભી થવાની છે કે સવારે માણસ ઉઠે તો કોલગેટ જોઈએ, ચાની ભૂકી જોઈએ, રાંધે ત્યારે કરિયાણું જોઈએ, મસાલા જોઈએ. બાળક જાગે ત્યારે તેને માટે રમકડાં જોઈએ અને ઘર વપરાશની જે વસ્તુઓ જોઈએ અને સવારે ઉઠે ત્યારથી જ વેટના ચારથી પાંચ ટકાના દરના લીધે માણસ વજુકાકા આપને યાદ કરશે.

એવી જ રીતે સાડા બાર ટકાના સ્લેબના લીધે માણસને રહેવા માટે ઘર નથી અને જે રીતે સરકારશ્રીની કે કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ હોય તે યોજનાઓમાં ડો.બાબાસાહેબ આંબેડકર ભવનની વાત હોય, સરદાર પટેલ ભવનની વાત હોય જે આવાસો બનાવવાની વાત છે તે આવાસો બનાવવા માટેનો જે સિમેન્ટ કે જે જોઈએ તે સાડા બાર ટકાના સ્લેબના લીધે સિમેન્ટ હોય, ટાઈલ્સ હોય, લાકડું હોય કે પ્લાયવુડ હોય આ બધી વસ્તુઓની અંદર પણ જે રીતે વેટના લીધે જે રીતનો ભાવ વધારો થવાનો છે તેને લીધે નાના માણસ ઉપર ખૂબ મોટી અસરો થવાની છે માટે આની અંદર આપ સુધારો કરો એવું મારું સૂચન છે. અને જે રીતે ગુજરાત સરકારની અંદર બજેટ રજૂ કર્યા બાદ જ્યારે સરકાર બેઠી હોય ત્યારે છેલ્લાં ઘણાં દિવસોથી આપણે જોઈ રહ્યા છીએ, પેપરોમાં જોઈ રહ્યા છીએ કે વાયબ્રન્ટ ગુજરાતની વાત થાય સારી વાત છે. સાંસ્કૃતિક કાર્યક્રમો થાય સારું છે. અહીંયાં પ્રવાસન નિગમના લીધે લોકો બહારથી આવે અને મૂડી રોકાણ કરે સારું છે પણ જે રીતે છાપાઓમાં આપણે વાંચીએ છીએ કે સેન્સેકસનો દર વધ્યો છે કે સેન્સેકસનો દર ઘટ્યો છે. શેરોના ભાવ વધ્યા છે કે ઘટ્યા છે. ગુજરાત રાજયમાં એવી પરિસ્થિતિ છે કે રોજ સવારે છાપું ઉઘાડો અને કોઈ જિલ્લા કે તાલુકાની અંદર કોઈ બાળકી ઉપર જો બળાત્કાર ના થયો હોય તો આને વાયબ્રન્ટ ગુજરાત ગણવામાં ના આવે. આ વસ્તુ સમગ્ર ગુજરાત માટે અને સભાગૃહમાં આપણે જ્યારે બેઠાં હોઈએ ત્યારે આપણાં બધા માટે વિચારવાની બાબત છે. જે રીતની પરિસ્થિતિ ગુજરાતની અંદર છે વાયબ્રન્ટ ગુજરાતના નામે વિદેશીઓ અહીંયાં આવે છે અને દારૂબંધીની જે નીતિ હળવી કરવામાં આવી છે. હું એવા વિસ્તારમાંથી આવું છું કે તે બિલકુલ ગરીબ વિસ્તાર છે અને આ ગરીબ વિસ્તારની અંદર મારે આપને કહેવું છે. આપના માધ્યમથી કહેવું છે કે અમારે ત્યાં જે વિસ્તાર છે તેમાં કોર્પોરેશનનું પાણી આવે છે. કોર્પોરેશનના પાણીના ટાઈમમાં કદાચ ફરક થતો હશે. અમારે ત્યાં ફેરિયો દૂધ લઈને આવે છે પણ તે દૂધની અંદર તેના ટાઈમમાં ફેરફાર થતો હશે • (xxxxx) (xxxxx) આ પરિસ્થિતિ મારા વિસ્તારની અંદર આજે ઉભી થઈ છે તેના ભાગરૂપે મારે કહેવું છે કે જે રીતે અમદાવાદ શહેરની અંદર (અંતરાય) ગીતાબહેન, મારા વિસ્તારની અંદર આપ આવો અને જુઓ તો (xxxxx) (xxxxx) પાણી મોડું આવતું હોય.

**અધ્યક્ષશ્રી** : બેસી જાવ, પ્લીઝ. આપનો સમય પૂરો થાય છે અને સભાગૃહનો વિરામનો સમય શરૂ થાય છે. સભાગૃહ ફરી ૧૧-૦૦ વાગ્યે મળશે.

**વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા (ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯નું અંદાજપત્ર લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે, એને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

૨૦૦૮નું જે બજેટ હું જોતો હતો. એમાં સામાજિક ક્ષેત્ર માટે ૮૧૭૧ કરોડની જોગવાઈ એટલે કે કુલ બજેટના ૪૩ ટકા અને કૃષિ અને સિંચાઈ આ બન્નેની મળી ૭૦૧૫ કરોડની જોગવાઈ, એટલે બન્નેનો સરવાળો કરીએ તો ૧૫,૧૮૬ કરોડની જોગવાઈ છે. આમ કુલ બજેટના લગભગ ૮૦ ટકા જેટલી જોગવાઈ કૃષિ, સિંચાઈ અને સામાજિક ક્ષેત્ર શિક્ષણ, આરોગ્ય, મહિલા અને બાળ વિકાસમાં જે નાણાની ફાળવણી કરી છે એને હું આવકારું છું.

---

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અસંગઠિત ક્ષેત્ર માટે પ્રથમ વખત આ બજેટમાં નવી નીતિ જાહેર કરવાની વાત કરી છે એ પણ આવકારદાયક છે. અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો, જેના માટે છેલ્લા ૪ વર્ષથી કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર નવી નીતિ માટે લોકસભામાં બિલ લાવવાની વાત કરે છે, પણ હજુ સુધી એમાં કોઈ નકકર નવી નીતિ જાહેર કરી નથી. કોઈ પગલાં લીધાં નથી. કોઈ યોજના બનાવી નથી. આપણું રાજય એકમાત્ર એવું રાજય છે કે વર્ષોથી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા રાજયના ગ્રામીણ વિસ્તારમાં કામ કરતા શ્રમિકો છે, એના માટે આરોગ્ય, સામાજિક સુરક્ષા, વીમા કવચ અને શિક્ષણની સુવિધાઓ અપાય એવી યોજના આપણા રાજયમાં છે. દેશભરમાં આપણું એકમાત્ર રાજય એવું છે કે જેમાં ગ્રામ્ય મજૂરો માટે એક અલગ કમિશનર કક્ષાની કચેરી છે. એવી જ રીતે છેલ્લા ૨, ૩ વર્ષમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો, અમારા જામનગર જિલ્લામાં જે બ્રાસ પાટ ઉદ્યોગ છે, એમાં કામ કરતા ૬૦થી ૭૦ હજાર શ્રમિકો, અગરબત્તીના વ્યવસાય સાથે સંકળાયેલા અમદાવાદ અને સુરતના શ્રમિકો, ફેરિયાઓ, કચરો વીણનારા શ્રમિકો માટે અલગ બોર્ડની રચના કરીને કલ્યાણકારી યોજનાઓ રાજય સરકારે બનાવી છે.

એવી જ રીતે રાજયમાં બાંધકામ વ્યવસાય ખૂબ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. એમાં પણ મકાનો અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રમિકો માટે રાજય સરકારે એક બોર્ડની રચના કરીને જે બાંધકામ કરે છે, એમાં ૧ કરોડ રૂપિયાથી વધારેનું બાંધકામ છે, એવા મકાનો, બિલ્ડીંગો, સરકારી હોય કે મહા નગરપાલિકા હોય કે નગરપાલિકા કે અન્ય જગ્યાએ થતા હોય, એ બધા જ બાંધકામોમાં સેસ લેવાનો જે ૧૯૯૬થી કાયદો થયો હતો એની અમલવારી કરાવીને એને લીધે ૧૦૦ કરોડ રૂપિયાની રકમ આ સેસમાંથી મેળવીને ખૂબ સારી યોજનાઓ જે રાજય સરકારે જાહેર કરી છે, એનાથી આગળ જઈને આ વખતના બજેટમાં અમૂક મર્યાદિત વ્યવસાય નહીં, પરંતુ દરેકે દરેક વ્યવસાય સાથે સંકળાયેલા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે એક નવી નીતિ ઘડવાનું જાહેર કર્યુ છે, એટલા માટે હું માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિ અને કામ કરવાની ઈચ્છા શકિત અને સ્પષ્ટ નીતિના કારણે ૨૦૦૨ થી ૨૦૦૮ સુધીની જે ૧૦ મી પંચવર્ષીય યોજના હતી એ ૪૭ હજાર કરોડ રૂપિયાની હતી એમાં ૧૦૫ ટકા જેટલી સિધ્ધ હોંસલ કરી છે અને ૪૯૪૧૫ કરોડ રૂપિયા જેટલો એમાં ખર્ચ થયો છે. એવી જ રીતે ૧૧ મી પંચવર્ષીય યોજના ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીની છે એમાં ૧ લાખ ૬ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ સાથે ૧૨૫ ટકાનો વિક્રમ વધારો કર્યો છે અને એટલા માટે હું આ બજેટને આવકારીને વિરમું છું.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી દ્વારા સન ૨૦૦૮-૦૯ નું અંદાજપત્ર સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું છે એને અનુમોદન આપવા માટે હું આ સભાગૃહમાં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ આ ગૃહમાં સૌથી વધારે વાર અંદાજપત્ર રજૂ કર્યુ છે, પરંતુ સતત ત્રણ વર્ષથી three years in the row અને મહેસૂલી પૂરાંતવાળું બજેટ માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યુ છે એના માટે હું તેમને અભિનંદન આપું છું અને સાથે સાથે શુભેચ્છા પણ પાઠવું છું કે આ બારમી વિધાનસભાના બાકીના ૪ વર્ષ છે એ ૪ વર્ષનાં બજેટો પણ માનનીય નાણામંત્રીશ્રીવજુભાઈ વાળા દ્વારા રજૂ કરવામાં આવે અને સાથે સાથે હું અપેક્ષા રાખું કે એ ફકત મહેસૂલી પૂરાંતવાળાં બજેટ નહીં, પરંતુ consolidated accounts, contigency accounts અને જાહેર સાહસો આ ત્રણ મળીને સ્પષ્ટપણે ક્રમશઃ પૂરાંતવાળાં બજેટ રજૂ કરશે એ માટેની શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬-૦૭ ના હિસાબો પ્રસિધ્ધ થયા છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ પૂરવાર કરેલ છે કે એમાં જે સરપ્લસ ધારેલ રેવન્યુમાં ૧૭૭૦ કરોડ રૂપિયાની મહેસૂલી પૂરાંત મેળવી શકયા છે. સરકાર જે અંદાજો બાંધે છે એ સાકાર કરવા માટે કટિબધ્ધ છે એમ હું કહીશ. મહેસૂલી આવકના સંદર્ભમાં કહું તો ૨૦૦૬-૦૭ માં સરકારને ૩૧૦૦૨ કરોડ રૂપિયાની મહેસૂલી આવક મળવાની હતી એમાં ૨૦૦૭-૦૮ ના રિવાઈઝ બજેટમાં ૩૪૯૭૯ કરોડ રૂપિયાની એ જે મહેસૂલી આવક અંદાજવામાં આવી છે એટલે કે ૧૨.૮૩ ટકા જેટલો વધારો માનનીય નાણામંત્રીશ્રીએ ૨૦૦૭-૦૮ ના બજેટમાં સૂચવ્યો છે અને ૨૦૦૭-૦૮ ના રિવાઈઝ બજેટના અંદાજો ઉપર ૨૦૦૮-૦૯ એટલે કે ચાલુ વર્ષે બજેટ આ સભાગૃહમાં મંજૂરી માટે આવ્યા છે એમાં ૯.૪૩ ટકાનો આવકનો વધારો સૂચવ્યો છે. સરકારશ્રીએ જે અંદાજો મૂકયા છે એ પ્રાપ્ત કરવા માટે અમારી સરકાર કટિબધ્ધ છે. The Government is bent upon to achieve its target of revenue income.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર એક પછી એક વિકાસલક્ષી બજેટ આપતી આવી છે. સરકારના હૈયે ગુજરાતને દેશનું સૌથી વધુ પ્રગતિશીલ રાજય બનાવવા માટેનો લક્ષ્યાંક છે ત્યારે સરકાર આ દિશામાં કેટલી આગળ વધી રહી છે એ પણ હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભમાં છેલ્લા ૫ વર્ષમાં વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચની જો સરખામણી કરવામાં આવે, એનો રેશિયો કાઢવામાં આવે તો આ સરકાર વિકાસલક્ષી કાર્યક્રમો તરફ કઈ રીતે આગળ વધી રહી છે એનો સહેજ ખ્યાલ આવી શકે તેમ છે. ૨૦૦૩ માં વિકાસલક્ષી ખર્ચ ફકત ૨૫૦૦ કરોડ રૂપિયા હતો એની સામે બિન વિકાસલક્ષી ૧૮૨૫૧ કરોડ રૂપિયા હતો. ૧:૭.૩ એટલે કે ૧ રૂપિયાની સામે ૭ા રૂપિયા બિનવિકાસલક્ષી ખર્ચ થયો હતો અને એમાં ક્રમશઃ ઘટાડીને ૨૦૦૪ માં ૧:૪, ૨૦૦૫ માં ૧:૨.૧૭ નો

રેશિયો આવ્યો અને ખરેખરી સુંદરતા તો આ બજેટની ૨૦૦૫-૦૬ માં આવી કે ૨૦૦૫ માં જે સુધારેલો અંદાજ હતો એમાં વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી જે ખર્ચ હતો એનું વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષી જે ખર્ચ હતો તે પ્રપોર્શનેટ ઘટયો છે, તે વન ઈન ટુ ૦.૫૭ આવી ગયો છે. એટલે એક રૂપિયાની સામે ફકત ૫૭ પૈસા. ૨૦૦૬ના બજેટમાં એક રૂપિયાની સામે ૦.૫૪ પૈસા ખર્ચ કરવાનો અંદાજ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮ અને ૨૦૦૯ ના વર્ષમાં પણ ૬૧.૮૦નો ખર્ચ કરવાનો માનનીય નાણા મંત્રીશ્રીએ અંદાજ મુકયો છે. ત્યારે કહી શકાય કે the budget presented before this House is nothing, but only and only progress oriented budget. માનનીય અધયક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી દ્વારા વેટ ઉપર જે એડિશનલ ટેકસ નાખવામાં આવ્યો છે ૮૦ કરોડનો, તેના સંદર્ભમાં પણ હું વાત કરવા માગું છું. વેચાણ વેરાની આવક ૨૭૨૩ કરોડની અંદાજવામાં આવી છે તેની સામે વેટ દ્વારા ફકત ૫.૧૫ કરોડનો જ વધારો માગવામાં આવ્યો છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ૧૨મી વિધાનસભામાં ૧૩મું અંદાજપત્ર લઈને આવ્યા છે, તેને સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સત્ર સ્વર્ણીમ ગુજરાત ૫૦ વર્ષની ઉજવણી તરફ જઈ રહ્યું છે ત્યારે તેવી ટર્મમાં એક સદસ્ય તરીકે સાક્ષી બનવાનો મને લ્હાવો મળ્યો છે તેના માટે હું મારી જાતને ગર્વ અનુભવું છું. કેટલાંક વિપક્ષી મિત્રો દ્વારા એક બે વાત કરવામાં આવી છે તેનો ઉલ્લેખ કરવા માગું છું. ગઈ કાલે ચર્ચામાં એવું કહેવામાં આવ્યું કે સીંગતેલના ભાવ વધી રહ્યા છે, મારે એ બાબતમાં કહેવું છે કે વૈશ્વિક ચલણની અંદર સોનું એ સ્ટાન્ડર્ડ ગણાય છે. સોનાના ભાવ એ વિશ્વમાં સંપૂર્ણ રીતે આખી દુનિયામાં માન્ય ગણાય છે, હું એક ગામડાંમાંથી આવું છું, ખેતી સાથે સંકળાયેલો છું. મારા દાદા કહેતા કે ૨૦ મણ મગફળી બરાબર એક તોલુ સોનું, ૪૦-૫૦ વર્ષ સુધીના કોઈપણ વર્ષની અંદર તમે એનો ઈતિહાસ જોશો તો જયારે ૧૪૦ રૂપિયા સોનાનો તોલાનો ભાવ હતો ત્યારે મગફળીના ૨૦ કિલોના ૭ રૂપિયા ભાવ હતો. આજે ૫૫૦ થી ૬૦૦ રૂપિયા મગફળીનો ૨૦ કિલોનો ભાવ છે, ત્યારે સોનું ૧૨૦૦૦ રૂપિયાના ભાવે છે. આ વૈશ્વિક સ્તરનું સોનાનું સ્ટાન્ડર્ડ છે અને મગફળીના ભાવો તેની સાથે સાથે જ છે. એટલે ભાવ વધારો કહી શકાય નહી. બીજું કે માનનીય સિદ્ધાર્થભાઈએ એક બે વાત કરી, કે આવતા વર્ષની અંદર વીજળીનું ૮૬૦ મેગાવોટનું જ ઉત્પાદન કરવાનું છે, એમાં જે હતાશા દર્શાવી કે માત્ર ૮૬૦ મેગાવોટ. માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતા જો એમણે ૧૯૮૫ પહેલાં કરી હોત તો મને લાગે છે કે સારું હતું. ૧૯૮૫ થી ૧૯૯૦ પહેલાંના કોઈ પણ વર્ષની એવરેજ જોઈએ તો ૩૦૦ મેગાવોટથી વધારે વીજળીનું ઉત્તાદન પાંચ વર્ષમાં કયારેય થયું નથી. જયારે આ એક વર્ષમાં ૮૬૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થાય, ૧૧મી પંચવર્ષીય યોજનાની અંદર ૧૧૧૬૦ મેગાવોટનો લક્ષ્યાંક નકકી કરવામાં આવે, જે ૫૦ વર્ષમાં વીજળીનું ઉત્પાદન નથી થયું તેના કરતાં પણ વિશેષ પાંચ વર્ષમાં ઉત્પાદનનો લક્ષ્યાંક નકકી થાય તે મને લાગે છે કે આ રાજય સરકારની એક સુવર્ણ સિદ્ધિ ગણાશે.

બીજી પણ એક વાત કરવામાં આવી કે સાબરમતિની જેલમાંથી કેદીઓ બહાર ફરતા હોય છે. તો મને લાગે છે કે પોરબંદરની જેલનો ઉલ્લેખ કરીને યાદ કરવામાં આવ્યા હોત તો વધારે સારું રહેત. કે જયાં કેદીઓ સચવાતા નહોતા, તેના કારણે પોરબંદરની જેલને સંપૂર્ણ બંધ કરી દેવી પડી હતી. તેને પણ યાદ કરવા જેવું છે. આ સરકારે એક સાચા અર્થમાં એક નાડ પારખી, કે ગુજરાતનો વિકાસ, આર્થિક વિકાસ, જયારે ભારત સંપૂર્ણ દુનિયામાં એક આર્થિક મહા સત્તા તરફ જઈ રહ્યું છે ત્યારે ગુજરાત એમાં પાછળ ન રહે.એક આર્થિક મહાસત્તા તરફ જઈ રહ્યું છે ત્યારે ગુજરાત એમાં પાછળ ન રહે ગુજરાત એમાં અગ્રિમ હરોળમાં ભાગ ભજવે અને એન્જિન તરીકે આગળ રહીને દેશની અંદર પોતાનો વિકાસ બતાવી શકે એ દિશામાં આ રાજય સરકારનું બજૅટ સાબિત થવાનું છે.

આજ દિન સુધી કહેવામાં આવતું હતું કે ગામડાં ભાંગતા અટકાવીને શહેરો તરફનું ભારણ ઘટાડવું જોઈએ. આવું કોઈ સૂત્ર આપવાથી એ અટકે નહિ શહેરો ઉપરનું ભારણ એનાથી ઘટે નહિ પરંતુ ગામડાં ભાંગતા અટકાવવા માટે એને આનુષાંગિક સવલતો માળખાકીય સવલતો પૂરી પાડવામાં આવે તો જ આ વસ્તુ શકય બને. આ સરકારે ગામડાંને ભાંગતા અટકાવવા માટે જ્યોતિ ગ્રામ યોજના દ્વારા ગામડાંનો નાનામાં નાનો ખેડૂત, નાનામાં નાનો કારીગર, નાનામાં નાનો વેલ્ડર પોતાના ગામમાં રહીને મજૂરી કરી શકે એ પ્રકારની સુવિધા ગુજરાત સરકારે કરી છે.

બંદરોની વાત કરું તો આજ દિન સુધી અવિકસિત હતા. આપણો ૧૬૦૦ કિલોમીટરનો સાગરકાંઠો આવેલો છે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એને સમર્થન આપું છું.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટેનું બજૅટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

સૌથી પહેલાં તો શહેરી વિકાસની વાત કરવા માગું છું. અમદાવાદ શહેરની અંદર કોટ વિસ્તાર આવેલો છે. આ કોટ વિસ્તારની અંદર આપણે આઝાદ થયા એ પહેલાંની એટલે કે ૬૦ વર્ષ પહેલાં નાખેલી ડ્રેનેજ લાઈનો ચાલે છે એને આજ દિન સુધી બદલવામાં આવી નથી. તેથી રોજ સવાર પડે અને ગટરો ઊભરાય છે, આ ગટરો ઉભરાવવાના કારણે રોગચાળો ફાટી નીકળે છે અને લોકો મરી જાય છે. આ ૬૦ વર્ષ પહેલાં નાના નાની લાઈનો

નાખવામાં આવી હતી. આજે વસતિ પણ ખૂબ જ વધી ગઈ છે. આ ડ્રેનેજ લાઈનની સાથે સાથે પાણીની લાઈનો પણ ત્રણ ઇંચની જ છે એ પણ નવી અને મોટી નાખવી જોઈએ. અમદાવાદ શહેર મેગાસિટી થવાને લીધે કેન્દ્ર સરકાર આપણને સહાય આપે છે. કોરપોરેશનનું પોતાનું બજૅટ મોટુ હોતું નથી એટલે ગુજરાત સરકારે કોરપોરેશનને સહાય આપીને આ કોટ વિસ્તારમાં આવેલી ડ્રેનેજ લાઈનો અને પાણીની લાઈનો બદલવી જોઈએ જેથી રોગચાળો ફેલાય છે એ અટકે અને રોજના ૨૦૦ થી ૨૫૦ સફાઈ કામદારો ગટર સાફ કરવા જાય છે એ પણ ઓછા થાય.

વાડીલાલ હોસ્પિટલની વાત કરું તો એ અમદાવાદની મોટામાં મોટી હોસ્પિટલ છે. અહીંયાં આજુબાજુમાંથી ઘણા લોકો ઇલાજ કરવા માટે આવે છે. સરકાર એને ફક્ત બે કરોડ રૂપિયાની જ મદદ કરે છે. આ રકમ પણ સરકાર મોડી આપે છે એને સમયસર આપતી નથી. તેથી રાજય સરકાર અત્યારે બે કરોડની ગ્રાન્ટ આપે છે તેના બદલે દસ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવી જોઈએ સમયસર આપવી જોઈએ.

આપણા ગુજરાતમાં રોજની દસ બહેનો આપઘાત કરે છે. આવા કિસ્સામાં એકપણ પક્ષ હૉસ્પિટલમાં જતો નથી, બહેનો તરફડતી હોય છે એનું કોઈ સગું વહાલું પણ સાથે હોતું નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફારુકભાઈ, આપઘાત કર્યા પછી તરફડે નહિ.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : એના માટે આપણે બજૅટ મૂકવું જોઈએ. હું છેલ્લા દસ વર્ષની વાત કરું છું. આવી બહેનોના સગા વહાલા પણ સાથે હોતા નથી, એકલી બહેન હોય છે તો એના માટે સ્પેશ્યલ વિચારવું જોઈએ.

અમદાવાદ શહેરની અંદર ટોરેન્ટ પાવર કંપની ગ્રાહકોને લૂંટે છે. અત્યારે દર બે મહિને બિલ આવે છે. એમાં મીટર ભાડું ૬૦ રૂપિયા લેવામાં આવે છે. આ રીતે બાર મહિનામાં ૩૬૦ રૂપિયા ઉઘરાવે છે. બહાર તમે મીટર ખરીદવા માટે જાવ તો હજાર રૂપિયામાં મળે છે ત્યારે ટોરેન્ટ કંપની આખી જિંદગી મીટર ભાડું ઉઘરાવીને હજારો રૂપિયા લઈ લે છે તો એના માટે રાજય સરકારે જાહેરાત કરવી જોઈએ. લોકો જાણે છે, કાયદામાં છે કે મીટર બહારથી પણ લાવી શકો છો પરંતુ કંપની પોતાનું મીટર જબરજસ્તીથી નાખે છે. ટોરેન્ટ કંપની વીજળી ચોરી માટે રેઈડો પાડે છે. કોરપોરેશનની અંદર કોર્ટ હોય છે, દૂધમાં ભેળસેળ હોય કે હેલ્થની કોઈ ફરિયાદ હોય તો એના માટે કોર્ટ ચાલે છે. આ ટોરેન્ટ કંપનીએ પોતાના બિલ્ડિંગમાં કોર્ટ ઊભી કરી છે. એ કોઈ સરકારના માણસો હોતા નથી. ગ્રાહક ચોરીમાં પકડાય ત્યારે તેનું મીટર પહેલાં તો ઉપાડી જાય. તેના ઘરમાં જઈને ચેકીંગ કરે કે કેટલા એ.સી. છે, કેટલા ફ્રીઝ છે, કેટલા ટી.વી. છે, કેટલા ગીઝર છે. એ બધી ઈન્કવાયરી કરે અને પછી બિલ પોતાની મરજીથી બનાવે કે તમારે ૬૦ હજાર, ૭૦ હજાર કે લાખ રૂપિયા આવે છે. શહેરની ગરીબ અને મધ્યમ વર્ગની પ્રજા તેના માટે સ્પેશિયલ સમિતિ સરકાર તરફથી બનાવવી જોઈએ. અમદાવાદ અને સુરત માટે. એ સમિતિ મીટર ચેક કરાવે, બિલ બનાવે તો જ આ પબ્લિકને રાહત થશે. આ તો •(xxxxx) ટોરેન્ટ કંપની. તેનો બીજો કોઈ રસ્તો જ નથી.

બીજી શિક્ષણની વાત કરું, શિક્ષણમાં ડોનેશનની પ્રથા એટલી બધી ખરાબ છે કે ન પૂછો વાત. આજની તારીખમાં, આજે માર્ચ મહિનો ચાલી રહ્યો છે. માર્ચ મહિનામાં વાલીઓ બિચારા સ્કૂલમાં ધક્કા ખાઈ ખાઈને થાકે છે. તેમાં ખાસ કરીને માઉન્ટ કાર્મેલ અને લોયેલા અને ઘણી મોટી શાળાઓ છે ત્યાં તો રીતસર એજન્ટો ફરે છે. જ્યાં વાલી આવે એટલે એજન્ટો કહેવા જાય કે સાહેબ, શું છે? લાવો તમને એડમિશન અપાવી દઈએ. આ ડોનેશન આપવાનું, પેલું ડોનેશન આપવાનું. આ પ્રથા બિલકૂલ બંધ થવી જોઈએ. કોઈ વાલીઓ કહેવા ન આવે કે અમે ડોનેશન આપ્યું છે. એ તો એડવાન્સની જ વાત કરે.

બીજું, સેલ્ફ ફાયનાન્સની સ્કૂલમાં ફી વધારો એટલો બધો છે કે ન પૂછો વાત. એ લોકો ૧૨ મહિનાની ફી એક સાથે લે છે. એવું નહીં કે મધ્યમ વર્ગ પાસેથી બે મહિના, ત્રણ મહિના કે એક મહિનાની ફી લે. એ ૧૨ મહિનાની ફી ગરીબ માણસ કયાંથી લાવશે?

બીજું, બે દિવસ પહેલાં દૂધનો ભાવ વધી ગયો. લિટરે એક રૂપિયો દૂધનો ભાવ વધ્યો. અમદાવાદમાં ૧૫ લાખ લિટર દૂધ વેચાય છે. આજે વધારાનો ૧૫ લાખ રૂપિયાનો બોજો આવી ગયો છે. ૧૨ મહિને ૫૦ કરોડ રૂપિયા દૂધની પાછળ જતાં રહે છે. સરકારે કહ્યું છે કે ૨૦ ટકા તો ઉત્પાદન વધ્યું છે, તો ભાવ ઘટવો જોઈએ તેના બદલે વધે છે.

બીજું, તેલની વાત કરું. આ *(xxxxx) તો જાણે છે. (xxxxx) ટાઈમમાં તેમણે આંદોલનો કર્યા હતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય ફારૂકભાઈ, આપનો સમય પૂરો થાય છે. શ્રી નાનુભાઈ વાનાણી.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : છેલ્લી વાત. છેલ્લી એક વાત કહેવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી ફારૂકભાઈ, આપનો સમય પૂરો થાય છે. ફારૂકભાઈ, આપ બેસી જશો.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી (સુરત શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય નાણામંત્રીશ્રી જે રાજયનું બજૅટ લઈને આવ્યા છે તેમને સમર્થન આપવા માટે હું અહીં ઉપસ્થિત થયો છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ફારૂકભાઈ, આપ બેસી જશો.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી એક ઉકિત છે. " પુત્રના લક્ષણ પારણામાંથી "

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી નાનુભાઈ, આપ આપનું ભાષણ શરૂ કરો તે પહેલાં એક મિનિટ. શ્રી ફારૂકભાઈ, આપે જે *(xxxxx) શબ્દ પ્રયોગ કર્યો છે તે હું કાઢી નાખું છું. (અંતરાય) તે કાઢી નાખું છું. તેની ચર્ચા જ ન હોય અને આપે જે (xxxxx) કરીને સંબોધન કર્યું એ પણ હું કાઢી નાખું છું. શ્રી નાનુભાઈ.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ સતત ૧૩મું બજૅટ લઈને અહીં આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું અહીં ઉપસ્થિત થયો છું. આપણાંમાં એક ઉકિત છે કે" પુત્રના લક્ષણ પારણામાંથી " આ બજૅટની જે ભૂમિકા છે એ ભૂમિકા જ સ્વયં સ્પષ્ટ છે કે આ બજેટ એ ભવિષ્યની પેઢી માટેનો સોનેરી દસ્તાવેજ સાબિત થશે. જેના મૂળમાં શાસનની સ્થિરતા, નીતિઓની સ્પષ્ટતા અને વિકાસના ધ્યેયની પ્રાપ્તિનો ત્રષ્ટિકોણ રહેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં સાથી પક્ષના સભ્યો બજૅટ બાબતમાં પોતાના અવલોકનો રજૂ કરી રહ્યા હતા. એ એવા સભ્યો અવલોકનો રજૂ કરી રહ્યા હતા કે જેમની પાસે નથી કોઈ નીતિ કે નથી કોઈ નિયત. એ આપણને ૫૦ વર્ષના શાસનમાં આ દેશની અને આ રાજયની જનતાને અનુભવ થઈ ગયો છે. ભવિષ્યની પેઢી માટેના આ દસ્તાવેજમાં તેની ભૂમિકા જ્યારે આપણે વાંચીએ ત્યારે આ રાજય તેના ૫૦મા વર્ષની "સ્વર્ણિમ જયંતિ" ઉજવવા તરફ જઈ રહ્યું છે ત્યારે આ અવસરને એક સુવર્ણ અવસર બનાવવાનો સંકલ્પ રાજય સરકારે કર્યો છે. આપણને આનંદ ત્યારે થાય કે આ માત્ર સંકલ્પ વાતોમાં નહીં પણ બજૅટમાં જે જોગવાઈઓ કરી છે એ જોગવાઈઓ પણ પૂરતી છે. વિકાસની એવી પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન છે. જે થકી ગરીબો, અનુસૂચિત આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, મહિલાઓ વગેરેના જીવનની ગુણવત્તામાં સુધારો લાવી શકીશું. ટૂંકમાં માત્ર ઝડપી વિકાસ નહીં પરંતુ વિશાળ પાયા પર લાભદાયક અને સૌને સમાન તક મળે એવી ખાતરી માટેની પ્રક્રિયા આપનાર આ બજૅટ છે. આ જ્યારે વાત કરતા હોઈએ ત્યારે બહેનો, બાળકો, વનવાસીઓ અને સમાજના વંચિત વર્ગના લોકો એ બધાને વિકાસ તરફ દોરી જનારી અનેક યોજનાઓ માટે આ બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે. સમયના અભાવે એ બધી જ વાત અહીં કરવી શકય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં થોડાક સમય પહેલાં કેન્દ્ર સરકારનું બજૅટ આવ્યું. એની તુલના આપણા રાજયના બજૅટ સાથે કરું છું. રાજયના બજૅટની અંદર સામાન્ય માનવી અને ખેડૂતો માટે કેટલીક જોગવાઈઓ છે. કેન્દ્રનું સામાન્ય બજૅટ આવ્યું એ બજૅટની બાબતમાં ફટાકડા ફોડવામાં આવ્યા અને ખેડૂતોને ઋણમુક્તિ માટે આયોજન કરવામાં આવ્યું અને જાણે કે, સોએ સો ટકા ખેડૂતો ઋણમુકત થઈ જશે એવી વાત થઈ. એટલે મેં વિચાર્યું કે ચાલો આપણે જોઈએ કે કેટલા ખેડૂતોને આમાંથી લાભ પ્રાપ્ત થવાનો છે? જ્યારે અભ્યાસનું તારણ આવ્યું ત્યારે આ દેશના માત્ર ૮ ટકા ખેડૂતોને લાભ આપવાની જોગવાઈ છે. તો બાકીના ખેડૂતો ઋણવાળા છે એના માટે કેન્દ્રના બજૅટમાં કોઈ જોગવાઈ નથી. ત્યારે ફટાકડા ફોડવાનો કોઈ અવકાશ નથી. હું હીરા ઉદ્યોગમાંથી આવું છું. આ બજૅટમાં એસ.ઈ.ઝેડ બાબતમાં ખૂબ વિસ્તૃત વાતો કરવામાં આવી છે અને એની જોગવાઈ પણ કરવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતની અંદર અત્યારે હાલમાં ૫૧ જેટલા એસ.ઈ.ઝેડની મંજૂરી મળેલ છે. મને એ વાતનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે કેમ કે, જેમ્સ એન્ડ જવેલરીનો હું પણ એક ડેવલપર છું. મને જણાવતા આનંદ થાય છે કે, એસ.ઈ.ઝેડની મિટિંગમાં દિલ્હી જઈએ છીએ ત્યારે કેન્દ્રીય માનનીય મંત્રીશ્રી સહિત તમામ અધિકારીઓ છે એ બીજા રાજયના જે એસ.ઈ.ઝેડના ડેવલપરો છે એ ડેવલપરોને ત્યાં વાત કરે છે કે તમે ગુજરાતનું જુઓ. ગુજરાતની અંદર જે રીતે એસ.ઈ.ઝેડ ડેવલપ થઈ રહ્યા છે એમાંથી તમે બોધપાઠ લો. આ ગુજરાત માટે સારી બાબત છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા (ખંભાળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ વાળાએ આ ગુજરાતની અંદર ૧૩મી વખત અંદાજપત્ર રજૂ કર્યું છે. ત્યારે આ અંદાજપત્ર પુરાંતવાળું છે અને એ હકીકતથી સમાજને જે ફાયદો થવાનો છે એની બે વાત કરવા માટે આ ગૃહની અંદર હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ હેઠળ સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષની અંદર ૫૪૩.૫૧ કરોડની જોગવાઈ સામે આ વર્ષના બજૅટમાં ૨૫.૩૦ ટકાના વધારા સાથે આગામી વર્ષ માટે સૂચિત જોગવાઈ ૬૮૧ કરોડ રૂપિયાની છે. ગામડા દેશના પ્રાણ છે. ત્યારે ગામડા સમૃદ્ધ તો સૌ સમૃદ્ધ, ખેડૂત જગતનો તાત છે. ક્યાંક વિકાસમાં ગામડા પાછળ ન રહે એમને આધુનિક વિજ્ઞાનનો લાભ મળે, ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામનું અભિયાન લઈને અટકી ન જઈએ તે માટે સમગ્ર એશિયામાં સૌથી મોટી બ્રોડ-બૅન્ડ કનેકટીવીટીથી ગામડાઓને જોડ્યા. આયોજનથી વૈજ્ઞાનિક કામધેનુ યોજના ડેવલપ થવાની છે અને આ પ્રકારના ગ્રામ્ય વિકાસમાં દેશનું પ્રથમ રાજય બનવાનું છે ત્યારે, આજ રોજ હું માનનીય વજુભાઈએ સન ૨૦૦૮-૦૯નું જે બજેટ રજૂ કર્યુ છે. માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈને લાખ લાખ અભિનંદન આપું છું. ગામડાની મારી માતાઓના વિદેશમાં રહેતા પુત્રોના જયારે પત્રો મારી પાસે વંચાવવા આવે ત્યારે દિલમાં પીડા થતી હતી. શિક્ષણનો વિકાસ તો કર્યો, પ્રૌઢ શિક્ષણ, નિરંતર શિક્ષણના કાર્યક્રમો જોશીલા બન્યા છે ત્યારે રાષ્ટ્રનો વિકાસએ શિક્ષણ ઉપર આધારીત હોય છે. આ રાજય સરકારે રાષ્ટ્રના નિર્માણમાં ભાવી પેઢી તૈયાર થાય તે હેતુથી વિવિધ પ્રકારનું આયોજન કરી ગયા વર્ષ કરતાં ૨૬ ટકાનો વધારો કરી ૧૩૪૯ કરોડની જોગવાઈ કરી છે એ પ્રસંશનીય છે. મહાકાય કંપનીઓ મારા વિસ્તારમાં છે. ગુજરાત રાજયનું ધ્યાન અહીં ખંભાળીયા જામનગર વિસ્તાર ઉપર છે. મૂડી રોકાણમાં રાજય પ્રથમ નંબરે છે. અગિયારમી પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનનો વિકાસ દર ૧૪.૫ ટકાનો કરી શકાય તેવી સિધ્ધિ

પ્રાપ્ત કરવા ઉદ્યોગ વિભાગે અભૂતપૂર્વ હરણફાળ ભરવાની ક્ષમતા ઉભી કરી છે તેમને હું અભિનંદન આપું છું. ગ્લોબલ ઈન્વેસ્ટમેંટ સમિટ, ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ થકી કરોડોનું રોકાણ કરવા ગુજરાત આકર્ષણનું કેન્દ્ર બન્યું છે ત્યારે ૨૦૦૯માં ચોથી ગ્લોબલ ઈન્વેસ્ટમેંટ સમીટ યોજવાનુ આયોજન પણ અભિનંદનીય છે. માત્ર મોટા મોટા ઉદ્યોગની સાથે સાથે અવિકસિત, અલ્પવિકસિત વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ થાય એ માટે લોકભાગીદારીથી જી.આઈ.ડી.સી. વસાહતો સ્થાપવાના આયોજન માટે સુચિત ૫૦ કરોડની જોગવવાઈ છે એ ખૂબ આવકારદાયક છે. મારા વિસ્તારમાં ખનીજ સંપત્તિ છે. જામનગર જિલ્લામાં ઉપલબ્ધ બોકસાઈટના અપગ્રેડેશન દ્વારા એલ્યુમીનીયમનો વિશાળ પ્લાન્ટ ખાનગી કંપનીના સંયુકત સાહસથી પ્લાન્ટ કરવા પ્રોજેકટો નવા ખનીજ સંસાધનો ઉપરાંત કૃષિ અને પર્યાવરણમાં પણ ઉપયોગી નીવડવાનો છે. બીનપરંપરાગત ઉર્જાને સરકારે પરંપરાગત ઉર્જા ઉત્પાદનમાં એનું મહત્વ સ્વીકાર્યુ છે. વજુભાઈ વાળા જે આ વિકાસલક્ષી બજેટ લઈને આવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈએ સન ૨૦૦૮-૦૯નું જે બજેટ રજૂ કર્યુ છે તેને મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા હું ઉપસ્થિત થયો છું. ગુજરાત રાજયની સ્થાપનાથી ૨૦૦૨ સુધી આપણે નવ પંચવર્ષીય યોજનાઓ કરી, એ નવ પંચવર્ષીય યોજનાનો સરવાળો એ આપણી દસમી પંચવર્ષીય યોજનાના સરવાળા બરાબર હતો એટલે કે આપણે નવ પંચવર્ષીય યોજનામાં જે રૂપિયા ખર્ચ્યા એ દસમામાં ખર્ચ્યા અને આ દસ પંચવર્ષીય યોજનામાં જેટલા રૂપિયા ખર્ચાયા છે એટલા જ રૂપિયા આપણે આજે અગિયારમી પંચવર્ષીય યોજનામાં ખર્ચી રહયા છીએ, તેવા સમયે ૨૦૦૮-૦૯ની અંદર આપણે ૧૯૦૩૦ કરોડનું આયોજન કર્યુ છે. છેલ્લા ૪૭ વર્ષમાં કરેલ વિકાસ આપણે આગામી ૫ વર્ષમાં કરવા જઈ રહયા છીએ એનો મકકમ નિર્ધાર જ પહેલાંના ૨૦૦૮-૦૯ના સામાન્ય અંદાજપત્રની રૂપરેખા ઉપરથી આવી જાય છે. માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૨-૧૩નું બજેટ જયારે રજૂ કરતા હશે ત્યારના ગુજરાતની કલ્પના કરતા આનંદીત અને ગદગદીત થઈ જવાય છે. આ ૫ વર્ષમાં આપણે વિકાસની જે ગતી હાસલ કરીશું અને જે વિકાસનો લક્ષ્ય આપણી સરકારે પાંચ વર્ષમાં મૂકેલો છે એ સુવર્ણ ગુજરાત બનાવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. મને કહેતાં ગર્વ અને આનંદની લાગણી થાય છે કે ભૂતકાળની અંદર આપણે ઘરની અંદર પીવાના પાણીની પણ સમસ્યા હતી. આ પાણીની સમસ્યામાંથી છૂટકારો કોણે અપાવ્યો? ૨૦૦૧ અને ૦૨ની સાલથી આ ભગીરથ પ્રયત્નો ચાલુ થયા આજે આપણા ઘરે અને આપણા નળે અને આપણે ગામડે ગામડે, ફળીયે ફળીયે પાણી પીતા થયા છીએ અને આપણી બહેનો જે દુર દુરથી માથા ઉપર બેડા દ્વારા પાણી લાવતી હતી અને એમની કરોડરજજુની જે તકલીફો થતી હતી એ પણ આ સરકારે દૂર કરી છે. મને યાદ છે જ્યારે હું ભણતો હતો અને નોકરી કરતો હતો ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ટ્રેનો દ્વારા અને ટૅન્કરો દ્વારા આપણે પાણી મોકલતા હતા અને ધારાસભ્યના માન-પાન પણ એટલા રહેતા કે ટૅન્કર માટે ચિઠ્ઠી લખાવવા માટે લાઈનો લાગતી. આજે લોકોને આ ચિઠ્ઠી મેળવવામાંથી આ સરકારે મુક્તિ અપાવી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની નિર્ણયની અડગતા, વ્યવહારિક સુઝબુઝ અને કામની ગતિશીલતા થકી અશક્ય લાગતા કામો પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી બતાવ્યા છે. વર્ષ ૨૦૦૧-૦૨માં આપણી સરકાર દ્વારા પીવાના પાણીની યોજનાઓનો અમલ થયો તેના થકી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતના પૂર્વપટ્ટીના લગભગ ૭૭૭૯ ગામોમાં કાયમી ચોખ્ખું પાણી આપવાનું શરૂ થયું અને હાલમાં ૨૧૫૦ ગામોમાં આ કામો પ્રગતિમાં છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૨૦.૪૩ ટકાના વધારા સાથે જે પાયાની જરૂરિયાત છે એમાં ૧૪૫૯ કરોડની જોગવાઈ કરી છે. હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું. પાણીના તળ એટલા બધા ઊંડા ગયા છે કે એના કારણે ફ્લૉરાઇડ, નાઈટ્રેટ અને ખારાશના કારણે હેલ્થના પ્રોબ્લેમ એટલા હતા કે આ ફ્લૉરાઇડના કારણે હાડકાનું ગળતર થાય છે. આવા સમયે ધરોઈ, મહી કેનાલ અને આ નર્મદાના નીર સમગ્ર ગુજરાત અને ખાસ કરીને ઉત્તર ગુજરાતને જે પીરસ્યા છે અને માણસ જુવાનીમાં ઘરડો થઈ જાય એવી પરિસ્થિતિ પેદા થતી હતી ફ્લૉરાઇડના કારણે એનાથી છૂટકારો મળ્યો છે. "હર ઘર કો પાની ઔર હર ખેત કો પાની" ના સૂત્ર સાથે આપણી સરકાર કાર્યાન્વિત છે. મહી-નર્મદા આધારિત વોટર ગ્રીડના અમલ થકી અસરગ્રસ્ત વિસ્તારો એવા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની પૂર્વપટ્ટીના વિસ્તારને પીવાનું પાણી અને સિંચાઈના પાણીનું આયોજન કરેલ છે. તળાવો, ચેકડેમો, સુકીભઠ્ઠ નદીઓમાં પાણી વહેવડાવીને આ ધરતીને નવપલ્લવિત કરી છે. મને કહેતાં આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે ધરોઈ યોજના અમારા માટે જીવાદોરી સમાન છે ત્યારે એ યોજનાનું ૫૦ ટકા પાણી જે તે વખતે અમદાવાદ શહેરને પીવા માટે આપવાનું નક્કી થયું હતું. અમારી સરકારે અમદાવાદને નર્મદાના નીર પહોંચાડીને આ ૫૦ ટકા પાણીનો જથ્થો છૂટો કર્યો છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, નવો સભ્ય છું એટલે એક મિનિટ વધારે આપો. આ બજૅટને હું મારું સમર્થન આપું છું. આ બજૅટ સાડા પાંચ કરોડની જનતા માટેનું છે. આ વિકાસની ગંગા વિપક્ષના મિત્રો પણ જ્યાંથી ચૂંટાયા છે ત્યાં પણ પહોંચાડવાની છે. એ પણ સરકારનો એક ભાગ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ હંમેશા સાડા પાંચ કરોડની જનતાની વાત કરી છે. આ વિકાસની ગંગા તમારા વિસ્તારમાં પણ પહોંચવાની છે અને તમારે પણ જશ લેવાનો છે, એક અલ્ટર્નેટ ગવર્નમેન્ટ તરીકે. તમારા મત વિસ્તારમાં તમે ગૌરવથી કહી શકો કે સરકારના એક ભાગી તરીકે અમે આ કામો કરી શક્યા છીએ. (અંતરાય) એ તો તમારે કહેવું જ પડશે. ત્યારે સમગ્ર ગૃહ એકમતથી આ વિકાસલક્ષી બજૅટને મંજૂર કરશે અને વિકાસના સાતત્યને આગળ ધપાવીને તેમાં સહભાગી બની અને સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્નને સાકાર કરશે એવી મને આશા છે.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ૪૯ હજાર કરોડનું બજૅટ રજૂ કર્યું છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો વર્ષ પ્રજા ઉપર જે ટેક્સ વધી રહ્યા છે, વેટ, સર્વિસ ચાર્જ, યુનિટમાં પણ ચાર્જમાં વધારો કર્યો એનાથી કરોડો રૂપિયાની આવકો વધી છે. છતાં પણ બજૅટમાં દર વર્ષે વધારો થાય છે. પરંતુ એનું અમલીકરણ યોગ્ય રીતે થતું નથી. નબળા, ગરીબ, પછાત અને બેકાર યુવાનોને આનો લાભ મળતો નથી. આપણે ગૃહમાં બેઠા બેઠા આ રાજ્યના વિકાસની વાતો કરીએ છીએ પણ હકીકતમાં ગામડાંમાં જઈને તપાસ કરીએ તો માલુમ પડશે કે હકીકતમાં આ લોકો કેવી રીતે જીવન જીવે છે. એમને ઘણી મુશ્કેલીઓ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડી વાત કરું છું કે આ ગૃહ ચાલુ થયું ત્યારથી સામેવાળા ભાઈઓ વિકાસના કામોની વાત કહે છે કે રસ્તા, પાણી, વીજળી, ખેતી, શિક્ષણ પ્રત્યે સરકારની ઘણી વાતો કરી છે એમાં બધો જ વિકાસ મોદી સાહેબે કર્યો છે એવું ભાઈઓ કહ્યાં કરે છે અને એમને ધન્યવાદ આપે છે, આભાર માને છે તો હું મિત્રોને કહું છું કે બધું જ કામ મોદી સાહેબ કરે છે તો હું કહું છું કે માનનીય ધારાસભ્યો આપણે પણ જે વિસ્તારના કામ કરીએ છીએ એ કામ કેમ નથી કરી શક્યા? બધું જ કામ મોદી સાહેબ કરે છે, આપણે ખાલી જોઈને વાહ વાહ જ કરવાની. પ્રજાએ આપણને ચૂંટીને મોકલ્યા છે તો પ્રજાનું શું કામ છે, શું મુશ્કેલી છે એના વિષે ચર્ચા કરવાની હોય ખાલી વાહ વાહ કરવાથી વિકાસ થવાનો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા ખેડૂત વિસ્તારની વાત કરું તો ખેડૂતોની એવી તકલીફ છે કે ખેડૂતો તાકાતવાળા છે, ઉત્પાદન કરી શકે એવા છે, છતાં પણ એમને પુરતી સગવડ મળતી નથી. ૬ કલાકથી વધારે વીજળી મળતી નથી, સારું બિયારણ મળતું નથી. આ સાલ જે બિયારણ મળે છે, ઘઉંની થેલીના ભાવ ૮૦૦ રૂપિયા હતા એ પણ ભેળસેળવાળું છે. હું ખેડૂત છું. મેં ખેતી કરી બિયારણના ઘઉં વાવ્યાં છે તો એબાં બે મણ ઘઉં થયા છે તો ઉચ્ચ કક્ષાનું બિયાણ પણ સરકાર પૂરું પાડી શકતી નથી અને જે ૧૯૯૧ થી કનેકસનો આપવાના બાકી છે અને જે તત્કાલ કનેકસનોના પૈસા ઉઘરાવેલ એમને કનેકસન મળતા નથી આથી ખેડૂતો દેવાદાર થઈ ગયા છે અને કંટાળી ગયા છે. આખરે એ લોકોને ઉપર આકાશ અને નીચે ધીરતી છે, એમનું કોઈ સાંભળવાવાળું નથી. માણસો બિચારા સારા છે. એમના આંસુ લૂછવાવાળું કોઈ નથી. આ વખતે ખરા ટાઈમે કેન્દ્ર સરકારે ૬૦,૦૦૦ કરોડ રૂપિયા દેવું માફ કર્યુ તેથી ખેડૂતો આનંદમાં આવી ગયા છે, ઉલ્લાસમાં આવી ગયા છે. ભૂતકાળમાં પણ માનનીય શંકરસિંહભાઈની સરકારે યુનિટે ૧૦૦ રૂપિયા ઓછા કર્યા અને ગામડાના વોટર બિલો માફ કર્યા જેના કારણે અત્યારે ગામડાંની પ્રજા પાણી પી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈની વાત કરું તો હાલમાં અમારા વિસ્તારમાં માઈનોર સિંચાઈના કામો ચાલે છે. નહેરોના કામો ચાલે છે એ નહેરો જેનાથી બનાવવામાં આવી છે એ ઓછી ગુણવત્તાને લીધી તૂટી ગઈ છે અને નહેરોથી જે ખેડૂતના ખેતર સુધી ઢાળિયા બનાવ્યાં એ ઓછી ગુણવત્તાના બન્યા હોવાથી પહેલાં વરસાદે તૂટી ગયા છે જેથી આ નહેરોનું પાણી ઢાળિયા મારફતે ખેડૂતના ખેતર સુધી પહોંચી શકે તેમ નથી. આમાં કરોડો રૂપિયાનું કૌભાંડ થયેલું છે એની પણ સરકાર તપાસ કરાવી એ એજન્સી પાસેથી ફરી રિપેર કરાવે અથવા તો નુકસાની લે એવી મારી આ સરકારને વિનંતી છે.

બીજું ગૃહ વિષે વાત કરીએ તો પેલા ભાઈએ વાત કરી એમ દરરોજ પેપરમાં લૂંટ, ખૂન, બળાત્કાર, ચોરી આવા ઘણાં બનાવો બને છે. અમારા આણંદ, ખેડા જિલ્લામાં અને બોરસદમાં હમણાં ચડ્ડી બનિયનધારી ટોળકીઓનો ત્રાસ પણ વર્તાઈ રહ્યો છે. બીજી એક અગત્યની વાત એ છે કે મારા કઠલાલ તાલુકાના કોઠાગાળામાં દારૂ ગાળવાની હજારો ભઠ્ઠીઓ ચાલે છે, આ એક ગંભીર બાબત છે, એના વિષે મેં ઘણી ફરિયાદો કરી છે. ઝાંબાઝ અધિકારી રેડ પાડે અને પકડે તો થોડા સમયમાં એની બદલી થઈ જાય છે તો આ બદી દૂર કરવા માટે ગોળના વેપારીઓ ઉપર કંટ્રોલ મૂકી અને જે મહિને ૨૦૦-૪૦૦ ગાડીઓ આવે છે એમને બંધ કરાવે અને એવા માણસો સામે પાસા જેવી સજા કરે તો દારૂની બદીમાંથી મુકત થાય. અડધા અમદાવાદને અમારો વિસ્તાર દારૂ પૂરો પાડે છે તો ગંભીર બાબતે નિર્ણય લઈ અમારા વિસ્તારમાંથી દારૂની બદી દૂર કરે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમવાર ચૂંટાઈને આવી છું અને આ ગૃહમાં પ્રથમવાર બોલવા ઊભી થઈ છું ત્યારે ગુજરાત વિધાનસભાની ૨૦૦૭ ની ચૂંટણીમાં ઐતિહાસિક જનાદેશ મળ્યો અને જે માનનીય મુખ્યમંત્રીશ્રી ચૂંટાઈને આવ્યા છે અને તે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં લોક હ્રદય સમ્રાટ, શુસાશન કરનાર, શું વ્યવહારુ, ધીર ગંભીર એવા માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા અભ્યાસુ એવા ૧૩મી વખત બજેટ જેમણે આ ગૃહમાં રજૂ કરેલ છે તેવા માનનીય વજુભાઈ વાળાને હું અભિનંદન આપું છું અને આ બજેટમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભી થઈ છું. માનનીય નાણામંત્રીશ્રીએ આ બજેટ મહિલા અને બાળ વિકાસને માટે પણ ખૂબ જ ધ્યાન રાખીને બજેટ મૂકયું છે. જેમાં મને કહેવાનું મન થાય છે કે મહાત્મા ગાંધીજી પણ એવું કહયું છે કે મહિલાઓના હકક અંગે હું કોઈ બાંધછોડ કરતો નથી અને મારે પુત્ર અને પુત્રીને પણ સંપૂર્ણ સમાનતાના અધિકારના આધારે રાખવા જોઈએ. આ વાકયને સાર્થક કરીને મહિલાઓને આર્થિક, સામાજિક રીતે અંગત સ્વતંત્રતા ભોગવી શકે તે માટે નારી ગૌરવ નીતિ દ્વારા મહિલા સશકિતકરણનું આયોજન કરેલ છે. મને એક વાત કહેવાનું મન થાય છે કે આ વર્ષ આપણે નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે આ સંકલ્પ લઈને પ્રથમ વાર આ ગૃહમાં ચૂંટાઈ આવનાર

ઉષાબહેન આવ્યા છે ત્યારે હું મહિલા તરીકે ધન્યતા અનુભવું છું અને આ ગૃહને બિરદાવું છું. આ સંકલ્પને સર્વાનુમતે પસાર કરવા બદલ સાથી પક્ષને પણ ધન્યવાદ આપું છું. નિરોગી બાળ યોજના માતા સુધી પહોંચે તે માટે જનજાગૃતિ અભિયાન કરવાનું આયોજન કરેલું છે. આ વાતને ધ્યાનમાં રાખીને મહિલા અને બાળ વિકાસ માટે નાણામંત્રીશ્રીએ ૨૦૦૭-૦૮ની ૧૯૭.૨૦કરોડની જોગવાઈ સામે ૭૨.૪૧ટકાના વધારા સાથે આગામી વર્ષ ૨૦૦૮-૦૯માં ૩૪૦કરોડની જોગવાઈ કરી છે એ સરાહનીય છે. બાળક નિરોગી રહે તે માટે છેલ્લા ૧૨ વર્ષમાં સરકારે અનેક કાર્યક્રમ દ્વારા પ્રયત્નો કર્યા છે પરંતુ હજુપણ બાળકને કુપોષણ, બાળ રોગપ્રતિકારક શકિત, બાળકના માનસિક વિકાસમાં રહી જતી ખામી દૂર કરવા માટે સરકારે ચિલ્ડ્રન યુનિવર્સિટી સ્થાપવા માટે પ્રથમ પગલું ભર્યું છે એ કદાચ ભારત સહિત વિશ્વમાં પ્રથમવાર હશે તેથી સરકારને લાખ લાખ અભિનંદન આપું છું.

પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડીયાના સંયુકત સાહસમાં આઈ.આઈ.એમ. જેવી મહત્વની સંસ્થા સહિત ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં હોસ્પિટલ મેનેજમેન્ટનો કોર્સ ચાલુ કરીને હેલ્થ પ્રોફેશનલ વિભાગના અભિગમમાં મુળભૂત પરિવર્તન લાવવાનો હેતુ છે. જેમાં મેડિકલ ટુરીઝમને એક નવું બળ મળેલ છે અને સહાનુભૂતિપૂર્વકની સારવારને લીધે દર્દીઓનું દુઃખ પણ અડધું થઈ જાય છે. માનવ વિકાસ સુચિકાંકની વૃદ્ધિ માટે પાયાની બાબત આરોગ્ય, શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ, પીવાના પાણી માટે અંદાજપત્રમાં ૩૦.૪૮ટકાના વધારા સાથે રૂ.૩૯૮૩કરોડની જોગવાઈ દ્વારા સામાન્ય જનતાનો સુઆયોજિત વિકાસ કરવાની સરકારની નેમ નજરે પડે છે. આર્થિક રીતે પછાત વર્ગના લોકો લાફો મારીને ગાલ લાલ રાખતા હોય છે તેની જાણ ભા.જ.પા. સરકારને હોય તેમ જણાય છે. ૧૫૦૦ જેટલી વિધવા બહેનો અને વિચરતી વિમુકત જાતિની ૭૫૦ બહેનોને મકાન બાંધવા માટે રૂ. ૪૦૦૦૦ની સહાયની જોગવાઈ કરવામાં આવી છે. અબળા સબળા બને અને તેનું સશકિતકરણ થાય તે માટે જોગવાઈ કરી છે. વય વંદના યોજનામાં ગરીબી રેખા નીચે સમાવિષ્ટ થતા ૬૫ વર્ષથી વધુ ઉંમરની તમામ વૃદ્ધ વ્યકિતઓને લાભ આપીને ૪૦૦૦ લાભાર્થીઓને આવરી લેવાનો સરકારનો લક્ષ્યાંક છે તો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના યુવાનો જેની અત્યારે સૌથી વધુ વિશ્વમાં જરૂરિયાત છે તે કોમર્શિયલ પાઈલોટની માંગને પૂરી કરવા માટે એમાં જોડાનાર માટે રૂ.૮લાખથી વધારીને ૧૫લાખ સુધીની જોગવાઈ કરી છે. ગુજરાતના માણસા અને વિજાપુરની બહેનો પશુ ઉછેર દ્વારા ૪૨લાખની આવક મેળવીને ભારતમાં પ્રથમ રહેલ છે. મધુર અને અમૂલ ડેરીની વિશ્વવિખ્યાત બ્રાન્ડનું દૂધ ઉત્પાદન દર વર્ષે કરોડોમાં વધતું જાય છે ત્યારે મને કહેવાનું મન થાય છે કે

" દિનાનાથ મને મળે જો કોઈ દિવસ તો પૂછવું છે તેને કર જોડીને,
તમે તો નથી અવતર્યાને ગુજરાતમાં નરેન્દ્ર મોદી થઈને?".

માનનીય અધ્યક્ષશ્રી નર્મદાના નીર રાજસ્થાનની સરહદ સુધી પહોંચાડવા રૂપિયા ૩૧૯૩ કરોડની ગત વર્ષની જોગવાઈ સામે આગામી વર્ષે ૩૪૦૦ કરોડની જોગવાઈ દ્વારા વર્ષ-૨૦૧૦ માં પૂરી કરી ભગીરથ કાર્ય આ સરકારે ઉપાડ્યું છે, ત્યારે મને લાગે છે કે હું આ બજેટને એક કહેવત કહીને અનુમોદન આપું છું કે •(xxxxx)

**અધ્યક્ષશ્રી** : આપની કહેવત કાઢી નાખવામાં આવે છે. જે આ ગૃહમાં ન હોય તેની ટીકા ન થાય. આપનું વ્યક્તવ્ય પૂરું કરો.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : મનમોહન એટલે કૃષ્ણ ભગવાન.

**અધ્યક્ષશ્રી** : પછી બોલ્યાને.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : લાલુ એટલે લાલજી ભગવાનનું નામ.

**અધ્યક્ષશ્રી** : બહેન બેસી જાવ.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : સોરી.

**અધ્યક્ષશ્રી** : અધ્યક્ષશ્રી જે કહે તેની પાછળ કોઈ હેતુ રહેલો હોય છે. તેના ઉપર આ રીતે વર્તાય નહીં આપ બેસી જાવ. નેકસ્ટ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈને અભિનંદન એટલા માટે આપવા છે કે તેમણે તેરમું બજેટ રજૂ કર્યુ છે અને આ બજેટ એ ગુજરાતને એક નવી દિશા ચીંધનારું છે. આ બજેટનું વાર્ષિક કદ ૧૯૦૩૦ કરોડનું કરી અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી મુકેશભાઈ આપ ખૂબ જ સિનિયર સભ્ય છો. આપ આપની ગંભીરતાને નહિ સમજો તો આપને વારસાની અંદર સંસદીય સંસ્કારો મળ્યા છે એનું મને દુઃખ છે. બીજા સભ્યો નવા છે, પણ આપ એવા પુરૂષના વારસદાર છો કે જેના સંસદીય સંસ્કાર આપને વારસામાં મળ્યા છે. આ રીતની ગડબડ, દખલ ઊભી કરી આપ વારસાને ન વગોવો. શ્રી જયંતિભાઈ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : છેલ્લા ૫ વર્ષની અંદર ગુજરાત સરકારની જે કામગીરી છે એ કામગીરીને સમસ્ત પ્રજાએ એક જન ચૂકાદો આપી અને ગુજરાતની અંદર ફરીથી ભારતીય જનતા પાર્ટીની સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષસ્થાનમાં રચી છે, ત્યારે મારે એક-બે સવાલો, એક-બે મનની અંતરાત્માનો એક પ્રશ્ન છે કે ખરેખર ભૂકંપ વખતે કચ્છમાં સર્વનાશ થઈ ગયું હતું અને ચારેબાજુથી એક જ વાત હતી કે કચ્છ કોઈ દિવસ ઊભું

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

નહિ થઈ શકે. અમેરિકાની અંદર પણ જ્યારે ટાવરો તૂટ્યા હતા, ત્યારે સરકારે જાહેરમાં કહ્યું હતું કે ૧૨ મહિના સુધી કોઈ ભંગાર ઉપાડી શકે તેમ નથી. ધન્યવાદ આપવાનું મન થાય છે આ ભારતીય જનતા પાર્ટીની સરકારને કે આજે કચ્છને સિંગાપુર બનાવી દીધું છે. હું જે વિસ્તારમાંથી આવું છું તે અબડાસા વિસ્તાર ખૂબ જ પછાત વિસ્તાર છે. ૪૦-૪૦ કિ.મી.માં જે પગે જતા હોઈએ અને વચ્ચે જનાવર પણ ન મળે એવો નિર્જન મારો વિસ્તાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષમાં ત્યાં અનેક ઉદ્યોગો આવ્યા છે. અનેક રોજીરોટીની સમસ્યાઓ હલ થઈ છે અને આઝાદી પછી પ્રથમ વખત એવું બન્યું છે કે આ જે વિસ્તાર અબડાસા અને લખપતનો છે જયાં કાયમ રોજના ૫૦ થી ૧૦૦ માણસો હિજરત કરીને પેટીયું રળવા કોઈ મુંબઈ જતો હોય , કોઈ સુરત, કોઈ વલસાડ, કોઈ જામનગર જતા હતા. આ પાંચ વર્ષની અંદર કચ્છમાં પ્રથમ વખત અબડાસા અને લખપત વિસ્તારમાં એવું બન્યું છે કે મુંબઈમાં કમાનારો ભાઈ અબડાસા આવીને રોજીરોટીના પ્રયત્નો કરતો થયો છે. સાત થી આઠ હજાર માણસો જે હિજરત કરી ગયેલા તેઓ આ વિસ્તારમાં પરત આવ્યા છે. તેવા વખતે ખરેખર અભિનંદનના પાત્ર આ સરકાર છે તેને અભિનંદન ન આપીએ તો એ ઉચિત નથી. પાંચ વર્ષની અંદર ભ્રષ્ટાચારમુકત શાસન આપ્યું છે. આજે કોઈપણ માણસ છે તે માણસ એમ કહી શકે કે મુખ્યમંત્રીશ્રીને સેલ્યુટ કરીએ છીએ અને કહે છે કે ના શાસન તો આવું હોવું જ જોઈએ. નહીંતર મિત્રો આ ભારના એક વખતના વડાપ્રધાન પોતે જાતે કબૂલ કરેલ છે કે હું સો રૂપિયા મોકલું છું તેમાંથી પ્રજામાં દસ રૂપિયા પહોંચે છે. ત્યારે મને એક પ્રસંગ યાદ આવે છે. અમારા ગામડાના એક બુઝુર્ગ, વડીલ એમણે મને સો રૂપિયાનો હિસાબ શીખવાડેલો. એ કચ્છીમાં વાત છે છતાં અહીંયાં કહીશ. તેઓએ મને સો રૂપિયાનો હિસાબ સમજાવ્યો કે રૂપિયા હતા સો, ડાંહ લઈ ગયો ભોં, બાકી વધ્યા નેવું, ડાંહ લઈ ગયો નેણું, બાકી વધ્યા એંશી, દસ ગયા ખસી, બાકી વધ્યા સત્તર, ડાંહ લઈ ગયો મિતર, બાકી વધ્યા સઠ, દસની લીધી લઠ. લઠ એટલે લાકડી, બાકી વધ્યા પચાસ, દસની લીધી શે, બાકી વધ્યા પંજા, ડાંહની લીધી સંજા, સંજા એટલે દીવડો. બાકી વધ્યા ચાલીસ. ડાંહ ગયા હારી, બાકી વધ્યા ત્રીસ, બાકી વધ્યા ત્રીસ, ડાંહ ખાડી ધી, ધી એટલે દીકરી, બાકી વધ્યા વીસ તે દસ તારા અને દસ મારા. આ હિસાબ અગાઉ આપની સરકારોમાં આપેલો છે.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે કોઈ સમય રહેતો નથી. આપનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# બિન સરકારી વિધેયકો

### ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮
### અંતિમ માંદગીથી પીડાતા દર્દીઓને જીવન રક્ષક સારવાર આપવાનું બંધ કરતા ફિઝિશિયનો અને સર્જનોને દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ કરેલા સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૪ સન ૨૦૦૮નું ગુજરાત ફિઝિશિયત અને સર્જન (દિવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભરત બારોટ :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદી અને દેશને આઝાદીના ૬૦ વર્ષ થઈ ગયા છે. સગવડતા ઘણી વધી અને સાધનો ઘણા વધ્યાં. મનુષ્યના આયુષ્યની સરેરાશ પણ વધી છે પરંતુ આધુનિક સમયની સાથે સાથે અપમૃત્યુના પ્રસંગો પણ વધવા માંડ્યા છે, જેમ સાધનો વધ્યા છે, જેમ સવલતો પણ વધી છે એના પ્રમાણમાં રોગના પ્રકારો અને અપમૃત્યુના બનાવો પણ વધ્યા છે. પહેલાં સામાન્યત: વાહનોની અગવડતા હતી, એક ગામથી બીજે ગામ જવું હોય, એક શહેરમાંથી બીજા શહેરમાં જવું હોય, એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવું હોય તો એ માટે વાહન વ્યવહારની સગવડતાઓ ઘણી ઓછી હતી, વાહનો પણ ઘણાં ઓછાં હતાં પણ આજે દેશની આઝાદીના ૬૦ વર્ષ પછી દરેક ઘરની અંદર, દરેક ગામડાઓની અંદર પ્રગતિની સાથે સાથે ગાડાં-બળદની સાથે સાથે ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર વધ્યાં છે. શહેરોની અંદર ટુ વ્હીલરની સાથ સાથે એક ઘરમાં ત્રણ ત્રણ ચાર ચાર વ્હીલરો પહોંચી ગયાં છે, સગવડો ઘણી વધી, અપમૃત્યુ પણ ઘણા વધ્યા અને આજે પણ બ્રેઈનડેડના પ્રસંગો પણ અનેક વધવા માંડ્યા છે, રાજયમાં સગવડો વધી છે, એકસો આઠની વ્યવસ્થા વધી છે, આપણે ફોન કરીએ કે ગાડી પહોંચી જાય આમ છતાં અપમૃત્યુ અકસ્માતોની અંદર જ્યારે તાત્કાલિક સગવડતા પ્રાપ્ત થતી હોય છે પણ પ્રસંગો એવા બને છે કે બ્રેઈન સ્ટ્રોકથી માંડીને, હાર્ટએટેકથી માંડીને એકસીડેન્ટની અંદર માણસ બ્રેઈનડેડ થઈ જાય પછી એને કૃત્રિમ રીતે જીવાડવા માટેના પ્રયત્નો એ સમગ્ર કુટુંબ માટે ત્રાસદાયક બને છે, કેટલાક લોકો તો કોમામાં પાંચ પાંચ- સાત સાત વર્ષ સુધી જતા રહે છે એટલે જે માણસને અકસ્માત થયો હોય એના કરતાં એના કુટુંબીજનોને એ દર્દીને કોમામાં જીવિત રાખવા માટે વધારે તકલીફો પડતી હોય છે અને એટલા માટે ઘણીવાર આ આખી પરિસ્થિતિમાંથી આવો માણસ આ બધું જોઈને વિચારે કે જ્યારે પોતાના અનુસંધાનમાં સમગ્રતયા પોતાનું કુટુંબને આવી રીતે સહન કરવાનું હોય, અને એને ખબર હોય કે મને ડાયાબીટીસ છે કે બીપી છે, કે

* વિધેયક સન ૨૦૦૮ના ફેબ્રુઆરી મહિનાની ૨૮મી તારીખના ગુજરાત રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

ક્યારેક ભવિષ્યમાં મને ટ્રાવેલિંગ કરું છું ત્યારે આમ થતું હોય ત્યારે એ વખતે પોતે મુખત્યારનામું કરે પણ મુખ્યત્યારનામું કર્યા પછી એ પોતાના સારા મૃત્યુ માટેની અભિલાષા કરે એ અભિલાષા કર્યા પછી આજે પણ આપણા કાયદાઓ છે એ કાયદાઓની અંદર મૅડિકલ પ્રેકટીશનરો - ડૉકટરોને આપણે એવી છૂટ નથી આપી શક્યા કે કોઈ અપવાદરૂપ એવા કેસોમાં, આવા પ્રસંગોમાં આવો દર્દી થાય ત્યારે આવા પ્રસંગોમાં એને મૃત્યુના સંદર્ભમાં એ દર્દીએ મુખત્યારનામું કર્યુ હોય સ્વસ્થ મગજે, આપણે એને એ રીતે સારું મૃત્યુ આપી શકીએ. આધુનિકતાની સાથે સાથે આજની મૅડિકલ પ્રૅક્ટિસની અંદર પણ જે આધુનિકતા આવી છે એ આધુનિકતાની સાથે સારવાર કરનારો એ ડૉક્ટર આજે એવી રીતે અનેક કાયદાઓથી બંધાઈ ગયો છે કે હવે સારવાર કરવાની લગભગ ટાળવાની પ્રક્રિયામાં પોતે પોતાની જવાબદારીમાંથી છટકવા માગે છે ત્યારે આપણે આ મૅડિકલ પ્રેકટીશનરોને એ દર્દીના ફાયદામાં, સમાજના ફાયદાના સંદર્ભમાં પણ બ્રેઈન ડેડ વ્યકિત હોય, જે પોતે સ્વસ્થ મગજમાં પોતે મુખત્યારનામું કરીને ગયા હોય ત્યારે હું આ બિલ દ્વારા એ રજૂ કરવા માગું છું, કે વિચાર મૂકવા માગું છું સન્માનનીય સભાગૃહ સમક્ષ કે આવી પરિસ્થિતિમાં આ આધુનિકતાની સાથે સાથે આપણે આધુનિક એકવીસમી સદીમાં જઈ રહ્યા છીએ ત્યારે આપણે આ ડૉકટરો- પ્રેકટીશનરોને દીવાની અને ફોજદારી કાયદાના સંદર્ભમાં આવી અપવાદરૂપ બાબતોની અંદર આપણે એમને મૂકિત આપવી જોઈએ.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈ બારોટ જે ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૪ સન ૨૦૦૮નું ગુજરાત ફિઝિશિયન અને સર્જન (દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એક ખૂબ જ સંવેદનશીલ વિષય લઈને માનનીય ભરતભાઈ અહીંયાં આવ્યા છે. આમ તો આપણે સૌ જાણીએ છીએ કે, માનવ જાતની સંવેદનશીલતાનો કોઈ વિકલ્પ નથી, કાયદા દ્વારા સંવેદનશીલતા વધતી નથી પણ ઘટે છે. જે વર્ગના ભયને દૂર કરવા માટે આપણે આ કાયદો ઘડવા વિચાર કરી રહ્યા છીએ એ તબીબી વર્ગને અથવા એ નિષ્ણાત ડોકટરને ભયમુકત કરવા જતા કાયદાનો દૂરુપયોગ કરી અને સાચી સંવેદનાને તરછોડી પોતાનો સ્વાર્થ સાધનારા કેટલાય નવા લૂંટ કરનારા અને માત્ર સંપત્તિને પ્રેમ કરનારા લોકો નીકળી પડશે એને રોકવાનું અશક્ય બની જશે. આ બધી માનનીય ભરતભાઈએ જે વાત કરી એ સાચી છે કે, બ્રેઈન ડૅડ થાય અને એ વ્યકિત કોમામાં હોય અને જીવે નહીં એવી પૂરી શકયતાઓ હોય એવા સમયે એને એ છૂટ મળવી જોઈએ કે એનું મૃત્યુ શાંતિથી થાય. પરંતુ એ નક્કી કરવું આજ સુધી અત્યારે વિજ્ઞાન આટલું બધું આગળ વધ્યું છે છતાં પણ મુશ્કેલ છે. અનેક નિષ્ણાત તબીબો અને એના બધા સાધનો હોવા છતાં એ બધા જ ખોટા પડે એવા દાખલાઓ આપણે સાંભળીએ છીએ. ડોકટર તરીકે અમે સાંભળીએ છીએ અને સામાન્ય જનતા પણ જુએ છે કે ડોકટરોએ ના પાડી, રજા આપી દીધી, જીવવાનો જ નથી દર્દી હવે ઘરે લઈ જાવ, ભગવાનનું નામ લો અને એ પછી એ દર્દી જીવી ગયો હોય એવા દાખલાઓ અવાર નવાર સાંભળીએ છીએ. એવી હકીકત મેં પણ જોઈ છે, ડોકટર તરીકે પણ જોઈ છે. તો એવા સંજોગોમાં મારે એક ઉદાહરણ બની ગયેલું આપવું છે ૧૫ વર્ષ પહેલાંની વાત છે મારી હોસ્પિટલમાં હું કામ કરતો હતો ત્યારે એક બહુ જાણીતા એમ.ડી. ડોકટર ભાવનગરના એના નાનીમા મહુવામાં રહે, એની ઉંમર ૮૫ વર્ષની એ અન્ય હોસ્પિટલમાં મહુવામાં સારવાર લેતા હતા ત્યાં એમને સારું ન થયું એટલે એમને બીજે મોકલવાનું કહ્યું, અને એમ કહ્યું ડોકટરે કે એમને હોઝરીની અંદર કાણું પડી ગયેલું છે અને એ ઓપરેશન કરવાથી જ સારું થાય. એ દર્દી મારી સલાહ લેવા માટે આવ્યા, ભાવનગરના એમ.ડી. ડોકટરે ફોન કર્યો કે મારા નાનીમા છે હું આવું પછી નિર્ણય લેજો. એ ડોકટર પણ આવી ગયા અને મેં એમને સમજાવ્યું કે, આ બિમારી એવા પ્રકારની છે અને વળી એમની ઉંમર પણ એવા પ્રકારની છે કે, હોઝરીમાં કે આંતરડામાં કાણું પડી ગયું હોય એવા કોઈ પણ દર્દીને ઓપરેશન વગર સારું ન થાય એ સામાન્ય નિયમ છે તબીબી શાસ્ત્રનો માટે ઓપરેશન કરવું પડે. ઓપરેશનમાં તો જોખમ છે જ. પણ એક ટકો એમાં બચવાની શક્યતા છે અને જો ઓપરેશન ન જ કરીએ તો સોએ સો ટકા એનું મૃત્યુ થાય. એ ડોકટર પણ જાણતા હતા, અમે ચર્ચા કરી, માડીને સમજાવ્યા કે ઓપરેશન કરવાની અમે તૈયારી કરીએ છીએ એ પહેલાં નાકની અંદર એક નળી નાંખવી જરૂરી હોય છે એટલે અમે નાકમાં નળી નાંખવાનો પ્રયત્ન કર્યો તો એમણે તરછોડી દીધી અને જોરદાર વિરોધ કર્યો, કલ્પી ન શકાય કે આ ૮૫ વર્ષના માડીમાં આટલી તાકાત, ઓપરેશન માટે તેઓ હરગીઝ તૈયાર ન થયા, ઓપરેશન માટેના ટેબલ ઉપર એમને લઈ ગયા તો ત્યાં પણ એમણે એટલો જ જોરદાર વિરોધ ચાલુ રાખ્યો કે મારે ઓપરેશન નથી કરવું. ત્યારે મેં એમના જે પૌત્ર એમ.ડી. ડોકટર હતા એમને સમજાવ્યું કે, જુઓ ડોકટર સાહેબ અત્યારે માડીની ઇચ્છા ઓપરેશન કરાવવાની નથી. તબીબી શાસ્ત્રનો નિયમ તો એવું કહે છે કે ઓપરેશન કરીએ તો જ બચે નહીં તો ન બચે, સો ટકા ન બચે. પણ મારા અનુભવે અગાઉ મેં એવું જોયું છે દર્દીની ઈચ્છાની વિરૂધ્ધ તમે જ્યારે પણ કાર્યવાહી કરો છો ત્યારે પરિણામ સારું નથી આવતું અને એમાં પણ આ તો આટલા ઉંમરવાળા દર્દી છે અને સમજણપૂર્વક કહે છે, શુદ્ધબુદ્ધિથી કહે છે. બેભાન અવસ્થામાં હોય અને આપણે નિર્ણય લઈએ એ વાજબી વાત છે પણ આ કિસ્સામાં જ્યારે એ પોતે વિરોધ કરે છે ત્યારે આપણે આ નિર્ણય મુલતવી રાખીએ અને આવો એક દર્દી અગાઉ બચી ગયેલાનું મને યાદ છે. અને જો પરમાત્માની ઈચ્છા હોય તો કદાચ એ બચે પણ ખરા, પણ ન બચે તો તમે એવું ના કહેતા કે તબીબ તરીકે મેં આ નિર્ણય લીધો અને ઓપરેશન ન કર્યુ એટલે દર્દી મરી

ગયો. આમાં જો તમે સંમત હો તો આપણે ઓપરેશન બંધ રાખીએ. નહિતર એમને પકડીને પણ અગર એનેસ્થેસિયા આપીને પણ હું ઓપરેશન કરવા તૈયાર છું. પણ સદ્‌ભાગ્યે એ તબીબ મારી સાથે સંમત થયાં, અમે ઓપરેશન ના કર્યુ, ચાર દિવસ પાંચ દિવસ એને બાટલાઓ અને દવાઓની સારવાર ચાલુ રાખી. એ માડી સારા થઈને ગયા. એ પછી ૧૯૯૮માં તરત જ ચૂંટણી આવી અને પછી એક વર્ષ વીતી ગયું ત્યારે ફુલહાર લઈને એની શેરીમાં એ મારું સ્વાગત કરવા માટે ઉભાં હતા. ચાર પાંચ વર્ષ બાદ કૂદરતી રીતે એમનું મૃત્યુ થયું. કૂદરતની લીલા અપરંપાર છે. માણસ ગમે તેટલો મથે, પણ કદી એ લીલાનો પાર પામી શકવાનો નથી. આજે વિજ્ઞાન એવો દાવો કરે છે કે ઘણું બધું આપણે પામી ગયા છીએ પણ એ કદીયે શકય બનવાનું નથી કેમકે ધેર ઈઝ નો લિમિટ, કારણકે વિજ્ઞાન છે એ આખરે મર્યાદિત છે પણ પરમાત્માની શકિત એ સુક્ષ્મ શકિત છે એ અમર્યાદિત છે. સિવિલ હોસ્પિટલ કે ટ્રસ્ટ હોસ્પિટલો, એની અંદર સારવાર કરનાર તબીબો શુધ્ધ બુધ્ધિથી જયારે નિર્ણય આપે છે ત્યારે મહદ્‌અંશે દર્દી અને એના સગાંવહાલાં સ્વીકારતા હોય છે. ભરતભાઈએ જે વાત કરી છે એ મોટાભાગે કોરપોરેટ હોસ્પિટલો અથવા તો પ્રાઈવેટ દવાખાનાઓ જયાં ઉંચી ફી હોય છે અને એ લોકોને એ દવાખાનાઓને નીભાવવા માટે પણ, અમૂક ચાર્જ અનિવાર્ય હોય છે એવા સંજોગોમાં દર્દી કાયમ માટે ગડમથલ અનુભવતો હોય છે એના મનમાં થતું હોય છે કે આ ડોકટર આ લાઈફ સપોર્ટ રાખવાની વાત કરે છે એ પૈસા માટે તો નહિ કરતા હોયને. અમે રોજ અહીંયાં રહીએ એટલે રોજનું પાંચ-દસ હજારનું બિલ થાય એવી ભાવના એના મનમાં રહેલી હોય છે અને એ એવું વિચારતા હોય છે કે એ એના માટે તો નહિ કરતા હોયને? ખરેખર શુધ્ધ નિર્ણય હશે કે કેમ એ જયારે એના મનમાં શંકા જાગે ત્યારે જ માત્ર એ એના નિષ્ણાત તબીબનું કહયું માનતો નથી નહિતર સામાન્ય સંજોગોમાં બ્રેઈન ડેડ થયેલો દર્દી એના સગાંવહાલાની લાગણી છે એ તકલીફની સાથે સંમત થયાં વિના રહેતા નથી. સંમત થાય છે તેમ છતાં કોઈક વખત એવું બને કે એ એવી વાત છે. કિસા ગૌતમીનો બહુ જાણીતો કિસ્સો છે, ભગવાન બુધ્ધના જીવનમાં બનેલો. કે એના મૃત બાળકને પણ કિસા ગૌતમી છોડી શકતી નહોતી. એ મૃત બાળક હતું છતાં પણ સતત એ એને વળગીને એને સાથે રાખીને ફરતી હતી કે મારું બાળક જીવે છે, જીવે છે. આખરે એ ભગવાન બુદ્ધના શરણે ગઈ અને ત્યારે એને કહેવામાં આવ્યું હતું કે તમે કોઈપણ ઘરેથી ચોખા એક મુઠ્ઠી લઈ આવો અને હું તમારા બાળકને જીવાડી દઉં. એવા સમયે કિસા ગૌતમી તો મોહિત હતી, મોહમાં હતી બાળકના. એ તો નીકળી પડી કે મને મળી જશે ચોખા. પણ પછી એને પાછી વાળીને કહયું હતું કે યાદ રાખજો કે એવું ઘર કે જયાં કદી કોઈ મુત્યું થયું ન હોય તો કહે હા હા જરૂર. એમ કરીને એ ગઈ પછીની વાર્તા અને વાત શું છે એ હકીકત આપણે સૌ જાણીએ છીએ એને એવું એક પણ ઘર ના મળ્યું કે જયાં કોઈ મૃત્યુ ના થયું હોય પણ એ દરમિયાન એ મોહભ્રમમાં હતી, એ તો મોહમાં હતી. પછી એ મોહમાંથી મુકત થઈ અને સાચી વસ્તુ સ્વીકારી. એને જ્ઞાન મળ્યું એટલે એની મૂકિત થઈ અને પછી એણે અનેક લોકોને તારવી દીધા. તો ઈચ્છા મૃત્યુ એ આ પ્રકારની જોગવાઈ, અત્યારે લાઈફ સપોર્ટ દૂર કરવાની વાત છે. એ બેયની વચ્ચેની ભેદરેખા એટલી બધી સુક્ષ્મ છે કે એને આપણે અલગ તારવી ન શકીએ એને કારણે સ્વાર્થી લોકો ધારોકે એક વસ્તુ કે કોઈ સાજો માણસ કોઈ દર્દીને પીડાતો જૂએ છે એ આપણામાંથી કોઈપણ જૂએ અને એને જોઈને એને એમ થાય કે, આહા હા.. આટલી બધી પીડા આ બેભાન અવસ્થામાં આ પીડા ભોગવે છે હું જયારે મૃત્યુ પામુ ત્યારે મને તો આ પીડા ના ખપે. હું અત્યારથી લખતો જાઉં છું મારા સગાંવહાલાઓને વારસોને કે હું જયારે મૃત્યુ શૈયા પર હોઉં ત્યારે શાંતિથી મારું મૃત્યુ થાય એવું હું લખી દઉં છું. એટલે એ ભયને કારણે કે મારે આવું મૃત્યુ ન જોઈએ પણ પછી જયારે હકીકતમાં એ બિમારીમાં આવે અને એ બેભાન અવસ્થામાં હોય ત્યારે એની બેભાન અવસ્થા માત્ર કલાકો પૂરતી હોઈ શકે એવી બિમારી પણ હોઈ શકે અને એ સાજો થવાનો હોય. પરંતુ ક્યારેક એવા સગા વહાલાં સ્વાર્થી હોય, તેનાથી ઘેરાયેલો હોય, તેનો પોતાનો અંગત કોઈ વારસ ના હોય ત્યારે તેના સગા-વહાલાં તેની માલ-મિલકત લેવા માટે થઈને તે તેના મુખત્યારનો ઉપયોગ કરીને ડોકટરને અને અન્ય તબીબને પણ સમજાવે છે કે તે તો પોતે લખીને ગયા છે અને હવે સો ટકા મરી જાય એવું છે. અત્યારે બેભાન છે અને તેણે કહ્યું છે તો તમને કાયદાનું રક્ષણ છે તો તમો શું કામ અંત નથી લાવતા? હકીકતમાં તે વ્યકિત જીવી જવાનો હોય અને માત્ર ભય પ્રેરિત આ નિર્ણય તેણે લીધો હોય એટલે આ બધા સંજોગોમાં અને આપણી ધાર્મિક લાગણી, આપણી સંસ્કૃતિ, હિન્દુસ્તાનની સંસ્કૃતિ તે આખા વિશ્વને માર્ગ ચીંધાડનારી છે. આપણો કર્મનો સિદ્ધાંત તે હજુ આખી દુનિયા સમજી ના શકે એટલો ગૂઢ છે. તો એ પ્રમાણે જે કંઈ થાય તે દર્દી અથવા તેના સગા-વહાલાંને ભોગવવાનું નિર્માણ હોય તેમ સમજીને આ વસ્તુને સ્વીકારી અને આખરે ડોકટરની અને દર્દી તથા તેના સગા-વહાલાંની વિવેકબુદ્ધિ ઉપર આપણે આ છોડીએ તો ભવિષ્યમાં જે આના લીધે દૂર ઉપયોગ થવાની શક્યતા છે તેમજ સ્વાર્થી તત્ત્વો દ્વારા ઘણી વખત અનર્થ થવાની શક્યતા છે તેમાંથી આપણે બચી શકીશું. એટલે આ વિધેયકની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈએ જે બિલ રજૂ કર્યુ છે અને માનનીય ડો.કળસરીયાએ તેમના ક્ષેત્રના અનુભવ સાથે ખૂબ સરસ વાત કરી છે તે સંજોગોમાં એક તરફ mover of the બિલની સભ્યશ્રીની જે ચિંતાઓ છે બીજી તરફ આ બિલની સાથે જોડાયેલી કેટલીક સિક્કાની બીજી બાજુઓ છે જે માનનીય શ્રી કળસરીયાએ રજૂ કરી છે. હું ચોક્કસ એ વાત માનું છું કે દરેક ક્ષેત્રમાં, દરેક જગ્યાએ બે પ્રકારના લોકો હોય છે. એક સારા અને એક ખરાબ. આપણે ત્યાં કહેવાય છે કે સુકાની પાછળ લીલુ ના બળી જાય તેની ચિંતાઓ કરવી પડે. આપણે ત્યાં આજે પણ કેટલાક professions એને એવી રીતે

જોવામાં આવે છે કે આ તો દેવના હાથમાં દીધા હોય તે પ્રકારની ભાવના. માણસ અમૅરિકામાં સારવાર લેવા જાય તો જનારો માણસ પણ જાગૃત છે અને સારવાર આપનારો માણસ પણ જાગૃત છે. પેલાને ખબર છે કે આ ભૂલ કરે તો હું તેને શું કરી શકીશ. અને જે સારવાર આપે છે તેને પણ ખબર છે કે હું ભૂલ કરીશ તો મને આ શું કરી શકે છે એ કક્ષા પહોંચી છે. આપણે ત્યાં આપણી જે મર્યાદાઓ છે તેને પણ ક્યાંક સમજવી પડે તેમ છે. માનનીય સભ્યશ્રી કળસરીયા કહેતા હતા સાચી વાત છે. અમૂક દેશોમાં તે કાયદો પણ છે કે મારે જ્યારે ઇચ્છા થાય કે આ બિમારીમાં કદાચ જીવી જાવ તેમ છું પણ મારે હવે નથી જીવવું right to die મરવાનો અધિકાર તે અમૂક રાજયોમાં છે. એક નાના રાજયોએ એવી શરૂઆત પણ કરી કે ડોકટર ડિસાઈડ કરે કે આ દર્દી હવે પીડાય છે આમને agony prolong કરવાના બદલે આમની પીડાઓને સતત લંબાવીને પણ એન્ડ આપણને ખબર છે ત્યારે let him die peacefully તેને આરામથી મરવાની સગવડતા કરી આપો. ત્યાં પણ સમસ્યાઓ થઈ છે. ત્યાં જે સવાલો ઉભાં થયા છે કે મારી પ્રોપર્ટી, મારી કેશ કયાં છે તે એકસ માણસને ખબર છે. મને સીધો હોસ્પિટલમાં ભરતી કરે છે. કંઈ નથી છતાં ડોકટર એમ કહે છે કે આની આ પરિસ્થિતિ હતી આને મરવાની જરૂરિયાત હતી કરીને એને મારી નાખવામાં આવ્યો છે. આવા આક્ષેપો અને આવા કેસીઝ પણ કોર્ટમાં ચાલે છે. અહીં જે બિલની સ્કોપની બાબત છે તેમાં હું માનું છું આપણે ત્યાં પણ અદ્યતન હોસ્પિટલો, સમૃદ્ધિ પાછળ દોટ અને એક જબરજસ્ત પ્રૅક્ટિસ કરનારો ડોકટર આની વચ્ચેના બહુ મોટા અંતરો છે. ડોકટર કળસરીયા જેવા કે બીજા સેવાની ભાવનાથી કામ કરનારા ડોકટર મિત્રોનો એક વર્ગ છે. તેની સાથે સાથે એક વર્ગ એવો છે. કે જે આ ઉમદા વ્યવસાયને પણ પૈસા પડાવવા માટેનું સાધન માનીને ચાલે છે. એન્જીયોગ્રાફી થાય એ જ વખતે કહેવામાં આવે કે સ્ટેન્ટ મૂકવું જ પડશે. અને એ જ વખતે લિમિટેડ ચોઈસ ગરીબ માણસને આપવામાં આવે કે ૧,૨૨,૦૦૦ નું સ્ટેન્ટ મૂકો, જે મેડિકેટેડ છે, નહીં તો ૫૫,૦૦૦ નું છે, જેમાં તકલીફ થશે. હવે આ ૧,૨૨,૦૦૦ અને ૫૫,૦૦૦. પેલા ગરીબ માણસને તો મેડિકેટેડ શું અને સામાન્ય સ્ટેન્ટ શું એ ખબર નથી. સાહેબ, સારું હોય એ મૂકો. ઘર ખોરડા વેચીને પણ પૈસા લાવે. જરૂરિયાત હતી ખરી? આ સવાલ ઉભો થાય છે અને એ સવાલ આપણે કરીએ છીએ એમ નહીં. એકસ્પર્ટસ ઓફ ધ પ્રોફેશન, કાર્ડિયોલોજીના નિષ્ણાત લોકો એમ કહે છે કે ના, અમારા પ્રોફેશનમાં આ જે ચાલી રહ્યું છે એ ખોટું છે. બિનજરૂરી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવાયે સારા ડોકટરો મેં કેન્સર ઈન્સ્ટિટયૂટમાં જોયા છે કે જે બોલાવીને એમ કહે છે કે જો ભાઈ, હું ભગવાન નથી. જીવન મૃત્યુ ઈશ્વરના હાથમાં છે, પણ મારો ભાઈ હોય તો પણ હું એનું ઓપરેશન ના કરું. એના કરતા એને ઘરે લઈ જાઓ. આટલી આટલી સારવાર આપજો. નસીબમાં હશે તો ઈશ્વર એને લાંબુ આયુષ્ય આપશે. જરૂર, મેડિકલ સાયન્સની થીયરી પ્રમાણે ઓપરેશન કરવાનું સૂચવે, પણ એનું વીઝડમ એમ કહે કે હું આ ઓપરેશન કરીશ તો આ માણસ ત્રણ મહિના જીવતો હશે તો વધીને સાડાત્રણ મહિના જીવશે, પણ એ પંદર દિવસ હું વધારીશ અને એ પંદર દિવસ વધારવા જતા એના કપડા, હાલ, પરિસ્થિતિ જોતા મને લાગે છે કે એની બીજી બે જનરેશન સુધી આ માણસના મોઢામાંથી રોટલો ઝૂંટવીને હું આને પંદર દિવસ આપવાનો પ્રયત્ન કરું છું. ના, મારાથી આ ના થાય. આવું વિચારનારો એક વર્ગ પણ છે. એવા સંજોગોમાં માનનીય સભ્યશ્રીની જે લાગણી છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આપણે ત્યાં એવો પણ ઈતિહાસ છે કે પ્રાઈવેટ મેમ્બર બિલ હોય, ખાનગી સભ્ય બિલ લાવ્યા હોય, સરકાર પક્ષનું ના હોય, પણ સરકાર સ્વીકારે, કે લાવો, આ બિલ અમે સ્વીકારી લઈએ છીએ. કાલથી આ કાયદો બનશે. આ બિલમાં માનનીય ડો. કલસરીયાએ જે ભાવનાની સાથે સિકકાની બીજી બાજુની ચિંતા કરી છે ત્યારે માનનીય મંત્રીશ્રી જરૂર પડે તો ધારાસભ્યોની એક સર્વપક્ષીય કમિટી બનાવે. આ ચિંતા માનનીય સભ્યશ્રીની જ નહીં, પણ સમગ્ર સમાજની છે. એનું ચિંતન કરીએ અને એક એવો કાયદો લઈને આ ગૃહમાં આવે કે જેનાથી બન્ને, એક તો નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરતો ડોકટર, એને પ્રોટેકશન મળે, જે આ પ્રોફેશનને વીથ માલાફાઈડ ઈન્ટેન્શન, પૈસા બનાવવાનું કામ કરે છે એને નશ્યત પણ થાય. એક સ્ટેજે જયાં દર્દીને જરૂરિયાત છે, એને સાચી પરિસ્થિતિની સમજણ પણ મળે અને ગરીબ દર્દીનું એકસ્પ્લોયટેશન પણ ના થાય. એના માટેનો એક વિસ્તૃત કાયદો માનનીય મંત્રીશ્રી લાવે, એ જ શબ્દો સાથે, માનનીય સભ્યશ્રીએ એક સાઈડની ભાવના રજૂ કરી અને માનનીય સભ્યશ્રી ડો. કલસરિયાએ અધર સાઈડ ઓફ ધ કોઈન જે વાત કરી છે એ બન્નેને સાંકળીને સરકાર આ બાબતમાં ગંભીરતાથી વિચારે એ જ શબ્દો સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભરતભાઈ ગુજરાત ફિઝિશ્યન અને સર્જન, દિવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબતનું વિધેયક ૨૦૦૮ લઈને આ સભાગૃહમાં આવ્યા છે ત્યારે એ બાબતમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઈ જે માની રહ્યા છે, એ મારા મતે એવી બાબત છે કે જીવલેણ બીમારી કે જીવલેણ ઈજાવાળા દર્દીઓ કે જેમનું જીવન બચાવવું એ શકય ન જણાતું હોય અને દર્દી પોતે જો લેખિતમાં જાણ કરે કે મારી સારવાર બંધ કરવી, તેવા સંજોગોમાં ડોકટરો સારવાર બંધ કરે તો એવા તજજ્ઞ ડોકટરોને કાયદાકીય જવાબદારીમાંથી મૂકિત આપવા બાબતની વાત છે એમ મારું માનવું છે.

આ વિધેયક એ સર્વગ્રાહી વિચારણા માગી લેતું વિધેયક છે. ભરતભાઈના હાર્દ સાથે હું જરૂર સંમત થાંઉ. પરંતુ એમાં આપણે બે વસ્તુ વિચારવી પડે તેમ છે. એક બાબત તો એ છે કે જે દર્દીને ગંભીર ઈજા થઈ હોય, જે દર્દીને ગંભીર બીમારી હોય, જીવલેણ બીમારી હોય કે જીવલેણ ઈજા થઈ હોય અને એ બચી શકે તેમ ન હોય અને

એમને સ્વૈચ્છિક મૃત્યુ, એ દર્દી ઈચ્છે તો એને સ્વૈચ્છિક મૃત્યુ આપવા માટે દાકતરી સારવાર બંધ કરવી જોઈએ એવું એક એમનું માનવું થાય છે એમ હું માનું છું. તો તેમને સ્વૈચિછક મૃત્યુ આપવા માટે ડોકટરે તેમની સારવાર બંધ કરવી જોઈએ એવું એમનું માનવાનું થાય છે એમ હું માનું છું બીજું કે જો ડોકટર દર્દીના કહેવાથી એની સારવાર બંધ કરે તો ડોકટરની જવાબદારી રહેતી નથી એવું એમનું બીજું મંતવ્ય થાય છે એમ હું માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, મેડીકલ એથીકસ પ્રમાણે ડોકટરની જવાબદારી તો એટલી હોય છે કે દર્દીના છેલ્લા શ્વાસ સુધી એની સારવાર કરવી એ એમની જવાબદારી હોય છે, કાયદાકીય રીતે પણ એ જવાબદારી હોય છે કે ડોકટરે દર્દીના છેલ્લા શ્વાસ સુધી તેમનાથી થઈ શકે એટલી સારવાર કરવી. હવે બાબત એ આવે છે કે જે તજજ્ઞ ડોકટર દર્દીની સારવાર કરતા હોય એ દર્દી પોતે જ કહે કે મારે મારી સારવાર કરાવવી નથી તો ડોકટરી જવાબદારી ફીકસ થાય છે કે નહીં એ મને લાગે છે કે માનનીય ભરતભાઈનું કહેવાનું થાય છે અને જો ડોકટરની જવાબદારી ફીકસ થતી હોય તો એ ડોકટરને એ જવાબદારીમાંથી મૂકિત આપવા માટેનું આ વિધેયક છે એમ હું માનું છું, પરંતુ જયારે દર્દી સિરિયસ હાલતમાં હોય અને દર્દી પોતે સભાન અવસ્થાનમાં હોય ત્યારે દર્દી પોતે એમ જ કહે કે મારે સારવર લેવી નથી, મારે હવે મારા ઘેર જવું છે અન્યથા બીજા કોઈ ઠેકાણે સારવાર લેવી છે. તો દર્દીનામામાં એટલે કે ડીસ્ચાર્જ અગેઈન મેડીકલ એડવાઈસના કેસમાં સહી કરીને દર્દી પોતે પોતાના ઘેર થઈ શકે છે અથવા તો અન્ય ઠેકાણે સારવાર માટે જઈ શકે છે. એટલે આમાં સામાન્ય રીતે ડોકટરની કોઈ જવાબદારી ફીકસ થતી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે વાત આવે છે કે સ્વૈચ્છિક મૃત્યુનો અધિકાર આપવો કે નહીં?તો આ બાબત તો બહુ જ વિચારણા માગી લે તેવી બાબત છે કારણ કે આપણો ધર્મ અને વિશ્વના તમામ ધર્મોમાં પણ એવું જ દર્શાવ્યું છે કે સ્વૈચિછક મૃત્યુની કયાંય પણ છૂટ આપવામાં આવતી નથી. આપણો કાયદો પણ સ્વૈચ્છિક મત્યુની છૂટ આપતો નથી. દુનિયામાં માત્ર બે જ દેશો છે કે જયાં આ મૃત્યુની છૂટ આપવામાં આવી છે એમાં એક તો યુ.એસ.એ.નો એક દેશ છે અને બીજો દેશ છે નેધરલેન્ડ આ બે જ દેશમાં આની છૂટ આપવામાં આવી છે, પરંતુ એનાં શું પરિણામ આવ્યાં છે એની કોઈ કલ્પના કે કોઈ ખ્યાલ આપણને નથી. માનનીય ભરતભાઈની વ્યથા સાથે હું સંમત છું કારણ કે જયારે દર્દી રિબાતો હોય થેલેસેમિયાથી કે કેન્સરના લાસ્ટ સ્ટેજથી પીડાતો હોય કે કીડની ફેલ્યોરની તકલીફ હોય અને બચી શકે તેમ ના હોય, થેલેસેમીયાવાળું બાળક પણ બચી શકે તેમ ના હોય એ વાસ્તવિક વાત છે અને પરિણામે દર્દી છિન્નભિન્ન થઈ જતો હોય અને આર્થિક રીતે પાયમાલ થઈ જતો હોય ત્યારે આવા સ્વૈચ્છિક મૃત્યુની છૂટ આપવી જોઈએ એવું આ બિલમાં છે એમ હું માનું છું, પરંતુ આનાં ભયસ્થાનો પણ એટલાં જ મોટાં છે કે દર્દીની હાલત સિરિયસ છે એમ માનીને સગાંવહાલાં એના એકરારનામા દ્વારા પણ એનો ગેરલાભ ઉઠાવે એવી પણ શકયતા હોવાના કારણે મારી વાત એટલી જ છે કે આ બિલને સર્વગ્રાહી વિચારણા માટે મૂકવામાં આવે અને ભરતભાઈના હાર્દ સાથે હું સંમત થાઉં છું.

**શ્રી મુકેશકુમાર ભે. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી ભરતભાઈ જે વિધેયક લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબોની ચિંતા કરવાની જગ્યાએ સમગ્ર સમાજની જો ચિંતા આમાં દર્શાવી હોત તો ખરેખર આપણને આનંદ થાત. તબીબો અને તબીબી વ્યવસાય એ સીધો માનવતા સાથે સંકળાયેલો છે અને જયારે એ તબીબ થવા માટે એમ.બી.બી.એસ.માં પ્રવેશ મેળવે છે ત્યારે પ્રથમ દિવસે એ મનમાં નિર્ધાર કરીને નીકળે છે કે હું જે ક્ષેત્રમાં એકસપર્ટ બનવાનો છું એ ક્ષેત્રમાં આ પ્રકારની જે મારી એકસપર્ટીઝ છે એનાથી કોઈ એમાં રોગી ના રહે અને એ સમગ્ર રોગમાંથી આખો દેશ અને રાજય મુકત થાય એવો એનો નિર્ધાર હોય છે.એટલે આ જે ચિંતા કરવામાં આવી છે કે સ્વૈચ્છિક મૃત્યુ માટે દર્દીને મંજૂરી આપવી, અથવા સગા વ્હાલા કહે એટલે એકરારનામું કરી અને પોતે દવા આપવાનું બંધ કરી શકે તે વાસ્તવિક નથી. એટલા માટે વાસ્તવિક નથી કે કોઈ પણ તેનો સગો વ્હાલો, લોહીના નાતા સાથે જોડાયેલો કોઈ પણ સગો વ્હાલો અથવા તો આડકતરા કે સીધા લોહીના નાતા સાથે જોડાયેલો સગો વ્હાલો કયારેય એમ ઈચ્છતો ન હોય કે મારો આ સગો અમારી વચ્ચેથી ઉપડી જાય, અમારી વચ્ચેથી જતો રહે. તે હંમેશા એમ જ વિચારતો હોય છે કે મારે એમના છેલ્લા શ્વાસ સુધી તેની સેવા કરવી છે, મારે ગમે તે રીતે તેને બચાવવાના પ્રયત્નો કરવા છે. ડો. કલસરીયા સાહેબે ખૂબ ઉત્તમ વાત કરી, કે આનો દુરઉપયોગ કયાં થવાનો, દૂર ઉપયોગ એ રીતે થવાનો કે માની લો કે કોઈ પેશન્ટની પાસે દવાના પૈસા નથી, અને પેસન્ટના સગા વ્હાલા પાસે પૈસા નથી, અને દવા કરી શકે તેમ નથી. લાઈફ સપોર્ટીંગ સિસ્ટમ તેને લાગુ કરવા માટેનો ખર્ચ વહન કરી શકે તેમ નથી. એટલે સ્વાભાવિક છે કે ડોકટર તેમના સગા વ્હાલાને કહેશે કે આ બચી શકે એમ નથી. એટલે તું આમાં સહી કરી દે, અને તારા ઘરે લઈ જા, અને થાય એટલી સેવા કર. માત્ર આર્થિકતાના ધોરણને ધ્યાને લઈને કેટલાક એવા ડોકટરો માત્ર આર્થિકતાનું ધોરણ ધ્યાને લઈ અને આ આખા કેસને મૃત્યુ તરફ ધકેલી દેશે એમાં કોઈ શંકા નથી. હું એમ નથી કહેતો કે બધા તબીબો આવા છે. પણ આજે આપણે કિસ્સા જોઈએ છીએ કે કિડની કાઢી અને વેચી મારવામાં આવે છે. કિડનીના ટ્રાન્સપ્લાન્ટેશનના બોગસ ખોટા કેસો ધ્યાન ઉપર આવે છે. એ પણ ડોકટર છે, નેચરોપેથીસ્ટ છે. અમારા એક સગાનો કિસ્સો કહું, એમને લ્યુકેમીયા જાહેર કર્યા, અને ૩ મહિનાથી વધારે જીવશે નહીં, શેક અપાવો એમ કહેવામાં આવ્યું, પેશન્ટનું મનોબળ મકકમ હતું, તેમણે કહ્યું કે મારે શેક નથી લેવા, કોઈ દવા પણ નથી લેવી, મને ભગવાનને ભરોસે છોડી દો. અને સાહેબ આજે ૧૫ વર્ષથી અને એક હજાર કિલો મીટર ગાડી દોડાવી અને એ વ્યકિત અવન જવન કરી શકે છે. એટલે ડોકટર પોતે પોતાની નિર્ણય શકિત સાચી છે

એ વાત સાથે પણ આપણાથી સંમત ન થવાય. માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં જેમ અમારાનેતાશ્રી શકિતસિંહે કહયું કે આનો વિસ્તારપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. અને માની લો કે આવો કોઈ પણ નિર્ણય કરવો હોય અને કોઈ પેશન્ટ, કે પેશન્ટના સગા વ્હાલા આ નિર્ણય ઉપર આવવા માગતા હોય કે મારે હવે છેલ્લા શ્વાસ સુધી મને આરામથી મરવા દો એવી વાત આવે તો તબીબોની એક કમીટી બનાવવી જોઈએ, અને ૩ કે ૬ તબીબો ભેગા થઈને પેશન્ટને વ્યવસ્થિત ચકાસે, ચેક કરે અને પછી નિર્ણય લે. તે દિશામાં જવું જોઈએ. એટલે આ બિલ સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભરતભાઈ જે વિધેયક લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે, અને એમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય સભ્યશ્રીઓ ડો. કલસરીયા, માનનીય મહેન્દ્રભાઈ અને માનનીય મુકેશભાઈએ પોતાના વિચારો વ્યકત કર્યા છે તેનાથી આ સમગ્ર બિલને સમજવામાં ઘણી મદદ મળે એમ છે. સવાલ ઈચ્છા મૃત્યુનો છે. અને આપણે જો મહાભારતના જમાનામાં જોઈએ તો એ ઈચ્છા મૃત્યુની સવલત, અથવા તેની ક્ષમતા કે વરદાન ભિષ્મ પિતામઃને પ્રાપ્ત હતું. એ તેનો જુનામાં જુનો દાખલો છે. તેઓએ પોતે પોતાના દેહનો કયારે ત્યાગ કરવો તે પોતાની જાતે નક્કી કર્યુ હતું. ડોકટરની મર્યાદા વિષે વાત કરવામાં આવી તે વાત સાથે પણ કયાંક સંમત થવાય એવું છે. કારણ કે મહદઅંશે ડોકટરને ત્યાં જઈએ ત્યારે પણ અને ડો. કલસરીયા સાહેબ પણ તેની સાથે સંમત થશે કે ત્યાં એક બોર્ડ મુકયું હોય છે. આઈ ટ્રીટ્સ, હી કયોર્સ, હું તો માત્ર સારવાર આપું છું અંતિમ પરિણામ એ ઈશ્વરના હાથમાં છે. આમ છતાં આપણી સંસ્કૃતિમાં ડૉકટર કે વૈદ્ય માટે ખૂબ આદરથી ઈશ્વર સમકક્ષ ગણીને જોવામાં આવે છે. એટલા માટે કહેવામાં આવે છે કે," ઔષધમ જાનવી ત્વયમ વૈદ્યો નારાયણી હરિ." ઔષધ એ ગંગાજળ સમાન પવિત્ર છે, ડૉકટર કે વૈદ્ય એ ખુદ ભગવાન નારાયણનો અવતાર છે પરંતુ જે પ્રકારની વાતો અહીંયાં વ્યક્ત થઈ એમાંથી આજના જમાનામાં એ કેટલા અંશે human greed lure. માંથી જે માનવ સહજ નબળાઇઓ છે એમાંથી મૂકત રહી શકે એ બાબત પણ વિચારણાને પ્રાપ્ત છે. અને ન રહી શકે તો એના માટે બીજો પણ શ્લોક છે કે "વૈદ્યરાજ નમસ્તુભ્યં, યમરાજ સહોદર, યમસ્તુ હરતિ પ્રાણાનિ, વૌદ્યસ્તુ પ્રાણાનિ ધનાનિ ચ." યમરાજા તો જીવ લઈ જાય છે પણ આ ડૉકટર પ્રાણ અને જીવ બંને લઈ જાય તેવું આ શ્લોકના ભાવાર્થથી વ્યક્ત કરવામાં આવ્યું છે અને એટલે સ્વાભાવિક રીતે બંને બાજુ મંતવ્યો વ્યક્ત થાય એ સહજ છે એ રીતે મંતવ્યો વ્યક્ત થયા છે. કાયદાનો સિદ્ધાંત છે કે સો ગુનેગાર છટકે તો વાંધો નહિ પરંતુ એક નિર્દોષને સજા નહિ થવી જોઈએ. એ રીતે જીવલેણ દર્દની કોઈ વ્યાખ્યા નથી હોતી. ડૉકટર છેલ્લા શ્વાસ સુધી દર્દ સામે લડે છે, છેલ્લા શ્વાસ સુધી દર્દ સામે લડે છે એના કારણે આજે અનેક રોગો સામેના ઉપાયો શોધી શકાયા છે. ડૉકટર જે તબક્કે એમ કહે કે આ જીવલેણ દર્દ સામે નથી લડતો અથવા તો હાર માની લઉં છું ક્યાંક એ ડૉકટરને એ રોગ સામે લડવા પ્રતિબદ્ધતામાં ક્યાંક કચાશ છે એવું કહી શકાય એટલા માટે આને સમગ્ર પ્રશ્નને જુદી રીતે જોવો જોઈએ. હું એને ચાર ભાગમાં વહેંચવા માગું છું. એક ભાગ આપણી સંસ્કૃતિ અને જીવન પ્રણાલી સામે જોડાયેલો છે. જે અમેરિકમાં સાચું છે, જે નેધરલેન્ડમાં સાચું છે એ જરૂરી નથી કે અહીંયાં સાચું હોય. આપણે એ પ્રણાલીના વારસદારો છીએ કે જે પ્રણાલી પ્રાર્થના કરીએ તો પણ "સર્વત્ર સુખિનઃ સન્તુ, સરવે સન્તુ નિરામયા." ની પ્રાર્થના કરે છે. આપણે એ પ્રણાલિકાના વારસદારો છીએ કે જેમાં સવારમાં ઊઠીને નીચે પગ મૂકીએ તો પણ પ્રાર્થના કરીએ છીએ." સમુદ્ર વસને દેવી પર્વત સ્તનમંડલે, વિશ્નુ પત્ની નમસ્તુભ્યં પાદઃ સ્પર્શઃ ક્ષમઉ ક્ષમે." પૃથ્વીને પોતાના પગનો સ્પર્શ થાય એટલી હદ સુધી કોઈ એને આઘાત જીવ શ્રૃષ્ટિને ન પહોંચે એની ખેવના કરવાવાળી આ સંસ્કૃતિ છે અને એટલા માટે જૈન ભગવંત મુનિઓ તો માઇકનો પણ ઉપયોગ નથી કરતાં કે કોઈ જીવ હિંસાનું નિમિત્ત બને. આ સંસ્કૃતિના આપણે વારસો છીએ. આપણે આ પણ જાણીએ છીએ.

હું આ તબક્કે એક ઐતિહાસિક વાત કહેવા માગું છું. એક રાજાના બે કુંવરો હતા. દેવદત્ત અને સિદ્ધાર્થ એમાં એકે હંસને બાણ માર્યુ જ્યારે બીજો રાજાનો કુંવર એણે બચાવ્યો અને એમાંથી એ ઝગડો થયો કે એના ઉપર અધિકાર કોનો? ત્યારે ન્યાય તોળવામાં આવે છે કે જેણે બચાવ્યો છે એનો અધિકાર મારનાર કરતાં એના જીવ ઉપર વધારે છે. આ મારવાનો અધિકાર આપવાની વાત છે એટલે મારનાર કરતાં બચાવનાર હંમેશા મોટો છે અને ડૉકટરનું કામ છે છેલ્લી ઘડી સુધી એ રોગ સામે લડતો રહે અને આપણે જેમ ગીતામાં પણ કહ્યું છે કે, " મમૈં વાંસો જીવલોક જવભૂત સનાતન." અથવા તું જ મારો અંશ છે, દરેક વ્યકિતમાં ભગવાનનો અંશ છે અને સર્વસ્વ ચાહમ રૂડી સવેનિષ્ઠ અથવા તો દરેકના હ્રદયમાં વસું છું એ ભાવનાથી ડૉકટર કામ કરે છે. એ પ્રકારની સંસ્કૃતિના આપણે વારસદારો છીએ પણ હવે આ સંસ્કૃતિ અને એને લગતી વાતમાંથી થોડા બહાર આવું તો પહેલી વાત એને તાર્કીકતાની સરાણ ઉપર મૂકીને તપાવવા મૂકીએ તો પ્રશ્ન એ ઊભો થાય છે કે આ માટે કોઈ માર્ગદર્શક સિદ્ધાંતો છે ખરા? માની લઈએ કે આ ઇચ્છા મૃત્યુ અથવા તો જે કોઈ ભાવના વ્યક્ત કરી એ માનનીય ભરતભાઈની ભાવના સારી છે કે એક માણસ પીડાય છે એ મૃત્યુ ચાહે છે અને એ પીડામાંથી એને મૂકત કરવા માટેના શુભ આશયથી આખી વાત કરી છે એને આવકારુ છું. પણ એક ઈન્ડિયન સોસાયટી ફૉર ક્રિટીકલ કેર મૅડિસિન કરીને એક સોસાયટી છે. તેણે પણ જે ગાઈડલાઈન્સ આપી છે એ ગાઈડલાઈન્સ એ પ્રકારની છે કે તેમાં ઈચ્છામૃત્યુને નહીં પણ કયા સંયોગોમાં વધારેમાં વધારે it has gone to the extent કે કયા સંજોગોમાં જે તમને ઔષધીય સહાય મળતી હોય, દાક્તરી સહાય મળતી હોય એ કયા સંજોગોમાં રોકવી જોઈએ તો તેણે ત્રણ મુદ્દા

કહ્યા છે. પહેલો મુદ્દો છે don't resuscitate the status હાર્ટ ફેઈલ થયું હોય તો તેને પંપીંગ કરીને, શોક આપીને કે બીજી કોઈ રીતે પુનર્જીવિત કરવાનો પ્રયત્ન ન કરો. બીજો મુદ્દો છે withdrawal of life support જે લાઈફ સપોર્ટ વેન્ટીલેટર કે કંઈ આપ્યું હોય તો તેને પાછો ખેંચી લેવો અને ત્રીજો મુદ્દો છે કે withholding of life support આ સપોર્ટ નહીં આપવો. એવું લાગે કે આ કરવાથી કોઈ ફાયદો થાય તેમ નથી તો આ પ્રકારનો લાઈફ સપોર્ટ આપવાનું રોકવું, તેને લગતી વાત છે. આ પછીની વાત આવે કે કાયદાની જોગવાઈ શું છે? આ દેશનો કાયદો, ઘણાં બધાં ઉદાહરણ મારી પાસે છે. તેમાંથી અત્યારે જેને relevance છે જેની સાથે એક સુસંગતતા છે એ કાયદો અને તેની જોગવાઈ હું ટાંકવા માગું છું. દેશની માનનીય નામદાર સુપ્રીમ કોર્ટની Constitution બેન્ચે જ્ઞાનકૌર વર્સીસ સ્ટેટ ઑફ પંજાબ ૧૯૯૬માં ચૂકાદો આપ્યો છે. એ ચુકાદાનું હાર્દ એ છે The Judge ruled that permitting termination of life in the dying or vegetative state is not compatible with Article ૨૧ which states: No person shall be deprived of his life or personal liberty according to the procedure established by law. અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પોતે કાયદાના એક અચ્છા જાણકાર છે. એટલે આ પ્રકારનો કોઈ પણ કાયદો ઘડવાનો હોય તો એ બંધારણની પ્રવર્તમાન જોગવાઈઓ છે જે મુજબ દરેક વ્યકિતને પોતાનો જીવવાનો અને પોતાના વ્યકિતગત શારીરિક અંગોની જાળવણીનો અધિકાર છે એ મૂળ અધિકારની સામે આ કાયદો થાય અને એટલા માટે It is in contravention of the Constitution of India and that has been well established. If it becomes law it would be a total contravention of the prevailing law as far as the law of the land is concerned. ત્યાર પછી આ પ્રકારની સંમતિ કોણ આપી શકે તેની વાત થઈ. પણ સંમતિ આપવાની વાત આપણે બાકીની બધી જ વાત બાજુ પર રાખીએ તો પણ કાયદાનો કાર્ડિનલ પ્રિન્સીપલ છે. Any consent which is given in duress, any consent which is given under compulsion, any consent which is given without application or without being competent to apply the balance of mind is not valid as far as the law is concerned અને એટલા માટે આ દર્દી પણ જો સંમતિ આપે કે ના, હવે તો મારે જીવન ટૂંકાવવું છે. મને જીવવામાં રસ નથી. તો પણ એ વખતની તેની માનસિકતા, અવસ્થા એવી નથી કે એ પ્રકારની પોતે પણ કન્સેન્ટ અથવા પોતે પણ સંમતિ આપી શકે. તેને પણ જો બેઝ તરીકે લઈએ તો The patient is incompetent to concur this kind of consent so far as the law is concerned અને એટલા માટે આ પદ્ધતિ એ યોગ્ય નથી. ખાનગી હૉસ્પિટલોમાં ટ્રીટમેન્ટ મર્યાદિત કરવી અથવા બંધ કરવી એ સરકારી હૉસ્પિટલોના નિર્ણય સાથે સરખાવી શકાય તેમ નથી. કારણ કે ખાનગી હૉસ્પિટલોમાં જવાવાળા મહદ્અંશે પોતે નિર્ણય કરીને જાય છે અને એટલે તેની સરખામણીમાં હું પડવા માગતો નથી. કારણ કે એ સરખામણી કરવાનો આ બિલની મર્યાદિત ચર્ચા છે તેમાં હું કોઈ અર્થ જોતો નથી, પણ જ્યાં સુધી આપણા દેશનો સવાલ છે ત્યાં સુધી let me tell you, Sir, that ૮૨.૧ per cent of the health care આપના થકી માનનીય સભ્યશ્રીઓને કહેવા માગું છું કે ૮૨ ટકા ઉપરાંત આરોગ્ય વિષયક સેવાઓ પાછળનો ખર્ચ એ જાહેર સેવાઓ, પબ્લિક હૉસ્પિટલ અને જેમાં ફ્રી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે ત્યાં થાય છે. ૧૮ ટકા જ ખર્ચ દર્દીઓ પોતે ખર્ચ કરતાં હોય છે અથવા તો ખાનગી સંસ્થાઓમાં થતો હોય છે એટલે એ તર્ક આપણે અપનાવીએ કે આ ખર્ચના કારણે દર્દીનું દેવાળું નીકળી જવાનું છે તો માનનીય અધ્યક્ષશ્રી, હું તો આમાંથી એવો પાઠ ગ્રહણ કરવા માગીશ કે આરોગ્ય વિભાગ એવી સેવાઓ આપે કે દર્દીને ખાનગી સેવાઓની જરૂર ન પડે અને એટલા માટે અમારો પ્રયાસ એ રહ્યો છે કે, અમે અમારી cardiology institute અમે અમારી cancer institute અમે અમારી cancer society એને એ લેવલે લઈ જઈએ અને મને કહેતાં ગૌરવ થાય છે કે, એ લેવલે અમે લઈ ગયા છીએ. આજે kidney institute માં આ વર્ષે ૫૦૦ કરતાં વધુ kidney transplant થશે. Nowhere in the world this is happening, Sir. એ જ રીતે liver transplantation સવાલ છે ત્યાં સુધી I think we will be the first country in the world to get into these kind of things. સાહેબ, આ પ્રકારની સવલતો આપણે ત્યાં જાહેર ક્ષેત્રીય હૉસ્પિટલોમાં, અને મને કહેતાં ગૌરવ થાય છે કે, ગુજરાત રાજયની જાહેર ક્ષેત્રીય વ્યવસ્થા આ ઉપલબ્ધ છે. એટલે cardiology care કે cancer care કે Kidney જે ૩ મહદ્અંશે મોટો ખર્ચ કરાવનારી તકલીફો છે એમાં I can tell the Hon'ble Members that if you have any case where anybody below the poverty line or if you feel that a person has no means of support this kind system we will be happy to support them સિવિલ હૉસ્પિટલની વાત નથી કરતો. એની અંદર તો ઈવન સ્વવિવેક આધારિત માફી આપવાની જોગવાઈ છે. પણ સિવિલ હૉસ્પિટલ ઉપરાંત આ બધી સંસ્થાઓમાં પણ આટલી જ સારી સારવાર આપવામાં આવે છે અને કાલે જ હજુ અમારા પ્રેઝન્ટેશનમાં કહેવામાં આવ્યું. ડો. ત્રિવેદીએ ઉલ્લેખ કર્યો કે, માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં અરજી કરવામાં આવે ત્યાર પછી ચેક સીધો પહોંચી જાય ત્યાં સુધીની ત્વરિત ગતિએ એનો નિકાલ થાય એ બાબત કેટલી સંવેદનશીલતાથી અમારું તંત્ર જુએ છે અને અમારા મુખ્યમંત્રીશ્રીના ત્યાંથી કેટલી ઝડપથી નિકાલ થાય છે એ એનું આ એક ઉદાહરણ છે. I would like to approach this as amoral obligation. અમારી એક નૈતિક જવાબદારી છે આ રાજયના પ્રજાજનો પ્રત્યે અને ખાસ કરીને જેમની પાસે સાધન-સંપત્તિ નથી તેમના પ્રત્યે. એના કારણે આજે કાયદાના રૂપે નહીં પણ એક નૈતિક જવાબદારીરૂપે કામ કરવા માગીએ છીએ. છેલ્લે જે દેશોની વાત કરવામાં આવી અને જ્યાં

ઇચ્છામૃત્યુ માટેની મંજૂરી આપવામાં આવે છે. માનનીય મહેન્દ્રભાઈએ પણ એનો ઉલ્લેખ કર્યો. ત્યાં શું પરિસ્થિતિ છે? ત્યાંની પરિસ્થિતિને અને એનો કેટલો દૂરુપયોગ થાય છે એની વિગતો સાંભળો તો ધ્રૂજી જવાય એવું છે. I will read out the relevant para. કે ત્યાં શું જાણકારી ઉપલબ્ધ થાય છે? Holand is widely regarded as one of the most civilised countries. Actuve euthanasia is legal there. ત્યાં કાયદાથી ઇચ્છામૃત્યુની મંજૂરી આપવામાં આવેલી છે. But in the past decade Government has not prosecuted doctors who reported having assisted their patient to commit suicides. ત્યાં કોઈ ડૉક્ટર પોતાના દર્દીને ઇચ્છા મૃત્યુ માટે પ્રેરે તો એને ગુન્હો ગણવામાં આવતો નથી. એનું પરિણામ શું આવ્યું? The recent investigation of euthanasia have come up with some disturbing figures સાહેબ, ૧૯૯૦માં ૧૦૩૦ ડચ પેશન્ટ્સ were killed without their consent, ૧૦૩૦ જેટલા દર્દીઓને એમની સંમતિ વિના હૉલૅન્ડ જેવા દેશમાં મારી નાખવામાં આવ્યા છે. Understand one thing. જ્યાં સૌથી વધારેમાં વધારે શિક્ષણ છે, જ્યાં સૌથી વધારેમાં વધારે ધન છે, જ્યાં સાંથી વધારેમાં વધારે enlightenment જ્યાં છે. એવા દેશમાં ૧૦૩૦ દર્દીઓને એમની પોતાની સંમતિ વગર આ ડૉક્ટરોએ ઉપર પહોંચાડી દેવાનું કામ કર્યું હતું. And ૨૨૫૦૦ derath due to withdrawal of life support અને ૨૨૫૦૦ લોકોને એનો જે જીવન સંરક્ષક ટેકો હતો તે પાછો ખેંચી લીધો અને ૬૩૧ were denied medical treatment. ૧૪૧૭૫ લોકોને તમે મરવાના છો એમ કહીને મૅડિકલ ટ્રિટમૅન્ટ આપવામાં આવી નહીં. જો હૉલૅન્ડ જેવા દેશમાં આ થતું હોય તો તેમાંથી બોધ લેવો જોઈએ. સાહેબ, કોઈને ઠોકર વાગે અને લોહી નીકળે છે એના ઉપરથી જે માણસ શીખે એ ડાહ્યો કહેવાય, પોતાને ઠોકર વાગે અને શીખે એ વ્યવહારિક કહેવાય. પણ એકવાર ઠોકર વાગી હોય અને બીજીવારની ઠોકર વગાડીને એની ચકાસણી કરવા જાય તો એ માણસમાં બુદ્ધિનો અભાવ છે એમ કહેવાય. આ અનેક જગ્યાનો અનુભવ કહે છે કે, આપણે ત્યાં ઠોકર ખાવાનો અનુભવ કરવા જેવો નથી. એટલા માટે right to die એની જો વાત કરીએ તો, તો માનનીય સભ્યશ્રીનો ઉદ્દેશ ખૂબ સારો છે પણ એ ઉદ્દેશ સારો હોય તો પણ માનવ સહજ જે લોભ છે, પ્રલોભન છે અને નબળાઈઓ છે એને નકારી શકાય નહીં અને ખાસ કરીને આપણા દેશમાં કે જયાં હજુ પણ આઝાદી વખતે જેટલી પ્રજા હતી બરાબર એટલી જ પ્રજા ગરીબીની રેખા નીચે જીવે છે અને બરાબર એટલી જ પ્રજા સંખ્યાની દૃષ્ટિએ અશિક્ષિત છે એ દેશમાં આ પ્રકારનો કાયદો તમે કરો અને ત્યાર પછી જે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થાય એ મને લાગે છે કે આનો ઉદ્દેશ ભલે ગમે તેટલો સારો હોય તો પણ આ વાતમાં જવા જેવું નથી અને એટલે માનનીય ભરતભાઈની લાગણીને હું આવકારું છું પણ એમના લાગણીના હાર્દ સાથે સંમત થવા છતાં પણ આ વિધેયક સાથે અમે સંમત થઈ શકતા નથી.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ર્ડા. કળસરીયાજી, વિરોધપક્ષના (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી ખુમાનસિંહજી, જે કક્ષાએ ચર્ચા જાય છે ને એ સાંભળવા જેવી છે એટલે આવી ટીકાઓમાં ના પડો તો વધારે સારું.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના યુવાન બેચલર નેતા અમારા માનનીય શકિતસિંહજી, મહેન્દ્રભાઈ મશરૂજી, મુકેશભાઈ ગઢવી અને માનનીય મંત્રીશ્રીએ જે આ બિલ ઉપર પોતાના વિચારો વ્યકત કર્યા છે આ મુદ્દો, એમના સાથે સંમત થવા, એ મારા હાર્દ સાથે સંમત થયા છે એની સાથે સાથે કુલ મળીને જે આ હાઉસની અંદર જે રીતે એને પોઝીટીવલી જોવામાં આવ્યો છે એની ઉપરથી જ મને લાગે છે કે સમગ્રત: મેડીકલ સર્વિસીસના સંદર્ભની અંદર એકવીસમી સદીમાં અગમચેતી લેવા જેવા વિષયો કેવા છે એના આધારે આવતા દિવસોમાં રાજય સરકાર વિચારે. જયાં રંગસુત્રો પણ કૃત્રિમ રીતે બનતા હોય, લોહી પણ કૃત્રિમ રીતે બનવા માંડયા હોય અને એની સાથે, આધુનિકતાની સાથે સાથે એકસીડેન્ટથી માંડીને મેં કીધું એમ બ્રેઈનડેડથી માંડીને સમગ્રત: ઝડપથી મેડીકલ સર્વિસીસની અંદર ર્ડાકટરોની જરૂરિયાત પણ વધતી હોય ત્યારે એના અનુસંધાનમાં ધ્યાન દોરવા માટેનો મારો આ પ્રયત્ન હતો અને એમાં હું માનુ છું કે જે જીવન આપે છે એ જ મૃત્યુ આપી શકે. માનવના હાથમાં ન રહે છતાં પણ આ વિચારે સમગ્ર સમાજ સમક્ષ જાય એના માટે મેં આ બિલ રજૂ કર્યુ હતું અને હું આ હાઉસની લાગણી સમજીને આ મારું બિલ પાછું ખેંચવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ પાછું ખેંચી લઉ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

**સચિવશ્રી:** સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક:૫, સન ૨૦૦૮નું ગુજરાત કાળાજાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનનું નિર્મૂલન કરવા બાબત વિધેયક... સભ્યશ્રી કુંવજરીભાઈ બાવળિયા (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**અધ્યક્ષશ્રી** : હવે પછીના સભ્ય હાજર નથી, એમણે રજા માગેલી છે એટલે હવે સભાગૃહ પાસે કોઈ કામ રહેતું નથી. સભાગૃહનું આજનું કામકાજ પૂરું થાય છે,

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨.૫૩ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર તા.૧૦મી, માર્ચ ૨૦૦૮ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અંબાલાલ આ. રોહિત** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૩ |
| | ખેડા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય માટે અરજીઓ | ૪૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૮ |
| | મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય | ૩૩ |
| **અનિલ જોષીયારા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૭ |
| | ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૭૯ |
| | ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૮૧ |
| | ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૮૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૯ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૦ |
| | ભિલોડા અને ઈડર તાલુકાના ખેડૂતોને વીમા સહાય | ૪૬ |
| | ભિલોડા તાલુકામાં પીવાના પાણી માટે યોજનાનું સર્વે | ૧૨૩ |
| | ભિલોડા તાલુકામાં સિંચાઇની સુવિધા વધારવા અંગે | ૧૩૮ |
| | રાજયનું વીજ ઉત્પાદન અને માંગ | ૧૯૭ |
| | રાજ્યમાં થયેલ એમ.ઓ.યુ. | ૨૧૭ |
| | રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ અનુદાનિત કરવા અંગે | ૫૬ |
| | રૂા. ૧૦ કરોડ કરતાં વધુ વેચાણવેરાના બાકી એકમો | ૩૧૭ |
| | સાબરકાંઠા જિલ્લાના રસ્તાઓનું ડામર કામ | ૩૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોને પોતાનું મકાન ન હોવા બાબત | ૩૯૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામમિત્રોને છૂટા કરવા બાબત | ૩૮૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં જંગલની જમીનો આદિવાસીઓને આપવા બાબત | ૩૬૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં દિનદયાળઉપાધ્યાય આવાસ યોજના તેમજ ડો. આંબેડકર આવાસ યોજનાની પડતર અરજીઓ | ૨૯૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૩૧૨ |
| **અમરસિંહ ૨ા. વસાવા** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૧ |
| | આશ્રમ શાળાઓ મંજૂર કરવા બાબત | ૩૫૨ |
| | ડેડિયાપાડા તાલુકામાં પુલ બાંધવા અંગે | ૪૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૭ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં તબીબી અધિકારીઓની ખાલી જ્યાઓ | ૧૪૬ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં તળાવોના મંજૂર થયેલ કામો | ૧૩૫ |
| | રાજપીપળા-ડેડીયાપાડા માર્ગ પર પુલ બાંધવા અંગે | ૨૫ |
| **અમિત શાહ** | | |
| | ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ)(સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૯૨ |
| | ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ)(સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૯૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અમિત શાહ** | | |
| | ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ)(સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૯૧ |
| | સભાગૃહના મેજ ઉપર કાગળો મૂકવામાં થયેલ વિલંબ અંગે | ૫૯ |
| **અમિતકુમાર અ. ચાવડા** | | |
| | ૧૨મા નાણા પંચમાં ફાળવેલ રકમ અને વિભાગવાર કરેલ ખર્ચ | ૨૯૪ |
| | આણંદ જિલ્લાના ગામોમાં પીવાના પાણીની ગુણવત્તા | ૧૪૧ |
| | આણંદ જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન તંત્રની કામગીરી | ૫૭ |
| | આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો જર્જરીત હાલતમાં હોવા બાબત | ૩૯૭ |
| | આણંદ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના ગરીબ લોકોને રહેઠાણના પ્લોટ | ૩૮૯ |
| | આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મળેલ અરજીઓ | ૧૯૮ |
| | આણંદ જિલ્લામાં તાલુકાવાર નર્સરીઓ | ૩૭૫ |
| | આણંદ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુનાઓ | ૨૨૭ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગાઓ | ૩૪ |
| | આણંદ જિલ્લામાં હોસ્પિટલ બનાવવાની રજૂઆતો | ૧૨૯ |
| | બોરસદ તાલુકામાં મામલતદાર ક્ચેરીમાં સુવિધાઓ અંગે | ૪૭ |
| | રાજીવગાંધી વિદ્યુતીકરણ યોજના હેઠળ કેન્દ્ર તરફથી મળેલ રકમ | ૨૧૫ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | | |
| | ગાંધીનગર બાયોટેક્નોલોજી પાર્કમાં અપાયેલ રોજગારી | ૨૦૪ |
| | ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૭૨ |
| | જૂનાગઢ જિલ્લામાં બળાત્કાર અને હત્યાના બનાવો | ૨૨૦ |
| | બોટની જપ્તી અને માછીમારોની ધરપકડ અંગે | ૬૨ |
| | રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ | ૨૩૦ |
| **આત્મારામ મ. પરમાર** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૨ |
| | ઉમરાળા અને ગઢડા તાલુકામાં થયેલો જમીન ધોવાણ અંગે સહાય | ૪૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૫ |
| | પોટા કાયદાના ભંગ બદલ દાખલ થયેલ ચાર્જશીટ | ૧૯૬ |
| | યુવાનોને પ્રોત્સાહન રૂપે એવોર્ડ આપવા અંગે | ૩૦૨ |
| | રાજ્યમાં ગ્રાહક અદાલતો | ૩૬૩ |
| | સુરતની મધ્યસ્થ જેલ ખસેડવા અંગે | ૨૧૭ |
| **આનંદીબેન મ. પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૦ |
| | રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૮૨ |
| **આર. સી.પટેલ** | | |
| | નવસારી જિલ્લામાં ગ્રામ મિત્રોની જગ્યાનું સંખ્યાબળ | ૩૭૧ |
| **ઇશ્વરસિંહ ઠા.પટેલ** | | |
| | ઈન્દીરા આવાસ યોજના હેઠળ થયેલ મકાનો | ૩૯૦ |
| | ઉકાઇ મેઇન કેનાલના લાઇનીંગની કામગીરી | ૧૩૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ઇશ્વરસિંહ ઠા.પટેલ** | | |
| | ઉકાઈ ડેમમાંથી પાણીનો જથ્થો ઉપલબ્ધ કરવા અંગે | ૧૪૮ |
| | ફુડ ફોર્ટીફીકેશન યોજનાનો અમલ | ૩૭૭ |
| | રાજ્યમાં કેરોસીન વિતરણમાં ગેરરીતિઓ અંગે | ૩૫૮ |
| | હાંસોટ-કોસંબા માર્ગ પર પુલ બાંધવા અંગે | ૫૧ |
| **ઈકબાલ પટેલ** | | |
| | ખેત વિષયક વીજ જોડાણો માટેની અરજીઓ | ૧૯૯ |
| | ભરુચ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના | ૨૧૬ |
| | ભરૂચ જિલ્લા મધ્યબારા પાણી પુરવઠા યોજનાની સુધારણાની કાર્યવાહીમાં વિલંબ | ૧૨૫ |
| | ભરૂચ જિલ્લામાં જમીનો નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની અરજીઓ | ૪૬ |
| | ભરૂચ જિલ્લામાં તલાટી-મંત્રીનું મહેકમ | ૩૮૬ |
| | ભરૂચ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલના કામો | ૨૨૮ |
| | ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાયની પડતર અરજીઓના નિકાલ અંગે | ૩૨૦ |
| | ભરૂચ જિલ્લામાં એપ્રેન્ટીસ એક્ટ હેઠળના યુનિટો | ૩૧૬ |
| | ભરૂચ જિલ્લામાં સ્વજલધારા યોજના હેઠળ મંજૂર થયેલ કામો | ૧૩૯ |
| | ભરૂચ-દહેજ માર્ગ પર રેલ્વે પુલ બનાવવા અંગે | ૩૩ |
| | રાજ્ય સરકારને વેચાણવેરા પેટે થયેલ આવક અને બાકી વસુલાત અંગે | ૩૧૦ |
| | રાજ્યમાં ડાર્કઝોન હેઠળના તાલુકાઓની સંખ્યા | ૧૪૮ |
| | રાજ્યમાં બી.પી.એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકો | ૩૬૯ |
| | વાગરા, ભરૂચ અને આમોદ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ | ૫૬ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૭ |
| | નર્મદાનું પાણી ઉકાઈ બંધને આપવા અંગે | ૨૦૩ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ની નકલો મેળવવામાં થતો વિલંબ નિવારવા અંગે | ૧૯ |
| | ખેડૂતોને ૭/૧૨ અને ૮-અ ની નકલો મેળવવામાં થતો વિલંબ નિવારવા અંગે | ૧૨૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૮ |
| | ભરૂચ જિલ્લામાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા અંગે | ૪૧ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | | |
| | પોલીસદળને અસરકારક બનાવવા માટે થયેલ ભરતી | ૨૦૪ |
| | બાયોટેક પાર્ક વિક્સાવવા અંગે | ૨૨૦ |
| | મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય | ૧૪ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | | |
| | ઉંડેરા - કોયલી - સિંધરોટ રસ્તા પર પુલ બનાવવા અંગે | ૩૦ |
| | નંદેસરી ઓદ્યોગિક વિસ્તારમાં ટ્રીટમેન્ટ કર્યા સિવાયનું એસિડવાળુ પાણી નદીમાં છોડવા બાબત | ૩૬૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| વડોદરા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારની ફાળવણીમાં થયેલ ગેરરીતિ | ૩૮૬ |
| વડોદરા તાલુકામાં ચોમાસાનું પાણી ભરાવવા અંગે | ૧૩૧ |
| **ઉષાબેન ગી. પટેલ** | |
| નીરોગી બાળક વર્ષ | ૧૦૨ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૧૦ |
| આંગણવાડી કાર્યકરોના માનદ્ વેતન અંગે | ૪૧ |
| કેનાલ હેડ પાવર હાઉસની વિજ ક્ષમતા | ૨૦૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૫ |
| માનનીય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય | ૧૭ |
| **કનુભાઈ મે. ભાલાળા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૯ |
| સમરસ ગામ યોજના | ૩૭૨ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮ | ૪૧૪ |
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૭૬ |
| એતિહાસિક વાવની સફાઈ કામગીરી | ૧૩૫ |
| ભાવનગર જિલ્લામાં નિરાધાર વિધવા સહાય અંગે | ૨૭ |
| મહુવા તાલુકામાં ક્ષાર નિયંત્રણ પૂર્ણ કરવાનું આયોજન | ૧૪૭ |
| મહુવા તાલુકામાં બિયારણ અને જંતુનાશક દવાઓની વહેંચણી | ૪૪ |
| રાજકોટમાં સ્વજલધારા યોજના હેઠળ કામગીરી | ૧૨૨ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૮ |
| અનામત પોલીસ દળની સ્ટ્રેન્થ વધારવા અંગે | ૨૨૩ |
| બાલભોગ યોજના અંગે | ૩૫ |
| માતા જશોદા એવોર્ડ આપવા અંગે | ૪૮ |
| રાજ્યમાં સાંધ્ય કોર્ટોની સ્થાપના | ૨૦૮ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| કલ્પસર યોજનાની પ્રગતિ | ૨૧૬ |
| મોરબી અને માળિયા તાલુકામાં જમીન રેકર્ડનું સ્કેનીંગ | ૩૧ |
| મોરબી અને માળીયા તાલુકામાં તલાટી કમ-મંત્રીની ખાલી જગ્યાઓ | ૩૭૨ |
| મોરબી ખાતેના મણીમંદીરના પુનઃનિર્માણ અંગે | ૪૬ |
| મોરબી હોસ્પીટલમાં વર્ગ-૧ અને વર્ગ-૨ તથા સ્ટાફની ખાલી જગ્યાઓ | ૧૨૬ |
| રાજકોટ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયત | ૩૮૭ |
| **કાંતિલાલ શી.અમૃતિયા** | |
| મોરબીમાં પાઈપલાઈન મારફત ગેસ જોડાણો | ૧૮૭ |
| **કાનજીભાઈ  રા. તળપદા** | |
| ઉતેલીયા ગામે ગ્રામ વિકાસ યોજના મારફત થયેલ ગટરનું કામ | ૩૭૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **કાનજીભાઈ ર. તળપદા** | | |
| | ધંધુકા તાલુકામાં વન વિભાગે લીધેલ જમીન | ૩૮૮ |
| **કાન્તિલાલ ર. લકુમ** | | |
| | અમદાવાદ જિલ્લામાં ખેડૂત વીમા યોજના અંગે | ૧૬ |
| | અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીનો નિકાલ | ૧૨૨ |
| | અમદાવાદ જિલ્લામાં વરસાદી પાણીનો નિકાલ | ૨૦૫ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૧ |
| | એફ.એસ.એલ. ને નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરવા અંગે | ૨૨૧ |
| | બાવળા-સાણંદ અને બાવળા-ધોળકા માર્ગનું પેવર કામ | ૪૦ |
| | રાજ્યમાં ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ સેવાઓ | ૧૩૫ |
| **કાળુભાઈ વીરાણી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૪ |
| | અમરેલી જિલ્લાના પીપાવાવ, ચાંચ અને વિકટર બંદર ઉપર વિકાસના કામો | ૨૨૫ |
| | અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતના પોતાના મકાનો બનાવી આપવા બાબત | ૩૮૬ |
| | અમરેલી જિલ્લામાં બીન અધિકૃત વેચાતો પુરવઠાનો જથ્થો | ૩૬૯ |
| | અમરેલી રાજ્ય ધોરી માર્ગની મરામત અંગે | ૧૯ |
| | નીરોગી બાળક વર્ષ | ૧૦૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૩ |
| | સાવરકુંડલા તાલુકાના વંડા ગામે પોલીસ સ્ટેશન સ્થાપવા અંગે | ૨૦૯ |
| | સાવરકુંડલા તાલુકાની મહી-પરીએજ યોજના હેઠળ પીવાનું પાણી ન મળવા અંગે | ૧૪૩ |
| | સાવરકુંડલા તાલુકામાં સરદાર સહભાગી યોજના હેઠળ બાંધેલા ચેકડેમો | ૧૩૧ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૪ |
| | જંબુસર તાલુકામાં ખેડૂતોની જમીનમાં ડુક્કર, નીલગાય ધ્વારા ખેતીના પાકને નુકસાન | ૩૬૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૬ |
| | ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં રેશનકાર્ડ અલગ પાડવાની કાર્યવાહી | ૩૮૨ |
| | ભરૂચ જિલ્લામાં જમીન આકારણીના પડતર કેસો | ૩૨ |
| | ભરૂચ જિલ્લામાં જમીન સંપાદન | ૧૯૨ |
| | રાજ્યમાં કેરોસીન વિતરણના ધોરણો અંગે | ૩૯૩ |
| **કિશોર વાંકાવાલા** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૮ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | | |
| | કામરેજ અને માંડવી તાલુકાને જોડતો પુલ બાંધવા અંગે | ૫૧ |
| | કૉમ્પ્યુટર કૌશલ્ય જાણકારી અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવા અંગે | ૩૪૬ |
| | ગોવાળ દેવસ્થાન અને ગોમુખ મહાદેવ મંદિરના વિકાસના નામે જંગલને થતું નુકસાન | ૩૭૮ |
| | ગુજરાત ગોણ સેવા દ્વારા અપાતા અરજી ફોર્મ | ૨૦૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા બેક્લોગની ભરતી | ૨૨૩ |
| તાપી જિલ્લામાં પશુધન નિરીક્ષકોની ખાલી જ્ગ્યાઓ | ૧૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૩ |
| પ્રવાસન વિકાસ યોજના હેઠળ આયોજન | ૧૩૪ |
| બારડોલી અને માંડવી તાલુકાઓમાં ડૉકટરોની ખાલી જ્ગ્યા | ૧૪૬ |
| બારડોલી ખાતે પ્રાંત અધિકારીની કચેરી | ૪૧ |
| માંડવી અને બારડોલી તાલુકાઓમાં પીવાના પાણીની યોજનાઓ | ૧૫૨ |
| રાજ્ય સરકારનું દેવું વધવાના કારણો | ૩૦૩ |
| સુરત જિલ્લાના કિમથી માંડવી રસ્તાને પહોળો કરતાં કપાયેલ વૃક્ષો | ૩૯૧ |
| સુરત જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૩૧૯ |
| સુરત જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ પાછળ કરેલ ખર્ચ | ૩૧૩ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૬૯ |
| ગીરના જંગલોમાં સિંહોના શિકાર થવા બાબત | ૩૭૨ |
| ગુજરાત કાળાજાદુ અને અનિષ્ટ અનેઅઘોરીના વ્યસાયનું નિર્મલન કરવા બાબતવિધેયક, ૨૦૦૮ | ૯૪ |
| જસદણ તાલુક્માં નદી પરના પૂલ અંગે | ૪૭ |
| જસદણ તાલુકામાં તલાટી ક્મ-મંત્રી ગામોમાં હાજર ન રહેવા બાબત | ૩૮૭ |
| જસદણ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાનગી ટ્રસ્ટને સોંપવા અંગે | ૧૩૪ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૬ |
| માઈક્રો ઈરિગેશન હેઠળ અપાયેલ વીજ જોડાણ | ૧૯૪ |
| રાજકોટ જિલ્લામાં લાગુ જમીન મેળવવા માટેની માંગણી | ૩૪ |
| રાજકોટ જિલ્લામાં વાસ્મો યોજના હેઠળ પીવાનું પાણી | ૧૪૫ |
| રાજ્યમાં બાળ મજૂર કાયદાના ભંગ અન્વયે પાડેલ દરોડા અંગે | ૩૧૬ |
| રિલાયન્સ, એસ્સાર અને અદાણી ગ્રુપ પાસેથી બાકી વેચાણવેરો વસુલ લેવા અંગે | ૩૧૧ |
| વ્યાજખોરોની કડક ઉઘરાણી અને ધમકીથી વ્યક્તિઓએ કરેલ આપઘાત | ૨૧૭ |
| શહેરી વિકાસ વર્ષ નિમિત્તે જસદણ નગરપાલિકાએ હાથ ધરેલ કામો | ૧૫૨ |
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૨૬ |
| મીલરો પાસેથી ચોખાની લેવી | ૩૮૧ |
| રાજ્યના વીજ મથકો | ૨૧૧ |
| વડોદરા જિલ્લાના ખેડૂતોને કિટસ આપવા અંગે | ૫૦ |
| વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ | ૧૫ |
| વડોદરા જિલ્લામાં ડામર અને કપચીના જથ્થાની ફાળવણી | ૪૦ |
| વડોદરા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ | ૧૪૬ |
| વડોદરા જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજનામાં મકાનો | ૩૬૦ |
| વડોદરા શહેર અને જિલ્લામાં નોંધાયેલા વિવિધ ગુના | ૨૨૫ |
| વડોદરા જિલ્લામાં કન્યાઓને શાળાએ જવા માટે સાયકલોનું વિતરણ | ૩૦૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| વાયબ્રન્ટ ઈન્વેસ્ટર સમીટમાં પ્રવાસન ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. | ૧૩૫ |
| વેચાણવેરા પેટે વસુલ કરવાની બાકી રકમ | ૩૧૪ |
| સાવલી તાલુકામાં ખેત તલવાડીઓ બનાવવા બાબત | ૩૯૨ |
| **ગીતાબેન યો. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૧૧ |
| અમદાવાદ શહેર અને જિલ્લામાં રેશનીંગની દુકાનો | ૩૬૦ |
| પોલીસદળમાં જુદા જુદા સંવર્ગમાં ભરતી | ૧૯૦ |
| **ગુલસીંગભાઈ રં. રાઠવા** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૪ |
| **ગોવિંદભાઈ ઉ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૭ |
| સરદાર સરોવર યોજનામાં પિયત હેઠળ આવરી લેવા અંગે | ૨૦૦ |
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૫ |
| અનુસૂચિત જાતિના દર્દીઓ માટેકૅન્સર, ટી.બી.ના રોગોની સહાયમાં વધારો કરવા અંગે | ૩૦૪ |
| દાંતીવાડા તાલુકાના રેવન્યુ ગામો | ૪૩ |
| પસાયતા ચાકરીયાત ઈનામી જમીનો રીગ્રાન્ટ કરવા અંગે | ૫૨ |
| પાલનપુર ખાતે અંડરગ્રાઉન્ડ બ્રીજ | ૨૫ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૧૧ |
| કેન્દ્ર સરકાર તરફથી ખાતરની ફાળવણી | ૧૯ |
| ઓદ્યોગિક મૂડી રોકાણ માટે થયેલ એમ.ઓ.યુ. | ૨૨૬ |
| ઓદ્યોગિક સહકારી મંડળીઓ પાસેથી વસુલાત | ૨૩૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૮ |
| મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર દ્વારા ખરીદાતી દવાઓ | ૧૪૧ |
| રાજ્યમાં કૃષિ વિષયક ધિરાણ યોજના | ૫૧ |
| રાજ્યમાં એગ્રી એક્ષપોર્ટ ઝોન | ૪૨ |
| રાજ્યમાં એચ.આઈ.વી. ના દર્દીઓ | ૧૪૯ |
| રાજ્યમાંથી લુપ્ત થતી વનોષધી | ૧૨૯ |
| સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજનાની લેણી રકમ | ૨૧૨ |
| સાવરકુંડલા તાલુકાના ગામોના પાળાની ઉંચાઈ વધારવા અંગે | ૧૫૧ |
| **ગ્યાસુદીન હ. શેખ** | |
| દહેગામ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ | ૪૯ |
| રાજ્યમાં શાળાઓમાં કોમ્પ્યુટરો | ૪ |
| ાંધીનગરમાં વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી | ૩૭ |
| **ચંદુભાઈ ડાભી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૨ |
| ગીરના જંગલોમાં સિંહોના શિકાર થવા બાબત | ૩૯૩ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **ચંદુભાઈ ડાભી** | | |
| | નીરોગી બાળક વર્ષ | ૧૦૫ |
| | વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલનું વિતરણ કરવા બાબત | ૩૬૩ |
| | વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિનીકન્યાઓને શાળાએ જવા સાયકલ આપવા પાછળ કરેલખર્ચ | ૩૧૫ |
| | વડોદરા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ | ૩૨૦ |
| | વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી અંગે | ૩૧૦ |
| | વડોદરા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિઓ | ૩૮૩ |
| **ચંદુભાઈ બ. વઘાસીયા** | | |
| | ઓકટ્રોય નાબુદીની ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને આપવા બાબત | ૩૭૬ |
| | રાજ્યમાં પછાત તાલુકાઓમાં આંગણવાડી યોજના | ૩૬ |
| **ચંદ્રિકાબેન છ. બારીયા** | | |
| | લીમખેડા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા | ૩૬૮ |
| **છનાભાઈ કા. ચૌધરી** | | |
| | ધરમપુર તાલુકામાં રસ્તાઓનું પેવર કામ | ૨૯ |
| | ધરમપુર તાલુકામાંથી પંચાયતોના વિભાજન માટેની દરખાસ્તો | ૩૭૬ |
| | વાંસદા અને ધરમપુર તાલુકામાં નવા તળાવો પાછળ ખર્ચ | ૧૨૩ |
| | વાંસદા અને ધરમપુર તાલુકામાં રસ્તાઓને જોબ નંબર | ૪૪ |
| | વાપી ઉદ્યોગનગરીમાં વોટર્સ સ્ટીમથી થતું પ્રદૂષણ | ૩૯૦ |
| **જગદીશ ઠાકોર** | | |
| | ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના | ૨૩૩ |
| | ગાંધીનગર શહેરમાં વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી | ૧૧ |
| | નીરોગી બાળક વર્ષ | ૧૦૪ |
| | પંચાયતોનું વિભાજન કરવા બાબત | ૩૫૬ |
| | પોલીસ કર્મીઓ સામે નોંધાયેલ ગુના | ૨૧૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૫ |
| | બાગાયત યોજના હેઠળ ભારત સરકારમાં થયેલ દરખાસ્તો | ૩૯ |
| | બિન સરકારી સંકલ્પો | ૯૬ |
| | રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ ધારકો | ૩૮૧ |
| | સાગર ખેડૂ યોજના અંગે | ૨૨૬ |
| **જયંતીલાલ પ. ભાનુશાલી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૧૨ |
| | અબડાસા/લખપતમાં નર્મદાનું પાણી | ૧૨૭ |
| | કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય | ૩૮ |
| | કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય | ૫ |
| | કચ્છ જિલ્લામાં મધ્યમ સિંચાઇ યોજના પૂર્ણ કરવા આયોજન | ૧૪૦ |
| | નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો આપવા વિચારણા | ૧૪૯ |
| | નલિયા-દેશલપર તાલુકાના રસ્તાની પહોળાઈ અંગે | ૪૯ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૮ |
| **જયદ્રથસિંહજી ચં. પરમાર** | | |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **જયદ્રથસિંહજી ચં. પરમાર** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૦ |
| | ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૮૭ |
| | હાલોલ અને જાંબુઘોડા તાલુકાના જમીન રેકર્ડ અંગે | ૩૫ |
| | હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં નર્મદાના પીવાના પાણી પાછળ ખર્ચ | ૧૩૭ |
| | હાલોલ રેફરલ હૉસ્પિટલમાં મૅડિકલ ઑફિસરની ખાલી જગ્યા | ૧૧૭ |
| **જયનારાયણ વ્યાસ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૬૪ |
| | ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮ | ૪૧૮ |
| | ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૬૪ |
| | ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૮૧ |
| | નીરોગી બાળક વર્ષ | ૧૦૭ |
| **જયોત્સનાબેન ર. પટેલ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૪૧ |
| **જશોદાબેન ચ. પરમાર** | | |
| | મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક્ના મકાનો | ૨૨૫ |
| | સ્પીપા ખાતે તાલીમ લઈ સનદી સેવાઓ માટે ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો | ૨૧૦ |
| **જસુબેન સ. કોરાટ** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૯ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | | |
| | વાપી ખાતે જેલ બનાવવા અંગે | ૨૧૬ |
| | વાપી ખાતે ઈ-ધરા કેન્દ્ર શરૂ કરવા અંગે | ૭ |
| | વાપીમાં ૬૬ કેવી સબ સ્ટેશન સ્થાપવા અંગે | ૧૯૯ |
| **જીતેન્દ્ર સુખડીયા** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૨ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૫ |
| | નીરોગી બાળક વર્ષ | ૧૦૫ |
| | પંચમહાલ જિલ્લાના લીઝ હોલ્ડરો | ૨૦૮ |
| | પંચમહાલ જિલ્લાની માનવ કલ્યાણ યોજના હેઠળ અરજીઓ | ૨૨૩ |
| | પંચમહાલ જિલ્લામાં અર્ધશિક્ષિત બેરોજગારોને રોજગારી | ૩૧૪ |
| | પંચમહાલ જિલ્લામાં નદીઓ પરના પુલ અંગે | ૩૬ |
| | પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાયની મળેલ અરજીઓ | ૩૦૯ |
| | રાજ્યમાં આવેલ થર્મલ પાવર સ્ટેશનો | ૨૩૧ |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં ગોચરની જમીનો | ૩૭૦ |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૧૩૨ |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવવા અંગે | ૪૮ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | | |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં પૂરથી થયેલ ધોવાણ | ૫૮ |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં સહાય ચૂકવવા અંગે | ૧૫૨ |
| | શહેરા તાલુકામાં સી.એચ.સી. ને એફ.આર.યુ. માં તબદીલી | ૧૪૫ |
| **જોધાજી ગુ. ઠાકોર** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૪૨ |
| | પાટણ જિલ્લામાં પાક વીમા યોજના હેઠળ ચૂકવણી | ૪૫ |
| | પાટણ તાલુકામાં માર્ગ મરામત અંગે | ૩૦ |
| | પાટણ તાલુકામાં સિંચાઇની નહેરનું નાળું મોટુ કરવાની કાર્યવાહી | ૧૨૬ |
| **દિનેશભાઈ બી. પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૮ |
| | પાદરા તાલુકામાં ઓદ્યોગિક ગૃહોમાં સ્થાનિક ભરતી અંગે | ૩૧૧ |
| **દિલીપ સંઘાણી** | | |
| | બોટની જપ્તી અને માછીમારોની ધરપકડ અંગે | ૬૩ |
| | સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજયજમીન વિકાસ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ | ૬૦ |
| **દિલીપસિંહ વ. પરમાર** | | |
| | ખેતી વિષયક વીજ જોડાણો પેટે વિદ્યુત શુલ્ક લેવા અંગે | ૨૦૬ |
| | રાજ્યમાં ગ્રાહકોના હિત સંબંધી કેસોનો નિકાલ | ૩૪૬ |
| | રાજ્યમાં પંચાયત ઘરો બનાવવા બાબત | ૩૭૮ |
| **દીનુભાઈ બો. સોલંકી** | | |
| | કોડીનાર તાલુકાના શિંગોડા-૨ યોજનાનું કામ | ૧૨૨ |
| | મહી પરીએજ યોજના દ્વારા કડીયાળીથી સોમનાથ સુધી પીવાના પાણીની પાઇપ લાઇન | ૧૩૮ |
| **દુષ્યંતભાઈ ૨. પટેલ** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૩ |
| **દેવજીભાઈ ગો. ફતેપરા** | | |
| | સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં જાહેર વિતરણ વ્યવસ્થાની દુકાનો | ૩૫૯ |
| | હળવદ તાલુકામાં રસ્તાઓને ડામર કામ | ૧૪ |
| **ધનજીભાઈ ગો. સેંધાણી** | | |
| | કચ્છ અને જામનગર જિલ્લાના બંદરોનો વિકાસ | ૨૧૮ |
| | કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક મૂડીરોકાણ | ૨૨૯ |
| | કચ્છ જિલ્લામાં રસ્તાઓ | ૪૪ |
| | કચ્છ જિલ્લામાં વોટર શેડ યોજના નીચે થયેલ પ્રોજેક્ટ | ૩૭૩ |
| | કચ્છ જિલ્લામાં શૈક્ષણિક, સામાજિક અને આરોગ્ય સેવા પ્રવૃત્તિઓ માટે જમીનો | ૫૨ |
| | કચ્છ જિલ્લામાં સુક્ષ્મ પિયત પધ્ધતિની અરજીઓ | ૨૦૦ |
| | જળસંચય યોજનાના મંજૂર થયેલ ચેકડેમ | ૧૪૩ |
| | ભૂકંપ બાદ કચ્છ જિલ્લાના ઉદ્યોગોને ફાળવેલ જમીન | ૨૭ |
| | સ્વજલધારા કાર્યક્રમ યોજનાનો પ્રતિસાદ | ૧૨૯ |
| **ધીરૂભાઈ ચુ. ભીલ** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ધીરૂભાઈ ચુ. ભીલ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૯ |
| | વડોદરા જિલ્લામાં તલાટી-મંત્રીનું મહેકમ | ૩૮૨ |
| | વડોદરા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા | ૩૬૨ |
| **નટવરસિંહ ફુ. ઠાકોર** | | |
| | આંગણવાડી સંચાલક અને તેડાગરના વેતન વધારા અંગે | ૧૧ |
| | કાંસા ગ્રામ પંચાયતના કાંસા વિસ્તારની સોસાયટીના દબાણની ફરિયાદ | ૩૭૪ |
| | ખેડા અને મહેસાણા જિલ્લામાં તળાવો ભરવાની નીતિ | ૧૨૯ |
| | ખેડા જિલ્લામાં આકસ્મિક કુટુંબ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૦૮ |
| **નરેશભાઈ મ. પટેલ** | | |
| | અનુસૂચિત જનજાતિના બાળકો માટે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ | ૩૭૩ |
| | ગ્રામ વન હેઠળ વાવેતર કરવા બાબત | ૩૮૭ |
| **નાનુભાઈ ભ. વાનાણી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૮ |
| | સુરત જિલ્લામાં પોલીસ ખાતામાં રહેણાંકના મકાનો | ૨૧૦ |
| **નિરંજન પટેલ** | | |
| | આણંદ જિલ્લામાં નાની બચત ક્ષેત્રે થયેલ આવક | ૩૦૮ |
| | આણંદ જિલ્લામાંકેરોસીનની ફાળવણી | ૩૫૦ |
| | જામનગર જિલ્લામાં જંગલી રોઝ અને ભૂંડથી ખેડૂતોના ઊભા પાકને નુકસાન | ૩૭૯ |
| | પેટલાદ તાલુકામાં અતિવૃષ્ટિથી નુકસાન | ૧૪૫ |
| | રોગી કલ્યાણ સમિતિ ધ્વારા હોસ્પિટલની સુવિધાઓ | ૧૩૨ |
| **નીતિનકુમાર ર. પટેલ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૨૩ |
| | સન ૨૦૦૪-૦૫નો ગુજરાતમ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો વાર્ષિકઅહેવાલ | ૬૦ |
| **નીમાબેન બી. આચાર્ય** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૨ |
| **પંકજકુમાર વી. દેસાઈ** | | |
| | આણંદ જિલ્લામાં ગ્રામ મિત્રોની જ્ગ્યાઓ | ૩૬૫ |
| **પરેશભાઈ ગો. વસાવા** | | |
| | ગાંધીનગર જિલ્લામાં પશુઓના ચારણ માટે ગોચરની જમીન | ૧૬ |
| | દહેગામ તાલુકામાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે | ૪૦ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૫ |
| | રાજ્યમાં મળેલ વણ ઓળખાયેલ લાશો | ૨૦૫ |
| **પુનાભાઈ ઢે. ગામીત** | | |
| | વ્યારા તાલુકાના પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ | ૩૦ |
| | વ્યારા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ | ૪૫ |
| | વ્યારા તાલુકામાં પીવાના પાણીની ટાંકી તથા સંપની કામગીરી | ૧૨૫ |
| | વ્યારા તાલુકામાં હેન્ડ પંપો | ૧૩૯ |
| **પોપટભાઈ સ. જીંજરીયા** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **પોપટભાઈ સ. જીંજરીયા** | | |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં નિરાધાર તેમજ વૃધ્ધ સહાયની અરજીઓ | ૩૧૪ |
| | નર્મદા યોજના ધ્વારા સોરાષ્ટ્રને સિંચાઈ સુવિધા અંગે | ૨૦૯ |
| | રાજ્યમાં બક્ષીપંચની આશ્રમશાળાઓ | ૩૧૦ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ પંચાયતો અલગ કરવાની દરખાસ્તો | ૩૭૧ |
| | સુરેન્દ્રન ગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ કરેલ ખર્ચ | ૩૧૯ |
| | સૂરે ન્દ્રનગર કલેક્ટર કચેરીમાં પડતર તુમારો | ૨ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૨૭ |
| | અમદાવાદ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગની પ્રસિધ્ધિ | ૧૩૬ |
| | ગરીબી રેખા નીચે જીવતા ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોને વીજળીકરણનો લાભ | ૧૮૨ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૮ |
| | મહાનગરપાલિકામાં ઑક્ટ્રૉય નાબૂદીથી આર્થિક ભારણ | ૧૧૦ |
| | રાજ્યમાં કન્યા કેળવણી | ૩૬ |
| | સાવલી બાયોટેક પાર્કમાં બાયોટેક ઉદ્યોગોની સ્થાપના | ૨૧૫ |
| **પ્રફુલભાઈ ખો. પટેલ** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૨ |
| | બાઈસેગ સંસ્થાનું શિક્ષણક્ષેત્રે યોગદાન | ૨૧૭ |
| | બિન સરકારી સંકલ્પો | ૯૮ |
| | શહેરી અને નગરપાલિકા વિસ્તારના માર્ગોની સુધારણા | ૧૬ |
| | સ્પેશીયલ ઓપરેશન ગૃપની રચના | ૧૯૯ |
| **પ્રભુભાઈ ના. વસાવા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૪ |
| | સોનગઢ તથા માંડવી તાલુકામાં પાણીની ટાંકીઓ બનાવવા પાછળ ખર્ચ | ૧૨૭ |
| | સૂરત જિલ્લામાં માંડવી-વરજાખણ બાયપાસ કરવા અંગે | ૬ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૩ |
| | અમદાવાદ જિલ્લામાં નવા પી.એચ.સી./ સી.એચ.સી. કેન્દ્રો | ૧૧૧ |
| | અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૩૫૭ |
| | ગુજકોક કાયદાને કેન્દ્રની મંજૂરી અંગે | ૨૦૭ |
| | ડ્રેજીંગ કરાયેલ બંદરો | ૨૨૩ |
| | બિન સરકારી સંકલ્પો | ૯૪ |
| | રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૮૫ |
| | વિરમગામ, માંડલ અને દેત્રોજ વિસ્તારમાં ગટરોનું રીગ્રીડીંગ | ૧૩૬ |
| **ફકીરભાઈ ર. વાઘેલા** | | |
| | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસનિગમનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલરઅને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરીઅંગેની સમીક્ષા તથા આ અહેવાલન | ૬૦ |
| **ફતેસિંહ વ. ચૌહાણ** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ફતેસિંહ વ. ચૌહાણ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૬ |
| **બચુભાઈ ના. કિશોરી** | | |
| | ઝાલોદ તાલુકાનો રસ્તો દુરસ્ત કરવા અંગે | ૪૮ |
| | ઝાલોદ તાલુકાના થાળા સિંચાઇ તળાવનો કમાન્ડ વિસ્તાર | ૧૩૮ |
| | દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળની પડતર અરજીઓ | ૩૧૨ |
| | દાહોદ જિલ્લામાં દુધાળા પશુઓ માટે સહાય | ૩૭ |
| | દાહોદ જિલ્લામાં મજૂરોના થયેલ આકસ્મિક મૃત્યુ સામે ચૂકવાયેલ સહાયની રકમ | ૩૧૭ |
| | દાહોદ તાલુકા પંચાયતનું મકાન બિસ્માર હાલતમાં હોવા બાબત | ૩૮૮ |
| | દાહોદ તાલુકાના ખોડવા વન વસાહતને સિંચાઈની સુવિધા આપવા બાબત | ૩૭૫ |
| | દાહોદ તાલુકાની સુકી સિંચાઈ તળાવનો કમાન્ડ વિસ્તાર | ૧૨૩ |
| | દાહોદ તાલુકામાં હેન્ડ પંપોનું રીપેરીંગ | ૧૪૮ |
| | દાહોદ જિલ્લામાં રસ્તાઓને જોબનંબરો આપવા અંગે | ૩ |
| | પેન્શનના પડતર કેસો | ૨૯૪ |
| **બાબુભાઈ જ. પટેલ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૪૦ |
| | પોટા કાયદા હેઠળ નોંધાયેલ કેસ | ૨૦૬ |
| **બાબુભાઈ મે. શાહ** | | |
| | ૧૦ કરોડથી વધુ વેચાણવેરાના બાકી એકમો સામે લીધેલ પગલાં | ૨૯૯ |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૨૧ |
| | કચ્છ જિલ્લામાં નર્મદા પાઈપ લાઈનની ક્ષમતા | ૧૪૧ |
| | કચ્છ જિલ્લામાં ભીમાસર અને આધોઈમાં નવા પોલીસ સ્ટેશન ખોલવા અંગે | ૧૮૧ |
| | કતારથી રાજ્યના બંદરો પર નેચરલ ગેસ લાવવા થયેલ કરાર | ૨૨૬ |
| | કન્સેશનલ એગ્રીમેન્ટ હેઠળ આવક | ૨૧૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૪ |
| | રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ પાસે વણવપરાયેલ રકમનું વ્યાજ | ૧ |
| | રાજ્યના તળાવો ઉંડા કરવા રકમની ફાળવણી | ૧૩૦ |
| | રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા કચ્છ જિલ્લામાં વિકાસ માટે વપરાયેલ રકમ | ૩૬૧ |
| | વાઈલ્ડ લાઈફની જાળવણી માટેના વિસ્તારો કે અન્ય વિસ્તારોમાં રસ્તા માટે વન વિભાગની મંજૂરી | ૩૮૧ |
| **બાવકુભાઈ ના. ઉંઘાડ** | | |
| | બિન સરકારી સંકલ્પો | ૯૯ |
| **બ્રિજરાજસિંહ હે. જાડેજા** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૩ |
| **ભગવાનભાઈ ધા. બારડ** | | |
| | કલ્પસર યોજના પાછળ ખર્ચ | ૨૦૭ |
| | જુનાગઢ જિલ્લાના સાસણગીર વિસ્તારમાં અમૃતવેલ ગામનો રસ્તો બંધ થવા બાબત | ૩૫૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભગવાનભાઈ ધા. બારડ** | |
| જુનાગઢ જિલ્લામાં રાજ્યધોરી માર્ગના કામો | ૩૫ |
| જૂનાગઢ જિલ્લામાં નવા રેશનકાર્ડ આપવા બાબત | ૩૯૨ |
| નાની અને મધ્યમ સિંચાઈ યોજનામાંથી નદીના પટમાં પાણી છોડવાના ધોરણો | ૧૪૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૦ |
| મુદત બહારની વેચાણવેરાની વસૂલાત અંગે | ૨૯૩ |
| રાજ્યમાં જમીનોની માપણી | ૫૭ |
| વેરાવળ શહેર ખાતે સરકારી હોસ્પિટલને સીવીલ હોસ્પિટલનો દરજ્જો | ૧૪૦ |
| વેરાવળની સરકારી માધ્યમિક શાળાના મકાન અંગે | ૪૮ |
| શેખડા કમિટી અન્વયે તાલાલા તાલુકાનાગામોને ગામતળ માટે જંગલની જમીન આપવા બાબત | ૩૮૦ |
| સુત્રાપાડા અને વેરાવળ તાલુકાના ગામોને પીવાનું પાણી | ૧૨૬ |
| **ભરત બારોટ** | |
| ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮ | ૪૧૩ |
| ગુજરાત ફિઝિશિયન અનેસર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથીમુકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮ | ૯૪ |
| ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૮૮ |
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૭૦ |
| બી.પી.એલ.માટેની ઉચ્ચત્તમ સંખ્યા | ૩૫૪ |
| રાજ્યની ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર | ૩૮૧ |
| **ભરતસિંહજી શં. ડાભી** | |
| ક્રાઈમ બ્રાન્ચોને સુદ્રઢ બનાવવાની યોજના | ૨૩૦ |
| ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકાની મામલતદાર ક્ચેરીનું મંજૂર મહેકમ | ૨૬ |
| રાજ્યના પેટાપરાઓનું વિજળીકરણ | ૨૨૨ |
| રાજ્યમાં જિલ્લા/તાલુકાઓમાં પંચાયત ભવનો બાંધવા બાબત | ૩૬૬ |
| સરદાર સરોવર આધારિત પાવર હાઉસથી ઉત્પાદિત વીજળી | ૨૦૬ |
| **ભાવસિંહભાઈ ડા. રાઠોડ** | |
| ખેરાલુ, વડનગર અને સતલાસણા તાલુકાની મામલતદાર ક્ચેરીનું મંજૂર મહેકમ | ૭ |
| પાટણ જિલ્લામાં માર્ગ સુધારણા માટે ગ્રાન્ટ | ૪૯ |
| પાટણ જિલ્લામાં એસ. આર. કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ | ૩૮ |
| પાટણ શહેર વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૪૨ |
| સમી-હારીજના ગામોમાં નર્મદા આધારિત પાણી | ૧૩૦ |
| **મંગુભાઈ છ. પટેલ** | |
| નામદાર રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન કરાયેલ ઉલ્લેખ સંબંધે સ્પષ્ટતા અંગે | ૨૩૩ |
| **મણીભાઈ દે. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૭૯ |
| કપડવંજ તાલુકામાં ખેતીવાડી માટે નવા વીજ જોડાણ | ૨૧૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મણીભાઈ દે. પટેલ** | |
| કપડવંજ તાલુકામાં નવું સબસ્ટેશન સ્થાપવા અંગે | ૨૨૭ |
| કપડવંજ તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ બનેલ રસ્તા | ૧૦ |
| કપડવંજ તાલુકામાં ઓવરહેડ ટાંકીઓ | ૧૪૫ |
| ખેડા જિલ્લાનો સુજલામ સુફ્લામ યોજના હેઠળ સમાવેશ | ૧૩૧ |
| પી.ડી.સી. વીજજોડાણ પુનઃચાલુ કરવા અંગે | ૧૮૪ |
| **મનસુખભાઈ પાં. ભુવા** | |
| અમરેલી જિલ્લામાં ગામો સમરસ થવા બાબત | ૩૭૮ |
| અમરેલી જિલ્લામાં તલાટી-કમ- મંત્રીશ્રીની ખાલી જગ્યાઓ | ૩૪૭ |
| **મફતલાલ મો. પુરોહિત** | |
| ડીસા તાલુકામાં રાજ્યધોરી માર્ગના કામો | ૨૭ |
| ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ અંગે | ૧૯૦ |
| **મહમદજાવીદ અ. પીરઝાદા** | |
| કલ્પસર યોજનાની પ્રગતિ | ૨૦૧ |
| મેસરીઆ મહાલની ફાટસર સિંચાઇ યોજના | ૧૨૯ |
| વેસ્ટ લેન્ડ ડેવલપમેન્ટ કાર્યક્રમ અંતર્ગત વાંકાનેર, મોરબી, ટંકારા અને પડધરી તાલુકાને આવરી લેતી દરખાસ્ત | ૩૭૭ |
| **મહેન્દ્રભાઈ લી. મશરૂ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૭૮ |
| ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮ | ૪૧૬ |
| **મહેન્દ્રસિંહ શં. વાઘેલા** | |
| મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં ૧૦૦ ચો.વારના પ્લોટ આપવા બાબત | ૩૯૫ |
| મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં સરદાર આવાસ યોજનાનાં આવાસો | ૩૮૫ |
| સાબરકાંઠા જિલ્લાના માર્ગોનું સમારકામ | ૨૦ |
| સાબરકાંઠા જિલ્લાની પાણી પુરવઠા યોજનાઓની કામગીરી | ૧૩૫ |
| સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચ જાતિના છાત્રાલયો | ૩૧૬ |
| સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિના અરજદારો માટે આવાસની સુવિધા | ૩૬૭ |
| સાબરકાંઠા જિલ્લામાં કુટિર જ્યોત અને રાજીવ ગાંધી વિજળીકરણ યોજનાનો લાભ | ૨૦૩ |
| સાબરકાંઠા જિલ્લામાં ચાલુ સ્થિતિના હેન્ડપંપો | ૧૪૭ |
| સાબરકાંઠા જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ. | ૨૧૯ |
| સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૯૧ |
| સાબરકાંઠા જિલ્લામાં યુવાનોને રોજગારી અન્વયે યોજેલ ભરતી મેળા | ૩૧૧ |
| સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના કામો | ૪૨ |
| સુજલામ સુફ્લામ યોજના હેઠળ ચેકડેમ બાંધવાનું આયોજન | ૧૧૨ |
| **માનસિંહ કો. ચૌહાણ** | |
| અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૩૦ |
| ખેડા જિલ્લામાં નબળા પુલ | ૮ |
| બાયડ તાલુકાના તૂટી ગયેલ પુલની મરામત અંગે | ૫૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **માનસિંહ કો. ચૌહાણ** | | |
| | વીરપુર તાલુકામાં પુલની પહોળાઇ અંગે | ૩૯ |
| **મુકેશ ભે.ગઢવી** | | |
| | દાંતા તાલુકામાં ભારે વરસાદથી માટીનું ધોવાણ | ૧૨૦ |
| **મુકેશ ભૈ. ગઢવી** | | |
| | ઓદ્યોગિક એકમો માટે નેશનલ ગ્રીડ દ્વારા વીજ વહનની મંજૂરી | ૨૧૯ |
| | ગુજરાત પેટર્ન નીચે દાંતા અને અમીરગઢ તાલુકામાં મંજૂર થયેલ કામો | ૩૮૪ |
| | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રસ્તાઓનું મજબૂતીકરણ | ૨૭ |
| | બાલારામ-અંબાજી અભ્યારણ્યની સીમાઓમાં ફેરબદલ | ૩૬૬ |
| | વહીવટી સુધારણા માટે યોજાયેલ તાલીમ શિબિરો | ૨૦૨ |
| **મુકેશકુમાર ભે. ગઢવી** | | |
| | ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮ | ૪૧૭ |
| **મૂળુભાઈ હ. આયરબેરા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૫ |
| | કોર્ટના મકાનો બનાવવા અંગે | ૧૮૫ |
| | ગ્રામ્ય પંચાયતોના કોમ્પ્યુટરની સુવિધા | ૩૯૨ |
| | જામનગર જિલ્લામાં તાલુકાવાર અલગ રેશનકાર્ડની અરજીઓ | ૩૬૧ |
| | પોટા ધારા હેઠળ નોંધાયેલ કેસ | ૨૧૬ |
| | બરડા અભ્યારણ્ય વિસ્તારમાં ઈકો ડેવલપમેન્ટ યોજના | ૩૮૧ |
| **મેઘજી ડા. કણઝારીયા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૯ |
| **મોહંમદ ફારૂક હુ. શેખ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૭ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | | |
| | ટંકારા, પડધરી અને મોરબી તાલુકાઓમાં નવી શરતની અરજીઓ | ૧૮ |
| | ટંકારા-પડધરી અને મોરબી તાલુકામાં ગ્રામ પંચાયતો અલગ કરવા બાબત | ૩૬૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૫ |
| | મોરબી તાલુકામાં સીરામીક ઉદ્યોગોને નર્મદા આધારિત પાઇપ લાઇનમાંથી પાણી | ૧૨૭ |
| | રાજકોટ જિલ્લાના તાલુકામાં નર્મદા આધારિત પાણી પુરવઠા યોજનાનું કામ | ૧૪૦ |
| | રાજકોટ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની જગ્યાઓનું સંખ્યાબળ | ૩૮૪ |
| | રાજકોટ જિલ્લામાં વેચાણવેરાની આવક | ૩૦૫ |
| | લિગ્નાઈટ કોલસા પરના વેટ અંગે | ૩૧૩ |
| **મોહનસિંહ છો. રાઠવા** | | |
| | આઈ. ટી. આઈ. કેન્દ્રો શરૂ કરવા અંગે | ૩૧૨ |
| | જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ નીચે વડોદરા જિલ્લામાં થયેલ કામ | ૩૬૮ |
| | જ્યોતિગ્રામ યોજના હેઠળ વડોદરા જિલ્લાના પૂર્ણ થયેલ ગામો | ૨૦૪ |
| | વડોદરા જિલ્લાના રસ્તાઓનું ડામર કામ | ૩૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **મોહનસિંહ છો. રાઠવા** | | |
| | વડોદરા જિલ્લાના હેન્ડપંપો રીપેર કરવા અંગે | ૧૪૮ |
| | વડોદરા જિલ્લાની સુખી સિંચાઇ યોજનાના કામો મંજૂર કરવાનો નિર્ણય | ૧૩૭ |
| | વડોદરા જિલ્લા તેમજ શહેરમાં કરચોરી કરનાર એકમો | ૨૯૬ |
| | વડોદરા જિલ્લાના પ્રાથમિક/ સામૂહિક આરોગ્ય કેન્દ્રનું સંચાલન | ૧૧૮ |
| | શામળાજી ચેકપોસ્ટની આવક | ૨૧૯ |
| | સરકારી જાહેરાતો પાછળ થયેલ ખર્ચ | ૨૨૯ |
| **યોગેશ પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૭૬ |
| | બિન સરકારી સંકલ્પો | ૯૮ |
| **રજનીકાં ત સો. પટેલ** | | |
| | અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૪૩ |
| **રણજીતભાઈ મં. ગિલીટવાલા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૨ |
| **રમણલાલ ના. પાટકર** | | |
| | અનુસૂચિત જનજાતિના બાળકોને ધોરણ- ૧૧-૧૨ માટે ખાનગી ટ્યુશન સહાય | ૩૬૦ |
| | આંગણવાડી કાર્યકરોના માનદ વેતનમાં વધારો કરવા અંગે | ૯ |
| | પાનસ ગામે ઓષધિય વનનું નિર્માણ કરવા બાબત | ૩૯૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૦ |
| | વલસાડ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૩૮૦ |
| **રમણલાલ વોરા** | | |
| | ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૮૬ |
| | ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૮૯ |
| **રમેશ વ. મહેશ્વરી** | | |
| | કચ્છ જિલ્લાના તાલુકાઓમાં સી.એચ.સી. અને પી.એચ.સી. કેન્દ્રોમાં ડૉકટરની ખાલી જગ્યાઓ | ૧૪૩ |
| | કચ્છ જિલ્લામાં ખેતી વિષયક વીજ લાઈનોની જ્યોતિગ્રામ યોજનામાં તબદીલી | ૨૧૨ |
| | કચ્છ જિલ્લામાં ગેરકાયદે ખનીજ ખોદાણ | ૨૨૬ |
| | કચ્છ જિલ્લામાં એલ.એન.જી. ટર્મીનલની સ્થાપના | ૨૩૨ |
| | જામનગર જિલ્લામાં પાઇપ લાઇનના કામો પાછળ ખર્ચ | ૧૩૧ |
| | પ્રવાસન વર્ષની ઉજવણી તરીકે કચ્છ જિલ્લાનો સમાવેશ | ૧૫૧ |
| | ભુજ તાલુકાના બન્નીના ગામોને મહેસૂલી ગામોનો દરજ્જજો આપવા અંગે | ૨ |
| | રાજ્યમાં ૨૦૦૭માં રસ્તાઓના કામ અંગે | ૩૬ |
| | રાજ્યમાં વોટરશેડના કાર્યક્રમ નીચે મંજૂર થયેલ પ્રોજેક્ટ | ૩૬૪ |
| **રાકેશ શાહ** | | |
| | સ્પેશીયલ ઈકોનોમિક ઝોનની મંજૂરી | ૨૦૮ |
| **રાઘવજીભાઈ હં. પટેલ** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **રાઘવજીભાઈ હં. પટેલ** | |
| જોડીયા તાલુકામાં સિંચાઇ યોજનાનું પિયત માટે પાણી | ૧૪૦ |
| જોડીયા બંદરને વિક્સાવવા ખાનગી કંપની સાથે ક્રાર | ૨૨૧ |
| જામનગર જિલ્લાના ગ્રામ્ય માર્ગોનું સમારકામ | ૩૨ |
| જામનગર જિલ્લામાં ખેડૂતો દ્વારા થતી વિજ ચોરીના ક્સો | ૨૦૫ |
| જામનગર જિલ્લામાં જંગલી રોઝ અને ભૂંડથી ખેડૂતોના ઊભા પાક્ને નુક્સાન | ૩૭૯ |
| ધ્રોળ, જોડીયા અને જામનગર તાલુક્માં મફ્ત પ્લોટની ફાળવણી | ૩૯૧ |
| ધ્રોળ, જોડિયા અને જામનગર તાલુકામાં જીવનધારા યોજનાનો અમલ | ૩૪૮ |
| નર્મદા જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પીવાના પાણીનું આયોજન | ૧૨૭ |
| નર્મદાની કેનાલો દ્વારા સિંચાઇનું પાણી આપવાનું આયોજન | ૨૩૦ |
| **રાજસીભાઈ વી. જોટવા** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૬ |
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | |
| આણંદ અને ખેડા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૩૧૩ |
| આણંદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો અને કેરોસીન વિક્રેતા માટેની અરજીઓ | ૩૯૬ |
| ખેડા અને આણંદ જિલ્લામાં ૧૦૦ ચો. વારના પ્લોટ ફાળવવા બાબત | ૩૭૩ |
| મહાનુભાવોનું સન્માન તેમજ એવોર્ડ અંગે | ૩૦૩ |
| રાજ્યમાં સબસીડીવાળા રાંધણગેસનો હોટલો/ઉદ્યોગોમાં દુરુપયોગ થવા બાબત | ૩૮૮ |
| **રામસિંહ પ્ર. પરમાર** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૬૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૬ |
| **લક્ષ્મણભાઈ પ.પટેલ** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૪ |
| **લાલજીભાઈ પ્રે. સોલંકી** | |
| રાજ્યમાં ભૂકંપની સંભાવનાવાળા વિસ્તારોનું માઈક્રોઝોનેશન | ૧૫ |
| **લાલસિંહ ઉ. વડોદીયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૭૫ |
| ઉમરેઠ-ઓડ રેલ્વે ઓવરબ્રીજ બનાવવા અંગે | ૧૬ |
| **લીલાધરભાઈ ખો. વાઘેલા** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૭ |
| બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના બાળકો માટે છાત્રાલયો અને આશ્રમ શાળાઓ | ૩૯૩ |
| બનાસકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં કેરોસીનની ફાળવણી અંગે | ૩૮૩ |
| રાજ્યમાં બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા | ૩૬૪ |
| **વજુભાઈ વાળા** | |
| ગિલોટિન થયેલી માગણીઓ | ૨૬૦ |
| નાણાં વિભાગની અધિસૂચના | ૬૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **વજુભાઈ વાળા** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૫૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૮ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૫ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૫ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૪ |
| | પૂરક માગણીઓમાં બોર્ડ/કોર્પોરેશનની ચર્ચા કરવા અંગે | ૨૪૦ |
| | સન ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫નોગુજરાત કામદાર કલ્યાણ બોર્ડના વાર્ષિકઅહેવાલો | ૬૦ |
| **વર્ષાબેન ન. દોશી** | | |
| | એતિહાસિક વાવની સફાઇની કામગીરી | ૧૩૭ |
| | સુરેન્દ્ર નગર જિલ્લામાં ચેકડેમ બાંધવાનું આયોજન | ૧૧૭ |
| **વલ્લભભાઈ ગો. કાકડિયા** | | |
| | નિરાધાર વિધવા સહાય વધારવા અંગે | ૧૯ |
| | પોલીસદળમાં જુદા જુદા સંવર્ગમાં ભરતી | ૧૯૪ |
| | રાજ્યમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા અંગે | ૪૧ |
| **વસુબેન ત્રિવેદી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૭૦ |
| | જામનગર જિલ્લામાં સમરસ ગામો | ૩૭૫ |
| **વિજયભાઈ ર. પટેલ** | | |
| | ડાંગ જિલ્લામાં દવ લાગવાના બનાવો | ૩૪૮ |
| | ડાંગ જિલ્લામાં માલિકીની જમીનમાં આવેલા વૃક્ષો કાપી આપવાની યોજના | ૩૭૮ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૫૧ |
| **વિભાવરીબેન વિ. દવે** | | |
| | નીરોગી બાળક વર્ષ | ૧૦૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૯ |
| | રાજ્યમાં મહિલાઓને કાયદાકીય માર્ગદર્શન | ૧૫ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૭૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **શંકરભાઈ લ. ચૌધરી** | |
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૬૯ |
| બનાસકાંઠા જિલ્લામાં દિનદયાળ ગ્રાહક ભંડારની ઘટ | ૩૪૯ |
| **શંભુજી ઠાકોર** | |
| અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૪૨ |
| **શક્તિસિંહ હ. ગોહિલ** | |
| ગુજરાત ફિઝિશિયન અને સર્જન(દીવાની અને ફોજદારી જવાબદારીમાંથી મૂકિત આપવા બાબત) વિધેયક, ૨૦૦૮ | ૪૧૫ |
| ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ)(સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૯૨ |
| ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ( પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૮૬ |
| ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ(પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ બાબત વિધેયક,૨૦૦૭ | ૬૬ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૩૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૨૪૧ |
| પૂરક માગણીઓમાં બોર્ડ/કોર્પોરેશનની ચર્ચા કરવા અંગે | ૨૪૦ |
| બજેટનાં શુદ્ધિપત્રકો વિલંબથી રજૂ કરવા અંગે | ૨૭૭ |
| રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૮ | ૮૩ |
| સભાગૃહના મેજ ઉપર કાગળો મૂકવામાં થયેલ વિલંબ અંગે | ૫૮ |
| **શૈલેષ મ. પરમાર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૪૦૫ |
| કુંવરબાઈના મામેરા યોજનાના લાભાર્થીઓ | ૨૯૭ |
| બંધ મિલોના કામદારોને રોજીરોટી આપવા અંગે | ૧૮૯ |
| રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજનાનો અમલ | ૩૭૮ |
| સીંગતેલમાં ભાવ વધારો | ૩૫૯ |
| **સાબીરભાઈ અ. ખેડાવાલા** | |
| અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટે રાહત કાર્ડ | ૧૧૫ |
| નિરાધાર વિધવા સહાય આપવા અંગે | ૨૭ |
| **સિધ્ધાર્થ ચી. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૯૮ |
| રાજ્યના બંધ પડેલ નાના અને મોટા ઉદ્યોગો | ૨૧૮ |
| રાજ્યમાં વીજ માંગ અને ઉત્પાદન | ૨૦૧ |
| સરદાર સરોવર પ્રોજેક્ટની રાજલી અને અંગુઠણ માઈનોર કેનાલની મરામત | ૨૨૯ |
| **સૌરભ પટેલ** | |
| ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના | ૬૧ |
| **હર્ષદભાઈ ચુ. વસાવા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૭૬ |
| રાજપીપળા જિલ્લામાં કમ્પ્યુટરાઈઝડ દસ્તાવેજોના વેચાણની આવક | ૩૪ |
| રાજપીપળા તાલુકામાં સરદાર આવાસ યોજનાના મકાનો | ૩૭૬ |
| સરદાર આવાસ યોજનાનો લક્ષ્યાંક | ૩૯૦ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **હીરાભાઈ ઓ. સોલંકી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૮૬ |
| **હીરાભાઈ હ. પટેલ** | | |
| | પંચમહાલ જિલ્લામાં જૂથ પાણીપુરવઠા યોજનાની મશીનરીનું મરામત કામ | ૧૧૩ |
| | પંચમહાલ જિલ્લામાં સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજો અંગે | ૧૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૭૨ |